
સમ્મતમ્
મહાનિબંધ
- ડૉ. ભાનુબેન સત્રા (શાહ)

# સમ્મતમ્

## (સમ્યક્ત્વમ્)

(જૈન કવિ શ્રી ઋષભદાસ કૃત ‘સમકિતસાર રાસ’ને આધારે)

મુંબઈ વિદ્યાપીઠની પીએચ.ડી.ની પદવી
માટે તૈયાર કરેલો મહાનિબંધ
એપ્રિલ-૨૦૦૯

શ્રીમતી ભાનુબેન જયંતિલાલ શાહ

: પ્રકાશક :

શ્રી અજરામર જૈન સેવા સંઘ
મુંબઈ

卐 ગ્રંથ : SAMMATTAM (सम्मत्तम्)
સમ્મત્તમ્ (સમ્યક્ત્વમ્) सम्यक्त्वम्

卐 આવૃત્તિ: પ્રથમ 卐 પ્રતિ - 1000 卐 કિંમત : ૨૦૦/-(જ્ઞાન પ્રચાર ખાતે)

卐 પ્રકાશન વર્ષ: વીર સં. ૨૫૩૬ 卐 વિક્રમ સં. ૨૦૬૬ 卐 ઈ.સ. ૨૦૧૦

卐 જ્ઞાન પ્રચારાર્થે સહયોગ : માતુશ્રી નાનબાઈ વીરજી વાલજી સત્રા પરિવાર
(ભચાઉ-કચ્છ-વાગડ) ગ્રાંટરોડ - મુંબઈ - ૪૦૦ ૦૦૭.

卐 પ્રકાશક એવં પ્રાપ્તિ સ્થાન :
અજરામર જૈન સેવા સંઘ - મુંબઈ
C/o શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ, ૪૦, ટાયકલવાડી, ધર્માલય, ભગત લેન,
માટુંગા (વે.), મુંબઈ - ૪૦૦ ૦૧૬. Tel. 022 - 2431 6979

卐 અન્ય પ્રાપ્તિ સ્થાન :
૧) શ્રી સ્થાનકવાસી છ કોટિ જૈન લીંબડી અજરામર સંપ્રદાય
C/o શેઠ નાનજી ડુંગરશી સ્થાનકવાસી મોટા ઉપાશ્રય જૈન સંઘ, અજરામર ગુરુગાદીનો
ઉપાશ્રય, મુ. Po. લીંબડી - ૩૬૩ ૪૨૧(જિલ્લો - સુરેન્દ્રનગર) ગુજરાત.
Tel. 02753 - 260 235.

૨) શ્રી સ્થાનકવાસી છ કોટિ જૈન લીંબડી અજરામર સંપ્રદાય
C/o ભરતકુમાર શાંતિલાલ શેઠ (પ્રમુખ શ્રી),
૧૦, મંજુશ્રી સોસાયટી, રન્ના પાર્ક, ઘાટલોડિયા, અમદાવાદ - ૩૮૦ ૦૬૧.
Tel. 079-2747 1819.

૩) શ્રી ગુલાબ-વીર જૈન પુસ્તક ભંડાર
C/o શ્રી સ્થાનકવાસી જૈન સંઘ
ઠે. અજરામર ટાવર પાસે, મું. Po. થાનગઢ(જિલ્લો - સુરેન્દ્રનગર) ગુજરાત.

卐 મુદ્રક :
અપ્સરા કોપી સેન્ટર, ૨૨, હમામ સ્ટ્રીટ, રાજા બહાદુર કંમ્પાઉન્ડ,
બી.એસ.ઈ. પોસ્ટ ઑફીસની સામે, ફોર્ટ, મુંબઈ. સંપર્ક : ૦૨૨-૨૨૬૬ ૬૪૬૮


સમ્મતમ્
મહાનિબંધ
સમ્મતમ્
મહાનિબંધ
- ડૉ. ભાનુબેન સત્રા (શાહ)

# પૂ.ગુરુદેવ શ્રી ભાસ્કરજી સ્વામીના શુભ હસ્તે
# સમ્મત્તમ્ ગ્રંથનું વિમોચન



# સમ્મત્તમ્ લોકાર્પણ સમારોહ

























ડો. ભાનુબેન સત્રા દ્વારા લિખિત મહાનિબંધ સમ્મત્તમ્ નું લોકાર્પણ તથા
ડો.ભાનુબેન ના સન્માન સમારોહની તસ્વીરી ઝલક :
પૂ. ગુરુદેવ ભાસ્કરજી સ્વામીના મંગલ આશીર્વાદ તથા તેમના હસ્તે ગ્રંથ વિમોચન,
સ્વજન સંબંધી તથા વરિષ્ઠ મંડળની ઉપસ્થિતિ, દીપ પ્રાગટ્ય,
ભાનુબેનનું સન્માન તથા પ્રવચન, લિટલ એન્જલ્સ પાઠશાળાના બાળકો તેમજ
વિશાળ જનસમુદાય દ્દષ્ટિગોચર થાયછે.




શ્રુતજ્ઞાન સન્માન સમારોહ
રવિવાર તા. ૨-૫-૨૦૧૦
- ડૉ. ભાનુબેન સત્રા (શાહ)














## પ્રેરણાદાયી



લીંબડી અજરામર સંપ્રદાયના સાધ્વી રત્ન
પ.પૂ. ઝરણાબાઈ મહાસતીજી

# અર્પણમ્... સમર્પણમ્...

મારી
શ્રદ્ધાના કેન્દ્રબિંદુ,
સત્યમાર્ગના રાહબર,
વિદ્યાપ્રેમી અજરામર સંપ્રદાયના શાસનોદ્ધારક
યુગપ્રધાન આચાર્ય ભગવંત
પ.પૂ. અજરામરજી સ્વામી તથા
એમનીપાવન પટ્ટ પરમ્પરાના પ્રભાવક,
અમારી આસ્થાના આધાર સ્તંભ
હર સમયના પ્રેરણાદાતા,
સત્રા પરિવારના સપૂત ગુલાબ-વીર સમુદાયના
લાડીલા સંત પૂજ્ય ગીતાર્થ
ગુરુદેવ નવલચંદ્રજી સ્વામીજીની પુનીત સ્મૃતિમાં
સશ્રદ્ધા - સભક્તિ સમર્પિત
વિનયાવનત
- ભાનુ શાહ

## સુકૃતના સહભાગી જ્ઞાન અનુમોદક પરિવારને

# શત શત અભિનંદન

ભચાઉ(કચ્છ-વાગડ), ગ્રાંટરોડ, મુંબઈ.



માતુશ્રી નાનબાઈ વીરજી વાલજી સત્રા



માતુશ્રી ડાહીબેન ભારમલ મોમાયા ગાલા



શ્રીમતી ભાનુબેન જયંતિલાલ વીરજી



અ. સૌ. ભારતી હેમેષ જયંતિલાલ



અ. સૌ. હર્ષા અનીષ જયંતિલાલ



ચિ. દેવ હેમેષ



ચિ. આરના અનીષ



ચિ. દર્શાંગી અનીષ

## પ. પૂ. ગુરુભગવંતોના અભિનંદન સહ આશીર્વાદ

विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ।।

અમારા ગીતાર્થ તત્વજ્ઞ ગુરુદેવશ્રી નવલચંદ્રજી મ.સા.ના ગામના તથા અમારા સુશિષ્યા ઝરણાકુમારીના સંસારપક્ષે બેન શ્રી ભાનુબેનના **Ph.D.** થયાના સમાચાર સાંભળી હું બહુ જ આનંદિત થયો હતો. લીંબડી-અજરામર સંપ્રદાય હંમેશા આપનું ગૌરવ લેશે.

કર્તા-ભોક્તા ભાવ તૂટે તેવા જ્ઞાતા-દૃષ્ટા બનજો,
સમકિત રાસ છોડાવે સંસારનો રસ એવા ભાવ કેળવજો,
વિભાવથી સ્થંભાવી પરિણતિને સ્વભાવે સ્થિર બનજો,
સંજમેણં તવસા અપ્પાણં ભાવે વિહરતાં મોક્ષ મેળવજો.

લિ. પૂ. આજ્ઞાપ્રદાતા
ગુરુદેવ શ્રી ભાવચંદ્રજી મ.સા.ની
આજ્ઞાથી કાર્યવાહક વિમલમુનિ

## AUM

Subject: Appreciation of the efforts taken by Dr. Bhanu J. Satra.

It was my great pleasure to stare at approx. 2500 pages written for thesis on Samyak Darshan and other researches, about one and a half year ago. I had a nice time in reading those researches and shedding it into condenced as well as in a concise form.

Now today I am very glad to see Bhanu ben as a doctor of philosophy and now she is about to publish her research. I appreciate her hard work since she comes from such a community which is negligent about such studies.

Of course it is sovreignity of omniscients to experience the absolute knowledge and the infinite bliss. But as followers of omniscients we are also proficient to realise the taste of their infinity. By realizing Samyak Darshan _ the righteousness we gain the elegiblity to occomplish the ultimate. This foremost essential was the central idea of the thesis.

Indeed she deserves the degree as has done hardwork which will inspire others too.

I internally bless her for her righteous efforts. May her efforts besrow her righteousness.

**Muni Aadarsh.**

## મહામંત્રની આરાધના: સમ્યગ્દર્શન પ્રાપ્ત કરેંગે...

विनैककं शून्यगणा वृथा यथा, विनार्क तेजो नयने वृथा यथा।
विना सुवृष्टिं च कृषिर्वृथा यथा, विना सुदृष्टिं विपुलं तपस्तथा।।

- પં. શતાવધાની રત્નચંદ્રજી સ્વામી કૃત ''ભાવના શતક''

'' એકડા વગર સર્વ મીંડાં નકામાં છે, સૂર્ય પ્રકાશ વિના નેત્રો નકામાં છે, સારા વરસાદ વિના ખેતીવાડી નિષ્ફળ છે... એમ આ ત્રણે દષ્ટાંત અનુસાર આત્મ બોધિ વિના વિપુલ પ્રકારની ધર્મકરણી - તપ - ત્યાગ, પૂજા - અર્ચના આદિ સર્વ નિષ્ફળ છે.''

જેનો શાશ્વત મહિમા અપરંપાર છે, એવા ''સમ્યગ્દર્શન'' તત્વને વિશાળ આગમ અને આગમેત્તર સાહિત્ય સમુદ્રમાંથી વીણી વીણીને મોતી એકઠાં કરવા પૂર્વક જૈન શ્રાવક કવિ શ્રી ઋષભદાસજીની અમર કાવ્ય કૃતિ ''સમકિતસાર રાસ'' દ્વારા ગહન ચિંતન કરીને તેને શબ્દબદ્ધ કરવા બદલ માઁ શ્રુતદેવીની કૃપા પાત્ર માનસપુત્રી સ્વરૂપા જૈન શ્રાવિકા રત્ન ભાનુબેનને શ્રી સ્થાનકવાસી છ કોટિ જૈન લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. વર્તમાન ગાદીપતિ શ્રી લાભચંદ્રજી સ્વામી તથા સંપ્રદાયના સમસ્ત ચારિત્રાત્માઓના આજ્ઞાપ્રદાતા - નિશ્રાદાતા ગુરુદેવ શ્રી ભાવચંદ્રજી સ્વામી, શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી, શ્રી નિરંજનચંદ્રજી સ્વામી સમેત સંપ્રદાયના ૧૯ ગુરુદેવો અને ૨૩૮મહાસતીજીઓ તરફથી શત શત અભિનંદન સાથે અંતરભીના શુભાશીષ છે.

ચાર સપ્તાહની એકાંત મૌન-સાધના દરમ્યાન આ ગ્રંથનું આદ્યોપાન્ત રસ-રુચિ-શ્રદ્ધા અને લગનીપૂર્વક શબ્દશઃ અવગાહન કરતાં દિલ-દિમાગ અને આત્મ ચેતનાએ જે અલૌકિક આનંદાનુભૂતિ અને પરિતોષ અનુભવ્યાં છે તે વર્ણનાતીત છે, કલ્પનાતીત છે. સંસાર પરિભ્રમણથી, રાગ-દ્વેષની બંધન બેડીથી કંટાળેલા-થાકેલા હોય અને જેમને તીવ્ર મુમુક્ષુપણું નિરંતર પ્રવર્તે એવા મોક્ષાર્થી, જ્ઞાનાર્થી ભવ્યાત્માઓ માટે આ ગ્રંથનું અવલોકન, ચિંતન અમૃત રસાયણ સ્વરૂપે પરિણમશે એવી શ્રદ્ધા છે. એક જ ગ્રંથમાં ''સમકિત'' જેવા આત્મતત્ત્વને પરમાત્મ તત્ત્વમાં પરિવર્તન કરવાની જે બીજ શક્તિ છે તેવા અધ્યાત્મ ચિંતનના વિષયને ગાગરમાં સાગર સમાઈ જાય તેમ સમાવેશ કરીને ભાનુબેને અધ્યાત્મ પ્રેમી આત્માઓ માટે ગુજરાતી સરળ ભાષામાં ઉપકારક શ્રુતભક્તિ કરી છે.

આ ગ્રંથ વધુમાં વધુ તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓનાં કરકમલમાં પહોંચે એવો તેનો પ્રચાર થાય અને તેનું હિન્દી અનુવાદન કરાવી, હિન્દીભાષી હજારો મુમુક્ષુ આત્માઓ સુધી પહોંચતું કરવામાં આવશે, તો તે સવિશેષ આશીર્વાદરૂપ નીવડશે. ૪૦૦ વર્ષ પહેલાની સરળ ગુજરાતી ભાષામાં સમ્યક્ત્વ જેવા વીતરાગ અરિહંત પરમાત્મા પ્રબોધિત આત્મ તત્ત્વને વીતરાગ પરમાત્માંના કથન અનુસાર ''સમકિતસાર રાસ'' નામના કાવ્ય ગ્રંથમાં ગૂંથીને શ્રાવક કવિ શ્રી ઋષભદાસજીએ ભારે કમાલ કરી નાખી છે. કવિશ્રીની આવી ૩૪ કાવ્યકૃતિઓ અને અન્ય સાહિત્ય આધુનિક યુગમાં સંશોધિત થઈને આવા અનુસંધાનાત્મક મહાગ્રંથરૂપે બહાર આવવા

અનુસંધાન પ્રિય વિદ્વદ્‌જનોની પ્રતીક્ષા કરી રહ્યું છે.

ગાર્હસ્થ્ય ધર્મની ફરજોમાં અટવાયેલી એક જૈન શ્રાવિકાનો આ સત્પુરુષાર્થજૈન શાસનના વર્તમાનકાલીન સાધુ-સાધ્વીજીને માટે ચેલેન્જરૂપ છે... તેમને જ્ઞાનાર્જનમાં દત્ત ચિત્ત રહી પ્રબળ પુરુષાર્થી બનવા આહ્વાન કરે છે...

- મુનિ ભાસ્કરજી સ્વામી

મહાવીરધામ-સિરસાડ, અજરામર હૉલ(સ્વાગત કક્ષ), **N.H. No. 8-A,**
સિરસાડ ફાટા, સિરસાડ. તા. વસઈ(જિલ્લો - થાણા) વિ.સં. ૨૦૬૬, ચૈત્ર સુદ - ૧૫.

**Confidence bring Energy to Your life.**

'સમકિત રાસ' આ વિષય પર લખવું ઘણું જ કઠીન છે. આ વિષય જ એવો છે કે ઘેરો રંગ આવે તો જ સમજાય. છતાં અહીં શાસનદેવની કૃપાથી, ગુરુભગવંતના શુભાશિષથી તેમજ જયંતિભાઈથી માંડીને ઘરના દરેક સભ્યોના સહયોગથી શ્રી ભાનુબેને જે પ્રચંડ પુરુષાર્થ કર્યો છે. તે પ્રશંસનીય, અભિવંદનીય છે.

સતત પ્રયત્નશીલ, અનેક આગમનું અવગાહન કરી અનુવાદની કાયાપલટ કરી ગ્રન્થને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર ભગીરથ કાર્યના યશસ્વી આપને હું ગૌરવ સહ બિરદાવું છું.

આ ગ્રન્થ પ્રકાશન થઈ રહ્યો છે તેનો મને આનંદ છે. સૌ તેનો અભ્યાસ કરી મૂળભૂત તત્વને સમજે, જીવનને સમ્યકાચારમય બનાવે, સમાજમાં જૈન ધર્મનો પ્રચાર થાય તથા નામ રોશન થાય તેવી મનોકામના.

આપણા સમાજમાં બહુ ઓછા બહેનો **Ph.D.** સુધી પહોંચે છે. આપના આ શુભ પ્રયાસને હું આવકારું છું તથા મારી શુભ કામના તેમાં ઉમેરું છું.

લિ. મંજુલ-ગુણ મૈયાના શિષ્યા કોમલકુમારીજી

**बडे सपने, बडे विचार, बडा विश्वास, बडा फैसला और बडा**
**लक्ष ही बडी कामयाबीका आकार तय करता है ।**

મેં તો માત્ર એક વખત આ ગ્રન્થનું Proof reading કર્યું પરંતુ મને એટલે જ ખ્યાલ આવ્યો કે ભાનુબેનનો તપયજ્ઞ (જ્ઞાન માટેનો પુરુષાર્થ) કેટલો મોટો છે.

આ 'રાસ' માં ઘણા બધા જીવો રસ લે તથા આ ગ્રન્થ ભાનુબેનને પણ નિર્ગ્રંથ બનાવે એવી શુભભાવના.

ચૈત્ર સુદ-૧૩, મહાવીર જયંતિ

લિ. સાધ્વી જિનશ્રીકુમારીજી

# પ. પૂ. ગુરુણીમૈયાના આશીર્વચન

**Best of Luck – Keep it up.**

गौरवं प्राप्यते दानात् न तु ज्ञानस्य संचयात् ।
स्थितिरुच्चैः पयोदानामुदधिनामधः स्थिति ।।

જ્ઞાન આપવાથી તેનું ગૌરવ પ્રાપ્ત થાય છે, તેનો સંચય કરવાથી નહીં. વાદળાં આપે છે તો તેનું સ્થાન ઊંચું છે, દરિયો સંગ્રહ કરે છે તો તેનું સ્થાન નીચું છે.

ભારતવર્ષની ભૂમિ એટલે આર્યભૂમિ... આ ભૂમિ હજારો, લાખો વર્ષથી અધ્યાત્મધારાથી પલ્લવિત છે, ૨૫,૫૦ કે ૧૦૦ વર્ષના અંતરે કોઈને કોઈક તો પુરુષાર્થપ્રેમી નીકળે છે જે આજુ-બાજુમાં રહેલી સુષુપ્ત ચેતનાને આધ્યાત્મિક સ્પર્શદ્વારા નવપલ્લવિત કરીને આધ્યાત્મિક ધારાના પ્રવાહને નિરંતર વહેતો રાખવામાં મદદરૂપ થાય છે. આ ગ્રન્થની રચના પણ આવા જ કોઈ વિશિષ્ટ કારણોસર જ થઈ હોય તેવું મને લાગી રહ્યું છે.

મારી દીક્ષા બાદ (૩૨ વર્ષબાદ) મારા સાંસારિક પારિવારિક જનોમાંથી ભાનુબેનનું હું વિશેષ ગૌરવ લઈ શકું છું; કારણકે તેમના ઝળહળતા વર્તમાન પાછળ સાધનામય ભૂતકાળ છે. સંસારમાં રહીને જ્ઞાનસાધનાના ધારેલા ધ્યેય સુધી પહોંચવું કઠીન હોય છે. અમારા (૬) છ ભાઈ-બહેનોમાં ફક્ત ભાનુબેન જ **Ph.D.** છે.

મારા અંતરમાં એ વાતનો પણ અપાર આનંદ છે કે મારા બહેને અન્ય કોઈ વિષયપર નહીં પરંતુ સત્તરમી સદીના કવિ ઋષભદાસકૃત સમકિત રાસ પર સંશોધન કરીને જિન-શાસનની સેવા કરી છે. તેમણે માતાની કુક્ષીને, બંને કુળને તથા ભચાઉ(વાગડ) ના નામને રોશન કર્યું છે.

'' તેં પાર પાડ્યું ઊંચું નિશાન, સમાજે કર્યું ભાનુનું સન્માન,
તેં ખૂબ વધારી શાસનની શાન, ગ્રન્થ સ્વ-પર કલ્યાણક બનો એ અરમાન.''

મને આશા છે કે આ ગ્રન્થ ઘણાની બહિરંતર યાત્રાને પાર પડશે.

લિ. સૂર્ય-વિજય ગુરુણી મૈયાના સુશિષ્યા
સાધ્વી ઝરણાકુમારીજી એવં શિષ્યા પરિવાર

# ઉપોદ્‌ઘાત

શ્રાવક કવિ ઋષભદાસ એ મધ્યકાલીન જૈન સાહિત્યની વિશિષ્ટ ઉપલબ્ધિ છે. મધ્યકાલીન જૈન સાહિત્યમાં મોટાભાગના કવિઓ સાધુ-પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે, તેમાં કવિ ઋષભદાસ જેવા કવિઓ શ્રાવક પરંપરાનું ગૌરવ છે. મુખ્યત્વે વેપારને વરેલા જૈન શ્રાવક વર્ગમાં સરસ્વતીનું વરદાન પામી તેની સેવાનું વ્રત ધારણ કરે એ ઘટના અતિવિરલ છે. ખંભાતના માણેકચોકમાં વસનારા કવિની ૩૪ થી વધુ રાસ રચનાઓમાંથી 'સમકિતસાર રાસ' એ પ્રસ્તુત શોધનિબંધનો અભ્યાસ વિષય છે.

ભાનુ બહેન શાહ મૂળ કચ્છના રહેવાસી ધર્મપ્રિય શ્રાવિકા છે. મુંબઈમાં મેટ્રીકનાં અભ્યાસ બાદ લગ્ન પછી દીર્ઘ સમય બાદ એચ.એસ.સી., બી.એ., એમ. એ. અને હવે પી.એચ.ડી. જેવી ઉચ્ચ વિદ્યાસાધના સિદ્ધ કરી છે, તેમાં તેમની ધર્મ અને જ્ઞાન ઉભયની પ્રીતિનો ઝળહળાટ છે. જૈનત્વની સાચી ઓળખાણ સમા સમકિતના હાર્દને પામવાના પ્રયત્નરૂપે તેમણે કવિ ઋષભદાસના સમકિતસાર રાસને અભ્યાસ વિષય તરીકે પસંદ કર્યો.

કવિ ઋષભદાસે સમકિતના મહત્ત્વને વિસ્તૃત રીતે વર્ણવ્યા બાદ સુદેવ, સુગુરૂ, સુધર્મના મહિમાને અંકિત કર્યો છે, સાથે જ સમકિતના સડસઠ બોલોનું વિસ્તૃત વર્ણન કરી સમકિત વિશે એ આકર ગ્રંથરૂપ આ રાસનું સર્જન કર્યું છે. કવિની કથાકાર તરીકેની અનોખી સિદ્ધિ હોવાથી આમાં દ્દષ્ટાંત નિમિત્તે કથારાસનું પણ અપૂર્વ સંયોજન કર્યું છે.

કવિ ઋષભદાસની પ્રાપ્ત હસ્તપ્રત કેટલેક અંશે અશુદ્ધ હોવાથી તેના પરથી લીપ્યંતરનું કાર્ય કઠિન હતું, આ કાર્ય પણ સાંગોપાંગ પાર પાડી આ કાર્યને યશસ્વી રીતે પૂર્ણ કર્યું. આ રાસનું અધ્યયન કર્યું, તે સાથે જ તેમણે આગમોમાંથી ઉપલબ્ધ સમકિત વિશેની નાની રચનાઓનું પણ અધ્યયન કર્યું. તેમણે સમકિતના વિવિધ સંદર્ભોનું અધ્યયન રજૂ કર્યું છે. તેમણે વિવિધ પૂજાઓ અને એ સાથે જ તેમણે ઉપાધ્યાય યશોવિજયજી અને શ્રીમદ્‌ રાજચંદ્રજીની અર્થગંભીર રચનાઓનું તુલનાત્મક અધ્યયન રજૂ કરી વિષયના ગૌરવની વૃદ્ધિ કરી છે. તેમણે આ સાથે જ વિવિધ સંલગ્ન વિષયોની પરિશિષ્ટોની રજૂઆત દ્વારા વિષયોનો તલસ્પર્શી અભ્યાસ કરવાનો અનુમોદનીય પ્રયાસ કર્યો છે.

આ વિષયની ગહનતા ઘણી ઊંડી છે. આથી કેટલેક સ્થળે સંશોધકનો પુરુષાર્થ અપર્યાપ્ત પણ અનુભવાય, પરંતુ ભાનુબહેન પુરૂષાર્થશીલ સંશોધક છે. લાંબો સમય સામાયિક કરી વિષયના શક્ય એટલા ઊંડાણમાં જવા તત્પર રહ્યાં છે. આથી આપણને હ્રદયમાં ઊંડી આશા અને શ્રદ્ધા રહે છે કે, શ્રીમતી ભાનુબહેન આ વિષયના વધુ ઊંડાણમાં ચિંતન-મનન કરી જૈન સંઘને સમ્યગ્દર્શન સમા અમૂલ્ય રત્ન વિષયક વધુ પ્રકાશ પાથરે... એ સાથે જ મધ્યકાળના ઉપેક્ષિત સાહિત્યક્ષેત્રમાં પણ પોતાની ગૌરવવંતી અભ્યાસ-પરંપરા ચાલુ રાખે એ જ અભ્યર્થના...

**Department of Gujarathi, Mumbai** **Dr. Abhay Doshi**

# શ્રુતત્વનો સ્રોત

સોળમા શતકના શ્રાવક કવિ ઋષભદાસની 'સમકિતરાસ' ની હસ્તપ્રતની મુંબઈ યુનિવર્સિટીની પી.એચ.ડી. ડીગ્રી માટે શ્રીમતી ભાનુબેન જયંતિલાલ શાહે પસંદગી કરી અને ડો. અભયભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ તેઓએ આ પ્રતનું સર્વાંગી મૂલ્યાંકન કર્યું છે.

આ મૂલ્યાંકનનો અભ્યાસ કરી મારો આનંદ અને સંતોષ વ્યક્ત કરું છું. શ્રીમતી ભાનુબેને આ હસ્તપ્રતનું ૬(છ) પ્રકરણમાં વિભાજન કરી અભ્યાસ કર્યો છે. પ્રત્યેક પ્રકરણમાં એમનો પુરુષાર્થ અને સૂઝ ધ્યાન ખેંચે છે.

સોળમા શતકની મૂળ હસ્તપ્રતનો અભ્યાસ શરૂ કર્યા પહેલાં તેઓએ મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યનો સંક્ષેપમાં રસમય પરિચય કરાવી કવિ ઋષભદાસના જીવન અને સર્જનની અનેક વિગતો, તુલનાત્મક દૃષ્ટિએ તથા માહિતીની ઉપકારકતાની દૃષ્ટિએ વર્ણવી આ કવિના જીવન -સર્જન વિશે ગુજરાતી ભાષાના અન્ય વિદ્વાનોના અભિપ્રાયો દર્શાવેલ છે.

સમકિતરાસની કુલ ૪૫ ઢાળનું સરળ ગુજરાતીમાં ભાષાંતર નહીં પણ રૂપાંતર કરી, જૂની ગુજરાતી ભાષાને અર્વાચીન ભાષામાં વર્ણવવાનો લેખિકાનો પુરુષાર્થ નોંધપાત્ર છે. તેઓએ યથાર્થ ચર્ચા કરી છે.

''સમ્યગ્દર્શન મેળવનાર જ ઉત્તમ શ્રાવક કે સાધુપણું પ્રાપ્ત કરી શકે છે અર્થાત્ સમ્યગ્દર્શન એ દેશ વિરતિ કે સર્વ વિરતિનો આધાર છે.''

સમ્યક્ત્વના સ્વરૂપને સમજાવવા તેઓએ સમર્થ પુરુષાર્થ કર્યો છે અને સમ્યક્ત્વના ૬૭ બોલનું સંક્ષેપમાં સરળ, મધુર શૈલીમાં નિરુપણ કર્યું છે. કૃતિના ભાવપક્ષ એટલે કે તત્ત્વવિચાર જ નહીં પણ કલાપક્ષની પણ વિગતપૂર્વક ચર્ચા કરી છે. કવિ ઋષભદાસની કાવ્યશૈલીમાં રહેલી બધી જ વિશેષતાઓ સદૃષ્ટાંત તારવી આપી છે, મૂળ હસ્તપ્રતનું સાહિત્યિક મૂલ્યાંકન આકર્ષક બની રહે છે.

ઉપરાંત સમકિત વિશે જૈન આગમ ગ્રંથોમાં થયેલી ચર્ચા તથા અનેક જૈન વિદ્વાન મનીષીઓએ-આચાર્ય ભગવંતોએ તથા વિદ્વાન શ્રાવકોએ કરેલી ચર્ચાને તુલનાત્મક રીતે દર્શાવી છે. વર્તમાનમાં પણ સમ્યગ્દર્શન કેટલું ઉપકારક બની શકે તે દર્શાવી આપણે સહુ સમકિત પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરીએ એવી શુભ ભાવના વ્યક્ત કરી છે.

એમના આ શોધ પ્રબંધને મુંબઈ યુનિ. આવકારી તેમને પી.એચ.ડી.ની ડીગ્રી પ્રદાન કરી છે. જૈન હસ્તપ્રત સાહિત્ય ઘણું વિપુલ છે. ડો. ભાનુબહેન આવી અનેક હસ્તપ્રતોનું સંશોધન સંપાદન કરી, શ્રુતજ્ઞાનની સેવા કરી જીવન ધન્ય બનાવે એવી આશા.

ઘાટકોપર. — લિ. ડો. રસિક એલ. મહેતા.

## પ્રકાશકના બે બોલ

મોક્ષમાર્ગનું પ્રવેશ દ્વાર એટલે સમ્યગ્દર્શન ... જૈન ફિલોસોફીમાં જેનું અનુપમ સ્થાન છે એવા " સમકિત" નામના વિષય પરનો ૧૭મી સદીમાં થઈ ગયેલા જૈન શ્રાવક કવિ શ્રી ઋષભદાસ કૃત "સમકિતસાર રાસ" નામના કાવ્ય ગ્રંથ ઉપર ગહન ચિંતન કરીને, વિદુષી શ્રાવિકા રત્ન ભાનુબેન શાહે પી. એચ. ડી. માટે તૈયાર કરેલ મહાનિબંધને ગ્રંથરૂપે જૈન તત્ત્વજ્ઞાનના પિપાસુ અભ્યાસીઓને માટે પ્રગટ કરતાં સેવા સંઘ અતિ પ્રસન્નતા સાથે ધન્યતા અનુભવે છે.

ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ વહન કરવાની સાથે એક જૈન શ્રાવિકા, સમય બચાવીને નિરંતર અધ્યયનશીલ રહીને સાહિત્ય-સંશોધન ક્ષેત્રમાં કેટલાં ઉચ્ચ શિખરો સર કરી શકે છે, તે ભાનુબેને નારી માત્રને માટે જ્વલંત દ્રષ્ટાંત પુરું પાડ્યું છે. મુંબઈ યુનિવર્સિટીમાં આ મહાનિબંધ પ્રસ્તુત કરીને ડૉક્ટરેટ પદવી પ્રાપ્ત કરવા બદ્દલ ડૉ. ભાનુબેન શાહ(સત્રા)ને લાખો શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવીએ છીએ.

ભાનુબેનનો શ્વસુર અને પિતૃ પરિવાર વંશ પરંપરાગત અતિ ધાર્મિક, દૃઢધર્મી અને પ્રિય ધર્મી સંસ્કારી પરિવાર છે. તેઓના પતિ શ્રી જયંતિલાલ ભાઈનો સાથ-સહકાર ભાનુબેનના જ્ઞાનવકિાસમાં અનુમોદનીય રહ્યો છે. એનું આ શુભ પરિણામ છે. આ ગ્રંથ પ્રકાશનમાં અર્થ સહયોગી બનીને તેમણે પૂ. માવિત્ર માતુશ્રી નાનબાઈ વીરજી વાલજી સત્રા પરત્વે વિનમ્ર અભિનંદનનું અર્ધ્ય આપવા બદ્દલ સમસ્ત પરિવારને ધન્યવાદ આપીએ છીએ.

વિક્રમની સત્તરમી સદીના શ્રાવક કવિ શ્રી ઋષભદાસે જિન ઉદ્યાનરૂપી બાગની સુરક્ષા હેતુ સમકિતસાર રાસની રચના કરી છે, જેના આધારે ભાનુબેને જૈન દર્શનમાં સમ્યક્ત્વનું સ્વરૂપ દર્શાવેલ છે. પ્રથમ પ્રકરણમાં અમૂલ્ય જ્ઞાન નિધિરૂપ વારસો હસ્તપ્રતોના સ્વરૂપે આપણા ગ્રંથાલયોમાં સુરક્ષિત સચવાયેલો છે; તેનો રસિક ઈતિહાસ છે. ત્યાર પછી યશસ્વી કવિ શ્રી ઋષભદાસનો પરિચય છે. પ્ર.૩-૪માં સમકિતના ૬૭ બોલનું વિશદ વર્ણન છે, જેમાં જૈનદર્શનનાં ઉત્સર્ગ અને અપવાદ અર્થાત્ નિશ્ચય અને વ્યવહાર માર્ગનું લેખિકાએ સાંગોપાંગ વર્ણન કર્યું છે. સમકિત જેવા ગહન વિષયને લોકભોગ્ય બનાવવની તેમની આવડત પ્રશંસનીય છે. ત્યારબાદ સ્થિરાદષ્ટિ સાથે તેમજ મૂલાધારમાં જાગૃત થતી કુંડલિની શક્તિ સાથે સમકિતનો સમન્વય રસિક છે. આધુનિક વિજ્ઞાન અને જૈન દર્શનનાં વિજ્ઞાનનું સ્વરૂપ દર્શાવી તેમણે સામાન્ય જનની શ્રદ્ધા મજબૂત કરી છે.

આ ગ્રંથનું વાંચન-મનન અને નિદિધ્યાસન દરેક જ્ઞાનાર્થી ભાઈ-બહેનનાં હૃદયમાં સમ્યગ્દર્શનની અનુભૂતિ માટેની તીવ્ર ઝંખના જગાડશે એવી પાકી શ્રદ્ધા છે...

મહાવીર જન્મ કલ્યાણક. વીર સં. ૨૫૩૬. અજરામર જૈન સેવા સંઘ, મુંબઈ



## શ્રીમતી ભાનુબેન જયંતિલાલ શાહ (સત્રા)

| | | |
|---|---|---|
| જન્મભૂમિ | : | ભચાઉ (કચ્છ વાગડ) |
| જન્મદિન | : | ૨૫-૪-૧૯૫૮ |
| અભ્યાસ પ્રારંભ | : | ઈ.સ. ૨૦૦૦ |
| પતિદેવ | : | શ્રી જંયતિલાલ વીરજી સત્રા |
| પુત્રવધુ - પુત્ર | : | ભારતી હેમેષ સત્રા, હર્ષા અનીષ સત્રા |
| સાસુ-સસરા | : | નાનબાઈ વીરજી વાલજી સત્રા (ભચાઉ-કચ્છ-વાગડ) |
| માતા-પિતા | : | ડાહીબેન ભારમલ મોમાયા ગાલા (ભચાઉ-કચ્છ-વાગડ) |
| બહેન મહાસતીજી | : | સાધ્વી રત્ન પૂ. શ્રી ઝરણાકુમારીજી મહાસતીજી |
| ભાઈ-બહેન | : | મંજુબેન, રસિક, રમેશ, રાજેશ |
| જ્ઞાનદાતા | : | પૂ. અલ્કેશમુનિ મ.સા તથા પૂ. આદર્શચંદ્રજી મ.સા. |
| **Ph.D.** ક્યારે થયા | : | ૨૫-૭-૨૦૦૯ |
| સમ્મત્તમ્ ગ્રંથનું વિમોચન | : | ૦૨-૦૫-૨૦૧૦, રવિવાર, મુંબઈ. |
| હવે પછી | : | ૧) જૂની હસ્તપ્રતોના અક્ષરો ઉકેલવાનું કાર્ય ચાલુ છે. |

કેટલીક હસ્તપ્રતો ઉકેલી છે -

- કવિ ઋષભદાસ કૃત સુમિત્ર રાજર્ષિ રાસ
- કવિ ઋષભદાસ કૃત અભયકુમાર રાસ
- કવિ ઋષભદાસ કૃત અજાકુમાર રાસ

૨) બૃહદ્ મુંબઈ ધાર્મિક શિક્ષણ બોર્ડમાં સેવા.

૩) અજરામર સંપ્ર. સંચાલિત લીટલ્ એન્જલસ્ સ્થા. જૈન પાઠશાળામાં સેવા.....



# સ્વકથ્યમ્

સ્વર્ગ લોકના દિવ્ય સુખોમાં રાચતા દેવો પણ જેની યાચના કરે છે એવા સમ્યગ્દર્શનને નમસ્કાર હો.

આ પ્રસંગે લીંબડી અજરામર સંપ્રદાયના આજ્ઞાપ્રદાતા પૂ. ગુરુદેવ ભાવચંદ્રજી મ.સા., પ. પૂ. ભાસ્કરજી મ.સા., પ. પૂ. પ્રકાશચંદ્રજી મ.સા., પ. પૂ. નિરંજનચંદ્રજી મ.સા., આદિ શ્રમણ- શ્રમણીઓની સદા હું આભારી રહીશ. જેમની કૃપાથી મારું કાર્ય પૂર્ણ થયું છે.

મારા સતત પ્રેરણાદાયી, મારા કાર્યમાં વેગ વધારનાર તેમજ મને પ્રોત્સાહિત કરનાર મારા અનંત ઉપકારી લીંબડી અજરામર સંપ્રદાયના સાધ્વીરત્ન ઝરણાકુમારી મહાસતીજીના આશીર્વાદ સહ આ શોધ નિબંધ રજૂ કરું છું.

સમ્યગ્દર્શન એ જૈનત્વની મૂળ ભૂમિકા છે. સમ્યગ્દર્શન એ અધ્યાત્મનું પરોઢ છે. સમ્યગ્દર્શન એ ભવ રોગ ચિકિત્સાની અચૂક ઔષધિ છે.

ગુરુ ભગવંતોના મુખેથી જિનવાણીનું શ્રવણ કરતાં સમ્યગ્દર્શનનું મહત્ત્વ સમજાયું; પણ તેનું બીજારોપણ નાનપણમાં પાંચ વર્ષની ઉંમરે પાઠશાળામાં જતાં થયું હતું.

'અરિહંત મારા દેવ છે, નિર્ગ્રંથ શ્રમણ એ મારા ગુરુ છે અને કેવળજ્ઞાનીઓ દ્વારા પ્રરૂપિત અહિંસા ધર્મ એ મારો ધર્મ છે'. આ સૂત્ર મારા હૃદય પટ પર અંકિત થઈ ગયું. એમ છતાં વાસ્તવમાં સમ્યગ્દર્શન શું છે ? સમ્યગ્દર્શન આપી કે લઈ શકાય ? સમ્યગ્દર્શની કેવો હોય ? સમ્યગ્દર્શન કોને મળે ? સમ્યગ્દર્શન શી રીતે મળે ? આવા પ્ર શ્નો મનમાં ઉદ્ભવતાં. સમ્યગ્દર્શનની તાત્ત્વિક ભૂમિકાનું સંશોધન કરવાની મનમાં ઝંખના રહેતી હતી.

આ સંશોધન જિજ્ઞાસાએ મને જૈન વિ શ્વભારતી સંસ્થાન, લાડનૂં (રાજસ્થાન) યુનિવર્સિટીથી **M.A.** નો અભ્યાસ કરવા પ્રેરી. ત્યાર બાદ આ વિષય પર **ph.D** કરવાનું નક્કી કર્યું. મારા પ્ર શ્નોના ઉકેલ માટે મેં સ્વયં અંતઃસ્ફુરણા થતાં 'સમ્યગ્દર્શન' જેવો વિષય પસંદ કર્યો. તેના સંદર્ભમાં કવિ ઋષભદાસ કૃત 'સમકિતસાર રાસ' મેં પસંદ કર્યો. આ રાસમાં સમકિતના ૬૭ બોલોનું વિવરણ છે, તેનું વિસ્તૃત અધ્યયન રજૂ કર્યું છે. જૈન સાહિત્યના લોકપ્રિય અને લોકલાડીલા કવિની સાહિત્ય સૃષ્ટિમાં જૈન અને જૈનેત્તર વર્ગના લોકો મુક્ત વિહાર કરીને જૈન સાહિત્યની સમૃદ્ધિનો પ્રત્યક્ષ પરિચય મેળવી શકે તેવી માહિતીથી સભર પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. સમકિતસાર રાસ એટલે જૈન સાહિત્યના વૈવિધ્યપૂર્ણ વારસાનું દર્શન કરાવતો, સાંસ્કૃતિક વિચારોનું પ્રતિપાદન કરતો પ્રતિનિધિ ગ્રંથ. જૈન શ્રાવક કવિએ સમકાલીન અને ભવિષ્યની પેઢીને જૈન ધર્મના ભવ્યોદાત્ત સાહિત્યનું સર્જન કરીને માનવસેવાનું શ્રેષ્ઠ કાર્ય કર્યું છે, જે તેમની જિનશાસન

પ્રત્યેની અડગ શ્રદ્ધાનાં દર્શન કરાવે છે. આ સાથે જ ઉપાધ્યાય યશોવિજયજી મ.સા., શ્રીમદ્ રાજચંદ્રજી આદિ મહાપુરુષોની કૃતિઓના સંદર્ભે સમ્યગ્દર્શનના સ્વરૂપને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. એ જ રીતે આધુનિક યુગના સંદર્ભે સમ્યગ્દર્શનની ચર્ચા કરી છે.

આ રાસકૃતિ મેં ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટ-પૂનામાંથી મેળવી. આ પ્રસંગે આ કૃતિને પ્રાપ્ત કરવામાં લાગણીભર્યો સહયોગ આપનાર અનિલભાઈ લાખાણી, પોપટભાઈ ગડા અને ચંદુભાઈ છાડવાની હું સદા ઋણી રહીશ.

આ ધાર્મિક હસ્તપ્રતનાં અક્ષરો ઉકેલવા માટે દરિયાપુરી સંપ્રદાયના મારા વિદ્યાગુરુ પૂ. અલકેશમુનિ મ.સા. તથા ઉત્સૂત્રની પ્રરૂપણા ન થાય તે માટે અજરામર સંપ્રદાયના પૂ. આદર્શચંદ્રજી મ.સા. નો મેં સંપર્ક સાધ્યો. આગમ વિશારદ આ બંને ગુરુ ભગવંતોનો મારા પર અસીમ ઉપકાર છે. તેમના સહયોગ વિના કદાચ મારું આ કપરું કાર્ય સરળ ન બન્યું હોત. તેમનો ઉપકાર અવર્ણનીય છે. હું આજીવન તેમની ઋણી રહીશ.

સમ્યગ્દર્શન જેવા વિષયને અનેક આગમો તથા ગ્રંથોને આધારે અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો. ડૉ. અભયભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ મેં શોધ નિબંધનું કાર્ય પ્રારંભ કર્યું. તેમણે મને અથથી ઈતિ સુધી નવા નવા મુદ્દાઓનું નિરૂપણ કરવાનું માર્ગદર્શન આપ્યું. તેમના સહયોગથી મારું અશક્ય કાર્ય શક્ય બન્યું. મારા માર્ગદર્શક ડૉ. અભયભાઈ દોશીનો હું આભાર માનું છું.

મારા શોધ નિબંધના સ્વપ્નને સાકાર બનાવવામાં જેમનું નોંધપાત્ર સ્થાન છે એવા મારા પતિ જયંતિલાલ શાહનો મને ડગલે ને પગલે સૌથી વધુ સહયોગ મળ્યો. આ કાર્ય માટે મારા સ્વ. સસરા વીરજીભાઈ તથા સાસુ નાનબાઈ તથા મારા પિતા શ્રી ભારમલભાઈ તથા માતા ડાહીબેનના સદા મને આશીર્વાદ મળતા રહ્યા. તેમજ મારા બંને દીકરાઓ હેમેષ અને અનીષ તથા પુત્રવધૂઓ ભારતી અને હર્ષા તેમજ મારા નણંદ મંજુબેન, સ્વ. ભાભી જય શ્રીબેને પણ વિવિધ કાર્યોમાં પૂર્ણ સાથ આપ્યો છે. તે ઉપરાંત પૌત્ર દેવ, પૌત્રી દશાંગી અને આરનાએ પણ દાદીના વિદ્યા કાર્યમાં સહયોગ આપ્યો છે, તે માટે તેમને મારા ખૂબ વ્હાલ.

મારા આ અભ્યાસ માટે પુસ્તકો મેળવી આપી મારા જ્ઞાનમાં વધારો કરનાર સેવાભાવી વિનુભાઈ (ઘાટકોપર), મારા વેવાઈ રતનશીભાઈ બુરીચા તેમજ મહેન્દ્રભાઈ વ્યાસની હું સદા આભારી રહીશ. આ અભ્યાસ યાત્રામાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે સહાયક થયા હોય પરંતુ નામોલ્લેખ કરવાનું રહી ગયું હોય તે સર્વની હું આભારી છું.

આ અભ્યાસ યાત્રામાં ડૉ. કવિન શાહ, ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. કલાબેન શાહ, શ્રીમતી બિન્દુબેન રામન, સ્વ. ડૉ. રાયશીભાઈ, ડૉ. એન. સી. જૈન, ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ઉર્વશી પંડ્યા તેમજ ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. રતિલાલ રોહિત આદિ

મહાનુભાવોએ વિવિધ તબક્કે આપેલ સહકાર માટે તેમના પ્રતિ આભારની લાગણી અભિવ્યક્ત કરું છું. તેમજ મારા આ શોધનિબંધની વ્યાકરણની દ્રષ્ટિએ ચિકિત્સા કરનાર પૂ. આજ્ઞાબાઈ મ.સ. તથા પૂ. જિને શ્રીબાઈ મ.સ. ની હું અત્યંત આભારી છું.

મારા આ અભ્યાસ માટે મેં અનેક ગ્રંથાલયોની મુલાકત લીધી છે. ત્યાંના સંચાલકોએ મને મદદ કરી છે. આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મંદિર, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા, શ્રી શ્રેયસ્કર અંધેરી જૈન સંઘ, ફાર્બસ ગુજરાતી સભા-જુહુ, શ્રી જ્ઞાન મંદિર ગ્રંથાલય -દાદર, મીઠીબાઈ કોલેજ પુસ્તકાલય, મુંબઈ યુનિવર્સિટી પુસ્તકાલય-કાલીના, બાબુ અમીચંદ પુસ્તકાલય-વાલકેશ્વર, ચંદનબાળા પુસ્તકાલય-વાલકેશ્વર, શ્રીપાળ નગર પુસ્તકાલય-વાલકેશ્વર, સ્થાનકવાસી હીંગવાલા લેન ઉપાશ્રય પુસ્તકાલય-ઘાટકોપર, શ્રમણી વિદ્યાપીઠ ગ્રંથ ભંડાર-ઘાટકોપર, મનફરા-જ્ઞાનભંડાર, શ્રી કલાપૂર્ણમ્ ગ્રંથ ભંડાર-દેવલાલી, લીંબડી ગ્રંથ ભંડારના સંચાલકોના સહયોગથી મારું કાર્ય સરળ બન્યું છે. તે બદલ તે સર્વનો આભાર.

આ શોધનિબંધનું કમ્પ્યુટર ટાઈપીંગ કરી સાથ આપનાર અપ્સરા કોપી સેંટર (ફોર્ટ) તથા ક્વોલીટી ઝેરોક્ષ(અંધેરી)ના સ્વજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. આ પુસ્તક પ્રગટ કરવામાં શ્રુતજ્ઞાન ભક્તિથી પ્રેરાઈને સહયોગ આપનાર કુટુંબીજનો શ્રી મેઘજીભાઈ તથા શ્રી નવીનભાઈનો હું હાર્દિક આભાર માનું છું.

આ પ્રસ્તુતિ દરમ્યાન મારા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ અનુસાર કોઈ પણ વાત શાસ્ત્ર વિરુદ્ધ કહેવાઈ હોય તો અંતઃકરણપૂર્વક અરિહંત પરમાત્માની ક્ષમા યાચના ચાહું છું. પ્રૂફ સંશોધન કરતાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો મિચ્છામિ દુક્કડં.

અંતે હે કરુણા સાગર !

મને સિદ્ધિ ન મળે તો કાંઈ નહિ, શુદ્ધિ મળો;<br>
કેવળ જ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરવા સમ્યગ્દર્શન તો જરૂર મળો.

## પુસ્તક પ્રકાશન પ્રાપ્તિ પળે

સમ્મતમ્ આ શોધનિબંધ પુસ્તકરૂપે પ્રકાશન થઈ રહ્યો છે ત્યારે પ્રસ્તાવનારૂપે જેમણે આશીર્વાદના ઉપહાર આપ્યા છે તેના માટે હું ધન્યતાની લાગણી અનુભવુ છું.

લિ. ડૉ. ભાનુબેન શાહ

ગ્રાન્ટરોડ, નાનાચોક.<br>
તા. ૨૫-૪-૨૦૧૦.

# -: અનુક્રમણિકા :-


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૧) | મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને વિક્રમના સત્તરમા શતકનું ગુજરાતી જૈન સાહિત્ય | ૧ થી ૧૪ |
| ૨) | કવિ ઋષભદાસ : જીવન અને કવન | ૧૫ થી ૪૬ |
| ૩) | 'સમકિતસાર રાસ' ઢાળ ૧ થી ૧૫ ની સંપાદિત વાચના અને તેનું અધ્યયન | ૪૭ થી ૧૪૬ |
| ૪) | 'સમકિતસાર રાસ' ઢાળ ૧૬ થી ૪૫ ની સંપાદિત વાચના અને તેનું અધ્યયન | ૧૪૭ થી ૩૨૪ |
| ૫) | જૈન ગ્રંથો અને જૈનેત્તર ગ્રંથોમાં સમ્યગ્દર્શન જેવી ભૂમિકાઓ અને જૈન અન્ય કૃતિઓ સાથે તુલના | ૩૨૫ થી ૩૮૫ |
| ૬) | ઉપસંહાર | ૩૮૬ થી ૩૯૮ |
| | પરિશિષ્ટ (૧ થી ૮) | ૩૯૯ થી ૪૩૯ |
| | સમકિતસાર રાસમાં આવતી દેશીઓની નોંધ | ૪૪૦ થી ૪૪૨ |
| | સમકિતસાર રાસમાં આવતા કઠીન શબ્દોની સૂચિ | ૪૪૩ થી ૪૫૦ |
| | સંદર્ભ પુસ્તક સૂચિ | ૪૫૧ થી ૪૫૮ |
| | સમકિતસાર રાસની મૂળ પ્રત | ૪૫૯ થી ૫૦૨ |

# પ્રકરણ - ૧
## મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને વિક્રમના સત્તરમા શતકનું ગુજરાતી સાહિત્ય

[૧] शब्दार्थौ सहितौ काव्यम् । भामह ।।

શબ્દ અને અર્થ સહિતની રચના તે કાવ્ય છે. શબ્દ અને અર્થનું સાયુજ્ય તેમજ રસ અને ભાવનાનું સહિતત્વ તે જ સાહિત્ય છે. પ્રત્યેક યુગમાં સાહિત્યકારો માનવ ભાવનાની અભિવ્યક્તિ પોતાની કૃતિઓનાં સર્જન દ્વારા કરતા આવ્યા છે. સર્જક પોતાના ભાવોને વાણી દ્વારા વ્યક્ત કરે છે. એ વાણી જ્યારે પરમ તત્ત્વને અનુલક્ષીને કરે છે ત્યારે ધાર્મિક અર્થાત્ સાત્ત્વિક , તાત્ત્વિક અને સત્ સાહિત્યનું સર્જન થાય છે. આ સર્જન સમાજમાં સંસ્કારોનું સિંચન કરે છે તેમજ લોકોત્તર આનંદની અનુભૂતિ કરાવે છે.

જૈન સાહિત્યના સર્જનના ભવ્ય ભૂતકાળને ઐતિહાસિક દ્રષ્ટિએ ત્રણ વિભાગોમાં વિભક્ત કરી શકાય. (૧) પ્રાચીન યુગ (ઈ.સ. દસમી શતાબ્દી પૂર્વેનો કાળ-પ્રાકૃત અને સંસ્કૃતનો યુગ). (૨) મધ્યકાલીન યુગ (ઈ.સ. અગિયારમી શતાબ્દીથી સત્તરમી શતાબ્દી સુધીનો કાળ-અપભ્રંશ અને ગુજરાતી ભાષાનો યુગ). (૩) અર્વાચીન યુગ (ઈ.સ. અઢારમી શતાબ્દી પછીનો કાળ-અર્વાચીન ભારતીય ભાષાઓનો યુગ).

ભગવાન મહાવીરના નિર્વાણ વિક્રમ સંવત પૂર્વે ૪૭૦ થી પ્રારંભ કરીને ૧૦૦૦વર્ષનો 'આગમ યુગ' છે[૨]. આ યુગમાં પ્રાકૃત અને પ્રાકૃત મિશ્રિત સંસ્કૃત ભાષામાં સાહિત્ય સર્જન થયું. સંસ્કૃત ભાષાનો પ્રભાવ વિદ્વજ્જનો પર રહ્યો. કવિઓએ રાજ સભામાં વાદ વિવાદ માટે પણ સંસ્કૃત સાહિત્યનું સર્જન કર્યું. ઈ.સ. ની નવમી શતાબ્દી પછી પ્રાકૃતના એક રૂપાંતર રૂપે અપભ્રંશ ભાષાનું લોક ભાષામાં સ્થાન મેળવવાનું શરૂ થયું.

વિક્રમની બારમી શતાબ્દીમાં સોલંકી નરેશ સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી તેમના વિદ્યાગુરુ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'સિદ્ધ હૈમ' વ્યાકરણની રચના કરી. તેના અંતિમ અધ્યાયમાં ટાંકેલા અપભ્રંશ દુહામાં ગુજરાતી ભાષાના અંકુરોનાં આપણને સૌ પ્રથમવાર દર્શન થાય છે. આ પ્રમાણે ગુજરાતી સાહિત્યનો પ્રારંભ જૈન સર્જક હેમચંદ્રાચાર્ય દ્વારા થયો.

સોલંકી નરેશ સિદ્ધરાજ જયસિંહ અને પરમાર્હત રાજા કુમારપાળના રાજ્યમાં રહી હેમચંદ્રાચાર્યે વિપુલ અને સત્ત્વશાળી સાહિત્ય સર્જન કર્યું. લગભગ સાડા ત્રણ કરોડ સંસ્કૃત અને પ્રાકૃત શ્લોકોની રચના કરી મધ્યકાલીન જૈન સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું. સંસ્કૃત વિશારદ હેમચંદ્રાચાર્ય અને તેમના પછી થનારા જૈન કવિઓની સાહિત્યિક પ્રવૃત્તિથી ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ.

બારમા શતકથી ચૌદમા શતક સુધીમાં ગુજરાતના ઈતિહાસમાં અનેક આરોહ અને અવરોહ આવ્યા.

આચાર્ય હેમચંદ્રના અવસાન (સં.૧૨૨૯) પછી એક દાયકામાંજ ગુજરાતી સાહિત્યમાં 'ઘોર' અને 'રાસ' જેવા મહત્ત્વના કાવ્ય પ્રકારો આલેખાયાં. જૈન શ્રમણોએ સંખ્યાબંધ રાસાઓ આલેખ્યાં. તેમાંથી સૌથી

પ્રાચીન ઉપલબ્ધ રાસકૃતિ વજ્રસેનસૂરિ કૃત 'ભરત-બાહુબલિ ઘોર' (સં.૧૨૪૧) છે. બીજી ઉપલબ્ધ રાસકૃતિ ધર્મસૂરિ કૃત 'જંબુસામિ ચરિયં'(સં. ૧૨૬૬) તેમજ વિજયસેનસૂરિ કૃત 'રેવંતગિરિ રાસુ' (સં. ૧૨૮૭), અજ્ઞાત કવિ કૃત 'સપ્તક્ષેત્રિરાસુ' (સં. ૧૩૨૭) નોંધપાત્ર રાસ છે. આ શતકની ગુજરાતી સાહિત્ય સર્જનની પ્રવૃતિ અલ્પ હોવા છતાં ગુજરાતી ભાષાના વિકાસ માટે મહત્ત્વની છે. ગુજરાતી સાહિત્યનો પ્રારંભ વિક્રમના તેરમા શતકમાં જૈન ગુજરાતી કવિ વજ્રસેનસૂરિ તથા જૈન ગૃહસ્થ કવિ નેમિચંદ ભંડારી કૃત 'જિનવલ્લભસૂરિ ગીત'(વિ.સં. ૧૨૪૫)થી થયો. તે આ શતકની નોંધપાત્ર બાબત છે.

વિક્રમના તેરમા શતકમાં ૧૪ રાસકૃતિઓ મળી છે[૩]. તેમાંથી ત્રણજ કેવળ હસ્તપ્રતરૂપે છે. બાકીની ૧૧ મુદ્રિત - પ્રકાશિત છે. આ શતકની સૌથી નાની કૃતિ 'વીરતિલક ચોપાઈ' (કડી-૧૨) છે. આ શતકની રાસ રચનાઓનો મુખ્ય વિષય કથાત્મક પ્રકારનો છે. 'જીવદયા રાસ' અને 'બુદ્ધિ રાસ' એ બોધાત્મક પ્રકારના છે. સંપ્રદાયાત્મક પ્રકારમાં તીર્થ મહિમા આલેખતા ' રેવંતગિરિ રાસ' અને 'આબૂ રાસ' છે. આ શતકના રાસની ભાષા પ્રારંભકાળની ગુજરાતી ભાષા છે. તેમાં ઉત્તરકાલીન અપભ્રંશના અંશો જોવા મળે છે. આ શતકની 'ભરતેશ્વર બાહુબલિ રાસ' પર એકથી વધારે વિદ્વાનોએ સંશોધનાત્મક વિવેચનો લખ્યાં છે. રાસ સ્વરૂપ વિશેની ઐતિહાસિક માહિતી આપતો 'રેવંતગિરિરાસ' આ શતકની નોંધપાત્ર કૃતિ છે.

ગુજરાતમાં તુર્કો અને મુસલમાનોનો પગપસારો થઈ ગયો હતો. તેથી ભારતીય સંસ્કૃતિને બચાવવાનો તેમજ જન માનસને જાગૃત કરવાનું કાર્ય જૈનસાધુ કવિઓએ નાયક બની ઉપાડી લીધું. તેમણે પૂર્વજોના સંસ્કારો અને આધ્યાત્મિક વિચારો જનતા સમક્ષ મૂકવા લોકભાષાનું માધ્યમ સ્વીકાર્યું. હિંદુ અને મુસ્લિમ સંસ્કૃતિના મિલનથી નવી ભાષા ઉદ્‌ભવી. અરબી અને ફારસી શબ્દો ગુજરાતી ભાષામાં ભળ્યા; જેનું પ્રતિબિંબ 'રણમલ્લ છંદ' તેમજ 'કાન્હડદે પ્રબંધ' જેવી કૃતિઓમાં જોવા મળે છે. ચૌદમા શતકમાં પ્રાકૃત અને સંસ્કૃત ગ્રંથોને લોકભાષામાં ઉતારવા બાલાવબોધ રચાયાં. જૈન ગ્રંથકારોએ લોકોમાં વીરતા, પરાક્રમ અને દેશ ભક્તિ વધારવા મહાપુરુષોનાં શૌર્ય દર્શાવતા ચરિત્ર ચિત્રણ આલેખ્યાં. તેમણે કથાવસ્તુ તરીકે રાજા ભોજ, રાજા કુમારપાળ, વસ્તુપાળ - તેજપાળ અને જગડૂશા જેવા ઐતિહાસિક ચરિત્રો પસંદ કર્યા. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને ધર્માભિમુખ કરવાનો હતો તેમજ આર્ય દેશની આર્ય સંસ્કૃતિ સુરક્ષિત રાખવાનો હતો. ચૌદમા શતકના જિનચંદ્રસૂરિ, જિનકુશલસૂરિ, જિનપદ્મસૂરિ વિશેની રાસકૃતિઓ ઐતિહાસિક માહિતી આપે છે.

વિવિધ ગ્રંથ ભંડારોની ઉપલબ્ધ હસ્તપ્રતો અનુસાર વિક્રમના ચૌદમા શતકમાં ૨૩ રાસકૃતિઓ રચાઈ છે. જેમાંથી ૧૪ પ્રકાશિત છે. આ ઉપરાંત કર્તાના નામ પ્રાપ્ય નથી તેવી પણ રાસકૃતિઓ રચાઈ છે, જેવી કે 'બારવ્રત ચોપાઈ'- ગા-૪૩, 'અનાથી મુનિ ચોપાઈ'- ગા-૬૩, 'અંતરંગ રાસ'- કડી-૬૭, 'ચતુર્વિશતિ જિન ચતુષ્પદિકા' - ગા-૨૭, 'કર્મગતિ ચોપાઈ' અને 'રત્નશેખર ચતુ:પર્વીરાસ'[૪].

'હંસાઉલી' (લગભગ સં. ૧૩૭૦) અને 'ભવાઈના ૩૬૦વેશ'ના રચયિતા અસાઈત તથા વીરરસની સુંદર કૃતિ 'રણમલ્લ છંદ' (લગભગ સં. ૧૩૯૮), 'સપ્તશતી' અને 'ભાગવત દશમ સ્કંધ' ના કર્તા શ્રીધર વ્યાસ આ બે જૈનેત્તર કવિઓ પણ ચૌદમા શતકમાં જોવા મળે છે. ગુજરાતી લોકકથાનો પ્રારંભ પણ

ચૌદમા શતકથી થયો. તેનો પ્રવાહ જૈન અને જૈનેત્તર કવિઓ દ્વારા શામળ ભટ્ટ સુધી અખંડપણે પ્રવાહિત રહ્યો. ગુજરાતી ભાષાએ હવે વેગ પકડ્યો. મધ્યકાળના જૈન શ્રમણોએ ગુજરાતી ભાષાને ગતિમાન કરી. બારમા શતકમાં શરૂ થયેલો કાવ્ય પ્રકાર 'રાસ' ઉત્તરોત્તર વધુ વિસ્તૃત રૂપ ધારણ કરે છે.

પંદરમા શતકમાં ઐતિહાસિક વ્યક્તિઓ, તીર્થંકરો, શ્રેષ્ઠીઓના કથાનકોની સાથે જૈન કવિઓએ ટૂંકા કાવ્યો પણ રચ્યાં છે. જેમાં કેટલાંક સ્તવનો અને સ્તુતિરૂપે છે. 'નેમિનાથ ફાગુ' (સં. ૧૪૦૫), 'હંસરાજ વચ્છરાજ રાસ' (સં. ૧૪૧૧), 'ગૌતમસ્વામી રાસ' (સં.૧૪૧૨), 'મયણરેહા રાસ' (સં. ૧૪૧૭), 'ધન્ના શાલિભદ્ર રાસ' (સં. ૧૪૫૫) જેવાં કાવ્યો રચ્યાં.

વિક્રમના પંદરમાં શતકમાં ઉપલબ્ધ કુલ ૪૧ રાસમાંથી ૧૩ રાસકૃતિઓ પ્રકાશિત છે[૫]. આ શતકમાં ધીમે ધીમે રાસ કૃતિઓનો કદ વિસ્તાર પામે છે. સંપ્રદાયાત્મક અને બોધાત્મક એવી કેટલીક રાસકૃતિઓ સાહિત્યમાં અનોખો રંગ લાવે છે. તેમજ 'શુકન ચોપાઇ' 'જ્ઞાન પંચમી ચોપાઈ' (સં.૧૪૨૩), 'બારવ્રત', 'દેવદ્રવ્ય પરિહાર' અને 'ગુણસ્થાનક' વિષેના રાસ નવીનતા અર્પે છે.

મધ્યકાળમાં ઈસ્લામ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્કથી જૂની પરંપરાનો નાશ થયો. તેથી સાત્વિક ગુણોનું સિંચન કરવા ભક્તિ આંદોલનનો પ્રાદુર્ભાવ થયો. દેશમાં ભક્તિનું મોજું ફરી વળ્યું તેથી ભક્તિ સાહિત્યનો ઉદ્દ્ભવ થતાં ભારતીય ભાષાઓ ખીલી ઉઠી. તેથી તત્ત્વજ્ઞાનમય અભંગો, દાસબોધ જેવા તાત્ત્વિક ઉપદેશો ભાષામાં આવ્યા.

નરસિંહ મહેતા (આસરે ઈ.સ. ૧૪૧૪ થી ૧૪૮૦) એ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ ખેડ્યો. નરસિંહ મહેતાએ વિપુલ પ્રમાણમાં ભક્તિબોધ અને જ્ઞાનનાં પદો આપ્યાં. તેમણે આ પદોમાં નવી દેશીઓનો ઉપયોગ કરી વિવિધતા સાધી છે. 'વસંતના પદો'એ નરસિંહ મહેતાનું ફાગુ કાવ્ય છે. ગોપીઓ અને કૃષ્ણનો વસંતવિહાર તે જીવનો પરમાત્મા સાથેનો યોગ છે.

પંદરમા શતકમાં ભક્તિમાર્ગી કવિતાની પ્રબળતાના કારણે તે યુગ 'ભક્તિયુગ' કહેવાય છે તેમજ નરસિંહ મહેતા જેવા ભક્ત કવિથી પવિત્ર થવાના કારણે આ યુગ 'નરસિંહયુગ' પણ કહેવાય છે[૬].

નરસિંહ મહેતાનો અનુગામી વિદ્વાન કવિ ભાલણ[૭] (કવનકાળ ઈ.સ. ૧૫૦૦ થી ૧૫૫૦) શ્રેષ્ઠ આખ્યાનકાર હોવાથી 'આખ્યાનના પિતા' તરીકે વિખ્યાત છે. તેણે 'સપ્તશતી', 'મૃગી આખ્યાન', 'નળાખ્યાન', 'દુર્વાસાખ્યાન', 'કૃષ્ણવિષ્ટિ', 'રામવિવાહ', 'ધ્રુવાખ્યાન', 'દશમ સ્કંધ', 'જાલંધર આખ્યાન' જેવી કૃતિઓ રચી છે. કડવાબદ્ધ આખ્યાન પદ્ધતિનો પ્રથમ પ્રયોગકાર કવિ ભાલણ છે. ત્યાર પછી કવિ નાકર, વિષ્ણુદાસ, પ્રેમાનંદે પણ તેનું અનુસરણ કર્યું છે.

ભક્તિયુગની પરંપરાને અખંડિત રાખનાર કૃષ્ણભક્ત, કવિ વૃન્દોમાં પ્રખર કીર્તિ ધરાવતા સોળમી સદીના ભક્ત કવિયત્રી મીરાબાઈ(આસરે ઈ.સ.૧૪૯૯ થી ઈ.સ.૧૫૪૭) નોંધપાત્ર છે[૮]. તેમના આવવાથી ગુજરાતી સાહિત્યમાં ઉર્મિકાવ્યોનું સર્જન થયું. સાહિત્યમાં રસિકતા આવી. નરસિંહ મહેતાની જેમ મીરાંબાઈના પદો આત્મચરિત્રાત્મક છે. 'રાણાજી હું તો ગિરધરને મન ભાવી' જેવી પંક્તિઓ ઈશ્વર પ્રત્યેની

એક નિષ્ઠા તથા સમગ્ર જીવનને ઈશ્વરના ચરણે સમર્પિત કરી ઈશ્વરમય બની જવાનો સંકેત કરે છે. એમના પદોમાં ભક્તિની મસ્તી તથા કૃષ્ણ વિરહની વેદના છે. મીરાંબાઈના પદો ભક્તજનોનાં કંઠમાં કંઠસ્થ થયાં છે. તેમના પદોમાં મધુરતા રસિકતા અને ગેયતા છે. મધ્યકાલીન સાહિત્યમાં ભક્તિનો ઉદ્ભવ નરસિંહ મહેતાથી થયો અને કવિ દયારામ સુધી અખંડ રહ્યો. પરમેશ્વરની અનન્ય ભાવે ભક્તિ, જ્ઞાતિભેદને સમાપ્ત કરવાની વૃત્તિ, સામાન્ય માનવીને પણ ધાર્મિક જીવન જીવવાની સ્વતંત્રતા આવા સિદ્ધાંતોને કારણે ભક્તિમાર્ગ સમાજમાં વધુ પ્રચલિત થયો.

મધ્યકાળમાં ભક્તિના બે પ્રકાર ઉદ્ભવ્યા. સગુણ ભક્તિ અને નિર્ગુણ ભક્તિ. સગુણ ભક્તિ રામાશ્રયી અને કૃષ્ણાશ્રયી હતી. રામાશ્રયી ભક્તિમાં ભાલણ, પ્રેમાનંદ, ગિરધર જેવા કવિઓનો સમાવેશ થાય છે જ્યારે કૃષ્ણાશ્રયી ભક્તિમાં નરસિંહ મહેતા, મીરાંબાઈ તથા દયારામ જેવા કવિઓ આવી શકે. નિર્ગુણ ભક્તિના પ્રમુખ ઉદ્ગારો નરસિંહ મહેતાના પ્રભાતિયામાં જોવા મળે છે. તેમની પરંપરાને અનુસરનારા માંડણ બંધારો તથા ભીમ જેવા કવિઓ છે.

ભાલણનો સમકાલીન કવિ નાકર સોળમી સદીનો પ્રમુખ આખ્યાનકાર છે. તેમણે પુરાણની કથાઓમાં સુધારા વધારા કરી સાહિત્યમાં રસિકતા લાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે 'હરિશ્ચન્દ્રાખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન', 'ધ્રુવાખ્યાન', 'નળાખ્યાન', 'ઓખાહરણ', 'લવકુશાખ્યાન', 'શિવવિવાહ' જેવી કૃતિઓ રચી. સોળમા શતકમાં શ્રાવક કવિ દેપાલ, જે નરસિંહ મહેતાનો સમકાલીન છે. તેણે 'જાવડ ભાવડ નો રાસ' 'રોહિણેય ચોરનો રાસ', 'ચંદનબાળાની ચોપાઈ', 'શ્રેણિક રાસ', 'જંબુ સ્વામી પંચભવ વર્ણન', 'સમ્યક્ત્વ બાર વ્રત કુલક ચોપાઈ' જેવી કૃતિઓ રચી. તેમજ 'સ્થૂલિભદ્ર ફાગ', 'સ્થૂલિભદ્ર કક્કાવાળી', 'થાવચ્ચાકુમાર' રાસ જેવી નાની કૃતિઓ પણ રચી.

સોળમા શતકમાં રચાયેલા વર્તમાને ઉપલબ્ધ કુલ ૨૧૦ રાસ છે[૯]. તેમાંથી લગભગ ૨૮ જેટલા રાસ જ પ્રકાશિત છે, આ શતકમાં પાર્શ્વચંદ્રસૂરિ કૃત 'ગૌત્તમ સ્વામી લઘુરાસ' (૧૨ કડી) તથા 'ફલવર્ધી પાર્શ્વનાથ રાસ' (૨૫ કડી) કે 'દયાધર્મ' જેવી લઘુ કૃતિઓ રચાઈ છે. બીજી તરફ જ્ઞાનચંદ્ર કૃત 'સિંહાસન બત્રીસી' (કડી-૧૦૩૪), સમરચંદ્રસૂરિના શિષ્યકૃત 'શ્રેણિક રાસ'(૧૨૩૨ કડી) તથા વચ્છકૃત 'જીવભવસ્થિતિ રાસ' (૧૮૫૭ કે ૨૨૨૪ કડી) જેવી દીર્ઘ કૃતિઓ પણ મળે છે. જૈન કવિઓએ કાવ્યનું સર્જન એક તરફ પોતાના સ્વકલ્યાણ માટે કર્યું તો બીજી તરફ લાગણીશીલ કોમળ હૃદયની જનતા સુધી જૈન ધર્મનો ઉપદેશ પહોંચાડવા ચરિત્રાત્મક કથાઓ આલેખી છે.

જૈન ધાર્મિક અનુષ્ઠાનોની વિધિમાટે તેમજ સ્વાધ્યાય માટે સજ્ઝાય નામની ગેય રચનાઓ રચાઈ. તેનો મુખ્ય ઉદ્દેશ્ય પાપનું પ્રક્ષાલન કરી આત્મિક શુદ્ધિ કરવાનો હતો. તે ઉપરાંત અઢાર પાપસ્થાનક, ક્રોધ-માન-માયા-લોભ, નવતત્ત્વ, બારવ્રત, અષ્ટકર્મ, જેવી તાત્ત્વિક વિષયોપર સજ્ઝાયો લખાઈ. તેમજ કેટલીક સજ્ઝાયો ઐતિહાસિક મહાન પુરુષો અને સ્ત્રીઓને અનુસરીને લખાઈ જેમકે પાંચ પાંડવની સજ્ઝાય, સોળ સતીની સજ્ઝાય, ખંધક સૂરિની સજ્ઝાય આદિ, જેમાં જૈન શ્રમણોએ કથાનકનું સંક્ષેપમાં વર્ણન કરી પ્રજામાં

સાત્વિકતાનું નિરૂપણ કરી અશુભ સંસાર પ્રત્યે નિર્વેદની ભાવના જન્માવી છે.

જેમ સ્તુતિ માટે સ્તવનો, સ્વાધ્યાય માટે સજઝાયો રચાઈ તેમ પ્રભાતમાં ઉઠી ગાવા માટે પ્રભાતિયાં અથવા છંદની રચના થઈ. તે ઉપરાંત પૂજા નામનો કાવ્ય પ્રકાર પણ ઉદ્‌ભવ્યો. તીર્થંકર પરમાત્માની પ્રતિમાનું વિધિપૂર્વક પ્રક્ષાલન કરી પૂજા કરવા માટે સ્નાત્રપૂજા નામની કૃતિઓ રચાઈ. સોળમા શતકમાં વલ્લભ સંપ્રદાયનો ઉદ્‌ભવ થતાં ભક્તિની અસરથી વિશિષ્ટ કોટિનું સાહિત્ય નિર્માણ થયું. સાધુકિર્તીએ સં. ૧૬૧૮ માં તેમજ સકલચંદ્રે તે જ સમયે 'સત્તરભેદી પૂજા' રચી. એ પહેલાં કવિ દેપાલે સોળમા શતકમાં સ્નાત્રપૂજા રચી. તેમજ વચ્છ ભંડારી કૃત 'પાર્શ્વનાથ કળશ', રત્નાકર સૂરિકૃત 'આદિનાથ જન્માભિષેક કળશ' નામની કૃતિઓ રચાઈ. અઢારમા શતકમાં કવિ યશોવિજયજી કૃત 'નવપદપૂજા' રચાઈ છે.

સોળમા શતકમાં પદ્યવાર્તાનો વિકાસ થયો. જૈન અને જૈનેત્તર કવિઓએ રસિક પદ્યવાર્તાઓનું આલેખન કર્યું. સિંહકુશલની 'નંદબત્રીશી ચોપાઈ', વિનયસમુદ્રની 'આરામ શોભા' વાર્તા, મતિસાર કૃત 'કર્પૂર મંજરી', કુશળલાભ રચિત 'માધવાનલ કામકંદલા રાસ', 'મારુ ઢોલા ચોપાઈ', સિદ્ધસૂરિ અને હીરકલશની 'સિંહાસનબત્રીશી', હેમાણંદની 'વૈતાલપંચવિંશતિ રાસ'ની કથાઓ, રત્નસુંદર અને વચ્છરાજની 'પંચતંત્ર કથાઓ', રત્નસુંદર કૃત 'શુક બહોતેરી' આદિ કથાઓ રચાઈ.

જૈનેત્તર કવિઓએ પણ રસિક પ્રણયકથાઓ આલેખી. નરપતિની 'પંચદંડની વાર્તા' વીરરસ અને અદ્‌ભુત રસના નિરૂપણવાળી કૃતિ છે. કવિ ગણપતિ કૃત 'માધવાનલ કામકંદલા પ્રબંધ' (સં. ૧૮૫૪) જે પ્રણય કથામાં શ્રેષ્ઠ છે. જ્ઞાનાચાર્યે 'બિલ્હણ પંચાશિકા' તથા 'શશિકલા પંચાશિકા' જેવી પ્રેમકથાઓ રચી. અજ્ઞાત કૃત 'પ્રેમાવતી' તથા મધુસૂદન વ્યાસ રચિત 'હંસાવતી વિક્રમકુમાર ચરિત્ર' એ રસિક પ્રણય કથાઓ છે.

રાસ નામથી પદ્યવાર્તાઓનું આલેખન કરનાર કવિ નયસુંદરની 'રૂપચંદકુંવર રાસ' રસિક પ્રણય કથા છે. જૈન સાધુ મેઘરાજે (ઈ.સ. ૧૬૦૮) 'નલદમયંતી રાસ' રચ્યો તેમ કવિ નયસુંદરે પણ ઈ.સ. ૧૬૦૯માં 'નલદમયંતી રાસ' રચ્યો. જેમાં રામાયણ અને મહાભારતમાંથી કથાવસ્તુઓ લઈ કાવ્ય સર્જન થયું છે.

સોળમા શતકમાં સંવાદાત્મક શૈલીમાં પણ સાહિત્ય ઉપલબ્ધ થયું છે. કવિ લાવણ્યસમય કૃત 'રાવણ મંદોદરી સંવાદ' (ઈ.સ. ૧૫૦૬), 'કરસંવાદ' (ઈ.સ. ૧૫૧૯) અને શ્રીધર કૃત 'રાવણ મંદોદરી સંવાદ' (ઈ.સ. ૧૫૦૯) જેવી રચનાઓ સંવાદાત્મક કૃતિઓ છે.

સોળમા શતકમાં 'પાંડવગીતા', 'વિષ્ણુસહસ્ર નામ', 'ગીત ગોવિંદ', 'વેતાળ પચીસી' ગદ્યમાં અને 'સિંહાસન બત્રીશી' ગદ્ય-પદ્યમાં આલેખાઈ. આ શતકમાં ગદ્યમાં નોંધપાત્ર પ્રગતિ થઈ.

વિક્રમનું સત્તરમું શતક જૈનધર્મના અભ્યુદય માટે સુવર્ણકાળ મનાય છે. બાબર, હુમાયુ, અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ આ છ પેઢી સુધી (સં. ૧૬૧૨ થી સં. ૧૭૧૪) મોગલ બાદશાહોની સત્તા ચાલી હતી. તેમાં પણ અકબર, જહાંગીર અને શાહજહાં પ્રમાણમાં શાંતિપ્રિય હતા. તપાગચ્છના નાયક હીરવિજયસૂરિ તથા તેમના શિષ્યવૃંદે જૈનધર્મનો ઉદ્યોત કરવા મહાન નરેશોને પ્રતિબોધ્યા. મોગલ બાદશાહ

અકબરે તેમના જ્ઞાન અને સંયમથી પ્રભાવિત બની જૈનધર્મમાંથી પ્રાણી વધ ત્યાગ, પુર્નજન્મ પર વિશ્વાસ, માંસાહાર ત્યાગ અને કર્મસિદ્ધાંત જેવી વસ્તુઓ અપનાવી. જૈન શ્રમણોએ જૈન ધર્મ પ્રભાવનાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું. તેમણે વિવિધ સ્થળોએ વિહાર કરી ધર્મ પ્રચાર અને પ્રસાર કર્યો. મોગલ સમ્રાટોના શાસનકાળમાં આદર મેળવી જૈન ધર્મ કંઈક અંશે રાજ ધર્મ બની શક્યો.

સત્તરમા શતકમાં સાહિત્યના ક્ષેત્રે ખૂબ પ્રગતિ થઈ. તેનો યશ જૈન શ્રમણોને અને શ્રાવક કવિઓને ફાળે જાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કેટલાંક કુશળ અને વિદ્વાન કવિઓ થયાં. આ શતકમાં કવિ કુશળ લાભ (કવનકાળ સં. ૧૬૧૭ થી ૧૬૨૪), સોમવિમલસૂરિ (કવનકાળ સં. ૧૬૧૫ થી ૧૬૩૩), કવિ નયસુંદર (કવનકાળ સં. ૧૬૩૨ થી ૧૬૬૯), કવિ સમયસુંદર (સં. ૧૬૫૮ થી ૧૭૦૦) તથા કવિ ઋષભદાસ (કવનકાળ સં. ૧૬૬૨ થી ૧૬૮૭) આ પાંચ કવિઓ સત્તરમા શતકમાં અગ્રગણ્ય છે. તેમના વિપુલ સાહિત્ય સર્જનથી મધ્યકાળનું ગુજરાતી જૈન સાહિત્ય વધુ પાંગર્યું. તેમની રાસકૃતિઓ વડે આ શતક શોભી ઉઠે છે.

સત્તરમા શતકમાં સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથોના અનુવાદ રૂપે બાલાવબોધ રચાયાં તેમજ આગમ ગ્રંથો પર પણ બાલવબોધ રચાયાં.

જૈન સાધુ કવિઓએ ધર્મલાભ માટે, આશ્રયદાતાના અનુરોધથી, રાજનીતિજ્ઞ પુરુષોના મનોરંજન માટે તથા વાર્તાના રસ દ્વારા શૃંગાર અને પ્રેમની ભૂમિકા ઉભી કરી મનુષ્યને વિલાસમાંથી પાછા વાળવા અને જીવનનું મૂલ્ય દર્શાવવા લોકકથાઓનું સાહિત્યમાં નિરૂપણ કર્યું. જૈન ધર્મમાં ત્યાગ અને વૈરાગ્યની પ્રધાનતા છે. જૈન વિદ્વાનોએ શુષ્ક ઉપદેશોને રસિક બનાવતા તથા શ્રાવકવર્ગની રુચિને ધ્યાનમાં રાખી શૃંગાર કથાઓ રચી. કવિ કુશળલાભની 'માધવાનલ કથા' ઉત્તમ કોટિની શૃંગાર સભર કૃતિ છે. અસાઈત, ભીમ, નરપતિ, મધુસુદન, મતિસાર, માધવ, વચ્છરાજ, શિવદાસ, શામળ અને વીરજી જેવા જૈનેત્તર વાર્તાકારોએ વાર્તા લખી, લોકોના જીવનમાં નિરસતાના સ્થાને રસિકતા અર્પી છે તેવી જ રીતે જૈન કવિ જયવંતસૂરિએ 'સ્થૂલભદ્ર પ્રેમ વિલાસ ફાગ' અને માલદેવ મુનિએ 'સ્થૂલભદ્ર ફાગ'ની રચના કરી. આ વિદ્વાનોએ પ્રેમાખ્યાન કાવ્ય રચ્યું હોય કે ચરિત્રાત્મક સર્વમાં ધાર્મિક ભાવનાનું પ્રદર્શન અવશ્ય કર્યું છે. આ નિઃસ્પૃહી સંતોએ નિઃસ્વાર્થ ભાવે લોકોને જાગૃત કરવા કથાઓ અને ઉપકથાઓનું રસિકતાથી નિરુપણ કર્યું છે.

સત્તરમા શતકમાં પદ્યમાં પોતાના ગુરુ, ઐતિહાસિક પ્રભાવક પુરુષ, તીર્થ આદિનો ઈતિહાસ દર્શાવતી સંક્ષિપ્ત અને વિસ્તૃત કૃતિઓ ઉપલબ્ધ થઈ છે. અજ્ઞાત કૃત 'માલવી ઋષિની સજઝાય' (સં. ૧૬૧૬), 'શત્રુંજય ઉદ્ધાર રાસ'(સં. ૧૬૩૮), કવિ હીરકલશ કૃત 'કુમારપાળ રાસ' (સં.૧૬૧૬), શ્રાવક કવિ ઋષભદાસ કૃત 'હીરવિજયસૂરિ રાસ'(સં. ૧૬૮૫), ધર્મકીર્તિ કૃત 'જિનસાગરસૂરિ રાસ' (સં.૧૬૮૧), ધર્મસિંહ કૃત 'શિવજી આચાર્ય રાસ' (સં.૧૬૯૨) જેવી કૃતિઓ રચાઈ. જૈન શ્રમણોએ જૈન ધર્મના અટપટા સિદ્ધાંતોને પ્રાયઃ પોતાની કાવ્ય કૃતિનો વિષય ન બનાવતાં દાન, શીલ, તપ, પૂજા અને મહાપુરુષોનાં ચરિત્ર જેવાં વિષયોને કાવ્યમાં સ્થાન આપ્યું.

આ શતકમાં સ્તુતિ કાવ્ય તરીકે 'ચોવીસી' અને 'વીસી' કાવ્યો પૂર્વ શતક કરતાં પ્રમાણમાં વધુ

આલેખાયાં છે. તેમજ કડીઓની સંખ્યા, કર્તા, નાયક પરથી વિષયના નામ અનુસારની કૃતિઓ પણ ઉપલબ્ધ છે. જેમ કે 'બાલચંદ છત્રીશી', 'દુર્જન શાલ બાવની', 'અધ્યાત્મક બાવની', 'પ્રીતિ છત્રીશી', 'ક્ષમા છત્રીશી', 'સંવાદ શતક' જેવી કૃતિઓ રચાઈ.

પરંપરાગત આલેખનથી કંઈક જુદી પરંતુ વિશિષ્ટ અને અનોખી ભાત પાડતી કૃતિઓમાં મૂર્ખની વાતો કહેતી 'ભરડક બત્રીશી', હાસ્ય કથા કહેતી 'વિનોદ ચોત્રીશી', ઉંદરના ત્રાસને વર્ણવતી 'ઉંદર ત્રાસ', જૈનેત્તર કવિની હોય એવી 'કુકડા-માર્જારી રાસ', નર્બુદાચાર્ય કૃત કામશાસ્ત્ર નિરૂપણ કરતી 'કોક્કલા ચોપાઈ', લક્ષ્મીકુશલની વૈદક વિષેની 'વૈદકસાર રત્નપ્રકાશ ચોપાઈ', 'હોલિકા ચોપાઈ', 'શ્રાદ્ધ વિધિ રાસ', 'શુકન દીપિકા ચોપાઈ', 'શ્રાવણ દ્વાદશીરાસ' તથા 'પવનાભ્યાસ ચોપાઈ' જેવી કૃતિઓ પણ આલેખાઈ છે.

પૂર્વના ચારે શતકોની મળીને ગણતરી કરીએ તો પણ સત્તરમા શતકની રાસ સંખ્યા તેથી વધુ છે. વિક્રમના સત્તરમા શતકમાં ઉપલબ્ધ રાસકૃતિ અનુસાર આસરે ૪૨૬ ઉપરાંત રાસકૃતિઓ રચાઈ છે. જેમાં ૭૫ પ્રકાશિત છે[૧૦]. તેમાંથી ૧૦૦૦ કડીથી વધુ કડી હોય તેવી રાસકૃતિની સંખ્યા ૨૪ છે. બે હજારથી વધુ કડીવાળી ૮ અને ત્રણ હજારથી વધુ કડી વાળી ૩ અને ૪૬૯૯ કડીની એક એમ ૩૬ કૃતિઓ તો દીર્ઘકૃતિઓ તરીકે નોંધાયેલી છે. ૪૬૯૯ કડીના કુમારપાળ રાસ (સં. ૧૬૭૦) ના રચયિતા શ્રાવક કવિ ઋષભદાસે બીજી એકત્રીસ રાસકૃતિઓ આપી સહુથી વધુ રાસ રચનાર તરીકે સ્થાન મેળવ્યું છે.

સત્તરમા શતકે ગુજરાતને જૈન કવિઓની સાથે સાથે અખો અને પ્રેમાનંદ જેવા તેજસ્વી અને સમર્થ જૈનેત્તર કવિઓ પણ આપ્યા. અખો એ વેદાન્તી જ્ઞાનમાર્ગી કવિ છે. તેના કાવ્યોમાં તત્ત્વજ્ઞાનના ચમકારા જોવા મળે છે. પ્રેમાનંદ આખ્યાન શિરોમણી છે. અખાના કવનમાં જ્ઞાન અને નિર્ગુણ ભાવની પ્રધાનતા છે. અખાએ 'પંચીકરણ'(સં. ૧૭૦૧), 'ગુરુશિષ્ય સંવાદ' (સં. ૧૭૦૧), 'અખેગીતા' (સં. ૧૭૦૫) રચી. તે ઉપરાંત 'ચિત્ત વિચાર સંવાદ', 'કૈવલ્ય ગીતા', 'અખાજીનો કક્કો', 'સાતવાર અને મહિના', 'અખાજીના કુંડલિયા' 'સંતના લક્ષણ' (કૃષ્ણ ઉદ્ધવનો સંવાદ) તેમજ હિંદીમાં 'સંતપ્રિયા', 'બ્રહ્મલીલા', 'અખાજીના ઝૂલણા' જેવી ઘણી કૃતિઓ રચી. આ સર્વમાં બ્રહ્મ સત્ય, જગત મિથ્યાની મુખ્યતા છે.

સત્તરમા શતકમાં આખ્યાનકાર પ્રેમાનંદ(આસરે ઈ.સ. ૧૬૪૯ થી ઈ.સ. ૧૭૧૪) ના આગમનથી આખ્યાન સાહિત્ય વધુ વેગવાન બન્યું. મધ્યકાલીન સાહિત્યમાં વૈવિધ્ય, સમૃદ્ધિ અને સર્જકતામાં જૈનેત્તર કવિ પ્રેમાનંદ મોખરે રહ્યાં. તેમણે પચાસ ઉપરાંત કૃતિઓ આલેખી છે. એમાં 'દાણલીલા' અને 'ભ્રમર પચીશી' જેવી કૃતિઓ કૃષ્ણ વિષયક કાવ્યો છે. 'દ્વાદશમાસ' જેવા વિરહ કાવ્યો અને મોટાભાગની કૃતિઓ આખ્યાનો છે. તેમણે નરસિંહ મહેતાના જીવન પ્રસંગો પણ સ્તવ્યા છે તેમજ રામાયણ, મહાભારત, ભાગવત અને પુરાણોમાંથી કથાવસ્તુ લઈ આખ્યાનો રચ્યાં છે. તેમના પૌરાણિક આખ્યાનોમાં 'અભિમન્યુ આખ્યાન' (ઈ.સ. ૧૬૭૧), 'ચંદ્રહાસ્યાખ્યાન' (ઈ.સ. ૧૬૭૧) 'ઓખાહરણ' 'સુદામાચરિત્ર' (ઈ.સ. ૧૬૮૨), 'મામેરું' (ઈ.સ.૧૬૮૩), 'સુધન્વાખ્યાન' (ઈ.સ. ૧૬૮૪) 'રણયજ્ઞ' (ઈ.સ. ૧૬૮૫), 'નળાખ્યાન'

(ઈ.સ. ૧૬૮૫), 'હરિશચન્દ્રાખ્યાન' (ઈ.સ. ૧૬૯૨), 'મદાલસાખ્યાન' (ઈ.સ. ૧૭૦૯) છે.

કવિ પ્રેમાનંદ ઉત્તમ હાસ્યરસના કવિ છે. તેમણે ટીખળ, ઉપહાસ, કટાક્ષ, વ્યંગનો ઉપયોગ પોતાની કૃતિઓમાં કર્યો છે. 'રણયજ્ઞ'માં કુંભકર્ણને જગાડવાના પ્રયત્નો, 'મામેરું'માં નરસિંહ મહેતાની વહેલનું વર્ણન, કુંવરબાઈનાં વડસાસુએ લખાવેલી પહેરામણીની યાદી ઈત્યાદિ પ્રસંગોમાં પ્રેમાનંદ કુશળ હાસ્યકારની પ્રતિભાથી ચમકે છે.

સત્તરમું શતક સર્વ દેશી ભાષાઓનો ગૌરવનો કાળ છે. આ કાળમાં શ્રેષ્ઠ કવિઓ થયા. હિંદી ભાષાના મુખ્ય નાયક તુલસીદાસ (સં. ૧૬૩૧ થી સં. ૧૬૮૦) પણ આ યુગમાં થયા. તેમણે રામાયણ આદિ ગ્રંથો લખ્યા. 'કવિ પ્રિયા' અને 'રસિક પ્રિયાના' કર્તા કવિ કેશવદાસ(કવનકાળ સં. ૧૬૪૯ થી સં ૧૬૬૮) એક લોકપ્રિય કવિ હતા. આ ઉપરાંત અકબર બાદશાહના દરબારમાં કવિ ગંગ, બીરબલ, સેનાપતિ દાદૂ દયાલ, સુંદરદાસ, બનારસીદાસ જેવા હિન્દી કવિઓ થયા. તુલસીદાસે રામભક્તિની ધારા વહેવડાવી, જેની અસર જૈન કવિઓ પર પડી. નેમિનાથ-રાજુલ અને સ્થૂલિભદ્ર કોશાના વર્ણનમાં મર્યાદિત શૃંગાર વર્ણન સંસારથી વિરકત એવા જૈન શ્રમણોએ પોતાની કાવ્ય કૃતિઓમાં આલેખ્યાં છે.

મહારાષ્ટ્રમાં મરાઠી કવિ વિષ્ણુદાસ, મુક્તેશ્વર (સં.૧૬૫૬ થી ૧૭૦૬), સંત એકનાથ(સં. ૧૬૦૫ થી સં. ૧૬૫૬), તુકારામ (સં. ૧૬૩૪ કે ૧૬૬૪ થી ૧૭૦૮), સમર્થ રામદાસ (સં. ૧૬૬૫ થી ૧૭૩૮), આદિ કવિઓ થયા. આ સર્વ સંતો અને મહંતોના દિવ્ય પ્રભાવથી મધ્યકાલીન યુગ અને મધ્યકાલીન સાહિત્ય તેજોમય બન્યું છે. આ સાહિત્ય રચનામાં ધર્મને જ વધુ મહત્ત્વ અપાયું છે. મધ્યકાળનું જૈન સાહિત્ય પુરેપૂરું ધાર્મિક છે, તેમ જૈનેત્તર સાહિત્ય પણ બહુધા ધર્મમૂલક છે. જૈનેત્તર કવિઓમાં નરસિંહ મહેતા અને મીરાંબાઈ હરપળ પ્રભુમય હોવાથી તેમને સમાજે કવિ કરતાં 'ભક્ત' તરીકે વધુ બિરદાવ્યા છે. સ્વામીનારાયણ સંતો તેમજ રવિદાસ આદિ કબીરપંથી સંતો પણ ભક્તિમાં તરબોળ હતા. પ્રેમાનંદ, દયારામ જેવા કવિઓએ પણ ઈશ્વરના જ કાવ્યો રચ્યાં. અખો, નરહરિ અને પ્રીતમ આદિ વેદાન્તી કવિઓએ પણ ધર્મરસથી ભરપૂર ભજનો લલકાર્યાં છે.

શ્રી કે.કા. શાસ્ત્રીના શબ્દોમાં કહીએ તો આ 'બ્રાહ્મણો જેવા બહુશ્રુત નહિ તેવો જૈન સમાજ, તે સમાજના શિક્ષક બનેલા જૈન મુનિઓએ સરસ્વતીનું આરાધન તે સમયની સમાજની ભાષામાં કરવા માંડ્યું. સંસ્કૃત કાવ્યો ઉપરાંત રાસાઓ લખ્યાં. છંદો ઉપરાંત દેશીઓ ગાઈ. જૂની કથાઓને રાગ રાગણીવાળા ગેય રાસાઓમાં ઉતારી ભાવિક વણિકોને ચરિત્રશીલ અને જૈન મતના અનુરાગી રાખવા સતત પ્રયત્નો કર્યા. તેઓ સાહિત્ય સર્જન દ્વારા સમાજમાં ફેલાયેલી વિકૃતિને દૂર કરનારા પાઠકો, જોશીઓ, વૈદ્યો અને શિક્ષકો હતા'[૧૧].

મધ્યકાલીન સાહિત્યને વિરાટ સ્વરૂપ આપનાર રાસ સાહિત્યના સર્જકો જૈન મુનિઓ અને શ્રાવક કવિઓ સાહિત્ય, સંસ્કાર અને ધર્મના વારસાના રક્ષણની દ્રષ્ટિએ નોંધપાત્ર છે. હવે રાસ સાહિત્યનું સ્વરૂપ પ્રસ્તુત છે.

પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો અમૂલ્ય વારસો હસ્તલિખિત પ્રતોમાં આજે પણ પાટણ, થરાદ, જેસલમેર, અમદાવાદ, ખંભાત, પૂના અને લીંબડી જેવા જૈન ગ્રંથભંડારોમાં સંગ્રહાયેલો અને સચવાયેલો છે. આ હસ્ત લિખિત પ્રતોના પ્રકાશન પરથી સ્પષ્ટ થાય છે કે આપણી સાહિત્ય રાશિ કેટલી વિપુલ, સમૃદ્ધ અને વૈવિધ્યસભર છે. અત્યારે ઉપલબ્ધ પ્રકાશિત સાહિત્ય એ તો અપ્રકાશિત સાહિત્યની તુલનામાં એક નાનકડું ઝરણું છે. અપ્રકાશિત સાહિત્ય અપાર જલરાશિ સમાન વિપુલ પ્રમાણમાં છે. આ હસ્તપ્રતો દ્વારા ગુજરાતી ભાષાનો વિકાસક્રમ, મધ્યકાળના સાહિત્ય પ્રકારો, ત્યારની રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે.

મધ્યકાલીન યુગમાં જૈન કવિઓએ વિવિધ કાવ્ય પ્રકારો ખેડયાં. પ્રબંધ, રાસ, ફાગુ, વિવાહલો, પૂજા, સ્તવન, સજઝાય, ચૈત્ય વંદન, સ્તુતિ, આરતી, છંદ, બારમાસી જેવા કાવ્ય પ્રકારોનું વિશદ પ્રમાણમાં આલેખન થયું. [૧૨]નરસિંહ મહેતા પૂર્વેના સાહિત્યને 'પ્રાચીન ગુજરાતી' અથવા 'મારુ ગુર્જર' સાહિત્ય કહી શકાય. તે સમયે વિદેશીઓના આગમનથી ભારતીય સંસ્કૃતિને બચાવવાનું કાર્ય જૈન સાધુ કવિઓએ લોકભાષામાં સાહિત્ય રચનાઓ કરી ઉપાડી લીધું. આ સમયમાં અનેક નવ્ય ભારતીય ભાષાઓનો ઉદ્ભવ થયો.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો વિશાળ પટ ''રાસ'' નામના પ્રકારથી રોકાયેલો છે. તેથી શ્રી કે.કા શાસ્ત્રીએ આ યુગને 'રાસયુગ[૧૩]'નું નામ આપ્યું છે. આ રાસ અથવા રાસો સાહિત્ય સ્વરૂપ તરીકે અપભ્રંશમાંથી ઉદ્ભવ્યો છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો રાસ શબ્દનો ઉલ્લેખ 'હરિવંશ પુરાણ'(બીજી સદી)માં મળે છે. પુરાણ ગ્રંથોમાં જેવાં કે 'બ્રહ્મ પુરાણ', 'વિષ્ણુ પુરાણ' આદિમાં અને કાવ્ય શાસ્ત્રોમાં જેમકે ભામહના 'કાવ્યાલંકાર'માં રાસનો ઉલ્લેખ જોવા મળે છે. અહીં રાસ શબ્દ નૃત્ય ક્રીડાના અર્થમાં અભિપ્રેત થયો છે.

સંસ્કૃતમાં રાસ એટલે ''સમુહ નૃત્ય''. રાસ એ આખ્યાનરૂપે લાંબા ગેય કાવ્યરૂપે અને ટૂંકા ઉર્મિ કાવ્યરૂપે સાહિત્યમાં જોવા મળે છે.

કે.કા. શાસ્ત્રી તથા કેટલાક વિદ્વાનો રાસ શબ્દનો અર્થ નીચે પ્રમાણે કરે છે. ૧) યુવક-યુવતીઓ ગોળ કુંડાળામાં તાળીઓ કે દાંડિયાથી તાલ બદ્ધ નૃત્ય કરે છે, જેને રાધા-કૃષ્ણની રાસલીલા ગણાવી શકાય. ૨) રાસ કે રાસો એટલે પ્રાસયુક્ત પદ્ય રચના, જે સમકાલીન દેશસ્થિતિ ઉપરાંત ભાષાની માહિતી આપતું લાંબુ કાવ્ય ૩) સમુહ નૃત્યમાં લયબદ્ધ રીતે ગાવામાં આવતું ગીત વિશેષ[૧૪].

રાસ એટલે જૈન સાધુઓ દ્વારા પ્રજાને ધર્મ અને નીતિનો ઉપદેશ આપવા માટે રચાયેલ વિશિષ્ટ પદ્યરૂપ. લોકો સમજી શકે તે માટે લોકભાષામાં લખવામાં આવતું હતું.[૧૫]

પ્રારંભમાં આ રાસ ગાઈ શકાય તેમજ રમી શકાય તેવા ટૂંકા સ્વરૂપે રચાયાં. સમય જતાં જૈન સાધુ કવિઓએ રાસને જુદું જ સ્વરૂપ આપ્યું. પ્રથમ ટૂંકા ઉર્મિગીત રૂપે રચાતી આ રાસ કૃતિઓ બારમી તેરમી સદી પછી કથાત્મક કવિતાના રૂપે પ્રચારમાં આવી. પંદરમા શતકની કૃતિઓ તો આખ્યાનના નિકટવર્તીરૂપ જેવી

છે. આ પ્રમાણે આરંભના નાજુક કદના આ રાસાઓ ઉત્તરકાલીન સમયમાં તેમાં અવાન્તર કથાઓ ભળતાં મહાકાવ્ય જેવા વિશાળ બન્યાં. તેથી સમય જતાં તેમાંથી અભિનવ ક્ષમતા અને નર્તનનાં તત્ત્વો નામ શેષ થયાં અને કથાકથન તથા ગેયતાનાં તત્ત્વો જ શેષ રહ્યાં. ધીમે ધીમે નૃત્ય સાથે ગવાતી ટૂંકી રાસ રચનાઓનું સ્થાન દીર્ઘ રચનાઓએ લેવા માંડયું તેથી સ્વાભાવિક રીતે જ આ રાસાઓ કેવળ પઠ્ય પાઠ્ય - શ્રાવ્ય પ્રકાર બની રહ્યા. રાસાનું વિષય વસ્તુ વધુ વિસ્તૃત અને જટિલ બન્યું. હાલ ઉપલબ્ધ રાસકૃતિઓમાં વિક્રમની તેરમી સદીની આસિગ કૃત 'ચંદનબાળારાસ ૩૫ કડીની છે. સંભવ છે કે આ સૌથી નાની રાસકૃતિ હોવી જોઈએ. પંદરમા શતક સુધીની રચાયેલી રાસકૃતિઓમાં પોણાભાગની કૃતિઓ આસરે સો થી પણ ઓછી કડીઓની છે પરંતુ ઈ.સ. ૧૪૬૬ લગભગ રચાયેલી વચ્છ કૃત 'જીવ ભવસ્થિતિ રાસ', જે ૨૨૨૪કડીઓની છે. ત્યાર પછીના સમયમાં સત્તરમાં શતક સુધીમાં ૧૦૦૦ થી વધુ કડી સંખ્યા હોય તેવી ઘણી કૃતિઓ મળી આવે છે. જેમકે જ્ઞાનચંદ્રસૂરિ કૃત 'સિંહાસન બત્રીશી' (સં. ૧૫૯૯, ગા ૧૦૩૪), રામચંદ્રસૂરિ શિષ્ય કૃત 'શ્રેણિક રાસ'(ગા. ૧૨૩૨), રાજપાલ કૃત 'સપ્તવ્યસન ચોપાઈ'(સં. ૧૬૪૧, ક. ૧૩૭૦), અજ્ઞાત અથવા ઋષભદાસ કૃત 'ભરડક બત્રીશી'(ગા. ૧૬૨૪, ગા. ૧૫૦૦), કવિ સમયસુંદર કૃત 'સીતારામ ચોપાઈ'(સં. ૧૬૮૭, ક. ૨૪૧૨), કવિ ઋષભદાસ કૃત 'શ્રાદ્ધ વિધિરાસ'(ક.૧૬૨૪), વાના શ્રાવક કૃત 'જયાનંદ રાસ' (સં. ૧૬૮૬, ક. ૧૨૦૭) આદિ. આ પ્રમાણે પંદરમા શતક પૂર્વે રચાયેલી અને પંદરમા શતક પછી રચાયેલી રાસકૃતિઓ કદની દૃષ્ટિને જુદી પડે છે. ગુજરાતી સાહિત્યમાં રાસા સાહિત્યનો પ્રારંભ શાલિભદ્રસૂરિ કૃત 'ભરતેશ્વર બાહુબલિ રાસ'(વિ.સ. ૧૨૪૧) થી ગણાય છે.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં રાસા સાહિત્ય એક અનન્ય પ્રેરક બળ ગણાય છે. આ રાસા સાહિત્ય પ્રાયઃ જૈન ધર્મના વિરક્ત સાધુ કવિઓ અને શ્રાવક કવિઓ દ્વારા રચાયેલું છે. આ રાસા સાહિત્યની કેટલીક લાક્ષણિકતાઓ છે. તે મુખ્તત્વે પાંચ પ્રકારમાં આલેખાયું છે. ૧) કથાત્મક ૨) ચારિત્રાત્મક ૩) બોધાત્મક ૪) સાંપ્રદાયાત્મક ૫) અન્ય.

આ રાસ સાહિત્યમાં જિનોદયસૂરિ કૃત 'ત્રિવિક્રમ રાસ'(સં. ૧૪૧૫), ઉદયહર્ષગણિ કૃત 'શ્રીપાલ રાસ'(સં. ૧૫૪૪), લાવણ્યસમય કૃત 'વિમલરાસ'(સં. ૧૫૬૮), ધર્મદેવ કૃત 'હરિશ્ચંદ્ર રાસ' (સં.૧૫૫૪), પાર્શ્વચંદ્રસૂરિ કૃત 'વસ્તુપાળ-તેજપાળ રાસ', હીરકલશ કૃત 'કુમારપાળ રાસ'(સં. ૧૬૪૦), કવિ ઋષભદાસ કૃત 'સુમિત્ર રાજર્ષિ રાસ'(સં. ૧૬૬૮), 'અજાકુમાર રાસ'(સં. ૧૬૭૦), 'કુમારપાળ રાસ'(સં. ૧૬૭૦), 'શ્રેણિક રાસ'(સં. ૧૬૮૨), 'અભયકુમાર રાસ'(સં. ૧૬૮૭), 'વીરસેનનો રાસ', 'આર્દ્રકુમારનો રાસ' જેવી કથાત્મક રાસકૃતિઓ આલેખાઈ છે. જેમાં જિનશાસનના આદર્શ સેવકરૂપ શ્રાવકોનાં ચારિત્ર છે. તેમનો દેશ પ્રેમ અને ધર્મ પ્રેમ કવિઓએ ગાયો છે. કવિઓ સદાચારની મહત્તા અને દુરાચારથી થતી હાનિઓ દર્શાવી લોકોને ધર્મ અને નીતિનું જ્ઞાન આપે છે.

આ રાસ સાહિત્યમાં જિનપતિ સૂરિ શિષ્ય કૃત 'શાંતિનાથ રાસ', સુમતિ ગણિ કૃત 'નેમિનાથ રાસ' (વિ.સ. ૧૨૯૦ પછી), અભય તિલક કૃત 'મહાવીર રાસ' (સં. ૧૩૦૭), રત્નશેખર સૂરિકૃત 'ગૌતમ રાસ'

(સં. ૧૪૧૯), ગુણનિધાનસૂરિ શિષ્ય કૃત 'આદિનાથ રાસ'(સં. ૧૫૯૦), કવિ ઋષભદાસ કૃત 'ઋષભદેવ રાસ'(સં. ૧૬૬૨), 'ભરત બાહુબલિ રાસ'(સં. ૧૬૭૮), 'મલ્લિનાથ રાસ'(સં.૧૬૮૫) આદિ ચરિત્રાત્મક રાસકૃતિઓ છે; જેમાં મહાન ધર્મ પુરુષોનાં ચરિત્રો સાધુ કવિઓએ સ્તવ્યાં છે. ભવ્યાત્માઓને અધોગતિમાંથી પડતો બચાવવા કલ્યાણકારી આત્માઓનાં ચારિત્રો એ ધર્મકથાનુયોગના પ્રમાણરૂપ છે.

આ રાસ સાહિત્યમાં આસિગ કૃત 'જીવદયા રાસ'(સં. ૧૨૫૭), શાલિભદ્રસૂરિ કૃત 'બુદ્ધિરાસ' (વિ.સં. ૧૨૪૧), ધર્મમંદિરગણિ કૃત 'મોહવિવેકનો રાસ'(સં. ૧૭૪૧), કવિઋષભદાસ કૃત 'ઉપદેશમાલા રાસ'(સં. ૧૬૮૦) તથા 'હિતશિક્ષા રાસ'(સં. ૧૬૮૨), બોધાત્મક રાસકૃતિઓ છે; જેમાં ત્યાગ અને વૈરાગ્યની ધર્મભાવના પ્રધાનપણે આલેખાયેલી છે.

આ રાસકૃતિઓમાં સાંપ્રદાયાત્મક રાસકૃતિઓ આલેખાઈ છે, જે પાંચ પ્રકાર છે.

(૧) તત્ત્વજ્ઞાનની પ્રરૂપણા કરતી રાસકૃતિઓ જેવી કે, વિનયચંદ્ર કૃત 'બાર વ્રતરાસ'(સં. ૧૩૩૮), સંઘકલશગણિ કૃત 'સમ્યક્ત્વ રાસ'(સં. ૧૫૦૫), જયવલ્લભ કૃત 'શ્રાવક વ્રત રાસ'(સં. ૧૫૭૭), હીરકલશ કૃત 'સમ્યક્ત્વ કૌમુદી'(સં. ૧૬૨૪), ઉપાધ્યાય સમયસુંદર કૃત 'બારવ્રત રાસ'(સં.૧૬૮૫), કવિ ઋષભદાસ કૃત 'જીવવિચાર રાસ'(સં. ૧૬૭૬), 'નવતત્ત્વ રાસ'(સં. ૧૬૭૬), 'ક્ષેત્રપ્રકાશ રાસ '(સં. ૧૬૭૮), 'સમકિતસાર રાસ' (સં. ૧૬૭૮), દેવચંદ્ર કૃત 'નવતત્ત્વ ચોપાઈ'(સં. ૧૬૯૨ પૂર્વે), ઉપાધ્યાય યશોવિજય કૃત 'દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ'(સં. ૧૭૧૧) જેવી તાત્ત્વિક રાસકૃતિઓ આલેખાઈ છે. આ રાસ કૃતિઓ દ્રવ્યાનુયોગ(અધ્યાત્મ વિજ્ઞાન)ની કૃતિરૂપ છે.

(૨) અજ્ઞાત કૃત 'સપ્તક્ષેત્રિ રાસુ'(સં.૧૩૨૭), વિજયસેન સૂરિ કૃત 'રેવંતગિરિ રાસો', પાલ્હણ કૃત 'આબૂરાસ', ઉપાધ્યાય સમયસુંદર કૃત 'શત્રુંજય સિદ્ધાચલ રાસ'(સં. ૧૬૮૬), જયવિજય કૃત 'સંમેતશિખર રાસ'(સં. ૧૬૬૪), શ્રાવક કવિ ઋષભદાસ કૃત 'શત્રુંજય રાસ' (સં. ૧૬૭૦), જિનહર્ષ જસરાજ કૃત 'શત્રુંજય માહાત્મ્યરાસ'(સં. ૧૭૫૫) જેવી તીર્થ સ્થાનોનું માહાત્મ્ય દર્શાવતી રાસકૃતિઓ રચાઈ છે. જે ઐતિહાસિક માહિતી દર્શાવે છે. મંદિરો તથા તેને બંધાવનાર વિષે તેમાંથી નોંધપાત્ર માહિતી મળે છે.

(૩) આ રાસકૃતિઓમાં લખમસીહ કૃત 'જિનચંદ્રસૂરિ વર્ણન રાસ'(સં. ૧૩૪૧ થી ૧૩૭૬વચ્ચે), ધર્મકલશ કૃત 'જિનકુશલસૂરિ પટ્ટાભિષેક રાસ'(સં.૧૩૭૭), જયકેસર મુનિ કૃત 'જયતિલકસૂરિ ચોપાઈ', ઉદયરત્ન કૃત 'ભાવરત્નસૂરિ પ્રમુખ ગચ્છ પરંપરા રાસ'(સં.૧૭૭૦), કવિ ઋષભદાસ કૃત 'હીરવિજયસૂરિ રાસ'(સં. ૧૬૮૫) જેવી કૃતિઓ રચાઈ. જેમાં ગુરુ અને પૂર્વાચાર્યોનો મહિમા કવિઓએ ગાયો છે તેમજ દીક્ષા, સૂરિપદ અને નિર્વાણ દર્શાવતી કૃતિઓ પણ રચાઈ છે.

(૪) આ રાસકૃતિઓમાં પ્રતિમા સ્થાપન, અંજન શલાકા, જિર્ણોદ્ધાર આદિ પ્રસંગો વર્ણવતી કૃતિઓ પણ રચાઈ છે. જેવી કે નયસુંદર કૃત 'શત્રુંજય ઉદ્ધાર રાસ'(સં. ૧૬૩૮), 'ગિરનાર ઉદ્ધાર રાસ', ઉદયરત્ન કૃત 'શત્રુંજય તીર્થમાલા ઉદ્ધાર રાસ'(સં. ૧૭૬૯) આદિ કૃતિઓ રચાઈ; જેમાં તીર્થસ્થાનોનો મહિમા સાધુ કવિઓએ ગાયો છે. આ રાસકૃતિઓમાંથી મંદિરોના સમારકામ વિષેની સાંપ્રદાયિક માહિતી

મળે છે.

(૫) પાંચમા પ્રકારમાં વિધિ, વિધાન અને પૂજાઓ દર્શાવતી કૃતિઓ મળે છે. જ્ઞાનસાગર કૃત 'સિદ્ધચક્ર રાસ' (સં. ૧૫૩૧), ધર્મમૂર્તિ સૂરિ શિષ્ય કૃત 'વિધિ રાસ'(સં. ૧૬૦૬), હીરકલશ કૃત 'આરાધના ચોપાઈ'(સં.૧૬૨૩), કવિ ઋષભદાસ કૃત 'પૂજાવિધિ રાસ'(સં. ૧૬૮૨), ભાવવિજય કૃત 'શ્રાવકવિધિ રાસ'(સં.૧૭૩૫) જેવી રચનાઓ રચાઈ જેમાં સાંપ્રદાયિક વિધિ દર્શાવેલ છે. જેમાં સાધુ કવિઓએ ઉત્સાહથી શ્રાવકો માટે પોતાના આરાધ્યની પૂજા માટેની વિધિ દર્શાવતી રચનાઓનું સર્જન કર્યું છે. શ્રદ્ધા સાથે જ્ઞાન તેમજ ચરણ-કરણ ક્રિયાકાંડમાં આત્મા તન્મય બને ત્યારેજ ભવરોગ દૂર થાય તેથી આવી ચરણકરણાનુયોગની રાસકૃતિઓ આદરણીય છે.

આ રાસકૃતિનું બીજું લક્ષણ મંગલાચરણ અને અંત છે. આ સાધુ કવિઓએ પોતાની કૃતિમાં જિનેશ્વર દેવ, સરસ્વતી દેવી કે અંબિકા દેવી, તીર્થસ્થાનના અધિષ્ઠાતા દેવ-દેવી, ગુરુવંદન, સ્તુતિ કે સ્મરણથી રાસ કૃતિનો પ્રારંભ કર્યો છે. દરેક રાસાના અંતે કર્તાનું નામ, તેમનો પોતાનો પરિચય, રચનાસાલ, ગુરુ પરંપરા અને ફલશ્રુતિનું નિરૂપણ થયું છે. આ ફલશ્રુતિમાં પણ મુખ્ય ધ્યેય તો મુક્તિ જ રહેતું હતું. કવિ ઋષભદાસે પણ સમકિતસાર રાસના પ્રારંભમાં મંગલાચરણ કરતાં માતા સરસ્વતી, તીર્થંકરો, ગણધરોને સ્તવ્યા છે તેમજ અંતિમ મંગલાચરણ કરતાં પણ કવિ માતા સરસ્વતી, તીર્થંકરો, ગણધરો, કુલદેવીને સ્તવે છે. કવિ કડી-૮૧૯ માં રાસની ફલશ્રુતિ દર્શાવતાં કહે છે કે આ તાત્ત્વિક રાસનું પઠન-પાઠન કે શ્રવણ કરતાં દ્રવ્યથી ભૌતિક સંપત્તિ પ્રાપ્ત થશે અને ભાવથી મોક્ષ સંપત્તિરૂપ સમ્યગ્દર્શન નિર્મળ થશે. કવિ ઋષભદાસે પણ ગુરુ પરંપરા અને કુલ પરંપરાનું નિરૂપણ સમક્તિસાર રાસમાં કર્યું છે.

આ રાસ રચનાનું ત્રીજું લક્ષણ ઉદ્દેશ છે. ધર્મનો ઉપદેશ, ધર્મનું ફલ, કર્મવાદ, ઇત્યાદિ સિદ્ધાંતોનું નિરૂપણ આ રાસકૃતિનો મુખ્ય ઉદ્દેશ છે. કવિ ઋષભદાસે સમક્તિસાર રાસ જેવા તાત્ત્વિક રાસનું નિરૂપણ ધર્મની પ્રરૂપણા હેતુ કર્યું છે. વળી તે સમયે વિવિધ સંપ્રદાયો ઉદ્ભવ્યાં તેમજ સાધુઓ શિથિલાચારી બન્યા હતા તેથી સત્ય ધર્મની પ્રરૂપણા માટે સમકિત સાર રાસની રચના કરી હોવી જોઈએ.

આ રાસ રચનાનું ચોથું લક્ષણ પદ્ય છે. પંદરમા શતક પૂર્વેના રાસ માત્રામેળ છંદમાં રચાયા છે. ત્યાર પછીની રાસકૃતિઓમાં રાગ, રાગની દેશી અને પ્રચલિત પંક્તિઓ દ્વારા તે ગાવાની રીતનો ઉલ્લેખ થયો છે. તેથી આ રાસ રચનાઓ ગેય બની છે. ઉત્તર કાળની રચનાઓ પ્રાય : દુહા-ઢાળ, દુહા-ઢાળ એ રીતે આલેખાઈ છે. આપણા અભ્યાસનો વિષય સમક્તિ સાર રાસ તેમાં પણ દુહા-ઢાળની સાથે જ વચ્ચે ચોપાઈ પણ મૂકવામાં આવી છે તેમજ દરેક કડીના અંતે કડીની સંખ્યા નોંધાઈ છે.

આ રાસ રચનાનું પાંચમું લક્ષણ રાસશૈલી છે. જેમાં વર્ણનો, શબ્દાલંકાર અને અર્થાલંકારોનો ઉપયોગ ગણાવી શકાય. મધ્યકાલીન કવિઓએ રાસની નિષ્પત્તિ માટે રાસમાં રસ પૂર્તિ માટે ઊર્મિ સભર વર્ણનો(જેમાં નગર વર્ણન, નગર જનોનાં વર્ણન વગેરે આવી શકે), ચમત્કારો, અવાન્તર કથાઓ, પૂર્વ ભવની કથાઓ, સુભાષિતો, રૂઢિ પ્રયોગો, કહેવતો તેમજ બુદ્ધિને તીક્ષ્ણ બનાવે તેવી સમસ્યા પાદ પૂર્તિ, ઉખાણાં કે

પ્રશ્નોત્તર આ સર્વ રાસશૈલીમાં આવે છે. કવિ ઋષભદાસે સમકિતસાર રાસમાં પોતાના વિષયના સંદર્ભમાં અવાન્તર બાબતો ઉમેરી છે. જેમકે સંયમને અયોગ્ય વ્યક્તિઓના સંદર્ભમાં નપુંસક વિચાર, ત્રણ લિંગમાં શુશ્રૂષાના સંદર્ભમાં ૪૫ આગમ પરિચય, કુશલતા ભૂષણના સંદર્ભમાં પાસત્થા આદિ પાંચ કુગુરુ તથા વંદનાના પ્રકાર, તેત્રીસ પ્રકારની આશાતના આદિ વિષયોનું સંકલન કર્યું છે. તેથી રાસકૃતિ દીર્ઘ બની છે. કવિ ઢાળ-૪૫, કડી-૮૭૧ માં રાસનો સમય, સ્થળ, દર્શાવવા સમસ્યાપૂર્તિનો ઉપયોગ કરે છે. આ સંપૂર્ણ રાસકૃતિમાં શબ્દાલંકારો અને અર્થાલંકારો વિખરાયેલાં મોતીની જેમ જોવા મળે છે.

આ રાસકૃતિઓની રચના મોટે ભાગે જૈન સાધુ કવિઓ દ્વારા થયેલી હોવાથી તેમના સર્જનમાં કાલ્પનિક મૌલિક સર્જનને અવકાશ ન હતો. જૈનાચાર્યો એ શાસ્ત્રોક્ત વિષયને પોતાની મતિ અનુસાર વિશેષ સુધારા-વધારા કર્યા વિના શક્ય એટલું યથાતથ્ય રીતે રજૂ કર્યું છે કારણકે તેમની એક મર્યાદા હતી. આમ છતાં આ રાસકૃતિઓએ જૈન ધર્મને સંસ્કારનો વૈભવ આપ્યો છે તેમજ પ્રાચીન સંસ્કૃતિને જાળવી રાખી છે.

આ રાસ સાહિત્યનું મુખ્ય પ્રયોજન ધર્મભાવના હતું. આ ઉપરાંત આશ્રયદાતાઓના અનુરોધથી, મહાપુરુષોની વીરતા અને શૌર્યના ગુણગાન કરી લોકોમાં શૂરવીરતા અને નીડરતા પ્રગટાવવા પણ જૈન સાધુ કવિઓએ રાસકૃતિઓનું કવન કર્યું. વળી ધાર્મિક ઉત્સવોમાં જૈન દેરાસરોમાં રાસ રમાતા અને ગવાતા તેવા પ્રસંગે સાધુ કવિઓ રાસ રચના કરી આપતા હતા. મનુષ્ય જન્મની દુર્લભતા, ઈન્દ્રિય વિષયોની નિઃસારતા દર્શાવવા પણ કેટલાક બોધપ્રદ રાસો રચાયાં. બપોરને સમયે અબુધ જનતાને લોકકથાના માધ્યમથી તત્ત્વનું જ્ઞાન નિરૂપણ કરવા કથાઓ અને તાત્ત્વિક રાસો રચાયાં તેમજ ભારતીય સંસ્કૃતિનો વારસો સુરક્ષિત રાખવા વીરપુરુષોની પ્રશસ્તિ તથા હિતશિક્ષા રાસ જેવી કૃતિઓ રચાઈ; જેમાં ભારતીય સંસ્કારોનું વિધાન થયેલ છે. વળી જીવવિચાર પ્રકરણ અને સમકિત સપ્તતિકા જેવા અઘરા વિષયોને કવિઓએ પોતાની રાસકૃતિમાં પસંદ કર્યા તેની પાછળનો મુખ્ય હેતુ જનમાનસને આધ્યાત્મિક માર્ગે વાળી, તેમનામાં વૈરાગ્યની ભાવના પ્રગટાવી, શાશ્વત સુખ પ્રદાન કરાવવાનો હતો.

તેરમાથી પંદરમા શતક સુધીના ૨૫૦ વર્ષમાં લગભગ ૭૮ જેટલા રાસ મળે છે[૧૬]. તેમાંથી આસરે ૩૮ જેટલા રાસ પ્રકાશિત છે. આની તુલનામાં સોળમા શતકના ૨૧૦ અને સત્તરમા શતકના ૪૨૫ જેટલા રાસ મળે છે[૧૭]. તેમજ સંખ્યાની સાથે રાસનું કદ વિસ્તાર પામે છે. નિરૂપણની દૃષ્ટિએ, વિષય વૈવિધ્ય અને ભાષાના વિકાસની દૃષ્ટિએ આ રાસ જુદા પડે છે.

વિક્રમના સોળમા શતકમાં લોકપ્રિય હસ્તપ્રતો એકથી વધુ આલેખાયેલી છે; જેમકે જ્ઞાનસાગર કૃત 'શ્રીપાળ રાસ'(સં. ૧૫૩૧)ની વધુમાં વધુ ૩૮ હસ્તપ્રતો ઉપલબ્ધ છે. લાવણ્યસમય કૃત 'વિમલ રાસ'(સં. ૧૫૬૮)ની ૨૨ અને કુશલસંયમના 'હરિબલ રાસ' (સં. ૧૫૫૫)ની ૧૫ હસ્તપ્રતો ઉપલબ્ધ થયાનું નોંધાયું છે. લાવણ્યસમય અને સહજસુંદર જેવા કવિવરો, દેપાલ અને વચ્છરાજ જેવા શ્રાવક કવિઓના સાહિત્ય સર્જનથી આ શતક સમૃદ્ધ બન્યું છે.

સત્તરમા શતકમાં કવિ ઋષભદાસ મોખરે રહ્યા છે. તેમણે ૪૫૯૯ કડીનો 'કુમારપાળ રાસ' (સં. ૧૬૧૦), ૩૧૧૪ કડીનો 'હીરવિજયસૂરિ રાસ'(સં. ૧૬૮૫), ૨૧૯૨ કડીનો 'કુમારપાળ લઘુ રાસ', ૧૮૬૨

કડીનો 'હિતશિક્ષા રાસ'(સં. ૧૬૮૨), ૧૮૫૧ કડીનો 'શ્રેણિક રાસ'(સં. ૧૬૮૨), ૧૬૨૪ કડીનો 'શ્રાદ્ધવિધિ રાસ', ૧૨૭૧ કડીનો 'ઋષભદેવ રાસ'(સં. ૧૬૬૨), ૧૧૧૬ કડીનો 'ભરત બાહુબલિ રાસ' (સં.૧૫૧૮), ૧૦૧૪ કડીનો 'અભયકુમાર રાસ'(સં. ૧૫૮૯) તથા બીજા રાસો મળી લગભગ ૩૦,૦૦૦ થી વધુ કડીઓ રાસકૃતિઓની જ લખી છે. તેમની કુલ કૃતિઓ લગભગ ૩૬ તથા ૧૧૧ થી વધુ સ્તવનાદિ રચનાઓ, લગભગ ૪૦૦ જેટલા સુભાષિતો, આ સર્વ સાહિત્ય કવિ ઋષભદાસને આ શતકના પ્રસિદ્ધ પંડિત કવિ ઠરાવે છે તથા જૈન સાહિત્ય સર્જકોમાં શ્રાવક કવિ તરીકે મહત્ત્વના કવિ ગણાવા પ્રેરે છે.

સમયસુંદર, ઋષભદાસ, ગુણવિનય, નયસુંદર, સકલચંદ્ર, સહજકીર્તિ, હીરકલશ અને પદ્મ સુંદર જોવા સમર્થ કવિઓની રાસકૃતિ વડે સત્તરમું શતક ઝળકે છે. સત્તરમા શતકમાં પૂર્વેના ચારે શતકો કરતાં વધુ રાસો રચાયાં છે.

કવિ લાવણ્યસમય, કવિ સમયસુંદર અને કવિ નયસુંદર જેવા ત્રણ સમર્થ સાધુકવિઓની પંક્તિમાં બેસી શકે એવા આપણા અભ્યાસનો વિષય ''સમકિતસાર રાસ''ના રચયિતા **શ્રાવક કવિ ઋષભદાસ** છે. તેઓ જૈન સંસ્કૃતિ અને તત્ત્વ રસને સ્થાપિત કરનારા સાહિત્ય સર્જક છે. તેમનો પરિચય હવે પછીના પ્રકરણમાં પ્રસ્તુત છે.

### પાદનોંધ(પ્રકરણ-૧)

૧. જૈન ગુર્જર કવિઓ ભા.૧, પૃ. ૨૮૭, પ્રથમાવૃત્તિ,
૨. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, પ્રકરણ-૨, આગમકાળ, પૃ. ૧૭. પ્રથમાવૃત્તિ.
૩. જૈન ગુર્જર કવિઓ ભા.૧, કૃતિ ક્રમાંક ૧થી ૧૨, આવૃત્તિ-૨. સં. જયંત કોઠારી.
૪. એજ, કૃતિ ક્રમાંક ૧૩-૪૨, આવૃત્તિ-૨.
૫. એજ, કૃતિ ક્રમાંક ૪૩-૧૩૭, આવૃત્તિ-૨.
૬. ગુજરાતી સાહિત્ય-મધ્યકાલીન. પૃ.૧૧૨,
૭. એજ, પૃ.૧૦૪,૧૦૫,
૮. એજ, પૃ.૧૧૩,
૯. જૈન ગુર્જર કવિઓ ભા.-૨, કૃતિ ક્રમાંક ૧૩૮-૬૨૪. આવૃત્તિ-૨. સં. જયંત કોઠારી
૧૦. જૈન ગુર્જર કવિઓ ભા.-૨-૩, કૃતિ ક્રમાંક ૯૦૨-૧૭૪૨. આવૃત્તિ-૨.
૧૧. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ. પ્રસ્તાવના, પૃ-૭૨,
૧૨. ગુજરાતી સાહિત્ય : મધ્યકાળ, પૃ. ૪,
૧૩. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રં. ૧, પૃ. ૨૭, સં. ઉમાશંકર જોષી, અનંત રાવળ, યશવંત શુક્લ.
૧૪. કવિ પંડિત વીરવિજયજી. પૃ. ૧૪,
૧૫. **Sri. N. B. Divetia in Milestones in Gujrati Literature. Page - 22.**
૧૬. જૈન ગુર્જર કવિઓ ભા.-૧, કૃતિ ક્રમાંક ૧૩૮-૬૨૪ તથા ૮૦૭-૯૦૨. આવૃત્તિ-૨.
૧૭. જૈન ગુર્જર કવિઓ ભા.-૨,૩. કૃતિ ક્રમાંક ૯૨-૧૭૪૨ તથા ૧૮૩૫-૧૮૯૬. આવૃત્તિ-૨.

# પ્રકરણ - ૨

## કવિ ઋષભદાસનું જીવન અને કવન

"આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરું પ્રણામ."

વિક્રમના સત્તરમા શતકના પૂર્વાર્ધના ગૃહસ્થ શ્રાવક કવિ ઋષભદાસે ઉપરોક્ત ચૈત્ય વંદનની પ્રસિદ્ધ પંક્તિઓની રચના કરી છે. તેઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિ તરીકે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સત્તરમી સદીના એ ગૃહસ્થ કવિની કૃતિઓ એટલી ઉત્તમ અને ભાવસભર હતી કે સામાન્ય રીતે સાધુ ભગવંતો એ રચેલા સ્તવનો અને સજઝાયો મંદિરો કે ઉપાશ્રયમાં ધાર્મિક અનુષ્ઠાનો બોલતી વખતે બોલાય પરંતુ આપણા ચારિત્ર નાયક કવિ ઋષભદાસ અતિ પ્રતિષ્ઠિત અને ઉચ્ચ ચારિત્ર્યશીલ આત્મા હોવાને કારણે તેમની લખેલી સ્તુતિઓ લગભગ સાડા ત્રણસો વર્ષ પૂર્વે પણ ચૈત્યવંદનની ક્રિયા વખતે બોલાતી હતી. એટલું જ નહિ પરંતુ હાલ વર્તમાન કાળે પણ લોકજીભે ભાવપૂર્વક બોલાય છે. આવા પવિત્ર શ્રાવક કવિનું જીવન ચરિત્ર આ પ્રકરણમાં આલેખન કરવાનો પ્રયાસ કરવામાં આવશે. તે પહેલાં ગુજરાતની સમકાલીન પરિસ્થિતિ વિષે વિચારીએ.

ભારતદેશમાં ગુર્જરદેશ સંસ્કારની દૃષ્ટિએ ગૌરવશાળી ભૂમિ હતી તો નગરીમાં અણહિલપુર પાટણ પ્રતિષ્ઠા પામી શકે તેવી નગરી હતી. ચાવડા વંશના તેજસ્વી અને શૂરવીર રાજકુમાર વનરાજે સં.૮૦૨ માં અણહિલપુર પાટણની સ્થાપના કરી. વનરાજ પછી ચાવડા વંશના છ રાજવીઓ આ પાટણની ગાદીએ આવ્યા. ત્યાર પછી સોલંકી યુગની શરૂઆત થઈ. સોલંકી રાજાઓમાં સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના શાસનકાળમાં ગુજરાતનું ગૌરવ વધ્યું તેમજ હેમચંદ્રાચાર્ય જેવા ગુરુ અને કુમારપાળ જેવા સમર્થ રાજાઓના કારણે ગુજરાતનું એક એક ગામડું સમૃદ્ધ બન્યું. ચાવડા અને સોલંકી રાજાઓના હાથમાંથી પાટણની ધૂરા લવણપ્રસાદ આદિ છ રાજાઓની સત્તા સુધી અણનમ રહી. ત્યાર પછી કરણ વાઘેલા નામના છેલ્લા રાજાના હાથમાંથી પાટણનું રાજ્ય વિદેશીઓએ ઝૂંટવી લીધું. ધીમે ધીમે પાટણ ઉપર અલ્લાઉદ્દીન ખીલજી જેવા ધર્માંધ મુસ્લિમોએ પોતાનો પગદંડો જમાવ્યો,, તેથી પ્રાચીન રાજવીઓની કીર્તિગાથા દર્શાવતા સ્થાપત્યો ભસ્મીભૂત થયા.

પાટણ સંવત ૧૩૭૫માં લગભગ નામશેષ બન્યું. ચૌદમી શતાબ્દીમાં આ ભગ્ન પાટણની નજીકમાં નવું પાટણ નિર્માણ થયું. મુસ્લિમ યુગના આ પાટણે ઘણાં તડકા છાયા જોયા. ત્યાર પછી ફરી જૈનત્વનો સુવર્ણયુગ છવાઈ ગયો. ધીમે ધીમે જૈન મંદિરોની સ્થાપના થઈ. આ પાટણની સાથે જ અમદાવાદ, ભરૂચ, સુરત આદિ શહેરો વિકાસ પામી રહ્યા હતા.

ગુર્જરી ભૂમિમાં ખંભાતનું સ્થાન અદ્વિતીય હતું. ગુજરાતનાં પ્રાચીન નગરોમાં તે એક સમૃદ્ધ શહેર

હતું. દરિયાઈ વેપારને લીધે બંદર તરીકે પ્રખ્યાત થયું. દેશવિદેશના વેપારીઓ અહીં વેપાર માટે આવતા હતા. હેમચંદ્રાચાર્ય અને હીરવિજયસૂરિ જેવા સંતો, મહંતો તથા કવિઓએ ખંભાતના ઈતિહાસને દીપાવ્યો છે. ખંભાતની જાહોજલાલી અદ્વિતીય હતી. આ નગરી રત્નાધિક મહાપુરુષોથી પરિપૂર્ણ હતી તેમજ તે સમયે તે 'વિદ્યાનું મથક' હતી. આ નગરી મહાત્મા મુનિઓથી વાસિત હોવાથી કલ્યાણકારી તેમજ ચિત્તને પ્રસન્ન કરનારી હતી. તે સમયે દિલ્હીની ગાદી પર જહાંગીર બાદશાહ હતા અને ખંભાત નગરના ધણી ખુરમ સુબા હતા. જે ન્યાય નીતિમાન હતા. કવિ ઋષભદાસ ખંભાતના વતની હતા. કવિએ પોતાની રાસકૃતિઓમાં પોતાની માતૃભૂમિની મહત્તા અને વિશાળતાનું સુરેખ વર્ણન કર્યું છે.

## ખંભાતનું સાંસ્કૃતિક વર્ણન :

ભરત બાહુબલિ રાસ (ઈ.સ. ૧૬૨૨)માં કવિ કહે છે[૨] –

**જિહાં માનવનો વાસો, પહોંચે સહુ કોની આશો;**
**ભૂખ્યા કો નવિ જાય, ઘેરે ઘોડા, ગજ , ગાય.**
**મંદિર મોટાં છે આંહિ, બહુ ઋદ્ધિ દીસે છે ત્યાંહિ;**
**ઈંદ્ર સરીખા તે લોક, કરતા પાત્રનો પોષો.**
**ઘર ઘર સુંદર નારી, દેખી રંભા એ હારી;**
**વસે વ્યવહારીઆ બહોળા, પહોચે મન તણા ડહોળા.**
**વહાણ વખાર વ્યાપારી, વૃષભ વહેલ તે સારી;**
**સાયર તણાં જળ કાળાં, આવે મોતી પરવાળાં.**
**નગર ત્રંબાવટી સારો, દુખિયા નર નો આધાર;**
**નિજ પુર મૂકીઅ આવે, તે અહીં બહુ ધન પાવે.**

ખંભાત બંદર ગુજરાતનું જનસંખ્યાની દ્રષ્ટિએ અતિગીચ વસ્તીવાળું છે. અહીં વિદેશીઓએ આવીને વસવાટ કર્યો છે. અહીં આવેલા લોકોની સર્વ મનોકામના પૂર્ણ થાય છે. અહીં કોઈ નિર્ધન રહેતું નથી, તેમજ કોઈ ભૂખ્યું રહેતું નથી. લોકો મહેનત કરી શ્રીમંત બને છે. તેમના ઘરે ઘોડા, હાથી, અને ગાય જેવું કિંમતી પશુધન પણ હોય છે. અહીં વિશાળ અને ભવ્ય જિનમંદિરો છે. ખંભાત નગરી વૈભવશાળી છે. અહીંના લોકો દેખાવમાં ઈંદ્ર જેવા સ્વરૂપવાન છે. અહીંની સ્ત્રીઓ પણ રંભા કરતાં પણ વધુ સ્વરૂપવાન છે. આ નગરી સુજ્ઞ શ્રાવકોથી અલંકૃત છે, તેમજ ત્યાં ધનવાન શ્રેષ્ઠીઓ વસે છે. તેઓ ગરીબ લોકોને આર્થિક મદદ કરે છે. અર્થાત્ ગરીબો શ્રીમંતોની અનુકંપા, સહાયતા અને મીઠી નજર ઈચ્છે છે. તે નગરમાં ઘણાં વહાણો, વખારો, વ્યાપારીઓ અને બળદગાડીઓ છે. ખંભાત નગર ચારે બાજુ સમુદ્રથી ઘેરાયેલું બંદર છે. તે વેપારનું મથક છે. ખંભાત બંદર દરિયાકાંઠે હોવાથી સમુદ્રની લહેરો અને નિર્મળ પાણીથી શોભી રહ્યું છે. ત્યાં મોતી અને પરવાળાંનો વ્યાપાર પણ થાય છે. આવી સમૃદ્ધ નગરીમાં જે મનુષ્ય પોતાનું વતન છોડી વ્યાપાર માટે અહીં

આવે છે, તે પણ વ્યાપાર કરી શ્રીમંત બને છે.

ઐતિહાસિક દૃષ્ટિએ વિચારતાં ખંભાત નગરી વિશાળ અને સમૃદ્ધ હતી. ત્યાંના લોકો સુખી અને શ્રમજીવી હતા. ખંભાતવાસીઓ પરગજુ તથા નિઃસ્વાર્થ ભાવનાવાળા હતા. તેઓ વ્યવસાયના ક્ષેત્રમાં પણ નીતિમાન હતા. વળી તેઓ સ્વાવલંબી હતા, તેવું પશુધન અને બળદગાડી જેવા શબ્દોથી જણાય છે. તે સમયે શેઠ અને નોકર વચ્ચે મીઠો સંબંધ હતો, તેથી ઉભયવર્ગ પોતપોતાની ફરજમાં પરાયણ હોવાથી સહુના જીવનમાં શાંતિ હતી, તેવું ઉપરોક્ત વર્ણન પરથી જણાય છે.

કવિ ઋષભદાસે પોતાની વિવિધ રાસકૃતિઓમાં અનુપમ ખંભાત નગરી માટે ત્રંબાવટી, ભોગવતી, લીલાવતી, કર્ણાવતી આવા વિવિધ નામો પ્રસ્તુત કર્યાં છે.

કવિએ 'ઋષભદેવ રાસ'(ઈ.સ. ૧૬૦૬)માં ખંભાત નગરીની સુંદરતાનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છે.

**તપનતર પોલીઉં કોટ દરવાજા, સાહા જહાંગીર જસ નગરનો રાજા[૩] ;**
**પ્રાસાદ પચ્ચાસીઅ અતિહિં ઘંટાલા, જ્યાંહાં બિતાલીસ પોષધશાલા.**

ત્રંબાવટી નગરીની સુરક્ષા માટે તેને ફરતો કોટ છે. આ નગરીના ત્રણ દરવાજા છે. આવી વૈભવશાળી અને મનમોહક નગરીનો અધિપતિ મોગલ બાદશાહ જહાંગીર છે. ખંભાત નગરીમાં પંચાશી જેટલા અતિ ઊંચાં ભવ્ય જિનમંદિરો છે. અને શ્રાવકોને નિત્ય ધર્મકરણી કરવા માટે બેંતાલીસ જેટલી પૌષધશાળાઓ છે.

શ્રેણિકરાસ (ઈ.સ.૧૬૨૬)માં કવિએ થોડા ફેરફારો સાથે ખંભાતનું તથા ત્યાંના લોકોનું વર્ણન કર્યું છે.

**[૪]એહ ત્રંબાવટીમાંહિ ગાયો સહી, નગર સઘલાંમાંહિ જે પ્રસીધો;**
**કોટ ત્રંબા તણો દિવ્ય કીધો, કામ સીધાં સહી .**
**તપન તરપોલીઉં, કોટ બરજિં ભજ્યો, સાયર લહઈરિં બહુ વહાંણ આવઈ;**
**વસત વિવહારીઆ, કનક કોડે ભર્યા, ઉઠિ પરભાતિ જિનમંદિર જાવઈ,**
**શ્રી અ દેવ ગુરુતણા, ગુણહી ગાવઈ.**
**પ્રવર પ્રાસાદ પંચ્ચાસીઅ પ્રણમીઈ, જ્યાંહા પાશાલ બહઈતાલીસ દીસઈ;**
**ગોચરી સગમ તે સાધનિં અહીકણિં, અહીઅ રઈતાં મુની મનહી હીંસઈ,**
**તેહ જાંણો તુમ્હો વિસા જ વીસઈ.**
**પૌષધ પ્રાસાદ વ્યાપાર પાસાઈ સહી, શાક પાસઈ લીઈ સ્વાદ રસીઆ;**
**ઋષભ કહઈ તેહ જગમાહ ધના સહી, જેઅ ત્રંબાવતીમાહિં વસીયા,**
**શાસ્ત્ર સુણવા નર જે અ રસીઆ.**

ઉપરોક્ત કડીઓમાં કવિએ ખંભાત નગરીની સુંદરતા, વૈભવતા અને સુરક્ષાનું વર્ણન કર્યું છે. જેમાં

કવિની નગર વર્ણન શક્તિનાં દર્શન થાય છે. કવિ મધ્યકાલીન પરંપરાને અનુસર્યા છે. કવિ નયસુંદર અને કવિ સમયસુંદરના કાવ્યોમાં આવી જ પદ્ધતિના વર્ણનો ઉપલબ્ધ થાય છે.

આવી ખંભાત નગરી રત્નાધિકોને પણ અતિ પ્રિય હતી કારણકે અધ્યાત્મ પ્રેમી એવા ખંભાત નિવાસીઓએ ૪૨ જેટલા જૈન ઉપાશ્રયોનું નિર્માણ કર્યું હોવાથી નિત્ય જૈનમુનિઓનો આવાસ રહેતો, જેથી તેઓ નિત્ય સંત સમાગમ કરી શકતા હતા. તેઓ નિત્ય જિનવાણીનું શ્રવણ કરતા. ખંભાત નગરીમાં સુજ્ઞ શ્રાવકો રહેતા હોવાથી આ સ્થળ મુનિ ભગવંતોને રહેવા માટેનું શાતાકારી સ્થળ હતું. આ નગરીમાંથી મુનિઓને સંયમ નિર્વાહ માટે પ્રાસુક-દોષરહિત ગોચરી મળવી પણ સુલભ હતી. સાધુ ભગવંતો સંયમની સુરક્ષા માટે ખંભાત નગરીમાં રહેવાનું વધુ પસંદ કરતા હતા[૫].

અહીંના લોકો સ્વાદિષ્ટ અને પૌષ્ટીક આહાર લેતા હતા. તેઓ નજીકમાંથી શાકભાજી વગેરે ખરીદતા હતા. ઉપાશ્રય, જિનમંદિર અને દુકાન (પેઢી) વચ્ચે બહુ અંતર ન હોવાથી તેઓ નિત્ય જિનવાણીનું શ્રવણ કરતા હતા., તેથી સ્પષ્ટ થાય છે કે ખંભાતના શ્રાવકો જેમ ધાર્મિક ક્ષેત્રે કુશળ હતા તેમ વ્યવહારના ક્ષેત્રે પણ કુશળ હતા. ખંભાતવાસીઓ સાદું અને સાત્ત્વિક ભોજન કરતા, જેથી મુનિ ભગવંતોને નિર્દોષ ભોજન મળવું સુલભ બનતું.

'હીરવિજયસૂરિ રાસ', કવિની શ્રેષ્ઠ અને ઉત્તમ રાસકૃતિ છે. જેમાંથી ખૂટતી ઐતિહાસિક કડીઓ પ્રાપ્ત થાય છે. કવિ આ રાસકૃતિમાં કહે છે, ''આવા ધર્મિષ્ઠ શ્રાવકોની પ્રશંસા સંતો અને મહંતો કરે છે. આ શ્રાવકો ધર્મકરણી કરવામાં કુશળ છે. તેઓ નિત્ય પ્રતિક્રમણ અને પૂજા કરી પુણ્ય ઉપાર્જન કરે છે. તેઓ બીજ, પાંચમ, આઠમ, ચૌદસ આદિ પર્વતિથિએ વિશેષ ધર્મ આરાધના રૂપે પૌષધવ્રત આદિ કરે છે. અહીંના શ્રાવકો જીવદયા પ્રેમી છે. તેઓ પશુ -પંખીઓને છોડાવે છે. તેઓ પશુઓ અને માંદાઓની માવજત કરે છે. સંતોના વ્યાખ્યાન પછી પ્રભાવના પણ કરે છે, તેમજ સ્વામીવાત્સલ્ય જેવા કાર્યક્રમો પણ કરે છે''[૬].

આ પરથી સ્પષ્ટ થાય છે કે ખંભાતવાસીઓ દાનવીર, ધર્મવીર અને કરુણાપ્રિય છે.

કવિએ આ જ રાસમાં ત્યાંના લોકોના પહેરવેશ વિષે પણ સુંદર માહિતી આપી છે.

ગુજરાતનું શ્રેષ્ઠ અને અમરાપુરી નગરી જેવું ખંભાત નગર શોભી રહ્યું છે. ગુજરાતના વિદ્વાનો કરતાં ખંભાતના વિદ્વાનો વિદ્વતામાં શ્રેષ્ઠ છે. અહીં જુદી જુદી અઢાર જ્ઞાતિના લોકો વસે છે. તેઓમાં વિવેક અને વિચારશક્તિ અપાર છે. તેઓ સંતદર્શન કરી પાવન થાય છે. તેઓ ધનવાન અને ગુણવાન છે. તે શ્રેષ્ઠી પુરુષો પટોળાં પહેરે છે. તેઓ ત્રણ આંગણ પહોળા સોનાના કંદોરા પહેરે છે, તેમજ રેશમના કંદોરા નીચે સોનાનાં માદળિયા મઢેલા હોય છે. તેઓ રૂપાના ઝૂડામાં કુંચીઓ રાખે છે, ગળામાં સોનાની કંઠી પહેરે છે. ત્યાંના વણિકો દાનવીર છે. તેઓ ઝીણાં મુલાયમ અને કિંમતી અંગરખાં પહેરે છે. તેઓ કમ્મરે નવ ગજ લાંબી અને સવા ગજી રેશમી ધોતી પહેરે છે. દરેક વ્યક્તિ માથે ચાર રૂપિયામાં મળતું ફાળિયું બાંધે છે, સાઠ રૂપિયાની પછેડી-પામરી પણ નાખે છે. કોઈ વ્યક્તિ સો રૂપિયાની રેશમી કભાય-અંગરખું પણ પહેરે છે. તેઓ હાથે બેરખાં અને ઘણી વીંટીઓ પહેરે છે. તેઓ જાણે સ્વર્ગના દેવો ન હોય તેવા લાગે છે. તેઓ પગે સુંવાળી મોજડી પહેરે છે, જે અતિ નાજુક અને શ્યામવર્ણી તેમજ મજબૂત છે. તેઓ સ્નાન કરી સુગંધી દ્રવ્યોનું વિલેપન કરે છે.

કપાળે તિલક કરે છે તેમજ પાન ચાવે  છે. તેમની સ્ત્રીઓ સ્વર્ગની અપ્સરાઓ જેવી છે. તેઓ નિત્ય શૃંગાર કરે છે. તેઓ પોતાના સ્વામીની સામે બોલતી નથી અર્થાત્ તે સ્વામીની આજ્ઞા માને છે.[૭]

કવિએ અહીં ખંભાતના નાગરિકોના પગથી માથા સુધીના પહેરવેશ, તેમના શૃંગાર અને તેમના વૈભવનું વર્ણન કર્યું છે.

શ્રાવક કવિ ઋષભદાસે આ ઉપરાંત 'મલ્લિનાથ રાસ', 'ભરત બાહુબલિ રાસ' આદિ રાસ કૃતિઓમાં પોતાની જન્મભૂમિનું અતિ વિસ્તારપૂર્વક, યથોચિત અને સુરેખ વર્ણન કર્યું છે. ઉપરોક્ત વર્ણન પરથી ખંભાતની સમકાલીન પરિસ્થિતિ, તેનો વૈભવ, ત્યાનાં લોકો, તેમની રહેણીકરણી, ધાર્મિક ભાવના, પહેરવેશ, તેમનો વ્યવસાય, શ્રીમંતાઈ, ધર્મસહિષ્ણુતા, સામાજિક પરિસ્થિતિ આદિ વિષયોનું આપણને ઊંડાણપૂર્વકનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત તેમના સમકાલીન કવિઓ જયસાગરની 'વિજયસેનસૂરિ સજ્ઝાય'(ઈ.સ.૧૬૦૪) અને સ્થાનસાગરની 'અગડદત્ત રાસ' આ બે રાસકૃતિઓના માધ્યમે પણ ખંભાતની જે માહિતી પ્રાપ્ત થાય છે તે કવિ ઋષભદાસે કરેલા ખંભાત નગરીના વર્ણન સાથે સામ્યતા ધરાવે છે.

'ત્રંબાવટી નગરી અમરાપુરી જેવી છે. ત્યાં મોટાં મંદિરો, ઊંચી પોળો અને ફરતો કોટ છે. વણિકો વ્યાપાર અર્થે આ નગરીમાં આવે છે. અહીં ચોર લૂંટારાઓનું નામોનિશાન નથી. અહીં સર્વ પ્રકારની સુવિધા આપનારી, ચિત્ત હરનારી, ધર્મશાળાઓ છે, તેમજ કુબેર જેવા શ્રીમંતો છે. તેઓ અતિ પ્રેમાળ છે. તેમની પદ્મિની જેવી સ્ત્રીઓ છે. અહીંના લોકો આર્થિક રીતે સુખી હોવાથી તેમનું જીવન આનંદિત છે. સમુદ્ર માર્ગે વિવિધ કરિયાણાં લઈને વહાણો આ બંદરે લાંગરે છે. ખંભાતમાં રળિયામણી વાડીઓ, વન પ્રદેશો, અને દ્રાક્ષના મંડપો છે. પોપટનો મધુર સ્વર સંભળાય છે. કેળ, નાગરવેલ જેવી વૃક્ષલતાઓના મંડપો છે. રસ્તા પર ચંદન, ચંપક અને કેતકીનાં સુગંધી વૃક્ષો છે. આ વૃક્ષો લોકોને શીતળતા આપે છે.

ત્યાં ઈન્દ્ર વિમાનો જેવા મંદિરો અને દેવભુવનો તેમજ ગૃહસ્થોના શ્વેત રંગના અગાશીવાળાં મકાનો શોભી રહ્યાં છે. પુરુષોના મનને આકર્ષતી ગજગામિની(સુંદર ચાલવાળી) સ્ત્રીઓ ત્યાં શોભી રહી છે. ત્યાં પોત પોતાના આચાર(ધર્મ)ને પાળતા પુણ્યવંતા પુરુષો વસે છે. ત્યાં જિનમંદિરોમાં નિત્ય પૂજા રચાય છે'[૮].

ખંભાતના લોકો નૈસર્ગિક સૌંદર્યનાં શોખીન, મહેનતુ, ફળાહારી, વનસ્પતિ વિજ્ઞાનના જાણકાર તથા કલાપ્રેમી હતા, તેવું જણાય છે.

કવિએ વિવિધ રાસકૃતિઓમાં ખંભાતમાં તે સમયે વપરાતા નાણાનું વર્ણન કર્યું છે.તેમણે 'કુમારપાળ રાસ' (ઈ.સ. ૧૬૧૪)માં કહ્યું છે–

**'મહિષી સમ કો ન દુઝાણું, હેમટંકા સમ કો નહિ નાણું'**[૯]

ભેંશ જેવું ઉત્તમ દૂધ આપનારું બીજું કોઈ પશુ નથી અને હેમટંકા(સોનાના સિક્કા) જેવું બીજું ઉત્તમ નાણું નથી. આ ઉપરથી 'ટાંક' એ તે સમયમાં સોનાનો મોટો સિક્કો હોવો જોઈએ; તેથી સ્પષ્ટ થાય છે કે ખંભાત નગરી તે સમયે અતિ સમૃદ્ધ નગરી હતી. ત્યાંના શ્રાવકો ધનાઢ્ય હતા. કુમારપાળ રાસની અન્ય

કડીઓ દ્વારા પણ જણાય છે કે સત્તરમી સદીમાં ખંભાતમાં 'હુન' અને 'અભિરાંમી'[10] નામના સોનાના સિક્કાઓનું ચલણ હતું. હિંદુઓ જેને 'વરાહ' અને ફિરંગીઓ જેને 'પેગોડા' કહેતા હતા. તેને મુસ્લિમો 'હૂન' કહેતા હતા. તેની કિંમત ચાર રૂપિયાની હતી. હૂન કરતા અભિરાંમી ભારે હોવાથી તેની કિંમત સવાચાર રૂપિયા હતી. તે સમયે ખંભાતમાં 'લ્યાહારી' નામનો સિક્કો પણ વપરાતો હતો. કવિએ તેનો ઉલ્લેખ હીરવિજય સૂરિ રાસમાં કર્યો છે.

લાખ લ્યાહારી તેણે દીધી, પારેખના ગુણ ગાયરે [11]

આ ઉપરાંત મહંમૂદી(ચાંદીનો સિક્કો), રૂપિયો અને ભરૂચી નામના સિક્કાનો ઉલ્લેખ પણ હીરવિજયસૂરિ રાસ માં થયો છે.[12]

ઉપરોક્ત વિગતો પરથી તારણ કાઢી શકાય કે સોળમી સદીના પૂર્વાર્ધથી સત્તરમી સદી સુધીમાં ખંભાત શહેરમાં વિવિધ પ્રકારનાં નાણાંઓનું ચલણ હતું. તે સમયે ખંભાત ગુજરાતનું એક સમૃદ્ધ શહેર હતું. તેની ખૂબ જાહોજલાલી હતી. કવિએ પોતાની જન્મભૂમિ અને કર્મભૂમિ ખંભાત પ્રત્યેની પ્રીતિ એકથી વધુ રાસકૃતિઓમાં વિશદતાથી આલેખી છે.

ખંભાત આજે ખેડા જિલ્લામાં આવેલું નગર છે. તેના ઉત્તરે ખેડા જિલ્લાનો માતર તાલુકો, પૂર્વે બોરસદ અને પેટલાદ, તેની દક્ષિણે મહીસાગર અને ખંભાતનો અખાત તથા પશ્ચિમે સાબરમતી નદી આવેલી છે. ખંભાત પ્રાચીન સમયનું જળમાર્ગનું સિંહદ્વાર હતું. દશમી સદી પછીના પાંચ, છ સૈકામાં તેની જાહોજલાલી ખૂબ વધી. તેમાં જૈન વણિકોનો તથા દાનવીર શ્રેષ્ઠીઓનો બહુમૂલ્ય ફાળો છે. તેમણે જૈન પરંપરાને ઝળહળતી રાખી છે.

ખંભાતનો માણેકચોક વિસ્તાર પૂર્વે સાહમહીઆની પોલ-માણિકચઉકપોલ-લાડવાડો વગેરે નામથી પ્રચલિત હતો[13]. આ માણેક વિસ્તારમાં આવેલા કવિ ઋષભદાસના અગરતગરના લાકડાની કોતરણીવાળું કલાત્મક નયનરમ્ય ઘર દેરાસર આજે પણ માણેકચોકના શંખેશ્વર જિનાલયમાં વિદ્યમાન છે. શંખેશ્વર પાર્શ્વનાથનું જિનાલય હાલમાં સં-૨૦૪૩માં નિર્માણ પામ્યું છે. તે ખંભાતનાં માણેકચોકમાં ચિંતામણિ પાર્શ્વનાથ બાવન જિનાલયની જમણી બાજુની ગલીમાં આવેલું છે. આ દેરાસરમાં તેમનાં જૂના ઘર દેરાસરનો સમાવેશ કરાયો છે.

ખંભાતના માણેકચોકના રહેવાસી શ્રાવક કવિ ઋષભદાસ શેઠના ઘરમાં મૂળ કાષ્ઠ કલાયુક્ત નયનરમ્ય ઘર દેરાસર હતું. આ ઘર દેરાસરની પ્રતિમા હાલ ક્યાં છે, તેની કોઈ જાણ નથી. પણ જિનાલયના અગરતગરના લાકડાની કોતરણીવાળું પરિકર પૂર્વે માણેકચોકના ચિંતામણી પાર્શ્વનાથના બાવન જિનાલયના ભોંયરામાં પધારવામાં આવ્યું હતું અને સં-૨૦૪૩ માં અગરતગરના એ બેનમૂન કાષ્ઠ કોતરણી યુક્ત જિનાલયને સ્વતંત્ર શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય બનાવવામાં આવ્યું. તેના નાના-મોટા ૮૦૦ ભાગોને ફેવીકોલ કે ખીલી વિના જોડવામાં આવ્યા છે. તેની ઉપર નંદી, હાથી, સિંહની આકૃતિઓ કંડારેલી છે. તેના ઉપરના ભાગે ઘૂઘરાના આકારની સેર લટકાવેલ છે. તેના ઉપર મોર તથા પોપટની આકૃતિ છે. તેના ઉપરના

## કવિ ઋષભદાસનું ઘર અને તેમનું કલાત્મક ઘરદેરાસર - ખંભાત.



પટમાં મધ્યભાગે બાજોટ પર દેવીની ચતુર્ભુજ આકૃતિ છે. તેની બંને બાજુ હાથીની આકૃતિ કંડારેલી જોવા મળે છે. આ હાથીઓની બંને બાજુ દેવીઓની આકૃતિ છે. તેના ઉપરનાં ભાગમાં તોરણ છે, જેના ખૂણા બીડેલા પદ્મથી વિભૂષિત છે. તોરણની મધ્યે દેવીની ચતુર્ભુજ આકૃતિ છે. તેના ઉપરના બંને હાથમાં અનુક્રમે ગદા અને અંકુશ તથા નીચેના બંને હાથમાં અનુક્રમે અક્ષમાલ અને કમંડળ છે. તેમનું વાહન પોપટ છે. આ દેવીની બંને બાજુએ ચામર ધારિણી છે. તોરણના બંને છેડે બે દેવીઓ છે.તોરણના ઉપરના ભાગમાં વાદ્ય ઘંટોનાં શિલ્પો અલંકૃત થયેલાં જોવા મળે છે.

ગુજરાતનું વિરલ કહી શકાય એવું કાષ્ઠ કોતરણીવાળું કલાત્મક ઘર દેરાસર આજે પણ શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયની અનુપમ શોભા છે.

કવિનું ચારસો વર્ષ જૂનું ઘર ખંભાતના માણેકચોક વિસ્તારમાં હાલ પણ વિદ્યમાન છે. વળી કેટલાક વર્ષો પૂર્વે નગરપાલિકા દ્વારા (નગરસેવક અતુલ એચ. કાપડીયાના પ્રયત્નથી) તે વિભાગને 'શ્રાવક ઋષભદાસ શેઠની પોળ' એવું નામ આપ્યું છે.

## કવિ ઋષભદાસનો પરિચય :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના શિરોમણી શ્રાવક કવિ ઋષભદાસના પિતામહ ખંભાતના વીસા (પ્રાગ્વંશીય) પોરવાડ જૈન વણિક હતા. તેમના દાદાનું નામ મહીરાજ હતું. તેમની પ્રથમ રાસકૃતિ 'ઋષભદેવ રાસ'માં તેઓ પિતામહ વિષે લખે છે–

**સંઘવી શ્રી (અ) મહઈરાજ વખાણું, પ્રાગ્વંસીય વીસોઅ તે જાણું[૧૪].**

તેવી જ રીતે કવિએ 'વ્રત વિચાર રાસ'માં પણ કહ્યું છે કે,

**રાયવીસલ વડો ચ્યતુર જે ચાવડો, નગર વિસલ તિણઈ વેગી વાસ્યું[૧૫];**
**સોય નગરિ વસઈ પ્રાગ્વંસિં વડો, મહઈરાજનો સૂત તે સીહ સરીખો;**
**તેહ ત્રંબાવતિ નગરવાશિં રહ્યું , નામ તસ સંઘવી સાંગણ પેખો;**

ઉપરોક્ત પંક્તિઓ ઉપરથી જણાય છે કે વિસલદેવ ચાવડાએ ઈ.સ. ૧૦૬૦માં મહેસાણા જિલ્લામાં વિસલનગર જેનું બીજું નામ વિસનગર થયું છે તે નગર વસાવ્યું હતું. આપણા ચરિત્ર નાયક ઋષભદાસ કવિના દાદા, તે વિસનગરના વતની હતા. તેમને સંઘવી સાંગણ નામનો પુત્ર હતો. તે ત્રંબાવટી નગરીનો રહેવાસી હતો. કવિ ઋષભદાસના પિતા સાંગણ પ્રથમ વિસનગરમાં રહેતા હતા. ત્યારબાદ વેપારાર્થે ત્રંબાવટી નગરીમાં આવી વસ્યા. તેમને વ્યાપારમાં ખૂબ સફળતા સાંપડી. તેઓ શ્રીમંત બન્યા, તેથી ખંભાતમાં જ રહ્યા.

કવિ ઋષભદાસના પિતામહ મહીરાજ એક ધર્મિષ્ઠ શ્રાવક હતા. તેમણે સંઘ કઢાવી શત્રુંજય આદિ તીર્થસ્થાનોની યાત્રા કરાવી પુણ્યનાં કાર્ય કર્યા હતાં, તેથી તેમને 'સંઘવી' કે 'સંઘપતિ'નું બિરુદ પ્રાપ્ત થયું હતું. સંઘવી મહીરાજે શત્રુંજય, ગિરનાર, જૂનાગઢ, આબુ–દેલવાડાં જેવાં તીર્થસ્થાનોની યાત્રા કરી હતી. તેઓએ પ્રાગ્વંશના વેપારીઓમાં ખૂબ નામના મેળવી હતી. તેઓ સમાજમાં એક પ્રતિષ્ઠિત અને આદરણીય વ્યક્તિ

હતા. તેમણે કરેલા ઉત્તમ કાર્યોને કારણે તેઓ જન સમૂહમાં પ્રશંસનીય હતા. તેઓ ખંભાતના ખ્યાતિ પ્રાપ્ત, ધર્મ પ્રેમી શ્રમણોપાસક હતા.

જેવા સંઘવી મહીરાજ ગુણિયલ હતા તેવા જ ગુણિયલ તેમના સંતાન સાંગણ હતા. પિતાના ગુણોનો વારસો પુત્ર સાંગણમાં પણ ઊતર્યો હતો. તેમણે પણ સંઘ કઢાવી 'સંઘવી'નું ઉપનામ મેળવ્યું હતું. તેઓ પણ પિતાના સુકૃત્યોનું અનુકરણ કરી તેમના પગલે ચાલી જૈનધર્મની પ્રભાવના કરવામાં ઉદ્યમવંત બન્યા હતા. તેઓ ધાર્મિક અનુષ્ઠાનો કુશળતાપૂર્વક કરતા. તેઓ ચુસ્ત અર્હત્ ભક્ત હતા.

જેના દાદા અને પિતા ધર્મના રંગે રંગાયા હોય તેવા પરિવારના આપણા ચરિત્ર નાયક કવિ ઋષભદાસ ધાર્મિક વૃત્તિના જ હોય તેમાં કોઈ શંકા નથી. તેઓ દાદા અને પિતાની સાથે બાલ્ય અવસ્થાથી જ ગુરુભગવંતોના દર્શનાર્થે જતા હશે, તેથી પૂર્વજોનો ધાર્મિક સંસ્કારોનો વારસો કવિ ઋષભદાસને બાળપણથી મળ્યો હતો.

કવિ ઋષભદાસે 'જીવવિચાર રાસ'(સં ૧૬૭૬)માં પોતાના વડીલો દ્વારા નિત્ય કરાતી ધાર્મિક પ્રવૃત્તિનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે.

સંઘવી મહીરાજ, જે કવિના પિતામહ છે. તેમના પ્રત્યે અત્યંત અહોભાવ લાવી કવિએ તેમનો પરિચય આપ્યો છે. તેઓ વીસલનગરના પ્રાગ્વંશીય કુળના વડીલ છે. તેઓ સમ્યકૃત્વ સહિત બાર વ્રતધારી છે. તેઓ નિત્ય પ્રતિક્રમણ, પૂજા, પ્રભાવના અને પરોપકારનાં કાર્યો કરે છે. તેઓ પર્વ તિથિએ પૌષધવ્રતનું આરાધના કરે છે. તેઓ શુદ્ધ વ્યવહાર ધર્મનું પાલન કરનારા અને શાસ્ત્રના અર્થ તેમજ પરમાર્થ ને સમ્યક્ પ્રકારે જાણનાર તેઓ જૈન ધર્મના સાચા આરાધક શ્રાવક છે.

ત્યાર પછી કવિ પોતાના પૂજ્ય પિતાશ્રી વિષે પરિચય આપતાં કહે છે કે, ''મહીરાજ શ્રેષ્ઠીના પુત્ર સંઘવી સાંગણ પણ વીસલ નગરના રહેવાસી છે. જૈન ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાન અને જૈનત્વની ધુરા ચલાવનારા ધોરી શ્રાવક છે. તેઓ કદી કોઈની નિંદા, વિકથા, હાસ્ય કે મશ્કરી કરતા નથી. તેમણે જૈનોનાં બાર વ્રત ધારણ કર્યાં છે. તેઓ નિત્યે ત્રણે કાળ જિનપૂજા કરે છે. તેઓ પરસ્ત્રી કે પરધનથી દૂર રહે છે. તેઓ કોઈના પર આક્ષેપ મૂકી તેને કલંકિત બનાવતા નથી. તેઓ કદી જૂઠું બોલતા નથી તેમજ તપ, જપ કે ક્રિયાનો ભંગ કરતા નથી.[૧૬] ''

ઉપરોક્ત માહિતી ઉપરથી જણાય છે કે કવિના પિતામહ મહીરાજ અને પિતા સાંગણ સદાચારી, દૃઢધર્મી, ન્યાય-નીતિ અને પ્રમાણિકતાભર્યું જીવન જીવતા હતા. તેઓ અણુવ્રતોનું સમ્યક્ પ્રકારે પાલન કરતા હતા. તેઓ જિનાજ્ઞાના પાલક સુશ્રાવક હતા.

કવિએ આ ઉપરાંત અન્ય રાસકૃતિઓ જેવી કે 'ઉપદેશમાલા રાસ', 'કુમારપાળ રાસ' (સં.૧૬૭૦), 'ક્ષેત્રપ્રકાશ રાસ'(સં.૧૬૭૮), 'ભરત-બાહુબલિ રાસ'(સં.૧૬૭૮), 'સમકિતસાર રાસ', (સં.૧૬૭૮) આ સર્વ કૃતિઓમાં પોતાના પૂર્વજોનું સ્મરણ અત્યંત ભક્તિભાવ અને આદરપૂર્વક કર્યું છે. કવિ પોતાના પૂર્વજોનો પરિચય કરાવી તેમના પ્રત્યેની કૃતજ્ઞતા અને આદરભાવ દર્શાવે છે.

## કવિ ઋષભદાસનું જીવન અને કવન :

સંઘવી સાંગણનો સુત કવિ છે, નામ તસ ઋષભદાસ;[१७]
જનની સરૂપાદેને શિર નામી, જોડ્યો ભરતનો રાસ રે.

ભરત બાહુબલિ રાસકૃતિમાં કવિ ઋષભદાસ પોતાનો પરિચય આપતાં ઉપરોક્ત પંક્તિઓમાં દર્શાવે છે કે, ધર્માનુરાગી પિતા સાંગણ તથા માતા સરૂપાદેના સુપુત્ર ઋષભદાસ વીસા પ્રાગ્વંશીય જૈન વાણિક જ્ઞાતિમાં જન્મ્યા. જન્મથી જ ધર્મના સંસ્કારોનું સિંચન થયું. માતા અને પિતાના સંસ્કારોરૂપી વારિના સિંચનથી નાનકડા ઋષભરૂપી બીજમાં ધર્મનું વાવેતર થયું. અનુક્રમે તે ધર્મબીજ એક દિવસ વટવૃક્ષ બની ફાલ્યું. કવિએ પણ પોતાના પૂર્વજોની જેમ જીવનમાં ધર્મને પ્રથમ પ્રધાનતા આપી છે.

કવિની માતા સરૂપાદે હતાં. પ્રકાશિત રાસકૃતિઓના આધારે ફક્ત ભરત બાહુબલિ રાસકૃતિમાં જ કવિની માતાનો ઉલ્લેખ મળે છે. તે સિવાય તેમની માતા વિશે વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. કવિની ઘણી રાસ કૃતિઓ અપ્રગટ છે સંભવ છે કે તેમાં માતા વિષે વિશેષ માહિતી મળી શકે. આપણી વાચનાની કૃતિ સમકિતસાર રાસમાં પણ માતા વિષે કોઈ ઉલ્લેખ થયો નથી.

જેવી રીતે કવિની માતા વિષે કોઈ માહિતી મળતી નથી તેમ કવિની જન્મ અને મૃત્યુ સંબંધી કોઈ વિશેષ વિગત પ્રાપ્ત નથી. તેમના જીવન અને મૃત્યુ સંબંધી જે વિગતો મળે છે તે ફક્ત અનુમાનથી સ્વીકારવી પડે. કવિની સૌથી પ્રથમ રાસકૃતિ 'ઋષભદેવ રાસ' ઈ.સ. ૧૬૦૬માં રચાયેલી છે પરંતુ કવિની અન્ય રાસકૃતિઓ જેમાં રચનાસાલ પ્રાપ્ત થતો નથી, તેવી નવ જેટલી રાસકૃતિઓ છે તેમજ બીજી બે રાસકૃતિઓ પણ હોવાની સંભાવના છે, જે રાસકૃતિ ઉપલબ્ધ નથી., તેથી સંભવ છે કે બે, ત્રણ રાસકૃતિઓ ઋષભદેવ રાસ પૂર્વે પણ રચાઈ હોવી જોઈએ. આ ઉપરથી એવું અનુમાન કરી શકાય કે કવિની સાહિત્ય પ્રવૃત્તિનો આરંભ ઈ.સ. ૧૬૦૧ થી એટલે કે સત્તરમી સદીના પ્રારંભથી થયો હોવો જોઈએ. તેમની બાલ્યાવસ્થા, વિદ્યાભ્યાસ, સાહિત્ય-વાંચન અને વયપરિપક્વતા આ સર્વ માટે જીવનના પ્રારંભના પચ્ચીસ વર્ષ ગણતાં તેમણે સાહિત્ય સર્જનનું કાર્ય પોતાની વયના છવ્વીસમાં વર્ષથી કર્યું હોવું જોઈએ, તેથી તેમનો જન્મ ઈ.સ. ૧૫૭૫ની આસપાસ થયો હોવાની સંભાવના છે. કવિની રચાયેલી રાસકૃતિઓમાં પ્રાપ્ત રચના સાલના આધારે તેમની અંતિમ રાસકૃતિ 'રોહણિયા રાસ' ઈ.સ. ૧૬૩૨માં રચાઈ છે. ત્યાર પછી એક અથવા બે રાસકૃતિઓ રચાઈ હોય તેવી શક્યતા છે, તેથી તેમની સાહિત્ય લેખનની પ્રવૃત્તિ લગભગ ઈ.સ. ૧૬૩૪ સુધી ચાલી હોય એવું અનુમાન કરી શકાય.આ વિગત ઉપરથી કવિનો સ્વર્ગવાસ વહેલામાં વહેલો ઈ.સ. ૧૬૩૫ની આસપાસ થયો હોવાની સંભાવના છે.

ઉપરોક્ત વિગતોથી તારણ કરતાં કવિની જીવનમર્યાદા ઈ.સ. ૧૫૭૫ થી ઈ.સ. ૧૬૩૫ની છે., તેથી તેમનું આયુષ્ય લગભગ ૬૦ થી ૬૫ વર્ષનું હોવું જોઈએ.

કવિ ઋષભદાસ ગર્ભ શ્રીમંત હતા. તેઓ સંતોષી હતા., તેથી તેમનું જીવન આનંદિત હતું. તેમના પરિવારમાં અજ્ઞાંકિત-પ્રેમાળ પત્ની, બહેન, ભાઈઓ, બાળકો હતાં. તેમના ઘરમાં ગાય-ભેંસનું દુઝણું હતું, એ દર્શાવે છે કે તેઓ સુખી અને સમૃદ્ધ હતાં.

કવિએ વ્રત વિચારરાસમાં લખ્યું છે-

ગ્યવરી મઈહઈષી રે દીસઈ દૂઝતાં, સુરતરૂ ફલિઉ રે બાર્ય[૧૮],
સકલ પદારથ મુજ ઘરિ મિં લહયા, થિર થઈ લછી રે નાર્ય.

ગાય અને ભેંસ ઘરે દૂધ આપે છે. પશુધનના કારણે કલ્પવૃક્ષ જાણે આંગણે ખીલ્યું હોય તેવું લાગે છે. જેમ કલ્પવૃક્ષથી મનોવાંછિત સુખ મળે છે તેમ જીવનમાં સર્વ પદાર્થોની પ્રાપ્તિ થઈ છે. વળી ઘરમાં સુલક્ષણા નારી છે, તેથી મારી સર્વ મનોકામના પૂર્ણ થઈ છે.

કવિ 'હીરવિજયસૂરિ રાસ'માં સુશ્રાવકનાં લક્ષણો બતાવી પોતાને બારવ્રત ધારી શ્રાવક દર્શાવે છે.

કવિ કહે છે કે, ''હું પાંચ પ્રકારનાં (સુપાત્ર, ઉચિત, કિર્તી,અભય અને અનુકંપા) દાન આપું છું. રોજ દસ જિન મંદિરો જુહારું છું. દેરાસરમાં અક્ષત મૂકી મારા આત્માને તારું છું. મોટે ભાગે આઠમ-ચૌદસે પૌષધ કરું છું. પૌષધમાં દિવસ-રાત સ્વાધ્યાય કરું છું. વીર પ્રભુનાં વચન(વ્યાખ્યાન) સાંભળી કર્મને ભેદું છું. પ્રાયઃ વનસ્પતિને છેદતો નથી. મૃષાવાદ અને અદત્તાદાનનું પાપ કરતો નથી. વચન અને કાયાથી શિયળ પાળું છું. હંમેશાં જૈન સાધુઓને મસ્તક નમાવું છું. મેં વીસ સ્થાનક તપની આરાધના કરી છે. બે વાર ગુરુ પાસે આલોચના લીધી છે. તેના પ્રાયશ્ચિતરૂપે અઠ્ઠમ-છઠ્ઠ તપ કર્યા છે. શત્રુંજય, ગિરનાર, શંખેશ્વર આદિ તીર્થસ્થાનોની યાત્રા કરી છે. ઘણાં વિદ્યાર્થીઓને ભણાવ્યા છે. જિનેશ્વરની સામે એક પગે ઊભા રહીને નિત્ય બે માળા ગણું છું. રોજ વીસ નવકારવાળી ભગવાન સમક્ષ ઊભા રહી ગણું છું.''[૧૯]

ઉપરોક્ત માહિતી અનુસાર, જૈનદર્શન પામીને કવિ એક સુશ્રાવકને શોભે તેવી યથાર્થ ધર્મકરણી કરતા હતા. તેમનાં જીવનમાં દાન, શીયળ, તપ અને ભાવ એમ ચારે પ્રકારના ધર્મને સ્થાન મળ્યું હતું. તેઓ અરિહંતની આજ્ઞાના આરાધક શ્રાવક હતા. તેઓ ફક્ત નામધારી શ્રાવક ન હતા પરંતુ સાચા ક્રિયાશીલ શ્રાવક હતા. તેઓ પાપભીરૂ શ્રાવક હતા, તેથી બાર વ્રતોનું સમ્યક્ રીતે પાલન કરતા. તેઓ પોતાનો વધુમાં વધુ સમય શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં, વિદ્યાર્થીઓને ભણાવવામાં અને રાસ કવનમાં વ્યતીત કરતા હતા. વળી કવિએ મનની એકાગ્રતા અને આસન સિદ્ધિ પણ પ્રાપ્ત કરી હતી, તેવું પણ જણાય છે.

કવિએ પોતાની રોજનીશી સ્વપ્રશંસા માટે કે સમાજમાં પોતાને સાચા શ્રાવક કહેવડાવવા માટે કરી નથી, પરંતુ પોતાની આ નિત્ય કરણીથી પ્રભાવિત સામાન્ય જનતા ધર્મ કરવા પ્રેરાય તે માટે કહી છે. ધર્મથી જ સુખની પ્રાપ્તિ થાય છે. વળી પોતાની આવી ધર્મ પ્રવૃત્તિ વાંચીને અથવા સાંભળીને કોઈ ભવ્યજીવ આત્મકલ્યાણ માટે આરાધના કરે તો તેનું પુણ્ય કવિને થશે અર્થાત્ કવિને અનુમોદનાનો લાભ મળશે; એવું કવિ વિચારે છે. કવિ એ આ વાત પરોપકાર માટે કહી છે.[૨૦]

કવિ ઋષભદાસે નિત્ય ધાર્મિક આરાધનાનું વર્ણન કર્યું છે, તે ઉપરાંત પોતાની કેટલીક ઈચ્છાઓ 'હીરવિજયસૂરિ રાસ'માં દર્શાવી છે.

કેટલા એક બોલની ઈચ્છા કીજે, દ્રવ્ય હોત તો દાન બહુ જ દીજે. વંદી[૨૧]...
શ્રી જિનમંદિર બિંબ ભરાવું, બિંબ પ્રતિષ્ઠા પોઢિ કરાવું. વંદી...

**સંઘપતિ તિલક ભલું જ ધરાવું, દેસ-પરદેસ અમારિ કરાવું. વંદી...**
**પ્રથમ ગુણઠાણાનિ કરૂં જઈનો, કરૂં પુણ્ય સહિત નર જેહ છે હીનો. વંદી...**

કવિની અભિલાષા છે કે, દ્રવ્ય(ધન)હોય તો ઘણું દાન કરવું, જિનાલયો બનાવવા, જિનબિંબો ભરાવવા, ધામધૂમથી બિંબ પ્રતિષ્ઠા કરાવવી, સંઘ કઢાવવા, સંઘપતિનું પદ મેળવવું, દેશ વિદેશમાં અહિંસા ધર્મ પ્રવર્તાવવો, છ કાય જીવની જયણા કરવી અને જેનું ભાગ્ય હીન છે તેને પુણ્યશાળી બનાવવા.

અહીં સ્પષ્ટ થાય છે કે કવિની ઈચ્છા સંઘ કઢાવી સંઘપતિ બનવાની અને જિનાલયોમાં જિનબિંબો ભરાવવાની છે. કવિ પોતાની સંપત્તિનો સદુપયોગ કરવા ઈચ્છે છે. કવિ સાધર્મિક ભક્તિ કરવા પણ ઈચ્છે છે. અહીં એવો અર્થ પણ લઈ શકાય કે કવિ લોકોત્તર માર્ગથી અજાણ જીવોને મોક્ષમાર્ગે ચઢાવી અધ્યાત્મ માર્ગના અમીર(સમ્યક્દર્શની) બનાવવા ઈચ્છે છે.

ઉપરોક્ત સર્વ વિગતોનું દિગ્દર્શન કરતાં સ્પષ્ટ થાય છે કે કવિ ઋષભદાસના જીવનમાં જિનાચારોનું દૃઢ પાલન, જિનધર્મ પ્રત્યેની અનહદ પ્રીતિ અને શ્રદ્ધા, તાત્ત્વિક રાસકૃતિઓના આલેખન દ્વારા ધર્મ પ્રભાવના કરવાની હૃદયમાં ખુમારી, અનુકંપા અને પરોપકારની ભાવના હતી. સુદેવ, સુગુરુ અને સુધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધાનાં સંસ્કાર કવિને પોતાના માતા-પિતા તથા પિતામહ પાસેથી નાનપણમાં જ મળ્યા હતા. તે સંસ્કારોનું બીજારોપણ પોરવાડ વંશના પૂર્વજોએ કર્યું, પરંતુ તે સંસ્કારોને નવપલ્લવિત કરવાનું કાર્ય ધર્મગુરુઓએ કર્યું.

## કવિ ઋષભદાસના ગુરુ :

કવિ ઋષભદાસે 'વ્રતવિચાર રાસ'(ઈ.સ. ૧૬૧૦)માં ગુરુને સ્તવ્યા છે[૨૨] -

**જે રષિ મુનિવરમાં અતી મોટો, વિજઈસેનસુરિ રાયજી ;**
**જેણઈ અકબર નૃપ તણી શભામાં, જીત્યું વાદ વીચારીજી.**
**શવઈ શન્યાસી પંડિત પોઢા, સોય ગયા ત્યાહાં હારીજી ;**
**જઈ જઈકાર હુઉ જિનશાશન, સુરી નાંમ સવાઈજી.**
**શાહી અકબર મુખ્ય એ થાપ્યું, તો જગ માહિ વડાઈજી ;**
**તાસ પાટિ ઉગ્યુ એક દીનકર, સીલવંતમ્હાં સુરોજી.**
**વીજયદેવ સુરી નામ કહાવઈ, ગુણ છત્રેસે પુરોજી ;**
**જસ સિરિગુરુ એહેવા જઈવંતો, પૂણ્ય પરાશ તસ જાગીજી...**

ભગવાન મહાવીર સ્વામીની ૫૮મી પાટે આચાર્ય હીરવિજયસૂરી થયા. તેમણે જૈનધર્મની પ્રભાવના કરી. મોગલ બાદશાહ અકબરને જૈનધર્મ સમજાવી 'જગદ્ગુરુ'નું બિરુદ મેળવ્યું. એવા જ્યોતિર્ધર હીર વિજયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર વિજયસેનસૂરિ જે સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ હતા.

આચાર્ય વિજયસેનસૂરિએ અન્ય દર્શનના પંડિતો અને વાદીઓ સાથે ધર્મચર્ચા કરી એમને વાદમાં હરાવ્યા હતા. તેમણે જિનશાસનમાં જય જયકાર વર્તાવ્યો. સમ્રાટ અકબર બાદશાહે તેમને 'સૂરિ સવાઈ'

તરીકે નવાજ્યા. તેઓ હીરગુરુના સાચા શિષ્ય હતા. તેમના પછી તપાગચ્છની પાટે સૂર્ય સમાન તેજસ્વી, શીલવંત અને સમર્થ વિજયદેવસૂરિ નામના મુનિ થયા. તેઓ સાધુના છત્રીસ ગુણોથી યુક્ત હતા. અંતે કવિ કહે છે કે આવા પ્રભાવશાળી સંતોના આશીર્વાદ મસ્તકે હોવા તે પણ પ્રખર પુણ્યોદય છે. તપગચ્છના સમર્થ સાધુ ભગવંતોની પરંપરા પોતાને પ્રાપ્ત થઈ, તેથી કવિ પોતાની જાતને ધન્યાતિધન્ય સમજે છે.

કવિની સૌથી દીર્ઘ રાસકૃતિ 'કુમારપાળ રાસ' જેમાં કવિએ જણાવ્યું છે કે વિજયસેનસૂરિએ તેમને બાલ્યાવસ્થામાં અને યુવાનીમાં શાસ્ત્રાભ્યાસ કરાવ્યો હતો. કવિ દ્વારા લખાયેલી કૃતિઓમાંથી 'કુમારપાળ રાસ'ને ગુરુભગવંતોએ જોઈ અને બુદ્ધિપૂર્વક વિચારીને તપાસી આપી હતી, જે વિજયસેનસૂરિના સ્વર્ગવાસથી એક વર્ષ પૂર્વે લખાયેલી છે.[૨૩] અહીં સ્પષ્ટ થાય છે કે કવિની લેખન પ્રવૃત્તિમાં વેગ લાવવામાં સાધુ ભગવંતોનો પણ સહયોગ હતો.

કવિની અપ્રકાશિત રાસકૃતિ નવતત્ત્વરાસ જેની આદિ અને અંતની કડીઓ દ્વારા જણાય છે કે કવિ ઋષભદાસના દાદા મહીરાજ સંઘવી વિજયાનંદસૂરિના શિષ્ય હતા[૨૪]. સંભવ છે કે કવિ ઋષભદાસ પોતાના દાદા મહીરાજ સંઘવી સાથે મુનિ ભગવંતોના દર્શનાર્થે જતા હશે અને તેમની પાસે ધાર્મિક ક્રિયાઓ કરતા હશે. કવિએ બાલ્યવસ્થામાં કોઈ શાળામાં શિક્ષણ મેળવ્યું હશે, પરંતુ સંસ્કૃત ભાષા અને શાસ્ત્રોનું જ્ઞાન ગુરુભગવંતો પાસેથી મેળવ્યું હશે.

સંવત ૧૬૫૨માં જૈનાચાર્ય હીરવિજયસૂરિના અવસાન પછી તેમની પાટે વિજયસેનસૂરિ આવ્યા. તેમની પાસે કવિએ શાસ્ત્રોનું અધ્યયન અને ગૂઢ સિદ્ધાંતોનું રહસ્ય મેળવ્યું હતું, તેથી તેમના પ્રત્યે કવિને અહોભાવ હતો, તેવું ભરત બાહુબલિ રાસમાં જણાય છે. તેમણે તે રાસમાં 'તે જયસિંહ ગુરુ માહરો રે' એવું પણ લખ્યું છે[૨૫]; જયસિંહ તે વિજયસેનસૂરિનું મૂળનામ હતું. હીરવિજયસૂરિ પોતાના શિષ્ય વિજયસેનસૂરિને 'જેશંગ' નામથી બોલાવતા હતા.

કવિ ઋષભદાસે હીરવિજયસૂરિ રાસમાં ગુરુનું નામ તથા ગુરુની મહત્તા દર્શાવી ભક્તિ કરી છે.

શ્રી ગુરુનામે અતિ આનંદ, વંદુ વિજયાણંદ સૂરીંદ[૨૬];
નામ જંપતા સુખ સબલું થાય. વંદી...
તપગચ્છના નાયક ગુણ નહિ પારો;
પ્રાગ્વંશ હુઓ પુરુષ તે સારો. વંદી...
સાહ શ્રીવંત કુલે હંસ ગયંદો;
ઉદ્યોત કારી જિમ દિનકર-ચંદો. વંદી...
લાલબાઈ સુત સીહ સરીખો;
ભવિક લોક મુખ ગુરુનું નીરખો. વંદી...
ગુરુ નામે મુજ પહોતી આસો;
હીરવિજયસૂરિનો કર્યો રાસો. વંદી...

''જેમનું નામ સ્મરણ અત્યંત સુખદાયક છે એવા વિજયાનંદસૂરિને વંદન કરું છું. તેઓ તપગચ્છનાયક

છે. એમના ગુણનો પાર નથી. પોરવાડ વંશમાં એ ઉત્તમ પુરુષ થયા. તે શાહ શ્રીવંતના કુળમાં હંસ અને ગજેન્દ્ર સરખા ધીર અને ગંભીર છે. સૂર્ય ચંદ્ર સમાન ઉદ્યોતકારી (ધર્મરૂપી પ્રકાશ કરનારા) છે. લાલબાઈ માતાના પુત્ર સિંહ સમાન શૂરવીર છે. તેમના પગલાં પડતા મિથ્યાત્વરૂપી હરણિયા દૂર ભાગે છે. ગુરુનામે મારી આશા પૂર્ણ થઈ. મેં હીરવિજયસૂરિનો રાસ રચ્યો છે.''

કવિએ અહીં ભવ્ય જીવોને ગુરુતત્ત્વમાં શ્રદ્ધા કરવાનું કહ્યું છે. કવિ સ્વયં ગુરુતત્ત્વમાં અનન્ય શ્રદ્ધા ધરાવે છે; એવા ભાવ વ્યક્ત કરે છે. તેમણે હંસ, ગજેન્દ્ર, સૂર્ય, ચંદ્ર જેવી શ્રેષ્ઠ વસ્તુઓ સાથે ગુરુની સરખામણી કરે છે.

જેમ ગૌતમ સ્વામી અને ભગવાન મહાવીર બંને ગુરુ-શિષ્યની જોડી હતી તેમ હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિ આ બંને ગુરુ-શિષ્યની જોડી હતી. ગૌતમ સ્વામીને પ્રભુ વીર પ્રત્યે અનહદ પ્રેમ હતો તેમ વિજયસેનસૂરિને પોતાના ગુરુ હીરવિજયસૂરિ પ્રત્યે અનહદ પ્રેમ હતો,, તેથી કવિ ઋષભદાસે [૨૭] 'સ્થૂલિભદ્ર રાસ'માં જ્ઞાની ગુરુ-શિષ્યની જોડીને ગૌતમ સ્વામી અને ભગવાન મહાવીર સ્વામીની ઉપમા આપી છે.

જીવત સ્વામી રાસ(ઈ.સ. ૧૬૨૬)માં કવિએ પોતાના ગુરુ તરીકે વિજયદેવસૂરિનું નામ નોંધ્યું છે. આ એક જ રાસકૃતિમાં તેમણે વિજયદેવસૂરિનું નામ આલેખ્યું છે જે ખાસ નોંધનીય છે.

**ગછતપા સુવિહિત મુનિરાઈ, વિજયદેવસૂરિ પ્રણમું પાઈ;** [૨૮]
**શીલવંત સંયમનો ધારી, જનમ લગઈ છે તે બ્રહ્મચારી.**

કવિએ અહીં વિજયદેવસૂરિને તપગચ્છના સુસંચાલક મુનિરાજ કહ્યા છે તેઓ શીલવંત સંયમધારી અને બાલ બ્રહ્મચારી છે.

કવિ આગળ કહે છે કે, બારવ્રતધારી સંઘવી સાંગણ તેમનો શ્રાવક હતો. આ રાસકૃતિમાં વિજયદેવ સૂરિને 'સુવિહિત મુનિરાઈ' કહ્યા અને 'પટોધર' તરીકે વિજયાનંદસૂરિનો ઉલ્લેખ કર્યો છે; તે ઉપરથી જણાય છે કે તે સમયે તપગચ્છના પટોધર તરીકે વિજયાનંદસૂરિ હોવા છતાં જૈન સંઘમાં વિજયદેવસૂરિ પ્રતિષ્ઠિત અને પૂજનીય શ્રમણ હતા. ઈ.સ. ૧૬૧૫ પછીની બધી જ રાસકૃતિઓમાં કવિએ તપગચ્છ નાયક તરીકે વિજયાનંદ સૂરિનો ઉલ્લેખ કર્યો છે. એક 'જીવતસ્વામી રાસ' તેમાં અપવાદરૂપ છે. તેમાં વિજયદેવસૂરિને તપગચ્છના સંચાલક કહ્યાં છે. આ વિજયદેવસૂરિ જૈનધર્મના પ્રભાવક મહાત્મા હતા. તેમને મોગલ નરેશ જહાંગીર તરફથી 'મહાતપા'નું બિરુદ અપાયું હતું. કવિ ઋષભદાસે વિજયસેનસૂરિના શિષ્યો વિજયતિલકસૂરિ અને વિજયાનંદસૂરિ પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો છે.

શ્રાવક કવિ ઋષભદાસ શીલવંત અને ચારિત્રવંત ધર્મગુરુના પ્રભાવથી પ્રભાવિત થયા. તેમના તરફની ભક્તિથી પ્રેરાઈ કવિએ સાહિત્ય લેખનની પ્રવૃત્તિ શરૂ કરી તેમજ તે સમયનું શાંતિમય અને અનુકૂળ રાજકીય વાતાવરણ કાવ્યસર્જન માટે પ્રેરણાદાયક બન્યું. મધ્યકાલીન સાહિત્યના વિકાસમાં શ્રાવક કવિ ઋષભદાસનું યોગદાન અવિસ્મરણીય છે. તેનું સબળ અને વાસ્તવિક કારણ તેમની ગર્ભ શ્રીમંતાઈ, સંસ્કારી કુટુંબ, ધર્મિષ્ઠ અને સાહિત્ય પ્રેમી પરિવાર તથા સત્સંગ છે. કવિ એક ગૃહસ્થ હતા, તેથી તેમને કુટુંબની

જવાબદારી હોય તેમજ વ્યાપારમાં વ્યસ્ત પણ હોય તે સ્વાભાવિક છે પરંતુ શ્રાવક કવિ ઋષભદાસ સંતોષી હતા. તેમણે ધન કરતાં ધર્મને જીવનમાં પ્રમુખ સ્થાન આપ્યું છે. તેઓએ વ્યાપાર અને કુટુંબ વ્યવસ્થાની જવાબદારી સુપાત્ર અને વિશ્વાસુ માણસોને સોંપી હોવી જોઈએ. તેમણે વ્યાપાર ક્ષેત્રે નિવૃતિ મેળવી હશે, જેના કારણે સાહિત્ય લેખન ઈત્યાદિ પ્રવૃતિમાં પોતાનો અમૂલ્ય સમય આપી શક્યા હશે.

કવિની કવિત્વ શક્તિ માટેના ઉપરોક્ત કારણો સિવાય એક અગત્યનું કારણ કવિને માતા સરસ્વતીની અસીમ કૃપા હતી. કવિ ઋષભદાસે આચાર્ય વિજયસેનસૂરિના સહવાસથી કોઈ રીતે સરસ્વતી માતાની કૃપા મેળવી હતી. તેમણે સંખ્યાબંધ કૃતિઓ રચી ગુર્જર સાહિત્યની સેવા કરી છે. તેમણે પોતાની ઉપલબ્ધ દરેક કૃતિમાં માતા સરસ્વતીને સ્તવ્યા છે. 'હીરવિજય સૂરિ રાસ'માં પ્રારંભના દુહામાં દોહરા છંદમાં વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીનાં સોળ પર્યાયવાચી નામો આલેખી પોતાની તેમના તરફની શ્રુત ભક્તિ દર્શાવી છે. કવિ તેમના સાનિધ્ય માટે, તેમની કૃપા મેળવવા પ્રાર્થના કરે છે. કવિએ 'વ્રત વિચાર રાસ'માં પણ બ્રહ્મપુત્રીનો મહિમા ગાયો છે.

કવિ ઋષભદાસ સરસ્વતીદેવીના પરમ ભક્ત, અનન્ય ઉપાસક હતા. માતા સરસ્વતીની કૃપાથી કવિએ કવનકાળના ૩૪ વર્ષોમાં પુષ્કળ સાહિત્ય રચનાઓ કરી છે. જે રચનાસાલ અને ગુણવત્તાની દ્રષ્ટિએ અવિસ્મરણીય છે. તેમણે વિપુલ સાહિત્ય સર્જન દ્વારા મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

## કવિની રાસકૃતિઓ વિષે સંક્ષેપમાં પરિચય:

કવિ ઋષભદાસની સર્વ પ્રથમ ધર્મવીરની પ્રરૂપણા કરતી કૃતિ ઋષભદેવરાસ ઈ.સ. ૧૬૦૬(ઢાળ-૧૧૮,ગા-૧૨૭૧)માં રચાઈ છે, જેમાં જૈનોના ચોવીસ તીર્થંકર પૈકી પ્રથમ તીર્થંકર આદિનાથ-ઋષભદેવનું ચરિત્ર ચિત્રણ થયું છે. તે પછી વ્રત વિચારરાસનું પ્રતિપાદન થયું છે, જે ઈ.સ. ૧૬૧૦(ગા-૮૬૨)માં રચાયો છે. આ રાસમાં શ્રાવકના બાર વ્રત અને સમ્યકૃત્વનું સ્વરૂપ કવિએ વિસ્તારપૂર્વક વર્ણવેલું છે. ત્યારબાદ કવિની ઉપલબ્ધ કૃતિ ઈ.સ.૧૬૧૨ રચાઈ છે, જે સ્થૂલિભદ્રરાસ (ગા-૭૨૮)તરીકે પ્રખ્યાત છે. તેમાં શીલનો મહીમા ગાયો છે તેમજ સ્થૂલિભદ્ર અને રૂપકોશાના જીવન પ્રસંગોનું કવિએ આલેખન કર્યું છે. ઈ.સ. ૧૬૧૧માં નેમિનાથ નવરસો સ્તવન રચાયું, જેમાં નેમ રાજુલના ભૌતિક અને આધ્યાત્મિક જીવનનું નિરૂપણ થયું છે. ઈ.સ. ૧૬૧૪માં અજાકુમારનો રાસ(ગા-૫૬૯) અને કુમારપાળ રાસ આ બંને રાસકૃતિઓ એક જ વર્ષમાં રચાઈ છે. કુમારપાળ રાસ એ મધ્યકાલીન યુગની દીર્ઘતમ કૃતિ છે, જે રાસ ૪૬૯૯ જેટલી કડીઓમાં વિસ્તૃત થયું છે રાજા કુમારપાળને મળેલું પાટણનું રાજ્ય અને સમર્થ ગુરુ હેમચંદ્રાચાર્યનાં સત્સંગથી કુમારપાળે સ્વીકારેલો જૈન ધર્મ તેમજ જૈન ધર્મના પ્રચાર માટે કરેલા શુભ કાર્યો આદિનું સુરેખ વર્ણન કવિએ આ રાસમાં કર્યું છે. કવિએ ઈ.સ. ૧૬૨૦માં જીવવિચાર રાસ (૫૦૨-કડીનો)રચ્યો છે; જેમાં જૈન ધર્મના મુખ્ય બે તત્ત્વ જીવ અને અજીવ તત્ત્વની વાત કહી છે. કવિએ જીવોનું સ્વરૂપ બતાવી, જીવદયાને સર્વ ધર્મમાં સર્વોપરી, શ્રેષ્ઠ દર્શાવેલ છે. કવિએ ઈ.સ. ૧૬૨૦માં નવતત્ત્વ રાસ (કડી-૮૧)ની રચના કરી છે; જેમાં જીવ, અજીવ,

પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવતત્ત્વનું સ્વરૂપ બતાવેલ છે. પુણ્યની મહત્તા અને સમ્યક્ દર્શનની પ્રાપ્તિ માટે તત્ત્વશ્રદ્ધા અનિવાર્ય છે. કવિએ ઈ.સ. ૧૬૨૨ માં ભરત-બાહુબલિ રાસ(ઢાળ-૮૩, ગા-૧૧૧૬) રાસ રચ્યો છે; જેમાં ભગવાન ઋષભદેવના જ્યેષ્ઠ પુત્ર ભરત અને ભરતના નાના ભાઈ બાહુબલિના પૂર્વભવોનાં વૃત્તાંતથી તેમજ ઉપકથાઓના વિનિયોગથી વિસ્તાર પામેલી આ કૃતિ છે. તેના દ્વારા મોહ કર્મ સાથે ભાવ યુદ્ધ કરી મુક્તિ પ્રાપ્ત કરવાનો બોધ અપાયો છે. ત્યાર બાદ ઈ.સ. ૧૬૨૨ માં આપણી રાસકૃતિ સમકિતસાર રાસ(કડી-૮૭૯)ની રચના થઈ છે. સમ્યક્ત્વ એ સંસારથી તરવામાં નૌકા સમાન છે. તે ધર્મનું મૂળ છે, તેથી તેનું જતન કરવાની કવિ હિતશિક્ષા આપે છે. ઈ.સ.૧૬૨૨માં બીજી રાસકૃતિ રચાઈ જેનું નામ ક્ષેત્રપ્રકાશ રાસ (કડી-૫૮૪) છે; જેમાં ભૂગોળના વિષયોનું આલેખન છે તેમજ તેમાં ચૌદ રાજલોક, અસંખ્યતા દ્વીપ અને સમુદ્રો, દેવલોક, નારકી આદિ ક્ષેત્રનો પરિચય તથા ભૌગોલિક વિષયોની ચર્ચા કરી છે. કવિએ અહીં પોતાની શાસ્ત્રોક્ત વિદ્વતા દર્શાવી છે. ત્યારબાદ કવિએ ઈ.સ.૧૬૨૬ માં હિતશિક્ષા રાસ (કડી-૧૮૬૨) રચ્યો છે; જેમાં જીવનને ઉપયોગી વિગતોનું જ્ઞાન મળે છે. તેમાં માર્ગનુસારીના ૩૫ બોલનું વર્ણન કર્યું છે. કવિએ ઈ.સ. ૧૬૨૬ માં સાકાર ભક્તિરૂપે પૂજા વિધિ રાસ(લગભગ ૫૭૧ કડી) રચ્યો છે. આ ઉપરાંત ઈ.સ.૧૬૨૬માં જીવતસ્વામીનો રાસ(૨૨૩ કડી), ઈ.સ. ૧૬૨૬માં શ્રેણિક રાસ(૧૮૩૯ કડી), ઈ.સ.૧૬૨૭માં કયવન્ના રાસ (૨૮૪ કડી) ખરતરગચ્છ અને તપગચ્છના વિખવાદને ટાળવા વિજયદાનસૂરિની ૭ આજ્ઞાઓમાં ૫ ઉમેરી હીરવિજયસૂરિએ ૧૨ આજ્ઞાઓ જાહેર કરી તેને વર્ણવતો ઈ.સ.૧૬૨૮માં હીરવિજયસૂરિનો બાર બોલનો રાસ(૨૯૪ કડી), ઈ.સ. ૧૬૨૯માં મલ્લિનાથ રાસ(૨૯૫ કડીનો), ઈ.સ.૧૬૨૯માં હીરવિજયસૂરિ રાસ(કડી-૩૧૩૪), ઈ.સ.૧૬૨૯માં વીસ સ્થાનકતપ રાસ, ઈ.સ. ૧૬૩૧માં અભયકુમાર રાસ(૧૦૦૫ કડી), ઈ.સ. ૧૬૩૨માં રોહણિયા મુનિ-રાસ રચ્યો છે. આ ઉપરાંત ઈ.સ.૧૬૧૨માં બાર આરા સ્તવન, ઈ.સ.૧૬૧૧માં આદિશ્વર વિવાહલો, ઈ.સ. ૧૬૨૬માં ચોવિસ જિન નમસ્કાર જેવી રાસકૃતિઓ રચી છે.[૨૯]

કવિ ઋષભદાસે પોતાનું સમગ્ર જીવન સાહિત્ય સર્જનની સેવામાં પસાર કર્યું છે.

## નમ્રતા અને લઘુતા :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપનાર શ્રાવક કવિ ઋષભદાસ સત્તરમી સદીમાં થયા હતા. તેમના અનુગામી મહાકવિ પ્રેમાનંદ, શામળશાહ, નર્મદાશંકર અને દયારામ જેવા જૈનેત્તર કવિઓની પંક્તિમાં તેઓ બિરાજે છે. જૈન કવિઓમાં તેમનું સ્થાન તેમના સમકાલીન મહાકવિઓ નયસુંદર અને સમયસુંદરની સમકક્ષાએ આવે છે.

કવિ નયસુંદરનો જીવનકાળ ઈ.સ. ૧૫૪૨ થી ઈ.સ. ૧૬૧૩ સુધીનો છે. કવિ સમયસુંદરનો જીવનકાળ ઈ.સ. ૧૫૫૪ થી ઈ.સ. ૧૬૪૪ સુધીનો છે અને કવિ ઋષભદાસનો જીવનકાળ ઈ.સ. ૧૫૭૫ થી ઈ.સ. ૧૬૩૫ સુધીનો છે. આ ત્રણે કવિઓ વચ્ચે થોડા થોડા સમયનું અંતર છે. પ્રથમ કવિ નયસુંદર,

ત્યારબાદ કવિ સમયસુંદર અને ત્યાર પછી કવિ ઋષભદાસ થયા છે. કવિ ઋષભદાસ કવિ નયસુંદર પછી તેત્રીસ વર્ષે, કવિ સમયસુંદર પછી એકવીસ વર્ષે થયેલા ગણાય. આ ત્રણે વિદ્વાન કવિઓ સમકાલીન છે.

કવિ ઋષભદાસે સમકાલીન કવિઓ આગળ પોતાની લઘુતા દર્શાવી છે. તેઓ મહાન કવિઓની સ્તુત્ય પ્રણાલિકાને અનુસર્યા છે.

પ્રો.ડૉ. વાડીલાલ જીવાભાઈ ચોકશી કહે છે, જેમ નયસુંદર માણિકચદેવને 'વરશાલિ'(ઉત્તમ ડાંગર) અને પોતાને 'કંગુ'(હલકી જાતના ડાંગર) સાથે સરખાવી પોતાની લઘુતા દર્શાવે છે[૩૦] તેવી જ રીતે કવિ ઋષભદાસે 'હીરવિજયસૂરિ રાસ'માં મોટા કવિઓને વિવિધ ઉપમાઓ આપી સ્તવ્યા છે.

"વિદ્વાન કવિઓના નામ સ્મરણથી આનંદ થાય છે. તમે તો મોટા કવિઓ છો. તમે પૂજન કરવા યોગ્ય છો. તમારી સમક્ષ હું તો મૂર્ખ છું. તમે બુદ્ધિના સાગર છો. ક્યાં વિરાટકાય હાથી અને ક્યાં અલ્પકાય વાછરડું ? ક્યાં ખાસડું અને ક્યાં ચીર ? ક્યાં બંટીની રાબડી અને ક્યાં ઘી-સાકરને ખીર ? છીપલું ચંદ્રની અને આગિયો સૂર્યની બરોબરી ન કરી શકે. ક્યાં કલ્પવૃક્ષ અને ક્યાં ખીજડો(કાંટા વાળું વૃક્ષ) ? ક્યાં વાવ અને ક્યાં ગંગાનું પૂર ? નામ સરખાં હોય, તેથી શું થયું ? નામથી અર્થ સરતો નથી. જગતમાં રામ નામધારી ઘણા વ્યક્તિ હોય. હાથીના ગળે ઘંટ હોય અને બળદના ગળે પણ ઘંટ હોય પણ, તેથી હાથીની તોલે બળદ ન આવી શકે. લંકાનો ગઢ અને અન્ય નગરનો ગઢ બન્ને કોટ કહેવાય પરંતુ જેટલું ઘઉં અને બાજરીના લોટમાં અંતર છે તેટલું તેમાં અંતર છે[૩૧]."

કવિ ઋષભદાસે મહાન કવિઓને ઉત્તમ કક્ષાના દર્શાવી પોતાને નિમ્ન કોટિના દર્શાવે છે.

કવિ ઋષભદાસે હીરવિજયસૂરિ રાસમાં પ્રારંભમાં જૈન સંસ્કૃત ભાષાના વિદ્વાન કવિઓને સ્મર્યા છે[૩૨].

કવિએ વિદ્વાન સંતો (કવિઓ) પ્રત્યે વિનય ગુણ દર્શાવ્યો છે કારણ કે તેમના જીવનમાંથી કવિને કાવ્ય સર્જનની પ્રેરણા મળી છે. કવિ પોતાની લઘુતા દર્શાવતા 'વ્રત વિચાર રાસ'માં કહે છે કે;

> કવિ કો દોષ મ દેખજ્યુ, હું છુ મૂઢ ગમાર[૩૩].
> આગઈના કવી આગલિં, હું નર સહી અગ્યનાન;
> સાયર આગલિ બ્યંદૂઉં, સ્યું કરસઈ અભિમાંન.

કવિ સ્વયંને મૂઢ અને ગમાર કહે છે. તેઓ પૂર્વના કવિઓની બરોબરીમાં અલ્પ બુદ્ધિશાળી છે; એવો ભાવ વ્યક્ત કરે છે. તેઓ પૂર્વના કવિઓને સાગરની ઉપમા આપે છે અને પોતાને બિંદુની ઉપમા આપે છે. જેમ સાગર આગળ પાણીના એક બિંદુની કોઈ વિસાત નથી તેમ મહાન કવિજનોની હરોળમાં પોતે તુચ્છ છે, જેની કોઈ કિંમત નથી.

આપણા અભ્યાસનો વિષય 'સમકિતસાર રાસ' જેમાં કવિએ પોતાને દાસ કહ્યા છે.

> આગિ જે કવિ હૂઆ વડેરા, હું તસ પગલે દાસજી[૩૪].

તેમજ ક્ષેત્ર પ્રકાશ રાસ (ઈ.સ. ૧૬૨૨) માં કવિ કહે છે–

''મારાથી જે કોઈ શ્રેષ્ઠ વાત કહેવાય અને લોકોમાં પ્રશંસનીય બને તો તેમાં મારી મોટાઈ નથી. એ ગુરુકૃપાનું ફળ છે[૩૫].''

કવિ 'સુમિત્ર રાજર્ષિ રાસ'(ઈ.સ. ૧૬૧૨) અને 'અજાકુમાર રાસ'(ઈ.સ. ૧૬૧૪) આ બંને રાસમાં સ્વયંને મોટા કવિજનોની ચરણરજ સમાન ગણે છે. પોતાની પાસે જે કવિત્વ શક્તિ ખીલી છે તે ગુરુસેવાથી પ્રગટ થઈ છે.

કવિએ 'નવતત્ત્વ રાસ' (ઈ.સ. ૧૬૨૦) અને 'ભરત-બાહુબલિ રાસ' (ઈ.સ. ૧૬૨૨)માં પણ મહાન કવિઓને ઉપમા આપી સ્તવ્યા છે[૩૬].

ચંદન અને ભાજી બંનેના ઝાડને વૃક્ષ કહેવાય પરંતુ તે બંનેમાં ખૂબ અંતર છે, ગરુડ અને ચકલી બંને પક્ષી કહેવાય પરંતુ તે બંનેના પરાક્રમ (તાકાત)માં અંતર છે, મહાનગર અને ગામડું બંને ગામ કહેવાય પરંતુ વિસ્તાર અને વસતિની દૃષ્ટિએ તેમાં ફરક છે તેમ હેમ અને પીત્તળ બંને વર્ણે પીળા છે છતાં બંનેના ગુણો જુદા જુદા છે તેમ તીર્થંકર અને છદ્મસ્થ બંને માનવ કહેવાય છતાં જ્ઞાનની દૃષ્ટિએ બંનેમાં ઘણું અંતર છે.

કવિએ અહીં લોકભાષામાં સમાન અર્થવાળી વસ્તુઓ દર્શાવી તેના ગુણોમાં આસમાન જમીનનો તફાવત દર્શાવ્યો છે. આ દ્રષ્ટાંતો દ્વારા કવિની લૌકિક જ્ઞાનની પ્રતિભા ઝળકે છે. આ દ્રષ્ટાંતો દ્વારા કવિ દર્શાવે છે કે પૂર્વે જે શકિતશાળી અને સમર્થ કવિઓ થયા તેમજ તેમના સમકાલીન સમર્થ કવિઓ છે, તેમની તુલનામાં પોતે કવિત સર્જનમાં અતિ અલ્પ શક્તિશાળી છે ;, તેથી તેમની બરોબરી કદી ન કરી શકે.

કવિએ કુમારપાળરાસમાં તેમના પૂર્વે થઈ ગયેલા કવિઓ અને સમકાલીન કવિઓનું નામ સ્મરણ કરી નમ્રતા(લઘુતા) દર્શાવી છે.

**આગિં જે મોટા કવિરાય, તાસ ચરણરજ ઋષભાય[૩૭] ;**
**લાવણ્ય લીંબો ખીમો ખરો, સકલ કવિની કીરતિં કરો.**
**હંસરાજ, વાછો, દેપાલ, માલ, હેમની બુદ્ધિ વિશાલ;**
**સુ સાધુ હંસ, સમરો, સુરચંદ, શીતલ વચન જિમ શારદચંદ.**
**એ કવિ મોટા બુદ્ધિ વિશાલ, તે આગલિં હું મુરખ બાળ;**
**સાયર આગલિ સરોવર નીર, કસી તોડી આછાણનિં નીર.**

કવિ કહે છે કે, પૂર્વના કવિઓની સમક્ષ હું તેમની ચરણરજ સમાન છું. કવિ લાવણ્યસમય (ઈ.સ. ૧૪૬૫ થી ૧૬મી સદીના પૂર્વાર્ધ સુધી), કવિ લીંબો (શ્રાવક ગૃહસ્થ કવિ-સોળમી સદી, ઈ.સ. ૧૬૯૦ સુધીમાં), કવિ ખીમો (શ્રાવક ગૃહસ્થ કવિ, સોળમી સદી), સકલચંદ્ર (તપગચ્છના સાધુ, ઈ.સ. સોળમી સદીના ઉત્તરાર્ધથી, ઈ.સ. ૧૭મી સદીના પૂવાર્ધ સુધી), આ સર્વ કવિઓની પ્રશંશા કરો. કવિ હંસરાજ (સાધુ કવિ, સોળમી સદી, હીરવિજયસૂરિના શિષ્ય), કવિ વચ્છ (વાછો) (શ્રાવક કવિ વચ્છ ભંડારી, પંદરમી સદી, ઈ.સ. ૧૪૧૫), કવિ દેપાલ (પ્રસિદ્ધ કવિ ભોજક દેપાલ - પંદરમી સદી), કવિ માલદેવ (બાલ મુનિ, સોળમી સદીના સમર્થ જૈન ગુજરાતી કવિ), કવિ હેમ (હેમરત્નસૂરિ, ઈ.સ. ૧૫૨૮ થી ૧૫૯૧ સુધી) આ સર્વ મહાન કવિઓ તીવ મેધાવી હતા. સાધુ હંસમુનિ (પંદરમી સદી), કવિ સમરચંદ (સોળ અને સત્તરમી સદીના,

પાર્શ્વચંદ્રસૂરિના શિષ્ય, અને મેઘરાજ કવિના ગુરુભાઈ), કવિ સૂરચંદ (સત્તરમી સદીનો પૂર્વાર્ધ), કવિ સમયો (કવિ સમયસુંદર - સત્તરમી સદીના પૂવાર્ધના).

કવિ ઋષભદાસ ઉપરોક્ત સર્વ કવિઓને મહાન અને બુદ્ધિશાળી ગણે છે. તેમની પાસે પોતે મૂર્ખ બાળક જેવા છે. સાગર પાસે સરોવરના પાણીની શી વિસાત હોય ? છાણ અને ખીરની કદી તુલના થાય ?

આ પ્રમાણે કવિ કુમારપાળ રાસમાં પંદરમી, સોળમી અને સત્તરમી સદીઓના સર્વ જૈન ગુજરાતી કવિઓનો માનપૂર્વક ઉલ્લેખ કરી વિનયભાવ દર્શાવે છે ; જે તેમની મહાનતા છે.

## સાહિત્ય લેખનનો હેતુ :

જૈન સાધુઓની જેમ કવિ ઋષભદાસે સ્વ-પર ઉપકાર અને સામાન્ય માનવીના બોધ માટે જ સાહિત્ય કૃતિ લખી છે એવું 'કુમારપાળ રાસ'માં કહ્યું છે-

**પર ઉપકાર નિજ સુખની કામ, કીયો રાસ પંડિત સીર નામ** [૩૮] ;

તેવીજ રીતે હીરવિજયસૂરિ રાસમાં પણ કવિ કહે છે-

**પુણ્ય માટે લખી સાધુનિં દીધાં** [૩૯] ;

ગીત સ્તુતિ આદિ રચનાઓ કરી પુણ્ય અર્થે સાધુઓને ભેટ ધર્યા.

અગિયારમી સદીમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે તેમના સહાયક રાજા કુમારપાળ આદિ દ્વારા જૈન સંસ્કૃતિ અને વિદ્યાનો એક સર્જક યુગ સ્થાપ્યો. તે કાળક્રમે અસ્ત પામ્યો. ત્યાર પછી લાંબા ગાળા બાદ અકબર અને હીરવિજયસૂરિના સહયોગથી ગુજરાતી સંસ્કૃતિના જૈન વિભાગમાં જોમ આવ્યું. આ જૈન ગુજરાતી સંસ્કૃતિ સોળમા અને સત્તરમા શતકમાં ફરીથી નવપલ્લવિત બની. આપણી અભ્યાસની રાસકૃતિના સર્જક કવિ ઋષભદાસ આ જ અરસામાં થયા. તેમનો પરિવાર આ સાધુ કવિઓના નિકટમાં હોઈ તેમને ધર્મગુરુઓ તરફથી પૂરતું પ્રોત્સાહન પણ મળતું રહ્યું. આ રીતે કાવ્ય સર્જનને પુષ્ટિ મળતાં પુષ્કળ સાહિત્ય આ યુગને ભેટમાં મળ્યું. ગુજરાતી સાહિત્યને એક બળવાન અને લોકપ્રિય કવિ મળ્યા.

કવિએ કાવ્ય સર્જનની શક્તિ દ્વારા વિવિધ કાવ્ય સ્વરૂપોમાં પોતાની લેખની ચલાવી. આપણને કાવ્યસ્વરૂપના વિવિધ ક્ષેત્રે તેમની બુદ્ધિમતા, બહુશ્રુતતા અને સર્જન પ્રતિભાનાં દર્શન થાય છે.

## કવિ ઋષભદાસની કૃતિઓનો પરિચય :

કવિના સાહિત્ય વૈભવનો પરિચય કરાવતી 'હીરવિજયસૂરિ રાસ'ની પંક્તિઓ દર્શાવે છે-

**તવન અઠાવન ચોત્રીસ રાસો, પુણ્ય પસાયો દીઈ બહુ સુખ વાસો** [૪૦] ;

**ગીત થૂઈ નમસ્કાર બહુ કીધા, પુણ્ય માટિ લખી સાધૂનિં દીધા...**

આ પંક્તિઓ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે કવિ ઋષભદાસે ૫૮ સ્તવનો, ૩૪ રાસકૃતિઓની રચના કરી છે. તે ઉપરાંત અનેક ગીતો, થોયો-સ્તુતિઓ, નમસ્કાર, સજઝાય વગેરેનું કવન કર્યું છે. 'હીરવિજયસૂરિ

રાસ' આ રાસકૃતિની રચના પછી જેટલી પણ કૃતિઓ કવિ વડે આલેખાઈ હશે તે વધારાની છે. સંશોધન કરતાં તે કૃતિઓ ભવિષ્યમાં મળી આવશે તો ઉપલબ્ધ કૃતિઓમાં ઉમેરો થશે તેમજ કવિની કૃતિઓનો અભ્યાસ સંપૂર્ણ બનશે. સંશોધન કરતાં અત્યાર સુધી આસરે નાની મોટી ચાલીસ જેટલી કૃતિઓ મળી આવી છે. તેમને રચના સાલના અનુક્રમે ગોઠવતાં તે કૃતિઓનો નીચે પ્રમાણે અહેવાલ મળે છે. તે ઉપરાંત ૩૨ રાસકૃતિઓની હસ્તપ્રત વર્તમાને કયા પુસ્તકભંડારમાં ઉપલબ્ધ છે તે નીચે જણાવેલ છે[૪૧].

(૧) ઋષભદેવ રાસ :- (ઈ.સ. ૧૬૦૬), કડી-૧૨૭૧, અપ્રકાશિત છે. આ પ્રત ખેડા ભંડારમાં છે. ફક્ત ૧,૨ અને ૬૪ એમ ત્રણ પાનાં જ છે.

(૨) વ્રતવિચાર રાસ :- (ઈ.સ. ૧૬૧૦), કડી-૮૬૨, પ્રકાશિત છે. કવિની હસ્તલિખિત પ્રત વિજયધર્મસૂરિ ભંડાર - આગ્રામાં હતી. હવે આ રાસ અનુસંધાન સામાયિક - ૧૯ મા, પૂ. વિજયશીલચંદ્રસૂરિ મહારાજ દ્વારા પ્રકાશિત થયો છે.

(૩) સ્થૂલિભદ્ર રાસ :- (ઈ.સ. ૧૬૧૨), કડી-૭૨૮(વિકલ્પે ૭૩૨), અપ્રકાશિત છે. આ પ્રત પ્રવર્તક કાન્તિ વિજયજી ભંડાર-વડોદરામાં છે. તેની બીજી પ્રત ડહેલાનો ઉપાશ્રય રત્ન વિજયભંડાર-અમદાવાદમાં છે.

(૪) સુમિત્ર રાજર્ષિ રાસ :- (ઈ.સ. ૧૬૧૨), કડી-૪૨૬ (વિકલ્પે ૪૨૪), અપ્રકાશિત છે. આ પ્રત ડેક્કન કોલેજ લાયબ્રેરીમાં છે. બીજી પ્રત ધોરાજી ભંડારમાં છે. એક પ્રત પ્રવર્તક કાન્તિવિજયજી ભંડાર - વડોદરામાં છે. એક પ્રત ખેડા ભંડારમાં છે. અને એક પ્રત ડહેલાના ઉપાશ્રય રત્નવિજયજી ભંડાર - અમદાવાદમાં છે.

(૫) કુમારપાળ રાસ :- (ઈ.સ. ૧૬૧૪), કડી-૪૫૦૬, આ રાસ પ્રકાશિત છે. આ પ્રત આનંદ કાવ્ય મહોદધિ-મૌક્તિક-૮માં મુદ્રિત થયેલ છે.

(૬) અજાકુમારનો રાસ :- (ઈ.સ. ૧૬૧૪), કડી-૫૬૯ (વિકલ્પે-૫૫૯), અપ્રકાશિત છે. તેની પ્રત કાન્તિવિજયજી ભંડાર અને ઝીંઝુવાડાના ભંડારમાં છે. ડહેલાનો ઉપાશ્રય - અમદાવાદમાં પણ એક પ્રત છે. અને એક પ્રત હાલાભાઈ ભંડાર પાટણમાં છે.

(૭) નવતત્ત્વ રાસ :- (ઈ.સ. ૧૬૨૦), કડી-૮૮૧, અપ્રકાશિત રાસ. તેની એક પ્રત લીંબડી ભંડારમાં છે.

(૮) જીવ વિચાર રાસ :- (ઈ.સ. ૧૬૨૦), કડી-૫૦૨, અપ્રકાશિત રાસ. તેની એક પ્રત ડહેલાનો ઉપાશ્રય અમદાવાદમાં છે.

(૯) ભરત-બાહુબલિ રાસ :- (ઈ.સ. ૧૬૨૨), કડી-૧૧૬. આ રાસ પ્રકાશિત છે. તેની પ્રત આનંદ કાવ્ય મહોદધિ મૌકિતક - ૩ માં પ્રકાશિત થઈ છે.

(૧૦) સમકિતસાર રાસ :- (ઈ.સ. ૧૬૨૨), કડી-૮૭૯, આ રાસ અપ્રકાશિત છે. જે આપણી કૃતિનો વિષય છે. તેની પ્રત ડેક્કન કોલેજની લાયબ્રેરી - પૂનામાં છે.

(૧૧) ક્ષેત્ર સમાસ રાસ :- (ઈ.સ. ૧૬૨૨), કડી-૫૮૪, અપ્રકાશિત કૃતિ છે. આ પ્રત ગોડીજી ઉપાશ્રય ભંડાર - મુંબઈમાં છે.

(૧૨) ઉપદેશમાલા રાસ:-(ઈ.સ.૧૬૨૪),કડી-૭૧૨,અપ્રકાશિત છે.તેની પ્રત અમર ભંડાર ખંભાતમાં છે.

(૧૩) હિતશિક્ષા રાસ :- (ઈ.સ. ૧૬૨૬), કડી-૧૯૭૪, આ રાસ પ્રકાશિત છે. તેની પ્રત ભીમશી માણેક મુંબઈ તથા જૈન ધર્મ પ્રચારક સભા-ભાવનગર તરફથી મુદ્રિત થયેલ છે.

(૧૪) પૂજાવિધિ રાસ :- (ઈ.સ. ૧૬૨૬), કડી-૫૭૧ (વિકલ્પે-૫૬૬). અપ્રકાશિત છે. તેની પ્રત વિજયધર્મસૂરિ ભંડાર -આગ્રામાં છે.

(૧૫) જીવત સ્વામી રાસ :- (ઈ.સ. ૧૬૨૬), કડી-૨૨૩, અપ્રકાશિત છે. આ રાસકૃતિની પ્રત ડાયરા અપાસરા ભંડાર - પાલણપુરમાં છે. (પ્રથમ પ્રત નથી)

(૧૬) શ્રેણિક રાસ :- (ઈ.સ. ૧૬૨૬), કડી-૧૮૨૯, અપ્રકાશિત છે. તેની પ્રત પ્રવર્તક કાન્તિવિજયજી ભંડાર - વડોદરામાં છે.

(૧૭) કયવન્ના રાસ :- (ઈ.સ. ૧૬૨૭), કડી-૨૨૩, અપ્રકાશિત છે. તેની પ્રત દેવચંદ લાલચંદ લાયબ્રેરી - સુરતમાં છે.

(૧૮) હીરવિજયસૂરિના બાર બોલનો રાસ :- (ઈ.સ. ૧૬૨૮), કડી-૨૯૪, આ રાસ અપ્રકાશિત છે. આ પ્રત મણિલાલ બકોરભાઈ વ્યાસની મોહનલાલ દલીચંદ દેસાઈને મળેલી પ્રત છે.

(૧૯) મલ્લિનાથ રાસ :- (ઈ.સ. ૧૬૨૯), કડી-૩૯૫ (વિકલ્પે-૨૯૫), અપ્રકાશિત રાસ છે. તેની પ્રત વિજયધર્મસૂરિ ભંડાર -આગ્રામાં છે.

(૨૦) હીરવિજયસૂરિ રાસ :- (ઈ.સ. ૧૬૨૯), કડી-૩૧૩૪ (વિકલ્પે-૬૫૦૦), આ રાસ પ્રકાશિત છે. આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક-૫માં પ્રકાશિત થયેલ છે.

(૨૧) વીસ સ્થાનક તપ રાસ :- (ઈ.સ. ૧૬૨૯), કડી- સંખ્યા મળતી નથી. આ રાસકૃતિ અપ્રકાશિત છે. તે હજુ મળી નથી.

(૨૨) અભયકુમાર રાસ :- (ઈ.સ. ૧૬૩૧), કડી-લગભગ-૧૦૧૪, અપ્રકાશિત છે. તેની પ્રત ડેક્કન કોલેજ - પૂનાની લાયબ્રેરીમાં છે.

(૨૩) રોહણિયા રાસ :- (ઈ.સ. ૧૬૩૨), કડી-૩૪૫ (વિકલ્પે-૨૫૦૦). આ અપ્રકાશિત રાસ છે. આ પ્રત કવિની હસ્તલિખિત પ્રત છે. તે વિજયધર્મસૂરિ ભંડાર - આગ્રામાં છે.

રચના સાલ પ્રાપ્ત થતી નથી તેવી કેટલીક કૃતિઓ :-

(૨૪) સમયસ્વરૂપ રાસ :- કડી-૭૯૧

(૨૫) દેવ ગુરુ સ્વરૂપ રાસ :- કડી-૭૮૫

(૨૬) કુમારપાળનો નાનો રાસ :- કડી-૧૬૨૪

(૨૭) શ્રાદ્ધવિધિનો રાસ :- કડી-૧૬૧૪

(૨૮) આર્દ્રકુમાર રાસ :- કડી-૯૭

(૨૯) પુણ્ય પ્રશંસા રાસ :- કડી-૩૨૮

(૩૦) વીરસેનનો રાસ :- કડી-૫૨૭ (વિકલ્પે-૪૫૫)

(૩૧) શત્રુંજય રાસ :- કડી-૩૦૧
(૩૨) શીલશિક્ષા રાસ :- —

નંબર ૨૪ થી ૨૯, ૩૧ અને ૩૨ ની હસ્તપ્રતો મળતી નથી.

નંબર ૩૦ ની પ્રત દેવચંદ લાલચંદ લાયબ્રેરી, સુરતમાં છે. (છેલ્લું પત્ર નથી)

આ ઉપરાંત કવિએ કેટલીક નાની કૃતિઓ પણ રચી છે. જેની નોંધ નીચે પ્રમાણે છે.

(૧) નેમિનાથ નવરસો(નેમિનાથ રાજેમતિ સ્તવન)-ઈ.સ. ૧૬૦૬(વિકલ્પે ૧૬૦૮ અથવા ૧૬૧૧), કડી-૭૨
(૨) આદિનાથ આલોયન સ્તવન - ઈ.સ. ૧૬૧૦, કડી-૫૭
(૩) આદિનાથ વિવાહલો - ઈ.સ. ૧૬૧૧, કડી– કડી-૬૯
(૪) બાર આરા સ્તવન - ઈ.સ. ૧૬૨૨, કડી-૭૬
(૫) ચોવીસ જિન નમસ્કાર (છપ્પય બદ્ધ) - ઈ.સ. ૧૬૨૬
(૬) તીર્થંકર ચોવીસના કવિત - ઈ.સ. ૧૬૨૬
(૭) મહાવીર નમસ્કાર -
(૮) આદીશ્વર વિવાહલો - કડી-૬૯

ઉપરોક્ત માહિતી અનુસાર કવિએ ઈ.સ. ૧૬૨૯માં રચેલા 'હીરવિજયસૂરિ રાસ'માં પોતાની સાહિત્યિક કૃતિઓની સર્જન સંખ્યા ચોત્રીસ દર્શાવેલ છે., તેથી કહી શકાય કે કવિ ઋષભદાસે ઈ.સ. ૧૬૨૯ સુધીમાં ચોત્રીસ રાસોનું કવન કર્યું ત્યારપછી પણ બે મોટા રાસોની રચના કરી હોવી જોઈએ. નંબર ૨૪ થી ૩૨ સુધીના નવ રાસ ઈ.સ. ૧૬૨૯ પહેલાં રચાયાં હોવા જોઈએ એવું અનુમાન કરીએ તો પણ ઉપર્યુક્ત ગણતરીએ કવિની ઓછામાં ઓછી મોટી રાસકૃતિઓ ૩૬ તો હોવી જ જોઈએ. તે ઉપરાંત કવિએ સાત જેટલી નાની કૃતિઓ, ૩૩ સ્તવનો, ૩૨ નમસ્કાર, ૪૨ થોયો-સ્તુતિઓ, ૪૦૦ સુભાષિતો, ૪૧ ગીત, ૫ હરિયાળી, કેટલીક બોધપ્રદ સજઝાયો વગેરે નાની કૃતિઓ રચી ગુજરાતી જૈન સાહિત્યને ખીલવ્યું છે. કવિ ઋષભદાસની મોટાભાગની કૃતિઓ અપ્રગટ છે તેમજ કેટલીક રચનાઓની હસ્તપ્રતો પણ અપ્રાપ્ય છે.

ઉપરોક્ત પ્રતોની યાદી પરથી જણાય છે કે જૈન ગુજરાતી કૃતિઓની વિપુલતામાં કવિ ઋષભદાસ, તે કવિ નયસુંદરથી ચડી જાય છે, અને કવિ સમયસુંદરની સમકક્ષાએ છે. ગીતો અને પદોની રચનામાં કવિ સમયસુંદર ઉત્તમ છે; પણ કવિત્વ અને પ્રતિભામાં કવિ ઋષભદાસ આદિ ત્રણે કવિઓ સમકક્ષ છે.

## કવિ ઋષભદાસની કેટલીક રાસકૃતિઓની સમ્યગ્દર્શન સાથે તુલના :

કવિની ધર્મકથાનુયોગની સર્વ પ્રથમ ચરિત્રાત્મક રચના 'ઋષભદેવરાસ' છે. ભગવાન ઋષભદેવ એ જૈન ધર્મના સંસ્થાપક, પ્રથમ રાજા, પ્રથમ ધર્મનેતા, પ્રથમ સંત અને પ્રથમ તીર્થંકર હતા. તેમણે જગતના જીવો પર કરુણા લાવી અબુધજનોને લોકવ્યવહારની સમજ આપી. યુગલિક કાળ એ અધર્મનો કાળ છે. ભગવાન ઋષભદેવે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માર્ગની પ્રરૂપણા કરી. જૈન દર્શનનાં મૂળ ત્રણ તત્ત્વોમાં સૌ પ્રથમ દેવ-

તત્ત્વ છે. જે રાગ દ્વેષના વિજેતા છે એવા અરિહંત પરમાત્માને તીર્થંકર કહેવાય છે. જૈનોના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ (આદિનાથ) છે. સાચો શ્રાવક સુદેવની ભક્તિ કરી તીર્થંકરનામ કર્મ ઉપાર્જન કરે છે. વળી ભક્તિ કરતાં તન્મયતા આવે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય અથવા સમ્યગ્દર્શન હોય તો વધુ નિર્મળ બને છે. ઉત્કૃષ્ટ ભાવે આરાધેલી ભક્તિ શિવપુરી તરફ લઈ જાય છે.

કવિની બીજી રાસકૃતિ **'વ્રતવિચાર રાસ'** જે ચરણકરણાનુયોગની કૃતિ છે; જેમાં કવિએ સમ્યક્દર્શન સહિત બાર વ્રતોનું આલેખન કર્યું છે. સમકિત એ વ્રતનું મૂળ છે. બાર વ્રત એ ચરિત્ર ધર્મ છે. સમકિત વિના વ્રત, તપ, નિયમ આદિ ધાર્મિક અનુષ્ઠાનો મિથ્યારૂપે પરિણમે છે. સમ્યગ્દર્શનને ટકાવવા સમ્યગ્ચારિત્રની આવશ્યક્તા છે. જો વૃક્ષનું મૂળ મજબૂત હોય તો વૃક્ષ ભયંકર વાવાઝોડામાં પણ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે તેમ જેની શ્રદ્ધા મજબૂત હોય તે જીવ અહિંસા આદિ બાર વ્રતોની આરાધના દ્રઢતાપૂર્વક કરી શકે છે. શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં આનંદ, કામદેવ આદિ ૧૦ શ્રાવકોએ વ્રતોને ગ્રહણ કર્યા. તેમને દેવકૃત ઉપસર્ગો આવ્યા છતાં વ્રતભંગ ન કર્યો, તેથી તેઓ પરિત (અલ્પ) સંસારી બન્યા.

ભોગી જીવોને ભોગોમાં આસક્તિ છે, તેથી કર્મબંધ વિશેષ પ્રમાણમાં થાય છે જ્યારે વિરતિધરોને કર્મનો લેપ અલ્પ પ્રમાણમાં થાય છે; તેથી તેઓ કર્મથી હળવા બને છે. જેમ જેમ વિષયો વિરામ પામે તેમ તેમ મોક્ષપદ નજીક જવાય છે. ઈન્દ્રિય અને મનરૂપી મદોન્મત્ત હાથીને વ્રત-પ્રત્યાખાન રૂપી અંકુશ વડે જીતી શકાય છે. વ્રત એ ચારિત્ર ધર્મની વાડ છે. સમ્યકૃત્વની સુરક્ષા માટે વ્રતરૂપી વાડની આવશ્યકતા છે. સમકિતનાં પાંચ લક્ષણો છે. તેની તુલના શ્રાવકનાં બાર વ્રત સાથે થઈ શકે.

(૧) સમ – સમભાવ, કષાયોની ઉપશાંતતા. સામાયિક વ્રત (નવમું) સમભાવની પ્રાપ્તિ માટેનું છે., તેથી આ લક્ષણને નવમા શિક્ષાવ્રત સાથે સરખાવી શકાય. સામાયિક વ્રત એ બે ઘડી (૪૮ મિનિટ)નું સાધુપણું છે; જેમાં જગતનાં સર્વ જીવો સાથે મૈત્રીભાવ કેળવવાનો છે, તેમજ સર્વ જીવોને અભયદાન આપવાનું છે. ત્રસ અને સ્થાવર સર્વ પ્રાણીઓ પ્રત્યે આત્મવત્ ભાવ એ **'સમ'** છે.

(૨) સંવેગ – મોક્ષની તીવ્ર અભિલાષા તે સંવેગ છે. દસમું દેશાવગાસિક વ્રત અને અગિયારમું પૌષધ વ્રત આ બે વ્રતો દ્વારા આત્માનું પોષણ કરવાનું છે. જ્યારે સંસારની આસક્તિ છૂટે, ત્યારે મોક્ષ તરફની અભિલાષા જાગે છે. દસમા વ્રતમાં દિશાની મર્યાદા ઉપરાંત ભોગપભોગની વસ્તુઓની પણ મર્યાદા દિવસ સંબંધી કરવાની હોય છે. જેટલી પરિગ્રહની મર્યાદા વધુ, તેટલી આત્મિક શાંતિ વધુ મળે છે. મન ધર્મધ્યાનમાં મગ્ન રહે છે. પૌષધવ્રતમાં આત્માને આત્મગુણોથી સમૃદ્ધ બનાવવાનો છે. આત્મગુણોની વૃદ્ધિ એ મોક્ષમાર્ગની ઝલક છે.

(૩) નિર્વેદ – સંસાર પ્રત્યે ઉદાસીનતા – જેમાં સત્યવ્રત, અચૌર્યવ્રત, બ્રહ્મચર્યવ્રત, પરિગ્રહ પરિમાણવ્રત, દિશાવ્રત, ઉપભોગ પરિભોગ પરિણામ વ્રત, અનર્થદંડવ્રત આ પ્રમાણે બીજાથી આઠમા વ્રત સુધીની અવસ્થા એ નિર્વેદ સાથે તુલનીય છે. જ્યારે ભવાભિનંદી જીવનો ભવ પ્રત્યેનો અનુરાગ છૂટે છે, ત્યારે દૃષ્ટિ ધર્મ તરફ વળે છે. ધર્મ તરફ દૃષ્ટિ વાળતાં ધર્મ સુખદાયક લાગે છે અને સંસાર દુ:ખદાયક લાગે છે. ત્યારે જીવ ધર્મમાં

વધુ પ્રયત્નશીલ બને છે. તે સુદેવ, સુગુરુ, અને સુધર્મનું સ્વરૂપ જાણી યથાશક્તિ તેનું પાલન કરે છે. વ્રતોની આરાધના કરવી, ધર્મ તરફ વળવું એ સંસાર પ્રત્યેની આસક્તિ ઘટે પછી જ બની શકે.

(૪) અનુકંપા - સ્વદયા અને પરદયા. જેમાં પ્રથમ અહિંસા વ્રત અને બારમું અતિથી સંવિભાગ વ્રત (સાધર્મિક ભક્તિ) આવી શકે. કોઈ પણ પ્રાણીના દુઃખોને નિઃસ્વાર્થ ભાવે દૂર કરવા તે પરદયા છે. અહિંસા વ્રતનું પાલન તે જ જીવ કરી શકે જેનું હૃદય કરુણાથી ભરેલું છે. કઠોરતા છે ત્યાં જીવો પ્રત્યેની મૈત્રી નથી. જ્યાં મૈત્રી ભાવ નથી, ત્યાં અનુકંપા પણ ન હોય. જેમ કાળી માટીમાં વાવેલું બીજ અંકુરિત થઈ ફૂટી નીકળે છે; પરંતુ સૂકી, ઉજ્જડ જમીનમાં વાવેલું બીજ નિષ્ફળ બને છે, તેમ અનુકંપાથી આર્દ્ર બનેલા દિલમાં અહિંસા ધર્મનું બીજ ઉગી નીકળે છે. જ્યાં સ્વદયા છે ત્યાં પરદયા છે. અભવી જીવ સંયમની ઉત્કૃષ્ટપણે આરાધના કરી પરદયા કરે છે પણ મોક્ષના લક્ષ્યથી ક્રિયા ન થવાથી વિશેષ અર્થ સરતો નથી. વળી બારમા વ્રતમાં સાધર્મિક ભક્તિ, સુપાત્રદાનમાં પણ સ્વ અને પર દયાના ભાવ નિહિત છે.

(૫) આસ્થા - શ્રદ્ધા. દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની આસ્થા તે વ્રતની પૂર્વ ભૂમિકા છે. આસ્થા વિના કોઈ કાર્ય સિદ્ધ ન થાય, આસ્થાથી ભાવના અને ભાવનાથી ભવનાશ થાય. જેના રોમ-રોમમાં ધર્મનો દ્રઢ અનુરાગ અને આસ્થા હોય તે સમકિતી આત્મા કહેવાય છે.

**'હિતશિક્ષારાસ'**, જે ચરણકરણાનુયોગની રચના છે, જેમાં કવિએ ન્યાય, નીતિ, પ્રમાણિકતા, સદાચાર, આદિ માર્ગાનુસારીના ગુણોની ચર્ચા કરી છે. માર્ગાનુસારીના ૩૫ ગુણો એ સમ્યક્ત્વની પૂર્વ ભૂમિકારૂપ છે. સમ્યગ્દર્શન એ મૂળ છે. માર્ગાનુસારીના બોલ એ બીજ છે. જે બીજ જમીનમાં દટાય છે તેને નવપલ્લવિત થવા હવા, પાણી, પ્રકાશ અને અનુકૂળ વાતાવરણ મળતાં તે બીજ અંકુરરૂપે જમીનમાંથી બહાર ફૂટી નીકળે છે. ત્યાર પછી ઉત્તરોત્તર વિકાસ પામતાં વૃક્ષ રૂપે ધરતી પર અડીખમ ઊભું રહી શકે છે. બીજના જતનમાં વૃક્ષનો જન્મ છે અને બીજની ઉપેક્ષામાં વૃક્ષનો નાશ છે. એજ રીતે માર્ગાનુસારીના એક એક ગુણમાં કેવળજ્ઞાન પ્રાપ્તિ સુધીની શક્યતા રહેલી છે. માર્ગાનુસારીના ગુણોના અભાવમાં જીવ સર્વ વિરતિ ગુણસ્થાનક સુધી કદાચ શુભભાવોના કારણે પહોંચે, તો પણ તે ગુણસ્થાનકે સ્થિર રહેવા માટે આ ગુણોનું પાલન જીવનમાં અમલી બનવું જ જોઈએ.

ફાનસમાં નાનો દીવો હોય છે. તેની ચારેબાજુ કાચની મોટી ચીમની હોય છે. ચીમની વિના દીવો પ્રગટી શકે એવું બને, પણ ચીમની વિના દીવો ટકી ન શકે કારણકે પવનની નાનકડી લહેર પણ દીવાને બુઝાવવા સક્ષમ છે, જ્યારે ચીમની દ્વારા દીવો સુરક્ષિત રહી શકે છે. ચીમની પોતાની તમામ તાકાતથી દીવાનું રક્ષણ કરે છે. માર્ગાનુસારીના ગુણો ચીમનીના સ્થાને છે. જ્યારે સમ્યગ્દર્શનાદિ ગુણો દીવાને સ્થાને છે.

માર્ગાનુસારીના ગુણો જીવનમાં કોમળતા પ્રગટાવે છે. શિષ્ટ સમાજની વચ્ચે સજ્જન તરીકે રહેવા માટેની લાયકાતો આત્મામાં પ્રગટાવે છે. સજ્જનતા ધીરે ધીરે આત્માને મહાનતા તરફ લઈ જવામાં ઉપકારક બને છે. કહ્યુ છે કે -

**Every Man Cannot Be A Great Man, But Every Man Can Be A Gentleman**

કવિએ રચેલો ચોથો રાસ હીરવિજયસૂરિ રાસ જે આપણને ગુરુતત્ત્વની ઓળખાણ કરાવે છે. વીર વિજયજીના શિષ્ય રંગવિજયજીએ ગુરુ ગુણ ગાતાં કહ્યું છે કે -

**ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ રયણની ખાણ[૪૨];**
**ગુણ ગાઉ ગુરુજી તણા, પ્રગટે કોટી કલ્યાણ...**

જૈનદર્શનમાં ગુરુ તત્ત્વની મહત્તા કવિઓએ પોતાના કાવ્યોમાં ગાઈ છે. ગુરુ, દેવ તત્ત્વની ઓળખાણ કરાવે છે અને ધર્મ તત્ત્વનો પરિચય કરાવે છે. કવિ ઋષભદાસના ગુરુ વિજયસેનસૂરિ, વિજયાનંદસૂરિ અને વિજયદેવસૂરિ હતા. હીરવિજયસૂરિ તેમના ગુરુના પણ ગુરુ હતા. તેમના પ્રત્યેના અહોભાવથી પ્રેરાઈને કવિએ આ રાસ રચ્યો હોવો જોઈએ.

સદ્‌ગુરુ હિંસકને અહિંસક, રાગીને વીતરાગી, અશ્રદ્ધાળુને શ્રદ્ધાવાન અને મિથ્યાત્વીને સમકિતી બનાવે છે.સંત કબીરે પણ સદ્‌ગુરુનો મહિમા ગાયો છે.

**સદ્‌ગુરુ કી મહિમા અનંત, અનંત કીયા ઉપકાર;**
**લોચન અનંત ઉઘાડયા, અનંત દિખાવણ હાર...**

સ્વની જાગૃતિ માટે સદ્‌ગુરુની આવશ્યકતા છે. આત્માના સુસંસ્કારોના ઘડવૈયા ગુરુ છે. જેના શરીરમાં રોગ પ્રતિકારક શક્તિનો અભાવ છે, તેને વારંવાર રોગ થાય છે, બાહ્ય વાતાવરણ તરત તેના પર અસર કરે છે, જેની પાસે સત્સંગનું બળ નથી તે જીવ સંસારમાં ભટકે છે. તેનો ભવ રોગ સમાપ્ત થતો નથી., તેથી ભવરોગની સમાપ્તિ અને સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ માટે ગુરુ-સત્સંગતિ આવશ્યક છે. ગુરુપરંપરાથી જિનાગમ અને જિનાગમ રક્ષાથી જિનશાસનની સુરક્ષા થાય છે.

'ભરત-બાહુબલિ રાસ' એ ધર્મકથાનુયોગની કૃતિ છે. કવિએ આ રાસકૃતિમાં બે મહાન અને સમર્થ વીર પુરુષોનું ચરિત્ર ચિત્રણ કર્યું છે. ભરત ચક્રવર્તી છે અને બાહુબલિ બળદેવ છે. બંને વજ્રઋષભનારાચ સંઘયણ (મજબૂત હાડકાનું બંધારણ)ના સ્વામી છે. અતુલ સાહસિક, બળવીર અને પુણ્યશાળી આત્માઓ છે. ભરત ચક્રવર્તી પોતાની શૂરવીરતાથી છ ખંડના અધિપતિ બન્યા. બાહુબલિને પોતાનું આધિપત્ય સ્વીકારવાની ફરજ પાડી. બાહુબલિ પણ શૂરવીર અને બળવીર હતા. તેઓ જો ધારત તો ભરત મહારાજાને પરાજિત કરી શકત, પરંતુ તેમની જ્ઞાનદષ્ટિ ખૂલી ગઈ. તેમના ચક્ષુઓ પરથી અજ્ઞાનનું આવરણ દૂર થયું. તેમણે વિચાર્યું કે યુદ્ધ કરવું જ છે તો આત્મા સાથે યુદ્ધ કરું. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું છે-

**अप्पाणमेव जुज्झाहिं किं जुज्झेण बज्झओ ।[૪૩]**
**अप्पाणमेवमप्पाणं, जइत्ता सुहमेहए ।। ३५ ।।**

આત્માની સાથે યુદ્ધ કરવું જોઈએ. બહારના યુદ્ધથી શો લાભ ? આત્મા વડે આત્માને જીતવાથી સાચું સુખ પ્રાપ્ત થાય છે. વળી કહ્યું છે કે-

जे सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे ।[४४]
एगं जिणेज्ज अप्पाणं, एस सए परमो जसो ।। ३४ ।।

એક પુરુષ દુર્જય સંગ્રામમાં દસ લાખ સુભટો પર વિજય મેળવે છે અને બીજી બાજુ એક મહાત્મા પોતાના આત્માને જીતે છે, તે બંનેમાં આત્મવિજય મેળવનારો શ્રેષ્ઠ છે.

બાહુબલિએ મોહ રાજા સાથે યુદ્ધ શરૂ કર્યું. ધ્યાનની અગ્નિમાં તેમણે મોહ-અજ્ઞાનને બાળી નાખ્યાં. મોહ કર્મનો ક્ષય થતાં અંતર્મુહૂર્તમાં બાકીના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી સૂર્યનો ઉદય થયો.

આ રાસકૃતિમાં કવિએ ભાવધર્મની પ્રધાનતા દર્શાવી છે. ભાવધર્મ આત્માનુભૂતિ પર અવલંબે છે. એક વખત જેણે આત્માનુભૂતિનું અમૃત પીધું છે તેને જગતના ઈન્દ્રિય વિષયોના રસ તુચ્છ લાગે છે. આવા જીવો સંસારમાં જળકમળવત્ રહે છે.

સમ્યગ્દર્શન આવતાં જીવમાં એક પ્રકારની નિર્મળતા અને વિવેક બુદ્ધિ આવે છે, જે મિથ્યાત્વની સ્થિતિમાં કદી પ્રાપ્ત ન થાય. સમકિતી આત્માને જ દેહ અને આત્માનું ભેદજ્ઞાન વર્તાય છે. બાહુબલિની દેહ પ્રત્યેની આસક્તિ દૂર થઈ હોવાથી જ તેઓ સાધનામાં એકાગ્રતા સાધી શક્યા.

સંક્ષેપમાં, 'ઋષભદેવરાસ'માં સુદેવતત્ત્વનું, 'હીરવિજયસૂરિ રાસ'માં સુગુરુ તત્ત્વનું અને 'ભરત-બાહુબલિ રાસ'માં સુધર્મ તત્ત્વનું નિરૂપણ થયું છે. 'વ્રતવિચાર રાસ'એ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછીની અવસ્થા છે. જેમાં દેશવિરતિ શ્રાવકનું સ્વરૂપ નિરૂપણ થયું છે; અને 'હિતશિક્ષા રાસ'માં સમ્યક્ત્વ પૂર્વેની ભૂમિકા અર્થાત્ માર્ગાનુસારીના બોલ (સદાચાર)નું નિરૂપણ થયું છે. સુદેવ, સુગુરુ અને સુધર્મ આ ત્રિતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન એ સમ્યક્ત્વ છે. અવિરતિ સમ્યગ્દર્શની વીર્ય સ્ફુરાયમાન થતાં શ્રાવકપણું અંગીકાર કરે છે.

## કવિ ઋષભદાસની સાહિત્યક વિશેષતાઓ :

શ્રાવક કવિ ઋષભદાસની રચનાઓનું અવલોકન કરતાં કેટલીક મહત્ત્વની વિગતો તરી આવે છે. કવિ જૈન ધર્મી છે. તેઓ શ્રાવક છે. તેમની રચના ધર્મગ્રંથોના વિષયવસ્તુને કેન્દ્રમાં રાખી રચાઈ છે. વિષય વસ્તુના પાયામાં જ તત્ત્વજ્ઞાન અને ઉપદેશ રહેલા છે. ઉત્સૂત્ર પ્રરૂપણા ન થાય તે હેતુથી કવિએ પોતાની ધાર્મિક રચનાઓમાં મૂળ કથાવસ્તુમાં કોઈ ફેરફાર કર્યો નથી. તેથી તેમની રચનાઓમાં વિશેષ કોઈ નવીનતા છે. કવિ પોતાની પ્રતિભાથી વસ્તુનો વિકાસ કરવા માટે પ્રસંગ અનુરૂપ ઉચિત ઉપકથાઓ, શબ્દો, વર્ણન, રસ, કાવ્ય સ્વરૂપની સાથે સંબંધ ધરાવતા છંદ વગેરેનું કાવ્ય સાહિત્યમાં નિરૂપણ કરે છે. કવિ ઋષભદાસની વ્રતવિચાર રાસ, સમકિતસાર રાસ, જીવવિચાર રાસ જેવી તાત્ત્વિક કૃતિઓમાં જે પ્રમાણે ગ્રંથોમાં આપેલું છે. તે પ્રમાણે તે વિષયને ઉદ્ધૃત કરી મૂકેલ છે. આ સાહિત્યનો મુખ્ય હેતુ લોકોને ધર્માભિમુખ કરવાનો છે, તેથી

તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપદેશ તત્ત્વ સમાયેલું છે.

તેમણે ચરિત્ર ચિત્રણની સાથે સાથે રાસ કૃતિને વધુ સુંદર બનાવવા ખંભાત, પાટણ, અયોધ્યા આદિ નગરોનાં વર્ણનો, ત્યાંની વિશેષતા, નગરજનોનાં વર્ણન, ત્યાંની સમૃદ્ધિ, ધર્મસ્થાનકો, લોકોની રહેણી કરણી, તેમનો પહેરવેશ ઈત્યાદિનું સુરેખ વર્ણન કર્યું છે. જેમાંથી આપણને ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ થાય છે. આ વર્ણનો પરથી કવિને માનવ જીવનનું અને જગતનું વિશાળ જ્ઞાન હતું એવું પણ સ્પષ્ટ થાય છે.

જેમ પ્રેમાનંદે રામાયણ, મહાભારત, ભાગવત આદિમાંથી કથાવસ્તુઓ લઈ આખ્યાનો રચ્યાં છે, તેમ કવિ ઋષભદાસે પણ જૈન પુરાણોમાંથી કથાવસ્તુ લઈ ઋષભદેવ, ભરત-બાહુબલિ, રોહણિયા ચોર જેવી રાસકૃતિઓ રચી છે. આ ઉપરાંત વિધિ, બોધ, ઉપદેશ, હિતશિક્ષા, તત્ત્વવિચાર, તીર્થ મહિમા અને દેવ-ગુરુ-ધર્મ આદિ વિષયો પર રાસ રચી કવિએ પ્રકાશ પાડયો છે.

કવિ શામળની ઘણી કૃતિઓમાં મૌલિકતા નથી. તેમણે સંસ્કૃત વાર્તાગ્રંથો, ,લોક પ્રચલિત કથાઓ તેમજ જૈન-જૈનેત્તર પુરોગામીઓએ લખેલી વાર્તાઓનો ઉપયોગ કર્યો છે, તેમ કવિ ઋષભદાસે પણ શાસ્ત્રોકત પ્રસંગોને (દા.ત. કપિલ કેવળીની કથા, નંદિષેણની કથા) જેમ છે તેમ આલેખ્યાં છે. તેમાં કોઈ વિશેષ મૌલિકતા નથી. જેમ કવિ શામળે વિસ્તારથી કથાઓ આલેખી છે, તેમ કવિ ઋષભદાસે પણ પ્રસંગોપાત કથાઓનું વિસ્તારથી નિરૂપણ કર્યું છે.

કવિ ઋષભદાસે પોતાની કૃતિમાં ફક્ત ચરિત્ર ચિત્રણ કે તત્ત્વજ્ઞાનનું જ નિરૂપણ કર્યું નથી. પરંતુ તેમાં હાસ્યરસ અને રમૂજીવૃત્તિનું પણ નિરૂપણ કર્યું છે. જે પ્રેમાનંદની યાદ અપાવે છે. 'રણયજ્ઞ' કૃતિમાં કુંભકર્ણને જગાડવાનાં ઉપાયો, 'મામેરું' કૃતિમાં નરસિંહ મહેતાની વહેલનું વર્ણન, 'ઘણું ભારે માણસ' એવાં કુંવરબાઈનાં વડસાસુએ લખાવેલી પહેરામણીની યાદી સર્વત્ર પ્રેમાનંદની કુશળ હાસ્યકારની પ્રતિભા વર્તાય છે તેમ કવિ ઋષભદાસના ભરત-બાહુબલિ રાસમાં સંદેશો લઈને જતા બ્રાહ્મણનું અને 'કુમારપાળ રાસમાં' કદરૂપા નરનાં વર્ણનો રમૂજીવૃત્તિવાળા છે. હિતશિક્ષા રાસમાં કદરૂપી નારીનું વર્ણન કવિ કૌશલ્યતાનું ધોતક છે.

કવિએ હિતશિક્ષા રાસમાં વિવિધ ઉપમા દ્વારા કુરૂપ નારીનું આબેહૂબ વર્ણન કર્યું છે.

વિંગણરંગ જિસી ઉજલી, ભલ કોઠી સરખી પાતલી;[૪૫]
નીચી તાડ જીસી તું નાર, કયાંહાંથી આવી મુઝ ઘરબાર.
ન્હાનું પેટ જિસ્યો વાદલો, લહયો હીણ જીસ્યો કાંબલો;
જીભ સુંહાલી દાતરડા જિસી, દેખી અધર ઉંટ ગયા ખસી.
ભેંશ નયણી આવી કયાંહથી, પખાલ જલકી જા ખપ નથી;
પગ પીંજણી ને વાકાં હાથ, બાવલ શું કોણ દેશે બાથ.
લાંબા દાંત ને ટૂંકું નાક, ત્રૂટકની મુખ કડવાં વાક્ય;

ટૂંકી લટીયેં ઘોઘર સાદ, જા ભૂંડી તુઝ કિશ્યો સંવાદ.

આ ઉપમાઓ કવિની રમૂજીવૃતિ અને હાસ્યરસને ખીલવવાની નિપુણતા સ્પષ્ટ કરે છે.

કવિએ જેવી રીતે હાસ્યરસ ખીલવવા પ્રયત્ન કર્યો છે, તેવીજ રીતે ભરત-બાહુબલિ રાસમાં વીરરસનું નિરૂપણ કર્યું છે.

પૃથિવી લાગી ધ્રુજવાજી, દિશિનો થાએ રે દાહ;[૪૬]
'ઉલ્કાપાત થાએ સહીજી, અતિ ભૂંડા ત્યાં વાય';
'ઉડે ખેહ ત્યાં અતિ ઘણાજી, અને હોય તિંહા નિઘાત;
પીત વર્ણ દાહડો થયોજી, દેખે બહુ ઉત્પાત';
'સાયરને શોષે સહીજી, કરે પર્વત ચકચૂર;
કે આકાશ ધંધોળતાજી, પૃથિવી ફાડે શૂર';
'અગ્નિમાં પેસે સહીજી, સિંહશું લેતા બાથ'.

શૂરવીરોના યુદ્ધથી ધરતી ધ્રુજી ઉઠે છે. દશે દિશાઓ પણ યુદ્ધની ભયંકરતાથી લાલવર્ણી બને છે. આકાશમાંથી તારાઓ ખરવાથી અને વીજળી પડવાથી હાહાકાર મચી જાય છે. તે સમયે યુદ્ધની ભયંકરતામાં વધારો કરવા નઠારો પવન વાય છે. ચારે બાજુ ધૂળની ડમરીઓ ઊડે છે. યોદ્ધાઓના તલવાર, ભાલા તેમજ હથિયારોના અવાજ આદિ તથા હાથી-ઘોડાની ચિચિયારીઓનાં ભયંકર અવાજથી પર્વતોમાં તિરાડો પડે છે. તેના પડઘા બ્રહ્માંડમાં પડે છે, તેથી બ્રહ્માંડ ગાજી ઉઠે છે. શૂરવીર યોદ્ધાઓનું આ યુદ્ધ જાણે બે સિંહો એકબીજા સાથે બાથંબાથ ન કરી રહયા હોય તેવું લાગે છે.

યુદ્ધના આ દ્રશ્યથી પ્રકૃતિમાં થતાં ભયંકર પરિણામોનું કવિએ માર્મિક રીતે વર્ણન કર્યું છે.

ભરત-બાહુબલિનું પાંચ પ્રકારનું યુદ્ધ તેમજ પુંડરીક નગરીના વજનાભ રાજાની આલોચનાનાં સંદર્ભમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ પ્રાણીઓનો કવિએ વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે. કવિની આ વર્ણન શૈલી પ્રેમાનંદની વર્ણન શૈલીનું સ્મરણ કરાવે છે. અલબત્ત, કવિ ઋષભદાસની શૈલીની છાયા તેના ઉત્તરવર્તી કવિ પ્રેમાનંદ અને કવિ શામળની રચનાઓમાં જોવા મળે છે.

કવિ ઋષભદાસને સામાજિક જ્ઞાન સાથે જ્યોતિષ વિષયક જ્ઞાન પણ હતું. તેમણે ભરત-બાહુબલિ રાસમાં ચૌદ સ્વપ્નોનું વર્ણન કર્યું છે. તેમજ સ્વપ્નમાં જોયેલી વસ્તુઓના આધારે ફળ નિર્દેશન, સ્વપ્ન જોયાના સમયને આધારે ફળ પ્રાપ્તિનો સમય, પુરુષ-સ્ત્રીનાં બત્રીસ લક્ષણો આદિ વિષયોને વિગતવાર વિસ્તારથી આલેખ્યા છે. સારા અને માઠા પ્રસંગોએ શકુનનું વર્ણન કરવું એ મધ્યકાલીન કવિઓની એક વિશેષતા છે. કવિ લાવણ્ય સમયે 'વિમલપ્રબંધ' નામની રાસ કૃતિમાં શુકન-અપશુકનની માન્યતાઓનું નિરૂપણ કર્યું છે. કવિ ઋષભદાસની 'સુમિત્ર રાજર્ષિ' રાસકૃતિ ચમત્કારોથી ભરપૂર છે.

નેમિનાથ સ્તવનમાં કવિએ કરુણરસનું નિરૂપણ કર્યું છે. જે કવિ પ્રેમાનંદની યાદ અપાવે છે. કવિ

[47]પ્રેમાનંદની 'દશમ સ્કંધ', 'મામેરું' અને 'નળાખ્યાન' જેવી કૃતિઓમાં કરુણરસનું નિરૂપણ થયું છે. જૈનોના બાવીસમાં તીર્થંકર ભગવાન નેમિનાથ સંસાર અવસ્થામાં પશુઓના ચિત્કાર સાંભળી લગ્ન મંડપમાંથી પાછા ફરે છે. તે સમયે રાજિમતીના હ્રદયની કરુણ વેદના દર્શાવતાં કવિ કહે છે-

> હીયડે ચિંતે રાજુલ નારી, કીશાં કરમ કીધાં કીરતાર[48];
> કે મેં જલમાં નાખ્યા જાલ, કે મેં માય વિછોડયાં બાલ;
> કે મેં સતીને ચડાવ્યા આલ, કે મેં ભાખી બિરૂઈ ગાલ;
> કે મેં વન દાવાનલ દીયા, કે મેં પરધન વંચી લીયા;
> કે મેં શીલ ખંડના કરી, તો મુજને નેમે પરહરી !

ભરત-બાહુબલિ રાસમાં ભરત પ્રવ્રજ્યા પંથે પ્રયાણ કરે છે તેના સંદર્ભમાં તેમની રાણીઓનો કરુણ કલ્પાંત મર્મ વિદારક છે.

> નારી વનની રે વેલડી, જલ વિણ તેહ સુકાય રે[49],
> તુમો જળ સરીખા રે નાથજી, જાતાં વેલડી કરમાય રે ...૬
> પોપટ ઝૂરે રે પાંજરે, વનમાં ઝૂરે રે મોર રે,
> ખાણ ન ખાય રે વૃષભો વળી, ગવરી કરે બહુ સોર રે ...૧૩

કવિએ હાસ્યરસ,વીરરસ, કરૂણરસનું નિરૂપણ પોતાની રાસકૃતિઓમાં કર્યું છે તેમ સંસારની અસારતા, જીવનની ક્ષણભંગુરતા અને ધર્મવિચારનો બોધ પણ આપે છે. કવિ શામળની વાર્તાઓમાં પણ ઠેર ઠેર બોધક સુભાષિતો અને નીતિ-ઉપદેશનું નિરૂપણ થયું છે, જે શામળનાં સંસાર નિરીક્ષણ અને લોક વ્યવહારનું જ્ઞાન કરાવે છે.

કવિનાં કાવ્યમાં કેટલીક વિશેષતાઓ ધ્યાન ખેંચે છે.

૧) વર્ણન શક્તિ - કવિએ કુમારપાળ રાસમાં રાજા કુમારપાળની લાંબી રઝળપાટનો વિસ્તારથી ચિતાર આલેખ્યો છે.

કવિએ ભરતબાહુબલિ રાસમાં યુદ્ધનું તેજસ્વી વર્ણન કર્યું છે, તેમજ હીરવિજયસૂરિ રાસમાં રાજા સિદ્ધરાજની ચિત્તાનું માર્મિક વર્ણન કર્યું છે. સમકિતસાર રાસમાં સમકિતની દુર્લભતા અને પંચાચારના વિષયો વિસ્તારથી ચિતર્યા છે. દેવ, મનુષ્ય કે સંસારના સર્વ પ્રાણીઓ મૃત્યુના પંજામાં જકળાયેલા છે. જેનો જન્મ તેનું મૃત્યુ અવશ્ય છે; આવા સનાતન સત્યને તેમણે સરળભાષામાં આલેખ્યું છે.

૨) છંદ - કવિ ઋષભદાસે મુખ્યત્વે દૂહા, ચોપાઈ તેમજ વિવિધ ઢાળોમાં પ્રચલિત ગેય દેશીઓને ઉપયોગમાં લીધી છે. તેમના કાવ્યમાં વિવિધ દેશીઓ લોકપ્રિય ઢાળોમાં જુદા જુદા રાગોમાં જોવા મળે છે. આશાવરી, ગોડી, મારુ જેવા પ્રચલિત રાગો ઢાળના મથાળે વપરાયા છે. તેમના સમકાલીન કવિઓની પરંપરા તેમણે

જાળવી રાખી છે. કવિ સમયસુંદરની માફક કવિ ઋષભદાસ પ્રારંભથી ઢાળ, છંદ અને રાગોનો ઉપયોગ કરતા દેખાય છે.

૩) ભાષા - કવિ ઋષભદાસની રચનાઓમાં ભાષાની પ્રૌઢી છે. તેમની ભાષામાં આર્દ્રતા છે. કહેવતો, રૂઢપ્રયોગો, સંવાદ, વાદ- વિવાદોમાંની દ્રષ્ટાંત પ્રચુરતા ઉપરથી તેમનું ભાષા પરનું પ્રભુત્વ જાણી શકાય છે, બલવત્તા જાણી શકાય છે. તેમની ભાષા સરળ, રસાત્મક છે. થોડાં શબ્દોમાં પોતાના મંતવ્યને સચોટ રીતે રજૂ કરવાની રીત નીચેની પંક્તિઓ પરથી જણાય છે.

**(૧) કુવચન દીધાં ન ફાલઈ, સાલઈ હઈડામાંહિ[૫૦]**

**(૨) માન સરોવર ઝીલીઓ, કાગ ન થાઈ હંસ**

**(૩) તરવારો જિમ વિજળી બાણ વરશે મેહ**

૪) સુભાષિતો - તેમના કેટલાંક સુભાષિતો વર્તમાને પણ લોકપ્રિય છે, જે ઉપદેશાત્મક છે. તે કવિ શામળનું સ્મરણ કરાવે છે.

**(૧) સરિખા દિન સરિખાવલી નો હોઈ સુર નર ઈંદ્ર;**
**જીહાં સંપદા તિહાં આપદા, ચઢત પડત રવિ ચંદ...**

**(૨) ઊંઘ ન માગે શૈયા સાર, અરથી ન ગણે દોષ વિચાર;**
**ભૂખ્યો નવિ માગે સાલણું, કામી ન પૂછે ન કુલ સ્ત્રી તણું...**

**(૩) પીપલ તણું જિમ પાનડું, ચંચલ જિમ ગજ-કાન;**
**ધન યૌવન કાયા અસી, મ કરો મન અભિમાન...**

સમસ્યાબાજી એ મધ્યકાળનો ચાતુર્ય પરીક્ષક બુદ્ધિવર્ધક વ્યાયામ જ નહિ પરંતુ મનોરંજનનું એક લોકપ્રિય સાધન પણ હતી. કવિ ઋષભદાસે વ્રતવિચાર રાસ, સમકિતસાર રાસ, હીરવિજયસૂરિ રાસમાં આવી સમસ્યાઓનો ઉપયોગ કર્યો છે. કવિ શામળે પણ મધ્યકાલીન લોકવાર્તાની ચાલી આવતી પ્રણાલિકાનું જ અનુસરણ કર્યું છે.

કવિ ઋષભદાસે પોતાની રાસકૃતિઓમાં ચાતુર્ય, કલ્પનાશક્તિ, શબ્દપ્રયોગ, માધુર્ય, વર્ણનશૈલી દ્વારા કાવ્યને રસમય બનાવવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ વિપુલ સાહિત્ય સર્જન દ્વારા સત્તરમી સદીના સમર્થ ગુજરાતી કવિ બન્યા છે. તેમની કેટલીક કૃતિઓ સંસ્કૃત-પ્રાકૃત પરથી અનુવાદ થઈ છે, છતાં હૃદય સ્પર્શી છે. તેમના દૂહા, ચોપાઈ, કવિ શામળની શબ્દ રચનાને મળતાં આવે છે, તેથી શામળને 'ઋષભસવાઈ' કહેવાનું મન થાય છે. કુમારપાળ રાસમાં આપેલી અઢાર સમસ્યાઓ વાંચતાં શામળભટ્ટની યાદ અપાવે છે. કવિ ઋષભદાસની રાસકૃતિઓમાં લોકપ્રિય ઢાળોનાં મીઠાં અસરકારક પદો છે.

કવિની દરેક કૃતિમાંથી સ્વતંત્ર કલ્પનાશક્તિ, વર્ણનશક્તિ અને પ્રતિભાની ઝલક જોવા મળે છે. જૈન કથા સાહિત્યમાંથી મહાપુરુષોનાં ચરિત્ર ચિત્રણ લઈ તેને કાવ્યમાં નિરૂપણ કરી શ્રોતાઓની રુચિને માટે સુંદર

સાહિત્ય સર્જન કર્યું છે. કવિ સમયસુંદર, કવિ નયનસુંદર, કવિ લાવણ્યસમય જેવા સમકાલીન કવિઓએ પણ આ પરંપરા અપનાવી છે. કવિ ઋષભદાસ તેમને અનુસર્યા છે. કવિએ ચરિત્રાત્મક કથાઓ સાથે બોધપરક, તત્ત્વજ્ઞાનમય રાસો પણ રચ્યા છે. જેમકે હિતશિક્ષા રાસ, તત્ત્વવિચારરાસ, વ્રતવિચાર રાસ, તીર્થ મહિમા આદિ વિષયોને કાવ્યમાં મઠાર્યા છે.

સર્વ મળી કવિ ઋષભદાસનું કાવ્યસાહિત્ય આસરે ૪૦,૦૦૦ થી ૪૫,૦૦૦ કડી ઉપરાંત હોવાની સંભાવના છે. તેમનું સાહિત્ય પ્રેમાનંદ અને શામળની પૂર્વે લખાયેલું છે. તેઓ કવિત્વ અને પ્રતિભામાં કવિ નયનસુંદરની જેમ જૈનેત્તર કવિઓની હરોળમાં ઉભા રહી શકે છે. કવિ ઋષભદાસની હિતશિક્ષા રાસની શૈલી કવિ દલપતરામની કાવ્ય શૈલીને મળતી આવે છે. તેથી કહી શકાય કે શામળ અને દલપતરામ ઉપર કવિ ઋષભદાસની અસર થઈ હોવી જોઈએ.

કવિતાની વ્યાખ્યા કરતા કુમારપાળ રાસમાં કહયું છે કે –

'જીમ કવિતા અણ ચિંત્યું કવઈ.'[૫૧]

કલ્પના ન હોય તેવા સુંદર વિચારો રજુ કરે તે કવિ – કવયિતા.

અહીં કવિતા એટલે કવિ. સામાન્ય વ્યક્તિઓ સમજી શકે અને આનંદ માણી શકે તેવી કૃતિઓનું સર્જન કરે તે સાચો કવિ છે. કવિ ઋષભદાસની અત્યાર સુધીની પ્રકાશિત રાસકૃતિઓ અત્યંત સરળ ભાષામાં લખાયેલી છે, તેથી સામાન્ય વ્યક્તિઓ પણ સમજી શકે તેમ છે.

કવિ નયનસુંદર, કવિ સમયસુંદર અને કવિ પ્રેમાનંદના કાવ્યોમાં કાવ્યરસની સુંદર જમાવટ છે. તો બીજી બાજુ કવિ શામળભટ્ટ, કવિ દલપતરામ અને દયારામના સાહિત્યમાં ઉપદેશાત્મક શક્તિની વિશિષ્ટતા છે. સાધુચરિત કવિ ઋષભદાસ શ્રેષ્ઠ કવિઓની હરોળમાં આવે છે. તેમણે મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યને પોતાની કાવ્યશક્તિ દ્વારા સમૃદ્ધ બનાવ્યું છે, જે એક મધ્યકાલીન સમગ્ર ગુજરાતી સાહિત્ય જગત માટે પણ ગૌરવશાળી બાબત છે.

હવે પછીના પ્રકરણમાં કવિ ઋષભદાસકૃત સમકિતસાર રાસની સંપાદીત વાચના કરવામાં આવી છે.

## પાદનોંધ(પ્રકરણ-૨)

૧. શ્રી હીરવિજયસૂરિ રાસ, ચોપાઈ, કડી - ૩૦૫૬, પૃ. ૩૫૨.
૨. આનંદ કાવ્ય મહોદધિ : મૌક્તિક-૩, ઢાળ : ૮૩, કડી-૧ થી ૫, પૃ. ૧૦૩.
૩. જૈન ગુર્જર કવિઓ ભાગ-૩, પૃ. ૨૫. આવૃત્તિ-૨.
૪. જૈન ગુર્જર કવિઓ, ભાગ-૩, કડી - ૧૮૧૨-૧૮૧૫, પૃ. ૫૭. આવૃત્તિ-૨.
૫. એજ. કડી - ૧૩૧૫ (અંતની પ્રશસ્તિ). પૃ. ૫૩.
૬. શ્રી હીરવિજયસૂરિ રાસ : કડી – ૩૦૭૯, ૩૦૮૧, ૩૦૮૨, પૃ.૩૫૩/૩૫૪
૭. શ્રી હીરવિજયસૂરિ રાસ : કડી - ૩૦૬૬-૩૦૭૫. પૃ.૩૫૩.
૮. કવિ ઋષભદાસ: એક અધ્યયન. પૃ. ૧૨.
૯. આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક-૮, કુમારપાળ રાસ ખંડ-૨,કડી-૨૯,પૃ.૬૬.
૧૦. આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક-૮ કુમારપાળ રાસ ખંડ-૧, પૃ. ૨૧૨.
૧૧. હીરવિજયસૂરિ રાસ, ઢાળ-૬૭, કડી-૧૫૮૫, પૃ. ૧૮૨.
૧૨. એજ, ઢાળ-૨૯, કડી-૪૯૭, પૃ.૧૮૨. તેમજ કડી-૫૦૭,૫૧૦, પૃ-૬૩.
૧૩. ખંભાતનો ઈતિહાસ - પૃ.૯૮. લે. ચંદ્રકાંત કડિયા.
૧૪. જૈન ગૂર્જર કવિઓ ભાગ-૩. પૃ.૨૫. સં. જયંત કોઠારી.
૧૫. એજ. ઢાળ-૮૧, કડી-૬૦- પૃ.૨૯.
૧૬. એજ. જીવવિચાર રાસ, કડી-૨૯૪-૨૯૮. પૃ. ૩૯.
૧૭. આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક-૩. ભરત-બાહુબલિ રાસ, ઢાળ-૮૪, કડી-૪, પૃ. ૧૦૫.
૧૮. જૈન ગુર્જર કવિઓ ભા.-૩, દુહા-કડી-૫૦, પૃ. ૨૮.
૧૯. શ્રી હીરવિજયસૂરિ રાસ: ઢાળ-૧૦૯, કડી-૩૧૦૭-૩૧૧૬, પૃ.૩૫૬/૩૫૭.
૨૦. એજ.કડી-૩૧૨૪-૩૧૨૬, પૃ.૩૫૮.
૨૧. એજ. કડી-૩૧૧૯-૩૧૨૨, પૃ.૩૫૭.
૨૨. જૈન ગુર્જર કવિઓ, ભા.-૩, 'વ્રત વિચાર રાસ', ઢાળ-૮૦, કડી-૫૩-૫૭, પૃ.૨૮-૨૯.
૨૩. કવિ ઋષભદાસ એક અધ્યયન: પૃ. ૧૫.
૨૪. જૈન ગુર્જર કવિઓ ભા.-૩, 'નવતત્ત્વ રાસ', કડી-૯૯(અંત), પૃ.૪૧.
૨૫. આનંદ કાવ્યમહોદધિ મૌક્તિક-૩, ઢાળ-૮૨, કડી-૧૦. પૃ. ૧૦૩.
૨૬. શ્રી હીરવિજયસૂરિ રાસ, ઢાળ-૧૦૮-૧૦૯, પૃ.૩૫૪-૩૫૫.
૨૭. જૈન ગુર્જર કવિઓ ભા-૩, સ્થૂલિભદ્ર રાસ, પૃ.૩૨.
૨૮. જૈન ગુર્જર કવિઓ ભા-૩, જીવત સ્વામીનો રાસ. કડી-૨૨૦, પૃ.૫૪.
૨૯. જૈન ગુર્જર કવિઓ ભા.-૩, પૃ.૭૭,૭૮. આવૃત્તિ-૨.
૩૦. કવિ ઋષભદાસ એક અધ્યયન : પૃ. ૩૦.
૩૧. શ્રી હીરવિજયસૂરિ રાસ : ઢાળ-૧૦૭, કડી -૩૦૨૫-૩૦૩૦, પૃ. ૩૪૬.
૩૨. જૈન ગુર્જર કવિઓ ભા.-૩, કડી-૯-૧૨, પૃ.૬૪. આવૃત્તિ-૨.
૩૩. જૈન ગુર્જર કવિઓ ભા.-૩, 'વ્રત વિચાર રાસ', કડી-૮૩૧-૮૩૨, પૃ.૨૭. આવૃત્તિ-૨.
૩૪. જૈન ગુર્જર કવિઓ ભા.-૩, 'સમકિત સાર રાસ', (અંત)કડી-૫૯, પૃ.૪૫. આવૃત્તિ-૨.
૩૫. જૈન ગુર્જર કવિઓ ભા.-૩, 'ક્ષેત્રપ્રકાશ રાસ', (અંત)કડી-૫૭૪, પૃ.૪૪. આવૃત્તિ-૨.
૩૬. આનંદ કાવ્ય મહોદધિ : મૌક્તિક-૩, ઢાળ-૭૯, કડી ૬-૮, પૃ.૯૭.
૩૭. જૈન ગુર્જર કવિઓ ભા.-૩, 'કુમારપાળ રાસ', (અંત)કડી-૫૫, પૃ.૩૬. આવૃત્તિ-૨.

૩૮. આનંદ કાવ્ય મહોદધિ : મૌક્તિક-૮, 'કુમારપાળ રાસ' ખંડ-૨, કડી ૫૩, પૃ.૧૯૭.
૩૯-૪૦. શ્રી હીરવિજયસૂરિ રાસ : ઢાળ-૧૦૯, કડી-૩૧૧૭, પૃ. ૩૫૭.
૪૧. જૈન ગુર્જર કવિઓ ભા.-૩, પૃ. ૨૫-૭૯. આવૃત્તિ-૨.
૪૨. કવિ પંડિત વીરવિજયજી એક અધ્યયન, પૃ.૨, લે. ડૉ. કવિન શાહ.
૪૩. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રઃ અધ્યન-૯, નમિરાજર્ષિ, સૂ.૩૫. પૃ. ૧૭૧. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૪૪. એજ. સૂ. ૩૪.પૃ.૧૭૧.
૪૫. હિતશિક્ષા રાસ : કડી-૧૫૩૬-૧૫૩૯, પૃ.૧૮૨, સં. શ્રાવક ભીમસિંહ માણેક.
૪૬. આનંદકાવ્ય મહોદધિ : મૌક્તિક-૩, ભરત-બાહુબલિ રાસ, ઢાળ-૨૬, કડી-૫-૧૧, પૃ.૨૯.
૪૭. ગુજરાતી સાહિત્ય : પૃ. ૧૫૭, લે. અનંતરાય મ. રાવળ.
૪૮. મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય : પૃ. ૧૭૮, સં. જયંત કોઠારી.
૪૯. આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક-૩, ઢાળ-૭૧, કડી-૬-૧૩, પૃ.૮૬-૮૭.
૫૦. મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય, પૃ.૧૭૯.
૫૧. આનંદકાવ્ય મહોદધિ : મૌક્તિક-૮, કુમારપાળ રાસ, કડી-૧૧૯, પૃ. ૧૭.



સમકિતસાર રાસનું પ્રથમ પૃષ્ટ. પ્રત ક્રમાંક-૧૪૯૪ (ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટ-પૂના)



વ્રતવિચાર રાસ પ્રથમ પૃષ્ટ સરસ્વતી દેવીનું ચિત્ર.



સમકિતસાર રાસ પ્રથમ પૃષ્ટ સરસ્વતી દેવીનું ચિત્ર.



સમકિતસાર રાસની પ્રતનું અંતિમ પૃષ્ટ.

# પ્રકરણ - ૩
# સમકિતસાર રાસ ઢાળ - ૧ થી ૧૫ ની સંપાદિત વાચના અને તેનું અધ્યયન

## સમકિતસાર રાસનો પ્રત પરિચય

સમકિતસાર રાસ પ્રતના પ્રથમ પૃષ્ઠ પર માતા સરસ્વતીનું ચિત્ર છે. સંભવ છે કે સમકિતસાર રાસની કવિ ઋષભદાસ કૃત હસ્તલિખિત પ્રત પર માતા સરસ્વતીનું ચિત્ર, તેમના સ્વહસ્તે દોરેલું હોવું જોઈએ. તેમની સ્વહસ્ત લિખિત પ્રત પ્રાપ્ય નથી, પણ વ્રતવિચાર રાસ જે 'અનુસંધાન' નામના અનિયત કાલિકના નં. ૧૯મા અંકમાં પ્રકાશિત થયેલ છે. તે કવિની હસ્તલિખિત પ્રત છે ; તેના પ્રથમ પૃષ્ઠ પર લગભગ તેવું જ ચિત્ર કવિ દ્વારા દોરાયેલું છે.તેથી કહી શકાય કે આપણા અભ્યાસનો વિષય સમકિતસાર રાસના પ્રથમ પૃષ્ઠપર દોરેલું સરસ્વતી દેવીનું ચિત્ર કાનજી લહિયાએ અથવા અન્ય કોઈ ચિત્રકારે અહીં અનુકરણ કરી દોર્યું હોવું જોઈએ.

આ ચિત્ર નિષ્ણાત ચિત્રકારના ચિત્ર જેવું દેખાવમાં ભલે અતિશય મનોહર નથી, પરંતુ એક ગૃહસ્થ શ્રાવક કવિએ રેખાઓ દોરીને પોતાની માતા શારદા પ્રત્યેની આસ્થા અને અનન્ય ભક્તિ પ્રદર્શિત કરી છે. આ બન્ને ચિત્રો ઘણું સામ્ય ધરાવે છે. બન્ને ચિત્રોમાં માતા સરસ્વતી ચતુર્ભુજા ધારી છે. સમકિતસાર રાસમાં દોરેલા માતા સરસ્વતીનાં ચિત્ર અનુસાર તેમના એક હાથમાં ભક્તિનાં પ્રતીક સમાન માળા, બીજા હાથમાં જ્ઞાનના પ્રતીક સમાન પુસ્તક, ત્રીજા હાથમાં મધુર અને સમ્યગ્ સંગીતના પ્રતીક સમાન વીણાનું વરદંડ તથા ચોથા હાથમાં વિજયના પ્રતીક સમાન ધ્વજ છે. વ્રતવિચાર રાસમાં દોરેલા માતા સરસ્વતીના ચિત્ર અનુસાર ત્રણ હાથમાં રહેલી વસ્તુમાં સમાનતા છે, પણ તેમાં ચોથા હાથમાં ધ્વજાની જગ્યાએ કમંડળ છે. બન્ને ચિત્રોમાં માતા સરસ્વતીનું વાહન મયૂર છે. આ મયૂર અનેક પંખોથી સુશોભિત છે. બન્ને ચિત્રોમાં માતા સરસ્વતીનો શણગાર પણ પ્રાયઃ સમાન જ છે. તેમના નાકમાં નથણી, કાનમાં કર્ણફૂલ(કુંડળ), હાથમાં કંકણ, પગમાં વેઢ છે. આપણી અભ્યાસની રાસકૃતિની સરસ્વતી દેવીની આકૃતિને માથે મુગટ પણ છે. બન્ને ચિત્રમાં માતા સરસ્વતીના ગાલ પર ખંજન છે.

સમકિતસાર રાસમાં માતા સરસ્વતીના ચિત્રની ઉપર ધ્વજા પતાકાથી સુશોભિત તોરણ છે. સરસ્વતી દેવીના ચિત્રની ડાબી તથા જમણી તરફ લાલ રંગની ત્રણ રેખા દોરેલી છે. સરસ્વતી દેવીના ચિત્રની જમણી તરફ લાલ તિલકની નીચે હાંસિયામાં મંદિર દોરેલું છે. તેના ઉપર કળશ અને ધ્વજા લહરાય છે. તેવું જ મંદિરનું ચિત્ર અંતિમ પૃષ્ઠ પર પણ છે. આ પ્રતની પત્રસંખ્યા ૪૪ છે.

સમકિતસાર રાસના પ્રારંભે ભલેમીંડું કરાયું છે. જે મંગલાચરણની નિશાની છે. દરેક ચરણાંતે આંકણી લખી સંખ્યા લખી છે. કુલ ૮૭૯ કડીઓ છે. દરેક કડીમાં વિસર્ગ ચિહ્ન છે. પત્રની બંને બાજુ હાંસિયા છે. તેમાં બંને બાજુ ત્રણ ઊભી રેખાઓ છે. જે લાલ શાહીથી કરેલી છે. પત્રની બંને બાજુ દંડ-તિલક

કરવા માટે જગ્યા છોડી છે. આ પ્રતમાં મુખ્ય પૃષ્ઠ ઉપર જ્યાં પાના નંબરની આંકણી લખેલ છે ત્યાં તેની ઉપર મધ્યમાં અને ડાબી તરફ લાલ રંગના ત્રણ તિલક કરેલ છે, તેમજ પૃષ્ઠની મધ્યમાં ચોરસ ચોકડીની વિશિષ્ઠ આકૃતિવાળા સુશોભન કરેલા છે. તે ચોકડીના મધ્યમાં તિલકનું સુશોભન છે, જે લાલ રંગનું છે. આંકણી અને કડીની સંખ્યા લખી છે, ત્યાં ગેરુ પણ લગાડેલો છે.

સમકિતસાર રાસની ફોટોકોપી (પ્રત) પૂનાની ભાંડારકર ઈન્સ્ટીટયૂટમાંથી મળી છે. આ પ્રતને લાકડાની ડાભડા - મંજૂષામાં રાખવામાં આવી છે. આ પ્રતનો ડા૦ નં૦ ૪૫ છે. આ રાસકૃતિના પત્રની ઊંચાઈ ૧૦। સે.મી અને પહોળાઈ ૨૩। સે.મી. છે. દરેક પૃષ્ઠ પર ૧૧ પંક્તિઓ આલેખી છે. દરેક પંક્તિના અક્ષરોની સંખ્યા નિશ્ચિત નથી, પરંતુ પ્રાયઃ એક પંક્તિમાં ૪૦ અક્ષર છે. કેટલીક પંક્તિમાં અક્ષર ૪૦ થી વધુ પણ છે. આ પ્રતની સ્થિતિ મધ્યમ છે.

આ પ્રતના અક્ષરો મોટા, સ્વચ્છ અને સુઘડ છે, જેથી વાંચવામાં સુગમતા રહે છે. કોઈક શબ્દના અર્થ સમજવા અઘરાં છે, જેમકે સોઠી સુદ્રસ્લ (કડી-૨૪૫), કૂફમાલનિં (કડી-૩૦૫), પઈઆલિ (કડી-૪૬૬), વીહ્મમ્ (કડી-૪૯૯), શ્રેત્ર્ચ (કડી-૨૭) આદિ. આવા થોડાં શબ્દોને બાદ કરી કવિએ આ રાસમાં ખૂબ સરળતાથી સમજાય તેવા શબ્દોમાં આલેખન કર્યું છે. આ શબ્દો અત્યંત બાજુ બાજુમાં કે છૂટાં છૂટાં નથી.

લિપિકારે પુષ્પિકામાં આ રાસનું નામ સમકિતસાર રાસ લખ્યું છે. ખંભાતના વીશા પોરવાડ વણિક કવિ ઋષભદાસ તેના રચયિતા છે. તેમણે સંવત ૧૬૭૮ (ઈ.૧૬૨૨)માં આ રાસકૃતિનું કવન કર્યું છે; તેવું અંતિમ પૃષ્ઠ પર દર્શાવેલ છે. આ પ્રત લહિયા કાનજી (શ્વેતામ્બર સંપ્રદાયના - લઘુશાખાના) દ્વારા લખાયેલી છે. આ પ્રત ભાંડારકર ઈન્સ્ટીટયૂટમાં ઈ.સ. ૧૮૮૭ થી ૯૧ ના ગાળા દરમ્યાનમાં આવી છે. આ પ્રતનો ક્રમાંક ૧૪૯૪ (ભાંડારકર ઈન્સ્ટીટયૂટ)છે. ગ્રંથ નં - ૧૧૮૨ છે. આ રાસ જેઠ સુદ બીજ, ગુરુવારે (ત્રંબાવટી) ખંભાત નગરીમાં રચાયો છે. આ રાસની પૂર્ણાહુતિનો સમય સં. ૧૬૭૯, વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ) છે. કવિએ પ્રાયઃ ઘણી કૃતિઓ ગુરુવારે પૂર્ણ કરી છે. જે તેમની વિદ્યા પ્રીતિ દર્શાવે છે પરંતુ સમકિતસાર રાસ કવિએ ગુરુવારે પ્રારંભ કર્યો છે. ઘણી હસ્તપ્રતોમાં અંતે લિપિકારની નિર્દોષતા અને પ્રતની સુરક્ષા માટે સંસ્કૃત શ્લોક હોય છે તેમ અહીં પણ યાદશં..... એ ત્રણ સંસ્કૃત શ્લોક જોવા મળે છે.

## સમકિતસાર રાસની ભાષા વિષે નોંધ

૧) કવિ ખંભાત વિસ્તારના હોવાથી આ રાસકૃતિમાં ચરોત્તરી બોલીનો પ્રભાવ છે.આ પ્રતની ભાષા જૂની છે.

૨) આ પ્રત મૂળ કવિ ઋષભદાસની પ્રત નકલ હોવાની સંભાવના છે, છતાં લહિયાની બેદરકારી અથવા કોઈ અન્ય કારણોથી અશુદ્ધિનું પ્રમાણ જોવા મળે છે. જેમકે નંદષેણ, કાલક્યચાર્ય, કાપલ, કયપલ, જોયન, વૃત્ત, લ્યંગ, ગફાંયિ, સ્વર્ગમૃતિ જેવા શબ્દો - ભાષાની અશુદ્ધિ દર્શાવે છે.

૩) આ રાસકૃતિમાં પડીમાત્રાનો ઉપયોગ વધુ થયો છે. આ પ્રત સં.૧૮૮૭ જેવા પાછળના સમયમાં લખાયેલી હોવા છતાં સંભવ છે કે તે મૂળ પ્રતનું સીધું અનુકરણ હોવાથી પડિમાત્રા આદિ જૂની લેખન શૈલીના લક્ષણો જાળવી રાખે છે.

૪) આ રાસકૃતિમાં વિનય માટે 'વીનો' શબ્દ પ્રયોગ થયો છે. સંભવ છે કે તે સમયમાં વિનયને 'વીનો' કહેતા હોવા જોઈએ.

૫) કવિએ ઘણા સ્થળે આ પ્રતમાં 'ર' અક્ષરનો પ્રયોગ ન કરતાં માત્ર રેફ ( ' ) નો પ્રયોગ કર્યો છે. જેમ કે મર્ણ(કડી-૬૮,૩૯૫), મર્ણહાર(કડી-૧૨૦), સાધાર્ણ(કડી-૧૫૨), કાર્ણ(કડી-૨૦૩), પૂર્ષ(કડી-૨૦૮), તર્ણુ(કડી-૨૧૬), તર્તા(કડી-૨૧૮), પાર્ણુ(કડી-૨૨૫), આભર્ણ(કડી-૨૪૧), ચર્ણ(કડી-૩૨૦), જાતિસમર્ણ (કડી-૩૪૫), તર્ણ(કડી-૩૮૪), પર્ણિ(કડી-૩૯૮), નર્ગ(કડી-૪૦૪), ધર્તી(કડી-૪૩૦), વર્સ (કડી-૪૪૦), કાર્ણ્ય(કડી-૫૯૨), પર્મ(કડી ૫૨૫, ૭૮૪) ઈત્યાદિ.

૬) કવિએ જ્યારે શબ્દ માટે 'યારિં' શબ્દનો પ્રયોગ કર્યો છે. યારિં(કડી-૪૭) શબ્દથી અર્થ સ્પષ્ટ થતો નથી માટે (જ) ઉમેરવો પડે છે. તેવી જ રીતે યમ(કડી-૩૦૬) શબ્દમાં (જ) ઉમેરવાથી 'જયમ' શબ્દ બને છે તેથી અર્થ પૂર્તિ થાય છે.

૭) 'અ' શબ્દ ઘણી જગ્યાએ વધારાનો હોવાથી શબ્દના અર્થ પૂર્તિમાં અડચણ કરતો હોવાથી કેટલીક જગ્યાએ ( ) માં મૂકવામાં આવ્યો છે.

૮) આ રાસકૃતિ ૮૭૯ કડીમાં પથરાયેલી છે. તેમાં દુહા-૫૪ વાર છે. ઢાળ-૪૫ વાર છે. ચોપાઈ-૨૦ વાર આવે છે.

૯) આ રાસકૃતિની ૮૭૯ કડીમાંથી ૨૫૬ કડીઓમાં કથા પથરાયેલી છે. તેમાં કપિલ મુનિની કથા-૩૮ કડીઓમાં, નંદિષેણ મુનિની કથા - ૫૯ કડીઓમાં, વિક્રમ રાજાની કથા-૬૪ કડીઓમાં તથા બાકીની આઠ પ્રભાવક તથા દાન-શીલ-તપ અને ભાવ ધર્મના ઉદાહરણોમાં ૯૫ કડીઓ વપરાયેલી છે.

## ઢાળ - ૧ થી ૧૫ ની સંપાદિત વાચના અને તેનું અધ્યયન

**ॳ(ભલે મીંડું.)** ।। શ્રી વીતરાગાય નમઃ ।। શ્રી વીતરાગ પરમાત્માને નમસ્કાર હો ।।

મંગલાચરણ

દુહા ૧

વચન વિમલ વાણી દીઓ, વાઘેસ્વરી ત્રિપુરાય;
ભૃમ સુતાનિ ભારથી(તી), પ્રણમું તાહારા પાય. ...૧
હંસવાહની સરસ્વતી, દેવિ કુમારી માય;
કવિતરાસ હૂં તો રચું, જો તું પરગટ થાય. ...૨
જસમહિમાયિં ઉલષ્યા, ચોવીસઈ જિનરાય;
ઋષભ અજીત સંભવ જિના, અભીનંદન નમું પાય. ...૩
સૂમતીનાથ પ્રદ્મપ્રભો, પ્રણમું દેવ સુપાસ;
ચંદપ્રભ સુવધી નમું, સીતલ પૂરઈ આસ. ...૪
જિન શ્રીઆંસ નમું સદા, વાસ પૂજ્ય પ્રણમેશ;
વિમલ અનંત જિન ધર્મની, પુજા ભગતિ કરિશ. ...૫
સાંતિ કુંથુ અર મલ્લી નમું, મૂની સૂવ્રત નમી નેમ;
પાસ વીરનિં પ્રણમતા, કવી ધરિ હુઈ ખેમ. ...૬
એ ચૌવીસઈ જિન નમી, ગણધર કરી જોહાર;
ભૃમ વાદિની મનિ ધરી, કવસ્યુ સમકીત સાર. ...૭

અર્થ : હે ત્રિપુરાદેવી ! હે વાણીની સ્વામિની ! હે બ્રહ્માપુત્રી ! ભારતી (અર્થ બોધ સ્વરૂપા) હું તમારા ચરણે નમું છું. મને ઉત્તમ, નિર્મળ અને શુદ્ધ વચન આપો...૧

હંસ જેનું વાહન છે એવી માતા સરસ્વતી, તેજસ્વી સ્વરૂપવાળી છે. હે બ્રહ્મચારી (બાલ મનોહર રૂપવાળી) દેવી ! તું મારી ઉપકારી જનની છે. જો તું મારા ઉપર પ્રસન્ન થાય તો હું રાસ કાવ્ય રચવાનો પ્રયત્ન કરું...૨

જે પોતાના જ્ઞાનાદિક ગુણોના મહિમાથી ઉલ્લાસ પામેલા છે, એવા ચોવીસ જિનેશ્વરોની સ્તુતિ કરું છું. (ધર્મની આદિ કરનારા) પ્રથમ ઋષભદેવ તીર્થંકર, (૨ થી ૪) અજિતનાથ, સંભવનાથ તેમજ અભિનંદન જિનને નમસ્કાર કરું છું...૩

(૫ થી ૭)સુમતિનાથ, પદ્મપ્રભ અને સુપાર્શ્વનાથ જિનને વંદન કરું છું. વળી (૮ થી ૧૦) ચંદ્રપ્રભ

અને સુવિધિનાથ જિનને નમન કરું છું તેમજ (ભવ્ય જીવોના સંતાપ હરનારા) શીતલનાથ જિન (મારી) સર્વ અભિલાષાઓ પૂર્ણ કરશે...૪

(૧૧ થી ૧૫) શ્રેયાંસનાથ જિનને નિત્ય વંદના કરું છું. વળી વાસુપૂજ્ય દેવને પ્રણામ કરું છું તેમજ વિમલનાથ, અનંતનાથ અને ધર્મનાથ જિનની સદા ભક્તિ-સ્તુતિ કરીશ...૫

(૧૬ થી ૨૪) શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ અને મલ્લીનાથને નમસ્કાર કરું છું. મુનિસુવ્રત સ્વામી, નમિનાથ સ્વામી, નેમનાથ સ્વામી, પાર્શ્વનાથ સ્વામી તથા મહાવીર સ્વામી આ ચોવીસ જિનેશ્વર દેવોને પ્રણામ કરતાં કવિ ગૃહે (કવિ ઋષભદાસના આત્મામાં) ક્ષેમ કુશળતા વર્તાય છે...૬

આ ચોવીસ તીર્થંકરોને ભાવપૂર્વક નમસ્કાર કરી, ગણધર ભગવંતોના ઉપકારોનું સ્મરણ કરી બ્રહ્માપુત્રી અને શ્રુતદેવી માતા સરસ્વતીને હૃદયમાં ધારણ કરી સમકિતસાર રાસનું કવન કરીશ (સમકિત એ જૈનત્વની નિશાની છે, તેમજ સર્વ શાસ્ત્રોનો સાર છે; માટે કવિ તેને સમકિતસાર કહે છે.)...૭

**મંગલાચરણ :**

કવિએ કડી ૧ અને ૨માં માતા સરસ્વતીને તેમજ કડી ૩ થી ૭માં ચોવીસ તીર્થંકરો અને ગણધરોને મંગલાચરણમાં સ્તવ્યા છે.

વિશેષાવશ્યક ભાષ્યના પ્રસિદ્ધ ટીકાકાર શ્રી હેમચન્દ્રાચાર્ય મંગલાચરણનું મહત્ત્વ દર્શાવતાં કહે છે[1] -

**मङ्क्यते अलंक्रियते आत्मा येनेति मंगलम् ।**

જેના દ્વારા આત્મા શોભાયમાન થાય તે મંગલ છે. અથવા જેના દ્વારા સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય, પાપનો ક્ષય થાય તે મંગલ છે.

કાર્યના પ્રારંભમાં મંગલનું સ્મરણ કરવું એ મંગલાચરણ છે. તેનાથી ત્રણ લાભ થાય છે. ૧)આરંભેલુ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય છે. ૨) સ્થિર થવાય છે. ૩) વિઘ્નોનો નાશ થાય છે.

આચાર્ય આત્મારામજીએ પણ મંગલાચરણના લાભ દર્શાવતાં કહયું છે કે - (૧) વિઘ્નોપશમન (૨) શ્રદ્ધા (૩) આદર (૪) ઉપયોગની શુદ્ધિ (૫) નિર્જરા (૬) અધિગમ-સમ્યક્ત્વની ઉત્પત્તિનું વિશિષ્ટ નિમિત્ત તે અધિગમ. (૭) ભક્તિ-જ્ઞાન અને વિવેક સાથેની ભક્તિ આત્મા માટે કલ્યાણકારી બને (૮) પ્રભાવના[2]

આ હેતુથી પ્રાચીન ભારતીય પંરપરાને અનુસરીને કવિ ઋષભદાસે પોતાની બધીજ રાસ કૃતિઓમાં મંગલાચરણ કર્યાં છે. કવિ ઋષભદાસ માટે એવું કહેવાય છે કે તેઓ પ્રારંભમાં મંદ બુદ્ધિના હતા. તેઓ ઉપાશ્રયમાં ગુરુભગવંતોની સેવા કરતા અને તેમને શાતા ઉપજાવવા કચરો કાઢતા હતા. એકવાર સારસ્વત પર્વમાં પૂજ્ય વિજયસેનસૂરિ મહારાજે પોતાના મંદબુદ્ધિ શિષ્ય માટે બ્રાહ્મી મોદક સિદ્ધ કરીને પાટલા ઉપર મૂક્યો. પચ્ચક્ખાણ આવ્યું ન હોવાથી ગુરુદેવ બહાર ગયા. ઋષભદાસ શ્રાવક પ્રાતઃકાળે કચરો કાઢવા આવ્યા. તેમણે મોદક જોયો અને તે ખાઈ ગયા. પૂજ્ય વિજયસેનસૂરિએ શિષ્ય માટે મોદક શોધ્યો, મળ્યો નહિ. ઋષભદાસ શ્રાવકને પૂછતાં એમણે મોદકનો ઉપયોગ કર્યો છે એવું જાણ્યું. અંતે ગુરુદેવના આશીર્વાદથી ઋષભદાસ મહાકવિ બન્યા. તેથી તેઓ માતા સરસ્વતીના અનન્ય ઉપાસક બન્યા.

પ્રત્યેક ધર્મ સમુદાયોમાં માતા સરસ્વતીનો વિશિષ્ટ સ્વરૂપમાં સાદર સ્વીકાર થયો છે. હિંદુઓમાં 'સરસ્વતી' નામથી, વૈશ્યોમાં 'શારદા', બૌદ્ધોમાં 'પ્રજ્ઞા પારમિતા', ખ્રિસ્તીઓમાં 'મીનર્વા' અને જૈનોમાં 'શ્રુતદેવી'ના નામથી માતા સરસ્વતીની પૂજા થાય છે. દક્ષિણ ભારત, બંગાલ, મેઘાલય આદિમાં 'ત્રિપુરા ભારતી' નામથી વિખ્યાત છે.

ભગવાન ઋષભદેવની ગણના સૃષ્ટિના આદ્યકર્તા બ્રહ્મા તરીકે થાય છે. બ્રાહ્મી તેમની પુત્રી હતી. પરમાત્માએ જમણા હાથે તેને લિપિ શીખવાડી એ લિપિ બ્રાહ્મી લિપિ કહેવાઈ. બ્રાહ્મી વાણીની દેવતા તરીકે પ્રસ્થાપિત થઈ. કવિ ઋષભદાસે પણ બ્રહ્માપુત્રી તરીકે માતા સરસ્વતીને સંબોધ્યા છે. વળી ત્રણે જગતનો પ્રાણીઓનો વચન દ્વારા વ્યવહાર ચાલે છે તેથી માતા સરસ્વતી ત્રિપુરાદેવી – વાગ્દેવી કહેવાય છે.

તીર્થંકરોના જીવનબાગમાં શુક્લ ધ્યાનનો તાપ અને તપ દ્વારા શુદ્ધ શ્વેત પૂંજ સમી સરિતા અવતરી. એ શ્વેતપૂંજ સરિતા એટલે સરસ્વતી. તેની સાધના જ્ઞાન-પ્રકાશના આવરણોને તોડે છે અને આત્મસ્વરૂપ પ્રગટાવે છે. માતા સરસ્વતી એ જિનવાણી સ્વરૂપ હોવાથી બ્રહ્મ-આત્માનું જ્ઞાન કરાવે છે, તેથી જિનેશ્વરની વાણી એ જ સરસ્વતી છે. વર્તમાન કાળે જિનેશ્વર ભગવંતો સાક્ષાત્ હાજર નથી પરંતુ તેમની વાણી, એ સમ્યક્ત્વનું કારણ છે[૩].

જૈન પરંપરામાં વિધિવત્ સારસ્વત ઉપાસના સર્વપ્રથમ આચાર્ય સિદ્ધસેન દિવાકરજીના ગુરુદેવ આચાર્ય વૃદ્ધવાદિ સૂરિજીના જીવનમાં દેખાય છે. તેઓ મહાન વાદી પુરુષ તરીકે પ્રખ્યાત થયા.[૪] તેવીજ રીતે વૈદિક પરંપરામાં મહાકવિ કાલીદાસ, મહાકવિ હર્ષ, આદિ વિશ્વવિખ્યાત છે, જેઓ સરસ્વતી આરાધના કરી સિદ્ધ સારસ્વત બન્યા.

આ પ્રમાણે પ્રાચીન ભારતીય ગ્રંથ પરંપરા પ્રમાણે રાસકર્તાએ પોતાની કૃતિનો આરંભ પોતાનાં ઈષ્ટ દેવ-દેવીને નમસ્કાર કરી, તેમના આશિષ માગીને કરે છે. માણેકચોક નિવાસી સુવિખ્યાત કવિ તથા જગદ્ગુરુ હીરવિજયસૂરિના પરમભક્ત શ્રાવક કવિ ઋષભદાસે પોતાની રાસકૃતિઓના પ્રારંભમાં માતા સરસ્વતીની સ્તવના કરી છે. તેમના પ્રત્યેની પોતાની આસ્થા પ્રગટ કરી, તેમણે દરેક કૃતિમાં માતા સરસ્વતીની ઉપાસના કરી છે. ત્યારબાદ કવિ ચોવીસ જિનેશ્વર ભગવંતોનું કીર્તન કરે છે.

## ચોવીસ તીર્થંકર કીર્તન :

તીર્થંકર ભગવંતો અવસર્પિણી(ઊતરતો કાળ) અને ઉત્સર્પિણી (વૃદ્ધિ પામતો કાળ)કાળમાં ચોવીસ- ચોવીસ થાય છે કારણ કે વિશિષ્ટ પુણ્યના સ્વામી એવા જિનેશ્વર દેવોને જન્મવા યોગ્ય સર્વ ગ્રહો શ્રેષ્ઠ કક્ષાના હોય તેવો ઉત્તમ સમય માત્ર ચોવીસ વખત જ પ્રાપ્ત થાય છે[૫].

**તીર્થંકરના જીવનની મહત્ત્વપૂર્ણ ઘટના :**

- તીર્થંકર માતાનું દૂધ પીતા નથી. ઈંદ્ર તેમના ઉછેર માટે અનેક દેવીઓને 'ધાય' બનાવી નિયુક્ત કરે છે.
- **'सव्वं मे पावकम्मं अकरणिज्जं'** આ સંકલ્પ સાથે સંપૂર્ણ સાવદ્યયોગને ત્યાગીને દીક્ષિત થતાં જ તીર્થંકરને

મનઃપર્યવ જ્ઞાન થાય છે.

• તીર્થંકર દીક્ષા લેતા સમયે 'નમો સિદ્ધાણં' કહીને સિદ્ધોને નમસ્કાર કરે છે.

• તીર્થંકર દીક્ષિત થાય ત્યારે પંચમુષ્ટિ કેશલુંચન કરે છે. ઈંદ્ર તેમના કેશને રત્નમય પટારામાં રાખે છે અને આદરપૂર્વક ક્ષીરસાગરમાં તેનું ક્ષેપન કરે છે.

તીર્થંકરની નિર્મળ વાણી સમ્યક્ત્વનું વિધાન હોવાથી કવિ ઋષભદાસ તેમનું સ્મરણ કરી ગણધરોને નમસ્કાર કરે છે. તીર્થંકર પરમાત્માના મુખેથી નીકળેલી બ્રહ્મરૂપ વાણીને ગણધર ભગવંતો સૂત્રરૂપે ગૂંથે છે. સંસારની આધિ-વ્યાધિ અને ઉપાધિથી સંતપ્ત જીવો માટે આ જિનવાણી ચંદનના લેપ સમાન શાતાકારી છે. તેથી મંગલાચરણમાં સરસ્વતી દેવી, જિનેશ્વર ભગવંતો, ગણધર ભગવંતોનું સ્મરણ કરવું યથાર્થ છે. મંગલાચરણ દ્વારા કવિ પોતાની ગ્રંથ પ્રયોજન પ્રણાલિકા દર્શાવે છે. અધ્યાત્મના સારરૂપ પરમાર્થને પ્રકાશનારા શાસ્ત્રની રચના કરવા રાસકાર ઉત્સાહિત થયા છે. આ ગ્રંથની રચના પણ અંતરસ્ફુરણા થવાથી કવિએ કરી હોવાથી આ ગ્રંથને સમર્થ અને પ્રાણવાન બનાવવા તેઓ જિનેશ્વર દેવોના ચરણે સમર્પિત હોવાનું સૂચવે છે. કવિની આ નમ્રતા તેમની જિનદેવો પ્રત્યેની ઉપાસક ભાવના દર્શાવે છે. કવિ અત્રે આગમ પરંપરાને અનુસર્યા છે[૬]. મધ્યકાળમાં આ પ્રથા સમયસુંદર, નયસુંદર આદિ કવિઓમાં જોવા મળે છે.

આવા ઉત્તમ પુરૂષોની સ્તુતિ મંગલથી જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ બોધિલાભ થાય છે. બોધિ એટલે સત્ય સમજણ, સમ્યગ્ બોધ, યથાર્થ શ્રદ્ધા. પરમાત્માની ભક્તિથી દર્શન(સમ્યક્ત્વ)ની વિશુદ્ધિ થાય છે[૭]. કવિ દ્વારા મંગલાચરણમાં ઉત્તમ પુરૂષોની ભક્તિ એ દર્શન વિશુદ્ધિની યાચનારૂપ છે.

## સમ્યગ્ શબ્દનો અર્થ :

**सम्** ઉપસર્ગપૂર્વક **अञ्च** ધાતુથી **क्विप्** પ્રત્યય લગાડતાં સમ્યક્ શબ્દ બને છે. તેની વ્યુત્પત્તિ **सम्मच्चति इति सम्यक्** એ પ્રકારે થાય છે. જેનો અર્થ પ્રશંસા છે[૮].

સમ્યક્ શબ્દનો અર્થ શ્રેષ્ઠ, પ્રશસ્ત, યથાર્થ એવો થાય છે. આત્માના અધ્યવસાય (મનોગત ભાવ) દર્શન મોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી સંવેગ, નિર્વેદ આદિ ગુણવાળા બને ત્યારે શુભ, પ્રશસ્ત કે યથાર્થ બને છે. તેને શાસ્ત્રકારો સમ્યક્ત્વ, સમકિત, સમ્યગ્દર્શન, બોધિ, આત્માનુભૂતિની સંજ્ઞા આપે છે.

સમ્યક્ એટલે સર્વજ્ઞના વચન અનુસાર, દર્શન એટલે જોવું, જોઈને વિચારવું, વિચારીને નિશ્ચય કરવો, નિશ્ચય કરીને ધારણ કરવું અને તેમાં સ્થિત થવું.

જેમ મનુષ્યને ત્વ પ્રત્યય લાગવાથી મનુષ્યત્વ, પ્રભુને ત્વ પ્રત્યય લાગવાથી પ્રભુત્વ બને છે તેમ સમ્યક્ને ત્વ પ્રત્યય લગાડવાથી સમ્યક્ત્વ બને છે. સમ્યક્ત્વ એટલે સમ્યક્પણું, યર્થાથપણું.

અર્ધમાગધી ભાષામાં સમ્યક્ત્વને દર્શાવનાર **सम्मत्त** શબ્દ છે તેમજ **सम्म** શબ્દથી પણ તેવા ભાવ વ્યક્ત થાય છે. વળી **दंसण** અને **बोहि** શબ્દનો ઉપયોગ પણ થાય છે. **दंसण** શબ્દ તત્ત્વદર્શન, તત્ત્વપ્રીતિ, તત્ત્વરુચિ, તત્ત્વ સ્પર્શનાના ભાવ વડે સમ્યક્ત્વનો ભાવ પામે છે જ્યારે **बोहि** શબ્દ જાગૃતિ, આત્મજાગૃતિ, બોધના અર્થ

વડે સમ્યક્ત્વની સમીપે જાય છે. સમ્યક્ત્વ માટે અપભ્રંશ ભાષામાં સમકિત શબ્દ વપરાયો છે.

**સમકિતની વ્યાખ્યાનો વિકાસ ક્રમ :**

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના સમયમાં તત્ત્વચિંતન, આત્મદર્શન, તપશ્ચર્યા અને ત્યાગનું વાતાવરણ હતું. તેથી એક બાજુ શ્રદ્ધા અને મેધાનું વાતાવરણ હતું, તો બીજી બાજુ તર્કવાદનું ગૌણત્ત્વ હતું. ભગવાન મહાવીર પાસે ઈન્દ્રભૂતિ આદિ અનેક બ્રાહ્મણોએ પ્રતિસ્પર્ધા છોડી શિષ્યત્ત્વ સ્વીકાર્યું. સિદ્ધાર્થ ગૌત્તમ પાસે પુરોહિત પુત્રોએ બુદ્ધનું શરણું સ્વીકાર્યું. તે સમયે શ્રદ્ધાનું વાતાવરણ હતું, એવું આગમો અને પિટકોની વર્ણનશૈલી દર્શાવે છે. ભગવાન મહાવીરની તપશ્ચર્યા કાળનો પૂર્વસહચર ગોશાલક અને તેમના જમાઈ જમાલી મુનિએ ભગવાન સાથે તર્કયુદ્ધ કર્યું હતું. એ સિવાય વિક્રમ પૂર્વેના પાંચમા અને છઠ્ઠા સૈકાનો સમય શ્રદ્ધાની પ્રધાનતાવાળો સુવર્ણયુગ હતો.

ત્યાર પછી તર્કનું જોર વધતાં શ્રદ્ધા ગૌણ બની તેથી સમકિતનો સ્થૂળ અર્થ વિસ્તાર પામ્યો. ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ આઠમા-નવમા સૈકામાં જૈન મતવાદીઓ જૈનેતર શ્રુતને મિથ્યાશ્રુત માનવા લાગ્યા, તેથી જૈન અને જૈનેતર દર્શન વચ્ચે સંકુચિતતાની દીવાલ ઊભી થઈ. બીજી બાજુ જૈન પરંપરામાં અનેક ફિરકાઓ થયા. પોતાનો મત સત્ય ઠરાવવા તેઓમાં એક બીજાને ઉતારી પાડવાની વૃત્તિ જન્મી.

જૈનદર્શનના પાયાનાં અનેકાન્ત, અહિંસા, સામ્યતા, સહિષ્ણુતા, વિશ્વપ્રેમ, વાત્સલ્ય, મૈત્રી અને અનુકંપાના ઉત્તમ ભાવોનું ધીમે ધીમે વિસ્મરણ થવા લાગ્યું. તે સમયે આચાર્ય દેવવાચકે સ્પષ્ટપણે કહ્યું કે ''જૈનેતર શ્રુત જ મિથ્યા છે અને જૈન શ્રુત જ સમ્યક્ છે' એ સાચી દ્રષ્ટિ નથી. જેની દ્રષ્ટિમાં વિકાર નથી, જેની દ્રષ્ટિ સમ્યક્ છે તે જૈન અને જૈનેતર શ્રુત સમ્યક્ બને છે. જેની દ્રષ્ટિમાં વિપરીતતા છે તેને સમ્યક શ્રુત પણ મિથ્યાશ્રુતરૂપે પરિણમે છે.'' તેમણે જૈન પરંપરાને સંકુચિતતાની દીવાલોમાંથી બહાર નીકળવાની દિવ્ય દ્રષ્ટિ આપી; તેથી અનેક ઉત્તરવર્તી આચાર્યો અને વિદ્વાનોએ જૈન શ્રુતને અનેક રીતે વિકસાવ્યું.

આચાર્ય હરિભદ્રસૂરિએ 'યોગદ્રષ્ટિ સમુચ્ચય'માં સમ્યગૃદ્દષ્ટિ શબ્દનો અર્થ કરતાં કહ્યું છે કે 'બુદ્ધ, કપિલ, જિન આદિની વાણી અને શૈલી ભલે જુદી હોય પરંતુ અંતે સર્વ કલ્યાણવાદી હોવાથી સર્વજ્ઞ છે'. **'સમ્યગૃદ્દષ્ટિ'** શબ્દના અર્થના વિકાસમાં આ નોંધપાત્ર બાબત છે.

સમ્યગ્દર્શન શબ્દના અર્થનું પ્રથમ સોપાન એટલે ચેતન તત્ત્વના અસ્તિત્વમાં શ્રદ્ધા ધરાવવી, અર્થાત્ તત્ત્વ વિષયક શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. તેનાથી વિપરીત દ્રષ્ટિ તે મિથ્યાદર્શન. આ સંદર્ભમાં વાચક શ્રી ઉમાસ્વાતિની **तत्त्वार्थ श्रद्धानं सम्यग् दर्शनम्** । આ વ્યાખ્યા મૌલિક છે. સાધક વસ્તુના યથાર્થ સ્વરૂપનું શ્રદ્ધાન કરી મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે.

જીવ-અજીવના શ્રદ્ધાનનું મુખ્ય પ્રયોજન તો સ્વ-પરનું ભિન્ન શ્રદ્ધાન કરવું છે.સ્વ-પરનું ભેદજ્ઞાન એટલે પર દ્રવ્યમાં રાગ-દ્વેષનો અભાવ અને સ્વરૂપનું શ્રદ્ધાન. આ રીતે સ્વ-પરનું શ્રદ્ધાન(ભેદવિજ્ઞાન) તત્ત્વાર્થ શ્રદ્ધાનનું પ્રયોજન સિદ્ધ કરે છે. પોતાને પોતા રૂપ જાણવું તેને જ્ઞાનીઓ આત્મ શ્રદ્ધાન કહે છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં ભેદવિજ્ઞાન, સ્વ-પરનું શ્રદ્ધાન અને આત્મ શ્રદ્ધાન અંતર્ગત ગર્ભિત છે. મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ થતાં વિપરીત અભિનિવેશનો અભાવ થાય છે તેથી વિપરીત અભિનિવેશ રહિત જીવ

આદિ તત્ત્વોનું શ્રદ્ધાન તે સમકિત છે. પંડિતવર્ય સુખલાલજી 'તત્ત્વશ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે' તેને અંતિમ અર્થ નથી ગણાતા. તત્ત્વશ્રદ્ધા એ તત્ત્વ સાક્ષાત્કારનું એક સોપાન માત્ર છે જ્યારે શ્રદ્ધા દૃઢ બને ત્યારે તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. તત્ત્વ સાક્ષાત્કાર એ જ સમ્યગ્દ્રષ્ટિ શબ્દનો અંતિમ અર્થ છે". આ અર્થ નિશ્ચયનયની દ્રષ્ટિએ છે.

જૈનદર્શન તત્ત્વ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. અહીં શ્રદ્ધા એટલે રુચિ એવો અર્થ થાય છે. જીવાદિ તત્ત્વો જ સત્ય છે તેવો ભાવ થવો તે શ્રદ્ધા છે. આ શ્રદ્ધાનું પ્રમુખ કારણ ગ્રંથિભેદ છે; જે દર્શન મોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી થાય છે.

## સમ્યક્ત્વનો મહિમા

### ચોપાઈ ૧

સાર સૂવસ્ત છઈ જગમ્હાં ઘણી; કામ કુંભનિં ચ્યંતામણી;
ઈષૂરસ અમ્રત ચીત્રાવલિ, ઘરિ આવિં હોઈ રંગરેલી. ...૮
કામ ગવી કલપદ્રૂમ જેહ, જગનિં વાંછૂં આપઈ તેહ;
દક્ષણાવર્ત શંખ તે સાર, ધરિ આવ્યો દિ રીધિ અપાર. ...૯
મોહનવેલિ જગ મોહન હોય, ચંદન તાપ નીવારઈ સોય;
રસ કુપ્પકા છઈ જગમ્હાં સાર, છાંટઈ સોવન લોહા અંબાર. ...૧૦
સાર વસ્ત મણીધર મણી જેહ, માહા વીષ ભાર ઉતારઈ તેહ;
સાર વસ્ત જગમાંહિ ઘણી, જમલ ન આવઈ સમકીત તણી. ...૧૧
કામ ઘટાદીક ભાખ્યા જેહ, એક ભવિં સુખ આપઈ તેહ;
સમકીત ભવ્ય ભવ્ય સુખ દાતાર, કેસી થકે સૂરનો અવતાર. ...૧૨
સમકીત તે જગમાંહિં સાર, સમકીત વ્યન નર ન લહઈ પાર;
સમકીત મૂગતી તણો આધાર, સમકીત વ્યણ તપ કચરીયા છાહાર ...૧૩
દાન સીલ તપ ભાવન માંહિં, સમકીત આગલિ કીજઈ ત્યાંહિ;
સમકીત વ્યન સ્યારે આદરઈ, મૂગતિં પંથ ન પામઈ શરઈ. ...૧૪
પગી પગી જિનનાં મંદિર કરઈ, કંચન મણિની પ્રતિમા ભરઈ;
શ્રી જિનનિં પૂજઈ ત્રણિ વાર, મૂગતિ પંથ ન લહઈ નીરધાર. ...૧૫
પોસો પડીકમણું પચખાણ, જો નહી ત્યાહા જિનવરની આણ;
મૂગતિ પંથ નવી સાધઈ દેહ, ફોકટ કષ્ટ કરઈ નીજ દેહ. ...૧૬
જતિ ધર્મ શ્રાવક શ્રેય જોય, સમકીત વ્યન નર ન તરઈ હોય;
જીવદયા સતી બોલઈ શરઈ, સમકીત વ્યન સ્યુભ ગતિ નવ્ય વરઈ. ...૧૭
સમકીત વ્યણ સ્યું કીજઈ ધ્યાંન, સમકીત વ્યણ સ્યું કરતો ગાન;
સમકીત વ્યણ સ્યું વીદ્યા ભણઈ, સમકીત વ્યણ સ્યું વાંણી સૂણઈ. ...૧૮

અર્થ: આ જગતમાં કિંમતી વસ્તુઓ ઘણી છે. જેમકે કામનાપૂરક કુંભ, ચિંતામણિરત્ન, ઈક્ષુરસ, અમૃત ચિત્રાવેલી, આ શ્રેષ્ઠ વસ્તુઓ જો ઘરે આવે તો રંગરેલી (આનંદ) થાય છે ...૮

કામધેનુ, કલ્પવૃક્ષ જેમ જગતમાં ઈચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ કરાવે છે તેમ દક્ષિણાવર્ત શંખ પણ મંગલકારી સાર વસ્તુ છે. આ પદાર્થો પ્રાપ્ત થતાં દરિદ્રતા દૂર થાય છે. અપાર ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે ...૯

મોહનવેલી જગતના લોકોને મોહિત કરે છે. ચંદન તાપનું નિવારણ કરી શીતળતા બક્ષે છે. અમૃત રસનો કુંભ જગતમાં કિંમતી છે. લોખંડના ઢગલા પર પારસમણિનો રસ છાંટતાં તે લોખંડ સુવર્ણરૂપે પરિવર્તિત થાય છે ...૧૦

મણિધર નાગની ફેણમાં રહેલું મણિ અતિ કિંમતી છે કારણ કે તે મહાવિષને દૂર કરનાર છે. જગતમાં ઘણી કિંમતી અને શ્રેષ્ઠ વસ્તુઓ છે, પણ સમકિતની તોલે એક પણ વસ્તુ ન આવે ...૧૧

પૂર્વે કામકુંભ આદિ વર્ણવ્યા તે સર્વ એક ભવમાં સુખ પ્રદાન કરે છે, પરંતુ સમકિત ભવોભવ સુખ આપે છે. સમ્યક્ત્વથી દેવનો અવતાર મળે છે ...૧૨

સમકિત જગતમાં શ્રેષ્ઠ છે. સમકિત વિના મનુષ્ય સંસારનો પાર પામી શકતો નથી. સમકિત એ મુક્તિનો આધાર છે. સમકિત વિના કરેલું તપ, ક્રિયા આદિ અસાર છે ... ૧૩

દાન, શીલ, તપ અને ભાવ ધર્મના આ ચાર પ્રકાર છે. તેમાં સર્વ પ્રથમ સમ્યગ્દર્શનનું સ્થાન છે. સમ્યગ્દર્શન વિના આ ચારે ધર્મનું આચરણ કરવા છતાં જીવ શિવપુરીનો અધિકારી બની શકતો નથી ...૧૪

જીવ સમકિત વિના ઠેર ઠેર જિનમંદિરો બંધાવે, રત્નજડિત સુવર્ણની પ્રતિમાઓ ભરાવે, ત્રણે કાળે જિનેશ્વર દેવની મૂર્તિની પૂજા વિધિવત્ કરે, છતાં મુક્તિ નગરના પંથે પ્રયાણ નિશ્ચયથી ન કરી શકે... ૧૫

પૌષધવ્રત, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ઈત્યાદિ ધર્મના અનુષ્ઠાનો જિનેશ્વર દેવની આજ્ઞા વિરુદ્ધ અર્થાત્ સમ્યક્ત્વ વિના હોય તો મુક્તિ પંથનો આરાધક સાધક ન બની શકે. તેવો વ્યક્તિ વ્યર્થ દેહને કષ્ટ આપે છે ..૧૬

અણગાર ધર્મ (સર્વવિરતિધર્મ) અને આગાર ધર્મ (દેશવિરતિ ધર્મ) બંને શ્રેયકારી છે. પરંતુ સમ્યક્ત્વ વિના આ બંને ધર્મ પણ જીવને (સંસાર સમુદ્રથી) તારવા સમર્થ નથી. સમ્યક્ત્વ વિના અહિંસા, સત્યવચન અને ધર્મનું શરણું પણ તારનાર નથી. સમકિત વિના સાધક શુભગતિ પણ ન પામે ...૧૭

સમકિત વિનાનું ધ્યાન, સમકિત વિનાનું ગાન (ભક્તિ-સ્તુતિ), સમકિત વિનાની વિદ્યા અને સમકિત વિનાની વાણી શોભાયમાન નથી અર્થાત્ સમકિત વિના બધું જ નિઃસાર છે ...૧૮

આ ચોપાઈમાં કવિએ સમ્યક્ત્વનો મહિમા ગાયો છે. સમ્યક્ત્વનો મહિમા અપૂર્વ અને અચિંત્ય છે તેથી જ પૂર્વધર આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી પણ પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે.

तुह सम्मते लद्धे चिंतामणि कप्पपाय वब्भहिए ।[10]
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ।।४।।
इय संथुओ महायस, भत्तिभर निब्भरेण हियएण ।
ता देव दिज्जबोहिं, भवे भवे पास जिणचंद! ।।५।।

અર્થ : હે ભગવાન ! આપની સ્તુતિ કરતાં ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક કિંમતી એવું સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી જીવો નિર્વિઘ્ને અજરામર સ્થાનને પામે છે. આપના નામ સ્મરણથી કામધેનુ આદિ ઈચ્છાપૂરક વસ્તુઓ અવશ્ય પ્રાપ્ત થશે, પરંતુ મને તો બોધિની જ પ્રાપ્તિ જોઈએ છે. આ બોધિ પણ એક ભવ પૂરતી નહીં પણ ભવોભવ જોઈએ છે.

શ્રી જ્ઞાતાસૂત્રમાં સમ્યગ્દર્શનને 'ચિંતામણિ રત્ન'ની ઉપમા આપી છે. ચિંતામણિ રત્નથી ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે તેમ સમ્યગ્દર્શનથી જીવ આધ્યાત્મિક ઉન્નતિ કરી શકે છે. સમકિતી જીવ સંસારમાં રહી આરંભ-સમારંભરૂપ પ્રવૃત્તિ કરે તો પણ તેને અલ્પ બંધ થાય છે કારણકે તેને નિર્દય પરિણામ ન હોય.

સમ્યગ્દર્શન મોક્ષમાર્ગનું પ્રવેશ દ્વાર છે. સમ્યગ્દર્શન પછી જ ભવની ગણતરી પ્રારંભ થાય છે. તેથી જ આચાર્ય સમન્તભદ્ર સ્વામીએ સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગનું કર્ણધાર કહ્યું છે[11].

સમ્યક્ત્વનો મહિમા વર્ણવતાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી કહે છે -

ચારિત્ર રહિત જીવો સમ્યગ્દર્શનના પ્રભાવે સિદ્ધ થાય છે પણ સમ્યગ્દર્શનથી રહિત જીવો સિદ્ધ થતા નથી કારણ કે મિથ્યાદ ષ્ટિઓની સિદ્ધિ ન થાય[12].

સમ્યક્ત્વનું ફળ દર્શાવતાં પૂર્વાચાર્યો કહે છે.

દેવમાં પણ ઈન્દ્ર પદને શુદ્ધ સમ્યગ્દ ષ્ટિ જીવો જ પ્રાપ્ત કરી શકે છે[13].

સમ્યક્ત્વ પ્રાપ્ત થવા પૂર્વે જીવે જો પરભવનું આયુષ્ય ન બાંધ્યું હોય અથવા સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી તે સમ્યક્ત્વનું વમન ન થયું હોય તો મનુષ્ય કે તિર્યંચ નિયમા વૈમાનિક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે, તેમજ દેવ અને નારકી મનુષ્ય ગતિમાં જન્મે છે[14].

સમ્યગ્દર્શન અધ્યાત્મ જગતનું શ્રેષ્ઠ રત્ન અને સિદ્ધિનું સુખ દેનાર છે. સમ્યગ્દર્શન જ મોક્ષ પ્રસાધક છે. સમકિતનું અનંતર ફળ સદ્ગતિ છે અને પરંપર ફળ મોક્ષગતિ છે.

આત્માની શ્રદ્ધા તે સમ્યગ્બોધ છે. પૂર્વાચાર્યોની આ ભાવના કવિ દ્વારા કડી ૮ થી ૧૨માં વ્યક્ત થઈ છે.

સમ્યક્ત્વથી ધાર્મિક અનુષ્ઠાનોમાં તેજ આવે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે-

**मासे मासे तु जो बालो कुसग्गेणं तु भुंजए ।**
**न सो सुयक्खाय धम्मस्स कलं अग्घइ सोलसिं ।।**[15]

અર્થ : અજ્ઞાની, માસ-માસના ઉપવાસ કરે છે અને પારણામાં સોયની અણી પર રહે તેટલો જ આહાર કરે, છતાં તેઓ સમ્યક્ચારિત્ર રૂપ મુનિધર્મના સોળમા ભાગનું ફળ પણ પ્રાપ્ત કરી શકતા નથી.

તેવું જ બૌદ્ધ ધર્મમાં પણ કહ્યું છે-

**मासे मासे कुसग्गने, बाला भुंजेथ भोजनं ।**
**न सो संखत धम्मानं, कलं अग्धति सोलसिं ।।**[16]

અર્થ : માત્ર ક્રિયાકાંડ કે તપશ્ચર્યાથી ધર્મ પ્રાપ્તિ થતી નથી. ક્રિયાકાંડ ભલે ગમે તેટલા ઉત્કૃષ્ટ, કે આશ્ચર્યકારી હોય પણ સમ્યક્ત્વ વિના તે નિઃસાર છે. ચંદ્રની સોળમી કળા અમાસના દિવસે હોય છે પરંતુ તે અસાર છે તેમ

સમકિત વિનાની કરણી પણ અસાર છે.

ભગવાન મહાવીરની અણમોલ વાણીનો અનુપમ સંગ્રહ એટલે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તેમાં કહ્યું છે–

**णत्थि चरितं सम्मत्त विहूणं, दंसणे उ भइयव्वं ।**[૧૭]

**सम्मत्त चरित्ताइं जुगवं, पुव्वंवा सम्मत्तं ।।२६।।**

**णादंसणिस्स णाणं, णाणेण विणा ण हुंति चरणगुणा ।**

**अगुणिस्स णत्थि मोक्खो, णित्थ अमोक्खस्स णिव्वाणं ।।३०।।**

અર્થ : સમ્યક્દર્શન વિના જીવને સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થતું નથી. સમ્યક્ જ્ઞાન વિના સમ્યક્ ચારિત્ર પ્રગટ ન થાય. સમ્યક્ ચારિત્ર વિના કર્મોથી મુક્તિ ન મળે. કર્મોથી મુક્તિ વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે–

સમ્યક્ત્વ વિના ચારિત્ર નથી. સમ્યક્ત્વમાં ચારિત્રની ભજના છે. સમ્યક્ત્વ અને ચારિત્રમાં પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય પછી ચારિત્ર પ્રાપ્ત થાય તેવું પણ બની શકે[૧૮].

સમ્યગ્દર્શન એ સમસ્ત ધર્મકાર્યોનો સાર છે[૧૯]. વ્રત, નિયમ, તપ, ગુણ ઈત્યાદિમાં કલ્યાણકારકતા સમ્યગ્દર્શનથી પ્રગટે છે[૨૦]. જેમ કલાકાર વેસ્ટમાંથી બેસ્ટ બનાવે છે. પોતાની કલાપૂર્ણ દૃષ્ટિથી વસ્તુને મૂલ્યવાન બનાવે છે, તેમ સમ્યગ્દર્શનરૂપી કલાકાર પોતાની સત્ય દૃષ્ટિથી જીવનના દરેક વિચાર, વચન, કાર્ય અને પ્રવૃત્તિને સુંદર બનાવે છે. જ્યાં સમ્યગ્દર્શનરૂપી પારસમણિ છે, ત્યાં લોહરૂપ જ્ઞાન અને ચારિત્ર પણ સુવર્ણવત્ સમ્યગ્ બની જાય છે.

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં વાચક ઉમાસ્વાતિજી કહે છે–

**सम्यग्दर्शनज्ञान चारित्राणि मोक्षमार्गः ।**[૨૧]

અર્થ : સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની પરિપૂર્ણતા એ મોક્ષ છે.

સમ્યગ્દર્શન એ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનો પાયો છે. સમ્યગ્દર્શનરૂપી પાયો મજબૂત હોય તો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપી મહેલ ટકી શકે છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન એ મોક્ષરૂપી સીડીના બે છેડા છે અને સમ્યક્ચારિત્ર એ સીડીનાં જુદાં જુદાં અવસ્થાંતરો છે. આ ત્રિરત્નને આવરણ કરનાર કર્મોનો ક્ષય થતાં જીવ સિદ્ધિ મેળવે છે. સમ્યગ્જ્ઞાનની ચરમ સીમા તે કેવળજ્ઞાન છે. સમ્યગ્દર્શનની ચરમ સીમા તે કેવળદર્શન છે અને સમ્યગ્ચારિત્રની પરાકાષ્ટારૂપ યથાખ્યાત ચારિત્ર છે. મોક્ષ પ્રાપ્તિ માટે આ ત્રણ અમૂલ્ય તત્ત્વ છે પણ મોક્ષમાર્ગનો પ્રારંભ સમ્યગ્દર્શનથી જ થાય છે.

શ્રી કુંદકુંદાચાર્ય ભાવપ્રાભૃત ગ્રંથમાં કહે છે–

**जय तारयाण चंदोमयराओ मयउभाण सव्वाणं ।**

**अहिओ तह सम्मत्तो रिसिसावयदुविहधम्माणं ।।**

અર્થ : જેમ તારાઓમાં ચંદ્રમા અને સમસ્ત મૃગ કુળોમાં મૃગરાજ સિંહ શ્રેષ્ઠ છે, તેમ મુનિ ધર્મ અને શ્રાવક ધર્મમાં સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ છે[૨૨].

આચાર્ય શુભચન્દ્રજી જ્ઞાનાર્ણવ ગ્રંથમાં કહે છે[૨૩] -

**अतुलगुण निधानं सर्वकल्याणबीजं, जननबलविपोत्तं भव्यसत्त्वैक चिन्हम् ।**
**दुरिततरूकुठारं पुन्यतीर्थप्रधानं पिबतजित विपक्षं दर्शनारव्यं सुधाम्बु ।।**

અર્થ : હે ભવ્ય જીવો ! તમે સમ્યગ્દર્શન નામના અમૃતજલનું પાન કરો, કારણકે તે અતુલ ગુણ નિધાન છે. સર્વ કલ્યાણનું બીજ છે. સંસાર સાગર તરવાનું જહાજ છે. ભવ્ય જીવોનું એક લક્ષણ છે. પાપરૂપી વૃક્ષને છેદવાનો કુહાડો છે. પવિત્ર એવું તીર્થ છે. તે અવર્ણનીય છે. મિથ્યાત્વરૂપી શત્રુ પર વિજય મેળવનાર છે.

ખરેખર ! સમ્યગ્દર્શન એ ભવરોગ મટાડવાની જડીબુટ્ટી છે.

સમ્યક્ત્વ એ અધ્યાત્મનો એકડો છે. સમ્યક્ત્વ સહિત જ્ઞાન અને ચારિત્ર અતિ મહત્ત્વના છે. અભવી જીવો નવપૂર્વનું જ્ઞાન ભણી શકે છે; છતાં સમ્યક્ત્વ વિના તેમનું જ્ઞાન અજ્ઞાનરૂપે પરિણમે છે. સમ્યક્ત્વ વિના શ્રેષ્ઠ કોટિનું ચારિત્ર પાળી તેઓ નવગ્રૈવેયક જેવા ઉચ્ચ પ્રકારના વિમાનોમાં દેવપણે ઉત્પન્ન થાય છે. પરંતુ આત્મિક લક્ષ્ય વિના તે પણ વ્યર્થ નીવડે છે. જેમ ઘાણીનો બળદ ગોળ ગોળ ફરતો રહે, કેટલો પંથ કાપે છતાં તેનો અંત ન આવે, તેમ જીવાત્મા સમ્યક્ત્વ વિના ચતુર્ગતિમાં પરિભ્રમણ કરે છે.

મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાન કહેવાય છે. તેના ચાર કારણો છે[૨૪].

૧) અનેકાન્તદૃષ્ટિનો અભાવ.

૨) 'મારું તે જ સાચું' એવી પકડ.

૩) જિનેશ્વરના આગમો પ્રત્યે અશ્રદ્ધા.

૪) સંસાર પ્રત્યે બહુમાન.

શ્રી યશોવિજયજી મહારાજે સવાસો ગાથામાં કહ્યું છે[૨૫] -

**જાતિ અંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ;**
**મિથ્યાદૃષ્ટિ રે તેહથી આકરો, માને અર્થ અનર્થ શ્રી સીમંધર સાહેબ...**

શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક ૮૩૯માં લખે છે-

અનંતકાળથી જે જ્ઞાન ભવ પરંપરાનું કારણ હતું તે જ્ઞાનને એક સમયમાં નિવૃત્તિ રૂપ કરનાર, કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર[૨૬] !

મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર સંસાર વૃદ્ધિનું કારણ છે. પરમાત્મા મહાવીરના અનન્ય ભક્ત મગધ નરેશ શ્રેણિક અનાથી મુનિના સંપર્કથી બૌદ્ધ ધર્મી મટી જૈન ધર્મી બન્યા. પરમાત્માના વચનો પર અતૂટ શ્રદ્ધાના બળે, તેમજ પરમાત્મા પ્રત્યેની અનન્ય ભક્તિના પ્રભાવે તેઓ ભવિષ્યમાં ભરતક્ષેત્રના ઉત્સર્પિણી કાળના પ્રથમ પદ્મનાભ નામના તીર્થંકર થશે[૨૭]. શુદ્ધ સમ્યક્ત્વનું પાલન કરવાથી જીવ તીર્થંકર નામ કર્મ બાંધે છે.

વિવિધ પ્રકારનાં દાન, શીલ, તપ, ભક્તિ, તીર્થયાત્રા, ઉત્તમદયા, સુશ્રાવકપણું અને વ્રતપાલન આદિ

સમ્યક્ત્વ સહિત હોય તો મહાફલદાયક બને છે. જયવીરાયસૂત્રમાં ભક્ત યાચક બની વીતરાગ પાસે ભવનિર્વેદ, તત્ત્વાનુસારિતા, ઈષ્ટફલ સિદ્ધિ, લોક વિરુદ્ધનો ત્યાગ, ગુરુપૂજન, સદ્‌ગુરુનો યોગ અને ગુરુવચનની અખંડ સેવા માંગે છે. લોગસ્સ સૂત્રમાં સૂત્રકાર કહે છે–

**आरुग्ग बोहिलाभं समाहिवर मुत्तमं दितुं ।**

અર્થ : સાધક લોગસ્સ સૂત્રમાં તીર્થંકર પરમાત્મા પાસે બોધિબીજની માંગણી કરે છે[૨૮] કારણકે સમ્યક્ત્વ વિના ભવરોગ મટતો નથી; ભવરોગની પરંપરા કપાય નહીં ત્યાં સુધી મોક્ષ ન મળે.

રત્નાકરપચ્ચીશીના રચયિતા રત્નાકરસૂરિજી આચાર્યે આંતર્નિરીક્ષણ કરી પરમાત્મા સમક્ષ પાપોનું પ્રગટીકરણ કરતાં દ્રવ્યલક્ષ્મી કે ભાવલક્ષ્મી (મોક્ષ) ની માંગણી ન કરતાં સમ્યક્ત્વ રત્નની માંગણી કરે છે.

**આપો સમ્યક્ રત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી[૨૯].**

જૈન ધર્મમાં પરમ સાધ્ય સમ્યક્ત્વ છે. સમ્યગ્‌દર્શનથી ધર્મની શરૂઆત થાય છે. સમ્યગ્‌દર્શન સંવર અને નિર્જરાનું કારણ છે. સાચું તપ અને સત્યધર્મ સમ્યગ્‌દર્શનને આભારી છે. જેમ શેરડી, દૂધ અને ગોળની મધુરતા શબ્દો વડે કહી શકાય નહીં, તેમ સમ્યક્ત્વ જેવા ગહન વિષયને વાણીથી વર્ણવી શકાય નહીં.

કડી- ૧૫માં કવિ ઋષભદાસ નિષ્પક્ષતાથી સુંદર વાત કરે છે. સમ્યક્ત્વ એ આત્માના પરિણામ છે. સમ્યક્ત્વ એ કોઈ બાહ્ય ક્રિયાકાંડ નથી. કવિ સ્વયં મૂર્તિપૂજક સંપ્રદાયના હોવા છતાં વાસ્તવિકતા દર્શાવવા આલેખે છે કે સમ્યક્ત્વ વિના જિનમંદિરો વિપુલ પ્રમાણમાં બંધાવવાથી કે જિનબિંબો ભરાવવાથી કોઈ લાભ થતો નથી. અર્થાત્ સમ્યક્ત્વ વિના કરેલાં ધાર્મિક કાર્યોથી પુણ્ય ઉપાર્જન થાય, પણ કોઈ વિશેષ લાભ ન થાય.

## સમ્યક્ત્વની શ્રેષ્ઠતા

### ઢાળ : ૧ (ત્રિપદીની)

**સમકીત વ્યણ નર તીરથ કરતા, ફોગટ તે નર પ્રથવી ફરતા;**
**તે નાવિ દીસઈ તરતા... હો ભવીકા. ...૧૯**
**સમકીત વ્યન સ્યું કરતા ગાંન, વર વહૂણી નવ્ય સ્યોભઈ જાન;**
**સૂર વ્યનક સ્યું વ્યમાન... હો ભવી. ...૨૦**
**ચંદ વ્યનાં નવિ સોભિ રાત્ય, પોત વ્યનાં નવિ દીપઈ ભાત્ય;**
**રૂપ કસ્યું વણ જાત્ય ... હો ભવી. ...૨૧**
**લુંણ વ્યનાં ફીકું યમ અન્ન, કરયો વણજ જો ન મલઈ ધ્યન,**
**કયરીયા શું નવણ મન્ન ... હો ભવી. ...૨૨**
**માન સરોવર પણ નહીં હંસ, ધજા વ્યના નવી સોભઈ વંશ;**
**દેહ ભલી જો હંસ ... હો ભવી. ...૨૩**
**દેવલ દેવ વિના નહી સાર, નાક વ્યનાં જૂઠો શણગાર;**
**કંઠ વ્યના સ્યો હાર ... હો ભવી. ...૨૪**

દૂધ વ્યનાં નવિ સ્યોભઈ ગાય, ત્યમ સમકિત વ્યણ નર ગણ જાય;
સુકીત સફલ ન થાય... હો ભવી. ...૨૫

જ્યમ સમતા વ્યણ તપતે છાહાર, ત્યમ સમકીત વ્યણ ધર્મ અસાર;
તે નવી પામઈ પાર ... હો ભવી. ...૨૬

પૂરષોત્તમ વ્યણ હોયિં જેહેવો, સમકીત વિહુણો શ્રેત્ય કહૂ તેહેવો;
ના ગુ(ણ)* ભજઈ નર કેહેવો ... હો ભવી. ...૨૭

જઈન ધર્મનિં સમકીત સાધિ, પોતી ભલિ યમ નાના ભાતા;
ધનવંત દાતા હાથિ ... હો ભવી. ...૨૮

રૂપવંત બહુ ગુણ વાચાલ, ગલિગાંનિ હાથે તાલ;
રીધ્ય પૂરણ ધરિ બાલ ... હો ભવી. ...૨૯

આગઈ શંઘ અને પાખરીઓ, કનક કલશનિ અમૃત ભરીઓ;
ધરિ કંચન રયણે ભરીઓ ... હો ભવી. ...૩૦

સખરુ ગામનો સુંદર સીમ, સમકીત સાધિ ભજઈ ત્યમ નીમ;
ગદા સહીત યમ ભીમ ... હો ભવી. ...૩૧

દૂધ કચોલી સાકર જેહેવી, સમકીત સાથિં અગડ તે તેહેવી;
ધુતખંડિ જ્યમ સેવી ... હો ભવી. ...૩૨

અર્થ : કોઈ મનુષ્ય સમ્યક્ત્વ વિના તીર્થયાત્રા કરે છે, તે મનુષ્ય પૃથ્વીની નિરર્થક પ્રદક્ષિણા કરે છે, કારણ કે તેઓ પૃથ્વીની પ્રદક્ષિણા રૂપ તીર્થયાત્રા કર્યા છતાં સંસાર સમુદ્ર તરી શકતા નથી ...૧૯

હે ભવ્યજનો ! સમકિત વિના શું પરમાત્મા પાસે ગીત-ગાન (ભક્તિ) કરો છો ? વરરાજા વિનાની જાન અને દેવ વિનાનું વિમાન શોભતું નથી (તેમ સમકિત વિનાની ભક્તિ શોભતી નથી) ...૨૦

ચંદ્રવિના રાત્રિ શોભતી નથી. પોત (સારા વણાટવાળા કપડા) વિના ભાત (ડીઝાઈન) શોભતી નથી. જાતિ વિના રૂપ પણ શોભતું નથી ...૨૧

મીઠા વિનાનું ભોજન ફીક્કું અને નીરસ લાગે છે. વેપાર કરવા છતાં લક્ષ્મી ન મળે તો એનો શું અર્થ ? નવા નવા ઉદ્યમ માટે મન કરવાથી શું વિશેષ ? ...૨૨

માન સરોવર હંસ વિના શોભતું નથી. પુત્ર-પરિવાર વિના વંશ શોભતો નથી, તેમ આત્મા વિના દેહ શોભતો નથી ...૨૩

મંદિરની શોભા પ્રતિમાથી છે, શરીરનો શણગાર નાક (ઈજ્જત) થી છે, તેવી જ રીતે કંઠ વિનાના હારની શું શોભા ? ...૨૪

---

* ( ) માં મૂકેલ અક્ષર અર્થની સ્પષ્ટતા માટે ઉમેર્યો છે.

દૂધ વિનાની ગાય શોભતી નથી, તેમ સમકિત વિના મનુષ્યનાં ગુણો શોભતાં નથી. વળી સુકૃત્ય પણ સમકિત વિના સફળ થતાં નથી ...૨૫

જેમ સમતા વિના તપ અસાર છે, તેમ સમકિત વિના ધર્મ અસાર છે. તેથી સમકિત વિનાનો નર પાર ન પામી શકે (તેના ભવ ભ્રમણનો અંત ન આવે) ...૨૬

પુરુષાતન (શક્તિ) વિનાનો નર જેમ અસાર છે, તેમ સમકિત વિના ક્ષેત્ર (આત્મા) પણ અસાર છે. ગુણ વિનાનો નર કેવો હોય ? ...૨૭

(જેમ) ધનવાનોના હાથ દાન આપવાથી શોભે છે. સાદા અને સુંદર પોત ઉપર વિવિધ ડીઝાઈનો શોભી ઉઠે છે, તેમ સમકિતરૂપી પોત સુંદર છે અને યમ-નિયમ આદિ બહુવિધ શોભાવનારી ભાત છે ...૨૮

રૂપવંત, ગુણિયલ, વાચાળ, મધુર કંઠ, હાથમાં તાલ છે તેવી સ્ત્રી તેમજ અપાર વૈભવ અને (વિનયી) બાળકોથી ઘર શોભી ઉઠે છે ...૨૯

ચારે દિશામાં વિસ્તૃત થયેલો સંઘ, અમૃતથી ભરેલ સુવર્ણ કળશ અને સુવર્ણરત્નોથી સમૃદ્ધ ગૃહ પ્રશંસનીય છે ...૩૦

જેમ સુંદર સીમાઓથી નગર અને ગદા સહિત ભીમ શોભે છે તેમ સમકિતથી યમ-નિયમ (વ્રત-પ્રત્યાખ્યાન) શોભે છે ...૩૧

દૂધની કટોરીમાં સાકરની જેમ સમકિત સહિત નિયમોનું સેવન કરવાથી, ઘી અને સાકર મિશ્રિત સેવની જેમ સ્વાદિષ્ટ લાગે છે. (સમકિત સહિત વ્રત-નિયમનું સેવન આત્માને પુષ્ટિકારક બનાવે છે) ...૩૨

કવિઋષભદાસે કડી ૧૩ થી ૧૮ માં સમ્યક્ત્વનું માહાત્મ્ય દર્શાવ્યું છે. તેનું જ પ્રતિબિંબ આ ઢાળમાં જોવા મળે છે. ભૌતિક ક્ષેત્રે વસ્તુઓમાં ગુણોને કારણે સુંદરતા છે. તેવી જ રીતે આધ્યાત્મિક જગતમાં સમકિતને કારણે સુંદરતા છે. સમ્યગ્દર્શન એટલે સત્યદર્શન. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી વ્યક્તિની દૃષ્ટિ જ બદલાઈ જાય છે. અહીં કવિ કુદરતની કળાઓમાં જાણે ખોવાઈ ન ગયા હોય એવું જણાય છે. તેમને કુદરતની દરેક વસ્તુઓ અને પદાર્થોમાં સમકિત (સમ્યક્દૃષ્ટિ) દેખાય છે. કવિને પૂર્ણિમાના ચંદ્ર જેવું, આહારમાં સબરસ જેવું અને માન સરોવરના હંસ જેવું સમ્યક્ત્વ શ્રેષ્ઠ અને સુંદર લાગે છે. આગમોમાં નમોત્થુણં, પુચ્છિસ્સુણં ઈત્યાદિ સ્તુતિ છે. તેમાં સૂત્રકારે પ્રભુને કુદરતની ઉપમાઓ દ્વારા સ્તવ્યા છે; તેમ કવિ પણ આત્માના એક પ્રમુખ ગુણ સમ્યગ્દર્શનની શ્રેષ્ઠતા અને સુંદરતા વર્ણવવા કુદરતની ઉપમાઓનો પ્રયોગ કરે છે. અહીં કવિએ શબ્દાનુપ્રાસ અને ઉપમા અલંકાર વાપર્યા છે.

- દુહા-૨ -

ઘૃત ખંડિ સેવ જ મલિ, ઉપજઈ સ્વાદ અત્યંત,
સમકીત સાથિ કર્ણી, અસ્યુ ભાખઈ શ્રી ભગવંત. ...૩૩

અર્થઃ ઘી સાકરના મિશ્રણથી સેવ અત્યંત સ્વાદિષ્ટ લાગે છે, તેમ સમકિત સહિત ક્રિયા (કરણી) અત્યંત પુષ્ટીકારક હોય છે, એમ શ્રી ભગવંત કહે છે ...૩૩

જેવી રીતે પક્ષીને આકાશમાં ઉડવા માટે આંખ અને પાંખની જરૂર છે. તેવીજ રીતે મોક્ષયાત્રામાં સમ્યક્ત્વ સાથેની કરણી(ક્રિયા)ની આવશ્યકતા છે. તેને ઘી અને સાકરરૂપ ઉપમા અલંકાર વડે કવિએ અલંકૃત કરી છે. ઘી અને સાકર મિશ્રિત સેવ પુષ્ટિકારક અને શક્તિવર્ધક બને છે, તેમ સમ્યક્ત્વ સહિતની ક્રિયા આત્માને ઊર્ધ્વગામી અને કર્મથી હલકો બનાવે છે.

સમકિતનો પ્રતિપક્ષ મિથ્યાત્વ છે, જે મોહનીય કર્મની પ્રકૃતિ છે. સૌ પ્રથમ મોહનીય કર્મ શું છે ? તે જોઈએ.

વાળ, નખનો ઉપરનો ભાગ, દાંતની અણીઓ, નાક, કાન, મોઢું અને પેટ વગેરેનાં પોલાણોમાં આત્મા નથી, બાકી આખા શરીરના સંપૂર્ણ ભાગમાં આત્મા વ્યાપ્ત છે. પ્રત્યેક આત્માનો સ્વભાવ મોક્ષ ગતિ પ્રાપ્ત કરવાનો છે; છતાં પ્રત્યેક આત્મા પૂર્વકૃત કર્મ અનુસાર જીવનમાં સુખ-દુઃખ જેવી ઘટનાઓનો સહભાગી બને છે. આત્માના અસંખ્યાત પ્રદેશો ઉપર અનંત કર્મોના થર જામેલા છે. આ કર્મ તપાવેલા લોખંડમાં અગ્નિના પ્રવેશ સમાન અથવા દૂધમાં પાણીની જેમ આત્મા સાથે ભળી ગયાં છે.

આત્માના અનંત ગુણો છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, અક્ષયસ્થિતિ, અરૂપી, અગુરુ લઘુત્વ અને સંપૂર્ણ બળ-વીર્ય એ આઠ મુખ્ય ગુણો છે. આ ગુણોનું આવરણ કરનાર મુખ્ય આઠ કર્મ છે. તેમાં મોહનીય કર્મ એ મુખ્ય કર્મ છે. તેના બે ભેદ છે. ૧) દર્શન મોહનીય-જે સમકિત ગુણને છૂપાવે છે, તેમજ આત્માના ચૈતન્ય સ્વરૂપનું વિસ્મરણ કરાવે છે. ૨) ચારિત્ર મોહનીય - જે ચારિત્ર ગુણને ઢાંકે છે.

દર્શન મોહનીય કર્મની ત્રણ પ્રકૃતિ છે. મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય. આ ત્રણને 'દર્શન ત્રિક' કહેવાય છે. સમકિત ગુણને પૂર્ણરૂપથી ઢાંકનાર મિથ્યાત્વ મોહનીય કર્મ છે. સમકિત ગુણને અડધું ઢાંકનાર મિશ્ર મોહનીય કર્મ છે. સમકિત ગુણને આંશિક ઢાંકનાર સમકિત મોહનીય કર્મ છે. ખગ્રાસ અને ખંડગ્રાસ ગ્રહણની જેમ સમજવું.

ચારિત્ર ગુણને ઢાંકનાર ચારિત્ર મોહનીય કર્મ છે. તેના બે પ્રકાર છે. કષાય મોહનીય અને નોકષાય મોહનીય. કષાય મોહનીયના ચાર પ્રકાર છે[30]. ૧) અનંતાનુબંધી. ૨) અપ્રત્યાખ્યાનાવરણીય. ૩) પ્રત્યાખ્યાનાવરણીય. ૪) સંજ્વલન.

૧) અનંતાનુબંધી કષાયઃ જે કષાય જીવને અનંત કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરાવે તે અનંતાનુબંધી કષાય છે. તે લોહપિંડ જેવો છે. તેની સ્થિતિ જીવન પર્યંત છે. તેના અસ્તિત્વમાં જીવ નરક ગતિનો બંધ કરે છે. આ કષાય સમ્યક્ત્વ ગુણનો ઘાત કરે છે.

તેથી જ શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં તેને સર્વ પ્રથમ ક્ષય કરવાનું ગ્રંથકાર કહે છે[31] -

**खवणं पडुच्च पढमा, पढमगुणविघाइणो त्ति वा जम्हा ।**

**संजोयणाकसाया, भवादिसंजोयणाओ (दो) त्ति ।।**

અર્થ : સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અને ક્ષપકશ્રેણીમાં પ્રથમ તેનો ક્ષય થાય અથવા સમ્યગ્દર્શનરૂપ પ્રથમ ગુણનો ઘાત કરનાર હોવાથી તે પ્રથમ કષાય છે. સંસારમાં યોજનાર હોવાથી તેને સંયોજના કષાય કહેવાય છે. તે લોઢાના ગોળા જેવો છે. તેની સ્થિતિ જીવન પર્યંતની છે. તેના સદ્ભાવમાં નરકગતિનો બંધ પડે છે.

૨) અપ્રત્યાખ્યાનાવરણીય કષાય : જે કષાય આંશિક વ્રત-પ્રત્યાખ્યાન સ્વીકારવામાં બાધક બને તે અપ્રત્યાખ્યાનાવરણીય કષાય છે. તે પથ્થરના ગોળા જેવો છે. તેની સ્થિતિ એક વર્ષની છે.તેના સદ્‌ભાવમાં તિર્યંચ ગતિનો બંધ પડે છે.

૩) પ્રત્યાખ્યાનાવરણીય કષાય : જે કષાય સર્વવિરતિ ધર્મ સ્વીકારવામાં બાધક બને તે પ્રત્યાખ્યાનાવરણીય કષાય છે. તે કાષ્ઠના ગોળા જેવો છે. તેની સ્થિતિ ચાર માસ છે. તેના સદ્‌ભાવમાં મનુષ્ય ગતિનો બંધ પડે છે.

૪) સંજ્વલન કષાય : જે કષાય વીતરાગ દશાની પ્રાપ્તિમાં બાધક બને તે સંજ્વલન કષાય છે. તે માટીના ગોળા જેવો છે. તેની સ્થિતિ એક દિવસની છે. તેના સદ્‌ભાવમાં દેવગતિનો બંધ પડે છે.

મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વ મોહનીય, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ આ સાત પ્રકૃતિને શાસ્ત્રીય ભાષામાં 'દર્શન સપ્તક' કહે છે.[૩૨] આ દર્શન સપ્તકના ક્ષય માટે કેટલાક આચરણની આવશ્યકતા રહે છે. કવિ હવે સમ્યક્ત્વની સાથે રહેનાર સમ્યક્ આચરણને એટલેકે વ્યવહાર સમ્યક્ત્વના સડસઠ બોલ બાર દ્વારો વડે સમજાવે છે.

## સમ્યક્ત્વના બાર દ્વાર

### ઢાળ-૨ (એણી પરિ રાજ્ય કરંતા રે : રાગ : ગુડી)

કહું સમકીત ભેદરે, સમકીત સ્યું કહીઈ, તે સમકીત કહો કયમ હોય એ. ...૩૪
કહઈનિં સમકીત હોય રે, ભેદ તસ કેટલાં તેહના ગુણ, કહઈ સ્યુ સહીએ. ...૩૫
અતીચાર તૂં માન રે, લ્યંગ તસ કેટલાં ? લખ્યણ તેહનાં કહૂં સહીએ. ...૩૬
કહૂં સધહણા ભેદ રે, સૂધ્ય કહૂં તેહની, વીનિ કહૂં સમકીત તણોએ. ...૩૭
પૂરુષ પ્રભાવીક, જેહ સેવા તેહની કરતાં, સમકીત નીરમલું એ. ...૩૮
કહઈસ્યું ભૂષણ ભેદરે, જઈણા સમકીતની, આગાર સમકીતના હું કેએ. ...૩૯
કહિસ્યું ભાવના ભેદ રે, થાનક કહૂં વલી, જાણઈ તે સમકીત ઘણીએ. ...૪૦

અર્થ: સમકિતના ભેદ કહું છું. સમકિત કોને કહેવાય ? તે સમકિત કેવી રીતે પ્રગટ થાય છે ? (તેના સંદર્ભમાં કવિ કહેવા માંગે છે) ...૩૪

સમકિત કોને હોય ? તે સમકિતનાં કેટલાં ભેદ છે ? તેનાં ગુણ હવે કહીશ ...૩૫

સમકિતના અતિચારને તું ઓળખ તેનાં લિંગ કેટલાં છે ? તેનાં લક્ષણ હવે કહું છું ...૩૬

સમકિતની સદ્દહણાના ભેદ, તેની વિશુદ્ધિ તથા વિનયના પ્રકાર હવે કહું છું ...૩૭

ધર્મના પ્રભાવક પુરૂષોની સેવા કરતાં સમકિત નિર્મળ બને છે ...૩૮

સમકિતના ભૂષણ, તેની યત્ના (જતના), તેના આગાર હું કહું છું ...૩૯

સમકિતની ભાવના, તેના સ્થાનક આદિ ભેદો વિશેષ રીતે જાણીએ ...૪૦

એક સાથે સમ્યક્ત્વના બાર દ્વાર(સડસઠ બોલ)નું વર્ણન વર્તમાન ઉપલબ્ધ આગમોમાં ક્યાંય જોવા મળતું નથી. સમ્યક્ત્વની વિશુદ્ધિ નિમિત્તે તેના સડસઠ બોલની ગાથા આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ કૃત સમ્યક્ત્વ સપ્તતિ ગ્રંથમાં દર્શાવેલ છે.

चउसद्दहणतिलिङ्गा, दसविणयतिसुद्धिपञ्चगयदोसं ।[૩૩]
अट्ठपभावणभूसण लक्खणपञ्चविहसंजुत्तं ।। ५ ।।
छव्विहजयणागारं, छभावणाभावियञ्च छट्ठाणं ।
इह सत्तसट्ठिलक्खण - भेयविसुद्धंच सम्मत्तं ।।६।।

અર્થ : ચાર સદ્દહણા, ત્રણ લિંગ, દસ વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ, આઠ પ્રભાવના, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ ભાવના, છ સ્થાન આ પ્રમાણે સડસઠ ભેદથી વિશુદ્ધ સમ્યક્ત્વ હોય છે.

કવિ ઋષભદાસે દર્શાવેલ સમ્યક્ત્વના સડસઠ બોલના દ્વાર અને આચાર્ય હરિભદ્રસૂરિ કૃત સડસઠ બોલના દ્વારની ઉપરોક્ત ગાથા સાથે તુલના કરતાં જણાય છે કે કવિ ઋષભદાસે અને આચાર્ય હરિભદ્રસૂરિએ સમ્યક્ત્વના સડસઠ બોલના દ્વારના નામ સમાન દર્શાવ્યા છે; પરંતુ તેના ક્રમમાં થોડો ફેરફાર છે. કવિ ઋષભદાસે દૂષણ માટે 'અતિચાર' શબ્દ પ્રયોગ કર્યો છે. વાસ્તવમાં સમકિતના પાંચ દૂષણ એ જ સમકિતના પાંચ અતિચાર છે. અહીં ફક્ત નામ ફરક છે અર્થ એકજ છે.

## સમ્યક્ત્વ રહિત જીવનો અવ્યવહારરાશિ કાળ

-દુહા-૩-

તે સમકીત કયમ પામીઓ, ભાખું તામ વીચાર,
અનંત પૂદગલ પ્રાવૃત્ત વળી, જીવિં કરીઓ સંસાર. ...૪૧
યુગલ રોમ સૂક્ષ્મ અતિં એકનાં ખંડ અસંખ્ય;
જોયન (યોજન) કુપ ચોસાલમાં, યૂગલ રોમ ત્યાહી નંખ્ય. ...૪૨
સો વરસે એક ખંડ ત્યાહા, કાઢઈ કલપી કોય;
આખો કુપ ખાલી હસઈ, નામ પલ્યોપમ હોય. ...૪૩
દસ કોડાકોડિ જવ જસિ, પલ્યોપમ જેણી વાર;
સાગરોપમ એક જ તસિં હોસિ સહી નીરધાર. ...૪૪
દસ કોડાકોડિ સાગરિ હોયિ અવસર્પણી કાળ;
ષટ આરા તેહમાં સહી, તે સમઝો વૃદ્ધ બાળ. ...૪૫
વીસ કોડાકોડી સાગર વલી, જિન કહઈ જ્યારિ જાય;
અવસર્પણી ઉસર્પણી, ત્યારઈ પૂરી થાય ...૪૬
અવસર્પણી ઉસપીણી યારિ (જ્યારિ) એક અહી જાય;
શ્રી જિનવર કહઈ સાંભળો; કાળચક્ર એક થાય ...૪૭

અનંત કાળચક્ર જે જતિ, પૂદ્‌ગલ પ્રાવર્ત હોય;
પૂદ્‌ગલ અનંત નીગોદમ્હાં; જીવિં કીધાં સોય ...૪૮
સાસઉસાસ માંહિ વળી, સાડા સત્તર ભવ જ્યાંહી;
ઉપજઈ મરણ કરઈ ફરઈ, મહાવેદન કહી ત્યાંહિ. ...૪૯
અનંત પૂદ્‌ગલ પ્રાવર્ત વળી, દૂખ ભોગવતાં જાય;
અકામ નીર્જરા બાલ તપિં, જીવ વીવાહારી થાય. ...૫૦

અર્થ: તે સમકિત કેવી રીતે પ્રાપ્ત થાય છે ? તેનો વિચાર કહું છું. આ જીવે સંસારમાં અનંત પુદ્‌ગલ પરાવર્તનકાળ પસાર કર્યો છે ...૪૧

યુગલિયાના વાળ અતિ સૂક્ષ્મ હોય છે. તેના એક વાળનાં અસંખ્ય ખંડ (ટુકડા) કરવામાં આવે, તે ટુકડાઓને એક જોજન ચોરસ કૂવામાં નાંખી તે કૂવો સંપૂર્ણ (ઠાંસીઠાંસીને) ભરવો ...૪૨

કલ્પના કરો કે આ કૂવામાંથી સો વર્ષે વાળનો એક ટુકડો કાઢતાં, સંપૂર્ણ કૂવો જ્યારે ખાલી થાય ત્યારે એક પલ્યોપમ જેટલો સમય થયો કહેવાય ...૪૩

દસક્રોડાક્રોડી પલ્યોપમ જેટલો કાળ પસાર થાય છે ત્યારે એક સાગરોપમ થાય ...૪૪

(એવા) દસ ક્રોડા ક્રોડી સાગરોપમ જેટલો કાળ પૂર્ણ થાય ત્યારે એક અવસર્પિણી કાળ પૂરો થાય. આ અવસર્પિણી કાળમાં છ આરા હોય છે. તેને નાના મોટા સૌ જીવો સમજો ...૪૫

વીસ ક્રોડાક્રોડી સાગરોપમ જેટલો કાળ વ્યતીત થાય છે ત્યારે એક ઉત્સર્પિણીકાળ અને એક અવસર્પિણી કાલ પૂર્ણ થાય છે, તેવું જિનેશ્વર દેવ કહે છે ...૪૬

જ્યારે એક અવસર્પિણીકાળ અને એક ઉત્સર્પિણી કાળ પસાર થાય છે ત્યારે એક કાળચક્ર પૂર્ણ થાય છે, તેવું જિનદેવ કહે છે, તે સાંભળો ...૪૭

આવા અનંત કાળચક્ર પૂર્ણ થાય ત્યારે એક પૂદ્‌ગલ પરાવર્તન થાય. એવાં અનંત પુદ્‌ગલ પરાવર્તન જીવે નિગોદમાં વ્યતીત કર્યા છે ...૪૮

એક શ્વાસોશ્વાસમાં નિગોદના જીવો સાડા સત્તર ભવો કરે છે. ફરી ફરી ત્યાં જ જન્મ મરણ કરી અત્યંત વેદના અનુભવે છે ...૪૯

આ પ્રમાણે અનંત પુદ્‌ગલ પરાવર્તનકાળ દુઃખમાં વ્યતીત કરતાં અકામ નિર્જરા અને બાલતપના બળે જીવ વ્યવહારરાશિમાં આવે છે ...૫૦

**કાળનું સ્વરૂપ[૩૪] :**

ઉપરોક્ત દુહામાં કવિ કાળ ગણનાનું સ્વરૂપ દર્શાવી સમકિત પ્રાપ્તિની દુર્લભતા જણાવે છે.

કાળની ગણતરીનું ઉપરોક્ત સ્વરૂપ શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ, શ્રી અનુયોગ દ્વાર, શ્રી ભગવતી સૂત્રમાં દર્શાવેલ છે.

આંખના એક પલકારામાં અસંખ્યાત સમય પસાર થાય છે. સશક્ત યુવાન જીર્ણ-શીર્ણ વસ્ત્રને એકી

સાથે ફાડે તેમાં દરેક તાંતણાને તૂટતાં અસંખ્યાતા સમયો પસાર થાય છે.

અસંખ્યાત સમય = ૧ આવલિકા
૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લકભવ
સંખ્યાત આવલિકા = ૧ ઉચ્છ્વાસ
સંખ્યાત આવલિકા = ૧ નિ:શ્વાસ
એક શ્વાસોશ્વાસ = ૧ પ્રાણ
સાત પ્રાણ = ૧ સ્તોક
સાત સ્તોક = ૧ લવ (૭ લવ = ૩ ।।। મિનિટ)
૭૭ લવ = ૧મુહૂર્ત
૩૦ મુહૂર્ત = ૧ દિવસ
૧૫ દિવસ = ૧ પક્ષ
૨ પક્ષ = ૧ માસ
૧૨ માસ = ૧ વર્ષ
૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ x ૮૪ લાખ = ૧ પૂર્વ વર્ષ (૭૦,૫૬,૦૦૦,૦૦૦,૦૦૦,૦)
એક પૂર્વ વર્ષ x ૧ ક્રોડ = ૧ ક્રોડ પૂર્વ ($૭૦૫૬ \times ૧૦^{૧૭}$)
અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમ
૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમ = ૧ સાગરોપમ
૧૦ ક્રોડાક્રોડી  સાગરોપમ = ૧ ઉત્સર્પિણી કે ૧ અવસર્પિણી
૧ ઉત્સર્પિણી અને ૧ અવસર્પિણી = ૧ કાળચક્ર
અનંતકાળચક્ર = ૧ પુદ્ગલપરાવર્તન

• પલ્યોપમ : પવાલાની ઉપમાથી જે પ્રમાણ જણાવવામાં આવે તેને પલ્યોપમ કહેવાય. એક યોજન (હાલના લગભગ ૧૩ કિ.મી.)લાંબો, પહોળો અને ઊંડો ખાડો ખોદીને તેમાં સાત દિવસના જન્મેલા યુગલિક બાળકના સુકોમળ વાળના અગ્રભાગ વડે પલ્યને ઠાંસીઠાંસીને એવી રીતે ભર્યા હોય કે તે વાલાગ્રને અગ્નિ બાળી શકે નહીં, પવન ઉડાડી શકે નહીં, તેમાં પાણીનું ટીપું પ્રવેશી શકે નહીં, એવી રીતે ખીચોખીચ ભરેલો હોય. જેના ઉપરથી ચક્રવર્તીની સેના પસાર થાય છતાં તે અંશ માત્ર દબાય નહીં તેવા સઘન ભરેલા તે પલ્યમાંથી દર સો વર્ષે એક એક વાળનો ટુકડો કાઢવામાં આવે, તે પલ્ય જેટલા કાળમાં સંપૂર્ણ ખાલી થાય તેટલા કાળને એક પલ્યોપમ કહેવાય.

• સાગરોપમ : સાગર એટલે દરિયો. દરિયાની ઉપમાથી જાણી શકાય તેટલા વર્ષોના કાળને સાગરોપમ કહેવાય છે.

• અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળ: જેમાં આયુષ્ય, ઉંચાઈ, ધરતીની મીઠાશ, સુખ વગેરેમાં ઉત્તરોત્તર ઘટાડો થાય તેને અવસર્પિણી કાળ કહેવાય. તેનાથી વિપરીત જે કાળમાં ઉપરોક્ત વસ્તુઓ ઉત્તરોત્તર વધતી જાય તેને ઉત્સર્પિણી કાળ કહેવાય.

ઉત્સર્પિણી કાળ અને અવસર્પિણી કાળના દરેકના છ-છ વિભાગો છે, જેને છ આરા કહેવાય છે*.

કવિ કાળનું માપ દર્શાવી સમક્તિ પ્રાપ્તિનો ક્રમ દર્શાવે છે. ભૂતકાળમાં જીવે અનંત પુદ્ગલ પરાવર્તન મિથ્યાત્વ અવસ્થામાં પસાર કર્યા છે, જે અહીં દર્શાવેલ ચિત્ર પરથી તે સમજાય છે.

• પુદ્ગલ પરાવર્તન:[૩૫] લોકમાં રહેલા સમસ્ત પુદ્ગલોને જીવ ગ્રહણ કરે તેમાં જેટલો સમય વ્યતીત થાય તેને એક પુદ્ગલ પરાવર્તન કહે છે. તેમાં અનંત કાળચક્ર પસાર થાય છે. આખા લોકમાં પુદ્ગલ વર્ગણા(એક જાતિનો સમૂહ)ઓ ભરેલી છે. તે આઠ પ્રકારની છે.

૧)ઔદારિક વર્ગણા ૨)વૈક્રિય વર્ગણા ૩) આહારક વર્ગણા ૪) તેજસ્ વર્ગણા ૫) ભાષા વર્ગણા ૬)શ્વાસોચ્છ્વાસ વર્ગણા ૭) મન વર્ગણા ૮) કાર્મણ વર્ગણા.

ઔદારિક શરીરમાં વિદ્યમાન થઈને જીવ લોકવર્તી સમસ્ત વર્ગણાના પુદ્ગલોને ક્રમશઃ ઔદારિક શરીરરૂપે ગ્રહણ કરે, તેમાં જેટલો સમય પસાર થાય તેને ઔદારિક પુદ્ગલ પરાવર્તન કહેવાય છે. આ રીતે આહારક વર્ગણા સિવાય બાકીના સાતે વર્ગણાના પુદ્ગલોને જીવ ક્રમશઃ ગ્રહણ કરે, તેને તે-તે પુદ્ગલ પરાવર્તન કહેવાય છે.

નોંધ-આહારક શરીર એક જીવને સંપૂર્ણ સંસારકાળ ચાર જ વખત પ્રાપ્ત થાય છે, તેથી તેની વર્ગણાઓનું પુદ્ગલ પરાવર્તન થઈ શક્તું નથી. સાતે પુદ્ગલ પરાવર્તનમાં સૌથી વધુ કાળ વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનું છે, જે અનંત કાળ છે.

આવાં અનંત પુદ્ગલ પરાવર્તન જીવે નિગોદમાં પસાર કર્યાં છે.

• નિગોદ:[૩૬] નિગોદ એ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. અનંત જીવોના આધારભૂત શરીરને નિગોદ કહેવાય છે. તેમાં રહેલા જીવોને નિગોદના જીવો કહે છે, જે એક શરીરમાં અનંતા જીવો હોય છે. સૂક્ષ્મ, સાધારણ વનસ્પતિકાયના જીવો તે નિગોદના જીવો છે.

ચૌદ રાજલોકમાં અસંખ્યાતા નિગોદના ગોળાઓ છે. એક એક ગોળામાં અસંખ્યાતી - અસંખ્યાતી

---

*. **અવસર્પિણી કાળના છ આરા** : (૧)સુષમ-સુષમ(૪કો.કો. સાગરોપમ), (૨) સુષમ(૩કો.કો. સાગરોપમ), (૩)સુષમ-દુઃષમ (૨ કો.કો. સાગરોપમ), (૪) દુઃષમ-સુષમ(૧ કો.કો. સાગરોપમમાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન), (૫) દુઃષમ(૨૧,૦૦૦ વર્ષ), (૬) દુઃષમ-દુઃષમ (૨૧,૦૦૦ વર્ષ). **ઉત્સર્પિણી કાળના છ આરા** : (૧)દુઃષમ-દુઃષમ (૨૧,૦૦૦ વર્ષ), (૨) દુઃષમ(૨૧,૦૦૦ વર્ષ), (૩) દુઃષમ-સુષમ (૧કો.કો. સાગરોપમમાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન), (૪) સુષમ-દુઃષમ (૨કો.કો. સાગરોપમ), (૫) સુષમ (૩કો.કો. સાગરોપમ), (૬) સુષમ-સુષમ(૪કો.કો. સાગરોપમ). (શ્રી ભગવતી સૂત્ર, શ૦ ૬, ઉ૦ ૭, સૂ૦ ૭, પૃ. ૨૬૩. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.)

# નિગોદથી મોક્ષ સુધીનો આત્માનો વિકાસ ક્રમ



# મિથ્યાત્વ અવસ્થામાં ચતુર્ગતિનું પરિભ્રમણ



એગિન્દિયા એકેન્દ્રિય જીવો

**EGINDIYAA :**

LIVING BEINGS WITH ONE SENSE (OF TOUCH)



તેઈન્દિયા તેઈન્દ્રિય જીવો

**TE(Y)INDIYA :**

LIVING BEINGS WITH THREE SENSES. (OF TOUCH, TASTE AND SMELL

તિર્યંચ



બેઈન્દિયા બેઈન્દ્રિય જીવો.

**BE(Y)INDIAA :**

LIVING BEINGS WITH TWO SENSES (OF TOUCH AND TASTE)



ચઉરિન્દિયા ચઉરિન્દ્રિય જીવો.

**CHAURINDIYAA :**

LIVING BEINGS WITH FOUR SENSES.
(OF TOUCH, TASTE, SMELL AND VISION)




પંચેન્દિયા - પંચેન્દ્રિય જીવો PANCHINDIYAA :

LIVING BEINGS WITH FIVE SENSES (OF TOUCH, TASTE, SMELL, VISION AND HEARING)



નારકી




મનુષ્ય




દેવ

નિગોદો રહેલી છે. એક નિગોદમાં અનંતા અનંતા જીવો ઠાંસી-ઠાંસીને ભરેલા હોય છે.

એક શ્વાસોશ્વાસમાં નિગોદના જીવોના જન્મ મરણના સાડા સત્તર ભવ થાય છે. બે ઘડી ૪૮ મિનિટમાં ૬૫,૫૩૬ ભવો કરે છે. નિગોદના સર્વ જીવોને શરીરની ક્રિયાઓ સમાન હોય છે, પરંતુ કર્મનો બંધ, ઉદય, આયુષ્ય એક સાથે ઉત્પન્ન થયેલા જીવોનું પણ જૂદું જૂદું હોય છે. આ જીવોનું સ્વરૂપ કેવલીગમ્ય છે. સંસારી જીવો માટે તે શ્રુત અને શ્રદ્ધાગમ્ય છે. આ નિગોદમાં ભવ્ય, અભવ્ય કે દુર્ભવ્ય જીવો હોય છે. અનંત જીવો આ સ્થાનેથી ક્યારેય બહાર નીકળવાના નથી. જે જીવો નીકળ્યા છે તે પણ ક્રમશઃ સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિયપણું પામી પ્રબળ પુણ્યોદયથી પંચેન્દ્રિયપણું પામે છે. મનુષ્યદેહ પ્રાપ્ત કરી મુક્તિ સિદ્ધ ન કરીએ તો પાછાં ઉતરતાં ઉતરતાં નિગોદ સુધી પહોંચી જવાય છે. પુનઃ નિગોદમાં ગયેલો જીવ વ્યવહારરાશિનો જીવ કહેવાય છે. અહીં અતિ મંદ ચેતના હોવા છતાં વિકાસયાત્રાનો પ્રારંભ માની શકાય; કારણ તે પુનઃ અવ્યવહારરાશિમાં જવાનો નથી.

પ્રત્યેક જીવ પૂર્વે અનંતકાળ નિગોદ અવસ્થામાં વિતાવે છે, જે અવ્યવહારરાશિ કાળ કહેવાય છે. જેમાં કર્મોની સઘનતા અને મિથ્યાત્વની બહુલતા છે.

જેમ પાંચે આંગળીઓ સાથે મળી કાર્ય કરે છે તેમ કોઈ પણ કાર્યની પૂર્ણતામાં પાંચ કારણો (સમવાય) હોય છે. તેમાંથી કોઈ મુખ્ય હોય, તો બાકીના ગૌણ હોય છે. (૧)આત્માને પરમાત્મા થવાનું કાર્ય કરવા માટે આત્મામાં ભવ્યત્વ સ્વભાવ જોઈએ. (૨) નિયતિથી આત્મા અવ્યવહારરાશિમાંથી બહાર નીકળે છે. (૩) કર્મોના કારણે આત્મા અચરમાવર્ત કાળમાં ભટકતો રહે છે. (૪) કાળ પરિપક્વ થતાં જીવ ચરમાવર્ત કાળમાં પ્રવેશે છે. (૫) ચરમાવર્ત કાળમાં પ્રચંડ ધર્મપુરુષાર્થ કરી મોક્ષ મેળવે છે.

બ્રહ્માંડના સર્વ જીવોની મૂળભૂમિ નિગોદ છે. જેમ અથડાતાં-કૂટાતાં પથ્થર સુંદર આકારવાળો અને લીસો બને છે, તેમ જીવ પણ અથડાતાં-કૂટાતાં કાળ પસાર થતાં અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે. વ્યવહારરાશિમાં કાળ પરિપાક થતાં જીવ ચરમાવર્તમાં આવે છે. ચરમાવર્તમાં જીવ શુક્લપક્ષી બને છે.ચરમાવર્તમાં જેનો સંસારકાળ ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલો રહે છે, ત્યારે જીવ સમ્યગ્દર્શન પામી શકે છે. આ સમ્યગ્દર્શન પણ ભવ્ય જીવોને જ પ્રાપ્ત થઈ શકે છે. જેમ કોરડું મગ આકરા અગ્નિમાં પણ ન સીઝે; તેમ અભવ્યને સમ્યગ્દર્શન કે ચરમાવર્તકાળ ન સ્પર્શે. જીવ અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં ભવિતવ્યતાની પ્રધાનતાથી પ્રવેશે છે. વ્યવહારરાશિમાં આવ્યા પછી આયુષ્ય સિવાયના સાતે કર્મોની સ્થિતિ અંતઃ કોડા કોડી સાગરોપમની બને ત્યારે જીવ ગ્રંથિદેશને પામે છે. અહીં કર્મની પ્રધાનતા છે. ગ્રંથિદેશે આવ્યા પછી અપૂર્વકરણમાં પુરુષાર્થની પ્રધાનતા છે. ચરમાવર્તકાળમાં મુમુક્ષુ અદમ્ય પુરુષાર્થ કરે તો સિદ્ધિ મેળવે છે.

અવ્યવહારરાશિમાંથી પ્રથમ વાર બહાર નીકળેલો જીવ યથાસંભવ બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં ગમે ત્યાં ઉત્પન્ન થઈ શકે છે. (દેવ, નારક કે મનુષ્યમાં ઉત્પન્ન થતાં નથી). અહીંથી યથાસંભવ સંસારની ચારે ગતિનું ભ્રમણ આરંભ થાય છે.

## ચોપાઈ –૨ 'જીવનો ઉત્ક્રાંતિ ક્રમ'

જીવ વિવહારી ત્યારિ થયો. બાદર નીગોદમાંહિ આવીઓ;
અંતરમૂરત ત્યાહા છઈ આય, જનમ મર્ણ દૂખ પાપ પસાય. ...૫૧
ગાજર મુલાં કંદ સદીવ, એક શરીર અનંતા જીવ;
ઘણું કષ્ટ જિન તેહનિં કહઈ, કાયસ્થતિં તે કેતૂં રહઈ. ...૫૨
અનંત કાયમાહીં રહઈ જીવ ઘણું, ઉત્સર્પિણી-અવસર્પિણી ભણું;
સોય અનંતી સહી પણ્ય કહૂં, સોય જીવ મીથ્યાતી લહૂં. ...૫૩
ત્યાહાં સમકીતનો નહી લવલેસ, અકામ નીજરા કાયકલેસ;
કરમિં ત્યાહાથી ઊંચો થયો, પરગત્ય વનસપતીમાં ગયો. ...૫૪
જો દસ હજાર વરસ ત્યાહાં આય, ભવ સંત્યતિ રહિ એકઈ ઠાહઈ;
પ્રથવીમાંહિં પઈઠો જાય, બાવીસ હજાર વરસ ત્યાહાં ખોય. ...૫૫
સાત હજાર વરસ જલ આય, અગનિં માંહિં ત્રણિ દાડા જાય;
વાયુકાયમાંહિ અવતાર, આઉ વરસ તે ત્રણ્ય હજાર. ...૫૬
પ્રથવી પાણી તેઉ વાય, એ ચ્યારઈ બાદર કહઈવાય.
વનસપતીં પરત્યગ વલી કહી, બાદર નીગોદ તે છઠી સહી. ...૫૭
સીત્યર કોડાકોડિ સાગર રહઈ, કાયસ્થતિં ત્રીભોવનપતિ કહઈ.
હવઈ સકલ એકંદ્રી તણો, ભાવ કહૂં તે શ્રવણે સુણો. ...૫૮
કાયસ્થતિં જીવ કેતૂં રહઈ, ઉશ્રપણી અવશ્રપણી કહઈ;
અસંખ્યાતી તે પણ્ય કહું, શ્રી જિન વચને હુ સહી લહું. ...૫૯
ત્યાહાં સમકીત નહી એક લગાર, આલિં જીવ ગમિ અવતાર;
મીથાતમાંહિ મુક્યા તેહ, સમકીત કયાહા એકંદ્રી દેહ ...૬૦
કર્મ જોગ્ય બે અંદ્રી થયો, કોડા શંખ્ય જલોમ્હાં ગયો;
સીપ માંહિ અવતરીઓ જ્યાંહ, તેણઈ થાનક્ય તૂઝ સમકીત ક્યાહિં. ...૬૧
બાર વરસનું ત્યાહાં છઈ આય, સમકીત વ્યન ભવ આલિં જાય;
યોનિ લાખ બે તેહની કહી, મીથ્યાતમાંહિ મૂકાણાં સહી. ...૬૨
સંખ્ય અસંખ્યા એકઈ સમઈ, ઉપજઈ મર્ણ કરઈ નઈ ભમઈ;
કાયસ્થતિં બેઅંદ્રી રહિ, ભવ સંખ્યાતા જિનવર કહઈ . ...૬૩
વલી થયો તેઅંદ્રી જીવ, માંકણ કીડા કરતા રીવ;
અં(ઈ)દ્રગોપ, ગીગોડા થયો, સમકીત વ્યણ ભવ આલિં ગયો. ...૬૪

સંખ્ય અસંખ્યા એકઈ શમઈ, ઉપજઈ મર્ણ કરઈનિં ભમઈ;
આઉ કહૂં દિન ઉગણપંચાસ, યોનિ લાખ હો ભાખું તાસ. ...૬૫
વેદ નપૂસક તેહનિં કહઈ, કાયસ્થતિં સંખ્યા ભવ રહઈ;
સમકીત ધર્મ ન પામઈ કદા, તેહ જીવ મિથ્યાત્વી સદા. ...૬૬
ભમતાં જીવ ચઉરંદ્રી થયો, કાલ કેટલો તેહમાં ગયો;
ભમરા ભમરી માખી તીડ, ડસ મસામાં પામ્યા પીડ. ...૬૭
ષટ્ મહીનાનું તેહનું આય, યોન લાખ દો ત્યાહાં કહઈવાય;
સંખ્ય અસંખ્યા એકઈ શમિં, ઉપજઈ મર્ણ કરઈનિં ભમઈ. ...૬૮
વેદ નપુસંક તેહનિં સરિ, કાયસ્થતિં ભવ સંખ્યા કરઈ;
મીથ્યાતમાં મૂંકાણા ત્યાહિ, સમકિત ધર્મ તે પાંમઈ ક્યાંહિ. ...૬૯
કરમિં વલી પંચેદ્રી થયો, પસુતણી તૂં યોનિ ગયો;
ભુખ તરસ ત્યાહાં વેઠી બહુ, જ્ઞાનવંત તે જાણઈ સહું. ...૭૦
વાનર વાઘ સસલા કુત્યરા, ચીતર માંજારી ઉંધરો;
અજા હર્ણ તણી ગતિ લહી, મંશ કાજ્ય મરાણો. ...૭૧
ત્રીજંચ લહઈ ચોગત્યની વાટ, કાયસ્થતિં ભવ સત્તમ આઠ;
સંખ્ય અસંખ્ય એકઈ સમઈ, ઉપજઈ મર્ણ કરઈ નંઈ ભમઈ. ...૭૨
ત્રણ્ય પલ્યોપમ જેહનું આય, સમકીત વ્યન ભવ આલિં જાય;
ત્રીજંચ ગત્યમાં સમકીત હોય, ખ્યાયક સમકીત ન લહઈ કોય ...૭૩

અર્થ: બાદર નિગોદમાં પ્રવેશેલા જીવને વ્યવહારરાશિનો જીવ કહેવાય છે. ત્યાંનું આયુષ્ય અંતમુહૂર્ત છે. ત્યાં જીવ જન્મ-મરણમાં દુઃખ ભોગવે છે. (આ પ્રમાણે) મિથ્યાત્વમાં સમય પસાર કરે છે ...૫૧

ગાજર, મૂળા, કંદમાં સદા એક શરીરમાં અનંતા જીવ રહે છે. જિનેશ્વર દેવ કહે છે કે તેઓ ઘણું કષ્ટ – દુઃખ ભોગવે છે. તેઓ એકજ કાયમાં રહી કષ્ટ ભોગવે છે ...૫૨

અનંતકાય (નિગોદ)માં જીવ અનંત ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળ પસાર કરે છે. આ લાંબા કાળ દરમ્યાન જીવ મિથ્યાત્વી જ હોય છે ...૫૩

અનંત કાળમાં જીવને ક્ષણવાર પણ સમકિત પ્રાપ્ત ન થાય. અકામ નિર્જરા (પરાધીનપણે સહન કરવું) અને કાયકલેશ (દેહનું કષ્ટ સહન) કરી કર્મની લઘુતાથી જીવ અનંત કાયમાંથી બહાર આવી પ્રત્યેક વનસ્પતિમાં જાય...૫૪

પ્રત્યેક વનસ્પતિનું આયુષ્ય દશ હજાર વર્ષનું છે. તે એક સ્થાનમાં સાત ભવ રહે છે. પછી તે પૃથ્વીકાયમાં ગયો. ત્યાં બાવીસ હજાર વર્ષનું આયુષ્ય (સમ્યક્ત્વ વિના) વ્યર્થ ગુમાવ્યું ...૫૫

અપકાય (પાણી) નું આયુષ્ય સાત હજાર વર્ષનું છે. તેઉકાયનું આયુષ્ય ત્રણ અહોરાત્રિનું છે તેમજ વાયુકાયનું આયુષ્ય ત્રણ હજાર વર્ષનું છે ...૫૬

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વાયુકાય એ ચારે તેમજ પ્રત્યેક વનસ્પતિકાય અને બાદર નિગોદ મળી કુળ છ ભેદ બાદર એકેન્દ્રિય કહેવાય ...૫૭

આ છ પ્રકારના બાદર જીવોની કાયસ્થિતિ સીત્તેર કોડાકોડી સાગરોપમ છે. એવું ત્રિભુવનના નાથ તીર્થંકર ભગવંતો કહે છે. હવે સર્વ એકેન્દ્રિય જીવો વિશે ભાવ કહું છું તે ધ્યાનપૂર્વક તમે સાંભળો ...૫૮

એકેન્દ્રિય જીવો સ્વકાયમાં કેટલું રહે છે ? શ્રી જિનેશ્વરનાં વચનોથી સત્ય જાણી શકાય છે કે તેઓ અસંખ્યાતી ઉત્સર્પિણી કાળ અને અવસર્પિણી કાળ સુધી સ્વકાયમાં રહે છે. ...૫૯

આ પ્રમાણે એકેન્દ્રિયમાં અસંખ્યાતો કાળ આ જીવે સમકિત વિના પસાર કર્યો. આ જીવનો એકેન્દ્રિય ભવ એળે ગયો. એકેન્દ્રિયપણે સમકિત ન હોવાથી તે સર્વ ભેદ મિથ્યાત્વમાં મુક્યા છે. ...૬૦

ભાગ્યયોગે તે કોડા, શંખ, જળો, છીપ ઈત્યાદિમાં બેઈન્દ્રિયપણે ઉત્પન્ન થયો. તે સ્થાનમાં તેને સમકિત ક્યાંથી મળે ? ...૬૧

બેઇન્દ્રિય જીવોનું આયુષ્ય ૧૨ વર્ષનું છે. સમકિત વિના તે ભવ પણ વ્યર્થ જાય છે. બેઈન્દ્રિયની બે લાખ યોનિ છે. તે સર્વ જીવોની ગણતરી મિથ્યાત્વમાં થાય છે...૬૨

બેઈન્દ્રિય જીવો એક સમયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા નવા જન્મે છે અને મૃત્યુ પામે છે. તેમાંજ જન્મ-મરણ કરતા રહે છે. તેમની સ્વકાય સ્થિતિ સંખ્યાતા વર્ષની છે, એમ જિનેશ્વર ભગવંત કહે છે ...૬૩

વળી જીવ માકડ, કીડા, ઈંદ્રગોપ, ગીગોડા આદિ તેઈન્દ્રિયપણે ઉત્પન્ન થયો. ત્યાં ઘણું દુઃખ પામ્યો પરંતુ સમકિત વિના તે ભવ પણ નિરર્થક ગયો ...૬૪

તેઈન્દ્રિય જીવ એક સમયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા જન્મે અને મૃત્યુ પામે છે. આ રીતે ભમતા રહે છે. તેમનું આયુષ્ય ઓગણપચાસ દિવસનું છે. તેમની યોનિ બે લાખ છે ...૬૫

તેમને નપુંસકવેદ હોય છે. તેમની કાયસ્થિતિ સંખ્યાતા વર્ષ છે. અહીં પણ સમકિત ધર્મ ન પામવાથી જીવ સદા મિથ્યાત્વી રહે છે ...૬૬

વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરતાં જીવ ચૌરેન્દ્રિય પણે ઉત્પન્ન થયો. તેમાં પણ તેણે સંખ્યાતા વર્ષો (મિથ્યાત્વમાં) પસાર કર્યા. ભમરા, ભમરી, માખી, તીડ, ડાંસ અને મચ્છર આદિ પણે ઉત્પન્ન થયો ...૬૭

ચૌરેન્દ્રિય જીવનું આયુષ્ય છ માસનું છે. તેની બે લાખ યોનિ છે. તેમાં એક સમયમાં સંખ્યાતા અથવા અસંખ્યાતા જીવો એક સ્થાને જન્મ-મરણ કરી પરિભ્રમણ કરે છે...૬૮

તેમને નપુંસક વેદ હોય છે. તેમની કાયસ્થિતિ સંખ્યાતા વર્ષની છે. ચૌરેન્દ્રિય પણ મિથ્યાત્વી હોવાથી તેઓ સમકિત ધર્મ ક્યાંથી પામી શકે ? ...૬૯

પ્રારબ્ધયોગે વળી જીવ પંચેન્દ્રિયપણે ઉત્પન્ન થયો. પશુ (તિર્યંચ) યોનિમાં જન્મ્યો. ત્યાં ભૂખ અને તરસનું ઘણું દુ:ખ સહન કર્યું. જ્ઞાની ભગવંતો આ સર્વ ભાવ (જ્ઞાનથી) જાણે છે...૭૦

તિર્યંચ યોનિમાં આ જીવ વાંદરો, વાઘ, સસલો, કુતરો, ચિત્તો, બિલાડી, ઉંદર, બકરી અને હરણ જેવી ગતિમાં ઉત્પન્ન થયો. ત્યાં માંસ માટે બીજા થકી હણાયો...૭૧

તિર્યંચ મૃત્યુ પામી ચારે ગતિમાં જઈ શકે છે. તેમની કાયસ્થિતિ સાત અથવા આઠ ભવ છે. તેઓ એક સમયે એક જ સ્થાને સંખ્યાતા અથવા અસંખ્યાતા જન્મે અથવા મરે છે.આરીતે સંસાર પરિભ્રમણ કરે છે...૭૨

તિર્યંચ પંચેન્દ્રિયનું આયુષ્ય ત્રણ પલ્યોપમનું છે. સમકિત વિના આ ભવ પણ વ્યર્થ ગયો. તિર્યંચ ગતિમાં સમકિત થઈ શકે છે પણ ક્ષાયિક સમકિત કોઈને નવું પ્રાપ્ત થતું નથી...૭૩

ડાર્વિનના ઉત્ક્રાંતિવાદમાં મનુષ્યનો વિકાસ ક્રમ દર્શાવેલ છે. કવિએ અહીં જૈનદર્શનનો આધ્યાત્મિક ઉત્ક્રાંતિવાદ પ્રસ્તુત કર્યો છે. જૈનદર્શનના ઉત્ક્રાંતિવાદમાં આત્માથી પરમાત્માસુધીની યાત્રા છે. જીવની કથા તથા સમ્યક્ત્વની વિશેષતા પ્રસ્થાપિત કરવા કવિએ બાવીસ (૨૨) ગાથાઓમાં ખૂબ વિસ્તારપૂર્વક તેનું વર્ણન કર્યું છે. કવિની રચના સરળ અને હૃદયસ્પર્શી છે.

જીવ વ્યવહારરાશિમાં આવ્યા પછી પરિભ્રમણ કરે છે, તેવું વર્ણન શાસ્ત્રમાં અનેક સ્થાને છે પરંતુ ઉત્ક્રાંતિ ક્રમનું વર્ણન દિગંબર મુનિ સ્વામીકુમાર જેમનું અપરનામ સ્વામી કાર્તિકેય હતું, તેમના 'સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા[૩૭]' ગ્રંથમાં બોધિદુર્લભ ભાવનામાં જોવા મળે છે. જીવ અનેક યોનિઓમાં પરિભ્રમણ કરી જન્મ-મરણ કરે છે[૩૮]. કવિ સંસારના જીવોની સ્વકાય સ્થિતિ અને યોનીઓનું પ્રમાણ દર્શાવે છે, જે શ્રી પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર છે.

• સ્વકાય સ્થિતિ : જીવ વારંવાર પોતાની જાતિમાં જન્મ-મરણ કરે તેને સ્વકાય સ્થિતિ કહેવાય.

૧. સ્વકાય સ્થિતિ રહિત - દેવતા અને નારકો.

૨. સાત-આઠ ભવની સ્વકાય સ્થિતિવાળા - પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો.

૩. સંખ્યાત વર્ષની સ્વકાય સ્થિતિવાળા - વિકલેન્દ્રિય.

૪. અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ સુધીની સ્વકાય સ્થિતિવાળા - પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાય.

૫. અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ સુધીની સ્વકાય સ્થિતિવાળા - સાધારણ વનસ્પતિ

• યોનિ : સંસારી જીવનાં ઉત્પત્તિ સ્થાનને યોનિ કહે છે. કુલ ૮૪ લાખ યોનિ છે.

ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં :

૧. બે લાખ યોનિવાળા - વિકલેન્દ્રિય.
૨. ચાર લાખ યોનિવાળા - દેવતા, નારક, તિર્યંચ પંચેન્દ્રિય.
૩. સાત લાખ યોનિવાળા - પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય.

૪. દસ લાખ યોનિવાળા - પ્રત્યેક વનસ્પતિકાય.

૫. ચૌદ લાખ યોનિવાળા - સાધારણ વનસ્પતિ અને મનુષ્ય.

ઉપરોક્ત માહિતી દ્વારા કવિ સમકિતની દુર્લભતા દર્શાવે છે. જીવને સમ્યક્ત્વની પ્રથમ પ્રાપ્તિ કયાં અને કેવી રીતે થશે તેને જાણવાની ઉત્કંઠા ઉત્પન્ન કરવા કવિએ અહીં રસિક પ્રયત્ન કર્યો છે.

## ક્ષાયિક સમકિતની દુર્લભતા

- દુહા - ૪-

ખ્યાયક સમકીત નવ્ય લહઈ, નરિ ગઈ નારક જીવ;
ક્રોધ ઘણો બહુ વેદના, દૂખીઆ સોય સદીવ. ...૭૪
મરી સોય માનવ હવો, યૂગલ તણો અવતાર;
સમકીત વિન ભવ ત્યાહાં ગયો, મૂગત્ય નહી નીરધાર. ...૭૫
યૂંગલ મરી હુઈ દેવતા, ભોગ કરી ભવ ખોય;
ખ્યાઈક સમકીત ત્યાહાં વળી, સૂર નવ્ય પામઈ કોય. ...૭૬
ખ્યાઈક સમકીત જસ ભલૂ, પૂર્વભવનું હોય;
તો સૂરમાંહિ સંભવો, નવૂં ન પામઈ કોય. ...૭૭
ત્રીજંચ નારક યૂગલમાં, છઈ પણ્ય એહ પ્રકાર;
પૂર્વભવનું સંભવો, નવું નહીં નીરધાર ...૭૮

અર્થ : ત્યાંથી જીવ નરક ગતિમાં ગયો. નરકગતિમાં પણ નવું ક્ષાયિક સમકિત પ્રાપ્ત થતું નથી. નરકના જીવો અતિશય ક્રોધી હોય છે. તેમની વેદના અસહ્ય છે. તેઓ સદા દુઃખી હોય છે ...૭૪

નરકનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી જીવ માનવ ભવમાં આવ્યો. માનવમાં પણ યુગલિકપણે ઉત્પન્ન થયો. સમકિત વિના તે ભવમાં પણ નિશ્ચિતપણે મુક્તિ નથી ...૭૫

યુગલિક મનુષ્ય મૃત્યુ પામી દેવપણે ઉત્પન્ન થયો. દેવતાના સુખો ભોગવી આ ભવ પણ નકામો ગુમાવ્યો. વળી દેવભવમાં કોઈ પણ દેવને ક્ષાયિક સમકિત પ્રાપ્ત થતું નથી ...૭૬

ક્ષાયિક સમકિત શ્રેષ્ઠ છે. કલ્યાણકારી છે. તે પૂર્વભવનું હોય તો દેવતાના ભવમાં સંભવી શકે છે, પરંતુ ક્ષાયિક સમકિત તે ભવમાં કોઈ દેવને નવું પ્રાપ્ત થતું નથી ...૭૭

તિર્યંચ, નારક અને યુગલિક મનુષ્યમાં ક્ષાયિક સમકિત છે, પરંતુ તે પૂર્વભવનું હોય તો (ઉપરોક્ત ગતિમાં) સંભવી શકે, પરંતુ આ ગતિઓમાં નવું ક્ષાયિક સમકિત નિશ્ચયથી પ્રાપ્ત થતું નથી ...૭૮

ઉપરોક્ત દુહામાં કવિએ રાસકૃતિમાં સુંદર વળાંક લીધો છે. અત્યાર સુધી સમ્યક્ત્વની અપ્રાપ્તિ દર્શાવી હવે કવિ ગાથા ૭૩ થી ૭૮ માં ક્ષાયિક સમ્યક્ત્વની અપ્રાપ્તિ દર્શાવે છે કારણકે ક્ષાયિક સમ્યક્ત્વ એ શ્રેષ્ઠ કોટિનું સમ્યક્ત્વ છે. વળી તે આત્માનો પરમ મિત્ર છે. એકવાર ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી તે એક

ક્ષણ પણ આત્માથી વિખુટું પડતું નથી. અરે ! મુક્તાવસ્થામાં પણ સાથે જ હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વ મનુષ્ય ભવ સિવાય અન્યત્ર કોઈ પણ ગતિમાં સ્વભવનું હોતું જ નથી.

ક્ષાયિક સમકિતી ત્રીજે, ચોથે કે કવચિત્ પાંચમે ભવે મોક્ષમાં જાય છે. એક માન્યતા અનુસાર કૃષ્ણ વાસુદેવ પાંચ ભવ કરી મોક્ષે જશે. તેઓ ક્ષાયિક સમકિતી હતા. કૃષ્ણ વાસુદેવનો ભવ પૂર્ણ કરી નરકમાં ગયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી મનુષ્યગતિમાં, ત્યાંથી મૃત્યુ પામી વૈમાનિક દેવગતિમાં અને ત્યાંથી ચ્યવી ભારત વર્ષના ગંગાપુરના રાજા જિતશત્રુને ત્યાં અમમ નામના પુત્ર તરીકે ઉત્પન્ન થશે. તે ભવમાં તીર્થંકર નામકર્મના વિપાકોદયનો અનુભવ કરી મોક્ષે જશે[૩૯].

ક્ષયોપશમભાવ એ હોજ સમાન છે. તેમાં નિર્મળ અધ્યવસાયરૂપી પાણી લાવવું પડે છે. તેમાં જાગૃતિ, સાવધાની અને નિર્મળતાની સવિશેષ આવશ્યક્તા રહે છે. ક્ષાયિકભાવ એ કૂવા સમાન છે. તેમાં કર્મોરૂપી માટીના થરો દૂર થવાથી અવિરતપણે શુભ અધ્યવસાયરૂપી નિર્મળ પાણીનો પ્રવાહ વહે છે. તેથી ક્ષાયિક સમકિતી આત્માને નિમિત્તો નુકસાન પહોંચાડી શક્તા નથી. જો ક્ષયોપશમિક સમકિતી પ્રમાદી બને તો સમકિત ગુમાવે છે, જેમકે ગોશાલક.[૪૦] તેથી સાધકે ક્ષાયિક સમ્યક્ત્વ માટે જ પુરુષાર્થ કરવો જોઈએ.

## દશ બોલની દુર્લભતા

### ઢાળ : ૩ - (।। પ્રણમી ઓમ્ શ્રી ।।)

ત્યાહાં ખ્યાયક સમકીત નહી જી, ધર્મ વિના ભવ જાય;
દસ દ્રીષ્ટાંતિં દોહિલોજી, ભમતાં માનવ થાય.
સોભાગી સમકત(સમકિત) દૂલહું રે હોય, રયણ ચિંતામણી તણી પરિએજી;
લહી મહારો કોય. સોભાગી સ. આંચલી. ...૭૯
માનવ થઈ સ્યું કીજીઈજી, નહી સમકીત લવલેશ.
જીવ જઈ ત્યાહાં ઉપનોજી, જીહાં અનારય દેશ. સોભાગી. ...૮૦
આર્ય દેશમાં ઉપનોજી, નીચઈ કુલિ અવતાર;
માછી કાછી વાગરીજી, કુણ સમકીતનો ઠાર.... સોભાગી. ...૮૧
ઉત્યમ કુલમાં ઉપનોજી, જસ્યો રીષભનો રે વંશ;
અંદ્રી હીણ તીહાં થયોજી, ક્યમ લિ સમકીત અંશ. સોભાગી....૮૨
પાંચઈ અંદ્રી પાંમીઉજી, પણ્ય પાપિં ધન હીણ;
ભમતાં યૌવન જનમ લઈજી, અગ્યન જયોગ્ય જયમ મીણ. સોભાગી....૮૩
પૂનિં બહુ ધન પાંમીઉજી, ન મલો ગુરજી નિંધ્યાન;
મહુડા સરીખા તે નરાજી, ફલ તવ ન લહિં પાન. સોભાગી....૮૪
સહઈ ગુર વ્યન સમકિત નહીજી, લહઈ સંસાર જલંબ;
ઉગરિ પાછો પાડીઓજી, જેમ પછેડાઈ અંબ. સોભાગી....૮૫

પડીઓ જીવ નીગોદિમાંજી, રહઈ પૂદ્‌ગલ અઢી ત્યાહિ;
કોયક વહઈલો નીકલઈજી, આવઈ માનવ ત્યાહિ. સોભાગી....૮૬
આર્યદેશ કુલ પામીઓજી, સહિ ગુર અંદ્રી રે ધ્યન;
પણ્ય સમકીત તે કયમ લહઈજી, ન સૂણઈ વીર વચન. સોભાગી....૮૭
સૂણઈ વચન નવ્ય સધઈજી, આદઈ જીવ અનંત;
મૂની જમાલિ પઈરિં કહઈજી, ચુક છેઈ ભગવંત. સોભાગી....૮૮
અસ્યું વચન મૂખ ભાખતાજી, હુઈ સંસાર વીસાલ;
વીર વચન ઉથાપતાજી, દૂષણ પામ્યો ગોસાલ. સોભાગી ...૮૯
વીર વચન વહઈ મસ્તગિંજી, જયમ મૂની ગઉત્તમ સ્વામ્ય;
કેસી વચને આણતાજી, પરદેશી મત્ય ઠામ્ય. સોભાગી ...૯૦
ત્યમ જગના ભવ્ય જીવડાજી, વચન સૂણઈ જેણીવાર;
સધઈતો સાચૂં કરીજી, સમકીત લહઈ નીરધાર. સોભાગી ...૯૧

અર્થ : તિર્યંચ ગતિમાં ક્ષાયિક સમકિત નથી. તેથી તે ભવ પણ ધર્મ વિના વ્યર્થ જાય છે. વળી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવ દશ દૃષ્ટાંતે દુર્લભ એવા મનુષ્ય ભવને પ્રાપ્ત કરે છે. હે સૌભાગ્યશાળી ! સમકિત પ્રાપ્ત થવું દુર્લભ છે. તે રત્ન ચિંતામણિની જેમ કિંમતી છે. એવા દુર્લભ અને કિંમતી સમ્યક્‌ત્વને પ્રાપ્ત કરી હારી ન જાઓ ...૭૯

જ્યાં સમકિતનો અણસાર પણ નથી એવા અનાર્ય દેશમાં જીવ ઉત્પન્ન થયો. ત્યાં મનુષ્યનો અવતાર મેળવીને પણ શું સર્યું ? ...૮૦

*આર્ય દેશમાં પણ માછીમાર, શાકભાજી વેચનાર, વાઘરી જેવા નીચકુળમાં જન્મ્યો. ત્યાં સમકિતને સ્થાન ક્યાંથી હોય ? ...૮૧

ક્યારેક ભગવાન ઋષભદેવના વંશ જેવા ઉત્તમ ક્ષત્રિય કુળમાં જન્મ્યો, પરંતુ ત્યાં સંપૂર્ણ ઈન્દ્રિયોની પ્રાપ્તિ ન થઈ તેથી સમકિત કેવી રીતે પ્રાપ્ત થાય ? ...૮૨

ક્યારેક પાંચે ઈન્દ્રિયોની પરિપૂર્ણતા પ્રાપ્ત થઈ, પરંતુ પાપના ઉદયે ગરીબ થયો. (વળી ભવભ્રમણ કરતાં) તરૂણ અવસ્થામાં ધન મેળવવામાં તથા પાંચે ઈન્દ્રિયોના ઉપભોગમાં અગ્નિના સંયોગથી જેમ મીણ પીગળી જાય છે તેમ ભોગસુખોમાં જીવન પૂર્ણ થયું ...૮૩

વળી ક્યારેક પુણ્યના યોગે ધનવાન થયો; પણ સદ્‌ગુરુરૂપી નિધાન ન મળ્યું. તેથી મહુડાના વૃક્ષની જેમ ફળ, પાન ઈત્યાદિ કાંઈ ન પામ્યો. (ધર્મ પામ્યો નહિ) ...૮૪

---

*આર્યક્ષેત્ર : શ્રી ઠાણાંગસૂત્ર અનુસાર ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, દર્શન અને ચારિત્ર આ નવ પ્રકારનું શ્રેષ્ઠતમ સ્વરૂપ જ્યાં વિદ્યમાન હોય તે આર્યક્ષેત્ર છે. અર્થાત્ત જ્યાં ધર્મ-કર્મની પ્રવૃત્તિ હોય તે આર્ય ક્ષેત્ર છે. ધર્મ-કર્મની પ્રવૃત્તિમાં શિથિલતા કે લુપ્તતાં આવતાં ૨૪ તીર્થંકરો દ્વારા પુનઃ ધર્મની સ્થાપના થાય છે. પાંચ ભરત અને પાંચ એરાવત ક્ષેત્રમાં દસ દસ કો.કો. સાગરોપમનાં કાળમાં નવ કો.કો. સાગરોપમ કાળ સુધી યુગલિક કાળ હોવાથી ધર્મારાધના ન હોય. આ ક્ષેત્રના પ્રત્યેક ક્ષેત્રમાં ૩૨-૩૨ હજાર દેશ છે. તેમાં ૩૧,૯૭૪ અનાર્ય દેશ છે. ફક્ત ૨૫।। આર્ય દેશ છે.

સદ્દગુરુ વિના સમકિત પ્રાપ્ત ન થાય. સંસાર સમુદ્રમાં ફસાયેલો જીવ ક્યારેક ઉપર આવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ જેમ કોઈ આકાશમાંથી ફેંકેલી વસ્તુ નીચે પટકાય તેમ તે પાછો નિગોદમાં પટકાય છે...૮૫

હવે જીવ નિગોદમાં જઇ પડયો. ત્યાં અઢી પુદ્દગલ પરાવર્ત કાળ સુધી રહયો. ત્યાંથી કોઈક જીવ વહેલો બહાર નીકળે અને માનવભવમાં આવે છે ...૮૬

આર્ય દેશ, ઉત્તમકુળ, સદ્દગુરુનો યોગ, પંચેન્દ્રિયપણું, ઐશ્વર્ય આદિ શ્રેષ્ઠ વસ્તુઓ પુણ્યથી પ્રાપ્ત થાય છે પરંતુ જિનવાણીનું શ્રવણ કર્યા વિના સમકિત કેવી રીતે પ્રાપ્ત થાય ? ...૮૭

વળી શોસ્ત્રોકત વચન (જિનવાણી) શ્રવણ કરીને પણ તેના પર શ્રદ્ધા, આદર ન કરવાવાળા અનંત જીવો છે. તેઓ મુનિ જમાલીની જેમ કહે છે કે, 'ભગવાનની ભૂલ છે ' ...૮૮

એવાં વચનો મુખેથી બોલતાં જમાલી મુનિએ સંસાર વધાર્યો. તેવી જ રીતે વીર વચનની અવજ્ઞા કરતાં ગોશાળક દુઃખ પામ્યો ...૮૯

જેમ મહાવીર સ્વામીનાં વચનોને મુનિ ગૌતમ સ્વામીએ મસ્તકે ધર્યા; તેમ કેશી સ્વામીના વચનોને માન્ય કરી પ્રદેશી રાજાએ પોતાની મતિ સ્થિર કરી ...૯૦

તેમ હે ભવ્યજીવો ! જ્યારે પણ પરમાત્માની વાણી સાંભળો, ત્યારે તે વાણી સત્ય છે એવી શ્રદ્ધા કરજો જેથી નિશ્ચયથી સમકિત પ્રાપ્ત કરશો ...૯૧

મનુષ્ય ભવ દશ દ્દષ્ટાંતે દુર્લભ છે[૪૧]. જેનું વર્ણન શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જોવા મળે છે. કવિ કડી ૭૯ થી ૮૮ સુધીમાં મનુષ્ય ભવ તેમજ બીજા નવ બોલની દુર્લભતાનું વર્ણન કરે છે.

ભવાટન કરતાં આ જીવને પુણ્યથી દશ વસ્તુઓ પ્રાપ્ત થાય છે. (૧) મનુષ્યભવ (૨) આર્યક્ષેત્ર (૩) ઉત્તમકુળ (૪) પંચેન્દ્રિયપણું (૫) નિરોગી શરીર (૬) જૈનધર્મની પ્રાપ્તિ (૭) સદ્દગુરુનો સંગ (૮) જિનવચનનું શ્રવણ (૯) વીતરાગ વચન પર શ્રદ્ધા (૧૦) સંયમમાં પુરુષાર્થ.

ઉપરોક્ત દશ બોલ પ્રાપ્ત થયા પછી પણ કેટલાક દૂષણોને કારણે મનુષ્ય દીર્ઘકાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે. તેમાં જિનવાણી પર અશ્રદ્ધા મુખ્ય છે. તેના સંદર્ભમાં કવિએ જમાલી[૪૨] અને ગોશાલક[૪૩]નું દ્દષ્ટાંત ટાંક્યું છે. દુર્લભ એવા દશ બોલની પ્રાપ્તિ થયા પછી પ્રથમ જ મુલાકાતમાં કેશી સ્વામીના પરિચયથી પરિવર્તન પામનારા પ્રદેશીરાજા[૪૪] એકાવતારી બન્યા અને ગૌતમ સ્વામીએ પ્રભુ વીરનાં વચનો પર શ્રદ્ધા કરી અમરપદ પ્રાપ્ત કર્યું, જ્યારે જમાલી અને ગોશાલકે જિનવાણી પર અશ્રદ્ધા કરી અનંત સંસાર વધાર્યો. અહીં કવિ જિનવચન પર શ્રદ્ધા અને અશ્રદ્ધા કરનાર વ્યક્તિને કેવું ફળ મળે છે તે દર્શાવે છે. પ્રદેશીરાજા અને કેશી સ્વામીનો અધિકાર શ્રી રાયપસેણીય સૂત્રમાં દર્શાવેલ છે, જે અભ્યાસાર્થીઓ માટે જાગૃતિવર્ધક છે.

કડી-૯૧ માં કવિ ભવ્ય જીવોને સંબોધન કરી કહે છે કે, પરમાત્માની વાણી પ્રત્યે અદમ્ય શ્રદ્ધા ધરો કારણકે પરમાત્માની વાણી પ્રત્યે અખંડ શ્રદ્ધા એ સમ્યક્ત્વનું પ્રથમ સોપાન છે[૪૫].

આત્માના ઉત્થાન માટે શાસ્ત્રના વિષયોમાં કે જિનવાણીમાં દઢ શ્રદ્ધા રાખવા સૂત્રકારો કહે છે-

**तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं ।**[૪૬] અર્થાત્ જિનેશ્વર પ્રરૂપિત વચનો સત્ય છે. નિઃશંક છે.

મિથ્યાત્વ એ મહા વિષ છે. તેનો નાશ સમ્યકૃત્વ વડે થાય છે. તેથી શ્રી માનવિજયજી ગણિવર કહે છે-

**निसर्गाद्वाडधिगमतो, जायते तत्र पंचधा ।** [૪૭]

**मिथ्यात्त्वपरिहाण्यैव, पंच लक्षण लक्षितम् ।।**

અર્થ : મિથ્યાત્વનો નાશ થવાથી જીવને સ્વાભાવિક અથવા ગુરુના ઉપદેશથી સમ્યગ્દર્શન પ્રગટે છે.

જેમ માર્ગથી અજાણ બે મુસાફરો પ્રવાસ કરે છે. તેમાંથી એક ને આમ તેમ ફરતાં માર્ગ સહજ હાથમાં આવે છે; તેને નિસર્ગજ સમકિત કહેવાય છે જ્યારે બીજાને માર્ગદર્શક દ્વારા માર્ગ મળે છે; તે અધિગમજ સમકિત કહેવાય છે. નમિરાજર્ષિને સ્વયં બોધિજ્ઞાન પ્રાપ્ત થયું, જ્યારે પ્રદેશી રાજાને કેશી સ્વામીના નિમિત્તથી બોધિજ્ઞાન પ્રાપ્ત થયું.

યોગમાર્ગનો પ્રારંભ શુશ્રૂષા (જિનવાણી શ્રવણના તલસાટ)થી થાય છે, જે મોહના પડળોને હટાવે છે. સાધક શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહ, અપોહ, અર્થવિજ્ઞાન આદિ ગુણો વડે તત્ત્વજ્ઞાનમાં સ્થિર બને છે. આ રીતે તત્ત્વજ્ઞાનનું મૂળ શ્રવણ છે.

**- દુહા - ૫-**

**સમકીત પામ્યો જીવડો, મલીઓ મૂનીવર રાય.**
**સમકીત વ્યન પહઈલાં વળી, અનંત પુદ્દગલ જાય ...૯૨**

અર્થ :- સદ્ગુરુનો યોગ થતાં જીવાત્મા સમકિત પ્રાપ્ત કરે છે. સમકિત વિના આ જીવે પૂર્વે અનંત પુદ્ગલ પરાવર્તન કાળ પસાર કર્યો છે ...૯૨

કવિએ અહીં પૂર્વની ગાથાઓનો સાર દર્શાવ્યો છે. અત્યાર સુધી સમ્યક્ત્વની દુર્લભતા, શ્રેષ્ઠતા, માહાત્મ્ય દર્શાવી હવે કવિ ધીરે ધીરે સમ્યક્ત્વ પ્રાપ્તિના વિષયોનું સ્પષ્ટીકરણ કરે છે.

## મિથ્યાત્ત્વનો છેદ એજ ગ્રંથિભેદ*

### ઢાળ : ૪ (એણી પરિ રાજ્ય કરંતા રે.)

**અનંત પૂદગલ પ્રાવૃત રે, કરીઅ નીગોદમાં;**
**અનંત દુઃખ ત્યાહાં ભોગવીએ. ...૯૩**
**રાગદ્વેષ પ્રણીત રે, ગંઠિ સૂભેદીનિં;**
**સમકિત પામઈ જીવડો એ. ...૯૪**
**અભવ્ય અનંતી વારે, આવ્યા ગાંઠિ લગઈ;**
**ગાંઠિ ભેદ તેણઈ નવ્ય કરયો એ. ...૯૫**
**બાંધી કર્મ અનંત રે, પાછા તે પડયા;**
**જીવ ભમ્યા સંસારમાં એ. ...૯૬**

---
* ગ્રંથિભેદનું વિશેષ સ્વરૂપ, જુઓ-પરિશિષ્ટ વિભાગ.

જેહનંઈ આસન કાલ રે, હળુકર્મી વળી;
ગાંઠિભેદ જીવ તે કરઈ એ. ...૯૭
પામિ સમકિતસાર રે, સહઈ ગુર જવ મલઈ;
ત્રણ્ય તત્ત્વ હઈડઈ ધરઈએ. ...૯૮

અર્થ : આ જીવે અનંતપુદ્ગલ પરાવર્તન કાળ નિગોદમાં અત્યંત દુઃખ ભોગવી પસાર કર્યો ...૯૩
રાગદ્વેષથી બનેલી ગ્રંથિને ભેદીને જીવ સમકિત પ્રાપ્ત કરે છે...૯૪
અભવ્ય જીવો અનંતીવાર ગ્રંથિદેશ સુધી આવ્યા પરંતુ તેમણે ગ્રંથિભેદ ન કર્યો ...૯૫
ગ્રંથિદેશથી પાછા ફરેલા જીવો અનંત કર્મો બાંધી સંસારમાં પરિભ્રમણ કરે છે ...૯૬
તે આસન્ન ભવ્ય* તેમજ લઘુકર્મી (જેનાં કર્મ પાતળાં થયાં છે) જીવો ગ્રંથિભેદ કરી શકે છે ...૯૭
જ્યારે સદ્ગુરુનો યોગ થાય ત્યારે દેવ-ગુરુ અને ધર્મ રૂપી ત્રણ તત્ત્વની હૃદયમાં શ્રદ્ધા થતાં શ્રેષ્ઠ એવું સમકિત પ્રાપ્ત થાય છે ...૯૮

• સમ્યક્ત્વ પ્રાપ્તિના અંતરંગ નિમિત્ત નીચે પ્રમાણે છે. (૧) આસન્ન ભવ્ય- સમ્યક્ત્વ પ્રાપ્ત થવા યોગ્ય કારણોમાં કોઈ પ્રતિબંધક કારણ ન હોય તે આસન્ન ભવ્ય છે. (૨) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહત્રિક, વીર્યાંતરાય કર્મ તથા અનંતાનુબંધી ચતુષ્કનો ક્ષય-ઉપશમ અને ક્ષયોપશમ (૩) સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તા (૪) ત્રણ પ્રશસ્ત લેશ્યાવાળો(તેજો, પદ્મ, શુક્લ) (૫) સાકાર ઉપયોગવંત (૬) જાગૃત(નિંદ્રામાં નહીં) (૭) અનિત્યાદિ બાર અને મૈત્રી આદિ ચાર ભાવનાથી વિશુદ્ધ પરિણામવાળો (૮) શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્થા આદિ સમકિતનાં લક્ષણમાં ઉપયોગવાળો.

બે પ્રકારના જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. (૧) અનાદિ મિથ્યાદૃષ્ટિ (૨) સાદિ મિથ્યાદૃષ્ટિ. જે જીવે પૂર્વે ક્યારેય સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું નથી તે અનાદિ મિથ્યાદૃષ્ટિ છે. જે ભવ્યજીવે પૂર્વે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હતું, પરંતુ અનંતાનુબંધી કષાયના ઉદયથી ફરીથી સમ્યક્ત્વનું વમન થતાં મિથ્યાત્વી બન્યો, તે સાદિ મિથ્યાદૃષ્ટિ છે.

કવિએ અહીં અનાદિ મિથ્યાદૃષ્ટિની વાત કરી છે. અનાદિ મિથ્યાદૃષ્ટિ કઈ રીતે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે તે જોઈએ.

### યથાપ્રવૃત્તિકરણ :

મિથ્યાદૃષ્ટિ જીવોના ઉત્તરોત્તર વર્ધમાન પરિણામને પરિણામ વિશેષ કહેવાય છે. તે પરિણામ વિશેષને યથાપ્રવૃત્તિકરણ કહે છે.

યથાપ્રવૃત્તિકરણ ભવ્ય અને અભવ્ય જીવોને થાય છે પરંતુ ચરમ યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ ફક્ત ભવ્ય જીવોને જ થાય છે. જેમ મહામેઘની ઘટાથી આચ્છાદિત થયેલો સૂર્ય, વાદળાનું પટલ પાતળું પડવાથી થોડો તેજનો પ્રકાશ આપે છે; તેમ અનાદિ કર્મપટલોથી આચ્છાદિત આત્માના ત્રણ કરણરૂપ વાયુના ઝપાટાંથી, કર્મ પાતળાં થવાથી, જ્ઞાન જ્યોતિનો થોડો પ્રકાશ થાય છે.

*આસન્ન ભવ્ય-ચતુર્ગતિના પરિભ્રમણથી પીડા પામેલા જે પુરુષનું મન સંસારથી ઉદ્વેગ પામેલું છે તેવા જીવો.

શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે -

**अंतिम कोडाकोडीए होइ सव्वासिं कम्मपगडीणं** [४८] ।

**पलियामसंखभागे, खीणे सेसे हवइ गंठी** ।।

અર્થ : સમસ્ત કર્મ પ્રકૃતિઓ જ્યારે પલ્યના અસંખ્યાતમાં ભાગ ન્યૂન-એક ક્રોડાક્રોડીની સ્થિતિવાળી બને છે ત્યારે ગ્રંથિદેશ પ્રાપ્ત થાય છે. ગ્રંથિદેશ એટલે સમ્યગ્દર્શન નિરોધક તીવ્રતા અને પ્રગાઢતાની ભૂમિકા.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર કર્મોની પ્રત્યેકની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી - સાગરોપમની છે. નામ અને ગોત્રકર્મની વીસ વીસ ક્રોડા-ક્રોડી સાગરોપમની સ્થિતિ છે અને મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર ક્રોડા-ક્રોડી સાગરોપમની છે. યથાપ્રવૃત્તિકરણ દ્વારા જીવ સર્વ ઉત્કૃષ્ટ સ્થિતિને ઓછી કરે છે. સાતે કર્મોની સ્થિતિ સમાનરૂપથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ ન્યૂન એક ક્રોડા-ક્રોડી સાગરોપમની બાકી રહે છે ત્યારે યથાપ્રવૃત્તિકરણ દ્વારા કર્મોની નિર્જરા કરવા છતાં જીવનાં કેટલાક કર્મોની નિર્જરા થતી નથી; એટલે કે જે કર્મો શેષ રહી જાય છે તે તીવ્ર રાગ-દ્વેષ પરિણામરૂપ કર્મ, ગાંઠ સમાન હોવાને કારણે ગ્રંથિ કહેવાય છે.

કોઈ અભવ્ય પણ યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિ સુધી આવીને તીર્થંકર પરમાત્માના અતિશયો જોઈને, લબ્ધિધારી ભવિતાત્મા મહાત્માનો મહિમા જોઈને, આગમના શ્રવણ અથવા પઠનરૂપ શ્રુત- સામાયિકને પ્રાપ્ત કરે છે, પરંતુ તે અપૂર્વકરણ આદિને પ્રાપ્ત કરી શકતો નથી. જેમ પક્ષીને મનુષ્યની ભાષા શીખવાડવાથી પોપટ તેવી ભાષા બોલે છે; પણ બગલો બોલી શકતો નથી. તેમ સમ્યગ્દર્શન આસન્ન ભવ્યજીવને ગુરુવાણીનું શ્રવણ કરતાં થાય છે, પરંતુ અભવ્યને નહીં.

અપૂર્વકરણ :

મોક્ષસુખ સમીપ હોવાના કારણે કોઈ ભવ્ય જીવ તીક્ષ્ણ કુહાડારૂપી વિશુદ્ધ અધ્યવસાયના બળે અપૂર્વકરણ દ્વારા દુર્ભેદ્ય કર્મગ્રંથિને ભેદે છે. જેમ ભયાનક મહાયુદ્ધમાં યોદ્ધાને શત્રુઓ પર વિજય મેળવવામાં પરિશ્રમ કરવો પડે છે; તેમ દુર્ભેદ્ય કર્મશત્રુઓનો પરાજય કરવામાં જીવને અત્યંત પરિશ્રમ કરવો પડે છે. કર્મગ્રંથિનું ભેદન અપૂર્વકરણ રૂપી મુદ્ગર વડે થાય છે. એકવાર સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લેનાર જીવ, સમ્યક્ત્વનો નાશ થવા છતાં પણ પછીથી તીવ્ર રાગદ્વેષરૂપ પરિણામોની પ્રાપ્તિ થવા છતાં ગ્રંથિના રૂપમાં કર્મોનો બંધ કરતો નથી. અનિવૃત્તિકરણ દ્વારા જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. જેમ પ્રજ્ઞાચક્ષુને નેત્ર મળવાથી જેટલો હર્ષ થાય, તેનાથી વિશેષ આનંદ ભવ્ય જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાથી થાય છે. શ્રદ્ધાના પરિણામ દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વની ઉપાસના કરવાથી પ્રગટે છે. તે વિષયને કવિ હવે વિસ્તારથી કહે છે.

## ત્રિતત્ત્વનો પરિચય

- દુહા - ૬-

\- ત્રણ્ય તત્ત્વ આરાધતો, શ્રી દેવ ગુરુનિં ધર્મ;
સમકિત દ્રષ્ટી તે કહ્યૂં, તે મુની શ્રાવક ધર્મ. ...૯૯

અર્થ:- જે સુદેવ, સુગુરુ અને સુધર્મ રૂપી ત્રણ તત્ત્વની આરાધના કરે છે તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. તેવો સમ્યગ્દૃષ્ટિ શ્રાવક અને મુનિ ઉત્તમ છે ...૯૯

ચોપાઈ-૩
દેવ તત્ત્વની આરાધના

પર્મ પૂર્ષ કહીઈ નર તેહ, ત્રણ્ય તત્ત્વ આરાધિ જેહ;
પ્રથમિં દેવ તત્ત્વનિં ધારય, અઢાર દોષ રહીત જિન જ ધારયા ...૧૦૦
પ્રાણઘાત, અલી ચોરી માન, માયા મદ ભિ નહી અજ્ઞાન;
રત્ય અરત્ય મછર નીદ્રાય, કુડી પ્રેમનિં સ્યોક કસાય. ...૧૦૧
પ્રસંગ હાશ નહી જસિં લગાર, એ ટાલિં જિન દોષ અઢાર;
*હેમ વચન નામ માલાં સાર, દોષ અઢારનો તસિં વીચાર. ...૧૦૨
અશા દોષ નહી જેણાઈ ઠામઈ, તસ્યા દેવનિં તૂ શર નાંમઈ;
અતીસિ ચોતીસ જે જિનકનિં, તે ભગવંત તારઈ સહી તનિં. ...૧૦૩
તે જિનવરનિં નામો સસી, વાણી ગુણ જેહનિં પાતીસ;
આઠ કર્મ રહિત ભગવંત,આઠિ મદ જીત્યા અરિહંત. ...૧૦૪
સકલ લોકના જે છઈ નાથ, દૂર ગત્ય પડતાં ઝાલિ હાથ;
ગઉત્તમ મુગત્ય તણો ભજન્હાર, તે માહાવીર તણો ઉપગાર. ...૧૦૫
તે જિનવરનિં પૂજા સહી, સૂર કીધો ચંડકોસીઓ અહી;
અર્જનમાલી શ્રુભ ગતિ વરયો, જો વીરિં સિરિ હાથ ધારયો ...૧૦૬
અસ્યો દેવ સારઈ મૂઝ કાજ, દેસ નગર જેણઈ છંડયું રાજ,
અંતેઉરી જેણઈ પરહરયું, કંચન ઘન જેણઈ અલગું કરયું. ...૧૦૭
સ્વયંબુધ સ્વામી પણ્ય હોય, ત્રણ જ્ઞાન જનમથી જોય;
દાન સંવછરનો દેનાર, જે ભગવંત હુઓ અણગાર. ...૧૦૮
પરીસાથી નવ્ય બીહીનો જેહ, પાંચ સૂમતિ જિનધરને તેહ;
ત્રણ્ય ગુપત્ય ભ્રમચારી જતી, મમતા માયા જેહનિં નથી. ...૧૦૯
કમલ પરિ નીરલેપ જ હોય, શંખ પરિંઅ નીરંજન જોય;
નીરાધાર જિન યમ આકાશ, મારિ શબ્દ નહી તેહનિં પાશ. ...૧૧૦
અપ્રતીબંધઅ છઈ જ્યમ વાય, સદા એકલો જિન કહઈવાય;
ખડગી જીવ સીંગની પરિં, અરીહંત એક પુજુ બહુ પરિં; ...૧૧૧
જીવ પરિ જિન અપ્રતીહાત, કથા ચ્યાર નીવારી વાત;
ભારંડ પંખીઆની પરિં વલી, અપ્રમત્ત જિનવર કેવલી. ...૧૧૨

---

* હેમવચન નામ માલા એટલે શ્રી હેમચંદ્રાચાર્ય કૃત અભિધાન ચિંતામણિ નામ માલા.

તે જિનવરની કીજઈ સેવ, વૃષભ પરિ જે ધોરી દેવ;
સૂડીર્યવંત હસતી જયમ ધીર, ઉદધીની પરિ જે ગંભીર. ...૧૧૩
કંચન વરણઈ કાય રોમ, ચંદ તણી પરિ જિનવર સોમ;
દીપઈ જિનવર જયમ જગ્ય સૂર, જ્ઞાન સબલ જયમ ગંગાપૂર. ...૧૧૪
પ્રથવી પરિ ભારેખમ હોય, વાસી ચંદન કપે જોય;
કંચન પથર પૂજ સનમાન, ત્યાહાં જિનવરનું સરખું ધ્યાન. ...૧૧૫
સંસાર મોક્ષમાં સરખો લહું, અનુત્તર જ્ઞાન હું જેહનું કહું;
અનુત્તર દરસણ ચારીત્ર જોય, તપ સંયમ સંવર જસ હોય. ...૧૧૬
ધર્મધ્યાન સૂકલ જિન ધ્યાન, કર્મ ખપીઉં પાયું ન્યાન;
એકેક વચને બુઝિ સહી, અસંખ્ય જીવ સમઝિ ગહિગહી. ...૧૧૭
તુ સ્વામી હુઓ વીતરાગ, કર્મ ખપી લહઈ મુગતિં માગ;
જનમ જરા મરણ જ્યાહાં નહી, તે સૂખની વાનગી છઈ નવ્ય અહી. ...૧૧૮

અર્થ:- પરમ (ઉત્તમ) પુરુષ તે નર કહેવાય છે, જે ત્રણ તત્ત્વની આરાધના કરે છે. પ્રથમ દેવ તત્ત્વને અવધારો. અઢાર દોષ રહિત જિનની શ્રદ્ધા કરો ...૧૦૦

જીવહિંસા, અસત્ય, ચોરી , માન, માયા, મદ, ભય, અજ્ઞાન, રતિ,અરતિ, મત્સરતા, નિંદ્રા, ઈર્ષા, ક્રીડા (ભોગ), પ્રેમ, શોક અને ક્રોધ જેવા દોષ નથી ...૧૦૧

વળી પ્રસંગે જેમને થોડું પણ હાસ્ય નથી એમ અઢાર દોષ[૪૯] જિનેશ્વર ભગવંતો એ ટાળ્યા છે. શ્રી હેમચંદ્રાચાર્ય કૃત અભિધાન ચિંતામણિ નામમાલામાં અઢાર દોષ વિષે જણાવેલ છે ...૧૦૨

આવા દોષ જે સ્થાનમાં નથી તેવા દેવને તું નમસ્કાર કર. જે જિન ચોત્રીસ અતિશયથી યુક્ત છે તે ભગવંત તને જરૂર તારશે ...૧૦૩

તે જિનવરનાં અનેક નામો છે. તેમની વાણી પાંત્રીસ ગુણોથી યુક્ત છે. તેઓ આઠ કર્મથી રહિત છે (વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર આ ચાર અઘાતી કર્મ બળેલી સીંદરી જેવા બળ વિનાના છે.). વળી તેઓ આઠ મદના વિજેતા છે. ( જાતિ, કુળ, બળ, રૂપ, તપ, શ્રુત, લાભ અને ઐશ્વર્ય. આ આઠ મદ છે)...૧૦૪

તે પ્રભુ સર્વ જગતના સ્વામી (નાથ) છે. દુર્ગતિમાં પડતા જીવોનો હાથ પકડી બચાવનાર છે. મહાવીર પ્રભુના ઉપકારથી ગૌતમ સ્વામી મુક્તિ માર્ગના ભજનારા બન્યા...૧૦૫

તેવા પ્રભુ મહાવીરની કૃપાદષ્ટિથી ચંડકૌશિક સર્પ દેવતા બન્યો અને અર્જુનમાળી શુભગતિ વર્યા; કારણકે વીરપ્રભુએ તેના માથે હાથ મૂક્યો અર્થાત્ વીર પ્રભુના આશીર્વાદથી અર્જુનમાળી શુભ ગતિ પામ્યો. (જિનવરની પૂજાથી ચંડકૌશિક સર્પ એકાવતારી બન્યો. પૂજા એટલે ભક્તિ. ચંડકૌશિકે દ્રવ્ય પૂજા નહીં પરંતુ ભાવ પૂજા કરી) ...૧૦૬

આવો ઉત્તમ દેવ મારાં સર્વ કાર્યો પૂર્ણ કરશે, જેણે દેશ, નગર, રાજપાટ, અંતેઉરી (પત્નીઓ-

રાણીઓ),કંચન અને ધનનો ત્યાગ કર્યો છે.(અરિહંત પરમાત્મા સર્વથા નિઃસ્પૃહી, અકિંચન ભિક્ષુ હોય છે)...૧૦૭

તે અરિહંત ભગવાન સ્વયંબુદ્ધ છે. તેઓ જન્મથી ત્રણ જ્ઞાનના ધારક છે. તેઓ સંવત્સર (વર્ષીદાન) દાન આપે છે. તે ભગવાન અણગાર બને છે ...૧૦૮

તે જિનેશ્વર પરમાત્મા પરિષહથી ડરતા નથી. તેઓ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને ધારણ કરે છે. તેઓ બ્રહ્મચારી યતિ (શ્રમણ) હોય છે. તેમને માયા-મમતા ન હોય. ...૧૦૯

તે જિન કમળ પત્રની જેમ અલિપ્ત (નિર્લેપ) છે. શંખની જેમ નિરંજન હોય છે. (શંખ ઉપર રંગની કોઈ અસર ન થાય તેમ ભગવાન ઉપર રાગદ્વેષની કોઈ અસર ન થાય) ગગનની જેમ નિરાલંબન છે. તેમની પાસે કોઈ હિંસક શબ્દ નથી ...૧૧૦

તે જિન વાયુની માફક અપ્રતિબદ્ધ વિહારી છે. તેઓ સદા એકલા અપ્રતિબદ્ધપણે વિચરે છે. ખડગી (ગેંડા) ના મસ્તકે એક જ શીંગડું હોય છે તેમ અરિહંત એકાકી હોય છે. અર્થાત્ એકલક્ષી રાગ-દ્વેષ આદિ દ્વંદ્વોથી રહિત હોય છે. એવા અરિહંતની ભાવપૂર્વક ભક્તિ કરો ...૧૧૧

તેઓ જીવની જેમ અપ્રતિહત ગતિવાળા છે. તેમણે સ્ત્રીકથા આદિ વિકથાઓનો ત્યાગ કર્યો છે. આ જિનેશ્વર પરમાત્મા ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત છે ...૧૧૨

તેઓ ધોરી બળદની જેમ જિનશાસનનો ભાર વહન કરનાર બલિષ્ઠ, પરાક્રમી દેવ છે. ગંધ હસ્તીની જેમ કષાયરૂપી શત્રુને હણવામાં શૂરવીર અને ધૈર્યવાન છે. સાગરની જેમ ગંભીર છે. એવા જિનેશ્વર પરમાત્માની સેવા કરો...૧૧૩

જેમની કાયા કંચનવર્ણી છે. ચંદ્ર જેમ શીતલ છે તેમ જિનેન્દ્રદેવરૂપી ચંદ્ર સૌમ્ય છે. તે જિનેન્દ્રદેવ સૂર્યની જેમ તેજસ્વી છે. તેમનું જ્ઞાન ગંગાના પૂરની જેમ નિર્મળ અને અથાગ છે ...૧૧૪

તેઓ પૃથ્વીની જેમ ગુરુત્વવાળા (સર્વસહા, ક્ષમાશીલ) છે. સૂળો ભોંકાતા કે ચંદન લગાડાતા (એવી) બંને પરિસ્થિતિમાં તેઓ સમભાવ રાખનારા છે. કોઈ તેમની સુવર્ણથી પૂજા કરે કે પત્થર મારી અપમાન કરે તેઓ દરેક સ્થિતિમાં સમભાવે રહે છે ...૧૧૫

તેઓ સંસાર અને મોક્ષભાવમાં સમભાવે રહે છે. તેમનું જ્ઞાન અતિ ઉત્તમ છે. તેમનું દર્શન અને ચારિત્ર અનુત્તર છે. તેઓ તપ, સંવર અને સંયમના કરનારા છે ...૧૧૬

અરિહંત પરમાત્મા ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનથી યુક્ત છે. ઘાતીકર્મ (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય)નો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે જિનેશ્વર દેવોના એક એક વચનોથી અનેક જીવો બોધ પામે છે. અસંખ્ય જીવો જિનવાણીને શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરી તે પ્રમાણે આચરણ કરે છે ...૧૧૭

હે વીતરાગ દેવ ! તમે જગતના નાથ છો. કર્મક્ષય કરી મુક્તિપુરીમાં જશો. જ્યાં જન્મ મરણ કે વૃદ્ધાવસ્થા નથી. તે સુખરૂપી વાનગીની મીઠાશ અહીં (મૃત્યુલોકમાં) નથી ...૧૧૮

• સુદેવ - અરિહંત પરમાત્મા :

કવિઋષભદાસે પણ અરિહંત દેવ માટે 'જિન' શબ્દનો પ્રયોગ કર્યો છે.

અરિહંતને જિન કહેવાય છે. પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ કહે છે -

**जियकोहमाणमाया जियलोहा तेण ते जिणाहुंति ।**[૫૦]

અર્થ : જિન એટલે ક્રોધ, માન, માયા અને લોભ ઉપર વિજય મેળવનાર.

લોગસ્સ સૂત્રમાં જિન વિષે બે વિશેષણો મૂકાયા છે.

**लोगस्स उज्जोअगरे अने धम्मतित्थयरे ।**[૫૧]

અર્થ : (૧) લોકમાં જ્ઞાનનો ઉદ્યોત કરનારા (૨) ધર્મતીર્થના સંસ્થાપક. આ બે વિશેષણોને કારણે અરિહંત (જિન) અને સામાન્ય કેવલી જુદા પડે છે.

આત્માના આંતર શત્રુઓ રાગ અને દ્વેષ છે. તેને જે જીતે તેને જિન કહેવાય.

• [૫૨]જિનના કેટલાંક ગુણનિષ્પન્ન નામો છે. ૧) અર્હન્ ૨) પારગત ૩) જગત્પ્રભુ ૪) તીર્થંકર ૫) સ્યાદ્‌વાદી ૬) અભયપદ ૭) કેવલી ૮) દેવાધિદેવ ૯) આપ્ત ૧૦) વીતરાગ ૧૧) સર્વજ્ઞ ૧૨) ત્રિભુવનપતિ ૧૩) સદાશિવ ૧૪) વિભુ ૧૫) અચિંત્ય ૧૬)અસંખ્ય ૧૭)આધ્ય ૧૮) ઈશ્વર ૧૯) અનંત ૨૦) બ્રહ્મા ૨૧) યોગીશ્વર ૨૨) સ્વયં બુદ્ધ ૨૩) અમલ ૨૪) ધર્મચક્રી ૨૫)મહામાહણ આદિ અનેક નામોથી તીર્થંકર પરમાત્મા વિખ્યાત છે.

શ્રી દેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજામાં તેઓ કહે છે-

**ભવ ત્રીજે સમકિત ગુણ રમ્યા, જિનભક્તિ પ્રમુખ ગુણ પરિણમ્યા,**
**તત ઈન્દ્રિય સુખ આશંસના, કરી સ્થાનક વીશની સેવના;**
**અતિરાગ પ્રશસ્ત પ્રભાવતા, મનભાવના એહવી ભાવતા,**
**સવિ જીવ કરૂં શાસન રસી, ઈસી ભાવદયા મન ઉલ્લસી.**

જગતના સર્વ જીવો સુખી થાવો એવી વિશ્વમૈત્રીની પ્રબળ ભાવનાના પ્રભાવથી તેમજ આગલા ત્રીજે ભવે અરિહંત ભક્તિ વગેરે ૨૦ સ્થાનકની આરાધનાથી તીર્થંકર નામકર્મ બાંધ્યું છે, તેનો અહીં ઉદય થવાથી તીર્થંકર કહેવાય છે. તે તારકના પરાર્થકરણ ગુણના કારણે તેમના સમ્યગ્દર્શન 'વરબોધિ' કહેવાય છે.

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિશેષાવશ્યક ભાષ્યની ગાથા ૧૩૪૧માં કહે છે.

ઉભયઆવરણ રહિત, કેવળજ્ઞાન અને કેવળદર્શન સ્વભાવવાળા જિનેશ્વર સર્વ જ્ઞેય પદાર્થોને સદાકાળ કેવળજ્ઞાનથી જાણે છે અને કેવળદર્શનથી જુએ છે.

તીર્થંકર પરમાત્મામાં કેટલીક વિશેષતાઓ હોય છે. તેમને પુણ્યાનુબંધી પુણ્યના ઉદયના પ્રભાવે ચોત્રીસ અતિશયો હોય છે, વચનના પાંત્રીસ અતિશયો હોય છે, જેને સત્ય-વચનાતિશય કહેવાય છે.

## ચોત્રીસ અતિશય[૫૩]

• સહજ ચાર અતિશય : ૧) તીર્થંકર દેવનું શરીર અદ્દ્ભૂત રૂપવાળું, સુગંધવાળું, રોગરહિત, પ્રસ્વેદ રહિત અને મલરહિત (નિર્મલ) હોય છે. (૨) ગાયના દૂધની ધારા સમાન ધવલ, દુર્ગંધ વિનાના માંસ અને લોહી હોય (૩) કમળ સમાન સુગંધી શ્વાસોશ્વાસ હોય. (૪) પ્રભુનો આહાર અને નિહાર (મળ-મૂત્ર ત્યાગ) અદૃશ્ય હોય.

• દેવકૃત ૧૯ અતિશય : ૧) આકાશમાં દેદીપ્યમાન ધર્મચક્ર ચાલે છે જેથી વિરોધીઓનાં મદ ઓગળી જાય. (૨) આકાશમાં ત્રણ શિરછત્ર રચાય. ત્રણે ભુવનને રાગ-દ્વેષ અને મોહથી બચાવવા મણિ, સુવર્ણ અને રજતના ત્રણ પ્રાકાર રચાય છે. (૩) આકાશમાં દેદીપ્યમાન શ્વેત ચામર વીંઝાય. (૪) આકાશ સમાન નિર્મળ પાદપીઠ સહિત સ્વચ્છ સ્ફટિકમય સિંહાસન રહે. (૫) આકાશમાં હજાર નાના પતાકાયુક્ત ઈન્દ્રધ્વજ (ધર્મધ્વજ) ભગવાનની આગળ ચાલે. (૬) જ્યાં અરિહંત દેવ ઊભા રહે અથવા બેસે ત્યાં દેવતાઓ પાંદડા, પુષ્પ, પલ્લવોથી યુક્ત, છત્ર, ધ્વજા, ઘંટ અને પતાકાથી યુક્ત શ્રેષ્ઠ અશોકવૃક્ષની રચના કરે. (૭) ભક્તિથી સભર હૃદયવાળા દેવતાઓ ભગવંતના પાદન્યાસ્ નિમિત્તે નવ સુવર્ણકમળોની રચના કરે. (૮) સમવસરણમાં રત્નમય, સુવર્ણમય અને રજતમય એમ ત્રણ મનોહર ગઢની રચના થાય છે. (૯) સમવસરણમાં ભગવંત ચાર મુખ અને ચાર અંગવાળા હોય છે. પૂર્વ દિશામાં તેમનું મૂળ સ્વરૂપ હોય છે. બીજી ત્રણ દિશામાં વ્યંતર દેવતાઓ સિંહાસન આદિ સહિત ત્રણ પ્રતિકૃતિ રચે છે. (૧૦) વિહારભૂમિમાં કાંટાઓ અધોમુખ-નીચી અણીવાળા થઈ જાય છે. (૧૧) વિહાર માર્ગમાં બને બાજુનાં વૃક્ષો ડાળીઓ ઝુકાવી નમસ્કાર કરે છે. (૧૨) દુંદુભિ નાદ થાય છે. (૧૩) તીર્થંકર જ્યાં વિચરે છે ત્યાંની એક યોજન ભૂમિ શીતલ બને અને સુગંધિત પવનથી સર્વ દિશા શુદ્ધ થાય છે. (૧૪) વિહાર માર્ગમાં આકાશમાં જતાં પક્ષીઓની પંક્તિ પ્રદક્ષિણા વાળી થાય છે. જે શકુન શાસ્ત્રની દૃષ્ટિએ ઉત્તમ શકુન છે. (૧૫) દેવો ધૂળને શમાવવા સુગંધી જળની વૃષ્ટિ કરે છે. આકાશમાંથી મંદ, સુગંધિત વર્ષા થાય છે. (૧૬) પંચવર્ણી દિવ્ય પુષ્પવૃષ્ટિથી ભૂમિ આચ્છાદિત થાય છે. (૧૭) મસ્તકના કેશ, રોમ, નખ, દાઢી અને મૂછની એક સરખી અવસ્થિતતા રહે છે. (૧૮) એક કરોડ દેવો સેવકની જેમ સમીપમાં રહે છે. (૧૯) છ ઋતુઓ (વસંત આદિ) અનુકૂળ થાય છે.

• કર્મક્ષયથી થનારાં ૧૧ અતિશય : (૧) યોજન પ્રમાણ ક્ષેત્રમાં ક્રોડાક્રોડી દેવો, મનુષ્યો અને તિર્યંચો સમાય છે (૨) યોજન ગામિની તથા સર્વ ભાષામાં પરિણમનારી વાણી હોય (૩) મસ્તકની પાછળ આભામંડળ હોય, જે દશે દિશાઓને પ્રકાશિત કરે છે (૪) રોગ (૫) વેર, (૬) ઉંદરો, તીડો આદિનો ઉપદ્રવ થતો નથી (૭-૮) અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ ન થાય (૯) મરકી-પ્લેગ જેવાં રોગથી અકાળે મૃત્યુ ન થાય (૧૦) દુર્ભિક્ષ-દુષ્કાળ નાશ પામે. (૧૧) સ્વચક્ર-સ્વરાષ્ટ્રમાં ભય, હુલ્લડ-આંતરવિગ્રહ આદિ ઉપદ્રવ તથા પરચક્ર એટલે શત્રુનો ભય ન હોય.

પાંત્રીસ અતિશય[૫૪]

તીર્થંકરની વાણીમાં પાંત્રીસ વિશેષતાઓ છે, જે શ્રી સમવાયાંગ સૂત્રમાં તેમજ અભિધાન ચિંતામણિ નામમાલામાં દર્શાવેલ છે.

• ઉચ્ચારણની દ્રષ્ટિએ વાણીના દસ ગુણો : (૧) ઉદાત્ત (૨) મેઘગંભીર (૩) પ્રતિનાદયુક્ત (૪) સંગીતયુક્ત (૫) સ્નિગ્ધ અને મધુર (૬) વિવિક્ત (૭) કારક વિપર્યાયસહિત (૮) અનતિવિલંબી (૯) સત્ત્વપ્રધાન (૧૦) અખેદ.

• શબ્દરચનાની દ્રષ્ટિએ વાણીના નવ ગુણો : (૧) અભિજાત્ય (૨) સંસ્કારી (૩) ઉપચારપરિત (૪) શિષ્ટવાણી (૫) ઉચિત (૬) અતિહૃદયંગમ (૭) ચિત્રકારી (૮) અદ્દભુત (૯) પ્રશંસનીય.

• દોષરાહિત્યની દ્રષ્ટિએ વાણીના આઠ ગુણો : (૧) દાક્ષિણ્ય (૨) અસંદેહકર (૩) વિભ્રમાદિયુક્ત (૪) અન્યોત્તરહીન (૫) અપ્રકિર્ણઅપ્રસૃત (વિષય અનુસાર) (૬) અવ્યાઘાત (૭) સ્વશ્લાઘા અને પરનિંદારહિત (૮) અમર્મવેધી.

• પદાર્થની દ્રષ્ટિએ વાણીના આઠ ગુણો : (૧) મહાર્થ (૨) ઉદાર (૩) ધર્માર્થ પ્રતિબધ્ધ (૪) તત્ત્વનિષ્ઠ (૫) સાકાંક્ષા (૬) અનેક જાતિ વિચિત્ર (અનેક હેતુ દર્શાવનારી) (૭) આરોપિત વિશેષતા (શબ્દે શબ્દે વિશેષતા હોય) (૮) અવિચ્છિન્ન (અભાવ રહિત)

આવા અનંત ગુણસંપન્ન વીતરાગીનું ધ્યાન કરવાથી પ્રત્યેક આત્મા પરમાત્મા બની શકે છે. આનંદઘનજી મ.સા. શ્રી નમિનાથ સ્તવનમાં કહે છે–

'જિન સ્વરૂપ થઈ જિન આરાધે તે સહી જિનવર હુએ રે.'

શ્રી કલ્યાણ મંદિરની પંદરમી ગાથામાં કહ્યું છે–

**ध्यानाज्जिनेश ! भवतो भविनः क्षणेन ।**
**देहं विहाय परमात्मदशा व्रजन्ति ।।**
**तीव्रानलादुपलभावमपास्य लोके ।**
**चामीकरत्वमचिरादिव धातुभेदाः ।।**

અર્થ : જેમ લોકમાં રહેલા પ્રબળ અગ્નિથી જુદી જુદી ધાતુઓ થોડા સમયમાં સુવર્ણપણાને પામે છે. તેમ હે જિનેશ ! તમારા ધ્યાનથી ભવ્ય પ્રણીઓ ક્ષણ માત્રમાં દેહનો ત્યાગ કરી સિદ્ધ અવસ્થાને પામે છે.

• તીર્થંકરો જન્મથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના ધારક હોય છે. તેઓ પૂર્વભવમાંથી આ ત્રણ જ્ઞાન સહિત ચ્યવન કરે છે[૫૫]. તેઓ મહાભિનિષ્ક્રમણના પંથે પ્રયાણ કરે ત્યારે મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે.

સાંવત્સરદાન[૫૬]:

તીર્થંકર ભગવંત દીક્ષા અંગીકાર કરે તે પૂર્વે એક વર્ષ સુધી, એક પહોર સુધી દાન આપે છે. તેમને દાન આપવા માટે ત્રણ અબજ, અઠ્ઠયાસી કરોડ, એંસી લાખ (૩,૮૮,૮૦,૦૦,૦૦૦) સોનામહોરો ઈન્દ્ર આપે

## તીર્થંકરોની વિશેષ માહિતી

આ અઢીદ્વીપમાં વર્તમાનકાળમાં ૨૦ વિહરમાન તીર્થંકર ભગવંતો ધર્મદીપ પ્રદીપ્ત કરીરહ્યા છે. મનુષ્યના ૧૦૧ ક્ષેત્રમાંથી ફક્ત ૧૫ કર્મભૂમિમાં જ ધર્મધ્યાન થાય છે. પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ મળીને ૧૫ કર્મભૂમિઓ છે. શેષ ક્ષેત્રમાં ઉત્સર્પિણી અનેઅવસર્પિણીકાળનાં ૧૦ કોડા-કોડી સાગરોપમમાંથી ફક્ત એક કોડા-કોડી સાગરોપમથી કંઈક અધિક સમયમાં ધર્મધ્યાનની પ્રવૃત્તિઓ થાય છે. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ૨૦ તીર્થંકરોવિદ્યમાન છે. તેમનાં નામ :

| | |
|---|---|
| ૧) શ્રી સીમંધર સ્વામી | ૨) શ્રી યુગમંધર સ્વામી |
| ૩) શ્રી બાહુ સ્વામી | ૪) શ્રી સુબાહુ સ્વામી |
| ૫) શ્રી સુજાત સ્વામી | ૬) શ્રી સ્વયંપ્રભ સ્વામી |
| ૭) શ્રી ઋષભાનન સ્વામી | ૮) શ્રી અનંતવીર્ય સ્વામી |
| ૯) શ્રી સૂરપ્રભ સ્વામી | ૧૦) શ્રી વિશાલપ્રભ સ્વામી |
| ૧૧) શ્રી વજ્રધર સ્વામી | ૧૨) શ્રી ચંદ્રાનન સ્વામી |
| ૧૩) શ્રી ચંદ્રબાહુ સ્વામી | ૧૪) શ્રી ભુજંગદેવ સ્વામી |
| ૧૫) શ્રી ઈશ્વર સ્વામી | ૧૬) શ્રી નેમપ્રભ સ્વામી |
| ૧૭) શ્રી વીરસેન સ્વામી | ૧૮) શ્રી મહાભદ્ર સ્વામી |
| ૧૯) શ્રી દેવયશ સ્વામી | ૨૦) શ્રી અજિતવીર્ય સ્વામી. |

મહાવિદેહ ક્ષેત્રમાં પ્રત્યેક સમયે ૨૦ તીર્થંકર તો રહે જ છે. પ્રત્યેક ૮૩લાખ પૂર્વની આયુ સુધી ગૃહવાસમાં અને ૧લાખ પૂર્વ સુધી સંયમાવસ્થામાં રહે છે. જ્યારે ૨૦ તીર્થંકર નિર્વાણ પામે ત્યારે નવા ૨૦ તીર્થંકર પદ પર આસીન થાય છે. તેથી સ્પષ્ટ થાય છે કે એક સમયમાં ગૃહવાસમાં ૨૦ વિહરમાન એક લાખ પૂર્વનીઆયુના, ૨૦ બે લાખ પૂર્વની આયુના અને આ ક્રમમાં ૮૩ લાખ પૂર્વ સુધી ગણવા. તાત્પર્ય એ છે કે એક સમયમાં ગૃહવાસમાં જઘન્ય ૮૩x૨૦=૧૬૬૦ તથા તીર્થંકર પદ પર રહેલા કુલ ૨૦=૧૬૮૦ તીર્થંકરો હોય છે.આ ક્રમ અનાદિકાળથી ચાલે છે અને અનંતકાળ સુધી ચાલશે.

તીર્થંકરની જઘન્ય સંખ્યા ૨૦ છે. મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયો છે. પાંચ મહાવિદેહની ૩૨x૫=૧૬૦. પ્રત્યેક વિજયના એક તીર્થંકર ગણતાં ૧૬૦ થાય તથા પાંચ ભરત અને પાંચ ઐરાવત મળીને દસ ક્ષેત્રના દસ તીર્થંકર થાય. અ રીતે ૧૬૦+૧૦=૧૭૦ ઉત્કૃષ્ટ તીર્થંકર હોય. શ્રી અજિતનાથ સ્વામીના સમયમાં ઉત્કૃષ્ટ તીર્થંકરોની સંખ્યા હતી.

# અરિહંત પરમાત્માને અપાયેલી વિવિધ ઉપમાઓ



છે. શક્રેન્દ્ર આ કાર્ય માટે વૈશ્રમણ દેવોને આજ્ઞા કરે. વૈશ્રમણ દેવો, જાંભક દેવોને આ કાર્ય માટે સૂચન કરે છે. વનો, સ્મશાન ગૃહો તથા પૃથ્વીના પેટાળમાં જે ખજાનાઓ દટાયેલા પડયા હોય, જેના કોઈ સ્વામી ન હોય, જેના નામ-ગોત્ર પણ ન રહ્યા હોય તેવા નધણીયાતા ખજાનામાંથી જાંભક દેવો ૩૮૮ કરોડ, ૮૦ લાખ સોનામહોરો તીર્થંકરોના ભવનમાં મૂકે છે. તે ધનમાંથી તીર્થંકર પ્રતિદિન એક કરોડ, આઠ લાખ (૧,૦૮,૦૦,૦૦૦) સોનામહોરનું દાન આપે છે. આ રીતે એક વર્ષમાં ૩૮૮ કરોડ, ૮૦ લાખ સોનામહોરનું દાન આપે છે તેને 'સાંવત્સરિક દાન' કહેવાય છે. તીર્થંકરની દીક્ષાના અવસર પર યાચકોને 'આવો અને માંગો' તેવી ઘોષણા કરાય છે. દરેક યાચકને તેના ભાગ્ય અનુસાર દાન મળે છે. વર્તમાનકાળે સાંવત્સરિક દાનને 'વર્ષીદાન' કહેવાય છે.

તીર્થંકરો સંયમ લઈ આચારધર્મનું પાલન કરે છે. તેઓ બાવીસ પરિષહને સહન કરે છે.

• પરિષહ :

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કૃત શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે-

**परिसोढव्वा जइणा मग्गाविच्चुइ विणिज्जराहेऊ।**

**जुत्तो परिसहा ते खुहादओ होंति बाविसं ।।३००४।।**

અર્થ: મોક્ષ માર્ગમાં સ્થિર રહેવા તથા વિશેષ નિર્જરા માટે જે વિશેષ સહન કરવા યોગ્ય છે તે પરિષહ છે. તે[૫૭] બાવીસ પ્રકારનાં છે. (૧) ક્ષુધા પરિષહ (૨) પિપાસા પરિષહ (૩) શીત પરિષહ (૪) ઉષ્ણ પરિષહ (૫) દંશમશક પરિષહ (૬) અચેલ પરિષહ (૭) અરતિ પરિષહ (૮) સ્ત્રી પરિષહ (૯) ચર્યા પરિષહ (૧૦) નિષધા પરિષહ (૧૧) શય્યા પરિષહ (૧૨) આક્રોશ પરિષહ (૧૩) વધ પરિષહ (૧૪) યાચના પરિષહ (૧૫) અલાભ પરિષહ (૧૬) રોગ પરિષહ (૧૭) તૃણસ્પર્શ પરિષહ (૧૮) મલ પરિષહ (૧૯) સત્કાર પુરસ્કાર પરિષહ (૨૦) પ્રજ્ઞા પરિષહ (૨૧) અજ્ઞાન પરિષહ (૨૨) દર્શન પરિષહ.

પરિષહ જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય કર્મનાં કારણે થાય છે. તેમાં પ્રજ્ઞા અને અજ્ઞાનની ઉત્પત્તિનું કારણ જ્ઞાનાવરણીય કર્મ છે. અલાભનું કારણ અંતરાય કર્મ છે. અરતિ, અચેલ, સ્ત્રી, નિષદ્યા, યાચના, આક્રોશ અને સત્કાર પુરસ્કાર આ સાત પરિષહનું કારણ ચારિત્ર મોહનીય છે. દર્શન પરિષહ દર્શન મોહનીય કર્મના ઉદયનું કારણ છે. ક્ષુધા, તૃષા, ઉષ્ણ, શીત, ડાંસ-મચ્છર, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ આ ૧૧ પરિષહ વેદનીય કર્મના કારણે થાય છે.

જિનેશ્વર ભગવંતો પાંચ સમિતિ અને ગુપ્તિના ધારક હોય છે. સમિતિ અને ગુપ્તિનું સ્વરૂપ ઢાળ-૮ માં છે. અહીં સ્પષ્ટ થાય છે કે સાધક સમર્થ હોય છતાં સાધનાના નિયમો પાળવા જ રહ્યા.

કવિએ ૧૧૦ થી ૧૧૮માં જગતની શ્રેષ્ઠ, બલિષ્ઠ અને પરાક્રમી વસ્તુઓ સાથે જિનેશ્વર પરમાત્માને ઉપમિત કર્યા છે.શ્રી કલ્પસૂત્રમાં આવી ઉપમાઓ ગ્રંથકારે આપી છે[૫૮]. કવિએ ચૌદ વસ્તુઓ સાથે જિનેશ્વર દેવને સરખાવ્યાં છે. (૧) કમળપત્ર (૨) શંખ (૩) ગગન (૪) પવન-વાયુ (૫) ખડગી (૬) જીવ (૭) ભારંડ પક્ષી (૮) વૃષભ (૯) ગંધ હસ્તી (૧૦) સાગર (૧૧) ચંદ્ર (૧૨) સૂર્ય (૧૩) ગંગાનદી (૧૪) પૃથ્વી.

અહીં આપેલ ચિત્રમાં આ ઉપમાઓ દર્શાવેલ છે. હાથી, ભારંડ પક્ષી અને પૃથ્વી દ્વારા પરમાત્માનાં અનંત પરાક્રમ, સાગર, સૂર્ય, ચંદ્ર અને ગંગા નદી દ્વારા તેમનું દૃઢ મનોબળ અને અથાગ જ્ઞાનનો પરિચય થાય છે. કમળપત્ર, વાયુ,ખડગી, શંખ, ગગન અને જીવની ઉપમા દ્વારા પરમાત્માની આંતરિક પવિત્રતા, નિઃસંગતા તથા અપ્રતિબદ્ધતાનું દિગ્દર્શન થાય છે. તેમનું મનોબળ અને જીવનની ઉજ્જવળતા અનુપમેય હતી. ત્યાર પછી કડી ૧૧૬ અને ૧૧૭ માં તેમના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ધ્યાન આદિ આત્મિક ગુણોનું આલેખન કવિએ કર્યું છે.

આ જિનેશ્વર દેવો આપણને નામ સ્થાપના, દ્રવ્ય અને ભાવથી પવિત્ર કરનારા છે.

૧)પરમાત્માનું નામસ્મરણ જગતના જીવોના મિથ્યાદોષ પલાયન કરે છે. ૨) અરિહંત દેવની આકૃતિ, તે સ્થાપના જિન છે. તેથી જિનેશ્વર ભગવંતો પૂજનીય બને છે. ૩) દ્રવ્ય જિન એટલે કે ભૂત કે ભવિષ્યના જિનેશ્વર. તેમનાં જન્મ કલ્યાણક, ચ્યવન કલ્યાણક આદિ સમયે થતી વિશિષ્ટ ભક્તિ ત્રણે જગતનાં લોકોને પવિત્ર કરનારી છે. ૪) ભાવ જિન એટલે સાક્ષાત તીર્થંકર પરમાત્મા. તેઓ સ્વ-પર માટે હિતકારી છે. જિનોપાસના સ્વર્ગની સીડી છે. કસ્તુરીને વસ્ત્રની થપ્પીમાં મૂકીએ તો સુવાસ સર્વત્ર પ્રસરી જાય છે તેમ પરમાત્માની ભક્તિથી હૃદય ભાવુક બને છે.

અરિહંત પરમાત્માની ભક્તિ એ મોક્ષ સંપદાનું બીજ છે. શ્રી માનતુંગસૂરિજીએ અરિહંત પરમાત્માની સ્તુતિરૂપ ભક્તિથી બેડીનાં બંધન તોડયા. રાવણે અજોડ જિનભક્તિ કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. પ્રભુ મહાવીરના સત્સંગથી ચંડકૌશિક સર્પ અને અર્જુનમાળીને સત્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ. જિનદર્શન અને જિનવાણી સમ્યગ્દર્શનનું કારણ છે. તેના સંદર્ભમાં કવિએ ચંડકૌશિક સર્પ[૯૯] અને અર્જુન માળીનાં[૧૦૦] દૃષ્ટાંત અપ્યા છે.*

જૈનદર્શનમાં દેવતત્ત્વના બે સ્વરૂપ દર્શાવેલ છે. (૧) અરિહંત પરમાત્મા (૨) સિદ્ધ પરમાત્મા. રાગદ્વેષના વિજેતા અરિહંત પરમાત્માનું સ્વરૂપ દર્શાવી કવિ હવે સિદ્ધપરમાત્માનું સ્વરૂપ દર્શાવે છે.

### સુદેવતત્ત્વ : સિદ્ધ પરમાત્મા.

ઢાળ : ૫ (દેશી : મન ભમરા રે. રાગ - ગુડી(ગોડી))

તે સૂખની નહી વાનગી, મન ભમરા રે, મૂગત્ય શલા સ્યૂંભ સાર. લાલમન...
રોગ સ્યોગ ભિ આપદા, મન... મૂગતિં નહી અલગાર. લાલ... ...૧૧૯
સાહિબ સેવક સોએ નહીં, મન... નહિ કરે માર્ણહાર. લાલ...
બઈઠા વેલી નવ્ય લીઈ, મન... કો કોહોનો ત્યાહા ઠાર. લાલ... ...૧૨૦
રાય તણો ભિ ત્યાહા નહીં, મન... નહી અગ્યની જમ ચોર. લાલ...
વાઘ શંઘ વીછી નહી, મન... નહી સર્પ તણો ત્યાહાં સોર. લાલ......૧૨૧
અનંત જ્ઞાન સીધનિં સહી, મન... સીધનિં સૂખ અનંત. લાલ...
અનંત દરસણ દીપતું, મન... અનંત બલ સીધ જંત. લાલ... ...૧૨૨

*ચંડકૌશિક સર્પ અને અર્જુનમાળીની કથા માટે જુઓ-પરિશિષ્ટ વિભાગ.

અસી મૂગત્યનગરી ભલી, મન... જેહની નહી કો જોડય. લાલ...
નર વર્ણવી કો નવ્ય સકઈ, મન... જે મુખ્ય જીવ્હા કોડય. લાલ... ...૧૨૩
જે અરીહંત સીધ જ થયા, મન... રહયા જઈ એકિ ઠામ. લાલ...
સોય દેવનિં સીરધરો, મન... તેહનિં મૂસ્તગ નામ્ય. લાલ મન ભમરા રે...૧૨૪

અર્થ : મુક્તિપુરીનું અલૌકિક સુખ અહીં નથી. મુક્તિશિલા એ શ્રેષ્ઠ સ્થાન છે. ત્યાં રોગ શોક, ભય કે વિપદા નથી. તેઓ નિત્ય મુક્ત અવસ્થામાં રહે છે ...૧૧૯

ત્યાં સાહેબ અને સેવક (શેઠ અને નોકર) જેવો વ્યવહાર નથી. ત્યાં કોઈ મારનાર નથી. તેઓ એકબીજાને અડીને બેઠા છે. કોઈનું સ્થાન લેતા નથી. કોણ કોનો ત્યાં આધાર? (સિદ્ધશિલા ઉપર સિદ્ધ ભગવાન સ્વતંત્ર પણે સ્થિર રહે છે) ...૧૨૦

ત્યાં રાજા, અગ્નિ, યમરાજ અને ચોરનો ભય નથી. વળી વાઘ, સિંહ કે વીંછી જેવા પ્રાણીઓનો પણ ભય નથી. ત્યાં સર્પના ફૂંફાડા કે અવાજ નથી ...૧૨૧

તે સિદ્ધ ભગવંતને અનંત જ્ઞાન છે. અનંત સુખ છે. અનંત દર્શનથી તેઓ દેદીપ્યમાન છે. તેઓ અનંત વીર્યવાન છે ...૧૨૨

આ મુક્તિનગરી અલૌકિક અને અનુપમ હોવાથી બેજોડ(અજોડ) છે. તે સિદ્ધ ભગવંતના સુખનું વર્ણન કરોડો જીભ વડે પણ થઈ શકે તેવું નથી; તેથી તે અવર્ણનીય છે ...૧૨૩

જે અરિહંત પરમાત્મા સિદ્ધ બને છે તેઓ મુક્તિપુરીમાં લોકના અંતે સ્થિર રહે છે. તેવા સિદ્ધ પરમાત્માને હે મન ભમરા ! તું મસ્તક નમાવી ભાવપૂર્વક વંદન નમસ્કાર કર ...૧૨૪

પ્રસ્તુત કડી ૧૨૦ થી ૧૨૪માં કવિ ઋષભદાસે મન ભમરાના રૂપક દ્વારા સિદ્ધોનું સ્થાન, સિદ્ધાત્માઓનું વિશુદ્ધ સ્વરૂપ અને તેમનાં અનંત સુખનું સ્વરૂપ નિશ્ચિત અને સંક્ષિપ્ત શબ્દોમાં અંકિત કર્યું છે.

• સિદ્ધ પરમાત્મા :

સર્વકર્મનો ક્ષય કરી સિદ્ધાલયમાં બિરાજતા આત્માને સિદ્ધ પરમાત્મા કહેવાય છે. તેમનું સુખ અવર્ણનીય છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર, પદ-૨ તથા શ્રી ઔતપાતિક સૂત્રમાં સિદ્ધોનાં સુખનું વર્ણન છે. જેમ કોઈ મ્લેચ્છ નગરના અનેક પ્રકારના ગુણોને જાણતો હોવા છતાં તેનું વર્ણન કરવા માટે કોઈ ઉપમા ન હોવાથી તે કહેવામાં સમર્થ થઈ શક્તો નથી તેમ સિદ્ધોનું સુખ અનુપમ છે. તેની કોઈ ઉપમા નથી. તેવું સુખ ચક્રવર્તી આદિ મનુષ્યોને કે દેવને પણ નથી.

દેવચંદ્રજી મ.સા. શ્રી સુપાર્શ્વનાથ સ્તવનમાં મોક્ષ સુખનું વર્ણન કરતાં કહે છે-

'એકાંતિક, આત્યંતિકો, સહજ, આકૃત, સ્વાધીન હો જિનજી,
નિરુપચરિત , નિર્દ્વન્દ્વ સુખ, અન્ય અહેતુક પીન હો જિનજી'

અર્થ : મોક્ષનું સુખ એકાંતિક, આત્યંતિક, સહજ, અકૃત, સ્વાધીન, નિરુપચરિત, નિર્દ્વન્દ્વ, અન્યઅહેતુક, પીન(પુષ્ટ)છે.

સમકિત વિના સિદ્ધનો સ્વાદ ચાખવા મળતો નથી તેમજ સિદ્ધગતિમાં પણ જીવની સાથે સમકિત સદા રહે છે.

**અહંભાવ પરવસ્તુમાં, મિથ્યાદૃષ્ટિ કહેવાય,**
**તે દૃષ્ટિને મટાડવા, ભેદવિજ્ઞાન કરે સહાય,**
**ભેદવિજ્ઞાન સમજ્યા થકી, સમકિતપણું પમાય,**
**સમકિત વિના ન મોક્ષ પદ, એ સિદ્ધાંત સમજાય.**

સાધુકીર્તિ વાચક કૃત 'ગુણસ્થાન વિચાર ચોપાઈ'માં કહે છે -

**અણંતનાણ દંસણહ અણંત, સુખ અણંત વીરિજ અણંત,"**
**અણંત ક્ષાયક સમકિત જાણી, પંચાનંતક સિદ્ધ વખાણિ, ...૪૩**
**નહી જનમ જરા મરણ વિયોગ, નહી ચિંતા ભય ભીડ ન સોગ,**
**નહી ભૂખ ત્રસ પીડન વ્યાધિ, સિદ્ધ રહઈ તિહા સદા સમાધિ. ...૪૫**

સિદ્ધ ભગવંતો અનંત ગુણધારી છે. સર્વજ્ઞ ભગવંતો પણ સિદ્ધના સુખનું યથાવત્ વર્ણન કરવાને શક્તિમાન નથી. અરિહંત અને સિદ્ધની ભક્તિથી દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે. દર્શનમોહની વિશુદ્ધિ થતાં સ્વસ્વરૂપનો અનુભવ થાય છે. સમકિતીને આત્મગુણોનો આંશિક ઉઘાડ છે, જ્યારે સિદ્ધ પરમાત્માને આત્મગુણોનો સંપૂર્ણ ઉઘાડ છે.

**જે ગુણો છે તારા, તેહી જ ગુણો છે મારા,**
**વીર્યસ્ફુરણથી તેં પ્રગટાવ્યા, મારા તે અવરાણા.**

પ્રભુમાં વિદ્યમાન ગુણો તિરોભાવે મારામાં રહેલા જ છે, આવો નિર્ણય શ્રદ્ધાને બળ આપે છે. અરિહંતાદિના ચાર શરણાનો સ્વીકાર, દુષ્કૃત્યોની નિંદા-ગર્હા અને સુકૃત્યોની અનુમોદનાથી તથાભવ્યત્વનો પરિપાક થાય છે.

- દુહા-૭-

**મુક્તગ નામો તેહનિં, મૂગત્ય ગયા જે દેવ;**
**પહિલું તત્ત્વ સમઝી કરી, કરય સમકીતની સેવ ...૧૨૫**
**દેવ અરીહંત અસ્યો કહૂં, ગુરુ ભાખું નીગ્રંથ;**
**ગુણ છત્રીસ તેહમાં, સાધઈ મુગત્ય જ પંથ. ...૧૨૬**

અર્થ : જે દેવ મુક્તિમાં ગયા છે તેમને મસ્તક નમાવો. પહેલું દેવ તત્ત્વ સમજીને સમકિતની સેવા કરો ...૧૨૫

અરિહંત દેવનું સ્વરૂપ દર્શાવી હવે નિર્ગ્રંથ ગુરુનાં ગુણો કહું છું. તેઓ છત્રીસ ગુણોથી યુક્ત છે તેમજ મુક્તિ પંથની સાધના કરે છે...૧૨૬

## 'સુગુરુ તત્ત્વનો પરિચય'

ઢાળ-૬

પાટકું સમ જિન પૂજા પરૂપઈ, મૂગત્ય પંથ સાધઈ મૂની મોટો;
નીજ રસના વશ રાખઈ, મૂંઠૂં (મીઠું) મધુરું નીત નવ્ય ખાઈ;
અસત્ય વચન નવ્ય ભાખઈ, હો રષ્યજી ગુણ છત્રીસઈ પુરા;
પરીસા બાવીસ જે રષ્ય ખમતા, તપ તપવાનિં સૂરા. હો રષ્યજી. ગુણ છત્રીસિ પૂરા....૧૨૭
ઘાંર્ણદ્રી વશ રાખઈ મૂનીવર, જો દૂરગંધ ગંધાઈ;
સ્યુભ પરીમલ લેતા નવ્ય હરખઈ, નવ્ય ત્યાહા કર્મ બંધાઈ. હો રષ્યજી ...૧૨૮
નારી રૂપ ન નરખઈ કહીંઈ, લોચન રખઈ ઠામ્ય;
અસ્યુભ પદાર્થ દેખી ચ્યંતિ, ખેદ કરઈ કુણ કામ્ય. હો રષ્યજી. ...૧૨૯
નિંદ્યા આપ સુણઈ પર મુખ્યથી, તોહિ ચોખું ધ્યાન;
કીર્ત્ય વચન પડીઆ જો શ્રવણે, વારી રાખઈ કાન. હો રષ્યજી. ...૧૩૦
ફરસેંદ્રી વશ કાયા જેહની, કુણ ચંદન કુણ છાહાર;
સાલું ખસર ઊંદિં ન ધરઈ, રાગ દ્વેષ લગાર. હો રષ્યજી. ...૧૩૧
બ્રહ્મચર્ય વ્રત નવ વાડિં ધરતા, શ્રી (સ્ત્રી ?) નો સંસરગ ટાલઈ.
પસુ પંડગથી રહિ મુનિ અલગો, પહિલી વાડય એમ પાલિઈ. હો.. ...૧૩૨
શ્રી (સ્ત્રી ?) વાત ન કરતો કહીયિં, બીજી વાડય એમ પાલઈ;
ત્રીજી વાડિ સ્ત્રી બિઠી જયાંહિં, બિ ઘડી થાનક ટાલિ. હો.. ...૧૩૩
નારી રૂપ ન નરખિ કહીંઈ, ચોથી વાડય એ કહિતો;
પાંચમી નરનારીની સેયા, ત્યાહાથી વેગલો રહિતો. હો.. ...૧૩૪
પુરવ ભોગ ન સંભારિ મુનીવર, છઠી વાડિએ લહીંઈ;
અલપ વીગિ લેતો ઋષિ રાજા, વાડિ સાતમી કહીંઈ. હો.. ...૧૩૫
ચાંપી આહાર કરઈ નહી જાઝો, વાડિ આઠમી રાષિ;
શસરુકા શણગાર ન કરતો, નઉમી વાડય જિન ભાખઈ. હો.. ...૧૩૬

અર્થ : નિર્ગ્રંથ ભગવંત જિનેશ્વરનાં પાટવી કુંવર તરીકે પૂજાય છે. તેઓ જિનેશ્વરનાં મોટા પુત્ર છે અને મુક્તિ પંથની આરાધના કરે છે. તેઓ રસનેન્દ્રિય પર નિયંત્રણ કરે છે તેમજ મધુર અને સ્વાદિષ્ટ ભોજન નિત્ય આરોગતા નથી.

ઋષિમુનિ અસત્ય બોલતા નથી. તેઓ છત્રીસ ગુણોથી યુક્ત છે. બાવીસ પરિષહને સમભાવે સહન કરે છે. તેઓ તપ તપવામાં શૂરવીર છે અર્થાત્ આચાર્ય તપ કરી રસનેન્દ્રિયને વશમાં રાખે છે ...૧૨૭

મુનિવર પોતાની ઘ્રાણેન્દ્રિયને વશમાં રાખવા દુર્ગંધ કે સુગંધ આવે ત્યારે શોક કે હર્ષ કરતાં નથી તેથી તેઓ કર્મબંધ બાંધતા નથી ...૧૨૮

તેઓ નારીના સૌદર્ય તરફ દ્રષ્ટિ કરતા નથી. એ રીતે તેઓ ચક્ષુરિન્દ્રિયને વશમાં રાખે છે. અશુભ પદાર્થને જોઈ મુનિવર વિચારે છે કે ખેદ કરવાનું શું પ્રયોજન ? (ખેદ કરવાથી શું વળે ?)...૧૨૯

અન્યના મુખેથી સ્વનિંદા સાંભળ્યા છતાં મુનિ શુભધ્યાનમાં એકાગ્ર રહે છે. અને કદાચ કોઈ પ્રશંસા કે સ્તુતિ કરે તો પોતાના કાનને ત્યાં જતાં રોકે છે ...૧૩૦

તે ઋષિરાય પોતાની સ્પર્શેન્દ્રિયને વશમાં રાખે છે. તેમને મન શું ચંદન અને શું અસાર ? તેઓ કઠણ કે કોમળ સ્પર્શ પ્રત્યે હૃદયમાં રાગ-દ્વેષ ધરતા નથી ...૧૩૧

તે નિર્ગ્રંથ મુનિ બ્રહ્મચર્ય વ્રતની નવવાડનું વિશુદ્ધ રીતે પાલન કરે છે. તેઓ સ્ત્રીનો સંસર્ગ (પરિચય) કરતા નથી, તેમજ પશુ અને નપુંસક રહિત સ્થાનોમાં રહે છે. આ પ્રમાણે તેઓ પ્રથમ વાડનું પાલન કરે છે...૧૩૨

મુનિવર સ્ત્રીકથા કરતા નથી. આ રીતે તેઓ બ્રહ્મચર્ય વ્રતની બીજી વાડનું પાલન કરે છે. સ્ત્રી બેઠી હોય તે સ્થાન પર તેઓ બે ઘડી સુધી બેસતા નથી. આ પ્રમાણે ત્રીજી વાડનું તેઓ પાલન કરે છે ...૧૩૩

તેઓ સ્ત્રીનું રૂપ (ધારી ધારીને) જોતાં નથી. એ ચોથી વાડ છે તેમજ નર-નારીની શય્યા (પથારી) થી તેઓ દૂર રહે છે. એ પાંચમી વાડ છે ...૧૩૪

મુનિવર પૂર્વે ભોગવેલાં સંસારી અવસ્થાનાં ભોગોનું સ્મરણ કરતા નથી, એ છઠ્ઠી વાડ છે. તેઓ અલ્પ વિગઈવાળો (વિકૃતિ અવર્ધક) આહાર કરે છે, એ બ્રહ્મચર્યની સાતમી વાડ છે ...૧૩૫

મુનિ ખૂબ ઠાંસી ઠાંસીને (વધુ પડતો આહાર) આહાર ન કરે, તે આઠમી વાડ છે. શરીરની વિભૂષા પણ કરતા નથી, એ નવમી વાડ છે. આ નવ વાડનું સ્વરૂપ જિનેશ્વર ભગવંતોએ કહયું છે ...૧૩૬

કવિ ઋષભદાસ સુદેવ તત્ત્વનું સ્વરૂપ દર્શાવી હવે સુગુરુ તત્ત્વ તરફ ઢળે છે. સુગુરુ તત્ત્વમાં અચાર્ય ભગવંતનો પરિચય કરાવે છે.

આચાર્ય ભગવંત :

તીર્થંકરના પ્રતિનિધિ, ચતુર્વિધ જૈનસંઘનું સફળ નેતૃત્વ વહન કરનારા, સૂર્ય જેવા તેજસ્વી, આચાર્ય ભગવંતો ગણ અને સંઘનું નેતૃત્વ કરે છે. જૈન તત્ત્વ પ્રકાશમાં આચાર્યના ૩૬ ગુણ દર્શાવેલ છે -

**पंचिदिय संवरणो तह नवविह बंभचेर गुत्तिधरो ।**[६२]

**चउविह कसायमुक्को इह अट्ठारस गुणेहिं संजुत्तो ।।**

**पंचमहाव्वयं जुत्तो पंचविहायार पालण समत्थो ।**

**पंचसमिइ तिगुत्तो, इह छत्तीस गुणेहिं गुरूमज्झं ।।**

અર્થ :- પાંચ ઈન્દ્રિયનું નિયંત્રણ, નવવાડ વિશુદ્ધ બ્રહમચર્યનું પાલન કરવું, ચાર કષાયનો ત્યાગ, પાંચ મહાવ્રત, પાંચ આચાર, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સહિત છત્રીસ ગુણોથી યુક્ત આચાર્ય ભગવંત હોય છે. આ

છત્રીસ ગુણોથી યુક્ત શ્રેષ્ઠ સાધુ સાચા ગુરુ હોય છે. આચાર્ય ભગવંત છત્રીસ ગુણોની એક છત્રીશી એવી છત્રીસ છત્રીશી ૩૬ X ૩૬ = ૧૨૯૬ ગુણોથી યુક્ત છે[૬૩].

કવિ પદ્મવિજયજીએ નવપદ પૂજામાં આચાર્યના છત્રીસ ગુણો દર્શાવેલ છે[૬૪]. એમાંની એક છત્રીસી પંચિદિય સૂત્રમાં છે. ૧) પાંચે ઈન્દ્રિય પર ઢાંકણું. ૨) બ્રહ્મચર્યની નવવાડનું સજ્જડ પાલન. ૩) ચાર કષાયથી મુક્ત, અર્થાત્ ક્ષમા, લઘુતા, સરળતા અને નિસ્પૃહતામય જીવન. ૪) પાંચ મહાવ્રતનું યર્થાથ પાલન. ૫) જ્ઞાનાચાર આદિ પાંચે આચારો જીવનમાં જીવંત જાગ્રત. ૬) પાંચ સમિતિ અને ત્રણગુપ્તિના અઠંગ ઉપાસક. એમ આચાર્ય ૩૬ ગુણોથી યુક્ત છે.

કવિએ આચાર્યના ગુણોના સંદર્ભમાં પાંચ ઇન્દ્રિયે[૬૫] અને નવ બ્રહ્મચર્યની વાડનું[૬૬] વિસ્તારથી વર્ણન કર્યું છે, તથા ૨૨ પરિષહનો માત્ર ઉલ્લેખ કર્યો છે. ૨૨ પરિષહનું સ્વરૂપ કડી-૧૦૯ માં ઉલ્લેખિત છે. જે સાધક શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આદિ ઇન્દ્રિય વિષયોમાં આસક્ત થતો નથી તે નિર્ગ્રંથ કહેવાય છે.

• પાંચઈન્દ્રિય:

ઈન્દ્રિય = ઈન્દ્રના ચિન્હ. જીવરૂપી ઈન્દ્રના અસ્તિત્વનું ચિન્હ તે ઈન્દ્રિય છે. અવ્યવહારરાશિમાં ફક્ત સ્પર્શેન્દ્રિય જ છે. અકામ નિર્જરા અને આત્મ વિશુદ્ધિથી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે. જેમ સ્વછંદી રાજા રાજ્ય ગુમાવે છે તેમ ઈન્દ્રિયોનો દુરાચાર એકેન્દ્રિયમાં લઈ જાય છે. વિષયોનું અતિ સંપર્ક સાધનાને ધૂંધળી બનાવે છે. સંભૂતિમુનિએ સનત્કુમાર ચક્રવર્તીની સ્ત્રીની કોમલ કેશની લટાના સ્પર્શથી રોમાંચિત બની નિયાણું કર્યું.

**अयमात्मैव संसारः कषाय इन्द्रियनिर्जितिः ।**

**तमेव तद्‌विजेतारं मोक्षमाहुः मनिषीणः ।।**

અર્થ: કષાય અને ઈન્દ્રિયોથી જીતાય આત્મા એ જ સંસાર છે. ઈન્દ્રિયો અને કષાયોને જીતનારો આત્મા એ જ મોક્ષ છે. પાંચ ઈન્દ્રિય પર નિયંત્રણ અને બ્રહ્મચર્યનું પાલન કરનાર સાધક ચારિત્રને અખંડ રાખે છે.

બ્રહ્મચર્યનું સ્વરૂપ:

• બ્રહ્મચર્ય = શીલ, સદાચાર. સાધક જીવનની અમૂલ્ય નિધિ બ્રહ્મચર્ય છે. તે સાધનાનો મેરૂદંડ છે. સાધુજીવનની સમસ્ત સાધનાઓ બ્રહ્મચર્ય દ્વારા સુદૃઢ અને સુરક્ષિત રહે છે. બ્રહ્મચર્યને મન, બુદ્ધિ, ચિત્ત તેમજ હૃદયમાં સમ્યક્ પ્રકારે પ્રતિષ્ઠિત કરવા શાસ્ત્રકારો નવવાડનું સૂચન કરે છે. જૈનદર્શન સિવાય અન્ય કોઈ દર્શનમાં બ્રહ્મચર્યનું આવું સૂક્ષ્મ સ્વરૂપ દર્શાવેલ નથી. જૈનદર્શનનું આ એક મૌલિક નિરૂપણ છે.

બત્રીસ ઉપમાથી શીલને ઉપમિત કરી છે. જેમ ગ્રહોમાં ચંદ્ર, ભૂષણમાં મુગટ, હાથીમાં ઐરાવત, સભામાં સુધર્મા, દાનમાં અભયદાન, ધ્યાનમાં શુક્લધ્યાન, જ્ઞાનમાં કેવળજ્ઞાન, મુનિઓમાં તીર્થંકર, વનમાં નંદનવન શ્રેષ્ઠ છે તેમ સર્વ વ્રતોમાં શીલવ્રત શ્રેષ્ઠ છે. વેદોદય નવમા ગુણસ્થાન સુધી હોય છે. નવવાડ અને તેનાથી વિપરીત પ્રવૃત્તિ કરવાથી થતાં નુકશાન માટે નીચે પ્રમાણે દૃષ્ટાંત પ્રસ્તુત છે.

૧) બ્રહ્મચર્ય સાધક સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં વસે તેવા સ્થાનનું સેવન ન કરે. ઉ.દા. અગ્નિ પાસે દારૂગોળાનું હોવુ.

૨) સ્ત્રીકથાનો ત્યાગ કરે. ઉ.દા. લીંબુ અને આંબલીને જોતાં મુખમાં પાણી આવે છે.

૩) સ્ત્રીઓ સાથે એક આસન પર ન બેસે. ઉ.દા. અગ્નિ પાસે ઘીનો ઘડો પીગળવા માંડે છે.

૪) સ્ત્રીઓનાં મનોહર અંગોપાંગને એકીટશે ન જુએ. ઉ.દા. શશી દર્શનથી સાગરમાં ભરતી આવે છે.

૫) સ્ત્રીના કામવિકાર જન્ય શબ્દો ન સાંભળે. ઉ.દા. મેઘ ગર્જનાથી મયુર નૃત્ય કરે છે.

૬) પૂર્વાનુભૂત રતિ ક્રીડાનું સ્મરણ ન કરે. ઉ.દા. વિષ મિશ્રિત છાસ અને ડોશી.

૭) સદા સ્વાદિષ્ટ, પૌષ્ટિક, સરસ આહાર ન કરે. ઉ.દા. પ્રચુર ઇંધનથી અગ્નિ પ્રજ્વલિત થાય છે.

૮) ઉણોદરી તપ કરે. ઉ.દા. આર્ય સુહસ્તિના શિષ્યે અતિ માત્રામાં આહાર કર્યો.

૯) શૃંગાર, વિભૂષા કે સુશોભનની પ્રવૃત્તિ ન કરે. ઉ.દા. ગરીબની પાસે રહેલું રત્ન ચોરાઈ જાય છે.

પૂર્વાચાર્યોએ સ્પર્શેન્દ્રિયના સંયમ માટે સહ-શયનાસન કે એકાસન પર બેસવાનો, રસનેન્દ્રિયના સંયમ માટે અતિમાત્રામાં આહાર ત્યાગનો, ચક્ષુરિન્દ્રિયના સંયમ માટે સ્ત્રીના હાવભાવ, રૂપ-રંગ નિરીક્ષણનો, મનઃસંયમ માટે કામકથા, વિભૂષા અને પૂર્વક્રીડા સ્મરણનો, શ્રોતેન્દ્રિયના સંયમ માટે સ્ત્રીના વિકારજન્ય શબ્દ શ્રવણનો ત્યાગ કહ્યો છે.

ઇન્દ્રિય વિષયોમાં આસક્ત બ્રહ્મચારી નિર્ગ્રંથને બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા ઉત્પન્ન થવાથી બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થવાય છે અથવા ઉન્માદ, રોગ કે આતંકથી ઘેરાય છે.[૯૭]

## પાંચ મહાવ્રતનું સ્વરૂપ[૯૮]

### ચોપાઈ -૪

ક્રોધ માંન માયા નઈ લોભ, એ ચ્યારનિં ન દીઈ થોભ;
પંચ માહાવૃત પાલિં સહી, જીવ હંશા તે ન કરઈ કહી. ...૧૩૭
પ્રથવી ખણઈ ખણાવઈ નહી, ખણતાં નવ્ય અનમોદિ કહી;
કાચૂં નીર પીંઈ નહી સદા, બીજાનિં ન પીઆવઈ કદા. ...૧૩૮
પીતાંનિં નવ્ય અનમોદિ રતી, અગ્યાનિં કદા નવ્ય જાલઈ યતી;
અન્ય કન્હઈ ન જલાવઈ કહી, જાલિ તસ અનમેદિ નહીં. ...૧૩૯
વીજિ વીજાવઈ નહી વાય, વીજતાં નવ્ય સ્તવતો ઋષિરાય;
ચૂટિં ચૂટવિ નહી હરી, ચૂટિં અનમોદિ નહી ફરી. ...૧૪૦
તરસ જીવનિં રાખિ સહી, અન્યપિ ન હણાવઈ તે કહી;
હણતાં નવ્ય અનમોદિ કદા, પહિલું વર્ત્ત એમ પાલિ સદા. ...૧૪૧
બીજૂં વર્ત્ત પાલઈ ગહિગહી, મૂખ્યથી સાચૂં બોલઈ સહી;
જુંઠૂ ન બોલાવઈ અન્ય કનિ, જુંઠૂ નવ્ય અનમોદિ મનિં. ...૧૪૨
અણદીધૂં નવ્ય લેતા હવઈ, અન્યનિં ચોરી નવિ સીખવઈ;
ચોરી નવિ અનમોદિ રતી, ત્રીજૂં વૃત્ત એમ પાલિં યતી. ..૧૪૩
- સીલવર્ત્ત રાખિ અભીરામ, અન્ય પિ નવિ સેવાવિ કામ;
કામભોગ અનમોદઈ નહી, પાપકર્મ મૂની જાણઈ તહી. ...૧૪૪

**પાંચમૂ વર્ત પરીગ્રહિ પરીમાંણ, સકલ વસ્ત છંડઈ મુની જાંણ;**
**રાખ્યાનો ઉપદેશ ન કહી, રાખઈ અનમોદઈ નહી. ...૧૪૫**

અર્થ : ક્રોધ, માન, માયા, લોભ (પરિગ્રહનો મમત્વ ભાવ) આ ચાર કષાયોને મુનિવર જીવનમાં થોભવા દેતા નથી. તેઓ પાંચ મહાવ્રત (અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) નું પાલન કરે છે...૧૩૭

તેઓ સ્વયં ભૂમિ ખોદતાં નથી,બીજા પાસે ભૂમિ ખોદાવતાં નથી અને જે ભૂમિ ખોદે છે તેની અનુમોદના કરતા નથી. તેઓ સ્વયં સચિત્ત પાણી પીતા નથી, અન્યને સચિત પાણી પીવાનો ઉપદેશ આપતા નથી ...૧૩૮

કોઈ સચિત્ત પાણી પીએ તેની અનુમોદના કરતા નથી. વળી તેઓ અગ્નિને સ્વયં પ્રગટાવતા નથી, અન્યને અગ્નિ પ્રગટાવવાનું કહેતા નથી અને કોઈ અગ્નિ પ્રગટાવે તેની અનુમોદના કરતા નથી ...૧૩૯

ઋષિમુનિ સ્વયં વીંઝણો વીંઝતા નથી, કે અન્ય પાસેથી વીંઝણો વીંઝાવતા નથી. તેમજ વીંઝણો વીંઝાતો હોય તેની પ્રશંસા કરતા નથી. તેઓ સ્વયં વનસ્પતિને ચૂંટતા નથી, અન્યને ચૂંટવાનું કહેતા નથી અને કોઈ વનસ્પતિ ચૂંટતા હોય તેની અનુમોદના પણ કરતા નથી ...૧૪૦

મુનિવર સ્વયં જીવોને હણતા નથી, અન્ય પાસે હણાવતા નથી, કોઈ જીવને હણતા હોય તેની અનુમોદના કરતા નથી. આ પ્રમાણે તેઓ પ્રથમ અહિંસા વ્રતનું પાલન કરે છે ...૧૪૧

મુનિવર બીજું સત્ય મહાવ્રત ગ્રહણ કરી તેનું પાલન કરે છે. તેઓ મુખેથી સત્ય વચન બોલે છે. અન્ય પાસેથી અસત્ય બોલાવતા નથી, તેમજ અસત્યની અનુમોદના કરતા નથી ...૧૪૨

સાધુ મહાત્મા અણદીધેલ વસ્તુ લેતા નથી. અન્યને ચોરી કરવાનું કહેતા નથી, તેમજ ચોરીની અનુમોદના કે પ્રશંસા કરતા નથી. આ રીતે તેઓ ત્રીજું મહાવ્રત પાળે છે...૧૪૩

મુનિ શીયળવ્રતને હૃદયે રાખી સ્વયં તેનું પાલન કરે છે. અન્ય પાસે વિષયભોગોનું સેવન કરાવતા નથી, તેમજ વિષયભોગોને ભલા જાણી તેની અનુમોદના પણ કરતા નથી કારણકે અબ્રહ્મના સેવનથી થતા પાપ કર્મને મુનિ સારી રીતે જાણે છે...૧૪૪

પાંચમું મહાવ્રત પરિગ્રહની મર્યાદાનું છે. પરિગ્રહના સ્વરૂપને જાણી મુનિ સર્વ વસ્તુના મમત્વનો ત્યાગ કરે છે. તેઓ સ્વયં પરિગ્રહનો ત્યાગ કરે છે, બીજાને પરિગ્રહ ત્યાગનો ઉપદેશ આપે છે, તેમજ પરિગ્રહની અનુમોદના પણ કરતા નથી ...૧૪૫

આ ચોપાઈમાં કવિ મહાવ્રતનું સ્વરૂપ દર્શાવે છે. મહાવ્રત એ શ્રમણોનાં વ્રત છે. તે જીવન પર્યંતના હોય છે. ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી, એકાંત મોક્ષના હેતુ માટે જ સાધના કરે તે સાધુ છે. શ્રી સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના સોળમા અધ્યનનમાં સાધુને માહણ (મહાત્મા), સમણ (શ્રમણ), ભિક્ખુ (ભિક્ષુ) અને નિર્ગ્રંથ (બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી રહિત) કહ્યા છે. જેઓ પાપ વ્યાપારથી સર્વથા નિવૃત્ત થયા છે, પરંતુ સંજ્વલન કષાય અને નિદ્રાદિ પ્રમાદના ઉદયથી સંયમના યોગમાં પ્રમાદ રહે છે. તેઓ છટ્ઠા પ્રમત્ત સંયત અને સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાને આવનજાવન કરે છે. તેઓ પંચ મહાવ્રતધારી હોય છે.

• **પાંચમહાવ્રતનું સ્વરૂપ : સર્વ વિરતિ ધર્મ એ સર્વથા નિષ્પાપ જીવનની પ્રક્રિયા છે.**

**૧) સર્વ પ્રણાતિપાત વિરમણ વ્રત, ૨) સર્વ મૃષાવાદ વિરમણ વ્રત, ૩) સર્વ અદત્તાદાન વિરમણ વ્રત, ૪) સર્વ મૈથુન વિરમણ વ્રત, ૫) સર્વ પરિગ્રહ વિરમણ વ્રત. પાંચ મહાવ્રતનું સ્વરૂપ શ્રી પ્રશ્નવ્યાકરણ[૬૯] સૂત્રમાં દર્શાવેલ છે. પાંચ મહાવ્રતનું દ્રવ્યથી, ભાવથી અને નિશ્ચયથી સ્વરૂપ નીચે પ્રમાણે છે.**

| | મહાવ્રત | દ્રવ્યથી પાલન | ભાવથી પાલન | નિશ્ચય સ્વરૂપ |
|---|---|---|---|---|
| ૧) | અહિંસા | દ્રવ્યદ્દષ્ટિએ પ્રાણાતિપાત એટલે જીવહિંસાના પ્રત્યાખ્યાન. | આત્મા ચૈતન્યલક્ષણયુક્ત, સદા ઉપયોગવંત તથા અસંખ્યાત પ્રદેશી છે.તે અપેક્ષાએ સર્વ જીવો સમાન છે. કર્મના કર્તા, કર્મના ભોક્તા, સુખ-દુઃખના વેદક અને જાણનારની અપેક્ષાએ સર્વ જીવો સમાન છે તેથી રાગ-દ્વેષ ન કરતાં સર્વ જીવો પર સમભાવ રાખવો. | સંપૂર્ણ અહિંસા સ્વરૂપ સિદ્ધ ભગવાન છે. તેઓ અશરીરી હોવાથી અક્રિય છે. અરૂપી હોવાથી તેમનાથી કોઈને દુઃખ થઈ શકતું નથી વ્રત પાલનનું મુખ્ય ધ્યેય આ છે. |
| ૨) | સત્ય | અસત્ય ન બોલવું | સર્વ દ્રવ્ય, ગુણ અને પર્યાયોનું સત્ય સ્વરૂપ જોવું. સર્વ દ્રવ્યમાં દ્રવ્યત્વ, ગુણોમાં ગુણત્વ, પર્યાયોમાં પર્યાયત્વની અપેક્ષાએ સમાન હોવાથી રાગદ્વેષનો અભાવ તે સમભાવ. | આત્માનું શુદ્ધ સ્વરૂપ (ક્ષાયિક સમકિત) તે જ સર્વથા સત્ય સ્વરૂપ છે. |
| ૩) | અચૌર્ય | અલ્પ કે બહુ, સૂક્ષ્મ કે સ્થૂલ, સચેત કે અચેત આદિ દ્રવ્યની ચોરી (અદત્તાદાન) નો ત્યાગ. | ભાવદ્દષ્ટિએ લોભ, મોહ આદિ ભાવ છે. તેનો ત્યાગ, પરદ્રવ્ય એટલે કર્મ. નોકર્મ એટલે શરીર. ભાવકર્મ એટલે રાગદ્વેષ. તેનો ત્યાગ. પૌદ્‌ગલિક બાહ્ય વસ્તુઓની ઈચ્છા ન કરવી તે નિષ્કામ વૃત્તિ. | સિદ્ધ ભગવંત કર્માદિ કોઈ પૌદ્‌ગલિક વસ્તુ ગ્રહણ કરતા નથી તે સ્વરૂપ ધ્યેયરૂપ છે. |
| ૪) | બ્રહ્મચર્ય | મૈથુન ત્યાગ, દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી મૈથુનનો ત્યાગ. | નિર્માણ નામ કર્મના ઉદયથી શરીરના વિવિધ આકાર (લિંગ) બને છે. મૂળ સ્વરૂપ અશરીરી, અવેદી છે તેથી કોઈ સ્ત્રી, પુરુષ કે નપુંસક નથી. આ પ્રમાણે જ્ઞાનપૂર્વક દ્રવ્યાનુયોગમાં સમભાવે પ્રવર્તવું. | બ્રહ્મ એટલે શુદ્ધ આત્મચર્યા અર્થાત ગુણોમાં આનંદમય રમણતા. |
| ૫) | પરિગ્રહ ત્યાગ | નવપ્રકારના પરિગ્રહનો ત્યાગ (ખેતર, મકાન, ચાંદી, સુવર્ણ, ધન, ધાન્ય દાસ-દાસી, પશુ-પક્ષી, ઘરવખરીની ચીજો) | કર્મબંધના કારણોનો ત્યાગ, પાંચે ઈન્દ્રિયના વિષયોનો ત્યાગ, મમત્વ, લોભ, રાગ અને આસક્તિનો ત્યાગ. | સિદ્ધ ભગવંત નિરંજન, નિર્વિકારી, નિઃસંગ છે. તેમને કર્મ, શરીર કે અન્ય કોઈ પરિગ્રહ નથી. |

- દુહા - ૮-

અનમોદઈ નહીં તેહનિં, પંચમાહાવૃત્ત ધાર;

તે મૂનવર પાએ નામું પાલિ પંચાચાર ...૧૪૬

અર્થ : મુનિ અવ્રતની અનુમોદના કરતા નથી. તેઓ પંચમહાવ્રતધારી છે. તે મુનિવરનાં ચરણોમાં હું નમસ્કાર કરું છું. જેઓ પંચાચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર) નું પાલન કરે છે ...૧૪૬

ઢાળ - ૭ (દેશી - તુંગિયા ગિરિ સિખર સોહઈ : રાગ-પરજીઓ)

જ્ઞાનાચાર મૂની એમ આરાધી, કાલિં ભણઈ મૂનીરાય રે.

અખ્યર અદીક કહિ ઓછો, પ્રણમિ ગુરુના પાય રે;

જ્ઞાનાચાર મૂની એમ આરાધિ... આંચલી. ...૧૪૭

યોગ વહી સીધાંત ભણતો, કાજો કાઢિ ત્યાહિ રે;

મૂખ થૂંક પાયિ નવ્ય લગાડઈ, પાટી પોથી જ્યાંહિ રે. ...૧૪૮

જ્ઞાનનો દ્રવ્ય વલી વધારિ, ભણતાં નહીં અંતરાય રે;

જ્ઞાનનો મદ નહીં (અ) મૂનીવર, વંદૂ તે રષીરાય રે. ....૧૪૯

આચાર બીજો મૂની આરાહિ, દેવ ગુરનિં ધર્મ રે;

ત્રણે તત્વ ત્યાહા નહી(અ) શંકય, આરાધિં સૂખ પર્મ રે.

જ્ઞાનાચાર બીજો મૂની આરાહઈ--આંચલી. ...૧૫૦

ધર્મનાં ફલ હોય નીસિં, નીવારઇ નંધાય રે;

પ્રભાવના મીથ્યાત દેખી, રાખિ નીજ મન્ચ ઠાહિ રે. આચાર.. ...૧૫૧

સંઘમાં ગૂણવંત જાણી, કરિ ભગતી અપાર રે;

સાધાર્ણ ગૂરદેવ દ્રવ્યની, કરઈ મૂનીવર સાર રે. આચાર.. ...૧૫૨

આશતના નહી જિન ચોરાસી, ગુરુતણી તેત્રીસ રે;

પડીલેહણા મુની કરઈ પૂરી, તીહાં નામૂ સીસ રે.

આચાર બીજો મૂની આરાહઈ ...૧૫૩

અર્થ: મુનિ સ્વાધ્યાય કાળમાં જ્ઞાન ભણે છે. તેઓ સ્વાધ્યાય કરતાં અક્ષર ઓછો, અધિક કહેતા નથી. (ઉપયોગ પૂર્વક સૂત્ર, અર્થ અને તદુભય ભણે છે) તેમજ અભ્યાસ કરવા પૂર્વે ગુરુવંદન કરી વિનય કરે છે. આ પ્રમાણે મુનિ જ્ઞાનાચારની આરાધના કરે છે ...૧૪૭

તેથી વિશિષ્ટ તપશ્ચર્યાપૂર્વક(ઉપધાન) શાસ્ત્રાભ્યાસ કરે છે. જ્ઞાન ભણતાં પહેલાં તે સ્થાનને પૂંજે છે.

તેઓ પુસ્તકને મુખનું થૂંક તેમજ પગ લગાડતા નથી અર્થાત્ જ્ઞાનના સાધનોનું બહુમાન કરે છે ...૧૪૮

મુનિ જ્ઞાન દ્રવ્યની (જ્ઞાનના સાધનોની) વૃદ્ધિ કરાવે છે તેમજ શિષ્યને જ્ઞાન ભણવામાં અંતરાયભૂત બનતા નથી. તેઓ જ્ઞાનનો મદ કરતા નથી. એવા મુનિવરને હું વંદન કરું છું ...૧૪૯

મુનિ દર્શનાચાર નામના બીજા આચારનું આરાધન કરે છે. તેઓ દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વનું ભાવપૂર્વક આરાધન કરે છે. તે ત્રણ તત્ત્વમાં જેને સંપૂર્ણ શ્રદ્ધા છે, લેશ માત્ર પણ શંકા નથી; તે પરમ સુખ પ્રાપ્ત કરે છે...૧૫૦

ધર્મનું ફળ નિશ્ચિત મળે છે એવી શ્રદ્ધા રાખે છે. તેઓ દેવ, ગુરુ અને ધર્મની નિંદાનું નિવારણ કરે છે. મિથ્યાત્વની પ્રભાવના થતી જોઇને પણ તેઓ પોતાની મતિ સ્થિર કરે છે...૧૫૧

તેઓ ચતુર્વિધ સંઘમાં (સાધુ-સાધ્વી,શ્રાવક-શ્રાવિકા) ગુણિયલ વ્યક્તિની અપાર ભક્તિ કરે છે. ગુરુ અને દેવ (અરિહંત, તીર્થંકરાદિ) દ્રવ્યની મુનિવર સંભાળ રાખે છે... ૧૫૨

મુનિ જિનદેવની ૮૪(ચોર્યાશી)[૩૦] પ્રકારે આશાતના પણ કરતા નથી તેમજ તેત્રીશ[૩૧] પ્રકારની ગુરુની આશાતના પણ કરતા નથી. તેઓ ઊભયકાળ પ્રતિલેખન કરે છે; એવા મુનિવરને હું ભાવપૂર્વક મારું મસ્તક નમાવું છું...૧૫૩

કવિ ઋષભદાસ હવે પંચાચારનું સ્વરૂપ દર્શાવે છે. જૈનદર્શનમાં આચારને સાધનાનો પ્રાણ કહ્યો છે. સંપૂર્ણ અંગ સૂત્રોનો સાર આચાર છે. આચારનો સાર સમ્યક્ચારિત્ર, સમ્યક્ચારિત્રનો સાર નિર્વાણ અને નિર્વાણનો સાર આત્માનું અવ્યાબાધ સુખ છે. આ પ્રમાણે અવ્યાબાધ સુખ(મોક્ષ)નું મૂળભૂત કારણ સમ્યક્ આચાર છે. તેથી જ ગણધરો દ્વારા પ્રથમ અંગ પ્રવિષ્ટ આગમો રચાયાં છે. તેમાં પ્રથમ શ્રી આચારાંગ સૂત્ર છે. સાધુને પણ દીક્ષા પછી શ્રી દશવૈકાલિક સૂત્ર ભણાવાય છે કારણકે તે આચાર ગ્રંથ છે.

શ્રી ભગવતી સૂત્રમાં ત્રણ પ્રકારની જાગરિકા દર્શાવેલ છે -

गोयमा ! तिविहा जागरिका पण्णत्ता, तंजहा - बुद्ध जागरिया अबुद्धजागरिया सुदक्खुजागरिया ।[३२]

(૧) ધર્મ જાગરિકા - સર્વજ્ઞોની સ્વસ્વભાવાવસ્થાને ધર્મ જાગરિકા કે બુદ્ધ જાગરિકા કહેવાય છે.

(૨) અધર્મ જાગરિકા - છદ્મસ્થ (કેવળજ્ઞાનના અભાવમાં) આત્મ સાધક શ્રમણોની ધર્મ જાગરણને અધર્મ અથવા અબુદ્ધ જાગરિકા કહેવાય છે.

(૩) સુદક્ખુજાગરિકા - સમ્યગ્દૃષ્ટિ શ્રમણોપાસક પૌષધ આદિ સમયે આત્મચિંતન કરે તે સુદક્ખુજાગરિકા છે.

ધર્મ જાગરિકા ચાર પ્રકારની છે. (૧) આચાર ધર્મ (૨) ક્રિયાધર્મ (૩) દયાધર્મ (૪) સ્વભાવ ધર્મ અહીં પ્રથમ આચાર ધર્મ જાગરિકા દર્શાવેલ છે, જેમાં જ્ઞાનાચાર આદિ પાંચ આચાર દર્શાવેલ છે.

• જ્ઞાનાચાર:

કવિએ કડી ૧૪૭ થી ૧૪૯માં જ્ઞાનપ્રાપ્તિ તથા સદાચારોના રક્ષણ માટે જ્ઞાનાચારના આઠ ભેદ

દર્શાવેલ છે. (૧) જ્ઞાન ભણવાના સમયે જ્ઞાન ભણવું. (૨) જ્ઞાન ભણતાં વિનય કરવો. (૩) જ્ઞાન અને જ્ઞાનીનું બહુમાન કરવું. (૪) જ્ઞાન ભણતાં યથાશક્તિ તપ કરવું. (૫) જ્ઞાનદાતા ગુરુના ઉપકારને ગોપાવવા નહિ. (૬) અક્ષર શુદ્ધ. (૭)અર્થ શુદ્ધ. (૮) અક્ષર અને અર્થ બન્ને શુદ્ધ ભણે[૭૩]. અક્ષર ભેદથી અર્થભેદ, અર્થભેદથી ક્રિયાભેદ થાય છે. ક્રિયાભેદથી મોક્ષ ન થાય. મોક્ષના અભાવમાં દેશવિરતિ કે સર્વવિરતિ ધર્મ નિષ્ફળ થાય છે.

યોગ્ય ઋતુ અનુસાર ખેતી કરવાથી સારાં ફળ પ્રાપ્ત થાય છે, તેમ શાસ્ત્ર અનુસાર યોગ્ય કાળે જ્ઞાન ભણવાથી ગુણપ્રાપક બને છે. વિદ્યા વિનયથી શોભે છે. અવિનયથી મળેલું જ્ઞાન અજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટેલું હોવાથી અજ્ઞાનરૂપે સંસારમાં પરિભ્રમણ કરાવે છે. વિદ્યાગુરુ પ્રત્યે પૂજ્યભાવ ધરાવવાથી જ્ઞાનાવરણીય કર્મ તૂટે છે.તપ શ્રુતને પુષ્ટ કરે છે. શ્રુતજ્ઞાનરૂપી અમૂલ્ય રત્ન પ્રાપ્ત કરવા શાસ્ત્ર કથિત તપ કરવું જરૂરી છે. જ્ઞાન મેળવનારે વિદ્યાગુરુને છુપાવવા નહિ. શ્રુત ભણીને તેનું ઉત્તમ ફળ મેળવનારે અક્ષર, કાનો, માત્ર, શબ્દ કે વાક્ય ન્યૂનાધિક કરવું નહિ. આ જ્ઞાનના આઠ આચારો છે.

મુનિને પાંચ પ્રહર સુધી સ્વાધ્યાય કરવાનું વિધાન છે. તે જ્ઞાનાચારની મહત્તા પુરવાર કરે છે. જ્ઞાન એ આત્માનો પરમ ગુણ છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. જ્ઞાનની વિકૃત્તિ ક્રોધ , માન, માયા અને લોભ છે. જ્ઞાનનું કાર્ય સ્વક્ષેત્રે આનંદવેદન છે અને પરક્ષેત્રે જ્ઞેયને જાણવાનું છે.

જ્ઞાન, જ્ઞાની તથા જ્ઞાનના સાધનોની ભક્તિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમનું કારણ બને છે[૭૪].

• દર્શનાચાર* :

હવે કવિ કડી ૧૫૦ થી ૧૫૨ માં દર્શનાચારનું સ્વરૂપ દર્શાવે છે.

જીવ-અજીવાદિ નવ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા થતાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટે છે. સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થતાં આત્મામાં અનેક ગુણો પ્રગટે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં દર્શનાચારના આઠ ગુણોનું નિરૂપણ થયું છે.

શ્રદ્ધા એ જ સર્વ કાર્યની સિદ્ધિ છે. આત્મ સુખની સિદ્ધિ માટે અગમ્ય ભાવો સમજવા જ્ઞાનીના વચનો પર શ્રદ્ધા રાખવી પડે તે સુનિશ્ચિત છે. અગમ્ય ભાવોને સમજવા કુયુકિતઓનો આશ્રય લે છે તે જિનાજ્ઞાનો વિરાધક બને છે. જૈનદર્શનની સત્યતા અને શ્રદ્ધા અખંડ રાખવા પરદર્શનની કાંક્ષાનો ત્યાગ કરવો. ઉત્સુકતા તે આર્તધ્યાન છે. અજ્ઞાન બાલ તપસ્વીઓના તપ જોઇ મૂઢ બનવું એ મિથ્યાત્વનું પોષણ છે. સાધર્મીઓના ગુણોની પ્રશંસા કરવી, તેમને આરાધના કે વિરાધનાના ફળ સમજાવી ધર્મમાં સ્થિર કરવા, તેમની મુશ્કેલીઓ દૂર કરવી, તેમના પ્રત્યે પ્રીતિ રાખવી અને જિનશાસનનો મહિમા વધારવો, એ દર્શનાચારનું સ્વરૂપ છે.

પરમાત્માના દર્શન કરવા એ દર્શનાચારનો પ્રારંભ છે. દરેક જીવાત્મામાં પરમાત્માના દર્શન કરવા એ દર્શનાચારની પરાકાષ્ઠા છે. તે બ્રહ્મદૃષ્ટિ છે, જે મોહને તોડે છે.

જે પ્રવૃત્તિ આત્મ ગુણોનો નાશ કરે છે, તેને આશાતના કહેવાય. ગુરુદેવ વગેરે પૂજ્ય પુરુષોની અવહેલના, ઉપેક્ષા કે નિંદા વગેરેથી માનસિક, શારીરિક કષ્ટ પહોંચાડવું તેને આશાતના (વિરાધના) કહેવાય

---

*દર્શનાચાર માટે જુઓ-પરિશિષ્ટ વિભાગ.

છે. શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર તથા શ્રી સમવાયાંગ સૂત્રમાં ગુરુ અને રત્નાધિકો પ્રત્યેના અનુચિત વ્યવહારની અપેક્ષાએ તેત્રીસ આશાતનાઓનું કથન થયું છે. અરિહંત કે ગુરુની અવજ્ઞા એ ભયંકર કોટિની આશાતના છે. તેનાથી જીવનો અનંત સંસાર વધે છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે –

તીર્થંકર, પ્રવચન(સંઘ), શ્રુત(આગમ), ગણધર, આચાર્ય અને જ્ઞાન આદિ ગુણથી શ્રેષ્ઠ (મહર્દ્ધિક)ની આશાતના કરનાર અનંત સંસારી બને છે, જ્યારે જ્ઞાન આદિ ગુણોની રક્ષા કરનાર અલ્પ સંસારી બને છે.[૭૫]

જ્ઞાનાચાર અને દર્શનાચારનું સ્વરૂપ દર્શાવી કવિ ચારિત્રાચારનું સ્વરૂપ દર્શાવવા આગળ વધે છે.

## ચારિત્રાચારનું સ્વરૂપ.

### ઢાળ-૮(ગુરુ વિણ ગચ્છ નહિ જિન કહ્યો. રાગ : આસાવરી સિંધુઓ)

**ત્રતીઅ આચાર જે મન્ય ધરઇ, જગિ ચારીત્રીચાર રે;**
**સંજયમ સૂધૂઅ પાલતો આણઇ ભવ તણો પાર રે. ...૧૫૪**
**ત્રતીય આચાર જ મન્ય ધરઇ.-આંચલી.**
**સંયમ વસ્ત સોહામણી, એમ મૂખ્ય મૂનીવર બોલિ રે;**
**રયણ કનક મણિ માણિંકાં, કો નવ્ય ચારિત્ર તોલિ રે. ત્રતીય. ...૧૫૫**
**ચારીત્ર વ્યન કિમ પામીઇ,આ ભવ સાયર પાર રે;**
**સમય વ્યન નહી કેવલી, મુગત્ય નહી નીરધારો રે... ત્રતીય.. ...૧૫૬**
**ચારીત્ર વીન કયમ પાલીઇ, સકલ જીવની રાસ્યો રે;**
**સૂક્ષ્મ બાદર તો ટલિ, સંયમ હુઈ જ્યો પાશો રે.... ત્રતીય.. ...૧૫૭**
**સંયમથી સુખ ઉપજિ, લહીઈ સકલ સંયોગો રે;**
**કે પંચમ ગત્ય પામીઇ, નહીં કરિ સૂરવર ભોગો રે..ત્રતીય.. ...૧૫૮**
**એમ ચારીત્ર અન મોદતો, અંગિં નહી અતીચારો રે;**
**પંચ સમત્ય ત્રણ્ય ગુપત્ય સ્યું, સંયમ રાખતો સારો રે...ત્રતીય.. ...૧૫૯**

અર્થઃ ત્રીજો આચાર જે મનમાં ધારણ કરે છે તેને જગતમાં ચારિત્રાચાર કહેવાય છે. સંયમનું વિશુદ્ધપણે પાલન કરી મુનિ સંસારનો અંત આણે છે...૧૫૪

સંયમ એ અતિ કિંમતી અને શ્રેષ્ઠ વસ્તુ છે, એવું મુનિ ભગવંતો સ્વમુખથી કહે છે. રત્ન, સુવર્ણ, મોતી અને માણેક જેવી કિંમતી વસ્તુઓ પણ ચારિત્રની તોલે ન આવે...૧૫૫

ચારિત્ર વિના આ ભવસાગર શી રીતે તરી શકાય ? સંયમ વિના કેવળજ્ઞાન ન હોવાથી પૂર્ણ જ્ઞાનની પદવી પણ ન મળે. કેવળજ્ઞાન વિના મોક્ષ પણ નિશ્ચિતપણે ન મળે...૧૫૬

ચારિત્ર વિના સર્વ જીવરાશિની દયા શી રીતે પાળી શકાય ? સૂક્ષ્મ અને બાદર જીવોની હિંસાનું પાપ

સંયમના સંગથી દૂર થાય છે...૧૫૭

સંયમથી સુખ ઉત્પન્ન થાય છે. સંયમથી (પુણ્યના પ્રતાપે) અનુકૂળ સંયોગો મળે છે અથવા મોક્ષ જેવી પંચમ ગતિનાં શાશ્વત સુખો સંયમથી મળે છે. સંયમના સંસ્કારના કારણે દેવભવના ભોગોમાં પણ જીવાત્મા અનાસક્ત રહે છે...૧૫૮

મુનિ આ પ્રમાણે ચારિત્રની અનુમોદના કરતો, ચારિત્રના દોષોનો ત્યાગ કરી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલનથી સંયમને વિશુદ્ધ રાખે છે...૧૫૯

• ચારિત્રાચાર:

ઢાળ-૮ માં કવિએ ચારિત્રની મહત્તા સુંદર રીતે દર્શાવેલ છે.

સંયમ, દીક્ષા, પ્રવ્રજ્યા, અભિનિષ્ક્રમણ ઈત્યાદિ ચારિત્રના પર્યાયવાચી નામો છે. પાપોથી મુક્ત બની મોક્ષ તરફ જવું એ પ્રવ્રજ્યા છે. દી એટલે કલ્યાણનું દાન દેનારી અને ક્ષા એટલે વિઘ્નોનો ક્ષય કરનારી. વ્યવહારમાં દીક્ષા શબ્દ વધુ પ્રચલિત છે. શ્રી હરિભદ્રસૂરિજીએ પંચવસ્તુક ગ્રંથમાં દીક્ષા માટે 'ભાવદાનશાલા' (સર્વ જીવોને અભયદાન આપનારી) શબ્દ વાપર્યો છે.[૩૬]

વિવેકપૂર્વકની સમ્યક્ પ્રવૃત્તિ એ જ સંયમ છે, અવિવેકપૂર્વકની પ્રવૃત્તિ એ અસંયમ છે. અસંયમથી નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિ તે જ ચારિત્ર છે.

ચારિત્રાચારનાં આઠ ભેદ છે. જેમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો સમાવેશ થાય છે, જેને શાસ્ત્રીય ભાષામાં 'અષ્ટ પ્રવચન માતા' (જૈનશાસનને ટકાવી રાખનારી આચરણાઓ) કહેવાય છે.માતા સંતાનો માટે કલ્યાણકારી હોય છે; તેમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાધકો માટે કલ્યાણકારી હોવાથી જિનેશ્વર ભગવંતો તેને શ્રમણોની માતા કહે છે[૩૭].

સર્વજ્ઞના વચન અનુસાર આત્માની સમ્યક્ પ્રવૃત્તિ તે સમિતિ છે. તેના પાંચ પ્રકાર છે.

૧)ઇર્યા સમિતિ : કોઇ પણ પ્રાણીને દુઃખ ન થાય તે રીતે માર્ગમાં સાડાત્રણ હાથ દૂર સુધી નજર કરીને ચાલવું.

૨) ભાષા સમિતિ : હિત, મિત, પ્રિય, સત્ય અને શંકા વિનાની ભાષા બોલવી.

૩) એષણા સમિતિ : સંયમ જીવનમાં આવશ્યક ભોજન, પાણી, વસ્ત્ર-પાત્ર વગેરે નિર્દોષ રીતે ગ્રહણ કરવા તેમજ અનાસક્ત ભાવે તેનો ઉપભોગ કરવો.

૪) આદાન સમિતિ : વસ્તુમાત્રને જોઇ, તપાસીને યત્નાપૂર્વક લેવી તથા મૂકવી.

૫) ઉત્સર્ગ સમિતિ : જીવરહિત સ્થાનમાં ઉપયોગપૂર્વક નિરીક્ષણ કરીને અનુપયોગી વસ્તુનો ત્યાગ કરવો.

યોગોનો સમ્યક્ પ્રકારે નિગ્રહ કરવો એ ગુપ્તિ છે. યોગોને શુદ્ધ આત્મ ભાવોના લક્ષે પ્રવર્તાવવા તે ગુપ્તિ છે. ગુપ્તિ ત્રણ છે. ૧) મનો ગુપ્તિ - સંકલ્પ,વિકલ્પનો ત્યાગ કરવો. આત્મ તત્ત્વ, છદ્રવ્ય અને નવ તત્ત્વનું ચિંતન કરવું. ૨) વચન ગુપ્તિ - વચન ઉપર નિયંત્રણ રાખવું અથવા મૌન રહેવું. ૩) કાયગુપ્તિ - શરીરથી થનારી વિરાધનાજનક પ્રવૃત્તિઓ ઘટાડવી. સમિતિ વિના ગુપ્તિ ન સંભવે અને ગુપ્તિ વિના સમિતિ ન હોય.

આ અષ્ટપ્રવચન માતામાં સંપૂર્ણ દ્વાદશાંગીનો સમાવેશ થઇ જાય છે કારણકે સમિતિ અને ગુપ્તિ બંને

જ્ઞાન-દર્શન ચારિત્રપૂર્વક જ હોય. દ્વાદશાંગીના બાર અંગોમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો માર્ગ સંકલિત થયો છે.

ઈરિયા સમિતિ, એષણા સમિતિ , આદાન સમિતિ અને મનોગુપ્તિમાં સર્વ જીવો પ્રત્યે અહિંસક ભાવ કેળવી અભયદાન આપવાનો હેતુ છે, જેમાં મૈત્રીભાવ છે. ભાષા સમિતિ અને વચન ગુપ્તિમાં અવાજના પ્રદૂષણને રોકવાનો હેતુ છે. ઉત્સર્ગ સમિતિમાં વાયુના પ્રદૂષણને રોકવાનો મુખ્ય હેતુ છે.

ફક્ત અષ્ટપ્રવચન માતાનું જ્ઞાન હોય, છતાં ગીતાર્થ ગુરુના વચનને અનુસરનાર કદાગ્રહરહિત શ્રદ્ધાળુ જીવ સિદ્ધાલયરૂપ મંદિરે પહોંચે છે.

આત્મિક સુખમાં વસવાટ કરવા ચારિત્રનો સાથ જરૂરી છે. ક્યારેક બાહ્યવેશ કે ઉપકરણ લેવાનો સમય ન રહે તો ભાવચારિત્રના બળે પણ તરી શકાય છે. શ્રી ઋષભદેવ ભગવાનની માતા મરૂદેવી હાથીની અંબાડીપર એકત્વ, અન્યત્વ અને અશરણ ભાવના ભાવતાં ભાવ ચારિત્રના બળે કેવળજ્ઞાન પામ્યા.

કડી-૧૫૭ માં કવિ એ ચારિત્રનું માહાત્મ્ય દર્શાવતાં કહ્યું છે કે, સંયમથી સૂક્ષ્મ અને બાદર જીવોને અભયદાન મળે છે. એવાજ ભાવ કવિએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના-ચરણવિધિ[૯૮] અધ્યયનમાં દર્શાવ્યા છે. જેમાં (भूयगामेसु)શબ્દથી એવો અર્થ સરે છે. ભૂતગ્રામ એટલે પ્રાણીઓનો સમૂહ, જેમાં સૂક્ષ્મ અને બાદર જીવોનો સમાવેશ થાય છે. જે ભિક્ષુ જીવોની રક્ષા કરવામાં સાવધાન રહે છે, તેનો સંસાર અલ્પ બને છે.

- દુહા-૯-

**ચારિત્ર રત્ન જગમાં વડું, લહીઇ પૂનિં સંયોગિ;**

**શ્રી જિન કહઇ નર સંભલુ, કુણ સંયમ નિયોગ...૧૬૦**

અર્થ : ચારિત્રરૂપી રત્ન જગતમાં શ્રેષ્ઠ છે. તે પુણ્યના ઉદયથી મળે છે. જિનેશ્વર દેવો કહે છે કે, હે માનવ ! તમે સાંભળો. આવા સંયમ અને નિયમ કોણ ગ્રહણ કરી શકે ?...૧૬૦

## દીક્ષાને યોગ્ય-અયોગ્ય વ્યક્તિ

**ચોપાઇ-૫**

**ચારીત્ર ગ્રહઇવા જોગ્ય નર સોય, સંવેગી સમકીત થીર હોય;**

**પ્રગ્યના થીર અંદ્રીનો જીત, માયા દોષ કદાગૃહઇ રહીત. ...૧૬૧**

**દયા બુધ્ય સૂસીલ સૂજાંણ, સિરિ વહિ અરીહંત દેવની આંણ;**

**કુસલ જતી ધર્મનિં વીધિ, એહેવો ચારીત્ર લીધૂં રષિ. ...૧૬૨**

**દેસ કુલ જાત્ય વ સ્યુધ વરચો, કર્મ અંશ ઘણા ખિ કરયા;**

**અસ્યા પૂર્ષ સંયમનિં કાજ્ય, અઢાર પૂરષનિં કરવા તાજ્ય. ...૧૬૩**

**બાલ બુઢ નપૂંસક નરા, કાયર જડ પરહરવા ખરા;**

**વાધી ચોર, નૃપ, દ્રોહી જેહ, ઉનમત ચખ્ય વ્યના નર જેહ. ...૧૬૪**

સ્થીનીદ્રી નિદ્રા નર દાસ, દૂષ્ટ મૂઢ સંયમ નહી તાસ;
રણીઓ, ખોડીલો અવગણું, હસણ પૂર્ષ નર પરવશ પણું. ...૧૬૫
જે નર વંછઇ પર આદેશ, તેણઇ ચેલિઉં કાણે કરેશ;
અઢાર પૂર્ષ તજવા સહી, વીસ બોલ શ્રીના તજી લહી. ...૧૬૬
અઢાર બોલ પૂર્વના સહી, બાલ વછા ગૃઇવંતી કહી;
સોલ જાત્ય નપૂસક જોય, સંજયમ દસ જાતિં નવ્ય હોય. ...૧૬૭
પહિલો પંડક નપૂસક કહૂં, ષટ લક્ષણ તેહનાં પણ લહૂ;
સ્ત્રીય સભાવ સૂર સ્ત્રીના જસ્યો, વર્ણ ગંધ રસ ફરસહ તસ્યો. ...૧૬૮
થૂલ લ્યંગ સ્ત્રી સરખી વાણ્ય, સુસ્યબદ લલના શ્રી પરિજાંણ્ય;
માતરુ ફીણ રહીત જસ હોય, ષટ લક્ષણ પંડકનાં જોય. ...૧૬૯
બીજો નપૂસક વાતક જોય, સ્તબધ લ્યંગ જેહનું પણ્ય હોય;
સ્ત્રી સેવ્યા વ્યન અંદ્રી નમઇ, તે ચારીત્ર લીધૂં નીગમિં. ...૧૭૦
કલીવ નપૂસક તણો વીચાર, તેહના ભેદ કહ્યા વળી ચ્યાર;
દ્રીષ્ટ કલીવ સ્ત્રી નાગી દેખ્ય, પામિ ક્ષોભ નર સોય વસેષ. ...૧૭૧
આસીલાંષ્ટ કલીવહ તેહ, આલ્યંગતાં નર ખોભિં જેહ;
પ્રાર્થના કલીવહ ખરાં, પ્રારથિં જે ખોભિં નરા. ...૧૭૨
મ્હો ઉતકટનો એહ સભાવ, સ્ત્રી મોહિં નર થયિ દ્રાવ;
કલીવ ભેદ કહ્યા વળી ચ્યાર, નશીથ શાહાસ્ત્રીં કહ્યો વીચાર. ...૧૭૩
કુંભી નપૂસક ચઉથતું જોય, લ્યંગ વૃષણ ઘટની પરિ હોય;
ઇર્ષાલુ અનકેશવાસી, શ્રી સેવા દેખી ચઢી રીસ. ...૧૭૪
છઠ્ઠો સ્યુકની નપૂસક જેહ, સ્યુકની પંખીઆની પઇરિ તેહ;
અતિ અભીલાષ આસકતપણું, કામ કુચેષ્ટા કરતો ઘણું. ...૧૭૫
સ્ત્રી સેવ્યા જ પછી નર કોય, વગલીત વીર્યસ્થાન પરી જોય;
નીજ અંદ્રી ચાટેવા કરઇ, તત કર્મ સેવી કહ્યો સરિ. ...૧૭૬
પક્ષીકાપક્ષીક તેહનું નામ, સૂકલપખિં હુયિ ઉતકટ કાંમ;
કૃષ્ણ પખિં કામ જ નવ્ય હવો, એહ નપૂસક કહૂં આઠમો. ...૧૭૭
સુગંધીક નપુસક અંધ, નીજ અંદ્રીનો લેતો ગંધ;
અસકત નપુસક દસમો કહ્યો, વીર્ય ખલઇ આલંગી રહ્યા. ...૧૭૮

**દસઇ નપુંસક કામી કહ્યા, અસ્યુભ પ્રણાંમી તે દસ લહ્યા;**
**માહાનગર દાહા સમ કામ, તેણઇ ચારીત્ર તસ નહી અભીરાંમ ...૧૭૯**
**હવઇ નપૂસક ષટ વીસ્તરા, છેધા મધા મંત્રિ કરયા;**
**દેવ રષી સ્વર ઔષધિ કરિ, એ ષટ્ દીક્ષા સંયમ વરઇ. ...૧૮૦**

અર્થ : જે સંવેગી હોય, સમકિતી હોય, ધૈર્યવાન હોય, બુદ્ધિશાળી હોય, ચંચલતા રહિત શાંત હોય, ઈન્દ્રિય વિજેતા હોય, માયા અને કદાગ્રહ જેવા દોષોથી રહિત હોય તે વ્યકિત ચારિત્ર ગ્રહણ કરવા યોગ્ય છે ...૧૬૧

કરુણાવંત, સુશીલવંત, બુદ્ધિશાળી, ધર્મના મર્મને જાણનાર સુજ્ઞ યતિ અરિહંત દેવની આજ્ઞાનું યથાર્થ પાલન કરે છે. આવા કુશળ મુનિ ગ્રહણ કરેલ ચારિત્રને અખંડપણે યર્થાથ રીતે પાળે છે...૧૬૨

જેણે ઉત્તમ, દેશ, કુળ,જાતિ પ્રાપ્ત કરી છે તેમજ ઘણાં કર્મો ક્ષય કર્યા છે; એવો પુરુષ ચારિત્ર ગ્રહણ કરવા યોગ્ય છે. અઢાર પ્રકારના પુરુષો અયોગ્ય હોવાથી તેનો ત્યાગ કરવો ...૧૬૩

બાળક, વૃદ્ધ, નપુંસક, કાયર, જડ, વાદી, ચોર, રાજાનો અપરાધી, ઇન્દ્રિય વિષયોમાં ઉન્મત્ત, ચક્ષુહીન માનવી સંયમનું યોગ્ય રીતે પાલન ન કરી શકે માટે તેઓ સંયમ માટે અયોગ્ય છે...૧૬૪

થીણદ્ધિ નિદ્રાવાળો મનુષ્ય, દાસ, દુષ્ટ, મૂઢ, દેવાદાર(ઋણવાળો), યુદ્ધમાં ખોડખાંપણવાળો બનેલો તેમજ જેને પોતાના હાસ્ય પર કાબૂ ન હોય તેવો પુરુષ સંયમ માટે અયોગ્ય છે...૧૬૫

જે મનુષ્ય બીજાના આદેશ અનુસાર વર્તે છે અર્થાત્ પરાધીન છે તેવા શિષ્યો શું કરશે ? આ પ્રમાણે અઢાર પ્રકારના પુરુષો સંયમને અયોગ્ય છે, તેથી સંયમ માટે ત્યાગવા યોગ્ય છે...૧૬૬

અઢાર દોષ પૂર્વે કહ્યાં તે તથા સબાલવત્સા (સ્તનપાન કરાવતી બાળકવાળી સ્ત્રી) અને ગર્ભવતી સ્ત્રી એમ વીસ પ્રકારની સ્ત્રીઓ સંયમ માટે અયોગ્ય છે તેમજ સોળ પ્રકારના નપુંસક મનુષ્ય સંયમ ગ્રહણ કરવા માટે અયોગ્ય છે......૧૬૭

પ્રથમ પંડક નામના નપુંસકનું વર્ણન કરું છું. તેના છ લક્ષણો છે. સ્ત્રી જેવો સ્વભાવ, સ્ત્રી જેવા સ્વર તેમજ તેના વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ સ્ત્રી જેવો હોય છે...૧૬૮

જેનું પુરુષ ચિન્હ સ્થૂલ હોય, જેની વાણી સ્ત્રી જેવી હોય, જેના શબ્દો સ્ત્રી જેવા હોય (સ્ત્રીની જેમ ચેષ્ટા કરવાવાળો હોય, સ્ત્રીની જેમ મૂત્ર કરતાં અવાજ થાય તેમજ જેનું મૂત્ર ફીણ વિનાનું હોય છે. આ છ લક્ષણો પંડક નપુંસકના છે...૧૬૯

બીજા વાતક નપુંસક છે. જેનું લિંગ સ્તબ્ધ હોય છે. સ્ત્રીને ભોગવ્યા વિના તે રહી શકે નહિ, માટે તે ચારિત્ર ગ્રહણ કરવાને યોગ્ય નથી ...૧૭૦

ત્રીજા ક્લીબ નપુંસક વિષે માહિતી જણાવે છે. તેના ચાર ભેદ કહ્યા છે. દ્રષ્ટિક્લીબ નપુંસક નિર્વસ્ત્ર સ્ત્રીને જોઇ વિશેષ પ્રકારે ક્ષોભ (વ્યગ્રતા) પામે છે ...૧૭૧

આશ્લિષ્ટ ક્લીબ નપુંસક જે સ્ત્રીનાં આલિંગનથી ક્ષુબ્ધ થાય છે. પ્રાર્થના ક્લીબ નપુંસક સ્ત્રીના ભોગ-નિમંત્રણથી ક્ષુબ્ધ થાય છે ...૧૭૨

સ્ત્રી પ્રત્યેના અત્યંત મોહના કારણે સ્ત્રીનો શબ્દ સાંભળવા માત્રથી ક્ષુબ્ધ થાય છે. તેને શબ્દ ક્લીબ કહેવાય છે. આ ચાર પ્રકારના ક્લીબ નપુંસકનો અધિકાર શ્રી નિશીથસૂત્રમાં દર્શાવેલ છે ...૧૭૩

કુંભી નપુંસક ચોથા પ્રકારના છે. તેમનું પુરુષ ચિન્હ કે અંડકોષ કુંભની જેમ ઉત્સૂન સ્તબ્ધ રહે છે અને પાંચમા ઇર્ષાળુ નપુંસકને અન્યના કાર્યો પર અદેખાઇ આવે છે. સ્ત્રીને ભોગવતા પુરુષને જોઇને તેને ઇર્ષા આવે છે...૧૭૪

છઠ્ઠો શુકની નામનો નપુંસક છે. જે શુકની પક્ષીની જેમ તીવ્ર અભિલાષાપૂર્વક અને આસક્તિપૂર્વક પુનઃપુન કામ ચેષ્ટા કરે છે ...૧૭૫

સ્ત્રીનું સેવન કર્યા પછી પણ વિશેષ ગલિત વીર્ય સ્થાનને જોઇ પોતાની ઇન્દ્રિયથી ચાટે છે તેને તત્કર્મસેવી નપુંસક કહેવાય છે ...૧૭૬

પાક્ષિકાપક્ષિકા તેનું નામ છે, જેને શુકલ પક્ષમાં અતિ ઉત્કટ કામભોગની વાસના જાગે અને કૃષ્ણ પક્ષમાં કામ ભોગની વાસના ન હોય. આ આઠમા પ્રકારના નપુંસક છે ...૧૭૭

સુગંધિક નપુંસક ઇન્દ્રિય વિષયોમાં અંધ બને છે તેથી પોતાના વીર્યને સુગંધી માનીને સ્વલિંગને સૂંઘે છે. દસમા અશક્ત નપુંસક છે જે વીર્યપાત પછી પણ સ્ત્રીને આલિંગીને રહે છે ...૧૭૮

ઉપરોક્ત દસ પ્રકારના નપુંસક અતિશય કામી, અશુભ અધ્યવસાયવાળા છે. તેમની કામવાસના મોટા નગરના અગ્નિદાહ સમાન અતીવ પ્રબળ હોય છે. તેથી તેઓ ચારિત્ર ગ્રહણ કરવા યોગ્ય નથી ...૧૭૯

હવે છ પ્રકારના નપુંસકનું વર્ણન છે. છેદ કરીને, મસળી નાખીને, બળથી, દેવ કે તપસ્વીના શ્રાપથી, ઔષધિના પ્રયોગથી જેને નપુંસક બનાવેલ હોય તેવા છ પ્રકારના નપુંસક સંયમ ગ્રહણ કરવાને યોગ્ય છે ...૧૮૦

કવિ ઋષભદાસે પ્રસ્તુત ૨૦ કડીઓમાં દીક્ષાને અયોગ્ય ૧૮ પ્રકારના પુરુષ અને ૨૦ પ્રકારની સ્ત્રીઓ દર્શાવી છે. પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં[૭૯] તેની ગાથા આપેલ છે.

ચારિત્ર એ ચિંતામણિ રત્ન કરતાં અમૂલ્ય છે. અનુત્તર વિમાનવાસી દેવો પણ તેની ઝંખના કરે છે. ચારિત્ર એક મોટી સાધના છે. આ સાધનાને અખંડિત બનાવવા શાસ્ત્રકારોએ ઉપરોક્ત નિયમો દર્શાવ્યા છે. જૈન પરંપરામાં અંતિમ તીર્થંકરના સમયના સાધકો વક્ર અને જડ છે, એવું મનાય છે. સંયમની મહત્તા ઓછી ન થાય તે હેતુથી મહા શ્રુતધરોએ આ નિયમો દર્શાવ્યા છે.

• દીક્ષાને યોગ્ય વ્યકિત[૮૦] :-

(૧) આર્ય ક્ષેત્રોત્પન્ન. (૨) જાતિ કુળ સંપન્ન. (૩) લઘુકર્મી. (૪) વિમલ બુદ્ધિ. (૫) સંસાર-સમુદ્રમાં મનુષ્ય ભવની દુર્લભતા, જન્મ-મરણનાં દુઃખ, લક્ષ્મીની ચંચળતા, વિષયોનાં દુઃખ, ઇષ્ટનો વિયોગ, આયુષ્યની ક્ષણભંગુરતા, મરણ પશ્ચાત્ પરભવનો અતિ રૌદ્ર વિપાક અને સંસારની અસારતા આદિ ભાવોને જાણવાવાળો. (૬) સંસારથી વૈરાગ્ય પ્રગટેલ હોય. (૭) અલ્પ કષાયી. (૮) કુતહલવૃત્તિથી રહિત. (૯)

સુકૃતજ્ઞ. (૧૦) વિનીત. (૧૧) રાજાનો અવિરોધી. (૧૨) સુડોલ શરીર. (૧૩) શ્રદ્ધાવાન. (૧૪) સ્થિર ચિત્તવાળો. (૧૫) સમર્પણભાવ. આ ગુણોથી સંપન્ન વ્યકિત દીક્ષાને યોગ્ય છે. આવા વ્યક્તિઓમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે, જેના કારણે સંયમ પર્યાયનું સુયોગ્ય રીતે પાલન કરી શકે છે.

• દીક્ષાને અયોગ્ય વ્યક્તિ :

શ્રી પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં દીક્ષાને અયોગ્ય વ્યક્તિ દર્શાવતાં કહ્યું છે -

**बाले वुड्ढे नपुंसे य कीवे जड्डे य वाहिए ६ ।**[८१]
**तेणे रायावगारी य उम्मत्ते य अदंसणे १० ।।** ।।७६०।।
**दासे दुढे य मूढे य अणत्ते जुंगिए इय १५ ।**
**ओबद्धाए य भयए सेहनिप्फेडिया इय १८ ।।** ।।७६१।।
**जे अठ्ठारस भेया पुरिसस्स तहित्थियाण ते चेव ।**
**गुव्विणी १ सबालवच्छा २ दुन्नि इमे हुंति अनेवि ।।** ।।७६२।।

(૧) બાલ - આઠ વર્ષથી નાની ઉંમરના (૨) વૃદ્ધ - ૭૦ વર્ષથી અધિક ઉંમરવાળા (૩) નપુંસક - જન્મ નપુંસક (૪) જડ - શરીરથી અશકત, બુદ્ધિહીન, મૂક (૫) કલીબ - સ્ત્રીના શબ્દ, રૂપ, નિમંત્રણ આદિ નિમિત્તથી ઉદિત મોહ-વેદને નિષ્ફળ કરવામાં અસમર્થ (૬) રોગી - રોગ અથવા વ્યાધિથી યુક્ત. (૭) ચોર -ચોરી કરવાવાળો (૮) રાજયનો અપરાધી - રાજ્યવિરુદ્ધ કાર્ય કરવાથી અપરાધી ઘોષિત થયેલો. (૯) ઉન્મત્ત - પાગલ (૧૦) ચક્ષુહીન - જન્માંધ અથવા કોઇ પણ કારણથી આંખોની જ્યોતિ ચાલી ગયેલી હોય. (૧૧) દાસ - કોઇના દ્વારા ખરીદાયેલો (૧૨) દુષ્ટ - અતિક્રોધી અથવા વિષયાસક્ત (૧૩) મૂર્ખ - ભ્રમિત બુદ્ધિવાળા (૧૪) કર્જદાર - દેવાદાર (૧૫) જુંગિત (હીન) - જાતિથી, કર્મથી, શરીરથી હીન (૧૬) બદ્ધ - કર્મ, શિલ્પ, વિદ્યા, મંત્ર શીખવાડવા માટે કોઇ સાથે પ્રતિજ્ઞા બદ્ધ હોય (૧૭) ભૃતક (નોકર) - નોકરને દીક્ષા આપવાથી માલિકને સાધુ પ્રત્યે અપ્રીતિ થાય છે. (૧૮) અપહૃત - માતા પિતાની આજ્ઞા વિના બાળકને અદત્ત લાવવો (૧૯) ગર્ભવતી સ્ત્રી (૨૦) બાલવત્સા - સ્તનપાન કરાવતી સ્ત્રી.

અયોગ્ય વ્યક્તિને અજાણતાં દીક્ષા આપવાથી પ્રાયશ્ચિત આવે છે[૮૨]. તેથી અહીં સ્પષ્ટ થાય છે કે દીક્ષા આપ્યા પછી પણ યોગ્યતા-અયોગ્યતાની જાણકારી ન થાય ત્યાંસુધી વડી (મોટી) દીક્ષા ન આપવી જોઈએ.

કવિ ત્યાર પછી સોળ પ્રકારના નપુંસકમાંથી દશ પ્રકારના નપુંસક દીક્ષાને અયોગ્ય છે તે દર્શાવે છે.

• નપુંસક વિચાર :

વેદ મોહનીય કર્મના ઉદયથી સ્ત્રી અને પુરુષ પ્રત્યે તીવ્ર આકર્ષણ પેદા થાય, તેને નપુંસક વેદ કહેવાય છે. તેમને નગરના દાહ સમાન પ્રબળ કામવાસના હોય છે. શ્રી બૃહદ્કલ્પસૂત્રમાં ત્રણ પ્રકારના નપુંસક દીક્ષાને અયોગ્ય દર્શાવેલ છે.

**तओ णो कप्पंति पव्वावेत्तए तं जहा - पंडए, वाइए, कीवे**[८४]

(૧) પંડક-સ્ત્રી જેવા સ્વભાવવાળા જન્મ નપુંસક, (૨)વાતિક - તેઓ વાયુજન્ય દોષોના કારણે કામવાસનાનું દમન ન કરી શકે તેવા નપુંસક (૩) ક્લીબ - દૃષ્ટિ, શબ્દ, સ્પર્શ અથવા નિમંત્રણથી કામવાસના રોકવાને અસમર્થ નપુંસક અથવા પુરુષત્વ હીન, કાયર પુરુષ. આ ત્રણે પ્રકારના નપુંસક દીક્ષા દેવાને યોગ્ય નથી કારણકે તેવા વ્યક્તિઓને દીક્ષિત કરવાથી નિર્ગ્રંથ ધર્મની નિંદા થાય છે.

દીક્ષાને અયોગ્ય દશ પ્રકારના નપુંસક વિષે પ્રવચનસારોદ્ધારમાં વિસ્તારથી દર્શાવેલ છે.

**पंडए वाइए कीवे कुंभी, ईसालुयत्ति य ।**[८५]
**सउणी तक्कमसेवी य, पक्खिया पक्खिए इय ।।** ।।७६३।।
**सोगंधिए य आसत्ते, दस एते नपुंसगा ।**
**संकिलिट्ठित्ति साहूणं पव्वावेउं अकप्पिया ।।** ।।७६४।।

અર્થ: પંડક, વાતિક, ક્લીબ, કુંભી, ઇર્ષ્યાલુ, શુકનિ, તત્કર્મસેવી, પાક્ષિકાપાક્ષિક, સૌગંધિક, આસકત, આ દશ નપુંસકો અતિ સંક્લિષ્ટ ચિત્તવાળા હોવાથી દીક્ષા આપવા માટે અયોગ્ય છે. નગરના મહાદાવાનળ સમાન કામ વાસનાના અધ્યવસાયોથી યુક્ત હોવાથી તેઓ દીક્ષાને અયોગ્ય છે. આ નપુંસકો સ્ત્રી અને પુરુષ બંનેને સેવનારા હોય છે.

ઉપરોક્ત પંડક વગેરે નપુંસકોની ઓળખાણ તેઓના કે તેમના મિત્રોના કહેવાથી થાય છે. (૧) વર્ધિત (૨) ચિપ્પિત (૩) મંત્રોપહત (૪) ઔષધિ ઉપહત (૫) ઋષિશપ્ત (૬) દેવશપ્ત આ છ પ્રકારના નપુંસક દીક્ષાને યોગ્ય છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

૧. રાજાના અંત:પુરના રક્ષક તરીકેના પદપર નિર્યુક્ત કરવા માટે જેને બાળપણમાં છેદ કરી નપુંસક બનાવાય છે, તેને વર્દ્ધિતક કહેવાય.

૨. જન્મતાં અંગૂઠા કે આંગળી વડે જેના અંડકોષ ગોળી મસળી નાંખીને ઓગાળી નાખે તે ચિપ્પિત કહેવાય.

૩-૪. મંત્ર પ્રયોગ કે ઔષધિપ્રયોગના પ્રભાવથી પુરુષવેદ અથવા સ્ત્રીવેદ નષ્ટ થવાથી નપુંસક બને તે મંત્રોપહત અને ઔષધિ ઉપહત કહેવાય.

૫-૬. કોઇ વ્યક્તિને ઋષિના શ્રાપથી કે દેવના શ્રાપથી નપુંસક વેદનો ઉદય થાય; તેને ઋષિશપ્ત કે દેવશપ્ત કહેવાય.

કવિએ સંયમને યોગ્ય વ્યક્તિ અને અયોગ્ય વ્યક્તિનું શાસ્ત્રોક્ત રીતે વર્ણન કર્યું છે. આચાર્ય ભગવંતો સ્વયં પંચાચારનું પાલન કરે છે અને બીજાને કરાવે છે. પંચાચારના સંદર્ભમાં કવિએ જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારનું સ્વરૂપ દર્શાવ્યું છે. હવે તેઓ તપાચારનું સ્વરૂપ દર્શાવે છે.

## તપાચારનું સ્વરૂપ:

-દુહા-૧૦-

સંયમ પાલઇ શુભ પરિં, એ ત્રીજો આચાર;
તપાચાર ચોથો કહૂં, સૂણ્ય તેહનો વિસ્તાર. ...૧૮૧
તપ ઉપવાસ અનોદરી, દ્રવ્ય સંખે પણ જેહ;
રસના ત્યાગ કરઇ મુની, સાચો તપીઓ તેહ. ...૧૮૨
કાયક્લેસ સંવર કરઇ, આલોઅણ લિઆએ;
વીનિ વયાવચ તપ કહ્યો, કરતાં ન્હાસિ પાપ. ...૧૮૩
પંચ ભેદ સઝાયના, પૂછઇ અનુપ્રેક્ષાય;
ભણઇ અરથ વલી, ચીતવઇ પંચમ ધર્મકથાય. ...૧૮૪
ધ્યાન કરઇ તસ તપ કહૂં, આનિં કરતો કાઉસગ;
બારે ભેદે તપ તપઇ, પાંમિ સીવ પરી મગ્ગ. ...૧૮૫

અર્થ : સંયમનું સુંદર રીતે પાલન કરો એ ત્રીજો ચારિત્રાચાર છે. હવે ચોથા તપાચારની વાત દર્શાવું છું, જેનું વર્ણન સાંભળો...૧૮૧

ઉપવાસ, ઉણોદરી (ભૂખ કરતાં ઓછું ખાવું), વૃત્તિસંક્ષેપ (મર્યાદિત દ્રવ્ય વાપરવાં), રસપરિત્યાગ જેવાં વિવિધ તપ કરનારો મુનિ સાચો તપસ્વી છે ...૧૮૨

કાયકલેશ (કાયાને કષ્ટ આપવું), ઇન્દ્રિયોનો સંયમ કરી સંવર કરણી કરવી તે પ્રતિસંલીનતા તપ છે. પ્રાયશ્ચિત, વિનય કરવો, વૈયાવચ્ચ કરવાથી પાપ કર્મોનો ક્ષય થાય છે...૧૮૩

સ્વાધ્યાય તપના પાંચ પ્રકાર છે.૧)વાંચવું ૨)પૂછવું ૩)અનુપ્રેક્ષા ૪)પરિયટ્ટણા ૫) ધર્મકથા...૧૮૪

ધ્યાન કરવું અને કાઉસગ્ગ કરવો એ પણ તપ છે. આ પ્રમાણે તપના બાર ભેદ છે. તપ કરવાથી મોક્ષપુરીનાં સુખો પ્રાપ્ત થાય છે ...૧૮૫

• તપાચાર :

કર્મોને તપાવે, નાશ કરે તે તપ. જ્ઞાન દર્શન અને ચારિત્રની જેમ તપ પણ મોક્ષમાર્ગ છે. સાધક પોતાના રસ, રક્ત, માંસ, ચરબી, હાડકાં, મજ્જા અને વીર્ય આ સાત ધાતુઓને તપથી તપાવે છે.

**तपसा निर्जरा च।।** તપથી કર્મોની નિર્જરા અને આત્મવિશુદ્ધિ થાય છે[૮૫]. તપથી સર્વકર્મોનો ક્ષય થાય છે.[૮૬] જગતના જીવોમાં આહાર, ભય મૈથુન અને પરિગ્રહ એ ચાર પ્રકારની સંજ્ઞા છે. તેના પ્રભાવથી અનાદિકાલીન સંસ્કારો જાગૃત થાય છે. (૧) આહારની મસ્તી (૨) ઈષ્ટ વિયોગનો કે અનિષ્ટ સંયોગનો ભય (૩) પાંચ ઈન્દ્રિયોના વિષયમાં તીવ્રરાગ (૪) પ્રાપ્ત કે અપ્રાપ્ત વિષયોમાં તીવ્ર મૂર્ચ્છા. તપ દ્વારા દુ:ખની સાંકળ તૂટે છે.

વાસનાઓની પરંપરાને તોડવા ભગવાન મહાવીરે ૨૫મા નંદમુનિના ભવમાં ૧૧, ૮૦, ૬૪૫ માસખમણ[૮૭] તપ કર્યા હતાં. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અને શ્રી ઉવવાઈ સૂત્રમાં તપના ૧૨ ભેદ દર્શાવેલ છે.

**अणसणमूणोयरिया, भिक्खायरिया य रसपरिच्चाओ।**[૮૮]
**कायकिलेसो संलीणया, य बज्झो तवो होइ।।** ।।८।।
**पायच्छितं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं च विउस्सग्गो, एसो आब्भिंतरो तवो।।** ।।३०।।

અર્થ : અનશન, ઉણોદરી, ભિક્ષાચર્યા, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રતિસંલીનતા, આ છ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન, વ્યુત્સર્ગ, આ છ આભ્યંતર તપ છે.

તપના બે પ્રકાર છે. બાહ્ય તપ અને આભ્યંતર તપ. બાહ્ય તપ મુખ્યત્વે શરીર સંબંધિત છે.બાહ્ય તપનું મુખ્ય પ્રયોજન અપ્રમત્ત બનવાનું છે. આભ્યંતર તપનો મુખ્ય સંબંધ આત્મભાવો સાથે છે. જે વિષયોને ઉપશાંત કરી આત્મવિશુદ્ધિ કરવામાં સહાયક બને છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં 'વૃત્તિસંક્ષેપ'ના સ્થાને 'ભિક્ષાચર્યા' તપ એ શબ્દનો પ્રયોગ થયો છે. સામાન્ય રીતે સંયમી જીવનના નિર્વાહાર્થે કરાતી ગોચરીની વિધિમાં દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી કોઈ પણ અભિગ્રહ ધારણ કરી આહારવૃત્તિને સંક્ષિપ્ત કરવી તે વૃત્તિસંક્ષેપ તપ છે. આ રીતે ભિક્ષાચર્યા અને વૃત્તિસંક્ષેપ તપ એક જ છે.

## વીર્યાચારનું સ્વરૂપ :

### ઢાળ-૯ (એણિ પરિં રાજ્ય કરંતા રે.)

**વીર્યાચાર વસે કરે, બલ નવ્ય ગોપવઇ;**
**મન-વચન-કાયા તણૂં એ.** ...૧૮૬
**ભણિ ગુણઇ તપ ભાવરે, વીનઇ વયાવચ;**
**કરતાં નીજ બલ ફોરવિએ.** ...૧૮૭
**પડીકમણૂં ઉભાયરે, નીર્મલ વાંદણાં;**
**પંચાંગિ ખમાસણાએ.** ...૧૮૮
**એ પંચમ આચાર રે, મૂનીવર પાલતો;**
**પંચ સૂમતિ ઋષિ રાખતો એ.** ...૧૮૯
**ઇર્યા સમતિ અપાર રે, ચૂંકિ નવ્ય યતી;**
**જીવ જોઇ પંથિં વહિએ.** ...૧૯૦
**ભાષા સુમત્ય અપાર રે, બોલિ મુખ્યત સ્યું;**
**પાપ નહીં પૂણ્ય હુંઇ ઘણું એ.** ...૧૯૧
**સૂમતિ એષણા એહ રે, સુધી ગોચરી;**
**દોષ રહીત આહાર જ લીઇએ.** ...૧૯૨

આદાન નીક્ષેપણાય રે, પોંજી મુકતો;
લેતો રીષ્ય પોંજી કરી. ...૧૯૩
પારીષ્ટાપનીકાય રે, વધ્યસ્યું પરઠવિં;
પંચ સૂમતિ એમ પાલતો એ. ...૧૯૪
ત્રણિ ગુપતિ નીરધાર રે, મન જસ નીરમલું;
દૂષ નવિ વંછિ પરતણઇએ. ...૧૯૫
વચન ગોપવિ આપરે, કાય ગુપતિ તસી;
સંયમ રમણી મનિ વસીએ. ...૧૯૬

અર્થ : મુનિ વીર્યાચારનું પાલન કરે છે. તેઓ મન, વચન અને કાયાની શક્તિને ગોપવતા નથી ...૧૮૬

સ્વાધ્યાય કરતાં, ગુણોનો વિકાસ કરતાં, ભાવ પૂર્વક તપ કરતાં વિનય અને વૈયાવચ્ચ (સેવા) કરતાં પોતાની શક્તિ અનુસાર બળ ફોરવવું જોઇએ ...૧૮૭

ઊભાઊભા વિધિપૂર્વક પ્રતિક્રમણ કરવું જોઇએ તેમજ શુદ્ધભાવથી, વિધિ અનુસાર પાંચ અંગોને નમાવી વંદના કરવી જોઇએ ...૧૮૮

વીર્યાચાર એ પાંચમો આચાર છે.મુનિરાજ પાંચ આચાર સહિત પાંચ સમિતિનું પાલન કરે છે..૧૮૯

મુનિ ઈર્યાસમિતિમાં તેમાં દોષ લગાડતા નથી. મુનિ રસ્તે ચાલતાં જીવોની જતના કરી ચાલે છે...૧૯૦

ભાષા સમિતિ સુંદર છે. સત્ય અને મધુર બોલવાથી પાપ કર્મને બદલે પુણ્ય કર્મ બંધાય છે...૧૯૧

શુદ્ધ અને નિર્દોષ આહાર-પાણી લેવા તેને એષણા સમિતિ કહેવાય છે ...૧૯૨

સંયમના ઉપકરણો તેમજ સંયમમાં ઉપયોગી વસ્તુઓને મુનિ નજરેથી બરાબર જોઇ, યત્નાપૂર્વક વસ્તુને લે અને મૂકે તેને આદાન નિક્ષેપણ સમિતિ કહેવાય ...૧૯૩

સ્થંડિલ આદિ તેમજ નકામી વસ્તુઓને વિધિપૂર્વક નિર્જીવ અને શુદ્ધ ભૂમિમાં ઉપયોગપૂર્વક પરઠવારૂપ પરિષ્ઠાપના સમિતિ છે ...૧૯૪

મુનિ ત્રણ ગુપ્તિને ધારણ કરે છે. જેમનું મન નિર્મળ છે, અન્યનું બૂરું ઇચ્છતા નથી; તે મન ગુપ્તિ છે...૧૯૫

અકુશળ વચનનો ત્યાગ કરે; તે વચન ગુપ્તિ છે તેમજ શરીરની કુચેષ્ટાનો ત્યાગ કરે; તે કાયગુપ્તિ છે. મુનિ પાંચ સમિતિ અને ત્રણગુપ્તિનું પાલન કરી સંયમ રમણીમાં એકાગ્ર રહે છે ...૧૯૬

• વીર્યાચાર:

જ્ઞાનાચારના આઠ, દર્શનાચારના આઠ, ચારિત્રાચારના આઠ, તપાચારના બાર એમ કુલ ૩૬ બોલમાં જીવે સ્વશક્તિ અનુસાર વીર્ય ફોરવવું તે વીર્યાચાર છે. વીર્યાચારનાં ત્રણ ભેદ છે. (૧) ધર્મના કાર્યમાં પોતાની શક્તિ(વીર્ય) છુપાવે નહિ. (૨) પૂર્વોકત ૩૬ બોલમાં ઉદ્યમ કરે. (૩) શક્તિ અનુસાર કાર્ય કરે. જીવ

વીર્ય ત્રાજવાની તુલા જેવું છે. જો જીવ વિવેકી બને તો ચારિત્ર રાજાનો વિજય થાય છે.

**अप्पा खलु समय रक्खिअव्वो, सव्विंदिएहिं सुसमाहिएहिं ।**
**अरक्खिओ जाइपहं उवेइ, सुरक्खिओ सव्वदुहाण मुच्चइ ।।**

અર્થ : પાંચ ઈન્દ્રિય અને મનનું નિયંત્રણ કરી પોતાના આત્માને, આત્મભાવમાં સ્થિર કરી, પોતે જ પોતાના આત્માનું રક્ષણ કરી શકે છે તે સર્વથા દુઃખથી મુક્ત બને છે.

[૮૯]જયંતી શ્રાવિકાએ ભગવાન મહાવીરને કટલાક પ્રશ્નો પૂછયા. જયંતી શ્રાવિકા પ્રશ્નોના ઉત્તર પ્રભુના મુખેથી સાંભળી હર્ષિત અને સંતુષ્ટ બન્યા. તેમણે પ્રવજ્યા ગ્રહણ કરી. આર્યા ચંદનાના સાનિધ્યમાં ઉત્કૃષ્ટ ભાવે સમિતિ અને ગુપ્તિ તેમજ તપનું આરાધન કરી, તે જ ભવે મુક્ત દશા પામ્યા.

[૯૦]શંખ શ્રાવકે ચારે આહારનો ત્યાગ કરી પરિપૂર્ણ પૌષધવ્રતની આરાધના કરી. તેમણે પૌષધવ્રતમાં આત્મચિંતનરૂપ ધર્મજાગરણ-અનુપ્રેક્ષા કરી. દઢ શ્રદ્ધાવાન, નવ તત્ત્વના જાણનારા શંખ શ્રાવક ધર્મમાં શક્તિ ફોરવી પરિત સંસારી* બન્યા.

દુર્ગતિમાં લઇ જનાર અસદાચાર અથવા પ્રમાદ છે. સદાચારથી પ્રાપ્ત થયેલ આત્મવીર્ય તે જ સાચું બળ છે.

-દુહા : ૧૧-

**સંયમ રમણીસું રમિ, ગુણ છત્રીસિ એહ,**
**જગનિં તારિનિં તરે, સંયમધારી તેહ ...૧૯૭**

અર્થ : મુનિ સંયમરૂપી રમણીમાં આનંદિત રહેનારા, છત્રીસ ગુણોથી યુક્ત, સ્વ અને પરને તારી કલ્યાણ કરનારા, સંયમધારી હોય છે ...૧૯૭

### શ્રમણત્વ

ચોપાઈ – ૬

**ચારિત્ર ભેદ કહ્યું વળી દોય, મુલગુણને ઉત્તરગુણ જોય;**
**પાંચ વરત રાતિં નહી આહાર, મુલ ગુણાંનો એ ભજન્હાર. ...૧૯૮**
**પંડિ દોષ ટાલઇ મૂની ચ્યાર, દોષ રહીત રખ્ય લેતો આહાર;**
**પાણી ચીવર ચોથાં પાત્ર, ટાલિ દોષનિં નીર્મલ ગાત્ર. ...૧૯૯**
**સૂમતિ પાંચ ગુપત્તિ ત્રણિ કહી, બારઇ ભાવના ભાવઇ સહી;**
**પઢીમા બાર મૂની અંગિં ધરિ, અંદ્રી પાંચનો નીગ્રહિ કરઇ. ...૨૦૦**

---

* પરિત સંસાર-સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી જેનો સંસાર પરિભ્રમણ કાળ પરિમિત થઇ ગયો છે, તેને સંસાર પરિત કહે છે તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ છે (શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ભા.૨. સૂત્ર-૧૮૪, પૃ.૪૭૫.)

મૂની પડલેહણ કરઇ પચવીસ, ચ્યાર અભીગ્રહિ ધરિ નીસ દીસ;
દ્રવ્ય ખેત્ર કાલનિં ભાવથી, ઉત્તરગુણએ પાલિતિ. ...૨૦૧

અસ્યો સાધ મુનિં તપી જેહ, નીજ મુસૂગ્ય ગુરુ કહી જઇ તેહ;
બાવીસ પરિષહનો ખમન્હાર, દોષ રહીત વંછઇમૂની આહાર ...૨૦૨

ગુણ સતાવીસ અંગિ ધરઇ, પર અવગુણ નવ્ય ઉચરઇ;
કાર્ણ પડિ નવ્ય રાખી શલિ, પાપ થકી રહિ પાછા ટલી. ...૨૦૩

ચારિત્ર રાખઇ ખંડાધાર, સત્તર ભેદ લહઇ સંયમસાર;
આશ્રવ પાંચ રુંધિં ગહિ ગહિ વ્યવહરી સોય કહૂં તે સહી. ...૨૦૪

જીવહંશા જૂઠું નહી રતી, ન કરિ ચોરી કહીંઇ જતી;
મૈથૂંન પરિગૃહિ તે પરીહરઇ, અંદ્રી પાંચનો નીગૃહિ કરઇ. ...૨૦૫

ચ્યાર કષાઇ ન દીઇ થોભ, ક્રોધ માન માયાનિં લોભ મોટા ચોર;
જગમાં ચ્યાર ચોગત્યમાંહિં ભમાવણ હાર. ...૨૦૬

ક્રોધઇ ન્હાસિ પ્રીતિ સનેહ, જ્યમ તાવડથી ત્રુટિં ત્રેહ;
અવર તપાવઇ પોતિ તપિ, ઘણા કાળનું સૂક્રીત ખપિ. ...૨૦૭

સમતા રસની કરતો હાણ્ય, મુખ્યથી બોલિ જૂઠી વાણ્ય;
પીડીત પુર્ષ વીમાસો સહૂં, એક ક્રોધના અવગણ બહુ. ...૨૦૮

માનિં ન્હાસિં વીનો વવેક, સીહ દરીસણિં ગજ ન રહઇ એક;
માનિં આભવ પરભવ ખોય, માનિં શાહાસ્ત્ર ન સમઝિ કોય. ...૨૦૯

માયા કરતા મીત્રી જાય, પાતિગ કર્મ પોઢૂં બંધાય;
જો જે રીદિ વીચારી કરી, મલ્લિનાથ તે તીથંકરી. ...૨૧૦

સકલ વીણાસ તે લોભિં થાય, જમ જમ સઘલા જીવનિં ખાય;
ત્યમ લોભિં ન રહિં કો ધર્મ, ધ્યન ધ્યન બાંધિ પાત્યગ કમ. ...૨૧૧

એહેવા જગમાં ચ્યાર કષાય, તેહનિં જીતિં તે ઋષિરાય;
મન, વચન, કાયા થીર કરઇ, સત્તર ભેદે સંયમ આદરિ. ...૨૧૨

સંયમ સૂધૂ આદરઇ, સર્વજ્ઞ કેરો પૂત્ર;
છત્રીસ છત્રીસી ગુણે, જે દિ મૂની સંયુગત. ...૨૧૩

ગુરુ એહેવો મસ્તગિ ધરો, બીજૂં તત્ત્વ જ એહ,
સોય ધર્મ હવિ આદરો, વીરિં પ્રકાસ્યા જેહ ...૨૧૪

અર્થ : ચારિત્રના બે ભેદ કહું છું. મૂળગુણ અને ઉત્તરગુણ. મુનિ પાંચ મહાવ્રત અને રાત્રિભોજન ત્યાગ

આ મૂળગુણોના પાલનહાર હોય છે ...૧૯૮

મુનિ ચાર પ્રકારના પિંડ દોષનો ત્યાગ કરે છે. તેઓ નિર્દોષ આહાર, પાણી, વસ્ત્ર અને પાત્ર ગ્રહણ કરે છે. તેઓ દોષરહિત નિર્મળતાપૂર્વક સંયમનું પાલન કરે છે ...૧૯૯

મુનિ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પૂર્વે કહી તે તથા બાર પ્રકારની ભાવના ભાવે છે. તેઓ બાર પ્રકારની પડિમા ધારણ કરે છે. તેઓ પાંચ ઇન્દ્રિયનું નિયંત્રણ કરે છે...૨૦૦

મુનિ પચ્ચીસ પ્રકારની પ્રતિલેખના કરે છે, તેમજ ચાર અભિગ્રહને નિત્ય ધારણ કરે છે. તેઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ઉત્તરગુણોનું પાલન કરે છે ...૨૦૧

આવા સાધક તપસ્વી મુનિની ગુરુ સ્વયં પ્રશંસા કરે છે. તે સાધક બાવીસ પરિષહ સહન કરે છે અને આધાકર્મી આદિ દોષ રહિત આહાર ઇચ્છે છે ...૨૦૨

(તે મુનિ)સત્યાવીસ ગુણોના ધારક છે, પરનિંદાના ત્યાગી છે. તેઓ કારણ વિના દાંત ખોતરવાની સળી પણ રાખતા નથી. પાપથી સદા નિવર્તે છે ...૨૦૩

મુનિ ખાંડાની ધારે ચારિત્રનું પાલન કરે છે. તેઓ સત્તરભેદે સંયમ પાળે છે અને પાંચ આશ્રવથી નિવર્તે છે. વ્યવહારથી તેને જ સંયમી કહેવાય છે ...૨૦૪

મુનિ જીવહિંસા, અસત્યવચન, ચોરી, મૈથુન અને પરિગ્રહનો ત્યાગ કરે છે તેમજ પાંચે ઇન્દ્રિયનો નિગ્રહ કરે છે ...૨૦૫

મુનિ ચાર કષાયનો ત્યાગ કરે છે. ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયો જગતમાં મોટા ચોર સમાન છે. ચાર ગતિમાં તેઓ પરિભ્રમણ કરે છે ...૨૦૬

જેમ તાપથી ભીનાશ શોષાઇ જતાં (ધરતીમાં) તિરાડ પડે છે. તેમ ક્રોધથી પ્રીતિ(સ્નેહ)માં ક્ષણવારમાં તિરાડ પડે છે. ક્રોધી વ્યક્તિ સ્વયં તપે છે, અન્યને પણ તપાવે છે. લાંબા સમયનું ઉપાર્જન કરેલું પુણ્ય ક્ષણવારમાં નષ્ટ થાય છે ...૨૦૭

ક્રોધી વ્યક્તિ પ્રીતિ ગુણનો નાશ કરે છે. તે અસત્ય બોલે છે. તે સ્વયં દુઃખી થાય છે. તેથી હે માનવો ! તમે વિચારો કે એક ક્રોધ કષાયના અવગુણ ઘણા છે ...૨૦૮

સિંહના દર્શન માત્રથી વનમાં એક પણ હાથી ઉભો રહેતો નથી, તેમ માનના આવવાથી વિનય અને વિવેક ચાલ્યા જાય છે. માન કષાયવાળો વ્યક્તિ વર્તમાન ભવ તેમજ આગામી ભવ ખોઇ બેસે છે. અભિમાની વ્યક્તિ શાસ્ત્રના રહસ્યને સમજી શકતો નથી ...૨૦૯

માયાની વળગણ મિત્રતા ગુણનો નાશ કરે છે. પાપ કર્મ મોટું (ગાઢ) બંધાય છે. માયા કરતાં પૂર્વે હૃદયમાં વિચાર કરો. માયા કરવાથી(સ્ત્રીલિંગ નામકર્મ બાંધવાને કારણે) મલ્લિનાથ ભગવાન સ્ત્રીરૂપ તીર્થંકર થયા ...૨૧૦

લોભીના સર્વ સદ્ગુણોનો નાશ થાય છે. યમરાજ જેમ સર્વ જીવોને મોતનો કોળિયો બનાવે છે તેમ લોભી મનુષ્ય ક્ષણે ક્ષણે પાપ કર્મ બાંધી અંતે પુણ્ય ખતમ કરે છે ...૨૧૧

જગતમાં આવા ચાર કષાયો છે. તેને મુનિવર જીતે છે. તેઓ મન, વચન, કાયાના યોગ સ્થિર કરે છે તેમજ સત્તર ભેદે સંયમ પાળે છે ...૨૧૨

મુનિ ભગવંત વિશુદ્ધ સંયમનું પાલન કરે છે, તેથી તે સર્વજ્ઞનો પુત્ર કહેવાય છે. તે છત્રીસ છત્રીસી ગુણોથી યુક્ત હોય છે ...૨૧૩

ઉપરોક્ત લક્ષણોવાળા સદ્‌ગુરુની શ્રદ્ધા કરો. એ બીજું ગુરુતત્ત્વ છે. હવે પ્રભુ મહાવીરે દર્શાવેલ ધર્મ ને આદરો ...૨૧૪

કવિ આ ચોપાઈમાં શ્રમણત્વનું સ્વરૂપ દર્શાવે છે.

સર્વવિરતિ ધર્મમાં બે પ્રકારે પ્રત્યાખ્યાન કરાય છે. ૧) મૂળગુણ પ્રત્યાખ્યાન ૨) ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. અહિંસા આદિ પાંચ મહાવ્રત અને રાત્રિભોજનનો સર્વથા ત્યાગ તે મૂળગુણ પ્રત્યાખ્યાન છે.

• ઉત્તરગુણ પ્રત્યાખ્યાન[૯૧] : ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના દશ ભેદ છે.

(૧) અનાગત-ભવિષ્યમાં આવનારી વિપત્તિ જોઇ ભવિષ્યમાં જે પ્રત્યાખ્યાન કરવાના હોય તેને પહેલાં કરી લે. (૨) અતિક્રાંત – ભૂતકાળમાં જે પ્રત્યાખ્યાન કરવાના હતા તે સેવા આદિ કોઇ કારણે થઇ શક્યા ન હોય તો તેને પછી કરવા. (૩) કોટિસહિત – એક પ્રત્યાખ્યાનની સમાપ્તિ અને બીજા પ્રત્યાખ્યાનનો પ્રારંભ એક જ દિવસે થવો. (૪) નિયંત્રિત - જે દિવસે જે પ્રત્યાખ્યાન કર્યા હોય તેને રોગાદિ બાધા આવે છતાં નિયંત્રિત દિવસે જ પૂર્ણ કરવા. (૫) સાગાર - આગાર-છૂટ સહિતના પ્રત્યાખ્યાન. (૬) અનાગાર - આગાર રહિતના પ્રત્યાખ્યાન. (૭) પરિમાણ – દ્રવ્ય આદિની મર્યાદા. (૮) નિરવશેષ – ચારે પ્રકારના આહારના મર્યાદિત સમય માટે સર્વથા પચ્ચક્ખાણ. (૯) સંકેત – મુઠ્ઠી, અંગૂઠી, નવકારમંત્ર આદિ કોઇ પણ સંકેતપૂર્વકના પ્રત્યાખ્યાન. (૧૦) અદ્ધા પ્રત્યાખ્યાન – પોરસી, બે પોરસી વગેરે સમયની નિશ્ચિતતા સહિતના પ્રત્યાખ્યાન.

પ્રત્યાખ્યાનના સ્વીકારથી મૂળગુણ અને ઉત્તરગુણમાં સ્થિરતા આવે છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં પ્રત્યાખ્યાનને 'ગુણધારણા' કહેવાય છે.

કવિ ઋષભદાસ ચોપાઇ-૬માં કડી ૧૯૮ થી ૨૦૧ માં કરણસિત્તરીના ૭૦ બોલ દર્શાવે છે.

**पिंडविसोही समिई भावण पडिमा य इंदियनिरोहो ।**[૯૨]

**पडिलेहण गुत्तीओ अभिग्गहा चेव करणं तु ।। ५६२।।**

અર્થ : પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, પ્રતિમા, ઇન્દ્રિય નિરોધ, પ્રતિલેખના, ગુપ્તિ, અભિગ્રહ એ કરણસિત્તરી છે.

• પિંડવિશુદ્ધિ : ઘણા સજાતીય-વિજાતીય કઠિન દ્રવ્યોને ભેગા કરવા, તે પિંડ છે. અનેક આધાકર્મ વગેરે દોષોના ત્યાગપૂર્વક તે પિંડની શુદ્ધિ તે પિંડવિશુદ્ધિ કહેવાય. તેના આધાકર્મી વગેરે બેતાલીસ દોષ હોવા છતાં પણ પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર રૂપ ચાર વસ્તુ માટે હોવાથી તેના ચાર ભેદ ગણાય છે.

• બાર ભાવના:[૯૩] વૈરાગ્ય અને આત્મહિતૈષી વિષયોની સુદઢતા માટે બાર ભાવનાઓનું ચિંતન જરૂરી છે.

(૧) શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ, પરિવારાદિક સર્વ વિનાશી છે. જીવનો મૂળ સ્વભાવ અવિનાશી છે એમ ચિંતવવું તે અનિત્ય ભાવના છે. ભરતચક્રવર્તીએ અરીસા ભવનમાં અનિત્ય ભાવના ભાવી હતી.

(૨) સંસારમાં મૃત્યુ સમયે જીવને શરણ આપનાર કોઇ નથી. માત્ર એકધર્મનું શરણું જ સત્ય છે. એમ ચિંતવવું. તે બીજી અશરણભાવના છે. દા.ત. અનાથી મુનિએ અસહ્ય વેદનામાં અશરણ ભાવના ભાવી હતી.

(૩) આ આત્માએ સંસાર સમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ જીવો સાથે અનેક પ્રકારનાં સંબંધો કર્યા. આ સંસારરૂપી જંજીરથી હું ક્યારે છૂટીશ ? સંસાર મારું વાસ્તવિક સ્થાન નથી. હું મોક્ષમયી છું, એમ ચિંતવવું તે સંસાર ભાવના છે. મલ્લિનાથ ભગવાનના છ મિત્રોએ સંસાર ભાવના ભાવી હતી.

(૪) મારો આત્મા એકલો છે, એકલો આવ્યા છે, એકલો જશે. પોતાનાં કરેલાં કર્મો એકલો ભોગવશે, એવું ચિંતવવું તે એકત્વ ભાવના છે. મૃગાપુત્રે તપસ્વી સાધુને જોઇ આ ભાવના ભાવી હતી.

(૫) આ સંસારમાં કોઈ કોઈનું નથી એમ ચિંતવવું તે અન્યત્વ ભાવના છે. મિથિલા નરેશ નમિરાજર્ષિએ દાહજ્વર નામના રોગની પીડામાં અન્યત્વ ભાવનાનું ચિંતન કર્યું હતું.

(૬) આ શરીર અપવિત્ર છે. મળમૂત્રની ખાણ છે. રોગ અને જરાનું સ્થાન છે, એ શરીરથી હું ભિન્ન છું, એમ ચિંતવવું તે છઠ્ઠી અશુચિભાવના છે. મહારૂપવંત સનત્કુમાર ચક્રવર્તીએ આ ભાવના ભાવી હતી.

(૭) રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઇત્યાદિક સર્વ આસ્રવ છે. એમ ચિંતવવું એ સાતમી આસ્રવ ભાવના છે. સમુદ્રપાળ રાજાએ ચોરને વધ સ્થાને લઇ જતાં અશુભ કર્મોનાં કટુ વિપાક વિષે વિચાર્યું.

(૮) જ્ઞાન, ધ્યાનમાં જીવ પ્રવર્તમાન થઇ નવાં કર્મો બાંધે નહીં એવી ચિંતવના કરવી તે આઠમી સંવર ભાવના છે. હરિકેશી મુનિએ બ્રાહ્મણોને યજ્ઞનો સાચો અર્થ સમજાવી સંવરરૂપી પવિત્ર અને દયામય યજ્ઞ કરવાનું કહ્યું.

(૯) જ્ઞાન સહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે, એવું ચિંતવવું તે નવમી નિર્જરા ભાવના છે. અર્જુનમાળીએ પ્રભુ મહાવીરની દેશના સાંભળી સંયમ અને તપ આદરી નિર્જરા ભાવના ભાવી હતી.

(૧૦) લોકસ્વરૂપની ઉત્પત્તિ, સ્થિતિ, વિનાશ સ્વરૂપ વિચારવું તે દશમી લોકસ્વરૂપ ભાવના છે. આ લોકનું એક પણ સ્થાન એવું નથી જ્યાં જીવે જન્મ-મરણ ન કર્યા હોય. શિવરાજ ઋષીશ્વરે લોકસ્વરૂપ ભાવના ભાવી હતી.

(૧૧) સંસારમાં ભમતા આત્માને સમ્યક્દર્શનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે તેમજ સમ્યકૃજ્ઞાન સહિત સર્વ વિરતિ પરિણામરૂપ ચારિત્ર ધર્મ પ્રાપ્ત થવો એથી પણ વધુ દુર્લભ છે; એવી ચિંતવના કરવી તે અગિયારમી બોધિ દુર્લભ ભાવના છે. શ્રી ઋષભદેવ સ્વામીના ૯૮ પુત્રોએ આ ભાવના ભાવી હતી.

(૧૨) ધર્મ ભાવના-ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રના બોધક એવા અણગાર તથા જિનવાણીનું શ્રવણ મળવું અત્યંત દુર્લભ છે, એવું ચિંતવવું એ બારમી ધર્મ દુર્લભ ભાવના છે. ધર્મરુચિ અણગારે માસક્ષમણના પારણે કડવી તુંબડીનું શાક પરઠતાં વિચાર્યું કે સર્વજ્ઞનો શુદ્ધ ધર્મ પાળ્યા વિના આત્મ ધર્મ પામી શકાય નહિં. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ સાધન ધર્મ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ અને શક્તિ એ સાધ્ય ધર્મ છે.

જ્ઞાન દર્શન ચારિત્ર અને તપમાં ભાવનાથી પ્રબળતા આવે છે. શ્રી સૂયગડાંગ સૂત્રનાં ૧લા શ્રુતસ્કંધના ૧૫ મા અધ્યયનની ૫મી ગાથામાં કહ્યું છે - **भावणा जोगसुद्धप्पा जले नावा व आहिया।**

મોક્ષમાર્ગનો મુસાફિર ભાવનાની નાવ દ્વારા મોક્ષયાત્રાની મુસાફરી નિર્વિઘ્નતાથી પાર પાડે છે.

• સાધુની બાર પડિમા[૯૪] : 'પડિમા' એટલે વિશિષ્ટ પ્રકારનો અભિગ્રહ. કર્મોની વિશેષ નિર્જરા માટે સ્વીકારવામાં આવતા કઠીન અનુષ્ઠાનોને શાસ્ત્રીય ભાષામાં પડિમા કહેવાય છે. ભિક્ષુની બાર પડિમાઓ છે.

બાર પડિમાઓની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરીને યથાશક્તિ આચરણ કરનાર સંસારનો ક્ષય કરે છે. સાધુ અને શ્રાવકની પડિમાઓનું વિસ્તૃત વર્ણન, શ્રી દશાશ્રુતસ્કંધસૂત્રમાં તથા સંક્ષેપ વર્ણન શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં જોવા મળે છે.

પ્રથમ ત્રણ સંહનન (વજ્રઋષભનારચ સંહનન, ઋષભનારચ સંહનન, નારચ સંહનન)ના ધારક, ૨૦ વર્ષની પર્યાયવાળા અને ૨૯ વર્ષની ઉંમરવાળા તથા જઘન્ય નવમા પૂર્વની ત્રીજી આચારવત્થુ પર્યંત જ્ઞાનના ધારક સાધુ, ગુરુની આજ્ઞાપૂર્વક પડિમાઓનું વહન કરી શકે છે. વર્તમાન કાળે પૂર્વનું જ્ઞાન વિચ્છેદ જવાથી આ ભિક્ષુ પ્રતિમાઓનું આરાધન સંભવિત નથી.

• પ્રતિલેખનના[૯૫] : પ્રતિલેખના એટલે નિરીક્ષણ કરવું. પ્રતિલેખના ૨૫ પ્રકારની છે. સાધુ જીવદયાના લક્ષે પ્રતિલેખના કહે છે. સાધુ દિવસમાં ત્રણ વખત પ્રતિલેખના કરે છે. (૧) પ્રભાતે (પ્રતિક્રમણ કર્યા પછી) (૨) બપોરે (ત્રીજા પ્રહરના અંતે) (૩) સૂર્યોદયથી પોણો પ્રહર વિત્યા પછી.

સાધુ પડિલેહણા દશ ઉપકરણોની કરે છે. (૧) મુહપત્તિ (૨) ચોલપટ્ટો (૩-૪-૫) ઉનનું એક અને બે સુતરાઉ કપડા (૬-૭) એક સુતરાઉ અંદરનું અને ગરમ બહારનું આસન એમ બે ઓઘાના નિશેથીયા (૮) રજોહરણ (૯) સંથારો (૧૦) ઉત્તરપટ્ટો

વસ્ત્રના ત્રણ વિભાગ કરી પ્રત્યેક વિભાગની ઉપર, નીચે અને મધ્યમાં એક એમ ત્રણ જગ્યાએ દૃષ્ટિથી જુએ. ૩ x ૩ = ૯ ભેદ થયા. એજ પ્રમાણે વસ્ત્રની બીજી બાજુ જુએ તો ૯ ભેદ, એમ કુલ ૧૮ ભેદ થયા. તેમાં પણ જીવને શંકા પડે તો આગળના ૩ અને પાછળના ૩ એમ ૬ વિભાગની ગુચ્છાથી પ્રમાર્જના કરે. એમ ૧૮ અને ૬ બરાબર ૨૪ પ્રકાર થયા. શુદ્ધ ઉપયોગપૂર્વક પ્રતિલેખના કરવી એ પચ્ચીસમો પ્રકાર છે. પડિલેહણા એ સામાન્ય અનુષ્ઠાન નથી. એમાં ચિંતવવાના પચીસ બોલ એ આત્મશુદ્ધિનું પરમ કારણ છે. પડિલેહણા એ[૯૬] જીવરક્ષા, જિનાજ્ઞાનું પાલન તથા મનને નિયંત્રણ કરવાનું અમોઘ શસ્ત્ર છે.

• અભિગ્રહ : અભિગ્રહ એ એક પ્રકારનો વિશેષ નિયમ છે. તેના ચાર પ્રકાર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ ચાર પ્રકારે અભિગ્રહ છે. છદ્મસ્થ અવસ્થામાં ભગવાન મહાવીરે ૧૩ બોલનો અભિગ્રહ ધારણ કર્યો હતો. (૧) દ્રવ્યથી - અડદના બાકડા[૧] સૂપડાના ખૂણા[૨]માં હોય. (૨) ક્ષેત્રથી દાન આપનારી સ્ત્રી ઘરના દરવાજા[૩]માં બેઠી હોય, દરવાજાની અંદર[૪] એક પગ હોય અને એક પગ બહાર હોય. (૩) કાળથી દિવસ[૫]નો ત્રીજો પહોર હોય. (૪) ભાવથી દાન આપનાર રાજકુંવરી[૬] હોય, તેના પગમાં[૭] બેડી હોય, હાથમાં[૮] હાથકડી હોય, માથું[૯] મુંડાવેલ હોય, કચ્છોટો[૧૦] વાળેલો હોય, આંખમાં આંસુ[૧૧] હોય, અઠ્ઠમ તપની[૧૨] તપશ્ચર્યા હોય અને તે મને[૧૩] આહાર આપે તો મારે લેવો. આ ચાર પ્રકારનો અભિગ્રહ ઉપાધ્યાય ધારણ કરે છે. અભિગ્રહથી આત્મવિશુદ્ધિ થાય છે[૯૭].

૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઇન્દ્રિય નિગ્રહ, ૨૫ પડિલેહણા, ૩ ગુપ્તિ, ૪ અભિગ્રહ સર્વ મળી કરણસિત્તરીના ૭૦ બોલ થાય. જે નિત્ય કરાય તે ચરણ અને વિશેષ પ્રયોજનથી કરાય તે કરણ છે. જેમકે વ્રત વગેરેનું નિત્ય પાલન કરાય છે પરંતુ પિંડવિશુદ્ધિ વગેરે પ્રયોજન હોય ત્યારે જ કરાય છે.

તત્ત્વાર્થ સૂત્રમાં કહે છે – **सगुप्ति - समिति - धर्मानुप्रेक्षा - परिषहजय - चारित्रैः ।। ९-२**
અર્થ : ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રથી સંવર થાય છે. શ્રમણાચાર એ સંવર અને નિર્જરાનું કારણ છે. કવિએ આત્મશુદ્ધિના હાર્દને સમજાવવા પંચાચારનું વિશદ વર્ણન કર્યું છે.પંચાચારનું સમ્યક્ પાલન કરનાર સાધક ભાવ સાધુતાની દિશામાં સોપાન ચડે છે.

• ષડાવશ્યકની કરણીથી પંચાચારની શુદ્ધિ થાય છે. (૧) સામાયિક આવશ્યકથી જ્ઞાનાચારની શુદ્ધિ થાય છે. સામાયિકમાં પાંચ પ્રકારનો સ્વાધ્યાય થાય છે.

(૨) ચૌવિસંથો અને વંદન આવશ્યકથી દર્શનાચારની શુદ્ધિ થાય છે કારણકે તેમાં જિનેશ્વર દેવ પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ છે.

(૩) પ્રતિક્રમણથી ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.

(૪) કાઉસગ્ગ અને પ્રત્યાખ્યાનથી તપાચારની શુદ્ધિ થાય છે.

(૫) ઉપરોક્ત છ આવશ્યકમાં યથાશક્તિ વિધિ અને નિષેધપૂર્વકની પ્રવૃત્તિ કરતાં વીર્યાચારની શુદ્ધિ થાય છે.

• સાધુ સત્યાવીસ (૨૭) ગુણોથી યુક્ત છે.[૯૮] (૧-૫) પંચાચારનું પાલન કરે, (૬-૧૦) પાંચ ઈન્દ્રિય વિજય, (૧૧-૧૪) ચાર પ્રકારના કષાયથી નિવર્તે, (૧૫-૧૬-૧૭) ત્રિયોગની સમાધારણતા, (૧૮) ભાવ સત્ય-પરિણામોની નિર્મળતા, (૧૯) કરણ સત્ય-કરણ સિત્તરીના ૭૦ બોલનું (ઉપર દર્શાવેલ છે) પાલન અને જિનાજ્ઞાનું આચરણ કરે, (૨૦) જોગ સત્ય-મન, વચન અને કાયાના યોગની સત્યતા (સરળતા) રાખે, (૨૧) જ્ઞાન સંપન્નતા, (૨૨) દર્શન સંપન્નતા, (૨૩) ચારિત્ર સંપન્નતા, (૨૪) ખંતી, (૨૫) સંવેગવાન, (૨૬) ઉપસર્ગ પરિષહ સહન કરે, (૨૭) મારણાંતિક કષ્ટ સહન કરે, સમાધિમરણ પ્રાપ્ત કરે.

• દિગંબર સંપ્રદાયમાં શ્રમણના ૨૮ ગુણો દર્શાવેલ છે. (૧-૫) પાંચ મહાવ્રત (૬-૧૦) પાંચ સમિતિ (૧૧-૧૫) પાંચ ઈન્દ્રિયોના વિષયોથી નિવર્તવું (૧૬-૨૧) છ આવશ્યક - સમતા, સ્તુતિ, વંદના, પ્રતિક્રમણ, આલોચના (અથવા સ્વાધ્યાય), પ્રત્યાખ્યાન (૨૨-૨૮) અન્ય ગુણ - કેશલોચન, અચેલ, અસ્નાન, ભૂમિશયન, અદંતધોવન, ઊભા ઊભા ભોજન, દિવસમાં એકવાર અલ્પ આહાર.

કવિએ કડી-૨૦૪ માં ચારિત્રને ખાંડાધારની ઉપમા આપી છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનમાં મૃગાપુત્રને તેના માતા-પિતા ૨૪ થી ૪૩ એમ અઢાર ગાથાઓમાં સંયમની દુષ્કરતા સમજાવે છે.[૯૯] શ્રમણ ધર્મમાં કેશલોચ,ઘોર બ્રહમચર્યનું પાલન,પગે વિહાર, માધુકરી ભિક્ષા ઇત્યાદિ મહાસત્ત્વશાળી આત્માઓ માટે પણ દુષ્કર છે. મુનિ સત્તરભેદે સંયમ પાળે છે.

**संयमनं, सम्यगुपरमणं सावद्ययोगादिति संयमः ।**

અર્થ : સર્વ આશ્રવના કારણોથી નિવૃત્ત થવું, તે સંયમ છે. આત્મભાવમાં સ્થિર થવું, તે સંયમ છે.

• સંયમના સત્તર ભેદ :[૧૦૦] પૃથ્વીકાય, અપકાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને વિકલેન્દ્રિયનો સંયમ, અજીવકાય સંયમ (મૂલ્યવાન વસ્ત્ર, પાત્ર ન લેવા તેમજ મર્યાદિત ગ્રહણ કરવા), પ્રેક્ષા સંયમ (પ્રતિલેખન), ઉપેક્ષા સંયમ (માધ્યસ્થભાવ), પરિષ્ઠાપન સંયમ, પ્રમાર્જન (વસ્ત્ર, પાત્ર પૂંજવા) સંયમ, મન

સંયમ, વચન સંયમ અને કાયા સંયમ. આ સત્તર પ્રકારનો સંયમ છે.

• બીજી રીતે પણ સંયમના સત્તર ભેદ છે.[૧૦૧] (૧-૫) પાંચ અવ્રતથી નિવર્તવું, (૬-૧૦) પાંચ ઇન્દ્રિયોના વિષય પર નિયંત્રણ, (૧૧-૧૪) ક્રોધાદિ ચાર કષાયનો ત્યાગ, (૧૫-૧૭) કાયિક, વાચિક અને માનસિક સંયમ. મુનિ અહિંસાના રક્ષણ માટે સત્તર ભેદોનું પાલન કરે છે, તેમજ પાંચ આશ્રવને રોકે છે.

• પાંચ આશ્રવ : શ્રી સ્થાનાંગ સૂત્રમાં આશ્રવની વ્યાખ્યા દર્શાવતાં સૂત્રકાર કહે છે -

**आ अभिविधिना सर्व व्यापक विधित्वेन श्रौति - सन्नति कर्म येभ्यस्ते आश्रवाः**[૧૦૨]

અર્થ : જેનાથી આત્મપ્રદેશોમાં કર્મ પરમાણુ પ્રવિષ્ટ થાય તેને આશ્રવ કહેવાય છે.

શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં પણ આ પ્રમાણે પાંચ આશ્રવ કહ્યા છે.[૧૦૩] હિંસા, અસત્ય, અદત્તાદાન, અબ્રહ્મ અને પરિગ્રહ આ પાંચ આશ્રવ છે.

કવિએ કડી-૨૦૬માં કષાયોને મોટા ચોરની ઉપમા આપી છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયનમાં કષાયને (સૂત્ર-૧૦) ચાંડાળની ઉપમા આપેલ છે. રત્નાકરપચ્ચીસીમાં પણ પૂર્વાચાર્ય કહે છે -

**दग्धोऽग्निना क्रोधमयेन दृष्टो, दुष्टेन लोभाख्यमहोरगेण ।**[૧૦૪]
**ग्रस्तोऽभिमानाजागरेण माया-जालेन बद्धोऽस्मि कथं भजे त्वं ।।**

અર્થ: રત્નાકરસૂરિએ ક્રોધને અગ્નિની, લોભને સર્પની, માનને અજગરની અને માયાને જાળની ઉપમા આપી છે.

ક્રોધની પ્રચુરતા નરકમાં, માનની પ્રચુરતા મનુષ્યમાં, માયાની પ્રચુરતા તિર્યંચમાં અને લોભની પ્રચુરતા દેવમાં હોય છે. ક્રોધથી પ્રીતિ, માનથી વિનય, માયાથી મિત્રતા અને લોભથી સર્વ સદ્‌ગુણોનો વિનાશ થાય છે. માયા પ્રાયઃવક્રતાયુક્ત હોય છે. જ્યાં વક્રતાં હોય ત્યાં સરળતા ન હોય. જ્યાં સરળતા નથી ત્યાં ધર્મ નથી. **सोही उज्जुय भूयस्स धम्मो शुद्धस्स चिट्ठई ।।**[૧૦૫] ઋજુતા ધર્મપ્રાપ્તિનું પ્રથમ સોપાન છે.

કવિએ માયાના સંદર્ભમાં મલ્લિનાથ ભગવાનનું દષ્ટાંત આપ્યું છે. સામાન્ય રીતે તીર્થંકરો પુરુષ જ હોય છે, પરંતુ અનંત ચોવીસી બાદ ક્યારેક આવી આશ્ચર્યકારક ઘટના ઘટે છે. મલ્લિનાથ ભગવાને પૂર્વનાં મહાબળમુનિના ભવમાં પોતાના મિત્રો સાથે કપટ કરી અધિક તપ કર્યું. તેથી તેમણે સ્ત્રીવેદ બાંધ્યુ. તેમણે અર્હદ્ ભક્તિ વડે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું, તેથી મિથિલા નગરીના કુંભ રાજાની રાણી પ્રભાવતીના ઉદરે પુત્રીરૂપે જન્મ્યા. આ પ્રમાણે માયાના કારણે મલ્લિનાથ ભગવાન સ્ત્રીપણે ઉત્પન્ન થયા.[૧૦૬] પુરુષવેદનો બંધ કરેલ આત્મા જ ક્ષાયિક સમકિતનો પ્રારંભ કરે છે. સ્ત્રીવેદનો બંધ કરેલ આત્મા ક્ષાયિક સમકિતનો પ્રારંભ કરતો નથી.

કવિ ઋષભદાસે કડી ૨૧૭માં આચાર્યને સર્વજ્ઞ પ્રભુના પુત્રની ઉપમા આપી છે તેમજ ઢાળ-૬માં આચાર્યને જિનેશ્વરનો 'પાટવી કુંવર' કહ્યો છે. આદિપુરાણમાં જિનસેન સ્વામીએ સર્ગ ૨, શ્લોક-૫૪માં ગૌતમ ગણધર(ગણધરને આચાર્ય પદમાં ગણ્યા છે)ને 'સર્વજ્ઞપુત્ર' કહ્યા છે,[૧૦૭] તેમજ સમકિતીને જિનેશ્વરના 'લઘુનંદન'ની ઉપમા આપી છે. મુનિ મોક્ષ માર્ગમાં કેલિ કરે છે. તે અલ્પકાળમાં સિદ્ધ થશે તેથી મુનિ સર્વજ્ઞનો

મોટો પુત્ર છે, જ્યારે સમકિતી સર્વજ્ઞનો વારસદાર હોવાથી નાનો પુત્ર છે.

સંવરકરણી આદરવાથી આત્મારૂપી વહાણમાં આશ્રવરૂપી છિદ્રોમાંથી પાપરૂપ પાણી આવતું બંધ થાય છે. ભવ્ય જીવને તરવા માટે ચારિત્ર લેવું જરૂરી છે. સમક્તિ સહિતનું ચારિત્ર સિદ્ધનો સ્વાદ ચખાવે છે.

**તૃણ પેરે ષટ્ખંડ તજીને, ચક્રવર્તી પણ વરીઓ,**
**એ ચારિત્ર શિવસુખ કારણ, તે સૌ ચિત્તમાં ધરીઓ.**

પંચાચારના પાલનથી (૧) આ ભવમાં રાગાદિ કષાયોની હાનિ થાય છે. (૨) ઉદારતા, લોકપ્રિયતા, પરલોકમાં સદ્ગતિ થાય છે. (૩) ઉત્તમ સ્થાનની પ્રાપ્તિ થાય છે. (૪) પરંપરાએ મોક્ષ મળે છે.[૧૦૮]

## સુધર્મ તત્ત્વની આરાધના

**ઢાળ : ૧૦ (હું તો તનું દોષિં કરી નાગો. રાગ : રામગિરી)**

**વીર જિણંદિં ધર્મ પ્રકાસ્યો, તે મોરિ મનિં ભાસ્યો;**
**સોય ધર્મ નવ્ય મૂકુ રે, જ્યમ તીલ મોગર વાસ્યો રે.**
**જીનજી સાચો કહ્યો તિ ધર્મ.... આંચલી. ...૨૧૫**
**જીવ તણો વધ નહી જિન ધર્મઇં, મૃષા ન બોલિ મર્મઇં;**
**વણ દીધૂં નવ્ય કલપિ રે તર્ણું, નવિ લેપાયિ કરમિં રે. જીનજી. ...૨૧૬**
**સીલ વર્ત ભાસ્યું જિન ધરમિં, કોડી એક ન રાખિ;**
**નીશ ભોજન નવ્ય કરતારે કહીંઇ, નીમત વચન નવ્ય ભાખિ રે. જીનજી. ...૨૧૭**
**મુકી માન ખ્યમા બહુ કર્ત્તા, તે નર દીસઇ તર્ત્તા;**
**લોભ રહીત મુની સંયમધારી, દેસવદેસિં ફરતા રે. જીનજી. ...૨૧૮**
**અંદ્રી દમન કહ્યો જિન ધરમિં, પર અવગુણ નવ્ય લેવો;**
**પર ઉપગારી ઉપશમધારી, દોષ શરાપ ન દેવો રે. જીનજી. ...૨૧૯**
**વિનો વિવેક કહ્યો જિન ધર્મઇં, સાર વચન મુખ્ય બોલિ;**
**ગુણ પરના દેખી પણ્ય લેવા, નહી કો જિન ધર્મ તોલિ રે. જીનજી. ...૨૨૦**
**એહેવો ધર્મ કહ્યો જિન તાહારો, ભેદ કહ્યા ત્યાંહાં દો એ;**
**મુનીવર ધર્મ શ્રાવક પણ્ય કેરો, બાર વ્રત તીહાં હોય રે. જીનજી. ...૨૨૧**
**વલી જિન દેવા ધર્મ તણા કહિ, ભેદ ભલા વલી ચ્યારો;**
**દાન સીલ તપ ભાવન ભાવિ, તે પામિ ભવ પાર રે. જીનજી. ...૨૨૨**

અર્થ : તીર્થંકર મહાવીર ભગવાન દ્વારા આ ધર્મ પ્રકાશિત થયો છે. તે ધર્મ મને અતિશય પ્રિય છે. તે ધર્મને હું છોડીશ નહિં. તે ધર્મ તલમાં તેલની જેમ મારા મનમાં એકમેક થઇ વસેલો છે. જિનેશ્વરે પ્રરૂપેલો ધર્મ સત્ય છે, નિઃશંક છે...૨૧૫

જૈનધર્મમાં પ્રાણી વધનો નિષેધ કર્યો છે, તેમાં મર્મકારી અસત્ય ભાષાનો પ્રયોગ થતો નથી. તેમાં

અણદીધેલું એક તણખલું પણ લેવાતું નથી. જૈન ધર્મનું પાલન કરનારા કર્મથી લેપાતા નથી...૨૧૬

જૈનધર્મમાં (શીયળ) બ્રહ્મચર્ય વ્રત દર્શાવેલ છે. મુનિ પોતાની પાસે એક પૈસો પણ રાખતા નથી. તેઓ નિશિ ભોજન (રાત્રિભોજન) કરતા નથી. તેઓ નિશ્ચયકારી ભાષા બોલતા નથી...૨૧૭

જે જીવ અહંકાર છોડી ક્ષમા ગુણને ધારણ કરે છે તે ભવ સમુદ્રમાં તરતા દેખાય છે. સંયમધારી મુનિ લોભ કષાયથી રહિત હોય છે. (તેઓ સંપૂર્ણપણે પરિગ્રહ ત્યાગ કરવાથી ઘર વિનાના અણગાર બની) દેશ વિદેશમાં ફરે છે ...૨૧૮

ઇન્દ્રિય નિગ્રહ કરવો, અન્યના અવગુણ ન બોલવા, પરોપકારના કાર્ય કરવાં, કષાયોને ઉપશાંત કરવા, અન્યને દોષ ન આપવો, તેમજ કોઇને શ્રાપ ન આપવો એવું જિનધર્મ કહે છે ...૨૧૯

વિનય, વિવેક, ઉત્તમ વચનો બોલવાં, અન્યનાં ગુણો જોઇ ગુણગ્રાહી બનવું; એવું જિનધર્મ કહે છે. જિનધર્મની તોલે અન્ય કોઇ ધર્મ ન આવી શકે ...૨૨૦

જિનેશ્વર દેવે આવા ઉત્તમ ધર્મની પ્રરૂપણા કરી છે. આ ધર્મના બે પ્રકાર છે. મુનિધર્મ અને શ્રાવકધર્મ. શ્રાવકધર્મમાં બાર વ્રત કહ્યા છે ...૨૨૧

વળી જિનેશ્વર દેવે ધર્મના મુખ્ય ચાર પ્રકાર કહ્યા છે. દાન, શીલ, તપ અને ભાવ. આ ચાર ધર્મનું પાલન કરી જીવ (પરિત સંસારી બની) સંસાર સમાપ્ત કરે છે ...૨૨૨

• સુધર્મ : જૈનદર્શનમાં ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે છે. **वत्थु सहावो धम्मो** - વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ છે. **दुर्गतिं प्रपतज्जंतून् धारयति इति धर्मः** ।। - દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને ધારણ કરી રાખે તે ધર્મ છે.

જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ, ઉપયોગ એ આત્માનો ધર્મ છે. તેને સ્પર્શ કરવો તે આત્મધર્મ છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પલ્યોપમ પૃથકત્વ(૨ થી ૯ પલ્યોપમ) જેટલી મોહનીય કર્મની સ્થિતિ ઓછી થાય ત્યારે દેશવિરતિ ધર્મ પ્રાપ્ત થાય. ત્યાર પછી સર્વવિરતિ, ઉપશમ શ્રેણી, ક્ષપકશ્રેણીમાંના દરેકની પ્રાપ્તિ વખતે સંખ્યાતા-સંખ્યાતા સાગરોપમની સ્થિતિનો ઘટાડો જરૂરી બને છે. ભગવાને બે પ્રકારના ધર્મ બતાવ્યા છે. (૧) અણગાર ધર્મ, (૨) આગાર ધર્મ. અણગાર ધર્મને શ્રમણાચાર કહેવાય છે. આગાર ધર્મને શ્રાવકાચાર કહેવાય છે. શ્રી ઉપાસકદશાંગ, રત્નકરંડક શ્રાવકાચાર, ધર્મબિંદુ, ધર્મસંગ્રહ, યોગશાસ્ત્ર, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ ગ્રંથોમાં શ્રાવકાચાર દર્શાવેલ છે.

કવિએ ઢાળ ૧૦માં શ્રમણાચારની સાથે સાથે શ્રાવકાચારનો પણ ઉલ્લેખ કર્યો છે. ગૃહસ્થનો સામાન્ય ધર્મ એટલે માર્ગાનુસારીના પાંત્રીસ બોલ. સામાન્ય ધર્મનું પાલન કરતો કરતો ઉત્તરોત્તર પ્રગતિ કરતાં ગૃહસ્થના વિશેષ ધર્મનું પાલન કરતાં ભાવશ્રાવક બને છે. સમકિત સહિત બાર વ્રતધારી, નિત્ય જિનવાણીનું શ્રવણ કરનારો ભાવશ્રાવક છે. શ્રાવકને યોગ્ય સદાચારના છત્રીસ પ્રકારનાં કૃત્યોનું વર્ણન 'મન્હજિણાણં સજ્ઝાય'માં છે. શ્રાવક વ્યવહારથી ૧૨ વ્રત, ૨૧ ગુણ, ૨૧ લક્ષણ, ૧૧ પ્રતિમાનું યથાશક્તિ પાલન કરે છે તેમજ દાન, શીલ, તપ અને ભાવધર્મનું આચરણ કરે છે. બાર વ્રતોને આશ્રયીને ૧૩,૮૪,૧૨,૮૭,૨૦૨ ભાંગાઓ છે. તે સમકિત વિના ટકી શકતા નથી.[૧૦૯] વ્રતધારી શ્રાવક સાત ક્ષેત્રમાં (જિનબિંબ, જિનમંદિર, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) પોતાના ધનનો ખર્ચ કરે છે તે મહાશ્રાવક કહેવાય છે[૧૧૦].

ગૃહસ્થપણામાં શ્રાવકાચારનું આચરણ કરતાં સુલસા શ્રાવિકા, આનંદ આદિ ૧૦ શ્રાવકો, સુદર્શન શેઠ, પુણિયા શ્રાવક વગેરે જીવો તરી ગયા છે.

શ્રમણાચાર અને શ્રાવકાચારના મૂળ સમાન સમ્યક્ત્વ છે. દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકે અંશતઃ સંવરનું પાલન કરતો સાધક છઠ્ઠા ગુણ સ્થાનકે સમ્યક્ચારિત્રમાં લીન બનવાનો પ્રયાસ આદરે છે. શ્રાવકાચારનું ૫મું ગુણસ્થાનક છે, જેમાં અંશે સંવરનું પાલન છે. શ્રમણાચારના ૬ થી ૧૪ ગુણસ્થાનક છે. જ્યાં સર્વાંશે સંવરનું પાલન છે; જેનું સ્વરૂપ કવિએ આ રાસકૃતિમાં ખૂબ વિશદતાથી દર્શાવ્યું છે. વિશુદ્ધ સમ્યક્ત્વ એ ચારિત્ર છે અને ચારિત્ર એજ વિશુદ્ધ સમ્યક્ત્વ છે. મુનિનો અખંડાચાર-ચારિત્ર[૫૫] મૌન છે. જે યથાવાદ કરે તે મુનિ જ સમ્યક્ત્વી છે.

આ ચાર પ્રકારના ધર્મમાં દાનને પ્રથમ સ્થાન આપ્યું છે કારણકે શ્રાવક નિઃસ્પૃહ બન્યા વિના શ્રમણ ન બની શકે. હવે કવિ દાનધર્મનું સ્વરૂપ દર્શાવે છે.

-દુહા-૧૩-

પાર લહિ તે ભવતણો. જે નર દેતા દાન;
ઉત્તમ પાત્ર જિનેશ્વરું, દેતા મુગતિ નીધ્યાન. ...૨૨૩

અર્થ : જે મનુષ્ય દાન આપે છે તે સંસારનો અંત આણે છે. આ જગતમાં (દાન આપવા લાયક) શ્રેષ્ઠ પાત્ર જિનેશ્વરદેવ છે. તેમને ભાવપૂર્વક દાન આપતાં અવશ્ય મુક્તિરૂપી ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે ... ૨૨૩

## સુપાત્રદાનની મહત્તા

### ઢાળ-૧૧ (ઉલાલાની કંસારી મન મોહિ રાગ – ધન્યાસી)

પ્રથમિ દાતા શ્રેઅંસો, ઠારયો રીષભનો હંસા;
બીજો વૃષભદત્ત ફાવ્યો, અજીવ જિનંદ પ્રતલાભ્યો. ...૨૨૪
સૂરેંદ્રદત્ત શ્રુભ હાથો, પાર્ણુ સંભવ નાથો;
ચોથા અંદ્રદિત્ત ધીરો, અભીનંદનનિ દિ ખીરો. ...૨૨૫
પાંચમો પદ્મ દાતારો, કીધી સૂમતિની સારો;
છઠો તો સોમદેવા, પદ્મપ્રભ કરઇ સેવો. ...૨૨૬
પોહોતી મહેદ્રદત્ત આસો, પ્રતિલાભ્યા શ્રી(અં*) સૂપાસો;
આઠમો, સોમદત્ત ધારયો, ચંદ્ર પ્રભ તન ઠારયો. ...૨૨૭
મોટો એહ દાતારો, હેમ લહઇ કોડિ સાઢીબારો;
ઉત્તમ એ નર આઠો, તેણઇ ભવ્ય મૂગતિની વાટો. ...૨૨૮
નોમા પૂર્ષ બહૂબુધી, ખીરિ પારણૂં સૂવધી;
પૂનરવસુ હુઓ નેહો, ઠારી સીતલ દેહો. ...૨૨૯

---

* (અ)માં મૂકેલ શબ્દ વધારાનો હોવાથી અર્થમાં અડચણરૂપ છે. અહીં અ શબ્દ છંદપૂર્તિ માટે વપરાયો છે.

ધ્યન ધ્યન નંદનુ બારો, શ્રી શ્રેયાંસ લઇ આહારો;
બારમો શ્રી (અ) સૂનંદો, પ્રત લાભ્યા વાસપૂજ્ય ચંદો. ...૨૩૦
વીકસ્યુ જયનું કમલો, ખીર દીઇ દેખી (અ) વીમલો;
ચઉદમો વીજય ગુણવંતો, પ્રત લાભ્યા સ્વામી અનંતો. ...૨૩૧
(સ)ધ(ર્મ)* સીહી ધૂઇ કર્મો, પ્રતિલાભ્યા સ્વામી (અ) ધર્મો;
સોલમો દાતાર સૂમીત્રો, પ્રતલાભ્યા સાંતિ પવિત્રો. ...૨૩૨
વિઘ્નસીહી સ્થુભ પંથો, પ્રતિલાભ્યા સ્વામી(અ) કુંથો;
અપરાજીત દાતારો, આપિ અરનાથ આરાહા. ...૨૩૩
ઓગણીસમો વીસ્વસેનો, મલ્લીનાથનિ દીઇ તેનો;
વીસમો તે બ્રહ્મદત્તો, પ્રતલાભ્યા મૂની સૂવ્રત્તો. ...૨૩૪
દત્તઘરિ ઉચ્છવ થાતો, પ્રતલાભ્યા નમી નાથો;
વરદિત્ત ઘરી હોઇ ખેમો, પ્રતલાભ્યા સ્વામી(અ) નેમો. ...૨૩૫
ધના ઘરેઇ જિન પાસો, ખીર દઇ પૂરિ આસો;
બહુલ ઘરિં જિન વીરો, પહિલિ પારણઇ ખીરો. ...૨૩૬
એ ચોવીસિ તે દાની, આઠ પહિલિ ભવિ ગ્યાની;
સોલ પૂર્ષ બીજા જે હો, ત્રતીઅ ભવિં સીઝિ તે હો. ...૨૩૭

અર્થ : પ્રથમ અન્નનું દાન દેનાર શ્રેયાંસકુમાર હતા, જેમણે પ્રથમ તીર્થંકર ઋષભદેવના હંસ કહેતાં ઉદરને ઇક્ષુરસ દ્વારા ઠાર્યું. બીજા અજીતનાથ જિનેશ્વરને દાન આપવાનું સૌભાગ્ય વૃષભદત્ત રાજાને મળ્યું ...૨૨૪

સંભવનાથ તીર્થંકરનું ઉપવાસનું પારણું સુરેન્દ્રદત્ત રાજાના હાથે થયું. ચોથા દાતાર ઇન્દ્રદત્ત રાજા, જે ધૈર્યવાન હતા. તેમણે અભિનંદન સ્વામીને ખીરનું દાન આપ્યું ...૨૨૫

પાંચમા (વિજયપુર નગરનો) પદ્મરાજા જેણે સુમતિનાથ ભગવાનને દાન આપી લાભ લીધો. છઠ્ઠા સોમદેવ રાજા જેણે પદ્મપ્રભુને દાન આપી સેવા કરી ...૨૨૬

શ્રી સુપાર્શ્વનાથ પ્રભુને દાન આપવાથી મહેન્દ્રદત્ત રાજાની સર્વ મનોકામના પૂર્ણ થઇ. આઠમા દાતાર સોમદત્ત રાજા હતા, જેણે ચંદ્રપ્રભ સ્વામીનું અંતઃકરણ ઠાર્યું એટલેકે શાતા પહોંચાડી ...૨૨૭

ઉપરોક્ત સર્વ દાતારોને તીર્થંકરોને દાન આપવાથી સાડા બાર ક્રોડ સોનૈયા (દેવવૃષ્ટિથી) પ્રાપ્ત થયા. આ આઠે ઉત્તમ દાતાર પુરુષ તે જ ભવે મુક્તિ પંથે ગયા ...૨૨૮

નવમા દાતાર પુષ્પરાજા જે તીવ્ર બુદ્ધિશાળી હતા. તેણે સુવિધિનાથ પ્રભુને ખીરનું દાન આપી પારણું કરાવ્યું. પુનર્વસુ રાજાએ શીતલનાથ સ્વામીની આંતરડી ઠારી ...૨૨૯

નંદ રાજાનું આંગન શ્રેયાંસનાથ સ્વામીને ખીરનું દાન આપવાથી પવિત્ર થયું. બારમા દાતાર સુનંદ રાજા હતા. તેણે વાસુપૂજ્ય સ્વામીને દાન આપી લાભ મેળવ્યો ...૨૩૦

---

* કડી નંબર ૨૩૨માં (સ) શબ્દ વધારાનો છે તેમજ (ર્મ) શબ્દ ઉમેર્યો છે. જેથી ધર્મસિંહ શબ્દ બને છે.

(તેરમા) વિમલનાથ પ્રભુને ખીરનું દાન આપી જય રાજાએ પોતાના હાથ પવિત્ર કર્યા. ગુણવાન વિજય રાજાએ ચૌદમા અનંતનાથ સ્વામીને સુપાત્ર દાન આપ્યું ...૨૩૧

ધર્મસિંહ રાજાએ (પંદરમા) ધર્મનાથ સ્વામીને ખીરનું દાન વહોરાવી પોતાના કર્મો ક્ષય કર્યા. સોળમા દાતાર સુમિત્ર રાજાએ (સોળમા) શાંતિનાથ પ્રભુને પારણું કરાવી પોતાનું જીવન પવિત્ર કર્યું ...૨૩૨

રાજા વ્યાઘ્રસિંહે (સત્તરમા) કુંથુનાથ જિનને દાન આપી શુભપંથે પ્રયાણ કર્યું. અપરાજિત રાજાએ (અઢારમા) અરનાથ પ્રભુને દાન આપી આત્માનો ઉત્કર્ષ કર્યો ...૨૩૩

ઓગણીસમા દાતાર વિશ્વસેનરાજાએ જેણે મલ્લિનાથ ભગવાનને ખીરનું દાન આપ્યું. વીસમા દાતાર બ્રહ્મદત્ત રાજા હતા, જેમણે મુનિસુવ્રત સ્વામીને પારણું કરાવવાનો લાભ મેળવ્યો ...૨૩૪

દત્તરાજાના ઘરે (એકવીસમા) નમિનાથ ભગવાનના પારણાનો લાભ થતાં ઉત્સવ ઉજવાયો. (બાવીસમા) નેમનાથ ભગવાનનું પારણું વરદત્ત બ્રાહ્મણના ઘરે થવાથી ક્ષેમ કુશળતા વર્તાઇ ...૨૩૫

ધન્ય નામના ગૃહસ્થના ઘરે (ત્રેવીસમા) પાર્શ્વનાથ જિનનું પારણું ખીર વડે થતાં તેની સર્વ આશા પૂર્ણ થઇ. (ચોવીસમા) મહાવીર સ્વામીને બહુલ બ્રાહ્મણને ત્યાંથી પારણામાં ખીર પ્રાપ્ત થઇ ...૨૩૬

ઉપરોક્ત દાતાર પુરુષો વર્તમાન ચોવીસીના છે. તેમાંથી આઠ તેજ ભવે કેવળજ્ઞાની થયા. બાકીના સોળ દાનેશ્વરી ત્રીજા ભવે મુક્તિ મેળવશે ...૨૩૭

આ ઢાળમાં કવિએ ૨૪ તીર્થંકરને સુપાત્રદાન આપનાર દાતાઓના નામનો ઉલ્લેખ કર્યો છે.

• દાન : દાનના અનુકંપાદાન, ઔચિત્યદાન, સુપાત્રદાન, કીર્તિદાન અને અભયદાન આદિ પ્રકાર છે. તેમાં ગૃહસ્થો માટે સુપાત્રદાન શ્રેષ્ઠ છે. સુપાત્રનો મહિમા વર્ણવતાં આચાર્ય રાજશેખરસૂરિ મ. કહે છે -

**मिथ्यादृष्टि सहस्त्रेभ्यो, वरमेको जिनाश्रयी।**[११२]

**जिनाश्रयि सहस्त्रेभ्यो, वरमेको लघुव्रती ।।**

**लघुव्रति सहस्त्रेभ्यो, वरमेको महाव्रती**

**महाव्रती सहस्त्रेभ्यो, वरमेको जिनेश्वर ।।**

અર્થ : હજારો મિથ્યાદ્દષ્ટિઓથી એક સમ્યગ્દૃષ્ટિ ઉત્તમ છે, હજારો સમ્યગ્દષ્ટિઓથી એક અણુવ્રતી ઉત્તમ છે, હજારો અણુવ્રતીઓથી એક મહાવ્રતધારી ઉત્તમ છે, હજારો મહાવ્રતધારીઓથી એક જિનેશ્વરદેવ ઉત્તમ છે. જિનેશ્વર એ શ્રેષ્ઠ પ્રકારના સુપાત્ર છે. સુપાત્રદાન અતિ ઉત્તમ છે. સુપાત્ર દાનથી સમ્યક્ત્વની પ્રાપ્તિ અને સંસાર પરિત થાય છે.[११३]

યોગબિંદુ ગ્રંથકાર કહે છે - ધર્મમાં દાનનું સ્થાન પ્રથમ છે. દાન દરિદ્રતાનો નાશ કરે છે. લોકોમાં કીર્તિ વધારે છે. દાનેશ્વરી લોકોમાં પ્રિય બને છે[११४]. પોતાને પ્રાપ્ત થયેલ સંપત્તિનો જે સમીચીન સંવિભાગ કરતા નથી તે મોક્ષ જેવી મૂલ્યવાન સંપત્તિ પ્રાપ્ત કરી શકતા નથી.

-દુહા - ૧૪-

ત્રીજઇ ભવ્ય સીઝિ, પ્રતલાભ્યા ભગવંત,
ષટ થાનકિ દેતાં વલી, પામિ સૂખ અનંત. ...૨૩૮

અર્થ : જિનેશ્વર ભગવંતોને દાન આપનાર વ્યક્તિ ત્રીજે ભવે અવશ્ય મુક્તિ પામે છે. વળી છ સ્થાનોમાં દાન આપતાં અનંત સુખ પ્રાપ્ત થાય છે ...૨૩૮

જિનેશ્વર ભગવંતોને દાન આપનાર વ્યક્તિ (જેમના ઘરે પ્રથમ આદિ તપનાં પારણાં કર્યાં છે, કરે છે અને કરશે તે ભવ્યાત્મા) મોક્ષગામી જાણવા. અભવીને તીર્થંકરના હાથનું દાન મળે નહીં.

ચોપાઇ ૭ : ચાર પ્રકારના ધર્મ

પ્રથમિ જ્ઞાનવંતનિં જોય, દીજઇ દાન તો બહૂ ફલ હોય;
પંથ તણો ચાલ્યો આવીઊ, જેણઇ દીધૂં નર તે ફાવીઉં. ...૨૩૯
ગલાણ લોચ કરાવણ હાર,જેણઇ દીધૂ તે પામ્યા પાર;
પારણિ ઉત્તર ચારણઇ મન્ય, એતિ ઠામ્ય દીધિ બહૂ પૂન્ય. ...૨૪૦
ઉત્તમ કુલ લખમી આભર્ણ રૂપ સહીતનિં સૂદર વર્ણ;
દાન વિના નવિ સોભિ તસ્યો, ગજ મદ વારચ ઝરયા વિના જસ્યો. ...૨૪૧
દીધા વ્યન દારદ્રી હોય, દાસપણું દો ભાગી સોય;
પરનો પ્રભવ હુઇ નર દીન, તે નર કાયર માગિ મીન. ...૨૪૨
પસૂ નારકી દેવતામાહિં, દાન ન દેવું દીસિ પ્રાહિં;
તે માટિ નર ભવ વીખ્યાત, નીતિં કીજઇ દીધાની વાત. ...૨૪૩
દાન સીલ તપ જો આદરિ, સ્યુધ ભાવ હઇઇ નવિ ધરિ;
તો ત્રણે નવિ પામઇ મુલ, યમ જગમાંહિ ઇષુકંદ ફૂલ. ...૨૫૧
પાત્રિ દાનનિં પાલિ સીલ, આ ભવ્ય પરભવ્ય તેહનિં લીલ;
સીવ કુમારનિં જંબૂસ્વામિ, સીલ ગ્રહી મન રાખ્યાં ઠામિ. ...૨૪૪
વહિર સ્વામિનિં મેઘકુમાર, મૂક્યા જેણઇ કામ વીકાર;
સોઠિ સુદ્રસ્લતણું લ્યુ નામ, સીલિ વાધ્યા બહૂં ગુણગ્રામ. ...૨૪૫
થૂલિભદ્રની વાધી માંમ, ચોરાસી ચોવીસી નામ;
સીલિં નારદ સીવ પૂરી ગયા, સીલ તણા ગુણ જગ્ય બહુ લહ્યા. ...૨૪૬
સ્યુધ સીલનિં તપ બહુ તપઇ વીકટ કર્મ તે સઘલાં ખપઇ,
ચક્રી ઐંદ્રની પદવી લહિ, દેવ કોડય તસ આન્યા વહિ ...૨૪૭

નંદષેણ મુની તપ બહુ કરી, વસૂદેવ હુઓ તે મરી,
બોહોતિરિ સહિસ અંતે ઉર વલી, ચક્રીની પરિલીલા કરી ...૨૪૮
તપરૂપીઉં વીરખ છિ જેહ, તેહનાં ફલ વલી કહીઇ એહ,
ફલ એહનાં મુગતિ સહી હોય, પાંડવ પરમુખ મુનીવર જોય ...૨૪૯
દ્રઢ પ્રાહારી ઢંઢણકુમાર, અર્જન માલી પામ્યુ પાર,
ચોથો જોય ઉદાઇ રાય, તપ તપતાં મુની મુગતિ જાય ...૨૫૦
સ્યુધભાવ નર દેહી પરી ભજઇ, ચઉદ બોલથી તે ઉપજઇ;
સમકીત સૂધ ચારીત્રની સૂધ્ય, અંદ્રી જઇ કરવાની બુધ્ય. ...૨૫૨
કષાય નીગૃહિ ગુરૂકુલવાસ, દોષ ટાલવા કરઇ અભ્યાસ;
વીનિ વઇરાગ વચાવચ કરઇ, શ્રી સંગ પર અવગુણ પરીહરઇ. ...૨૫૩
ધર્મવીષિ જસ ધીરતાપણું છેહે (છેડે)*, મન કરતો અણસણતણું;
પંચ પ્રકારે કરઇ સઝાય, ચઉદ બોલથી ભાવ ભલ (ભલા)* થાય. ...૨૫૪

અર્થ : (ઉત્તમ સુપાત્ર) જ્ઞાની ભગવંતોને દાન આપવાથી ઉત્તમ ફળ મળે છે. ઉત્તમ સુપાત્રમાં પણ જે માર્ગ (વિહાર)માં ચાલવાથી થાકી ગયા છે તેવા મુનિને દાન આપવાથી વિશેષ લાભ થાય છે ...૨૩૯

રોગ વગેરેને કારણે પીડા અનુભવતાં, લોચ કરેલ હોય તેવા મુનિઓને અન્ન-પાણી આદિનું દાન આપતાં સંસારનો અંત આવે છે. વિશિષ્ટ અભિગ્રહધારી, તપસ્વી મુનિ, જંઘાચરણ અને વિદ્યાચરણ સાધુઓને આપેલું દાન બહુ પુણ્ય બંધાવે છે...૨૪૦

ઉત્તમકુળ, ઐશ્વર્ય, આભૂષણ, સૌંદર્ય સહિત સુંદર વર્ણ હોવા છતાં જેમ હાથી મદ ઝર્યા વિનાનો શોભતો નથી તેમ ઉપરોક્ત સર્વ વસ્તુઓ પણ શ્રેષ્ઠ હોવા છતાં દાન વિના શોભતી નથી. (ત્યાગ વિના ધર્મની કે જીવનની સુંદરતા નથી)...૨૪૧

જે વ્યક્તિ દાન આપતો નથી તે દરિદ્રી બને છે. તેને ગરીબાઇ (દાસપણું) અને દુર્ભાગ્ય મળે છે. તે અન્ય વડે અપમાનિત બને છે. લાચાર બને છે. તે મનુષ્ય કાયર બની ભીખ માંગે છે ...૨૪૨

તિર્યંચ, નારકી અને દેવતાની ગતિમાં પ્રાયઃકરીને નિત્ય દાન અપાતું નથી. દાન આપવા યોગ્ય એક મનુષ્ય ભવ પ્રખ્યાત છે. તેથી નિત્ય દાન આપવાની વાત કરવી જોઇએ...૨૪૩

સુપાત્રદાન અને બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનાર વર્તમાન ભવમાં અને પરભવમાં સુખી થાય છે. શિવકુમાર અને જંબુસ્વામીએ શીયળવ્રત અંગીકાર કરી સ્થિર રાખ્યું ...૨૪૪

વજસ્વામી અને મેઘકુમારે ભોગવિલાસનો ત્યાગ કર્યો. શ્રેષ્ઠીવર્ય સુદર્શનશેઠનું નામ શીલવ્રતમાં વિખ્યાત છે. તેમણે શીલવ્રતનું દ ઢપણે પાલન કર્યું, તેથી તેમના ગુણગ્રામ ગવાય છે ...૨૪૫

સ્થૂલિભદ્રની શીલની દ ઢતા પ્રશંસનીય છે તેથી ચોર્યાસી ચોવીસી સુધી તેમનું નામ લેવાશે. વળી

* (છેડે) (ભલા) શબ્દ સુધારીને લખેલ છે.

બ્રહ્મચર્યનું પાલન કરી મહર્ષિ નારદ મોક્ષમાં ગયા. જગતમાં શીયળ વ્રતના પાલનથી ઘણા ગુણો પ્રાપ્ત થાય છે...૨૪૬

(જે સાધક) બ્રહ્મચર્યનું શુદ્ધિ પૂર્વક પાલન કરે છે, ઉગ્ર તપશ્ચર્યા કરે છે, તે દુષ્કર કર્મોનો ક્ષય કરી ચક્રવર્તી અથવા ઇન્દ્રની પદવી પ્રાપ્ત કરે છે. કરોડો દેવતાઓ તેની આજ્ઞામાં હોય છે ...૨૪૭

(સેવાભાવી) નંદિષેણ મુનિએ ઉગ્ર તપશ્ચર્યા કરી, મૃત્યુ પામી તેઓ વસુદેવ (નામે રાજકુમાર) થયા. તેમના અંતઃપુરમાં ૭૨,૦૦૦ સ્ત્રીઓ હતી. તેમણે ચક્રવર્તી જેવાં સુખો ભોગવ્યાં ...૨૪૮

જેનું વીર્ય (આત્મિક ઉલ્લાસ) તપરૂપી ધર્મમાં છે. (તેવા જીવો માટે) તપ ધર્મનું ફળ દર્શાવતાં કહે છે કે તપનું ફળ મુક્તિ છે, જે પાંડવો જેવા શ્રેષ્ઠ મુનિવરોને પ્રાપ્ત થયું ...૨૪૯

દૃઢપ્રહારી, ઢંઢણકુમાર, અર્જુનમાળી, ઉદાયનરાજા જેવા ચારે વ્યક્તિઓએ ઉગ્ર તપશ્ચર્યા કરી મુક્તિ મેળવી ...૨૫૦

જેમ જગતમાં શેરડીનાં ફૂલો ન હોય, તેમ શુદ્ધ ભાવ વિના દાન, શીલ, તપ ધર્મની આરાધનાનું કોઇ મૂલ્ય નથી (ભાવ વિના અન્ય ગુણો નપુંસક છે) ...૨૫૧

શુદ્ધ ભાવ જીવને કેવી રીતે પ્રાપ્ત થાય છે ? શુદ્ધ ભાવ ચૌદ બોલથી ઉત્પન્ન થાય છે, પ્રાપ્ત થાય છે. ૧) સમ્યક્ત્વનું શુદ્ધિપૂર્વક પાલન કરવાથી, ૨) વિશુદ્ધ ચારિત્ર પાલનથી, ૩) ઇન્દ્રિય વિજેતા બનવાની બુદ્ધિથી ...૨૫૨

૪) કષાય નિગ્રહથી ૫) ગુરુકૂળ વાસમાં વસવાટ કરવાથી[૧૧૫] ૬) વિષય કષાય અને વિકારો (દોષો) ને ટાળવાનો અભ્યાસ કરવાથી ૭) વિનય કરવાથી ૮) સંસારની અસારતારૂપ વૈરાગ્ય ભાવથી ૯) વૈયાવચ્ચ કરવાથી ૧૦) સ્ત્રી સંગનો ત્યાગ કરવાથી ૧૧) બીજાનાં અવગુણો તરફ દૃષ્ટિ ન કરવાથી ...૨૫૩

૧૨) ધર્મમાં ધીરતા ૧૩) આયુષ્યના અંતે અનસન ઇત્યાદિ તપશ્ચર્યાથી ૧૪) પાંચ પ્રકારના સ્વાધ્યાયથી એમ ચૌદ બોલથી ભાવની શુદ્ધિ થાય છે ...૨૫૪

કવિએ આ ચોપાઈમાં દાન, શીલ, તપ અને ભાવધર્મનો મહિમા તેમજ તેનું ફળ દર્શાવ્યું છે. તે માટે કવિએ કેટલાંક શાસ્ત્રોક્ત દૃષ્ટાંતો મૂક્યા છે.

- દાનધર્મ : શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિજી દાનની વ્યાખ્યા કરતાં કહ્યું છે -

**अनुग्रहार्थं स्वस्यातिसर्गः दानम्।**[૧૧૬] બીજા પર અનુગ્રહ કરવા પોતાની માલિકીની વસ્તુનો ત્યાગ કરવો તે દાન છે. ન્યાયવિશારદ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે જ્ઞાનસાર ગ્રંથમાં કહ્યું છે-

**अपूर्ण पूर्णतामेति पूर्णमाणस्तु हीयते।**[૧૧૭]

**पूर्णानन्दस्वभावोऽयं जगदद्भुतदायकः।।**

અર્થ : પરવસ્તુના ત્યાગની ભાવનાવાળો ભલે પુદ્‌ગલો વડે અપૂર્ણ ગણાય છે, પરંતુ તે આત્માના જ્ઞાનાદિ ગુણો વડે પૂર્ણતાને પામે છે.

પુદ્‌ગલોના સંયોગમાં પૂર્ણતા માનનારો આત્મિક સુખોથી વંચિત રહે છે. દાન ધર્મનું પાલન તે જ કરી શકે છે, જે શૂન્ય થવા તૈયાર હોય. દા.ત. પુણિયો શ્રાવક ભોગ સામગ્રીથી અપૂર્ણ હતો પણ આત્મિક ગુણોથી

પૂર્ણ હતો. જ્યારે સુભૂમ ચક્વર્તી ભોગ સામગ્રીથી પૂર્ણ હતો પણ આત્મિક ગુણોથી અપૂર્ણ હતો.

પરવસ્તુના સંગનો ત્યાગ એટલે પૂર્ણાનન્દસ્વરૂપ આત્મગુણોની વૃદ્ધિ અને પરભાવની પૂર્ણતાની હાનિ. અનંત ચક્વર્તીઓ ક્ષણવારમાં છ ખંડની સંપત્તિ છોડી અકિંચન્ય દશા પ્રાપ્ત કરે છે. ચોવીસ તીર્થંકરોને દાન આપી તે તે વ્યક્તિઓએ સંસાર ક્ષય કર્યો.

ભગવતી સૂત્ર શતક-૭માં આહારદાનનું અચિંત્ય મહાત્મ્ય દર્શાવેલ છે. રેવતી શ્રાવિકાએ સિંહાઅણગાર મુનિને નિર્દોષ આહાર વહોરાવી તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું, જ્યારે અવિવેકપૂર્વક, ઉકરડો સમજીને નાગશ્રીએ કડવી તુંબડીનું શાક માસક્ષમણના તપસ્વી ધર્મરૂચિ અણગારને વહોરાવી ગાઢ પાપકર્મ બાંધ્યા.

આઠ લક્ષણોથી યુક્ત જીવ દાતાર કહેવાય છે. ૧) ભક્તિ, ૨)પ્રસન્ન ચિત્ત, ૩) શ્રદ્ધા, ૪) વિજ્ઞાન, ૫) સાત્ત્વિક્તા, ૬) ક્ષમતાવાન, ૭) ક્ષમાવાન, ૮) મત્સરરહિત.

સુપાત્રદાનથી શ્રમણોપાસક શ્રમણોની સાધનામાં સમાધિભાવ પ્રગટાવે છે અને બોધિ પ્રાપ્ત કરાવે છે[૧૧૮] તેથી સુપાત્રદાન શ્રેષ્ઠ છે.

આહારદાનના લાભનો આધાર દાતા, ગ્રહણકર્તા, દાન યોગ્ય દ્રવ્ય અને દાનની વિધિ પર આધાર રાખે છે. ભગવાનની આજ્ઞા અનુસાર પંચાચારનું પાલન કરનારા સાધુને પ્રસન્ન ચિત્તે વિધિપૂર્વક નિર્દોષ આહાર-પાણી, વહોરાવે તેને પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થાય છે.

કડી ૨૩૯ થી ૨૪૩ માં કવિ દાનનો મહિમા દર્શાવે છે. છ સ્થાનોમાં આપેલું દાન ઉત્કૃષ્ટ કોટિનું પુણ્ય બંધાવે છે. કડી ૨૪૨ માં કવિ દાન ન આપવાથી થતા ગેરલાભ, દાનને યોગ્ય ગતિ અને મનુષ્યભવ દાનધર્મનું આચરણ કરવા માટે શ્રેષ્ઠ ભવ છે એવું દર્શાવે છે. સુપાત્રદાનની શ્રેષ્ઠતા દર્શાવી હવે કવિ શીલધર્મની મહત્તા દર્શાવે છે.

• શીલધર્મ : વ્યવહારથી શીલ એટલે વિષય સેવનનો ત્યાગ. નિશ્ચયથી પરદ્રવ્યનો ત્યાગ કરવો એ શીલ છે. આત્મા સતત આત્મામાં રહે તે પરમ બ્રહ્મચર્ય છે. પરમ બ્રહ્મચર્ય એ શીલનું નામાંતર છે.

શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે-

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિકજ્ઞાન,
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્યનું સેવન અનિવાર્ય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નો શીલ થકી ઉત્પન્ન થાય છે. શીલ એ જગતમાં શ્રેષ્ઠ રત્ન છે. શીલ વિના ઇન્દ્રિયોના વિષયો જ્ઞાનનો નાશ કરાવે છે. તે જ્ઞાનને મિથ્યાત્વ, રાગદ્વેષમય અને અજ્ઞાનરૂપ કરે છે તેથી અજ્ઞાન એ કુશીલ છે, જ્યારે જ્ઞાન એ સુશીલ છે. સમ્યગ્દર્શન પછી કુશીલપણું આવે તો જીવનું પતન થાય છે. સુશીલ એ આત્માના શુદ્ધ પરિણામ છે. કવિએ ઈન્દ્રિયવિજેતા એવા વિરલ વ્યક્તિઓના નામ અહીં ટાંક્યા છે. (૧) શિવકુમાર (૨) જંબુસ્વામી (૩) વજ્રસ્વામી (૪) મેઘકુમાર (૫) સ્થૂલિભદ્ર (૬) નારદજી (૭) શેઠ સુદર્શન.*

---

* શીલધર્મનો મહિમા દર્શાવતી કથાઓ જુઓ- પરિશિષ્ટ વિભાગ.

શીલધર્મથી નિ:સ્પૃહતા ઉત્પન્ન થાય છે. નિ:સ્પૃહી વ્યક્તિ તપ કરી શકે. તપ એ આત્મ વિશુદ્ધિનું સાધન છે, હવે કવિ તપધર્મ વિષે કહે છે-

• તપધર્મ : કવિ કડી ૨૪૭ થી ૨૫૦ માં તપ ધર્મની વિશેષતા દૃષ્ટાંતો સાથે દર્શાવેલ છે. વાસનાઓ શેતાન છે. એ શેતાનને વશ કરવાનું અમોઘ શસ્ત્ર તપ છે. કર્મબંધન તોડવાનું અપૂર્વ સાધન છે. તપના સંદર્ભમાં કવિએ (૧) નંદિષેણ મુનિ (૨) પાંચ પાંડવો (૩)દૃઢ પ્રહારી (૪) ઢંઢણ કુમાર (૫) અર્જુનમાળી (૬) ઉદાયન રાજાનાં દૃષ્ટાંતો ટાંકયા છે.* નંદિષેણ મુનિની કથા કવિ ઋષભદાસે ઢાળ ૨૦થી ૨૩, કડી - ૩૯૩ થી ૪૫૦ સુધીમાં વિસ્તારથી આલેખી છે.

નિર્દોષ, નિયાણા રહિત, કર્મ નિર્જરાના હેતુથી, શુદ્ધ બુદ્ધિ વડે અને ચિત્તના ઉત્સાહપૂર્વક કરેલો તપ નિર્દોષ તપ કહેવાય છે. ઉગ્ર તપની આરાધનાથી આત્મકલ્યાણ થાય છે. જેમ ધૂળવાળી પંખિણી પોતાના પાંખ પર લાગેલી ધૂળને ખંખેરી નાંખે છે તેમ તપસ્વી સંયમી સાધક તપશ્ચર્યા દ્વારા કર્મરજને ખંખેરી નાંખે છે.

તપ એ સાધનાનું ઓજ છે, તેજ છે, શક્તિ છે. હવે કવિ ભાવ ધર્મની મહત્તા દર્શાવે છે.

• ભાવધર્મ : દાન, શીલ, તપ અને ભાવ આ ચાર પ્રકારના ધર્મનો ક્રમ કહેલો છે. જો આ ક્રમ ન હોયતો ભાવ સ્વરૂપ ધર્મની પ્રાપ્તિ ન થાય[૧૭]. દાનથી નિ:સ્પૃહતા, શીલથી આત્મ રમણતા, તપથી કર્મોની મંદતા અને ભાવથી આત્મિક શુદ્ધિ થતાં ધાર્મિક કાર્યોમાં પ્રાણ આવે છે.

દાન, શીયળ, તપ અને ભાવમાં ભાવધર્મ શ્રેષ્ઠ છે કારણકે ભાવ વિના પૂર્વના ત્રણે ધર્મો એકડા વિનાના મીંડા જેવા નિરર્થક છે. ભાવ વિનાનું દાન માત્ર ધનનો વ્યય છે. ભાવ વિનાનું તપ માત્ર લાંઘણ છે. ભાવ વિનાનું શીલ માત્ર કાયક્લેશ જ છે. ભાવથી પાપી પાલક વડે પીલાતાં ખંધકસૂરિના સર્વ શિષ્યો કેવળી બન્યા. ભાવ જ સમ્યક્ત્વનું બીજ છે. મોક્ષ સુખના બીજરૂપ જીવોને સુખકારી ભાવ છે[૧૮]. મણિ, મંત્ર, ઔષધી તેમજ મંત્ર-તંત્ર અને દેવતાની સાધના ભાવ વિના સિદ્ધ થતી નથી. દાન, શીલ, તપમાં ભાવ ધર્મ શ્રેષ્ઠ છે. તેથી ભાવ ધર્મ મુખ્ય છે. કવિ ઋષભદાસે ભાવધર્મની પ્રાપ્તિ માટે ચૌદ બોલ દર્શાવેલ છે.

-દુહા-૧૫ -

દાન સીલ તપ ભાવના, ભાખ્યા ચ્યાર પ્રકાર;
જાઇન ધર્મ આરાધતાં, પામિ ભવનો પાર. ...૨૫૫
ધર્મ તત્ત્વ ત્રીજૂં સહી, આરાધિં આચાર;
સમકીત દ્રષ્ટી તે સહી, મૂગતિ તણો ભજન્હાર. ...૨૫૬
ત્રણિ તત્ત્વ આરાધતો, છંડિ ત્રણિ અતત્ત્વ,
કુદેવ કુગુર(રુ) કુધર્મની, સૂણજો ભવીજન વાત. ...૨૫૭

અર્થ : જૈન ધર્મમાં દાન, શીયળ, તપ અને ભાવ એમ ધર્મના ચાર પ્રકાર દર્શાવેલ છે. આ ધર્મનું યથાર્થ પાલન કરતાં સંસારનો અંત આવે છે ...૨૫૫

---

* તપધર્મનો મહિમા દર્શાવતી કથાઓ જુઓ- પરિશિષ્ટ વિભાગ.

ધર્મ તત્ત્વ એ ત્રીજું તત્ત્વ છે. તેનું વિધિપૂર્વક આચરણ કરનારો સમ્યગ્દષ્ટિ છે. તે મુક્તિમાર્ગનો આરાધક છે ...૨૫૬

સમ્યગ્દષ્ટિ ત્રણ તત્ત્વની આરાધના કરે છે અને ત્રણ અતત્ત્વનો ત્યાગ કરે છે. હે ભવ્ય જનો ! કુદેવ, કુગુરુ અને કુધર્મ એ ત્રણતત્ત્વની વાત સાંભળો ...૨૫૭

પુચ્છિસુણં સ્તોત્રમાં ગાથા ૨૯ ના અને સમક્તિસાર રાસની કડી-૨૫૫ અને ૨૫૬ના ભાવમાં ઘણી સામ્યતા છે.

**सोच्चा य धम्मं अरिहंत भासियं, समाहियं अट्ठ पओवसुद्धं।**[११९]

**तं सद्दहणा य जणा अणाउ, इंदेव देवाहि व आगमिस्संति।।**

અર્થ : શ્રી અરિહંત દેવ દ્વારા ભાષિત, સમ્યક્રૂપે કહેવાયેલા, યુક્તિસંગત, શુદ્ધ અર્થ અને પદ યુક્ત ધર્મનું શ્રવણ, તેના પર શ્રદ્ધા કરનાર વ્યક્તિઓ મોક્ષ મેળવે છે અથવા ઇન્દ્રની જેમ દેવ પદવીઓ પામે છે.

શ્રુત અને ચારિત્ર ધર્મનો આરાધક આત્મા ફળશ્રુતિરૂપે મોક્ષ અથવા દેવલોકમાં ઇન્દ્રની પદવી મેળવે છે. તે એકાવતારી બને છે. સમ્યક્દર્શનનું આવું ફળ જાણી સુદેવ, સુગુરુ અને સુધર્મની આરાધના કરવાની કવિ પ્રેરણા આપે છે.

## કુદેવનું સ્વરૂપ

ઢાળ : ૧૨ (દેશી - ચંદાયણની(ચંદ્રાયણાની) રાગ : કેદારુ)

**વાત સૂણો રે સમકીતધારી, દેવ કુદેવ તજો નરનારી;**
**એહની નવિ કીજઇ મનોહારી, એ નવિ આપિ મૂગતિ જ સારી. ...૨૫૮**
**પોતિ મૂગતિં માંહિં નવ્ય માહાલિ, માગી મૂગત્ય તે કેહી પરિ આલિ;**
**શક્તિ હીણ પર અર્થ ન સારિ, આપ ન તરિ તે પર કયમ તારિ. ...૨૫૯**
**મદ મછર દીસઈ સૂરમાઈ, માંની લોભી કામ કષાઇ;**
**પરનિં પ્રાહાર મૂંકિ જે ધાઇ, તે પરમેશ્વર નહી સૂખદાઇ. ...૨૬૦**
**હાશ વિનોદ કીડા બહું કરતા, જીવહંશાદીક નવી પરહરતા;**
**પર શ્રી ગમન તોહિ આદરતા, તે પરમેશ્વર પાપ ન હરતા. ...૨૬૧**
**આમીષ ભખિ મદિરા પણિ ચાખિ, વાહન પરીગ્રહિ પોતિ રાખિ;**
**અસત્ય વચન મુખ્યથી પણ ભાખિ કો નવિ દીસિ નારી પાષિ. ...૨૬૨**

અર્થ : સમકિતધારી નર-નારી તમે વાત સાંભળો. દેવતત્ત્વમાં કુદેવ તત્ત્વનો ત્યાગ કરો. તેમની મનથી ચાહના (શ્રદ્ધા) ન કરો કારણકે તેઓ મુક્તિ અપાવી શકે તેવી તેમનામાં યોગ્યતા નથી ...૨૫૮

જેમણે સ્વયં મુક્તિ પ્રાપ્ત કરી નથી તેમની પાસે મુક્તિ માંગવાથી તેઓ મુક્તિ કયાંથી આપી શકે ? જે સ્વયં શક્તિ હીન છે તેવા દેવતાઓથી શું સરે ? જે સ્વયં ડૂબેલા છે તે અન્યને ક્યાંથી તારી શકે ?...૨૫૯

તે દેવમાં ગર્વ (અહંકાર), કપટ (માયા) માન, લોભ, કામ અને કષાય જેવા અવગુણો રહેલા છે.

તેઓ શસ્ત્રો વડે બીજાને પ્રહાર કરી વધ કરે છે, તે પરમેશ્વર સુખદાયક નથી ...૨૬૦

તેઓ હાસ્ય, મશ્કરી, ક્રીડા કરે છે, તેમજ પ્રાણીની હિંસા આદિનો ત્યાગ કરતા નથી. તેઓ અન્યની સ્ત્રી સાથે મૈથુનનું સેવન કરે છે. આવા દેવો બીજાના પાપ કર્મો દૂર કરી શકતા નથી ...૨૬૧

કુદેવ માંસભક્ષણ કરે છે. મદિરાપાન કરે છે. તેઓ પોતાની પાસે વાહન આદિ પરિગ્રહ રાખે છે. તેઓ મુખથી અસત્ય બોલે છે. કોઇ દેવ એવો નથી જેની પડખે નારી ન હોય ...૨૬૨

- કુદેવ : કવિ ઢાળ-૧૨માં કુદેવનું સ્વરૂપ દર્શાવે છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં દર્શાવ્યું છે.-

**ये स्त्रीशस्त्राक्षसूत्रादि रगाद्यङ्ककलङ्किताः।**[121]
**निग्रहानुग्रहपरास्ते देवाः स्युर्न मुक्तये।।**
**नाटयाट्टहास सङ्गीताद्युपप्लवविसं संस्थुलाः।**
**लभ्भयेयुः पदं शान्तं प्रपन्नान् प्राणिनः कथम्।।**

અર્થ : જે દેવો સ્ત્રી, શસ્ત્ર (હથિયાર), જપમાળા વગેરે રાગાદિ દોષોનાં ચિહ્નોથી કલંકિત છે, તથા જેઓ નાખુશ થતાં શ્રાપ, તથા ખુશ થઇ વરદાન આપે છે તેઓ મુકિત પ્રદાતા ન બની શકે. જેઓ નૃત્યકલા, અટ્ટહાસ્ય, સંગીતાદિ ઉપદ્રવોથી યુક્ત, સમભાવ રહિત દેવો છે; તે શરણે આવેલા પ્રાણીઓને મુક્તિ ક્યાંથી આપી શકે ?

ભક્તામર સ્તોત્રમાં માનતુંગ આચાર્ય પરમાત્માની ભક્તિ કરતાં કહે છે -

**मन्ये वरं हरिहरा-दय एव दृष्टा, दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति।**[122]
**किं वीक्षितेन भवता भुवि येन नान्यः, कश्चिन्-मनो हरति नाथ भवान्तरेऽपि।।**

અર્થ : હે નાથ ! હરિ - હરાદિક સરાગી દેવોને મેં પ્રથમ જોયા તે સારું થયું. તમને જોયા પછી મારું મન તમારા વિષે સંતોષ અનુભવે છે. હવે સમસ્ત ભૂમંડળમાં આ ભવમાં કે પરભવમાં વીતરાગ દેવ સિવાય અન્ય કોઈ દેવ મારા મનને સંતોષ નહિ આપી શકે.

પ્રાય : અન્ય દર્શનીઓના સર્વ દેવ પોતાની દેવીઓ સાથે રાગયુક્ત સ્થિતિમાં જોવા મળે છે પરંતુ વીતરાગ દેવ સદા વીતરાગ ભાવ યુક્ત ધ્યાનસ્થ અવસ્થામાં જોવા મળે છે. તેમને જોઈને સાધકનું મન પરિતૃપ્ત બને છે.

ક્ષાયિક સમક્તિ મનુષ્યભવમાં પ્રાપ્ત થાય છે. તીર્થંકર અને કેવળી ભગવંત બિરાજે છે, ત્યાં ભવ્યજીવ શીઘ્ર મોક્ષ જવાની અભિલાષા સેવે તો તેના મિથ્યાત્વનો ક્ષય થાય છે; કારણ કે તેને કેવળજ્ઞાનીના ગુણોમાં ઉત્કૃષ્ટ પ્રમોદ ભાવ જાગે છે. તેવા ભાવો કુદેવના સાનિધ્યમાં ક્યાંથી આવી શકે ?

**દુહા - ૧૯-**

**નારી પાષિ કો નહી, કહિ પરમેસ્વ(ર)* નામ;**
**તેહથી મૂગત્ય ન પાંમીઇ ન સરિ આતમ કાંમ. ...૨૬૩**

* કડી-૨૬૩માં શબ્દ પૂર્તિ માટે (ર) શબ્દ ઉમેરવો પડયો છે.

અર્થ: કુદેવ કોઇ નારીના સંગ (પડખા) વિનાના નથી. છતાં તેઓ સ્વયંને પરમેશ્વરનું બિરુદ (નામ) આપે છે. તે દેવો દ્વારા મુક્તિ મળી શકતી નથી, તેમજ આત્મ કલ્યાણ થઇ શકતું નથી...૨૬૩

## કુગુરુનું સ્વરૂપ

ઢાળ : ૧૩ (દેશી - નંદન કું ત્રીસલા હુલરાવઇ. રાગ : આસાઉરી)

આતમ કામ સરિ નહી તેહનિં, કુગુરૂ મલ્ય વળી જેહનિં રે;
પોતિ પાપી અતી આરંભી, સીખ દિયી સ્યુ કેહનિં રે;
આતમ કામ સરિ નહી તેહનું - આંચલી. ...૨૬૪
કર્સણ વાડી ઘરમાં લાડી, ગાય ભઇંશ વછ પાડી રે,
પાપ પરીગૃહિ બહુ પરી મેલિ, ખરપાઠી ઘરિ ગાડી રે. આતમ. ...૨૬૫
કંદમૂલ ફલ કાંચીં ખાઇ જીવઘાત પણ્ય થાઇ રે;
અસત્ય વચન અણદીધૂં લેતા, તે ગુરુ સેવ્ય મ પાયિ રે. આતમ. ...૨૬૬
જે વનિં રહિતા નીજ દેહ દમતા, જિનનો પંથ ન જાણઇ રે;
અણગણ નીરિં જઇ ઝંપાવિ, ખાતો રયણી વાંહાંણિ રે. આતમ. ...૨૬૭
અગડ નીમ નહી નર જેહનિં, વર્ત્ત વિના ભવ હારિ રે;
વીભમજ્ઞાની નર અજ્ઞાની, તે ગુરુ કેહી પરિતારિ રે. આતમ. ...૨૬૮

અર્થ : કુગુરુના સંગથી આત્મકલ્યાણ થતું નથી. જે સ્વયં આરંભનાં કાર્ય કરી પાપ કરે છે. તેઓ બીજાને ધર્મનો શો ઉપદેશ આપી શકે ? તેવા કુગુરુનું શરણું સ્વીકારવાથી આત્માનો ઉદ્ધાર થઇ શકે નહી ...૨૬૪

કુગુરુ પરિગ્રહરૂપી પાપથી મલિન બનેલા હોય છે. તેમની પાસે ખેતી વાડી હોય છે. તેઓ ઘરમાં સ્ત્રી, ગાય, ભેંસ, વાછરડું, પાડી (ભેંસનું બચ્ચું), ગધેડો અને બળદગાડી ઇત્યાદિ ઘણો પરિગ્રહ હોય છે ...૨૬૫

તેઓ કાચાં કંદમૂળ અને ફળો ખાય છે, જીવહિંસા પણ કરે છે, અસત્ય બોલે છે, અદત્ત વસ્તુ લે છે; તેવા ગુરુના ચરણોની સેવા ન કરો ...૨૬૬

તેઓ વનમાં રહે છે, દેહ દમનનું કાર્ય કરે છે, પરંતુ અજ્ઞાની હોવાથી જિનેશ્વરના ધર્મને જાણતા નથી. તેઓ અણગળ પાણીમાં ઝંપલાવે છે. તેઓ સવારે સૂર્યોદય પહેલાં અને રાત્રે સૂર્યાસ્ત પછી ભોજન કરે છે...૨૬૭

જે મનુષ્ય પાસે નિયમ (વ્રત, સોગંદ) નથી તેવો મનુષ્ય પ્રત્યાખ્યાન વિના આ ભવ વ્યર્થ ગુમાવે છે. તે અજ્ઞાની હોવાથી વિભ્રમજ્ઞાની હોય છે. તેવા ગુરુ અન્યનું કલ્યાણ કેવી રીતે કરી શકે ?...૨૬૮

• કુગુરુ : યોગશાસ્ત્રમાં હેમચંદ્રાચાર્યે કુગુરુનું સ્વરૂપ દર્શાવતાં કહ્યું છે-

सर्वाभिलाषिणः सर्वभोजिनः सपरिग्रहाः।[१२३]
अब्रह्मचारिणो मिथ्योपदेशा गुरवो न तु।।२।।
परिग्रहारम्भ मग्नास्तारयेयुः कथं परान्।
स्वयं दरिद्रो न परमीश्वरी कर्तुमीश्वरः।।१०।।

અર્થ: સર્વ વસ્તુઓની અભિલાષા કરનારા, (ભક્ષ્યાભક્ષ્ય) બધું ખાનારા, પરિગ્રહ અને આરંભમાં વ્યસ્ત બીજાને શું તારી શકે ? જે પોતે દરિદ્ર હોય તે બીજાને ધનવાન શી રીતે બનાવી શકે ?

જૈન મુનિના આચારો અત્યંત રુચિકર છે. તેમના જેવા અન્ય કોઈ દર્શનના સંતોના આચાર નથી. શિયાળાની કડકડતી ઠંડી, ઉનાળાની બળબળતી ગરમીમાં પણ અલ્પવસ્ત્ર હોય છે. તેઓ માથા પર છત્રી, પગમાં પગરખાં રાખતાં નથી. તેઓ ઊની રેતીમાં આતાપના લે છે. તેઓ અચેત પાણી પીએ છે. તેઓ શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરે છે. તેઓ પોતાની પાસે ફૂટી બદામ પણ રાખતા નથી.

મુનિવરોની પરીક્ષા માટે સમ્યગ્દષ્ટિ આત્મા સાચા ઝવેરીની ગરજ સારે છે. ક્ષાયિક સમકિતી આત્મા નિહ્નવો, યથાછંદો જેવા કુસાધુના સંગમાં ફસાતા નથી.

કડી-૨૬૮નાં ભાવો શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં દર્શાવે છે.[૧૨૪] અજ્ઞાનીજનો એકાંત જ્ઞાનને પ્રધાનતા આપે છે; પણ પ્રત્યાખ્યાનને સ્વીકારતા નથી. તેઓ બંધ અને મોક્ષની સુંદર વાતો કરે છે, પણ આચારમાં વિકલાંગ છે. જૈનદર્શન જ્ઞાન અને ક્રિયાનું સાહચર્ય સ્વીકારે છે. પાંચ મિથ્યાત્વરૂપી જ્વરમાં જીવની મતિ મૂર્છા પામી છે, તેથી મદિરા પીધેલા વ્યક્તિની જેમ હિત-અહિતને જાણ્યા વિના કુદેવ-કુગુરુ અને કુધર્મને આદરે છે. કવિ ઋષભદાસ કુગુરુ તત્ત્વનો પરિચય કરાવી કુધર્મ તત્ત્વ પર પ્રકાશ પાડે છે.

–દુહા – ૧૭–

આતમ કામ સરઇ નથી, સેવિ કગરુ પાય;
મીથા ધર્મ કરંત જ, જીવ સૂંખી નવિ થાય. ...૨૬૯

અર્થ : કુગુરુના ચરણોની ઉપાસના કરવાથી આત્મકલ્યાણ થતું નથી કારણકે કુગુરુ સ્વયં મિથ્યાત્વી છે. મિથ્યાધર્મનું આચરણ કરતાં જીવ સુખી થતો નથી ...૨૬૯

### અતત્ત્વની અનારાધના

ઢાળ : ૧૪ (દેશી – દેખો સૂહણા પુણ્ય વિચારી. રાગ : શ્રી રાગ)

જીવ સૂખી સહી તેહનો થાયિ, મીથ્યા ધર્મ ન ધ્યાયિ;
મીથ્યા સંગ તજઇ નરની સંચિ, મીથ્યા ગુણ નવ્ય ગાયિ;
મુકો માયા મ નથી ધર્મો... આંચલી... ...૨૭૦
અજા અસ્વ માનવનિં હોમિ, કુરમ નાગનિં મારિ;
સમકીત દ્રીષ્ટી સમઝો ભાઇ, સોય ધર્મ કયમ તારિ. મુકો. ...૨૭૧
વર્ત કરિ તલ કાચા ચાવિ, કંદમૂલ ફલ ખાવિ;
પસુય પરિ રાતિં પણ્ય જમતા, ધર્મ વીના ભવ જાવિ. મુકો. ...૨૭૨
સમકીત જ્ઞાન વીના નવિ સમઝિ, પગીપગી પાતીગ બાંધિ;
લેઇ યોગ અગ્યન ધૂહિં બાલિ, મુગતિ પંથ ક્યાહાં સધિ. મુકો. ...૨૭૩

જીવ હંશા મૃષાનિં ચોરી, પરહરવી પરનારી;
મીથ્યાધર્મ પરીહરવો, પંચમ સમઝો સમકીત ધારી. મુકો. ...૨૭૪
મીથ્યામાંહિં ગયો કાલ અનંતો, ભમીઉં ચોગતીમાંહિં;
સમકીત વ્યન નવિ પોહોતો કોઇ, મુગત્ય નગર છઈ જ્યાંહિ. મુકો. ...૨૭૫
તેણાઇ નર મીથ્યા ધર્મ ન કીજઇ, વરિ વીષ ઘોલી પીજઇ;
એક મર્ણ નરનિં તે આપિ, આ સંસાર ભમી જઇ. મુકો. ...૨૭૬

અર્થ : જે મિથ્યા ધર્મનું આચરણ કરતો નથી તે જીવ સુખી થાય છે. તેવો જીવ મિથ્યાત્વીનો સંગ કરતો નથી, મિથ્યાત્વી જીવોની પ્રશંસા કરતો નથી. તે અધર્મનું બહુમાન પણ કરતો નથી ...૨૭૦

(મિથ્યાત્વી જીવો) ધર્મના નામે બકરી, ઘોડા, નરનું અગ્નિ (હોમ-હવન)માં બલિદાન આપે છે. તેઓ કાચબા અને સાપ (બીજો અર્થ હાથી) મારે છે. સમકિતદષ્ટિ જીવો સમજો. આવો હિંસક ધર્મ કેવી રીતે કલ્યાણકારી બની શકે ? ...૨૭૧

તેઓ વ્રત કરી સચિત્ત (કાચા) તલ ખાય છે. તેઓ કંદમૂળ આદિ અભ્યક્ષ્ય વસ્તુ અને સચેત ફળનો આહાર કરે છે. તેઓ પશુની જેમ રાત્રિભોજન કરે છે. તેઓ ધર્મ કરણી વિના મનુષ્ય ભવ વ્યર્થ ગુમાવે છે ...૨૭૨

સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના જીવ ડગલે ને પગલે આઠ કર્મોનો સંચય કરે છે. તેઓ સન્યાસ લઇને યજ્ઞ-યાગાદિમાં અગ્નિનો આરંભ કરી બલિ ચઢાવે છે. તે મુક્તિપંથ ક્યાંથી સાધી શકે ? ...૨૭૩

જીવહિંસા (પ્રાણીવધ), અસત્ય, અદત્તગ્રહણ, પરસ્ત્રીગમન અને મિથ્યાત્વ ધર્મ એ પાંચનો ત્યાગ કરવો જોઇએ એવું સમકિતધારી સમજે છે ...૨૭૪

(આ જીવનો) મિથ્યાત્વમાં અનંત કાળ વ્યતીત થયો. જીવ મિથ્યાત્વ સહિત ચારે ગતિઓમાં પરિભ્રમણ કરતો રહ્યો, પરંતુ સમકિત વિના કોઇ મુકિતનગર સુધી પહોંચી શકતું નથી ...૨૭૫

વિષ ઘોળીને પીવાથી મનુષ્યનું એકવાર મૃત્યુ થાય છે, જ્યારે મિથ્યાત્વ અનંત જન્મ-મરણ કરાવે છે તેથી મિથ્યાત્વ ધર્મનો સ્વીકાર ન કરો ...૨૭૬

- કુધર્મ : શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કુધર્મનું સ્વરૂપ સમજાવતાં કહે છે-

**हिंसा नाम भवेद् धर्मो, न भूतो न भविष्यति ।।**[૧૨૫]

અર્થ: હિંસા ત્રણે કાળમાં ધર્મ ન બની શકે. અધર્મનું સેવન કરનાર નરક આદિ દુર્ગતિમાં ઉત્પન્ન થાય છે.[૧૨૬] અવિદ્યાવાન પુરુષ અજ્ઞાનના કારણે મૂઢ બની અનંત સંસારમાં ચારે ગતિઓમાં પરિભ્રમણ કરે છે.[૧૨૭]

દશવૈકાલિક સૂત્રમાં સુધર્મનું સ્વરૂપ દર્શાવતાં કહ્યું છે -

**धम्मो मंगल मुक्किठं, अहिंसा संजमो तवो ।**[૧૨૮]
**देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ।।**

અર્થ : અહિંસા, સંયમ અને તપરૂપી ઉત્તમ લક્ષણોવાળો સુધર્મ છે. તે ધર્મનું આચરણ કરનાર જીવાત્માને દેવો પણ નમસ્કાર કરે છે.

તે સૂત્રમાં આગળ પણ સૂત્રકાર કહે છે -

**सोच्चा जाणाइ कल्लाणं, सोच्चा जाणाइ पावगं।**

**उभयं पि जाणाई सोच्चा, जं सेयं तं समायरे ।।४-११।।**

અર્થ : હેય અને ઉપાદેયના સ્વીકારરૂપ ક્રિયા (પાંચ મહાવ્રત, સમિતિ-ગુપ્તિ, પડિમા, અભિગ્રહ, બાર ભાવના, પ્રતિલેખના, બાર પ્રકારના તપ)માં ઉદ્યમવંત સાધક શિવ બની શકે છે.

ચરમાવર્ત કાળમાં પ્રવેશેલા જીવને જ્ઞાનીએ બતાવેલી ક્રિયાઓ શુભભાવ લાવે છે, ક્રિયા ભાવ લાવવા સમર્થ છે. જેમ સમુદ્રમાં મુસાફરી કરતા નાવિકને હોકાયંત્રે દર્શાવેલી દિશામાં હલેસાં મારવા પડે છે તેમ ચારિત્રની નાવમાં બેઠેલા સાધકને વિધિ-નિષેધરૂપ આચાર પાલનના હલેસા મારવા પડે છે, જેથી તે મોક્ષ પામી શકે. સમકિતીનો બોધ નિરપાય (અર્થકારક) હોય, તે બીજાને પીડાકારક ન બને.

કવિએ કડી ૨૭૬ માં વિષના રૂપક દ્વારા અધર્મનું ફળ દર્શાવ્યું છે. વિષ ફક્ત એકજ ભવમાં મૃત્યુ આપે. મિથ્યાત્વની પરંપરા અનંત જન્મ મરણ કરાવે છે.

**-દુહા - ૧૮-**

**મીથ્યાત પાંચિ પરિહરો, સમકીત રાખો સાર;**
**મીથ્યા ધર્મ કરંતડાં, કો નવી પામ્યા પાર. ...૨૭૭**

અર્થ : પાંચ પ્રકારના મિથ્યાત્વનો ત્યાગ કરો. સમકિત સારરૂપ છે તેથી તેને ગ્રહણ કરો. મિથ્યાત્વ ધર્મનું આચરણ કરતાં કોઇ સંસારનો પાર પામ્યા નથી ...૨૭૭

હવે કવિ સમકિતના પ્રતિપક્ષી મિથ્યાત્વનું સ્વરૂપ દર્શાવે છે.

## પાંચ પ્રકારના મિથ્યાત્વ

ઢાળ:૧૫ (દેશી - પદ્મરથરાયિ(ય) વીતસ્થોકાપુર(વીતશોકાપુરી) રાજીઓ. રાગ : મારુ.)

**પાંચ મીથ્યાત પરહરજ્યો સમકીતના ધણીરે, પહીલું અભીગ્રહીતાય;**
**કરઇ કદાગ્રહિ જેહ ગ્રહ્યું તે ગ્રહ્યું સહી રે, મનથી તે નવ્ય જાય.**
**મીથ્યા પરીહરો રે. આંચલી... ...૨૭૮**
**મીથ્યાત બીજું અ(ના)ભીગ્રહીતા નર મુકજ્યો રે, જે મન નર હિઠાહ્ય;**
**અન્ય ધર્મ દેખીનિં કાયર નર તણૂં રે, મન તે ઉપરી જાય. મીથ્યા૦ ...૨૭૯**
**અભીનવેસ તે ત્રીજું જગમાં જાણજ્યો રે, જાણી ઉંથાપિ ધર્મ;**
**ભારે જીવ તે ભમતો ચોગત્યમાંહાં ફરિ રે, બાંધિ વીકટ જ કર્મ. મીથ્યા૦ ...૨૮૦**
**સાંસીક ચોથૂં મનમાં સંક્યા શલ રહિ રે, સાચો કો જૂઠો શ્રેય;**
**સોય પૂર્ષ જગ્ય પાર ન પામિ ભવતણો રે, અશ્રુ વીચારઇ જેહ. મીથ્યા૦ ...૨૮૧**

મીથ્યાત પાંચમું અણા ભોગ ટાલો સહી રે, બોલિ વરાસઇ જેહ;
અદીકું ઓછૂં વચન કહઇ સીધાંતનું, પાતીગ હોઇ તેહ. મીથ્યા૦ ...૨૮૨
મીથ્યાત પાંચઇ મુકીનિ જગના નરા રે, આદરી સમકીત સાર;
મીથ્યા ધર્મ કરતાં જગમાં કો વલીરે, મોખ્ય ન ગયો નીરધાર.મીથ્યા૦ ...૨૮૩

અર્થ : સમ્યક્ત્વના સ્વામી તમે પાંચ મિથ્યાત્વનો ત્યાગ કરો. પ્રથમ અભિગ્રહિક મિથ્યાત્વ છે, જેમાં આગ્રહ હોવાથી જે એકવાર ગ્રહણ કર્યું તે જ સાચું છે; એવું મનમાં દઢ કરી રાખે છે ...૨૭૮

બીજું અનાભિગ્રહિક મિથ્યાત્વ છે. તેનો પણ ત્યાગ કરવો જોઈએ. જે મનુષ્યનું મન હઠાગ્રહી છે, તે અન્ય ધર્મ જોઈ કાયર બની તે તરફ વળે છે ...૨૭૯

જગતમાં ત્રીજું અભિનિવેશિક મિથ્યાત્વ છે. વીતરાગ કથિત ધર્મને જાણવા છતાં ધર્મ વિરુદ્ધ પ્રરૂપણા કરે છે તેવો જીવ ચીકણા કર્મો બાંધી ચારે ગતિમાં ફરે છે ...૨૮૦

ચોથું સાંશયિક મિથ્યાત્વ છે, જેમાં જિનેશ્વર દેવના વચનોની પ્રમાણિકતા સંબંધી મન શંકાશીલ રહે છે. આ સાચું છે કે ખોટું એવો સંશય રહે છે તેવો મનુષ્ય ભવપાર ન કરી શકે ...૨૮૧

પાંચમું અણાભોગ મિથ્યાત્વ છે. તે ત્યજવા યોગ્ય છે. તે અજ્ઞાન કે અણસમજમાં હોય છે. શાસ્ત્રના વચનોથી ઓછું કે અધિક બોલી કે વિચારીને પાપ લાગે છે ...૨૮૨

હે જગતના માનવો ! પાંચે મિથ્યાત્વનો ત્યાગ કરો અને શ્રેષ્ઠ, કલ્યાણકારી સમકિતની આરાધના કરો. મિથ્યાત્વ ધર્મનું સેવન કરવાથી નિશ્ચયથી જગતમાં (આજસુધી) કોઇને મુક્તિ મળી નથી ...૨૮૩

• મિથ્યાત્વ : સંસારનું મૂળ કારણ જૈનદર્શનની દૃષ્ટિએ મિથ્યાત્વ છે.વેદાંતમાં માયા તરીકે ઓળખાય છે. ખ્રિસ્તી ધર્મમાં 'Devil sin' તરીકે ઓળખાય છે. બુદ્ધો તેને 'માર' કહે છે. જૈનો તેને 'મિથ્યાત્વ' કહે છે. તે 'બહિરાત્મભાવ' નામે પણ ઓળખાય છે. કાયાદિને 'હું' માનવો તે મિથ્યાત્વ છે. 'હું અને મારાપણાની' અજ્ઞાન બુદ્ધિ એ મિથ્યાત્વ, બહિરાત્મભાવ, અજ્ઞાન કે અવિદ્યા નામે ઓળખાય છે.

સંસારનું મૂળકારણ અવિદ્યા છે. તેનાથી મુક્ત થવાનો મૂળ ઉપાય વિદ્યા છે. કણાદે વિદ્યાનું નિરૂપણ કર્યું છે. આચાર્ય પતંજલિ તેને વિવેકખ્યાતિની સંજ્ઞા આપે છે. અક્ષપાદ તત્ત્વજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન શબ્દનો પ્રયોગ કરે છે. બૌધ સાહિત્યમાં તેને વિપશ્યના કહેવાય છે. આ પ્રમાણે સર્વ ભારતીય પરંપરાએ જ્ઞાનને મહત્ત્વ આપ્યું છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન ન થવું તે અવિદ્યા છે. તે સંસારનું મૂળ છે. તેને મિથ્યાત્વ કહેવાય છે.

न मिथ्यात्व समः शत्रुर्न मिथ्यात्व समं विषम्।[१२९]
न मिथ्यात्व समो रोगो न मिथ्यात्व समं तमः।।

અર્થ : મિથ્યાત્વ સમાન કોઇ શત્રુ નથી. મિથ્યાત્વ સમાન કોઇ વિષ નથી. મિથ્યાત્વ સમાન કોઇ રોગ નથી અને મિથ્યાત્વ સમાન કોઇ અંધકાર નથી. અર્થાત્ મિથ્યાત્વ પ્રબળ શત્રુ છે, તે ભયંકર વિષ છે, તે દુઃસાધ્ય રોગ છે તેમજ ગાઢ અંધકાર છે.

જેમ જન્માંધ મનુષ્ય વસ્તુનું દર્શન ન થવાથી તેનું યથાર્થ સ્વરૂપ જાણી શકતો નથી. તેમ મિથ્યાત્વી જીવાદિ નવ તત્ત્વોને જાણી શકતો નથી. મિથ્યાત્વની દૃષ્ટિ અવળી હોય છે. મિથ્યાત્વના સદ્ભાવમાં જીવો સંસારભાવથી બદ્ધ છે. જેમ મણ દૂધમાં રતિ ઝેર હાનિકારક બને છે, તેમ મિથ્યાત્વનો ઓછામાં ઓછો અંશ પણ આત્મવિકાસમાં બાધક બને છે. મિથ્યાત્વની પુષ્ટિથી જીવ દુર્લભબોધિ બને છે.

આસ્રવ અને બંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે. તેથી જ શ્રી ઉમાસ્વાતિજી કહે છે –

**मिथ्यादर्शनाविरति प्रमादकषाययोगाः बन्धहेतवः** [૧૩૦]

અર્થ : મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધના હેતુ છે. અહીં મિથ્યાદર્શન એટલે કે મિથ્યાત્વને સર્વ પ્રથમ બંધનું કારણ દર્શાવેલ છે.

અનાદિકાળથી સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે. નિગોદમાં અનંત કાળ વ્યતીત થયો, તેનું કારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ હોય ત્યાં સુધી ધર્મના દ્વાર બંધ હોય છે. મિથ્યાત્વનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થાય ત્યારે ધર્મના દ્વાર ખુલે છે. આધ્યાત્મિક ઉષાકાળ મિથ્યાત્વની ક્ષીણતા અને સમ્યક્ત્વની પ્રાપ્તિથી થાય છે.

જે કર્મના ઉદયથી જિનેશ્વર પ્રરૂપિત તત્ત્વોમાં અશ્રદ્ધાન અથવા વિપરીત શ્રદ્ધાન થાય તે મિથ્યાત્વ છે.

**अदेवे देवबुद्धिर्या गुरुधीरगुरौ च या।** [૧૩૧]

**अधर्मे धर्म बुद्धिश्च मिथ्यात्वं तद्धवेदितम्।।**

અર્થ : કુદેવમાં દેવ બુદ્ધિ, કુગુરુમાં ગુરુ બુદ્ધિ તથા હિંસા આદિ કુધર્મમાં ધર્મ બુદ્ધિ તે મિથ્યાત્વ છે.

• કાળની અપેક્ષાએ મિથ્યાત્વના ત્રણ પ્રકાર છે. (૧) અનાદિ અનંત (૨) અનાદિ સાંત (૩) સાદિ સાંત.

(૧) અનાદિ અનંત : જે મિથ્યાત્વની આદિ પણ નથી અને અંત પણ નથી તે અનાદિ અનંત મિથ્યાત્વ. અભવ્ય જીવોમાં આ મિથ્યાત્વ જોવા મળે છે. અનંત જીવો અનંતકાળથી નિગોદમાં પડયા છે. તેઓ એકેન્દ્રિય પર્યાય ને છોડી ત્યાંથી ભવિષ્યમાં પણ બહાર નહીં આવે.

(૨) અનાદિ સાંતઃ અનાદિ કાળથી મિથ્યાત્વી હોવાથી જે મિથ્યાત્વની આદિ નથી તે અનાદિ, પરંતુ સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી મિથ્યાત્વનો અંત થયો, તેથી અનાદિ સાંત મિથ્યાત્વ કહેવાય.

(૩) સાદિ સાંતઃ જે મિથ્યાત્વ એકવાર ક્ષય થઇ ગયું છે, પરંતુ ફરીથી મિથ્યાત્વ પેદા થયું છે અને ફરી યોગ્ય સમયે નષ્ટ થઇ જશે તે સાદિ સાંત મિથ્યાત્વ છે.

જે મિથ્યાત્વની આદિ હોય તેનો અંત પણ હોય, તેથી સાદિ અનંત મિથ્યાત્વ એવો ભેદ ન હોય. મિથ્યાદર્શી દાર્શનિકોની મત સંખ્યા વિસ્તારથી ૩૬૩ છે.

• મિથ્યાત્વનાં મુખ્ય પાંચ ભેદ છે :

**आभिग्गहि अमणाभिग्गहं च तह अभिनिवेसियं चेव।** [૧૩૨]

**संसइ अमणा भोगं मिच्छतं पंचहा एअं।।**

અર્થ : (૧) આભિગ્રહિક મિથ્યાત્વ (૨) અનાભિગ્રહિક મિથ્યાત્વ (૩) આભિનિવેશિક મિથ્યાત્વ (૪) સાંશયિક મિથ્યાત્વ (૫) અનાભોગિક મિથ્યાત્વ

(૧) આભિગ્રહિક મિથ્યાત્વ : પોતાની માન્યતાને મિથ્યા કદાગ્રહથી કટ્ટરતાપૂર્વક પકડી રાખવી તે આભિગ્રહિક મિથ્યાત્વ છે. તેનાથી તીવ્ર કર્મ બંધાય છે. સર્વ મિથ્યાત્વમાં આ મિથ્યાત્વ પ્રધાન છે. બીજા મિથ્યાત્વમાં તીવ્ર સંક્લેશ અને તીવ્ર કદાગ્રહ ન હોવાથી કર્મનો અનુબંધ તીવ્ર ન પડે. કદાગ્રહી વ્યક્તિ મારું છે તે જ સાચું છે એવું માને, તેથી સત્ય કે અસત્યની કસોટી કરે જ નહિ. તે વિચાર પૂર્વક, કસોટીપૂર્વક કોઈ વસ્તુને સમજી ગ્રહણ કરવાની તૈયાર ન હોવાથી સત્યથી અજાણ રહે છે. એકાંતવાદી સર્વ માન્યતાઓનો સમાવેશ આ મિથ્યાત્વમાં થાય છે.આ મિથ્યાત્વ વિકલ્પોથી છ પ્રકારનું છે. ૧) આત્મા નથી ૨) આત્મા અનિત્ય છે. ૩) આત્મા કર્તા નથી ૪) આત્મા ભોક્તા નથી ૫) મોક્ષ એ કલ્પના માત્ર છે. ૬) મોક્ષનો ઉપાય નથી.

આભિગ્રહિક મિથ્યાત્વ ભવ્ય અને અભવ્ય જીવને હોય છે.

(૨) અનાભિગ્રહિક મિથ્યાત્વ : જે કર્મના ઉદયથી તત્ત્વ પ્રતિ ન તો રુચિ હોય કે ન અતત્ત્વ પ્રતિ અરુચિ હોય. આવી વિવેક રહિત અવસ્થા તે અનાભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય. ગોળ અને ખોળને એક સમાન માનનાર વ્યક્તિ જેવી વિવેક શૂન્યતા હોવાથી બધા દેવ-ગુરુ અને ધર્મને સમાન માને. સમભાવ વિવેકથી આવે છે. અવિવેકપૂર્વકનો સમભાવ ફક્ત મૂઢતા-અજ્ઞાન છે. અનાભિગ્રહિક મિથ્યાત્વનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાનના કારણે તત્ત્વાતત્ત્વનો વિવેક નથી. વિવેક વિના ક્રિયાઓમાં સમ્યક્ત્વ ન આવે. સમકિતદૃષ્ટિ જીવમાં પણ આગ્રહ હોય, છતાં બુદ્ધિ સાચું સમજવાની હોવાથી દુરાગ્રહી ન હોય.

માષતુષ મુનિને તત્ત્વનું જ્ઞાન ન હતું, પરંતુ તેઓ પરીક્ષક અને વિવેચક ગુરુજનોના નિર્દેશ અનુસાર કાર્ય કરતા હતા, તેઓ નિષ્ઠાપૂર્વક તેમની આજ્ઞા સ્વીકારતા હતા, ઉલ્લાસપૂર્વક તેનું આચરણ કરતા હતા. સમ્યગ્દૃષ્ટિ ગુરુદ્વારા નિયંત્રિત હોવાથી તેમનામાં મિથ્યાત્વ હોવાની આશંકા નથી.

સુદેવ, સુગુરુ અને સુધર્મમાં આસ્થા રાખવાથી આ મિથ્યાત્વથી બચી શકાય. આ મિથ્યાત્વ ફક્ત ભવ્ય જીવોને જ હોય છે.

(૩) આભિનિવેશિક મિથ્યાત્વ : સત્ય તત્ત્વને જાણવા છતાં દુરાગ્રહને કારણે પોતાની પકડેલી મિથ્યા માન્યતાને છોડે નહીં, તેમજ જિનેન્દ્ર દેવ દ્વારા પ્રરૂપિત સત્શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરવી, પોતાની મિથ્યા માન્યતા સિદ્ધ કરવા કુતર્ક અને કુયુક્તિઓનો આશ્રય લેવો તે આભિનિવેશિક મિથ્યાત્વ છે. નિહ્નવોને આભિનિવેશિક મિથ્યાત્વ હોય છે. આવા વ્યક્તિઓ સ્વયં દુરાગ્રહી હોવાથી અન્ય જીવોને પણ મિથ્યાત્વ તરફ લઇ જાય છે. તેમને ભવિષ્યમાં બોધિબીજ (સમ્યગ્દર્શન) પ્રાપ્ત થવું દુર્લભ બને છે.

આચાર્ય જિનભદ્ર અને આચાર્ય સિદ્ધસેન વચ્ચે શાસ્ત્રીય અર્થના વિષયમાં મતભેદ થયો, પરંતુ તે આભિનિવેશિક મિથ્યાત્વ ન હતો. બંને આચાર્ય વીતરાગ પ્રરૂપિત શાસ્ત્ર પ્રતિ પૂર્ણ નિષ્ઠાવાન હતા. તેમણે બંનેએ શાસ્ત્રનો આધાર લઇ પોતાનું મંતવ્ય રજુ કર્યું હતું; જ્યારે ગોષ્ઠામાહિલ આદિ આભિનિવેશિક મિથ્યાત્વથી યુક્ત હોવાથી પોતાના મત અનુસાર શાસ્ત્રીય અર્થને તોડતા-મરોડતા હતા. તેઓ શાસ્ત્રીય અર્થની અવહેલના કરતા હતા.

આભિનિવેશિક મિથ્યાત્વ સમ્યગ્દૃષ્ટિ આત્માને, જેણે સમ્યક્ત્વનું વમન કર્યું છે તેને હોય છે.

(૪) સાંશયિક મિથ્યાત્વ : સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના વચનો પ્રતિ શંકાશીલ રહેવું તે સાંશયિક મિથ્યાત્વ છે. અર્હત્ ભગવાન સર્વજ્ઞ અને વીતરાગી છે, તેથી તેમનું વચન મિથ્યા હોય જ નહીં. જ્યાં અજ્ઞાન અને રાગ-દ્વેષ હોય ત્યાં જ વચનો મિથ્યા હોઇ શકે. અરિહંત પ્રભુમાં આ બંને દોષ ન હોવાથી તેઓ સત્યવક્તા છે. જ્યાં શંકા હોય ત્યાં આત્માનું અધ:પતન થાય છે.

વીતરાગ પ્રભુ પ્રરૂપિત કોઇ ગહન તત્ત્વના વિષયમાં સમજ ન પડે ત્યારે સાધકે વિચારવું કે, વીતરાગ પ્રભુનું જ્ઞાન સમુદ્ર જેવું અગાધ અને ગહન છે. છદ્મસ્થની બુદ્ધિમાં પૂર્ણ રીતે ન આવી શકે. જેમ સમુદ્રનું બધું જ પાણી લોટા અથવા ઘડામાં સમાઇ ન શકે, તેવી રીતે અનંત જ્ઞાનીના વચનોને છદ્મસ્થ પોતાની બુદ્ધિમાં સમાવી ન શકે; એવું સમજી સંશયથી દૂર રહેવું.

તત્ત્વજ્ઞાનના સંબંધમાં જિજ્ઞાસાની શાંતિ માટે સંશય કે શંકા કરવી અનુચિત નથી. તે શંકાને ચિરકાળ સુધી સ્થિર ન રાખી વિશિષ્ટ જ્ઞાનીઓ દ્વારા શંકાનું નિરાકરણ કરવું જોઇએ. યથોચિત સમાધાન ન મળતાં **तत्त्व केवलीगम्य** જાણી શંકાથી નિવૃત્ત થવું ઉચિત છે. ગણધર ગૌત્તમસ્વામીએ જિજ્ઞાસાવશ તેમજ અન્ય જીવોના ઉપકાર માટે શંકા પ્રસ્તુત કરી. તેનું સમાધાન પ્રભુ મહાવીરના શ્રી મુખેથી મેળવી શંકારહિત બન્યા. પોતાની અક્કલ હોંશિયારી અને સમજ શક્તિની ખુમારીમાં ચડેલો ગોશાલક મિથ્યાત્વી બન્યો.

સંશયથી જિજ્ઞાસા થાય, જિજ્ઞાસાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શ્રી ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે કે, સાધુ પણ શંકા-કાંક્ષા મોહનીય કર્મનું વેદન કરે છે. તેઓ શંકાનું નિવારણ વિશિષ્ટ જ્ઞાનીઓ દ્વારા કરવાના ઇચ્છુક હોય તો તેમને મિથ્યાત્વનો દોષ લાગતો નથી. જો શંકાનું નિરાકરણ ન કરે તો સાંશયિક મિથ્યાત્વ કહેવાય. આ મિથ્યાત્વ અભવ્ય જીવને ન હોય કારણકે તેમને મોક્ષ વિશે શંકા થાય જ નહીં.

૫) અનાભોગ મિથ્યાત્વ : અનાભોગ એટલે અજ્ઞાન-અબોધ. વિકલતાના કારણે વિચારશક્તિ અને વિવેકનો અભાવ હોવાથી તત્ત્વ પ્રતિ અશ્રદ્ધાન તે અનાભોગ મિથ્યાત્વ છે. એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય તથા ક્યારેક સંજ્ઞી પંચેન્દ્રિયમાં અબોધ અને અવિવેક જોવા મળે છે. આ અવસ્થામાં જ્ઞાનાવરણીય આદિ કર્મોની પ્રચુરતા વધુ હોય છે; જેથી જીવની વિચાર શક્તિ કુંઠિત બને છે. તેવા જીવમાં તત્ત્વ શ્રદ્ધાન હોતી નથી.

આ પાંચ મિથ્યાત્વમાંથી આભિગ્રહિક અને આભિનિવેશિક એ બે મિથ્યા-વિપરીત આગ્રહ રૂપ ? હોવાથી સંસાર પરિભ્રમણનું કારણ છે. તે વધુ ભયંકર છે જ્યારે બાકીનાં ત્રણ પોતાની કે ગુરુની અજ્ઞાનતાના કારણે થતાં હોવાથી ક્રૂર કર્મોની પરંપરા ચાલતી નથી. ભવ્ય અને અભવ્ય જીવોને અનાભોગ મિથ્યાત્વ સંભવે છે.

મિથ્યાત્વરૂપ બધા દોષોમાં દુરાગ્રહ એ મોટો દોષ છે. સંશય કે અનધ્યવસાય (સુપ્ત માણસની જેમ સમજણનો અભાવ) માં દુરાગ્રહ નથી. વિપરીત અભિનિવેશ આ લોક અને પરલોકમાં અનર્થકારક છે.

આ ઉપરાંત મિથ્યાત્વના દસ ભેદ શ્રી સ્થાનાંગ સૂત્રમાં દર્શાવેલ છે.[૧૩૩]

• અધર્મને ધર્મ માનવો : હિંસા આદિ અધર્મને ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. જે ધર્મમાં પ્રાણીવધ આદિ

હિંસાકારી પ્રવૃત્તિ છે તેને ધર્મ કહેવો એ મિથ્યાત્વ છે. આચાર્ય હેમચન્દ્રજી મહારાજ કહે છે -

**न धर्म हेतु र्विहितापि हिंसा, नोत्सृष्टमन्यार्थ मपोद्यते च।**[१३४]

**स्वपुत्र धातान्नृ पतित्व लिप्सा, स ब्रह्मचारी स्फुरितं परेषाम्।।**

અર્થ : વેદ વિહિત હોવા છતાં હિંસા ધર્મનો હેતુ નથી. ઉત્સર્ગ અને અપવાદનો ઉદ્દેશ્ય એક જ હોય. હિંસામાં ધર્મ માનવો એ પોતાના પુત્રને મારી રાજ્ય મેળવવાની અભિલાષા સમાન નિંદનીય છે. હિંસામાં ધર્મ માનવો, એ અધર્મ માનવારૂપ મિથ્યાત્વ છે.

• ધર્મને અધર્મ માનવો : અહિંસામય શુદ્ધ ધર્મને અધર્મ કહેવો એ મિથ્યાત્વ છે.

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે -

સર્વ પ્રાણી (બેઈન્દ્રિયાદિ), સર્વ ભૂત (વનસ્પતિ), સર્વ જીવ (પંચેન્દ્રિય) અને સર્વ સત્વ (પૃથ્વીકાયાદિ) આદિને દંડાથી પ્રહાર કરવો નહિ, તેમના પર હુકમ ચલાવવો નહીં, તેમને ગુલામની જેમ અધિકારમાં રાખવા નહીં. તેમને શારીરિક અને માનસિક સંતાપ આપવો નહીં. તેમને પ્રાણ રહિત કરવાં નહીં. આ ધર્મ શુદ્ધ, નિત્ય અને શાશ્વત છે. લોક સ્વરૂપના જ્ઞાતા તીર્થંકરોએ પ્રતિપાદિત કર્યો છે[१३५].

તીર્થંકરોએ આગમ વાક્ય દ્વારા અહિંસાને શાશ્વત અને શુદ્ધ ધર્મ કહ્યો છે. એવા અહિંસામય ધર્મને અધર્મ માનવો એ મિથ્યાત્વ છે.

• અમાર્ગને માર્ગ અને માર્ગને અમાર્ગ માનવો : જે સંસાર વૃદ્ધિનું કારણ છે તેવા ઉન્માર્ગને મોક્ષમાર્ગ માનવો તે મિથ્યાત્વ છે. શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં 'માર્ગ' અધ્યયનમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ દર્શાવેલ છે.

પૃથ્વીકાય આદિ છ જીવનિકાયની હિંસામાં ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. દેવી-દેવતાઓને બલિ આપવો, સ્નાન અને યજ્ઞાદિ કરવાં, મદ્ય-માંસ, મૈથુન આદિ સેવનમાં ધર્મ માનવો એ ઉન્માર્ગને માર્ગ સમજવા રૂપ મિથ્યાત્વ છે.

• જીવને અજીવ અને અજીવને જીવ માનવા : જીવ અને અજીવના સ્વરૂપને જાણ્યા વિના મોક્ષમાર્ગની સાધના સફળ ન થાય. આગમમાં કહ્યું છે કે -

**जो जीवेऽवि ण जाणइ, अजीवेऽवि ण जाणइ।**[१३६]

**जीवाजीवे अयाणन्तो, कहं सो नाहीई संजमं।।**

અર્થ : જે જીવ, અજીવ કે જીવાજીવને જાણતો નથી તે સંયમનું પાલન કેવી રીતે કરી શકે ? સૂક્ષ્મ ચેતનવાળા જીવોમાં જીવત્વ સંબંધી શંકા કરવી એ જીવ સંબંધી મિથ્યાત્વ છે.

વેદાંત દર્શન અનુસાર 'સમસ્ત જીવ-અજીવાદિ બ્રહ્મના પર્યાય છે.' તેમની માન્યતા અનુસાર ઘટ આદિ જડ પદાર્થ જીવ કહેવાય. તે બ્રહ્મ (ચેતન)ની પર્યાય છે. આ પ્રમાણે અજીવને જીવ માનવા એ મિથ્યાત્વ છે.

• સાધુને અસાધુ અને અસાધુને સાધુ માનવા : જે પાંચ મહાવ્રતનું પાલન કરે છે; વળી પાંચ સમિતિ અને

ત્રણ ગુપ્તિધારી છે. જે ચાર કષાયોને દૂર કરે છે, પાંચ ઈન્દ્રિયો પર નિયંત્રણ રાખે છે, મન-વચન અને કાયાને શુભ યોગમાં પ્રવર્તાવે છે, જે જ્ઞાન-ધ્યાન, તપ-ત્યાગ અને વૈરાગ્યમાં તલ્લીન છે, તેવા સાધુને અસાધુ કહેવા તે મિથ્યાત્વ છે, તેમજ અસાધુને સાધુ કહેવા તે પણ મિથ્યાત્વ છે. વેશધારી, ગુણરહિત, પરિગ્રહી, કંચન-કામિનીના ભોગી, વ્યસની, ષટ્કાયના આરંભમાં પોતાનું જીવન વ્યતીત કરનાર સાધુ અસાધુ હોય છે. તેમને સાધુ માનવા એ મિથ્યાત્વ છે.

જૈનદર્શન વ્યક્તિ કે વેશને મહત્ત્વ ન આપતાં ગુણોને જ મહત્ત્વ આપે છે. તેથી ગુણીજનોને વંદન-નમસ્કાર કરવાં જોઈએ. ગુણહીન વ્યક્તિને પ્રોત્સાહન કરવાથી મિથ્યાત્વનો દોષ લાગે છે.

• મુક્તને અમુક્ત અને અમુક્તને મુક્ત માનવા : આઠ કર્મોથી સર્વથા મુક્ત એવા સિદ્ધ ભગવંત છે. તેમને અમુક્ત માનવા તથા જે મુક્ત નથી તેને મુક્ત માનવા એ મિથ્યાત્વ છે.

હિંદુ ધર્મમાં અવતારવાદ માનેલ છે. 'મુક્ત' એટલે સર્વ બંધનોથી કાયમ માટે છૂટા થયેલા. જે આત્માના સર્વ કર્મ ક્ષય થયાં છે તેને ફરીથી સંસારમાં આવવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. સંસારમાં આવવાનું કારણ રાગ અને દ્વેષ છે. ધર્મની ગ્લાની થવાથી અથવા તીર્થની હાનિના કારણે તેઓ સંસારમાં ફરી આવે છે, તેનો અર્થ એ થાય છે કે તેઓ રાગ-દ્વેષ થી યુક્ત છે. મુક્ત જીવોનું સંસારમાં પુનરાગમન માનવું એટલે મુક્તને અમુક્ત માનવા, આ મિથ્યાત્વ છે.

તેવી જ રીતે અમુક્તને મુક્ત માનવા એ પણ મિથ્યાત્વ છે. અણિમા આદિ લૌકિક ઐશ્વર્યથી યુક્ત જીવોને મુક્ત માનવા તે મિથ્યાત્વ છે.

• અનુયોગ દ્વારા સૂત્રમાં બીજા પણ ત્રણ પ્રકારના મિથ્યાત્વ કહેલ છે.

૧) લૌકિક મિથ્યાત્વ, ૨) લોકોત્તર મિથ્યાત્વ, ૩) કુપ્રાવચનિક મિથ્યાત્વ[૧૩૭]

(૧)લૌકિક મિથ્યાત્વ : કેવળજ્ઞાનીઓ દ્વારા પ્રરૂપિત અહિંસા પ્રધાન ધર્મ સિવાય અન્ય હિંસા આદિ ધર્મને લોકરુઢિ અથવા પરંપરા અનુસાર ધર્મ કહેવો એ લૌકિક મિથ્યાત્વ. તેના ત્રણ ભેદ છે. ૧) દેવગત લૌકિક મિથ્યાત્વ, ૨) ગુરુગત લૌકિક મિથ્યાત્વ, ૩) ધર્મગત લૌકિક મિથ્યાત્વ.

દેવગત લૌકિક મિથ્યાત્વ : પરિપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ વીતરાગતા એ સુદેવનું લક્ષણ છે. આ લક્ષણ સિવાયના દેવને દેવ તરીકે માનવા એ દેવગત લૌકિક મિથ્યાત્વ છે.

ગુરુગત લૌકિક મિથ્યાત્વ : જે ધર્મના સ્વરૂપને સમજે છે, સ્વયં ધર્મનું આચરણ કરે છે, જે સદા ધર્મ પરાયણ રહે છે, જે બીજા પ્રાણીઓને ધર્મનો ઉપદેશ શાસ્ત્ર અનુસાર આપે છે તે ગુરુ કહેવાય. ''ગુ'' નો અર્થ છે અંધકાર અને ''રુ'' નો અર્થ છે રોકવું અર્થાત્ જે અજ્ઞાનરૂપી અંધકારને રોકે તે ગુરુ કહેવાય.

વર્તમાનકાળે ગુરુના નામે લોકો ઢોંગ કરી ભોળા લોકોને ઠગે છે. તેઓ માયાચારનું સેવન કરે છે. તેઓ સ્વયં સંસારમાં ડૂબે છે અને બીજાને પણ ડૂબાડે છે. આવા ગુરુઓ પોતાની મતિ અનુસાર સિદ્ધાંતો રચે છે. તેઓ વિવિધ મતાંતરો ઊભાં કરે છે. એવા કદાગ્રહી, એકાંતવાદી, ગુરુના લક્ષણથી રહિત ગુરુને ગુરુ માનવા તે ગુરુગત મિથ્યાત્વ છે.

ધર્મગત લૌકિક મિથ્યાત્વ : દુર્ગતિમાં પડતાં જીવને રોકે તે ધર્મ છે. આ વ્યાખ્યા અનુસાર અહિંસા, સત્ય,

અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આદિ વ્રત તથા ક્ષમા, માર્દવ, આર્જવ, તપ, ત્યાગ, આદિ યતિધર્મનું આચરણ કરવું તે ધર્મ છે. આ વાસ્તવિક ધર્મની ઉપેક્ષા કરી લોકરૂઢિ પ્રમાણે પ્રચલિત તીર્થયાત્રા, તીર્થોમાં સ્નાન કરવું, હવન-પૂજન, યજ્ઞ-યાગ, ધૂપ-દીપ કરવાં આદિ કાર્યોમાં ધર્મ માનવો તે ધર્મગત લૌકિક મિથ્યાત્વ છે.

દેવી-દેવતાઓના નિમિત્તે થતી હિંસામાં ધર્મ માનવો એ ધર્મગત લૌકિક મિથ્યાત્વ છે. લૌકિક પર્વોમાં મિથ્યાદૃષ્ટિ દેવ-દેવીની માનતા, પૂજા કરવી એ પણ લૌકિક ધર્મગત મિથ્યાત્વ છે.

૨) લોકોત્તર મિથ્યાત્વ : મોક્ષના નિમિત્તે કરાતી પ્રવૃત્તિઓ લોકોત્તર કહેવાય છે. મોક્ષમાર્ગના પ્રવર્તક અરિહંત દેવ એ લોકોત્તર દેવ છે. પંચ મહાવ્રતધારી નિર્ગ્રંથ લોકોત્તર ગુરુ છે. અહિંસા ધર્મ લોકોત્તર ધર્મ છે. લોકોત્તર દેવ-ગુરુ અને ધર્મ પાસેથી મોક્ષ સિવાય અન્ય સાંસારિક અભિલાષા રાખવી એ લોકોત્તર મિથ્યાત્વ છે. એના ત્રણ ભેદ છે. ૧) લોકોત્તર દેવગત મિથ્યાત્વ, ૨) લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ , ૩) લોકોત્તર ધર્મ ગત મિથ્યાત્વ.

જે લોકોત્તર દેવના લક્ષણોથી સહિત છે, તેને તીર્થંકર માની, તેમની માનતા કરવી, તેમની પાસેથી લૌકિક સુખોની કામના કરવી ઈત્યાદિ લોકોત્તર દેવગત મિથ્યાત્વ છે. જે જૈન સાધુમાં સાધુતાના લક્ષણ ન હોય, જેઓ સમિતિ-ગુપ્તિ કે મહાવ્રતોના પાલનમાં દોષ લગાડે છે, તેને ધર્મગુરુ માનવા એ લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ છે. અહિંસામય જૈન ધર્મ કલ્યાણકારી છે, તે ધર્મનું આચરણ કરવાથી નિરાબાધ મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે. છતાં સાંસારિક સુખની ઈચ્છાઓથી ધર્મનું આચરણ કરવું એ લોકોત્તર ધર્મગત મિથ્યાત્વ છે.

૩) કુપ્રાવચનિક મિથ્યાત્વ : અન્ય તીર્થિકોના દેવ, ગુરુ અને ધર્મને મોક્ષ પ્રાપ્તિની ભાવનાથી માનવા, તે કુપ્રાવચનિક મિથ્યાત્વ છે. એના ત્રણ ભેદ છે. દેવગત, ગુરુગત અને ધર્મગત. મોક્ષની પ્રાપ્તિ માટે હરિહરાદિ દેવોને દેવરૂપે, યોગી-સન્યાસીઓને ગુરુરૂપે અને સંધ્યા વંદન-સ્નાન, હોમ-હવન આદિને ધર્મરૂપે માનવા, તેમની પૂજા કરવી એ કુપ્રાવચનિક મિથ્યાત્વ છે. જે દેવ અથવા ગુરુ સ્વયં મુક્ત નથી તે બીજાને મુક્તિ ક્યાંથી અપાવી શકે ?

• શ્રી ઠાણાંગ સૂત્રમાં અન્ય વિવક્ષાએ મિથ્યાત્વના ત્રણ પ્રકાર દર્શાવેલ છે. ૧)ન્યૂન, ૨) અતિરિક્ત, ૩) વિપરીત. જિનવાણીથી ન્યૂન (ઓછી) પ્રરૂપણા કરવી તે ન્યૂન પ્રરૂપણા મિથ્યાત્વ છે. જેમકે આત્મા તલ, સરસવ અથવા અંગુલમાત્ર છે. વસ્તુત: આત્મા સ્વદેહ પ્રમાણ છે. એવી જ રીતે જિનવાણીથી અધિક પ્રરૂપણા કરવી એ અતિરિક્ત પ્રરૂપણા મિથ્યાત્વ છે. જેમકે આત્માને સર્વવ્યાપક માનવો, તે અતિરિક્ત પ્રરૂપણા મિથ્યાત્વ છે. જિનવાણીથી વિપરીત પ્રરૂપણા કરવી તે વિપરીત પ્રરૂપણા મિથ્યાત્વ છે. જેમકે આત્માનું અસ્તિત્વ નથી. ઈશ્વર સૃષ્ટિનો કર્તા છે, આદિ માન્યતાઓ વિપરીત પ્રરૂપણા મિથ્યાત્વ છે.

• શ્રી ઠાણાંગ સૂત્રમાં અન્ય વિવક્ષાથી પણ ત્રણ પ્રકાર દર્શાવેલ છે.

**तिविहे मिच्छते पण्णते तंजहा १.अकिरिया २.अविणए ३.अण्णाणे.**[૧૩૮]

અહીં મિથ્યાત્વનો અર્થ વિપરીત શ્રદ્ધા નથી કર્યો પરંતુ ટીકાકારે મિથ્યાત્વનો અર્થ -

'**असम्यक् अशोभन**' અર્થાત્ જે ક્રિયા મિથ્યાત્વ જનિત છે તે ક્રિયા નથી પણ અક્રિયા છે. અશુભ ક્રિયા છે, તેવી

જ રીતે મિથ્યાત્વ જનિત હોવાથી અશુભ વિનય અને અશુભ જ્ઞાન સમજવું. અહીં '**अशोभन**' ને વિપર્યાસ કે મિથ્યાત્વ સમજવું.

અક્રિયા મિથ્યાત્વ :- જ્ઞાનથી જ મુક્તિ છે, ક્રિયાની કોઈ આવશ્યક્તા નથી એવું કહી ક્રિયાનો નિષેધ કરવો એ અક્રિય મિથ્યાત્વ છે. જ્ઞાન અને ક્રિયારૂપી પૈડાં વડે આત્મારૂપી રથ મોક્ષમાર્ગમાં ગતિ કરી શકે છે.

અવિનય મિથ્યાત્વ :- સુદેવ, સુગુરુ અને સુધર્મનું ઉલ્લંઘન કરવું, તેમની નિંદા કરવી, ગુણીજન, જ્ઞાનવાન, તપસ્વી, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આદિ સજ્જનો અને ઉત્તમ પુરુષોની નિંદા કરવી તે અવિનય મિથ્યાત્વ છે.

અજ્ઞાન મિથ્યાત્વ :- મિથ્યાત્વ અને અજ્ઞાન સહોદરભાઈ જેવા છે. મિથ્યાત્વ સાથે નિયમમાં (નિશ્ચતરૂપે , અવશ્યમેવ) અજ્ઞાન હોય જ. મિથ્યાત્વ મોહનીયના ઉદયથી જીવને દેવ-ગુરુ-ધર્મ સંબંધી સર્વ વાતો વિપરીત જ લાગે. મિથ્યાદૃષ્ટિનું સમસ્ત જ્ઞાન અજ્ઞાનરૂપે જ હોય છે. મોક્ષમાર્ગથી વિપરીત હોવાથી તે મિથ્યાજ્ઞાન કહેવાય છે. અજ્ઞાનવાદી અજ્ઞાનને જ શ્રેષ્ઠ માને છે કારણકે અજાણતાં ભૂલ થઈ જાય તો દોષ ન લાગે, પરંતુ જાણતાં કોઈ ભૂલ થાય તો દોષ લાગે છે. જેમકે અજાણતાં કોઈનો ધક્કો વાગે તો ખરાબ ન લાગે, પરંતુ જાણી જોઈને કોઈ ધક્કો મારે તો અપમાનજનક લાગે છે. વળી જ્ઞાનીઓમાં એકરૂપતા નથી. તેઓ અલગ-અલગ વાતો કરે છે, તેથી જ્ઞાનના પ્રપંચમાં ન પડતાં અજ્ઞાન શ્રેષ્ઠ છે. અજ્ઞાનવાદીઓની આ માન્યતા મિથ્યા છે કારણકે જ્ઞાનના અભાવમાં સત્ કે અસત્નો વિવેક થવો અસંભવ છે. છપ્પન આંતરદ્વીપના મનુષ્યો એકાંત મિથ્યાદૃષ્ટિ છે.

આશાતના મિથ્યાત્વ :- આશાતના એ દુષ્ક્રિયા છે, તેથી મિથ્યારૂપ છે. ગુણીજનોના ગુણોની નિંદા કરવી અને તેમનામાં ન હોય તેવા દોષો દર્શાવી તેમનું અપમાન કરવું એ આશાતના છે.

ઉપર્યુક્ત સર્વ પ્રકારના મિથ્યાત્વ મહાઆશ્રવનાં દ્વાર છે. તેના સદ્ભાવમાં (અસ્તિત્વમાં)ધર્મ અને મોક્ષના દ્વાર બંધ રહે છે. તેથી મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યક્ત્વની આરાધના કરવી એ જ સાધના છે.

કર્મભૂમિના સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યપણામાંજ મોક્ષ પુરુષાર્થ શક્ય છે, અન્ય ભવોમાં નહીં. ૧૫ કર્મભૂમિના ભરત ક્ષેત્રમાં આવ્યા પછી સમ્યક્ત્વ લીધા વિના જઈશું તો મૂર્ખ શિરોમણિ ઠરશું, એવું અહીં કવિ દર્શાવે છે. કવિ હવે પછીના પ્રકરણમાં સમક્તિના ૬૭ કેન્દ્ર-સ્થાનનું વિવરણ કરે છે.

## પાદનોંધ(પ્રકરણ-૩)

૧) શ્રી આવશ્યક સૂત્ર. સંપાદક - મધુકરમુનિ. પૃ-૪.
૨) શ્રી નંદી સૂત્ર-પરિશિષ્ઠ-૧, પૃ. ૨૮૮., પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન-૧.
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર. સ્થાન-૨, ઉ. ૦૧, સૂ. ૧૯, પૃ. ૪૭.
૪) સરસ્વતી પ્રાસાદ. ગ્રંથ ગરિમાની ગૌરવતા. પૃ.૯.
૫) અભિનવ ઉપદેશ પ્રાસાદ : પૃ. ૧૭.
૬) શ્રી નંદી સૂત્ર, ગાથા-૧-૨, પૃ. ૧-૩, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૭) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભા -૨, અ. ૨૯, સૂ. ૧૬, પૃ. ૧૭૫.
૮) શ્રી જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ ભાગ-૪, પૃ.૩૪૫.
૯) સમકિત વિચાર. પૃ. ૩૯-૪૩.
૧૦) નવલ નિત્ય સ્વાધ્યાય : પૃ. ૫૮.
૧૧) શ્રી રત્ન કરંડક શ્રાવકાચાર શ્લોક-૩૧, પૃ.૩.
૧૨) પંચવસ્તુક ગ્રંથ. ગા-૯૧૫, પૃ. ૪૦૪.
૧૩) શ્રી રત્ન કંરડક શ્રાવકાચાર, ગા.૩૭, પૃ.૧૦૯.
૧૪) સંબોધ પ્રકરણ, સમ્યક્ત્વ અધિકાર, ગા. ૨૫, પૃ. ૩૨ (મૂળ પ્રત પ્રમાણે).
૧૫) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, ભા-૧, અ.૯, ગા.૪૪, પૃ.૧૭૪, પ્ર.-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૬) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, સમીક્ષા અધ્યયન, પૃ. ૪૨, સં. મધુકર મુનિ.
૧૭) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ-૪, અ.૨૮, ગા. ૨૯-૩૦, પૃ.૬૦.
૧૮) શ્રી હરિભદ્રસૂરિ કૃત પંચવસ્તુક ગ્રંથ, ગા. ૯૧૭, પૃ.૪૦૫.
૧૯) અધ્યાત્મસાર ભાગ-૨, પ્ર૦૪, અ.૧૨, શ્લોક-૫, પૃ-૬.
૨૦) શ્રી રત્નકરંડક શ્રાવકાચાર શ્લોક-૩૪, પૃ.૧૦૨.
૨૧) શ્રી તત્ત્વાર્થ સૂત્ર અ.૧, સૂ.૧, પૃ.૪.
૨૨) અષ્ટપ્રાભૃતઃ ભાવપ્રાભૃત ગા. ૧૪૪ પૃ.૧૩૬.
૨૩) જ્ઞાનાર્ણવ : ગા-૫૯, પૃ.૧૦૩ (હિન્દી),
૨૪) શ્રી વિશેષાવશ્યક ભાષ્ય, ભા-૧, ગાથા-૩૧૯, પૃ. ૧૬૫.
૨૫) ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા-૧,સવાસો ગાથાનું સ્તવન, ઢા.-બીજી, કડી-૧૪, પૃ.૨૧૩.
૨૬) શ્રીમદ્ રાજચંદ્ર, પૃ.૬૨૫.
૨૭) શ્રદ્ધા અને શક્તિ : પૃ. ૪૦. લે. ધીરજલાલ ટોકરશી શાહ.
૨૮) શ્રી આવશ્યક સૂત્ર, આવશ્યક-૨, ચતુર્વિશતિસ્તવ ગા-૬, પૃ.૨૪. સં. લીલમબાઈ મહા.
૨૯) પશ્ચાતાપની પાવનગંગા, ગા-૨૫, પૃ. ૩૪૬.
૩૦) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર, પદ-૧૪, સૂત્ર-૧, પૃ.૫૫૧.
૩૧) શ્રી વિશેષાવશ્યક ભાષ્ય, ભાગ-૧, સૂત્ર-૧૨૨૭, પૃ.૪૫૫.
૩૨) આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજ રચિત કર્મગ્રંથ-૧, પૃ. ૧૩૧,
૩૩) શ્રીમદ્ હરિભદ્રસૂરિ કૃત સમ્યક્ત્વસપ્તતિઃ ગા.૫-૬, પૃ.૪૧.
૩૪) શ્રી ભગવતી સૂ. ભા.૫, શ. ૨૫, ઉ.૫,પૃ.૨૯૦/૨૯૧.
૩૫) શ્રી અનુયોગદ્વાર સૂત્ર. સૂત્ર-૪૩૧, પૃ. ૨૬૧. સં. આચાર્ય મહાપ્રજ્ઞ.

૩૬) શ્રી ભગવતી સૂત્ર ભા-૫, શ.૨૫, ઉ.૫, સૂ.૨૯, પૃ. ૨૯૧. પ્ર. શ્રી. ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૩૭) શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા, બોધિ દુર્લભ ભાવના, કડી ૨૮૪-૨૯૫, પૃ.૧૬૨-૧૬૭.
ભવભાવના પ્રકરણ ભાગ-૨, ગા. ૧૭૯-૧૮૫, પૃ. ૮૩-૮૮.અનુ.-શ્રી રાજશેખરસૂરિ મ.
૩૮) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ભા.૪, ૫૬-૧૮, સૂ. ૧-૪, પૃ. ૩૨૭-૩૮૩.
૩૯) સમ્યક્ત્વ અને મિથ્યાત્વ, પૃ.૭૫. સં. નગીનદાસ ગીરધરલાલ શેઠ.
૪૦) શ્રી ભગવતી સૂત્ર ભા-૪, શતક-૧૫, પૃ.૨૫૭. પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન .
૪૧) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, ભા.-૧, અ. ૩, પૃ.૬૯-૭૨.
૪૨) અધ્યાત્મસાર, ભા.-૨, પરિશિષ્ટ-૧, નિહ્નવોનો ઈતિહાસ, પૃ.૩૨૩-૩૨૪.
૪૩) કલ્પ સૂત્ર, પૃ.૧૮૭-૧૮૮. સં. દેવેન્દ્રમુનિ શાસ્ત્રી.
૪૪) પ્રદેશી રાજા અને કેશી સ્વામી; જુઓપરિશિષ્ટ વિભાગ.
૪૫) પંચવસ્તુક ગ્રંથ, ગા. ૧૦૩૦-૧૦૩૧, પૃ.૪૪૩.
૪૬) શ્રી ભગવતી સૂત્ર, શ. ૧, ઉ. ૩, સૂ.૬, પૃ. ૮૫. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૪૭) ધર્મસંગ્રહ ભા.૧, વિ.૧, ગા.૨૨, પૃ.૮૨.
૪૮) વિશેષાવશ્યક ભાષ્ય ભા-૧, ગા.૧૧૯૪, પૃ. ૪૪૭.
૪૯) અભિધાન ચિંતામણિ નામમાલા, ગા.૭૨-૭૩, પૃ. ૧૩.
૫૦) શ્રી આવશ્યક નિર્યુક્તિ ભાગ-૨, ગા.૧૦૭૬, પૃ.૭. પ્ર. શ્રી ભૈરૂલાલ કનૈયાલાલ કોઠારી ધાર્મિક ટ્રસ્ટ.
૫૧) શ્રી આવશ્યક સૂત્ર. આવશ્યક-૨, ચતુર્વિંશતિસ્તવ, ગા-૧, પૃ.૨૪. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૫૨) પ્રાકૃતિક પરમતત્ત્વનું મિલન, પૃ. ૨૯૯-૩૦૩.
૫૩) શ્રી સમવાયાંગ સૂત્ર, સમવાય-૩૪, સૂ. ૭૨, પૃ. ૩૮૯ થી ૪૦૨. સં. ઘાસીલાલજી મ. સા.
૫૪) અભિધાન ચિંતામણિ નામમાલા, ગા. ૬૫ થી ૭૧, પૃ.૧૨.
૫૫) શ્રી આચારાંગ સૂત્ર - દ્વિતીય શ્રુતસ્કંધ, અ.૧૫, સૂ.૨ નું વિવેચન, પૃ. ૨૯૭. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૫૬) શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર, અ.૮, પૃ. ૨૪૨-૨૪૫. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન તથા શ્રી કલ્પસૂત્ર, સૂ. ૧૧૦, પૃ.૧૬૦.
૫૭) શ્રી સમવાયાંગ સૂત્ર, સૂ.-૫૦, પૃ.૨૬૫.
૫૮) શ્રી કલ્પ સૂત્ર, સૂ.-૧૧૭, પૃ. ૧૯૯,૨૦૦.
૫૯) શ્રી કલ્પ સૂત્ર, પૃ. ૧૭૫,૧૭૬.
૬૦) શ્રી અંતગડદશાંગ સૂત્ર, વર્ગ-૯, અ. ૩, પૃ. ૧૧૭-૧૩૫
૬૧) જૈન ગુર્જર કવિઓ ભાગ ૧, પૃ. ૯૯, કૃતિ નં. ૧૧૬.
૬૨) શ્રી જૈનતત્ત્વ પ્રકાશ, પ્ર.૩, પૃ.૧૩૩, અનુ. શ્રી ઝવેરચંદ જાદવજી કામદાર.
૬૩) નવપદ પ્રકાશ, પૃ.૬૩-૭૯.
૬૪) પૂજા સંગ્રહ સાર્થ, નવપદજીની પૂજા, પૃ.૨૨૫. પ્ર. સાધના પ્રકાશન મંદિર.
૬૫) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ.૩૨, ગા. ૨૧ થી ૮૬, પૃ. ૨૮૭ થી ૩૦૨. પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૬૬) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભા-૩, અ. ૧૬, સૂ. ૩ થી ૧૧, પૃ.૧૪ થી ૧૮. લે. ઘાસીલાલજી મ.-
૬૭) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ.૧૬, સૂ. ૧૨, પૃ.૩૧૫. પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૬૮) શ્રી દશવૈકાલિક સૂત્ર, અ.૪, સૂ. ૮ થી ૧૨, પૃ. ૮૦-૮૮. પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૬૯) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર, શ્રુ૦ ૨, અ. ૧, પૃ. ૧૪૯. પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૭૦) પ્રવચન સારોદ્ધાર ભા-૧, ગા-૪૩૩-૪૩૬, પૃ.૧૯-૨૦૮.

૭૧) શ્રી આવશ્યક સૂત્ર ભા. ૪, સૂ.૨૦, પૃ. ૨૫-૨૫૬. સં. ઘાસીલાલજી મહા.
૭૨) શ્રી ભગવતી સૂત્ર, શ.૧૨, ઉ.૧, સૂ. ૧૭ પૃ.૬૫૧.
૭૩) પ્રવચન સારોદ્ધાર ભા-૧, ગા-૨૬૭, પૃ.૧૨૧.
૭૪) ધર્મસંગ્રહણિ ભા.૨, ગા.૮૨૦, પૃ.૧૨૪.
૭૫) સંબોધ પ્રકરણ દેવાધિ૦ ગા. ૧૦૭, પૃ.૪(મૂ. પ્ર. પ્ર.).
૭૬) પંચવસ્તુક ગ્રંથ. ગા-૯, પૃ.૯-૧૦. ભાવા.
૭૭) શ્રી. ઉત્તરાધ્યયન સૂત્ર, અ. ૨૬, ગા.-૩૧ નું વિવેચન, પૃ.૧૧૪.
૭૮) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અ.૩૧, ચરણવિધિ. સૂ.૧૨ (**किरियासु भूयगामेसु**), પૃ-૧૬૨.
૭૯) પ્રવચન સારોદ્ધાર ભા.૨, દ્વાર-૧૦૭, ગા.૭૯૦-૭૯૨, પૃ.૨૬-૩૦.
૮૦) અભિધાન રાજેન્દ્ર કોષ- (પવજ્જા). પૃ.૭૩૬ તેમજ પંચવસ્તુક ગ્રંથ. ગા.૩૨ થી ૩૬, પૃ.૨૩ થી ૨૫.
૮૧) પ્રવચન સારોદ્ધાર ભા-૨, દ્વાર-૧૦૭, ગા-૭૯૦-૭૯૧, પૃ.૨૬.
૮૨) શ્રી નિશીથ સૂત્ર - ઉદ્દેશક-૧૧, સૂત્ર-૮૩/૮૪, પૃ ૨૩૬. સં. શ્રી મિશ્રીમલજી મહા. 'મધુકર'.
૮૩) શ્રી બૃહત્કલ્પ સૂત્ર, ઉદ્દેશક-૪, સૂત્ર.૪, પૃ. ૧૮૨. પ્ર. શ્રીગુરુ પ્રાણ ફાઉન્ડેશન.
૮૪) પ્રવચન સારોદ્ધાર, ભા.-૨, દ્વા૦ ૧૦૯, ગાથા-૭૯૩-૭૯૪, પૃ. ૩૧.
૮૫) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અ.૩૦ ગા. ૬ પૃ. ૧૩૯. **भवकोडी संचियं कम्म, तवसा निज्जरिज्जइ।** ઘાસીલાલજી મહારાજ.
૮૬) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અ.૩૦ ગા. ૩૭ પૃ. ૧૫૭. **सो खिप्पं सव्वसंसारा।** ઘાસીલાલજી મહારાજ.
૮૭) ધર્મપ્રાણ પ્રવચન ભા. ૧, પૃ. ૩૩૯.
૮૮) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભા-૪, અ.૩૦, ગા. ૮ અને ૩૦, પૃ. ૧૪૦ થી ૧૫૩. લે. ઘાસીલાલજી મહા.
૮૯) શ્રી ભગવતી સૂત્ર-ભા-૩, શ.૧૨, ઉદ્દેશ-૨, પૃ.૬૫૭ થી ૬૬૮ પ્ર. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૯૦) શ્રી ભગવતી સૂત્ર-ભા-૩, શ. ૧૨, ઉદ્દેશક-૧, પૃ. ૬૪૫ થી ૬૫૪. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૯૧) શ્રી આવશ્યક સૂત્ર, છઠ્ઠો આવશ્યક, પ્રત્યાખ્યાન, પૃ.૧૧૦. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૯૨) પ્રવચન સારોદ્ધાર, ભા.૧, દ્વાર-૫૭, ગા.૫૬૨, પૃ.૨૬૩.
૯૩) શ્રી જૈન તત્ત્વપ્રકાશ પ્ર.૪, પૃ. ૨૫૯-૨૭૫. લે. અમોલખઋષિજી.
૯૪) શ્રી દશાશ્રુત સ્કંધ દશા-૭, સૂ. ૧, પૃ. ૬૫. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૯૫) પ્રવચન સારોદ્ધાર -ભા-૧, ગા. ૫૯૧, પૃ. ૩૧૯ તેમજ જૈન તત્ત્વપ્રકાશ, પ્ર.૩, પૃ.૧૫૩.
૯૬) ધર્મસંગ્રહ ભાગ-૧, વિ૦ ૨, ગા. ૬૨ નું વિવેચન, પૃ. ૩૭૧.
૯૭) પંચવસ્તુક ગ્રંથ ગા. ૩૦૭, પૃ. ૧૪૪.
૯૮) શ્રી આવશ્યક સૂત્ર, આ.૧, પૃ. ૧૭. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૯૯) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ.૧૯, મૃગાપુત્રીય. પૃ.૨૯૩-૨૯૭. સં. શ્રીમધુકરમુનિ.
૧૦૦-૧૦૧) શ્રી દશવૈકાલિક સૂત્ર, અ.૧, ગા. ૧ નો છાયાનુવાદ, પૃ. ૫-૬. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૦૨) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર, શ્રુતસ્કંધ-૧, અ-૧, સૂ.૧ નું વિવેચન, પૃ. ૫. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૦૩) શ્રી તત્ત્વાર્થ સૂત્ર, અ.૭, ગા. ૮-૧૨, પૃ. ૧૫૮.
૧૦૪) પશ્ચાતાપની પાવન ગંગા, ગા.-૪, પૃ.૫૮.
૧૦૫) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૩, સૂ. ૧૨, પૃ. ૭૮. પ્ર.શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૦૬) શ્રી તીર્થંકર ચરિત્ર, પૃ. ૭૬૬-૭૬.
૧૦૭) શ્રી શ્રાવકધર્મ પ્રકાશ, પૃ. ૧૬,૨૩.

૧૦૮) ધર્મબિંદુ, અ-૨, ગા.-૧૫ની ટીકા, પૃ.-૭૨-૭૩.
૧૦૯) ધર્મસંગ્રહ ભા-૧, વિ-૧, પૃ.૮૧.
૧૧૦) ધર્મસંગ્રહ ભા-૧, વિ-૨, ગા. ૬૯, પૃ. ૩૩૧.
૧૧૧) ધર્મસંગ્રહણિ ભા-૨, ગા. ૮૧૪, પૃ. ૧૨૧.
૧૧૨) સાધુસેવા આપે મુક્તિ મેવા, પૃ.૧૬૧.
૧૧૩) શ્રી વિપાક સૂત્ર, પરિશેષ, પૃ. ૧૮૭. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૧૪) યોગબિંદુ પ્રકરણ ગા. ૧૨૫, પૃ. ૭૦.
૧૧૫) પંચવસ્તુક ગ્રંથ, સૂત્ર-૬૯૦-૬૯૫, પૃ. ૩૦૩-૩૦૪.
૧૧૬) શ્રી તત્ત્વાર્થ સૂત્ર અ.૭, સૂ. ૩૩, પૃ. ૩૧૯.
૧૧૭) શ્રી જ્ઞાનસાર, અષ્ટક-પૂર્ણતા, ગા.-૬, પૃ. ૮.
૧૧૮) કુલકાદિસંગ્રહ, દાન મહિમા ગર્ભિત શ્રી દાન કુલક, પૃ. ૨૦.
૧૧૭) પંચવસ્તુક ગ્રંથ, ગા. ૧૩૦૭-૧૩૧૦, પૃ. ૫૫૧-૫૫૨.
૧૧૮) સુશીલ ભક્તિ લલિત લક્ષ કુલકાદિ સંગ્રહ, ગા. ૧૩, ૧૯-૨૦, પૃ. ૩૬-૩૮.
૧૧૯) શ્રી સૂયગડાંગ સૂત્ર-ભા-૧, પ્રથમ શ્રુતસ્કંધ, અ.૬, ગા. ૨૯, પૃ. ૨૬૮.
૧૨૦) સચિત્ર ભક્તામર સ્તોત્ર. ગા-૨૧, પૃ.નથી.
૧૨૧) યોગશાસ્ત્ર. દ્વિતીય પ્રકાશ, ગા. ૬-૭, પૃ. ૨૧.
૧૨૨) સચિત્ર ભક્તામર સ્તોત્ર. ગા-૨૧, પૃ.નથી,
૧૨૩) યોગશાસ્ત્ર, દ્વિતીય પ્રકાશ, ગા. ૯-૧૦, પૃ. ૨૨.
૧૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અ.૬, ગા. ૯-૧૧, પૃ-૨૦૯-૨૧૩.
૧૨૫) પંચવસ્તુક ગ્રંથ, પૃ. ૫૩૪.
૧૨૬) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ. ૫, ગા. ૧૨, પૃ. ૧૪૭.
૧૨૭) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ. ૬, ગા. ૧, પૃ. ૧૧૫. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૨૮) શ્રી દશવૈકાલિક સૂત્ર, અ.૧, ગા. ૧, પૃ. ૩ પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૨૯) અભિનવ ઉપદેશ પ્રાસાદ, પૃ. ૫૧. લે. મુનિશ્રી દીપરત્નસાગરજી.
૧૩૦) તત્વાર્થ સૂત્ર, અ. ૮, સૂ. ૧, પૃ. ૩૨૨.
૧૩૧) યોગશાસ્ત્ર - પ્ર. ૨, શ્લોક - ૩, પૃ. ૨૦.
૧૩૨) ધર્મસંગ્રહ, ભા. ૧, વિ. ૨, પૃ. ૧૦૯.
૧૩૩) શ્રી સ્થાનાંગ સૂત્ર, ભા. ૨, સ્થાન-૧૦, સૂત્ર-૬૬, પૃ. ૩૪૬. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૩૪) અન્યોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા ટીકાસહિત. (સ્યાદ્વાદમંજરી), ગા.-૧૧, પૃ.-૧૫૫.
૧૩૫) શ્રી આચારાંગ સૂત્ર, શ્રુ.-૧, અ.-૪, ઉ.-૧, સૂ.-૧, પૃ.-૧૪૦. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૩૬) શ્રી દશવૈકાલિક સૂત્ર, અ.૪, ગા.૧૨, પૃ.૧૧૫. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૩૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર : પ્ર.૩૫, સૂ.૧૯, પૃ.૫૩૦. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૩૮) શ્રી સ્થાનાંગ સૂત્ર, ભા-૧, સ્થાન-૩, ઉદ્દે.-૩, સૂ.-૫૪, પૃ.૨૩૮. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.

# પ્રકરણ - ૪

## ઢાળ : ૧૬ થી ૪૫ ની સંપાદિત વાચના અને તેનું અધ્યયન.

સમક્તિને રહેવાનું સ્થાન, કેન્દ્ર, અધિષ્ઠાન સડસઠ પ્રકારે છે. એવા સમકિતના સડસઠ સ્થાન, કેન્દ્રનું આ પ્રકરણમાં વિવરણ કરવાનો ઉપક્રમ કર્યો છે.

**अहं ममेति मन्त्रोऽयं मोहस्स जगदान्ध्यकृत् ।**

**अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित् ।**

'હું' અને 'મારું' આ મોહરાજાનો મંત્ર જગતને અંધ બનાવે છે અને નકારપૂર્વક આ જ વિરોધીમંત્ર મોહ પર વિજય પ્રાપ્ત કરાવે છે. મિથ્યાત્વના અંધાપાથી જેના અંતરચક્ષુ બિડાઈ ગયા છે તેવો ભવાભિનંદી જીવ અનંત પુદ્ગલ પરાવર્તન કાળથી 'અહં' અને 'મમ' નો મંત્ર જાપ જપતો આવ્યો છે. આ મંત્રની અસર જીવના અસંખ્યાત પ્રદેશો પર એવી તો વ્યાપી ગઈ છે કે જીવ તેને છોડવા તૈયાર જ નથી.

અનંત પુણ્યરાશિ એકત્ર થતાં સદ્ગુરુરૂપી ગારુડિયો મળે છે. જે જીવાત્માના અસંખ્યાત પ્રદેશો પર વ્યાપેલ વિષને જિનવાણીરૂપી ગારુડીમંત્ર વડે દૂર કરે છે. મિથ્યાત્વરૂપી વિષની મંદતા થતાં આત્મિક ગુણો પર વ્યાપેલ અનાદિની ધૂમિલતા ઓછી થતી જાય છે. જેમ જેમ આત્મિક શુદ્ધિ વધતી જાય, તેમ તેમ આત્માને જિનદેવ, જિન ગુરુ અને જિન ધર્મ તરફ શ્રદ્ધા, બહુમાન, અહોભાવ વધે છે. જીવનમાં સદ્ગુણોની વસંત ખીલે છે. જીવ સમકિત પ્રાપ્ત કરવા પૂર્વેની ભૂમિકા તૈયાર કરે છે.

જ્ઞાનસારના ચોથા મોહત્યાગાષ્ટમાં કહ્યું છે-

**शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम ।**

**नान्योऽहं न ममान्ये चेत्यदो मोहस्त्रमुल्बणम् ।।**

અર્થ: હું વિશુદ્ધ આત્મ દ્રવ્ય છું. શુદ્ધ જ્ઞાન મારો ગુણ છે, હું અન્ય પદાર્થોથી પર છું. આ ભાવનાથી મોહ હણાય છે.

ક્ષાયિક સમકિતને આ જ્ઞાન સદા વર્તાય છે, પણ અનાદિના મિથ્યાત્વીએ મોહનીય કર્મના આક્રમણને હટાવવા વ્યવહાર સમકિતનું સેવન જરૂરી છે. વ્યવહાર સમકિત એ તળાવ છે, નિશ્ચય સમકિત એ દરિયો છે. જેને તરતાં શીખવું હોય તેણે પહેલાં તળાવમાં પડવું જોઈએ કે દરિયામાં ? વ્યવહાર સમકિતના સેવનથી નિશ્ચય સમકિત પ્રગટ થાય છે.

-દુહા -૧૯-

**મીથ્યા ધર્મ તજી કરી, લિ સમકિત ભવીજંત;**

**પાંચ ભેદના સહી ભાખિ શ્રી ભગવંત ...૨૮૪**

અર્થ : મિથ્યાત્વ ધર્મનો ત્યાગ કરી ભવ્ય જીવ સમકિત પ્રાપ્ત કરે છે. જિનેશ્વર ભગવંતે સમકિતનાં પાંચ પ્રકાર કહ્યા છે...૨૮૪

મોહનું પ્રાબલ્ય, દૃષ્ટિનો અંધાપો એટલે મિથ્યાત્વ. મિથ્યાત્વ એ જીવનનું વિષ છે. શ્રદ્ધા-સમકિત એ જીવનનું અમૃત છે. શ્રદ્ધાના બે રૂપ છે. ૧) સમ્યક્ શ્રદ્ધા ૨) અંધશ્રદ્ધા. સમ્યક્શ્રદ્ધા વિવેકપૂર્વક હોય છે. અંધશ્રદ્ધા અવિવેકમય હોય છે. બંનેનું ઉદ્ગમ સ્થાન માનવીનું હૃદય છે. અંધશ્રદ્ધા એ મિથ્યાત્વ છે. સમ્યક્શ્રદ્ધા એ મુક્તિ મહેલનું પ્રથમ સોપાન છે. ૧૮ પ્રકારના પાપ સ્થાનકમાં અઢારમું પાપ મિથ્યાત્વ છે. જે સર્વ પાપોનો પોષક અને રક્ષક છે. તેથી જ શ્રાવકના ૩૬ કર્તવ્યોને જણાવતી 'મન્નહ જિણાણંની સજ્ઝાય'માં **मिथ्यात्वम् परिहरह** - મિથ્યાત્વનો ત્યાગ કરો એવો ઉપદેશ આપ્યો છે. મિથ્યાત્વ એ મારક છે. સમકિત એ તારક છે.

શ્રી આવશ્યકસૂત્રમાં કહ્યું છે -

**अबोहिं परियाणामि, बोहिं उवसंपज्जामि ।**[2]

અર્થ : મિથ્યાત્વનો ત્યાગ કરું છું, સમકિતને અંગીકાર કરું છું. આત્માની નિર્મળતા અને મલિન ભાવનાનો અભાવ ત્યાં સમકિતનો સદ્ભાવ છે.

## સમકિતના પ્રકાર[3]

### ચોપાઈ - ૮

ઉપશમિક પહિલું તે કહીઈ, પાંચ વરા સંસારિ;
આવ્યું અંતરમુરત રહિ, અસ્યુ વચન (ન) રા શ્રી જિનવર કહિ. ...૨૮૫
સાસ્વાદન તે બીજુ જોય, પાંચ વાર સંસારિં હોય;
કાલ તેહનો ષટ આવલી, અસ્યુ વચન ભાષઈ કેવલી. ...૨૮૬
ખ્યાયો ઉપશામીક તે સાર, પામઈ જીવ અસંખ્યા વાર;
છાસઠિ સાગર કાલ તસ હોય, જાઝેરા જિન ભાખિ સોય. ...૨૮૭
વેદક ચોથૂં સમકીત સાર, સંસારિં જીવ લહિ એકવાર;
સમિ એક કહ્યો તસ કાલ, ભાખિ જીવદયા પ્રતિપાલ. ...૨૮૮
ખ્યાયક પાંચમું સમકીત દીવ, એકવાર પામિં સહૂ જીવ;
તેત્રીસ સાગરોપમ તે રહિ, જાઝેરા જિન સ્વામી કહિ. ...૨૮૯
વળી ભેદ જિન મૂખ્યથી લહૂં, પાંચ પ્રકારે સમકીત કહૂં;
પ્રથમ ભેદ સમકીત મનિ ધરૂં, જિને કહ્યું તે મુઝ મનિં ખરૂં. ...૨૯૦
વલી સમકીતના દોય પ્રકાર, દ્રવ્ય સમકીતનો અર્થ સૂસાર;
અરીહંત વચન ઉપરિ રુચિ ઘણી, એહ વાત દ્રવ્ય સમકીત તણી. ...૨૯૧
બીજો ભેદ કહૂં નર એહ, સડસઠિ બોલ નર જાણિ જેહ;
ભાવિ સાંભલિનિં આદરિ, દોય પ્રકારિં સમકીતના શરિ. ...૨૯૨

અર્થ : પ્રથમ ઉપશમ સમકિત છે. તે ભવચક્રમાં પાંચ વખત પ્રાપ્ત થાય છે. ઉપશમ સમકિત અંતર્મુહૂર્ત (૪૮મિનિટ) રહે છે. હે માનવો ! એવાં શ્રી જિનેશ્વર દેવનાં વચનો છે...૨૮૫.

બીજું સાસ્વાદન સમકિત છે. તે સંસાર ચક્રમાં પાંચ વખત પ્રાપ્ત થાય છે. તેનો કાળ છ આવલિકા છે. એવું જિનેશ્વર ભગવંતોનું વચન છે...૨૮૬.

ક્ષયોપશમ સમકિત જીવ અસંખ્યાત વખત પ્રાપ્ત કરે છે. તેની સ્થિતિ છાસઠ સાગરોપમ ઝાઝેરી છે. એવું જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે...૨૮૭.

ચોથું વેદક સમકિત છે. ભવચક્રમાં જીવ ફક્ત એકવાર પ્રાપ્ત કરે છે. તેની સ્થિતિ એક સમયની છે. એવું જીવદયા પાલક જિનેશ્વર દેવ કહે છે...૨૮૮.

પાંચમું ક્ષાયિક સમકિત છે. તે સંસારમાં ફક્ત એકજ વખત પ્રાપ્ત થાય છે. તેની સ્થિતિ તેત્રીસ સાગરોપમ ઝાઝેરી છે. એવું રાગ દ્વેષના વિજેતા જિન દેવ કહે છે...૨૮૯.

જિનદેવના મુખેથી કહેવાયેલા સમકિતના પાંચ પ્રકાર કહું છું. સૌ પ્રથમ સમકિતના ભેદ અને જિનેશ્વરનાં વચનો સત્ય છે, એવી શ્રધ્ધા મનમાં ધારણ કરું છું...૨૯૦.

વળી સમકિતના બે પ્રકાર છે. દ્રવ્ય સમકિતનો અર્થ પણ સુંદર છે. અરિહંત ભગવંતના વચનો પર સંપૂર્ણ રુચિ હોય તેને દ્રવ્ય સમકિત કહેવાય છે....૨૯૧.

સમકિતનો બીજો ભેદ કહું છું. જે મનુષ્ય સમકિતના સડસઠ બોલ જાણે છે તેનું ભાવપૂર્વક શ્રવણ કરી તેનું આચરણ કરે છે તે ભાવ સમકિત છે. સમકિતના બંને પ્રકાર શ્રેષ્ઠ છે...૨૯૨.

ચોપાઈ આઠમાં કવિ ઋષભદાસે સમકિતના વિવિધ ભેદો દર્શાવેલ છે.

શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં જિનભદ્રગણી ક્ષમાશ્રમણે સમકિતના પાંચ ભેદ દર્શાવેલ છે.

सम्मत्तपरिग्गहिय सम्मसुयं तं च पंचहा सम्मं ।[४]
उवसमियं सासाणं खयसमजं वेययं खइयं ।

અર્થ : સમકિતપૂર્વક ગ્રહણ કરેલ શ્રુત તે સમ્યક્‌શ્રુત છે. તે સમકિત ઔપશમિક, સાસ્વાદન, ક્ષયોપશમક, વેદક અને ક્ષાયિક એમ સમકિત પાંચ પ્રકારે છે.

સમકિતના આ પાંચ પ્રકારો ધર્મસંગ્રહણી, સંબોધપ્રકરણ, સમકિત સપ્તતિ આદિ ગ્રંથોમાં દર્શાવેલ છે.

(૧) ઔપશમિક સમકિત[૫] :- અનંતાનુબંધી*, ક્રોધ, માન, માયા અને લોભ, સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય આ સાત પ્રકૃતિને સર્વથા ઉપશમાવે કે ઢાંકે તેને ઔપશમિક સમકિત કહેવાય.

ઉપરોક્ત સાતે પ્રકૃતિને 'દર્શન સપ્તક' કહેવાય છે. દર્શનસપ્તકને ઉપશમાવી (દબાવી) ઉપશમ શ્રેણી પામેલા આત્માને ઉપશમ સમકિત હોય અથવા જે અનાદિ કાળથી મિથ્યાત્વી છે, જેણે મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધ – અશુદ્ધ કે મિશ્રપુંજ એવા વિભાગ કર્યા ન હોય તેમજ મિથ્યાત્વનો ક્ષય ન કર્યો હોય, તેવા જીવને અંતર કરણમાં પ્રવેશતાં ઉપશમ સમકિત પ્રાપ્ત થાય છે. ઉપશમ સમકિત જીવને ભવાંતરમાં પાંચ વખત પ્રાપ્ત

---

* અનંત સંસારકાળ વધારે તે અનંતાનુબંધી કષાય કહેવાય. અનંતાનુંબંધીની ગાંઠ તોડવા જીવ યથાપ્રવૃતિકરણથી આગળ વધી અપૂર્વકરણ કરે તો સમકિત પ્રાપ્ત કરે છે.

થાય છે.

(૨) સાસ્વાદન સમકિત[*] :- અંતરકરણમાં ઉપશમ સમકિતના અંતર્મુહૂર્ત કાળમાંથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ આવલિકા જેટલો સમય બાકી રહે ત્યારે જીવને અનંતાનુબંધી કષાયના ઉદયથી ઉપશમ સમકિતથી પતન થતાં, મિથ્યાત્વનો ઉદય ન થવા છતાં (ઉદયની તૈયારી હોય) આત્માના પરિણામ કલુષિત થાય ત્યારે જીવને તત્ત્વશ્રદ્ધાનરૂપ રસના આસ્વાદયુક્ત પરિણામ વર્તે તે સાસ્વાદન સમકિત છે[૬]. સમકિતનો આસ્વાદ હોવાથી સાસ્વાદન સમકિત કહ્યું છે, તે યોગ્ય છે. સાસ્વાદન સમકિત ભવાંતરમાં પાંચ વખત પ્રાપ્ત થાય છે. ૧) ઉપશમ સમકિતથી પડતાં, ૨) ચાર વખત ઉપશમ શ્રેણીથી પડતાં પ્રાપ્ત થાય છે.

(૩) ક્ષયોપશમ સમકિત[૭] : - ઉપરોક્ત સાત પ્રકૃતિનો કંઈક ઉદય આવે તેનો ક્ષય કરે અને સત્તામાં દલિકો છે તેને ઉપશમાવે એટલે કે ઉદય પામેલા મિથ્યાત્વનો ક્ષય કરે અને ઉદય નહિ પામેલા દલિકોને ઉપશમાવે, એમ ક્ષય અને ઉપશમ ઉભયથી થયેલ તત્ત્વ શ્રદ્ધાનરૂપ આત્માના પરિણામ તે ક્ષયોપશમ સમકિત છે.

માનો કે કોઈ દેવાળિયો થયો. તેને ત્યાં લેણદાર પૈસા વસૂલ કરવા આવે છે. તેવી સ્થિતિમાં તે નાના નાના લેણદારો ને પૈસા ચૂકવી આપે છે અને મોટા લેણદારોને એક મહિનાનો સમય આપી સમાજમાં એવો વિશ્વાસ બેસાડે છે કે તે લેણદારોના બધા પૈસા પાછા ચૂકવી આપશે. આ પ્રમાણે તેની ઈજ્જત - આબરૂ બચાવે છે. તેવી જ રીતે જે કર્મ આપણું કાંઈ ન બગાડી શકે તેનો ક્ષય કરે અને જે કર્મો બળવાન છે, તેને વર્તમાને દબાવીને રાખે, ઉપશમ કરે. આ પ્રકારનું ક્ષયોપશમ સમકિત જાણવું. ક્ષયોપશમ એટલે કામચલાઉ દોષો હટાવવા. અહીં મિથ્યાત્વના દલિકો ઉદયમાં રહે, પરંતુ એટલા સબલ ન હોવાથી અતિકમ, વ્યતિકમ અને અતિચાર દોષ લાગવાની સંભાવના રહે છે. સમકિતનાં ત્રણ દોષ છે.

- ચલદોષ : વૃદ્ધ મનુષ્યના હાથમાં લાકડી ધ્રૂજે તેમ સમકિતમાં શ્રદ્ધાથી ચલ-વિચલ થાય.
- મલદોષ : સમકિતમાં મલિનતા આવે જેમકે શું પાણીના એક બિંદુમાં અસંખ્યાતા જીવો હશે ?
- અગાઢદોષ : વીતરાગ પરમાત્મા પાસે ભૌતિક સુખની માંગણી કરવી જેમકે પાર્શ્વનાથ પરચો પૂરો.

(૪) વેદક સમકિત[૮] : - દર્શન સપ્તકનો ઘણો ભાગ ક્ષય કર્યો હોય એવા જીવ વડે દર્શન મોહનીયનો છેલ્લો અંશ અનુભવાય તે વેદક સમકિત છે. વેદક સમકિતના ત્રણ પ્રકાર છે.

- ક્ષાયિક વેદક સમકિત - અનંતાનુબંધી ચતુષ્ક, મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીયનો ક્ષય થયો હોય અને સમકિત મોહનીયનો ઉદય હોય તેને ક્ષાયિક વેદક સમકિત કહે છે.
- ઉપશમ વેદક સમકિત - અનંતાનુબંધી ચતુષ્ક, મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીયનો ઉપશમ થયો હોય અને સમકિત મોહનીયનો ઉદય હોય તેને ઉપશમ વેદક સમકિત કહે છે.
- ક્ષયોપશમ વેદક સમકિત - અનંતાનુબંધી ચતુષ્ક, મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીયનો ક્ષયોપશમ થયો હોય અને સમકિત મોહનીયનો ઉદય હોય તેને ક્ષયોપશમ વેદક સમકિત કહે છે.

---

* નોંધ:- સાસ્વાદન સમકિત ઉપશમ સમકિતથી પતિત થયેલાને હોય છે. સાસ્વાદન સમકિત અપર્યાપ્ત અવસ્થામાં શરીર પર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં હોય છે. પૂર્વ જન્મમાં અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે ઉપશમ સમકિત પ્રાપ્ત કરી અનંતાનુબંધી કષાયનો ઉદય થવાથી સમકિતનું વમન કરી જીવ સાસ્વાદને આવી મરણ પામી ગર્ભજ મનુષ્ય, તિર્યંચ, દેવ, બાદર પર્યાપ્ત પૃથ્વી, અપ, પ્રત્યેક વનસ્પતિ, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે.(પંચસંગ્રહ, ભાગ -૩, પૃ.૮૩.)

ક્ષયોપશમ સમકિતમાં સમસ્ત શુદ્ધ પુંજનો અનુભવ થાય છે જ્યારે વેદક સમકિતમાં તેનો છેલ્લો અંશ વેદાય છે. વેદક પણ ક્ષયોપશમ સમકિત છે કારણકે અનુભવાતા છેલ્લા અંશ સિવાયના સર્વ પુદ્ગલોનો ક્ષય અને છેલ્લા અંશમાં રહેલા પુદ્ગુલોનો મિથ્યાત્વભાવ દૂર થવા રૂપ ઉપશમ એમ ક્ષય અને ઉપશમ ઉભય સ્વભાવથી થતું હોવાથી તે ક્ષયોપશમ છે.

(૫) ક્ષાયિક સમકિત[૯] :- દર્શન સપ્તકનો સર્વથા ક્ષય થવાથી થયેલું તત્ત્વશ્રદ્ધાન તે ક્ષાયિક સમકિત છે. તેની આદિ છે પણ અંત નથી. આ સમકિત સર્વથા નિર્મળ છે, જેમાં મિથ્યાત્વનું બીજ સર્વથા નાશ પામે છે.

ક્ષયોપશમ સમકિતમાં સમકિત મોહનીય સિવાયની છ પ્રકૃતિનો ઉદય હોય પરંતુ તે રસ આપ્યા વિના ક્ષય પામે, જ્યારે સમકિત મોહનીયનો વિપાકોદય હોવા છતાં સમકિતનો ઘાત થતો નથી. મિથ્યાત્વનો ઘાત ન થાય ત્યાં સુધી પડિવાઈ થવાનો સંભવ છે.

શ્રદ્ધાન જેવી રીતે ઔપશમિક સમકિતમાં હોય છે તેવી જ રીતે ક્ષયોપશમ આદિ સમકિતમાં પણ હોય છે. ઔપશમિક સમકિતમાં મિથ્યાત્વ મોહનીયનો પ્રદેશોદય* કે વિપાકોદય* બિલકુલ ન હોય જ્યારે ક્ષયોપશમ સમકિતમાં મિથ્યાત્વ મોહનીયનો પ્રદેશોદય હોય છે. ક્ષયોપશમ સમકિત પૌદ્ગલિક સમકિત છે, જ્યારે ઔપશમિક અને ક્ષાયિક સમકિત અપૌદ્ગલિક સમકિત છે.

ક્ષાયિક સમકિત શ્રેષ્ઠ કોટિનું સમકિત છે. તેમાં છદ્મસ્થ અવસ્થાવાળાનું ક્ષાયિક સમકિત અશુદ્ધ ક્ષાયિક કહેવાય છે, જ્યારે કેવળજ્ઞાનીઓના ક્ષાયિક સમકિતને શુદ્ધ ક્ષાયિક સમકિત કહેવાય છે. છાદ્મસ્થિક ક્ષાયિક સમકિતી જીવને અનંતાનુબંધી કષાયનો ક્ષય છે, પરંતુ અવશેષ કષાયો પણ અનંતાનુબંધીરૂપે પરિણમી નરકાદિ ગતિમાં લઈ જવાના સાધનભૂત હોવાથી પરિણામની વિચિત્રતાને કારણે અશુદ્ધ ક્ષાયિક સમકિત કહેવાય છે.[૯] જેમ કોઈ શાહુકાર ઘણા વખતથી ચોરોના સમુદાયમાં રહેવાથી તેની ચોરોમાં ગણના થાય, તેમ છાદ્મસ્થિક ક્ષાયિક સમકિતને તેવા સંયોગોને કારણે અશુદ્ધ ક્ષાયિક સમકિત કહેવાય છે. નીચેના કોઠામાં સમકિત વિષે માહિતી દર્શાવેલ છે[૧૦].

---

* પ્રદેશોદય એટલે મિથ્યાત્વ મોહનીયનો સૂક્ષ્મ ઉદય (કર્મરસ બતાવવાની શક્તિ નથી)
* વિપાકોદય એટલે મિથ્યાત્વ મોહનીયનો રસ અનુભવાય તેવો ઉદય.

| નં. | સમકિતના પ્રકાર | સ્થિતિ | ભાવાંતરમાં કેટલીવાર મળે | ગુણ સ્થાન | કેટલા ભવે મોક્ષમાં જાય |
|---|---|---|---|---|---|
| ૧. | ઉપશમ સમકિત | અંતર્મુહૂર્ત[૧] | સંસાર પરિભ્રમણમાં પાંચ વખત પ્રાપ્ત થાય. | ૪ થી ૧૧ ગુણ | વધુમાં વધુ દેશે ઉણું અર્ધ પુદ્‌ગલ પરાવર્ત કાળ સુધી સંસારમાં રહે પછી અવશ્ય મોક્ષમાં જાય . |
| ૨. | સાસ્વાદન સમકિત | જ.૧ સમય, ઉ.૬ આવલિકા | સંસાર પરિભ્રમણમાં પાંચ વખત પ્રાપ્ત થાય. | ૨ જું ગુણ | |
| ૩. | ક્ષયોપશમ સમકિત | સાધિક ૬૬ સાગરોપમ[૨] | અસંખ્યાતીવાર | ૪ થી ૭ ગુણ | વધુમાં વધુ દેશે ઉણું અર્ધ પુદ્‌ગલ પરાવર્ત કાળ સુધી સંસારમાં રહે પછી અવશ્ય મોક્ષમાં જાય . |
| ૪. | વેદક સમકિત | જ. ઉ. ૧ સમય | એકવાર | ૪ થી ૭ ગુણ | |
| ૫. | ક્ષાયિક સમકિત[૩] | સાધિક ૩૩ સાગરોપમ | એકવાર | ૪ થી ૧૪ ગુણ | તેજ ભવે મોક્ષમાં જાય અથવા ત્રણ,ચાર કે વધુમાં વધુ પાંચ ભવ કરે. |

૧. ઉપશમ સમકિતની અંતર્મુહૂર્તની સ્થિતિ પૂર્ણ થતાં કોઈ જીવ ક્ષયોપશમ સમક્તિ મેળવે. વળી ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરવા ક્ષયોપશમ સમકિત હોવું જરૂરી છે. (પંચસંગ્રહ ભાગ-૩, પૃ. ૫૪. સં. પુખરાજ અમીચંદ કોઠારી.)અનાદિ મિથ્યાત્વીને અથવા ઉપશમ શ્રેણી માંડનાર જીવને હોય છે.

૨. ક્ષયોપશમ સમકિતનો કાળપૂર્ણ થતાં કોઈ જીવ ક્ષાયિક સમકિતી બને અથવા કોઈ જીવ મિથ્યાત્વમાં જાય (એજ પૃ. ૫૪)

ક્ષયોપશમ સમકિતની સ્થિતિ સાધિક છાસઠ સાગરોપમની છે. વૈમાનિક ગતિમાં બારમા દેવલોકના દેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીસ સાગરોપંનું છે. ત્યાં ત્રણવાર ગમન કરતાં છાસઠ સાગરોપમ થાય અથવા અનુત્તર વિમાનના ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમના બે ભવ મળીને છાસઠ સાગરોપમ અને ૧,૩,૫ ભવમાં મનુષ્યના ભવ આશ્રી અધિક કાળ ગણ્યો છે.

૩.તદ્દ્ભવ મોક્ષગામી જીવ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યા પછી અંતર્મુહૂર્તમાં જ ચારિત્ર મોહનીયની ક્ષપણાનો પ્રારંભ કરે છે. (એજ પૃ.૫૫)

નોંધ : ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક આ ત્રણમાંથી કોઈપણ ભાવથી કરાયેલા મોહનીય કર્મના અંશ માત્ર નાશથી પણ આત્મશુદ્ધિ પ્રગટે છે. તેથી આ ત્રણે ભાવના ગુણો ઉપાદેય છે. ત્રણે ભાવમાં દોષોનું નિરાકરણ અમુક અંશે મૂળમાંથી થાય છે. દા.ત. મોક્ષમાર્ગની પ્રથમ ભૂમિકા અપુનર્બંધક ક્ષયોપશમ ભાવથી પ્રગટે છે. આ ભૂમિકા પ્રાપ્ત કરેલો જીવ કદાચ સંસારમાં રખડે, તેનું ધર્મથી પતન થાય, તો પણ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ન બાંધે. ભૂતકાળમાં કષાયોનો જેવો આવેશ હતો તેવો ફરી ઉત્પન્ન ન થાય. તેથી અમુક દોષો સદાને માટે ક્ષય પામે.

સ્પષ્ટીકરણ નોંધ :-

(૧) અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ એ પાંચ પ્રકૃતિઓનો ક્ષયોપશમ થવાથી ભવસ્થિતિ પરિપક્વ થાય છે. તેથી કર્મોની સ્થિતિ અંતઃ ક્રોડા ક્રોડી સાગરોપમ થાય છે

(૨) અનંતાનુબંધી કષાય એ ચારિત્ર મોહનીયની પ્રકૃતિ છે, પણ સમકિતની ઘાતક નથી. અનંતાનુબંધી કષાયના ઉદયથી જે ક્રોધાદિક ભાવો થાય છે, તેવા ક્રોધાદિક ભાવો સમકિતના સદ્‌ભાવમાં થતા નથી. તેમાં નિમિત્ત નૈમિત્તિકપણું હોય છે.

(૩) સમકિત મોહનીય પ્રકૃતિ દેશઘાતી છે. તેથી તેના ઉદયમાં સમકિતનો ઘાત થતો નથી. મૂળથી ઘાત ન કરે, પણ કંઈક મલિનતા કરાવે તે દેશઘાતી પ્રકૃતિ કહેવાય.

(૪) અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમ કે ઉપશમ વિના મિથ્યાત્વ દૂર ન થાય. આ પ્રકૃતિ મિથ્યાત્વની સહ-ચારિણી છે એટલે સમકિતને તેના ઉદયમાં ભ્રષ્ટ કરે છે.

(૫) મિશ્ર મોહનીય ક્ષયોપશમ સમકિતને પ્રગટ થવા દેતું નથી. તેથી તે ક્ષયોપશમ સમકિતનું ઢાંકણું છે.

(૬) સમકિત મોહનીયથી ક્ષયોપશમ સમકિતમાં ચંચલતા ઉત્પન્ન થાય છે. તે ક્ષાયિક સમકિત પ્રગટ થતાં અટકાવે છે. તેના ઉદયથી શંકા કાંક્ષા, વિતિગિચ્છા જેવા દોષ પ્રગટ થાય છે. જેમકે સાંસારિક સુખો માટે ધર્મ કરણી કરવાની ઈચ્છા થવી.

સમકિતના આ પ્રકાર મોહનીય કર્મ અને કષાયની તરતમતાના આધારે દર્શાવેલ છે. તેને નીચેની આકૃતિ દ્વારા વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય.



ઉપશમસમકિતનીચે કચરો છે ઉપર સ્વચ્છ પાણી છે. | ક્ષયોપશમિક સમકિત થોડા કચરાવાળું પાણી | ક્ષાયિક સમકિત સંપૂર્ણ શુદ્ધ પાણી

જેમ ડહોળા પાણીમાં ફટકડી ફેરવવાથી માટી વગેરે નીચે બેસી જાય છે અને પાણી સ્વચ્છ બની જાય છે, તેમ મિથ્યાત્વનો ઉદય શાંત તથા જીવના પરિણામ વિશુદ્ધ બની જાય છે, તે સમાન ઉપશમ સમકિત છે. જેમ સહેજ પાણી હલાવવાથી અલ્પ પ્રમાણમાં ડહોળાઈ જાય છે, તે સમાન ક્ષયોપશમ સમકિત છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના ઉદયથી જીવનાં પરિણામ અશુદ્ધ બની જતાં સમકિત નાશ પામે છે, તે મિથ્યાત્વ અવસ્થા છે અને ફિલ્ટર કરેલું શુદ્ધ પાણી, તે સમાન ક્ષાયિક સમકિત છે.

ઉપરોક્ત દૃષ્ટાંતથી સમજાય છે કે શુદ્ધતા એ ક્ષાયિક સમકિત છે. ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરવા જ વીર્ય ફોરવવુ જોઈએ, પરંતુ બધાજ જીવોમાં એવું સામર્થ્ય પ્રગટતું નથી. સાસ્વાદન સમકિતની સ્થિતિ ફક્ત છ આવલિકા છે. ઉપશમ સમકિતની સ્થિતિ અંતર્મુહૂર્ત છે. વેદક સમકિત ફક્ત ૧ સમયની સ્થિતિનું છે. આ સર્વ સમકિત અલ્પસ્થિતિનાં છે, જ્યારે આત્માના અસંખ્ય પ્રદેશ પર અનંત કર્મોએ જમાવટ કરી છે. તે અનંત

કર્મોની જંજીરોને તોડવા ક્ષાયોપશમિક સમકિત પ્રાપ્ત કરવું જરૂરી છે.

• સમકિતનો અલ્પ બહુત્વ : ૧) ઉપશમ સમકિતી સૌથી થોડા હોય, ૨) વેદક સમકિતી સંખ્યાતગણા હોય, ૩) ક્ષયોપશમ સમકિતી અસંખ્યાતગણા હોય, ૪) ક્ષાયિક સમકિતી અનંતગણા હોય.

સમકિત પ્રાપ્ત કર્યા પછી તેને શી રીતે ટકાવવું ? તેના સંદર્ભમાં કવિએ સમકિતના બે પ્રકાર કહ્યા છે.

• દ્રવ્ય સમકિત અને ભાવ સમકિત[12] :

या देवे देवता बुद्धि, गुरौ च गुरुतामतिः ।
धर्मे च धर्मधीः, शुद्धा सम्यक्त्वमिदमुच्यते ।।

અર્થ : સુદેવ, સુગુરુ અને સુધર્મમાં શુદ્ધ શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે.

જિનવાણી પર રુચિ એ દ્રવ્ય સમકિત છે. તેવા સાધકના હૃદયમાં આ ચાર વાક્ય કોતરાયેલા હોય છે. ૧) तमेव सच्चं निस्संकं जं जिणेहि पवेइयं । २) निग्गंथं पावयणं अत्थं परमत्थं शेषं अनथ्थं । ३) तत्त्व केवली गम्य । ૪) સિદ્ધાંતમાં કહ્યું છે તે સત્ય છે.

મિથ્યાત્વના શુદ્ધ કરાયેલા કર્મ દલિકો જ દ્રવ્ય સમકિત છે.

(૧) ૭નય[13], ૪ પ્રમાણ, ૪ નિક્ષેપા, દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ, વ્યવહાર અને નિશ્ચય, સામાન્ય અને વિશેષ, દ્રવ્ય અને ભાવ. આ રીતે નવ તત્ત્વના ભાવ જાણે. (૨) ક્ષાયિક, ક્ષયોપશમ કે ઉપશમ સમકિતમાંથી કોઈપણ ભાવમાં પ્રવર્તે. (૩) સમકિતના સડસઠ બોલનું ભાવપૂર્વક સમ્યક્ આચરણ એ ભાવ સમકિત છે.

મિથ્યાત્વના શુદ્ધ થયેલા કર્મદલિકોની સહાયથી જીવનાં તત્ત્વરુચિરૂપ પરિણામ તે ભાવ સમકિત છે. આવું સમકિત પ્રશમાદિ લિંગોથી જાણી શકાય છે.

ઔપશમિક અને ક્ષાયિક સમકિતનો ભાવ સમકિતમાં સમાવેશ થાય છે. જ્યારે ક્ષયોપશમ સમકિતનો દ્રવ્ય સમકિતમાં સમાવેશ થાય છે.

• નિશ્ચય સમકિત અને વ્યવહાર સમકિત :

જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ આત્માના શુભ પરિણામને નિશ્ચય સમકિત કહેવાય છે.

નિશ્ચયનયથી આત્મા જ દેવ છે, આત્મા જ ગુરુ છે અને આત્મા જ ધર્મ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ તે દેવ છે. આત્મા જ્ઞાનનો ભંડાર છે અને આત્મા આત્મજ્ઞાનથી આત્માને ઓળખે છે, તેથી તે આત્માનો ગુરુ છે. મહાત્મા બુદ્ધે કહ્યું છે ; 'अप्प दीवो भव' - તું તારો જ દીવો બન. આત્માના જ્ઞાન દર્શન આદિ ગુણોમાં રમણતા કરવી તે વાસ્તવિક ધર્મ છે. કવિ યશોવિજયજીએ કહ્યું છે–

अत्माऽऽत्मन्येव तच्छुद्धं जानात्यात्मानमात्मना[13] ।
सेयं रत्नत्रये ज्ञाप्तिरुच्याचारैकता मुनेः ।।

અર્થ : આત્મા, આત્મામાં જ આત્મા વડે વિશુદ્ધ આત્માને જાણે. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નમાં

જ્ઞાન, શ્રદ્ધા અને આચારની અભેદ પરિણતિ મુનિને હોય છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે–

**આતમજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય[૧૪];**
**બાકી કુલગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય.**

સંત કબીર પણ કહે છે –

**આત્મ જ્ઞાન વિના સૂના, ક્યા મથુરા ક્યા કાશી.**
**ભીતર વસ્તુ ધરી નહિ, સૂઝત બાહર દેખન જાસી !**

આત્મજ્ઞાન વિના બધું જ નકામું છે. આત્મજ્ઞાની સંતો સાચા સદ્ગુરુ છે.

**जे एगं जाणइ से सव्वं जाणई।**

જિનાગમસૂત્રનો ભાવ પણ ઉપરોક્ત ભાવ સાથે સુમેળ ધરાવે છે. તીર્થંકર દેવો પણ આત્મતત્ત્વનો જ બોધ આપે છે. સમકિતના છ સ્થાનો પણ નિશ્ચય સમકિત પ્રાપ્ત કરવા માટે છે. શુદ્ધ દર્શનાચાર પણ તેવું જ જણાવે છે. આત્માના વિષયમાં શંકા રહિત થવું તે નિઃશંકતા ગુણ છે. મિથ્યાત્વ તથા પર પદાર્થની ઈચ્છા ન થવી તે નિષ્કાંક્ષા ગુણ છે. કર્મના વિપાકો સમભાવે સહન કરવાં તે નિર્વિચિકિત્સા ગુણ છે. યથાર્થ આત્મબોધ તે અમૂઢદૃષ્ટિ ગુણ છે. સ્વ–સ્વભાવમાં લીન થવું તે ઉપબૃંહણ ગુણ છે. જ્ઞાન–દર્શન ગુણોમાં સ્થિરતા કેળવવી તે સ્થિરીકરણ ગુણ છે. 'સવ્વી જીવ કરું શાસન રસી'ની ભાવના તે વાત્સલ્ય ગુણ છે. જ્ઞાન, દર્શન આદિ ગુણની વૃદ્ધિમાં કાળજી રાખવી તે પ્રભાવના ગુણ છે.

વ્યવહાર સમકિત : સમકિત પ્રાપ્તિના બાહ્ય નિમિતો અનેક છે. (૧) જિનદર્શન, જિનમહોત્સવ, તીર્થયાત્રાદિ હેતુથી ઉત્પન્ન થતા સમકિતને વ્યવહાર સમકિત કહેવાય છે.[૧૫] (૨) સમકિતના ૬૭ બોલનું વ્યવહારથી આચરણ કરવું. (૩) સુદેવ, સુગુરુ અને સુધર્મની શ્રદ્ધા કરવી[૧૬].

શ્રી દેવચંદ્રજી મ.સા. ચંદ્રાનનજીના સ્તવનમાં કહે છે,

**ભાવસ્તવ જેહથી પામીજે, દ્રવ્યસ્તવ એ તેણે કહીજે;**
**દ્રવ્ય શબ્દ છે કારણ વાચી, ભ્રમે ન ભૂલો કર્મ નિકાચી.**

દ્રવ્યસમકિત એ ભાવસમકિતનું કારણ છે. વ્યવહાર સમકિતનું પાલન કરતાં નિશ્ચય સમકિતમાં સ્થિર થવાય છે. જે મોક્ષમાર્ગમાં નિમિત્તભૂત છે, સહચારી છે. તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવાય છે. જેમકે કોઈ પુરુષ કોઈ શહેરમાં જવાનો નિર્ણય કરે; ત્યારે વ્યવહારથી કહેવાય કે તે અમુક શહેરમાં જાય છે. નિશ્ચયથી તો તે વ્યક્તિ જ્યારે શહેર જવા માટે, માર્ગમાં ચાલવાનું શરૂ કરે ત્યારે જ ચાલ્યો કહેવાય.

• પૌદ્ગલિક અને અપૌદ્ગલિક સમકિત :

જેમાં સમ્યક્ત્વ મોહનીયનાં પુદ્ગલોનું વેદન થાય તે ક્ષયોપશમ સમકિતને પૌદ્ગલિક સમકિત કહેવાય છે, જ્યારે ઉપશમ અને ક્ષાયિક સમકિતમાં મિથ્યાત્વના દલિકોનું વેદન ન હોવાથી તે અપૌદ્ગલિક સમકિત છે.

આ પ્રમાણે સમકિતનું નિરૂપણ દ્રવ્ય અને ભાવ, વ્યવહાર અને નિશ્ચય, પૌદ્‌ગલિક અને અપૌદ્‌ગલિક એમ બે પ્રકારથી છે. લોકપ્રકાશ અને કલ્પભાષ્ય ગ્રંથોમાં તે ભેદોનું વિવેચન કરવામાં આવ્યું છે.

- દુહા -૨૦ -

સડસઠિ બોલ સમકીત તણા, વ્યવરી કહિસ્યુ તેહ;
ચ્યાર સધઈણા મનિં ધરિ, સમકીત દ્રીષ્ટી જેહ. ...૨૯૩

અર્થ : સમકિતના સડસઠ બોલ છે. તેને હવે વિવરણ કરીને કહીશું. પ્રથમ સમ્યગ્‌દૃષ્ટિ આત્મા ચાર પ્રકારની સદ્દહણા મનમાં ધારણ કરે છે...૨૯૩.

જેમ ચક્ષુ વિહોણા દેહની કોઈ કિમંત નથી, તેમ શ્રદ્ધા વિના સાધનાની કોઈ કિંમત નથી. શ્રદ્ધા એ સાધના માર્ગનો પ્રાણ છે. જેમ ધર્મની શરૂઆત વિનયથી થાય, તેમ ધર્મની પ્રાપ્તિ શ્રદ્ધાથી થાય. દર્શનની પ્રાપ્તિનું પ્રથમ સોપાન શ્રદ્ધા છે. તેથી સમકિતના સડસઠ બોલની પૃષ્ઠ ભૂમિકામાં સદ્દહણા(શ્રદ્ધાન)નું પ્રથમ સ્થાન છે. તેથી કવિ ઋષભદાસ હવે ચાર પ્રકારની સદ્દહણાનું સ્વરૂપ દર્શાવે છે.

## સમકિતનું દ્વાર-પ્રથમ :સદ્દહણા (શ્રદ્ધાન)-ચાર

ચોપાઈ - ૯

સમકીત દ્રષ્ટી સૂધો જેહ, ચ્યાર સઘઈણા રાખઈ તેહ;
જીવાદીક પદાર્થ લહિ, નવ તત્ત્વનાં નામ જે કહિ. ...૨૯૪
જીવ-અજીવ અનિં પૂન્ય-પાપ, અસંવર સંવર સમઝો આપ;
નીજરા બંધનિં મોક્ષ પરધાન, નવિ તત્ત્વનું એ પણ્ય નામ. ...૨૯૫
નવિ તત્ત્વનાં નામ જ એ હોય, ગુણઈ ભણઈ સંભારઈ સોય;
એટલિ એક સધઈણા લહૂં, બીજો ભેદ હવિ વ્યવરી કહૂં. ...૨૯૬
નવ તત્ત્વના જે ભણન્હાર, પંડીત મુનીવર જગમ્હાં સાર;
તેહની સેવા કરતા જેહ, ધરિ સધઈણા બીજી તેહ. ...૨૯૭
જ્ઞાનવંત સહુમાં શરિ, તેહની તુડિ (તુલી)[3] દીવો નવિ કરી;
તેનો પ્રકાશ તે પૂંઠિ ફરિ, જ્ઞાન જ્યોતિ સઘલિ વીસ્તરિ. ...૨૯૮
સમઝિ સમઝવિ નર સોય, સકલ ઠામિ અજૂઆલૂં હોય;
દીપક પગ પાછલિ અંધકાર, દેખિ નહી સઘલો વીસ્તાર. ...૨૯૯
તરણી તેજ સઘલિ વીસ્તરિ, પણિ અજૂંઆલૂં નહી ભોંયરિ;
જ્ઞાન જ્યોતિ સઘલિ નેહાલિ, સ્વર્ગ મૃતિ અનિં પાતાલિ. ...૩૦૦
જ્ઞાનવંત નર કહીઈ જેહ, સરોવરથી સહી અદીકો તેહ;
તેહથી તરતાં દીસી સદા, સિરમાં નર બુંડંતા કદા. ...૩૦૧

**કદાચ્ય નીર ન હુઈ તહીં, જ્ઞાન વારય ન ખૂટિ કહીં;**
**પંથી પૂરજન ટાઢા થાય, અજ્ઞાન રુપ ત્રીષા ત્યાહાં જાય. ....૩૦૨**

અર્થ : શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ ચાર પ્રકારની સદ્દહણા રાખે છે. તે જીવાદિ ( નવ તત્ત્વ) પદાર્થોને ગ્રહણ કરે છે. તે નવ તત્ત્વનાં નામ કહું છું...૨૯૪

હે ભવ્ય જીવો ! જીવ-અજીવ, પુણ્ય - પાપ, આશ્રવ - સંવર તત્ત્વને સમજો. નિર્જરા, બંધ અને મોક્ષ આ પ્રધાન મુખ્ય નવ તત્ત્વોનાં નામ છે...૨૯૫

આ નવ તત્ત્વનાં નામ છે. જેના ગુણોનો વારંવાર અભ્યાસ (ચિંતન) કરવો એ પરમાર્થ સંસ્તવ નામની પ્રથમ સદ્દહણા છે. હવે વ્યવહાર સમકિતનો બીજો ભેદ કહું છું...૨૯૬

નવ તત્ત્વના જ્ઞાતા પંડિત મુનિરાજ જગતમાં ઉત્તમ છે. તેમની ભક્તિપૂર્વક સેવા - વૈયાવચ્ચ કરવી એ સુદૃષ્ટ પરમાર્થ સંસ્તવ નામની બીજી સદ્દહણા છે...૨૯૭

જ્ઞાની ગુરુ સર્વમાં શ્રેષ્ઠ છે. તેમની પાછળ દીવો કરવાની જરૂર નથી. તેમના જ્ઞાનનો પ્રકાશ પાછળ પણ ફેલાય છે. તેમની જ્ઞાન જ્યોતિ સર્વત્ર વિસ્તરે છે. (અથવા જ્ઞાની ગુરુઓ લોકલોકને જાણનારા હોય છે. તેમને જ્ઞાન માટે અવલંબનની જરૂર નથી. )...૨૯૮

ગીતાર્થ (જ્ઞાની) ગુરુ સ્વયં તત્ત્વ સમજી અન્યને પણ તેના રહસ્યો સમજાવે છે. તેથી સર્વ સ્થાને જ્ઞાનરૂપી અજવાળું થાય છે, જ્યારે દીપકના તળિયે અંધકાર હોય છે. તેથી સર્વ ક્ષેત્રમાં દીપકનો પ્રકાશ વિસ્તરતો નથી...૨૯૯

સૂર્યનું તેજ ચારે દિશાઓમાં વિસ્તરે છે, પરંતુ તેનો પ્રકાશ પાતાળ લોક (ભોંય) સુધી પહોંચી શકતો નથી. જેણે સંપૂર્ણ જ્ઞાન જ્યોતિ (કેવળજ્ઞાન) પ્રગટાવી છે તેવા જ્ઞાની ભગવંતોનો જ્ઞાનરૂપી પ્રકાશ સ્વર્ગ, મૃત્યુલોક અને પાતાળ લોકમાં ફેલાય છે...૩૦૦

જ્ઞાની પુરુષો તે કહેવાય જે (કમળની જેમ) સંસારરૂપી સરોવરમાં રહેવાં છતાં (પાપરૂપી કાદવથી) અલિપ્ત રહે છે. તેઓ સંસાર સાગરમાં ડૂબતા નથી, પરંતુ સદા તરતા રહે છે....૩૦૧

સંભવ છે કે સરોવરનું પાણી ક્યારેક ખૂટી જાય; પરંતુ જ્ઞાનરૂપી વારિ એવું છે કે જે કદી ખૂટતું નથી. રસ્તે ચાલનારા પથિકો, નગરજનો આ જ્ઞાનરૂપી વારિનું પાન કરી શાંતિ અનુભવે છે. (જ્ઞાનથી ભવરોગરૂપી પરંપરા મટે છે) તેમની અનાદિની અજ્ઞાનરૂપી તૃષા દૂર થાય છે...૩૦૨

સદ્દહણા : સદ્દહણા એટલે શ્રદ્ધા. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં સમકિતની ચાર સદ્દહણા કહી છે -

**परमत्थ संथवोवा, सुदिठ्ठ परमत्थ सेवणा वा वि ।**[10]
**वावण्ण कुदंसण वज्जणा, य सम्मत सद्दहणा ।।**

૧) **परमत्थ संथवो** = પરમઅર્થ = આત્મા. જીવાદિ નવ તત્ત્વ, જિન પ્રવચન અને મોક્ષમાર્ગનો પરિચય કરવો.

૨) **सुदिठ्ठ परमत्थ सेवणा** = જેણે પરમાર્થને જાણ્યા છે તેવા આચાર્યાદિની સેવા કરવી.

૩) **वावण्ण** = જે સમ્યગ્દર્શનથી પતિત થયા છે, તેવા ગુણ રહિત જીવોની સંગતિ ન કરવી.

૪) **कुदंसण वज्जणा** = નિહ્નવ, પાસત્થા, આદિ મિથ્યાદૃષ્ટિ જીવોનો સંગ ન કરવો.

કવિએ કડી ૨૯૫માં નવ તત્ત્વનાં નામ કહ્યા છે. નવ તત્ત્વના નામ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં દર્શાવેલ છે[૧૮].

(૧) **પરમાર્થ સંસ્તવ** : જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ છે. તેના પરમાર્થની શ્રદ્ધા થવી એ સમકિત છે.

શ્રી તત્ત્વાર્થસૂત્ર કહે છે - **तत्त्वार्थश्रद्धानं सम्दर्शनम्** ।।[૧૯] જીવાદિ પદાર્થોની શ્રદ્ધા તે સમકિત છે.

શ્રી સમયસાર કલશમાં કહ્યું છે -

**चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानम्, कनकमिव निमग्नं वर्णमालाकलापे ।**

**अथ सततविविक्तं दृश्यतामेकरुपम्, प्रतिपदमिदमात्म ज्योतिरुद्योतमानम्** ।।[૨૦]

અર્થ : નવ તત્ત્વરૂપ અનેક વર્ણની માળામાં આત્મતત્ત્વરૂપ સોનાનો દોરો પરોવાયેલો છે, જે લાંબા સમયથી છુપાઈને રહેલો છે તેને શોધી કાઢી સમ્યગ્દૃષ્ટિ પુરુષ આત્મતત્ત્વનો અનુભવ કરે છે.

નવ તત્ત્વમાં જીવ અને અજીવ એ મુખ્ય બે તત્ત્વો છે. જીવ કર્મ (અજીવ)થી બંધાયેલો છે. તેનું કારણ પુણ્ય અને પાપ છે. પુણ્ય અને પાપ એ આસ્રવ છે. આસ્રવના કારણે બંધ છે. આસ્રવને રોકનાર સંવર છે. તપ દ્વારા પૂર્વ સંચિત કર્મોને ખેરવી શકાય છે. સર્વ કર્મનો ક્ષય થવો એ મોક્ષ છે. તે જ શુદ્ધ આત્મસ્વરૂપ છે. દેહ અને આત્માનું ભેદ જ્ઞાન થવું તે સમકિત છે. સમકિતને પ્રાપ્ત કરવા, નિર્મળ રાખવા અને સુરક્ષિત રાખવા તત્ત્વશ્રદ્ધા અને ગીતાર્થ ગુરુનો સત્સંગ આવશ્યક છે. શ્રી જ્ઞાતાસૂત્રમાં અર્હનક શ્રાવકની તત્ત્વશ્રદ્ધા વિખ્યાત છે.

(૨) **સુદૃષ્ટ પરમાર્થ સંસ્તવ** : મોક્ષમાર્ગને જાણનારા ગીતાર્થ ગુરુની સેવા કરવી એ સમકિતની બીજી સદ્દહણા છે. શ્રી આનંદઘનજી મહારાજ ગુરુનું લક્ષણ બતાવતાં કહે છે -

**આગમધર ગુરુ સમકિતી, ક્રિયા સંવર સાર રે,**

**સંપ્રદાયી અવંચક સદા, સુચી અનુભવાધાર રે.**

આગમના અભ્યાસી, જિનાજ્ઞા અનુસાર જીવન જીવનારા, આત્માનુભૂતિને પામેલા ગીતાર્થ ગુરુ સાધકને અનુભૂતિના સ્તરે પહોંચાડવામાં સહાયક બને છે. જ્ઞાનીને સમર્પિત રહેવાનું ફળ અપેક્ષાએ જ્ઞાની છે.

**જ્ઞાનીના બહુમાનથી રે, જ્ઞાનતણા બહુમાન સલુણા,**

**જેમ જેમ અરિહા સેવીએ રે, તેમ તેમ પ્રગટે જ્ઞાન સલુણા.**

મિથ્યાત્વીનો સંગ સમકિતને નષ્ટ કર્યા વિના ન રહે. જેમ કાજળની કોટડીમાં બેસનાર સર્વથા કદાચ કાળો ન બને, તો પણ તેના હાથ કાળા બન્યા વિના ન રહે. જેવું બીજ હોય તેવી જ ફળની પ્રાપ્તિ થાય; તે યુક્તિએ જ્ઞાનીના સંગથી જ્ઞાની થવાય.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે ત્રણ પ્રકારના જ્ઞાન દર્શાવેલ છે.

• વિષય પ્રતિભાસજ્ઞાન : હેય અને ઉપાદેય વિનાનું મૂઢ જ્ઞાન. અગ્નિના દાહક સ્વભાવથી અજાણ બાળક અગ્નિની ચમકમાં આકર્ષાય છે, તેમ મિથ્યાદૃષ્ટિ વિષયભોગોમાં આકર્ષાય છે.

• આત્મ પરિણામયુક્તજ્ઞાન : આધ્યાત્મિક માર્ગે લાભ અને નુકશાનપૂર્વકનું જ્ઞાન. આવું જ્ઞાન સમકિતીને જ્ઞાનાવરણીય કર્મના ઘટવાથી ઉત્પન્ન થાય છે.

• તત્ત્વ સંવેદનજ્ઞાન : અનેકાંતવાદથી યુક્ત હેય અને ઉપાદેયના વિવેક સહિતનું જ્ઞાન. સ્વરૂપની દિશામાં પ્રચુર પ્રમાણમાં વીર્યનું પિંડીભૂત થઈ વહેવું અને તેમાંથી ક્ષયોપશમ થઈ પ્રગટેલું જ્ઞાન તે તત્ત્વ સંવેદનયુક્ત જ્ઞાન છે. આ જ્ઞાન કેવળજ્ઞાન લાવે છે. તે જ્ઞાન વિશિષ્ટ વિરતિધરોને હોય છે.

કડી ૨૯૮ થી ૩૦૨ સુધીમાં કવિ જ્ઞાન અને જ્ઞાનીઓની મહત્તા દર્શાવે છે. શ્રી દશવૈકાલિકસૂત્રમાં પણસૂત્રકાર જ્ઞાનની મહત્તા દર્શાવે છે. જ્ઞાનથી આત્મા જીવ આદિ પદાર્થોને જાણે છે. દર્શનથી શ્રદ્ધા કરે છે. કવિએ કડી ૨૯૮-૨૯૯ માં જ્ઞાનને દીપકની અને મિથ્યાત્વને અંધકારની ઉપમા આપી છે.

આ જગતમાં દીપક, સૂર્ય અને સરોવર કરતાં જ્ઞાની શ્રેષ્ઠ છે કારણકે આ સર્વ પદાર્થોની એક સીમા છે. દીપકના તળિયે અંધારું છે. સૂર્યનો પ્રકાશ પાતાળમાં પહોંચી શકતો નથી. સરોવરનું પાણી ઉષ્ણતાથી સૂકાઈ જાય છે. આ સર્વ સંયોગો વિયોગમાં પરિણમે છે પરંતુ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું કેવળજ્ઞાન (સંપૂર્ણજ્ઞાન) લોકલોકને પ્રકાશિત કરનારું હોવાથી તે શાશ્વત્ અને અમર્યાદિત છે. તેની સ્થિતિ સાદિ અનંત છે. આવું જ્ઞાન ધરાવનાર જ્ઞાની ભગવંતો છે. તેમના શરણે આવેલો તેમના જેવો બને છે. દીપક, સૂર્ય અને સરોવરથી પણ જ્ઞાનીજન અધિક શ્રેષ્ઠ છે, એવું કહી કવિ વ્યતિરેક અલંકાર વાપરે છે.

-દુહા : ૨૧-

ત્રીષા સોય જાય સહી, કોઠો સીતલ થાય;
કવિજન કહિ ધ્યનવંતથી અદીકો જ્ઞાની રાય. ...૩૦૩.

અર્થ : જ્ઞાનરૂપી નીરથી અજ્ઞાનરૂપી તૃષા નષ્ટ થાય છે. હૃદય શીતલ બને છે. તેથી જ કવિઓ કહે છે કે શ્રીમંતથી પણ જ્ઞાની મહાત્મા શ્રેષ્ઠ છે.

## જ્ઞાનીની મહત્તા

ઢાળ: ૧૬ (દેશી: પાટ કુંસમ(કુસુમ) જિન પૂજ પરૂપઈ.)

ધ્યન આવિં નર જગમ્હાં જાણો, પ્રાહિં પાપ કરતા;
ક્રોધ, માન, મોહ, માયા વાધઈ, રયણી દીવશ ફરંતા. ...૩૦૪
હો ભઈ જ્ઞાનવંત તે મોટો, કૂફમાલનિં અમૃત ભરીઉ;
જસ્યો કનકનો લોટો હો ભાઈ, જ્ઞાનવંત તે મોટો. ...૩૦૫
હો ભાઈ જ્ઞાનવંત ...આંચલી.
ધ્યન આવિં નર ત્રીષ્ણા વાધઈ; (જ)* યમ ઈધણથી આગ્ય;
તસકર ઘાડિ થકી (જ)* યમ વાધિ, સબદ ઘણેરો લાગ્ય હો. હો ભાઈ....૩૦૬

---

* અર્થપૂર્તિ માટે (જ) અક્ષર ઉમેર્યો છે.

ધન આવિં કરિ મંદીર મોટાં, કરતો વાડય આપ;
ઘણા કાલ લગિં તે ચાલિ, પૂંઠિ લાગું પાય. હો ભાઈ....૩૦૭
વડ સફરીનું વાંહાંણ કરાવિ, શપત ઘાતની નાલ્ય;
પાપ તણી તેણિ વેલ્ય વધારી, નાખ્યું સૂકીત બાલ્ય. હોભાઈ....૩૦૮
એક ધન પામી નગર વસાવિ, પાતીગ ઠામ કરાવિ;
ચઉગત્ય માંહિં ફરતાં ભાઈ, પાતીગ પૂઠિ આવિ. હો ભાઈ....૩૦૯
એ ધનથી દૂખ પરગટ પાંમિ, સમુદ્રવેલિમાં જાઈ;
અગ્યન ચોર કુવસને વણસિ, ઉંદાલી લિ રાય. હોભાઈ....૩૧૦
જ્ઞાનરૂપ ધન કો નવ્ય લીઈ, જ્યાહાં જાઈ ત્યાહાં પૂઠિ;
સોય સભૂટ નર કહીંયિં ન હારિ, લોહ મગર બી મુંઠિ. હોભાઈ....૩૧૧

અર્થ : જગતમાં મનુષ્ય પ્રાય: ધન આવવાથી પાપ કરે છે. ક્રોધ, માન, માયા અને મોહરૂપી કષાયોની વૃદ્ધિ કરે છે, તેમજ રાત્રિ અને દિવસ નિરંતર ધનની પ્રાપ્તિ પાછળ દોડતા રહે છે...૩૦૪.

હે ભાઈ ! જ્ઞાનવંત આ જગતમાં સર્વ શ્રેષ્ઠ છે. કિંમતી અમૃતથી ભરેલ સોનાનાં કુંભની જેમ જ્ઞાનવંત જગતમાં શ્રેષ્ઠ (પૂજનીય, મંગલકારી ?) છે...૩૦૫.

જેમ ઈંધણથી અગ્નિ, ચોરથી લૂંટફાટ અને વાદીઓથી વિવાદ વધે છે તેમ સંપત્તિથી મનુષ્યની તૃષ્ણા વધે છે...૩૦૬.

લક્ષ્મી પ્રાપ્ત થતાં મનુષ્ય મોટાં દેવમંદિરોનું નિર્માણ કરે છે. સ્વયં અલગ સંપ્રદાય રચે છે. ઘણા સમય સુધી અલગ સંપ્રદાયો ચલાવે છે અને (રાગદ્વેષના કારણે) પાપ કર્મ બાંધે છે...૩૦૭.

(ધનવાન બનવાની લાલચમાં ) ખલાસી બની મોટું વહાણ બનાવડાવ્યું, જીવહિંસા ત્યાગના અલ્પ પણ પચ્ચક્ખાણ(સોગંદ, નિયમ) લીધા નહિ તેથી પાપરૂપી કર્મની વેલડી વૃદ્ધિ પામી. અજ્ઞાનને કારણે પુણ્ય કર્મ વેડફી નાખ્યું...૩૦૮.

વળી કોઈ ધનવાન બની નગર વસાવી આશ્રવ (પાપ કર્મનું પ્રવેશવું) નાં સ્થાન બનાવે છે, જેથી ચારે ગતિમાં પરિભ્રમણ કરતાં આ પાપકર્મ તેની પાછળ આવે છે...૩૦૯.

આ ધનથી પ્રગટ દુ:ખ પમાય છે, વળી ધનનું રક્ષણ કરવું પડે છે, તે સમુદ્રના મોજામાં ડૂબી જાય છે, અગ્નિ, ચોર અને વ્યસનો દ્વારા નષ્ટ થાય છે, વળી રાજા તેનું હરણ કરે છે...૩૧૦

(પરંતુ) જ્ઞાનરૂપી સંપત્તિનું હરણ થતું નથી ! જ્ઞાની જ્યાં જાય ત્યાં જ્ઞાન તેની સાથે જ જાય છે. જ્ઞાનરૂપી સેનાપતિની બે મુઠ્ઠીમાં લોઢાનું મુદ્‌ગર છે, જેથી તે ક્યાંય હારતો નથી...૩૧૧.

કવિ ઋષભદાસે ઢાળ : ૧૬ માં ધનવંત અને જ્ઞાનવંતની તુલના કરી છે અને કડી-૩૧૧માં જ્ઞાનવંતને સેનાપતિની ઉપમા આપી છે. સમ્યગ્જ્ઞાન થવામાં સદ્‌ગુરુ મહત્ત્વનો ભાગ ભજવે છે.

શ્રી ઉપાધ્યાયજી કહે છે -

**પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન જિનેશ્વર,**
**હૃદય નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન જિનેશ્વર.**

ધનવંત બાહ્ય જગતનો શ્રીમંત છે. જ્ઞાનવંત એ અધ્યાત્મ જગતનો શ્રીમંત છે. જીવને પુણ્યના ઉદયથી ઐશ્વર્ય, સંપત્તિ પ્રાપ્ત થાય છે. પુણિયા શ્રાવક બાહ્ય સંપત્તિની અપેક્ષાએ ગરીબ હતા, પરંતુ તેમની પાસે સમભાવરૂપી અઢળક સંપત્તિ હતી. મમ્મણ શેઠ બાહ્ય જગતનાં ધનવાન હતા, પણ આધ્યાત્મિક સંપત્તિમાં શૂન્ય હતા.

મિથ્યાદૃષ્ટિને વિપર્યાસ બુદ્ધિના કારણે પરવસ્તુ પ્રત્યે અધિક આકર્ષણ હોય છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિને સ્વસ્વરૂપ તરફ વધુ ખેંચાણ હોય છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે, તેથી તે સ્વપદાર્થ છે. ધન એ પરપદાર્થ છે. જ્યાં સ્વ અને પરની ઓળખ છે ત્યાં સત્ય દ્રષ્ટિ છે. તેથી કવિએ જ્ઞાનવંતને સેનાપતિની ઉપમા આપી છે. જેમ ઈન્દ્ર વજ્રને ક્ષણવાર પણ પોતાનાથી દૂર કરતા નથી, તેમ જ્ઞાની આત્મપરિણતિરૂપ જ્ઞાનને ક્ષણવાર પણ દૂર કરતા નથી. જ્ઞાનરૂપી લોઢાનું મુદ્‌ગર મિથ્યાત્વનાં શિખરોને ધરાશાયી બનાવે છે. ડુંગરને તોડવા તેના પાયામાં સુરંગ ચાંપવામાં આવે છે, તેમ મિથ્યાત્વના મહેલો તોડવા તત્ત્વજ્ઞાનરૂપી સુરંગ આવશ્યક છે.

ભગવાન મહાવીરે ગૌતમ ગણધરને **'समयं गोयम! मा पमायओ'** કહ્યું, એનો રહસ્યસ્ફોટ અહીં થયો છે. ''હે ગૌતમ ! જ્ઞાન વજ્રને એક સમય માટે પણ દૂર કરવાની ભૂલ કરીશ નહીં'' એમ કહીને ભગવાન સર્વ જીવોને આત્મપરિણતિરૂપ જ્ઞાનની પ્રતિસમય સુરક્ષા કરવા સમજાવે છે. કવિ ઋષભદાસ પણ એવા જ ભાવ વ્યક્ત કરવા માંગે છે. સમ્યગ્જ્ઞાન અને વિવેકરૂપી મુદ્‌ગરથી કર્મોની શક્તિ ક્ષીણ બને છે.

- દુહા -૨૨ -

**જ્ઞાનવંત મોટો સહી, નાહાનો તે ધનવંત;**
**લાભ્યતણા મહીમા થકી, ત્રીષ્ણા પાપ વધંતા.** ...૩૧૨
**માસા દોય કાર્ય હતું, વાધી ત્રીષ્ણા(ણા)* કોડ્ય;**
**ક્યપિલ વિપ્ર તણી કથા, સૂણયો બિ કર જોડ્ય.** ...૩૧૩

અર્થ : જ્ઞાનવંત જયેષ્ઠ (મહાન, મોટો) છે જ્યારે ધનવંત કનિષ્ઠ (નાનો) છે. લાભ(લોભ)ની વૃદ્ધિથી તૃષ્ણારૂપી પાપ વધે છે...૩૧૨.

(તેના દૃષ્ટાંત રૂપે ) મન અને વચનની એકાગ્રતાપૂર્વક કપિલ બ્રાહ્મણની કથા સાંભળો. જેને ફક્ત બે માસા (સુવર્ણમુદ્રા) ની જરૂરિયાત હતી, પરંતુ (જેમ જેમ ઈચ્છાઓ વધતી ગઈ તેમ તેમ ) તૃષ્ણાનું જોર વધતાં તે ક્રોડ માસા સુધી પહોંચી...૩૧૩.

---

* (ણા)માં લખેલ શબ્દ અશુદ્ધ હોવાથી સુધારેલ છે.
અર્થની સ્પષ્ટતા માટે કપિલ કરેલ છે, આ કથામાં બધે કીપલ, કાપલ જેવા અશુદ્ધ શબ્દ જોવા મળે છે.

## કપિલ કેવલીનું કથાનક[૨૧]

### - ચોપાઈ-૧૦ -

આઠમી ઉત્રીધિનિં કથાય, નગરી કાશંબી કહિવાય;
જયત્ત સત્રૂં રાજા ત્યાહા ધણી, વસિ લોક ઘરમાં રીધ્ય ઘણી. ...૩૧૪
તેણિ નગરિં કાશબભટ રહિ, વીદ્યા ચઉદ તે પૂરી લહિ;
જસ્યો ભાર્ય તેહની લહી, કપિલ પુત્ર તસ ઉદરિં સહી. ...૩૧૫
કીપલ* (કપિલ) પૂત્ર થયો મોટો જસિં, કાશબ ભટ પ્રીત પામ્યો તસિં;
ભૂંપિં ભટ બીજો થાપીઉં, કાશબ ગરાસ તેહનિં આપીઉં. ...૩૧૬
તે ભટ ઘર આગલિ થઈ જાય, દ્રીષ્ટિં દેખિં કાપલ જ માય;
ઝૂરેવા લાગી તેણી વાર, કપિલ જઈ પૂંછઈ(અ) વિચાર. ...૩૧૭
માય કહિ સૂણિં મહારા પૂત્ર, એણિ વીપ્રિં લીધૂં ઘરસૂત્ર;
પીતા તુઝ પરલોકિં ગયો, તુ તો બાંલિક મુરયખ રહ્યો. ...૩૧૮
મૂરયખ પૂત્ર અસતી સૂદરી, ગલીઓ બિલઈ ને વાંકો કુતૂરી;
કુવાસ કુભોજન કબોલ જ કહિ, જનમ લગિં એ સાતિ દહઈ. ...૩૧૯
વચન સૂણી કપિલ દૂખ કરિ, જઈ જનુની ચર્ણે શિર ધરિ;
વિનિ વચન કહિ સૂણ્ય હો માય, વીદ્યા ભણી સંતોષૂં તાય. ...૩૨૦
મધૂર વચન સંતોષી માય, જનુની કહિ સાવથી જાય;
અંદ્રદત્ત તુઝ તાતનો મીત્ર, ભણ્ય વીદ્યા જઈ ત્યાંહા પવીત્ર. ...૩૨૧
વચન પ્રમાણ કરયું નીજ માય, વિદ્યા કાજ્ય સાવથી જાય;
નગરી માહિ તે પૂછિ સહી, અંદ્રદત્ત ઘરિ આવ્યો વહી. ...૩૨૨
કરી વીનતિ તેહનિં અસી, વીદ્યા ભણીસ્યુ હું મનિં ઉહોલસી;
કાશબ વિપ્ર તણો હું બાલ, જે તૂમ મીત્ર સ્વામી સૂકમાલ. ...૩૨૩
સ્વામી તુમ્યો છઉ ઉત્તમ પાત્ર, ગુરુ પાખિ સહી વણસિ છાત્ર;
દ્યો વીદ્યા મુઝ કચર્પા કરી, રાજ્યાં માન્ય જયમ થાઉં ફરી. ...૩૨૪
વિપ્ર ઉપાધ્યા બોલ્યા તામ, ભણ્ય વીદ્યા જો ભોજન ઠાંમ;
કપિલ કહઈ કાઈ કરવી પિરય, આવ્યો સાલિભદ્રનિં ઘઈરય. ...૩૨૫

---

* અર્થની સ્પષ્ટતા માટે કપિલ કરેલ છે, આ કથામાં બધે કીપલ, કાપલ જેવા અશુદ્ધ શબ્દ જોવા મળે છે.

કહી કલ્યાણ વૃતાંત જ કહ્યો, ભોજન વીના હું મૂરયખ રહ્યો;
સાલિભદ્ર જાતિં દાતાર, વ્યવહારી કઈ દે સ્યુ આહાર. ...૩૨૬
કપિલ તણઈ મનિં હરીખ અપાર, મૂઝ મલીઉ મોટો દાતાર;
હાટિ થકી અન ચોપડ લીઈ, ગુરૂની દાસી રાધી દીઈ. ...૩૨૭
તવ ત્યાહાં કપિલ વીદ્યા બહુ ભણિ, રહિ ઘઈરય ઉપાધ્યાય તણઈ;
દાસી સુંદર વચન વીલાસ, તેહસ્યું કરતો ભોગ વીલાસ. ...૩૨૮

અર્થ : શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના આઠમા અધ્યયનમાં કપિલ કેવળીની કથા છે. કૌશંબી નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં શ્રીમંત લોકો રહેતા હતા...૩૧૪.

તે નગરીમાં કાસબભટ્ટ(કાશ્યપ) નામનો શાસ્ત્રી રહેતો હતો. તે ચૌદ વિદ્યામાં પારંગત હતો. તેની જશા નામે એક પત્ની હતી. તેના ઉદરે કપિલ નામનો પુત્ર જન્મ્યો...૩૧૫.

કપિલ મોટો થયો ત્યારે તેના પિતા કાસબભટ્ટ મૃત્યુ પામ્યા તેથી રાજાએ કાસબભટ્ટની રાજ્યશાસ્ત્રી ની પદવી (ગરાસ) બીજા ભટ્ટને (વિદ્વાનને) આપી દીધી...૩૧૬.

(એકવાર) તે રાજ્ય-શાસ્ત્રીની પાલખી પોતાના ગૃહ સમીપેથી પસાર થઈ. જશાની દૃષ્ટિ તેના પર પડી. (પૂર્વ સ્થિતિનું સ્મરણ થતાં) તે રડવા લાગી. ત્યારે કપિલે માને દુઃખનું કારણ પૂછ્યું...૩૧૭

મા એ કહ્યું, "વત્સ ! સાંભળ તારા પિતા પરલોક ગયા છે. તું કાંઈ ભણ્યો નથી, તેથી આ ભટ્ટે રાજ્ય-શાસ્ત્રીની પદવી મેળવી તારા પિતાનો ગરાસ લઈ લીધો છે"...૩૧૮.

(કવિ કહે છે) મુર્ખ પુત્ર, વ્યભિચારિણી સ્વરૂપવાન સ્ત્રી, ગલિત અંગ, વાંકા અંગ, દુર્ગંધી શરીર, અભક્ષ્ય ભોજન, કડવાં વચન, આ સાતે ખરાબ વસ્તુઓ જીવને જીવન પર્યંત સંતાપ આપે છે...૩૧૯.

માતાના વચનો સાંભળી કપિલને દુઃખ થયું. તેણે માતાના ચરણે મસ્તક નમાવી વિનયપૂર્વક કહ્યું, "હે માતા ! હું વિદ્યા ભણી તને સંતોષ પમાડીશ"...૩૨૦.

આ પ્રમાણે કપિલે મધુર વચનોથી માતાને પ્રસન્ન કરી. માતાએ તેને કહ્યું, "તું શ્રાવસ્તી નગરીમાં જઈ, ઈન્દ્રદત્ત નામના તારા પિતાના પરમ મિત્રને મળી તેમની પાસે ઉત્તમ વિદ્યા ભણ. '...૩૨૧.

કપિલ માતાને આપેલું વચન પૂર્ણ કરવા સાવત્થી નગરીમાં વિદ્યા ભણવા ગયો. નગરીમાં આવી તેણે પૂછતાછ કરી અને પિતાના મિત્ર ઈન્દ્રદત્ત ઉપાધ્યાયને ત્યાં આવી પહોંચ્યો...૩૨૨.

કપિલે ઈન્દ્રદત્ત વિદ્વાનને વિનંતી કરી કે," તમારા પરમ મિત્ર કાશ્યપ બ્રાહ્મણનો હું પુત્ર છું. હું તમારી પાસે એકાગ્રતાથી અત્યંત ઉલ્લાસપૂર્વક વિદ્યાભ્યાસ કરીશ...૩૨૩.

હું તમારા મિત્રનો ઉત્તમ પાત્ર (વિદ્યાર્થી) છું. યોગ્ય કે અયોગ્ય વિદ્યાર્થીની ગુરુ પરીક્ષા કરી મને વિદ્યા આપવાની કૃપા કરો. જેથી હું રાજ્યશાસ્ત્રી (રાજપુરોહિત)ની પદવી પ્રાપ્ત કરી રાજ્યમાં સન્માન પ્રાપ્ત કરું"...૩૨૪.

ત્યારે બ્રાહ્મણ ઉપાધ્યાય ઈન્દ્રદત્ત બોલ્યા "જો ભોજન અને રહેઠાણનો પ્રબંધ થાય તો વિદ્યા ભણજે"

કપિલ કહે છે કે, "તમે એની ચિંતા શા માટે કરો છો ?" (ત્યારપછી) ઈન્દ્રદત્ત ઉપાધ્યાય કપિલ સાથે (તે જ નગરીના) શ્રેષ્ઠી શાલિભદ્ર નામના ગૃહસ્થના ઘરે આવ્યા...૩૨૫.

કપિલે (શિષ્ટાચાર જાળવવા) ક્ષેમકુશળ પૂછી. પોતાની સર્વ હકીકત જણાવી અને કહ્યું કે, "ભોજન (રહેઠાણ)ના પ્રબંધ વિના હું અજ્ઞાની રહીશ." ત્યારે સ્વભાવે દાનવીર એવા શાલિભદ્ર વ્યાપારીએ (તરત જ) પોતાને ત્યાં ભોજનની વ્યવસ્થા કરી આપી...૩૨૬.

'મને શ્રેષ્ઠ દાતાર મળ્યા છે.' તે વિચારથી કપિલનું મન અત્યંત પ્રસન્ન થયું. તેણે દુકાનમાંથી પુસ્તક ખરીદ્યા. શાલિભદ્ર શ્રેષ્ઠીના ઘરે રહેલી જુવાન દાસી નિત્ય રસોઈ બનાવી આપતી...૩૨૭.

ઈન્દ્રદત્ત ઉપાધ્યાયના ઘરે રહીને કપિલે ખૂબ વિદ્યાભ્યાસ કર્યો. દાસીના મધુર વચનો(ઠઠ્ઠા મશ્કરી) અને શૃંગાર ક્રીડાથી કપિલ તેના પ્રત્યે મોહિત થયો. તેની સાથે કપિલ ભોગ-વિલાસ કરવા લાગ્યો...૩૨૮.

— દુહા - ૨૩ -

સીહ ગફાયિં જઈ રહિ, રહિ તે જ્યાહાં બલ્ય સાપ;
જિન કહિ શ્રી સંગિ રહી, રષિ વિરલા આપ. ...૩૨૯

અર્થ : સિંહની ગુફા પાસે રહેવું અને સાપના બિલ પાસે રહેવું સરળ છે, પરંતુ સ્ત્રીના સંપર્કમાં અલિપ્ત કોઈ વિરલ મહાત્માજ રહી શકે, એવું જિનેશ્વર દેવ કહે છે...૩૨૯.

- ચોપાઈ-૧૧ -

કપિલ વિપ્ર નરાષિ આપ, લાગું પરસ્ત્રી પાપ;
દાસીસ્યું નીત્ય રંગિં રમિ, ભણિ શાહાસ્ત્ર નંદી ન નીગમિ. ...૩૩૦
કાજલી મધ સર્વણી દિન અસિં, દાસી પ્રેમિં બોલી તસિં;
સ્વામી માહારિ તુમસ્યુ પ્રેમ, બિમાસા મૂઝ જોઈઈ હેમ. ...૩૩૧
વિપ્ર કહિ સૂણિ નારી વાત, મુઝ કિં ન મલિ સોવન ઘાત;
દાસી કહિં ઉત્તરસ્યું કરિ, સ્ત્રી કારણિ નૃપ રાવણ મરિ. ...૩૩૨
વલી જૂઓ નારિનિં કામ્ય, પાણી પાજિ બંધાવી રામ્ય;
નાચ્યો ઈશ્વર મૂકી માંમ, તુમ્યો ન કરુ એક નારી કામ. ...૩૩૩
એણઈ નગરિં સાહાધાન દાતાર, વહિલા ઉઠી જાઓ ભરતાર;
બિમાસા સોવન દે અસિ, તેણઈ કાજ મુઝ સઘલું થસિં. ...૩૩૪
લાયો ભામણ મન્ય સંકાય, સ્ત્રીનું કામ મિં કરયું ન થાય;
જાઉં તે વીવહારી બારય, લેઈ સોવન સંતોષૂં નારય. ...૩૩૫
સૂયિ વીચાર કરી નીજ જાત્ય, ઉઠયો વેગ્ય ન જાણી રાત્ય;
વાટિં જાતાં સુભટિં ગ્રહો, ચોર કરી તાણી બાંધીઓ. ...૩૩૬

પરભાતે નર આણ્યો ત્યાંહ, બઈઠી રાજશભા સહૂ જ્યાંહિ;
પ્રસેનજીત તસ પૂછઈસહી, કર્મકથા તેણઈ માંડી કહી. ...૩૩૭
રાજાનિં મનિં આવી દયા, માગ્ય વિપ્ર કીધી મઈં મયા;
કપિલ કહિ આલોચી કરી, પછઈ માંગવા આવીસ ફરી. ...૩૩૮
વિપ્ર આલોચના લાગુ જસિં, લાભિં લોભ તો વાધ્યો તસિં;
બિમાસા સૂ માગું ઈસ, માંગું માસા જઈ દસ વીસ. ...૩૩૯
વીસ માસે મુઝસ્યું હોય, માંગુ માસા સહિં એક દોય;
બીસિં તણો જૂઠો જ વીચાર, માંગુ માસા સહિસ બિચ્યાર. ...૩૪૦
ચો સહિસિં પૂંરું નહી પડિ, લખ્ય લેતાં નૃપનિં સ્યું અડિ;
કાઈક મન મોકલેરૂં છોડય, જઈ જાચું માસા એક કોડય. ...૩૪૧
*(જ)યારિં વીચારીયું કોડય સોવન, ત્યારિ પાછૂં વલીંઉ મન;
અહો ત્રીષ્લા(ણા) રુપઉ કુઓ, ભરતાં કયમ ન પૂરો હૂઓ. ...૩૪૨
બિમાસાનું હૂતું કાજ, કોડે ત્રીષ્લા(ણા)* વાધી આજ*;
એણી પરિ જીવ અતૃપ્તો થાય, ભાવિં ભાવના પંડિતરાય. ...૩૪૩
ધીગ ધીગરે માહારો અવતાર, ઉત્તમ કુલમિં કરયું ખોઆર;
હું ભ્રુંમણ દાસી સ્યો પ્રેમ, કુણ રાજાનિં કોહુનૂં હેમ. ...૩૪૪
ભાવિં જાતીસમર્ણ થયું, પૂર્વ સરુપ યતિનું લહ્યું;
આંણી વઈરાગ સંસારથી ટલો, મસતગ લોચી નિં નીકલો. ...૩૪૫
ધર્મલાભ કહ્યો ભૂપતિ તેણઈ, વલતું રાજા એણી પરિ ભણઈ;
રે *બાંભણ(બ્રાહ્મણ) આ કસ્યું સરુપ, સોવન ન લીધૂ કાં કહિ ભૂપ. ...૩૪૬
કપિલ મૂની ત્યાહા એણી પરિ કહઈ, પાપી ત્રષ્ણા રુપીઓ દ્રહિ;
ભરતાં કયમે ન પૂરો થાય, કોડે ત્રપતો ન થયો રાય. ...૩૪૭
વણ પામિં મુઝ મોહ છિ અસ્યો, પછિ લોભ વાધે સિકસ્યો;
કરયો વીચાર નૃપ થઈ અનકુલ, લખ્યમી તે અનરથનૂં મૂલ. ...૩૪૮
જેણિ સંચી તે દુખીઆ થયા, જેણેઈ છંડી તે મુગતિં ગયા;
તેણઈ કારણય છંડયાં ધન નારય, કપિલ કહી ચાલ્યો તેણઈ વારય. ...૩૪૯
ભાવ તરુ તસ પસરયો વલી, છઠિ માસિ હૂઓ કેવલી;
પાંચસહિં ચોરમાંહિ એક વડો, પ્રતબોધ્યા ખૂંદીઉં બડો. ...૩૫૦

* ()માં મૂકેલો શબ્દ અર્થની પૂર્તિ અને સ્પષ્ટતા માટે ઉમેર્યો છે.

**એમ ઉપગાર ઘણાનિં કરયા, કયપલ રષિ મૂગતિ સંચરયા;**
**સીદ્ધશલા ઉપરિ તે રહિ, અનંત જ્ઞાન જિન તેહનિં કહિ. ...૩૫૧**

અર્થ : કપિલ બ્રાહ્મણ ઉત્તમ નર હતો પરંતુ (યુવાન દાસીમાં અનુરક્ત થવાથી) તેને પરસ્ત્રીગમનનું પાપ લાગ્યું. તે દાસી સાથે નિત્ય ભોગ વિલાસમાં જીવન પસાર કરે છે. આ રીતે શાસ્ત્રનો અભ્યાસ કર્યા છતાં (લોક વિરુદ્ધ) નિંદનીય કાર્યથી તે નિવૃત્ત ન થયો...૩૩૦.

શ્રાવસ્તી નગરીમાં એકવાર જન મહોત્સવ (શ્રાવણવદનો એક દિવસ) હતો. ત્યારે દાસીએ પ્રેમથી કપિલને કહ્યું કે, "હે સ્વામીનાથ ! જો તમને મારા પર પ્રેમ હોય તો મને બે માસા સોનામહોર લાવી આપો"...૩૩૧.

કપિલ બ્રાહ્મણ સ્ત્રીની વાત સાંભળી કહે છે, "કોઈનો ઘાત કરીને હું સુવર્ણમુદ્રા કેવી રીતે મેળવી શકું ?" દાસીએ કહ્યું કે, "સ્ત્રી માટે રાજા રાવણ પણ મરાયો હતો ( સીતાને મેળવવા રાવણે રામ સાથે યુદ્ધ કર્યું. યુદ્ધમાં રાવણનું મૃત્યુ થયું.) ...૩૩૨.

વળી સ્ત્રીને મેળવવા (લંકામાંથી પાછી લાવવા) રામે પાણીમાં પુલ બંધાવ્યો, પાર્વતી માટે શંકર અહંકાર મૂકી નાખ્યા હતા . તો શું તમે પત્નીનું એક કાર્ય પણ ન કરી શકો ?" ...૩૩૩.

આ નગરીનો વેપારી (સૌ પ્રથમ આવનાર યાચકને) દાન આપે છે. હે પ્રિય ! તમે પ્રાતઃકાળે વહેલા ઉઠી ત્યાં જાઓ. તે બે માસા સુવર્ણમહોર આપે છે. તેનાથી મારું સર્વ કાર્ય પૂર્ણ થશે...૩૩૪.

(પત્નીની વાત સાંભળી) કપિલ મનમાં શંકા કરવા લાગ્યો કે મારાથી પત્નીની ઈચ્છા કોઈ રીતે પૂર્ણ થઈ શકે એમ નથી. માટે હું વેપારીના દ્વારે(પહેલ વહેલો) યાચક બની જાઉં, ત્યાંથી સુવર્ણમુદ્રા લાવી પત્નીની અભિલાષા પૂર્ણ કરું...૩૩૫.

પ્રાતઃ કાળે વહેલા ઊઠી શેઠ પાસે પહોંચવાનો સંકલ્પ કરી કપિલ સૂઈ ગયો. વહેલા ઉઠવાના ફફળાટમાં અડધી રાત્રિએ તે અચાનક ઉઠ્યો; ઝડપથી શેઠના ઘર તરફ દોડ્યો. રસ્તે ચાલતાં સૈનિકોએ તેને ચોર સમજી પકડ્યો અને બાંધી દીધો...૩૩૬.

કપિલને પ્રાતઃકાળે (સવારે) રાજ્ય સભામાં નગરજનો સમક્ષ લાવવામાં આવ્યો. પ્રસેનજીત રાજાએ રાત્રિના સમયે દોડતા જવાનું કારણ પૂછ્યું. કપિલે પોતાનો સર્વ વૃત્તાંત જેમ હતો તેમ સત્ય જણાવ્યો...૩૩૭.

રાજા કપિલની સચ્ચાઈ અને સરળતાથી પ્રભાવિત થયા. આ ચોર ન હોય એવું સમજી રાજાને કપિલ પર દયા આવી. રાજાએ કપિલને કહ્યું, "હે વિપ્ર ! તારી જે ઈચ્છા હોય તે માંગ." કપિલે કહ્યું કે, "હું વિચાર કરીને પછી માંગીશ"...૩૩૮.

કપિલ વિચારવા લાગ્યો જેમ જેમ વિચારતો ગયો તેમ તેમ લાભથી તેની લોભ સંજ્ઞા વધતી ગઈ. અહીં (રાજા પાસે) બે માસા સુવર્ણ શું માંગું ? અહીં તો દસ-વીસ માસા સુવર્ણ માંગું...૩૩૯.

અરે ! વીસ માસાથી મારું શું થશે ? મારે તો સો અથવા બસો માસા માંગવી જોઈએ. બસો માસાનો વિચાર પણ યોગ્ય નથી, મારે તો બે-ચાર હજાર સુવર્ણમુદ્રા માંગવી જોઈએ...૩૪૦.

ચાર હજાર માસા પણ મારી જીંદગી પર્યંત મને પૂર્ણ નહીં થાય. હું લાખ માસા માંગીશ તો રાજાને શું

આપત્તિ આવશે? મનને કંઈક ઉદાર કરી કપિલે વિચાર્યું, 'એક ક્રોડ સુવર્ણ માસા રાજા પાસેથી માંગું'...૩૪૧.

જ્યારે ક્રોડ માસા સુવર્ણ લેવાનું કપિલે વિચાર્યું ત્યારે તેનું મન અચાનક પાછું વળ્યું. તેણે વિચાર્યું, અહો! તૃષ્ણારૂપી કૂવો કદી ભરાતો નથી. તે કદી પૂર્ણ થતો જ નથી...૩૪૨.

કપિલે વિચાર્યું જ્યારે બે માસા સુવર્ણમુદ્રાની જરૂર હતી ત્યાં આજે તૃષ્ણા વધીને ક્રોડ માસા સુધી પહોંચી ગઈ. જીવ હંમેશા વધુ મેળવવાની લાલચમાં અતૃપ્ત રહે છે. (તૃષ્ણાનો તાંતણો તૂટતાં) કપિલ પંડિતરાય શુભ ભાવના ભાવે છે...૩૪૩.

(કપિલની વિચારધારા આગળ વધી) મારા આ અવતારને ધિક્કાર છે. મેં પિતાનું ઉત્તમકુળ કલંકિત કર્યું. હું જ્ઞાતિએ બ્રાહ્મણ હોવા છતાં મેં એક નીચ કુળની દાસી સાથે પ્રેમ કર્યો. તે દાસી માટે હું રાજા પાસે સુવર્ણ મુદ્રા માંગવા તૈયાર થયો. કોણ રાજા અને કોનું હેમ ? ...૩૪૪.

અધ્યવસાયોની વિશુદ્ધિ વધતાં કપિલને જાતિ સ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવમાં સ્વીકારેલું સંયમજીવન તેણે જાણ્યું. કપિલને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે સંસારનો ત્યાગ કર્યો. મસ્તકે લોચ કરી સ્વયં સાધુ ધર્મ સ્વીકાર્યો...૩૪૫.

કપિલમુનિએ રાજાને ધર્મલાભ કહ્યો. બીજી જ ક્ષણે રાજા કપિલમુનિ તરફ જોવા લાગ્યા. તેમણે કહ્યું, "હે વિપ્ર ! આ કેવું રૂપ છે ? તેં રાજા પાસેથી સુવર્ણ મુદ્રા ન માંગી ?"...૩૪૬.

કપિલમુનિ એ ઉત્તર આપ્યો, "હે રાજન ! પાપી તૃષ્ણારૂપી કૂવો ગમે તેટલો ભરો, છતાં કેમે કરીને ભરાતો નથી. બે માસા (સુવર્ણમુદ્રા) થી વધીને ક્રોડ માસા સુધી મારી તૃષ્ણા વધી છતાં તૃપ્તિ ન થઈ...૩૪૭.

મારો મોહ આ રીતે ખૂબ વિસ્તાર પામ્યો. પછી લોભરૂપી વાઘે મને પંજામાં પકડયો (લાભના વધવાથી લોભ વધ્યો) પણ હે રાજન ! દૃષ્ટિ સવળી કરતાં સમજાયું કે, લક્ષ્મી એ અનર્થનું મૂળ છે...૩૪૮.

જેણે લક્ષ્મીનો સંચય કર્યો તેઓ આ સંસારમાં દુ:ખી થયા છે. જેણે તેનો ત્યાગ કર્યો તે મુક્તિપુરીમાં ગયા છે. તે કારણથી હે રાજન્ ! મેં નારી અને ધન બન્ને છોડયાં છે." એવું કહી, કપિલમુનિ તે જ પળે ત્યાંથી ચાલ્યા ગયા...૩૪૯.

કપિલમુનિનું ભાવધર્મરૂપી વૃક્ષ વિકસ્યું તેથી છ માસમાં સર્વકર્મ ક્ષય કરી કેવળી બન્યા. તેમણે પાંચસો ચોર અને તેના સરદારને નાચતાં નાચતાં પ્રતિબોધ્યા...૩૫૦.

એમ ઘણા જીવોને પ્રતિબોધિ (જ્ઞાન પમાડી) કપિલઋષિ મુક્તિપુરીમાં પહોંચ્યા. તેઓ (હમણાં) સિદ્ધશિલા પર અનંત સિદ્ધોની હરોળમાં રહે છે. તેમને અનંતજ્ઞાન છે, એવું જિનેશ્વર ભગવંત કહે છે...૩૫૧.

કવિએ કડી ૩૧૨ થી ૩૫૧ સુધીમાં કપિલ કેવલીનો અધિકાર શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર અનુસાર દર્શાવ્યો છે. કવિએ આ કથા ખૂબ વિસ્તારપૂર્વક આલેખી છે. કવિ આ કથા દ્વારા સ્ત્રીસંગ ત્યાગ અને લોભસંજ્ઞા ત્યાગનો ઉપદેશ આપે છે.

ગુરુકુળવાસમાં વસતા વિદ્યાર્થીઓએ જ્ઞાન સંપાદન કરવા કુનિમિત્તોથી દૂર રહેવું જોઈએ. વિષય

વિકાર જ્ઞાનને ડહોળનાર છે. કામને જીતનાર મોહને સહજ માત્રમાં જીતી લે છે. ગીતામાં કહ્યું છે- ઈન્દ્રિયોને વશ થનાર જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરે છે.[૨૨] માર્ગાનુસારીના ૩૫ બોલમાં બીજો બોલ છે -

**कुलशीलसमैरन्यगोत्रीयैःवैवाह्यं ।**[૨૩]. સમાન કુલ અને શીલવાળા સાથે વિવાહ કરવો.

આર્ય દેશના આચારરૂપ જુદા જુદા ગોત્રવાળા અને સમાન કુલાચારવાળા સાથે વિવાહ કરવાથી ઉત્તમ પુત્ર પરંપરાની પ્રાપ્તિ થાય છે. યોગ્ય પરિવારથી ચિત્તને શાંતિ, ઘરનાં કાર્યોમાં વ્યવસ્થા, સ્વજાતીય આચારોની શુદ્ધિ, દેવસેવા, અતિથિ, સ્વજન આદિનાં સત્કાર, સન્માન તેમજ ઔચિત્ય આચરણ આદિ ઘણાં લાભો થાય છે.

સુજાત, અતિજાત, કુજાત અને કુલાંગર એમ ચાર પ્રકારના પુત્રો છે. સુજાત પુત્ર પિતા સમાન ગુણવાળો છે. અતિજાત પિતાથી અધિક ગુણવાન છે. તે ધનાઢ્ય, કુલોદ્ધારક અને ધર્મી હોય છે. કુજાત એ હીન ગુણી - તુચ્છપ્રકૃતિ વાળો હોય છે. કુલાંગર તે કુલનાશક બને છે. અધમસ્ત્રી અને ગુણવાન પુરુષથી ઉત્તમ સંતતિ પાકતી નથી. પુરુષ દુર્ગુણી હોય અને સ્ત્રી ઉત્તમ હોય તો પણ ઉત્તમ સંતતિ ન પાકે. આ શાસ્ત્ર વચનની અવગણના કરનાર પોતાનો વિનાશ નોતરે છે. વર્તમાન જગતમાં તેનાં પરિણામો સમાચાર પત્રોમાં અવારનવાર જોવા મળે છે.

**तवेसु वा उत्तमबंभचेर =** તપમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે. વૈદિક ધર્મમાં ચાર આશ્રમ બતાવેલા છે. તેમાં સૌ પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ છે. વિદ્યાર્થીએ જ્ઞાન સંપાદન કરવા બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. ગુરુકુળવાસ એ વ્યવહારથી બ્રહ્મચર્ય છે. કપિલ કેવલી સ્ત્રીસંગથી લોભી બન્યા.

**जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।**[૨૪]
**दोमास - कार्य कज्ज, कोडीए वि ण णिट्ठियं ।।**

સ્ત્રીની અભિલાષા પૂર્ણ કરવા જતાં કપિલનો લોભ વધતો ગયો. ફક્ત બે સુવર્ણમુદ્રાની જરૂર હતી, ત્યાં તૃષ્ણાનું જોર વધતાં વધતાં ક્રોડ સુવર્ણમુદ્રા સુધી પહોંચી.

**सा विद्याया विमुक्तये** - તે જ વિદ્યા જ્ઞાન કહેવાય, જેનાથી કર્મ બંધનોથી મુક્તિ થાય. **ज्ञानान्मुक्तिः प्रजायते** - જ્ઞાનથી જન્મ મરણના ચક્રથી મુક્તિ મળે છે.

જગતનાં સર્વ પદાર્થો **अध्रुव असासयंमि** - અધ્રુવ અને અશાશ્વત છે. 'જ્ઞાનને જાણો અને જ્ઞાનીની સેવા કરો.' જ્ઞાનથી જ જીવન પરિવર્તન થાય છે.[૨૫] સમકિત એટલે હૃદય પરિવર્તન. જ્ઞાન અને ચારિત્રનો પુરુષાર્થ એટલે જીવન પરિવર્તન. બાહ્ય કલેવરના પરિવર્તનથી કોઈ વિશેષ લાભ ન થાય. તેથી જ સમકિતનું અસાધારણ મહત્ત્વ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી સંસાર નવા પહેરેલા બૂટની જેમ ડંખે છે. લગ્ન વગેરે પ્રસંગે પહેરેલા નવા બૂટ ડંખતા હોવા છતાં કારણ વશ કાઢી શકાતા નથી પરંતુ તેની વેદના હર ક્ષણે થાય છે કે ક્યારે ઘરે જાઉં અને બૂટ ઉતારું. બસ સમ્યગ્દર્શની આત્માની પણ આવી જ સ્થિતિ છે. કપિલ કેવળીને વિશુદ્ધ પ્રજ્ઞા ઉત્પન્ન થઈ. તેઓ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રના ત્રિવેણી સંગમથી સર્વકર્મ ક્ષય કરી સિદ્ધ ગતિ પામ્યા.

- દુહા : ૨૩ -

જ્ઞાનવંત અદીકો સહી, જ્ઞાનવંત જગીસાર;
એહવા પૂર્ષ તણી વળી, કીજઈ ભગતિ અપાર. ...૩૫૨
બીજી સધિણા વલી, એ રાખિ મન માહિં;
ત્રીજી સધઈણા તણો, ભેદ કહ્યો વલી ત્યાહિ. ...૩૫૩

અર્થ : જ્ઞાની આ જગતમાં ઉત્તમ છે. તે સામાન્ય માનવીથી નિરાળા છે. એવા જ્ઞાનીજનોની ભાવપૂર્વક અપૂર્વ ભક્તિ કરવી જોઈએ...૩૫૨.

(ગીતાર્થ ગુરુની નિશ્રામાં રહી તેમની ભાવપૂર્વક વૈયાવચ્ચ કરવી) આ બીજી સદ્દહણા મનમાં ધારણ કરો. હવે સદ્દહણાનો ત્રીજો ભેદ કહ્યો છે...૩૫૩.

સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલું અમૃત મનુષ્યને મૃત્યુથી બચાવી શકે નહિ. જ્ઞાનામૃત મનુષ્યને અમર બનાવે છે. ઔષધી જનિત રસાયણ મનુષ્યને વ્યાધિ અને વૃદ્ધાવસ્થાથી બચાવી શકતું નથી, પરંતુ જ્ઞાન રસાયણ જીવને અનંત યૌવન આપી શકે છે. ઐશ્વર્ય જીવને નિર્ભય બનાવી શકતું નથી, પણ જ્ઞાન ઐશ્વર્ય નિર્ભયતા અર્પણ કરે છે. માનવજીવન જ્ઞાનામૃત, જ્ઞાનરસાયણ અને જ્ઞાન ઐશ્વર્ય મેળવી ઉન્નત બનાવવા માટે છે. જ્ઞાન પ્રગટાવવાનાં સાધનો દેવ, ગુરુ અને ધર્મ છે. જો સાધક બહુશ્રુત ગુણવાન ગુરુને અનુસરતા હોય તો ગુણવાન ગુરુ સાધકમાં રહેલા ગુણોની વૃદ્ધિ તરફ લક્ષ આપે છે. તેના કષાયો મંદ બનાવે છે.

### વ્યાપન્ન દર્શન વર્જન : નિહ્નવ

ઢાળ : ૧૭ (કાયા વાડી કારમી રે.)

ત્રીજી સધઈણા ધરો, નર નીનવ જેહ;
સમકીત જેણઈ સહી વમ્યું, વરજેવો તેહ;
સધિણા ત્રીજી ધરો : આંચલી. ...૩૫૪
પ્રથમ જમાલ નીનવ હવો, તીક્ષગુપતી જેહ;
આષાડાચાર્ય તણો, શષ્ય હૂંઓ જેહ. સધિણા. ...૩૫૫
આસમીત્ર ચોથો વલી, ગંગાચાર્ય જોય;
રોહગુપતિ છઠો સહી, ગોષ્ટામાલ્યા તે હોય. સધિણા. ...૩૫૬
એ નીનવ તિ વર્જવા, યથા છંદો જેહ;
કદાગ્રહી મિં મૂકવો, સધિણા પ્રતિ જેહ. સધિણા. ...૩૫૭
ચઉથી સધઈણા એ કહૂં, મીથ્યા દ્રીષ્ટી જેહ;
સમકીત સૂધૂં રાખવા, સહી વર્જવો તેહ. સધિણા. ...૩૫૮

વલી (અ) કુલંગી વર્જવો, વાંચિ શાહાસ્ત્ર કુશાસ્ત્ર;
ચઉથી સધઈણા એ ધરો, તજો એહ કુપાત્ર. સધિણા. ...૩૫૯

અર્થ : સમકિત પ્રાપ્ત કરીને જેણે તેનું વમન કર્યું છે તેને નિહ્નવ કહેવાય છે. તેવા પુરુષનો પરિચય કરવો નહિ એ સમકિતની ત્રીજી સદ્દહણા છે...૩૫૪.

પ્રથમ જમાલી નામે નિહ્નવ થયા. બીજા નિહ્નવ તિષ્યગુપ્તાચાર્ય હતા. અષાઢાચાર્ય મુનિના શિષ્ય એ નામે ત્રીજા નિહ્નવ થયા...૩૫૫.

વળી અશ્વમિત્રાચાર્ય નામે ચોથા નિહ્નવ થયા. ગર્ગાચાર્ય એ પાંચમા નિહ્નવ થયા. રોહગુપ્ત નામે છઠ્ઠા અને ગોષ્ટમાહિલ નામે સાતમા નિહ્નવ થયા...૩૫૬.

આ સર્વ નિહ્નવોનો સંગ ત્યાગ કરવા યોગ્ય છે. જેઓ ઉત્સૂત્રના સ્વભાવવાળા અને સ્વછંદી હોય છે. તેઓ કદાગ્રહી હોવાથી પોતાનો મત છોડતાં નથી. તેમનો ત્યાગ કરવો એ સમકિતની ત્રીજી સદ્દહણા છે...૩૫૭.

હવે ચોથી સદ્દહણા કહું છું. સમકિતને શુદ્ધ રાખવા મિથ્યાદૃષ્ટિનો સંગ વર્જવા યોગ્ય છે...૩૫૮.

કુલિંગી એટલે જેનું દર્શન, મત, અભિપ્રાય, માન્યતા મિથ્યા છે, તેનો પરિચય ન કરવો તેમજ કુશાસ્ત્રનું વાંચન કરે છે તેવા કુપાત્રોનો સંગ વર્જવા યોગ્ય છે. એ સમકિતની ચોથી સદ્દહણા છે...૩૫૯.

(૩) વ્યાપન્ન દર્શન વર્જન : સમ્યગ્દર્શનથી પતિત થયેલા તેમજ જેની માન્યતા વિપરીત છે એવા મિથ્યાત્વી જીવોનો તેમજ કુશાસ્ત્રનો પરિચય ન કરવો જોઈએ.કવિએ આ ઢાળમાં નિહ્નવોનો પરિચય આપ્યો છે. નિહ્નવ એટલે છુપાવવું, વિપરીત અર્થ કરવો.જિનાગમ વિરુદ્ધ બોલનાર, જિનાગમના મનઘડંત અર્થો કરનાર, ઉત્સૂત્રભાષી સમકિતને ડામાડોળ કરે છે.

શ્રી અધ્યાત્મસારમાં કહ્યું છે કે -

व्रतानि चीर्णानि तपोऽपि तप्तं, कृता प्रयत्नेन च पिण्डशुद्धिः ।[२६]
अभूत्फलं यत्तु न निह्नवानामसद्ग्रहस्यैव हि सोऽपराधः ।।

અર્થ : નિહ્નવોએ વ્રતો કર્યા તપશ્ચર્યા કરી, પ્રયત્નપૂર્વક નિર્દોષ સંયમ પાલન કર્યું, છતાં તેનું યોગ્ય ફળ ન મળ્યું. કારણકે તેમના આત્મામાં કદાગ્રહનું વિષ પડયું હતું. મિથ્યાત્વનો સ્તંભ તૂટતા કુતર્કની ઈમારત ભાંગી પડે છે.

ભગવાન મહાવીરની પરંપરામાં કેટલાક સૈદ્ધાન્તિક વિષયમાં મતભેદ થતાં વર્તમાન શાસનથી અલગ થઈ જનાર, પરંતુ અન્ય ધર્મ ન સ્વીકારનાર જિનશાસનના નિહ્નવ કહેવાયા.

આગ્રહનો ત્યાગ અને અનેકાન્તનો સ્વીકાર થતાં નિહ્નવતા દૂર થાય છે. વસ્તુના સ્વરૂપનું સાપેક્ષ વિચાર તે સમકિત છે. નિહ્નવવાદનું અધ્યયન આત્મનિરીક્ષણ માટે છે. તેનાથી સમકિત નિર્મળ બને છે.

| ક્રમ | પ્રવર્તક | નગરી | મત | સમય | શાસનમાં સમ્મિલિત થયા |
|---|---|---|---|---|---|
| ૧. | જમાલી | શ્રાવસ્તી | બહુરત-ઘણા સમય પછી અંતિમ સમયમાં કાર્ય થાય છે. | વી.નિ.પૂર્વે ૧૬ વર્ષ. | ના. |
| ૨. | તિષ્યગુપ્ત | ઋષભપુર | જીવપ્રાદેશિક-વસ્તુનો અંતિમ અંશ જ વસ્તુ છે. શેષ અંશ અવસ્તુ છે. | વી.નિ.પૂર્વે ૧૪ વર્ષ. | હા. |
| ૩. | અષાઢાચાર્ય | શ્વેતાંબિકા | અવ્યક્તવાદ-સર્વ સંદેહશીલ છે. | વી.નિ.પછી ૨૧૪ વર્ષ. | હા. |
| ૪. | અશ્વમિત્ર | મિથિલા | સમુચ્છેદવાદ-એક પર્યાયના વિનાશમાં વસ્તુનો સર્વથા નાશ થાય છે. | વી.નિ.પછી ૨૨૦ વર્ષ. | હા. |
| ૫. | આચાર્યગંગ | ઉલ્લૂકતીર નગર | દ્વિક્રિયાવાદ-એક સમયમાં બે ક્રિયાનું વેદન થાય છે. | વી.નિ.પછી ૨૨૮ વર્ષ. | હા. |
| ૬. | રોહગુપ્ત | અંતરંજિકા નગરી | ત્રૈરાશિકવાદ-જીવ, અજીવ અને નો જીવ-નોઅજીવ આ ત્રણ રાશિ છે. | વી.નિ.પછી ૫૪૪ વર્ષ. | ના. |
| ૭. | ગોષ્ઠામાહિલ | દશપુર | અબદ્ધકવાદ-કર્મ આત્મા સાથે માત્ર સ્પર્શ કરે છે. એકી ભાવે બંધાતા નથી. | વી.નિ.પછી ૫૮૪ વર્ષ. | ના. |

જિનશાસનના સાત નિહ્નવોનો પરિચય નીચેના કોઠામાં છે.

**(૪) કુદર્શન વર્જન :** કુદર્શન એટલે કુપાત્ર કે કુશાસ્ત્રનો પરિચય ન કરવો. શ્રીસૂત્રકૃતાંગસૂત્રમાં સ્વસિદ્ધાંત તેમજ પરસિદ્ધાંતની પ્રરૂપણા કરવામાં આવી છે. હરિભદ્રસૂરિ મહારાજે 'ષડ્દર્શન સમુચ્ચય' અને યશોવિજયજી મહારાજે પતંજલિના યોગસૂત્ર પર ટીકા રચી છે જ્યારે સમ્યક્ત્વના સદ્દહણા દ્વારમાં કુલિંગી કે કુશાસ્ત્રનો પરિચય ન કરવાની વાત કહી છે, આવો પરસ્પર વિરોધ શા માટે ?

સૂત્રકારો જૈન સિદ્ધાંત (સ્વસમય) અને અન્ય દર્શનીઓના સિદ્ધાંત (પરસમય)ની પ્રરૂપણા કરે છે તેની પાછળનો તેમનો આશય એ છે કે નવ દીક્ષિત સાધુ જો કુદર્શનીઓના અયથાર્થ બોધથી મોહિત બને અને તેમના સંસર્ગથી તેમને જૈન ધર્મના વસ્તુતત્ત્વ પ્રતિ સંશય ઉત્પન્ન થાય તો સાધકની મતિ ચંચળ બને છે. ત્યારે તેની બુદ્ધિને નિર્મળ કરવા ૩૬૩ પાખંડીઓના સિદ્ધાંતોનું નિરાસન કરી સ્વસિદ્ધાંત સ્થાપિત કરવામાં આવ્યો છે.[૨૭] તેમજ બાલજીવો મતિ મૂઢતાથી અન્ય દર્શનીઓના લિંગ-વેશ (શબ્દ જાળ)થી પ્રભાવિત બને છે. મધ્યમ શ્રોતા તેમના આચાર તપાસે છે[૨૮] જ્યારે પંડિત શ્રોતા સર્વ પ્રયત્નથી શાસ્ત્ર તત્ત્વની પરીક્ષા કરે છે.

જિનાગમોમાં વિધિ અને નિષેધ, પરસ્પર સંકળાયેલા છે. જો વિધિ અને નિષેધનો સંકેત ન હોય તો અનેકાન્તની મર્યાદાનું ઉલ્લંઘન થાય. વાણિયો જેમ લાભ અને નુકશાનની તુલના કરી ધંધામાં પ્રવૃતિ કરે છે,

તેમ કર્મ નિર્જરા, પુણ્ય બંધ કરી આરાધનામાં પ્રવૃતિ કરવી તેવી જિનાજ્ઞા છે. પૂર્વાચાર્યોએ પણ બાળજીવોને લક્ષ્યમાં રાખી અન્યદર્શનીના શાસ્ત્રોનો પરિચય ન કરવાનું કહ્યું છે. તે 'અધૂરો ઘડો છલકાય ઘણો' આ લોકોક્તિ પ્રમાણે છે. પોતાના ધર્મનું સંપૂર્ણ જ્ઞાન મેળવી, તેના યથાર્થ રહસ્યોને જાણી જે જીવ પરિપકવ થયો છે તેવા જીવે બીજાના શાસ્ત્રોનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ; જેથી એ સ્યાદ્‌વાદ દ્રષ્ટિથી શાસ્ત્રમાં રહેલા તત્ત્વોને સમજી શકે. તેનો પોતાના જીવનમાં સમ્યગ્ વિનિયોગ કરી શકે. ક્ષાયિક સમ્યગ્‌દર્શની આત્મા નિર્ગુણી કે હીનગુણીના સંપર્કમાં પણ પોતાની સુંદરતા ગુમાવતો નથી. તે અન્ય દર્શનોના શાસ્ત્રમાંથી સારતત્ત્વ લે છે.

સમકિતની ચાર પ્રકારની સદ્દહણા છે. (૧) પરમાર્થ સંસ્તવ (૨) સુદષ્ટ પરમાર્થ એવા ગુરુભગવંતની સેવા કરવી (૩) વ્યાપન્ન દર્શન વર્જન (૪) કુદર્શન વર્જન. પ્રથમ બે ભેદ વિધેયાત્મક છે, જે આદરવા યોગ્ય છે. બાકીના બે ભેદ નિષેધાત્મક છે, જે છોડવા યોગ્ય છે.

-દુહા : ૨૪-

ચાર સદ્દઈણા મનિ ધરિ, ત્રણ્ય લ્યંગ ધરિ તેહ;
પ્રથમ લ્યંગ જિન એ કહ્યું, આગમ વાંછા તેહ. ...૩૬૦

અર્થ :(હે ભવ્ય જીવો!) ચાર સદ્દહણા મનમાં દૃઢ કરી હવે સમકિતના ત્રણ લિંગ ધારણ કરો. આગમ શ્રવણની તીવ્ર ઉત્કંઠા એ પ્રથમ લિંગ છે. એવું જિનેશ્વર દેવો કહે છે...૩૬૦.

## સમ્યક્‌ત્વનું દ્વાર-બીજું : લિંગ-ત્રણ-આગમ શુશ્રૂષા

### ઢાળ : ૧૮ (એણી પઈરિ રાજ્ય કરંતા રે. રાગ: ગોડી)

પ્રથમિ આચારાંગ રે, બીજૂ સૂગડાંગરે;
ઠાંણાંગ ત્રીજૂ જાણીઈએ. ...૩૬૧
ચઉથૂં તે સમવાંગ રે, પંચમ ભગવતી;
અંગ અનોપમ જાણીઈએ. ...૩૬૨
જ્ઞાતા ધર્મકથાંગ રે, અંગ છઠ્ઠૂં સહી;
સૂણતાં સૂખ શાતા લહીએ. ...૩૬૩
ઉપાશક દિશાંગ રે, અંગ તે સાતમું;
અંતગડ દિશાંગ તે આઠમૂંએ. ...૩૬૪
અનુંત્તરવવાઈ અંગરે, નઉમૂં તે સહી;
પ્રશ્નવ્યાકર્ણ દસમું સહીએ. ...૩૬૫
વીપાકસૂત્ર જગી સાર રે, અંગ અગ્યારમું;
સૂણતાં સુખ હુઈ ઘણુંએ. ...૩૬૬

ઉવાઈ ઉપાંગ રે, પ્રથમિ જાણીઈ;
રાજપ્રશ્રી બીજૂ સહીએ. ...૩૬૭
જીવાભીગમ ઉપાંગરે, ત્રીજૂ તે સહી;
પનવણા ચોથૂં કહૂં એ. ...૩૬૮
પાંચમું જંબુદ્વીપપનતી કહૂં;
ચંદપનતી જાણીઈએ. ...૩૬૯
સૂરપનતી સાર રે, ઉપાંગ તે સાતમું;
નિરયાવલી તે આઠમૂં. ...૩૭૦
સૂણજે વલી ઉપાંગ રે, નઉમૂં પૂફીઆંણં;
કલપાવતંસક સાંભલોએ. ...૩૭૧
પૂફાવતંસકસાર રે, એહ અગ્ગીઆરમૂં;
વન્હિદિશા તે બારમૂં એ. ...૩૭૨

અર્થ : (આગમોના નામ નિર્દેશન કરતાં ) પ્રથમ આચારાંગસૂત્ર, બીજુ સૂયગડાંગ (સૂત્રકૃતાંગ)સૂત્ર અને ત્રીજું સ્થાનાંગ (ઠાણાંગ)સૂત્ર છે...૩૬૧.

ચોથું સમવાયાંગસૂત્ર છે. પાંચમું ભગવતી અંગસૂત્ર છે, જે અનુપમ છે...૩૬૨.

છઠ્ઠું જ્ઞાતાધર્મ કથા અંગસૂત્ર છે, તેનું શ્રવણ કરતાં અપાર શાંતિ મળે છે...૩૬૩.

સાતમું ઉપાસકદશાંગ અને આઠમું અંતગડદશાંગ અંગસૂત્ર છે...૩૬૪.

નવમું અણુત્તરોવવાઈ અને દસમું પ્રશ્ન વ્યાકરણ નામનું અંગસૂત્ર છે...૩૬૫.

જગતમાં વિપાકસૂત્ર ઉત્તમ છે. એ અગિયારમું અંગસૂત્ર છે. તેનું શ્રવણ શાતાકારી છે...૩૬૬.

પ્રથમ ઉવવાઈસૂત્ર અને બીજું રાય પ્રસેણિયસૂત્ર (રાજ પ્રશ્નિયસૂત્ર) બંને ઉપાંગસૂત્ર છે...૩૬૭

ત્રીજું જીવાભિગમ ઉપાંગસૂત્ર છે. ચોથું પન્નવણાસૂત્ર (પ્રજ્ઞાપનાસૂત્ર ) કહ્યું છે...૩૬૮

પાંમમું જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ અને છઠ્ઠુ ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગસૂત્ર છે...૩૬૯

સાતમું સૂર્યપ્રજ્ઞપ્તિ અને આઠમું નિરિયાવલિકા નામનું ઉપાંગસૂત્ર છે...૩૭૦.

નવમું પુષ્પિકા (પુફિયા) અને દસમું કપ્પવડિંસિયા (કલ્પાવતંસિકા) નામનું ઉપાંગસૂત્ર છે ...૩૭૧

પુફચુલિયા (પુષ્પચૂલિયા) એ અગિયારમું ઉપાંગસૂત્ર છે અને બારમું વિહ્નિદશાસૂત્ર છે...૩૭૨

ઢાળ-૧૯ (દેશી : યૌવન વય વળુ આવીઓ)

દસિ પયના નર સૂણોએ, ભવપૂરવનાં પાતિગ હણોએ;
પ્રથમ સૂણો ચોસર્ણએ, મૂણિં જનમ જરા નહી મર્ણએ. ...૩૭૩

બીજૂં આઉર પચખાંણએ, સૂણો એક મના થઈ જાંણએ;
ત્રીજૂ માહા પચખાણએ, તેહમાં અરિહંત આણએ. ...૩૭૪
ભત્ત પરીજ્ઞા જેહએ, ચોથઉં પઈઅના તેહએ;
તંદૂવલીઆલી અંજે કહયુંએ, પાંચમૂં પઈઅના તે લહયુંએ. ...૩૭૫
ચીદાવીઝયં નર સૂણોએ, છઠ્ઠૂં પઈઅના પરગટ ભણોએ;
ગણી વીજા તે સાતમૂંએ, મર્ણ સમાધી તે આઠમૂંએ. ...૩૭૬
નોમૂં દેવેંદ્રસ્તવએ, સુણતાં પદવી પામિ શીવ એ,
દસમૂ સસ્તારક સારએ, પયનું ઓતારિ પારએ. ...૩૭૭
છેદ ગૃંથ છઈ સંભારાયએ, કલપગ્રંથ નસીથ તું ધારય્ય રે;
માહાનસીથ વખાણયએ, દશાશ્રુત સખંધ વખાંણયએ. ...૩૭૮
જીતકલપ જગિ સારએ, પંચ કલપિં ઘણોઅ વિચારએ;
છેદગ્રંથ છ એ કહ્યાએ, વીર વચને તે પણ્ય મિં લહ્યા એ. ...૩૭૯
મૂલસૂત્ર કહૂં ચ્યારએ, આવશક પહિલુ જગીસારએ;
દસવીકાલિક જેહ રે, ઉંત્રાધન ત્રીજૂં તેહએ. ...૩૮૦
ચોથૂં તે પંડ નીર્યુગતિએ, તેહમાં ભાખ્યુ છિ સતિએ;
નંદીસૂત્ર હવિ સૂણોએ, અનુયોગ દૂઆર બીજુ ભણોએ. ...૩૮૧

અર્થ : હે મનુષ્યો ! હવે દસ પ્રકારના પ્રકીર્ણક સાંભળો. તે પૂર્વભવોના પાપકર્મો હણનારા છે. પ્રથમ ચતુઃશરણ (ચઉસરણ) નામનું પયન્નાસૂત્ર સાંભળો. (તેનું એકાગ્ર ચિત્તે શ્રવણ કરતાં) મુનિ જન્મ, જરા અને મૃત્યુનાં દુઃખો ટાળે છે...૩૭૩.

બીજું આતુર પ્રત્યાખ્યાન પયન્ના છે. તેનું એકાગ્ર ચિત્તે શ્રવણ કરો. ત્રીજું મહાપ્રત્યાખ્યાન પયન્ના છે. જેમાં અરિહંત પ્રભુની આજ્ઞાનું નિર્દેશન થયું છે...૩૭૪.

ચોથું ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક તેમજ તંદુલવૈચારિક(તન્દુલવૈયાલિય)એ પાંચમું પ્રકીર્ણક છે...૩૭૫.

છઠ્ઠું ચંદ્રવેધ્યક પયન્ના છે, જે પ્રગટ ભણાવા યોગ્ય છે. ગણિવિદ્યા એ સાતમું પ્રકીર્ણક છે. મરણ સમાધિ એ આઠમું પ્રકીર્ણક છે...૩૭૬.

નવમું દેવેન્દ્રસ્તવ નામનું પ્રકીર્ણક છે; જેના શ્રવણથી શિવપદની પ્રાપ્તિ થાય છે. દસમું સંસ્તારક નામનું ઉત્તમ પ્રકીર્ણક છે, જે ભવપાર ઉતારે છે...૩૭૭.

હવે છ છેદ ગ્રંથો સાંભળો. કલ્પસૂત્ર, નિશીથસૂત્ર (નિસીહ), મહાનિશીથસૂત્ર અને દશાશ્રુતસ્કંધસૂત્ર પ્રશંસા કરવા લાયક છે...૩૭૮.

# આગમ પુરુષ અને બાર અંગસૂત્ર



# श्री ४५ आगम सूत्र


नमो नाणस्स
नमो नाणस्स
श्री सुयदेवयाय नमः
श्री सुयदेवयाय नमः
श्री निशीथ छेद सूत्राय नमः
श्री व्यवहार कल्प सूत्राय नमः
श्री दशाश्रुत स्कंध सूत्राय नमः

જીતકલ્પસૂત્ર જગતમાં ઉત્તમ છે. પંચકલ્પસૂત્રમાં વિવિધ વિષયો પર વિચાર દર્શાવેલ છે. આ છ છેદગ્રંથો જિનેશ્વર ભગવંતો તરફથી મળ્યા છે...૩૭૯.

હવે ચાર મૂળસૂત્રો કહું છું. પ્રથમ આવશ્યકસૂત્ર જગતમાં શ્રેષ્ઠ છે. બીજું દશવૈકાલિકસૂત્ર, ત્રીજું ઉત્તરાધ્યયનસૂત્ર શ્રેષ્ઠ છે...૩૮૦.

ચોથું પિંડનિર્યુક્તિસૂત્ર છે. આ ચારસૂત્ર મુનિઓ માટે પ્રતિપાદિત થયા છે. અંતિમ બે નંદીસૂત્ર અને અનુયોગદ્વારસૂત્ર ભણવા યોગ્ય છે...૩૮૧.

૪૫ આગમ પરિચય :

| ક્રમ | સંસ્કૃતનામ | વિષય |
|---|---|---|
| ૧ | આચારાંગ | સંયમી જીવનના આચાર - વિચાર |
| ૨ | સૂત્રકૃતાંગ | અહિંસાનું મંડન-ક્રિયાવાદી-અક્રિયાવાદીનું ખંડન |
| ૩ | સ્થાનાંગ | જૈન દર્શનના મુખ્ય તત્ત્વોનું નિરૂપણ |
| ૪ | સમવાયાંગ | દ્વાદશાંગી, ૬૩ શલાકા પુરૂષનો પરિચય |
| ૫ | ભગવતી | શ્રી ગૌતમસ્વામીજીના ૩૬ હજાર પ્રશ્નો |
| ૬ | જ્ઞાતાધર્મકથા | કથાત્મક ઉપદેશ |
| ૭ | ઉપાસકદશાંગ | ૧૦ આદર્શ શ્રાવકોના ચરિત્રો |
| ૮ | અંતકૃદદશાંગ | તદ્દભવ મોક્ષગામી જીવોનો પરિચય |
| ૯ | અનુત્તરોપપાતિક | અનુત્તરવાસી દેવોનું વર્ણન |
| ૧૦ | પશ્નવ્યાકરણ | વિધિમાર્ગ - અપવાદ માર્ગનું નિરૂપણ |
| ૧૧ | વિપાકસૂત્ર | કથાનક - સુખ-દુ:ખ વિપાકોનો અધિકાર |
| ૧૨ | ઔપપાતિક | રાજા કોણિક દ્વારા દેવલોક પ્રાપ્તિનો ઈતિહાસ |
| ૧૩ | રાજપ્રશ્રીય | પ્રાચીન નાટ્યકલા અને સૂર્યાભદેવની ઉત્પત્તિ |
| ૧૪ | જીવાભિગમ | પ્રાણી - વનસ્પતિશાસ્ત્રનું સૂક્ષ્મ વર્ણન |
| ૧૫ | પ્રજ્ઞાપના | જીવના સ્વરૂપ, ગુણનું શબ્દ ચિત્ર |
| ૧૬ | જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ | જંબુદ્વીપ સંબંધી માર્ગદર્શન |
| ૧૭ | ચંદ્રપ્રજ્ઞપ્તિ | ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ ચંદ્ર-નક્ષત્રના ભ્રમણનું ગણિત(રેખાદર્શન) |
| ૧૮ | સૂર્યપ્રજ્ઞપ્તિ | સૂર્ય-ગૃહ નક્ષત્રાદિની ગતિનું સૂક્ષ્મ વર્ણન |
| ૧૯ | નિરયાવલિકા | નરકગામી ૧૦ રાજકુમાર અને યુદ્ધભૂમિ |
| ૨૦ | કલ્પવસંતિકા | સંયમી રાજકુમારો અને દેવલોક |

| ક્રમ | સંસ્કૃતનામ | વિષય |
|---|---|---|
| ૨૧ | પુષ્પિતા | સ્વછંદી સંયમી જીવનનું પરિણામ અને ૧૦ દેવીઓ |
| ૨૨ | પુષ્પચૂલિયા | ઇન્દ્ર દ્વારા ઉત્કૃષ્ટ નાટય અને તેના પૂર્વ ભવનું જીવન |
| ૨૩ | વૃષ્ણિદશા | સર્વાર્થસિદ્ધ વિમાનમાં જીવોની ઉત્પત્તિ |
| ૨૪ | દેવેન્દ્રસ્તવ | સિદ્ધોના સુખ-ઈન્દ્ર-ગ્રહ-નક્ષત્રાદિ વિચાર |
| ૨૫ | તંદુલવૈચારિક | જીવોની ૧૦ અવસ્થા તથા વૈરાગ્ય વિચાર |
| ૨૬ | ગણિવિદ્યા | જ્યોતિષ અને નિમિત શાસ્ત્ર |
| ૨૭ | આતુરપ્રત્યાખ્યાન | હિતશિક્ષા અને મરણ સમાધિ |
| ૨૮ | મહાપ્રત્યાખ્યાન | પંડિત મરણ, પાંચ મહાવ્રતોનું શુદ્ધિકરણ |
| ૨૯ | ગચ્છાચાર | ગચ્છાચાર દ્વારા થનારા લાભો |
| ૩૦ | ભક્તપરિજ્ઞા | અનશન સ્વીકાર, અંતિમ આરાધના |
| ૩૧ | મરણસમાધિ | અંત સમયના સમાધિ ભવો |
| ૩૨ | સંસ્તારક | દ્રષ્ટાંત સહિત સંથારનો મહિમા |
| ૩૩ | ચતુ:શરણ | ચાર શરણાની સ્વરૂપ |
| ૩૪ | દશાશ્રુતસ્કંધ | દેવ-ગુરુ સંબંધી કલ્પ આચાર |
| ૩૫ | બૃહત્કલ્પ | સંયમી જીવન અને આચાર |
| ૩૬ | વ્યવહારકલ્પ | પદની યોગ્યતા, શિક્ષા વિચાર |
| ૩૭ | જીતકલ્પ | પ્રાયશ્ચિતના ૧૦ પ્રકાર તથા આલોચના વિચાર |
| ૩૮ | નિસીથચ્છેદ | જ્ઞાનાદિ પાંચ આચારોને દોષોનો નિર્દેશ |
| ૩૯ | મહાનિશીથ | દુષ્કૃત્યની નિંદા, આલોચના, શુદ્ધિકરણ |
| ૪૦ | આવશ્યક | શ્રાવકના છ કર્તવ્યોનો મૌલિક વિચાર |
| ૪૧ | ઉત્તરાધ્યયન | વિનય પ્રધાન ધર્મની વાતો, સંવાદાત્મક ઉપદેશ |
| ૪૨ | દશવૈકાલિક | મનકમુનિને ઉદ્દેશી શ્રમણ આચારોનું પ્રતિદાન |
| ૪૩ | પિણ્ડનિર્યુક્તિ | સંયમીઓના કલ્પ્ય-અકલ્પ્ય એવા આહારની ચર્ચા |
| ૪૪ | નંદીસૂત્ર | પાંચજ્ઞાન, દ્વાદશાંગીનો પરિચય |
| ૪૫ | અનુયોગદ્વાર | ચાર અનુયોગ, વ્યાકરણ, કાવ્ય, સંગીતનો પરિચય |

શ્રી નંદીસૂત્રમાં બાર અંગસૂત્રોની આગમ પુરુષના અંગો સાથે કલ્પના કરવામાં આવી છે, જે ચિત્રમાં દર્શાવેલ છે.

મૂર્તિપૂજક સમાજ ૪૫ આગમ માને છે. સ્થાનકવાસી અને તેરાપંથી ૩૨ આગમોને માને છે. આગમરૂપી સમુદ્રનું મંથન કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યરૂપી નવનીત પ્રાપ્ત થાય છે.

## લિંગ : ધર્મરાગ અને વૈયાવચ્ચ

- દુહા : ૨૫ -

પસ્તાલીસ આગમ કહ્યા, સૂણતાં પાતીગ જાય;
સધિતાં સુખ બહુ લહી, સમકીત નીર્મલ થાય. ...૩૮૨
પ્રથમે લ્યંગ સમકીત તણું, અંગ્ય ધરિ નર જેહ;
કરતો આગમ વાંછના, સમકીત ધારી તેહ. ...૩૮૩
તર્ણ પૂર્ષ ધનવંત છઈ, શ્રી વલ્લભ ચઉરાય;
દેવગાંન તે વાંછતો, ત્યમ આગમઈ ધ્યાય. ...૩૮૪
ધર્મ સાધવાનિ વીધિ હોય, જસ પર્મજ રાગ;
બીજું લ્યંગ સમકીત તણું, ધરતાં મૂગત્ય જ માગ. ...૩૮૫
અટવીમાં ભૂલો પડયો, ભૂખ્યો વીપ્ર અપાર;
તે આગલિ ઘેવર ધરયો, સ્વાદ, તણો નહી પાર. ...૩૮૬
ઘેવર મીઠાં રાગ બહુ, વીપ્ર તણઈ ત્યાંહાં હોય;
તસ્યો રાગ ધરમિં ધરી, આરાધો સહૂ કોય. ...૩૮૭
વયાવછાદીક સાધૂનું, કરવું તે મન ખાંત્ય;
ત્રતીઅ લ્યંગ નર જે ધરિ, તે બિસિ સીધ્ય પાંત્ય. ...૩૮૮
કર્મ ઘણાં તસ નીર્જરિ, ફલ તેહનું નવ્ય જાય;
જીવ સબાહુ વયાવચી, પરભવ્ય બાહુંબલ થાય. ...૩૮૯
ભરત થકી બલ બહૂ ગણું, બાહૂબલ રાજા માહિં;
ભ્રાત સંઘાતિં ઝૂજતાં, પોતિ જીત્યો ત્યાંહિ. ...૩૯૦
એહ વયાવચ ફલ કહ્યું, બાહૂબલ સબલૂ જોર;
મુગત્ય પંથ પણ્યા પામાઉં, ટાલી કર્મ કઠોર. ...૩૯૧
નંદષેણ આગિ હવો, વયાવચી રષી રાય;
દેવિં પરીખ્યા બહૂ કરી, પણ્ય તેહનું મન ઠાહિ. ...૩૯૨

અર્થ : ઉપરોક્ત પિસ્તાલીસ (૪૫) આગમનાં નામ કહ્યાં છે. તેનું સમ્યક્ પ્રકારે શ્રવણ કરતાં પાપકર્મોનો નાશ થાય છે અને સમ્યક્ આચરણ કરતાં મોક્ષ સુખ પ્રાપ્ત થાય છે, તેમજ સમ્યક્ત્વ નિર્મળ બને છે...૩૮૨.

એ સમકિતનું પ્રથમ લિંગ છે, જેને શ્રુત (આગમ) શ્રવણની તીવ્ર અભિલાષા હોય છે તેને સમકિતધારી સમજવો...૩૮૩.

કોઈ યુવાન પુરુષ જે ચતુર, ધનવાન, સંગીત રસિક તથા પ્રિય પત્નીથી યુક્ત છે. તે કિન્નરીના ગીતો સાંભળવાની તક મળતાં એકાગ્રતાથી સાંભળે છે. તેનાથી પણ વિશેષ શુશ્રૂષા શ્રુત શ્રવણમાં સમ્યક્ત્વીને હોય...૩૮૪.

જે આત્મા ધર્મનું આચરણ કરવામાં તત્પર હોય, તેને ધર્મ પ્રત્યે અત્યંત પ્રીતિ હોય. તેને સમકિતનું બીજું લિંગ કહેવાય. તેને(ધર્મરાગ નામના સમકિતના બીજા લિંગને) ધારણ કરતાં અવશ્ય મુક્તિ મળે જ છે...૩૮૫.

જંગલમાં માર્ગ ભૂલેલો બ્રાહ્મણ (શારીરિક શ્રમથી) થાકેલો છે. તે ભૂખથી અત્યંત પીડિત છે. તેની સમક્ષ ઘેબરનું પ્રિય, ભાવતું ભોજન આપવામાં આવે તો તે ખૂબ રુચિ અને આંનદપૂર્વક ખાય છે...૩૮૬.

તે બ્રાહ્મણને ઘેબરનું મિષ્ટ ભોજન અત્યંત પ્રિય હોવાથી તેના પ્રત્યે પરમરાગ હોય છે. તેનાથી પણ વિશેષ પ્રીતિ સાધકને ધર્મ અને ધર્મક્રિયાઓ પ્રત્યે હોય છે. આ સમકિતનું બીજુ લિંગ છે. તેને સર્વ પ્રાણી આરાધો...૩૮૭.

શ્રમણોની વૈયાવચ્ચ ખૂબ ખંતપૂર્વક કરવી એ સમકિતનું ત્રીજુ લિંગ છે. જે મનુષ્ય તેને ધારણ કરે છે. તે સિદ્ધની જમાતમાં સ્થાન મેળવે છે...૩૮૮.

શ્રમણોની સેવા કરવાથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે. તેમની કરેલી સેવાનું ફળ નિરર્થક જતું નથી. સુબાહુ કુમારે સાધુઓની સેવા કરી તેથી બીજા ભવમાં બાહુબલિ થયા...૩૮૯.

ભરત ચક્રવર્તીથી પણ બાહુબલિ રાજાનું શારીરિક બળ પ્રમાણમાં વધુ હતું. ભરત રાજા સાથે બાહુ યુદ્ધ કરતાં સ્વયં બાહુબલિ રાજા જીતી ગયા...૩૯૦.

પૂર્વ ભવમાં શ્રમણોની ભાવપૂર્વક કરેલી સેવાને કારણે બાહુબલિ સર્વથી શક્તિમાન હતા. તેમણે ભારે કર્મ ક્ષય કરી મુક્તિપંથ પ્રાપ્ત કર્યો...૩૯૧.

પૂર્વે નંદિષેણ નામના એક શ્રમણ હતા. જેની વૈયાવચ્ચ અતિ પ્રશંસનીય હતી. તેની પરીક્ષા કરવા દેવલોકના દેવો આવ્યા. દેવોએ નંદિષેણની ખૂબ પરીક્ષા કરી; છતાં તેમનું મન સ્થિર હોવાથી તેઓ ચલિત ન થયા...૩૯૨.

કવિ કડી ૩૬૦ થી ૩૯૨માં સમ્યગ્દર્શનના ત્રણ લિંગ દર્શાવે છે. કવિ ૩૬૦ થી ૩૮૧માં સમ્યગ્દર્શનના પ્રથમ લિંગ-સૂત્ર સિદ્ધાંતની શૂશ્રૂષા તેના સંદર્ભમાં આગમ પરિચય કરાવે છે.

• લિંગ = ચિહ્ન. સમ્યગ્દર્શન એ આત્માના વિશિષ્ટ પરિણામ છે. તેથી ખરેખર પોતાનો આત્મા જ તેનો નિર્ણય કરી શકે. જેમ ધુમાડાથી અગ્નિનો સંકેત થાય છે તેમ ત્રણ લિંગ દ્વારા 'આ સમ્યગ્દષ્ટિ છે;' તેવું જણાય છે. લિંગ ત્રણ છે. (૧) શુશ્રૂષા (૨) ધર્મરાગ (૩) વૈયાવચ્ચ[૨૯]

**(૧)સૂત્ર સિદ્ધાંતની શુશ્રૂષા અર્થાત્ સ્વાધ્યાય કરવાની ભાવના :**

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ શાસ્ત્રની વ્યાખ્યા કરતાં કહે છે -

**शासनात् त्राणशतेश्च बुधैः शास्त्रं निरुच्यते ।**[૩૦]

**वचनं वीतरागस्य तत् तु नान्यस्य कस्यचित् ।।**

અર્થ : જેમાં આત્મ વિષયક જ્ઞાન હોય, જેમાં કષ-છેદ-તાપદ્વારા કસોટી કરવાના અનેક ઉપાયો યોજાયાં હોય, દરેક વસ્તુને અનેકાંત દ્રષ્ટિથી સમજાવવામાં આવી હોય, દુર્ગતિમાં પડતા જીવોને બચાવી ક્રમિક ઉન્નતિ દ્વારા સર્વ ઉપાધિથી મુક્ત કરાવવાનો જેનો મુખ્ય ઉદ્દેશ હોય તેવા વીતરાગના વચનોને શાસ્ત્ર (આગમ) કહેવાય છે.

બુદ્ધિમાન જીવ આગમ વચનની કષ, છેદ અને તાપ દ્વારા કસોટી કરે છે. આગમમાં વિધિ-નિષેધ દર્શાવેલ છે, તે કષશુદ્ધ આગમ છે. વિધિ અને નિષેધ અનુસાર સ્વહિતથી કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય વચનો દર્શવવામાં આવેલ હોય, તે છેદશુદ્ધ આગમ છે. વિધિ-નિષેધ યુક્ત, સ્વહિતઅનુસાર, સ્યાદ્વાદયુક્ત વચનો, તે તાપશુદ્ધ આગમ છે.

સ્યાદ્વાદ મંજરી શ્લોક-૩૮ની ટીકામાં કહ્યું છે-**आप्तचनादाविर्भूतमर्थ संवेदनमागमः।**[૩૧] આપ્ત વચનથી ઉત્પન્ન અર્થ (પદાર્થ)નું જ્ઞાન તે આગમ છે. સમકિતીને જિનદેવ અને જિનાગમો પ્રત્યે અત્યંત રુચિ હોય છે. સમકિતી જીવની તત્ત્વ શુશ્રૂષા દર્શાવતાં ગ્રંથકાર કહે છે-

**भोगि किन्नरगेयादि विषयाऽऽधिक्यमीयुषो।**[૩૨]

**शुश्रूषाऽस्य न सुप्तेशकथाऽर्थ विषयोपमा ।।**

અર્થ : ભોગી પુરુષને કિન્નર વગેરેના ગીતો સાંભળવાની તીવ્ર અભિલાષા હોય છે, તેના કરતાં વધુ પ્રબળ ધર્મશુશ્રૂષા સમકિતી જીવને હોય છે. કામીને કામવર્ધક ગીતોમાં જે આનંદ આવે તેનાથી ચઢિયાતો આનંદ સમકિતીને જિનવચન શ્રવણમાં આવે છે.

પથારીમાં સૂવાનો પ્રયાસ કરતાં આડા પડેલા રાજા ઊંઘ લાવવા કથાકારની કથા ઉપલક રીતે સાંભળે છે. તે સમયે રાજાનો આશય ધ્યાનથી કથા સાંભળવાનો હોતો નથી. ઊંઘ સમાન લૌકિક પ્રયોજનના અર્થે સમ્યગ્દ્દષ્ટિ જીવ જિનવાણીનું શ્રવણ ન કરે. તેવું કરવાથી જિનવચનની લઘુતા થાય છે. આત્મસુખ ઉપાદેય છે. તેને પ્રાપ્ત કરવાનું અમોઘ સાધન જિનવાણીનું શ્રવણ છે તેથી સમકિતી જીવ ક્ષયોપશમ ભાવથી જિનાગમને સાંભળે છે. આવી શુશ્રૂષા પરમહિતકારી બને છે. જિનવચન ઈન્દ્ર અને ચકવર્તી જેવું શ્રેષ્ઠ પદ અપાવનાર છે તેમજ કર્મ નિર્જરારૂપ સત્ સિદ્ધિથી યુક્ત છે.[૩૩] ગીતામાં ધર્મશ્રવણની અગત્યતા પર ભાર મૂક્યો છે. ગીતામાં ધર્મ શ્રવણને પરમ શાંતિનો માર્ગ કહ્યો છે.[૩૪]

સમકિતી જીવ શાસ્ત્રને અનુસરે છે કારણકે શાસ્ત્રની ભક્તિ મુક્તિની દૂતી છે.[૩૫] શાસ્ત્ર ચિત્તની શુદ્ધિ કરે છે[૩૬].

(૨) ધર્મરાગ :

સમકિતી જીવનો ધર્મરાગ દર્શાવતાં શ્રી હરિભદ્રસૂરિજી મ. કહે છે -

धर्मरागोऽधिकोऽस्यैवं भोगिनः स्त्र्यादिरागतः ।[७७]

भावतः कर्मसामर्थ्यात् प्रवृतिस्त्वन्यथापि हि ।।

અર્થ : કામી પુરુષને ઈન્દ્રિયજન્ય વિષયોમાં જેટલો રાગ હોય તેનાથી અધિક પ્રીતિ સમકિતીને ચારિત્ર ધર્મ પ્રત્યે હોય છે. સમકિતદૃષ્ટિ જીવની કાયિક પ્રવૃત્તિ ચારિત્ર ધર્મથી પ્રતિકૂળ હોઈ શકે કારણકે તેનું ચારિત્રમોહનીય કર્મ પ્રબળ છે; છતાં તેને સંયમ જીવન પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના હોય છે.

સમકિતી જીવ શતરંજના રાજા જેવો છે. જેમ શતરંજનો રાજા સૈનિક, પાયદળ, હાથી, ઘોડા આદિથી ઘેરાયેલો હોય છે, તેમ સમકિતી જીવ બળવાન હોવા છતાં ચારિત્ર મોહનીય કર્મસત્તાથી ઘેરાયેલો હોય છે તેથી તે લાચાર છે. નિર્મળ સમ્યગ્દર્શન, વિવેકદૃષ્ટિનો ઉઘાડ, સંસારની તુચ્છતા, સંયમમાં મોક્ષના સામર્થ્યની સમજણ, મોક્ષની તીવ્ર અભિલાષા વગેરે પરિબળો સમકિતીને સંયમ લેવા પ્રેરે છે.

બ્રાહ્મણને ઘેબર અત્યંત પ્રિય હોવા છતાં સંયોગવશ ગરીબાઈ કે જંગલમાં ક્યાંક અટવાઈ જતાં વિષમ પરિસ્થિતિના કારણે મજબૂરીથી તુચ્છ ભોજન ખાવું પડે છે. તેવા સમયે પણ તેના ઘેબર ભોજન સંબંધી પ્રબળ ઈચ્છાના સંસ્કાર નાશ પામતા નથી, તેમ બળવાન ચારિત્ર મોહનીય કર્મની પ્રબળતા હોવા છતાં સમકિતીની ચારિત્ર ઝંખના સંસ્કારરૂપે તીવ્ર ઊભી જ હોય છે.

મગધેશ્વર શ્રેણિક સાચા સમ્યગ્દર્શની હતા. તેમનું દષ્ટાંત આપણને સમ્યગ્દર્શનની ભૂમિકાના પ્રાણતત્ત્વો દર્શાવે છે. તેઓ સંયમપ્રેમી હતા. તેથી વેશધારી સાધુની પણ જાહેરમાં નિંદા ન કરી. તેમના સમ્યક્ત્વની નિર્મળતાની પરીક્ષા કરવા એક દેવ મૃત્યુલોકમાં આવ્યો. તેણે સગર્ભા સાધ્વી તેમજ માછલાં પકડતા સાધુનો વેશ ધારણ કર્યો. વેશ ઉત્તમ હતો પણ કાર્ય હલકી કોટિનું હતું; છતાં શ્રેણિક રાજાના હૃદયમાં તેમને જોઈને લેશ પણ ખેદ ન થયો. તેમણે વિચાર્યું આ જગતના જીવો કર્મવશ છે. તેથી એવું પણ બને, છતાં આ વાત ખાનગી જ રહેવી જોઈએ. ગુપ્તપણે પરિસ્થિતિ સાચવવાથી લોકોનો ધર્મ અને ધર્મગુરુ પ્રત્યેનો પ્રેમ જળવાઈ રહે છે, આવી વિવેકદૃષ્ટિ સમકિતી જીવને હોય છે.

દ્વારકાધીશ શ્રીકૃષ્ણને સંયમ ધર્મ પ્રત્યે અત્યંત અનુરાગ હતો. તેઓ પોતાની પુત્રીઓને યોગ્ય વય થતાં પૂછતાં, "દીકરી તારે રાણી થવું છે કે દાસી ?" જે દીકરી રાણી થવા માંગે તેને ભગવાન નેમનાથની શિષ્યા થવા મોકલતા. એમના હૃદયમાં એ ભાવના હતી કે મારી દીકરીઓ પરમાત્માનો પંથ ગ્રહણ કરી મોક્ષ સુખની અધિકારી બને સંસારમાં કર્મસત્તાની દાસી નહીં.

સમ્યગ્દર્શની એટલે જગતનો સજ્જન માણસ! સજ્જન માણસને પણ ચારિત્રમોહનીય કર્મની પ્રબળતાથી કમને સંસારમાં રહેવું પડે છે. સમ્યગ્દર્શન વિના વિરતિ નથી. વિરતિ વિના મુક્તિ નથી. વિરતિ એ મોહરાજ સાથેના સંગ્રામમાં તલવાર છે. તે તલવાર લઈ યુદ્ધમાં જવા પૂર્વે સમ્યગ્દર્શનરૂપી મંગલ તિલકની આવશ્યકતા છે.

(૩) દેવ ગુરુની વૈયાવચ્ચ :

શ્રી હરિભદ્રસૂરિજી મ. વૈયાવચ્ચના સંદર્ભમાં કહે છે -

**पूयाईए जिणाणं गुरुण विस्सामणाइए विविहे।**[૩૮]
**अंगीकारो नियमो वेयावच्चे जहासती ।।**

અર્થ : સમકિતી જીવ પોતાની શક્તિનું અતિક્રમણ કર્યા વિના દેવ ગુરુ આદિની સેવા બહુમાનપૂર્વક કરે છે.

વૈયાવચ્ચ એ ફક્ત બાહ્ય સેવા નથી, પરંતુ અભ્યંતર તપ છે. તેમાં સમર્પણ ભાવની મુખ્યતા છે. સમકિતી જીવને દેવ-ગુરુની સેવા -પૂજામાં વેઠ વાળવાનો કે કંટાળાનો ભાવ ન હોય. ગુરુના ઉપકારનું ઋણ ચૂકવી શકાય એમ નથી; એવું જ્ઞાન સમકિતીને હોય છે. ભોગસુખોની વિનાશકતા, વિપાકકટુતા, અતૃપ્તતા, પુણ્યની પરાધીનતાને તે જાણે છે તેથી જ તે ભોગસુખોને ભોગવાની ખણજ પોષતો નથી. ચક્રવર્તી સ્ત્રી રત્નને ભોગવામાં જે ઉમળકો બતાવે છે, તે કરતાં અનંતગણો ઉત્સાહ સમકિતીને ગુરુસેવા વગેરેમાં હોય છે. સદ્ગુરુના સંગે તત્ત્વજ્ઞાન થાય. તત્ત્વજ્ઞાન એ મોક્ષનું કારણ છે. કવિએ દેવ-ગુરુની વૈયાવચ્ચનું ફળ દર્શાવવા સુબાહુકુમારનું* તેમજ નંદિષેણ મુનિનું દૃષ્ટાંત અત્રે દર્શાવ્યું છે.

વૈયાવચ્ચ એ અપ્રતિપાતિ ગુણ છે. વૈયાવચ્ચથી કાયાનો રાગ, સુખશીલિયાપણું, સ્વછંદતા, અહંકાર, આપમતિ દૂર થાય છે. કવિ દેવ-ગુરુ વૈયાવચ્ચના સદર્ભમાં નંદિષેણ[૩૯] મુનિનું દૃષ્ટાંત પ્રસ્તુત કરે છે.

ઢાળ : ૨૦ (દેશી : સાંસુ કીધો સામલીઆ રાગ.(ગોડી).)

**કેહી પરિ મન નીસ્ચલ તેણઈ રાખ્યું, ભાખૂં તામ વિચારો;**
**નંદષેણ બ્રાંહ્મણ તે જાતિં, નહી તસ રૂપ લગારો. ...૩૯૩**
**વદન વંક કાલુ દંતાલુ, અસ્યોભતો આકારો;**
**કર્મ દૂગંછા દેખી બાંધિ, અન્ય લોક ગુંમારો. ...૩૯૪**
**નીંદીવર્ધન કેરો વાસી, નંદષેણમૂની જેહ;**
**નીર નામ વીપ્ર પીતા જે તેહનો, મર્ણ લહઈ નર તેહ. ...૩૯૫**
**નંદષેણ નાંહાંનો નર દુખીઓ, નીજ માતુલ ધરિ લાવિ;**
**ઘરમાં કાંમ કરિ નર નીશદિન, દૂખ ભરી કાલ ગમાવાઈ. ...૩૯૬**
**અનુંકરમિં યૌવન તે પામ્યો, નંદષેણ નર જેહ;**
**પાંણીગ્રહણ કો ન કરિ તેહનું, રહ્યો કુઆરો તેહ. ...૩૯૭**
**અનેક પૂર્ષ પૂરમાંહિ પર્ણીં, તે દેખી મન થાય;**
**પણિ તેહનિં કો ન વરિ નારી, તવ તસ સબલ કષાયિં. ...૩૯૮**
**ઝૂરતો દૂખ કરતો જાણી, માતુંલ બોલ્યા વાણિ;**
**મુઝ પૂત્રી પરણાવઉં તુઝનિં, તુમ મનાવી આણી. ...૩૯૯**

---

* સુબાહુકુમારની કથા : જુઓ પરિશિષ્ટ વિભાગ

નંદષેણ હરખ્યો મનમાંહિં, આવ્યો વેગિં ત્યાહિં;
સુતા સાત નીજ માતુલ કેરી, બિઠી છિ વલી જ્યાંહિ. ...૪૦૦
વીનિ વચન બોલ્યો તેણિ ઠામિં, મુઝ વરસ્યો કન્યાયિ;
કુમરી કહિ તુઝ નઈં કુંણ પરણિ, રુપ હીણ ગંધાયિ. ...૪૦૧
અગ્યનિં વીષ કુપઈં ઝંપાવઈ, સોય ભલી જગ્ય વાત;
પણ્ય તે નારી જગમાં ભુંડી, જે ગ્રહિતી તુઝ હાથ. ...૪૦૨
કંડુઆં વચન પડયાં નીજ કાનિં, વલીઓ પાછો હેવ;
પરબત ઉપરિં ચઢિ ઝંપાવિ, ભિરવ ઝંપ તતખેવ. ...૪૦૩
એણઈ અવસરિ વેગિં મુનિ મલીઆ, બોલાવ્યો નર ત્યાહિં;
હત્યા આપ કરઈ કુણ કારણિં, નર્ગ ભમિ નર કાંય. ...૪૦૪
નંદષેણ કહઈ આ ભવિ દૂખીઓ, મૂઝ નવિ પરણી નારિ;
તુ મુઝ જીવત કશા કામનું, સ્યું વસીઈ સંસારાય. ...૪૦૫
મૂનીવર કહિ તુંમ મરિ બીચ્યારો, જો વાહાલી તુઝ નારય;
લિ સંયમ જયમ હુઈ દેવતા, બહૂં દેવી તેણઈ ઠારય. ...૪૦૬
મૂની વચને મનમાહિં જાગ્યો, લાગો ત્યાંહાં પ્રતબોધ;
પંચમ હાવ્રત અંગિં ધરતો, કરતો અંદ્રીરોધ. ...૪૦૭
ચ્યાર અભીગૃહિ મનમ્હાં ધરતો, લેઓ સ્યુધ તે આહાર;
છઠ છઠનિં કરૂં પારણું, ક્રોધ તણો પરિહાર. ...૪૦૮
વલી વયાવચ કરૂં યતીના, આણી દેઉં જલ આહાર;
યતી કાંઈ જોઈઈ તે લાવું, કરૂં સકલની સાર. ...૪૦૯
ચાર બોલ્ય નવ્ય ચુકિ મુનિવર, અંદ્ર (ઈંદ્ર) પ્રસંસિ ત્યાંહિં;
એક દેવ નવિ માંનિ મોટો, તે આવ્યો સૂર આંહિં. ...૪૧૦

અર્થ : (કવિ કહે છે) નંદિષેણે પોતાના મનને નિશ્ચલ કેવીરીતે રાખ્યું ? તેનો વિચાર (કથા) કહું છું. નંદિષેણ જ્ઞાતિએ બ્રાહ્મણ હતો, પરંતુ તે દેખાવમાં કદરૂપો હતો...૩૯૩.

તેના શરીરનાં અંગોપાંગ વાંકા વળેલા, દાંત કાળા અને આકાર બેડોળ હતો. તેથી નગરજનો તેને જોઈને મોઢું બગાડી દુગંછાકર્મ બાંધતા હતા. કેટલાક લોકો તેને જોઈ પોતાના રૂપનું ગર્વ કરતા હતા...૩૯૪.

નંદિષેણ મુનિ (મગધદેશના ) નંદીવર્ધન ગામનો રહેવાસી હતો. તેના પિતા નીર (સોમિલ) નામે

બ્રાહ્મણ હતા. તે નાનો હતો ત્યારે પિતાનું મૃત્યુ થયું...૩૯૫.

નંદિષેણ બાળક હતો ત્યારે તેને તેના મામા (માતાપિતાના મૃત્યુથી) ઘરે લાવ્યા. નંદિષેણ ઘરના કામો નિત્ય કરતો. આ રીતે તેણે દુઃખમાં સમય પસાર કર્યો...૩૯૬.

નંદિષેણે સમય જતાં યૌવન અવસ્થામાં પ્રવેશ કર્યો પરંતુ તેની સાથે કોઈ નારી વિવાહ કરવા તૈયાર ન હોવાથી તે કુંવારો રહ્યો...૩૯૭.

નગરનાં અનેક યુવાનોનાં લગ્ન થતાં જોઈ નંદિષેણને પણ લગ્ન કરવાનું મન થયું, પરંતુ કોઈ સ્ત્રી તેને પરણવા તૈયાર ન થઈ. તેથી તેનું મન બળ્યા કરતું હતું...૩૯૮.

નંદિષેણનું મન લગ્ન ન થવાથી ઉદાસ રહેતું હતું. તેથી મામાએ કહ્યું કે(મારી સાત પુત્રીઓમાંથી) ''મારી એક પુત્રીને મનાવીને તને પરણાવીશ''...૩૯૯.

નંદિષેણ મનમાં ખુશ થયો. તે ઝડપથી મામાની સાત પુત્રી બેઠી હતી ત્યાં આવ્યો...૪૦૦.

ત્યાં આવીને નંદિષેણ વિનયપૂર્વક બોલ્યો, ''હે કન્યાઓ ! શું તમે મારી સાથે લગ્ન કરશો?'' કન્યાઓએ ઉત્તર આપ્યો, ''તને કોણ પરણે ? તું તો કદરૂપો અને દુર્ગંધી છે...૪૦૧.

અગ્નિમાં બળવું, વિષ ખાવું, કૂવામાં કૂદવું એ જગતમાં સારી વાત છે, પરંતુ તારા જેવા સાથે વિવાહ કરી તારી પત્ની બનવું એ જગતમાં ખરાબ વાત છે''...૪૦૨.

(મામાની દીકરીઓના) કટુવચનો સાંભળી નંદિષેણને ખૂબ ગુસ્સો આવ્યો. તે તરત જ ત્યાંથી પાછો ફર્યો. ભૈરવઝંપ કરી તત્કાલ મૃત્યુ પામવાના ઈરાદાથી નંદિષેણ પર્વત પર ચઢયો. ત્યાંથી આપઘાત કરવા તૈયાર થયો...૪૦૩.

ત્યારે તેને અચાનક એક જૈન મુનિ મળ્યા. તેમણે નંદિષેણને પાસે બોલાવી સમજાવ્યો. ''તું શા કારણથી આત્મહત્યા કરે છે ? આત્મહત્યા કરવાથી મનુષ્ય નરકભૂમિમાં જાય છે''...૪૦૪.

નંદિષેણે મુનિને કહ્યું કે ''હું આ ભવમાં ખૂબ દુઃખી છું. મને કોઈ સ્ત્રી પરણતી નથી. મારું આવું જીવન શું કામનું ? મારો સંસાર કેમ વસે ?'' ...૪૦૫.

ત્યારે મુનિવર કહે છે કે, ''તું આપઘાત કરીને મૃત્યુ પામીને દુઃખી થઈશ. જેમ દેવલોકના દેવોને ઘણી દેવીઓ દ્વારા પ્રેમ પ્રાપ્ત થાય છે. જો તારે નારી વલ્લભ બનવું હોય તો સંયમ અંગીકાર કર''...૪૦૬.

મુનિના વચનોથી નંદિષેણ જાગૃત થયો. તે પ્રતિબોધ પામ્યો. તેણે સંયમ અંગીકાર કરી પંચમહાવ્રત સ્વીકાર્યા. તે હવે પાંચે ઈન્દ્રિયો પર નિયંત્રણ કરવા લાગ્યો...૪૦૭.

સંયમ અંગીકાર કરી નંદિષેણમુનિએ ચાર અભિગ્રહ ધારણ કર્યા (૧) નિર્દોષ અને શુદ્ધ આહાર ગ્રહણ કરું (૨) યાવત્ જીવન સુધી છઠ્ઠ (બે ઉપવાસ) ના પારણે છઠ્ઠ ઉપવાસની તપશ્ચર્યા કરું. (૩) ક્રોધનો ત્યાગ કરું...૪૦૮.

(૪) સાધુ સંતોની સેવા કરું. તેમને આહાર પાણી તથા જે જોઈતું હોય તેની સુવિધા કરી આપું આ રીતે હું સર્વની સેવા કરું... ૪૦૯.

ઉપરોક્ત ચાર બોલનું નંદિષેણ મુનિ ખૂબ કાળજીપૂર્વક પાલન કરે છે. (તેમની આવી દૃઢ પ્રતિજ્ઞા અને ભાવપૂર્વકની સેવા જોઈ) ઈન્દ્ર મહારાજે દેવસભામાં તેમની પ્રશંસા કરી પરંતુ એક દેવ 'નંદિષેણમુનિ શ્રેષ્ઠ વૈયાવચ્ચી મુનિ છે.' એવું માનવા તૈયાર ન થયો તેથી મુનિ પરીક્ષા કરવા મૃત્યુ લોકમાં આવ્યો...૪૧૦.

– દુહા : ૨૬ –

મૃતલોકિં તે આવીઓ, કીધો મુનીવર વેષ;
પિઠો સોય ઉપાશિર, સમતા રસ નહી રેખ. ...૪૧૧

અર્થ : નંદિષેણ મુનિની પરીક્ષા કરવા દેવલોકમાંથી દેવ આ ધરતી પર આવ્યા. તેમણે મુનિનો વેષ ધારણ કર્યો. તેમનામાં સમતાનું નામ નિશાન ન હતું. અર્થાત્ દેવ ઉગ્ર સ્વભાવના હતા. તેમાંથી એક દેવે પોતાનું બીજું રૂપ બનાવી ક્રોધથી ધૂવાંફૂવાં થઈ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો...૪૧૧.

ઢાળ : ૨૧ (એમ વ્યરીત (વિપરીતિ) પ્રરૂપતા રાગ. આસાવરી સિંધુડો)

સમતા રસ નહી તેહમાં, આવ્યો મૂનીવર જ્યારિ રે;
ત્યારિ રે નંદષેણ કરિ પારણું એ. ...૪૧૨
બોલ્યા મુનિ તવ ક્રોધસ્યું, પાપી બિઠો ખાઈ રે;
નવી ઘાઈ રે કરતો મુની, પડીઉં પંથિ જીહાં એ. ...૪૧૩
બિર્દ ધરાવિ અતી ઘણું, વયાવચી નીજ નામો રે;
કામોરે કરતો એ ખાવા તણૂં એ. ...૪૧૪
મૂરયખ હજી બિસી રહ્યો, નવ્ય ઉઠિ આવો ચાલિરે;
નવ્ય ઝાલિરે પાણી પાતર પાપીઉં એ. ...૪૧૫
નંદષેણ કહિ સૂણ્ય મુનિ, માહારી ચુક હૂં આવું રે;
લાવૂં રે તે મૂનીવરનિં આંહાં સહીએ. ...૪૧૬
કહિં ભંડ લાવિ કસ્યું, તે ખરડ્યો લિ પાણિ રે;
જાંણી રે નંદષેણ ગયો જલ ભણીએ. ...૪૧૭
સૂર ટાલિ ત્યાહા સુઝતું, જ્યાંહા જ્યાહાં મુનીવર જાઈ રે;
વિહિરાઈ રે જલ નવિ ક્યાહિં સુધ વલીએ. ...૪૧૮
નંદષેણ ખીજિ નહી, અસૂઝતું નવ્ય લેતો રે;
દેતો રે નીજ આતમ ઉલંભડાએ. ...૪૧૯
ધીગ ધીગ મુઝનિં બહુ પિરિ, મુનિવર પંથિં પડીઓ રે;
જડીઓ રે જલ મુઝનિં નવ્ય સુઝતો એ. ...૪૨૦

એણ અવસરિ બિસો કચડી, વઢતાં કંદલ કરતાં રે;
નર તાંરે નજરિ સૂર જોવા રહ્યો એ. ...૪૨૧
વિગર થયો સૂર ત્યાહા જસિં, મૂની જલ લાવો સારું રે;
નીવારૂં રે મઈલ જઈ મૂનીવર તણોએ. ...૪૨૨
આવી ઋષી પાયે નમ્યો, જોડી હાથ ખમાવી રે;
બોલાવિ રે મૂંઝ ઉંપરાધ તૂમ્યો ખમો એ. ...૪૨૩
જા પાપી તુ ઋષી નહી, માહાકપટિ કો દીસી રે;
પીસિરે ક્રોધિં દંત કડવું લવિએ. ...૪૨૪
નંદષેણ કહી કહો ખરૂં, મુઝ ઉંપરાધ છિ મોટો રે;
લોટો રે લેઈ નર તન ધોઅતો એ. ...૪૨૫
ધોઈ દેહ નિર્મલ કરિ, તવ મૂનિ ઠંડીલ જાઈ રે;
ન ખમાઈ રે ન્હાસિ ગંધિં ભૂતડાંએ. ...૪૨૬

અર્થ : નંદિષેણ મુનિ છઠ્ઠ (બે ઉપવાસ)નું પારણું કરવા બેસતા હતા, ત્યારે સાધુના વેષમાં એક દેવ (ઉપાશ્રયમાં) આવ્યા. તેમનામાં બિલકુલ સમભાવ ન હતો...૪૧૨.

દેવમુનિ ક્રોધિત બની બોલ્યા,''અરે પાપી ! તું ક્યારનો બેઠો બેઠો ખાય છે. (નગર બહાર) ત્યાં રસ્તામાં એક મુનિ પડ્યા છે, (જે ચાલી પણ નથી શકતા) તું તેમને લેવા દોડતો (ઉભો થતો) પણ નથી ?...૪૧૩.

હે નંદિષેણ ! તું તો સેવાભાવીનું મોટું બિરુદ ધરાવે છે, પરંતુ અહીં તો તું ખાવા સિવાય કોઈ કાર્ય કરતો હોય એવું જણાતું નથી...૪૧૪.

હે મૂર્ખ ! તું હજી અહીંજ બેસી રહ્યો છે, ઉભો થઈને આગળ ચાલતો પણ નથી. હે પાપી ! તું પાણીનું પાત્ર પણ હાથમાં લેતો નથી''...૪૧૫.

નંદિષેણ મુનિ (વિનમ્રતાથી) કહે છે કે, ''હે મુનિ ! મારી ભૂલ થઈ ગઈ. હું હમણાં જ જઈને મુનિવરને અહીં ઉપાશ્રયમાં લાવું છું''...૪૧૬.

દેવસાધુ ગુસ્સે થઈ બોલ્યા, ''કાંઈ ઉપકરણ લાવ્યો છે ? તે મુનિ અતિસારના રોગથી પીડિત છે. તેમનું આખુ શરીર મળથી ખરડાયેલું છે. તું પાણી લઈને ચાલ''. આવું જાણી નંદિષેણ મુનિ(અચેત) પાણી લેવા ગયા...૪૧૭.

નંદિષેણ મુનિ જ્યાં જ્યાં નિર્દોષ પાણી વહોરવા જતાં ત્યાં ત્યાં દેવસાધુ (માયાજાળથી) જળને અસૂઝતું કરતા. નંદિષેણ મુનિને ક્યાંયથી નિર્દોષ જળ ન મળ્યું...૪૧૮.

નિર્દોષ અને અચેત પાણી ન મળવા છતાં નંદિષેણ મુનિ મનમાં ખિન્ન ન થયા, તેમજ અસૂઝતું પાણી

વહોરવાની ઈચ્છા પણ ન કરી. તેમણે અન્યને દોષ ન આપતાં પોતાના આત્માને જ ઉપાલંભ આપ્યો...૪૧૯.

(નંદિષેણ મુનિ સ્વને ઠપકો આપતાં કહે છે કે) મને ધિક્કાર છે. નગરની બહાર રહેલા તે મુનિવર રોગથી પીડિત છે. તેઓ વેદના અનુભવે છે, પણ હું ક્યાંયથી નિર્દોષ પાણી ન મેળવી શક્યો ?...૪૨૦.

આવા સમયે (ઉપાશ્રયમાં આવેલ) દેવ સાધુ કહે છે, ''હે નર ! તારી રાહ જોવા રહ્યો તેમાં ત્યાં રહેલા સાધુ વધુ દુ:ખી થાય છે''. એવું બોલી તે કપટી સાધુ નંદિષેણ મુનિને ખભે બેસી ઠપકો આપી તેની સાથે ઝગડો કરે છે...૪૨૧.

દેવ સાધુ જ્યારે ઉતાવળ કરતો હતો ત્યારે નંદિષેણ મુનિ નિર્દોષ જળ લાવ્યા. તેમણે વિચાર્યું હું જલ્દી જઈ તે રોગી મુનિનો મળ સાફ કરું...૪૨૨.

નંદિષેણ મુનિ તે રોગી સાધુ પાસે પહોચ્યા. તેમને બે હાથ જોડી વંદન કરી ખમાવ્યા, તેમજ (પોતાના થકી તેમને કષ્ટ સહન કરવું પડ્યું તેથી ) અપરાધ બદલ ક્ષમા માંગી...૪૨૩.

ત્યારે તે રોગી સાધુ દાંત પીસી, ક્રોધિત બની, કડવાં વચનો બોલ્યા,''હે પાપી ! તું કોઈ સેવાભાવી મહાત્મા નથી. પણ તું તો સાધુના વેષમાં મહા કપટી (ધૂતારો) દેખાય છે''...૪૨૪.

નંદિષેણ મુનિ (શાંત ચિત્તે) પાણીનો લોટો લઈ રોગી મુનિનું શરીર સ્વચ્છ કરવા લાગ્યા. તેમણે (વિનમ્રતાથી) કહ્યું , ''હે મહાત્મા ! તમારું કથન સત્ય છે. મારો અપરાધ અક્ષમ્ય છે''...૪૨૫.

નંદિષેણ મુનિએ તે રોગી સાધુનો દેહ પાણી વડે ધોઈ સ્વચ્છ કર્યો ત્યાંતો તે રોગી મુનિએ ફરીથી મળમૂત્ર કર્યાં તેની દુર્ગંધ ભયંકર અને અસહ્ય હતી...૪૨૬.

– દુહા : ૨૭ –

નાહાસિ ગંધિં ભૂતડાં, પાસિ કો નવી જાય;<br>
નંદષેણ નીસ્ચલ સહી, શંકા સુગ ન થાય. ...૪૨૭

અર્થ : રોગી મુનિના મળ મૂત્રની દુર્ગંધ એટલી ભયંકર હતી કે તેનાથી દરેક પ્રાણી પણ નાસી જાય, કોઈ તેની પાસે ન જાય પરંતુ નંદિષેણ મુનિએ મનમાં પણ તેની પ્રત્યે અણગમો ન કર્યો, કે ન અશુભ ભાવ આણ્યો. તેઓ શાંત ચિત્તે સમભાવમાં સ્થિર રહ્યા...૪૨૭.

ઢાળ : ૨૨ (નગરીકા વણજારા)

તેનિ પાસિ કોય ન જાયિ, પૂરગંધ સબલ ગંધાઈ;<br>
ધ્યન નંદષેણ મૂની રાયઈ, જેહનિ મનમાં સૂગ ન થાયઈ. ...૪૨૮<br>
ધોઈ દેહ પછઈ મૂની બોલ્યો, ઊઠય સ્વામી કરૂં તુઝ સોહોલ્યો;<br>
સૂર બોલ્યો નહીં તુઝ વેણ, તુઝ અકલ ગઈ નંદષેણ. ...૪૨૯<br>
મિંહીસ્યુ કેહી પરિં જાયિ, જો પગ ધર્ત્તી ન મંડાયિ;<br>
નંદષેણ કહિ ચઢિ ખાંધિ, હૂઈ નિર્મલ તન તુઝ ગંધિ. ...૪૩૦

બઈસી મુનીવર ખંધ્ય ચઢાવિ, નંદષેણ પોસાલિ આવઈ;
વાટિં આવતાં સંકા કરતો, મુનવરનિં છાંટિ ભરતો. ...૪૩૧
ચ્યુહુ પાસ ચાલિ રેલા, જેમ વીર્ષ પૂઠ લિં વેલી;
ઉંપરિમુનીવર નિં મારિ, દીઈ ગાલિનિં સબલ પચારઈ. ...૪૩૨
નંદષેણ ફરી એમ બોલિ, તૂમ વચન તે અમૃત તોલિ;
ત્હારો મલ તે મુનીવર કેહવો, મુઝ મન્ય તે ચંદન તેહવો. ...૪૩૩
દેવ મુનીવર જુતો જેહ, તવ ન્યાનિં નરખિ તેહ;
નંદષેણ વડો મુનીરાય, નીશ્ચલ મન વચનનિં કોય. ...૪૩૪
જે સમતા રસનો દરિયો, ઉઠચો અધવચ્ચ આહાર ન કરીઓ;
સ્યુધ ગોચરીનો કરન્હાર, માહાતપીઓ એ નીરધાર. ...૪૩૫
મનમાંહિં પ્રસંસી દેવ, રૂપ પ્રગટ કરયુ તતખેવ;
દેઈ ત્રણ પરદક્ષણ વંદિ, સ્તવિ કીર્ત કરઈ આનંદિ. ...૪૩૬
તૂં સરીખૂ નહી નર કોઇ, ત્રિભોવન પ્રથવી મિં જોઈ;
કીધી અસાતના તુમ જેહ, મુઝ મીછાદૂકડ તેહ. ...૪૩૭
કરિ અંદ્ર પ્રસંસા તાહરી, ત્યારિં મત્ય મુંઝાણી મ્હારી;
કરૂ પરીખ્યા મુઢ ગમાર, ત્હારા ગુણનો ન લહૂં પાર. ...૪૩૮

અર્થ : સંપૂર્ણ નગર મુનિના મળની તીવ્ર દુર્ગંધથી ગંધાઈ ઉઠયું. કોઈ પણ વ્યક્તિ તેની પાસે જવા તૈયાર ન હતું. ત્યારે મુનિ નંદિષેણે રોગી શ્રમણ તરફ મનથી પણ અભાવ (સૂગ, અણગમો) ન કર્યો. ધન્ય છે નંદિષેણ મહાત્માને ! ...૪૨૮.

રોગી સાધુના દેહને સ્વચ્છ કર્યા પછી નંદિષેણ મુનિ કહે છે કે, "હે મહાત્મા ! તમે ઉભા થાવ, હું તમને ટેકો આપું છું." ત્યાં તો રોગી સાધુરૂપી દેવે (તર્જના કરી) કહ્યું, "તું શું બોલે છે તેનું તને ભાન છે ? તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે નંદિષેણ ? ...૪૨૯.

(રોગી મુનિ કહે છે) મારાથી ધરતી ઉપર પગ પણ મંડાતો નથી ત્યાં હું કેવી રીતે ચાલું ?" ત્યારે મુનિ નંદિષેણે રોગી મુનિને કહ્યું કે "હું તમને ખભે બેસાડું છું". નંદિષેણમુનિ પ્રસન્નતાપૂર્વક મનમાં વિચારે છે કે મુનિના મળથી મારું શરીર આજે પવિત્ર બની જશે...૪૩૦.

નંદિષેણ મુનિ રોગી શ્રમણને ખભે બેસાડી પૌષધશાળા (ઉપાશ્રય)માં લાવ્યા. રસ્તામાં તે રોગી મુનિએ મળ મૂત્રથી નંદિષેણ મુનિના દેહને ચારે તરફથી ભરી દીધો...૪૩૧.

જેમ વૃક્ષની ચારે તરફ વડવાઈઓ ફૂટી નીકળે છે તેમ નંદિષેણ મુનિના શરીરે ચારે તરફ અશુચિના

રેલા ઉતાર્યા. એટલું જ નહિ રોગી સાધુ રસ્તામાં નંદિષેણ મુનિને મારવા લાગ્યા તેમજ જોર જોરથી અપશબ્દ બોલી પોતાનું શારીરિક બળ વધારવા લાગ્યા...૪૩૨.

(સમતામૂર્તિ) નંદિષેણ મુનિ બોલ્યા, "હે મહાત્મા ! આપના વચનો અમૃત જેવાં મધુર છે. આપનું મળમૂત્ર એ મારા માટે ચંદનના લેપ સમાન શાતાકારી અને સુગંધી છે"...૪૩૩.

સાધુ વેષમાં રહેલા દેવે પોતાના અવધિજ્ઞાનથી મુનિના મનના ભાવ જાણ્યા. નંદિષેણમુનિ સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ સેવાભાવી મુનિ છે. તેના મન વચન અને કાયાના ત્રિયોગ અચલ છે..૪૩૪.

નંદિષેણમુનિ સમતા ગુણનો ભંડાર છે (છઠ્ઠનું પારણું કરવા ન રોકાતાં) નંદિષેણ મુનિએ અધવચ્ચે જ આહાર છોડયો. તે નિર્દોષ આહારની ગવેષણા કરનારો છે. ખરેખર ! તે મહાન તપસ્વી છે...૪૩૫.

(અવધિજ્ઞાની) દેવોએ નંદિષેણ મુનિની ખૂબ પ્રશંસા કરી. તેમણે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. મુનિને અત્યંત અહોભાવપૂર્વક દેવોએ ત્રણ પ્રદક્ષિણા સહિત વંદન કર્યા તેમજ તેમની ભક્તિભાવપૂર્વક સ્તુતિ અને કીર્તન કર્યા...૪૩૬.

(દેવ બોલ્યા) "તારા જેવો ઉત્તમ નર આ પૃથ્વી ઉપર ત્રણે લોકમાં કોઈ નથી. તારી મેં આશાતના કરી છે. તેનું હું મિચ્છામિદુક્કડં (ક્ષમા) માંગુ છું"...૪૩૭.

(દેવે પ્રસન્ન થઈ કહ્યું ) "ઈન્દ્ર મહારાજાએ તારી ખૂબ પ્રશંસા કરી હતી. મારી બુદ્ધિ શંકાશીલ હોવાથી હું અજ્ઞાની, ગર્વ સહિત તારી પરીક્ષા કરવા આવ્યો હતો, પરંતુ તારા ગુણો અપાર છે"...૪૩૮.

-દુહા : ૨૮-

ગુણનો પાર ન પામીઈ, એમ કહી ચાલ્યો દેવ;
નંદષેણ,નીત્ય તપ તપઈ, કરતો ગુરૂની સેવ. ...૪૩૯

અર્થ : નંદિષેણ મુનિના ગુણનો કોઈ પાર નથી એમ કહી દેવ દેવ લોકમાં ચાલ્યા ગયા. નંદિષેણ મુનિ નિત્ય તપશ્ચર્યા કરતા તેમજ ગુરુની સેવા કરતા હતા...૪૩૯.

ઢાળ : ૨૩. (દેશી : પારધિયાની. રાગ : કેદાર.)

બાર હજાર વર્સ લગિં રે, તપ તપીઓ ઋષીરાય;
સ્યુધ આહાર વયાવચી રે, ન કરિ અંસ કષાય.
મુનીસ્વરનું અંતિં હુઓ અજ્ઞાન, અણસણ લેઈ સંથારો તારે;
કીધૂં નારી ધ્યાન મુનીવર, અંતિં હુઓ અજ્ઞાન. આંચલી; ...૪૪૦
આણિ ભવ્ય નવ્ય આદરયો રે, મુઝ નારિ નીરધાર;
મનની હોસ મનમ્હા રહી રે, આલિં ગયો અવતાર મુની. ...૪૪૧
જો મુઝ તપનું બલ ઘણું રે, નારિ વલ્લભ લહૂં હોય;
મુઝ દીઠિં મન ઉહોલસિ રે, ફરી ફરી સાહામૂં જોય. મુની. ...૪૪૨

એમ નીઆણૂ તે કરઈ રે, તવ વારિ રષિરાય;
કડકા કાષ્ટનિં કાર્ણ્ય રે, મમદિ તરુ થડય ઘાય. મુની. ...૪૪૩
તાંતું તારનિં કારણિ રે, મમ પ્યોલો મણીહાર;
ભસમ કાજ્ય ચંદન દહઈરે, તે નર મુઢ ગુંમાર મુની. ...૪૪૪
કડકા લોહનિં કારણિં રે, પ્રવહણ ભંજિ કોય;
ચૂના ક્યજિ ચ્યંતામણી રે, બાલી મુરયખ સોય. મુની. ...૪૪૫
કટકા કાકર કારણિં રે, ભાંજિ કેતા કુંભ;
પાત્ર એકનિં કારણિં રે, કાપિ કેલિનો થંભ. મુની. ...૪૪૬
કનકકુંભ સરીખું વલી રે ચારીત્ર રયણ નીધાંન;
સંસાર સુખ જયમ કાકરો રે, મૂની મમ હો અજ્ઞાન. મુની. ...૪૪૭
રાખો ચારિત્ર નીરમલું રે, પામો સુખ અનંત;
સંસારના સૂખ એહથી રે, એહથી સૂર સૂખ હંત. મુની. ...૪૪૮
બહુ પારિવારયો નવિ રહિ, કરયું નીઆણું ખેવ;
મર્ણ લહી સુર ઉંપનો, તે નરપત્ય વસૂદેવ. મુની. ...૪૪૯
બોહોત્યરિ હજાર નારી વરયો, રીધ્ય તણો નહી પાર;
નારી વલ્લભ તે સહી, રુપિં સૂર અવતાર. મુની. ...૪૫૦
માનવનાં સુખ ભોગવી, પામ્યો સુર અવતાર;
વયાવચાદીક ફલ ભલું, ત્રતીઅ લ્યંગ એ સાર. મુની. ...૪૫૧
વીની કરો દસ જણ તણો, જયમ હોઈ સમકીત સાર;
સોય બોલ વ્યવરી કહૂં, સૂણયો સ્યાહાસ્ત્ર વીચાર. મુની. ...૪૫૨

અર્થ : બાર હજાર વર્ષ સુધી નંદિષેણ મુનિએ ખૂબ તપશ્ચર્યા કરી. શુદ્ધ અને નિર્દોષ આહાર - પાણી વહોર્યા, મુનિ ભગવંતોની ભાવપૂર્વક સેવા કરી અને અંશ માત્ર પણ કષાય ન કર્યો.

જીવનના અંતિમ સમયે મહામુનિ નંદિષણે અનશન (જીવન પર્યંત આહાર પાણી, મીઠાઈ અને મુખવાસ એમ ચારે આહારનો ત્યાગ ) કરી સંથારો (મૃત્યુને મહોત્સવ બનાવવાની પ્રક્રિયા) કર્યો પરંતુ અજ્ઞાનના ઉદયના કારણે અંત સમયે તેમને અનશનમાં સ્ત્રીનું સ્મરણ થયું...૪૪૦.

મુનિ નંદિષેણ મનમાં વિચાર કરે છે કે મનુષ્ય ભવ મેં વ્યર્થ ગુમાવ્યો. હું નારીનું સુખ બિલકુલ મેળવી ન શક્યો. મારી મનોકામના પૂરી ન થઈ. મેં આ ભવ વ્યર્થ ગુમાવ્યો...૪૪૧.

(મુનિ નંદિષણે નિયાણું કરતાં કહ્યું) ''જો મારા તપમાં શક્તિ (બળ) હોય તો તેના ફળ સ્વરૂપે હું સ્ત્રી વલ્લભ બનું. મને જોઈને સ્ત્રીઓ મારામાં આસકત બને. તેઓ ફરી ફરી મારી સામે જ જોયા કરે...૪૪૨.

નંદિષેણ મુનિએ તપનું ફળ માંગી નિયાણું કર્યું. તે સમયે તેમના ગુરુએ તેમને (અકૃત્ય કરવા બદલ) રોક્યા. ગુરુએ કહ્યું, ''હે નંદિષેણ ! લાકડાના નાના ટુકડા માટે વૃક્ષના થડ પર પ્રહાર ન કરાય...૪૪૩.

તાંબાના નાના નાના ટુકડા માટે મણિહાર ન ખોલાય. રાખ માટે ચંદનના લાકડા બાળનાર મનુષ્ય અજ્ઞાની મૂઢ-ગમાર કહેવાય...૪૪૪.

વળી લોખંડના નાના નાના ટુકડા માટે કોઈ વહાણ ભાંગનાર અથવા ચૂના માટે ચિંતામણી રત્ન ભાંગનાર નાદાન અથવા મૂર્ખ કહેવાય...૪૪૫.

પત્થરના ટુકડા માટે કામકુંભનો નાશ કરવો અથવા એક પાંદડા માટે કેળાના વૃક્ષનું થડ કાપવું એ મૂર્ખતા છે...૪૪૬.

ચારિત્ર એ કનકકુંભ અને ચિંતામણિ રત્ન કરતાં અમૂલ્ય છે. સંસારનાં સુખો એ તો કાંકરા સમાન તુચ્છ છે માટે હે મુનિ ! તમે અજ્ઞાનનો ત્યાગ કરો...૪૪૭.

તેમજ ચારિત્રને કલંકિત ન કરતાં નિર્મળ રાખો. ચારિત્રનું યથાર્થ પાલન કરવાથી શાશ્વત સુખ મળે છે. સંયમથી સંસારનાં સુખો અને દેવતાનાં સુખો પણ મળે છે''...૪૪૮.

ગુરુએ નંદિષેણ મુનિને નિયાણું ન કરવા ઘણો સમજાવ્યો, પરંતુ નંદિષેણ મુનિએ અંતે તત્કાલ નિયાણું કર્યું. તેઓ મૃત્યુ પામીને દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. (તે ભવ પૂર્ણ કરી) ત્યાંથી ચ્યવી મનુષ્યોમાં શ્રેષ્ઠ વસુદેવ નામના રાજકુમાર થયા...૪૪૯.

વસુદેવ ૭૨૦૦૦ રાણીઓને પરણ્યા તેમનો વૈભવ અપાર હતો. તેઓ સ્ત્રી વલ્લભ બન્યા. અર્થાત્ તેઓ રૂપમાં દેવલોકના દેવ જેવા સ્વરૂપવાન હતા...૪૫૦.

મનુષ્ય ભવના સુખો ભોગવી વસુદેવ ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી ફરીથી દેવલોકમાં ઉત્પન્ન થયા. વૈયાવચ્ચ (સેવા) નું ફળ કલ્યાણકારી છે. આ સમકિતનું ત્રીજું લિંગ છે...૪૫૧.

જેમ સમકિત જગતમાં ઉત્તમ છે. તેમ દશ જણનો વિનય કરવો પણ ઉત્તમ છે. વિનયનાં દશ બોલ વ્યવહાર સમકિતનાં છે. તેને શાસ્ત્ર અનુસાર સાંભળો અને વિચારો...૪૫૨.

• વૈયાવચ્ચ :

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે-

**नाणं च दंसणं चेव चरितं च तवो वहा।**[४०]

**एस मग्गु त्ति पन्नतो, जिणेहिं वरदंसिहिं।।**

અર્થ : જિનેશ્વર ભગવંતોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગ પ્રરૂપ્યો છે. વૈયાવચ્ચ એ આભ્યંતર તપ છે.

જે આત્માને જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ પ્રત્યે બહુમાન હોય તે જ દેવ-ગુરુની સેવા કરી શકે.

શ્રી ભગવતીસૂત્ર તથા પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં દશ પ્રકારની વૈયાવચ્ચ દર્શાવેલી છે[૪૧].

આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક (નવદીક્ષિત), ગ્લાન, સાધુ, સમનોજ્ઞ, સંઘ, કુલ, ગણ એમ દશની વૈયાવચ્ચ કરવી. તેમને અન્નપાન, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય, પાટ, પાટલા, સંથારા, વગેરે આપી સંયમ પાલનમાં સહાયક બનવું, શુશ્રૂષા કરવી, ઔષધ આપવું ઈત્યાદિ પ્રકારે શાતા પહોંચાડવી તે વૈયાવચ્ચ છે.

વૈયાવચ્ચનું ફળ દર્શાવતાં શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે -

**'વૈયાવચ્ચ કરવાથી જીવ તીર્થંકર નામ કર્મનો બંધ કરે છે[૪૨].'**

વૈયાવચ્ચના સંદર્ભમાં કવિએ સરળ ભાષામાં રોચક રીતે નંદિષેણ મુનિનું દૃષ્ટાંત પ્રસ્તુત કર્યું છે. આ કથાનક સાધના માર્ગનો આરોહ-અવરોહ દર્શાવે છે. નંદિષેણ મુનિએ સાધનાનું ફળ માંગી સમકિત ગુમાવ્યું. નંદિષેણ મુનિએ મિથ્યાત્વ અવસ્થામાં નિયાણું કર્યું.

• નિયાણું : નિયાણું = તપ અને સંયમના ફળ સ્વરૂપે ભૌતિક સુખની અથવા અન્ય કોઈપણ પદાર્થની ઈચ્છા કરવી. જૈનદર્શનમાં માયા, નિદાન અને મિથ્યાત્વને શલ્ય કહ્યા છે. આ ત્રણ શલ્યને દૂર કર્યા વિના મોક્ષમાર્ગની કેડી પર ચાલવું અસંભવ છે. સાધકે ઈચ્છાનો નિરોધ કરવો તે જ સાધના છે. શ્રી દશાશ્રુતસ્કંધમાં ૧૦ મી દશામાં નવ પ્રકારના નિદાનસૂત્રકારે દર્શાવેલ છે. (૧) રાજા (૨) શ્રેષ્ઠી (૩) પુરુષ (૪) સ્ત્રી (૫) પર-પ્રવિચાર (૬) સ્વ-પ્રવિચાર (૭) અલ્પ વિકાર (૮) દરિદ્રી (૯) વ્રતધારી શ્રાવક.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે-

**सम्मदंसण रत्ता अणियाणा सुक्कलसमोगाढ[४३]।**

**इय जे मरंति जीवा तेसिं सुलभा भवे बोहि।।**

અર્થ : સમ્યગ્દર્શનથી યુક્ત નિદાનરહિત અને શુક્લલેશ્યાથી યુક્ત જીવો સુલભ બોધિ બને છે.

ઉપાધ્યાય યશોવિજયજી કહે છે-

**निषेधायानयोरेव विचित्रानर्थदायिनोः।**

**सर्वत्रैवानिदानत्वं जिनेन्द्रैः प्रतिपादितम्।।**

અર્થ : વિચિત્ર અનર્થને ઉત્પન્ન કરનારા અનુષ્ઠાનોનો નિષેધ કરવા માટે જિનેશ્વરોએ નિદાન ન કરવાનું પ્રતિપાદન કર્યું છે.

નિયાણું આત્મ વિકાસમાં પ્રતિબંધક છે. સમ્યક્ત્વયુક્ત ભાવધર્મ સહિત કરેલી ધર્મક્રિયા મંડૂકચૂર્ણ જેવી છે. મિથ્યાત્વની હાજરીમાં કરેલા સુકૃત્યના ફળ સ્વરૂપે જે માંગણી કરાય છે તે નિદાન શલ્ય બને છે જે સંસાર વૃદ્ધિનું કારણ બને છે.

ભગવાન મહાવીરના આત્માએ સોળમા વિશ્વભૂતિ મુનિના ભવમાં ઉગ્ર તપશ્ચર્યા કરી નિયાણું કર્યું હતું. શ્રી હરિભદ્રસૂરિ કૃત સમરાદિત્ય કેવલીની કથામાં પુરોહિતપુત્ર અગ્નિશર્મા, રાજકુમાર ગુણસેનના હાથે અવહેલના પામતાં દીક્ષા લઈ ગુણસેનને ભવોભવ મારી નાખવાનું નિયાણું બાંધે છે; આવું નિયાણું અપ્રશસ્ત પ્રકારનું છે.

**સમ્યક્ત્વ છે અણમોલ રતન, કરવું પડશે ખૂબ જતન,**
**પરમાત્મા સાથે જોડતો સેતુ, પહોંચાડે છે નિજ વતન.**

ધર્મમાં ક્ષાત્રવટ ખીલવવાનું છે. અપવાદ વિના સેવેલો નાનો નિયમ એ સાત્વિકતા છે. અપવાદ સાથેના મોટાં નિયમો તે કાયરતા છે.

કડી ૪૪૪ થી ૪૪૮માં કવિએ વિવિધ ઉપમાઓ આપી ચારિત્રની શ્રેષ્ઠતા દર્શાવી તેને ન ગુમાવવાનો હિતોપદેશ આપ્યો છે.

## સમ્યક્ત્વનું દ્વાર-ત્રીજું અને ચોથું.

### ઢાળ ૨૪ : (દેશી : પ્રણમી તુહ્ય સીમંધરુજી )

**વીનિ કરો નર દસ તણોજી, અરીહંત સીધ સૂસાર;**
**ચઈત ધર્મ શ્રુત તણો વીનિજી, કરતાં પામિ પાર. ...૪૫૩**
**સોભાગી સમકીત તે જગી સાર, સમકીત વ્યણ્ય નર કો વલીજી;**
**ન લહિ ભવનો પાર, સોભગી સમ...આંચલી. ...૪૫૪**
**આચાર્ય, શંઘ, સાધનોજી, નોમો મૂનિ ઉવઝાય;**
**સમકીતનો કીજઈ વીનિજી, તો ઘટ નીર્મલ થાય. સોભાગી. ...૪૫૫**
**ત્રણ્ય સૂધિ નર જે ધરઈજી, પહિલી મનની રે સાર;**
**જિનવરનિં જિન મત વિનાંજી, જગમાં સહૂ (અ) અસાર. સોભાગી ...૪૫૬**
**વચન સૂધ્ય જીન સેવતાં જી, જે સુખીઓ નવ્ય થાય;**
**તે બીજાનિં સેવતાંજી, દરિદ્રપણૂં સ્યું જાય ? સોભાગી. ...૪૫૭**
**ખીર ખાંડ ધૃત વાવરિજી, કરતો અમૃત આહાર;**
**કાયા પૃષ્ટિ નવ્ય થઈજી, રાબિં કસ્યો (અ) સકાર. સોભાગી. ...૪૫૮**
**કાયાની સૂધ્ય કહૂં હવઈ જી, છેદઈ મારી રે કોય;**
**બાલિ પીલિ જો વલીજી, સીર નવ્ય નામિ સોય. સોભાગી. ...૪૫૯**

અર્થ : હે માનવ ! દશ પ્રકારનો વિનય કરો. અરિહંત અને સિદ્ધશ્રેષ્ઠ છે. ચૈત્ય, ધર્મ અને શ્રુતનો વિનય કરતાં સંસારનો પાર પમાય છે...૪૫૩.

હે સૌભાગ્યવાન ! સમકિત આ જગતમાં ઉત્તમ છે. સમકિત વિના કોઈપણ મનુષ્ય ભવનો અંત આણી શકે નહિ...૪૫૪.

આચાર્ય, સંઘ, સાધુવર્ગ તથા નવમા ઉપાધ્યાય ભગવંતોનો વિનય કરો તેમજ દશમા દર્શન (સમકિત) નો વિનય કરો. વિનય કરવાથી હૃદય નિર્મળ બને છે...૪૫૫.

મનુષ્ય ત્રણ પ્રકારની શુદ્ધિ ધારણ કરે છે. તેમાં પ્રથમ મનશુદ્ધિ છે. તેમાં જિનેશ્વર દેવ અને જૈન સિદ્ધાંત ને છોડી લોકમાં સર્વ પદાર્થ ને અસાર માને તે મન શુદ્ધિ છે...૪૫૬.

જિનેશ્વર દેવના ચરણોની સેવા કરવાથી જે મનુષ્ય સુખી ન થાય તે અન્ય દેવોની પ્રાર્થના કે ઉપાસના (સેવા) કરવાથી પોતાની દરિદ્રતા કેવી રીતે દૂર કરી શકે ? એવા વચન બોલવા તે વચન શુદ્ધિ જાણવી. આવા શુદ્ધ વચનથી જિનેશ્વર દેવની સેવા કરે છે...૪૫૭.

ઘી અને ખાંડ મિશ્રિત ખીર જેવો ઉત્તમ આહાર કરવા છતાં જેનો શારીરિક વિકાસ (દેહપુષ્ટ) થતો નથી તેને લોટની રાબ પીવાથી શું ફાયદો થાય છે ?...૪૫૮.

છેદન, ભેદન, દહન કે પિલણ થવા છતાં જે મનુષ્ય જિનેશ્વર દેવ સિવાય અન્ય ક્યાંય મસ્તક નમાવે નહિ, તેને કાય શુદ્ધિ કહેવાય...૪૫૯.

• વિનય :

કવિએ કડી ૪૫૩ થી ૪૫૫માં સમકિતના ત્રીજા દ્વારના સંદર્ભમાં વિનયનું સ્વરૂપ દર્શાવ્યું છે.

વિનય શબ્દ 'વિ' અને 'નય' એમ બે શબ્દ બન્યો છે. विशेषेण नीयते मोक्षोन्मुख आत्मा क्रियते येन स विनयः।[૪૩] જે ક્રિયાથી આત્મા વિશેષપણે મોક્ષ તરફ ઉન્નતિ કરે છે તે વિનય છે. વિનય એ શ્રમણાચારનો મુખ્ય પાયો છે. મુક્તિનું પ્રથમ ચરણ છે. વિનય એ ધર્મનો મૌલિક ગુણ છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનું પ્રથમ અધ્યયન 'વિનય' છે. તીર્થંકરો સ્વયં દેશના આપતી વખતે તીર્થને નમસ્કાર કરી વિનય પ્રદર્શિત કરે છે. વિનય એ દીનતા કે ગુરુની ગુલામી નથી, પરંતુ એક અનુશાસન છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં અવિનીતને શૂવર અને કૂતરીની ઉપમા આપી છે.[૪૪] સડેલા કાનવાળી કૂતરીની જેમ અવિનીત શિષ્ય સર્વત્ર અપમાનિત થાય છે. સૂવર ચોખા અને ઘઉંનો સાત્વિક ખોરાક છોડી વિષ્ઠા જેવા તુચ્છ આહારને ગ્રહણ કરે છે તેમ બાલ, અજ્ઞાની, મૂઢ બુદ્ધિવાળો શિષ્ય સદાચારને છોડી દુરાચારમાં રાચે છે. વિનયથી જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે.

પૂર્વાચાર્યોએ દશ પ્રકારનો વિનય દર્શાવ્યો છે.

**अरिहंतसिद्धचेइअ सुए य धम्मे य साहुवग्गे य।[૪૫]**

**आयरिअउवज्झाएसु य पवयणे दंसणे विणओ (यावि) ।।**

• અરિહંતનો વિનય : સુરેન્દ્ર અને નરેન્દ્ર વડે વંદનીય અને પૂજનીય એવા વર્તમાન કાળે વિચરી રહેલા સીમંધર આદિ ૨૦ તીર્થંકરો તથા સામાન્ય કેવળજ્ઞાનીઓનો વિનય કરવો.

• સિદ્ધનો વિનય : સંપૂર્ણ કર્મનો ક્ષય કરી સિદ્ધપણું પ્રાપ્ત કરનાર મુક્ત આત્મા; જેને હવે ફરીથી સંસારમાં આવવાનું નથી તેવા સિદ્ધ ભગવંતોનો વિનય કરવો. સિદ્ધના પંદર પ્રકાર છે. ૧) જિન સિદ્ધ, ૨) અજિન સિદ્ધ, ૩) તીર્થ સિદ્ધ, ૪) અતીર્થ સિદ્ધ, ૫) ગૃહસ્થ લિંગ સિદ્ધ, ૬) અન્યલિંગ સિદ્ધ, ૭) સ્વલિંગ સિદ્ધ, ૮) સ્ત્રીલિંગ સિદ્ધ, ૯) પુરુષ લિંગ સિદ્ધ, ૧૦) નપુંસક લિંગ સિદ્ધ, ૧૧) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ, ૧૨) સ્વયં સંબુદ્ધ સિદ્ધ, ૧૩) બુદ્ધ બોધિત સિદ્ધ, ૧૪) એક સિદ્ધ, ૧૫) અનેક સિદ્ધ.[૪૬]

• ચૈત્ય વિનય : ચૈત્ય એટલે જિન પ્રતિમા, જિનબિંબો. ઉર્ધ્વલોકમાં એક અબજ, બાવન કરોડ, નવાણું લાખ, ચુમ્માળીસ હજાર સાતસો ને આઠ શાશ્વતા જિનબિંબો છે. તિર્છાલોકમાં ત્રણ લાખ, એકાણું હજાર ત્રણસો ને વીસ શાશ્વત જિનબિંબો (જ્યોતિષ વર્જીને) છે. ભવનપતિમાં તેરશો ને નેવ્યાસી કરોડ, સાઠ લાખ શાશ્વતા જિનબિંબો છે. જ્યોતિષી વિમાનમાં અસંખ્યતા શાશ્વતા જિનબિંબો છે. તેવી જ રીતે વ્યંતરનિકાયમાં પણ અસંખ્યાતા જિનબિંબો છે. પંદર અબજ, બેતાળીસ કરોડ, અઠ્ઠાવન લાખ, છત્રીસ હજાર એંશી જેટલા કુલ શાશ્વતા જિનબિંબો છે તેમનો વિનય કરવો[૪૭]. ચૈત્યનો બીજો અર્થ જ્ઞાન થાય છે.

• શ્રુતનો વિનય : સામાયિક સહિત સર્વ જિનાગમોનો વિનય કરવો. સામાયિકના ચાર પ્રકાર છે.

૧. સમ્યક્ત્વ સામાયિક-તે મિથ્યાત્વથી નિવૃતિ અને ઔપશમિકાદિ સમ્યક્ત્વની પ્રાપ્તિ રૂપ છે.

૨. શ્રુત સામાયિક-તે જઘન્યથી અષ્ટપ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી દ્વાદશાંગીના અભ્યાસરૂપ છે.

૩. દેશવિરતિ સામાયિક-તે ગૃહસ્થના બાર વ્રતના પાલન સ્વરૂપ છે.

૪. સર્વવિરતિ સામાયિક-તે સર્વ સાવદ્ય યોગોના ત્યાગરૂપ છે[૪૮].

• ધર્મનો વિનય : ક્ષમા, નમ્રતા, સરળતા, તપ, સંયમ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, નિર્લોભી, અને અકિંચન આ દશ પ્રકારનો સાધુ ધર્મ છે. તેનો વિનય કરવો.

• સાધુનો વિનય : ચારિત્ર ધર્મના આધારભૂત એવા સાધુ વર્ગનો વિનય કરવો.

• આચાર્યનો વિનય :- પંચાચારના પ્રકાશક અને છત્રીસ ગુણધારી ધર્માચાર્યનો વિનય કરવો.

• ઉપાધ્યાયનો વિનય :-સૂત્રનું પઠન-પાઠન કરનાર અને કરાવનાર ઉપાધ્યાયનો વિનય કરવો.

• પ્રવચનનો વિનય : - ચતુર્વિધ સંઘનો વિનય કરવો.

• દર્શનનો વિનય :- ક્ષાયિક, ક્ષાયોપશમિક, અને ઔપશમિક એવા ત્રણ પ્રકારના સમ્યક્ત્વ અને સમકિતધારી આત્માનો વિનય કરવો તેમજ મિથ્યાદ્દષ્ટિ તરફ માધ્યસ્થભાવ રાખવો એ દર્શનનો વિનય છે.

વિનય શબ્દથી અહીં શિષ્ટાચાર, બહુમાન, ગુણગાન, અવર્ણવાદનો ત્યાગ, આશાતનાનો પરિહાર એવો અર્થ થાય છે. આશાતના કરવી એ મિથ્યાત્વ છે, જ્યારે અશાતનાનો પરિહાર કરવો તે સમકિત છે. વિનય વિનાની ધર્મકરણી ખોડખાપણવાળી હોય છે. વિનયથી મોહના પડળો હટે છે.

દશ ગુણવંતોનો પાંચ પ્રકારે વિનય કરવો જોઈએ કારણકે વિનયથી સમકિત પ્રાપ્ત થાય છે.

સમકિત એટલે લોકભાષામાં સરળતા અને સત્યનો પ્રવેશ. સમકિત એટલે અનાદિકાળની તુચ્છતાને અલવિદા!! દશ પ્રકારના વિનયથી હૃદય નિર્મળ થતાં ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. **परमो से मोक्खो** - વિનયનું અંતિમ ફળ મુક્તિ છે. સ્વ પરહિત, આત્મ શાંતિ, નિરદ્વન્દ્વતા, નિરાભિમાનતા અને અનાસકિત માટે વિનય જરૂરી છે તેથી વિનયનાં સ્વરૂપને સમકિતના બોલમાં સમાવિષ્ટ કર્યું છે.

• શુદ્ધતા :

કવિએ કડી ૪૫૬ થી ૪૫૯માં સમકિતના ચોથા દ્વારના સંદર્ભમાં ત્રણ પ્રકારની શુદ્ધિ દર્શાવી છે.

અહંકાર અને મમકાર જેવા દુર્ગુણો દૂર થતાં આત્મા વિનમ્ર બને છે. જેમ દીવામાંથી દીવો પ્રગટે તેમ

વિનયમાંથી અનેક ગુણો પ્રગટે છે. જેમ જેમ નમ્રતા વધે તેમ તેમ ત્રિયોગની શુદ્ધિ થાય છે તેથી વિનય પછી શુદ્ધિ દર્શાવેલ છે. બાલવીર્ય ( ૧ થી ૩ ગુણસ્થાન)થી પંડિતવીર્ય (૬ થી ૧૪ ગુણસ્થાન) સુધી પહોંચવા ત્રિયોગની શુદ્ધિ જરૂરી છે.

શુદ્ધતાનું સ્વરૂપ દર્શાવતાં પૂર્વાચાર્ય કહે છે –

**भूत्तूण जिणं मुत्तूण, जिणमयं जिणमयट्ठि ए मुत्तुं ।**[૪૯]

**संसारकत्त (च्च) वारं, चिंतिज्जंतं जगं सेसं ।।**

અર્થ : જિનેશ્વર દેવ, નિગ્રંથ પ્રવચન અને ચતુર્વિધ સંઘ એ ત્રણ અનેકાન્તરૂપ હોવાથી સત્ય છે; એવી શ્રદ્ધાથી સમકિતની શુદ્ધિ થાય છે.

જિનમતને સત્ય માનવાથી મનશુદ્ધિ થાય છે. જિનાગમથી વિરુદ્ધ નહિ બોલવાથી વચન શુદ્ધિ થાય છે. જિનેશ્વર દેવ સિવાય અન્ય કોઈ દેવ પાસે માથું નહિ નમાવવાથી કાયશુદ્ધિ થાય છે. જે સમ્યક્‌ત્વને અતિ નિર્મળ બનાવે છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યુ છે કે, 'સન્માર્ગમાં સ્થિત યોગો સુખકર્તા છે, ઉન્માર્ગમાં સ્થિત યોગો દુઃખ કર્તા છે.[૫૦]' મન, વચન અને કાયાની શુદ્ધિ સમ્યક્‌ત્વનું શોધન કરે છે. સાચી શ્રદ્ધા પરમશાંતિ ભણી લઈ જાય છે.

**આતમરામ અનુભવ ભજો, તજો પરતણી માયા;**

**એહ છે સાર જિનવચનનો, વળી એ શીવ છાયા.**

ગીતામાં પણ કહ્યું છે –

**श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रिय ।**[૫૧]

**ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधि गच्छति ।।**

અર્થ : શ્રદ્ધાવાન, અધ્યાત્મજ્ઞાનની લગનીવાળા, જિતેન્દ્રિય પુરુષ જ્ઞાનપામી પરમશાંતિ મેળવે છે.

આત્માના અનુપમ ગુણરૂપ સમકિતને પ્રાપ્ત કરવું, તેની સુરક્ષા કરવી, તેને સ્થિર કરવું તેમજ નિર્મળ બનાવવું; એ જીવનની મોટી સિદ્ધિ છે. મનશુદ્ધિ માટે સતી સુલસાનું[૫૨] દૃષ્ટાંત વિખ્યાત છે.

**तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेइयं** – જિનેશ્વરે કહ્યું તે સત્ય છે, નિઃશંક છે. આવી શ્રદ્ધામાં પ્રથમ નંબરે મહાસતી સુલસા આવે. આ પરમ શ્રાવિકાના હૃદયના તારે તારમાં પ્રભુ મહાવીરની ભક્તિનું દિવ્ય સંગીત ગુંજતું હતું. તે શ્રદ્ધાનું અસાધારણ બળ ધરાવતી હતી. તેથી એ મહાશ્રાવિકા પ્રભુ મહાવીરના મુખથી અંબડ પરિવ્રાજક દ્વારા કહેવાયેલા ધર્મલાભરૂપ મહાન આશીર્વાદની અધિકારિણી બની. પચ્ચીસમા તીર્થંકર હોય જ નહિ, એવી દૃઢ શ્રદ્ધાવાન સુલસા અંબડ સંન્યાસીની ધર્મસભામાં ન ગઈ. મહાસતી સુલસા અવિચલ શ્રદ્ધાના બળે આગામી ચોવીસીના પંદરમા તીર્થંકર થશે. ખરેખર ! સમ્યગ્‌દર્શનરૂપી કંપનીના શેર ખરીદનાર ભવ્યાત્મા પ્રતિ સમય લાભ જ લાભ મેળવે છે.

'આ પણ ઠીક છે, તે પણ ઠીક છે'; એવું મંતવ્ય અનાભિગ્રહિક મિથ્યાત્વના કારણે ઉદ્‌ભવે છે. મન જ્યારે સત્યાસત્યના નિર્ણયમાં સચોટ બને છે, ત્યારે વાણી પણ મનને અનુસરે છે. વચનશુદ્ધિ માટે

શ્રમણોપાસક સકડાલપુત્રનું[૫૩] દૃષ્ટાંત વિખ્યાત છે.

ભગવાન મહાવીરની દેશનાથી સુલભબોધિ સકડાલપુત્રે આગાર ધર્મ સ્વીકાર કરી શ્રાવકપણું અંગીકાર કર્યું. મંખલિપુત્ર ગોશાલકે આ જાણ્યું ત્યારે પોતાના મતમાં સ્થિર કરવા સકડાલપુત્રને યુક્તિ કરી સમજાવ્યા, પરંતુ સકડાલપુત્રે ગોશાલકનો કોઈ આદર, સત્કાર ન કર્યો. તેની ઉપેક્ષા કરી. સકડાલપુત્રને પ્રભુ મહાવીરની ધર્મ પ્રજ્ઞપ્તિમાં શ્રદ્ધા થયા પછી તેમણે ગોશાલક પ્રત્યે ઉપેક્ષાભાવ પ્રદર્શિત કર્યો; તે વચન શુદ્ધિ છે.

સમકિત એટલે સત્યજીવન. મોક્ષ સુખના અભિલાષી વ્યક્તિએ વ્યવહારમાં પણ રાજા, અમલદાર કે શાસનના અધિકારી વ્યક્તિના દબાણથી નમન કે વંદન કરવાં પડે તો પણ ભાવથી સુદેવ, સુગુરુ અને સુધર્મને જ વંદન કરે; તે કાયશુદ્ધિ છે. તેના સંદર્ભમાં કાર્તિકશેઠનું[૫૪] દૃષ્ટાંત પ્રખ્યાત છે.

હસ્તિનાપુરમાં કાર્તિક શેઠ દૃઢધર્મી અને પ્રિયધર્મી શ્રમણોપાસક હતા. પોતાના દેવગુરુ સિવાય અન્યને નમસ્કાર ન કરવાની પ્રતિજ્ઞાવાળા હતા. હસ્તિનાપુરમાં કોઈ એક સંન્યાસી આવ્યા. રાજાએ સંન્યાસીને ભોજનનું આમંત્રણ આપ્યું ત્યારે સંન્યાસીએ કાર્તિક શેઠને નમાવવા રાજા પાસે એક શરત મૂકી. ''જો કાર્તિક શેઠ મને જમવાનું પીરસે અથવા હું કહું તે રીતે મને જમાડે તો હું તમારું આમંત્રણ સ્વીકારું''. સંન્યાસીથી પ્રભાવિત થઈ રાજાએ આ શરત સ્વીકારી લીધી. સંન્યાસી ગરમ ગરમ ખીરની થાળી કાર્તિક શેઠની પીઠ પર મૂકી જમ્યો. સંન્યાસીએ શેઠને નમાવવામાં સંતોષ માન્યો, પણ શેઠે પોતાના હાથમાં રહેલી 'અરિહંત દેવને નમસ્કાર' એ વીંટીમાં દૃષ્ટિ રાખી મનથી અરિહંત દેવને નમસ્કાર કર્યા. સમ્યગ્દૃષ્ટિ જીવ સાચો જૈન છે. જૈનત્વને વરેલો આત્મા દેવ, દેવી કે ચમત્કારી પુરુષની આગળ પોતાનું માથું નમાવતો નથી. તેનું માથું ફક્ત તીર્થંકર અથવા ચતુર્વિધ સંઘ સામે વિનયથી ઝૂકી પડે છે.

કવિ ઋષભદાસે કડી-૪૫૮માં જૈનદર્શનને ઘી અને ખાંડ મિશ્રિત ખીરની જેમ પુષ્ટિકારક દર્શાવેલ છે, જ્યારે અન્ય દર્શનોને પાણી અને લોટની રાબ સમાન અસાર દર્શાવેલ છે. સાક્ષાત વીતરાગ પ્રરૂપિત ધર્મ મળ્યા પછી તે ધર્મથી જેની આંતરિક શુદ્ધિ અને પુષ્ટિ ન થાય તેને અન્ય ધર્મથી શું સરે ?

-દુહા : ૩૦-

સીર નામિ જિન સંઘનિ, અવર ન નામિ સીસ;
ત્રણિ સુધિ નર જે ધરિ, પામિ પરમ જગીસ. ...૪૬૦
દોષ પંચ ટાલિ સહી, ન ધરિ શંક્ય શલ;
વીર વચન સંધે નહી, સમકીત તેહનું ભલ. ...૪૬૧

અર્થ : સમ્યગ્દર્શની જિન, જિનમત અને જિનસંઘને જ મસ્તક નમાવે, પણ અન્ય કોઈને નમસ્કાર ન કરે. મનશુદ્ધિ (ત્રણે સિવાય સર્વ અસત્ય છે.) વચન શુદ્ધિ (જિન ભક્તિથી ન બને તે કોઈથી ન બને), કાય શુદ્ધિ (પ્રાણાન્તે પણ ત્રણ સિવાય કોઈને ન નમે) જે મનુષ્ય ધારણ કરે છે તે પરમપદ પ્રાપ્ત કરે છે...૪૬૦

જે મનુષ્ય પાંચ દોષો વર્જે છે. વીતરાગના વચનોમાં શંકારૂપી શલ્ય રાખતો નથી, તેમજ વીર વચનોમાં

જેને સંદેહ નથી તેનું સમકિત પ્રશંસનીય છે...૪૬૧.

સમ્યક્ત્વનું દ્વાર-પાંચમું: દૂષણ - પાંચ. શંકા

ઢાળ : ૨૫. (દેશી : અણસણ એમ આરાધિંઈ)

ભલ સમકીત જગી તેહનું, ટાલિ દૂષણ જેહ રે;
વીર વચન સંધે ધરઈ, પહિલું દૂષણ એહ રે..
નવ્ય સમકીત રે વીરાધીઈ.આંચલી. ...૪૬૨
બાર સર્ગ રે વીરિં કહ્યા, ઉપરિ નવગ્રહીવેખ રે;
સમકીત હોયિ તસ દોહલું, સંકા રહિ મન્ય રે ખરે. નવ્ય. ...૪૬૩
પંચ વીમાંન છઈ ઉપરિ, ઊંચી મૂગત્ય શલાય રે;
તે ઉપરિ સીધ જિન કહિ, ત્યાહા નર ધરતો શંકાય રે. નવ્ય. ...૪૬૪
જિન પ્રતમા કહી સાસ્વતી, અસંખ્યા દેવ વીમાંન રે;
વીર વચન નવ્ય ચીત ધરિ, જ્હાઠિ નર તણી સાન રે. નવ્ય. ...૪૬૫
સાતિ નર્ગ પઈઆલિમાં, દ્વીપ સમુદ્ર અસંખ્યરે;
પ્રથવી મેર છિ સ્યાસ્વતાં, મુઢ ઉથાપના મુખ્ય રે. નવ્ય. ...૪૬૬

અર્થ : આ જગતમાં જે સમકિતના દૂષણોનો ત્યાગ કરે છે. તેનું સમકિત શ્રેષ્ઠ છે. વીર વચનમાં સંદેહ કરવો એ સમકિતનું પ્રથમ દૂષણ છે...૪૬૨.

ભગવાન મહાવીર દેવે બાર દેવલોક કહ્યા છે. તેની ઉપર નવ ગ્રૈવેયક છે. તીર્થંકરના વચનોમાં જો મન શંકાશીલ રહે તો સમકિત પ્રાપ્ત થવું દુર્લભ છે...૪૬૩.

(નવગ્રૈવેયક ઉપર) પાંચ અનુત્તર વિમાન છે. તેની ઉપર મુક્તિશિલા છે. ત્યાં સિદ્ધ ભગવંત છે; એવું જિનેશ્વર દેવ કહે છે. અજ્ઞાની જીવ ત્યાં પણ શંકા કરે છે...૪૬૪.

અસંખ્ય જિન પ્રતિમાઓ તથા અસંખ્ય દેવ વિમાનો શાશ્વતા છે. જે મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે તેવા મનુષ્ય જિનવચનોને ચિત્તમાં ધારણ કરતા નથી...૪૬૫.

સાત નરક પાતાળમાં છે. અઢી દ્વીપમાં અસંખ્ય સમુદ્ર છે. આ પૃથ્વી ઉપર મેરૂ પર્વત છે. તે સર્વ શાશ્વત છે. અજ્ઞાની મનુષ્ય વીરવચનથી વિપરીત પ્રરૂપણા (ઉથાપના) કરે છે...૪૬૬.

- દૂષણ :

જે પદાર્થ જે રીતે છે, તેને તે રૂપે માનવા તેનું નામ સમકિત છે. સમકિત અતિ અણમોલ છે. ત્રિયોગની શુદ્ધિથી વિચલિત થયેલો જીવ સમ્યક્ત્વનું વમન કરે છે. તેમાં મુખ્યત્વે પાંચ દૂષણો ભાગ ભજવે છે.

શ્રી આવશ્યકસૂત્રમાં તેને દર્શનનાં પાંચ અતિચાર કહ્યા છે. (૧) શંકા, (૨) કંખા, (૩) વિચિકિત્સા,

(૪) પરપાસંડ પ્રશંસા, (૫) પરપાસંડ સંથવો.

(૧) શંકા : જિનવચનની સત્યતામાં સંદેહ રાખવો તે શંકા છે. **शंकाए सम्मत्तं नासइ** - જિનવચનમાં શંકા કરવાથી સમ્યક્ત્વ નાશ પામે છે. એકવાર સમજણપૂર્વક સ્વીકાર કર્યા પછી વારંવાર શંકા કરવાથી તે વિશેનો આગ્રહ ક્ષીણ થતાં તેમાં નિષ્ક્રિયતા આવે છે. શંકા બે પ્રકારની છે. (૧) દેશશંકા, (૨) સર્વશંકા.

જીવ નિત્યાનિત્ય પરિણામી કઈ રીતે હોઈ શકે ? તેવી શંકા તે દેશશંકા છે. જિનવચન અસત્ય છે, ભગવાનની વાત ખોટી છે, તે સર્વશંકા છે. શંકા અને જિજ્ઞાસામાં ફરક છે. શંકામાં તત્ત્વ સંબંધી સંદેહ છે. શંકામાં સત્ય સમજવાની ઉણપ છે તેથી શંકા એ દોષ છે. જિજ્ઞાસામાં સત્ય સમજવાની ધગશ છે. ગૌતમ સ્વામીએ જિજ્ઞાસાવશ ભગવાનને અનેક પ્રશ્નો પૂછયા છે, જ્યારે જમાલીમુનિએ ભગવાનના વચનો પ્રત્યે સંદેહ કર્યો. નિહ્નવો સમ્યક્ત્વથી હારી ગયા, તેનું મૂળ કારણ જિનવચનમાં શંકા હતી.

કવિ આ ઢાળમાં અપ્રત્યક્ષ એવા ઊર્ધ્વલોક ત્યાર પછી મધ્યલોક અને અધોલોક વિષે શંકા ન કરવાનું કહે છે. આ વિષય શ્રી જીવાભિગમસૂત્ર તેમજ શ્રી ભગવતીસૂત્ર ૭/૧/૪ માં વર્ણવેલ છે.

• ચૌદ રાજલોક :

લોકનું સંસ્થાન શકોરાના આકારે છે. નીચે એક ઊંધુ શકોરું, તેના ઉપર એક સીધું શકોરું અને તેના ઉપર ફરી એક ઊંધુ શકોરું રાખવાથી જે આકૃતિ બને તે સમાન લોકનો આકાર છે. લોકની ઊંચાઈ ૧૪ રજ્જુ છે. તેની પહોળાઈ દરેક સ્થાને જુદી જુદી છે. લોકનો વિસ્તાર નીચે ૭ રજ્જુ પરિમાણ છે, ઉપર ક્રમશઃ ઘટતાં ઘટતાં ૭ રજ્જુની ઊંચાઈ પર ૫ રજ્જુ પહોળો છે. પુનઃ ઉપર જતાં તે ઘટીને અંતે ૧ રજ્જુ જેટલો પહોળો છે.

લોકના ત્રણ વિભાગ છે. (૧) ઊર્ધ્વલોક, (૨) તિર્યગ્લોક, (૩) અધોલોક.

• ઊર્ધ્વલોક : મેરૂ પર્વતની સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન ઉપર તિર્ચ્છોલોક પૂર્ણ થાય છે. તેની ઉપર ઊર્ધ્વલોક છે. જ્યાં વૈમાનિક દેવો વસે છે. દેવો ચાર પ્રકારના છે. ૧) ભવનપતિ ૨) વાણવ્યંતર ૩) જ્યોતિષ્ક ૪) વૈમાનિક. ભવનપતિ દેવો અધોલોક (નરક) માં રહે છે. વ્યંતર અને જ્યોતિષ્ક દેવો મધ્યલોકમાં અને વૈમાનિક દેવો ઊર્ધ્વલોકમાં રહે છે.

ગ્રહોના વિમાન (સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા) થી ઘણા ઊંચે જઈએ ત્યારે એક રાજલોક પૂર્ણ થાય છે. તેની ઉપર બાર દેવલોક આવેલા છે. સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, મહેન્દ્ર, બ્રહ્મ દેવલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આણત, પ્રાણત, આરણ, અચ્યુત. પ્રત્યેક દેવલોકમાં બત્રીસ લાખ વગેરે જુદી જુદી સંખ્યામાં વિમાનો છે. એક થી આઠ દેવલોક સુધીના દરેકના એક એક ઈન્દ્ર છે. નવ અને દશ તથા અગિયાર અને બારમા દેવલોકના એક એક ઈન્દ્ર છે. બાર દેવલોકના કુલ દશ ઈન્દ્રો છે. ત્યાં અસંખ્યાતા વિમાનો છે.

બાર દેવલોકની ઉપર માણસના ગળાનો આકાર છે. ત્યાં વિમાનો આવેલા છે. તે ગ્રીવાના સ્થાને હોવાથી ગ્રૈવેયક કહેવાય છે. તે ૯ છે. તેમાં કુલ ૩૧૮ વિમાનો છે. અભવ્યો પણ અણિશુદ્ધ ચારિત્ર પાળી અહીં સુધી આવી શકે છે. ૯ ગ્રૈવેયક ઉપર ચારે દિશામાં વિજય, વિજયંત, જયંત અને અપરાજિત વિમાન છે. મધ્યમાં સર્વાર્થસિદ્ધ વિમાન છે. તેમાં ફક્ત એકાવતારી દેવો હોય છે. તેમને પરમ શુક્લ લેશ્યા છે. તેઓ


જૈન દર્શનાનુસારે
૧૪ રાજલોક
અનંત અલોક
લોકાગ્રભાગ
અનંત સિદ્ધ ભગવંત
પાંચ અનુત્તર
સિદ્ધ શિલા
અનંત
નવ ગ્રૈવેયક
ઉર્ધ્વલોક
અલોકાકાશ
૧૨ વૈમાનિક દેવલોક
૧૨ વૈમાનિક દેવલોક
૯ લોકાંતિક
૩ કિલ્વિષિક
અનંત અલોકાકાશ
૫-૫ ચર અચર જ્યોતિષ ચક
વાણ વ્યંતર
૧૦ ભવનપતિ
૧૫ પરમાધામી
૧૦ તિર્યચ જૃંભક
મેરૂ પર્વત
અસંખ્યદ્વીપ સમુદ્રો
અનંત
મધ્યલોક
તિર્છાલોક
રત્નપ્રભા
નરક-૧
શર્કરાપ્રભા
નરક-૨
ઘનોદધિ વલય
ઘનવાત વલય
તનવાત વલય
વાલુકાપ્રભા
નરક-૩
અધોલોક
પંક પ્રભા
નરક-૪
ધૂમ પ્રભા
નરક-૫
તમઃ પ્રભા
નરક-૬
તમ તમાઃ પ્રભા
નરક-૭
ઘનોદધિ
તનુવાત
૧૪ ૧૩ ૧૨ ૧૧ ૧૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
અલોક
ત્રસનાડી
અલોક

એકાંત સમકિતી છે. સર્વાર્થસિદ્ધ વિમાનની બાર યોજન ઉપર શિરના ભાગે સિદ્ધ શિલા છે.

સિદ્ધશિલા નામની પૃથ્વી મનુષ્યક્ષેત્ર પ્રમાણ ૪૫ લાખ જોજન વિસ્તારવાળી છે. તે જોજનના ઉપરના ગાઉના છઠ્ઠા ભાગમાં (૩૩૩ થી ૧/૩) લોકાગ્રને અડીને સિદ્ધ ભગવાન રહે છે. જે સ્થાન ઉપર એક સિદ્ધ છે તે જ સ્થાન પર અનંત સિદ્ધ છે. આખું ક્ષેત્ર સિદ્ધ ભગવંતોથી વ્યાપત છે. તેમને ક્ષાયિક અને પારિણામિક ભાવ છે. તેમની સ્થિતિ સાદિ અનંત છે. શ્રી ઉવવાઈસૂત્રમાં સિદ્ધ ભગવંત અને સિદ્ધશિલાનું વર્ણન છે.

• અધોલોક : તેમાં સાત નરક છે. તે નરકો ઊંધી કરેલી છત્રી જેવી છે. એક નાની તેની ઉપર મોટી એ રીતે ગોઠવેલી હોય તેવી લાગે છે. નરકમાં કૃષ્ણ-નીલ અને કાપોત આ ત્રણ અશુભ લેશ્યા છે. તેના નામ, ગુણ અને ગોત્ર નીચે પ્રમાણે છે.

| નં. | નામ | ગૌત્ર | ગુણ |
|---|---|---|---|
| ૧. | ધમ્મા | રત્નપ્રભા | રત્નની બહુલતા હોય |
| ૨. | વંશા | શર્કરાપ્રભા | કાંકરાની બહુલતા હોય |
| ૩. | સેલા | વાલુકાપ્રભા | રેતી ઘણી હોય |
| ૪. | અંજના | પંકપ્રભા | કાદવની વિપુલતા હોય |
| ૫. | રિષ્ટા | ધૂમપ્રભા | ધુમાડો વધુ હોય |
| ૬. | મઘા | તમ:પ્રભા | અંધકાર હોય |
| ૭. | માઘવતી | તમતમા:પ્રભા | ઘોર અંધકાર હોય |

• મધ્યલોક : રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિની ઉપર માનવ વસે છે. જેને મધ્યલોક કહેવાય છે. આ પૃથ્વી થાળી જેવી ગોળ હોય છે. તે સ્થિર છે. તેની મધ્યમાં એક લાખ યોજનનો મેરૂ પર્વત છે. જેની આસપાસ તારામંડળ ફરે છે, જેના કારણે દિવસ - રાત, ઋતુ આદિ થાય છે. મેરૂ પર્વતની સપાટીથી ૯૦૦ યોજન નીચે અને ૯૦૦ યોજન ઉપર એમ ૧૮૦૦ યોજન પ્રમાણ એક રાજલોક લંબાઈ-પહોળાઈવાળા વિસ્તારનો તિર્છાલોક (મધ્યલોક) છે.

મેરૂ પર્વતની આસપાસ, રત્નપ્રભા પૃથ્વીની ઉપર એક લાખ યોજનનો જંબુદ્વીપ છે. તેને ફરતો બે-બે લાખ યોજનનો પહોળો લવણસમુદ્ર છે. તેને ફરતો ચાર-ચાર લાખ વિસ્તારવાળો ધાતકી ખંડદ્વીપ છે. તેને ફરતો આઠ-આઠ લાખ યોજનના વિસ્તારવાળો કાલોદધિ સમુદ્ર છે. તેને ફરતો સોળ-સોળ લાખ જોજનનો પુષ્કર દ્વીપ છે. બમણા વિસ્તારવાળા અસંખ્યાતા દ્વીપ-સમુદ્ર તિર્છાલોકમાં છે. સૌથી છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે.

આ પુષ્કરવર દ્વીપની મધ્યમાં ગોળાકાર, ફરતો માનુષોત્તર પર્વત છે. જંબુદ્વીપ, ધાતકીખંડ દ્વીપ અને અર્ધપુષ્કર દ્વીપ મળી અઢીદ્વીપ થાય છે. તેમાં મનુષ્યનો વસવાટ છે. માનુષોત્તર પર્વતની પેલે પાર દેવની સહાયથી કોઈ મનુષ્ય જઈ શકે, પરંતુ તેના જન્મ મરણ ત્યાં કદી ન થાય. માનુષોત્તર પર્વતની અંદર રહેલા અઢી દ્વીપનો ૪૫ લાખ યોજન વિસ્તાર છે, જ્યાં મનુષ્યો અને તિર્યંચો વસે છે. જે આત્મા સર્વકર્મ ક્ષય કરે તે ત્યાંથી જ સીધી રેખામાં ઉપર જઈ સિદ્ધશિલામાં વસવાટ કરે છે. મનુષ્યલોક ૪૫ લાખ યોજન પ્રમાણ હોવાથી સિદ્ધશિલા પણ ૪૫ લાખ યોજન પ્રમાણ છે. ત્રણે લોકોનાં સર્વસ્થાનો શાશ્વત છે. જેમ વરાળ હંમેશા

ઉપર જાય છે તેમ કર્મથી હલકો બનેલો જીવ ઊર્ધ્વગમન કરે છે. આ ત્રણે લોકના સર્વ સ્થાનકોમાં જીવ અનંતી વખત જન્મ મરણ કરી આવ્યો છે. અપ્રત્યક્ષ પદાર્થો પ્રત્યે સમ્યક્ત્વી જીવે શંકા ન કરવી, પરંતુ જિનવચનમાં શ્રદ્ધા કરવી જોઈએ; એવું કવિ ઋષભદાસનું કહેવું છે.

### બીજું દૂષણ : કંખા

ઢાળ : ૨૯ (દેશી : જીવ જાત્ય જાત્યમાં ભમતો રે. રાગ : શામેરી)

પામી પાર મુગત્યનિં ન્યાહાલિરિ, જે બીજું દૂષણ ટાલિ;
આકંખા મનિ મ આણો રે, અન્ય દરસિણ કાંય વખાણો. ...૪૬૮
ભ્રહ્મા વીહ્યમ્ (વિષ્ણૂ ?), મહેસ વીસાલરે, એતલ ગોગોનિં અસપાલ;
મલાંપીર કનિં મન જાઈ રે, તસ ચંદન વંધ્યા થાય. ...૪૬૯
બહૂધ શાંખ્ય અનિં શન્યાસી રે, જોગી જંગમનિં મઠવાસી;
જે શઈવ ત્રડંડી વસે રે, અંદ્રજાલીઆનિં દરવેસ. ...૪૭૦
એનૂં કષ્ટ ઘણેરૂં જાણી રે, મનસ્યુ સધઈણા આંણી;
વલી ત્યાંહાં તુઝ મત્ય પસ્તાણી રે, દીજઈ મીછા દૂકડ જાંણી. ...૪૭૧
એહેના શાહોસ્ત્ર સૂણીઅ વખાણ્ય રે, સૂધાં મન સાધિં જાંણ્યા;
કીધૂં મીથ્યાતીનું કર્ણી રે, તેણઈ દુરગત્ય નારી પર્ણી. ...૪૭૨
તેણઈ શુભ ગત્ય નારી ઠેલી રે, જેણિ જઈન તણીમત્ય મેહેલી;
સ્યુભ કર્ણી તે તસ ખેલી રે, કરમિં મત્ય કીધી મિલી. ...૪૭૩
એમ ભવ્ય ભવ્ય ભમતાં ભંગિ રે, આકંખા આણી અંગિ
દીઉં મીછાદૂકડ રંગિ રે, દેવ ગુરુંજીન ને પ્રતિમા સંગિં. ...૪૭૪

અર્થ : તમે અન્ય દર્શનની પ્રશંસા શા માટે કરો છો ? તમે અન્ય દર્શનની અભિલાષા ન કરો. જે આકાંક્ષા નામના બીજા દૂષણનો ત્યાગ કરશે તે સંસારનો પાર પામી મુક્તિને નિહાળશે...૪૬૮.

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ મુખ્ય દેવો તથા ક્ષેત્રપાળ, નાગદેવતા, આસપાલ, મુલ્લાંપીર પાસે (શાંતિ માટે) મન દોડી જાય છે. તેનાથી સમ્યક્ત્વરૂપી ચંદન નિષ્ફળ જાય છે. (મિથ્યાત્વી દેવો પાસે ચિત્તને શાંતિ ન મળે) ...૪૬૯.

(આ જગતમાં) બૌદ્ધ ધર્મના સાધુઓ, સાંખ્ય ધર્મના યતિઓ, સંન્યાસીઓ, યોગીઓ, મઠવાસી તથા ફરવાવાળા યતિઓ તેમજ શિવધર્મી અને ત્રિદંડી (વાગ્દંડ, મનોદંડ અને કાયદંડના ધારક) સંન્યાસી, જાદુગર અને ફકીર વસે છે...૪૭૦.

એમની શ્રદ્ધા કરવાથી ઘણું કષ્ટ વેઠવું પડે છે. તેથી મનમાં અરિહંત દેવો પ્રત્યે શ્રદ્ધા ધારણ કર. ત્યાં કુદેવો પાસે તારી બુદ્ધિ પસ્તાણી, તેથી આ જાણીને મિચ્છામિ દુક્કડં સ્વીકારો...૪૭૧.

વળી અન્ય દર્શનના શાસ્ત્રોનું શ્રવણ કર્યું , તેની પ્રશંસા કરી અંતઃકરણપૂર્વક તેની શ્રદ્ધા કરી. આ રીતે મિથ્યાત્વની ક્રિયાઓ કરી દુર્ગતિ નારીનો સંગ કર્યો...૪૭૨.

(આવું કરનાર ભવ્ય જીવને ) શુભગતિરૂપી નારીએ ધક્કો માર્યો. તેથી જૈન ધર્મનો તેમજ શુભ ક્રિયાનો પણ ત્યાગ કર્યો. (આવા જીવની) મોહનીય કર્મના કારણે મતિ ખરાબ થઈ...૪૭૩.

આ પ્રમાણે વિવિધ યોનિઓમાં ભવોભવ પરિભ્રમણ કરી વિવિધ આકાંક્ષાઓ કરી હોય તેનું દેવ ગુરુ અને જિન પ્રતિમાની સાક્ષીએ ભાવપૂર્વક મિચ્છામિદુક્કડં સ્વીકારું છું...૪૭૪.

(૨) કાંક્ષા :

જિનેશ્વર પ્રરૂપિત અહિંસા ધર્મને છોડી અન્ય દર્શનની ઈચ્છા કરવી તે કાંક્ષા દૂષણ છે. તેના બે પ્રકાર છે. (૧) દેશકાંક્ષા (૨)સર્વકાંક્ષા. [૫૬] જેમાં સર્વ પાખંડી ધર્મોને સેવવાની ઈચ્છા હોય તે સર્વકાંક્ષા છે, તથા જેમાં કોઈ એક પાખંડી (અન્ય ધર્મ) ધર્મને સેવવાની ઈચ્છા હોય જેમકે ભગવાન બુદ્ધે શરીરને સુખ ઉપજે એ રીતે ધર્મ દર્શાવ્યો છે માટે તેમનો ધર્મ ઉત્તમ છે, સુવિધાજનક છે; એવું વિચારવું તે કાંક્ષા દૂષણ છે. અરિહંત દેવોના વચનોમાં અવિશ્વાસના કારણેજ કાંક્ષા દોષ ઉત્પન્ન થાય છે. સાક્ષાત્ કલ્પવૃક્ષ મળ્યા પછી બાવળની કામના કરનાર મૂઢ તથા અજ્ઞાની છે. અન્ય ધર્મના ચમત્કાર જોઈ અન્ય મતની આકાંક્ષા કરવાથી સમકિત પ્રાપ્ત થવું દુર્લભ બને છે, અથવા સમકિત હોય તો ચાલ્યું જવાની સંભાવના છે.

કેટલાક મુગ્ધ જીવો ઘણો ધર્મ કરવાની બુદ્ધિએ સર્વ ધર્મોને આરાધે છે. સર્વ ધર્મને આરાધનારો લાભને બદલે નુકસાન મેળવે છે. જેમ યોગ્ય ભૂમિમાં વાવેલું અનાજ મહેનત દ્વારા ઘણો પાક આપે છે, પણ સર્વત્ર વાવેતર કરનારો બીજ ગુમાવે છે. કારણકે યોગ્ય ભૂમિમાં તે પૂર્ણ પ્રયત્ન કરી શકતો નથી. ઔચિત્ય સર્વનું કરવું જોઈએ, પરંતુ ધર્મ બુદ્ધિએ અન્ય ધર્મની ઈચ્છા કરવી એ દૂષણ છે.

અહીં જૈનદર્શન જ શ્રેષ્ઠ છે, એવો ભાવ નથી. જૈનદર્શન વીતરાગ પ્રરૂપિત અનેકાન્તમય હોવાથી શ્રેષ્ઠ છે. સંક્ષેપમાં એક ધ્યેય નિશ્ચિત કર્યા પછી તેને મક્કમતાથી વળગી રહેવાને બદલે અન્ય પદાર્થોની આકાંક્ષા કરવાથી લક્ષ્ય સુધી પહોંચવા માટેની શ્રદ્ધામાં ઉણપ આવે છે.

ઉપરોક્ત ઢાળમાં કવિએ જગતના વિવિધ મિથ્યાત્વી દેવો અને ધર્મગુરુઓનો નામોલ્લેખ કર્યો છે. કડી ૪૭૨ અને ૪૭૩માં મિથ્યાત્વને દુર્ગતિરૂપી અશુભ નારી તથા સમકિતીને સદ્ગતિરૂપી શુભ નારી સાથે સરખાવી છે. મિથ્યાત્વનું સેવન કરનાર દુર્ગતિમાં જાય છે, જ્યારે સમકિતનું સેવન કરનાર સદ્ગતિમાં જાય છે. તેથી મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યક્ત્વનું આચરણ કરવું, તેમજ પૂર્વે સેવેલા મિથ્યાત્વ ધર્મની ગુરુ સાક્ષીએ આલોચના (મિચ્છામિદુક્કડં) લેવી જોઈએ. આલોચના એ પ્રતિક્રમણ છે. પાપોનું પ્રાયશ્ચિત ભવિષ્યમાં ભૂલ નહિ કરવાના નિર્ણયપૂર્વક જ હોય છે.

## ત્રીજું દૂષણ – વિચિકિત્સા

### ચોપાઈ – ૧૨

બીજો દોષ એ ભાખ્યો સહી, વ તીગંછા તે ત્રીજો સહી;
ધર્મતણાં ફલ હોઈ કે નહી, એહેવી મત્ય નર આવી સહી. ...૪૭૫
ત્રીભોવન નાયક વીસ્વ પ્રકાર(શ ?), મોક્ષ મારગનો જે દાતાર;
એહવાં ગુણ જાણીં અરીહંત, જેણઈ નવ્ય પૂજ્યા એ ભગવંત. ...૪૭૬
ઈહઈલોક પરલોક ભણીમ, કાં તું ધ્યાઈ ત્રીભોવન ધણી;
કષ્ટિં કો નર પામ્યો ખોભ, જિનવરનિં દેખાડિ લોભ. ...૪૭૭
યોગ ભોગમાંનીનિં જાય, જિનવરનિં જઈ લાગિ પાય;
અહ વતીગંછા તું પણ્ય જાંણ્ય, અંગ્ય અતીચાર તૂમ મ આંણ્યં. ...૪૭૮

અર્થ : આકાંક્ષા (કાંક્ષા)એ સમકિતનું બીજું દૂષણ છે. વિતિગંચ્છા(વિતિગિચ્છા કે વિચિકિત્સા)એ સમકિતનું ત્રીજું દૂષણ છે. ધર્મક્રિયાનું ફળ હશે કે નહિ? એવી બુદ્ધિ આ દૂષણવાળા મનુષ્યમાં પ્રગટે છે...૪૭૫.

ત્રણભુવનના નાથ, કેવળજ્ઞાન દ્વારા લોકાલોકને પ્રકાશિત કરનારા, મોક્ષમાર્ગના પ્રદાયક એવા અરિહંત ભગવાનનાં ગુણો જાણવા છતાં માનવ અજ્ઞાનથી તેમની આરાધના કરતો નથી. (મૂઢ વ્યક્તિમાં સત્યાસત્યનો વિવેક ન હોય) ...૪૭૬.

(કવિ કહે છે) આ લોક અને પરલોકમાં તું ક્યારે ત્રિભુવનપતિનું શરણું અંગીકાર કરીશ ? વળી કોઈ મનુષ્ય સંકટના સમયે વ્યાકુળ થઈ જિનેશ્વર દેવને લોભ (લાલચ) દેખાડી ભક્તિ કરે છે...૪૭૭.

તેઓ ત્યાગીને ભોગી માની જિનેશ્વર દેવોના ચરણે નમસ્કાર કરે છે. વળી વિતિગચ્છા દૂષણનું બીજું સ્વરૂપ પણ તું જાણ તે દોષનું તું સેવન ન કર...૪૭૮.

ઢાળ : ૨૭ : (દેશી–ચંદ્રાયણાની તથા દેશી : સો સૂત ત્રીસલા દેવી સતી)

વસ્ત્ર મલણ મલ મૂનીવર દેખી, જેણિ મૂક્યો જિન ધર્મ ઉવેખી;
તેણઈ કાણ્ર્ય તસ દૂર્ગતઈ લેખી, ને નર મૂઢ મતી અવસેષી. ...૪૭૯
કર્મ દુગંછા મ કરો કોઈ, હરીકેસી રષી તું પણ્ય જોઈ;
ભવ ઉત્યમનો તે પણ્ય ખોઈ, કુલ ચાડલ તણિ ભટ સોઈ. ...૪૮૦
એણઈ ભવ્ય શંઘ ચતૂરવીધ્ય મોટો, જાણી કનક તણો વલી લોટો;
નંધા તાસ કરઈ તે ખોટો, લીધો પાપ તણો શરિ પોટો. ...૪૮૧
નંધા મ કરો કો વલી કહિની, નંધા કીજઈ આતમ દેહની;
અસીઅ પરગત્ય હોસઈ વલી જેહેની, ગત્ય ઊંચી પણ્ય થાસઈ તેહની. ...૪૮૨

**એમ ભવ્ય ભમતાં પાતીગ અંગિં મીછાદૂકડ દ્યો જિનસંગિં;**
**પાપ પખાલો આતમ રંગિં, થાઉં યમ જગી સીધ અલંગિં. ...૪૮૩**

અર્થ : સાધુ મહાત્માના મલિન વસ્ત્રો તેમજ શરીરનો મેલ જોઈ જે વ્યક્તિ જૈન ધર્મની નિંદા કરે છે તેની દુર્ગતિ થાય છે. તેની બુદ્ધિ અજ્ઞાનને કારણે ભ્રષ્ટ થાય છે...૪૭૯.

કોઈપણ વ્યક્તિએ દુગંછા કર્મ ન કરવું. તે માટે હરિકેશી મુનિનું દૃષ્ટાંત જાણ. તેમણે ઉત્તમ ભવ પ્રાપ્ત કરી વ્યર્થ ગુમાવ્યો. બ્રાહ્મણ કુળમાંથી તે ચાંડાલ કુળમાં ગયા...૪૮૦.

ચતુર્વિધ સંઘ સર્વથી શ્રેષ્ઠ છે, ભવ્ય છે. તે સુવર્ણ કળશ સમાન અમૂલ્ય છે. તેની નિંદા કરનાર મૂર્ખ છે. તે પોતાના માથે પાપ કર્મનો બોજો ઉપાડે છે અર્થાત્ નિંદા કરવાથી ભારેકર્મી બને છે...૪૮૧.

(ચતુર્વિધ સંઘની જેમ ) અન્ય કોઈની પણ નિંદા ન કરો. નિંદા કરવી જ હોય તો સ્વકર્મની કરો. જેથી પરલોક સુધરે અને ઉચ્ચ ગતિ મળે...૪૮૨.

ભવભ્રમણ કરતાં લાગેલા પાપોની જિનેશ્વરદેવની સાક્ષીએ આલોચના કરો. જેથી સર્વ પાપોનું પ્રક્ષાલન કરી આત્મા ઉજ્જવળ બને; તેમજ સિદ્ધની જેમ અલિંગી (અશરીરી) થાય...૪૮૩.

કવિએ કડી ૪૩૫ થી ૪૮૩ સુધીમાં સમ્યક્ત્વના દૂષણમાં વિતિગિચ્છા દૂષણનું સ્વરૂપ દર્શાવેલ છે.

(૩) **વિચિકિત્સા** : 'વિચિકિત્સા' દૂષણ ઉભય સ્વરૂપી છે. ૧) ધર્મક્રિયાના ફળ વિષે સંદેહ. ૨) મુનિના મલિન શરીરની નિંદા કરવી.

શંકા અને વિચિકિત્સા બંને જુદા જુદા છે. શંકા તત્ત્વ માટે દ્રવ્ય ગુણ વિષયવાળી છે, જ્યારે વિચિકિત્સા માત્ર ક્રિયા વિષયવાળી છે. દેવ, ગુરુ અને તત્ત્વ સંબંધી સંશય તે શંકા છે. આત્મા સર્વવ્યાપી છે કે દેશવ્યાપી ? સપ્રદેશી છે કે અપ્રદેશી ? આ કાળમાં શુદ્ધ પંચ મહાવ્રતધારી શ્રમણો હોય કે નહિ ? આ સર્વ તત્ત્વ વિષયક સંશય છે. તેથી તેનો સમાવેશ શંકામાં થાય છે. જ્યારે તપશ્ચર્યા, વિરતિ, કાયક્લેશનું ફળ હશે કે નહીં ? તે વિચિકિત્સા દૂષણ છે. વિચિકિત્સામાં તત્ત્વ શ્રદ્ધા કરે છે, પણ ધર્મકરણીના ફળ સંબંધી સંશય છે.

કેટલાક લોકો કુશ્રદ્ધાથી નિર્ગ્રંથોના પ્રતિલેખન, પ્રમાર્જન, પ્રતિક્રમણ આદિને જોઈ ક્રિયાજડ કહી તેમની ઘૃણા કરે છે. સંવર અને નિર્જરાની આ ક્રિયામાં તેમને વિશ્વાસ અને રુચિ નથી. તેઓ પરોપકાર અને લોકસેવાના કાર્યોમાં જ ધર્મ માને છે. તેઓ સ્વહિંસા, પરહિંસા અને ભાવહિંસા વગેરે સૂક્ષ્મ ભેદોના તત્ત્વજ્ઞાનના અભાવમાં કોઈ એક પ્રવૃતિને એકાંત કલ્યાણકારી સમજી તેમાંજ વ્યસ્ત રહે છે. તેઓ પોતાનું કાર્ય જ યોગ્ય છે, એવું બુદ્ધિ અનુસાર ગોઠવી અન્યની નિંદા કરે છે. શંકા-કુશંકા દર્શનમોહનીય કર્મના કારણે થાય છે. શંકા-કુશંકા કરવાથી સમ્યક્ત્વનો વિનાશ થાય છે.

નીતિકારો પણ કહે છે-

**दीपोहन्ति तमस्तोमं, रसो रोगमहाभरम् ।**[૫૭]
**सुधाबिन्दुर्विषावेगं, धर्मः पापभरंस्तथा ।।**

દીવો અંધકારના સમૂહનો નાશ કરે છે. રસાયણ રોગના સમૂહનો નાશ કરે છે. અમૃતબિંદુ વિષનો નાશ કરે છે તેવીજ રીતે ધર્મ પાપના સમૂહનો નાશ કરે છે તેથી ધર્મના ફળ પ્રત્યે નિઃશંક રહેવું.

શ્રી જ્ઞાતાસૂત્રમાં પણ કહ્યું છે કે જિન પ્રવચનમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા ન કરવી. જિનદત્તપુત્રને ઈંડામાંથી મોર મળશે જ એવી શ્રદ્ધા હતી. તેણે ઈંડાને હલાવ્યા વિના પોષણ થવા દીધું, તેથી તેને મોરનું બચ્ચું પ્રાપ્ત થયું, પરંતુ સાગરદત્તપુત્રે ઈંડામાંથી મોર પ્રાપ્ત થશે કે નહીં ? તેવી શંકાથી વારંવાર ઈંડાને ઉથલાવ્યા તેથી તેને મોર પ્રાપ્ત ન થયો.

સમકિતી જીવ જિન પ્રવચન પ્રતિ નિઃસંદેહ હોય. **एसे अट्ठे, एसे परमट्ठे, शेषे अणट्ठे** । જિનશાસન અર્થરૂપ, પરમાર્થરૂપ છે. બીજું બધું અનર્થ છે. જે જીવ જિન પ્રવચન પ્રતિ શંકાશીલ બને છે તે જિનધર્મથી ભ્રષ્ટ બને છે. સંદેહ એ અનર્થનું કારણ છે. નિઃસંદેહ એ વિકાસનું કારણ છે.

વિચિકિત્સાનો બીજો અર્થ સદાચારમાં રહેલા મુનિઓના મલિન વસ્ત્રો અને ગાત્ર (શરીર) જોઈને અણગમો કરવો. તેઓ અચિત્ત જળથી અંગનું પ્રક્ષાલન કરે તો શું દોષ લાગે ? આવા પ્રકારની નિંદા કરવી એ વિચિકિત્સા દોષ છે.

જૈન શ્રમણો અહિંસા પ્રેમી છે. કરુણાના ભંડાર છે. તેઓ પાણીના જીવોને જીવ તરીકે માને છે. પાણીના જીવો કુમળા છે, તેમની વિરાધના ન થાય તેથી જીવદયાના રક્ષક સાધુઓ સ્નાન કરતા નથી. અહિંસા, સંયમ, તપ અને ત્યાગરૂપી જળ વડે તેઓ પોતાના આત્માની મલિનતા સાફ કરે છે. જેનો આત્મા વિશુદ્ધ છે તેને બાહ્ય શરીરની શુદ્ધિની શું અપેક્ષા ? જગતના બાળ જીવો બાહ્ય શરીરની સુંદરતા જુએ છે, પણ આત્માની મલિનતા, કાલિમાને ધોતા નથી. તેથી જ શ્રમણો જગતથી નિરાળા છે. સાધુઓ પ્રત્યે દ્વેષભાવ રાખવાથી હરિકેશી મુનિની* જેમ નીચ ગોત્ર કર્મ બંધાય છે..

સમકિતી જીવની સર્વવિરતિ ધર્મ સ્વીકારવાની જ અભિલાષા હોય છે. શ્રીમદ્જી પણ કહે છે –

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**

**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.**

શ્રી ચિદાનંદજી સ્વામી કહે છે –

**વાર અનંતી ચૂક્યો ચેતન, ઈણ અવસર મત ચૂક.**

ગુરુ આદિની આશાતના તીવ્રદર્શન મોહનીય કર્મના ઉદયથી થાય છે. બીજાની ટીકા-ટીપ્પણ નિંદા કરનાર માર્ગાનુસારી ગુણથી પણ પતિત બને છે.

કવિ ઋષભદાસે કડી ૪૮૧ માં ચતુર્વિધ સંઘને સુવર્ણ કળશની ઉપમા આપી છે. સુવર્ણ કળશની જેમ ચતુર્વિધ સંઘ કિંમતી અને શ્રેષ્ઠ છે. તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમાવેશ થાય છે. ચતુર્વિધ સંઘની નિંદા કરનાર ભયંકર કોટિનાં પાપકર્મો બાંધે છે. તેથી કવિ કહે છે, નિંદા કરવામાં તીવ્ર રસ આવે તો હરિકેશી મુનિની જેમ પોતાના દોષોની નિંદા કરવી. સ્વદોષ દર્શન કરનાર સદ્ગતિ પ્રાપ્ત કરે છે.

---

* હરિકેશી મુનિની કથા : જુઓ પરિશિષ્ટ વિભાગ

સાધુનાં આચારો પ્રત્યે સૂગ કે અણગમો એટલે અરિહંત પ્રત્યે અશ્રદ્ધા, જે સમકિતનું દૂષણ હોવાથી અતિચાર છે.

-દુહા - ૩૨-

ત્રીજૂ દૂષણ એ સહી, ટાલિં સમકીત સાર,
ચોથા દૂષણ તણો હવઈ, સૂણયો સકલ વીચાર. ...૪૮૪

અર્થ : આ વિતિગંચ્છા (વિતિગિચ્છા) નામનું ત્રીજું દૂષણ છે. તેનાથી સમકિત નષ્ટ થાય છે. હવે ચોથા દૂષણનું સ્વરૂપ કહું છું. તે સાંભળો...૪૮૫.

## ચોથું દૂષણ - પરપાસંડ પ્રશંસા

### ઢાળ : ૨૮ (ત્રિપદીનો )

ચઉથૂં દૂષણ કહીઈ એહ, મીથ્યા ધર્મ પ્રસંસ્યો જેહ;
પાતીગ લાગું તેહ. હો ભવીકા. ...૪૮૫
જે જગમ્હાં છઈ ધર્મ અસાર, પ્રસંસતાં વાધિ સંસાર;
સમકીત ન રહિ સાર. હો ભવીકા. ...૪૮૬
(જ) યમ તાવડથી નાહસિ ત્રેહ, મીથ્યા આંણઈ સમકીત છેહ;
રોગિ વણસિ દેહ. હો ભવીકા. ...૪૮૭
જેહનિં વલગુ મીથ્યા રોગ, સમકીત દેહે તસ નહી નીરોગ;
દૂલહો શુભ ગત્ય યોગ. હો ભવીકા. ...૪૮૮
શ્રી જિન કહઈ જે સમકીતધારી, મીથ્યા સ્તુત્ય મ કરો મનોહારી;
દૂષણ તજો નરનારી. હો ભવીકા. ...૪૮૯

અર્થ : જે મિથ્યા ધર્મની પ્રશંસા કરે છે. તેને પાપકર્મનો બંધ થાય છે. આ સમકિતનું ચોથું દૂષણ છે...૪૮૫.

જગતમાં જે અસાર ધર્મ છે. તેની પ્રશંસા કરતાં અનંત સંસારની વૃદ્ધિ થાય છે અને સમકિત નાશ પામે છે...૪૮૬.

જેમ સૂર્યના તાપથી ધરતીની ભીનાશ નાશ પામે છે, રોગથી દેહ વિણસે છે, તેમ મિથ્યાત્વથી સમકિતનો છેહ (ક્ષય) થાય છે...૪૮૭.

જેને મિથ્યાત્વ નામનો રોગ થયો છે, તેનો સમકિતરૂપી દેહ નિરોગી નથી. તેને શુભગતિનો યોગ થવો દુર્લભ છે...૪૮૮.

શ્રી જિનેશ્વર ભગવંત કહે છે કે, જે સમકિતધારી છે તેણે મિથ્યાત્વીની અતિ પ્રશંસા ન કરવી. સમકિતના આ દૂષણનો સર્વ નર નારીઓએ ત્યાગ કરવો જોઈએ...૪૮૯.

(૪) પરપાસંડ પ્રશંસા: પરપાસંડ પ્રશંસા = કુતીર્થિઓની પ્રશંસા કરવી.

શ્રી સ્થાનાંગસૂત્રમાં સાત પ્રકારની વિકથાઓ દર્શાવી છે. તેમાં છઠ્ઠી વિકથાનું નામ દંસણભેયણી છે. જેનો અર્થ આચાર્ય અભયદેવસૂરિએ આ પ્રમાણે કર્યો છે

**ज्ञानाद्यतिशयितकुतीर्थिक प्रशंसादिरुपा ।**[૫૯]

કુતીર્થિઓની પ્રશંસા કરવાથી, તેમની તરફના આકર્ષણથી ખેંચાઈને કેટલાક લોકો જૈન ધર્મને છોડી અન્યમતના અનુયાયી બને છે. તેથી સમ્યગ્દર્શનની સુરક્ષા માટે જીવનમાં વિવેકની જરૂર છે.

જૈન આરાધનાનો માર્ગ ટ્રાફિક સિગ્નલ જેવો છે, જેમાં અસીમ ધૈર્યતા, પૂર્ણ સ્થિરતા અને દરેક પળની જાગૃતિની આવશ્યકતા છે. શાસ્ત્રકારો આ માર્ગમાં એક બાજુ પ્રમાદ છોડી અપ્રમાદી બનવાનું કહે છે, તો બીજી બાજુ ધીરતા અને સાવધાનીપૂર્વક પગલાં ભરવાનું કહે છે.

મોક્ષમાર્ગ એ મહારથીનો માર્ગ છે. માર્ગ ચૂકાઈ ન જાય તેનું પૂરે પૂરું લક્ષ્ય રાખવાનું છે. સાધનાના માર્ગે પ્રયાણ કરવા સાપેક્ષ દૃષ્ટિની આવશ્યકતા છે.

ઉપાધ્યાયજી મહારાજ સાહેબ ચેતનજ્ઞાન અજુવાળીએમાં કહે છે -

**અન્યમાં પણ દયાદિક ગુણો, જે જિનવચન અનુસાર રે.**
**સર્વ તે ચિત્ત અનુમોદીએ, સમકિત બીજ નિર્ધાર રે.**

અનુમોદન - પ્રશંસા તે સમકિતનું બીજ છે. શ્રી ભગવતીસૂત્રની ટીકામાં કહ્યું છે કે, ભગવાન મહાવીરે અન્ય દર્શની એવા શિવરાજર્ષિની પ્રશંસા કરી હતી. તેમણે પ્રભુના મુખેથી ઉત્તર સાંભળી પોતાનો સંશય ટળી જતાં સમકિત પ્રાપ્ત કર્યું. અન્યના હૃદયસ્પર્શી ગુણો અનુમોદનીય છે. તે સમકિત પ્રાપ્તિનું કારણ છે. વિવેકપૂર્વકની દ્રષ્ટિએ મોક્ષમાર્ગ છે.

કડી ૪૮૫ થી ૪૮૯માં દર્શાવેલ વાત બાલ જીવોની અપેક્ષાએ છે. સિવાય જૈનદર્શન અનેકાન્ત દર્શન છે. હરિભદ્રસૂરિ મહારાજે પણ અન્ય દર્શનના ઉત્તમ તત્ત્વોની પ્રશંસા કરી છે, પણ બાળજીવો મિથ્યાત્વની પ્રશંસા કરવા તે માર્ગ પર દોરવાઈ ન જાય, એ દૃષ્ટિએ સમકિતની રક્ષા માટે આ વાતને દૂષણરૂપે ગણાવી છે.

- દુહા : ૩૩-

**ચોથું દૂષણ એ કહ્યું, ટાલિં સમકીથ હોય,**
**પરીચય મીથ્યાત્વી તણો, પંચમ દૂષણ સોય. ...૪૯૦**

અર્થ : આ સમકિતનું ચોથું દૂષણ છે. તેનો ત્યાગ કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. મિથ્યાત્વીનો પરિચયરૂપ સમકિતનું પાંચમું દૂષણ છે...૪૯૦.

## પાંચમુ દૂષણ - પરપાસંડ સંથવો

### ઢાળ : ૨૯ (દેશી: રત્નાસાર કુમારની પહિલી)

**સોય દૂષણ ટાળો નરનારી, હઈડઈ બુધિ વીચારી રે;**
**મીથ્યાત્વીનો પરીચઈ કરતાં, રાખો આતમ વારી રે. ...૪૯૧**

ગલીઅ થકી ગોરાહ પણ જાઈ, અંબર કાલાં થાઈ રે;
મીથ્યા મઈશમાં સમકીત ચીવર, ખરડયૂં કયમ ધોવાઈ રે. ...૪૯૨
સમકીત ચીવર ઉજલ રાખો, મીથ્યા પરીચઈ વારય રે;
સંગ કુસંગ થકી દૂખ પામિ, પસુંઅ દેવ્ય નર નારય રે. ...૪૯૩
આક થકી દૂખ પામ્યો સુડો, દઈત થકી સૂર ઈસ રે;
દાસી સંગ કરંતાં મુંજઈ, ખ્યણમાં ખોયું સીસ રે. ...૪૯૪
સૂસમા સીસ ગયું ખ્યણમાંહિં, ચઢી ચલાતી હાથ્ય રે;
રાજહંસ દૂખ પામ્યો પરગટ, મલ્યો કાગનિં સાથ્ય રે. ...૪૯૫
ચર્મ જિનેસ્વર તે દૂખ પામ્યો, ગોસાલાનિં સંગિં રે;
નૃપ શ્રીપાલ ભલ્યું કૂષ્ટીમાં, કોઢ હુઓ તસ અંગિં રે. ...૪૯૬
સીચાંનક હસ્તી પણ્ય વંઠો, બાંધ્યો પાપી ધિરય રે;
મીથ્યા સંગ મ કરસ્યો કોઈ, વારૂં છૂ બહૂ પિરય રે. ...૪૯૭

અર્થ : હૃદયમાં બુદ્ધિપૂર્વક વિચાર કરીને મિથ્યાત્વી જીવોનો પરિચય કરતાં આત્માને અટકાવવો જોઈએ. આ દૂષણનો સર્વ નર-નારીએ ત્યાગ કરવો જોઈએ...૪૯૧.

ગાળ(કટુવચન)થી ગોરસ(મધુરતા) નાશ પામે છે. તેથી કીર્તિરૂપી અંબર (વસ્ત્ર) મલિન બને છે. મિથ્યાત્વરૂપી કાજળમાં સમકિતરૂપી વસ્ત્ર ખરડાતાં કેવી રીતે શુદ્ધ થશે ?...૪૯૨.

સમકિતરૂપી વસ્ત્રને ઉજ્જવળ રાખવા માટે મિથ્યાત્વી જીવોનો પરિચય પરિહરો. કુસંગની સોબત કરતાં પશુ, દેવ, નર-નારી સર્વ દુઃખ પામે છે...૪૯૩.

આકડાના ફળથી પોપટ દુઃખ પામ્યો. દૈત્યથી દેવ અને ઈશ્વર દુઃખી થયા. દાસીના સંગે મુંજ રાજાએ ક્ષણમાં પોતાનું મસ્તક ગુમાવ્યું...૪૯૪.

સુસુમાનું મસ્તક ચિલાતી પુત્રના હાથે ક્ષણવારમાં ધડથી અલગ થઈ ગયું. રાજહંસ કાગડાની સંગતથી પ્રગટપણે દુઃખ પામ્યો...૪૯૫.

ચરમ (છેલ્લા) તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીને ગોશાળાની સંગતિથી કષ્ટ વેઠવું પડયું. શ્રીપાળ રાજકુંવરને કોઢિયાની સોબતથી ઉંબર જાતિનો કોઢ રોગ થયો...૪૯૬.

સેચનક હાથી પાપીના ઘરે બંધાયો તેથી તેની પણ મતિ ભ્રષ્ટ થઈ. તેથી (કવિ કહે છે) કોઈએ પણ મિથ્યાત્વીની સોબત ન કરવી કારણકે તે બહુ પીડા ઉપજાવે છે, તેથી હું તમને વારું છું...૪૯૭.

કવિ કડી ૪૯૧ થી ૪૯૭માં શાસ્ત્રોક્ત વિવિધ દ્રષ્ટાંતો આપી મિથ્યાદૃષ્ટિનો પરિચય કરવાથી કેવું નુકશાન થાય છે તે દર્શાવે છે. કવિ કડી ૪૯૩માં સમકિતરૂપી ચીવરને મિથ્યાત્વરૂપી ડાઘ ન લાગે તે માટે ભલામણ કરે છે.

(૫) પરપાસંડ સંથવો :- **परिचयकरणं तु संथवणं**[६०] મિથ્યાદૃષ્ટિનો પરિચય કરવો એ સંસ્તવ નામે દોષ છે.

મિથ્યાદૃષ્ટિઓ સાથે એક સાથે, એક સ્થાને રહેવું, પરસ્પર આલાપ -સંલાપ કરવો એ પરપાસંડ સંસ્તવ (પરિચય) દોષ છે. મિથ્યાદૃષ્ટિ સાથે રહેવાથી, તેમની ક્રિયાઓ સાંભળવાથી કે જોવાથી દૃઢ સમ્યક્ત્વીનો પણ દર્શન ગુણ નાશ થવાની સંભાવના છે, તો મંદબુદ્ધિવાળા અને નવીન ધર્મ પામેલા બાળ જીવોની શી વાત કરવી ? જીવ અનાદિકાળથી ભાવુક દ્રવ્ય હોવાથી સુખશીલતાવાળો ધર્મ જોઈ એમની તરફ આકર્ષાઈ પોતાનો સાચો ધર્મ ગુમાવે છે. તેથી મિથ્યાદૃષ્ટિ સાથે પરિચય કરવો એ દૂષણ છે.

**संसर्गजाः दोषगुणाः भवन्ति** । સારી સંગતિ ગુણોને ઉત્પન્ન કરે છે, કુસંગતિ દોષોને ઉત્પન્ન કરે છે. પુષ્પના સંપર્કથી તેલ સુગંધિત બને છે, પણ મીઠાની સંગતિથી દૂધ ફાટી જાય છે, તેમ મિથ્યાત્વીના સંગથી સમકિત નાશ પામે છે. વૈદૂર્યમણિ કાચ સાથે લાંબા સમય સુધી રહેવા છતાં કાચરૂપે પરિણમતો નથી, તેમ જેની વિવેક બુદ્ધિ પરિપકવ થઈ ગઈ છે તેવા જીવોને મિથ્યાત્વ અસર કરતું નથી.

**स्वधर्मे निधनं श्रेयः पर धर्मो भयावहः** ।[६१] સ્વધર્મમાં જીવવું શ્રેયકારી છે. પરધર્મનો સ્વીકાર અશ્રેયકારી છે. સ્વધર્મ એટલે આત્માનો ધર્મ. પરધર્મ એટલે પુદ્ગલનો ધર્મ, ગતાનુગતિક કે વારસાગત ધર્મ. જૈન સિદ્ધાંતમાં કુશળતા આવ્યા વિના મિથ્યાત્વીઓના તત્ત્વોનો અભ્યાસ કરવો તે બાળ જીવો માટે ભયજનક છે.

ક્ષયોપશમ સમકિત એ ભાવુક દ્રવ્ય સમાન છે, જ્યારે ક્ષાયિક સમકિત એ અભાવુક દ્રવ્ય સમાન છે. ક્ષયોપશમ સમકિત અસ્થિર છે, જ્યારે ક્ષાયિક સમકિત સ્થિર છે. ક્ષાયિક સમકિતી મિથ્યાત્વીનો પરિચય કરે તો પણ તેમાંથી સાર વસ્તુને ગ્રહણ કરે છે. જેની દૃષ્ટિ સમ્યક્ અને સ્થિર બને છે, તે વસ્તુને અનેકાન્ત દૃષ્ટિએ સમજી ગ્રહણ કરી શકે છે. તેઓ એકાંતવાદને ન અનુસરે.

કવિએ કડી ૪૯૨ માં મિથ્યાત્વને કાજળની અને સમકિતને વસ્ત્રની ઉપમા આપી છે. મિથ્યાત્વરૂપી કાજળની કાળાશથી સમકિતરૂપી શુદ્ધ વસ્ત્ર મલિન બને છે. સમકિતરૂપી વસ્ત્રને ઉજ્જવળ રાખવા મિથ્યાત્વી જીવોનો પરિચય પરિહરો. તેના સંદર્ભમાં કવિએ કેટલાક દૃષ્ટાંતો ટાંક્યાં છે, તેનો ઉલ્લેખ પરિશિષ્ટમાં છે.

ઉપરોક્ત સર્વ દૃષ્ટાંતો 'સંગ તેવો રંગ' આ લોકોક્તિને સાર્થક કરે છે. સારા ખોટાની પરખ વિનાની વ્યક્તિઓને પરધર્મીનો સંગ કે પરિચય અનાત્મિક ભાવોમાં ખેંચી જાય છે.

-દુહા : ૩૪-

**બહુ પરિવારૂં તુઝ સહી, ટાલો પંચમ દોષ;**
**પૂરુષ પ્રભાવિક તૂં થજે, ન્હાસિ મીથ્યા સ્યોક.** ...૪૯૮

અર્થ : (કવિ કહે છે કે ) હું તને ઘણી રીતે સમજાવીને કહું છું કે, આ પાંચે દૂષણોનો તું ત્યાગ કર. તું જૈન શાસનનો પ્રભાવક પુરુષ બનજે. તેથી મિથ્યાત્વરૂપી શોક્ય દૂર થાય...૪૯૮.

સમ્યક્ત્વનું દ્વાર-છઠ્ઠું : 'આઠ પ્રભાવક'

ઢાળ : ૩૦ (ચાલ્ય ચતુર ચંદ્રાનની. રાગ : મલ્હાર)

આઠ પ્રભાવિક પૂર્ષની, બહૂં ભગત્ય કરી જઈ;
સૂત્ર સીધાંત વાંચિ ભલું, દાંન તેહનિં દીજઈ;
આઠ પ્રભાવિક નર કહી .. આંચલી . ...૪૯૯
સીધાંત સમું જગિં કો નહી, જેહિમાં અર્થ ગંભીર રે;
સૂણતાં વચન ચંદન પરિં, સીતલ હોય શરીર રે. આઠ. ...૫૦૦
વણભાવે સહઈજિં સૂણિ, થાયિ ત્યાહાં ઉપગાર રે;
ડોકરી હંસ હંસ જ જપિં, નાહઠો સૂત વીષ ભાર રે. આઠ. ...૫૦૧
એહ સિધાંત શ્રવણે સૂણિ, ન્હાસિ પાપ વીષ ભાર રે;
ભગત્ય કીજિં ભણન્હારની, ચોખૂં સમકીત સાર રે. આઠ. ...૫૦૨
બીજો પરભાવીક કહૂં, ભલી દેસના જેણરે;
નીત્ય નવલા નર બુઝવઈ, જ્યમ મૂંની નંદષેણ રે. આઠ. ...૫૦૩
બલિભદ્ર મુનિ દીઈ દેસના, બૂઝિ હંસ મૃગ મોર રે;
ચીતર વાઘનિં જરખલાં, બૂઝિ વનચર ચોર. આઠ. ...૫૦૪
બલિભદ્ર મૂની તણિ બોલડઈ, મૂકિ રીછડાં મંસ રે;
એહ પ્રભાવિકનિં નમો, હુઈ નીર્મલો હંસ રે. આઠ. ...૫૦૫
અ(ત્ર)તીઅ પ્રભાવીક તુઝ કહૂં, વાદી વીર વીખ્યાત રે;
સ્યઈવ શન્યાશીઅ દરસણી, જીતી કો નવ્ય જાત રે. આઠ૦ ...૫૦૬
ગઉતમ પરમૂખ બહૂ વલી, કરિ વીરસ્યું વાદ રે;
શાહાસ્ત્ર વીચાર ત્યાહાં પૂછતાં, બિસી ગયો સાદરે. આઠ૦ ...૫૦૭
જોય જમાલ અણગારનિં, નીનવમાં મૂખ્ય હોય રે;
સમોવસર્ણમાંહિં આવીઓ, બોલ્યો વાણ્ય મૂખ્ય સોય રે.આઠ૦ ...૫૦૮
હું અરીહંત હૂં જિન સહી, મૂઝ જમલિ ન કોય રે;
અર્થ વીચાર મૂઝ પૂછજ્યો, સંસઈ જેહ નઈં હોય રે. આઠ૦...૫૦૯
ગઉંતમ કહઈ જમાલનિં, બોલો વચન મુખ્ય દીવ રે;
શાસ્વતા કે (અ) અશાસ્વતો, લોક નિં વલી જીવ રે. આઠ૦ ...૫૧૦

તાં જમલ મુઝાઈઉં, મૂંગો મૂઢ અત્યંત રે ;
જમાલનિં ગઉત્તમ દેખતાં, બોલ્યા શ્રી ભગવંત રે . આઠ૦ ...૫૧૧
જીવ અશાસ્વત શાસ્વતો, લોક ના હોય ભેદ રે ;
ગઉત્તમ રષ્ય બહૂ હર્ષીઉં, જમાલી હુઉં ખેદ રે . આઠ૦ ...૫૧૨
માન મૂકીઅ પાછો વલો, જીત્યા શ્રી ભગવંત રે ;
એહ પ્રભાવીક પૂર્ષની, કરો ભગતી અત્યંત રે. આઠ૦ ...૫૧૩

અર્થ : (જિનશાસનની પ્રભાવના કરનાર) આઠ પ્રભાવિક પુરુષોની ખૂબ ભક્તિ કરજો. જેઓ સમ્યક્ પ્રકારેસૂત્ર - સિદ્ધાંત (આગમ) નું વાંચન કરે છે. તેઓને સુપાત્રદાન આપજો...૪૯૯.

જિનેશ્વર પ્રણિત આગમ સમાન આ જગતમાં કોઈ શાસ્ત્ર નથી. તેમાં ગંભીર અર્થ (પરમાર્થ) સમાયેલ છે. શાસ્ત્રનાં વચનો સાંભળતા હૃદયમાં ચંદન જેવી શીતળતા પ્રાપ્ત થાય છે...૫૦૦.

જેમ અજાણતાં વૃદ્ધાએ હંસ હંસનો જાપ જપ્યો તેથી તેના પુત્રનું સર્પ વિષ દૂર થયું, તેમ ચિત્તની એકાગ્રતા વિના, સહજપણે શાસ્ત્ર શ્રવણ કરતાં પણ લાભદાયી નીવડે છે...૫૦૧.

આસૂત્ર સિદ્ધાંતનું ભાવપૂર્વક શ્રવણ કરતાં પાપરૂપી વિષનો ભાર દૂર થાય છે. જ્ઞાનીઓની તેમજ પઠન-પાઠન કરનારા અભ્યાસીઓની ભક્તિ કરવાથી સમકિત નિર્મળ બને છે...૫૦૨.

ધર્મકથિક એ બીજા પ્રભાવક પુરુષ છે. જેના ઉપદેશથી ઘણા જીવો ધર્મ પામે છે. તેઓ નંદિષેણ મુનિની જેમ નિત્ય પોતાના ઉપદેશથી ભવ્ય જીવોને પ્રતિબોધે છે...૫૦૩.

બળભદ્ર મુનિની દેશનાથી વનચર પ્રાણીઓ જેવાં કે હંસ, મૃગ, મોર, ચિત્તા અને વાઘ જેવાં હિંસક પ્રાણીઓ તેમજ ચોર-લૂંટારા જેવાં વનમાં રહેનારા જીવો પણ પ્રતિબોધ પામ્યા...૫૦૪.

બળભદ્ર મુનિની પ્રભાવિક વાણીના પ્રભાવથી રીંછ જેવાં હિંસક પ્રાણીઓએ માંસ ખાવાનું છોડી દીધું. એવા પ્રભાવિક પુરુષને નમસ્કાર કરતાં આત્મા નિર્મળ બને છે...૫૦૫.

અતિશય પ્રભાવશાળી વાદી નામના ત્રીજા પ્રભાવિક પુરુષ છે. શૈવધર્મી, સંન્યાસી કે અન્યદર્શનીઓ તેને જીતી ન શક્યા તેવા પ્રવીણ પુરુષ ભગવાન મહાવીર સ્વામી પ્રખ્યાત વાદી પુરુષ હતા...૫૦૬.

ગણધરોમાં પ્રમુખ એવા ગૌતમ સ્વામી આદિ ગણધરોએ ભગવાન મહાવીર સાથે વાદ કર્યો. શાસ્ત્રનાં પ્રશ્નો પૂછતાં તેમનો અવાજ બેસી ગયો અર્થાત્ ગણધરોનો પરાભવ થયો તેથી તેઓ ચૂપ થઈ ગયા...૫૦૭.

જુઓ જમાલી અણગારને ! જે નિહ્નવોમાં મુખ્ય હતાં. સમવસરણમાં ભગવાન મહાવીર સમક્ષ વાદ કરવા આવ્યા. તેમણે સમવસરણમાં આવી સ્વમુખેથી કહ્યું...૫૦૮.

''હું અરિહંત છું, હું જિનેશ્વર છું. મારા જેવો કોઈ શ્રેષ્ઠ નથી. જેને શાસ્ત્રના અર્થ કે પરમાર્થ વિષે સંશય હોય તે મને પ્રશ્ન પૂછી શકે છે''...૫૦૯.

(પ્રથમ ગણધર) ગૌતમસ્વામીએ જમાલીમુનિને પ્રશ્ન પૂછયો, ''આ લોક શાશ્વત છે કે અશાશ્વત ? તેમજ આ જીવ શાશ્વત છે કે અશાશ્વત ? તેનો જવાબ આપો.''...૫૧૦.

ત્યાં જમાલીમુનિ મૂંઝાયા. તે મૂઢ અજ્ઞાની, શીઘ્ર મૌન બની ગયા. જમાલીમુનિ અને ગૌતમસ્વામીની સમક્ષ જોઈ ભગવાન મહાવીર સ્વામી બોલ્યાં...૫૧૧.

''જીવ શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. લોકપણ શાશ્વત અને અશાશ્વત છે. ' ગૌતમ સ્વામી આ સાંભળી ખૂબ હરખાયા, જ્યારે જમાલીમુનિને ખૂબ ખેદ થયો...૫૧૨.

જમાલીમુનિ માન મૂકી પરાજિત બની પાછા વળ્યા. આ પ્રમાણે વાદમાં ભગવાન મહાવીર જીતી ગયા. એવા શ્રેષ્ઠ વાદી પ્રભાવક પુરુષોની અત્યંત ભાવપૂર્વક ભક્તિ કરો...૫૧૩.

ચોપાઇ - ૧૩

ચોથો તે પરભાવીક હોય, નીમતક ભાખી મણિ સોય;
બોલિ ઋષિ જિન શાશન કાંમ્ય, નીમત ન ભાખિ બીજ્ય ઠાંમ્ય. ...૫૧૪
વરામેર પોતાનિ કાંમ્ય, નીમતક ભાખ્યું ઠાંમો ઠાંમ્ય;
સોય મરી સંસારિં ફરિ, ભદ્રબાહુ તે સ્યુભ ગતી વરઇ. ...૫૧૫
સોઅ અવદાત કહું એણિ ઠાંમ્ય, મૂની મોટો ભદ્રબાહૂ સ્વામ્ય;
વરહામેર તસ બંધવ કહ્યો, સંયમ મૂકી અલગો રહ્યો. ...૫૧૬
પરણ્યો નારિનિં આવ્યો બાલ, જનમોતરી વર્તી તતકાલ;
એકસો આઠ વર્સનું આય, વરહામેર હર્ષ્યો તેણિ ઠાહિ. ...૫૧૭
સકલ સજનનિં મેલ્યાં સહી, બંધવનિં તેડયા ગહિ ગહી;
ભદ્રબાહુ સૂરી કહિ વલી તહી, વારવાર કુંણ આવિ અહી. ...૫૧૮
મરસિ તવ આવું એણિ ઠાહિ, આઠ દીવશનું એહનું આય;
એણિ વચને ખીજ્યો નીજ ભ્રાત, વરામેર નૃપ પાસિ જાત. ...૫૧૯
બંધવનિં તેડાવ્યો તહી, મૂની આવ્યો નૃપ બઇઠો જહી;
ભૂપિં પૂછયુ સુતનું આય, આઠ દીવશ ભાખ્યા તેણઇ ઠાહિ. ...૫૨૦
વરાહમેર કહિ જૂઠું કહિ, મૂઝ બંધવ એકઇ નવ્ય લહિ;
આઠ દીવસ એહવડા જસિ, માંનભૃષ્ટ તે જૂઠો થસિ. ...૫૨૧
કરિં પોંણ્ય નિં વલી ઓષઇરિ, બાલિકનિં રાખો શ્રુભપિરિ;
દીવસ આઠમો જ્યારિ થાય, સૂતનિં તેડિ માત પીતાય. ...૫૨૨

**માંજારી મૂખ્ય ભોગલ અસિં, બાલીકનિં શરિ વાગી તસિ;**

**સોય કુમર (કુમાર)* ત્યાંહાં મુર્ણિ ગયો, ભદ્રબાહુ તે સાચો થયો. ...૫૨૩**

**અર્થ :** અષ્ટાંગ નિમિત્તનો જાણકાર અને તે અનુસાર કહેનાર તે ચોથો નૈમિત્તિક પ્રભાવક કહેવાય છે. જિનશાસનના શ્રેય અને કલ્યાણ માટે મુનિવરો નિમિત્ત ભાખે છે, પરંતુ (સાંસારિક કાર્યની સિદ્ધિ માટે) અન્ય સ્થાને નિમિત્ત જ્ઞાનનો ઉપયોગ કરતા નથી...૫૧૪.

વરાહમિહિરે પોતાના કાર્ય (પ્રસિદ્ધિ) માટે વિવિધ સ્થળોએ નિમિત્ત કલા કહી તેથી તે મરીને સંસારમાં પરિભ્રમણ કરતો રહ્યો, જ્યારે (તેનો ભાઈ) ભદ્રબાહુસ્વામી શુભ ગતિમાં ગયા...૫૧૫.

તેની કથા હું આ સ્થાને કહું છું. ભદ્રબાહુ સ્વામી જયેષ્ઠ મુનિવર હતા. વરાહમિહિર તેમનો લઘુ બાંધવ હતો. તે સાધુવેશ ત્યાગી અલગ રહ્યો...૫૧૬.

રાણીએ પુત્રને જન્મ આપ્યો. વરાહમિહિરે રાજપુત્રની જન્મકુંડલી કરી તરત જ ભવિષ્ય ભાખ્યું કે, આ રાજપુત્રનું આયુષ્ય ૧૦૮ વર્ષનું છે. આવું કહી તેમણે રાજા અને પ્રજાને ખુશ કર્યા...૫૧૭.

સર્વ પ્રજાજનો અને ધર્માચાર્યોએ(ભદ્રબાહુસ્વામી સિવાય) રાજપુત્રને આશીર્વાદ પાઠવ્યા તેથી વરાહમિહિરે ભદ્રબાહુસ્વામીને રાજસભામાં તેડાવ્યા. ભદ્રબાહુસ્વામીએ જાહેરમાં કહ્યું કે, ''યતિઓએ વારંવાર રાજસભામાં શા માટે જવું ?'' ...૫૧૮.

(ભદ્રબાહુસ્વામીએ કહ્યું) બાળકનું આયુષ્ય આઠ દિવસનું છે. તેનું મૃત્યુ થશે ત્યારે હું ત્યાં આવીશ. આવા વચનો સાંભળી વરાહમિહિરને પોતાના ભાઇ પ્રત્યે ગુસ્સો આવ્યો. વરાહમિહિર રાજા પાસે ગયો. (તેણે રાજાને ભદ્રબાહુસ્વામીને રાજસભામાં તેડાવવા કહ્યું.) ...૫૧૯.

વરાહમિહિરના કહેવાથી રાજાએ ભદ્રબાહુસ્વામીને રાજસભામાં તેડાવ્યા. ભદ્રબાહુસ્વામી રાજ્યસભામાં આવ્યા. રાજાએ તેમને પુત્રનાં આયુષ્ય વિષે પૂછયું. ભદ્રબાહુસ્વામીએ બાળકનું આયુષ્ય આઠ દિવસનું કહ્યું...૫૨૦.

વરાહમિહિર રાજાને કહે છે કે, ''ભદ્રબાહુસ્વામી જૂઠું બોલે છે. મારા ભાઇને જ્યોતિષ શાસ્ત્રનું જ્ઞાન નથી. જોતજોતામાં આઠ દિવસ વ્યતીત થઇ જશે અને તે ખોટો સાબિત થતાં અપમાનિત થશે''...૫૨૧.

રાજાએ બાળકના રક્ષણ માટે દાન-પુણ્ય કરવા કહ્યું. બાળકને સુરક્ષિત સ્થાને રાખવામાં આવ્યો. આઠમા દિવસે માતા-પિતા બાળકને તેડીને ઉભા હતા...૫૨૨.

તે સમયે બિલાડીના મુખના ચિહ્ન વાળી દરવાજાની ભોગળ (દરવાજો બંધ કરવાની લોઢાની ભારે અર્ગલા) અચાનક બાળકના મસ્તક પર પડી, તેથી બાળકનું ત્યાંજ મૃત્યુ થયું. ભદ્રબાહુસ્વામીનું ભવિષ્ય કથન સત્ય થયું. (વરાહમિહિર ખોટો ઠર્યો તેથી રાજા અને પ્રજામાં અપમાનિત થયો.) ...૫૨૩.

---

* () મૂકેલ શબ્દ સુધારીને લખ્યો છે.

-દુહા : ૩૫-

ભદ્રબાહુ સાચો થયો, જિનશાશન જઇકાર;
અશા પ્રભાવીક પૂરુષની, કીજઇ ભગતી અપાર. ...૫૨૪

અર્થ : ભદ્રબાહુસ્વામીનું વચન સત્ય થયું, તેથી જિનશાસનનો જય જયકાર થયો. એવા પ્રભાવિક પુરુષનું ભક્તિભાવપૂર્વક કીર્તન કરવું જોઇએ...૫૨૪.

ઢાળ : ૩૧ (ડુંગરીઆની)

ભગતી કીજિ અશા પૂર્ષની, દીપાવિ જિન ધર્મ રે;
એક આકાશમાં માછલો, ઉપનો સૂદર પર્મ રે. ...૫૨૫
ભગતી કીજઇ અશા પૂર્ષની : આંચલી;
માછલો બાવન પૂલ તણો, પડિભોમ્ય સહી આજ રે;
વરહામેરિ એમ ચીતીંઉં, આવ્યો જ્યાંહાં માહારાજ રે. ભગતી. ...૫૨૬
રાજ ભુવન્ય ભોંયિં ઉપરિ, કીધૂં એક કુંડાલ રે;
માછલો માંહિ પડસિ સહી, નીસિં જાંણ્ય ભુપાલ રે. ભગતી. ...૫૨૭
ભદ્રબાહુ સ્વામ્ય બોલીઆ, પડિ કુંડલા બાહરય રે;
મછ એકાવન પલ તણો, અદીક નહી એણઇ ઠારય રે. ભગતી. ...૫૨૮
કુંડ બાહારિં પડયો માછલો, તોલ્યું સોય હુઓ તંત રે;
માનભ્રષ્ટ હુઓ ત્યાહાંસ રે, વરાહમેર અત્યંત રે. ભગતી. ...૫૨૯
દેવનિં ગુરૂ જેણિ લોપીઆ, મત્ય તાસ મૂંઝાય રે;
તેલમાહાં યેમ પાણી ભલું, દીવો સહીઅ ઝંખાય રે. ભગતી. ...૫૩૦
જ્ઞાન દીપક રે ઝંખો થયો, વંછૂં સમકીત તેલ રે;
માંન મીથ્યાત જલ ત્યાહાં ભલું, હૂઇ તીમરની રેલ રે. ભગતી. ...૫૩૧
તીમર અંધાર તે અતી ઘણું, વર્હામેરનિં હોય રે;
માન ભ્રષ્ટ જ થઇ મૃત લહિ, હયો વ્યતંરો સોય રે. ભગતી. ...૫૩૨
મરગીઅ અત્યહિં વ્યકરુપતો, કરિ પરગટ પાપરે;
ભદ્રબાહુ સ્વામ્ય ત્યાહાં કરઇ, ઉવસગહરું આપ રે. ભગતી. ...૫૩૩
દેવ ધરણેંદ્ર આવી કરી, ટાલિ મરગી (અ) રોગ રે;
વાંછીત લોકનિં પૂરતો, ધરી સકલ સંજયોગ રે. ભગતી....૫૩૪

ઘરિ ઘરિ લોક સ્તોતર ભણિ, આંણિ દેવનિ ખંચ્ય રે;
એક ગાથા કરી વેગલી, રાખી તે તીહા પંચ રે. ભગતી. ...૫૩૫

અર્થ : જેણે જિનશાસનને દેદીપ્યમાન બનાવ્યો છે એવા પ્રભાવિક પુરુષની ભક્તિ કરો. (ત્યાર પછી વરાહમિહિરે એક દિવસ રાજાને કહ્યું) "આકાશમાં સુંદર અને ઉત્તમ મત્સ્ય ઉત્પન્ન થયો છે...૫૨૫.

તે મત્સ્ય બાવન પલ (૧ પલ = ૪ તોલા) ના વજનવાળો છે. તે આજે પૃથ્વી પર પડશે." એવી ભવિષ્યવાણી વરાહમિહિરે રાજાને કહી"...૫૨૬.

રાજમહેલની ભૂમિ ઉપર વરાહમિહિરે એક મોટું કુંડાળું કર્યું. પછી તેણે રાજાને કહ્યું કે, "હે રાજન ! આકાશમાંથી માછલું આ કુંડાળામાં જ પડશે તે વાત ચોક્કસ છે"...૫૨૭.

(રાજાએ પૂછયું ત્યારે) ભદ્રબાહુસ્વામીએ કહ્યું, "આ માછલું કુંડાળાની બહાર પડશે; તેમજ તે એકાવન પલ (વજન) નું છે, તેનાથી અધિક નથી"...૫૨૮.

(નિયત સમયે) તે મત્સ્ય કુંડાળાની બહાર પડયું. તેનું વજન કરતાં વાદ-વિવાદનો અંત આવ્યો. (ભદ્રબાહુસ્વામીએ કહ્યું હતું તેટલાં વજનનું મત્સ્ય હતું) અહીં ફરીથી વરાહમિહિરનો પરાજય થયો. તે અપમાનિત થયો...૫૨૯.

જેમ પાણી મિશ્રિત તેલથી દીવો બૂઝાઇ જાય છે, તેમ દેવ-ગુરુનો જેઓ અનાદર કરે છે તેના જ્ઞાનનો ક્ષયોપશમ થતો નથી...૫૩૦.

(જ્યારે) જ્ઞાનરૂપી દીપક ઝાંખો થાય ત્યારે સમકિતરૂપી તેલનું સિંચન ઈચ્છું છું, પરંતુ અહંકાર અને અજ્ઞાનરૂપી જળ ભરેલું હોય ત્યાં (જ્ઞાન દીપકના અભાવમાં) અંધકાર ફેલાય છે...૫૩૧.

વરાહમિહિરમાં મિથ્યાત્વરૂપ અંધકાર ગાઢ રીતે છવાયેલું હતું. તે સર્વત્ર અપમાનિત થયો. અંતે (સંન્યાસ લઇ) મૃત્યુ પામી વ્યંતર જાતિનો દેવ થયો...૫૩૨.

(જૈનાચાર્ય અને જૈન સંઘ પર દ્વેષ હોવાથી) તે વ્યંતર દેવ ચારે તરફ મરકીનો રોગ ફેલાવી પ્રગટપણે પાપનું આચરણ કરવા લાગ્યો, ત્યારે (ઉપસર્ગનું નિવારણ કરવા) ભદ્રબાહુ સ્વામીએ 'ઉવસગ્ગહરં સ્તોત્ર' ની રચના કરી. (તેના સ્મરણ અને શ્રવણથી ઉપદ્રવ શાંત થયો.) ...૫૩૩.

ધરણેન્દ્ર દેવે આ પૃથ્વી પર આવી મરકીના રોગના ઉપદ્રવનું નિવારણ કર્યું. તેણે લોકોની સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરી તેમજ સર્વ સંજોગો અનુકૂળ કરી આપ્યા...૫૩૪.

હવે પ્રત્યેક ઘરે લોકો આ સ્તોત્રનો પાઠ ભણતાં. તેથી ધરણેન્દ્ર દેવને ખેંચાઈને આ પૃથ્વી પર આવવું પડતું તેથી તે સ્તોત્રની એક ગાથા તેમાંથી જુદી કરાઈ. (એક ગાથાનો લોપ કરાયો) અને પાંચ ગાથાઓ રાખવામાં આવી...૫૩૫.

-દુહા -૩૬-

ભગતિ કરો એહવા તણી, એ ગુણ આણો અંગ્ય;
પરભાવીક નર પાંચમો, ચરીત સૂણો મન રંગ્ય. ...૫૩૬
તપ તપતો મૂની અતી ઘણો, દેવ નમિ તસ પાય;
અનેક લબ્ધિ તણો ધણી, પરભાવીક કહિવાય. ...૫૩૭
જિન શાશનિ કાંમિં હવો, તપીઉં વીષ્ણકુંમાર;
નીમચ તણી ચંપ્યો સહી, કીધો પાંટૂં પ્રાહાર. ...૫૩૮
સનતકુમાર તપીઉં સહી, લભધીવંત હુઓ એહ;
મૂખરસ અંગિ ચોપડાઇ, કનક વર્ણ હુઇ દેહ. ...૫૩૯
પૂર્ષ પરભાવીક એ સહી, એ જિન શાશન થંભ;
શાસનમ્હાં સોભઇ સહી, જયમ શરપાલિં અંબ. ...૫૪૦
એ પરભાવીક પાંચમો, જે તપનો કરન્હાર;
વીદ્યાવંત છઠો સહી, જિન શાશન શણગાર. ...૫૪૧
વિદ્યા મંત્ર સીધ એક હૂઓ, આર્ય ખપરાચાર્ય હૂઓ;
રાજા બહૂધ શીતંબર કરયો, જસ તેહનો જગમ્હા વીસ્તરયો. ...૫૪૨
સોય કથા સૂણ્યો ગયિ ગહી, શ્રાવક બહૂંધ કરયા તેણઇ સહી;
પ્રથવી પત્ય રાજા કરિ જોર, શાશનમાહિં પાડયો સોર. ...૫૪૩
આર્ય ખપરાચાર્ય જેહ, રાજભુવનમ્હાં આવ્યો તેહ;
રાજાનિં પ્રતબોધિ જસિં, મૂની ચાબખિં મારયો તસિં. ...૫૪૪
નવી વાગિ ચાબખો લગાર, રાજમાહિં તવ હૂઓ પૂકાર;
અંતેઉંર ઉંછલતું સહૂં, વાંસિ ચાબખા વાગિ બહૂં. ...૫૪૫
આવી રાયનિં કહી કથાય, નૃપ લાગો મૂનીવરનિં પાય;
રાખ્ય, રાખ્ય તૂં સાચો યતી, મિં અપરાધ કરયો છિ અતી. ...૫૪૬
એણિ વચને મૂની પાછો વલઇ, નગર દેવલાં પૂઠિ પલિં;
સકલ બહૂંધ નૃપ જોડી હાથ, વીનવીઓ મૂનીવરનો નાથ. ...૫૪૭
કૃપા કરો હવિ સ્વામી તુમ્યો, અતી અપરાધ કરયો છિ અમ્યો;
આજ પછી કીજઇ અન્યાય, તો તુંમ કોપેયો ઋષિરાય. ...૫૪૮

**દીન વચન મુખ્ય ભાખિ જસિં, પાછા દેવલા થયાં તસિં;**
**જિન શાસન રાખ્યું ત્યાહાં ઠામ્ય, કીર્તી પસરી ઠાંમો ઠાંમ્ય. ...૫૪૯**

અર્થ : પ્રભાવિક પુરૂષની ભક્તિ કરો. એમના ગુણોને અંગીકાર કરી સ્વયં ગુણવાન બનો. હવે પાંચમા પ્રભાવિક પુરૂષનું જીવન ચરિત્ર પ્રસન્ન ચિતે સાંભળો...૫૩૬.

વિવિધ પ્રકારની દુષ્કર તપશ્ચર્યા કરતા હોય તેવા તપસ્વીને દેવો પણ નમસ્કાર કરે છે. તેઓ અનેક લબ્ધિ પ્રાપ્ત કરે છે; તેવા તપસ્વી પ્રભાવિક પુરુષ કહેવાય છે...૫૩૭.

તપસ્વી વિષ્ણુકુમાર મુનિએ જિનશાસનની પ્રભાવના માટે કાર્ય કર્યું. તેમણે નમુચિને (મસ્તકે પગ મૂકી) ચાંપી દીધો અને તેને લાત મારી કાઢી મૂક્યો...૫૩૮.

સનત્કુમારે ઉગ્ર તપશ્ચર્યા કરી તેથી તેના મુખનું થૂંક ચોપડતાં કાયા સુવર્ણમયી બને એવી લબ્ધિ પ્રાપ્ત થઇ...૫૩૯.

આવા પ્રભાવિક પુરુષો જિનશાસનના સ્તંભ સમાન છે. જેમ મસ્તકે મુગટ શોભે છે તેમ જિનશાસનમાં તેઓ શોભાયમાન છે...૫૪૦.

તપશ્ચર્યા કરનારો તપસ્વી કહેવાય છે. તે પાંચમો પ્રભાવિક પુરુષ છે. છઠ્ઠો વિદ્યાવંત પ્રભાવિક છે, જે જિનશાસનના શણગાર સમાન છે...૫૪૧.

વિદ્યામંત્રાદિની સિદ્ધિ પામેલા જિનશાસનમાં એક આર્ય ખપુટાચાર્ય નામના પ્રભાવશાળી આચાર્ય થયા. (ભૃગુકચ્છ દેશમાં બલમિત્ર નામનો) બૌદ્ધ ધર્મી રાજા જિનશાસનની અવહેલના કરતો હતો. તે રાજાને જીતીને આર્ય ખપુટાચાર્યે પોતાની ચારે બાજુ કીર્તિ ફેલાવી...૫૪૨.

તે કથા તું ત્રિયોગની એકાગ્રતાપૂર્વક સાંભળ. રાજા બૌદ્ધ ધર્મી હતો. તેણે ઘણા જૈન શ્રાવકોને જબરદસ્તી બૌદ્ધ ધર્મી બનાવ્યા હતા. તેવા સમયે આર્ય ખપુટાચાર્યે જિનશાસનનો સિંહનાદ કર્યો...૫૪૩.

(વૃદ્ધકર નામના બૌધ આચાર્ય વાદમાં હારી ગયા. મરીને તે યક્ષ થયા. તે જિનશાસન અને તેમના ભક્તજનો પર ઉપદ્રવ કરવા લાગ્યા ત્યારે) આર્ય ખપુટાચાર્યે રાજમહેલ (યક્ષમંદિર)માં પ્રવેશ કર્યો. (યક્ષનું દમન કરવા તેની છાતી પર પગ મૂકી મૂર્તિ પર ઓઢીને સૂઇ ગયા. પોતાના ઈષ્ટ દેવનું અપમાન થવાથી રાજા ગુસ્સે થયા.) આચાર્યે રાજાને પ્રતિબોધવા માટે યુક્તિ કરી હતી, પરંતુ ગુસ્સે થયેલો રાજા આચાર્ય પર પ્રહાર કરવા લાગ્યો...૫૪૪.

(મંત્ર અને વિદ્યાના પ્રભાવે) તે પ્રહારો (ચાબખા) આચાર્યને ન વાગતાં રાજાની અંતઃપુરની રાણીઓને પીઠમાં હજારગણા થઇ વાગવા માંડયા. તેથી તે સમયે રાજ્યમાં રાણીઓ જોરજોરથી બૂમો પાડવા લાગી...૫૪૫.

અંતઃપુરનાં રક્ષકોએ આવી રાજાને સર્વ હકીકત જણાવી. ત્યારે રાજાએ મુનિવરના પગે પડી માફી માંગી અને કહ્યુ કે, "હે ઋષિમુનિ ! હવે બસ કરો. તમે સાચા નિર્ગ્રંથ છો. મેં આપની આશાતના કરી ઘણો મોટો અપરાધ કર્યો છે"...૫૪૬.

રાજાનાં આવાં વચનો સાંભળી મુનિ ઉપશાંત થયા. તેઓ ઉઠીને ચાલવા લાગ્યા. તેમની પાછળ યક્ષ અને શિલા જેવાં મોટાં બે પત્થરો પણ ચાલવા માંડયા. ત્યારે સર્વ બૌદ્ધજનો અને રાજાએ હાથ જોડી મુનિને વિનંતી કરી કે ''આપ સર્વ શ્રેષ્ઠ મુનિ છો, સર્વના નાથ છો.''...૫૪૭.

રાજાએ કહ્યું, ''હે સ્વામી ! (આ પત્થરના ભારથી ઘંટીમાં પડેલા ચણાની જેમ નગરજનો દબાઇ જશે માટે) તમે કૃપા કરો અમે આપનો ખૂબ અપરાધ કર્યો છે. આજ પછી જો અમે અન્યાય કરીએ તો આપ જરૂર અમને શિક્ષા આપજો''...૫૪૮.

રાજાના આજીજીભર્યા વચનો સાંભળી મુનિએ યક્ષને તથા બે શિલા જેવા મોટાં પત્થરને જે સ્થાને ઉભા રહ્યા તે સ્થાને સ્થાપ્યાં. આ પ્રમાણે આર્ય ખપુટાચાર્યે જિનશાસનની પ્રભાવના માટે મંત્ર વિદ્યાનો પ્રયોગ કરી પોતાની તથા શાસનની ચારે તરફ કીર્તિ ફેલાવી...૫૪૯.

-દુહા : ૩૭-

**કીર્તિ પસરી અતી ઘણું, પૂર્ષ પ્રભાવિક એહ;**
**વલી મૂનિવર આંગિ હવા, સહી સંભારું તેહ.** ...૫૫૦
**ઉબાતનમાંહાં સંચરયો, મૂની જિન શાશન કામ્ય;**
**ઉંઠી ગાય આવી પડી, શંકર દેહરા ઠામિ.** ...૫૫૧
**છઠો પરભાવીક સહી, વીદ્યાવંત મૂની સાર;**
**સીધ પ્રભાવીક સાતમો, ધ્યન તેહનો અવતાર.** ...૫૫૨
**ચૂર્ણ અંજન શીધ કરી, કરતો શાશન કાંમ;**
**કલા કેલવિ કારણિ, રહિ જગમાં તસ નામ.** ...૫૫૩

અર્થ : પ્રભાવિક પુરુષો દ્વારા જિનશાસનની ઉન્નતિ થઈ તેમજ ચારે તરફ ખ્યાતિ પ્રસરી ગઈ. વળી જિનશાસનના પ્રભાવક એવા પૂર્વાચાર્યોનું પણ આ સંદર્ભમાં સ્મરણ કરું છું...૫૫૦.

ઉબાતન નામના ગામમાં કોઈ જૈન મુનિ જિનશાસનના કાર્ય માટે ગયા. આ ગામના બ્રાહ્મણોએ દ્વેષભાવથી મૃત ગાયના કલેવરને જિનમંદિરમાં મૂક્યું. વિદ્યા પ્રયોગનાં બળથી જૈન મુનિએ તે મૃત ગાયના કલેવરને શંકરના દહેરા (મંદિર)માં મૂકયું...૫૫૧.

જિનશાસનની ઉન્નતિ માટે વિદ્યાવંત પુરુષો ઉત્તમ છે. તેઓ છઠ્ઠા પ્રભાવક પુરુષ છે. સાતમા સિદ્ધ પ્રભાવક પુરુષ છે. તેમનું જીવન ધન્ય છે...૫૫૨.

તેઓ ચૂર્ણ- અંજન વગેરે સિદ્ધ કરી જિનશાસનની પ્રગતિનાં કાર્યો કરે છે. તેઓ સિદ્ધ કરેલી કળાનો ઉપયોગ કારણ વિના કરતા નથી. તેઓ જગતમાં પ્રસિદ્ધ બન્યા છે...૫૫૩.

ઢાળ : ૩૨(ભાદ્રવે ભઈંશ(ભેંશ) મચાણી)

જગમાહિ રહ્યું તસ નાંમ રે, બોલું તાસ તણા ગુણ ગ્રાંમ;
કાલકચચાર્ય મુની જેહરે, કરિ કંચન ઈટયનું તેહ. ...૫૫૪
કહુ માંડી નિં અવદાતારે, ગૃધ ભીલ રાજા વીખ્યાત;
તે સાધવીનિં લેઈ જાયિરે, બહન્ય કાલકાચાર્યની થાઈ. ...૫૫૫
કાલકાચાર્ય મૂની રાયિ રે, નૃપ મંત્રી કિં તે જાઈ;
તેની ભાખી સકલ કથાઈ રે, નૃપ ચઢિઉં તેણિ ઠાહિ. ...૫૫૬
સબલ કટીક અસવાર રે, ખરચ ખુટાં તેણી વાર રે;
કાલીકાચાર્ય મૂની સાધિં રે, તેણિ ચૂર્ણ લીધૂં હાથિં રે. ...૫૫૭
લેઈ નીહી માંડીહ્યાં ધરતો રે, ઈંટિં કંચનમિ ત્યાહા કરતો;
વહિચી આપિં તમામ સારા રે,સહૂ સુભટ હુઆ હુંશીઆરા. ...૫૫૮
વીટયૂં ગૃર્ધભીલનું ગ્રાંમ રે, હુઈ સબલ તીહાં શંગ્રાંમ;
યુંધ કરતાં રાજા હારિ રે, ગૃધભીલ વીધા સંભારિ. ...૫૫૯
થઈ રાશભી ભુંકિયારી રે, કરડિ જઈઅ કટકનિં ત્યારિ;
તે આગલિ સહુકો નાહાસિ રે, ત્યાહા મૂનીવર કલા પ્રકાસિ. ...૫૬૦
જે ધનુષ કલાના જે જાણ રે, જે ચૂકિ નહી નરબાણ;
અહેવા એક સોનિં આઠ રે, તે બાંધી રહ્યા ત્યાહા ઠાઠ. ...૫૬૧
ભુકિ ગૃર્ધબી મુખ મંડાણ રે, સમકાલિં મૂક્યાં બાંણ;
તીર એકસોનિં જે આઠ રે, રુંધી ગ્રધભી મુંખની વાટ. ...૫૬૨
ગ્રધભી ન સકિ ત્યાંહાં ભૂકી રે, ને તેન્હાઠી માંન જ મૂકી;
હારયો ગૃધભીલ જે રાય રે, સાધવી વાલી તેણિં ઠાહય. ...૫૬૩

અર્થ : જેઓ જગતમાં વિખ્યાત થયા છે. એવા કાલકાચાર્ય મુનિના હું ગુણગ્રામ કરું છું; જેમને ઈંટમાંથી સોનું બનાવવાની સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી...૫૫૪.

(સિદ્ધ પ્રભાવક એવા) કાલકાચાર્યની કથા માંડીને કહું છું. ગર્દભીલ નામનો એક પ્રખ્યાત રાજા હતો.(તે કામી લંપટ હતો). તે એકવાર એક જૈન સાધ્વીને ઉપાડી અંત:પુરમાં લાવ્યો. તે સાધ્વી (સંસાર પક્ષે) કાલકાચાર્ય મુનિની બહેન હતી...૫૫૫.

(રાજાના આવા અકૃત્ય બદલ) કાલકાચાર્ય મુનિ રાજાના મંત્રી પાસે મદદ માટે ગયા. ત્યાં જઈ તેમણે મંત્રીને સર્વ વિગત જણાવી. (રાજા સમજ્યો નહિ) તેથી રાજા સાથે યુદ્ધ થયું...૫૫૬.

બળવાન સૈન્ય અને શૂરવીર યોદ્ધાઓની રક્ષા (આજીવિકા) માટે ધન ખૂટયું. કાલકાચાર્ય મુનિએ હાથમાં ચૂર્ણ લઈ લબ્ધિઓનો પ્રયોગ કર્યો...૫૫૭.

કુંભારના નિંભાડામાંથી ઈંટ લઈ તેમણે ચૂર્ણ પર મૂકી. ઈંટ સુવર્ણમથી બની ગઈ. તે સુવર્ણ તેમણે સુભટોને વહેંચી આપ્યું. સર્વ સુભટો યુદ્ધ માટે તૈયાર થઈ ગયા...૫૫૮.

તેમણે રાજા ગર્દભીલના રાજ્યને ચારે તરફથી ઘેરી લીધું. ત્યાં ભયંકર યુદ્ધ થયું. યુદ્ધ કરતાં ગર્દભીલ રાજા પરાજિત થયો ત્યારે તેને ગર્દભી વિદ્યા યાદ આવી...૫૫૯

વિદ્યાનું સ્મરણ કરી રાજાએ ભૂખી ગર્દભી વિકુર્વી. તે ગર્દભી છાવણીમાં જઈ લશ્કરનાં સૈનિકોને કરડવા લાગી અને રાત્રે ભૂંકવા લાગી. તેથી ડરીને સૌ ભાગવા માંડયાં (લશ્કરમાં નાસભાગ થવા લાગી) ત્યારે કાલકાચાર્ય મુનિએ પોતાની વિદ્યાનો પ્રયોગ કર્યો...૫૬૦.

એકસો સાઠ અજોડ ધનુર્ધારી કે જેમનો એક પણ બાણ નિષ્ફળ ન જાય એવા ધનુર્વિદ્યાના નિષ્ણાંત નરોએ તે ગર્દભીને એક સ્થાને સ્થિર કરી બાંધી દીધી...૫૬૧.

ગર્દભી ભૂંકવા લાગી તે સમયે યોદ્ધાઓએ તેના મોઢામાં એકસોને આઠ બાણ માર્યા. ગર્દભીનું મુખ બાણો વડે ભરાઈ જતાં ભૂકવાનું બંધ થયું...૫૬૨.

ગર્દભી ભૂંકી ન શકી તેથી તે અપમાનિત થઈ ત્યાંથી ભાગી ગઈ. આ પ્રમાણે ગર્દભીલ રાજા હારી ગયો. તેણે સાધ્વીજીને છોડી દીધાં. સાધ્વીજી પોતાના સ્થાને ગયા...૫૬૩.

-દુહા : ૩૮-

**સાધવીનિં લેઈ આવીયા, વરત્યો જિજિકાર;**
**કાલિકાચાર્ય મૂનીવરૂં, જિનસાશન શણગાર. ...૫૬૪**
**સાશન રુપ પ્રાસાદ પરિ, એ મૂની કલસ સમાંન્ય;**
**સાશન રુપ આભર્ણમા, એ મૂની મૂગટ જ માંન્ય. ...૫૬૫**
**એહ પ્રભાવીક નર સહી, એહમાં સમકીત સાર;**
**જેહ અશા ગુણ આદરિ, સમકીત તસ નીરધાર. ...૫૬૬**
**એહ પ્રભાવીક સાતમો, આઠમો તે કવીરાય;**
**જેહથી જિન શાસન રહિ, ચ્યંતુ કાંમ જ થાય. ...૫૬૭**

અર્થ : - કાલકાચાર્ય મુનિ જિનશાસનના સાધ્વીજીને લઈ આવ્યા, તેથી સર્વત્ર જય જયકાર થયો. કાલકાચાર્ય મુનિ જિનશાસનરૂપી આભૂષણમાં મુગટ સમાન સર્વ શ્રેષ્ઠ છે...૫૬૪.

તેઓ જિનશાસનરૂપી પ્રાસાદ ઉપર કળશ સમાન છે, તેમજ જિનશાસનરૂપી આભૂષણમાં મુગટ સમાન સર્વશ્રેષ્ઠ છે...૫૬૫.

આ પ્રભાવક પુરુષ છે. તેઓમાં ઉત્તમ સમકિત હોય છે. જે જિનશાસનની ઉન્નતિ માટે આવા ગુણોનું આચરણ કરે છે. તેને ચોક્કસ (નિશ્ચિત) સમકિત હોય છે...૫૬૬.

સાતમા સિદ્ધ પ્રભાવક છે. તેઓ જિનશાસનમાં રહી નવી નવી કાવ્ય-રચનાઓનું સર્જન કરે છે...૫૬૭.

ચોપાઇ - ૧૫

ચ્યંતૂં કામ તે કવીતા કરિ, સીધસેન મુનીવર માંહાં શરિ;
તેણઇ પ્રતબોધ્યો વીક્રમરાય, માંડી સોય કહૂં જ કથાય. ...૫૬૮
નગરી અવંતીના વનમાંહિં, સીધસેન સૂરિ આવ્યા ત્યાંહિં;
નગર ધણી આવ્યો તેણઇ ઠાહિ, મનમાં વાંદિ વીક્રમ રાય. ...૫૬૯
ધર્મલાભ મૂની દેતા જસિં, વીક્રમ રાજા પૂછિ તસિં;
ધર્મલાભ વણ વાંદિ કહિ, એમ આચાર તુમ કેહી પરિ રહિ. ...૫૭૦
ધર્મલાભ મિં તેહનિ કહ્યો, જે મિં મૂઝ વંદતો લહ્યો;
એણિ વચને હરખ્યો નૃપ સોય, સર્વગ્યન પુત્ર એ સાચો હોય. ...૫૭૧
વીક્રમરાય ત્યાહા ધરિ વવેક, સોવન કોડિ દિઇ ત્યાહા એક;
સીધસેન સોવન નવ્ય લીઇ, વીક્રમ રાયનિં પાછૂં દિઇ. ...૫૭૨
વીક્રમનિં તે નાવિં કમ્ય, શંઘમાંહિં મૂકિ શ્રુભ ઠાંમ્ય;
ધર્મથાનકઇં તે પણિ કરિ, વીક્રમરાજા પાછો ફરિ. ...૫૭૩
શંઘ ચતુરવીધ મલીઉં તસિં, સીધસેન વીનવીઉ તસિં;
જાઇન ભુવન અહી મેટું (મોટું) લહ્યું, તે દેહરું મેહેશરીંઇ ગ્રહ્યું. ...૫૭૪
શાહાસ્ત્ર વચન એહેવૂં પણ્ય હવું, ચક્રીનુ સેન જ ચૂરવું;
તે સહી ધર્મ તણઇ જો કાંમ્ય, અસી વાત નહી બીજઇ ઠાંમ્ય. ...૫૭૫
એહ વચન મન્ય સુધૂં ધરી, ચાર શલોક નવા ત્યાહા કરી;
આવ્યા રાય તણઇ દરબારઇ, નૃપ સેવકનિં કહિ તેણઇ ઠારિ. ...૫૭૬
દરબારી ગયો વીક્રમ પાશ, મૂનીવર ચરીત્ર કહ્યું ઉહોલાશ;
સ્વામી કીર્તિ તાહારી કરિ, કિ આવિ કે પાછો ફરિ. ...૫૭૭
વીક્રમરાય તીહા બોલીઉં, ચઉદ ગાંમ લખ્ય સોવન દીઉં;
મન ભાવઇ તો આવિ અહી, જાંતાં કો તસ વારી નહી. ...૫૭૮
વીક્રમ વચન સૂણી તે વલ્યો, સીધસેનનિં આવી મલ્યો;
દેઇ દાંનનિં લાગો પાય, ન લીઇ રષિ નૃપ પાસિ જાય. ...૫૭૯

શલોક એક કહ્યો ગહિ ગહી, અપૂર્વ ધનુર વીદ્યા તુઝ સહી;
માર્ગણ સાહામો આવિ વહી, ગુણ તુઝ દૂરિ જાઇ સહી. ...૫૮૦
કીર્તિ વચન મુખ્ય સૂણીઆં જસિ, પૂર્વ દશ તવ આપિ તસિં;
દખ્યણ સાહામો બિઠો સહી, શલોક એક કહ્યો ગહિ ગહી. ...૫૮૧
જગમાં વચન અસ્યું કહિવાય, જે માગિ તે આપિરાય;
એહ વચન મુની જૂઠું વદિ, પરસ્ત્રીનિં કયાહાં આફરી દઇ ? ...૫૮૨
જૂઠો લોક હિ એ સદા, રીપૂનિં પૂઠિ ન દીધી કદા;
એણિ વચન રાજા થયો ખૂસી, દખ્યણ દશ આપિ નૃપ હસી. ...૫૮૩
નૃપ પદ્‌યમ દશ બિઠો સહી, એક શલોક કહી મૂની રહી;
તૂઝ નીસાંણ તણા ઘા વડા, શત્રુ રીદઇ રુપ કૂંટિ ઘડા. ...૫૮૪
તીહાં નીર ટંપૂં નવ્ય લહિ, વિરિ નારય લોચન જલવહિ;
નીસાંણ ડંડ તણા તુઝ થાય, મારિ અન્ય વાગઇ અન્ય ઠાહિ. ...૫૮૫
વલી પછયમ દશ આપી તસિં, બિઠો સ્વામી ઉત્તર દશિ;
શલોક એક કરિ નર ગુંણી, નંધા સ્તુત્ય કીધી નૃપ તણી. ...૫૮૬

અર્થ : કવિ પ્રભાવક કવિતાનું સર્જન કરે છે. સિદ્ધસેનસૂરિ કવિ પ્રભાવકમાં શ્રેષ્ઠ હતા. તેમણે (ઉજ્જયિની નગરીના) વિક્રમાદિત્ય રાજાને (સુંદર કાવ્ય રચનાથી) પ્રતિબોધ્યા. કવિ સિદ્ધસેનસૂરિનો વૃત્તાંત આ પ્રમાણે છે...૫૬૮.

સિદ્ધસેનસૂરિ વિચરતાં વિચરતાં એકવાર અવંતી નગરીના અરણ્યમાં પહોંચ્યા. ત્યારે નગરપતિ વિક્રમરાજા (અશ્વવાહનિકા માટે) ત્યાં આવ્યા. તેમણે સિદ્ધસેનસૂરિને મનથી વંદન કર્યા...૫૬૯.

સિદ્ધસેનસૂરિએ રાજાની સમીપ આવી તેને 'ધર્મલાભ' આપ્યો, ત્યારે રાજાએ પૂછયું, ''શું વંદન કર્યા વિના જ તમે ધર્મલાભ કહ્યો ? આવું કરવાથી તમારો આચાર કેમ રહેશે ?''...૫૭૦.

સિદ્ધસેનસૂરિ બોલ્યા,'હે રાજન ! જેણે અમને નમસ્કાર કર્યા તેને મેં ધર્મલાભ આપ્યો છે.' આ વચનો સાંભળી વિક્રમ રાજા ખુશ થયો. તેને ખાત્રી થઈ કે સિદ્ધસેનસૂરિ 'સર્વજ્ઞનો પુત્ર' કહેવાય છે તે સત્ય છે..૫૭૧.

વિક્રમ રાજાએ સૂરિને વંદન કરી વિવેક સાચવ્યો. તેણે ક્રોડ સોનામહોર સૂરિને આપી. ત્યારે સિદ્ધસેનસૂરિએ તે સોનામહોરો ગ્રહણ ન કરી. તેમણે તે ધન વિક્રમ રાજાને પાછું સોપ્યું...૫૭૨

વિક્રમ રાજાએ કહ્યું (આપેલું ધન) મને કલ્પે નહિ. ત્યારે તે ધન સંઘમાં સુરક્ષિત સ્થાને રખાયું. જિન મંદિરના જિર્ણોદ્ધાર અર્થે તે ધનનો ઉપયોગ કરવો એવું નક્કી કરી વિક્રમ રાજા નગરમાં પાછો ફર્યા...૫૭૩.

એકવાર ચતુર્વિધ સંઘ (ઉજ્જયિની નગરીમાં) એકત્રિત થયો. તેમણે સિદ્ધસેનસૂરિને વિનંતી કરી કે, પૂર્વે અહીં (પાર્શ્વનાથ ભગવાનનું) મોટું જિનમંદિર હતું. શૈવ ધર્મીઓએ (તે બિંબ ઢાંકી દઈ મહાદેવનું લિંગ

સ્થાપિત કર્યું.) તે મંદિરને શિવ પ્રસાદ બનાવ્યો છે...૫૭૪.

ધર્મની રક્ષા માટે ચક્રવર્તીની સેનાનો નાશ કરવો પડે તો તે પણ કરવો. આવી વાત શાસ્ત્ર સિવાય બીજે સ્થાને કહી નથી...૫૭૫.

સંઘના વચનોને ચિત્તમાં ધરી સિદ્ધસેનસૂરિએ નવા ચાર શ્લોક રચ્યા. તે શ્લોક બનાવીને તેઓ વિક્રમ રાજાના દરબારમાં આવ્યા. ત્યાં દ્વારપાળને (રાજાને મળવાની અભિલાષા વાળો) ભિક્ષુ દ્વારે ઉભો છે, એવું લખી મોકલ્યું...૫૭૬.

પ્રતિહારીએ વિક્રમરાજા પાસે આવી મુનિ ચરિત્ર અત્યંત ઉમળકાપૂર્વક કહ્યું, "હે રાજન ! તમારી કીર્તિ (પ્રશંસા) સાંભળી ભિક્ષુ તમને મળવા આવ્યો છે. તે આવે કે જાય ?"...૫૭૭.

વિક્રમ રાજાએ દ્વારપાળને કહ્યું, "તેને(દસ)લાખ સુવર્ણમુદ્રા અને ચૌદ ગામો આપો. (હાથમાં ચાર શ્લોકો છે) તેને આવવું હોય તો આવે અને જવું હોય તેને કોઈ અટકાવશે નહીં"...૫૭૮.

વિક્રમ રાજાના વચનો સાંભળી દ્વારપાળ સિદ્ધસેનસૂરિ પાસે આવ્યો. તેણે રાજાની આજ્ઞા અનુસાર સૂરિને દાન આપ્યું તથા પ્રણામ કર્યા, પરંતુ સિદ્ધસેનસૂરિએ તે દાન ન સ્વીકાર્યું. ત્યાર પછી સૂરિ રાજા પાસે ગયા...૫૭૯.

સિદ્ધસેનસૂરિએ રાજા સમક્ષ પ્રથમ શ્લોક કહ્યો. "હે રાજન! તમારી ધનુર્વિદ્યા અપૂર્વ છે. માંગનારાઓનો સમૂહ તમારી પાસે આવે છે. એના કારણે તમારા ગુણો દિગંતર(ચારે દિશા)માં ફેલાય છે"...૫૮૦.

રાજાએ સૂરિના મુખેથી પોતાની કીર્તિ સાંભળી ખુશ થઈ પૂર્વ દિશાનું રાજ્ય આપ્યું. રાજા દક્ષિણ દિશા સન્મુખ બેઠો ત્યારે મુનિએ ફરી એક શ્લોક કહ્યો...૫૮૧.

(હે રાજન!) જગતમાં એવું કહેવાય છે કે, જે માંગો તે રાજા આપે. વિદ્વાનોનું આ વચન ખોટું છે કારણકે તમે પરસ્ત્રીને ક્યાં ખુશ કરો છો ? અર્થાત્ તમે પરસ્ત્રીઓને ચાહતા નથી...૫૮૨.

શત્રુઓએ તમારી પીઠ પ્રાપ્ત કરી નથી. (અર્થાત્ તમે શત્રુઓને ક્યારેય પીઠ દેખાડી નથી, રણમેદાન છોડી યુદ્ધમાંથી પાછા ફર્યા નથી) લોકો કહે છે તે જૂઠું છે. આવા વચનો સાંભળી રાજા ખુશ થયો. તેણે દક્ષિણ દિશાનું રાજ્ય હસતાં હસતાં મુનિને આપ્યું...૫૮૩.

વિક્રમરાજા ત્યાર પછી પશ્ચિમ દિશામાં બેઠો. તેની સન્મુખ થઈ સિદ્ધસેનસૂરિએ એક શ્લોક કહ્યો, 'હે રાજન ! તમારી રણભેરી વાગતાં શત્રુઓના હૃદયરૂપી ઘડાઓ ફૂટે છે.' (અર્થાત્ તમારું શૌર્ય અદ્‌ભૂત છે, તમારું નિશાન સચોટ છે.)...૫૮૪.

જ્યાં પાણીનું એક ટીપું નથી ત્યાં આપના શૌર્યથી શત્રુઓની પ્રિયાઓના નેત્રો ગળે છે. (તમારા શૌર્યથી શત્રુઓની પ્રિયાઓ ભયભીત બને છે.) જ્યારે તમે ડંડાથી પ્રહાર કરો છો ત્યારે મારો છો કોઈકને અને વાગે છે બીજા કોઈકને...૫૮૫.

હવે રાજાએ પશ્ચિમ દિશાનું રાજ્ય સૂરિને આપ્યું. ત્યાર પછી વિક્રમરાજા ઉત્તર દિશા સન્મુખ બેઠા

ત્યારે સૂરિએ ફરી એક શ્લોક કહ્યો...૫૮૬.

ઢાળ : ૩૩ (દેશી-અંબર પૂરથી તિ વરી (તે વળી). રાગ : ગોડી)

મારિ શબ્દ નહિનૃપ મુખિં, દૂખીઓ નહી નૃપ કોય રે;
આપ પીઆરો રે કો નહી, ત્રણે જૂઠાં જ હોય રે; ...૫૮૭
હોય જૂઠાં એહ ત્રણે, પંડિત એક સહામો મલ્યો;
તેણઇ મુઝસ્યુ બહુ ગોષ્ટ કીધી, તેણિ મહારો સંસિ ટલો. ...ત્રુટક
તેણઇ કહ્યુ નૃપ કરયુ દરીસણ, પાપ પીતા ત્યારિ મૂઓ;
દાંન દીધુ જાંમ ભૂપિં, દારીદ્ર ભ્રાત પૂરો હુઓ. ...૫૮૮
દારીદ્ર બંધવ જવ ગયો, તવ મૂઇ ભવહિ માય રે;
તેણઇ કાર્ણ્ય નૃપ નવ્ય હીણિ, તે જૂઠુંઅ કહઇવાય રે; ...૫૮૯
કહિવાય જૂઠું એહ બીજુ, રાગ દ્વેષ તુઝ માંહિ રે;
ત્રણ્ય નારી તુમ્યો પરણ્યા, એક ન રાખી કાય રે. ...ત્રુટક
સરસ્વતી મૂખમાંહિ મેહેલી, લખ્યમી તે રાખી હાથિ રે;
કીર્તિનિં ધરી કાં ન રાખી, રાગ દ્વેષ તૂઝ સાથિ રે. ...૫૯૦
દૂખીઅ નહી તુઝ નગરમાંહાં, એહુવું નૃપ જાણ્ય રે;
કીર્તિ ન રહી તુઝ ગાંમમ્હાં, તો સૂખની તસ હાણ્ય રે. ...૫૯૧
હાણ્ય સૂખની હૂઇ તેહનિં, દેસવદેસિં તે ગઇ;
સંતોષ નહી આપનારી, ત્રણ્ય ભુવન ફરતી સહી. ...ત્રુટક
તેણઇ કાર્ણી ત્રણ્ય બોલ જૂઠા, ખોટી કીર્તિ કયમ ગમઇ;
એણઇ વચને નૃપ સબલ હરખ્યો, આપી રાજ પાયિ નમિ. ...૫૯૨
રાજ દીઇ દશ ચ્યારનું, મૂની ન લીઇ તેણીવાર રે;
ધનકણ કંચન કાંમ્યની, નવી રાખિનીર ધાર રે; ...૫૯૩
નવી રાખિ નીરધાર જયારિ, તાંસ રાય રીજ્યો ઘણું;
ભૂપ કહિં મૂની આવ્ય જાઇઇ, દેહેરુ જયાહાં ઇશ્વર તણું. ...ત્રુટક
મૂની કહિ હૂં જો આવીશ, લ્યંગ ભેદ ત્યારઇ થસિ;
રાય કહિ મુની આવ્ય સાથિં, હોનારુ વલી તે હસિ; ...૫૯૪
મૂની આવિ રે પ્રાસાદમાં, ધરિ મનમાહા બહુ રંગ રે;
સ્તૂતિ કરતો રે ભગવંતની ધૂજૂં ઇશવર લ્યંગ રે. ...ત્રુટક

લ્યંગ ધૂજૂં ઇશ કેરું, ધૂઆડો પ્રગટયો સહી;
અગ્યન ઝાલા પછિ હુઇ, પાસ પ્રગટયા ગહિ ગહી. ...ત્રુટક
વૃત્તાંત સહૂં ત્યાહા કહ્યો માંડી, માહાકાલ દેહરૂં જિન તણૂં;
સઇવ સઘલે બલિ લીધું, અમ્યો ગૃહ હવિ આપણૂં. ...૫૯૫
સૂણીઅ વચન નૃપ હરખીઓ, મૂકયાં એક સહિસ ગાંમ રે;
જિન પૂજાનિં રે કારણિ, ખરચિ તેહનો દામ રે. ...૫૯૬
દામ ખરચિ નૃપતિ ત્યાંહિં, શ્રાવક સમકીત ધર થયો;
બાર વૃતના હુઓ ધારી, કુમત કુમત કદાગૃહિ ત્યાહાં ગયો. ...ત્રુટક
રાય વીક્રમ હુઓ ધર્મી, મહીમા સીધસેન જ તણો;
એહ પ્રભાવીક પૂર્ષ કરતો, સમકીત નીર્મલ આપણો. ...૫૯૭

અર્થ : નૃપના મુખમાં મારી નાંખો એવા શબ્દ ન હતા અર્થાત્ અમારિ પ્રવર્તન હતું. નૃપને કોઈના માટે રાગ દ્વેષ ન હતો. 'મારી', 'રાગ' અને 'દ્વેષ' આ ત્રણ શબ્દ જેનામાં હોય તે જૂઠો હોય.

આ ત્રણ જ્યાં હોય તે જૂઠો હોય. (સિદ્ધસેનસૂરિ રસ્તામાં ચાલતાં આવું વિચારે છે) ત્યાં રસ્તામાં પંડિત સામે મળ્યો. (સિદ્ધસેનસૂરિ રાજાને કહે છે કે) તેણે મારી સાથે ઘણી વાતો કરી તેથી મારો સંશય દૂર થયો...૫૮૭.

પંડિતે સમજાવ્યું કે નૃપના દર્શન કરવાથી પાપરૂપી પિતા મરી ગયો.રાજાએ મને પુષ્કળ દાન આપ્યું તેથી મારો દરિદ્રરૂપી બાંધવ પણ મરી ગયો...૫૮૮

દરિદ્રરૂપી બાંધવાનો નાશ થતાં મારી તૃષ્ણારૂપી માતા પણ મૃત્યુ પામી. આ કારણે નૃપ 'મારે છે' એ સત્ય છે...૫૮૯.

હે રાજન્ ! તમારામાં રાગ-દ્વેષ નથી એ બીજું જૂઠું છે. તમે નારીઓ સાથે પરણ્યા છો પરંતુ એકે નારીને સાથે રાખતા નથી.

(હે રાજન્ ! તમારામાં રાગ-દ્વેષ નથી એ બીજું જૂઠું છે) તમે ત્રણ નારીઓ સાથે પરણ્યા છો, પરંતુ એ નારીને સાથે રાખી નથી. પ્રથમ સરસ્વતી તમારા મુખમાં વસી છે. લક્ષ્મી તમારા હસ્તકમલમાં રહી છે, પરંતુ કીર્તિરૂપી નારીને તમે કેમ પકડી ન રાખી ? (તે દેશ-વિદેશમાં પ્રસરી છે) આ સર્વ લક્ષણો તમારામાં રાગ-દ્વેષ છે એવું સિદ્ધ કરે છે...૫૯૦.

હે રાજન્ !તમારા નગરમાં કોઈ દુ:ખી નથી. (તમે સર્વનું દુ:ખ દૂર કરો છો એવું પંડિતો તમારી પ્રશંસા કરે છે તે ખોટું છે.) એવું તમે જાણો છો, પરંતુ કીર્તિ તમારા હાથમાં રહેતી નથી. તેને સુખની હાનિ થઈ છે...૫૯૧

હે રાજન્ ! કીર્તિને સુખની હાનિ થવાથી તે દેશ-વિદેશમાં પ્રસરી ગઈ છે. આપે કીર્તિરૂપી નારીને

સંતોષી નહીં. તેથી ત્રણે ભુવનમાં તે ફરતી રહે છે. (વિક્રમરાજાની કીર્તિ ચારે દિશામાં ફેલાયેલી છે).

તે કારણથી ઉપરોક્ત ત્રણે બોલ અસત્ય છે. તમારી ખોટી કીર્તિ મને કેમ ગમે ? (એ અપૂર્વ શ્લોકની વક્રોક્તિની યુક્તિ સાંભળી) વિક્રમરાજા હર્ષિત થયો. તેણે મુનિને નમસ્કાર કરી પોતાનું ચારે દિશાનું રાજ્ય આપ્યું...૫૯૨.

વિક્રમ રાજાએ સિદ્ધસેનસૂરિને ખુશ થઈ ચારે દિશાઓનું રાજ્ય આપ્યું ત્યારે સૂરિએ કહ્યું, ''શ્રમણો પૈસા, સોનું કે સ્ત્રી નિશ્ચયથી પોતાની પાસે રાખતા નથી..૫૯૩

(શ્રમણો મહાવ્રતની રક્ષામાટે) પોતાની પાસે કંઈ જ રાખતા નથી એવું જાણી વિક્રમ રાજા અત્યંત ખુશ થયા. (થોડા દિવસ પછી) રાજાએ મુનિને કહ્યું , ''જ્યાં શિવ મંદિર છે ત્યાં જઈ આવીએ.''.

સિદ્ધસેનસૂરિએ કહ્યું, ''હું મહાકાળના મંદિરમાં આવીશ તો શિવલિંગના ટુકડા થશે.'' વિક્રમ રાજાએ કહ્યું, ''હે સૂરિ ! તમે મારી સાથે આવો જે થવાનું હશે તે થશે.''...૫૯૪

સિદ્ધસેનસૂરિ મહાકાળ (શિવમંદિર)ના મંદિરમાં આવ્યા ત્યારે ભાવપૂર્વક, ઉલ્લાસથી મહાદેવની (અરિહંત દેવની) ભક્તિ-સ્તુતિ (કલ્યાણમંદિર સ્ત્રોત) કરી. (અગિયારમી કડી રચાઈ) ત્યારે શિવલિંગ ધ્રૂજવા લાગ્યું.

મહાદેવનું શિવલિંગ ધ્રૂજતાં, તેમાંથી ધૂમાડો પ્રગટયો. ત્યાર પછી અગ્નિ જ્વાળા એટલે તેજ પુંજ ફેલાયો. તેમાંથી ધરણેન્દ્ર સહિત શ્રી પાર્શ્વનાથની મૂર્તિ પ્રગટ થઈ.

સિદ્ધસેનસૂરિએ લોકો સમક્ષ કથા કહી. (પૂર્વે અહીં અવંતી સુકુમાલના પુત્ર મહાકાલ નામથી લોકમાં પ્રસિદ્ધ એવા પોતાના પિતાનું નલિનીગુલ્મ વિમાનમાં જતી વખતે જે સ્થાને કાયોત્સર્ગ કર્યો હતો તે સ્થાને નવું મંદિર કરાવ્યું હતું. તેમાં પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠિત કરાવી હતી. સમય જતાં અન્ય દર્શનીઓએ તે બિંબ ઢાંકી દઈ મહાદેવનું લિંગ સ્થાપિત કર્યું) આ મહાકાલનું મંદિર પૂર્વે જૈનોનું હતું. તેને શૈવધર્મીઓએ જબરદસ્તી કરી લઈ લીધું. હવે અમે તેને ગ્રહણ કર્યું છે તેથી તે આપણું (જૈનોનું) છે...૫૯૫.

વિક્રમ રાજા આચાર્યના વચનો સાંભળી આનંદ પામ્યા. રાજાએ પાર્શ્વનાથ પ્રાસાદ(જિન પૂજાદિ ખર્ચ) માટે હજાર ગામ આપ્યા...૫૯૬.

વિક્રમ રાજા દાન આપી સમક્તિધારી શ્રાવક બન્યા. તેમણે બારવ્રત ધારણ કર્યા. તેમણે કુમત (પાખંડી મત) અને કદાગ્રહ (મિથ્યાત્વ) નો ત્યાગ કર્યો.

વિક્રમ રાજા ધર્મી બન્યા. તેમાં સિદ્ધસેન આચાર્યનો પ્રભાવ હતો. સિદ્ધસેનસૂરિ પ્રભાવિક પુરુષ હતા. તેઓ આપણું સમકિત નિર્મળ કરે છે...૫૯૭.

• પ્રભાવક :

સમકિતના નિ:શંકતા, નિષ્કાંક્ષા, નિર્વિચિકિત્સા આદિ આઠ આચારોના પાલનથી અતિચાર રહિત શુદ્ધ, નિર્મળ અને દઢ સમકિતની પ્રાપ્તિ થાય છે, તેથી સાત્વિકતા પ્રગટે છે.

કડી ૪૯૮ માં કવિ મિથ્યાત્વને શોક્ય (બીજી પત્ની)ની ઉપમા આપે છે. સમકિતધારી પ્રભાવક પુરુષની નજીક મિથ્યાત્વરૂપી શોક્ય ન આવે.

સમ્યગ્દર્શનથી યુક્ત મુનિ જિનશાસનની પ્રભાવના કરવાના હેતુથી પોતાના યોગ બળથી વિશિષ્ટ ગુણ સામર્થ્યનો ઉપયોગ કરી પ્રભાવક બને છે. જિનશાસન સ્વયં પ્રભાવશાળી છે, પણ જેમ સોની સુવર્ણને વિશેષ ઘાટ આપી શોભાયમાન બનાવે છે, તેમ પોતાની શક્તિ દ્વારા જિનશાસનની પ્રભાવક્તાને વિવિધ રીતે પ્રસિદ્ધ કરનારા મહાત્માઓને પ્રભાવક કહેવાય છે. તેઓ જ્ઞાનાદિ ગુણોથી વિશિષ્ટ આઠ પ્રકારના છે.

**पावयाणी धम्मकही वाई नेमित्तिओ तवस्सी य**[६२] ।

**विज्जा सिद्धो य कवी अट्ठेव पभावगा भणिया** ।।

અર્થ : પ્રવચન પ્રભાવક, ધર્મકથિક પ્રભાવક, વાદી પ્રભાવક, નૈમિત્તિક પ્રભાવક, તપસ્વી પ્રભાવક, વિદ્યા પ્રભાવક, સિદ્ધ પ્રભાવક, કવિ પ્રભાવક એમ આઠ પ્રકારના પ્રભાવક છે. ધર્મ પ્રચારકને પ્રભાવક કહેવાય. ધર્મનો પ્રચાર કરવો તે પ્રભાવના છે.

(૧) પ્રાવચનિક પ્રભાવક :

કવિ ૪૯૯ થી ૫૦૨માં પ્રાવચનિક પ્રભાવકનું સ્વરૂપ દર્શાવે છે.

**कालोचियसुत्तधरो, पावयाणी तित्थवाहगो सूरी**[६३] । જે કાળમાં જેટલા આગમો હોય તેને ધારણ કરનારા, તીર્થને વહન કરનારા આચાર્ય ભગવંત પ્રવચન પ્રભાવક છે.

પ્રવચન એટલે ગણિપિટક (આચાર્ય ભગવંતોની ઝવેરાતની પેટી). તેના મર્મને જાણે તે પ્રાવચની કહેવાય. જનભાષામાં સરળ શબ્દો દ્વારા જિનવાણી લોકો સુધી પહોંચાડવી એ શાસન પ્રભાવના છે. પ્રાવચનિક આગમના રહસ્યના જાણકાર હોય છે. તેઓ કુશળ વક્તા હોય છે.

રોગથી ઘેરાયેલા બાળક પ્રત્યે માતા જેટલી કાળજી રાખે છે, તેનાથી વિશેષ કાળજી સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાના સાધર્મિક બંધુ પ્રત્યે રાખે છે. જેવી રીતે માતા બાળકને નિરોગી બનાવવા કડવું ઔષધ તેના ભલા માટે પીવડાવે છે, તેવી જ રીતે અજ્ઞાનરૂપી રોગથી ઘેરાયેલા જીવો કડવી દવા સમાન જિનવાણીનું પાન કરી મિથ્યાત્વરૂપી રોગથી મુક્ત થઈ સમ્યક્ત્વરૂપી તંદુરસ્તી(નિરોગિતા) પ્રાપ્ત કરે, એવું પ્રાવચનિક પ્રભાવક ઈચ્છે છે.

જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે. તે સર્વ નયોના સમન્વયને સ્વીકારે છે. પ્રાવચનિક સ્યાદ્વાદ શૈલીથી શાસ્ત્રજ્ઞાન આપી અનેક જીવોને સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ કરાવે છે. પ્રભુ મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે દેવાર્દ્ધિ ગણી ક્ષમાશ્રમણે આગમ લખી જિનશાસનની પ્રભાવના કરી.

આગમ શાસ્ત્ર મહાસાગર સમાન ગંભીર છે. તેના વચનો શારીરિક, માનસિક, અધ્યાત્મિક શીતળતા આપે છે. આ જિનવાણીને ઓઘસંજ્ઞાએ સાંભળનાર રોહિણેય ચોર પણ તરી ગયો. પ્રભુ મહાવીરની વાણી રોહિણેય ચોર માટે અમૃત તુલ્ય બની ગઈ. પ્રભુ મહાવીર પ્રખર પ્રાવચનિક પ્રભાવક હતા.

કોઈ વૃદ્ધાનો હંસરાજ નામનો પુત્ર સર્પ દંશથી બેભાન બન્યો ત્યારે વૃદ્ધાએ હંસ શબ્દનું વારંવાર રટણ કર્યું. આ હંસ શબ્દ વારંવાર ઉચ્ચારાતાં મંત્ર બની ગયો. જેથી સર્પ દંશનું વિષ દૂર થયું. અજાણતા પણ હંસ

શબ્દનો કરેલો જાપ વિષમારકનું કાર્ય કરે છે તેમ અજાણતા ઓઘથી સાંભળેલી જિનવાણી પણ કાર્યની સિદ્ધિ કરે છે.

(૨) ધર્મકથિક પ્રભાવક :

કવિ ૫૦૩ થી ૫૦૫માં ધર્મકથિક પ્રભાવકનું સ્વરૂપ દર્શાવે છે.

કથા એટલે કથન. ધર્મકથા ચાર પ્રકારની છે.* (૧)આક્ષેપણી (૨)વિક્ષેપણી (૩) સંવેગજનની (૪) નિર્વેદિની. કથાના માધ્યમથીસૂત્રનાં ગંભીર અર્થ અને રહસ્યની પ્રરૂપણા કરી લોકોને ધર્મમાર્ગમાં સ્થિર કરવા તે ધર્મકથાનું ધ્યેય છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે -

"ધર્મકથા કહેવાથી અને સાંભળવાથી કર્મ નિર્જરા થાય છે. નિર્ગ્રંથ પ્રવચનની પ્રભાવના થાય છે તેમજ પુણ્યનો બંધ થાય છે[૬૪].

જૈન દર્શનમાં ચાર અનુયોગનું વિધાન છે. તેમાં ધર્મકથાનુયોગ વિશેષ પ્રચલિત છે. કથા દ્વારા પરોક્ષ રીતે તત્ત્વનો સારભૂત બોધ પ્રાપ્ત થાય છે. કથાનુયોગના પ્રસંગો એ તો એક સાધન છે. સાધ્ય જિનવાણી કે તત્ત્વભૂત વિચાર છે. તત્ત્વનો આનંદ આત્માનંદની પ્રાપ્તિ માટે છે. કથા દ્વારા જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણોનું પ્રગટીકરણ થાય છે. કથાનુયોગ ઉચ્ચ કોટિનો છે. આ કથાનુયોગ જીવોને સ્થૂલ દ્રષ્ટિમાંથી સૂક્ષ્મ દ્રષ્ટિ તરફ જવાનો સંકેત કરે છે. કથાનુયોગ વૈરાગ્ય ભાવના જાગૃત કરે છે. તેના સંદર્ભમાં કવિએ નંદિષેણ મુનિ અને બળભદ્ર મુનિનાં દ્રષ્ટાંતો ટાંક્યાં છે.

[૬૫]મુનિ નંદિષેણની બુદ્ધિમતા, વાક્ચાતુર્ય, પ્રચંડ પુણ્યોદય અને ધર્મપ્રેમ પ્રશંસનીય છે. તેઓ મહાગીતાર્થ, મહા સંવિજ્ઞ અને શાસ્ત્રના નિષ્ણાંત હતા. તેથી તેમણે ગૃહસ્થી બન્યા પછી પણ જિનશાસનની પ્રભાવના કરવાનું કાર્ય અવિરતપણે ચાલુ રાખ્યું. તેઓ રોજના દશ જીવોને નિત્ય પ્રતિબોધતા હતા.

[૬૬]બળભદ્ર મુનિ જંગલમાં જ રહેતા હતા. તેમના તપ-દયા, ધર્મ દેશનાના અપ્રતિમ પ્રભાવથી આકર્ષાઈને અનેક વનચર પશુ, પક્ષીઓ, મુનિની સેવા કરતા હતા. સિંહ, વાઘ, હરણાં , સસલાં વગેરે નાનાં મોટાં પ્રાણીઓ જાતિવૈર ભૂલીને બળભદ્ર મુનિની દેશના શ્રવણ કરતા હતા. બળભદ્રમુનિની દેશનાનાં પ્રભાવે પશુઓ, ચોરો, વટેમાર્ગુઓ તથા હિંસક પ્રાણીઓ બોધિ પામ્યા.

મુનિ નંદિષેણ અને મુનિ બળભદ્ર બંને પ્રખર ધર્મકથિક હતા. મિથ્યાત્વની ધર્મકથા અકથા કહેવાય છે કારણ કે તેમનાં દ્વારા કહેવાયેલી ધર્મદેશના વિશિષ્ટ પ્રકારનું તાત્ત્વિક ફળ પ્રગટાવતી નથી.[૬૭]

(૩) વાદી પ્રભાવક :

કવિએ કડી ૫૦૬ થી ૫૧૩માં વાદી પ્રભાવકનું સ્વરૂપ દર્શાવ્યું છે.

---

*(૧) જે કથાથી શ્રોતા મોહ છોડી સત્ય તત્ત્વ તરફ આકર્ષાય તે આક્ષેપણી કથા, (૨) જેનાથી શ્રોતા પૂર્વના માર્ગને છોડે (ઉન્માર્ગથી સન્માર્ગે અથવા સન્માર્ગથી ઉન્માર્ગે જાય) તે વિક્ષેપણી કથા, (૩) જેનાથી શ્રોતામાં સંવેગ - જ્ઞાનપૂર્વકનો ધર્મ વેગ (આત્મબળ) પ્રગટે તે સંવેગજનની કથા, (૪) જેનાથી શ્રોતાને સંસારનો નિર્વેદ થાય તે નિર્વેદિની કથા કહેવાય. આ ચારના ચાર ચાર ભેદો શ્રીઠાણાંગસૂત્રમાં દર્શાવેલ છે.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે -

**वाई प्रमाणकुसलो रायदुवारेऽवि लद्धमाहप्पो।**[૯૮]

અર્થ : જે મુનિ પ્રમાણ આદિ ગ્રંથોમાં નિપુણ છે અને રાજ દરબારમાં પણ સન્માનિત છે, તે વાદી પ્રભાવક છે.

વાદી પ્રભાવક જનસમુદાયમાં ગૌરવ પ્રાપ્ત કરે છે. વાદી, પ્રતિવાદી, સભાજનો અને સભાધિપતિ (પ્રમુખ) ની હાજરી હોય તેવી ચાર પ્રકારની સભામાં પ્રતિવાદીના પક્ષને વાદ દ્વારા અસત્ય સિદ્ધ કરી સ્વપક્ષને સત્યરૂપે સિદ્ધ કરવારૂપ કુશલ મહાપુરુષને વાદી કહેવાય છે. આત્મ વિશુદ્ધિ દ્વારા ઉત્પન્ન થયેલી બુદ્ધિની તીક્ષ્ણતા અને સત્યજ્ઞાન વડે લોકોને સત્ય વસ્તુ સમજાવવી એ વાદીપણાની લબ્ધિ દ્વારા સમાજ સેવાનું કાર્ય છે.

ભગવાન મહાવીર સર્વ વાદીઓમાં શ્રેષ્ઠ હતા. તેમણે પ્રકાંડ વેદના જ્ઞાતા એવા ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ બ્રાહ્મણો સાથે વાદ કરી, તેમને વાદમાં હરાવ્યા. તેમને સત્યદર્શન કરાવી જૈનદર્શનના વિદ્વાન પ્રમુખ શિષ્યો તરીકે ગણધર પદપર નિયુક્ત કર્યા. પ્રભુ મહાવીર તથા ઈન્દ્રભૂતિ આદિ ૧૧ બ્રાહ્મણોના સંવાદ (વાદ) ને 'ગણધરવાદ' કહેવાય છે[૯૯].

ભગવાન મહાવીરના ધર્મશાસન સામે મહાપંડિત ઈન્દ્રભૂતિ અને તેમના દશ ભાઈઓએ વિરોધનો વંટોળ જગાવી વાદ કરવાનો નિર્ણય કર્યો.

અપાપાપુરીમાં ગૌત્તમ, સર્વજ્ઞ પ્રભુ મહાવીરના સમવસરણ તરફ જઈ રહ્યા છે. તેમનો વિશાળ પરિવાર પણ સાથે હતો. ગૌતમ પંડિત કહે છે કે મહાવીર, સર્વજ્ઞ હોય તો મારી શંકાઓને દૂર કરે. મારી સાથે વાદ કરે તો જ સાચા સર્વજ્ઞ !

ગૌતમના માનસમાં સંકલ્પ - વિકલ્પની જાળ ચાલી રહી હતી, ત્યાં તો પ્રભુ મહાવીરે કહ્યું, ''ગૌતમ ! ચિરકાળથી આત્માના અસ્તિત્વ સંબંધી શંકા છે ખરું ? હું કહું છું કે જીવ છે અને તે ચેતના, વિજ્ઞાન અને સંજ્ઞા વગેરે લક્ષણોથી જાણી શકાય છે.'' ગૌતમ નમ્ર શિષ્યની જેમ એકાગ્ર ચિત્તે, શાંત ભાવે શ્રવણ કરી રહ્યા. મનનો અહંકાર ઓગળવા માંડ્યો.

ત્યાં તો આગ નિખારતા જ્ઞાની અગ્નિભૂતિ પ્રવેશ્યા. પ્રભુ મહાવીર કહે છે, ''હે અગ્નિભૂતિ ! એક પણ સંશય પૂર્ણ જ્ઞાનમાં ઉણપ લાવે છે. આત્મા અરૂપી હોય તો કર્મ સાથે સંબંધ શી રીતે થાય તેવી શંકા છે. પણ અગ્નિભૂતિ, આત્મા પર નશીલી ચીજો વિકૃત અસર કરી શકે છે, તો કર્મની અસર કેમ ન થાય ?''

અગ્નિભૂતિ સંશય રહિત થયાં ત્યાં વાયુભૂતિ પ્રવેશ્યા. પ્રભુ મહાવીર કહે છે, ''તને પુનર્જન્મ સંબંધી શંકા છે ખરું ? તું આત્મા અને દેહને એકજ માને છે પણ એવું નથી. આ સંસારને ક્રિયાન્વિત કરનારા બે તત્ત્વો છે. એક જડ અને બીજું ચેતન. બંને સ્વતંત્ર છે. બંને વચ્ચે વિજાતીય પદાર્થો જેવો સંબંધ છે.''

વાયુભૂતિ મૌન બન્યા. આર્ય વ્યક્તજીને પ્રભુ મહાવીરે કહ્યું, ''જગત્ સત્ છે કે અસત્ તેની તમને શંકા છે. સાંભળો ! જગત સત્ પણ છે અને અસત્ પણ છે. પંચભૂત (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ) સ્વરૂપ જગત સત્ છે, ક્ષણિક જગત અસત્ છે.''

ત્યાર પછી સુધર્માસ્વામી અને મંડિતજી આવ્યા. ''હે સુધર્મા ! તું માને છે કે જે યોનિમાં જીવ મરે છે.

તેમાં જ પુનઃ જન્મે છે પરંતુ એવું નથી. જીવની ગતિ કર્માધીન છે. કર્મ પ્રમાણે તેનો જન્મ થાય છે. અરે મંડિતજી ! તમને બંધ અને મોક્ષ સંબંધી સંશય છે ? સંસારીને બંધ અને મોક્ષ બન્ને હોય. કર્મમુક્ત જીવને માત્ર મોક્ષ હોય.''

સાતમા મૌર્યપુત્ર અને આઠમા અંકપિતજી પંડિતો આવ્યા. પ્રભુએ તેમને કહ્યું, ''તમને બન્નેને દેવલોક અને નરકની શંકા છે. આ દુનિયામાં સુખ અને દુઃખ બન્ને છે, તેથી તેને ભોગવવાનું સ્થાન પણ છે. સુખ ભોગવવાનું સ્થાન દેવલોક છે, દુઃખ ભોગવવાનું સ્થાન નરક છે. તે બન્ને આ પૃથ્વીથી ભિન્ન છે.''

નવમા પંડિત અચલભ્રાતા, દશમા પંડિત મેતાર્ય અને અગિયારમા પંડિત પ્રભાસ જેમને અનુક્રમે પુણ્ય અને પાપ પૃથક નથી, પુનર્જન્મ અને નિર્વાણ નથી; એ શંકાનું પ્રભુ મહાવીરે સમાધાન કર્યું.

ભગવાન મહાવીરની આંખોમાં વહેતી મૈત્રીની પિયૂષધારામાં તેઓ ઓતપ્રોત બન્યા. ભગવાનની વાણી સાંભળી ગૌતમ આદિ ગણધરોને ગ્રંથિભેદ થયો. પોતાના અસ્તિત્વને સાક્ષાત્ કરવાની તલપ તીવ્ર બની. અને તે સ્વરરૂપે પ્રભાવિત થઈ. ''ભંતે ! અમને આપના શરણમાં લઈ લો.''

ગણધરવાદ જગતના કેટલાય પ્રશ્નો ઉકેલે છે. પ્રભુ મહાવીર અજેયવાદી તરીકે પ્રસિદ્ધ થયા અગિયારે બ્રાહ્મણોએ પોતાના પરિવાર સહિત પ્રભુ મહાવીરનું શરણું સ્વીકાર કર્યું. આ અગિયાર ગણધરોની જેમ જમાલીમુનિ[૭૦] ભગવાન મહાવીર પાસે વાદ કરવા આવ્યા. તેઓ મિથ્યાત્વી હતા.

**मइभेया पुव्वोगह संसग्गीए य अभिनिवेसेण[७१] ।**

**चउहा खलु मिच्छतं साहूणमदंसणेणहहवा ।।**

અર્થ : મતિભેદ, પૂર્વગ્રહ, સંસર્ગ, અભિનિવેશ તેમજ સાધુઓનાં અદર્શનથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે.

જિનવચન વિશિષ્ટ નયની અપેક્ષાવાળું સાપેક્ષ છે, પરંતુ જમાલીમુનિએ મતિભેદના કારણે જિનવચનને મિથ્યા માન્યું.

ભગવાન મહાવીર ચંપાનગરીમાં પધાર્યા ત્યારે જમાલીમુનિ સમવસરણમાં આવ્યા. તેમણે પ્રભુ મહાવીરને કહ્યું, ''તમારા સર્વ શિષ્યો છદ્મસ્થ છે. હું એક સર્વજ્ઞ છું, કેવળી છું.'' ત્યારે ગૌતમ સ્વામીએ તેમને કહ્યું, 'રાગ-દ્વેષ કે મોહથી અસત્ય વચન બોલાય છે. ભગવાન રાગ-દ્વેષના વિજેતા છે. જો તમે સર્વજ્ઞ છો તો હું પૂછું તેનો ઉત્તર આપો. આ લોક શાશ્વત છે કે અશાશ્વત ? જીવ નિત્ય છે કે અનિત્ય ?'' આ પ્રશ્નોનો ઉત્તર આપવા માટે જમાલીમુનિ અસમર્થ હતા. ભગવાન મહાવીરે કહ્યું, ''હે જમાલી ! મારા આ શિષ્યો છદ્મસ્થ હોવા છતાં તેનો ઉત્તર આપી શકે છે. લોક અને જીવ ત્રણે કાળની અપેક્ષાએ શાશ્વત છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળની અપેક્ષાએ લોક અશાશ્વત છે. દ્રવ્યથી જીવ શાશ્વત છે, પર્યાયથી મનુષ્ય, તિર્યંચ, નરક અને દેવગતિની અપેક્ષાએ જીવ અશાશ્વત છે.'' પ્રભુના વચનો સાંભળી ગૌતમ ગણધર પુલકિત થયા.

આ રીતે ભગવાન મહાવીર જગતના શ્રેષ્ઠ વાદી પુરુષ હતા. વાદી પ્રભાવક દ્વારા અનેક જીવો સમ્યક્દર્શની બને છે.

(૪) નૈમિત્તિક પ્રભાવક :

કવિએ કડી ૫૧૪ થી ૫૩૫માં નૈમિતિક પ્રભાવકનું સ્વરૂપ દર્શન કરાવ્યું છે.

નૈમિત્તિક પ્રભાવકની વ્યાખ્યા કરતાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે -

**नेमितिओ निमित्तं कज्जंमि पउजए निउणं।**[૭૨]

અર્થ : જૈનશાસનની ઉન્નતિ માટે અષ્ટાંગ નિમિત્તનો[૧] સુનિશ્ચિત રીતે ઉપયોગ કરે તે નૈમિત્તિક કહેવાય.

સમ્યગ્દર્શનથી થયેલી મનની વિશુદ્ધિ વડે પદાર્થના ગંભીર અને સૂક્ષ્મ સ્વરૂપને સ્વયં સમજી તેના દ્વારા અન્ય જીવ નિમિત્તના આધારે બોધ પામશે એવું જાણી સુનિશ્ચિત અર્થવાળું નિમિત્ત કહેવાથી બીજા જીવ સન્માર્ગે દોરાય છે. આત્મામાં લોકાલોકને જાણવાની શક્તિ છે. જેમ જેમ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય તેમ તેમ આત્મિકશક્તિઓનું પ્રગટીકરણ થાય છે. જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય તે કેવળજ્ઞાન છે. કોઈ મિથ્યાત્વી જિનશાસનનું અહિત કરે અથવા જિનશાસનની પ્રભાવનાનો અવસર આવે ત્યારે મુનિ ઉપરોક્ત વિશિષ્ટ જ્ઞાનનો પ્રયોગ કરે છે. મુનિ પોતની કીર્તિ માટે જ્યોતિષ, નિમિત્ત, કૌતુક, આદેશ, ભૂતિકર્મ (ઐશ્વર્યની પ્રાપ્તિ) ઈત્યાદિ કાર્યો કરે તો તેમના તપનું ફળ નિષ્ફળ બને છે[૭૩].

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે, જે સાધક લક્ષણશાસ્ત્ર, સ્વપ્ન શાસ્ત્ર ઈત્યાદિના પ્રયોગો કરે છે, તે સાચા શ્રમણ કહેવાતા નથી. તેઓ દુર્ગતિમાં જાય છે. તેઓ લાંબા કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે. તેઓ દુર્લભ બોધિ બને છે[૭૪].

યુગપ્રધાન ભદ્રબાહુ સ્વામી દીર્ઘદ્રષ્ટા હતા. મિથ્યાત્વીનો પરિહાર કરવા, ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવા તથા રાજાને જૈન ધર્મી બનાવવા તેમણે નિમિત્ત જ્ઞાનનો ઉપયોગ કર્યો.

(૫) તપસ્વી પ્રભાવક :

કવિએ કડી ૫૩૬ થી ૫૪૧માં તપસ્વી પ્રભાવકનો ઉલ્લેખ કર્યો છે.

તપસ્વી પ્રભાવકની વ્યાખ્યા કરતાં હરિભદ્રસૂરિ કહે છે કે-

**जिणमयमुब्भासंतो विगिट्ठखमणेहि भण्णइ तवस्सी।**[૭૫]

અર્થ : જેઓ વિશિષ્ટ પ્રકારની તપસ્યા વડે જિનશાસનની પ્રભાવના કરે છે, તે તપસ્વી પ્રભાવિક કહેવાય છે.

જિનશાસનમાં બાર પ્રકારના તપ દર્શાવેલ છે. તે તપ મુક્તિના લક્ષ્યથી, નિઃસ્પૃહભાવે કરવાથી તપના આરાધકને જોઇ અન્ય વ્યક્તિઓને તપ કરનાર પ્રત્યે તેમજ જિનશાસન પ્રત્યે અહોભાવ ઉપજે છે, માટે તપસ્વીને પ્રભાવક કહ્યો છે.

સમકિતની સડસઠ બોલની સજઝાયમાં યશોવિજયજી મહારાજ કહે છે કે-

---

(૧) જમણું, ડાબું અંગોના સ્ફુરણથી (૨) શુભાશુભ સ્વપ્નોથી (૩) પશુ-પક્ષીઓના સ્વરથી (૪) શરીર ઉપરના મસ, તલ વગેરેથી (૫-૬) હાથ, પગની રેખા આદિ લક્ષણોથી (૭) ઉલ્કાપાત થવાથી (૮) ગ્રહોના ઉદય અસ્ત વગેરે જ્યોતિષ બળથી એમ આઠ નિમિત્તોથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન ભાવોને જણાવનારું શાસ્ત્ર અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્ર કહેવાય છે. (ધર્મસંગ્રહ, ભા-૧, વિ.-૨, ગાથા-૨૨, પૃ.૧૨૪. ભાષા૦-શ્રી ભદ્રંકરવિજયજી મ.)

**તપગુણ ઓપે રે, રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ;[૭૬]**
**આશ્રવ લોપે રે, નવ કોપે કંદા, પંચમ તપસી તે જાણ.**

તપથી સંવર અને નિર્જરા થાય છે. ચાર્વાક દર્શન આત્મા, પરમાત્માને અને તપના સિદ્ધાંતને માનતા નથી. બૌદ્ધદર્શન પણ તપને અવગણે છે. આચાર્ય યશોવિજયજી મહારાજ કહે છે –

વિશિષ્ટ જ્ઞાન, સંવેગ અને ઉપશમ ગર્ભિત તપ ક્ષાયોપશમિક અને અવ્યાબાધ સુખરૂપ છે. તે ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી થયેલી પરિણતિરૂપ છે.[૭૭]

ચંપા શ્રાવિકાએ છમાસના ઉપવાસ કર્યા. તેનો પ્રભાવ મોગલ સમ્રાટ અકબર બાદશાહ પર પડયો. બાહુબલિ અને ધન્ના અણગાર મહાન તપસ્વી હતા. કવિએ તપસ્વી પ્રભાવકના સંદર્ભમાં *વિષ્ણુકુમાર મુનિ અને સનત્કુમાર ચક્વતીના દ્રષ્ટાંત નોંધ્યા છે.

(૬) વિદ્યા મંત્રવાન પ્રભાવક :

કવિએ કડી ૫૪૨ થી ૫૪૯માં વિદ્યા મંત્રવાન પ્રભાવકનું સ્વરૂપ જણાવ્યું છે.

પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ વિદ્યા પ્રભાવકનું સ્વરૂપ દર્શાવતાં કહે છે –

**सिद्धो बहुविज्जमंतो, विज्जावत्तो य उघियनू।[૭૮]**

અર્થ : જે મંત્ર-તંત્ર વિદ્યાથી યુક્ત હોય તે વિદ્યા પ્રભાવક છે.

જેની અધિષ્ઠાત્રી દેવી હોય તેને વિદ્યા કહેવાય અને જેનો અધિષ્ઠાયક દેવ હોય તને મંત્ર કહેવાય. જેની સિદ્ધિ માટે હોમ-હવન કરવા પડે તે વિદ્યા કહેવાય. જાપ કરવા માત્રથી જે સિદ્ધ થાય તેને મંત્ર કહેવાય. સમકિતી જીવ ચમત્કારથી અંજાઈ જતો નથી. પોતાના ઉદર પોષણાર્થે આવી વિદ્યાનો ઉપયોગ કરતો નથી. તેઓ સંઘ અને શાસનના કાર્યો માટે મહાવિદ્યાનો ઉપયોગ કરે છે. તેઓ વિધર્મીઓનું જોર વધતાં ધર્મરક્ષાના હેતુથી, જૈન ધર્મની ઉન્નતિ કરવા, લોકોને સત્ય રાહ દર્શાવવા જિનશાસનની પ્રભાવના કરે છે. નદી કિનારે જવાથી જેમ શીતળતાનો અનુભવ થાય છે તેમ આવા વિદ્યા સંપન્ન જ્ઞાની પુરુષોની છત્રછાયામાં મિથ્યા વિવાદરૂપી વિખવાદ સમી જાય છે. સર્વત્ર શાંતિ પ્રસરે છે. એવા એક સમર્થ ગીતાર્થ મહાત્મા આર્ય ખપુટાચાર્ય હતા. જેમણે વિદ્યાઓ અને મંત્રોને સિદ્ધ કર્યા હતા.

આર્ય ખપુટાચાર્યે પોતાની વિદ્યાના બળે વ્યંતર દેવના કોપનું નિવારણ કર્યું. રાજા સહિત નગરજનોએ જૈનધર્મ સ્વીકાર્યો. તેમણે જિનશાસનની કિર્તી ફેલાવી પ્રભાવના કરી.

(૭) સિદ્ધ પ્રભાવક :

કવિએ ૫૧૪ થી ૫૬૭માં સિદ્ધ પ્રભાવકનું સ્વરૂપ વર્ણવ્યું છે.

આંખમાં અંજન કરીને, પગે લેપ કરીને, કપાળે તિલક કરીને તથા મુખમાં ગોળી વગેરે રાખીને દુષ્કર કાર્યો કરવાં, વૈક્રિય શરીર આદિ રચી દુ:સાધ્ય કાર્યો કરવાની શક્તિ જેમણે સિદ્ધ કરી છે; તે મહર્ષિને સિદ્ધ પ્રભાવક કહેવાય[૭૯].

* વિષ્ણુકુમાર મુનિ અને સનત્કુમાર ચક્વતીની કથા : જુઓ પરિશિષ્ટ વિભાગ

મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ થતાં સાનુબંધ અનુષ્ઠાનનો પ્રારંભ થાય છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી દર્શન વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે. સાધના, આરાધના, તપ-જપ અને ચારિત્રની વિશુદ્ધિથી ઉત્તરોત્તર અધ્યવસાયોની વિશુદ્ધિ વધતાં સાધકને કેટલીક સિદ્ધિઓ સહજ હાંસલ છે. સત્‌ના પિપાસુ સાધકોનું સ્વાધ્યાય એ વ્યસન છે. ધ્યાન એ તેમનું ભોજન છે. સ્વાધ્યાય, ધ્યાન અને સમાધિના કારણે તેમનામાં સંકલ્પ સિદ્ધિ બળ ઉત્પન્ન થાય છે. આનંદઘનજીના પેશાબમાં સુવર્ણ સિદ્ધિ હતી. આત્મવિશુદ્ધિના કારણે તેમના શરીરના અણુ-પરમાણુ ઉત્તમ બની ગયા હતા.[૮૦] પાદલિપ્તસૂરિજી ગુરુકૃપાના બળે પ્રાભૃત ગ્રંથોના મર્મજ્ઞ બન્યા. તેઓ સરળતાથી ઉંચે ઉડી શકતા હતા. પાણીમાં ચાલી શકતા હતા. અદ્દશ્ય થઇ શકતા હતા. જિનશાસનના અભ્યુદયમાં તેમનો ઘણો મોટો ફાળો છે.

ભગવાન મહાવીરના પ્રમુખ શિષ્ય ગૌતમ ગણધરને જિનશાસનમાં અનેક લબ્ધિઓના નિધાન કહેવાયા છે. તેમણે અક્ષીણમહાનસ લબ્ધિ વડે તાપસોને પારણાં કરાવ્યા. સતી દ્રૌપદી પાસે આ લબ્ધિ હતી.

લબ્ધિધારી આત્માઓ જિનશાસન કે તીર્થરક્ષા માટે તેમજ જૈન સંત અથવા બ્રહ્મચારી આત્મા પર સંકટ આવે ત્યારે સંકટનું નિવારણ કરવા વિદ્યાનો પ્રયોગો કરે છે. તેની પાછળનો મુખ્ય હેતુ તો જિનશાસનની શાન વધારવાનો જ હોય છે. અનંતલબ્ધિ નિધાન ગૌતમ સ્વામીએ પણ કયારેય લબ્ધિનો ઉપયોગ સ્વયં માટે કર્યો નથી તેમજ લબ્ધિનો દુરુપયોગ પણ કર્યો નથી.

સ્થૂલિભદ્ર સ્વામી ચમત્કાર દર્શાવવા ગયા તેથી પૂર્વોના જ્ઞાનથી વંચિત રહ્યા. યશ, પ્રતિષ્ઠા, અને પ્રશંસા વધારવા લબ્ધિઓનો પ્રયોગ કરવાથી સમકિત છેટૂં રહે છે.

સાધુઓના અવર્ણવાદ બોલનારને તથા જિન પ્રવચનનું અહિત કરનારને સામર્થ્ય વડે રોકવા જોઇએ તેવી જિનાજ્ઞા છે,[૮૧] આવું કરનાર અનંત કર્મની નિર્જરા કરે છે. તેના સંદર્ભમાં કવિએ કાલિકસૂરિનું દ્રષ્ટાંત આપ્યું છે.

સાધ્વી સરસ્વતી કાલિકસૂરિના બહેન હતા. સાધ્વી સરસ્વતી એકવાર વિહાર કરી ઉજ્જયિની નગરીમાં પધાર્યા. ત્યાંનો રાજા ગર્દભીલ સ્વભાવે લંપટ હતો. તે સાધ્વીજીના રૂપ પર મોહિત થયો. તેણે સાધ્વીજીનું અપહરણ કર્યું. કાલિક સૂરિને આ વાતની ખબર પડી. ઉજ્જયિનીના રાજાને દંડથી જીતી શકાય; એવું સૂરિએ લોકો પાસેથી જાણ્યું. તે માટે તેમણે અંજનચૂર્ણનો પ્રયોગ કરી, વેશ બદલી શક રાજાઓને પ્રતિબોધ્યા. સામંતોની મદદથી માલવદેશ, લાટદેશ આદિને જીતીને વિશાળ સૈન્ય તૈયાર કર્યું. આચાર્યે આ સૈન્યના રક્ષણ અને ભરણ પોષણ માટે ચૂર્ણ યોગથી ઈંટમાંથી સોનું ઉત્પન્ન કર્યું. ગર્દભિલ રાજા સાથે યુદ્ધ થયું. રાજાએ વિજયી થવા ગર્દભી વિદ્યા સાધી. વિદ્યા સિદ્ધ થતાં ગર્દભી લશ્કરની છાવણીમાં મહાશબ્દ (ભયંકર અવાજ) બોલવા લાગી. તેના ભૂંકવાના અવાજથી લશ્કરના સૈન્યો ડરથી નાસવા લાગ્યા. ત્યારે આચાર્યે શબ્દવેધી અતિનિપુણ એકસો આઠ ધનુર્ધારીઓને કહ્યું કે,"ગર્દભીને નિષ્ફળ બનાવવા માટે જેવું એ ભૂંકવાનું શરૂ કરે ત્યારે તે બોલે તે પહેલાં જ એનું મુખ સાવધાનીપૂર્વક તમે બાણોથી ભરી દેજો, અન્યથા તમે હારી જશો". ધનુર્ધારીઓએ તે પ્રમાણે કર્યું. ગર્દભીની શક્તિ હણાઈ ગઈ. ગર્દભીલ રાજા હારી ગયો.સાધ્વી

સરસ્વતીજીને આચાર્યે ફરી સંયમમાં સ્થાપિત કર્યા.

શીલની રક્ષા કરનારા જિનશાસનના આભૂષણ સમાન કાલકાચાર્યે જિનશાસનની પ્રતિષ્ઠા વધારી. કવિએ કડી ૫૬૫માં સિદ્ધ પ્રભાવક મુનિને કળશ અને મુગટની ઉપમા આપી છે. કળશથી પ્રસાદની અને મુગટથી મસ્તકની શોભા છે, તેમ સિદ્ધ પ્રભાવક જેવા મુનિઓ જિનશાસનની શોભા છે.

(૮) કવિ પ્રભાવક :

કવિએ કડી ૫૬૮ થી ૫૯૭માં કવિ પ્રભાવકનું સ્વરૂપ દર્શાવ્યું છે.

અપૂર્વ કવિત્વ શક્તિ દ્વારા સુંદર અને રસિક કાવ્ય રચી શ્રોતાઓના મનને જીતી લે છે, તે કવિ પ્રભાવક છે

કવિઓ બે પ્રકારના હોય છે. ૧) સદ્ભૂતાર્થ કવિ-વાસ્તવિક અને હિતકારી કાવ્ય રચના કરનારા કવિ. ૨) અસદ્ભૂતાર્થ કવિ- મનોરંજનની કાવ્ય કૃતિ રચનારા કવિ, જેમાં પ્રાય: વાસ્તવિકતા હોતી નથી.

સદ્ભૂતાર્થ કવિ સમાજમાં ફેલાયેલી અંધશ્રદ્ધા, અજ્ઞાનને દૂર કરે છે, જેમકે શ્રી હેમચંદ્રાચાર્યે ત્રિષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર આદિ કાવ્ય લખી વિપુલ સાહિત્ય સર્જન કર્યું. જિનશાસનની પ્રભાવના કરનારા આચાર્ય ભગવંતોમાં શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ અગ્રેસર ગણાય છે.

[૮૨] શ્રી માનતુંગાચાર્યે ભકતામર સ્ત્રોત જેવી સુંદર કાવ્ય રચના કરી ભોજ રાજાને જૈનધર્મી બનાવ્યા. માનતુંગ આચાર્ય સમર્થ વિદ્વાન, વિચક્ષણ પ્રજ્ઞાવંત, પ્રભાવશાળી અને અતિ ચતુર સાધુકવિ હતા. તેમને માટે ચમત્કાર એ બાળ ચેષ્ટા હતી. રાજા ભોજને કાવ્યથી સર્જાતો ચમત્કાર જોવો હતો. જિનશાસનનું તેમાં હિત સમાયેલું હતું તેથી સૂરિએ નિશ્ચય કર્યો કે હું પણ તેને કાવ્ય અને કાવ્યની શક્તિ દર્શાવીશ.

રાજા અને સભાસદોની વચ્ચે પગથી માથા સુધી લોઢાની ચુમ્માલીસ બેડીઓથી માનતુંગસૂરિને જકડવામાં આવ્યા હતા. એક પછી એક એમ ચુમ્માલીસ ઓરડામાં તેમને રાખવામાં આવ્યા હતા. દરેક ઓરડે લોખંડી તાળા લગાડવામાં આવ્યા હતા. માનતુંગાચાર્યે શુદ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક શ્રી આદિનાથ ભગવાનના મહાત્મયવાળું ભક્તામર સ્ત્રોત કાવ્ય રચ્યું. અતિ મધુર કંઠે, ભક્તિમાં તરબોળ બની, સ્વ-પરનો ભેદ ભૂલી તેઓ પરમાત્મામાં તલ્લીન થયા. આચાર્યે કાવ્યના એક એક શ્લોકથી એક એક બેડી અને તાળું ખોલ્યું. જિનશાસનનો જયજયકાર થયો. રાજા તેમજ અનેક નાગરિકો જૈન ધર્મી બન્યા. આવા અતિશયશાળી કવિઓએ જિનશાસનની યશ કલગીમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પ્રભાવના સ્વ પર કલ્યાણકારી છે.

ઉપરોક્ત આઠે પ્રભાવક જિનશાસનની પ્રભાવના કરે છે. તે પ્રભાવના સમ્યક્ત્વને નિર્મળ બનાવે છે.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ બીજી રીતે પણ આઠ પ્રભાવકો કહ્યા છે.

**अइसेसइड्ढि धम्मकहि वाइ आयरिय खवग नेमित्ती।**[૮૩]

**विज्जा य रायगणसंमया य तित्थं पभावंति।।**

અર્થ : ૧) અતિશય ઋદ્ધિ ૨) ધર્મકથિક ૩) વાદી ૪) નૈમિત્તિક ૫) તપસ્વી ૬) આચાર્ય ૭) વિદ્યાસિદ્ધ ૮) રાજગણ સમ્મત એમ આઠ પ્રકારે પ્રભાવક છે.

અતિશયઋદ્ધિ એટલે અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન, આમર્ષ ઔષધિ વગેરે વિશિષ્ટ લબ્ધિવંત. આચાર્ય એટલે પ્રાવચની. રાજગણ સમ્મત એટલે રાજાને પ્રિય.

કવિ ઋષભદાસે આ રાસ અત્યંત સરળ શબ્દોમાં, વિષયને રસાળ અને કથારત્નો મૂકી પીરસ્યો છે. આ કથાઓ દ્વારા કવિ શ્રદ્ધા અને અનાસકત જેવા ગહન વિષય પર પ્રકાશ પાડે છે. કવિ ઋષભદાસે અનેક વાર્તાઓ વિવિધ જૈન કથા પરંપરામાંથી લઈ અહીં ગોઠવી છે. કથા નિરૂપણમાં કવિ અત્યંત પ્રવીણ છે તેથી 'કથાકાર'ની ઉપમા આપીએ તો અતિશયોક્તિ નથી. તત્ત્વજ્ઞાન સાથે કથારસ ભળતાં જ્ઞાન રસપ્રદ બને છે તેથી કવિ પોતાની કૃતિને વધુ રસમય બનાવવા જૈન કથાઓને ઉમેરે છે. કવિની વિશિષ્ટતા કે આવડત કૃતિને રસવર્ધક અને રસપોષક કરવામાં રહેલી છે. તાત્ત્વિક રીતે જોઈએ તો ધર્મકથાથી કર્મોની નિર્જરા અને પ્રવચનની પ્રભાવના થાય છે. પ્રવચન પ્રભાવનાથી શુભ કર્મોનો બંધ થાય છે.

- દુહા - ૩૯ -

એહ પ્રભાવીક આઠમો, સમકીત રાખિ સાર,
ભૂષણ પાંચ અંગિ ધરિ, ધ્યન તેહનો અવતાર ...૫૯૭

અર્થઃ સમકિતને સુરક્ષિત રાખનાર આ આઠમો કવિ પ્રભાવક છે. હવે સમકિતના પાંચ ભૂષણ જે જીવાત્મા અંગે ધારણ કરે છે તેનું જીવન ધન્ય બની જાય છે. - ૫૯૭

## સમ્યક્ત્વનું દ્વાર - સાતમું. ભૂષણ - પાંચ

### ચોપાઈ - ૧૬

ભુષણ પાંચ ધરિ સમકીત તણાં, કુસલપણું દેઈ લહિ વાંદણાં,
તીર્થ સેવા અર્થ વીચારય, સંવેગીની સેવા સારય ...૫૯૮
ભગતી કહિતાં આદર બહૂ, ધીર ચીત્ત સમકીત રાખો સહૂ,
પ્રભાવનાં શંઘમાંહિં કરિ, પાંચઈ ભૂષણ અંગિં ધરિ ...૫૯૯
પહિલુ ભુષણ વ્યવરી કહૂં, કુસલપણું શ્રાવકમ્હાં લહૂં,
કયરીઆ શ્રુધ લહિ પછખાણ, વંદન ભેદ લહિ તે જાંણ ...૬૦૦
ત્રણ્ય ભેદ વંદનના જોય, ફીટા વંદન પહિલું હોય,
વાટિં મૂનીવર સાહામો મલે, હાથિં વંદી પાછો ટલિ ...૬૦૧
થોભ વંદન બીજૂ કહયૂ તેહ, છેહે ઢોલેઈનિં વાદિ (વાંદી) જેહ,
દોય ખમાસણ દેઈ કરી, ધૂઈ પાપ શર ચર્ણે ધરી ...૬૦૨
ત્રીજું દીવાદશવૃત્તં વાદવું, વીધિં આદેસ તણૂં માગવૂં,
મોહોપોત પડલેઈ કરી, દિ વંદણ દોષ જ પરહરી ...૬૦૩

અર્થઃ જિનશાસનની ક્રિયામાં કુશળતા, ભાવપૂર્વક વંદના અથવા જિનશાસનની પ્રભાવના, તીર્થસેવા, જિનધર્મમાં સ્થિરતા અને જિનશાસનની ભક્તિ (દેવ-ગુરુની) આ પાંચ સમ્યક્ત્વને દેદિપ્યમાન કરનારા ગુણો (ભૂષણો) છે. - ૫૯૮

ભક્તિ એટલે આદર, બહુમાન, ચંચળતા દૂર કરી ચિત્તને સૌ સ્થિર રાખો. જિનશાસનની (ચતુર્વિધ સંઘની) પ્રભાવના કરી સમકિતના પાંચ ભૂષણ અંગે ધારણ કરો. - ૫૯૯

સમકિતના પ્રથમ ભૂષણનું વિવરણ કરું છું. શ્રાવક ધાર્મિક ક્રિયાઓ કરવામાં નિપુણ (કુશળ) હોય. તે લીધેલા પ્રત્યાખ્યાન શુદ્ધ રીતે પાળે છે. તે વંદનાના ભેદ સારી રીતે જાણે છે. - ૬૦૦

વંદના ત્રણ પ્રકારની છે. રસ્તામાં મુનિ ભગવંત સામે મળે,, ત્યારે બે હાથ જોડી વંદન કરી પાછો વળે તે પ્રથમ ફિટ્ટા વંદન છે. - ૬૦૧

બીજું ક્ષોભ (થોભ) વંદન છે. શ્રાવક ગુરુને થોભીને એટલે ઊભા રહી પાંચ અંગ નમાવી વંદન કરે. બે ખમાસમણા દઈ, ગુરુના ચરણે મસ્તક નમાવી સર્વ પાપોનું પ્રક્ષાલન કરે છે. - ૬૦૨

ત્રીજું દ્વાદશાવર્ત વંદન છે. જિનેશ્વર દેવની આજ્ઞા અનુસાર વિધિપૂર્વક વંદના કરવાથી ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય છે. મુહપત્તિનું વિધિપૂર્વક પડિલેહણ કરી વંદના કરવાથી દોષથી નિવૃત્ત થવાય છે. - ૬૦૩

## વંદનાના દોષ - બત્રીસ

**(ઢાળ-૩૪ દેશી પ્રણમી તૂંમશ્રીમંધરુંજી.)**

**બત્રીસ દોષ વાંદણા તણા જી, આવસગ માહિં રે જોય,**
**આદર વ્યન દઈ વાંદણા જી, દોષ અનાદિં હોય**
**સોભાગી આદરિ વધ્યની રે વાત, અવધ્ય કરંતાં આતમાજી,**
**મુગતિં કો નવી જાત, સોભાગી આદરિ વધ્યની રે વાત..... આંચલી. ...૬૦૪**
**ઘટી દોષ તેહનિં કહયોજી, સ્તબ્ધપણું ધરિ જેહ,**
**જો નર ન્હાસિ વાંદતો જી, પવીધ દોષ કહૂ તેહ..... સોભાગી૦ ...૬૦૫**
**વાદિ એકિ વાંદણઈ જી..સોભાગી. સર્વ જતીનિં રે જાણ્ય,**
**પરી પંડી દોષ જ કહયોજી, મૂનીવર અંગ્યમઆંણ્ય..સોભાગી૦ ...૬૦૬**
**ટોલ ગઈ દોષ જ કહૂં જી, તીડ પરિ રે ઉછલંત,**
**બાંહી ઝાલી બિલરતાંજી, અંકુશ દોષ તસ હંત...સોભાગી૦ ...૬૦૭**
**કુરમપરિ નર કરી તો જી, દે તો વંદણ જેહ;**
**પૂણ્ય કરયુ નર ત્યાહાં હસિજી, રંગીત દોષ કહૂં તેહ...સોભાગી૦ ...૬૦૮**
**મછવત દોષ જે કહ્યોજી, એકનિં વંદતાં જેહ,**
**તેણઈ આવરતિં વલીજી, બીજાનિ વાંદેહ...સોભાગી૦ ...૬૦૯**
**મન્નપઉઠ દોષ જે કહ્યોજી, દ્વેષિં વંદણ થાત,**
**વેઈઅબંધ દોષ જ કહ્યોજી, ઢીચણ બાહિરી હાથ...સોભાગી૦ ...૬૧૦**
**મનચ્યંતિં ગુરુપૂઝ ભજિજી, ભયંત દોષ તસ હોય,**
**બીહી તો દઈ નર વાંદણાંજી, દોષ ભયિ તસ જોય...સોભાગી૦ ...૬૧૧**

પડીતપણૂં (અ) જણાવતાજી, ગારવ દોષ નર જાંણ્ય,
મીત્રાઈ અરથિં દીઈજી, મીત્રા દોષ વખાંણ્ય...સોભાગી૦ ...૬૧૨
વસ્ત્રાદીક અરથિં દીઈજી, તે કહું કાર્ણી દોષ,
તીન્ના દોષ તસકર પરિંજી, લાજિં પાતીગ પોષ...સોભાગી૦ ...૬૧૩
આહારશમિદિ વાંદણાં જી, તેહનિ પ્રતનીક દોષ,
રુઠ દોષ ક્રોધિં દીઈજી, તેમાંહાં મૂરયખ શોખ...સોભાગી૦ ...૬૧૪
નવ્યરુસિ નવ્યતૂસસિજી, દે તો કરિ (અ) વીચાર,
ત્રજીત દોષ તેહનિં કહુંજી, તે નવી પામિપાર...સોભાગી૦ ...૬૧૫
ગલાણું પરિં વાંદણાંજી, સઢંચ દોષ કહું સોય,
હેલીત દોષ તેહનિં હવોજી, તૂઝ વંદિ સ્યુ હોય...સોભાગી૦ ...૬૧૬
કથા કહિ વંદણ વચિંજી, દોષ વીપલીઅં રે તેહ,
દીઠમદીઠ દોષ જ કહું જી, દેખત વંદિ જેહ...સોભાગી૦ ...૬૧૭
સિંગ દોષ તેહનિં હવોજી, મસ્તગ છેહેઠિ રે હાથ,
મનિ ડંડ જાંણી નમિજી, તવકર દોષ જ થાત...સોભાગી૦ ...૬૧૮
મોઅણ દોષ તેહનિં હવોજી, અસ્યુ વીમાસિ રે સોય,
દેસ્યુ એહનિં વાંદણાંજી, સહી મૂકાસ્યુ તોહ...સોભાગી૦ ...૬૧૯
અલીષ મણાલીષ દોષના જી, ભાખ્યા ચ્યાર રે ભેદ,
મસ્તગિ ઓધિ કર નહી જી, એહ બોલ ન ખેદ...સોભાગી૦ ...૬૨૦
એક નર ફરસિ રજોહરોજી, પણ નહી મસ્તગિ હાથ,
મસ્તગ ફરસિ ઓધો તજઈજી, એ છેહૂ જૂઠી વાત...સોભાગી૦ ...૬૨૧
મસત્ગ ઓઘો ફરસતાજી, તે નર ચતૂર સૂજાંણ,
નર ઉત્યમવધ્ય આદરોજી, ચઉથો ભેદ પ્રમાંણ...સોભાગી૦ ...૬૨૨
ઉણદોષ અઠાવીસમો જી, ન લહિઆ વ્રત બાર,
પંચવીસ આવશગ ન જાલવિજી, ખોટો નર અવતાર...સોભાગી૦ ...૬૨૩
વંદણ કરીએ પોકરતોજી, ગુરુમથેણ વંદાંમ્ય;
ઉત્તર ચોલી દોષ જ હવો જી, નર મત્ય રાખ્યો ઠામ્ય...સોભાગી૦ ...૬૨૪
મૂક દોષ તેહનિં હવોજી, જેહનિં હઈડઈ રે કુડ,
આલાવા રુડી પરિંજી, નવ્ય ઉચરતો મૂડ...સોભાગી૦ ...૬૨૫
ઠદર દોષ તેહનિં હવોજી, ગાઢિ કરઈ રે પૂકાર,
ચૂડલીત દોષ બત્રીસમોજી, તેહનો કહુ (અ) વીચાર...સોભાગી૦ ...૬૨૬

**ઊંબાડા પરિં ચરવલોજી, જે નર રાખિ રે હાથિ,**
**ભમતો વાંદઈ સર્વનઈજી, તે વારયો જંગનાથિ...સોભાગી૦ ...૬૨૭**

અર્થઃ વંદનાના બત્રીસ દોષ[૧] આવશ્યકસૂત્રમાં દર્શાવેલ છે. આદર વિના, ઉત્સુક ચિત્તે વંદન કરવું ; એ (૧) અનાદૃત દોષ કહેવાય...૬૦૪

હે ભાગ્યશાળી જીવો ! વિધિપૂર્વક વંદન કરો. અવિધિપૂર્વક વંદન કરતાં કોઈ મુક્તિપુરીમાં જઈ શકતું નથી. તેથી હે સૌભાગ્યશાળી જીવો ! વિધિપૂર્વક ક્રિયા કરો અને અવિધિને જાણો.

આઠ પ્રકારના મદથી યુક્ત[૧], અક્કડતાથી વંદન કરે; તે સ્તબ્ધ[૨] દોષ કહેવાય છે. વંદન છોડીને ભાગી જાય; તે પ્રવિદ્ધ દોષ[૩] કહેવાય છે...૬૦૫

આચાર્ય વગેરે અનેકને એક સાથે જ વંદન કરી લેવું અથવા હાથ, પગ બરાબર ન રાખતાં બે હાથ પેટ ઉપર ભેગા રાખી વંદન કરવું.સૂત્રના ઉચ્ચારમાં અક્ષરો, પદોમાં અટક્યા વિના જ અસ્પષ્ટપણે ઉચ્ચાર કરવો, તે પરિપિંડિત દોષ[૪] છે...૬૦૬

ટોલ એટલે તીડ. તીડની જેમઆગળ-પાછળ કૂદતાં કૂદતાં - ઠેકડા મારતાં વંદન કરવું; તેને ટોલગતિ દોષ[૫] છે. ઉભા રહેલા, બેસેલા કે અન્ય કાર્ય કરી રહેલા ગુરુના ઉપકરણો પકડીને, હાથીને ખેંચે તેમ અવજ્ઞા પૂર્વક ખેંચીને વંદન કરવું; તે અંકુશ દોષ[૬] છે...૬૦૭

ઊભા ઊભા કે બેઠાં બેઠાં વિના કારણ કાચબાની જેમ આગળ-પાછળ ખસવું; તે કચ્છપરિંગિત દોષ[૭] છે. (બહુમાન વિનાની ક્રિયા કરવાથી શું ફળ મળે ?) તેનાથી શું પુણ્ય થાય?...૬૦૮

માછલું જેમ પાણીમાં ઘડીક ઉપર અને ઘડીક નીચે જાય, તેમ એક આચાર્યને વંદના કરી બાજુમાં રહેલા વંદનીય રત્નાધિકને વંદન કરવા ઊભા ન થતાં પાસું ફેરવી બેઠાં બેઠાં જ વંદન કરવા; તે મત્સ્યોદ્વર્તન દોષ[૮] છે...૬૦૯

ગુરુના કઠોર શબ્દો સાંભળી તેમના પ્રત્યે અપ્રીતિ થતાં દ્વેષપૂર્વક વંદન કરવું; તે મનઃપ્રદુષ્ટ દોષ[૯] કહેવાય. વંદનમાં આવર્ત દેતાં બે હાથને બે ઢીંચણની વચ્ચે રાખવાને બદલે ઢીંચણની ઉપર, પડખે કે ખોળામાં રાખે; તે વેદિકાબદ્ધ દોષ[૧૦] છે...૬૧૦

ગુરુ મને ગચ્છમાંથી બહાર કાઢશે એવા ભયથી વંદના કરાય; તે ભયદોષ[૧૧] છે. ગુરુ મને પ્રેમ આપશે, ગુરુ મારી ભવિષ્યમાં સેવા કરશે એમ થાપણ મૂકવાની જેમ વંદન કરવું; તે ભજંત દોષ[૧૨] છે...૬૧૧

'આ આચાર્યની સાથે મૈત્રી છે' તેથી તેમની સાથે મિત્રતાની ઇચ્છાથી વંદન કરવું; તે મૈત્રી દોષ[૧૩] છે. પોતે વિધિમાં કુશળ છે એવું બીજાને દર્શાવવા વિધિપૂર્વક આવર્ત સહિત પોતે જ વિધિ સાચવે છે, એવા અભિમાનપૂર્વક વંદન કરવું; તે ગૌરવ દોષ[૧૪] છે...૬૧૨

વસ્ત્ર-કાંબળી વગેરેની ઇચ્છાથી જે વંદન કરાય; તે કારણ દોષ[૧૫] વંદના છે. બીજા સાધુ-સાધ્વીમાં પોતાના પાપ પ્રગટ ન થાય તેથી ચોરની જેમ છૂપાઈને જલ્દી વંદન કરવું; તે સ્તેન દોષ[૧૬] છે...૬૧૩

ગુરુ આહાર-નિહાર કરતા હોય કે કરવાની ઇચ્છાવાળા હોય,, ત્યારે નિષેધ હોવા છતાં વંદન કરવું; તે પ્રત્યનિક દોષ[૧૭] છે. ગુરુ કોઈ કારણે ક્રોધિત હોય અથવા પોતે કોઈક કારણે ક્રોધથી વંદન કરે તે રૂષ્ટ દોષ[૧૮]

છે...૬૧૪

'તમે વંદન કરવાથી નથી ખુશ થતાં કે વંદન ન કરનાર પર નથી ગુસ્સે થતાં' એવાં અપમાનજનક શબ્દોથી તિરસ્કારપૂર્વક વંદન કરવું; તે તર્જના દોષ[19] છે. તેવી વંદના કરવાથી સંસારનો અંત ન થાય...૬૧૫

'આ ભક્ત છે' એવો બીજાને વિશ્વાસ ઉત્પન્ન કરાવવા અથવા માયા-કપટથી માંદગીનું બહાનું કાઢી જેમ-તેમ વંદન કરવું; તે શઠ દોષ[20] છે. "અરે ગુરુ! તમને વંદન કરવાથી શું ફળ મળે?" એવી અવજ્ઞાપૂર્વક શિષ્ય વંદન કરે; તેને હીલિત દોષ[21] (હીલના કરવી-અવજ્ઞા) કહેવાય છે....૬૧૬

વંદન કરતાં વચ્ચે વિકથા કરવી, તે વિપરિકુંચિત દોષ[22] છે. ઘણા વ્યક્તિઓની સાથે વંદન કરતાં ગુરુ જુએ ત્યારે વંદન કરવું; તેને દૃષ્ટાદૃષ્ટ દોષ[23] કહેવાય છે....૬૧૭

વંદન કરતાં अहो कायं વગેરે બોલીને આવર્ત કરતાં બે હથેળી લલાટના મધ્યભાગે લગાડવી જોઈએ, તે લગાડે નહિ અથવા ડાબી-જમણી તરફ લગાડે; તે શૃંગ દોષ[24] છે. વંદનને રાજાદિનો કર, રાજદંડ (ટેક્સ) માનીને વંદન કરે; તે કર દોષ[25] છે...૬૧૮

જો અમે સત્ય સાબિત થઈશું, તો અમે વંદન કરશું એવું વિચારી વંદના કરે (દીક્ષા લેવાથી રાજાના લૌકિક કરમાંથી તો છૂટ્યા પરંતુ આ વંદનરૂપી કરમાંથી છૂટાય એમ નથી એવું વિચારી વંદન કરે); તે મોચન દોષ[26] છે...૬૧૯

આશ્લિષ્ટ - અનાશ્લિષ્ટ દોષ[27]ના ચાર ભેદ છે. (૧) મસ્તક અને રજોહરણને હથેળીઓનો સ્પર્શ ન કરે, તેથી તે બોલ અશુદ્ધ હોવાથી દોષ જનક છે...૬૨૦

(૨) એક વ્યક્તિ રજોહરણની સ્પર્શના કરે પણ લલાટને હાથ સ્પર્શે જ નહિ તેમજ (૩) એક વ્યક્તિ લલાટને બન્ને હથેળી સ્પર્શે પણ રજોહરણને ન સ્પર્શે...૬૨૧

(૪) હાથ વડે રજોહરણ અને લલાટને સ્પર્શે તે નર ચતુર કહેવાય. એ નર ચોથો ભેદ પ્રમાણ (શુદ્ધ) છે...૬૨૨

જે સાધક પ્રમાદથી બાર વ્રતને ધારણ કરતો નથી, તેમજ વંદનાના પચ્ચીસ આવશ્યક' આદિ ક્રિયા ઉતાવળથી અયોગ્ય રીતે કરે છે. તેનો આ ભવ વ્યર્થ જાય છે. વંદનસૂત્રના અક્ષરો ઓછાં ભણાય; તો ન્યૂનદોષ[28] લાગે છે...૬૨૩

વંદન પૂર્ણ થતાં મોટા અવાજે 'मत्थएण वंदामि' એમ બોલવું; તે ઉત્તરચૂડા[29] દોષ છે. હે ભવ્ય જીવો! આવું જાણીને મતિ સ્થિર રાખો...૬૨૪

મૂંગાની જેમ વંદનસૂત્રના અક્ષરો મનમાં જ બોલી, હોઠથી શબ્દનો (પોતાના દોષો જાહેર થાય નહિ) ઉચ્ચાર કપટપૂર્વક કરતો નથી; તે મૂકદોષ[30] છે...૬૨૫

મોટા અવાજેસૂત્ર બોલવાપૂર્વક વંદન કરવું; તે ઢઢ્ઢર દોષ[31] છે. બત્રીસમો ચુડલિક દોષ છે. હવે તેનો અર્થ કહું છું...૬૨૬

જે નર ઊંબાડિયાની જેમ રજોહરણને હાથમાં રાખી ફેરવે છે, એમ ફરતાં ફરતાં સર્વને વંદન કરે; તે ચુડલિક દોષ[32] છે. આ રીતે વંદન ન કરાય; તેવું જગત્પતિ જિનેશ્વરદેવ કહે છે....૬૨૭

-દુહા-૪૦-

દોષ રહિત દિ વાંદણાં, તેહનિં મૂગતિ સૂસાર,
કઈય વ્યમાનીક દેવતા, ઉત્તમસૂર અવતાર ...૬૨૮
ત્રણઈ પ્રકાર વંદણ તણા, જગન થકિ(અ) પ્રણાંમ,
દોય ખમાસણ દેઈ નમિ, મધ્યમવંદણ ઠાંમ ...૬૨૯
દ્વાદશાવર્ત વંદણ કહ્યું, ઉતક્કષ્ટો આચાર,
લેઈ કરિ ઓઘો મોહોપતી, સફલ કરઈ અવતાર ...૬૩૦
હૂં વંછૂં તુઝ વાંદવું, ખ્યમા શ્રમણ મુની રાય,
હૂં વાંદૂ શક્તિ કરી, અનમતિ દ્યો એણિ ઠાહિ ...૬૩૧
જો ગુરુકામહોયિ કસ્યું, તો ભાખિત વીહેણ,
મનહ વચન કાયિં નમો, સંખેપી સંક્લેણ ...૬૩૨
છદેણ કહિતાં આજ્ઞા યમ, તૂઝ મન ઈછ્યાહિ,
ત્યારિ સષ્ય નીચો થઈ, અનમત્ય માગિ ત્યાહિ ...૬૩૩
અણૂજાણમિંગુરુકહિ, મિદીધી આજ્ઞાય,
સંસાર કામનખેદતો, અવગ્રહિ માંહિં જાય ...૬૩૪
બિસી ગુરુચર્ણ નમિ, કર બિ મસ્તગ્ય દોય,
પગ ફરસિં પરીસો હૂઓ, ખમ્ય ઉપરાધ જ સોય ...૬૩૫
થોડિ શરમિંતથા ઘણિ ઘણિ, સૂખ્યં મૂની આજ,
અતીકર્મો દીવસ જ સહી, ભાખો સોય ગુરૂરાજ ...૬૩૬
તહિત્ય કહિ ગુરૂનીજ મુખિં, તાહારૂવચન પ્રમાણ,
સૂખિં દીવશ મિંનીગમ્યો, શરિ વહીં અરીહંત આંણ ...૬૩૭
પછિ ગુરૂચર્ણજ ફરસતો, ત્રણ્ય અખ્યર આવંત,
જતાભે કહી પૂછતો, સંયમસૂખિ નરવંત ...૬૩૮
કહી તૂંભપીવટ એ, તૂ નર વહિ સુખ ખેમ,
ષટ અખ્યરે આવત કરિ, પૂછિ ગુરૂનિં એમ ...૬૩૯
કાયા મન નીર્બાધ છિ, ગુરૂકહિ એવં વાંણ્ય,
તુ કહિ છિ તેમજ સહી, તે નીશ્ચિ મનિં જાંણ્ય ...૬૪૦
વલી મસતગ ચરણે ધરી, ખામિદીન અપરાધ,
ગુરુ કહિ તુઝ ખામૂં સહી, જે તુમકીધી બાધ ...૬૪૧
ઊભો થઈ શષ્ય એમકહિ, અવસિં કર્તવ્ય કાજ,
તીહાં અતીચાર જેહવા, સોય નીવરતું આજ ...૬૪૨

અર્થ: જે વ્યક્તિ દોષરહિત શુદ્ધ ભાવે વંદના કરે છે. તેની અવશ્ય મુક્તિ થાય છે. (જો કર્મ બાકી હોય તો) કોઈ આત્મા વૈમાનિક દેવતામાં ઉત્તમ દેવનો અવતાર પ્રાપ્ત કરે છે"....૬૨૮

વંદના ત્રણ પ્રકારની છે. જઘન્ય વંદના એટલે મત્થેણં વંદામિ કહી પ્રણામકરવું (તિક્ખુત્તોના પાઠથી). બે ખમાસમણા આપી વંદન કરવું તે મધ્યમ વંદના છે. (જેમ દૂત રાજાને પ્રથમ નમસ્કાર કરી પછી કાર્ય નિવેદન કરે અને કાર્ય વિસર્જન કરાયા પછી પણ નમસ્કાર કરે. એ પ્રમાણે બે ખમાસમણા દેવાય છે.)...૬૨૯

બાર આવર્તવાળું દ્વાદશાવર્ત વંદન એ વંદનાનો ઉત્કૃષ્ટ પ્રકાર છે. તે ઉત્તમ આચાર છે. ઓઘો અને મુહપત્તિ લઈ સંયમી પોતાનું જીવન સફળ કરે છે...૬૩૦

હે ક્ષમા શ્રમણ! હું આપને વંદન કરવા ઈચ્છું છું. હું આપને યથાશક્તિ વંદન કરું, તે માટે આપ મને અનુમતિ આપો. (પોતાની ઈચ્છાનું નિવેદન કરવારૂપ પ્રથમ સ્થાન છે.)...૬૩૧

જો ગુરુ કોઈ કાર્યમાં વ્યસ્ત હોય,, ત્યારે શિષ્યને ('રાહ જો' એમ) કોઈ વેણ (શબ્દ) કહે (આ ચૂર્ણિકારનો મત છે.) (ટીકાકારના મતે) મન, વચન અને કાયાથી નિષેધ કરું છું. (એવું ગુરુ કહે),, ત્યારે શિષ્ય ત્રણે યોગને સંકેલીને સંક્ષિપ્ત વંદન કરે....૬૩૨

છંદેણ એટલે આજ્ઞા આપવી. ગુરુ શિષ્યને કહે છે કે, જેમ તારું મન ઈચ્છે તેમ કર. ત્યારે શિષ્ય નીચે નમી વંદના કરવાની અનુમતિ માંગે છે. (ગુરુની ચારે દિશામાં શરીર પ્રમાણ જમીનને અવગ્રહ કહેવાય. તેમાં પ્રવેશવાની અનુમતિ માંગવી એ શિષ્યનું બીજું સ્થાન (પ્રશ્ન) કહેવાય....૬૩૩

ત્યારે જવાબમાં ગુરુ 'અણુજાણામિ' કહે. એટલે કે મારી તને અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા છે. ત્યારે સાંસારિક કાર્યોને નિષેધતો શિષ્ય અવગ્રહમાં પ્રવેશે છે. (અર્થાત્ અશુભ કાર્યથી નિવૃત્ત અને શુભ કાર્યમાં પ્રવૃત્તિ માટે ગુરુ શિષ્યને આજ્ઞા આપે છે.)...૬૩૪

શિષ્ય ગુરુચરણમાં બેસી બે હાથ અને મસ્તક વડે (સ્પર્શ કરી) વંદન કરે છે. (પછી તે ગુરુને કહે છે કે મારા શરીર, મસ્તક અને હાથ વડે) આપના પગને સ્પર્શ કરતાં મારાથી બાધા-પીડા થઈ હોય તો અપરાધ બદલ ક્ષમા માંગું છું...૬૩૫

શિષ્ય ગુરુને પૂછે છે કે, "હે પૂજ્ય! અલ્પ ગ્લાન અવસ્થામાં તથા ઘણા શુભ યોગે (સમાધિભાવે) આપનો આજનો દિવસ વ્યતીત-પૂર્ણ થયો છે?" (શિષ્યના પ્રશ્નનું આ ત્રીજું સ્થાન છે.)...૬૩૬

(બે હાથ જોડીને ઉત્તર સાંભળવા ઈચ્છતા શિષ્યને),, ત્યારે ગુરુ "તહત્તિ" એ પ્રમાણે કહે છે. એટલે કે તેં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે મારો દિવસ અરિહંત આજ્ઞાનું પાલન કરતાં સારી રીતે વ્યતીત થયો છે...૬૩૭

(ગુરુના શરીરની સુખ શાંતિ પૂછી હવે શિષ્ય તપ-નિયમ સંબંધી કુશળતા પૂછે છે) પછી ગુરુ ચરણની સ્પર્શના કરતાં 'જત્તાભે' એવું ત્રણ અક્ષરવાળું પદ આવે. જત્તાભે કહેતાં શિષ્ય ગુરુને પૂછે છે કે,"હે પૂજ્ય! આપની સંયમયાત્રા સુખરૂપ છે?" (સંયમ, તપ અને નિયમ વિશેષ શુદ્ધ છે? શિષ્યના પ્રશ્નરૂપ આ ચોથું સ્થાન છે.)...૬૩૮

(જ્યારે શિષ્ય 'જત્તાભે' કહે),, ત્યારે ગુરુ 'તુબ્ભંપિ વટ્ટએ' કહે એટલે કે, "હે શિષ્ય! તારી સંયમયાત્રા પણ સુખરૂપ છે ને ?" પછી શિષ્ય ગુરુને વિનયપૂર્વક છ અક્ષરોવાળું "જવણિ જજંચભે" એવું આવર્ત દેતાં પૂછે

છે. ...૬૩૯

"મન અને કાયા પીડાથી રહિત છે?" (શિષ્યનું ગુરુને નિરાબાધતા પૂછવારૂપ પાંચમું સ્થાન છે) ત્યારે ગુરુ 'એવં' એ પ્રમાણે કહે. એટલેકે, "હે શિષ્ય! તું કહે છે તે પ્રમાણે જ મારી કાયા અને મન પીડાથી રહિત (ઉપશાંત) છે."...૬૪૦

શિષ્ય ઓઘા ઉપર બે હાથ અને મસ્તક લગાડીને દિવસ સંબંધી થયેલા અપરાધની ક્ષમા માંગી, ગુરુને 'ખામેમિ ખમાસમણો' કહે. (અપરાધ ખમાવવારૂપ આ શિષ્યનું છઠ્ઠું સ્થાન છે), ત્યારે ગુરુ કહે છે કે "હું પણ તને ખમાવું છું. દિવસ સંબંધી પ્રમાદજનિત કોઈ પણ અપરાધ થયો હોય તેની ક્ષમા આપું છું."...૬૪૧

ત્યારે શિષ્ય ઊભો થઈ ગુરુને કહે છે કે, "આવશ્યક ક્રિયાઓ કરતાં જે અતિચાર થયા હોય તે આપની સાક્ષીએ પ્રગટ કરું છું. (નિવર્તુ છું.)" ...૬૪૨

ચોપાઈ : ૧૭

સોય પાપ નીવર્ત્તૂ આજ, સાંભલી ખ્યમા શ્રમણ રષી રાજ,
આશતના તેત્રીસઈ જેહ, દીવશમાહિ મિંકીધી તેહ ...૬૪૩
વયાવચની વેલાં જસિં, બલ હૂતિ નબલો થયો તસિં,
મનમાંહાં વીકલપ જે ચીતવ્યું, વચન મૂખિં જે માઠૂં હવું ...૬૪૪
કાયાયિં અવ્યનિં જે કરયું, ક્રોધકાલ હઈઆમ્હાં ધરયો,
આશતના માનિં જે કરી, માયા લોભિં જે આદરી ...૬૪૫
એ ટાલિ એક દીવશનૂં પાપ, આલોઈ નીર્મ(લ) હૂઓ આપ,
હવિ ત્રણ્રે કાલનું પાત, અવ્યનિં આલોયિં સૂખ થાત ...૬૪૬
અતીત અનાગત્યનિં વૃતમાંન, આશાતના કરતો અજ્ઞાન,
આણિં ભાવિઅનંતે ભવે, વીનિ કુડ મનિં કરયો સવે ...૬૪૭
જોણ્રઈ ધર્મ સઘલો દૂખાય, તીહા આશાતન સબલી થાય.
અતીચાર ઉંપરાધ મુઝ હોય, ગુરૂની સાખ્ય ખમાવૂં સોય ...૬૪૮
આજ પછી એવું નવ્ય કરૂંઆતમસાખિં નંદૂ ખરૂં
ગુરૂની સાખિં નંદવૂ કરિ, ઉંપરાધ આતમથી વોશરિ ...૬૪૯

અર્થ : (શિષ્ય ગુરુને કહે છે) હે ઋષિરાજ! હે ક્ષમાશ્રમણ! મેં દિવસ સંબંધી ગુરુ સંબંધી તેત્રીસ પ્રકારની આશાતનામાંથી કોઈ પણ પ્રકારની આશાતના કરી હોય તો તેના પાપથી હું વિરમું છું...૬૪૩

વૈયાવચ્ચ (સેવા) ના સમયે શારીરિક શક્તિ હોવા છતાં, કાયાથી સેવા કરવા તત્પર ન થયો હોઉં, મનથી અશુભ વિકલ્પો કર્યા હોય તેમજ વચનથી અશુભ વાણી બોલાઈ હોય તો તે પાપની હું ક્ષમા માંગુ છું...૬૪૪

કાયાથી મેં અવિનય કર્યો હોય, ક્રોધરૂપી મહાકાલને (મિત્ર માની) હૈયામાં રાખ્યો હોય, અભિમાન કરી મેં આપની આશાતના કરી હોય તેમજ કપટ અને લોભપૂર્વક આપની સેવા કરી હોય તો તે પાપની ક્ષમા માંગું

છું...૬૪૫

આ પ્રમાણે દિવસ સંબંધી જે કાંઈ પાપ લાગ્યું હોય તેનું ગુરુદેવ! આપની સમક્ષ આલોચના કરી નિર્મળ થાઉં છું. હવે ત્રણે કાળ સંબંધી આપની જે કાંઈ આશાતના કરી હોય તેની આલોચના કરી સુખી થાઉં....૬૪૬

હે ગુરુદેવ! અનંતા ભવ પછી આ (મનુષ્ય) ભવ મળ્યો. (પૂર્વના) સર્વ ભવોમાં કપટપૂર્વક, દુષ્ટ મનથી મેં ગુરુનો અવિનય કર્યો છે. આ રીતે હું ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન કાળ સંબધી આશાતના કરતો રહ્યો...૬૪૭

જ્યાં કપટપૂર્વક ધર્મ થાય ત્યાં ધર્મની આશાતના થાય છે, ત્યાં આશાતના પ્રબળ બને છે. (ધર્મ નબળો બને છે.) તેથી આજ સુધી મેં જે જે અપરાધ કર્યા હોય તેની ગુરુ સાક્ષીએ ક્ષમા માંગું છું....૬૪૮

હે ગુરુદેવ! આજ પછી હું આવું પાપ ફરીથી નહીં કરું. હું આત્માની સાક્ષીએ તે પાપોની નિંદા કરું છું. ગુરુની સાક્ષીએ ગર્હા કરું છું અને આત્માની સાક્ષીએ તે પાપોને વોસિરાવું (ત્યાગ કરું) છું...૬૪૯

● ભૂષણ :

શૂરવીરતા એ સિંહની શોભા છે, તારામંડળ એ ગગનની શોભા છે, લજ્જા એ નારીની શોભા છે, આભૂષણ એ શરીરની શોભા છે, તેમ પાંચ પ્રકારના ભૂષણ એ સમકૃત્વનો શણગાર-શોભા છે. ધર્મના અંગો જેનાથી શોભે તે ભૂષણ કહેવાય.

સમ્યગ્દર્શન સાથે ભૂષણરૂપી અલંકારની શોભા ભળતાં સુંદરતામાં વધારો થાય છે. સમ્યગ્દર્શનના અલંકારોને ધારણ કરનાર વ્યક્તિ સ્વયં સુશોભિત બને છે તેમજ અનેક લોકો તેના તરફ આકર્ષાય છે. આ પાંચ દિવ્ય અલંકાર કલ્યાણકારી છે.

સમ્યગ્દર્શનને અલંકૃત કરનાર પાંચ ભૂષણો[૯] છે. (૧) જિનશાસનમાં ક્રિયા કુશળતા (૨) તીર્થસેવા (૩) ભક્તિ (૪) સ્થિરતા (૫) પ્રભાવના

તાત્પર્ય એ છે કે ક્રિયાકુશલતા, ઉત્તમ સહવાસ, ભક્તિ (વફાદારી), દૃઢતા અને ઉન્નતિની અભિલાષાથી શ્રધ્ધા ખીલી ઉઠે છે.

કવિ ઋષભદાસે કડી-૫૯૮ થી ૬૪૯ સુધીમાં સમકિતના પ્રથમ ભૂષણનું સ્વરૂપ દર્શાવ્યું છે. કવિએ આ વિષયમાં અનુષ્ઠાનોની શુદ્ધિ પર ભાર મૂક્યો છે. અહીં કવિ વંદનાની વિધિ અને નિષેધ બન્ને બાજુને બતાવે છે. એક બાજુ વંદનાના ત્રણ પ્રકાર દર્શાવે છે, તો બીજી બાજુ વંદનાના બત્રીસ દોષ દર્શાવે છે.

• જિનશાસનમાં ક્રિયા કુશળતા :

જિનાજ્ઞા વિનાનું અનુષ્ઠાન એ પ્રાણ વિનાનું કલેવર છે. જિનાજ્ઞા દરેક ક્રિયાનો પ્રાણ છે. જેમ રોગીને જે જે ઔષધિ કે ઉપચારોથી રોગ દૂર થાય તે જ સાચું ઔષધ છે, તેમ જે અનુષ્ઠાનથી મિથ્યાત્વાદિ દોષો આત્માથી દૂર થાય તે જ સાચો મોક્ષમાર્ગ છે. આથી વિપરીત પ્રવૃત્તિ એ ધર્મ નથી પણ ધર્મ પ્રત્યે જ દ્વેષનું પરિણામ છે.

શ્રી યોગબિંદુ પ્રકરણમાં હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે -

જે આત્મા ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનોમાં આગમ વિરુદ્ધ સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરે છે તે જડ-મૂઢ છે. તે

અનુષ્ઠાનોનો કર્તા હોવા છતાં નિયમા તેનો દ્વેષી છે[૮૬].

પૂજ્ય ક્ષમાશ્રમણ શ્રી ધર્મદાસગણિએ ઉપદેશમાલામાં કહ્યું છે -

જે જિનેશ્વર ભગવાનની આજ્ઞા અનુસાર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને અનુસરી પ્રવૃત્તિ કરતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે કારણકે તે આગમ વિરુદ્ધ વર્તણૂક કરી બીજા જીવોને આગમ વચનમાં શંકા ઉત્પન્ન કરાવે છે[૮૭].

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે–

**जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेति भावेणं।**
**अमला असंकिलिट्ठा, ते होंति परित्त संसारी ।।**

અર્થ : જિનવચનમાં અનુરક્ત, જિનાજ્ઞા અનુસાર ક્રિયાનુષ્ઠાન કરનાર, રાગ-દ્વેષ અને મિથ્યાત્વરૂપી મલથી મુક્ત બની અલ્પ સંસારી બને છે.

ધર્મબિંદુ ગ્રંથમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે -

**उचितानुष्ठानं हि प्रधानं कर्म क्षयकारणम्** [૮૮]।

અર્થ : ઔચિત્યપૂર્વક (જિનાજ્ઞા તથા પોતાની શક્તિ અનુસાર) અનુષ્ઠાન કરવાથી પાપકર્મોનો ક્ષય થાય છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ ઉપદેશપદમાં કહ્યું છે.-

**सम्मत्तं पुण इत्थं सुत्ताणुसारेण जा पवित्ती उ** [૮૯]।
**सुत्त - गहणम्मि तम्हा पवित्तयव्वं इहं पढमं ।।**

અર્થ : જિનેશ્વર ભગવાનની આજ્ઞા અનુસાર ચૈત્યવંદન, આવશ્યક ક્રિયા આદિ ધર્માનુષ્ઠાનો વિધિપૂર્વક કરવા તે સમ્યગ્દર્શન છે. પ્રમાદ અને અજ્ઞાન ક્રિયામાં વિક્ષેપ ઉત્પન્ન કરે છે.

શ્રાવક કે સાધુની પ્રત્યેક ક્રિયા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તથા પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શનને સ્થિર અને નિર્મળ રહે તે માટે હોય છે. વિધિપૂર્વક જિનાજ્ઞા અનુસાર ધર્માનુષ્ઠાન કરવા તે સમ્યગ્દર્શન છે.

જૈનદર્શનમાં ગુરુવંદન ત્રણ પ્રકારના દર્શાવેલ છે. (૧) ફિટ્ટા વંદન (૨) થોભ-છોભ વંદન (૩) દ્વાદશાવર્ત વંદન[૯૦].

(૧) ફિટ્ટા એટલે પથ, માર્ગ. શ્રીસંઘ રસ્તામાં પરસ્પર મળતાં મસ્તક વગેરે નમાવવારૂપ વંદન કરે તે ફિટ્ટાવંદન છે.

(૨) થોભ એટલે ઉભા રહીને. ઉપાશ્રયમાં સાધુ ભગવંતોને તિક્ખુતોના પાઠથી કરાતું વંદન તે થોભ વંદન છે.

(૩) દ્વાદશાવર્ત એટલે બાર આવર્તનવાળું વંદન*. આ વંદન પદસ્થો (આચાર્ય, ઉપાધ્યાય, ગણિ, પ્રવર્તક, સ્થવિર વગેરે પદવીધરો)ને કરાય છે.

આચારનું મૂળ વિનય છે. તે ગુણવાનની ભક્તિ છે. તે ભક્તિ વિધિપૂર્વક વંદન કરવાથી થાય છે. ગુરુવંદન એ વિનયરૂપ ભક્તિ છે. શ્રી કૃષ્ણ વાસુદેવે ઉત્કૃષ્ટ ભાવે અઢાર હજાર સાધુઓને દ્વાદશાવર્ત વંદન

---

*ગુરુવંદન કરતાં ગુરુના ચરણોમાં તથા પોતાના મસ્તકે હાથ સ્પર્શવારૂપ ચેષ્ટા કરવી તેને આવર્તો કહેવાય. તે પદો બોલતી વખતે કરાય છે. એક વંદનમાં છ અને બે વાર વંદન કરતાં બાર આવર્તો થાય છે. (ધર્મ સંગ્રહ ભા.૧, વિ.૨, પૃ.૪૭૩)

કરી ક્ષાયિક સમકિત મેળવ્યું. આ વંદન શ્રમણો અને શ્રાવકોએ કરવાનું હોય છે.

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે વંદનના આઠ કારણો જણાવ્યા છે[૯૧]-

પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કાઉસગ્ગ, અપરાધની ક્ષમા માંગવા, પ્રાહુણ (નવા મુનિ આવે, ત્યારે) આલોચના, પ્રત્યાખ્યાન અને સંલેખનાદિ મહાન કાર્યો એ આઠ નિમિત્તે દ્વાદશાવર્ત વંદન કરવું જોઈએ.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં વંદનાનું ફળ દર્શાવતાં કહ્યું છે -

વંદન કરવાથી નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે, ઉચ્ચ ગોત્ર કર્મ બંધાય છે. સૌભાગ્ય નામકર્મ તથા આદેય નામકર્મ ઉપાર્જન થાય છે. તેમજ દાક્ષિણ્યભાવ (ચતુરાઈ), પટુતા, વિચક્ષણતા આદિ ગુણો પ્રાપ્ત થાય છે[૯૨].

ગુરુવંદનથી છ ગુણોની પ્રાપ્તિ થાય છે-

**विणयोवयार माणस्स - भंजणा पूअणा गुरुजणस्स[९३]।**

**तित्थयराण य आणा सुअधम्माराहणाऽकिरिआ ॥**

અર્થ: વિનયોપચાર, અહંકારનો નાશ, ગુરુભક્તિ, જિનાજ્ઞાનું પાલન, શ્રુતધર્મની આરાધના અને અંતે મોક્ષ; એ છ ગુણો ગુરુવંદનથી થાય છે.

ગુરુવંદન કરવાથી જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો ગાઢ બંધનથી બાંધ્યા હોય તે શિથિલ બને છે. દીર્ઘ સ્થિતિવાળાં કર્મો અલ્પ સ્થિતિવાળાં, તીવ્ર રસવાળાં અશુભ કર્મો મંદ રસવાળાં અને ઘણાં પ્રદેશવાળાં કર્મો અલ્પ પ્રદેશવાળાં બને છે. ગુરુવંદનનું કર્મ નિર્જરારૂપ શ્રેષ્ઠ ફળ છે. વિધિપૂર્વક કરાયેલી વંદના પરંપરાએ મોક્ષદાયી નીવડે છે.

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છે -

**किईकम्मपि कुणंतो न होई किइकम्मनिज्जराभागी ।[९४] ॥ १२०५ ॥**

**बत्ती सामन्नयरं साहू ठाणं विराहंतो ॥ १२१२ ॥**

**बत्तीसदोस परिसुद्धं, किइकम्मं जो पउंजइ गुरुणं ।**

**सो पावई निव्वाणं, अचिरेण विमाणवासं वा ॥ १२१३ ॥**

અર્થ : ગુરુવંદન કરવા છતાં પણ જે સાધુ બત્રીશમાંથી એક પણ દોષ વિરાધે છે, તે ગુરુવંદનના કર્મ નિર્જરારૂપ ફળને પ્રાપ્ત કરતો નથી. જે બત્રીસ દોષરહિત વિશુદ્ધ ભાવે વિધિપૂર્વક ગુરુવંદન કરે છે તે અલ્પ કાળમાં મોક્ષ કે વૈમાનિક દેવપણાને પામે છે.

ગુરુવંદન નહીં કરવાથી ઉત્પન્ન થતાં દોષો દર્શાવતાં શાસ્ત્રકારો કહે છે કે -

**"माणो अविणय रिंवसा नीआगोयं अबोहि भववुड्ढी । अनमंते छद्दोसा[९५]।"**

અર્થ : ગુરુવંદન ન કરવાથી ૧. અભિમાન ૨. અવિનય ૩. શાસનની અપભ્રાજના (નિંદા) ૪. નીચ ગોત્રનો બંધ ૫. બોધિ (સમક્તિની પ્રાપ્તિ) ની દુર્લભતા ૬. સંસારની વૃદ્ધિ, એમ છ દોષો ઉત્પન્ન થાય છે.

સમકિતનું અવરોધક મિથ્યાત્વ છે. મિથ્યાત્વ સહિતની ક્રિયાઓ વ્યર્થ નીવડે છે. કવિએ વંદનાના ૩૨ દોષ[૯૬] શ્રી આવશ્યક નિર્યુક્તિ અનુસાર દર્શાવ્યા છે. કવિએ ખૂબ જ સરળ શબ્દોમાં આ વિષય આલેખ્યો છે.

• વંદનના છ સ્થાન :

વંદન કરતી વખતે શિષ્યને છ સ્થાન (ઇચ્છા, અનુજ્ઞા, અવ્યાબાધ, સંયમયાત્રા, શરીરની શાંતિ, અપરાધની ક્ષમાપના) સાચવવાના હોય છે. વંદનના વિષયમાં ગુરુના છ વચન હોય છે. (૧) **छंदेण** - મને પણ અનુકૂળતા છે. (૨) **अणुजाणामि** - અવગ્રહમાં પ્રવેશ કરવાની તને અનુમતિ છે. (૩) **तहत्ति** - તેં જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે છે. (૪) **तुब्भंपिवट्टए**- મારી જેમ તારી પણ તપ-નિયમરૂપ સંયમયાત્રા સુખરૂપ છે ? (૫) **एवं** - એ પ્રમાણે છે. (ઇન્દ્રિય અને મનની ઉપશાંતિના કારણે મારું શરીર પીડા રહિત છે. (૬) **अहमवि खामेमि तुमं** - હું પણ તને ખમાવું છું.

અહીં જિનશાસનની આચાર પ્રધાનતા તેમજ અનુશાસનનાં દર્શન થાય છે. વંદનસૂત્ર દ્વારા શિષ્ય અને ગુરુ પ્રત્યેનો પ્રેમભાવ અને વિનય પ્રદર્શિત થાય છે.

ચોપાઈ-૧૭માં અતિચારોનું નિવેદન હોવાથી આલોચના નામના પ્રથમ પ્રાયશ્ચિત્તને સૂચવે છે. શિષ્ય પોતાના ગુરુ પ્રત્યે સંપૂર્ણ દિવસ સંબંધી, જ્ઞાનાદિ લાભનો નાશ કરાવનારી પ્રવૃત્તિઓરૂપ આશાતનાઓથી થયેલા અપરાધોનું પ્રતિક્રમણ કરે છે.

મુમુક્ષુ સાધક વિધિપૂર્વક વંદન આદિ અનુષ્ઠાનો કરી, અંતઃકરણમાં રહેલા શલ્યોને દૂર કરી, કર્મોનો ક્ષય કરી હળવો થવા માંગે છે. જેમ અગ્નિશિખાનો સ્વભાવ ઉપર જવાનો છે, તેમ કર્મોના ભારથી હળવો બનેલો મુમુક્ષુ મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરવારૂપ ઉર્ધ્વગતિમાં આરોહણ કરે છે.

સમ્યગ્દર્શની આત્મા ધર્મના અનુષ્ઠાનો પ્રતિ કુશળ, નિપુણ અને ઉલ્લસિત ભાવવાળો હોય. તે સમ્યક્ત્વનું પ્રથમ ભૂષણ છે.

- દુહા - ૪૧ -

**પહિલું ભૂષણ એ કહ્યું, વંદિ જાણિ જેહ,**
**ભેદ લહિ કયરીઆ તણો, સમકિત ભૂષણ એહ ...૬૫૦**

અર્થ: વંદનાના સ્વરૂપને, તેના ભેદને, વંદનાની ક્રિયાને જે સાધક યથાર્થ જાણે છે. તેઓમાં સમકિતનું આ ભૂષણ છે. આ સમકિતનું પ્રથમ ભૂષણ કહ્યું...૬૫૦

## બીજું ભૂષણ - તીર્થસેવા

ચોપાઈ : ૧૮

**બીજૂ ભૂષણ અંગિં ધરઈ, સવેગીની સેવા કરઈ,**
**સંવેગીની તેહનિં ગણો, જે અભ્યલાષી મૂગત્ય જ તણો ...૬૫૧**
**સંસાર સૂખ તે કડૂઆં લહિ, ધર્મ કાંમમીઠાં સધહિ,**
**પંચ સૂમતી મૂકી નહી કદા, ત્રણ્ય ગુપત્ય તે સૂધી સદા ...૬૫૨**
**પંચ માહાવૃત પાલઈ ધીર, અલગાં જાણિ જીવ શરીર,**
**બાર ભાવના ભાવિ જતી, પરના દોષ ન બોલિ રતી ...૬૫૩**

સંવેગી મૂની હોઈ જેહ, સીલવંતમ્હાં રહિ નર તેહ,
નીનવ પુરષ તણઈ પરીહરઈ, કથા વાત તેહસ્યુ નવ્ય કરઈ ...૬૫૪
પાસથો ઉસનો જેહ, કુસીલીઉં ત્રીજો કહ્યૂ તેહ,
સંસકતો તેને નવ્ય નમો, જયથાછંદો તે પાંચમો ...૬૫૫

અર્થ: સંવેગી મુનિઓની સેવા કરવી. સંવેગી તેને કહેવાય, જેને મોક્ષની તીવ્ર અભિલાષા હોય...૬૫૧

તેમને સંસારનાં સુખો કડવાં લાગે છે અને ધર્મનાં કાર્યો મીઠાં લાગે છે. તેઓ પાંચ સમિતિનો કદી ત્યાગ કરતા નથી અને ત્રણ ગુપ્તિનું શુદ્ધિપૂર્વક પાલન કરે છે...૬૫૨

તેઓ ધૈર્યપૂર્વક પાંચ મહાવ્રતોનું પાલન કરે છે તેમજ જડ અને ચેતનને જુદાં જાણે છે. સંવેગી મુનિ બાર પ્રકારની ભાવના ભાવે છે. તેઓ બીજાનાં દોષ બોલતાં નથી...૬૫૩

સંવેગી મુનિ સદા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે. તેઓ નિહ્નવ (જિનાજ્ઞાથી વિરુદ્ધ વર્તન કરનારા મિથ્યાત્વી) પુરુષોનો ત્યાગ કરે છે. તેમની સાથે કથા-વાર્તા પણ કરતા નથી...૬૫૪

સંવેગી મુનિ પાસત્થા, ઉસન્ના, ત્રીજા કુશીલી, સંસક્તા અને પાંચમા યથાછંદ; આ પાંચ કુગુરુને વંદન કરતા નથી...૬૫૫

- દુહા : ૪૨ -

એ પાંચિ તજવા સહી, એહમાં નહી આચાર,
શ્રી જિનવર વ્યવરી, કહિ પાંચિ તણો વીચાર ...૬૫૬

અર્થ: એ પાંચ પ્રકારના કુલિંગી સાધુ ત્યાગ કરવા યોગ્ય છે કારણકે તેઓ આચાર ધર્મનું યોગ્ય રીતે પાલન કરતા નથી. શ્રી જિનેશ્વરદેવે તે પાંચે કુલિંગી સાધુઓનું વિવરણ કર્યું છે...૬૫૬

## કુલિંગીસાધુઓ - પાસત્થા અને અવસન્ન

### ઢાળ : ૩૫ લંકામાં આવ્યા શ્રી રામ. રાગ : મારુ

જ્ઞાન દરીસણ ચારીત્ર જેહ રે, જસ મૂનીવર કઈ નહી તેહ રે,
તે સર્વ થકી પાસથો રે, તસ ચરણે મમૂકો મથો (માથો)* રે ...૬૫૭
દેસ પાસથો વલી જેતો રે, સેયાતરનો પંડીં લેતો રે,
રાજપિંડ અગર જે સાર રે, નિંહ કારણ્ય કરતો આહાર રે ...૬૫૮
સજન ધરિં વહિરણ્ય જાયિ જ રે, આણી થાપના કુલનું ખાઈ રે,
સાખડું હોઈ જસ ધરિ રે, ન વલિ પાછો વણ્ય ચહિરય રે ...૬૫૯
સ્વવતો મૂની લેતો આહાર રે, કરઈ સંયમઆપ ખોઆર રે,
તે દેસ પાસતો કહીઈ રે, તેનિં પાસિ કિમેહ ન જાઈઈ રે ...૬૬૦

---

*બ્રેકેટમાં મૂકેલ શબ્દ સુધારીને લખેલ છે.

ઉસનો સર્વથી સલગ રે, સદા વાવરિ પીડ નિં ફલગ રે,
થાપનો કુલનો લિ આહાર રે, ઋષી ઉસનો (અ) અસાર રે ...૬૬૧
આવશક ષટનિં સઝાઈ રે, પડીલેહેણ ન પૂરી થાય રે,
ધ્યના ગોચરી નિં પચખાંણ રે, વીરાધિ મુની સોય અજાણ રે ...૬૬૨
આવાગમન કરિં મૂની જ્યાહિં રે, ન કરિ ઋષી જઈણા ત્યાહિં રે,
નવ્ય કચરીઆ કરતો પૂરી રે, કરિ ઊંણી કઈ (અ) અધૂરી રે ...૬૬૩
ગુરુવચન તે મરીડી મંજઈ રે, યમસાંઠી ઘોસરું ભંજઈ રે,
એ દેસ ઉસનો કહીઈ રે, તસ વંદિ ફલ નવ્ય લહીઈ રે ...૬૬૪

અર્થ: જ્ઞાન, દર્શન અને ચારિત્રથી જે મુનિવર જુદો રહે છે. અર્થાત્ જેનામાં આ ત્રિરત્નનો અભાવ રહે છે, તેને સર્વ પાસત્થા કહેવાય છે. તેના ચરણોમાં મસ્તક મૂકી નમસ્કાર ન કરો. (અર્થાત્ તેઓ અવંદનીય છે.)...૬૫૭

જે શય્યાતર*[1] (જેના ઘરે ઉતર્યા હોય તેનો આહાર લેવો) અથવા રાજપિંડ*[2]નો આહાર લે તેમજ વિના કારણ આહાર કરે તેને દેશપાસત્થો કહેવાય...૬૫૮

જે નિયમિત*[3] સ્વજનોના ઘરેથી ગોચરી લે, સ્થાપના કુલ*[4]માંથી ગોચરી લાવી વાપરે તેમજ જે ઘરમાં સામૂહિક ભોજનનો પ્રસંગ હોય તે ઘરેથી ભોજન વ્હોરે. (અથવા જે ઘરે તપેલામાં એકદમ થોડી રસોઈ હોય તે લે પરંતુ પાછો ન વળે.)...૬૫૯

આમંત્રણ આપનાર ગૃહસ્થને ત્યાંથી મુનિ ભોજન લઈ પોતાના સંયમનો નાશ કરે છે. તે દેશ પાસત્થો છે. કોઈએ પણ તેનો સંગ ન કરવો જોઈએ...૬૬૦

જેઓ અવબદ્ધ પીઠ ફલક*[5]નો ઉપયોગ કરે છે તેમજ સ્થાપના કુલનો આહાર ગ્રહણ કરે છે. આ સર્વ અવસન્ન સાધુનું લક્ષણ છે. તેઓ પ્રમાદી હોવાથી અસાર છે...૬૬૧

તેઓ પ્રતિક્રમણ આદિ આવશ્યકમાં, વાંચન આદિ સ્વાધ્યાયમાં, મુહપત્તિ આદિના પડિલેહણમાં, ધર્મધ્યાન વગેરે શુભ ધ્યાનમાં, ગોચરીમાં તેમજ પચ્ચક્ખાણમાં વિરાધના કરે છે તથા સમાચારીમાં અસત્ય આચરણ કરે છે...૬૬૨

ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં તેમજ ઉપાશ્રયની બહાર જતાં ગમનાગમનની ક્રિયામાં મુનિ યત્ના (જનતા) ન કરે તેમજ સમાચારીની કોઈ પણ ક્રિયા યથાર્થપણે ન કરે અને કદાચ ક્રિયા કરે તો ઉતાવળથી જેમ તેમ

---

*૧. શય્યાતર પિંડ = સાધુ જે મકાનમાં રાતે ઊંઘે કે પ્રતિક્રમણ કરે તેના માલિકનો પિંડ શય્યાતરપિંડ કહેવાય.

*૨. રાજપિંડ = રાજાના ઘરનો આહાર લેવો તે રાજપિંડ કહેવાય છે. (શ્રી નિશીથસૂત્ર ઉ. ૯, સૂ. ૧, પૃ. ૧૨૦ સં. લીલમબાઈ મહાસતીજી.)

*૩. નિત્ય પિંડ = 'તમારે રોજ મારે ત્યાં આવવું' આવું આમંત્રણ આપનાર ગૃહસ્થને ત્યાંથી ગોચરી વહોરવી તે નિત્યપિંડ. (એજ. ઉ. ૨, સૂ. ૩૨, પૃ. ૨૭)

*૪. સ્થાપના કુળ = સ્થાપના કુળ એટલે વિશિષ્ટ પરિસ્થિતિ માટે અલગ સ્થાપિત કરવામાં આવેલ કુળ અથવા જે ઘરોમાં ભિક્ષા માટે જતાં ન હોય તેવા ઘર. સ્થાપના કુળના ચાર પ્રકાર છે. ૧) અત્યંત દ્વેષ રાખનારા ઘર ૨) અત્યંત અનુરાગ ધરાવતા ઘર ૩) ઉપાશ્રયની સમીપ ના ઘર ૪) બહુ મૂલ્ય પદાર્થ તથા વિશિષ્ટ ઔષધિ વગેરે ઉપલબ્ધ થાય તેવાં ઘર. અથવા જે ઘરોમાં સાધુ નિમિત્તે આહારાદિ, વસ્ત્રાદિ, ઔષધિ આદિ અલગ સ્થાપિત કરી રાખવામાં આવે તે પણ સ્થાપના કુળ કહેવાય. બાળ, ગ્લાન, વૃદ્ધ, આચાર્ય, અતિથિમુનિ માટે વિશેષ આવશ્યકતા હોય, ત્યારે ગીતાર્થ બહુશ્રુતમુનિ તે સ્થાપિત કુળમાં ભિક્ષા માટે જાય છે. (એજ. ઉ. ૪, સૂ. ૩૩, પૃ. ૯૮/૯૯).

*૫. અવબદ્ધ પીઠ ફલક = શ્રમણો ચાતુર્માસમાં એક કાષ્ટથી તૈયાર થયેલી પાટ ન મળે તો ઘણા કાષ્ટ ખંડીને દોરા ઈત્યાદિથી બાંધીને તૈયાર કરેલી પાટ વાપરી શકે. તે પાટને પંદર દિવસ પડિલેહણ ન કરે તો 'અવબદ્ધ પીઠ ફલગ' કહેવાય અથવા વારંવાર શયન કરવા માટે નિત્ય સંથારો પાથરી જ રાખે કે તદ્દન સંથારો પાથરે જ નહિ. આ સર્વ અવબદ્ધ પીઠ ફલગ કહેવાય. (શ્રી પ્રવચન સારોદ્ધાર ભા. ૧, પૃ. ૪૮)

અપૂર્ણ રીતે કરે...૬૬૩

જેમ શેરડીના સાંઠાનું બનાવેલું ધોસરું (નબળું હોવાથી) ભાંગી જાય છે, તેમ ગુરુના વચનોને તે વચ્ચેથી જ તોડી (મરડી) નાંખે છે. અર્થાત્ ગુરુ સમક્ષ ઉદ્ધતાઈપૂર્વક બોલે છે. તેને દેશ ઉસન્નો કહેવાય. તેમને વંદન કરવાથી વિશેષ કોઈ લાભ થતો નથી...૬૬૪

## ત્રીજા - કુશીલ કુગુરુ

- દુહા - ૪૩ -

કુસીલીઉં ત્રીજો કહ્યું, તેહના ત્રણ્ય પ્રકાર,
જ્ઞાન દરીસણુ સંયમી, ત્રણે ભેદ અપાર ...૬૬૫

અર્થ: કુશીલ એ ત્રીજા નંબરના શિથિલાચારી સાધુ છે. તેમના ત્રણ પ્રકાર છે. જ્ઞાન કુશીલ, દર્શન કુશીલ, ચારિત્ર કુશીલ. આ ત્રણ પ્રકારના પણ ઘણા ભેદ છે...૬૬૫

પાર્શ્વસ્થ (પાસત્થા) તથા અવસન્ન (ઓસન્ન) નું સ્વરૂપ દર્શાવી કવિ હવે ત્રીજા શિથિલાચારી કુગુરુ 'કુશીલ' નું સ્વરૂપ દર્શાવે છે.

## જ્ઞાનકુશીલ કુગુરુ

(ઢાળ : ૩૬ મિગલ માતા રે વનમાંહિ વસઈ. રાગ : મેવાડો)

આઠ અતીચાર જે જગી જ્ઞાનના, તે નવી ટાલિ અજાણ,
ન્યાન વરાધિ તે નર નહી ભલા, તેહનું કસ્યું રે વખાંણ
આઠ અતીચાર જે જગી ન્યાનના આંચલી ...૬૬૬
પ્રથમઅતીચાર સૂણયો સહૂં વલી, ભણતો જેહ અકાલિ,
ઓછો અધિકો કે અર્થ અખ્યર કહઈ, નાખિ સંયમબોલ...આઠ૦ ...૬૬૭
અવ્યનિ કરતો રે મુરખય ગુરુતણો, વલી દે તો ઉપમાન,
આપ તણો ગુરુગરભિં ઓલવિ, નવહિ યોગ ઉપધાન...આઠ૦ ...૬૬૮
કાજો કાઢી તે નવ્યઉં ધરઈ, ભણતો ઉપદેશ માલ,
સૂત્ર સીધાંતનિં જે થીવરાવલી, પઠતો મૂરખય બાલ...આઠ૦ ...૬૬૯
જ્ઞાન તણો દ્રવ્ય ભક્ષત જે કરિ, કરિ ઉપેક્ષત જેહ,
જ્ઞાનો પગર્ણ ચાપિ પગ તલિ, જ્ઞાન કુસીલીઓ તેહ...આઠ૦ ...૬૭૦
થૂંકિં અખ્યર મૂરખય માંજતો, શાહાસિં મૂખનો રે સાસ,
ભણતો દેખી રે બોબડ તોતલો, કરતો તેહની હાંસ....આઠ૦ ...૬૭૧
જ્ઞાનવંતની રે કરઈ આશાતના, નિં સૂણતાં અંતર રાય,
મછર મનમાંહાં રે દ્વેષ ધરી કરી, જ્ઞાન કુસીલીઓ થાય....આઠ૦ ...૬૭૨

અર્થ: કુશીલ સાધુ જ્ઞાનના આઠ અતિચારમાં અજ્ઞાનતાને કારણે દોષ લગાડે છે. (તેઓ દોષોનો ત્યાગ કરતા

નથી) જ્ઞાનની વિરાધના કરનાર વ્યક્તિને ભલા ન કહેવાય. તેમની કેવી પ્રશંસા?...૬૬૬

જ્ઞાનના આઠ અતિચાર છે. તેમાંથી પ્રથમ અતિચાર સહુ સાંભળો. જે અકાળે સ્વાધ્યાય કરે,(સ્વાધ્યાય કરતાં) અક્ષરો ઓછાં કે અધિક ભણે, તેઓ સંયમને બાળી નાંખે છે અર્થાત્ સંયમનો નાશ કરે છે...૬૬૭

વળી તે મૂર્ખ જ્ઞાન ભણતાં ગુરુનો અવિનય કરે છે. ગુરુને ઉપાલંભ આપે છે. જ્ઞાનદાતા ઉપકારી ગુરુના ઉપકારને છૂપાવે છે (ઓળવે છે) તેમજ યોગની એકાગ્રતા વિના કે તપ વિના ભણે છે...૬૬૮

તે મૂર્ખ અભિમાનરૂપી કચરો કાઢ્યા વિના જ ઉપદેશમાલા,સૂત્ર સિદ્ધાંત તેમજ સ્થવીરાવલી આદિ શાસ્ત્રોનું અધ્યયન મૂઢપણે કરે છે...૬૬૯

જે જ્ઞાન ભંડારના દ્રવ્યોનું ભક્ષણ કરે છે, તેમજ તેની ઉપેક્ષા કરે છે. વળી જ્ઞાનના સાધનો ઉપર પગ મૂકી ચાલે છે; તે જ્ઞાનકુશીલ કહેવાય...૬૭૦

તે મૂર્ખ થૂંક વડે અક્ષરોને ભૂંસતો, શાસ્ત્ર (સિદ્ધાંતના પુસ્તકો)પર થૂંક ફેંકતો (અર્થાત્ ઉઘાડે મોઢે સિદ્ધાંત વાંચવાથી) તેમજ કોઈ જીભથી તોતડું બોલી અભ્યાસ કરતો હોય તેની મશ્કરી કરે છે...૬૭૧

જ્ઞાનીની આશાતના કરવાથી, તેમની નિંદા સાંભળવાથી, તેમને જ્ઞાનમાં અંતરાય પાડવાથી, જ્ઞાનનું અભિમાન કરવાથી, જ્ઞાની પર દ્વેષ કરવાથી જ્ઞાનકુશીલ કહેવાય છે...૬૭૨

### દર્શનકુશીલ

- દુહા - ૪૪ -

**ભાખ્યો જ્ઞાન કુસીલીઉં, દરશણ બીજ કુસીલ,**
**શ્રીદેવ ગુરુધર્મ જ વીષિ, શંકા વહિ અકલીણ** ...૬૭૩
**સંક્યા ધર્મ તણુંઈ ફલિં, સાધર્મિક નંદાય;**
**પ્રભાવના મીથ્યાતની, દેખી આનંદ થાય** ...૬૭૪
**શાસન દ્રવ્ય વણાસતો, નવી કરતો પડીલેહેણ,**
**આશાતના જિન ગુર તણી, જાણી કરતો તેણ** ...૬૭૫

અર્થ : જ્ઞાન કુશીલનું સ્વરૂપ દર્શાવ્યું હવે બીજા દર્શન કુશીલનું સ્વરૂપ કહું છું. સુદેવ, સુગુરુ અને સુધર્મને વિષે અજ્ઞાનતાને કારણે તે શંકાશીલ રહે છે...૬૭૩

તે સત્ય ધર્મના ફળને વિષે સંશયશીલ રહે છે. સાધર્મિકની નિંદા કરે છે. મિથ્યાત્વની અનુમોદના કરે છે. મિથ્યાત્વીની પ્રભાવના થતી જોઈ તે આનંદિત બને છે...૬૭૪

તે સંઘનું દ્રવ્ય ભંડોળ વ્યય કરે છે તેમજ (સંયમની ક્રિયા જેવી કે) પડિલેહણ ઈત્યાદિ કરતો નથી. જૈન શ્રમણ અથવા પોતાના ગુરુની જાણી જોઈને (ઈરાદાપૂર્વક) આશાતના કરે છે...૬૭૫

## આશાતના - તેત્રીસ પ્રકાર[૯૭]

(ઢાળ : ૩૭. યૌવન વય પ્રભુ આવીઓ.)

આશાતના જાણી કરઈએ, ગત્ય ચ્યારમ્હાં નર તે ફરઈએ,
અભીગૃહિ ગુરૂંતણો છિ અતીએ, અતુઠ હાથ રહિ શ્રાવક જતી એ,
સાધવી શ્રાવિકા સાથ એ, તે વેગલાં રહિ તેર હાથ એ ...૬૭૬
અભીગૃહિમાં ઊભો રહિએ, આગલી બિસિ આગલી વહિએ,
એણી પરિ પાસિ પૂઠલિં એ, નવ આશાતના ત્રણ ગમમલિંએ ...૬૭૭
ઠંડીલ જાઈ ગુરૂસાથી એ, પહિલું પાણી લિ હાથી એ,
ગમણા ગમણ વલી જેહ એ, ગુરૂપહિલો આલોઈ તેહ એ ...૬૭૮
બારમી આશાતના એ અતીએ, જાગતા નવી બોલિ જે જતીએ,
ગુરૂભગતિં આવિ કોય એ, પહિલું બોલાવિ સોય એ ...૬૭૯
ભાત ભલૂં છિ જેહ એ, ન દેખાડિ ગુરૂનિં તેહ એ,
ભાત પાણી આણ્યું જોય એ, પહિલું તે નવ્યં આલોય એ ...૬૮૦
આમંત્રણ ગુરૂનિં નહી એ, નોહોત્તર ઋષી બીજઈનિં તહીએ,
ગુરૂનો આદેસ નવ્ય લીઈ એ, અન્ન પાણી આપ વહિંચી દીઈએ ...૬૮૧
ગુરૂ લિ ભૂડો આહાર એ, પોતે પાસિં લિ સાર એ,
બોલાવ્યો બોલિ નહી એ, કર્કશ વચન ભાખિ તહી એ ...૬૮૨
વચનમાંનિં મૂઢ એ, બોલાવિ હેલતો હૂંડ એ,
જઈ પૂછિ ગુરુનિં કામએ, સ્યુ કુહુછઉ બોલઈ તાંમએ ...૬૮૩
નીજ ગુરૂતેડિ કામ્ય એ, બિઠો ઉત્તર આપિ ઠામ્ય એ,
ગુરૂકહિ પ્રેમકરી ઘણું એ, વયાવચ કરો ગલાણં જ તણૂંએ ...૬૮૪
કરો વલી (અ) વયાવચ ગુરૂતમ્યો એ, સષ્ય કહઈ સમઝ નહી ગુરૂઅમ્યો એ,
હીત સીષ્યા કાંઈ નવ્ય સખઈએ, અણ સાંભલતો સ્યુંન્ય થઈ રહિએ ...૬૮૫
ગુરૂદે તે જીવ ઉપદેસ એ, ખોટો અરથ કહ્યો લવલેસ એ,
બઈઠો પોકારિ ત્યાહ એ, ગુરૂઅર્થ વીસારયો કાંય એ ...૬૮૬
ભાજઈ ધર્મકથા ગુરૂજી તણીએ, વચિં વાત ચલાવિ આપણી એ,
ગુરૂકહિ જવ અરથ વીચાર એ, સત્ય કહિં ઉઠો હૂઈ વાર એ ...૬૮૭
ગુરૂંઈ કીધૂં જેહ વખાંણ એ, તે વ્યવરી કહઈ હોઈ જાંણ્ય એ,
ગુરૂકામલી પાતરા જેહ એ, પોતિ વાવરતો તેહ એ ...૬૮૮
ગુરૂબઈસઈ લગવિ પાય એ, એકત્રીસ આશાતના થાય એ,
ગુરૂસમઆસણ્ય બિસતો એ, વળી સર્ખા વસ્તર પહિરતો એ ...૬૮૯

**બિસતો ઊંચિ આસણિં એ, સખ્ય ઊંચાં ચીવર પહિરાણિં એ,**
**આશાતના વલી એ કહીએ, તેતરીસિ પૂરીએ થઈએ ...૬૭૦**

અર્થ: જે મનુષ્ય આશાતના જાણવા છતાં તેનું સેવન કરે છે, તે ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. અભિગ્રહધારી મુનિ શ્રેષ્ઠ છે. એવા શ્રમણને વહોરાવ્યા વિના શ્રાવકના હાથ અતુઠ (અપવિત્ર) રહે છે. તે શ્રમણ સાધ્વીજીઓ અને શ્રાવિકાઓની સાથે ન રહેતાં તેનાથી તેર હાથ દૂર રહે છે...૬૭૬

(કવિ તેત્રીસ આશાતના કહે છે) ગુરુની આગળ, પાછળ અને પડખે (side - બાજુમાં) ઊભા રહેતાં, બેસતાં અને ચાલતાં[9] એમ નવ પ્રકારે આશાતના થાય...૬૭૭

[10] ગુરુની સાથે સ્થંડિલ ભૂમિએ જતાં શિષ્ય આચાર્યની પહેલાં હાથમાં પાણી લઈ આચમન (પગ સાફ) કરે તેમજ [11]સ્થંડિલ ભૂમિ આદિ બહારથી આવેલ ગુરુની પહેલાં જ શિષ્ય ગમનાગમન વિષયક આલોચના કરે...૬૭૮

[12]રાત્રિના સમયે જાગતો હોવા છતાં ગુરુના બોલાવ્યા છતાં શિષ્ય બોલતો નથી, એ બારમી આશાતના છે. [13]કોઈ ગુરુભક્ત આવે, તેની સાથે ગુરુ વાર્તાલાપ કરે તે પહેલાં જ પોતે તેમની સાથે વાતો કરવા લાગે...૬૭૯

[14]શિષ્ય અન્નાદિરૂપ જે ભિક્ષા લાવ્યો હોય તે ગુરુને પ્રથમ ન દેખાડે તેમજ [15] (અન્ન, પાણી, મેવા-મિઠાઈ, મુખવાસ) ભિક્ષા લાવ્યા હોય તે પહેલાં બીજા કોઈ પણ શિષ્ય પાસે આલોચે, પણ પ્રથમ ગુરુ પાસે ન આલોચે...૬૮૦

[16]ભિક્ષા લાવીને ગુરુને પૂછ્યા વિના પહેલાં નાનાં શિષ્યોને આમંત્રણ આપે પછી ગુરુને કહે. વળી [17]ગુરુની આજ્ઞા વિના જ ગોચરી (ભિક્ષા) પોતાની મેળે વહેંચી આપે...૬૮૧

[18]ગુરુને વધેલો (થોડો) આહાર આપે અને પોતે સારો (ઘણો) આહાર લે. તેમજ [19]ગુરુ બોલાવે, ત્યારે બોલે નહીં અને કર્કશ વચન દ્વારા ગુરુનું અપમાન કરે...૬૮૨

[20]શિષ્ય ગુરુનાં વચનનો અનાદર કરે. ગુરુ બોલાવે, ત્યારે તેમની અવહેલના કરે. તેમજ [21]''શું કામ છે ? તમે શું કહો છો ?'' એવું પૂછી ગુરુનો અવિનય કરે...૬૮૩

[22]ગુરુ શિષ્યને પોતાના કાર્ય માટે બોલાવે, ત્યારે આસન ઉપર બેઠાં બેઠાં જ શિષ્ય ઉત્તર આપે. [23]ગુરુ તેને પ્રેમપૂર્વક સમજાવે કે ગ્લાન (રોગી) ની વૈયાવચ્ચ કરો...૬૮૪

[24](ત્યારે શિષ્ય ગુરુને પ્રત્યુત્તર આપતાં કહે કે) 'તમે જ સેવા કરો.' વળી એવું પણ કહે કે 'આ ગુરુ અમને સમજતાં જ નથી.' ગુરુની હિતશિક્ષા શિષ્ય હૃદયે ધરતો નથી. [25]તેમનાં વચનો સાંભળતો નથી તેથી શૂન્ય થઈ રહે છે. (અર્થાત્ અજ્ઞાની, મૂઢ થઈ રહે છે.)...૬૮૫

[26]ગુરુ જ્યારે પર્ષદાને ઉપદેશ આપે, ત્યારે શિષ્ય વચ્ચે જ કહે કે, ''આ અર્થ આ પ્રમાણે થતો નથી. તમે ખોટો અર્થ કહ્યો છે. તમે સાચો અર્થ કરવાનું ભૂલી ગયા છો.'' એવું મોટેથી બોલે...૬૮૬

[27]ગુરુ જ્યારે ધર્મકથા કહે, ત્યારે વચ્ચે પોતાની વાત ચલાવી ધર્મકથા ભેદ કરી (અલગ રીતે) સારી રીતે કહે. [28] ગુરુના તત્ત્વજ્ઞાન સભર વ્યાખ્યાન દ્વારા પર્ષદા પ્રસન્ન થાય, ત્યારે વચ્ચે જ શિષ્ય ગુરુને કહે કે, ''હવે ઉઠો સમય થઈ ગયો છે.'' આ પ્રમાણે વ્યાખ્યાન સભાનો ભંગ કરે...૬૮૭

[29]ગુરુના સુંદર વ્યાખ્યાનની પ્રશંસા ન કરે. ''આ તો વ્યવહારિક છે, જાણીતું છે; તેમ બોલે.'' [30]ગુરુના કામળી અને પાતરા તેમની રજા વિના વાપરે...૯૮૮

[31]ગુરુના સંથારા (શય્યા) ને પગ લગાડે. એ એકત્રીશ આશાતના થઈ. [32]ગુરુની સમાન આસને બેસે અને સરખાં વસ્ત્ર પહેરે...૯૮૯

[33]ગુરુની સમક્ષ શિષ્ય ઊંચા આસને બેસે, ઘૂંટણથી ઉપર વસ્ત્ર પહેરે તો આશાતના કહેવાય. આ રીતે તેત્રીસ આશાતના પૂર્ણ થઈ...૯૯૦

- દુહા - ૪૫ -

તેત્રીસિ આશાતના, કરતો ગુરૂની જેહ,
શંકાશલ મનમ્હાં ધરઈ, દરસણ કુંસીલીઉં તે એ ...૯૯૧
ત્રીજો ચારીત્ર કુસીલીઉ, સંયમકરઈ ખોઆર,
પંચ સૂમતિ ત્રણ્ય ગુપતિ સ્યુ, વલી વિરાધનહાર ...૯૯૨

અર્થ: ઉપર દર્શાવેલ તેત્રીસ પ્રકારની ગુરુની આશાતના કરનાર સત્ય ધર્મ વિષે શંકાશીલ રહેનાર દર્શન કુશીલ કહેવાય છે...૯૯૧

(જ્ઞાન કુશીલ, દર્શન કુશીલ) હવે ત્રીજો ચારિત્ર કુશીલ છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું યથાર્થપણે પાલન ન કરતાં, તેમાં દોષ લગાડી સંયમનો નાશ કરે છે....૯૯૨

## ચારિત્રકુશીલ

(ઢાળ : ૩૮ દેશી : રામભણિ હરી ઊઠીઈ, રાગ : રામગિરી)

ચારિત્ર સોય વીરાધતો, ઈર્યા ખંડણહાર રે,
નીધંસ પણઈ મૂની ચાલતો, ન કરઈ જીવની સાર રે,
ચારીત્ર સોય વીરાધતો : આંચલી ...૯૯૩
ભાષા સૂમતિ તે ભાંજતો, બોલિ કઠણ તે વાણ્ય રે,
એક કોરય ઈ હિસીઅ લાખની, વચનિ માંનવ હાંણ્ય રે... ચારીત્ર૦ ...૯૯૪
વચન તે માંહિં રે વીષ વસઈ, અમૃત તેહનિં પાસ રે,
બોલંતાં મૂખ્ય આવડઈ, હુઈ સહૂનિં ઉહોંલાસ રે...ચારીત્ર૦ ...૯૯૫
ત્રીજી સૂમતિ તે એષણા, ન લીઈ સ્યુધ તે આહાર રે,
દોષ બિહિ તાલીસ લાગતા, અંગિં હુઈ અતીચાર રે...ચારીત્ર૦ ...૯૯૬
આદાંન નીક્ષેપણા કહ્યું, ચોથી સૂમતિ તે સાર રે,
જતન ન લેતાં રે મૂકતાં, પાતિગ હોય અપાર રે...ચારીત્ર૦ ...૯૯૭
પારીષ્ઠાપનીક રે પાંચમી, સૂમતિ વીરાધતો જેહ રે,
વણ જતનાયિં રે પરઠવઈ, ચારીત્ર કુંસીલીઉં તેહ રે...ચારીત્ર૦ ...૯૯૮

ત્રણ્ય ગુપતિ રે રાખિ નહી, મનમ્હાં આલપંપાલ રે,
બિઠો પાતિગ ગુંથતો, (જ) યમમાછી મછ જાલ રે...ચારીત્ર૦ ...૬૯૯
બીજી ગુપતિ વીરાધતો, જીવ્હા ન રહિ તે વારય રે,
મૂની અણ સમઝં રે બોલતો, તેણિ બહૂ ભમતો સંસારય રે...ચારીત્ર૦ ...૭૦૦
ત્રીજી ગુપતિ વીરાધતો, અંદ્રી તન નહી ઠારય રે,
સંયમસોય વીરધતો, ફરતો ચોગત્ય મઝારય રે...ચારીત્ર૦ ...૭૦૧
મન વચન કાયાયિં રે ચૂકી ઉં, પૂડરીક કેરડો ભ્રાત રે,
પંચ સૂમતિ રે છંડી કરી, કુંડરીક નર્ગમ્હાં જાત રે, ચારીત્ર સોય વીરાધતા. ...૭૦૨

અર્થ : (ચારિત્ર કુશીલ મુનિ) ચારિત્રની વિરાધના કરે છે. તે ઈર્યા સમિતિનું ખંડન કરે છે. જીવદયા વિના તે નિર્દયપણે ચાલે છે. કોઈ પણ જીવની યત્ના કરતો નથી. આ પ્રમાણે તે ચારિત્રની વિરાધના કરે છે...૬૯૩

કઠોર ભાષા બોલનાર ભાષા સમિતિનો નાશ કરે છે. એક બાજુ કોઈ મનુષ્યની હાંસી (ઠઠ્ઠા મશ્કરી) કરવી, તે લાખો માણસોની હિંસા કરવા બરોબર છે...૬૯૪

તેના વચનોમાં ઝેર ભરેલું છે. જેનાં વચનો અમૃત તુલ્ય મીઠાં છે અને જેને મૃદુતાપૂર્વક બોલતાં આવડે છે, તેના વચનોથી સર્વ આનંદ અનુભવે છે. (આ બીજી ભાષા સમિતિ છે.)...૬૯૫

ત્રીજી એષણા સમિતિ છે. જે શિથિલાચારી સાધુ શુદ્ધ, નિર્દોષ આહાર લેતાં નથી, તે ગોચરીના બેંતાલીસ દોષ લગાડી સંયમજીવનમાં અતિચાર લગાડે છે...૬૯૬

ચોથી આદાન નિક્ષેપણ સમિતિ છે. સંયમની ઉપધિઓ લેતાં અને મૂકતાં યત્ના-જયણા ન રાખવાથી પાપ કર્મ બંધાય છે...૬૯૭

પારિષ્ઠાપનિકા એ પાંચમી સમિતિ છે. યત્ના વિના અનુપયોગી વસ્તુને પરઠવાથી વિરાધના થાય છે. આ પ્રમાણે ચારિત્ર કુશીલ સમિતિમાં દોષ લગાડે છે...૬૯૮

જેમ માછીમાર પોતાની જાળમાં માછલાં ભરે છે, તેમ ચારિત્ર કુશીલ ત્રણ ગુપ્તિના યથાર્થ પાલન વિના તેમજ મનની અત્યંત સક્રિયતાથી (વાસનાઓની આળપંપાળથી) કર્મોને આત્મા સાથે બાંધે છે...૬૯૯

તેણે પોતાની જીભ પર નિયંત્રણ ન કર્યું, તેથી જેમ તેમ બોલી બીજી વચન ગુપ્તિની વિરાધના કરી મુનિ અનંત સંસાર ભટકે છે ....૭૦૦

તેણે શરીર અને ઈન્દ્રિયોને વશમાં ન રાખી, તેથી સંયમની વિરાધના થઈ. આ પ્રમાણે કાયગુપ્તિમાં દોષ લગાડવાથી તે ચતુર્ગતિમાં ફરતો રહ્યો...૭૦૧

પુંડરીક રાજાનો ભાઈ કુંડરીક (શ્રમણ હોવા છતાં) મન, વચન, કાયાનું નિયંત્રણ ન કરી શક્યો તેથી તે ભૂલ્યો. તેણે પાંચ સમિતિને છોડી દીધી. ચારિત્રની વિરાધના કરી તે નરકમાં ગયો...૭૦૨

- દુહા -૪૬ -

ચારીત્ર આપ વીરાધતો, ત્રીજો જેહ કુસીલ,
સંસકતો ચોથો તજી, જે નર પામી લીલ ...૭૦૩

અર્થ : ત્રીજા શિથિલાચારી કુશીલ સાધુ છે, જે ચારિત્રની વિરાધના કરે છે. જ્યારે ચોથા સંસકતા નામના કુગુરુ છે, તેઓનો ત્યાગ કરનાર સુખી થાય છે...૭૦૩

કવિ ઋષભદાસ ત્રીજા કુશીલ સાધુનાં ભેદ અને સ્વરૂપ દર્શાવી હવે ચોથા સંસક્ત નામના શિથિલાચારી સાધુ વિષે જણાવે છે.

### ચોથા કુગુરુ - 'સંસક્ત'
(ઢાળ : ૩૯ પ્રણમી તુમસીમંધરુજી.)

સંસક્તો ચાથો (ચોથો)' કહ્યું જી, તે માઠો રીષ્ય રાય,
જારિ જેહેવાંનિ મલઈજી, ત્યારિ તેહેવો થાય ...૭૦૪
મૂનીસ્વર સંયમકરતો ખોઆર, અસ્યા પૂર્ષનિં વાંદતાંજી,
નહી તુંઝ પૂણ્ય લગાર, મૂનીસ્વર સંયમકરતો ખોઆર...આંચલી૦ ...૭૦૫
ગ્યવરી ભાત માંહિં વલીજી, દીસિ વસ્ત અનેક,
સોય સરીખા મૂનરજી, સંયમનહીં ત્યાહાં રેખ...મૂની૦ ...૭૦૬
નાટકીઆની પરિં વલીજી, ધરતો નવ નવ રુપ,
પાર ન પામઈ ભવ તણોજી, લહિ ચોગત્યના કુંપ...મૂની૦ ...૭૦૭
રુપ ફેરવિ રાયપરિંજી, ફટક રત્ન પરમાણ,
શાંમવસ્ત ઉપરિં ધરયોજી, કાલો દીસિ પાંહાંણ...મૂની૦ ...૭૦૮
કુપરખ નરનિં મૂનિ મલિજી, કરતો પાપ જંજાલ,
મૂનીવર મૂલિં ગુણ ગયાજી, ઉત્તર ગુણ વીસરાલ...મૂની૦ ...૭૦૯
સંસક્તા મૂનીવર તંણાજી, ભાખ્યા દોય પ્રકાર,
સંસક્તો સકલીષ્ટ સહીજી, તેમ્હાં નહી આચાર.. મૂની૦ ...૭૧૦
પાંચિ આશવ મોકલોજી, આવિ પાતિગ જોય,
ગર્વ ત્રણે રષ્ય કરિજી, રસ રીધ્ય શાતા સોય..મૂની૦ ...૭૧૧
વીગથી પણ્ય કરતો ઘણીજી, કયરીઆ નહી લવલેસ,
સંયમમુક્યું વેગલૂં જી, પતિગના ઉપદેસ...મૂનિ૦ ...૭૧૨
બીજો સંસક્તો કહ્યું જી, નામિંતે અસકલીષ્ટ,
યારિ જેહેવામ્હાં મલિજી, ત્યારિ તેહવી દ્રીષ્ટ...મૂનિ૦ ...૭૧૩
પાંચિ માાઠાનિં મલિજી, ત્યારિ માઠો રે થાય,
સંવેગી નરનિં મલિજી, તવ રુંઅડો રષ્યરાય...મૂનિ૦ ...૭૧૪
જથાછંદો તે પાંચમોજી, આદરિ તેહ અછૂંત્ર,
સોય અછૂંત્ર પરુપતોજી, મરડિ ટીકાસૂત્ર...મૂનિ૦ ...૭૧૫

કવિ કલપના મન્ય ધણીજી, વીગિ લીઆ નીત્ય સોય,
ત્રણ્હે ગારવ તે કરિજી, ત્યાહાં સમકીત નવ્ય હોય...મૂનિ૦ ...૭૧૬
સોય સીલથી ભ્રઠ થયોજી, બુડિ છિ નીરધાર
સમકીત પામિવેગલૂંજી, પાંચિ પૂર્ષ અસાર...મૂનિ૦ ...૭૧૭
મોક્ષ થકી નાહાસિ સહીજી, દૂરગત્ય ઢૂંકડા થાય,
એહમાં કો મૂની હુઈ ભલોજી, નવ્ય વંદો તસ પાય...મૂનિ૦ ...૭૧૮

અર્થ: સંસક્ત નામનો ચોથો (અંવદનીય) કુસાધુ છે. તે મૂર્ખ મુનિ છે.તે જેવા સાથે મળે, ત્યારે તેના જેવો થાય છે...૭૦૪

તે મુનિવર સંયમનો ઘાત કરે છે. તેવા પુરુષને વંદન કરતાં થોડું પણ પુણ્ય ઉપાર્જન થતું નથી...૭૦૫

ગાયના ખાણમાં અનેક વસ્તુઓ નંખાય છે. તે ગોળ અને ખોળને સમાન ગણે છે, તેમ ગુણ દોષનો વિવેક કર્યા વિનાના આ મુનિવર ગાય જેવા છે. તેથી તેમનું ચારિત્ર અલ્પ પણ શુદ્ધ નથી...૭૦૬

તે નટની જેમ વિવિધ રૂપો ધારણ કરી બહુરૂપી થાય છે. તેઓ ચારે ગતિરૂપી કૂવાઓમાં પરિભ્રમણ કરે છે. તેમના સંસારનો અંત ન આવે...૭૦૭

રાજાની જેમ(રાજા કાચા કાનનો હોવાથી લોકોની વાતમાં ભોળવાઈ લોકોની વાત પ્રમાણે રંગધારણ કરે) તથા સ્ફટિક રત્નની જેમ વિવિધ વર્ણવાળો થાય. સ્ફટિક રત્ન પાસે કાળા રંગનો પત્થર ધરતાં પોતે સફેદ હોવા છતાં કાળો દેખાય છે....૭૦૮

દુષ્ટજનોનો સંસર્ગ કરી મુનિ પોતાના પાપ કર્મની જાળ વધારે છે, તેથી મુનિના મૂળગુણોનો નાશ થાય છે અને ઉત્તર ગુણો પણ દૂષિત થાય છે...૭૦૯

સંસક્તા મુનિના બે પ્રકાર છે. તેમાં સંકલિષ્ટ સંસક્તમાં આચાર ધર્મનું પાલન હોતું નથી...૭૧૦

પ્રાણાતિપાત આદિ પાંચ આશ્રવમાં તે પ્રવૃત્ત હોય છે. તેમની પાપ કર્મની આવક વધુ હોય છે. તેઓ ત્રણ ગારવ (ઋદ્ધિ, રસ, શાતા)માં આસક્ત હોય છે...૭૧૧

તે સ્ત્રીકથા આદિ ચાર વિકથાઓ પણ કરે છે. ધર્મક્રિયાઓ પ્રત્યે તેમને બિલકુલ બહુમાન નથી. તે સંયમ જીવનને એક બાજુ મૂકી અસંયમી જીવન જીવે છે. તેઓ લોકોને પાપનો ઉપદેશ આપે છે...૭૧૨

સંસકતાનો બીજો ભેદ કહું છું. જેનું નામ અસંકલિષ્ટ સંસક્ત છે. જ્યારે જેને મળે, ત્યારે તેના જેવી દૃષ્ટિ તેની થાય...૭૧૩

તે (પાસત્થા આદિ) પાંચે કુસાધુઓને મળે, ત્યારે તેના જેવો અધર્મી (મૂર્ખ) બને અને સંવિગ્ન સાધુઓને મળે, ત્યારે પ્રિયધર્મી (ડાહ્યો, રૂડો) બને...૭૧૪

પાંચમો યથાછંદ નામનો કુગુરુ છે. તે પોતે ઉત્સૂત્રનું સેવન કરે છે અને બીજાને ઉત્સૂત્રની પ્રરૂપણા કરે છે. તે સૂત્રોને તોડી-મરોડી પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે...૭૧૫

પોતાની મતિ વડે પોતાની ઈચ્છા અનુસાર કલ્પના કરે છે. તે વિગયમાં આસક્ત રહે છે. તે ત્રણ ગર્વમાં આનંદ માને છે. યથાછંદ મુનિને સમક્તિ હોતું નથી...૭૧૬

તેઓ ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. તેઓ ચોક્કસપણે સંસાર સાગરમાં ડૂબે છે. તેઓ સમક્તિથી ભ્રષ્ટ થયાં છે. આ પાંચે કુગુરુ અસાર છે...૭૧૭

તેઓ મોક્ષમાર્ગથી દૂર થાય છે અને દુર્ગતિની નજીક આવે છે. તેમાં કોઈ મુનિ સારો પણ હોઈ શકે પરંતુ કુગુરુના ચરણોમાં વંદન કરવાં નહિ...૭૧૮

ચોપાઈ-૧૯

નવ્ય વંદી જિ તેહના પાય, તેમાં મલો તે તેહેવો થાય,
ચંપક માલ ઊંકરડિ પડિ, તે વંઠી મસ્તકિ ક્યમચઢિ. ...૭૧૯
કરઈ ચાલણા સષ્ય વલી જેહ, મૂઝ હઈડઈ નવ્ય આવિ એહ,
વઈડૂર્ય રત્ન સોનામ્હાં રહ્યું, ભાવિકપણૂં ક્યમતેહનું ગયું. ...૭૨૦
'ગુરૂ કહઈ શિલા સાંભલી વા, એક અભાવિક દ્રવ્ય વીખ્યાત,
વઈડૂર્ય રત્નની પરિં જોય, તેનો ભાવ ઉછો નવ્ય હોય. ...૭૨૧
એક ભાવીક છિ દ્રવ્ય સૂસાર, જૂઓ તીલાદીક પરિં અપાર,
પૂષ્ફ સંગતિ સખરો થાય, કંટક મલો કડૂઓ કહિવાય. ...૭૨૨
તિલ સીખો છિ આતમએહ, ભલ્લી સંગતિ સૂદર તેહ,
ભૂંડી સંગતિં ભૂડો થઓ, આંબા લીંબ થડિં ઉગીઓ. ...૭૨૩
મીઠું જલ ખારામાંહાં ભલું, મધૂરપણૂં તવ તેહનું ટલું,
ત્યમમૂની ભલ પંચિમ્હાં હવો, શ્રી જિન કહિ તસ નવ્ય વંદવો. ...૭૨૪
અસ્ય યતીએ પાંચિ કહ્યા, શ્રી આવસ્યક નીરયૂંગતિં કહ્યા,
અસ્યા પૂર્ષનિં છંડિ તેહ, સંવેગી મૂનિ કહીઈ તેહ. ...૭૨૫
સંવેગીની સેવા કરો, બીજૂ ભૂષણ અંગિ ધરો,
તીર્થ સેવા અર્થ એ કહ્યો, દર્શણ સીત્યરી માહિં લહ્યો. ...૭૨૬
ત્રીજું ભૂષણ ભગતી વીચારય, જવ મૂનીવર આવઈ ઘરબારય;
હરખી આદર કરઈ અપાર, જયમકીધો .શ્રેઆંસકુમાર. ...૭૨૭
નીચા નમણો નર ધનસાર, મોહોતિ મૂની ઘૃત આપ્યું સાર;
દેઈ દાંન તીર્થંકર થયો, આદિનાથ જિન પહિલો કહ્યો. ...૭૨૮
મોહોતિં દાન દીઈ નહિસાર, પામ્યો તીર્થંકર અવતાર;
વીનિં કરી પ્રતલાભ્યો વીર, ચંદન બાલો પામી તીર. ...૭૨૯
સંગમઋષિનિં આપી ખીર, હરખ્યાં લોચન જીવ શરીર;
ભતિ કરિ બહૂં આદર કરી, સાલિભદ્ર હુઓ તે ફરી. ...૭૩૦

અર્થ: જેમ ચંપક પુષ્પની માળા સુંદર અને સુગંધી છે પરંતુ ઉકરડે પડવાથી મલિન બને છે. તેવી માળાને મસ્તકે કેવી રીતે ધારણ કરી શકાય? તેમ પાંચે કુસાધુ સાથે રહેનારો તેમના જેવો થાય છે. તેથી વંદનને અયોગ્ય છે...૭૧૯

હે શિષ્ય! કુગુરુની પ્રવૃત્તિ (ચાલણા) મારા હૃદયમાં જરા પણ વસતી નથી (પ્રભાવિત કરતી નથી). વૈદૂર્ય રત્નને સોનામાં જડવાથી તેનો પ્રભાવ શું જતો રહે છે? (તેમ કુગુરુ જિનશાસનમાં હોવા છતાં શું જિનશાસનનો પ્રભાવ જતો રહે છે?)...૭૨૦

(ગુરુ કહે છે) હે ચેલા! એક વાત સાંભળ. એક અપ્રભાવિક દ્રવ્ય તરીકે વૈદૂર્ય રત્ન પ્રખ્યાત છે. (વૈદૂર્ય રત્ન સુવર્ણ સાથે મળવા છતાં તે પ્રમાણે જ રહે છે. તેના પર સુવર્ણની કોઈ અસર થતી નથી. અભાવિક બીજાથી પ્રભાવિત ન થવાથી તેની કિંમત ઓછી થતી નથી...૭૨૧

એક ભાવિક (પ્રભાવિક) દ્રવ્ય છે. જે તલની જેમ પુષ્પની સંગતિથી સુવાસિત બને છે અને કંટકની સંગતિથી કડવો બને છે. (ભાવિક દ્રવ્ય જેની સાથે રહે તેના જેવો થાય)...૭૨૨

જેમ આંબો લીમડાના સંગથી કડવો બને છે, તેમ આત્મા તલ જેવો ભાવિક છે. સારી સંગતિથી તે ગુણવાન બને છે અને ખરાબ સંગતિથી તે દુર્ગુણી બને છે....૭૨૩

નદીનું મીઠું અને મધુર જળ દરિયાના ખારા પાણીના સંગથી પોતાની મધુરતા ગુમાવે છે, તેમ ઉપરોક્ત પાંચ પ્રકારના કુસાધુના સંગે સુસાધુ પણ તેમના જેવો થાય છે; માટે જિનેશ્વરે તેને અવંદનીય કહ્યા છે...૭૨૪

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં ઉપરોક્ત પાંચે પ્રકારના સાધુને અસંયતી (કુસાધુ) કહ્યા છે. તેવા પુરુષનો સંગ ત્યજવા યોગ્ય છે; એવું જ્ઞાની ભગવંતો કહે છે...૭૨૫

સંવેગી મુનિની સેવા કરો. સમક્તિનું બીજું ભૂષણ અંગે ધારણ કરો. દર્શન સમતિમાં તીર્થસેવા એવો અર્થ દર્શાવેલ છે...૭૨૬

સમકિતનું ત્રીજું ભૂષણ ભક્તિ છે. જ્યારે મુનિ ભગવંત ગૃહ દ્વારે પધારે, ત્યારે હર્ષોલ્લાસપૂર્વક તેમનો સત્કાર કરી, તેમનું આહાર આદિ દ્વારા શ્રેયાંસકુમારની જેમ સન્માન કરવું...૭૨૭

ધના સાર્થવાહે વાંકાવળીને (ઉલ્લાસથી), નિઃસ્પૃહભાવે મોટા (શ્રેષ્ઠ) મુનિરાજને ભાવપૂર્વક ઘી વહોરાવ્યું. સુપાત્રદાન આપી તેમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું અને આદિનાથ નામના પ્રથમ તીર્થંકર બન્યા...૭૨૮

નયસાર કઠિયારો નિઃસ્પૃહભાવે મુનિરાજને મોટું દાન આપી તીર્થંકર પદવી પામ્યો. ચંદનબાળાએ વિનયપૂર્વક ભગવાન મહાવીરને આહારદાન આપી સંસારનો અંત આણ્યો...૭૨૯

સંગમે (માસક્ષમણના તપસ્વી) મુનિને પારણામાં ખીર વહોરાવી. તે દાન આપતાં તેને અતિ આનંદ થયો. તેના શરીરના રોમે રોમ પુલકિત થયાં. તેણે આદરપૂર્વક મુનિની ભક્તિ કરી તેથી તે મૃત્યુ પામીને શાલિભદ્ર થયા...૭૩૦

કવિ કડી ૬૫૧ થી ૭૨૬ સુધીમાં તીર્થસેવા નામનું સમકિતનું બીજું ભૂષણ દર્શાવે છે. તેઓ કડી

૬૫૧ થી ૬૫૪માં સંવિજ્ઞ(ગીતાર્થ) ગુરુનો પરિચય કરાવે છે. ત્યાર પછી સિક્કાની બીજી બાજુ દર્શાવી પાસત્થા, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ જેવા શિથિલાચારી ગુરુઓનો પરિચય કરાવે છે.

• તીર્થસેવા:

જેનાથી સંસાર સાગર તરી શકાય તે તીર્થ છે. તીર્થના બે પ્રકાર છે. દ્રવ્ય તીર્થ અને ભાવ તીર્થ.

તીર્થયાત્રા કરવી એ દ્રવ્ય તીર્થ છે,જે સમકિતનું પ્રબળ કારણ છે. અરિહંત તીર્થના સંસ્થાપક છે. તેમણે પ્રતિપાદન કરેલો સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ અથવા પ્રથમ ગણધર એ ભાવ તીર્થ છે. દ્રવ્ય અને ભાવ તીર્થની યાત્રા- ભક્તિ, વિનયાદિરૂપ સેવા કરવાથી સમ્યગ્દર્શન આગાઢ (સ્થિર) થાય છે.[૧૦૦]

સંવિજ્ઞ = મોક્ષ પ્રાપ્તિની તીવ્ર ઝંખના અને તે તરફના પુરુષાર્થવાળા મુમુક્ષુ મુનિનો સંસર્ગ કરવો, તે ભાવ તીર્થ છે. સંવિજ્ઞ મહાત્માઓ સંસારરૂપી વ્યાધિ નાશ કરવા માટે ધન્વંતરી વૈદ્ય જેવા છે. તેઓ ભવ્ય જીવોને સમકિતનું બીજાધાન કરાવે છે. સંવિજ્ઞ મુનિજનોનાં લક્ષણો શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર[૯૮] તથા શ્રી સમ્યક્ત્વ સપ્તતિમાં[૯૯] દર્શાવેલ છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ કહે છે-

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત;

ઈચ્છે છે જે જોગી જન અનંત સુખ સ્વરૂપ, મૂળ શુદ્ધ તે આત્મપદ સયોગી જિન સ્વરૂપ...

સંવિજ્ઞ મુનિ ભવ્ય જીવ માટે સમકિતનું કારણ છે. જયંતી[૧૦૧] શ્રાવિકાએ ભગવાન મહાવીર સાથે ધર્મચર્ચા કરી. આર્દ્રક મુનિ સાથે પાંચ મતવાદીઓએ ચર્ચા કરી. (૧) ગોશાલક (૨) બૌદ્ધ ભિક્ષુ (૩) વેદવાદી બ્રાહ્મણ (૪) સાંખ્યમતવાદી એક દંડી (૫) હસ્તિતાપસ. આર્દ્રક મુનિએ જૈન સિદ્ધાંત અનુસાર ઉત્તર આપી સત્યમાર્ગનું પ્રતિપાદન કર્યું. જેમ શંખિયા, પારો, સોમલ, ખાર વગેરે ઝેરી પદાર્થોને યોગ્ય વૈદ્ય રસાયણ દ્વારા સંજીવની જડીબુટ્ટીના રૂપમાં ફેરવે છે, તેમ સંવિજ્ઞ મુનિના સંગથી અનાદિનો મિથ્યાત્વરૂપી વિષ-ઝેર, સમ્યગ્દર્શનરૂપી રસાયણ બની સંજીવની જડીબુટ્ટી બને છે.

જેમણે દેહાધ્યાસનો ત્યાગ કર્યો નથી, પાંચ ઈન્દ્રિયના વિષયોને છોડ્યા નથી, અનાસક્ત ભાવ કેળવ્યો નથી પરંતુ પોતાની વાક્ચતુરાઈથી, બાહ્ય આચરણથી ધર્મી બતાવવાનો ઢોંગ કરનારા, હિંસામાં રત સાધુઓથી સાધકનો કદી ઉદ્ધાર ન થાય. જેમ ઘાસલેટ ફ્રીજમાં રહે પણ તેની દાહક શક્તિ નાશ ન પામે, તેમ જેની આસક્તિ છૂટી નથી તેવા સાધુઓ અરણ્યમાં રહે છતાં તેનો મિથ્યાત્વનો સંગ છૂટે નહીં. એવાં જીવો બીજાનું શું કલ્યાણ કરી શકે ?

સત્યધર્મ, શુદ્ધ દેવ અને નિર્ગ્રંથ સાધુ આ ત્રણ પર નિશ્ચલ રાગ એ સંવેગ છે. મોક્ષાર્થી સાધુ હંમેશા માતા સમાન હિતકારી એવી ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિ અને મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિ એ આઠ પ્રવચનમાતાનું શુદ્ધ રીતે પાલન કરે છે. તેઓ દેહાધ્યાસ તોડવા અનિત્ય આદિ બાર ભાવનાઓ ભાવે છે. એવા સુસાધુ સદા વંદનીય છે. સુસાધુનું સ્વરૂપ દર્શાવી કવિ પાસત્થા આદિ પાંચ કુસાધુઓનું સ્વરૂપ દર્શાવે છે.

સંબોધ પ્રકરણમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે -

**पासत्थो ओसन्नो होई कुसीलो तहेव संसक्तो ।[101]**
**अहछंदोवि अ ए ए अवंदणिज्जा जिणमयंमि ॥**

અર્થ : પાસત્થા, અવસન્ન (ઓસન્ન), કુશીલ, સંસક્ત અને યથાછંદ એ પાંચ પ્રકારનાં સાધુઓ અવંદનીય છે. તેમનો સંગ ન કરવો કે તેમનું અનુકરણ ન કરવું.

(૧) પાસત્થા - જેનામાં વાસ્તવિક જ્ઞાનાદિ ગુણો ન હોય, મિથ્યાત્વ વગેરે કર્મબંધના કારણભૂત બંધનમાં રહે તે પાસત્થા છે. તેના બે પ્રકાર છે. સર્વ પાસત્થા અને દેશ પાસત્થા. જે જ્ઞાનાદિ ગુણોની પાસે રહે (જેનામાં એ ગુણો ન હોય) માત્ર વેષધારી હોય તે સર્વ પાસત્થા છે.

જે વિના કારણે શય્યાતર પિંડ, અભ્યાહિત પિંડ (સામેથી લાવેલ આહાર આદિ), રાજપિંડ, નિત્ય પિંડ કે અગ્રપિંડ* વાપરે, અમુક ઘરોની નિશ્રાએ રહે, સ્થાપના કુળોમાંથી વિના કારણે વ્હોરે. સંખડી(જમણવાર) શોધતા રહે અને ગૃહસ્થોની પ્રશંસા કરે, તે દેશ પાસત્થા છે.[103]

સર્વ પાસત્થાના ત્રણ ભેદ છે. (૧) જ્ઞાન પાસત્થા - જ્ઞાનના પુસ્તકો રાખે પણ ઉપયોગ ન કરે. (૨) દર્શન પાસત્થા - ગુરુભક્તિ, સાધુ સત્કાર, આશાતના વર્જન ન સેવે તે દર્શન પાસત્થા. (૩) ચારિત્ર પાસત્થા-રજોહરણ-ઓઘો રાખે પણ પૂંજે, પ્રમાર્જન કરે નહીં તે ચારિત્ર પાસત્થા છે.

પાસત્થાને કેટલાક એકાંત ચારિત્ર રહિત માને છે તે યોગ્ય નથી. જો એમજ હોય તો સર્વ પાસત્થા અને દેશ પાસત્થા એવા ભેદ ન ઘટે. શ્રી નિશીથ ચૂર્ણિ અને શ્રી પ્રવચન સારોદ્ધારની ટીકામાં પાર્શ્વસ્થને સર્વથા ચારિત્ર વિનાનો નહિ પણ મલિન ચારિત્રવાળો કહ્યો છે.[104]

(૨) ઓસન્ન[105] - પ્રમાદના કારણે મોક્ષમાર્ગમાં થાકેલા મુસાફરની જેમ ક્રિયામાં નિરુત્સાહ (દરિદ્રી) હોય તે ઓસન્ન કહેવાય છે. તેના બે પ્રકાર છે. સર્વ ઓસન્ન અને દેશ ઓસન્ન. અવબદ્ધ પીઠફલક અને સ્થાપના ભોજી સર્વ ઓસન્ન શ્રમણ છે. તેઓ વારંવાર શયન કરવા માટે નિત્ય સંથારો પાથરી જ રાખે છે અથવા જે બિલકુલ સંથારો પાથરે જ નહિ. તે સ્થાપનાપિંડ (ગૃહસ્થે સાધુને વહોરાવવા માટે મૂકી રાખેલ ભોજન) તથા પ્રાભૃતિકાપિંડ (સાધુને વહોરાવવાના ઉદ્દેશે રસોઈ વહેલી કે મોડી બનાવે)નો ઉપભોગ કરે છે. સ્થાપના કે પ્રાભૃતિકાપિંડને ગ્રહણ કરનારો 'સ્થાપિતક ભોગી' કહેવાય. આ પ્રમાણે અવબદ્ધપીઠ ફલગ તથા સ્થાપિતક ભોગી તે સર્વથા અવસન્ન કહેવાય. વળી જે પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા, વાચના-પૃચ્છાદિક સ્વાધ્યાય, વસ્ત્ર આદિનું પડિલેહણ, ધ્યાન, ભિક્ષા, ભોજન કે માંડલિનાં કાર્યો જેમ તેમ કરે અથવા ન્યૂનાધિક કરે અથવા ગુરુના કહેવા છતાં ન કરે, ગુરુનો કઠોર શબ્દોથી પ્રતિકાર કરી અવિનય કરે. આ રીતે સાધુ સમાચારીમાં વિકંગાલ હોય, તે દેશ ઓસન્ન કહેવાય છે.

(૩) કુશીલ -જેનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર ખોડખાપણવાળું છે તેને 'કુશીલ' કહેવાય છે.

---

*અગ્રપિંડ = તરત ઉતારેલી ભાત વગેરે નહિ વપરાયેલી સંપૂર્ણ ભરેલી તપેલીમાંથી ઉપરના ભાગમાંથી લેવું તે. (શ્રી નિશીથસૂત્ર, ઉ. ૪, સૂ. ૩૨, પૃ. ૨૭, પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.)

*કાળ, વિનય, બહુમાન, તપ, અનિન્હવણ - જ્ઞાનદાતા ગુરુનું નામછુપાવવું, વ્યંજન (અક્ષરભેદ), અર્થ તથા તદુભય (અક્ષર ભેદ અને અર્થ ભેદ) આ જ્ઞાનના આઠ દોષ છે. (પ્રવચન સારોદ્ધાર ભા. ૧, ગા. ૨૬૭, પૃ. ૧૨૧.)

કુ = ખરાબ, શીલ = આચાર. જેનો આચાર ખરાબ છે, તે કુશીલ કહેવાય. તેના ત્રણ ભેદ છે. (અ) જ્ઞાન કુશીલ (બ) દર્શન કુશીલ (ક) ચારિત્ર કુશીલ.

• જ્ઞાન કુશીલ :- કાળ, વિનય વગેરે જ્ઞાનના આઠ આચારોનો વિરાધક તે જ્ઞાન કુશીલ જાણવો.

જીવનાં છ લક્ષણો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ. જીવનાં આ છ ગુણોમાં જ્ઞાનની પ્રધાનતા છે. વસ્તુનું વિશેષપણે જાણપણું થવું તે જ્ઞાન છે. જ્ઞાન પ્રાપ્તિના મૂળમાં વિનય છે. જેમ જ્ઞાન પ્રાપ્તિ માટે વિનય આવશ્યક છે તેવી જ રીતે ગુરુની નિશ્રામાં, ગુરુનું બહુમાન કરી જ્ઞાન ભણનાર ગુરુકૃપા મેળવે છે. સ્વાધ્યાય કરવા યોગ્ય કાળ અને અકાળનો ઉપયોગ રાખી સ્વાધ્યાય કરવાથી, જ્ઞાન-જ્ઞાની કે જ્ઞાનનાં સાધનોનું બહુમાન કરવાથી, ચિત્તની પ્રસન્નતાપૂર્વક, વિશિષ્ટ પ્રકારનાં તપ સહિત શ્રુતનો અભ્યાસ કરનાર સાધક આત્મ કલ્યાણકારી જ્ઞાન પ્રાપ્ત કરે છે.

મિથ્યાદૃષ્ટિ અચરમાવર્ત કાળના સાધકની જેમ વર્ષોની સાધના કરે છતાં પોતાનાં કર્મો ખપાવી શકે નહીં, પરંતુ સમ્યગ્દૃષ્ટિ કુશળ સાધકની જેમ ક્ષણવારમાં સાધના દ્વારા કર્મોનો ક્ષય કરે છે. જેમ અગ્નિમાં લાકડાં બળતાં ચારે તરફ પ્રકાશ પથરાય, તેમ અનંત કર્મો નષ્ટ થતાં ક્ષણવારમાં કેવળ જ્યોતિનો પ્રકાશ પથરાય છે.

સમ્યગ્દર્શન એક અપૂર્વ અને અલૌકિક જ્યોતિ છે. સૂર્યનો ઉદય સૃષ્ટિને નવું રૂપ, નવી કાંતિ આપે છે, તેમ સમકિતનો આલોક આત્મામાં વિશિષ્ટ જાગૃતિ પ્રદાન કરે છે. તેથી જ્ઞાન આરાધનામાં તત્પર આત્માએ જ્ઞાનના અતિચારોનું સેવન કરવું નહિ.

• દર્શન કુશીલ :- નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના આ દર્શનના આચાર છે. આ આઠ આચારોથી રહિત તે દર્શન કુશીલ છે.[106]

દર્શન કુશીલથી સાવધાન વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે -

सव्वण्णुप्पामण्णा दोसा हु न संति जिणमए केई।[107]
जं अणुवउत्तकहणं अपत्तमासज्ज व हवेज्जा॥

અર્થ : સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ પ્રભુ દ્વારા પ્રવર્તિત જિનધર્મ દોષ રહિત છે. આ ધર્મ સર્વથા શુદ્ધ, પરિપૂર્ણ રૂપથી સત્ય અને ઉપાદેય છે.

અનુપયોગી ગુરુઓના કથનથી જિનશાસનમાં દોષ ઉત્પન્ન થાય છે. જે ધર્મની આચારસંહિતા સુદૃઢ અને શ્રદ્ધાના પાયા પર મંડાયેલી છે, તે ધર્મ લાંબા સમય સુધી પોતાનું મૌલિક અસ્તિત્ત્વ ટકાવી શકે છે. પ્રવ્રજ્યાનું ફળ જ્ઞાન યોગ છે. તેને કોબીનાં ફળ જેવાં આવરણો છે. તે જેમ જેમ તૂટતાં જાય, તેમ તેમ અંધકાર દૂર થાય છે.

અગીતાર્થ, ઉન્માર્ગ ઉપદેશક, અને દુરાચારી સાધુઓની સંગતિ સાધનામાં બાધક બને છે. જેમ માર્ગમાં જતાં લૂંટારાઓનો સાથ દુઃખદાયી બને છે, તેમ મોક્ષમાર્ગમાં આવા સાધુઓનો સંગ વિઘ્નરૂપ બને છે. કુશીલીઓના કારણે નિર્ગ્રંથ પ્રવચનની ગરિમાને કલંક લાગે છે. દર્શન કુશીલ તપ, ત્યાગ, સ્વર્ગ-નરક ઈત્યાદિ બાબતોમાં શંકાશીલ હોય છે. તે ધાર્મિક અનુષ્ઠાનોનું વિધિપૂર્વક, જિનાજ્ઞા પ્રમાણે આચરણ કરતો નથી. તે

પડિલેહણામાં પ્રમાદી હોય છે. મહાપુરુષોના વિશુદ્ધ સંયમ અને ઉગ્રતપને બનાવટી, અસત્ય અને અતિશયોક્તિ પૂર્ણ માની જિનેશ્વર દેવની તેમજ ગુરુની આશાતના કરે છે.

आसातणा णामं नाणादि आयस्स सातणा ।[१०८]

અર્થ : આય + શાતના. આય = પ્રાપ્તિ, શાતના = ખંડન. સમ્યગ્દર્શન આદિ આધ્યાત્મિક ગુણોનું ખંડન જેના દ્વારા થાય તે આશાતના છે.

ગુરુદેવ આદિ પૂજ્ય પુરુષોના અવિનયથી સમ્યગ્દર્શન આદિ સદ્‌ગુણોની આશાતના થાય છે. નવદીક્ષિત, આચાર્ય, ઉપાધ્યાય અને દીક્ષા પર્યાયમાં મોટા હોય, તેઓની આશાતના કરનાર મોક્ષમાર્ગનું ખંડન કરે છે. પ્રસ્તુત તેત્રીસ પ્રકારની આશાતના શ્રી દશાશ્રુત સ્કંધસૂત્રના આધારે સંશોધન કરાયેલ છે. જેમાં શિષ્યના અયોગ્ય વર્તનથી થતી ગુરુજનોની ૩૩ પ્રકારની આશાતનાઓનું નિરૂપણ થયું છે. કવિએ પણ તે જ તેત્રીસ આશાતનાનું કથન કર્યું છે.

• ચારિત્ર કુશીલ :- સંયમનું પર્યાયવાચી નામ ચારિત્ર છે. ચય + રિક્ત = જેના દ્વારા આઠે કર્મોનો નાશ કરવામાં આવે તેને ચારિત્ર કહેવાય. ચારિત્રના બે પ્રકાર છે. ૧) દેશવિરતિ ૨) સર્વવિરતિ. દેશવિરતિ ચારિત્ર ગૃહસ્થને હોય અને સર્વવિરતિ ચારિત્ર સંયમી શ્રમણોને હોય. સર્વવિરતિ ચારિત્ર પણ મૂલગુણ અને ઉત્તરગુણના ભેદથી બે પ્રકારનું છે. પાંચ મહાવ્રત અને રાત્રિ ભોજનના ત્યાગ રૂપ મૂળગુણ છે, જ્યારે ઉત્તરગુણો એ ચાર પિંડ વિશુદ્ધિ, પાંચ સમિતિ, બાર ભાવના, બાર પડિમા, પાંચ ઈન્દ્રિયનો નિરોધ, પચ્ચીસ પ્રકારનું પડિલેહણ, ત્રણ ગુપ્તિ, ચાર અભિગ્રહરૂપ છે. અષ્ટ પ્રવચન માતાએ સંયમની પ્રાથમિક ભૂમિકા છે.

ઈર્યા સમિતિમાં પ્રાણાતિપાત વિરમણવ્રત સમાયેલું છે. બાકીના વ્રતો પ્રાણાતિપાત વિરમણ વ્રતની વાડ સમાન છે. પ્રથમ મહાવ્રતમાં સર્વ વ્રતો સમાઈ જાય છે. પ્રથમ વ્રતમાં સૂક્ષ્મ, બાદર, ત્રસ, સ્થાવર આદિ સર્વ જીવોની હિંસાનો ત્યાગ છે. બીજા મૃષાવાદ વિરમણ વ્રતમાં અસત્યનો ત્યાગ છે. ત્રીજા મહાવ્રતમાં ચોરીનો ત્યાગ છે. ચોથા મહાવ્રતમાં અબ્રહ્મનો ત્યાગ અને પાંચમા વ્રતમાં પરિગ્રહનો ત્યાગ છે. આ સર્વ વ્રતોનો મુખ્ય ઉદ્દેશ જીવોની રક્ષા, દયા અને અનુકંપા છે. સમિતિ અને ગુપ્તિ પણ જીવદયા પર અવલંબે છે.

ઈર્યા સમિતિના પાલનમાં પણ જીવોની અનુકંપા અને દયાના ભાવ નિહિત છે. ભાષા સમિતિ નિરવદ્ય ભાષા બોલવા સ્વરૂપ છે. તેમાં સર્વ ભાષા વ્યવહાર સમાયેલો છે. એષણા સમિતિમાં અન્ન-પાણી, શય્યા, પાટ આદિ સંયમની ઉપધિઓ વિવેકપૂર્વક, અચેત અને નિર્દોષ લેવાની હોય છે. સંયમી સાધકે, શ્રાવકોના ઘરેથી ગાયના ચરવાની માફક થોડું થોડું વહોરવું એવું વિધાન છે. તેમજ સારી કે ખરાબ વસ્તુ પર રાગ-દ્વેષ ન કરવાનું નિર્દેશન એ એષણા સમિતિ છે. આદાન નિક્ષેપણ સમિતિમાં ઉપયોગપૂર્વક પડિલેહણ કરી ઉપધિઓ લેવી, મૂકવી તેમજ પરિષ્ઠાપનિકા સમિતિમાં અશુચિઓને નિર્દોષ ભૂમિમાં ઉપયોગપૂર્વક ત્યાગ કરવા વિશે શાસ્ત્રકારોનું વિધાન છે. પાછળની ત્રણે સમિતિમાં જગતનો સર્વ વ્યવહાર સમાઈ જાય છે. આ ત્રણે સમિતિનો મુખ્ય ઉદ્દેશ જીવદયાનો જ છે. સંયમની સુરક્ષા જીવદયાથી થાય છે. તેથી જ आत्मवत् सर्व भूतेषु ની ભાવના ભાવતા મુનિ

સ્વદયા સાથે પરદયા પણ કરે છે. અષ્ટ પ્રવચનમાતા ચારિત્રરૂપ છે. ચારિત્ર જ્ઞાન-દર્શન વિના ન હોય, તેથી પરમાર્થથી જ્ઞાન, દર્શન અને ચારિત્રથી અતિરિક્ત દ્વાદશાંગી નથી.

**चरणज्ञानयोर्बीजं, यशप्रशम जीवितम् ।**

**तपः श्रुताद्यधिष्ठानं, सद्भिः सद्दर्शनं मतम् ।।**

અર્થ : સમકિત, એ જ્ઞાન અને ચારિત્રનું બીજ છે. વ્રત-મહાવ્રત અને શમ માટે જીવન સ્વરૂપ છે. તપ અને સ્વાધ્યાયનો આશ્રય દાતા છે. સાધુઓએ સમ્યગ્દર્શનને સદ્દર્શન માન્યું છે.

સંબોધપ્રકરણ ગ્રંથમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ ચારિત્ર કુશીલનું સ્વરૂપ કંઈક જુદી રીતે દર્શાવે છે.

**क्रोउय भूईकम्मे, पसिणापसिणे निमित्तमाजीवी ।**[109]

**कक्कुरुयाइलक्खण मुवजीवइ विज्जमंताइं ॥ १६ ॥**

અર્થ : કૌતુક (ચમત્કાર), ભૂતિ કર્મ (તાવ વગેરે બિમારીમાં ચારે દિશામાં મંત્રેલી રાખ-ભસ્મ નાખવી.), પ્રશ્નાપ્રશ્ન (પૂછ્યા વિના કે પૂછવાથી મનના ભાવ વિદ્યાના બળે કહેવા), નિમિત્ત (નિમિત્ત શાસ્ત્રના બળે ત્રણે કાળની વાત કહેવી), આજીવક (જાતિ, કુળ, તપ, શ્રુત, શીલ્પ, કર્મ અને ગણ આ સાત સાથે પોતાની સમાનતા દર્શાવી દાતારને આકર્ષે પછી તેમની પાસેથી આહારાદિ મેળવે), કલ્ક કુરૂકાદિ લક્ષણ (માયાથી બીજાને ઠગવા), વિદ્યા , મંત્ર , લક્ષણ . ઉપરોક્ત કાર્યોના બળે સંયમનો નિર્વાહ કરનારો ચારિત્રકુશીલ કહેવાય છે. જેમ કૃષ્ણ પક્ષનો ચંદ્ર દિવસે દિવસે હીન થાય છે તેમ શિથિલાચારી સાધુ દોષોની પરંપરા વધારી સંયમનો ખુવાર કરે છે.

કવિએ કડી-૬૯૯માં ચારિત્ર કુશીલને માછીમારની ઉપમા આપી છે. માછલાને જાળમાં ફસાવવા માછીમાર કાંટાની આગળ માંસના ટુકડા રાખે છે. અજ્ઞાન માછલું માંસમાં લોલુપ બની ખાવા જાય છે ત્યાં કાંટો ભોંકાતા પીડા પામે છે, તેમ ધર્મના હેતુભૂત સત્કાર્યોનો ત્યાગ કરી અજ્ઞાનીજનો મોહનો અંધાપો ગ્રહણ કરી પાપકર્મથી ભારે બની ચતુર્ગતિમાં પીડા પામે છે.

ઉપદેશમાલા ગ્રંથમાં શ્રી ધર્મદાસ ગણિવર કહે છે -

જે સાધુ સંયમ અંગીકાર કરી ચારિત્ર ક્રિયામાં પ્રમાદી રહે છે તે પરભવમાં કિલ્વિષપણાને (દેવોમાં હલકી જાતિ) પામે છે.[110]

સાધુએ મુખ્યતયા ગુપ્તિમાં જ રહેવાનું હોય છે, પરંતુ દેહના ધર્મ બજાવવા સાધના માર્ગ ટકાવવા સમિતિનો માર્ગ છે. આ સમિતિ અને ગુપ્તિમાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવના સમાયેલી છે. અનાદિકાલીન પાપવાસનાથી બેકાબૂ બનેલા આત્માને યમ-નિયમની રસ્સીમાં બાંધી કાબૂમાં રાખવો તે સંયમ છે. તેના સંદર્ભમાં કવિ પુંડરીક અને કુંડરીકનું દૃષ્ટાંત ટાંકે છે.

[111]કુંડરીક મુનિનો એક હજાર વર્ષનો સંયમ હોવા છતાં મન અને ઈન્દ્રિયોના નિયંત્રણ વિના નિરર્થક બન્યો, જ્યારે પુંડરીક મુનિનો ફક્ત બે દિવસનો અનાસક્ત ભાવ તેમજ શુભ ધ્યાનપૂર્વકનો સંયમ તેમને લાભદાયી બન્યો. પુંડરીક મુનિ આયુષ્ય પૂર્ણ કરી સર્વાર્થસિદ્ધ નામના ઉત્તમ વિમાનમાં ઉત્પન્ન થયા. કુંડરીક મુનિ મૃત્યુ પામી સાતમી નરકે (કનિષ્ઠ સ્થાન) ઉત્પન્ન થયા. પુંડરીક મુનિ આરાધક બન્યા, જ્યારે કુંડરીક મુનિ

વિરાધક બન્યા. તેથી તેઓ ચારિત્ર કુશીલ કહેવાયા.
(૪) સંસક્ત - સંવેગી કે અસંવેગી જે જે સાધુઓ મળે, તેની સાથે તેના જેવો બને (તેના જેવો વર્તાવ કરે); તે સંસક્ત કહેવાય. જે ગુણ અને દોષથી મિશ્ર હોય તે સંસક્ત કહેવાય. પૂર્વાચાર્યો કહે છે -

पासत्थाईएसुं संविग्गेसुं च जत्थ मिलई उ।[112]
तहिं तारिसओ होई, पिअधम्मो अहव इयरो अ ॥१२०॥
सो दुविअप्पो भणिओ जिणेहिं जिहिं जिअरागदोसमोहिं।
एगो य संकिलिट्ठो, असंक्लिट्ठो तहा अण्णो ॥११८॥

અર્થ : સંસક્તમુનિ, પાસત્થા અથવા સંવિગ્ન જનોની સાથે મળે, ત્યારે અનુક્રમે અપ્રિયધર્મી અથવા પ્રિયધર્મી બને. તેના બે પ્રકાર છે. સંકલિષ્ટ સંસક્ત અને અસંકલિષ્ટ સંસક્ત.

જેમ ગાયના ખાણના ટોપલામાં ખોળ, કપાસ, એંઠવાડ અને ચોક્ખું ભોજન બધું જ ભેગું હોય છે, તેમ સંસક્તમાં અહિંસાવ્રત આદિ મૂલગુણો અને પિંડ વિશુદ્ધિ આદિ ઉત્તરગુણો સાથે ઘણા દોષો પણ હોય છે. તેઓ પ્રાણાતિપાત, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ જેવા પાંચે આશ્રવોમાં મગ્ન હોય છે. તેઓ ઋદ્ધિ આદિ ત્રણે પ્રકારના ગર્વ કરનારા હોય છે. તેઓ સ્રી પ્રતિ સેવી અને ગૃહસ્થનાં કાર્યો કરનારા હોય છે. તે સંકલિષ્ટ સંસકત છે. ઉપર કહ્યું, તેમ જેની સાથે ભળે તેના જેવો થાય, તે અસંકલિષ્ટ સંસક્ત કહેવાય છે. સંકલિષ્ટ સંસક્ત ધર્મ રહિત હોય. અસંકલિષ્ટ સંસક્ત ધર્મ પ્રિય હોય. કવિએ અસંસક્ત સાધુઓને નટ, રાજા અને સ્ફટિક રત્નની ઉપમા આપી છે. એકાગ્રતાનો અભાવ, વિવેકદષ્ટિનો અભાવ, તટસ્થતાનો અભાવ તથા 'સંગ તેવો રંગ' જેવા દુર્ગુણોને કારણે અસંસક્ત સાધુઓ ઉત્તમ ધર્મ પ્રાપ્ત કરીને ઉત્તમ ફળથી વંચિત રહે છે.
(૫) યથાછંદ :- પ્રવચન સારોદ્ધારમાં શાસ્ત્રકારે કહ્યું છે -

उस्सुत्त मायरंतो उस्सुत्तं चेव पन्वेमाणो।[113]
एसो उ अहाछंदो इच्छाछेदोत्ति एगट्ठा॥
उस्सुत्त मणुवइढं सच्छदि विगप्पियं अणणुवाई।
परतत्तिपवत्ती तिंत्तिणो य इणमो अहाच्छंदो॥

અર્થ : ગુરુ આજ્ઞા કે આગમની મર્યાદા વિના સર્વ કાર્યોમાં પોતાના અભિપ્રાય પ્રમાણે જેમ ફાવે તેમ વર્તન કરે, તે યથાછંદ જાણવો. ઉત્સૂત્રની પ્રરૂપણા કરનારો, પોતાની બુદ્ધિથી કલ્પેલ, આગમવિરુદ્ધ આચરણ કરનારો, ગૃહસ્થોનાં કાર્યો કરનારો-કરાવનારો તથા પ્રશંસા કરનારો, વારંવાર ગુસ્સે થનારો; યથાછંદ કહેવાય.

ઉપરોક્ત ચોપાઈમાં પાસત્થા આદિ પાંચે શિથિલાચારી સાધુઓને વંદન ન કરવાની કવિએ શીખ આપી છે. તે માટે કવિએ વિવિધ દષ્ટાંતો આપ્યા છે. શ્રી આવશ્યક નિર્યુક્તિમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે-

पासत्थाइ वंदमाणस्स नेव कित्ती न निज्जरा होइ।[114]
कायकिलेसं एमेव, कुणइ तह कम्मबंधं च॥

અર્થ : પાસત્થા આદિને વંદન કરવાથી કીર્તિ વધતી નથી, નિર્જરા થતી નથી. માત્ર કાયકષ્ટ અને વિશેષ કર્મનો

બંધ થાય છે.

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં તેઓના સારા સાધુઓને પણ વંદન ન કરવા કહ્યું છે-

असुइट्ठाणे पडिआ चंपवमाला न कीरई सीसे ।[115]
पासत्थाइठाणेसु वट्टमाणा तह अपुज्जा ॥

અર્થ : અશુચિમાં પડેલી ચંપાના પુષ્પની માળા પણ મસ્તકે ધારણ કરવા લાયક નથી, તેમ પાસત્થા આદિનો સંસર્ગ કરનાર ઉત્તમ સાધુ પણ પૂજવા લાયક[116] નથી. ચાંડાલાદિ હલકાં કુળવાળાની સોબતથી ચૌદ વિદ્યાનો પારગામી પણ નિંદા પામે છે, તેમ પાસત્થા આદિ દુરાચારીઓની સોબતથી સારા સાધુઓ પણ નિંદાપાત્ર બને છે.

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં હરિભદ્રસૂરિ મહારાજ એવું પણ કહે છે - શાસનને નુકશાન થાય તેવા વિશિષ્ટ કારણ સિવાય પાસત્થા વગેરેને વંદન ન કરાય. કોઈ વિશિષ્ટ કારણે માત્ર બાહ્ય દેખાવ માટે દ્રવ્યવંદન કરવાનો નિષેધ નથી પણ સુસાધુ માનીને ભાવપૂર્વક કર્મનિર્જરાના ઉદ્દેશથી વંદન ન કરાય. કોઈ વિશિષ્ટ કારણે બાહ્ય દેખાવ પૂરતું વંદન ન કરવાથી શાસનને નુકશાન થાય વગેરે સ્યાદવાદ્‌ને સમજી એ પાંચેને ગુરુવંદન અપવાદે કરવું જોઈએ.[117]

શ્રી બૃહત્કલ્પ ભાષ્યમાં પણ કહ્યું છે કે-

જેના ઉત્તર ગુણોમાં ઘણાં દૂષણો લાગ્યાં હોય તેમજ વિશિષ્ટ કારણ વિના જ નિષ્કારણ દોષ સેવતો હોય; તેને વંદન ન કરવા.[118]

તેમાં જ આગળ કહ્યું છે કે-

શાસ્ત્ર રહસ્યના જાણકાર, પ્રાવચનિકના અને ગચ્છના ઉપકાર માટે જો ગચ્છાધિપતિ આવશ્યક કારણે સંયમમાં શૈથિલ્ય સેવતા હોય તો તે સાધુ (પુલાક, શાસન માટે ચક્રવર્તીની સેનાનો ચૂરો કરે છે, છતાં સંયમાદિનો અભ્યાસી પુલાક નિર્ગ્રંથ દોષ પામતો નથી) પૂજ્ય સમજવા.[119]

ખાડો ઓળંગનાર વ્યક્તિ નિર્બળ આલંબન પકડે અથવા આલંબન લે જ નહીં તો તે ખાડામાં પડે. તેમ જે વિના કારણે મૂળગુણો તથા ઉત્તરગુણોમાં દોષ સેવે છે, તે સંસારરૂપી ખાડામાં પડે છે.[120] (તીર્થની રક્ષા, જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ, અધ્યયન વગેરે વિશિષ્ટ કારણે દૂષણ સેવનારો સંસારમાં રખડતો નથી.)

તેથી જ પૂર્વાચાર્યોએ કહ્યું છે કે-

દર્શન (સમક્તિ), જ્ઞાન (આચારાંગ આદિ શ્રુત), ચારિત્ર (મૂલ-ઉત્તરગુણો), અનસનાદિ તપ અને અભ્યુત્થાનાદિ વિનય ઈત્યાદિ શ્રી જિનેશ્વરદેવના કહેલા ભાવો પાર્શ્વસ્થ વગેરે સાધુઓમાં પણ જેટલા પ્રમાણમાં હોય તેટલા પ્રમાણમાં પૂજવા એ વિવેક છે.[121]

તેમજ વિશિષ્ટ કારણે તેમને વંદન કરવા વિષે પણ શાસ્ત્રકારો જણાવે છે - બ્રહ્મચર્યાદિ લાંબા સમયનું ચારિત્ર દીર્ઘકાલીન હોય (અથવા વિશાળ શિષ્ય પરિવાર હોય), વિનયવાળા સાધુઓનો સમૂહ જેઓને આજ્ઞાવર્તી હોય, કુલ-ગણ-સંઘના હિતકારી કાર્યો કરનાર હોય, ઉપરાંત સાધુને વિચરવાનાં ક્ષેત્રો તેમને આધિન હોય, તેઓમાં વિષમકાળ(દુષ્કાળ) માં નિર્વાહ કરવાનો ગુણ હોય,સૂત્ર-અર્થ-તદુભયરૂપ આગમ રહસ્યના

જ્ઞાતા હોય; તેવા સાધુઓને વિનય-વંદન કરવું.[122]

"પાસત્થા વગેરે ચારિત્રથી મલિન છે પણ સમકિતથી ભ્રષ્ટ નથી, પ્રભુનો કહેલો સાધુવેષ ધારણ કરનારા છે માટે પૂજ્ય છે" એમ કહી કારણ વિના વંદન કરવું અનુચિત છે. વેશને વંદન કરવાથી જમાલી જેવા નિહ્નવોને વંદન કરવાનો પ્રસંગ આવે.સૂત્રકારોએ અપરિચિત સાધુને સત્કાર, સન્માન કરવાનો નિષેધ કર્યો નથી કારણકે સત્કાર આદિ વિનય ગુણ જોઈ સાધુ સન્માર્ગે આવી શકે તેવી સંભાવના છે. ગુરુવંદન આદિ વ્યવહાર તેમની ઉત્તમતા જોઈ પછી જ કરવો. પરિચિત સાધુ શિથિલાચારી હોય તો સત્કાર પણ ન કરો કારણકે તેમને વંદન કરવાથી શિથિલાચારીના અવગુણો પોષાય છે. છદ્મસ્થપણાને કારણે કુસાધુને સુસાધુ માની ઉપાસના કરે તો કરનારને લાભ છે પણ દૂષણો જોવા છતાં ઉપાસના કરનારનું અહિત થાય છે. તેથી જ અભવ્ય આચાર્ય પણ વંદનને અયોગ્ય છે. પાસત્થા આદિને સહાય કરવાથી શાસનની અપકીર્તિ થાય છે. નિશ્ચયથી જિનેશ્વરની આજ્ઞા વડે જ ચારિત્ર છે. સાવદ્યયોગોના વર્જન થકી યતિધર્મ સર્વોત્તમછે.

કડી ૭૨૧ થી ૭૨૩ નો વિષય કવિએ શ્રી હરિભદ્રસૂરિજી મ. રચિત પંચવસ્તુક ગ્રંથમાંથી લીધો છે.[123]

દ્રવ્ય ભાવિક અને અભાવિક એમ બે પ્રકારે છે. અન્યના સંગની અસર થાય તે ભાવિક દ્રવ્ય. અન્યનો સંગ થવા છતાં જે નિર્લેપ રહે તે અભાવિક દ્રવ્ય. આમ્રવૃક્ષ ભાવિક દ્રવ્ય છે, જ્યારે નલસ્તંભવૃક્ષ અભાવિક છે. વૈદૂર્યમણિ, સુવર્ણ અથવા કાચ સાથે રહેવા છતાં પ્રભાવિત ન થાય કારણકે તે અભાવિક દ્રવ્ય છે. સંસારી જીવ પાસત્થા આદિના સંગથી, તેમના આચરેલ પ્રમાદાદિ ભાવોથી પ્રભાવિત થાય છે, જ્યારે સિદ્ધનો જીવ અભાવિક દ્રવ્ય છે. શુદ્ધ ચારિત્રી સાધુએ પાસત્થા આદિ કુસાધુનો સંગ ન કરવો કારણકે જેમ ખરાબ કેરી સાથે સારી કેરી મૂકવાથી તે પણ ખરાબ બને છે તેમ અહીં સમજવું.

(૩) ભક્તિ: આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે-

भत्ती आयकरणं बहुच्चियं जिणवरिदंम साहूणं ।[124]

અર્થ : જિનેશ્વરદેવ તથા નિર્ગ્રંથ સંતોનો યથોચિત આદર કરવો એ ભક્તિ કહેવાય. તીર્થંકરોને વિધિપૂર્વક વંદન કરવાં, તેમનો આદર કરવો, જિનાજ્ઞાનું પાલન કરવું તે ભક્તિ કહેવાય.

આરાધનાના ત્રણ માર્ગ છે. જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ. આ ત્રણે યોગમાં ભક્તિયોગ સરળ અને સર્વજન પ્રિય છે. શુદ્ધ ભક્તિયોગ આત્મા અને પરમાત્માની એકતા અને તન્મયતા તરફ લઈ જાય છે. આત્માને પરમાત્મા બનાવવાની શક્તિ ભક્તિમાં છે.

આનંદઘનજી મહારાજ કહે છે કે -

જિન સ્વરૂપ થઈ જિન આરાધે તે સહી જિનવર હોવે રે,[125]
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે....ષડ્દર્શન.

અર્થ : જિનેશ્વરની આરાધનામાં (ભક્તિ) તન્મય થવાથી જિન સ્વરૂપ પ્રગટ થાય છે. એક સામાન્ય કીડો પણ ભમરાનું ચિંતન કરતાં ભ્રમરરૂપ થાય છે.

જૈનદર્શનના ષડ્આવશ્યકમાં સમતા પછી ભક્તિને બીજું આવશ્યક બતાવવામાં આવ્યુ છે. ત્યાં જૈન

તીર્થંકરોની સ્તુતિ છે.

ડૉ. શિનિકંઠ મિશ્ર લખે છે કે, "જૈન ધર્મ જ્ઞાન પ્રધાન તેમજ નિવૃત્તિમૂલક ધર્મ છે, છતાં ભક્તિથી તેનો સંબંધ છે. શ્રદ્ધાથી સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનથી મોક્ષપ્રાપ્તિ જૈનાચાર્યને સ્વીકાર્ય છે. જૈનદર્શનમાં મુક્તિ માટે શ્રદ્ધાનું-ભક્તિનું ઘણું મહત્વપૂર્ણ સ્થાન છે."[૧૨૬]

જ્ઞાન-ધ્યાન કે તપની શક્તિઓ કદાચ સ્વપુરુષાર્થથી મળી શકે પરંતુ મળેલી શક્તિઓનું પાચન કરાવી દેતી શક્તિ એકલા ભક્તિયોગમાં છે. ફક્ત સાબુ, ફક્ત અરીઠાં કે ફક્ત સોડા કદી મેલનો નાશ કરી શકતા નથી. એની સાથે પાણી તો જોઈએ જ. પાણી વિના સાબુ કપડાં ઉપર ઘસવાથી નિષ્ફળ જાય છે. જ્ઞાન, ધ્યાન અને તપ એ સાબુ, અરીઠાં અને સોડા જેવા છે. તેમના એકલામાં આત્માની શુદ્ધિ કરવાની તાકાત નથી. તેમની સાથે પરમાત્માની ભક્તિનું પાણી જોઈએ. જેની પાસે ભક્તિ નથી અને જ્ઞાન-ધ્યાન, તપ વગેરે છે; તે એકડા વિનાનાં મીંડાઓ છે. ભક્તિ જ એકડો છે. મીંડા વધારવાની શક્તિ એકડામાં જ છે. જ્યાં ભક્તિ નથી ત્યાં ઘણું બધું હોવા છતાં શૂન્ય બરોબર છે.

ભક્તિ એ મુક્તિનો ભવ્ય રાજમાર્ગ છે, તેથી ભક્તિને મુક્તિની દૂતી કહી છે. ભગવાન મહાવીરની હાજરીમાં એક માત્ર શ્રેણિક મહારાજા જ નહીં બીજા નવ જણાએ ભગવાનની ભક્તિ કરી ઉત્કૃષ્ટ પુણ્ય બાંધ્યું. અરિહંત ભક્તિ ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ હરનારી છે. વિશ્વવ્યાપી યશને ફેલાવનારી છે. ચક્રવર્તીપણું, દેવપણું, અહમિંદ્રપણું, ઈન્દ્રપણું, યોગીન્દ્રપણું અને યાવત્ પરમાત્માપણું આપનારી છે.[૧૨૭] અરિહંત પરમાત્માનો પ્રભાવ અચિંત્ય છે. ભલે અરિહંત રાગ વિનાના હોય, તે ભક્તો પર રીઝતા ન હોય છતાં મુમુક્ષુ તેનું ધ્યાન ધરે છે. તેમના પ્રભાવથી જ સ્વર્ગ કે મોક્ષ મળ્યા વિના રહેતા નથી.

જિનેશ્વર ભગવંતે દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મ દ્વારા ભક્તિ માર્ગ દર્શાવેલ છે. દાનના ચાર પ્રકાર છે. ૧) આહારદાન ૨) ઔષધદાન ૩) ઉપકરણદાન ૪) આવાસદાન.[૧૨૮]

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે -

**विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ।**[૧૨૯]

વિધિ વિશેષ, દ્રવ્ય વિશેષ, દાતૃવિશેષ અને પાત્ર વિશેષથી દાનમાં વિશેષતા હોય છે.

(૧) વિધિ વિશેષ - દેશકાળનું ઉચિતપણું, કલ્પનીય વસ્તુનું અર્પણ ઈત્યાદિ બાબતો વિધિ વિશેષ છે.

(૨) દ્રવ્ય વિશેષ - તપ, સ્વાધ્યાય, વગેરેની વૃદ્ધિમાં કારણ એવા આહારાદિને દ્રવ્યવિશેષ કહે છે.

(૩) દાતૃવિશેષ - શ્રદ્ધા, સંતોષ, ભક્તિ, જ્ઞાન, નિર્લોભતા, ક્ષમા અને સત્ય એ સાત ગુણોથી યુક્ત દાતા હોય.

(૪) પાત્ર વિશેષ - દાન લેવાવાળા રત્નત્રય યુક્ત હોય તો તે પાત્ર કહેવાય છે. સમ્યક્ત્વયુક્ત મુનિ ઉત્તમપાત્ર, દેશવિરતિ શ્રાવક મધ્યમપાત્ર તથા વ્રતરહિત સમ્યગ્દૃષ્ટિ જીવો જઘન્ય પાત્ર છે.[૧૩૦]

જેમ ફળદ્રુપ જમીનમાં વાવેલું નાનું બીજ, યોગ્ય કાળે વિશાલ છાયા અને અનેક ફળોરૂપે ફળે છે તેમ યોગ્ય પાત્રને, આપેલું અલ્પદાન પણ યોગ્ય સમયે જીવને વિશાળ ઐશ્વર્ય, સંપત્તિ અને ઇચ્છાનુસાર અનેક ભોગોપભોગાદિ ફળરૂપે ફળે છે.[૧૩૧]

ઉત્તમપાત્ર એવા મહાવ્રતધારી મુનિ ભગવંતોને ભક્તિભાવપૂર્વક, શુદ્ધ - નિર્દોષ આહાર વહોરાવતાં

પાપ કર્મોનો નાશ થાય છે.[132]

દેવ-ગુરુની ભક્તિ એ લોકોત્તર ભક્તિ છે. પરંપરાએ મોક્ષનું કારણ બને છે. તેના સંદર્ભમાં કવિએ શ્રેયાંસ કુમાર, ધનસાર્થવાહ, નયસાર, ચંદનબાળા અને સંગમનાં દ્રષ્ટાંત આપ્યાં છે.*

- દુહા : ૪૭ -

સાલિભદ્ર નર તેહવો, ભગતિ તણઈ મહીમાય,
ત્રીજૂં ભૂષણ એ કહ્યું, કહઈ ચઉથૂં જિનરાય ...૭૩૧

અર્થ: ગુરુભક્તિના પ્રભાવથી (સંગમભરવાડનો જીવ) શાલિભદ્ર નામનો શ્રેષ્ઠી થયો. ગુરુભક્તિએ સમ્યક્દર્શનનું ત્રીજૂં ભૂષણ છે. હવે જિનેશ્વર દેવ ચોથું ભૂષણ કહે છે...૭૩૧

## સમ્યક્ત્વનું ચોથું ભૂષણ - સ્થિરતા

(ઢાળ : ૪૦. સાલિભદ્ર મોહ્યો રે સીવરમણી રસઈ રે.)

ચોથૂં ભૂષણ સમકીતનું કહૂં રે, થીર ચીત સમકીત દ્રઢ હોય,
કાર્ણ પણઈ રે જ ચાલ્યો ધર્મથી રે, [133]વીક્રમ સાહામું રે જોય.
ચોથું ભુષણ સમકીત...આંચલી. ...૭૩૨
કુંશમપુરી રે નગરી અતી ભલી રે, નૃપ હરીતિલક અદભૂત,
વલી પટરાણી ગઉરી અતિ ભલી રે, તેહનો વીક્રમ પુત...ચોથું ...૭૩૩
નારિ બત્રીસઈ પ્રેમધરી વરયો રે, કરતો તિહાં રંગરેલ,
પૂર્વ કર્મ તણઈ યોગિં હવો રે, વીક્રમરોગ જ સોલ...ચોથું. ...૭૩૪
બહૂ ઉપચાર કરંતાં નવી લઈ રે, વેદન ખમીઅ ન જાય,
પછઈ ધનં જઈ જખ્ય તણઈ વલી રે, માનિ વીક્રમરાય...ચોથું. ...૭૩૫
જો ષટ મહીનિ રોગ જ સઈ સહી રે, તો સત મહીષ જ દેશ,
મોટઈ મંડાણિં કરસ્યું યાતરા રે, નીત નમી ભોઅણ કરેશ...ચોથું. ...૭૩૬
માસ છઈ રે અનુકરમિંગયા રે, ન ગયો રોગ જ ત્યાહિં,
વીમલ કીરતેર મુનીવર કેવલી રે, પછઈ આવ્યા વનમાંહિ...ચોથું....૭૩૭
નૃપ હરીતિલક તે વીક્રમપુતસ્યું રે, મૂનીનિં વંદન જાય,
ત્રણિ પ્રદખ્યણા દેઈ નંઈવ દેતા રે, સુણતા ધર્મ કથાય...ચોથું. ...૭૩૮
નૃપ હરીતીલકઈ પૂછ્યું સાધનંઈ રે, કોહો સૂત કેહૂં રે પાપ,
રોગ ન જાઈ વેદન બહૂં ખમઈ રે, દૂખીઉં આતમઆપ....ચોથું. ...૭૩૯

અર્થ: સમ્યગ્દર્શનનું ચોથું ભૂષણ સ્થિરતા છે. જેનું ચિત્ત સ્થિર છે, તેનું સમકિત દ્રઢ (અચલ) હોય છે. વિક્રમરાજા તરફ દષ્ટિ કરો. જેઓ કારણ આવવા છતાં વિપત્તિમાં પણ ધર્મથી ચલિત ન થયા...૭૩૨

કુસુમપુરી નામની અતિશય સુંદર નગરી હતી. ત્યાં હરિતિલક નામનો પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો.

---

*ઉપરોક્ત કથાઓ - જુઓ પરિશિષ્ટ વિભાગ.

તેની ગૌરી નામની સ્વરૂપવાન સ્ત્રી (પટરાણી)હતી. તેને વિક્રમ નામનો રાજકુમાર હતો...૭૩૩

રાજકુમાર વિક્રમ યુવાન થતાં બત્રીસ રાજકન્યાઓને પ્રેમપૂર્વક પરણ્યો. તે પ્રિયાઓ સાથે રંગ રાગમાં મસ્ત બની ભોગ ભોગવતો હતો. તેવા સમયે અચાનક પૂર્વ કર્મના ઉદયથી વિક્રમ રાજકુમારના શરીરમાં સોળ રોગ ઉત્પન્ન થયાં...૭૩૪

રાજા હરિતિલકે વૈદ્યોને બોલાવી ખૂબ ઉપચારો કર્યા પરંતુ કોઈ વિક્રમરાજાનો રોગ દૂર ન કરી શક્યા. તેમજ રોગની વેદના અસહ્ય હતી. તેથી તે નગરમાં ધનંજય યક્ષની વિક્રમ રાજકુમારે માનતા માની...૭૩૫

જો છ માસમાં રોગ દૂર થાય તો પાડા આપીશ. મોટા આયોજનપૂર્વક યાત્રા (મહોત્સવ) કરીશ. નિત્ય તમને નમસ્કાર કરી પછી ભોજન કરીશ. (વિક્રમ રાજકુમારે એવી માનતા માની.)...૭૩૬

અનુક્રમે છ માસ વ્યતીત થયાં પરંતુ વિક્રમ રાજકુમારનો રોગ નાબૂદ ન થયો. તે સમયે નગરના ઉદ્યાનમાં વિમલકીર્તિ નામના કેવલી ભગવંત પધાર્યા...૭૩૭

રાજા હરિતિલક પોતાના પુત્ર વિક્રમ સાથે મુનિને વંદન કરવા ગયા. તેમણે કેવળી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરી. તેમણે ભાવપૂર્વક વંદન કર્યા અને ધર્મકથા સાંભળી...૭૩૮

ત્યાર પછી નૃપ હરિતિલકે કેવળી ભગવંતને પૂછ્યું, "હે ભગવંત! મારા પુત્રએ એવું શું પાપ કર્યું છે કે તેનો રોગ અનેક ઉપાય કર્યા, છતાં દૂર થતો નથી, વળી વેદના (પીડા) પણ અસહ્ય છે; તેનું કારણ કહો. તે આત્મા ખૂબ દુઃખી છે"....૭૩૯

- દુહા - ૪૮ -

પૂર્વભવ કહઈ કેવલી, મુણિ હરીતિલક જ રાય,
રત્ન સ્થલ નગરી ભલી, માહવ દેવ સોહાય. ...૭૪૦

અર્થ: વિમલકીર્તિ કેવળીએ (રાજાના પૂછવાથી) વિક્રમ રાજકુમારનો પૂર્વભવ કહ્યો. રાજા હરિતિલક તે સાંભળે છે. રત્નસ્થલ નામની સુંદર નગરી હતી. તે દેવનગર જેવી શોભાયમાન હતી...૭૪૦

ચોપાઈ : ૨૦

પદ્મરાય કરઈ ત્યારા રાજ્ય, સકલ ધર્મ કર્યો જોણઈ તાડ્ય,
નાહાસત ગમતમ્હાં મોટો કહ્યો, એક દીન વનિં આહેડઈ ગયો. ...૭૪૧
સૂજસ મુની તીહાં કાયોચ્છર્ગ રહયો, દેખી દ્વેષ ઘણેરો થયો,
મુકી બાંણનિં મારયો જતી, તેણઈ મનઈ ક્રોધ ન આણ્યો રતી. ...૭૪૨
સર્વાર્થસીધિં તે ગયો, નૃપ પ્રથવીમ્હાં ફટિફટિ થઓ,
નંદઈ પુરજન સહૂકો જસિં, ધાઈ લોકનંઈ મારણ તસિં. ...૭૪૩
સકલ લોક મલિ પરધાન, રાય તણું ઉતારયું માન.
કઠ પાંજરિ ઘાલ્યો માહારાજ, પૂંડરીક સૂતનિં આપ્યું રાજ. ...૭૪૪
દેસ બાહારિ કાઢ્યો તવ રાય, ભમતો તે રહ્યો અટવીમ્હાં જાય,
સોમમૂનિ રહ્યો ધ્યાંનિ ત્યાહિ, દેખી ક્રોધ થયો મનમાહિ. ...૭૪૫

લેઈ કષ્ટ મારિં ભૂપાલ, મૂનિ પડીઓ યમતરું અરડાલ,
ચેતન વલું તવ ઉભો થાય, ફરી કાષ્ટનો મારયો થાય. ...૭૪૬
સાતવાર મુનિ મારયો જસિં, અવધિં જ્ઞાનિ જોયું તસિં,
મૂનિ હત્યાનો એ કર્નાહાર, ક્રોધિં બાલ્યો તેણી વાર. ...૭૪૭
મરી સાતમી નરગિં ગયો, મૂનિ આલોઈ સૂરપતિ થયો,
થોડા કાલમાં મૌખ્ય તે જાય, પદ્મ મરીનિં માઠો થાય. ...૭૪૮
વલી સાતમી નરગિં ગયો, ત્રીજંચ રુપઈ ત્યાંહાંથી થયો,
સાતે નરગે બઈ બઈ વાર, નારક પણઈ લીધો અવતાર. ...૭૪૯
છઈ કાય માહઈ નૃપ ભમ્યો, કાલ અનંતો તિહાં નીગમ્યો,
વસંતપુરમાંહાં કણબી કહ્યો, કર્મ યોગિ સુત તેહનો થયો. ...૭૫૦
લીધી દીખ્યા તિહાં તીપસી, પંચ અગ્યન સાધઈ વનઈવસી,
તપ અજ્ઞાન ઘણેરો કરી, તુઝ ઘરિ પૂત્ર થયો એ ફરી. ...૭૫૧
પૂર્વ કર્મનો ન ટલ્યો ભોગ, તેણઈ વીક્રમનિં અંગિ રોગ,
પણિ આણઈ ભવી સાધી ધર્મ, રોગ રહીત હોસઈ નર પર્મ. ...૭૫૨
અસ્યાં વચન સહિ ગુરૂનાં સૂણી, વીક્રમહૂઓ સમકીતનો ધણી,
વર્ત બાર અંગિ ઉંચરિ, શ્રાવક સઘલામાંહિ તે શરઈ. ...૭૫૩
સમકીત ઉજલું અંગિં કરી, મીથ્યા ધર્મ મૂક્યો પરહરી,
પીતા તે ભદ્રક શ્રાવક થયો, મૂની પ્રતબોધિ માર્ગિ વહયો. ...૭૫૪
વીક્રમનર ઘરિ આવ્યો વહી, નમસ્કાર આરાધઈ સહી,
સમકીત સૂધૂ રાખિ સહી, કરમિંરોગ ગયો તે વહી. ...૭૫૫
તવ વેગિં આવ્યો જખિરાજ, સો ભાંઈસાં મૂઝ આપો આજ,
માન્યું ઇછછૂં માહરૂ કરો, પછઈ મહી ઉપરિ સુખ ભરી ફરો. ...૭૫૬
તવ વીક્રમબોલ્યો ગહિ ગયો, માહારો રોગ તો ધર્મિંગયો,
તું તાહારઈ વલી કામિંલાગી, અહીયાં મહીષ તું શાહાનો માગિ. ...૭૫૭
ત્યારઈ જખ્ખ ખીયો (ખીજ્યો) મનમાંહિં, ઝાંસા નાંખતો વલીઓ તિહિં,
એક દીવશ નૃપ વીક્રમજેહ, દેહરાં આગલી આવ્યાં તેહ. ...૭૫૮
પૂજારો બોલ્યો તેણીવાર, સેશ લેતાં તુમજાઓ કુંમાર,
વીક્રમસાહામું ન જૂઈ જસિં, જખિ પૂરષાનિં થંભ્યા તસિં. ...૭૫૯
રગત મુખિં નાખઈ પરીવાર, જખિ દેવ બોલ્યો તેણીવાર,
મુઝનિં બલિ આપો મહારાજ, નહી કરી તુઝનિં મારીશ આજ. ...૭૬૦

**વીક્રમનરપતિ બોલ્યો તેણિ, આઉસ બલિ નવી ચાલઈ કેણિ,**
**ખુંટા વિણ નર ન મરઈ કોય, થોડઈ કાજ્ય સમકીત ફુણ ખોય. ...૭૯૧**

અર્થ: (રત્નસ્થલ નામની ઇન્દ્રપુરી જેવી) તે નગરીમાં પદ્મ(પદ્માક્ષ)' નામનો રાજા રાજ્ય કરતો હતો. (તે નાસ્તિક હોવાથી) તેણે સર્વ ધર્મ છોડી દીધાં. તે નાચગાનનો શોખીન હોવાથી તેમાં જ સમય વ્યતીત કરતો મોટો થયો. એક દિવસ તે વનમાં દૂર ફરવા ગયો...૭૪૧

વનમાં સુજસ નામના જૈન મુનિ કાયોત્સર્ગમાં સ્થિર ઉભા હતા. રાજાએ તે મુનિને જોયા. મુનિને જોઈ તેમના પ્રત્યે રાજાને ક્રોધ ઉત્પન્ન થયો. તેણે બાણ વડે મુનિને હણ્યા. પરંતુ મુનિએ રાજા પ્રત્યે મનમાં બિલકુલ દ્વેષ ન કર્યો...૭૪૨

મુનિ શુભ ભાવનું ચિંતન કરતાં મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. પદ્માક્ષ રાજા અકૃત્ય કરી આ પૃથ્વી પર અપમાનિત થયો. નગરજનોએ તેની નિંદા કરી, તેથી ક્રોધિત બની રાજાએ લોકોને મારવાનું શરૂ કર્યું...૭૪૩

નગરજનો અને પ્રધાને સાથે મળીને રાજાનો ગર્વ ઉતારવા તેને પકડીને કાષ્ટના પાંજરામાં પૂર્યો. પુંડરિક નામના તેના પુત્રને રાજગાદીએ બેસાડ્યો...૭૪૪

ત્યારપછી પદ્માક્ષ રાજાને દેશનિકાલની સજા કરવામાં આવી. તે ભટકતો ભટકતો જંગલમાં આવ્યો. તેણે ત્યાં સોમ નામના મુનિને કાયોત્સર્ગમાં ઉભેલા જોયા. મુનિને જોઈ રાજા ફરીથી ક્રોધિત થયો...૭૪૫

તેણે મુનિને પીઠમાં લાકડીનો પ્રહાર કર્યો. જેમ વૃક્ષ ઉપરથી ડાળ તૂટી નીચે પડે છે તેમ(કાયોત્સર્ગમાં ઉભેલા) મુનિ જમીન પર ઢળી પડ્યા. ચેતના વળતાં (મૂર્છા વળતાં) મુનિ પુનઃ ઊભાં થયા અને કાયોત્સર્ગમાં સ્થિર થયા. ફરી રાજાએ લાકડીનો પ્રહાર કર્યો...૭૪૬

આ પ્રમાણે વારંવાર સાત વખત પદ્માક્ષ રાજાએ મુનિને લાકડીના પ્રહાર કર્યા, ત્યારે મુનિએ 'આ રાજા સાધુનો ઘાતક છે', તેવું જાણી ક્રોધથી તેજોલેશ્યા છોડી રાજાને બાળી નાખ્યો...૭૪૭

રાજા પદ્માક્ષ (અત્યંત દુઃખ પામી) મૃત્યુ પામ્યો. તે સાતમી નરકે ગયો. સોમમુનિ પાપની આલોચના કરી દેવલોકમાં દેવ થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ (મનુષ્ય બની) થોડા સમયમાં જ મોક્ષમાં ગયા. પદ્માક્ષ રાજાનો જીવ મરીને માછલા તરીકે ઉપજ્યો...૭૪૮

(માછલાનું આયુષ્ય પૂર્ણ કરી) ત્યાંથી પુનઃ સાતમી નરકે ગયો. ત્યાંથી નીકળી તિર્યંચ ગતિમાં ગયો. સાતે નરકમાં તે બે બે વાર નારકપણે ઉપજ્યો...૭૪૯

આ પ્રમાણે વિક્રમ રાજકુમાર છએ કાયમાં (પૃથ્વીકાય આદિ) જન્મ-મરણ કરી ભટક્યો. ત્યાં તેણે અનંત કાલ સુધી દુઃખ ભોગવ્યું. ત્યારપછી કર્મ સંયોગે વસંતપુર નગરમાં કણબીના ઘરે પુત્રપણે જન્મ્યો...૭૫૦

ત્યાં તેણે યુવાનીમાં સંન્યાસ (તાપસ) વ્રત લીધું. તે પંચાગ્નિ તપ સાધી વનમાં રહ્યો. તેણે અજ્ઞાનપણે ખૂબ કષ્ટ સહી તપ કર્યું. તેથી હે રાજન્! તે જીવ તારા ઘરે પુત્રપણે અવતર્યો છે..૭૫૧

હે રાજન્! પૂર્વે કરેલાં અશુભ કર્મના કારણે તે કર્મના ફળ સ્વરૂપે વિક્રમ રાજકુમારના શરીરમાં રોગ

થયો છે. તે કર્મ હજી દૂર થયું નથી. ધર્મનું આરાધન કરવાથી તે સંપૂર્ણ રોગ રહિત થશે...૭૫૨

કેવલી ભગવંતના સત્ય વચનો સાંભળી, તેના પર શ્રદ્ધા થવાથી વિક્રમ રાજકુમાર તે જ સમયે સમકિત પામ્યો. તેણે શ્રાવકના બાર વ્રત ગુરુ મુખેથી ઉચ્ચર્યાં. તે (જૈન ધર્મનો) સર્વશ્રેષ્ઠ શ્રાવક બન્યો...૭૫૩

વિક્રમ રાજકુમારે શુદ્ધિપૂર્વક સમકિત ધારણ કર્યું. તેણે મિથ્યાધર્મનો ત્યાગ કર્યો. રાજા હરિતિલક પણ કેવળજ્ઞાનીના વચનો સાંભળી પ્રભાવિત થયા. તેમણે શ્રાવકના વ્રતો અંગીકાર કર્યા. તેઓ ભદ્ર સ્વભાવી શ્રાવક બન્યા. મુનિ ભગવંતે બંને આત્માને પ્રતિબોધિ વિહાર કર્યો...૭૫૪

વિક્રમ રાજકુમાર કેવલી ભગવંતને નમસ્કાર કરી પોતાના નગરમાં આવ્યો. તે નવકાર મંત્રનું આરાધન કરતો સમકિતને શુદ્ધપણે પાળતો હતો. (સમય જતાં) કર્મ દૂર થતાં વિક્રમ રાજકુમાર રોગમુક્ત થયો...૭૫૫

ત્યારે ધનંજય યક્ષ ત્યાં ઝડપથી આવ્યો. તેણે વિક્રમ રાજકુમારને કહ્યું, "મને સો પાડા આપ. તેં જે માનતા કરી છે તે પૂર્ણ કર, પછી યાત્રા અને વંદન કર. ત્યાર પછી તું સુખેથી આ પૃથ્વી પર ફર."...૭૫૬

ત્યારે વિક્રમ રાજકુમાર કંઈક હસીને બોલ્યો, "ધર્મના પ્રભાવથી મારું શરીર રોગ રહિત થયું છે. તું તારા કામે લાગ. તું અહીં પાડા શાનો માંગે છે?"...૭૫૭

(આવું સાંભળી) ધનંજય યક્ષ મનમાં ખીજાયો. ક્રોધથી ધૂવાંફૂવા થતો કોપાયમાન થઈ તે, "વિક્રમ રાજકુમારનું અનિષ્ટ થાઓ" તેવો શાપ આપી ચાલ્યો ગયો. એક દિવસ વિક્રમ રાજકુમાર (જિનદેવની પૂજા કરી પાછા ફરતાં) યક્ષના મંદિર પાસેથી પસાર થયા...૭૫૮

ત્યારે પૂજારી એ વિક્રમ રાજકુમારને બોલાવી કહ્યું, "હે કુમાર! પ્રસાદ લેતા જાવ." વિક્રમ રાજકુમારે યક્ષના મંદિર સમક્ષ નજર પણ ન કરી. મંદિર ઓળંગીને આગળ ચાલ્યા. તેટલામાં ગુસ્સે થયેલો ધનંજય યક્ષ દોડતો આવ્યો. તેણે કુમાર સહિત પરિવાર જનોને થંભાવી દીધાં...૭૫૯

તેણે પરિવાર જનોના મુખમાંથી લોહીની ઉલટી કરાવી. ત્યારપછી વિક્રમ રાજકુમારને ચેતવણી આપતાં ધનંજય યક્ષે કહ્યું, "હે કુમાર! તેં જેની માનતા કરી છે તે પાડાનો બલિ મને આપ. નહીં તો તને મારી નાખીશ."...૭૬૦

વિક્રમ રાજકુમારે કહ્યું, "હે યક્ષ! આયુષ્ય બળવાન હોય તો કોઈનું કાંઈ ચાલતું નથી. આયુષ્ય પૂર્ણ થયા વિના કોઈ નર મૃત્યુ પામતો નથી. હું થોડા માટે સમકિતને શા માટે મલિન કરું?"...૭૬૧

- દુહા : ૪૯ -

**એહાઈ વચને જખી ખીજીઓ, ઝાલી મસ્તગવેણિ,**
**પ્રબત શલી ઉપરિં વલી, કુમર અફાલો તેણિ. ...૭૬૨**

અર્થ : વિક્રમ રાજકુમારનાં વચનો સાંભળી ધનંજય યક્ષ ખીજાયો. તેણે કુમારને મસ્તકથી ઉંચકી નજીકના પર્વતની શિલા ઉપર પછાડ્યો...૭૬૨

(ઢાળ : ૪૧. કાહાન વજાવે વાંસલી, હરિ જોવા સરીખો. રાગ : આસાવરી સિંધુઓ.)

જખિં કુમર અફાલીઓ, મૂર્છાગત થાઈ,
ચેત વલિં જખ્યબોલીઓ, સાંભલિ નર રાય. ...૭૬૩
જા મિંમહીષ જ મુકીઆ, મૂઝ કરિ પર્ણામ,
સંકટ સહૂના ઉપહરૂં, કરૂં તાહારાં કાંમ. ...૭૬૪
કુંમર કહઈ નર મધૂકરા, મોહ્યા ગજમદ વારિં,
સૂનિ કપાલઈ છઈ ઘણું, નાવિ તેણઈ ઠારિં. ...૭૬૫
વીક્રમકહઈ તિમહૂં વલી, એક જિનનિં ધ્યાઉં,
અવર દેવનિં નવ્ય નમૂં, ગુણ નવિ તસ ગાઉં. ...૭૬૬
સમકીત માહારું ઉજલું, જિમતાણો વાણો
મીથ્યા રંગ લગાડતાં, ચીર કાલૂં જાણો. ...૭૬૭
ઘણૂં મબોલશે દેવતા, ન નમૂં તુણ પાય,
બંધનથી બીહૂ નહી, શિર લઠી જાય. ...૭૬૮
એણઈ વચને સૂર કોપીઓ, કરયો બહઈરો અંધો,
પીણ સમકીત નવ મુક્તો, (જ)યમસંયમખાંધો. ...૭૬૯
માત પીતા નર બહૂ મલી, વીનવીઓ નાથ,
સકલ ક્લેસ જાઈ ટલી, જોડિ એકદા હાથ. ...૭૭૦
કુમર કહઈ અન્ય તીર્થિં, દેવ ગુરુનિ ધર્મ,
તીહાં પ્રણામજ નવિ કરૂં, જો જાણૂં મર્મ. ...૭૭૧
પ્રસંસવૂં સ્તવૂં નહી, નહી ભગતિ જયરાગ,
નહી સનમાંનિ વિનિં, નહી સતકાર લાગ. ...૭૭૨
અશા બોલ જગમાહાજી, કો વરજેવા તેહ,
શીસ ન નામૂં સૂર તણઈ, સ્યું કરસઈ એહો. ...૭૭૩
એણઈ વચને સૂર કોપીઓ, સિલા વીકરુપ,
નગર સહીત નૃપ ચાંપસ્યુ, કિં (ન) મિમુઝ ભૂપ. ...૭૭૪
પણિ ન ચલઈ નર નરપતી, કહઈ સૂણઈ જખ્યવીર,
તું કોપ્યો લેઈશ સહી, જે બાઝિ શરીર. ...૭૭૫
શરીર અભ્યંતર જે કહ્યું, જે ધર્મ જ રૂપો,
સોય વીણાસી નવિ સકઈ, કરી કોપ સરુપો. ...૭૭૬

વીનિં કરી જખિ કહઈ કરો, ઘરથી પરણામો,
અતિં રૂડું હોસિ તન્હઈં, કરસ્યું બહૂં કાંમો. ...૭૭૭
લોક કહઈ માનો પ્રભુ, જયમજાઈ સોગો,
વીક્રમકહઈ સમીઝ નહી, પરમાર્થ લોગો. ...૭૭૮
શ્લોક-ગતાનંગતીકા લોક, ન લોક પરમાર્થક,
પશવાર્ણવ મુર્ખેણ, હારીતં તામ્ર ભાજનં. ...૭૭૯

અર્થ: યક્ષ ખીજાયો. તેણે વિક્રમ રાજકુમારને પત્થરની શિલા પર પછાડ્યો., ત્યારે વિક્રમ રાજકુમાર મૂર્છિત થયો. તેને મૂર્છા વળી, ત્યારે ધનંજય યક્ષે કહ્યું, "હે રાજન! તુ સાંભળ....૭૬૩

(જીવઘાતનો ભીરુ એવો તું સો પાડાનું બલિ ન આપતો હોય તો) જા હું પાડાનો ભોગ છોડી દઉં છું પણ તું મને નિત્ય પ્રણામ કર. તો હું સર્વ જનોને સંકટ મુક્ત કરીશ તેમજ તારાં સર્વ કાર્યો કરીશ."...૭૬૪

વિક્રમ રાજકુમારે કહ્યું, "હે મહાનુભવ! હાથીના ગંડસ્થલમાં મદ ઝરે છે. ભ્રમર ત્યાં મોહિત થાય છે. કૂતરીની જીભમાંથી ઘણી લાળ ઝરે છે, છતાં ભ્રમર તે સ્થાને સ્થિર થતો નથી(અર્થાત્ ભ્રમર પણ મધુર રસનો પિપાસક છે.)...૭૬૫

હું પણ જીવદયાના ઉપદેશક જિન દેવને નમસ્કાર કરું છું, અન્ય દેવને વંદન કરતો નથી. તેમના ગુણગ્રામ પણ કરતો નથી. (હું જિનદેવ અને જિનધર્મનો અઠંગ ઉપાસક છું.)...૭૬૬

એક અખંડ ધાગામાંથી બનાવેલ વસ્ત્ર જેવું મારું સમકિત શુદ્ધ છે. જો તેના ઉપર મિથ્યાત્વરૂપ કાળો ડાઘ અથવા રંગ લાગે તો તે કાળું થઈ જશે. (મારુ સમ્યક્ત્વ નિર્મળ અને નિષ્કલંક રહે તેવું હું ઈચ્છું છું.)"...૭૬૭

"હે યક્ષ! તું વધુ ન બોલીશ. હું તારા ચરણે નમસ્કાર કરવાનો નથી. ભલે મારું મસ્તક છેદાઈ જાય. હું વધ કે બંધનથી ડરતો નથી. (જો ઘુવડ સૂર્યનું બહુમાન કરતું નથી તો સૂર્યનું કાંઈ બગડી જતું નથી.)"...૭૬૮

આવાં વચનો સાંભળી યક્ષ કોપાયમાન થયો. તેણે વિક્રમ રાજકુમારને આંધળો અને બહેરો બનાવ્યો. સંયમમાં શૂરવીર નર સંયમનો ત્યાગ કરતો નથી, તેમ રાજકુમાર (નિર્ભય બની) સમકિતને છોડતો નથી...૭૬૯

માતા-પિતા તથા નગરજનોએ વિક્રમ રાજકુમારને હાથ જોડી વિનંતી કરી કે, "હે રાજકુમાર! તમે એકવાર હાથ જોડી આ યક્ષને નમસ્કાર કરો, જેથી સર્વ વિપત્તિ દૂર થાય." ...૭૭૦

વિક્રમ રાજકુમારે (જનસમૂહ સમક્ષ) કહ્યું, "હું અન્ય દર્શનના દેવ, ગુરુ અને ધર્મને નમસ્કાર નહીં કરું કારણકે હું સુદેવ, સુગુરુ અને સુધર્મના રહસ્યને જાણું છું...૭૭૧

વળી હું મિથ્યાત્વીઓની પ્રશંસા કે સ્તુતિ, ભક્તિ, પ્રીતિ, વિનય કે સત્કાર કરતો નથી...૭૭૨

આવા જિનેશ્વર જેવા શ્રેષ્ઠ દેવ જગતમાં હોય, ત્યાં તેના જેવો શ્રેષ્ઠ બીજો કોણ હોઈ શકે? અન્ય દેવને જો હું મસ્તક ન નમાવું તો તે દેવ મારું શું અનિષ્ટકરશે?" ...૭૭૩

આવા વચનો સાંભળી દેવ વધુ ક્રોધિત થયો. તેણે આકાશમાં પત્થરની શિલા વિકુર્વી અને કહ્યું કે, "હે રાજકુમાર! તું મને પ્રણામ શામાટે નથી કરતો? હમણાં જ નગરજનો સહિત તમને સર્વને આ શિલા નીચે દબાવી

દઈશ." ...૭૭૪

ધનંજય યક્ષના વચનોની વિક્રમ રાજકુમાર પર કોઈ અસર ન થઈ. નિર્ભય બની વિક્રમ રાજકુમારે કહ્યું, "તું કદાચ કોપાયમાન થઈશ તો મારા બાહ્ય ક્ષણભંગુર શરીરનો નાશ કરીશ...૭૭૫

પરંતુ (જિનચરણરૂપી કમળમાં લીન એવું) મારું અભ્યંતર શરીર તો અરૂપી છે. તેનો વિનાશ કરવાને તારું કોપાયમાન સ્વરૂપ સમર્થ નથી." ...૭૭૬

ત્યારે (શાંત બની) વિનયપૂર્વક યક્ષે રાજકુમારને કહ્યું, "તું એક વાર મનથી પ્રણામ કર. તારું કલ્યાણ થશે. હું તારાં સર્વ કાર્યો કરીશ." (અહીં યક્ષ નમ્રતા દર્શાવી વિક્રમકુમારને વશ કરવાનો પ્રયત્ન કરે છે.)...૭૭૭

(ભયભીત જનસમૂહે) યક્ષને વિનંતી કરી કે, "હે દેવ આપ કૃપા દર્શાવો જેથી અમારો શોક (ચિંતા) દૂર થાય." ત્યારે વિક્રમ રાજકુમારે કહ્યું, "લોકો પરમાર્થને સમજતા નથી, તેથી આવી વિનંતી કરે છે. ...૭૭૮

(વિક્રમ રાજકુમાર કહે છે) લોકો ગતાનુગતિક હોય છે. તેઓ પરમાર્થ-સત્યમાર્ગ ને જાણતા નથી. પશુ સમાન મૂઢ મનુષ્યો સામાન્ય નિમિત્ત મળતાં કિંમતી વસ્તુ છોડી તુચ્છ ગ્રહણ કરે છે. કિંમતી વસ્તુ ગુમાવ્યા પછી પાછી મેળવવી મુશ્કેલ છે...૭૭૯

- દુહા : ૫૦ -

તામ્રભાજન તેણઈ હારીઓ, લોકન જાણઈ મર્મ,
એક જીવતનિં કારણિં, કિમહાર હું ધર્મ. ...૭૮૦

અર્થ : લોકો ધર્મના મર્મને જાણતાં નથી તેથી તામ્ર ભાજન સમાન કિંમતી સમ્યક્ત્વને ગુમાવે છે. એક પ્રાણની રક્ષા માટે શું હું સત્ય ધર્મને છોડી દઉં?" ...૭૮૦

## પ્રભાવના - પાંચમું ભૂષણ

### (ઢાળ : ૪૨ દેશી : તે ગિરૂઆ)

સમકીત ધર્મ ન મુકઈ રાજા, મુધૂર વચન મુખ્ય બોલિ રે,
સાંમદાંમનિં ભેદ ભલેરો, ડંડિં કિંમહે ન ડોલઈ રે
સમકીત ધર્મ ન મુકઈ રાજા : આંચલી ...૭૮૧
મનહ વચન કાયાયિં ન ચલ્યુ, તવ જખ્ય જ્ઞાનિં નરખઈ રે,
સમકીત ધર્મ તણો એ ધોરી, દેખી દેવા હરખઈ રે... સમકીત. ...૭૮૨
અચલ મેર તણી પરિ જાણિ, બોલ્યો દેવતાં વાણી રે,
તું મૂંઝ ભાત ભલેરો રાજા, તિં રાખ્યું નીજ પાણી રે, સમકીત. ...૭૮૩
સંકટ વીકટ સવે ત્યાહાં ટાલી, બોલ્યો વચન મુખ્ય ધર્મ રે,
વીક્રમકુમરિં સૂર સમઝાવ્યો, જીવદયા જિન ધર્મ રે... સમકીત. ...૭૮૪
સમકીત શ્રેઅ તણઈ પડવજીઓ, સેવક થયો જખ્યરાય રે,
ઘણૂં પ્રસંસી વીક્રમનરનિં, સુર નીજ થાનકિ જાઈ રે...સમકીત. ...૭૮૫

જે છઈ એક મના જગમાહિં, જસ મહીમા તસ વાધઈ રે,
જખિ તણઈ સાનીધિં પછઈ, વીક્રમદેસ ઘણા સાધઈ રે...સમકીત....૭૮૬
જિન મંડિત પ્રથવી જં કરાવી, જવજંત ઉંગારઈ રે,
સુલભ વીહાર કરયા મૂની કેરા, ડંડ કુડંડ નીવારઈ રે, સમકીત. ...૭૮૭
હરી તિલકિં પછઈ દીખ્યા લીધી, ટાલાં આઠઈ કર્મ રે,
જનમમર્ણ જરાથી છૂટ્યા, પામ્યા પરમપદવી રે... સમકીત. ...૭૮૮
વીક્રમરાજા કરંતો, વનિ રમવાનિ જાતો રે,
ધનંદ સેઠિ તણો સૂત પરણઈ, ઓછવ સબલો થાતો રે...સમકીત. ...૭૮૯
તે દેખીનિં હરખ્યા વીક્રમબેહૂના બહૂત દી વાજા રે,
હું પણિ પ્રથવી કેરુ ભૂપતિ, એ પણિ સહી વર રાજા રે.. સમકીત. ...૭૯૦
અસ્યું વિમાસી નરપતિ ચાલ્યો, વલી ઉંજેણી વાર રે,
તવ તે વરનિં બાંધી ચાલ્યા, આગલઈ ઘણો પુકાર રે...સમકીત. ...૭૯૧
નરપતિ કહઈ એહવડાં તોહૂ, કિમપામ્યો નર મર્ણ રે,
સજન કહઈ નર સૂલ રોગ થી, પ્રાણ હૂઆ તસ હર્ણ રે..સમકીત. ...૭૯૨
તવ નરપતિ વિરાગ ધરિ નિં, મુકઈ તવ સંસાર રે,
વીમલ કીર્તિ કેવલીનિં હાથિ, લીધો સંયમભાર રે.. સમકીત. ...૭૯૩
ચંદ્ર કુમરનિં પ્રથવી આપી, પોતિ સીવ ગતિ પામિરે,
સમકીત સાર તણું એ ભાજન, સ્તવીઓ મસ્તગ નામી રે..સમકીત....૭૯૪
વીક્રમકુમર કથા એ ભાખી, છઈ ભવ ભાવનામાંહઈ રે,'
વાસૂપૂજયનું ચરીત્ર વખાણું, બહૂ વસતીર્ણ ત્યાહિં રે..સમકીત. ...૭૯૫
વીક્રમકુમર તણિ નિતિં વંદૂ, સમકીત દ્રઢ જેણિ રાખૂં રે,
એ પણિ ચોથૂં ભૂષણ કહીઈ, લીધૂ વર્ત્ત ન નાખૂ રે..સમકીત. ...૭૯૬
પ્રભાવના સાશનની કરતો, ભૂષણ પાંચમૂં એહ રે,
શાસનનો ઓદ્યોત કરંતો, બહૂ સુખ પામઈ તેહ રે..સમકીત. ...૭૯૭
જેણઈ જિન શાશન બહું દીપાવું, તેણિ સમકીત અજઆલું રે,
ભૂષણ પાંચમૂં અંગિ ધરતાં, ચોગતિ ભમવૂં ટાલૂં રે..સમકીત. ...૭૯૮

અર્થ : ધનંજય યક્ષે સામ, દામ, દંડ અને ભેદ નીતિ અપનાવી વિક્રમ રાજકુમારને નમાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ વિક્રમ રાજકુમાર ચલિત ન થયો. તેણે યક્ષને મધુર વચન બોલી ઉત્તર આપ્યા પરંતુ સમકિત ધર્મ ન છોડ્યો...૭૮૧

વિક્રમ રાજકુમાર મન,વચન અને કાયાના ત્રિયોગથી અચલ રહ્યો, ત્યારે ધનંજય યક્ષે પોતાના

અવધિજ્ઞાનથી જાણ્યું કે આ માનવ સમકિતી છે. આવું જાણી દેવ હરખાયો (તે પ્રસન્ન થયો.)...૭૮૨

મેરૂ પર્વત સમાન અચલ શ્રદ્ધાવંત વિક્રમ રાજકુમારને જાણી ધનંજય યક્ષે પ્રસન્ન થઈ કહ્યું, "હે દયાળુ રાજકુમાર! તું મારો પરમબંધુ છે. તેં તારી ભક્તિને નિશ્ચલ રાખી, ધર્મને દીપાવી, તારી ખાનદાની રાખી છે."...૭૮૩

વિક્રમ રાજકુમારના અનુરાગી બનેલા યક્ષે સર્વ ઉપસર્ગોનું સંહરણ કર્યું, યક્ષે ઉત્તમ વચનો વડે કુમારની સ્તુતિ કરી. રાજકુમારે દેવને જિનધર્મ અને અરિહંતાદિનું માહાત્મ્ય સમજાવ્યું...૭૮૪

સમકિત શ્રેયકારી છે, તેવું જાણી યક્ષે તેને અંગીકાર કર્યું. યક્ષદેવ વિક્રમ રાજકુમારનો સેવક બન્યો. વિક્રમ રાજકુમારની ઘણી પ્રશંસા કરી યક્ષ સ્વસ્થાને ગયો...૭૮૫

જેઓ નિશ્ચલ (દૃઢ) મનવાળા છે, તેમનો જગતમાં મહિમા વધે છે. પછી યક્ષના સાન્નિધ્યથી વિક્રમ રાજકુમારે (ઘણા રાજાઓને હરાવી) ઘણાં દેશો મેળવ્યાં...૭૮૬

વિક્રમ રાજકુમારે પૃથ્વીને જિનમંદિરથી વિભૂષિત કરી. સર્વજનોને જિન શ્રમણ ભક્ત બનાવી ઉદ્ધાર કર્યો. જૈન મુનિઓ માટે વિહાર સ્થાનો બનાવ્યા, તેથી મુનિઓને વિહારમાં સુલભતા પ્રાપ્ત થઈ. તેમણે દંડ-કુદંડની પ્રથાનું નિવારણ કર્યું...૭૮૭

હરિતિલક રાજાએ સંયમ અંગીકાર કર્યો. તેઓ સંયમનું યથાર્થપણે પાલન કરી, આઠે કર્મોનો ક્ષય કરી, જન્મ-મૃત્યુ અને વૃદ્ધાવસ્થાનો અંત આણી શ્રેષ્ઠ એવી મોક્ષની પદવી પામ્યા...૭૮૮

વિક્રમરાજા રાજ્યનું સંચાલન કરે છે. એકવાર તે ઉદ્યાનમાં ફરવા ગયા. તેમણે ધનંદ શ્રેષ્ઠીનાં ઘરે પુત્રના વિવાહ નિમિત્તે ધામધૂમથી ઉત્સવ ઉજવાતો જોયો...૭૮૯

તે જોઈને વિક્રમરાજા હરખાયા. તે વિચારે છે હું પૃથ્વીનો રાજા અને શ્રેષ્ઠી પુત્ર વરરાજા છે. (આ પ્રમાણે અમે બંને શ્રેષ્ઠ-વર છીએ) તેથી અમારા બંનેના ઘણાં વાજા વાગે છે...૭૯૦

એવું વિચારી વિક્રમરાજા ઉદ્યાનની શોભા જોવા ગયા. ત્યાં ઉદ્યાનની શોભા જોઈ પાછા ફરતાં તેમણે શ્રેષ્ઠી પુત્રના શબને બાંધીને સ્મશાને લઈ જતાં જોયા. મૃતદેહ પાસે ઘણાં લોકો આક્રંદ કરતા હતા...૭૯૧

વિક્રમરાજાએ લોકોને પૂછ્યું, "એના જેટલી ઉંમરનો તો હું છું. તો તે કેવી રીતે મૃત્યુ પામ્યો?" ત્યારે સ્વજનોએ કહ્યું કે "તેને પેટશૂલ ઉપડ્યું તેથી તેના પ્રાણ હરણ થયા (મૃત્યુ પામ્યા)"...૭૯૨

આ પ્રસંગથી વિક્રમરાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે તરત જ સંસારનો ત્યાગ કર્યો. વિમલકીર્તિ કેવલી પાસે સંયમ અંગીકાર કર્યો...૭૯૩

વિક્રમરાજાએ પોતાના પુત્ર ચંદ્રસેનને રાજ્ય સોંપી દીક્ષા લીધી. સર્વ કર્મ ક્ષય કરી વિક્રમરાજા મોક્ષપુરીમાં ગયા. વિક્રમરાજા સમકિતના શ્રેષ્ઠ ભાજનરૂપ છે. તેમની સ્તુતિ કરો. તેમને મસ્તક નમાવી વંદન કરો...૭૯૪

વિક્રમરાજાનું આ કથાનક ભવભાવના ગ્રંથમાં આલેખાયેલું છે. વાસુપૂજ્ય સ્વામીનું કથાનક ત્યાં વિસ્તારપૂર્વક કહેલ છે, જે અતિ પ્રશંસનીય છે....૭૯૫

(કવિ કહે છે) વિક્રમરાજાની ધર્મ પ્રત્યેની અડગતા, પ્રમાણિકતાને અને સમકિતમાં દ્રઢતાને હું વંદન કરું છું . સ્થિરતા એ સમકિતનું ચોથું ભૂષણ છે. જે વ્રત-નિયમ ગ્રહણ કરેલ હોય તેને પ્રાણ જાય છતાં છોડે નહિ...૭૯૬

સમકિતનું પાંચમું ભૂષણ જિનશાસનની પ્રભાવના છે. જે જિનશાસનની પ્રભાવના કરે છે, ઉદ્યોત કરે છે; તે મોક્ષમાં શાશ્વત સુખ પ્રાપ્ત કરે છે...૭૯૭

જેનું સમકિત નિર્મળ છે, તે જિનશાસનને દીપાવે છે. તે જિનશાસનની પ્રભાવના (ઉન્નતિ) કરવારૂપ સમકિતનું પાંચમું ભૂષણ છે. તેને ધારણ કરનાર ચાર ગતિનાં જન્મ મરણનાં ચક્ર ટાળે છે...૭૯૮

કડી ૭૭૯માં કવિએ મૂર્ખ-અજ્ઞાની મનુષ્યને પશુ સાથે સરખાવ્યાં છે. તેમજ સમ્યક્ત્વની તાંબાના ભાજન સાથે તુલના કરી છે. મિથ્યાત્વયુક્ત મનુષ્ય પશુ સમાન છે. જ્યારે સમ્યક્ત્વયુક્ત ચિત્તવાળો પશુ પણ મનુષ્ય સમાન છે.

કવિ ઋષભદાસે સમ્યક્ત્વના ચોથા અને પાંચમા ભૂષણ માટે એક જ કથા-(રાજકુમાર વિક્રમની) આપી છે. જ્યારે હરિભદ્રસૂરિજીએ સમ્યક્ત્વ સપ્તતિમાં સ્થિરતા-ભૂષણના સંદર્ભમાં સતી સુલસાની કથા આલેખી છે અને પ્રભાવના ભૂષણના વિષયમાં સિંહરાજાની કથા આલેખી છે.

(૪) સ્થિરતા :- थिरया दढसम्मतं[133] - દ્રઢ સમ્યક્ત્વ એ સ્થિરતા છે. જિનેશ્વર દેવનાં ધર્મમાં પોતે સ્થિર રહેવું તેમજ અન્ય જીવોને પણ સ્થિર કરવા તથા શાક્ય આદિ અન્ય દર્શનના મહિમાને જોઈ ધર્મથી ચલાયમાન ન થવું, તે સ્થિરતા ભૂષણ છે. કવિ ઋષભદાસ તેના સંદર્ભમાં નૃપ હરિતિલકના પુત્ર વિક્રમરાજાની કથા કહે છે. આ કથા કવિએ ખૂબ વિસ્તારપૂર્વક કહી છે. જીવ સમ્યક્દર્શની બને છે, ત્યારે તેનામાં સારાસારની વિવેકબુદ્ધિ ઉપજે છે. અત્યાર સુધી લોકપરંપરા કે કુલપરંપરા અનુસાર વડીલોના રીત-રિવાજોને માન આપી ચાલનાર વ્યક્તિ સમ્યક્દૃષ્ટિ બનતાં મિથ્યા પરંપરાને છોડી દે છે. સમ્યક્ત્વએ તત્ત્વભૂત પદાર્થોની સાચી શ્રદ્ધા સ્વરૂપે છે .ઘંટીના બે પડ વચ્ચે મોટા ભાગના દાણા પીસાઈ જાય છે પણ જે થોડા દાણા ઘંટીના ખીલા સાથે ચીપકી જાય છે તે આબાદ બચી જાય છે , તેમ નિશ્ચય સમકિત સાથે જોડાયેલ જીવોનું રાગદ્વેષરૂપી ઘંટીનું પડ કાંઈ બગાડી શકે નહીં.

શ્રી યશોવિજયજી અધ્યાત્મસાર ગ્રંથમાં કહે છે-

धर्मोद्यतेन कर्तव्यं कृतं बहुभिरेव चेत् ।[134]
तदा मिथ्यादृशां धर्मो न त्याज्यः श्यात्कदाचन ।।

અર્થ : ધર્મમાં ઉદ્યત પુરુષ, જે ઘણાંએ કર્યું હોય તે જ કરે તો મિથ્યાદ્દષ્ટિનો આરાધ્ય બને.

આધ્યાત્મિક સમજણ અને ડહાપણ ધરાવનાર જગતમાં અલ્પ જીવો હોય છે તેથી મિથ્યાદ્દષ્ટિ જીવો કરતાં સમ્યગદ્દષ્ટિ જીવો અલ્પ જ રહેવાના. અધ્યાત્મના ક્ષેત્રે લોકસંજ્ઞા હંમેશાં ત્યાજ્ય છે.

વિક્રમ રાજકુમાર દઢધર્મી અને પ્રિયધર્મી હતા. તે યક્ષની ધમકીઓ કે લોકોના દબાણને ગણકાર્યા વિના પોતાની શ્રદ્ધામાં દ્રઢ રહ્યા. 'યક્ષ કદાચ આ બાહ્ય શરીરનો નાશ કરશે પણ અભ્યંતર શરીર (તેજસ-કાર્મણ) નો નાશ કરવાને અસમર્થ છે'; આવી તત્ત્વ શ્રદ્ધા ધરાવનાર આત્મા સ્વગુણની રક્ષા કરી શકે છે. વિક્રમ રાજકુમારનું

દૃષ્ટાંત આપણને દર્શાવે છે કે - स्वगुण रक्षणा तेह धर्म-[૧૩૫] સ્વગુણ રક્ષણ તે ધર્મ છે. સ્વગુણ વિધ્વંસ એ અધર્મ છે. સ્વગુણની રક્ષા કરનાર ભાવયોગી બની શકે છે.

**જન્મી જિનશાસન વિષે, મુનિ થયો બહુવાર,**
**મુનિદશા સમજ્યા વિના, હું ભટક્યો બહુવાર;**
**મુનિ થયો વાચક થયો, સૂરિ થયો બહુવાર,**
**ન થયો મુરખ આત્મા, અંતર્મુખ અણગાર;**

પદ્માક્ષ રાજાએ ગીતાર્થ મુનિને મારી મહામોહનીય કર્મ બાંધ્યું. પૂર્વાચાર્યોએ કહ્યું છે -

**चेईयद्रव्य विणासे, इसिघाए पवयणस्स उड्डाहे ।[૧૩૬]**
**संजइ चउत्थभंगे मूलग्गी बोहिलाभस्स ।।**

અર્થ : ચૈત્યદ્રવ્યનો વિનાશ કરવામાં, ઋષિઓનો ઘાત કરવામાં, ઉત્સૂત્રની પ્રરૂપણા કરવામાં અને સાધ્વીજીના બ્રહ્મચર્યનું ખંડન કરવામાં બોધિલાભ (સમ્યગ્દર્શન)ના મૂળમાં અગ્નિ મૂકાય છે.

ઠાણાંગસૂત્રમાં દુર્લભ બોધિનાં પાંચ કારણો દર્શાવેલ છે.[૧૩૭]

અર્થ : **पंचर्हिं ठाणोर्हिं जेवा दुल्लभवोहियताए कम्मं, अरहंताणमवन्नं वयमाणे, अरहंतणणत्तस्स धम्मस्स अवणणं वममण, आयरिय उवज्झायाणामवणणं वयमाणो, चउवणणसंघस्स आवणणं वयमाणो, विविक्कतव-वंभचराणं देवाणं आवणणं वयमाण ।**

(૧) અરિહંત દેવ (૨) અરિહંત દેવ પ્રરૂપિત ધર્મ (૩) આચાર્ય-ઉપાધ્યાય (૪) ચતુર્વિધ સંઘ (૫) દેવોના અવર્ણવાદ બોલે, તેમની નિંદા-અવહેલના કરે તે તીવ્ર મોહનીય કર્મ બાંધે છે.

ગોશાલક પરમાત્માનો વિરોધી બન્યો, તેથી તેણે સંસારયાત્રા વધારી. સતી અંજનાએ પૂર્વભવમાં જિનદેવની આરાધક એવી, પોતાની શોક્ય લક્ષ્મીવતી દેવીની ઈર્ષા, નિંદા કરી હતી. તેથી બીજા ભવમાં બાવીસ વર્ષ સુધી પતિનો વિયોગ થયો. સમકિતી ગુણની ગરિમાને ધારણ કરનારો, ઉપશમરસમાં ઝીલનારો હોવાથી કોઈનો પ્રતિક્ષેપ ન કરે.

(૫) પ્રભાવના :- **पभावणुस्सप्पणाकरणं ।**[૧૩૮] જિનશાસનની ઉન્નતિ કરવી એ પ્રભાવના છે.

આઠે પ્રભાવકોનું કર્તવ્ય શાસનની પ્રભાવના કરવાનું છે. શાસન પ્રભાવના સ્વ-પર ઉપકારી અને તીર્થંકર નામકર્મનું કારણ છે. સમકિતમાં તેની પ્રધાનતા જણાવવા માટે પુનઃ ભૂષણ દ્વારમાં પણ પ્રભાવના ગણી છે.

ધર્મના અનેક કાર્યો જેમકે દાન, તપ, શીલવ્રત અંગીકાર કરવાં, પાઠશાળા, વિદ્યાલય, સરસ્વતી ભવનની સ્થાપના કરવી તેમજ ધાર્મિક મહોત્સવો દ્વારા જિનશાસનની વિખ્યાતિ કરવી; તે પ્રભાવના નામનું સમ્યક્ત્વનું પાંચમું ભૂષણ છે. વસ્તુપાળ-તેજપાળે મંદિરો, ધર્મશાળાઓ, પુસ્તકાલયો, બંધાવી પરોપકારનાં કાર્યો કર્યાં. તેમણે મંદિરો, મસ્જિદો અને શિવલિંગો બંધાવી, અન્ય દર્શનીઓનાં હૃદય જીતી લીધાં. આ પાછળનો તેમનો મુખ્ય હેતુ જિનશાસનની પ્રભાવના કરવાનો જ હતો.

આ કથામાં સમ્યક્ત્વની દુર્લભતા પણ દર્શાવી છે. અનંત દુઃખો ભોગવી અનંત ભવોની રઝળપાટ પછી

વિક્રમકુમારને કેવળી ભગવંતના યોગે દુર્લભ એવું સમ્યક્ત્વ પ્રાપ્ત થયું.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં ભગવાન કહે છે–

चत्तारी परमंगाणी दुल्लहाणीह जन्तुणो।
माणुसत्तं सूइ सद्धा संजमम्मि य वीरियं।। ३ - १।।

અર્થ : મનુષ્યત્વ, સદ્ધર્મનું શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં પરાક્રમ, આ ચાર પરમ અંગો પ્રાપ્ત થવાં દુર્લભ છે.

કોઈ જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવનાર ધર્માત્મા કેટલા ઉપકારી છે, તે ધર્મદાસગણિના શબ્દોમાં જોઈએ-

सयलमवि जीवलोह, तेण घोसिए अमाघाओ।[136]
इक्कं यि जो दुहत्त, सतं बोहेइ जिणवयणे।।२६८।।
सम्मत्तदायगाणं दुप्पडिआरे भवेसु बहु एसु।
सव्वगुणमेलिआहिं वि उवयारसहस्सकोडीहिं।।२६१।।

અર્થ : કોઈ દુઃખથી પીડાતા જીવને જે ભવ્યાત્મા પ્રતિબોધિત કરે છે, તે જીવે સમસ્ત લોકમાં અમારિ ઘોષણા કરાવવાનું કાર્ય કર્યું કહેવાય. તે પ્રતિબોધિત જીવ પૂર્ણ અહિંસક બની, સમસ્ત જીવોને અભયદાન આપે છે. કરોડો ભવોમાં પણ તે સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવનાર ગુરુના ઉપકારનો બદલો વાળવો કઠીન છે.

પૂર્વે તીર્થંકરોની હાજરીમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થવું દુર્લભ હતું. વર્તમાનકાળે સદ્ગુરુના અભાવમાં સમકિત પ્રાપ્ત થવું દુર્લભ છે.

- દુહા : ૫૧ -

ચોગતી પંથ નીવારીઓ, જેણી ભુષણ ધરયાં પંચ,
લખણ પંચ સમકીત તણાં, સુણયો તેહનો સંચ ...૭૯૯

અર્થ: જેણે સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો ધારણ કર્યા છે. તે ચાર ગતિનાં પંથનું નિવારણ કરે છે. હવે સમકતિના પાંચ લક્ષણોનું વર્ણન સાંભળો.

## સમ્યક્ત્વનું દ્વાર - આઠ થી બાર

ચોપાઈ : ૨૧

પાંચ લખ્યણ સમકીતનાં જોય, ઝીલિં ઉપશમમાંહી જિ કોય,
સંવેગ અર્થ સહૂં શ્રવણે સૂણો, જે અભીલાષી મુગત્ય જણો તે. ...૮૦૦
છાંડેવા હીડઈ સંસાર, અનુકંપા જસ હઈઈ અપાર,
વચન ઉપરિં અસતા (આસ્થા) હોય, દરસાણ સીત્યરિમાંહઈ જોય. ...૮૦૧
વલી ષટ જઈણા તિહાં કણિ કહી, અર્થ પ્રકાસ કરૂ ગહિ ગઈ,
અન્ય તીર્થી જેહના દેવ, તેણઈ ચઈત ગ્રહાં જેહેવ. ...૮૦૨

ષટ ષટ બોલ તીહા વર્જવા, વંદન કહઈતા કર જોડવા,
નમશકાર વચનિં નવી કરઈ, દાંન તણું દેવૂં પરીહરઈ. ...૮૦૩
અનુંપન તીહાં ટાલવૂં, વાર વાર તેહનિં નાલવૂં,
નવિ કીજઈ આલાપ સંલાપ, આગલથી બોલતાં પાપ. ...૮૦૪
ઉપવાદિં છ છીડી (છીંડી) કહી, રાયાભીઓગેણું તે સહી,
ભુપતી જોર કરઈ તીહી જદા, સમકિત ધર્મ ન જાઈ તદા. ...૮૦૫
ગુણાભીઓગેણ આગાર, ઘણા લોક મલઈ જેણી વાર,
બલ પ્રાકમતે સબલૂં કરઈ, તો સમકીત નવી જાઈ શરઈ . ...૮૦૬
બલાભીઓગેણું જે કહું, કો બલીઓ બલ કરતો લહું,
દેવી આભીઓ ગેણું તેહ, બલિં કરી વંદાવઈ તેહ. ...૮૦૭
ગુરુનીગીહેણૂં મનમાહાં ધરઈ, માતાપીતાનું કહણ જ કરઈ,
વતીકંતા છઠો આગાર, ભાખું તેહના દોય પ્રકાર. ...૮૦૮
કબીએક વનમાહા ભુલો પડ્યો, ત્યાહાં કહી તાપસ હાથિં ચડ્યો,
અથવા દૂર્ભખ્ય કાલઈ નડ્યો, તો સમકીતથી તે નવી પડ્યો. ...૮૦૯
છીડી છઈ એ ભાખી જેહ, કાયર નરનિં હુઈ તેહ,
ધીર્યવંત કિમે નવી ચલઈ, જિમજિન કલપી નર નવી ટલઈ. ...૮૧૦
છઈ ભાવના તિહાં કણિ કહી, નર ઉત્તમતે પામણી સહી,
મૂલ ભાવના પહઈલી જ્યાહ, અસીવાત વીમાસઈ ત્યાહ. ...૮૧૧
ધર્મ રુપીઓ તરુઅર એક, પત્ર ફૂલ ફલ તીહાં અનેક,
સમકીત રુપી ભાખઈ મૂલ, નાહાસઈ મીથ્યા રુપી સૂલ. ...૮૧૨
દ્વાર ભાવના બીજી જ્યાંહ, ધર્મરુપીઓ નગર જ ત્યાહ,
સમકીત રુપીઆ ભાવઈબાર, મીથ્યા ચોર બલ હોય અસાર. ...૮૧૩
પઈઠાંણ ભાવના ત્રીજી એહ, વ્રતરુપી પ્રાસાદ જ જેહ,
સમકીત રુપિણી તિહાં ઠપીકા, ભૂવન અખંડ તે પાયો થકાં. ...૮૧૪
ની ધ્યાન ભાવના ચોથી કહું, મૂલ ગુણનિં ઉત્તરગુણ લહૂં,
તેહ રુપીઓ ધ્યન વલી જોય, અખઈ ની ધ્યાન તે સમકીત હોય. ...૮૧૫
આધાર ભાવના તિહાં ભાવવી, ચારીત્રરુપી આ જીવનિં હવી,
સમકીત રુપ ધરતી આધાર, ભાવંતાં પામઈ ભવપાર. ...૮૧૬
ભાજન ભાવના ભાવઈ લીલ, સૂકીત સંયમનિં ઉપશમલીલ,
તેહ રુપીઓ રસ ભલ જ્યાહિં, સમકીત ભાજન ભાવો ત્યાહિ. ...૮૧૭

થાનક છઈ સમકીતનાં જેહ, સમકીત દ્રીષ્ટી જાણઈ તેહ,
જીવ છતી જગ માહા સધઈ, ચેતના લખ્યણ પ્રાણી કહઈ. ...૮૧૮
જીવ નીતિંઅ છઈ વલી સહી, જીવ તણઈ વણ સેવું નહી,
જીવ તણી ઓતપતિ નવી હોય, બીજું થાનક એણી પઈરિ જોય. ...૮૧૯
ત્રીજું થાનક નરનું જોય, જીવ કરમનો કર્તા હોય,
વરત હીણ મીથ્યાત કષાય, તેણઈ બહુ કર્મ મલઈ સમદાય. ...૮૨૦
જીવ કર્મનો ભુગતા હવઈ, પોતઈ પોતાનાં ભોગવઈ,
ચોથૂં થાનક એમસંભવઈ, મોક્ષ પાંચમઈ છઈ પણી હવઈ. ...૮૨૧
છઠ્ઠું થાનક એ કહિવાય, મોક્ષ સાધવા અછઈ ઉપાય,
સડસઠિ બોલ એ પૂરા થયા, દરસણ સીત્યરિં માંહિ કહ્યો. ...૮૨૨

અર્થ: સમકિતના પાંચ લક્ષણ છે. ઉપશમ ભાવમાં ઝીલવું, એ પ્રથમ લક્ષણ છે. હવે સંવેગનો અર્થ કહું છું તે સાંભળો. મુક્તિ (મોક્ષ) પ્રાપ્તિની અભિલાષા તેને સંવેગ (બીજું લક્ષણ) કહેવાય...૮૦૦

હૃદયમાંથી સંસાર ત્યાગવાની તીવ્ર ઇચ્છા (તે નિર્વેદ નામનું ત્રીજું લક્ષણ છે), દુઃખી જીવો પર હૈયામાં અનુકંપા (ચોથું લક્ષણ છે) અને જિનેશ્વરનાં વચનો પર વિશ્વાસ-(આસ્થા એ પાંચમું લક્ષણ છે). દર્શન સીત્યરિમાં આ પાંચ પ્રકારનાં લક્ષણો દર્શાવેલ છે...૮૦૧

દર્શન સિત્તરીમાં છ યત્નાનું સ્વરૂપ કહેલ છે. તેનો અર્થ હવે કહું છું. અન્ય દર્શનીઓના દેવ તેમજ તેમણે ગ્રહણ કરેલાં ચૈત્ય જે છે...૮૦૨

ત્યાં છ બોલ વર્જવા યોગ્ય છે. વંદન એટલે હાથ જોડવા રૂપ વંદન. વચનથી ગુણગાન કરવા, તે નમસ્કાર. તેમને અનુકૂળ આહાર આદિ આપવા રૂપ દાન તેઓને આપવું નહિ...૮૦૩

તેઓને વારંવાર દાન આપવારૂપ અનુપ્રદાન ટાળવું. તેમની સાથે એક વાર બોલવારૂપ આલાપ તેમજ વારંવાર બોલવારૂપ સંલાપ પણ ટાળવો. તેમને સામેથી બોલાવતાં પાપ લાગે છે. (તેથી સમ્યક્ત્વ દૂષિત બને છે.)...૮૦૪

સમકિતનાં છ અપવાદ છે. રાજાના દબાણપૂર્વક કોઈ કાર્ય કરવું પડે તેને (૧) રાજાભિયોગ આગાર કહેવાય. તેથી સમકિત ધર્મ નષ્ટ થતો નથી...૮૦૫

ઘણા લોકોનું સમૂહમાં મળવું અને ઘણા લોકોના કહેવાથી, પોતાની ઇચ્છા વિના કરવું પડે; તેને(૨) ગણાભિયોગ આગાર કહેવાય છે. તેથી સમકિત જતું નથી...૮૦૬

કોઈ બળવાન, શક્તિશાળીના કહેવાથી કોઈ કાર્ય કરવું પડે; તે (૩) બલાભિયોગ આગાર છે. ક્ષેત્રપાળ આદિ દેવોના દબાણથી વંદન કરવું પડે; તે (૪) દેવાભિયોગ આગાર છે....૮૦૭

માતા-પિતાના કહેવાથી તેમજ ગુરુની આજ્ઞાનું દબાણ થતાં જે કાર્ય અનિચ્છાએ કરવું પડે; તે (૫) ગુર્વાભિયોગ આગાર છે. (૬) કાંતાર વૃત્તિ એ છઠ્ઠો આગાર છે. તેના બે પ્રકાર કહું છું...૮૦૮

ક્યારેક જંગલમાં માર્ગ ભૂલતાં, કોઈ તાપસનો સંગ થતાં, દુષ્કાળ આદિ તેમજ કષ્ટપૂર્વક કુટુંબનો

નિર્વાહ કરતાં કઠિન કાળ આવે, ત્યારે અનિચ્છાએ કોઈ કાર્ય કરવું પડે, તેથી સમકિત નષ્ટ થતું નથી...૮૦૯

આ છ આગાર (છીંડી-કાણાં-છૂટ) કહ્યા, તે કાયર નર માટે છે. ધર્મમાં શૂરવીર નર કોઈ પણ પરિસ્થિતિમાં ધર્મથી ચ્યુત થતાં નથી. જેમકે જિનકલ્પી સાધુ અપવાદ માર્ગનો આશ્રય લેતાં નથી. તેઓ પોતાના માર્ગને છોડતાં નથી...૮૧૦

દર્શન સિત્તરીમાં છ ભાવનાઓ દર્શાવેલ છે. ઉત્તમ નર આ છ ભાવનાઓનું ચિંતન કરે છે. સમ્યક્ત્વ એ ધર્મનું મૂળ છે. આ પ્રથમ ભાવના છે. તે વાતનો વિચાર ત્યાં કહેલ છે...૮૧૧

ધર્મરૂપી વૃક્ષ પર અનેક પત્ર ફળ, ફૂલ છે. તે વૃક્ષનું સમકિતરૂપી મૂળ કહ્યું છે. તેથી મિથ્યાત્વરૂપી કંટક દૂર ભાગે છે...૮૧૨

દ્વાર એ સમકિતની બીજી ભાવના છે. મોક્ષરૂપી નગર છે. તેનું સમકિતરૂપી દ્વાર છે. ત્યાં મિથ્યાત્વરૂપ ચોરનું બળ ટકી શકતું નથી...૮૧૩

પ્રતિષ્ઠાપન એ સમકિતની ત્રીજી ભાવના છે. વ્રતરૂપી મહેલ સમકિતરૂપી પાયા પર પ્રતિષ્ઠિત છે. ધર્મરૂપી મહેલ સમ્યક્ત્વરૂપી પાયા ઉપર અખંડપણે ઊભો છે...૮૧૪

નિધાન (ભંડાર, તિજોરી) સમકિતની ચોથી ભાવના છે. મૂળગુણ અને ઉત્તરગુણરૂપ રત્ન સમકિતરૂપી તિજોરીથી અખંડ રહે છે...૮૧૫

(પાંચમી) આધાર ભાવના ભાવવી જોઈએ. જેમ સર્વ જીવોનો આધાર પૃથ્વી તેમ સંયમરૂપ ધર્મનો આધાર સમ્યક્ત્વ છે. તે આધાર ભાવનાનો વિચાર કરતાં ભવસાગર પાર પમાય છે...૮૧૬

(છઠ્ઠી) ભાજન ભાવના ભાવતાં, સર્વોત્તમ મોક્ષ સુખ પ્રાપ્ત થાય છે. શીલ અને શ્રુત ધર્મથી ઉપશમરસની પ્રાપ્તિ થાય છે. તે રસ સમ્યક્ત્વરૂપી પાત્રમાં સુરક્ષિત રહે છે. ધર્મરૂપ અમૃતને સાચવવા સમ્યક્ત્વરૂપ પાત્રની ભાવના ભાવો...૮૧૭

સમકિતના છ સ્થાન છે. સમકિતદૃષ્ટિ જીવે આ છ સ્થાન જાણવા યોગ્ય છે. જગતમાં 'જીવ છે', તેની શ્રદ્ધા કરો. ચૈતન્ય લક્ષણથી યુક્ત જીવ કહેવાય. (આ પ્રથમ સ્થાન છે.)...૮૧૮

તે 'જીવ નિત્ય છે', જીવનો વિનાશ થતો નથી. જીવની ઉત્પત્તિ નથી. તે શાશ્વત છે. આ સમકિતનું બીજું સ્થાન છે...૮૧૯

સમકિતનું ત્રીજું સ્થાન છે - 'જીવ કર્મનો કર્તા છે', આ જીવ મિથ્યાત્વ, અવ્રત અને કષાયના કારણે બહુ કર્મ સમુદાયથી મલિન બને છે...૮૨૦

'જીવ કર્મનો ભોક્તા' છે. પોતાનાં કરેલા કર્મો પોતે જ ભોગવે છે. એ સમકિતનું ચોથું સ્થાન છે. કર્મથી મુક્ત થવારૂપ 'મોક્ષ છે', એ પાંચમું સ્થાન છે...૮૨૧

મોક્ષ મેળવવાનાં સાધનો છે. તેથી 'મોક્ષનો ઉપાય છે'. એ સમકિતનું છઠ્ઠું સ્થાન છે. આ પ્રમાણે વ્યવહાર સમકિતના સડસઠ બોલ પૂરા થયા. તે દર્શન સિત્તરી ગ્રંથમાં કહ્યાં છે...૮૨૨

કવિએ આ ચોપાઈમાં સમકિતના વિવિધ દ્વારોનું વર્ણન કર્યું છે. તેમણે સમકિતના લક્ષણ, યતના, આગાર, ભાવના અને સ્થાન દર્શાવેલ છે.

• સમકિતનાં પાંચ લક્ષણો :

કવિએ કડી ૭૯૯ થી ૮૦૧માં સમકિતનાં પાંચ લક્ષણ દર્શાવેલ છે. ભૂષણ એ સમ્યક્ત્વની શોભા છે, જ્યારે લક્ષણ એ સમ્યક્ત્વી જીવને ઓળખવાની નિશાની છે. બાહ્ય લક્ષણો પરીક્ષણયંત્ર છે. વ્યવહારમાં પણ થર્મોમીટરથી તાવ માપી શકાય, પ્રમાણપત્રથી વકિલ કે ડૉક્ટર છે; એવું જાણી શકાય. સમ્યગ્દર્શન અરૂપી ગુણ હોવાથી તેને વ્યક્તિના આચરણ પરથી જાણી શકાય છે.

સમ્યક્ત્વના પાંચ લક્ષણો શ્રાવકપ્રજ્ઞપ્તિ[170], સંબોધ પ્રકરણ[171] તેમજ વિમલવિબુદ્ધસૂરિ કૃત (ઉપદેશશતક) સમ્યક્ત્વ પરીક્ષા ઇત્યાદિ ગ્રંથમાં દર્શાવેલ છે.

પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી મ. સા. કહે છે-

**भकिखज्जई सम्मत्तं हिययगयं जेहि ताइं पंचेव ।[172]**
**उवसम संवेगोतह निव्वेयणुकंपे अत्थिक्कं ॥**

અર્થ : જેના વડે હૃદયગત આત્માના શુભ અધ્યવસાયરૂપ સમ્યક્ત્વ જાણી શકાય તે લક્ષણ કહેવાય. ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ સમ્યક્ત્વનાં લક્ષણો છે.

આત્માની જિજ્ઞાસા વાળો જીવ કેવો હોય તે દર્શાવતાં શ્રીમદ્જી કહે છે કે -

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;[173]**
**ભવે ખેદ, અંતરદયા, તે કહીએ જિજ્ઞાસ.**

(૧) ઉપશમ - અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમજન્ય ભાવ તે ઉપશમ છે. તેને શમ-પ્રશમ પણ કહેવાય છે. કષાયોનો ઉપશમ બે પ્રકારે થાય છે.

વિંશતિ વિંશિકામાં પૂર્વાચાર્ય કહે છે-

**पयईए कम्माणं नाऊणं वा विवागमसुहंति ।[174]**
**अवरद्धे वि न कुप्पइ उवसमओ सव्वकालंपि ॥**

અર્થ : સ્વાભાવિક રીતે અથવા તો કર્મોના અશુભ વિપાકોને જાણીને, કષાય વગેરેનો ઉપશમ થાય છે. જેમ કોઈને તાવ આવ્યો હોય અને સમય મર્યાદા પૂર્ણ થતાં ઔષધનાં ઉપચાર વિના સ્વાભાવિક રીતે ઉતરી જાય તેમ નિસર્ગ સમકિત સ્વભાવિક થાય છે. જેમ કોઈને તાવ ઔષધોપચારથી ઉતરી જાય તે સમાન અધિગમ સમકિત સમજવું.

ક્રોધની ચળ અને વિષય તૃષ્ણા શમી જવાં તે ઉપશમ છે. સમકિતીને ક્રોધ આવે પણ ક્રોધના પરિણામ તરત શમી જાય છે. યુગલિકોમાં બાહ્ય સંઘર્ષ નથી, તેમ આંતર સંઘર્ષ પણ નથી તેથી તેમને દેવગતિ મળે છે પરંતુ મોક્ષ પ્રાપ્ત થતો નથી.

શ્રેણિક મહારાજ અને કૃષ્ણ મહારાજા સમકિતી હતા. તેઓ શમ લક્ષણવાળા જ હતા એવો એકાંત નિયમ નથી. ઉત્પત્તિના સમયમાં આ પાંચે લક્ષણ હોય પછી તેની વિદ્યમાનતા રહે અથવા ન રહે. શમ વિના પણ સમકિત હોય. કેટલાકને સંજવલન કષાય, અનંતાનુબંધી કષાય જેવો તીવ્ર પણ હોય છે, ત્યારે તેઓને સંજવલન

કષાયોની ક્રોધવૃત્તિ અને વિષયતૃષ્ણા હતી એમ સમજવું જોઈએ.

જે મોટા અપરાધો પણ સમભાવ રાખીને ક્રોધાદિને શાંત કરે છે, તે ઉપશમ ભાવવાળો કહેવાય છે. નિરપરાધી મેતાર્ય મુનિને સોનીએ મસ્તકે પાણીમાં ભીની કરેલી ચામડાની વાધર પહેરાવી, સૂર્યના તાપમાં ઊભા રાખ્યા. સૂર્યના તાપથી વાધર તપવા લાગી, અસહ્ય વેદના થઈ. માથું ફાટવા માંડ્યું, બંને નેત્રો બહાર આવ્યા, છતાં મુનિ સમતા રસમાં ઝીલતા હતા. મુનિએ સોની પ્રત્યે મનથી પણ દ્વેષ ન કર્યો. મેતાર્ય મુનિએ ઉપશમરસની પરાકાષ્ટારૂપ કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી લક્ષ્મી પ્રાપ્ત કરી. વિકટ પરિસ્થિતિમાં, ભયંકર ઉપસર્ગ કે પરિષહમાં સમતામય રહેવાવાળાની સમતા અનાહત (આઘાત ન પામે) સમતા કહેવાય છે. કષાયોની ખણજથી સમકિત આઘાત પામે છે.

ભગવાન મહાવીરના આત્માએ અનેક વખત સમકિત પ્રાપ્ત કરી ગુમાવ્યું હતું.

ભગવાન મહાવીરે નયસારના ભવમાં માર્ગમાં ભૂલા પડેલા મુનિવરને પ્રીતિપૂર્વક દાન આપ્યું. મુનિવરના મુખેથી જિનવાણીનું શ્રવણ કરી સ્વ-પરનો વિવેક જાગૃત થતાં સમકિત મેળવ્યું.

ત્રીજા મરીચિના ભવમાં ત્રિદંડીપણાના વેશમાં શિષ્યના રાગે તેમણે કહ્યું, ''અહીં પણ ધર્મ છે અને ત્યાં જિનમાર્ગમાં પણ ધર્મ છે.'' આ ઉત્સૂત્ર વચનથી સમકિતનો સૂર્યાસ્ત થયો. ત્યાર પછી મોટા મોટા બાર ભવો સુધી ધનના લોભમાં, વિષયવાસનાપૂર્વક ભોગવિલાસમાં તથા હિંસા, જૂઠ આદિ પાપકાર્યોમાં સમકિત પ્રાપ્ત ન થયું.

સોળમા વિશ્વભૂતિના ભવમાં પુનઃ સમ્યગ્દર્શનનું તેજ પ્રકાશિત થયું. તેથી મુનિપણું પ્રાપ્ત થયું. સમકિતના પ્રભાવે તપશ્ચર્યા, ધ્યાન, સાધનાના માધ્યમે સંયમ સ્થાન શુદ્ધ બનાવ્યું. પિત્રાઈ ભાઈના અપમાનથી ઉત્તેજિત થઈ મુનિવરે નિદાન કર્યું. કષાયરૂપી વાયુ દ્વારા સમકિતની જ્યોત પુનઃ બુઝાઈ જતાં ફરીથી જીવનું અધઃપતન થયું.

અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં અગીયારમા શ્રેયાંસનાથ તીર્થંકરના ચરણોમાં એકવાર ફરીથી સમકિતની જ્યોત પ્રગટી હતી. રાજ્યોની ખટપટ, વિષયવાસનાની તીવ્ર લાલસાએ ફરીથી સમકિત ગુમાવ્યું. તે ભવમાં શય્યાપાલકના કાનમાં ગરમાગરમ સીસું રેડાવી, રૌદ્રધ્યાન કરી નરકમાં ગયા.

બાવીસમા ભવમાં આત્મજ્યોતિના પ્રકાશથી વિમલકુમારે સંસાર છોડી સંયમ સ્વીકાર્યો. જીવમાત્ર પ્રત્યે અહિંસાની તીવ્ર ભાવના અને તપશ્ચર્યાથી કર્મમળ ધોવાઈ જતાં આત્મજ્યોતિ વધુ પ્રકાશમાન થઈ.

ત્રેવીસમા ભવમાં પ્રિયમિત્ર ચક્રવર્તી થયા. છ ખંડનું સામ્રાજ્ય છોડી સંયમ શૂરા બન્યા.

પચ્ચીસમા ભવમાં નંદનમુનિ બન્યા. અહીં ક્ષાયિક સમકિતી બન્યા. 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના ભાવી તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું.

ભગવાન મહાવીરનું દ્રષ્ટાંત આપણને શીખ આપે છે કે, ઔપશમિક કે ક્ષયોપશમ સમકિત અશુભ નિમિત્તો મળતાં ગુમાવી દેવાય છે, છતાં જેને એકવાર આત્મસ્વરૂપનું દર્શન થાય છે, તે આત્મા વધુમાં વધુ દેશે ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તનમાં અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે છે. જેમ પવનના ઝપાટાથી વૃક્ષ પરનાં પાંદડાઓ સ્વયં ખરી જાય છે, તેમ સમકિત આવ્યા પછી સકામ નિર્જરાના બળે કર્મસત્તા સ્વયં ખરી પડે છે.

સમભાવ એ વીતરાગતાનું પ્રતિક છે. તેને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી[૧૨૫] જાણીએ.

(૧) દ્રવ્યથી સમભાવ -

ચૈતન્ય લક્ષણ, અસંખ્યાત પ્રદેશ અને ઉપયોગ, આ સર્વ જીવોના લક્ષણ છે. સામાન્ય સત્તાની અપેક્ષાએ સર્વ જીવો સમાન છે.

(૨) ક્ષેત્રથી સમભાવ -

એક જ ક્ષેત્રમાં અકંપ, સ્થિર, અચલ રહેવું, એક જ સ્થાનમાં કાયાને સ્થિર કરવી, સર્વ ક્ષેત્રમાં સમભાવ રાખવો; એ ક્ષેત્રથી સમભાવ છે.

(૩) કાળથી સમભાવ -

(૧) સર્વ દ્રવ્યોમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સમાન છે. તે અપેક્ષાએ સર્વ દ્રવ્ય સમાન છે. (૨) ક્ષાયિક ભાવ સાદિ અનંત છે. પારિણામિક ભાવ તે જીવનો સ્વભાવ છે. તેનો અંત નથી. (૩) સર્વ દ્રવ્યો અનાદિ અનંત છે. તે અપેક્ષાએ કાળથી સમભાવ છે.

(૪) ભાવથી સમભાવ -

(૧) અરિહંત અને સિદ્ધ ભગવાનના આત્મિક ગુણો સંપૂર્ણ શુદ્ધ અને પરિપૂર્ણ છે. તે અપેક્ષાએ અરિહંત અને સિદ્ધ સમાન છે. (૨) ભવ્ય જીવોમાં સિદ્ધના ગુણો સત્તારૂપે રહેલા છે. सोऽहम्सूत्रनो અર્થ स + अहम् = स = સિદ્ધ ભગવાન, अहम् = હું. હું પણ સત્તાથી સિદ્ધ છું. (૩) જ્ઞાન - દર્શનમાં શુદ્ધ ઉપયોગ; એ ભાવથી સમભાવ છે.

ઉપશમભાવનું સુખ એ સિદ્ધના સુખની વાનગી છે. પ્રશમ આદિ ગુણ પોતાનામાં આત્મસંવેદન ગમ્ય છે જ્યારે બીજા જીવોમાં કાય, વચન, વ્યવહારરૂપ વિશેષ જ્ઞાયક લિંગો દ્વારા અનુમાનગમ્ય છે.

### (૨) સંવેગ:

શ્રી હરિભદ્રસૂરિજી મ.સા. કહે છે -

**संवेगो मुक्खं पइ अहिलासो भव विरागोऊ[૧૨૬]।**

અર્થ: મોક્ષ પ્રાપ્તિની તીવ્ર અભિલાષા અને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય તે સંવેગ છે.

સંવેગના બે અર્થ છે. (૧) મોક્ષની તીવ્ર અભિલાષા (૨) સંસારથી ભય. સંસારની ચારે ગતિઓ દુઃખજનક છે, એવું જાણી સમકિતી જીવ સદા સંસારમાં અલિપ્ત ભાવે રહે છે. જેમ કમલિનીના પાંદડાં સ્વભાવથી જ જળથી અલિપ્ત હોય છે, તેમ સમકિતી જીવ સમ્યક્ત્વના પ્રભાવથી વિષય-કષાયમાં ન લેપાય.

સમ્યગ્દ્ દ્ષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાલ,
અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખિલાવે બાળ.

સમકિતી જીવને સંસારનું કર્તવ્ય બજાવતાં ક્યાંય માલિકીભાવ ન હોય; કારણકે તેમાં પાપભીરૂતા નામનો ગુણ હોય છે. તેને સંસાર શલ્યની જેમ ખટકે છે. सम्यक्त्वी भवोदधौ न रमते।

દ્વાત્રિંશદ-દ્વાત્રિંશિકામાં કહ્યું છે-

**तप्तलोहपदन्यासतुल्या वृत्तिः क्वचिद्यदि।**
**इत्युक्तेः कायपात्येव चित्तपाती न स स्मृतः।।**

અર્થ : સમકિતી જીવ કદાચ આરંભાદિ પ્રવૃત્તિ કરે તો પણ તે પ્રવૃત્તિ તપ્તલોહપદન્યાસ(તપાવેલા લોખંડ પર પગના સ્પર્શ) સમાન હોય છે. આવી શાસ્ત્રોક્તિથી સિદ્ધ થાય છે કે સમકિતી કાયપાતી જ હોય, ચિત્તપાતી ન હોય.

સમકિતી આત્માનું લક્ષ્ય એક માત્ર સર્વવિરતિ ધર્મ સ્વીકારવાનું હોય છે. [147]અભયકુમારે સંસારનું ભૌતિક રાજ્ય છોડી આધ્યાત્મિક જગતના મહારાજ બનવાનું સ્વીકાર્યું. રાજપાટ-સુખ, વૈભવ ઈત્યાદિ મોક્ષમાર્ગમાં બાધક છે, તેથી તેનો ત્યાગ કરી પ્રભુ મહાવીર પાસે સંયમ અંગીકાર કર્યો. તેઓ મૃત્યુ પામી વિજય નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૨૯મા અધ્યયનમાં સંવેગના ફળ સ્વરૂપે અનુક્રમે મોક્ષ પ્રાપ્ત થાય છે, તેવું શાસ્ત્રકારો જણાવે છે.

(૩) નિર્વેદ :-

**निव्वेओ चागिच्छा तुरियं संसारचारयगिहस्स।**[148] સંસારરૂપી કારાગ્રહને જલ્દીથી છોડવાની તીવ્ર ઈચ્છા તે નિર્વેદ છે. ભવપ્રપંચથી કંટાળો, થાકવું તે નિર્વેદ છે.

નિર્વેદના વિવિધ અર્થો છે. (૧) સાંસારિક વિષય કષાયોનો ત્યાગ ૨) સંસારથી વૈરાગ્ય (૩) સંસાર પ્રતિ ઉદ્વિગ્નતા (૪) સર્વ અભિલાષાઓનો ત્યાગ (૫) વિવિધ ઉદય ભાવોમાં સમભાવ.[149]

નિર્વેદનું ફળ દર્શાવતાં શાસ્ત્રકારો કહે છે કે - (૧) તે જીવ સંસારથી ખસતો (વિરક્ત થતો) જાય છે. (૨) તે સર્વ કામભોગો અને વિષયોથી છૂટો પડે છે. (૩) તે સંસાર - પરિગ્રહનો ત્યાગ કરે છે. (૪) તેની ભવ પરંપરાનો વિચ્છેદ થાય છે. (૫) તે મોક્ષ માર્ગનો પથિક બની અંતે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધનારૂપ સિદ્ધિ માર્ગને મેળવે છે.[150]

સંવેગ અને નિર્વેદ એક સિક્કાની બે બાજુ છે. મોક્ષની તીવ્ર અભિલાષારૂપ સંવેગ ભાવ પ્રગટે છે, ત્યારે સંસારના ભોગો પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સંવેગનું ફળ નિર્વેદ છે. સંવેગ વિધિરૂપ છે, જ્યારે નિર્વેદ નિષેધરૂપ છે.

ભરત ચક્રવર્તી, સનતકુમાર ચક્રવર્તી, શાંતિનાથ ભગવાન, શાલિભદ્ર, ધન્ના અણગાર આદિએ જગતને એંઠવત્ જાણી સંસારનો ત્યાગ કર્યો. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ શરીર એ કારખાનું છે, જે અસારભૂત તત્ત્વોને બહાર કાઢી સારભૂત તત્ત્વોને સંગ્રહે છે; તેમ આધ્યાત્મિક ક્ષેત્રે અસાર તત્ત્વોનો ત્યાગ અને સારભૂત તત્ત્વોનો સંગ્રહ કરવો તે જ સમ્યગ્દષ્ટિ (સત્યદૃષ્ટિ) છે.

(૪) અનુકંપા :-

અનુ = પાછળ, કંપ = ધ્રુજારી. દુઃખી જીવો પ્રત્યે દયા, તે અનુકંપા છે. નિષ્પક્ષપણે દુઃખી જીવોના દુઃખને દૂર કરવારૂપ દયા તે અનુકંપા કહેવાય. અનુકંપાના બે પ્રકાર છે. દ્રવ્ય અનુકંપા અને ભાવ અનુકંપા.

દુઃખીઓનાં દુઃખોને યથાશક્તિ દૂર કરવાની પ્રવૃત્તિ કરવી તે દ્રવ્ય અનુકંપા છે, તેમની ધર્મરહિત અવસ્થા દૂર કરવી, તે ભાવ અનુકંપા છે.

કોમળ હૈયામાં અનુકંપાના ભાવ પ્રગટે છે. અનુકંપાથી પરોપકાર કરવાનું મન થાય છે. કોમળ હૃદયમાં ધર્મ પ્રાપ્તિ સુલભ બને છે. વિશ્વના સર્વ ધર્મોએ દયા-અનુકંપાને સ્વીકારી છે.

હિંદુધર્મના સારરૂપ ગીતાજીમાં કહ્યું છે કે, ''હે અર્જુન! જીવદયાથી જેટલું પુણ્ય થાય છે તેટલું પુણ્ય સર્વ વેદો સાંભળતાં, સર્વ યજ્ઞો અને સર્વ તીર્થોની યાત્રા કરતાં પણ થતું નથી.''

ઈસ્લામધર્મમાં તેમના પયગંબરને 'રહિમ' અને 'રહેમાન' કહેવાય છે. રહિમ = રહેમ, દયા કરનાર. રહેમાનનો અર્થ પણ એવો જ થાય છે.

ઈતિહાસ કહે છે કે બૌદ્ધધર્મમાં ગૌતમબુદ્ધે અહિંસા ઉપર ભગવાન મહાવીર જેટલો જ ભાર મૂક્યો હતો પરંતુ પાછળથી બૌદ્ધ ધર્મમાં માંસાહાર પેઠો.

હિંદુધર્મમાં પણ ગૌહત્યાનો નિષેધ કર્યો છે. ગાયોનું સંરક્ષણ અને સેવા એ હિંદુધર્મના પાયામાં છે. તેઓ પણ પ્રાણી માત્ર પ્રત્યે અનુકંપા ધરાવે છે.

મહર્ષિ પતંજલિએ પાંચ યમોમાં પ્રથમ અહિંસા કહી છે. તેમના ઋષિમુનિઓ સંપૂર્ણ અહિંસા પાળતા હતા. તેથી તેમના આશ્રમમાં પ્રાણીઓ નિર્ભય બની રહેતા હતા.

આ રીતે સર્વ ધર્મોએ દયા-અનુકંપાને સુખદાયિની કહી છે. દાન કરતાં પણ દયા શ્રેષ્ઠ છે. **दाणाणं सेट्ठं अभयप्पयाणं**[૧૫૧] - સર્વ દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે. જગતમાં તીર્થંકરોની કરુણા શ્રેષ્ઠ કોટિની હોય છે.

(૫) આસ્તિક્ય :-

**अत्थिक्कं पच्चओ वयणे ।**[૧૫૨] તીર્થંકરના વચન ઉપર શ્રદ્ધા તે આસ્તિક્ય લક્ષણ છે. આસ્તિક્ય એ સંસ્કૃત શબ્દ છે. અસ્તિ = હોવું. આત્માના શાશ્વત અસ્તિત્ત્વની પરમ આસ્થા માનનારો આસ્તિક કહેવાય.

આસ્થા એ ધર્મનું મૂળ છે. કોઈ જીવને કદાચ મોહના ઉદયથી કોઈ વિષયમાં શંકા થાય તો તેને દૂર કરવા શ્રી હરિભદ્રસૂરિ મહારાજના વચનો સુંદર મર્યાદારૂપ છે.

બુદ્ધિની ન્યૂનતાના કારણે, જ્ઞાની ગુરુના અભાવે, જીવ-અજીવ આદિ તત્ત્વોનું જ્ઞાન ગહન ન હોવાથી, જ્ઞાનાવરણીય કર્મના ઉદયે, હેતુ-દૃષ્ટાંત આદિ જ્ઞાનના સાધનોના અભાવે, કોઈ વિષય યથાર્થ ન સમજાય તો પણ બુદ્ધિમાન (આસ્તિક) જીવ "સર્વજ્ઞનો મત સત્ય છે કારણ સર્વજ્ઞ રાગ-દ્વેષ વિનાના શ્રેષ્ઠ આત્માઓ છે. તેઓ અસત્યવાદી હોતા જ નથી; એવું સમજી જિનવચનને સત્ય જ માને".[૧૫૩]

આસ્થાના સંદર્ભમાં નવતત્ત્વ દીપિકા ગ્રંથમાં પણ આ પ્રમાણે કહ્યું છે -[૧૫૪]

આચાર્ય શુભચન્દ્રજીએ જ્ઞાનાર્ણવમાં કહ્યું છે -[૧૫૫]

"હે ભવ્યો ! તમે દર્શન નામના અમૃતનું જલપાન કરો કારણકે તે અતુલ ગુણોનું નિધાન છે. સર્વ કલ્યાણનું બીજ છે. સંસાર સાગર તરી જવાનું જહાજ છે. ભવ્ય જીવોનું એક લક્ષણ છે. પાપરૂપી વૃક્ષને છેદવા

માટેનો કુહાડો છે. તે પવિત્ર એવું તીર્થ છે. સર્વ રીતે શ્રેષ્ઠ છે. મિથ્યાત્વને જીતનારું છે."

આસ્તિક્ય એ નવતત્ત્વની આસ્થા છે. શ્રી ભગવતીસૂત્રમાં મદ્દુક શ્રાવકનો[૧૪૯] અધિકાર છે. તેઓ જિનેશ્વરનાં વચનો પ્રત્યે નિઃશંક હતા. પ્રભુ મહાવીરના પંચાસ્તિકાયના નિયમનો ઉપહાસ કરતાં કાલિયાદિ અન્ય ધર્મીઓને તેમણે નિરુત્તર કર્યા. મદ્દુક શ્રાવક જ્ઞાની ન હતા, પરંતુ જિનવચનમાં પરમ શ્રદ્ધાવાન હતા. અપ્રત્યક્ષ એવા ધર્માસ્તિકાય દ્રવ્યની શ્રદ્ધા કરાવવા તેમણે કહ્યું, "આ પાંદડાં કોણ હલાવે છે ?" અન્ય ધર્મીઓ બોલ્યા, "પવન". મદ્દુકજીએ અન્ય ધર્મીઓને કહ્યું, "પવન જેમ જોઈ શકાતો નથી પણ અનુભવી શકાય છે, તેમ ધર્માસ્તિકાય દ્રવ્ય અરૂપી હોવાથી જોઈ શકાતો નથી પણ તે ચાલવામાં સહાયક છે; તેવું સર્વજ્ઞ ભગવંતે જ્ઞાનમાં જોયું અને જણાવ્યું છે." છદ્મસ્થએ અપ્રત્યક્ષ પદાર્થોનું અસ્તિત્ત્વ શાસ્ત્રના કથન અનુસાર સ્વીકારવું આવશ્યક છે.

• અન્ય આચાર્યોના મતે સમ્યકૃત્વના પાંચ લક્ષણો -

(૧) સત્ય તત્ત્વોમાં દૃઢ પક્ષપાતરૂપ સદાગ્રહ. (૨) સંસારનો ભય. (૩) વિષયોની આસક્તિનો ત્યાગ. (૪) સર્વે જીવોનાં દુઃખ દૂર કરવાની ઈચ્છા. (૫) આગમમાં શ્રદ્ધા.

• સમકિતના લક્ષણ અને આઠ આચાર વચ્ચેનો સંબંધ :

પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિકય આ ચાર લક્ષણ સમકિતના પાયા સમાન છે. આ ચાર લક્ષણોના ઉત્તરોત્તર વિકાસથી સમકિત પ્રગટે છે. આઠ આચાર પણ આ ચાર લક્ષણમાંથી પ્રગટે છે અથવા ચાર લક્ષણમાંથી આઠ આચાર પ્રગટે છે. આ રીતે બન્ને વચ્ચે અન્યોન્ય સંબંધ છે. તે સંક્ષેપમાં નીચે પ્રમાણે છે.

પ્રશમભાવ કષાયની મંદતા અને સમતાથી ઉત્પન્ન થાય છે. સમતા ભાવથી હૃદયની કોમળતા પ્રગટ થતાં આત્મતત્ત્વનો બોધ સહજ થાય છે. આવો બોધ થતાં અનાદિકાળથી ચાલી આવતી શંકાઓ અને ભ્રાંતિઓનું નિરાકરણ થાય છે. તેના ફળ સ્વરૂપે નિઃશંકિત ગુણ પ્રગટે છે. નિઃશંકિત ગુણનો વિકાસ થતાં પ્રશમ અને સમતા ગુણનું પોષણ થાય છે. તેના ફળ સ્વરૂપે ઉપગૂહન નામના પાંચમા અંગનો જન્મ થાય છે.

સમયસાર ગ્રંથમાં કહ્યું છે -

સમ્યક્‌ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને[૧૫૦]
છે સપ્તભય પ્રવિમુક્ત જેથી તેથી તે નિઃશંક છે.
જે સિદ્ધ ભક્તિ સહિત છે, ઉપગૂહન છે સૌ ધર્મનો
ચિન્તમૂર્તિ તે ઉપગૂહનકર, સમકિતદૃષ્ટિ તે જાણવો.

સંવેગ લક્ષણના પરિણામે સંસારની ઉપલબ્ધિ અને ઉપાધિ સમ્યગ્‌દૃષ્ટિ આત્માને શલ્ય સમાન ખૂંચે છે. તેથી સંસાર પ્રત્યેનું આકર્ષણ મંદ, મંદતર અને મંદતમ થતું જાય છે. સાંસારિક સુખના સાધનોની આકાંક્ષા અલ્પ બને છે, તેથી નિઃકાંક્ષા ગુણ પ્રગટે છે. નિઃકાંક્ષા ગુણથી સંવેગ ગુણનું પુષ્ટિકરણ થાય છે. સંવેગ અને નિઃકાંક્ષાની પ્રસાદીરૂપે સ્થિતિકરણ નામનો છઠ્ઠો ગુણ ઉગે છે.

જે કર્મ ફળને સર્વધર્મ તણી ન કાંક્ષા રાખતો;[૧૫૧]
ચિન્મૂર્તિ તે કાંક્ષા રહિત, સમકિતદૃષ્ટિ જાણવો.

ઉન્માર્ગ ગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો;
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુક્ત, સમકિત દૃષ્ટિ જાણવો.

અનુકંપા ભાવથી સમકિતી આત્માને દુઃખી અને પીડિત જીવો પ્રત્યે ગ્લાનિ, ઘૃણા કે જુગુપ્સા આદિ ભાવો ન રહેતાં સમસ્ત જીવો પ્રત્યે કરુણા ઉપજે છે. તેના ફળ સ્વરૂપે નિર્વિચિકિત્સા નામનો ગુણ પ્રગટે છે. સમકિતી વસ્તુના ધર્મો (ક્ષુધા-તૃષા આદિ ભાવો તથા વિષ્ટા આદિ મલિન દ્રવ્યો) પ્રત્યે જુગુપ્સા (ઘૃણા) કરતો નથી કારણકે સમકિતી આત્મા નિરાસક્ત હોવાથી તેનામાં સારા-નરસા ભાવોનો અભાવ થઈ જાય છે. નિર્વિચિકિત્સા ગુણનો વિકાસ થતાં અનુકંપાના ભાવને પુષ્ટિ મળે છે. અનુકંપા અને નિર્વિચિકિત્સા ગુણોના ફળ સ્વરૂપે વાત્સલ્ય નામનો સાતમો ગુણ પ્રગટે છે.

સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો;[૧૫૯]
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિત દૃષ્ટિ નિશ્ચય જાણવો.
જે મોક્ષમાર્ગે સાધુત્રયનું વત્સલત્વ કરે અહો!
ચિન્મૂર્તિ તે વાત્સલ્યવત સમકિતદૃષ્ટિ જાણવો.

આસ્તિક્ય એટલે આસ્થા, તત્ત્વશ્રદ્ધા. આત્મતત્ત્વ પર પારમાર્થિક શ્રદ્ધા; વીતરાગ દેવનાં વચનો પર શ્રદ્ધા વગેરે. સુદેવ-સુગુરુ અને સુધર્મની શ્રદ્ધા થતાં કુદેવ-કુગુરુ અને કુધર્મની માન્યતાઓ દૂર થાય છે. તેથી વિવેકદૃષ્ટિ જન્મે છે; જેને અમૂઢ દૃષ્ટિ કહેવાય છે. અમૂઢદૃષ્ટિ એટલે વિવેકદૃષ્ટિ. વિવેકદૃષ્ટિનો વિકાસ થતાં આસ્તિક્ય ગુણને પોષણ મળે છે. આસ્તિક્ય અને અમૂઢદૃષ્ટિ ગુણના કારણે પ્રભાવના નામના આઠમા આચારનો જન્મ થાય છે. પ્રભાવના ગુણથી સમકિતી આત્મા જ્ઞાનરૂપી રથ પર આરુઢ બની જિનશાસનની પ્રભાવના કરે છે.

સમૂઢ નહિ જે સર્વ ભાવે, સત્યદૃષ્ટિ ધારતો;[૧૬૦]
તે મૂઢદૃષ્ટિ રહિત, સમ્યક્દૃષ્ટિ નિશ્ચય જાણવો.
ચિન્મૂર્તિ મન-રથી પંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો;
તે જિન જ્ઞાન પ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો.

ચાર લક્ષણથી સમકિત પ્રાપ્ત થાય છે. તે લક્ષણો આઠ અંગો માટે યથાર્થ શક્તિ અર્પે છે, તેમજ ભાવોમાં વિશુદ્ધિ અને નિર્મળતા અર્પે છે. આ ભાવો (લક્ષણો) સમકિતીને નિરંતર રહે છે. તેના દ્વારા સમકિતી આત્મા વિશિષ્ટ વ્યક્તિત્વ ખીલવે છે.

ઉપરોક્ત પાંચે લક્ષણોની એક આગવી વિશેષતા છે. પૂર્વાનુપૂર્વી કે પશ્ચાનુપૂર્વી એમ બંને ક્રમથી તે સમાન ભાવવાળા છે.

• યતના (જયણા):

કવિએ ૮૦૨ થી ૮૦૪માં સમકિતની યતના વિશે જણાવ્યું છે.

યતના = કુશળતા. વ્યવહાર કુશળતા એટલે જતના. અન્ય ધર્મના ધર્મગુરુઓ, તેમના દેવો તથા

અનુયાયીઓને ૧. વંદન ૨. નમન ૩. આલાપ ૪. સંલાપ ૫. દાન ૬. પ્રદાન ન કરવું; એ છ જયણા કહેવાય છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા અન્ય દર્શનીઓને, તેમના દેવોને તથા તેમણે ગ્રહણ કરેલ પ્રતિમાને વંદન, નમન, દાન, અનુપ્રદાનનો ત્યાગ કરે છે. તેમનાં બોલાવ્યા વિના તેમની સાથે આલાપ-સંલાપ પણ ન કરે."[૧]

મિથ્યાદૃષ્ટિ જીવો પાંચ ઈન્દ્રયના વિષય સુખોમાં આસક્ત હોય છે. તેમનું વલણ આત્માભિમુખ ન હોવાથી, તેઓને વંદન વગેરે કરવાથી, તેઓના ભક્તો મિથ્યા માર્ગમાં સ્થિર બને છે. બીજા જૈનધર્મી પણ સમકિતીની તેવી પ્રવૃત્તિ જોઈ, તેનું અનુકરણ કરે છે. આ રીતે મિથ્યાત્વનો પ્રવાહ પુષ્ટ થાય છે. તેથી આ છ જયણા સમકિતીએ સાચવવી જોઈએ.

અન્યધર્મીઓના બોલાવ્યા પછી જ બોલવું એ ઔચિત્ય છે. તેમની સાથે વારંવાર વાર્તાલાપ કરવો એ સંલાપ છે. આલાપ-સંલાપથી પરિચય વધતાં તેમની દરેક ક્રિયા જોવા, સાંભળવાના પ્રસંગો, વારંવાર બનતાં, તેમની ઉપર શ્રદ્ધા આવતાં, આખરે સમકિત ચાલ્યું જવાની સંભાવના રહે છે. તેથી ઉપરોક્ત વંદનાદિ કાર્યો વર્જવાથી સમકિતની રક્ષા થાય છે. સમકિતની સુરક્ષા માટે, સમકિતના આચારરૂપે, તે આચરવા યોગ્ય ન હોવાથી; તેને સમકિતની જયણા (રક્ષા) કહી છે.

આ આલાપ-સંલાપનો એકાંતે નિષેધ નથી કર્યો. અહીં લાભાલાભનો વિચાર કરવાની પણ જરૂર છે. ભગવાન મહાવીરે પોતાના પૂર્વ પરિચિત તાપસને આવતો જોઈ ગૌતમસ્વામીને સામા લેવા મોકલાવ્યા હતા અને ગૌતમસ્વામી લાગણીપૂર્વક તેમને સામે લેવા પણ ગયા હતા.

શ્રાવક અન્ય તીર્થિકોને ગુરુબુદ્ધિ(પૂજ્ય બુદ્ધિ)થી મોક્ષાર્થે દાન ન આપે પરંતુ અનુકંપા દાન આપવાની તથા પ્રવચન પ્રભાવના માટે દાન આપવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. શકડાલપુત્ર શ્રાવકે ગોશાલકને ધર્મબુદ્ધિથી નહીં પરંતુ અનુકંપા બુદ્ધિથી શય્યા-સંથારો આપ્યો હતો.

**तएणं से सद्दालपुत्ते समणोवासए गोसालं मंखलिपुत्तं एवं वयासी - जम्हा णं देवाणु प्पिया ! तुब्भे मम धम्मायरिस्स जाव महावीरस्स संतेहिं तच्चेहिं तहिएहिं सब्भूएहिं भावेहिं गुण कित्तणं करेह, तम्हा णं अहं तुब्भे पाडिहारिएणं पीठजाव संथारएणं उवणिभंतेमि, णो चेवणं धम्मोत्तिवा तवोत्ति वा।**[२]

શકડાલપુત્ર શ્રાવકે જિનમતમાં સ્થિર થયા પછી મંખલિપુત્ર ગોશાલકને કહ્યું કે, "દેવાનુપ્રિય! તમે મારા ધર્માચાર્ય મહાવીર સ્વામીમાં વિદ્યમાન સત્ય, અને સદ્‌ભૂત ગુણોનું કીર્તન કર્યું છે, માટે હું તમને પીઠ-ફલગ-શય્યા-સંથારક આદિ ગ્રહણ કરવા માટે નિમંત્રણ આપું છું પરંતુ તેને ધર્મ અને તપબુદ્ધિ સમજીને નથી આપતો."

આ જયણાનો સંદર્ભ એવો પણ થાય છે કે અન્ય ધર્મના મતાવલંબીઓ તથા સાધુઓ સાથે વિના કારણે દાર્શનિક ચર્ચા ન કરવી કારણકે બાળ જીવો સમ્યક્ મતમાં દૃઢ થયા ન હોવાથી પોતાનું સમ્યક્ત્વ ગુમાવે છે. જેમ બાળકોને મોટાઓ સાથે મલ્લ યુદ્ધ કરવાની ના પાડવામાં આવે છે તેમ અહીં પણ સમજવું. અહીં સ્વદર્શનમાં દૃઢ શ્રદ્ધાવાળા તેમજ તત્ત્વના જાણકાર સુસાધુ કે સુશ્રાવક પ્રસંગ પડ્યે દાર્શનિક ચર્ચા અવશ્ય કરી શકે છે. બાળ જીવોને પણ સામાન્ય અન્યદર્શની સાથેના વ્યવહારની ના નથી.

• છ આગાર :

કવિએ કડી ૮૦૫ થી ૮૧૦માં છ આગારનું સ્વરૂપ દર્શાવેલ છે.

આગાર = છીંડી, અપવાદ. અભિયોગ = ઈચ્છા વિના, બળાત્કારે, ખેદ પૂર્વક. આગાર છ છે. (૧) રાજાભિયોગ (૨) ગણાભિયોગ (૩) બલાભિયોગ (૪) દેવાભિયોગ (૫) ગુરુનિગ્રહ (૬) કાંતારવૃત્તિ.[૧૯૩]

(૧) રાજાભિયોગ - સમકિતી આત્માને રાજાની દાક્ષિણ્યતાથી કે દબાણથી અનિચ્છાએ મિથ્યાત્વી જીવને વંદન-નમસ્કાર કરવાં પડે તો, તેવું આચરણ કરતાં સમ્યક્ત્વનો નાશ થતો નથી. દા.ત. કાર્તિક શેઠે રાજાના આગ્રહથી તાપસને પોતાની પીઠ પર વાંકા વળી ભોજન કરાવ્યું. કોશા નર્તકીએ બારવ્રતધારી શ્રાવિકા બન્યા પછી રાજાભિયોગ આગારના આધારે ઈચ્છા વિના ખેદપૂર્વક રથકાર સાથે ગૃહવ્યવહાર ચલાવ્યો.[૧૯૪]

(૨) ગણાભિયોગ - ગણ એટલે સમુદાય. કોઈ બળવાન પક્ષ, નિયમધારી આત્મા પાસે પોતાનું ધાર્યું કાર્ય કરાવે, ત્યારે સમકિતી આત્મા સિવાય સમુદાયનું રક્ષણ થઈ શકે એમ ન હોવાથી, સમુદાયને સંકટમાંથી ઉગારવાં તે ગણાભિયોગ આગાર છે. જેમકે વિષ્ણુકુમાર મુનિએ ગચ્છના આગ્રહથી સંઘના પ્રતિપક્ષી એવા નમુચીમંત્રીને પગથી ચાંપી દીધો. અહીં મુનિએ લાભાલાભનો વિચાર કરી પ્રવૃત્તિ કરી છે.

(૩) બલાભિયોગ - બળવાન પુરુષ, જેમકે ચોર, રાજા આદિ સમકિતી જીવ પાસેથી તેની ઈચ્છા વિરુદ્ધ પ્રવૃત્તિ કરાવે, તે બલાભિયોગ કહેવાય. નિર્બળ વ્યક્તિ બળવાન પુરુષનું અહિત ન કરી શકે. તેવા અવસરે ઉચિત વર્તન કરવું જોઈએ. દઢતા આવ્યા પછી ઘોર સંકટમાં પણ અપવાદનું સેવન ન થાય. દઢતાના આલંબનરૂપે આગાર છે. સુદર્શન શેઠે અભયારાણીના અસભ્ય વર્તનને માન ન આપ્યું. બલાભિયોગની મોકળાશ હોવા છતાં સ્વધર્મમાં તેઓ દઢ રહ્યા.

(૪) દેવાભિયોગ - કુળદેવતા કે બીજા બળવાન દેવોના આગ્રહથી પોતાની ઈચ્છા વિના વંદન-નમન કરવાં, તે દેવાભિયોગ કહેવાય. ચુલનીપિતા[૧૯૫] નામના શ્રાવક દેવતાના ઉપસર્ગથી ચલિત થયા છતાં તેમને કોઈ મોટો દોષ ન લાગ્યો. તેઓ પાપનું પ્રાયશ્ચિત કરી, આલોચના કરી શુદ્ધ થયા.

(૫) ગુર્વાભિયોગ - માતા-પિતા-ગુરુ આદિ વડીલોનું દબાણ થવાથી અન્ય દેવાદિને વંદન કરવું પડે તે ગુર્વાભિયોગ છે. રોગદ્વિજ નામનો બ્રાહ્મણ સંત સમાગમથી બાર વ્રતધારી શ્રાવક થયો. દેવો રોગદ્વિજની પરીક્ષા કરવા આવ્યા. અસાધ્ય રોગનો ઉપચાર માંસ અને મદિરા છે; એવું દેવોએ સમજાવ્યું. સ્વજનોએ રોગદ્વિજને ઘણી રીતે સમજાવ્યો, છતાં રોગદ્વિજની દઢતા અને નિશ્ચલતા સામે દેવો(વૈદ્ય) પણ હારી ગયા. વડીલોએ આરોગ્ય માટે અપવાદ માર્ગનું સેવન કરવા સમજાવવા છતાં તેણે પોતાની ધાર્મિક સ્થિરતાને અખંડ રાખી.[૧૯૬]

(૬) વૃત્તિકાંતાર - ભયંકર અટવીમાં (કાંતાર) ફસાયેલા સમકિતીને કોઈ મિથ્યાદષ્ટિ ભોજન આદિનું દાન આપી દબાણપૂર્વક કોઈ અન્ય દેવને વંદન-નમસ્કાર કરાવે તે વૃત્તિકાંતાર અભિયોગ કહેવાય.

દુષ્કાળ ઈત્યાદિના પ્રસંગે, રોગચાળો ફાટી નીકળે, ત્યારે આજીવિકા દુર્લભ બને, ત્યારે કોઈક મિથ્યાદષ્ટિ ભોજનાદિનું દાન આપી દબાણપૂર્વક તેના નિયમનો ભંગ કરાવે, ત્યારે તે વ્રતનો ભંગ થતો નથી.

સંક્ષેપમાં સમકિતી આત્માને ઉત્સર્ગ માર્ગે પરધર્મી (જયણા દ્વાર અનુસાર) વગેરેને વંદન આદિ

કરવાનો નિષેધ છે, છતાં રાજાભિયોગાદિ છ કારણોથી અંતરમાં ગૌરવ, ભક્તિ કે આરાધનાની બુદ્ધિવડે નહીં પરંતુ બાહ્ય દેખાવરૂપે (દ્રવ્યથી) વંદન આદિ કરવાં પડે તો સમકિતમાં દોષ ન લાગે.

સામર્થ્યવાન આત્માએ રાજા આદિના બલાત્કારમાં પણ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી કે શ્રી કુમારપાળ મહારાજાની જેમ વંદન આદિ ન કરતાં, પોતાની શક્તિનો સદુપયોગ કરી જિનશાસનની પ્રભાવના કરવી જોઈએ. અશક્ત આત્માઓએ શાસનની નિંદા ન થાય તે હેતુથી અપવાદ સેવવો હિતાવહ છે. સામાન્ય અલ્પ સત્ત્વવાળા આત્માને માટે જ્ઞાનીઓએ આ માર્ગો દર્શાવ્યા છે. જે આત્મા અજ્ઞાનથી તેવા પ્રસંગે વંદના આદિ કરતા નથી, તે ધર્મથી ભ્રષ્ટ બને છે. તેવા જીવો વડે ધર્મની નિંદા થાય છે.

જૈન દર્શનમાં ઉત્સર્ગ અને અપવાદ એમ બે પક્ષ છે. ઉત્સર્ગમાર્ગ એ શૂરવીરતાનો માર્ગ છે. જિનકલ્પી મુનિઓ ઉત્સર્ગમાર્ગ અપનાવે છે. વર્તમાન કાળે કાલ, સંઘયણ, ધૃતિ અને બળના અભાવે જીવો પ્રાયઃ ઉત્સર્ગમાર્ગનું સેવન કરી શકતાં નથી. અપવાદમાર્ગમાં આંતરિક શ્રદ્ધા અખંડ હોય છે, બાહ્ય વર્તન જુદા પ્રકારનું હોય છે.

• છ ભાવના:-

કવિએ કડી ૮૧૧ થી ૮૧૭માં સમકિતની છ ભાવનાનું સ્વરૂપ દર્શાવેલ છે.

આગારોનું સેવન કરતાં પણ ચિત્તમાં જિનેશ્વરદેવના સિદ્ધાંતોનું સ્મરણ જ હોય. આત્માને મહાસત્ત્વશાળી બનાવવા, સમ્યગ્દર્શનની ઉપયોગિતા, અમૂલ્યતા અને જરૂરિયાત વિષે વિચારવું તે ભાવના છે. મૂળ, દ્વાર, પ્રતિષ્ઠાન, નિધિ, આધાર અને ભાજન (પાત્ર) આ છ ઉપમાઓ દ્વારા છ પ્રકારે બોધિ ભાવના વિવેકી આત્મા ભાવે છે. ભાવનાઓ શ્રમણ ધર્મ અને શ્રાવક ધર્મને ભાવિત કરે છે.[૧૯૭]

ભાવના એટલે વિચારણા. ભૌતિક વિચારણા સંસાર તરફ લઈ જાય છે, જ્યારે લોકોત્તર વિચારણા અધ્યાત્મ તરફ લઈ જાય છે. ઉપરોક્ત છ ભાવના સમકિતી આત્માને સમકિતમાં દૃઢતા આપે છે. પ્રત્યેક કાર્યની સિદ્ધિ માટે ભાવના બળની આવશ્યકતા છે.

(૧) મૂળ - જેમ મૂળ વિનાનું વૃક્ષ પ્રચંડ વાવાઝોડામાં તરત જ નીચે પડે છે, તેમ સમકિતરૂપી મૂળ વિના ધર્મરૂપી વૃક્ષ વિધર્મીઓના આંદોલન વચ્ચે સ્થિરતા પ્રાપ્ત કરી શકે નહિ.

શ્રાવકનાં બાર વ્રતો સમ્યક્ત્વની શાખાઓ છે. બાર વ્રતોને આશ્રયીને ૧૩૮૪૧૨૮૭૨૦૨[૧૯૮] ભાંગા છે. આ ભાંગામાંથી એક પણ ભાંગો સમકિત વિના ટકી શકે નહિ. તેથી સમ્યક્ત્વ એ ધર્મનું મૂળ છે. શ્રાવકના ભાંગાઓ વિશે વિશેષ માહિતી ધર્મસંગ્રહ ગ્રંથમાં દર્શાવેલ છે.

દિગંબર આચાર્ય શુભચંદ્રજીએ જ્ઞાનાર્ણવ ગ્રંથમાં કહ્યું છે -

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું બીજ - મૂળ છે. વ્રત, મહાવ્રત અને ઉપશમ માટે તે પ્રાણ સ્વરૂપ છે. તપ અને સ્વાધ્યાયનો આશ્રયદાતા છે.[૧૯૯]

સમ્યક્ત્વ સહિતની ધર્મક્રિયા કર્મોને દૂર કરવામાં એટમબોમ્બનું કાર્ય કરે છે.

(૨) દ્વાર - ધર્મરૂપ નગરનું પ્રવેશ દ્વાર સમ્યક્ત્વ છે. નગરમાં દરવાજાની આવશ્યકતા છે તેમ આગાર ધર્મ અને

અણગાર ધર્મનું પ્રવેશદ્વાર એ સમ્યક્ત્વ છે. જેમ 'VISA' કે 'ટિકિટ' વિના વિદેશ, ટ્રેન કે બસની મુસાફરી ન થઈ શકે તેમ સમકિત વિના ધર્મ નગરમાં નિર્ગમન ન થઈ શકે.

દર્શનપાહુડ ગ્રંથમાં શ્રી કુંદકુંદાચાર્ય કહે છે -

ધર્મ એ દર્શનમૂલક છે, તેથી સમ્યક્ત્વ સહિત ચારિત્ર વંદનીય છે. જે દર્શનથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે, દર્શનથી ભ્રષ્ટ થયેલા જીવોને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. જે ચારિત્રથી ભ્રષ્ટ છે, તે સિદ્ધિ મેળવી શકે પરંતુ દર્શન ભ્રષ્ટ સિદ્ધિ પ્રાપ્ત ન કરી શકે.[100]

અહીં સ્પષ્ટ થાય છે કે મોક્ષનગરમાં પ્રવેશ મેળવવા સમ્યગ્દર્શનરૂપ પ્રવેશદ્વારની આવશ્યકતા છે.

(૩) પ્રતિષ્ઠાન :- દેવાલય કે મકાનને ચિરસ્થાયી બનાવવા તેનો પાયો ઊંડે સુધી (પાણી નીકળે ત્યાં સુધી) ખોદવામાં આવે છે, જેથી તે મકાન વર્ષો સુધી સ્થિર રહે છે, તેમ યતિધર્મ અને શ્રાવકધર્મના વ્રતરૂપી મહેલનો સમકિતરૂપી પાયો પણ સ્થિર જોઈએ. અસ્થિર ચિત્ત સત્યાસત્યનો નિર્ણય કરી શકતું નથી.

શ્રીમદ્ જિનહર્ષગણિએ સમ્યક્ત્વ કૌમુદીગ્રંથમાં કહ્યું છે -

જ્ઞાન અને ચારિત્ર વિના પણ સમ્યગ્દર્શન પ્રશંસનીય છે, પરંતુ મિથ્યાત્વરૂપી વિષથી દૂષિત થવા પર જ્ઞાન અને ચારિત્ર અશ્લાઘનીય-અપ્રશંસનીય બને છે.[101] તેથી સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન અને ચારિત્ર મોક્ષનગરમાં અનુપયોગી છે.

અહીં સ્પષ્ટ થાય છે કે મોક્ષનગરનો પાયો સમ્યક્દર્શન છે, જેના ઉપર સંવર કરણીરૂપ મજલા ચણી શકાય છે.

(૪) તિજોરી-નિધાન :- નિધિ એટલે ખાણ. ખાણ વિના અમૂલ્ય મોતી, સોનું વગેરે દ્રવ્ય મળતાં નથી, તેમ સમકિતરૂપી નિધાન મેળવ્યા વિના અનુપમ સુખ આપનાર ચારિત્રધર્મ પ્રાપ્ત થતો નથી.

સમકિતને વ્રત-પચ્ચક્ખાણરૂપી તિજોરીમાં સાચવવું પડે છે. ભિખારીને રત્ન મળવું દુર્લભ છે, તેમ મળ્યા પછી સાચવવું અતિ દુર્લભ છે. જે સાધક વ્રત-પચ્ચક્ખાણરૂપી તિજોરીમાં સમકિતને સાચવી શકે છે, તે સડસડાટ મોક્ષની સીડી સર કરે છે.

સમ્યગ્દર્શની આત્મા વિરતિધર્મ યુક્ત ન હોવા છતાં, તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. ફક્ત સમકિતના સદ્ભાવમાં હરિવંશ કુલના કૃષ્ણ મહારાજા તથા મગધ નરેશ શ્રેણિકે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.[102]

ભૂતકાળમાં જેટલા નરપુંગવો સિદ્ધ થયા અને ભવિષ્યમાં થશે તે સમકિતનો જ પ્રભાવ છે.[103] સંસારરૂપી સમુદ્રને પાર કરવામાં મોક્ષમાર્ગરૂપી નાવની પ્રવૃત્તિ સમકિતરૂપી કર્ણધાર (ખેવટિયા) ને આધીન છે.[104] સમકિત એક એવો ખજાનો છે, જે પ્રાપ્ત થયા પછી બીજી ભૌતિક નિધિ પર ગાઢ આસક્તિ આવતી નથી. છ ખંડના અધિપતિઓ સમકિતરૂપી રમણીને વરવા સર્વસ્વનો ત્યાગ કરે છે.

તૃણ પેરે ષટ્ખંડ ત્યજીને, ચક્રવર્તી પણ વરીઓ,
એ ચારિત્ર શિવસુખ કારણ, તે સૌ ચિત્તમાં ધરીઓ.

મનુષ્યમાં નવું સમકિત જન્મ લેવા પછી આઠ વર્ષ પછી થાય છે. દેવ અને નારકીમાં અંતઃર્મુહૂર્ત પછી અને તિર્યંચોમાં દિવસ પૃથકત્વ (૨ થી ૯ દિવસ) પશ્ચાત્ પ્રથમ સમકિત પ્રાપ્ત થવાની સંભાવના છે.

એકવાર સમકિતથી ચ્યુત થયા પછી અંતર્મુહૂર્ત કાળ પછી પુનઃ સમકિત પ્રાપ્ત થઈ શકે છે.

તીર્થંકર પ્રકૃતિ સત્કર્મિકનું તેમજ વર્ધમાન દેવાયુવાળા(સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો)નું સમકિત વિરાધિત હોતું નથી. શુભ લેશ્યાના અધ્યવસાયમાં સમકિત વિરાધિત થતું નથી.[૧૦૫]

અહીં સ્પષ્ટ થાય છે કે સમકિત એ અમૂલ્ય નિધાન છે. સાત પ્રકૃતિના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી સમકિત પ્રગટે છે. મિથ્યાત્વી લોકોની જાળમાં ફસાઈ કેટલાય ભોળાં લોકો આ મહાનિધિ લૂંટાવી દરિદ્ર બને છે.

(૫) આધાર ભાવના :- ધર્મરૂપ જગત સમકિત વિના નિરાધાર રહી શકે નહિ. 'સમકિત એ ધર્મ જગતનો આધાર' છે. જેમ મજબૂત કોઠીમાં રાખેલું કરિયાણું કીડા, ઉંદર અને ચોરના ઉપદ્રવથી સુરક્ષિત રહે છે, તેમ સમકિતરૂપી કોઠીમાં સ્થાપિત કરેલાં ધર્મકરણીરૂપ કરિયાણાંને મિથ્યાત્વ, વિષય-કષાયરૂપી કીડા ઉપદ્રવ કરી શકતા નથી. સમકિત એ ધર્મનો રક્ષક છે. સમકિત એ ચારિત્રરૂપી જીવિતપણાનો આધાર છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યે પુરુષાર્થ સિદ્ધયુપાયમાં કહ્યું છે -

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રમાં સર્વ પ્રથમ સઘળા પ્રયત્નથી સમકિતને મેળવવાનો જ પ્રયાસ કરવો જોઈએ કારણકે તેના સદ્ભાવમાં જ્ઞાન સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર સમ્યગ્ચારિત્ર બને છે.[૧૦૬]

સમ્યક્ત્વ વિના અગિયાર અંગસૂત્રો ભણે, છતાં તે અજ્ઞાન કહેવાય. મહાવ્રતનું શુદ્ધ રીતે પાલન કરી નવ ગ્રૈવેયક સુધી જઈ શકે તેવા બંધ યોગ્ય વિશુદ્ધ પરિણામ કરે છતાં અસંયમ કહેવાય. સમ્યક્ત્વ સહિતનું જાણપણું, એ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન સહિત અલ્પ પણ ત્યાગ, એ સમ્યક્ચારિત્ર કહેવાય.

આ પ્રમાણે શ્રાવક અને શ્રમણ ધર્મનો મુખ્ય આધાર સમ્યક્ત્વ છે.

(૬) ભાજન :- જેમ પાત્ર વિના દૂધ, ઘી વગેરે રસો નાશ પામે છે, તેમ સમકિત વિના ધર્મરસ પણ નાશ પામે છે. સમકિત એ ધર્મરસનું ભાજન છે.

સમકિત એ શ્રુત (દ્વાદશાંગી) અને ચારિત્ર (સદાચાર) રૂપી રસનું પાત્ર છે. કોઈપણ પેય પદાર્થ પાત્ર વિના ન રહી શકે. સમકિત ધર્મરૂપી અમૃતને માટે પાત્ર તુલ્ય છે.[૧૦૭] સમકિત પ્રાપ્તિનો આધાર સમ્યક્શ્રુત છે.

ચારિત્ર અને જ્ઞાન વિનાનું પણ સમકિત પ્રશંસનીય છે કારણકે તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનું પ્રાપક છે. જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રતિ રસિક ન બનાવે, તે સમકિત નથી. જ્ઞાન અને ચારિત્ર સમકિતને ખીલવે છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર વિના મુક્તિની સાધનામાં સમકિત પંગુ જ છે. તેથી સ્પષ્ટ થાય છે કે સમકિત મુક્તિએ જરૂર પહોંચાડી શકે પરંતુ સાથે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પણ જોઈએ. આ રત્નત્રયીમાં પ્રધાનતા સમકિતની છે.

આચાર્ય, ઉપાધ્યાય કે સાધુની પદવી સમ્યક્ત્વ વિના ન હોય. વળી સમકિત વિના ધર્મમાં પ્રવેશ ન થઈ શકે. અહિંસા ધર્મ છે. તેના પાલન વિના મુક્તિ નથી. તેથી એક અપેક્ષાએ સ્યાદ્વાદ, સમકિત અને અહિંસા ત્રણે

તત્ત્વથી અભિન્ન છે. સમ્યગ્દૃષ્ટિ સ્યાદ્વાદી હોય જ. સ્યાદ્વાદી અહિંસાના ભાવ ધરાવતો હોય. અહિંસાનો આરાધક સ્યાદ્વાદી કે સમ્યગ્દૃષ્ટિ હોય.

અહીં સ્પષ્ટ થાય છે કે એક સમકિત ગુણથી અનેક સદ્ગુણો પ્રગટે છે. આ સદ્ગુણો સમકિતરૂપી ભાજનના કારણે તેમાં સુરક્ષિત રહી શકે છે. સમકિતરૂપી ભાજન જ્ઞાનરૂપી રત્નોની ઇચ્છા કરે છે.

મૂળ, દ્વાર અને પ્રતિષ્ઠાન (પાયો) આ ત્રણ ભાવનામાં સમકિતના મૂળ (આધાર) દર્શાવેલ છે, જ્યારે નિધિ, આધાર અને ભાજન આ ત્રણ ભાવનામાં સમકિતથી ધર્મનું રક્ષણ થાય છે; એવું દર્શાવેલ છે.

• છ સ્થાન :

કવિએ કડી ૮૧૮ થી ૮૨૨માં સમકિતના છ સ્થાનનું સ્વરૂપ દર્શાવેલ છે.

अत्थि जिओ तह निच्चो कत्ता भुता य पुण्णपावाणं ।[૧૯૮]
अत्थि धुवं निव्वाणं तस्सोवाओ य छट्ठाणा ।।૬૧।।

અર્થ : (૧) આત્મા છે. (૨) તે નિત્ય છે. (૩) તે કર્મોનો કર્તા છે. (૪) પુણ્ય-પાપનો ભોક્તા છે. (૫) મોક્ષ છે. (૬) મોક્ષનો ઉપાય છે; આ સમકિતના છ સ્થાનો છે.

જૈનદર્શનના સિદ્ધાંતની શ્રદ્ધા કરવાના જુદા જુદા પ્રકાર તેને સ્થાન કહેવાય છે. જેમ ભટકતો માનવી સ્વસ્થાને સ્થિર થઈ સુખી થાય છે, તેમ અનાદિકાળથી મિથ્યામાર્ગે ચડેલો આત્મા છ સ્થાનનો વિચાર કરી સમકિતમાં સ્થિર થાય છે. આ છ સ્થાનની શ્રદ્ધામાં નવ તત્ત્વની શ્રદ્ધા સમાયેલી છે.

(૧) જીવ છે. : પ્રાણને ધારણ કરે તે જીવ કહેવાય. શ્રી ભગવતીસૂત્રમાં જીવ માટે પ્રાણ, ભૂત, સત્વ, વિજ્ઞ, વેતા જેવા શબ્દો દર્શાવેલ છે. જીવને આત્મા પણ કહેવાય છે. પ્રાયઃ સર્વ દર્શનોએ આત્મામાં વિશ્વાસ રાખ્યો છે. આત્માના સંદર્ભમાં અન્ય દર્શનકારો ભિન્ન ભિન્ન મત ધરાવે છે.

ચાર્વાકદર્શન નાસ્તિકદર્શન છે, પરંતુ આત્માની વિચારણામાં પૂર્ણતઃ ઉપેક્ષા કરી નથી. તે ફક્ત ચેતના સ્વરૂપના વિષયમાં મતભેદ છે. તે આત્માને મૌલિક તત્ત્વ માનતા નથી.

વેદોમાં સ્પષ્ટરૂપે આત્માનું ચિંતન ઉપલબ્ધ નથી. ઉપનિષદ અનુસાર આત્મા શરીરથી ભિન્ન, વ્યાપક અને અપરિણામી છે. તે વાણી દ્વારા અગમ્ય છે.

સાંખ્યદર્શન આત્માને નિત્ય, નિષ્ક્રિય, સર્વગત, ચિદાનંદ સ્વરૂપ, અમૂર્ત, અકર્તા માને છે. તેઓ આત્માને પુરુષ કહે છે. પુરુષનો બંધ અને મોક્ષ થતો નથી.

ન્યાયદર્શનમાં આત્માને નિત્ય, વ્યાપક અને કૂટસ્થ નિત્ય (જેમાં કોઈ ફેરફાર ન થાય) કહ્યો છે.

વેદાન્તદર્શનમાં આત્મા એક છે. દેહાદિ ઉપાધિઓને કારણે અનેક હોય તેવું પ્રતીત થાય છે.

બૌદ્ધદર્શન આત્માના અસ્તિત્ત્વને કાલ્પનિક સંજ્ઞા માને છે. આત્માને ક્ષણિક માને છે.

જૈનદર્શન અનુસાર આત્મા છે.[૧૯૯] તે અરૂપી છે. તે ઈન્દ્રિય ગ્રાહ્ય નથી. આત્માને પ્રથમ પદ આપ્યું છે કારણકે આત્માના અસ્તિત્વ વિના સાધનાનું મૂલ્ય નથી. આત્મા છે માટે જ સાધના-આરાધના છે. જ્યાં આત્માના અસ્તિત્વનો સ્વીકાર ન હોય, ત્યાં પુણ્ય-પાપ, પુનર્જન્મ, સ્વર્ગ-નરક આદિ વ્યવસ્થા પણ ન હોય.

કેવળી ભગવાન આત્માને પ્રત્યક્ષ જાણે અને જુએ છે. તે આત્મજ્ઞાન, ચેતના, સુખ દુઃખ આદિનો

અનુભવ કરે છે.[80] વિશ્વમાં જે પદાર્થનું અસ્તિત્વ હોય તેના વિષે જ વિકલ્પ ઉઠે છે.

આત્મા ચૈતન્યયુક્ત અવિનાશી દ્રવ્ય છે. તે સદા જ્ઞાનવંત અને સુખ દુઃખનો વેદક છે. આત્માથી ભિન્ન જડ તત્ત્વ છે. તે ચૈતન્યરહિત, જ્ઞાયકતા અને વેદકતા રહિત છે. આ પ્રમાણે પ્રથમ પદમાં જીવ અને અજીવ બે તત્ત્વનું નિરૂપણ થાય છે.

(૨) આત્મા નિત્ય છે.: આત્માનું નિશ્ચલ સ્વરૂપ અવિનાશી છે. શ્રી કલ્પસૂત્રમાં ભગવાન ઋષભદેવના, ભગવાન નેમિનાથના, ભગવાન પાર્શ્વનાથના તથા ભગવાન મહાવીર સ્વામીના પૂર્વભવોનું વર્ણન છે. સમકિતસાર રાસમાં નંદિષેણ મુનિના પછીના ભવ વાસુદેવનું તેમજ નૃપવિક્રમની કથામાં વિક્રમ રાજકુમારના પૂર્વભવોનું વર્ણન આપણને જોવા મળે છે. તેથી સિદ્ધ થાય છે કે આત્મા નિત્ય છે.

વેદાન્તદર્શન આત્માને એકાંત નિત્ય માને છે, તેવી જ રીતે સાંખ્ય અને યોગ દર્શન પણ આત્માને એકાંત નિત્ય માને છે. તેઓ આત્માને અપરિણામી (જેમાં કોઈ ફેરફાર થતો નથી.) માને છે. જૈનદર્શન આત્માને પરિણામી નિત્ય માને છે. અર્થાત્ આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.[81] એટલે કે પર્યાયનો ક્રમક્યારે પણ અટકતો નથી. તે સદા પરિવર્તન પામે છે. દેવ, મનુષ્ય આદિ આત્માની પર્યાય છે.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે -

दववुयाई निच्ची उप्पायविणासवज्जिओ जेणं ।[82]
पुब्वकयाणु सरणओ पज्जाया तस्स उ इणिच्चा ॥

અર્થ : દ્રવ્ય અપેક્ષાએ ઉત્પત્તિ-વિનાશ રહિત, આત્મા નિત્ય છે. પૂર્વે કરેલાં કાર્યોના સ્મરણની જેમ તેની પર્યાયો અનિત્ય છે.

જૈનદર્શન સ્યાદ્વાદી દર્શન છે. તેથી તે જીવને નિત્યાનિત્ય (પરિણામી નિત્ય) માને છે. આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે, તેની સ્વભાવ દશારૂપે નિત્ય છે. તેના ગુણો પણ નિત્ય છે.

(૩) આત્મા કર્મનો કર્તા છે.:

જૈનેત્તર સંપ્રદાયોમાં માયા,અવિદ્યા, પ્રકૃત્તિ, અપૂર્વ, વાસના, આશય, ધર્માધર્મ, અદષ્ટ, સંસ્કાર, દૈવ, ભાગ્ય વગેરે શબ્દો કર્મ માટે વપરાય છે. માયા, અવિદ્યા, પ્રકૃત્તિ જેવા શબ્દો વેદાન્ત દર્શનમાં મળે છે. અપૂર્વ શબ્દ મીમાંસા દર્શનમાં, વાસના શબ્દ બૌદ્ધ સાહિત્યમાં છે. આશય શબ્દ યોગ અને નૈયાયિક-વૈશેષિક દર્શનમાં પ્રચલિત છે. દૈવ, ભાગ્ય, પુણ્ય-પાપ જેવા શબ્દો બધા દર્શનમાં પ્રચલિત છે.

જૈનદર્શનમાં કાર્મિક પુદ્ગલોને કર્મ કહેવામાં આવે છે. દ્રવ્યથી આત્મા નિત્ય હોવા છતાં જીવોમાં વિભિન્નતાનો કોઈ પાર નથી. તેનું મુખ્ય કારણ કર્મ છે.

कत्ता सुहासुहाणं कम्माण कसयनेयमाईहिं ।[83]
मिउदंड चक्रचीवर सामग्गिवसा कुलालुव्य ॥

અર્થ : કુંભાર માટી, દંડ, ચક્ર, ચીવર આદિ સામગ્રીઓવડે ઘડો નિર્માણ કરે છે, તેમ જીવ કષાય-યોગાદિ કર્મ બંધના કારણોવડે શુભાશુભ કર્મોનો કર્તા બને છે.

કષાયના કારણ થકી, જીવ ગ્રહે પુદ્ગલ ગંજ,
થાય આવરણ સ્વરૂપનું, રહેશે સદા એનો રંજ,
સમકિત મળે તો મળી જશે, વિશુદ્ધ રત્ન પુંજ,
જ્યમ વર્ષા આવતાં, ખીલી ઉઠશે બાગમાં કુંજ-કુંજ.

કર્મના પુદ્ગલો સંપૂર્ણ લોકમાં ઠાંસી ઠાંસીને ભર્યા છે. પુદ્ગલની વર્ગણાઓ (કક્ષાઓ) અનેક છે. તેમાંથી જે વર્ગણા કર્મરૂપે પરિણમવાની યોગ્યતા ધરાવે છે. તેને જ જીવ ગ્રહણ કરી પોતાના અસંખ્યાત આત્મપ્રદેશો સાથે વિશિષ્ટ રીતે જોડી દે છે. મન,વચન અને કાયાના વ્યાપારને આશ્રવ કહેવાય છે. તેનાથી કર્મપુદ્ગલો ખેંચાઈને આત્મા સાથે ક્ષીર-નીરની જેમ મળી જાય છે. તેને બંધ કહેવાય છે. તે સમયે તેમાં પ્રકૃતિ (સ્વભાવ), સ્થિતિ (કર્મની સમય મર્યાદા), અનુભાગ (તીવ્ર કે મંદ ફળ ચખાડવાની વિશેષતા), પ્રદેશ (કર્મ પુદ્ગલ સમૂહ) - આ ચાર અંશોનું નિર્માણ થાય છે, તે બંધના પ્રકાર છે. આ પ્રમાણે આ ચાર અંશોમાં પ્રકૃતિ અને પ્રદેશબંધનું કારણ યોગ છે, જ્યારે સ્થિતિ અને અનુભાગ બંધનું કારણ કષાય છે.

[૧૮]"શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ કહ્યું છે કે "જીવ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મો ઉપાર્જન કરી સંસારમાં પરિભ્રમણ કરે છે. જીવનો દરેક જન્મ તેના પૂર્વ જન્મની અપેક્ષાએ પુનર્જન્મ છે.

જેમ ભીનાં અને ચીકણાં વસ્ત્રોને મેલ આપોઆપ લાગે છે, તેમ આત્મા યોગ દ્વારા કર્મોને ખેંચે છે. તેથી આત્મા સાથે સંબંધ થાય છે. આત્મા નિશ્ચયનયથી શુદ્ધ હોવા છતાં, વ્યવહારનયથી સંસારમાં પરિભ્રમણ કરે છે. તેનું મુખ્ય કારણ જીવે સ્વયં ઉપાર્જન કરેલાં શુભાશુભ કર્મો છે.

કર્મોને ગ્રહણ કરવાં તે આશ્રવ અને તે કર્મોને આત્મપ્રદેશો સાથે એકમેક કરવાં તે બંધ છે. તેથી ત્રીજા પદમાં આશ્રવ અને બંધ તત્ત્વનો સમાવેશ થાય છે.

સાંખ્ય દર્શન ૨૫* તત્ત્વોને માને છે. પુરુષ (આત્મા) અકર્તા અને નિર્ગુણ છે. તેથી જડ કર્મોનો કર્તા આત્મા નથી. કર્મો જ પોતાના પરિસ્પંદન વડે નવીન કર્મ ખેંચે છે, આત્મા નહીં. સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રિગુણાત્મક પ્રકૃતિઓ વડે કર્મ બંધાય છે; એવી માન્યતા વેદાંતદર્શનની છે.

યોગદર્શન અને નૈયાયિક દર્શન અનુસાર જીવ ઈશ્વરની પ્રેરણા અનુસાર કર્મ કરે છે. આ પ્રમાણે અન્ય દર્શનો અનુસાર કર્મ જ કર્મનો કર્તા છે, પ્રકૃતિ દ્વારા કર્મ બંધ થાય છે, કે ઈશ્વર પ્રેરિત કર્મ બંધાય છે; આવાં વિકલ્પો ઘટે છે.

જૈન પરંપરાનો સ્યાદ્વાદ સિદ્ધાંત નયાત્મક છે. વ્યવહારનયથી આત્મા જડ કર્મોનો કર્તા છે. અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા ચેતન કર્મોનો કર્તા છે. જડ કર્મોના નિમિત્તથી આત્મામાં રાગાદિભાવો થાય છે. રાગાદિ

---

*૨૫ તત્ત્વો - પાંચ જ્ઞાનેન્દ્રિય - (ઇન્દ્રિયના વિષયોનો બોધ), પાંચ કર્મેન્દ્રિય - (ગુદા, લિંગ, વચન, હાથ, પગ), પાંચ તન્માત્રા (રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ), પાંચ ભૂત - (અગ્નિ, જળ, પૃથ્વી, વાયુ અને આકાશ) મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચોવીસ તથા પુરુષ (આત્મા) મળી પચ્ચીસ તત્ત્વ થાય. (ષડ્દર્શન સમુચ્ચય (હિન્દી), છઠ્ઠું સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૬, પૃ. ૧૪૬, ૧૪૭, સં.- મહેન્દ્ર જૈન, પ્ર.- ભારતીય જ્ઞાન પ્રકાશન.

ભાવો તે ચેતન કર્મ છે. તે જીવનો વિકાર છે. તેથી અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા રાગાદિ ભાવોનો કર્તા છે. શુદ્ધ નિશ્ચયનયથી આત્મા નિજ સ્વભાવરૂપ અનંત જ્ઞાનાદિ ગુણોનો કર્તા છે, જ્યારે પરમશુદ્ધનયથી આત્મા અકર્તા છે. જેમ પાણીમાં શીતળતા હોય જ, તેમ શુદ્ધ આત્મા સહજ સ્વરૂપ અખંડ અને અવિકારી જ છે.

આત્મા કર્મનો કર્તા છે તેથી જ કર્મથી મુક્ત થવા સાધના-આરાધના દરેક દર્શનોમાં દર્શાવેલ છે.

(૪) આત્મા કર્મનો ભોક્તા છે :

કર્મ બે પ્રકારનાં છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. આત્માના રાગ-દ્વેષરૂપ પરિણામ તે ભાવ કર્મ છે. ભાવ કર્મના નિમિત્તથી દ્રવ્યકર્મરૂપ કાર્મણ વર્ગણા ખેંચાઈ આત્મ પ્રદેશો પર આવે છે. તેથી તે દ્રવ્યકર્મ છે. રાગ-દ્વેષ આત્માના અજ્ઞાનથી થાય છે. ઝેર અને અમૃત જડ હોવા છતાં પોતાનું ફળ દર્શાવે છે, તેવી જ રીતે શુભાશુભ કર્મો પોતાનાં ફળ અવશ્ય દર્શાવે છે. ભગવાન મહાવીરે ઉપાર્જન કરેલા કર્મોએ પોતાનું ફળ અવશ્ય દર્શાવ્યું. રાજા કે રંક કર્મની જાળથી મુક્ત ત્યારે જ થાય, જ્યારે તે કર્મ ઉદયમાં આવી નિર્જરી જાય. પોતે કરેલાં કર્મો આત્મા પોતે જ ભોગવે છે.[૮૫] **कडाण कम्माण न मोक्ख अत्थि** - કરેલાં કર્મો ભોગવ્યા વિના છુટકારો નથી.

જેમ વાવેલ બીજ તરત ન ઉગતાં યોગ્ય કાળે ઉગે છે, શરાબ પીધેલ માણસને તરત નશો ન ચડતાં શરાબનું પરિણમન થયા પછી જ નશો ઉત્પન્ન થાય છે, તેમ જીવની પ્રવૃત્તિ દ્વારા કર્મબંધ થયા પછી (*અબાધાકાળ પૂર્ણ થતાં) યોગ્ય સમયે કર્મ પોતાનું ફળ અવશ્ય દર્શાવે છે.

આત્માએ શુભાશુભ ભાવોવડે કર્મ ઉપાર્જન કર્યું, તે અનુસાર કર્મ સમય આવતાં પોતાનું ફળ અવશ્ય દર્શાવે છે. શુભ કર્મ પુણ્યરૂપે પરિણમે છે. અશુભકર્મ પાપરૂપે પરિણમે છે. તેથી ભોક્તાપદથી પુણ્ય અને પાપ તત્ત્વની સિદ્ધિ થાય છે.

વ્યવહાર અને નિશ્ચયનયથી આત્માનું ભોકતૃત્ત્વ ઘટિત થાય છે.

વ્યવહારનયથી આત્મા સુખ અને દુઃખનો ભોક્તા છે. પુણ્યના ઉદયે અનુકૂળતા મળતાં સુખ થાય છે. પાપના ઉદયે પ્રતિકૂળતા મળતાં દુઃખ થાય છે. શુદ્ધ નિશ્ચયનયથી આત્મા મૌલિકગુણો અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતવીર્ય અને અનંત સુખનો ભોક્તા છે. ગુણોનું પરિણમન સમયે સમયે થયા જ કરે છે. પરમશુદ્ધ નિશ્ચયનયથી જીવ અભોક્તા છે. કેવળ શુદ્ધ નિરપેક્ષ આત્મસ્વભાવ તે અભોક્તા છે.

(૫) મોક્ષ છે[૮૬] : નાળિયેરના સુકા છોતરાં, જેનો એક એક તાતંણા અલગ કરી, પીંજી નાખી, મજબૂત દોરડું બનાવવામાં આવે તો તે એટલું મજબૂત બની જાય કે, તે ઊંડા કૂવામાંથી પાણી ખેંચી શકે પણ તેના તાંતણા જુદાં થાય તો તે નિર્માલ્ય બની જાય છે, તેમ કષાયોને વિખેરી નાખતાં તે આત્મા પર જોર જમાવી શકે નહીં. માનવની વિકસિત ચેતના જ્યારે રાગ દ્વેષનો ક્ષય કરવા કટ્ટિબદ્ધ બને છે,, ત્યારે સ્ફૂરાયમાન વિર્યોલ્લાસ તેને મોક્ષ મંઝિલે પહોંચાડે છે.

યોગોની ક્રિયામંદ થતાં યોગોનો વ્યાપાર ધીમે ધીમે બંધ થાય. યોગો સ્થિર થતાં આત્મા પણ સ્થિર થાય. આ પ્રમાણે સયોગી આત્મા અયોગી બની પુદ્‌ગલનો સંગ છોડી મોક્ષે જાય છે.[૮૭]

---

* કર્મ બંધાયા પછી જ્યાં સુધી બાધા (ઉપાધિ) ન પહોંચાડે અર્થાત્ ઉદયમાં ન આવે, શુભાશુભ ફળ આપવા તત્પર ન થાય તેટલા કાળને અબાધાકાળ કહેવામાં આવે છે. અબાધાકાળ પૂર્ણ થતાં કર્મ ફળ આપે છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનું અઠ્ઠયાવીસમું અધ્યયન, જેમાં શ્રમણ ભગવાન મહાવીરે મોક્ષમાર્ગનું સ્વરૂપ દર્શાવેલ છે. અષ્ટવિધ કર્મોનો સંપૂર્ણ ક્ષય થવો તે મોક્ષ છે અને તીર્થંકર પ્રતિપાદિત સમ્યગ્‌જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું આચરણ કરવું તે મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.[૮૮]

એક સિદ્ધની અપેક્ષાએ મોક્ષની સ્થિતિ સાદિ અનંત છે. સર્વ સિદ્ધોની અપેક્ષાએ અનાદિ અનંત છે.[૮૯] તેઓ ફરીથી સંસારમાં આવતા નથી.[૯૦] બીજને બાળી નાંખવાથી અંકુરની ઉત્પત્તિ થતી નથી, તેમ કર્મબીજના બળી જવાથી જન્મ-મરણરૂપી (સંસાર) અંકુરનું ફૂટવું અસંભવ છે.

આત્મા ક્રીડા અને પ્રદોષને કારણે કર્મરજથી લિપ્ત બની સંસારમાં અવતરે છે; એવું બૌદ્ધ અને વૈદિક પરંપરા પણ સ્વીકારે છે. ગીતામાં અવતારવાદનું વર્ણન છે, પરંતુ જૈનદર્શન અનુસાર મુક્ત જીવો રાગ-દ્વેષથી સર્વથા રહિત હોવાથી ફરીને તેઓ અવતાર લેતા નથી.

મોક્ષનું સુખ નિરુપમ-ઉપમા રહિત છે. કવિ ઋષભદાસે પણ કહ્યું છે કે મોક્ષસુખની વાનગી આ જગતમાં નથી. પાંચમા પદમાં મોક્ષતત્ત્વની સિદ્ધિ થાય છે.

(૬) મોક્ષનો ઉપાય છે : સમસ્ત દ્વાદશાંગીસૂત્રનો સાર અયોગીદશા પ્રાપ્ત કરવાનો છે. સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્ર એ ત્રિરત્નની આરાધના દ્વારા અયોગી બનવું; એ જૈનદર્શનની સાધનાની મૌલિકતા છે.

મિથ્યાત્વ હટે નહિ ત્યાં સુધી સમ્યગ્‌દર્શન પ્રગટે નહી. અને સમ્યગ્‌દર્શન વિના ત્રિરત્નની આરાધના એ છાર પર લીંપણું કર્યા સમાન અસાર છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધના કારણો છે.[૯૧]

સર્વે કારણના નિરોધથી, સંસાર પામે અંત;
નિર્વાણપદ તેને કહ્યું, તે જ સત્ય જયવંત.

પાંચ કારણો જીવને સમકિત થતાં અટકાવે છે. મિથ્યાત્વનો છેદ કરવા સમ્યક્ત્વ, વ્રત-પ્રત્યાખ્યાન રૂપ સંવર, અપ્રમાદ, અકષાય અને શુભયોગરૂપી હથિયાર-શસ્ત્રની આવશ્યકતા છે. આ શસ્ત્ર એ જ મોક્ષનો ઉપાય છે. પૂર્વ સંચિત કર્મોને તપ (વ્રત-પ્રત્યાખ્યાન) દ્વારા ક્ષય કરવાં, તે નિર્જરા છે. આ પ્રમાણે છઠ્ઠા પદમાં સંવર અને નિર્જરા તત્ત્વની સિદ્ધિ થાય છે.

ઉપરોક્ત છ પદની સર્વાંગતામાં જિનકથિત મોક્ષમાર્ગ છે.

(૧) આત્મા છે. આત્માના અસ્તિત્ત્વના સ્વીકાર વિના મોક્ષ કોને?

(૨) આત્મા નિત્ય છે. આત્માની નિત્યતાના સ્વીકાર વિના મોક્ષનો ઉપાય શા માટે?

(૩-૪) આત્મા કર્તા - ભોક્તા છે. તેના સ્વીકાર વિના કર્મબંધ ન હોય. કર્મબંધ વિના સંસાર કે મોક્ષનું શું પ્રયોજન?

(૫) મોક્ષ છે - કર્મ છે. તેથી કર્મ બંધ છે, મોક્ષનાં અસ્તિત્ત્વના સ્વીકાર વિના કર્મ શૃંખલામાંથી મુક્ત શી રીતે થવાય?

(૬) મોક્ષનો ઉપાય છે - તેના અસ્તિત્ત્વના સ્વીકાર વિના સર્વધર્મ સાધનાનું પ્રયોજન શું?

ઉપરોક્ત છ પદોને આપણી શ્રદ્ધામાં સ્યાદ્‌વાદનાસૂત્રથી સાંકળતા મોક્ષમાર્ગ પ્રશસ્ત બને છે. આ છ સ્થાન સમકિત પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ છે. છ સ્થાનનું જ્ઞાન સમકિત પ્રાપ્તિને સુલભ બનાવે છે. આ છ સ્થાનો મોહરૂપી અંધકારનાં અગાધ પટલો દૂર કરવા માટે ઉત્તમછે.

નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરી જી રે... પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશે જી રે... ભવસાગરનો પાર.

સમકિતના આ સડસઠ ભેદોરૂપી પુષ્પોને વિશાળ આગમસાહિત્યરૂપી બાગમાંથી ચૂંટી મંદબુદ્ધિવાળા બાલજીવો માટે શાસ્ત્રકારોએ સંગ્રહિત કર્યા છે. શ્રી હરિભદ્રસૂરિ રચિત સમ્યક્ત્વ સમતિઃ ગ્રંથમાં આ સડસઠ બોલ દર્શાવેલ છે. કવિએ દર્શન સિત્તરી ગ્રંથમાંથી આ વિષયને ઉદ્ધૃત કર્યો છે. દર્શન સિત્તરી એ જ સમ્યક્ત્વ સમતિ ગ્રંથ છે.

સમકિતના ૬૭ બોલનો ક્રમ પૂર્ણ થયો. ૬+૭=૧૩ *કાઠિયા જિનવાણીના શ્રવણમાં અંતરાયભૂત છે. ૧૮ પાપસ્થાનક અને ૧૩ કાઠિયારૂપી ગુમડાંને ખત્મ કરવા પરમાત્મા ભક્તિ, આત્મશુદ્ધિ, આગમ, જિનવાણીનું શ્રવણ, ઉત્તમ ગ્રંથોનું વાંચન, ધ્યાન, કાયોત્સર્ગ, તપશ્ચર્યા, આંતરિક શુદ્ધિ, કષાય જય ઈત્યાદિ મલમરૂપ છે.

સમ્યક્ત્વ રત્ન છે અણમોલ રતન, કરવું પડશે ખૂબ જતન,
પરમાત્મા સાથે જોડતો સેતુ, પહોંચાડે છે નિજ વતન.

સમકિતના ૬૭ બોલ સમકિતને ટકાવે પણ ખરા અને સમકિતને લાવે પણ ખરા. તે કાર્ય અને કારણ એમ ઊભય સ્વરૂપે છે. કવિએ સરળ ભાષામાં ગાગરમાં સાગર સમાવવાનું કાર્ય કર્યું છે. કવિએ માર્ગ બતાવ્યો છે પણ એ માર્ગે ચાલવાનું કાર્ય તો જાતે જ કરવાનું છે.

- દુહા : ૫૨ -

દરસણ સીત્યરીમાહાં કહ્યા, જાણઈ તે નર સાર,
દોય પ્રકાર સમકીત તણા, વ્યવરી કહું વીચાર ...૮૨૩

અર્થ: દર્શન સમતિનામના ગ્રંથમાં સમક્તિના સડસઠ બોલ કહ્યા છે. જે ભવ્ય જીવ આ બોલોને જાણે છે તે ઉત્તમ નર છે. સમકિતના બે પ્રકાર છે. (તેનું વિવરણ પૂર્વે થઈ ગયું છે) હવે બીજા ભેદો કહું છું.

## સમકિત વિશેની માહિતી

### (ઢાળ : ૪૩, દેશી : જિમ કોયલ સહિકારિં ટહુકઈ)

ત્રણિ પ્રકારિં સમકીત કહીઈ, રોચક ભલું તે રચતૂં લહીઈ,
જિનઈ કહયું તે તિમકરઈએ. ...૮૨૪
દીપક સમકીત અર્થ જ ભાવઈ, સાહામાનિ સમકીત દીપાવઈ,
પોતાનિ પાસઈ નહી એ. ...૮૨૫
વલી સમકીત કહૂં ચ્યાર પ્રકાર, ઉપશમીક તે પહિલું ધારે,
સાસ્વાદન બીજૂ સહીએ. ...૮૨૬
ખ્યાઓં ઉપાંસમીક તે ત્રીજૂ કહીઈ ચોથૂં ખ્યાયક સમકીત લહઈ,
ચ્યાર ભેદ સમકીત તણાએ. ...૮૨૭

---

કાઠિયા - ૧.જુગાર ૨.આળસ ૩.શોક ૪.ભય ૫.વિકથા ૬.કૌતુક ૭.ક્રોધ ૮.કૃપણ બુદ્ધિ ૯.અજ્ઞાન ૧૦.વહેમ ૧૧.નિદ્રા ૧૨.મદ ૧૩.મોહ.

પાંચ પ્રકાર સમકીતના ધારૂ, ઉપસમીક સાસ્વાદન સારૂં
ખ્યાયોઓપસમીક સ્યું એ. ...૮૨૮
ખ્યાયક સમકીત જગમાહાં સાર, વેદક વ્યન નર ન લહિ પાર,
પંચ પ્રકાર પૂરા થયા એ. ...૮૨૯
વલી સમકીતનાં લ્યંગ જ ચ્યાર, ઉચ્યત સાચવાઈ કરીઅ વીચાર,
રાગ ધરઈ ગુણ દેખતાએ. ...૮૩૦
જિન વચનમાં ઉપરિ રુચિ હોય, અવગુણ દેખી મધ્યસ સોહે,
ચ્યાર લ્યંગ સમકીત તણાંએ. ...૮૩૧
જેણે જાણઈ તે સમકિતધારી, તેહનિં પરણઈ મૂગત્ય જ નારી;
ચોગત્યનાં દૂખ છૂટીઈ. ...૮૩૨
જસ હઈઆમ્હાં સમકત ભેદ્યાં, તેણઈ અનંતાં પૂદગલ છેદ્યાં;
અરધઈ પૂદગલિ આવીઓ એ. ...૮૩૩
તેણઈ સમકીત જગિ અદિકું હોઈ, તેહની તોડિ કરિ નહી કોઈ;
સમકીત શ્રેય જગમ્હાં વડોએ. ...૮૩૪
માતપિતા બંધવનિ બિહિની, સૂત પુત્રી સ્ત્રી વંઈડઈ કહઈની,
સમકીત શ્રેઅ વિંઠી નહીએ. ...૮૩૫
તેણઈ એ સમકીત કો નવી હારો, અતી દૂલહૂં પામો નીરધારો,
નીજ આતમપરી રાખીઈ એ. ...૮૩૬
(જ)યમમૃગ કસ્તૂરીનિં રાખિ, સુરપખ ચારીત્ર લેઈ ન નખાઈ,
મણિ રાખિ જ્યમમણિધરૂ એ. ...૮૩૭
સીલવતી યમરાખઈ સીલ, રાખઈ ગંગા સદા સલીલ,
સપરખ રાખઈ લજ્જાનિં એ. ...૮૩૮
યેમરદન રસનાનિં રાખિઈ, જ્યમ સતવાદી અસતિ ન ભાખઈ,
રાખઈ માતા બાલ નઈ એ. ...૮૩૯
(જ)યમદાતા રાખઈ કરિ દાનં, રાખઈ ક્યર્પી જેમનીધાનં,
ત્ય મસમકીત નર રાખીઈ. ...૮૪૦
જિમ મરયાંદા રાખઈ દરીઓ, લેઈ અગડ નવિ ચૂકઈ શરીઓ,
તિમ સમકિત નર રાખવૂં. ...૮૪૧
નર નિં નર વહઈ ઉતમગોરી, જ્યમ ધોંસર નવિ મૂકઈ ધોરી,
નવિ મૂકઈ નર બે ધ્યાનિં એ. ...૮૪૨

અર્થ : સમ્યક્ત્વના ત્રણ પ્રકાર[૯૨] કહ્યા છે. રોચક સમકિતી માત્ર સમ્યક્ ક્રિયામાં રુચિ-પ્રીતિ રાખે છે. જિનેશ્વર

ભગવંતે જે પ્રમાણે કહ્યું છે, તે પ્રમાણે સદા કરે; તે કારક સમકિતી છે...૮૨૪

દીપક શબ્દ અર્થ બતાવે છે (દીપક પાછળ અંધારાની જેમ) તે બીજાને સમકિત પમાડે પરંતુ પોતે ન પામે તે દીપક સમકિત છે. (તેથી કારણનો કાર્યમાં ઉપચાર કરી સમકિત કહેવાયું છે.) (દીપક સમકિત યુક્ત આત્મા ગ્રંથિદેશ સુધી આવે છે.)...૮૨૫

સમકિતના ચાર પ્રકાર[१८७] કહ્યા છે. પ્રથમ ઉપશમ સમકિત છે તે જાણ. બીજું સાસ્વાદન સમકિત છે...૮૨૬

ત્રીજું ક્ષયોપશમ સમ્યક્ત્વ છે. ચોથું ક્ષાયિક સમકિત છે. સમકિતનાં આ ચાર ભેદ છે...૮૨૭

સમકિતનાં પાંચ પ્રકાર[१८८] દર્શાવું છું. ઉપશમ સમકિત, સાસ્વાદન સમકિત, ક્ષયોપશમ સમકિત સુંદર છે...૮૨૮

ક્ષાયિક સમકિત જગતમાં શ્રેષ્ઠ છે. વેદક સમકિત વિના મનુષ્ય સંસાર પાર પામી શકે નહિ. આ પ્રમાણે સમકિતના પાંચ પ્રકાર છે...૮૨૯

સમકિતી આત્માના ચાર લિંગ (લક્ષણ) છે. (૧) ઔચિત્યપૂર્ણ પ્રવૃત્તિ કરે (૨) ગુણીજનો પ્રત્યે પ્રમોદભાવ ઉત્પન્ન થાય...૮૩૦

(૩) જિનેશ્વર દેવનાં વચનો-આગમો પ્રત્યે રુચિ-પ્રીતિ હોય (૪) પરનાં અવગુણ જોઈ માધ્યસ્થભાવ રાખે. આ સમકિતી આત્માનાં ચાર લિંગ છે...૮૩૧

જે સમકિતનાં ચાર લિંગ જાણે છે તે સમકિતધારી બને છે. તેને મુક્તિરૂપી નારી વરે છે. તેને ચારે ગતિનાં દુઃખોમાંથી છૂટકારો મળે છે...૮૩૨

જેણે ગ્રંથિભેદ કરી સમકિત ધારણ કર્યું, તેણે અનંતા પુદ્ગલ પરાવર્તન છેદી નાખ્યાં. તેનો અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ જેટલો અલ્પ સંસાર બાકી રહ્યો...૮૩૩

સમકિત જગતમાં અનોખું હોવાથી તેની તુલના કોઈ પદાર્થ સાથે કરી શકાય નહીં. સમકિત શ્રેયસ્કર હોવાથી તે જગતમાં શ્રેષ્ઠ છે...૮૩૪

આ જગતમાં માતા-પિતા, બાંધવ-ભગિની, પુત્ર-પુત્રી કે સ્ત્રી કદાચ પ્રતિકૂળ બની શકે (વંઠી શકે) પરંતુ સમકિત કદી અહિતકારી કે અકલ્યાણકારી ન બને...૮૩૫

સમકિત અતિ દુર્લભ છે. તેને ચોક્કસ પ્રાપ્ત કરો. તેને પોતાના આત્માની જેમ સંભાળીને રાખો. આવા કિંમતી સમકિતને હારી ન જાવ(સમકિત મેળવ્યા વિના ભવ પૂરો ન કરો.)....૮૩૬

જેમ મૃગ નાભિમાં કસ્તુરીને સાચવે છે, મણિધર નાગ મસ્તક ઉપર મણિને સુરક્ષિત રાખે છે, તેમ સમજણપૂર્વક ચારિત્ર લેનાર આત્મા ચારિત્રનો ત્યાગ કરતો નથી.(ચારિત્રની સુરક્ષા કરે છે.)....૮૩૭

જેમ શીલવંતી સન્નારી પોતાના શીલનું જતન કરે છે, ગંગા નદી સદા પાણી સાચવે છે, તેમ સત્પુરુષો સદા લજ્જા ગુણ સાચવે છે...૮૩૮

જેમ માતા બાળકને સંભાળે છે, મુખ જીભને સુરક્ષિત રાખે છે, તેમ સત્યવાદી કદી અસત્ય ન બોલે.(માતાથી બાળક, મુખથી જીભ અને સત્યવાદીથી સત્યની સુરક્ષા થાય છે.)...૮૩૯

જેમ દાનેશ્વરી દાન આપી કીર્તિની રક્ષા કરે છે, કૃપણ તિજોરીમાં ધન સાચવી તેની સુરક્ષા કરે છે, તેમ ભવ્ય જીવો સમકિતની સુરક્ષા કરે છે...૮૪૦

જેમ દરિયો મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, ધર્મમાં શૂરવીર વ્યકિત લીધેલા વ્રત-નિયમોનું પ્રાણના ભોગે પણ જતન કરે છે, તેમ સમકિતીએ સમકિતને અખંડ પણે સાચવવું જોઈએ...૮૪૧

જેમ ઉત્તમ બળદો ગમે તેવા સંજોગોમાં પણ ધૂંસરી છોડતાં નથી, ઉત્તમ સ્ત્રીઓ આપત્તિમાં પતિનો સાથ છોડતી નથી, તેમ સમકિતી આત્મા બેધ્યાની બની સમકિત છોડતો નથી....૮૪૨

• સમકિતના પ્રકાર :

કવિએ કડી ૮૨૪ થી ૮૨૯માં સમકિતના વિવિધ પ્રકારો દર્શાવ્યા છે.

(૧) એક પ્રકાર : શુદ્ધ આત્મ પરિણતિ એ મુખ્ય સમકિત છે, જે દર્શન સપ્તકના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે.

(૨) બે પ્રકાર : **तन्निसर्गादधिगमाद् वा** । તત્વાર્થસૂત્ર.૬ ।૩ ।।

અન્યના ઉપદેશની અપેક્ષા વિના જીવના સ્વયંના પરિણામથી ઉત્પન્ન થતું સમકિત તે નિસર્ગજ સમકિત છે. સંત, શ્રવણ અને શાસ્ત્ર આદિ નિમિત્તથી ઉત્પન્ન થતું સમકિત તે અધિગમજ સમકિત છે.

(૩) ત્રણ પ્રકાર : રોચક, કારક અને દીપક સમકિત.

• રોચક સમકિત - આ સમકિતના પ્રભાવથી સમકિતીને માત્ર સમ્યક્ ક્રિયામાં રુચિ હોય છે. તે ૪થા ગુણસ્થાનકવાળાને હોય છે. સમકિતી શ્રેણિક અને શ્રી કૃષ્ણ મહારાજાની જેમ સદાનુષ્ઠાનમાં રુચિ થાય પણ આચરણ કરી શકતા નથી.

• કારક સમકિત - આ સમકિતના પ્રભાવથી સમકિતી દ્રઢ શ્રદ્ધાવાન બની સમ્યક્ ચારિત્રનું પાલન કરે છે. તે ૫,૬,૭મા ગુણસ્થાનકવાળાને હોય છે.

• દીપક સમકિત - જેમ દીપકની નીચે અંધારું હોય છે, તેમ આ સમકિતીને તત્ત્વજ્ઞાન હોય પણ તત્ત્વશ્રદ્ધા ન હોય. આવા જીવો બીજાને સમકિત પમાડે પરંતુ સ્વયં કોરા રહે છે. અંગારમર્દકાચાર્યના ૫૦૦ શિષ્યો તેમનાથી સમકિત પામ્યા પરંતુ આચાર્ય સ્વયં મિથ્યાત્વી રહ્યા.

(૪) ચાર અને પાંચ પ્રકારનું વિવેચન આ પ્રકરણમાં પૂર્વે થઈ ગયું છે.

(૫) દશ પ્રકાર : સમકિત એ અનુભૂતિનો વિષય છે. અનુભૂતિના સ્તરે પહોંચતાં પહેલાં સાધકને તત્ત્વોની શ્રદ્ધા, પ્રતીતિ કે રુચિ થવી અનિવાર્ય છે. દસ પ્રકારની રુચિ સમકિત પ્રાપ્તિના નિમિત્તરૂપ હોવાથી તેને સમકિતના પ્રકારોમાં ગણેલ છે. જેમ જવરનો રોગ નષ્ટ થતાં તંદુરસ્ત માણસને ભોજનની રુચિ થાય છે તેવી જ રીતે મિથ્યાત્વરૂપી જવર નષ્ટ થતાં કર્મોના ભારથી હળવા બનેલા જીવને દસ પ્રકારે ધર્મારાધના કરવાની રુચિ જાગે છે. જેમ રુચિપૂર્વક કરેલું ભોજન શરીરને પુષ્ટ કરે છે, તેમ રુચિપૂર્વક કરેલું ધર્માચરણ જીવ માટે પુષ્ટિકારક બને છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં સમકિતના દસ પ્રકાર દર્શાવેલ છે.

णिसग्गुवएसरुई आणारुइ, सुत्त - बीय रुइमेव।[१५]
अभिगम वित्थाररुइ, करिया संखेय धम्मरुइ ।।

અર્થ: નિસર્ગ રુચિ, ઉપદેશ રુચિ, આજ્ઞા રુચિ,સૂત્ર રુચિ, બીજ રુચિ, અભિગમ રુચિ, વિસ્તાર રુચિ, ક્રિયા રુચિ, સંક્ષેપ રુચિ, ધર્મ રુચિ.

(૧) નિસર્ગ રુચિ : જિન કથિત ભાવોમાં ગુરુ આદિના ઉપદેશ વિના સમકિતને આવરણ કરનારી પ્રકૃતિઓના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ થવાથી જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તેને નિસર્ગ સમકિત કહેવાય. ઉ.દા. ફાંસી આપવા લઈ જતા ચોરને જોઈ સમુદ્રપાળ રાજાને સંસારની અસારતા અને કર્મનો કટુ વિપાક સમજાયો. તેથી સ્વયં ચિંતન-મનન કરતાં બોધ પ્રાપ્ત થયો.

(૨) ઉપદેશ રુચિ : તીર્થંકર, કેવળજ્ઞાની કે શ્રમણ ભગવંતોના ઉપદેશથી જીવાજીવાદિ તત્ત્વોમાં યથાર્થપણાની રુચિ થાય તે ઉપદેશ રુચિ સમ્યક્ત્વ છે. ઉ.દા. શ્રીકૃષ્ણ વાસુદેવના નાનાભાઈ ગજસુકુમારને ભગવાન નેમનાથની વાણીથી બોધ થયો, તેથી તેઓ સંયમ લેવા તૈયાર થયા. સંક્ષેપમાં સંશય ટાળવાની ઈચ્છારૂપ આત્મધર્મ વિશેષ તે જ ઉપદેશ રુચિ.

(૩) આજ્ઞા રુચિ : જિનેશ્વર અથવા ગુરુ આજ્ઞાથી તત્ત્વોની રુચિ થાય, તે આજ્ઞા રુચિ છે. જ્ઞાન રહિત જીવ પણ ગુરુ આજ્ઞામાં વિશ્વાસ રાખી, તેમના વચનો અનુસરે છે, તેને જ્ઞાન-દર્શન પ્રગટે છે. છદ્મસ્થ ગુરુ કેવળીનાં વચનો અનુસરે છે, જેથી તેમનું જ્ઞાન દરેક વિષયમાં રુચિ કરાવે છે. દા.ત. માષતુષ મુનિએ ગુરુ આજ્ઞાને જ સર્વોત્તમ શ્રેષ્ઠ માની, તેથી તેમને બોધિ પ્રાપ્ત થઈ.

(૪)સૂત્ર રુચિ : શ્રી જિનેશ્વર કથિત તેમજ ગણધર રચિત દ્વાદશાંગીસૂત્રનું પઠન-પાઠન કરતાં, તેના રહસ્યોનું જ્ઞાન અનુભવતાં, જ્ઞાનના અદ્દ્ભુત રસમાં તલ્લીન બને અને ઉત્સાહપૂર્વકસૂત્રોને સાંભળવાની કે ભણવાની જિજ્ઞાસા પ્રગટ, તેને સૂત્રરુચિ કહેવાય. દા.ત. શ્રદ્ધાવંત જિજ્ઞાસુ શિષ્ય જંબુસ્વામીને પાંચમા ગણધર સુધર્માસ્વામીએ ભાવપૂર્વક મહાવીર સ્વામીએ પ્રરૂપેલ ધર્મ અને લોક હિતાર્થે ઉપદેશેલ તત્ત્વોનો બોધ કરાવ્યો.

(૫) બીજ રુચિ : જેમ ખેતરમાં વાવેલું બીજ અનેક દાણા સ્વરૂપે ઉગી નીકળે છે અથવા પાણીમાં પડેલું તેલનું બિંદુ પાણીમાં ફેલાઈ જાય છે, તેમ સદ્દગુરુના ઉપદેશથી ભવ્ય આત્માના ખેતરમાં વાવેલું જ્ઞાનબીજ વૃદ્ધિ પામે છે. કોઈ આત્મામાં એક પદનું જ્ઞાન, અનેક પદોરૂપે પરિણમે છે. દા.ત. સર્વજ્ઞ ભગવંત મહાવીર સ્વામીએ ગણધરોને માત્ર ત્રિપદીનું જ્ઞાન આપ્યું. ઉપ્પનેઈવા, વિગમેઈવા અને ધ્રુવેઈવા. આ ત્રણ પદમાંથી દ્વાદશાંગીનું નિર્માણ થયું.

(૬) અભિગમ રુચિ : અંગ-ઉપાંગસૂત્રના અર્થ ભણવાથી, તેના રહસ્યને સમજવાથી, તત્ત્વોની જે શ્રદ્ધા થાય છે તે અભિગમ રુચિ સમ્યક્ત્વ છે. શ્રી અંતગડદશાંગસૂત્રમાં ગૌત્તમાદિ કુમારો તથા પદ્માવતી, કાલી, સુકાલી આદિ સતીઓના અધિકાર છે, જેમણે સંયમ સ્વીકારી અગિયાર અંગસૂત્રોનું અધ્યયન કર્યું. તેઓ તત્ત્વશ્રદ્ધાથી બોધ પામી તે જ ભવે મોક્ષે ગયા.

સૂત્ર રુચિમાં ફક્તસૂત્રની રુચિ છે. જ્યારે અભિગમરુચિમાંસૂત્ર અને અર્થ યુક્તસૂત્ર વિષયક રુચિ છે.સૂત્ર રુચિથી અર્થ રુચિ અને અર્થ રુચિથીસૂત્ર રુચિના અધ્યયનથી થયેલા તત્ત્વજ્ઞાનમાં ભેદ છે. આવું જ્ઞાન

વિશેષ સમજણ સહિતનું હોવાથી પરમાર્થને જાણે છે. તેથી શ્રદ્ધા સ્થિર થાય છે.

(૭) વિસ્તાર રુચિ : જીવાદિ નવતત્ત્વ, ધર્માસ્તિકાય આદિ ષટ્દ્રવ્ય, નૈગમાદિ સાત નય, નામાદિ ચાર નિક્ષેપ, પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણ આ સર્વનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી વિસ્તારપૂર્વક અભ્યાસ કરવા જેથી અતિ વિશુદ્ધ શ્રદ્ધા પ્રગટ થાય, તે વિસ્તાર રુચિ સમકિત કહેવાય.

(૮) ક્રિયા રુચિ: જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, વૈયાવચ્ચ, સમિતિ, ગુપ્તિ, આદિ અનુષ્ઠાનોનું આરાધન કરવાની રુચિ થવી તે ક્રિયા રુચિ સમકિત છે. શ્રી જ્ઞાતાસૂત્રના ૧૯ અધ્યયનોમાં મેઘકુમાર આદિ મહાત્માઓએ વિવિધ અનુષ્ઠાનો શુદ્ધિ અને ભાવપૂર્વક કર્યા. તેઓએ બોધ પામી આત્મકલ્યાણ કર્યું.

આજ્ઞા રુચિમાં અનુષ્ઠાનની ગૌણતા છે, જ્યારે ગુરુ આજ્ઞાની મુખ્યતા છે. ક્રિયા રુચિમાં આજ્ઞા વિના પણ અનુષ્ઠાનની રુચિ છે. મહર્ષિઓને ક્રિયા આત્મસાત્ બની ગઈ હોય છે.

(૯) સંક્ષેપ રુચિ: જે જ્ઞાનાવરણીય કર્મની ક્ષયોપશમતાની મંદતાથી જિન પ્રવચન વિસ્તારથી જાણતો નથી તથા અન્ય કુદર્શનોને પણ જેણે અંગીકાર કર્યા નથી પરંતુ સંક્ષેપમાં થોડા શબ્દો સાંભળી ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન બને છે; તેને સંક્ષેપ રુચિ સમકિત કહેવાય. દા.ત. ઉપશમ, સંવર અને વિવેક એ ત્રણ શબ્દ સાંભળતાં જ જૈન તત્ત્વોનું જ્ઞાન ન હોવા છતાં ચિલાતિપુત્રને તેમાં રુચિ થઈ, તેમ વિશિષ્ટ જ્ઞાન વિના પણ મોક્ષતત્ત્વની રુચિ થાય; તે સંક્ષેપ રુચિ કહેવાય.

(૧૦) ધર્મ રુચિ: સમ્યક્ત્વ આદિ શ્રુતધર્મ, વ્રતાદિ ચારિત્ર ધર્મ, દસ પ્રકારનાં યતિ ધર્મ અને ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોની શાસ્ત્ર અનુસાર શ્રદ્ધા કરવાથી જે તત્ત્વરુચિ ઉત્પન્ન થાય; તે ધર્મરુચિ સમકિત કહેવાય. ઉ.દા. મેતાર્ય મુનિવર સોનાના જવલા ચણી જનાર કૌંચ પક્ષીની દયા પાળવા પોતાની ઉપર ચોરીનો આરોપ આવવા છતાં મૌન રહ્યા. તેમણે મારણાંતિક ઉપસર્ગને સમભાવે સહન કર્યો. આ પ્રમાણે મેતાર્ય મુનિએ શ્રુત અને ચારિત્ર ધર્મનું પાલન કર્યું; તે ધર્મ રુચિ છે.

રોચક સમકિતના દશ ભેદ ઉપશમ, ક્ષાયિક અને ક્ષયોપશમ સમકિતમાં આવે છે.

આ રુચિઓ રાગ અથવા પ્રીતિ સ્વરૂપ હોવાથી વીતરાગ અવસ્થામાં ન હોય. રુચિ એ સમકિતનું અસાધારણ લક્ષણ નથી પરંતુ લિંગ છે. શાસ્ત્રકારોએ અલ્પ બુદ્ધિવાળા જીવોને સરળતાથી બોધ કરાવવા સમકિતના વિવિધ પ્રકારો દર્શાવેલ છે.

- **સમકિતી આત્માના લક્ષણો :**

ઉપરોક્ત ઢાળમાં કવિએ કડી-૮૩૦ અને ૮૩૧ માં સમકિતી આત્માના લક્ષણો દર્શાવેલ છે.

સમ્યગ્દર્શન એટલે જીવન જીવવાની કળા છે. જીવનના ઉર્ધ્વારોહણનો એક પ્રશસ્ત નિર્દોષ માર્ગ છે. મનુષ્યના આનંદમય જીવનનો મનોવિજ્ઞાન છે. તેના સ્પર્શથી પાપી પ્રાણી મનુષ્યત્વમાં પ્રતિષ્ઠિત થાય છે. પશુ પણ તેના પ્રભાવથી મનુષ્યત્વ સ્થાપિત કરે છે.

સમકિતનો મહિમા ગાતાં પૂર્વાચાર્યો કહે છે–

**नरत्वेऽपि पशूयन्ते मिथ्यात्वग्रस्तचेतसः ।**
**पशुत्वेऽपि नरायन्ते सम्यस्त्व व्यस्तचेतसः ।।**

અર્થ: સમકિત રહિત ચિત્તવાળો માનવી પશુ સમાન છે, જ્યારે સમ્યક્ત્વથી ભાવિત ચિત્તવાળો પશુ મનુષ્યની ગરિમા ધારણ કરે છે. સમકિત એ ચિત્તની સ્વસ્થ દશા છે. વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ આ અમૃતબુટ્ટી આપી છે. તે ભવરોગ ચિકિત્સાની અચૂક ઔષધી છે.

• સમકિતમાં બુદ્ધિ, પ્રજ્ઞા, મતિ સ્થિર થાય છે. ગીતામાં તેને સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. શ્રી આચારાંગસૂત્રમાં તેને સ્થિતાત્મા કહેવાય છે.

કૃષ્ણભક્ત નરસિંહ મહેતાનું જગપ્રસિદ્ધ લોકગીત વૈષ્ણવજન તો તેને કહીએ... તે ગીતમાં સ્થિતપ્રજ્ઞ આત્માનાં લક્ષણો દર્શાવેલ છે. તેમાં દર્શાવેલ નૈતિક સદ્‌ગુણો વૈષ્ણવ થવા માટેનાં છે. તે સાથે સમકિતીની તુલના પ્રસ્તુત છે.

• ગુણોને ધારણ કરવા તે જ જૈનત્વ કે વૈષ્ણવત્વ છે. જૈનપણું કે વૈષ્ણવપણું તત્ત્વભૂત સમજણનો અમલ કરવામાં છે. વૈષ્ણવ કોને કહેવાય? સાચો વૈષ્ણવ કેવો હોય? નરસિંહ મહેતા તેનો પ્રત્યુત્તર આપતાં કહે છે-

**વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે -[૯૯]**
**પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે... વૈષ્ણવ-૧.**

દાક્ષિણ્યતા, ગંભીરતા અને પારકાની પ્રશંસાના અવસરે માત્સર્ય-ઈર્ષાનો નાશ થવો, તે જ સાચો વૈષ્ણવ છે.

સમકિતી આત્મા ગુણાનુરાગી હોય. બીજાના દોષોને જાણવા છતાં તેને ગુપ્ત રાખે છે. અન્યનાં કાર્યો કરતાં ભયનાં નિમિત્તો આવે, છતાં ધીરતા કેળવી શાંતિ રાખે પણ આકુળ-વ્યાકુળ ન બને.[૧૦૦]

હું આત્મા છું, એવી દઢ શ્રદ્ધાવાળો સમકિતી જીવ જગતનાં સર્વ જીવો સાથે આત્મિયતાનો સંબંધ કેળવે છે. જગતના સર્વ જીવો ચૈતન્ય લક્ષણ તથા જ્ઞાનાદિ ગુણોથી અભેદ છે. સર્વ જીવો સાથે મૈત્રીભાવ એ સમ્યક્દ્દષ્ટિ જીવનું પ્રથમ લક્ષણ છે.

ઉદારતા, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા, નિર્મળ બોધ અને પ્રાયઃ જનપ્રિયત્વ સમકિતીના લિંગ છે.[૧૦૮]

નરસિંહ મહેતા આગળ કહે છે-

**સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;**
**વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.. વૈષ્ણવ. ૨**
**સમદ્દષ્ટિને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;**
**જિવ્હા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે..વૈષ્ણવ-૩.**

સાચો વૈષ્ણવ વિનયી, ગુણાનુરાગી, ઈન્દ્રિયવિજેતા, સમદ્દષ્ટિ, નિરાકાંક્ષી, ઉચિત પ્રવૃત્તિ કરનાર, સત્યભાષી અને અચૌર્ય ગુણોથી યુક્ત હોય છે.

સમ્યગ્‌દર્શની આત્મામાં ઉપરોક્ત સર્વ ગુણો વિદ્યમાન હોય છે. ગુણીજનો પ્રત્યે પ્રમોદ ભાવ આવ્યા વિના ગુણાનુરાગી કે સ્વદોષ નિંદકની પ્રવૃત્તિ ન આવે. સમ્યગ્‌દર્શનના આઠ અંગોમાં ઉપબૃહણ અંગમાં સ્વદોષ

દર્શન અને પરગુણ પ્રશંસા દર્શાવેલ છે.

સમ્યગ્દર્શની આત્મા મન, વચન અને કાય એ ત્રિયોગનું નિયંત્રણ કરી ઈન્દ્રિય વિજેતા બને છે, જે સમકિતની શુદ્ધિ છે.

અનુકંપા એ સમકિતનું લક્ષણ છે. તેનું હૃદય ધર્મ વિહોણા જીવોને જોઈ કરુણાથી આર્દ્ર બને છે.

દીન ક્રુરને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ વહે;
કરૂણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્તોત્ર વહે,
માર્ગ ભૂલેલા જીવનપથિકનો, માર્ગ ચીંધવા ઉભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરુ.

સમકિતી આત્મા ઔચિત્ય જાળવે છે. ઔચિત્ય એટલે વિવેક-સારા અને ખરાબની પરખ. સમકિતી આત્મા હિંસા, જૂઠ, પરસ્ત્રીગમન, ચોરી, પર નિંદા જેવી લોક નિંદ્ય પ્રવૃત્તિ ન કરે.

સમ્યગ્દર્શન એટલે અસત્ કર્મોની મર્યાદા. સમ્યગ્દર્શન એટલે નિરાસક્ત વ્યવહાર. સમ્યગ્દષ્ટિ આત્મામાં કષાયોની ઉપશાંતતા, મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ આ ચાર ભાવનાઓનો સુમેળ હોય છે.

સમકિતની પરિણતિમાં મન મોક્ષમાં, તન સંસારમાં અને જ્વલંત રુચિ ધર્મમાં હોય છે.

નરસિંહ મહેતા સાચા વૈષ્ણવનાં લક્ષણો દર્શાવી કહે છે કે -

ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે...વૈષ્ણવ...૫

આવા સાચા વૈષણવનાં દર્શન એ પ્રભુ દર્શન સમાન છે. જેના દર્શન માત્રથી પેઢી-દર પેઢી ભવસાગરનો પાર પામી શકે છે. તેની સુસંસ્કારોની સાંકળ ઉત્તરોત્તર મજબૂત બને છે. ખરેખર ! સાચો વૈષ્ણવ પ્રશંસનીય છે.

જૈનત્વની પ્રથમ ભૂમિકા સમકિત છે. સમકિત એક ગંધ હસ્તી સમાન છે. જેમ ગંધ હસ્તી સંગ્રામમાં કદી પીઠ દેખાડતો નથી, તેમ સમકિતી પણ કર્મ સત્તાને હંફાવે છે. આખરે આત્મ સત્તા બળવાન બને છે અને કર્મોની શક્તિને શુભ અધ્યવસાયો વડે ક્ષીણ કરે છે. આ રીતે પાપને અલવિદા આપી સદ્ગુણોની હારમાળા સર્જે છે. સમકિત એ જીવન પરિવર્તનની કળા છે તેથી જ એકલું સમકિત પણ પ્રશંસનીય છે.

તેથી જ શ્રી સમન્તભદ્રજી સ્વામી કહે છે -

न सम्यक्त्वसमं किञ्चित्त्रैकाल्ये त्रिजगत्यपि ।[१९९]
श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमं नान्यत्तनूभृताम् ॥

અર્થ : ત્રણે કાળ અને ત્રણે લોકમાં સમ્યક્ત્વ જીવને કલ્યાણકારી છે. સમકિતના સદ્ભાવમાં અવ્રતી ગૃહસ્થ પણ દ્રવ્યલિંગી મુનિ કરતાં ઉત્તમ ગણાય છે જ્યારે મિથ્યાત્વના સદ્ભાવમાં મહાવ્રતધારી સાધુ પણ સમકિતી ગૃહસ્થથી હીન ગણાય છે.

ઈન્દ્રિયોને જીતે તે જૈન, સદ્બુદ્ધિના માર્ગે વિચરે તે બૌદ્ધ, આત્મ મૈત્રીથી વિશ્વના પ્રાણીઓને વ્યાપે તે વૈષ્ણવ.

નરસિંહ મહેતાએ દર્શાવેલ સાચા વૈષ્ણવના લક્ષણો તથા કવિ ઋષભદાસે દર્શાવેલ સમ્યક્ત્વીના લક્ષણોમાં ઘણી સમાનતા છે.

• સમકિતનું ફળ :

કવિએ કડી ૮૩૨ થી ૮૩૪માં સમકિતનું ફળ દર્શાવ્યું છે.

સમકિતની પ્રાપ્તિથી આધ્યાત્મિક અને વ્યવહારિક ફળ મળે છે.

(૧) ભવ પ્રપંચારૂપ મિથ્યાત્વનો નાશ થાય છે. (૨) જીવનો સંસારકાળ મર્યાદિત બને છે. (૩) તે જીવ હવે જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ *અર્ધ પુદ્ગલ પરાવર્તનમાં કંઈક ઓછું એટલા સમયમાં મોક્ષે જશે. (૪) સમકિતી મનુષ્ય અને તિર્યંચ વૈમાનિક દેવનું આયુષ્ય બાંધે છે. સમકિતી નારકી કે દેવ મનુષ્ય ગતિનું જ આયુષ્ય બાંધે છે. (૫) સમકિતના સદ્ભાવમાં જીવ સાત બોલમાં આયુષ્યનો બંધ ન કરે. નરક, તિર્યંચ, ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષનું આયુષ્ય તેમજ સ્ત્રી વેદ, નપુંસક વેદ ન બાંધે. (૬) ચક્રવર્તીની પદવી નિર્મળ સમકિતથી મળે છે. (૭) સમકિતી ઉત્કૃષ્ટ કોટિના પાપ કર્મ ન બાંધે. અરે! શ્રી તીર્થંકર આદિની આશાતના વગેરે મહાપાપ કરનાર જીવ પણ સમ્યગ્દર્શન પામ્યા પછી અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળથી વધુ સંસારમાં ભમતો નથી. ઉ.દા. ગોશાલક. (૮) સમકિતી જીવની ઉત્તરોત્તર જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ થાય છે.

અહો! સમ્યગ્દર્શન આવતાં જ સંસાર પરિત થાય. કેવું અદ્ભૂત અને કલ્યાણકારી છે સમ્યગ્દર્શન!!

કવિ કડી-૮૩૫માં કહે છે કે આ જગતના સર્વ પદાર્થો અને સંબંધો પુણ્ય પરવારતાં અશ્રેયસ્કર બની શકે છે. ભવ્ય જીવ માટે સમ્યગ્દર્શન ઉત્તરોત્તર શ્રેયકારી બને છે.

શ્રીમદ્ જિનહર્ષગણિએ સમ્યક્ત્વ કૌમુદી ગ્રંથમાં કહ્યું છે -

**सम्यक्त्वरत्नान्न परं हि रत्नं सम्यक्त्व मित्रान्न परं हि मित्रम् ।** [२००]

**सम्यक्त्वबंधोर्न परो हि बन्धुः सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥**

અર્થ : આ સંસારમાં સમ્યક્ત્વ રત્નથી શ્રેષ્ઠ કોઈ રત્ન નથી. સમ્યક્ત્વ મિત્રથી વધીને શ્રેષ્ઠ કોઈ મિત્ર નથી. સમ્યક્ત્વરૂપી બાંધવથી ઉત્તમ કોઈ બાંધવ નથી અને સમ્યક્ત્વ લાભથી વધીને કોઈ શ્રેષ્ઠ લાભ નથી.

કુટુંબ બે પ્રકારના છે - દ્રવ્ય કુટુંબ અને ભાવ કુટુંબ. માતા-પિતા, પુત્ર-પુત્રી એ દ્રવ્ય કુટુંબ છે. આત્મિકગુણો એ ભાવ કુટુંબ છે. સમકિતી જીવને ભાવકુટુંબ સાથે સંબંધ છે.

• સમકિતીનું ભાવકુટુંબ : [૨૦૧]

(૧) ઉદાસીનતા - ચિત્તશુદ્ધિથી સમૃદ્ધ બનેલા આત્માનું એક જ ધ્યેય હોય છે કે હું કર્મથી કેમ હળવો બનું ? હોસ્પિટલની નર્સ નવજાત શિશુને રમાડે પરંતુ 'આ બાળક મારું નથી' એવી પ્રતીતિ તેને સતત હોય છે, તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારના સર્વ વ્યવહારો કરે પણ ઉપયોગ સતત આત્મસ્વરૂપમાં હોય છે. તેને સંસાર પ્રત્યે વૈરાગ્ય - ઉદાસીનતા જાગે છે.

---

* અર્ધ પુદ્ગલપરાવર્ત કાળ - જીવ પુદ્ગલોને ગ્રહણ કરી શરીર, ભાષા, મન અને શ્વાસોશ્વાસના રૂપમાં પરિણત કરે છે. જ્યારે કોઈ જીવ જગતમાં રહેલા સમગ્ર પરમાણુઓને (આહારક શરીર સિવાય) શેષ સર્વ શરીરોના રૂપે તથા ભાષા, મન અને શ્વાસોશ્વાસના રૂપમાં પરિણત કરી તેને છોડી દે, તેમાં જેટલો કાળ લાગે તેને પુદ્ગલ પરાવર્ત કાળ કહેવાય, તથા તેનાથી અડધો કાળ તે અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળ કહેવાય. તેમાં અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી આવે છે. (શ્રી ભગવતીસૂત્ર- ૩/૧૨/૪/૩૫, પૃ.-૬૯૪, પ્ર.- શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન)

(૨) વિરતિ - તેને મોક્ષની તીવ્ર અભિલાષા જાગે છે. વિરતિ એ આત્માની માતા છે. અપાર ઐશ્વર્ય વચ્ચે પણ વિરતિરૂપી માતાની આંગળી પકડી સમ્યગ્દૃષ્ટિ આત્મા ત્યાગ માર્ગે જાય છે.

(૩) યોગાભ્યાસ - આત્માનો પિતા છે. પિતાની આજ્ઞાને અનુસરનાર પુત્ર જીવનમાં ક્યાંય અટવાતો નથી, તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માને સંયમપૂર્વક યોગી જીવનનો અભ્યાસ કરવાના ભાવ જાગે છે.

(૪) સમતા - સમતા એ ધાવમાતા છે. ધાવમાતા જેમ બાળકનું રક્ષણ કરે છે, તેમ સમતારૂપી ધાવમાતાની ગોદમાં ક્રીડા કરતું બાળક આંતરિક વિકૃતિઓ જેવી કે નિંદા, ઈર્ષા, ક્રોધ, આદિ કષાયોથી સુરક્ષિત રહે છે તેથી કષાયોની ઉપશાંતતા પ્રગટે છે.

(૫) વિતરાગતા - આત્માની બહેન છે. વિતરાગતારૂપી બહેન આત્મારૂપી બાંધવને જગતના લોભામણા પદાર્થો કે મિથ્યાત્વની જાળમાં ક્યાંય ફસાવા દેતી નથી. તેથી રાગરહિત જીવનદશા પ્રગટ થાય છે.

(૬) વિવેક - આત્માનો પુત્ર છે. વિવેકગુણ આત્મા માટે અન્તરચક્ષુ છે. વિવેકથી કુસંસ્કારોનો અંત આવે છે. આત્મા દિવ્યજ્ઞાન તરફ પ્રસ્થાન કરે છે.

(૭) વિનય - આત્માનો લઘુ બાંધવ છે. વ્યવહારમાં પણ મોટાભાઈને નાનોભાઈ સહાયક બને છે, તેમ વિનય રૂપી લઘુ બાંધવ સદાચાર, નમ્રતા, સત્ય, પ્રમાણિકતા, મૈત્રી આદિ ગુણોની વૃદ્ધિ કરે છે.

(૮) સમ્યક્ત્વ - આત્મા માટે અક્ષય ભંડાર સમાન છે. જેના પ્રતાપે આત્માની શક્તિઓનો પ્રતિ સમયે વિકાસ થતો જાય છે. આત્માના અસંખ્યાત પ્રદેશે રહેલા ગુણોનું પ્રગટીકરણ થાય છે . જીવના કષાય, કામ અને રાગ-દ્વેષ ક્રમશઃ ઘટતા જાય છે.

(૯) તપ - આત્મા માટે અશ્વરૂપે બને છે. અશ્વ અતિ વેગવાળું અને શક્તિશાળી પ્રાણી છે. સમ્યગ્દર્શની આત્મા તપરૂપી અશ્વ પર આરુઢ થઈ કર્મરૂપી શત્રુને હરાવી કર્મ પર વિજ્ય મેળવે છે. ઈન્દ્રિયો અને મનના મહાવેગને તપ કમજોર બનાવે છે.

(૧૦) પવિત્ર ભાવના - શુભ ભાવના કવચરૂપે આત્માને સહાયક બને છે. જેમ રણસંગ્રામમાં યોદ્ધાઓ પોતાના જીવનની સુરક્ષા માટે બખ્તર પહેરે છે, તેમ અશુભ કે ગંદી ભાવનાઓ સામે અનિત્ય આદિ બાર ભાવના તથા મૈત્રી આદિ ચાર ભાવનાઓનું ક્વચ આત્માને પતનથી ઉગારે છે.

(૧૧) સંતોષ - સંતોષ એ સેનાપતિ છે. આત્મારૂપી મહારાજા સંતોષરૂપી સેનાપતિ વડે નિઃસ્પૃહી બનવાની લાયકાત પ્રાપ્ત કરે છે.

(૧૨) સમ્યગ્જ્ઞાન - આત્માને અમૃતના ભોજન સમાન છે. અમૃતનું ભોજન આત્માને અમર બનાવે છે, તેમ સમ્યગ્જ્ઞાનરૂપી અમૃતમય ભોજનથી વૈકારિક, તામસિક, રાજસિક ભાવો નાશ પામે છે. સમ્યક્જ્ઞાનના સહારે અનુક્રમે આત્મા અમર (મોક્ષ)બને છે.

(૧૩) સુમતિ - આત્માની પટરાણી છે. સુમતિરૂપી પટરાણીના કારણે આત્માને અનુપમ, અદ્વિતીય, અનુભવ જ્ઞાન સુલભ બને છે.

સમ્યગ્દર્શનથી વિપરીત મિથ્યાદર્શન છે. આસક્તિ, અવિરતિ, ભોગાભ્યાસ, વિષમતા, સરાગતા, અવિનય, અવિવેક, દુર્ગતિ આદિ તેના પરિવારજનો છે. જેમ કામણગારી સ્ત્રીના સહવાસે રહેલો પુરુષ લોકમાં દુઃખી અને નિંદનીય બને છે, તેમ મિથ્યાત્વી જીવ તેના વિપરીત સ્વજનોથી દુઃખી બને છે. સમ્યક્દર્શનીનું ઉપરોક્ત ભાવકુટુંબ સદા તેની સાથે રહે છે. તે તેને કદી છેતરતું નથી. ક્ષાયિક સમકિતી જીવને ઉપરોક્ત સજ્જનો (સ્વજનો)થી વિયોગ થતો નથી.

• સમ્યક્ત્વની દુર્લભતા :

કવિએ કડી ૮૩૬ થી ૮૪૨ માં સમકિતની દુર્લભતા અને સુરક્ષા વિશે વિવિધ દૃષ્ટાંતો દ્વારા આ વિષયને પ્રસ્તુત કર્યો છે.

**सुरेन्द्र नागेन्द्र नरेन्द्र संपदः सुखेन सर्वा लभते भ्रमन् भवे ।**
**अशेष दुःखक्षय कारणं परं, न दर्शनं पावनमश्नुते जनः ।।**

અર્થ : સંસારમાં ભમતાં ઈન્દ્ર, નાગેન્દ્ર કે નરેન્દ્ર (ચક્રવર્તી)ની પદવી સહેલાઈથી મળી શકે છે પરંતુ સર્વ દુઃખોના ક્ષયના કારણ સમાન સમકિત પ્રાપ્ત થવું દુર્લભ છે.

જેમ દરિયા કિનારે રહેલી માટી સૂર્યની ગરમી, સતત પાણીના યોગે ધીમે ધીમે ઘન સ્વરૂપ બની કાંકરા અને કાળમીંઢ પત્થરનું સ્વરૂપ ધારણ કરે છે, તેમ અનાદિકાળથી રાગ-દ્વેષરૂપ કર્મની પરિણતિ ઘન, નિબિડ બની વજ્ર જેવી ગાંઠ બને છે. આ મિથ્યાત્વ અવસ્થા છે. સંસાર ભ્રમણ કરતાં આ ગાંઠની ઓળખ ચરમાવર્તકાળમાં થાય છે. જેમ માંદો માણસ ખોરાક પચાવી ન શકે તેમ મિથ્યાત્વી પરમાર્થને જીરવી ન શકે. પ્રત્યેક જીવે અનંતકાળ સમકિત વિના ગુમાવ્યો છે તેથી શાસ્ત્રકારો કહે છે –

**'सद्धा परम दुल्लहा ।'** શ્રદ્ધા પરમ દુર્લભ છે.

સ્વયંભૂરમણ સમુદ્રની પૂર્વ દિશામાં કોઈ દેવ ગાડાનું ધોંસરું નાખે અને પશ્ચિમ દિશા તરફ ધોંસરાની સાંબેલ નાખે. એ ધોંસરાની સાંબેલ વહેતાં વહેતાં તે ધોંસરા સાથે મળવી જેટલી દુર્લભ છે તેનાથી અધિક ૮૪લાખ જીવાયોનિમાં મનુષ્ય ભવ પ્રાપ્ત કરવો અતિ દુર્લભ છે. પુણ્યના યોગે કદાચ મનુષ્ય જન્મ મળી જાય, છતાં મિથ્યાત્વ તિમિરનું વિનાશક ધર્મશ્રવણ મળવું દુર્લભ છે. ધર્મશ્રવણ પણ કદાચ મળી જાય, છતાં મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરનાર સૂર્ય સમાન શ્રદ્ધા પ્રાપ્ત થવી દુર્લભ છે. શ્રદ્ધા થયા પછી પણ તે શ્રદ્ધાથી કેટલાય જીવો વિચલિત થાય છે. વિકાસનાં બધાં સાધનો પ્રાપ્ત થવા છતાં સમકિત પ્રાપ્ત કરવાની રુચિ ન થવી એ પણ એક સખેદાશ્ચર્ય છે !

જ્ઞાનનો મદ, મતિમંદતા, નિષ્ઠુરવચન, રૌદ્રભાવ, પ્રમાદ દશાથી સમકિત નષ્ટ થાય છે.

દુહા - ૫૩

**બૂધ્યબીજ મૂકઈ નહી, જિહાં ઘટિ હુઈ જીવ;**
**સમકીત સુધૂ રાખતાં, પામિ પદવી દીવ્ય... ...૮૪૩**

અર્થઃ પ્રતિકૂળતામાં પણ જે જીવ બોધિબીજ (સમ્યક્ત્વ)નો ત્યાગ કરતો નથી તેમજ સમકિત શુદ્ધ રાખે છે તે

દિવ્ય પદવી (મોક્ષ-સિદ્ધિ) પામે છે...૮૪૩

## રાસની ફલશ્રુતિ

(ઢાળ:૪૪ દેશી: ઘોડીની. રાગ: ધન્યાસી)

દીવ્ય પદવી પામઈ, સુણતાં સમકીત સારો,
મુઝ સુરતરૂ ફલીઓ, નીઝ ઘરી મંગલ ચ્યારો. ...૮૪૪
કામકુંભ ભરેલો, ચ્યંતામણી નો વાસો,
કામધેનસુ દૂઝઈ, પોહેચઈ મનની આસો. ...૮૪૫
રીધ્ય રમણી મંદિર, ઉછવ અદીકા થાઈ,
ગજરથ ઘોડા બહું, ગુણીજન બઈઠા ગાઈ. ...૮૪૬
રંગરુપ અનોપમ, અતી પોઢૂં તસ આય,
પાલખીયિં પોઢઈ, સેવક ચંપઈ પાઈ. ...૮૪૭
હુઈ નીર્મલ અંદ્રી, જનમલગઈ નીરોગી,
મન વંછ્યૂં પામઈ, અંદ્ર તણી પરિભોગી. ...૮૪૮
એ રાસ સૂણંતાં લહીઈ, નવઈ નીધાન,
રત્ન ચઉદ ભલેરાં, પાંમિમહીઅ લિ માંન. ...૮૪૯
એ રાસ સુણીનિં, નીજ મતિ આણઈ ઠાંમિ,
સમકીત દ્રઢ કર્તો, ધ્યાઈ પુન્યનિં કામ્ય. ...૮૫૦
જિન ભુવન ભલેરાં ,બ્યંબ ભરાવી પુજઈ,
પોસો પડીકમણૂં કરતાં, પાતીગ ધૂજઈ. ...૮૫૧
શંઘ ભગતી ભલેરી, દાન સીલ તપ ભાવ,
નર પર ઉપગારી, ન કરઈ પરની રાવ. ...૮૫૨
જીવ જતન કરંતો, મૃષા ન મુખ્યથી બોલઈ,
જે પર ધ્યન ન લીઈ, નહી કો તેહનિં તોલઈ. ...૮૫૩
મૂખ્ય અમૃત બોલઈ, રહિ નીત્ય નીર્મલ ધ્યાનિં,
ગુણ ઉપશમ ધરતો, વીર વચન સુણિં કાનિં. ...૮૫૪
તીર્થ ફરસતો, ગુણ લઈ ગુણીઅણ કેરા,
નીજ અંદ્રી જીતઈ, ટાલઈ ચ્યહુ ગતિફેરો. ...૮૫૫
રાગદ્વેષ નીવારઈ, ક્રોધ લોભ મદ માયા,
જે પરહીત ચ્યંતિ, તે પરગટ પુજાયા. ...૮૫૬

અર્થ: (કવિ કહે છે કે) જે આત્મા સમકિતસાર રાસનું શ્રવણ કરશે, તેને દિવ્ય પદવી પ્રાપ્ત થશે. મને કલ્પવૃક્ષ ફળ્યું. તેથી મારા ઘરમાં ચારે મંગળ વર્તાય છે....૮૪૪

(જેને ત્યાં) શ્રેષ્ઠ કામકુંભ, ચિંતામણિરત્ન અને કામધેનુ હોય તેનાં સર્વ મનોરથ પૂર્ણ થાય છે. તેમ(સમકિત રાસ રચી) મારી સર્વ ઇચ્છાઓ પૂર્ણ થઈ છે....૮૪૫

આજે હૃદયરૂપી પવિત્ર મંદિરમાં અદ્‌ભૂત ઓચ્છવ ઊજવાય છે. ત્યાં હાથી, ઘોડા, રથ પુષ્કળ પ્રમાણમાં છે. ત્યાં ગુણીજનો સુંદર અને મધુર ગીતો ગાઈ રહ્યાં છે....૮૪૬

(કવિ કલ્પના કરતાં કહે છે) નિજ આત્માનાં રૂપ, રંગ અનુપમછે. સમકિત આત્મારૂપી પાલખીમાં પોઢેલ છે. (સદ્‌ગતિરૂપી દાસ) સેવક તેનાં ચરણ દાબે છે.આવી દિવ્ય શય્યામાં પોઢવાથી ઘણો લાભ થાય છે....૮૪૭

(સમકિતરૂપી દિવ્ય પદવી મળતાં) પાંચે ઈન્દ્રિયો અને મન આજે પવિત્ર બન્યાં. આ જન્મ(મિથ્યાત્વ મેલ દૂર થતાં) નિરોગી બન્યો. ઈન્દ્રિયો ભોગોથી નિવૃત્ત થઈ, તેથી મનોવાંછિત સુખ પ્રાપ્ત થયું...૮૪૮

સમકિત રાસનું શ્રવણ કરતાં (સાધકને) નવ નિધાન અને શ્રેષ્ઠ ચૌદ રત્નો (જેવી ભૌતિક સંપત્તિ) પ્રાપ્ત થાય છે. તે પૃથ્વી પર સર્વત્ર પૂજનીય બને છે....૮૪૯

સમ્યક્ત્વ રાસનું શ્રવણ કરતાં સાધક પોતાના ચિત્તને સ્થિર કરે છે. તે સમકિતને દ્રઢ કરતો પુણ્યનાં કાર્યો કરે છે....૮૫૦

શ્રેષ્ઠ જિનમંદિરોનું નિર્માણ અને જિનબિંબોની પૂજા કરવાથી, પૌષધ અને પ્રતિક્રમણ આદિ (અનુષ્ઠાનો શુધ્ધિપૂર્વક) કરતાં પાપ કર્મ ધ્રૂજે છે. (ભાગે છે)....૮૫૧

(સમકિતી આત્મા) દાન, શીયળ, તપ અને ભાવધર્મની આરાધના કરે છે. તે (સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ) ચતુર્વિધ સંઘની ભક્તિ કરે છે. તે પરોપકારનાં કાર્યો કરે છે. તે કોઈની નિંદા કરતો નથી....૮૫૨

(સમકિતી આત્મા) પ્રાણીમાત્રની જીવદયા પાળે છે. તે મુખથી જૂઠું બોલતો નથી. તે પરધનનું અપહરણ (ચોરી) કરતો નથી. તે કોઈને ઓછું તોલી આપતો નથી....૮૫૩

સમ્યગ્‌દૃષ્ટિ આત્મા મુખેથી અમૃત (મધુર) વચનો બોલે છે. નિત્ય શુભ ધ્યાનમાં રહે છે. પોતાના ગુણોને ઢાંકે છે. તે નિત્ય જિનવાણીનું શ્રવણ કરે છે....૮૫૪

તે તીર્થ સ્થાનોની યાત્રા કરે છે. ગુણીજનોનાં ગુણો ગ્રહણ કરે છે. પોતાની ઈન્દ્રિયોનું નિયંત્રણ કરે છે તેથી ચારે ગતિના પરિભ્રમણનો અંત આવે છે....૮૫૫

તે રાગદ્વેષનો ત્યાગ કરે છે. તે ક્રોધ, લોભ, મદ, માયા આદિ કષાયોનો ત્યાગ કરે છે. તે બીજાના કલ્યાણની ચિંતા કરે છે. તે સર્વત્ર પૂજનીય બને છે....૮૫૬

• આત્માનુભૂતિનો આનંદ :

આત્મા કષાયોથી અળગો થઈ આત્મઘરમાં જાય છે, ત્યારે સ્વરૂપનો આનંદ પામે છે. આત્માનુભૂતિનો આનંદ કેવો હોય તે કડી ૮૪૪ થી ૮૪૮માં કવિ જણાવે છે.

કામધેનુ, કામકુંભ અને ચિંતામણિ રત્નથી પણ અધિક કિંમતી એવું સમકિત પ્રાપ્ત થતાં હૃદયરૂપી મંદિર આજે પવિત્ર બન્યું છે. જેમ ખુશીના પ્રસંગે ગીતો ગવાય છે તેમ આત્માના સમસ્ત ગુણોરૂપી સ્વજનો આજે આલોકિત બની પુલકિત થયાં છે. તેઓ ખુશીથી મધુર ગીતો ગાઈ રહ્યા છે કારણકે આજે દુર્લભ એવી આત્માનુભૂતિ થઈ છે. મોક્ષના કારણભૂત સમકિતનો લાભ થતાં જીવને અચિંત્ય આનંદનો અનુભવ

થાય છે. રોગીને સારા ઔષધથી રોગ દૂર થતાં આનંદ થાય છે, તેમ સમકિતી મહાત્માને ભવરોગ દૂર થતાં તાત્ત્વિક આનંદ થાય છે. આત્માનંદ એ કલ્પવૃક્ષ છે જેને પાનખર કદી આવતી નથી. તેને તો હોય છે સદાય વસંત જ વસંત !

પૂ. ઉપાધ્યાયજી મ.સા. શ્રીપાળ રાસના ચોથા ખંડની ૧૩મી ઢાળમાં કહે છે –

માહરે તો ગુરુ ચરણ પસાયો, અનુભવ દિલામાંહી પેઠો રે,
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાહે, આતમ રતિ હુઈ બેઠો રે.

તૃષાર્ત બનેલા મુસાફરને શીતળ પાણીની વીરડી મળી જાય અને જે આનંદ થાય તેથી વધુ આનંદ કળિયુગમાં માનવીને સમકિત પ્રાપ્ત થતાં થાય છે.

સુહાગરાતનું સુખ કુમારિકા શું જાણે ? પ્રસૂતિની વેદના વંધ્યા શું જાણે ? ઘાયલની વેદના સાજો શું જાણે ? તેમ આત્માનુભૂતિનો આનંદ વાક્યોમાં શી રીતે ગૂંજી શકાય ?

• સમકિતીની જીવનચર્યા :

કવિ કડી ૮૫૦ થી ૮૫૬માં સમકિતી આત્માની જીવનચર્યા વિશે જણાવે છે.

સમકિતી આત્મા નિત્ય જિનવાણીનું શ્રવણ કરે છે. જિનવાણી શ્રવણએ સમકિતીનું TONIC છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં સૂત્રકાર કહે છે –

**सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणाई पावगं ।**
**उभयं पि जाणाई सोच्चा, जं सेयमं तं समायरे ।।४/११।।**

અર્થ : ધર્મશ્રવણથી જ આત્મા કલ્યાણ અને પાપને જાણે છે. ધર્મશ્રવણથી બન્ને માર્ગને જાણી આત્મા શ્રેયકારી માર્ગનું આચરણ કરે છે.

સમકિતી જીવ સાત ક્ષેત્રમાં સંપતિનો ઉપયોગ કરે છે. જિનપૂજા, જિનમંદિરોની પ્રતિષ્ઠા, તીર્થયાત્રા, સુપાત્રદાન, સાધર્મિક ભક્તિ તથા પોતાના કુળ અને પરિવારને સંપત્તિ આપી ભક્તિ કરે છે.[૨૦૨]

સમકિતી આત્મા નવતત્ત્વ પર શ્રદ્ધા સ્થિર કરે છે. તે ચતુર્વિધ સંઘની ભક્તિ, સંતદર્શન, ચાર પ્રકારના ધર્મનું સમ્યક્ આરાધન અને પરોપકારના કાર્યો કરે છે. તે હિંસા, અસત્ય, અદત્તગ્રહણ, અબ્રહ્મ અને પરિગ્રહથી દૂર રહે છે. તે સદા મીઠી મધુરી વાણી બોલે છે. તે નિત્ય પરમાત્માનું ધ્યાન ધરે છે. તે સ્વપ્રશંસાથી દૂર રહે છે પણ અન્યના નાનામાં નાના ગુણોની પ્રશંસા કરતાં પાછો ન હટે. તે પોતાના ગુણોને ઢાંકે છે પણ અન્યના દોષોને જાહેર ન કરે. સમકિતીની દ્રષ્ટિ હંસ જેવી હોય છે. હંસ દૂધ અને પાણીમાંથી દૂધને જ પીએ છે, તેમ સમકિતી જીવ ગુણોને જ ગ્રહણ કરે છે. સમકિત આવતાં જ વિચાર અને વર્તનમાં પરિવર્તન આવે છે. જેમ શાહુકાર ઘરમાં ચોર ન પ્રવેશે તે માટે સજાગ રહે છે, તેમ સમકિતી વાસનાની મલિનતા ન આવે તે માટે ચારિત્રમાં સ્થિર થવા તત્પર રહે છે.

- દુહા : ૫૪ -

પર્ગટ પુજા તે લહઈ, સુણસિ સમકીત રાસ,
ઋષભ કહિ મુઝ જોડતાં, પોહોતી મનની આસ. ...૮૫૭

અર્થ: જે જીવ સમકિત રાસનું ભાવપૂર્વક શ્રવણ કરશે તે પ્રગટપણે પૂજા (આત્મતત્ત્વની અનુભૂતિ) ને મેળવશે. કવિ ઋષભદાસ કહે છે કે, સમકિતસાર રાસનું કવન કરતાં મારા મનની સર્વ અભિલાષા આજે પૂર્ણ થઈ છે....૮૫૭

## રાસની પૂર્ણાહુતિ

(ઢાળ : ૪૫ દેશી : કહિણી કરણી તૂઝ વ્યણ દૂજો.)

આશા પોહોતી મઝમન કેરી, રચીઓ સમકીત સાર જી,
અક્ષર પદ ગાથા જે જાણું, તે કવીનો આધારજી
આશા પોહોતી મુઝમન કેરી, રચીઓ સમકીત સારજી-આંચલી. ...૮૫૮
આગિ જે કવી હૂઆ વડેરા, હૂં તસ પગલે દાસજી,
તેહનાં નામતણા મહીમાથી કવીઓ સમકીત રાસજી...આશા. ...૮૫૯
રાસ રચતાં દૂષણ દીસઈ, તે મતિ માહારી થોડી જી,
પૂરા ભેદ નવિ સમઝૂં સૂધા, પદ નવી જાણૂં જોડી જી...આશા. ...૮૬૦
તુમઆધારિં બુધ્ય વ્યન બોલ્યું, સોમદ્રીષ્ટ તૂંમકરયો જી,
વીબૂધ પણઈ સોઝી સૂધ કરજ્યો, દૂષણ તૂમકુ ધરજ્યોજી...આશા. ...૮૬૧
મિંમાહારી મતિ સારુ કીધો, સેવી પંડીત થાઈજી,
ગુરૂ મહિમાથી ફલો મનોરથ ચ્યંતૂં કારય થાઈજી...આશા. ...૮૬૨
ગુરૂથી સુખીઓ ગુરૂથી શુભગતિ, ગુરૂથી નીજ ગુણ વાધઈજી,
ગુરૂથી ગ્યાની ગુરૂથી દાની, આગમઅર્થ બહૂ લાધઈ જી...આશા. ...૮૬૩
ગુરૂથી કયરીઆ નર નીસ તરીઆ, અંતરિ ઉપશમભરીઆ જી,
ગુરૂથી ગાજઈ ક્યાહાં નવી ભાજઈ, ગુરૂનામિંબહુ તરીઆજી...આશા ...૮૬૪
તેણઈ કારણિં નર ગુરૂનિં સેવો, નામિંવીજ્યાનંદોજી,
જ્ઞાનવંતનું નામજપંતાં, ઓછવ બહૂ આનંદો જી... આશા. ...૮૬૫
બાલપણઈ જે સંયમધારી, જનમતણો ભ્રુમચારીજી,
આગમદરીઓ ઉપશમભરીઓ, ન કરિતા તિ પીઆરી જી...આશા. ...૮૬૬
હીર પટોધર હાથિં દીખ્યા, દોશ રહીત લઈ ભીખ્યાજી,
મધુરંબ્બોલઈ ઈષૂં રસ તોલઈ, સુપરિં દઈ નર સીખ્યા જી...આશા. ...૮૬૭
જેહ નીરોગી સુધો જોગી, વઈર વીરોધ સમાવઈજી,
વીજ્યાનંદસુરીનિં સેવઈ, તે સુખ શાતા પામઈ જી...આશા. ...૮૬૮

તપગછધોરી કીરતિ ગોરી, રુપવંત આચારીજી,
ગુણ બત્રીસે જે નર પુરો, જેણઈ તારયાં નરનારી જી...આશા. ...૮૬૯
તે સહિ ગુરુના ચર્ણ પખાલી, સેવી સરસતિ પાઈજી,
ચોવીસઈ જિન ગણધર નામિં, સમકીત સાર રચાઓજી...આશા . ...૮૭૦
વારણ રસ સસી સંખ્યા, સંવછરની ક્હીઈજી,
શ્રી પતિ વ્રષ સહોદર સગપખિં, માસ મનોહર લહીઈજી...આશા. ...૮૭૧
પ્રથમપક્ષ ચંદ્રોદઈ દૂતીઆ, ગુરુવારિં મંડાણ જી,
ત્રંબાવતી માહિં નીપાઓ, વીબૂધ કરઈ પરમાણ જી...આશા. ...૮૭૨
શ્રી સંઘવી મહીરાજ વખાણું, વીસલનગરના વાસીજી,
વડા વીચારી સમકીત ધારી, મિથ્યામતી ગઈ ન્હાસીજી...આશા. ...૮૭૩
તાસ પૂત્ર છઈ નયન ભલેરાં સાંગણ સંઘ ગછધોરીજી,
સંઘપતિ તીલક ધરાવ્યો તેણઈ, વાધી પૂન્યની દોરીજી...આશા. ...૮૭૪
બાર વરતના જે અદિકારી, દાન સીલ તપ ધારીજી,
ભાવિં ભગિતી કરઈ જિન કેરી, નવિ નરખઈ પરનારી જી...આશા. ...૮૭૫
અનુકરમિંસંઘવી જે સાંગણ, ત્રંબાવતી માહ આવે જી,
પૌષધ પૂણ્ય પડીકરણું કરતા, દ્વાદશ ભાવના ભાવઈજી...આશા. ...૮૭૬
શ્રી સંઘવી સાંગણ સૂત પેખો, ઋષભદાસ ગુણ ગાય જી,
પ્રાગવંશ વીસો વીસ્તરયો, રીડી (રૂડી) મા તું પસાઈ જી...આશા.. ...૮૭૭
ચોવીસઈ જિનનામપસાયિં, સારદનો આધારજી,
રીષભદાસ કવી રચના કરતો, કવીઓ સમકીત સારજી...આશા. ...૮૭૮
ભહાઈ ગુણઈ વાચંઈ વંચાવઈ, તે ઘરિ ઋદ્ધિ ભરાઈજી,
ઋષભ કહઈ એ રાસ સુણંતાં સમકીત નીર્મલ થાઈજી...આશા. ...૮૭૯

અર્થ : (કવિ કહે છે કે) સમકિત સાર રાસની રચના કરીને મારી સર્વ મનોકામના પૂર્ણ થઈ. મને અક્ષર, પદ, ગાથાનું જે જ્ઞાન છે, તેમાં સમર્થ કવિઓનો મોટો ઉપકાર છે....૮૫૮

(ભૂતકાળમાં) પૂર્વે જે મહાન કવિઓ થઈ ગયા, તે કવિઓના પગલે પગલે ચાલનારો હું તેમનો સેવક છું. તેમના નામ સ્મરણના મહિમાથી મેં સમકિત રાસનું કવન કર્યું છે....૮૫૯

સમ્યક્ત્વના સંપૂર્ણ ભેદોને ન સમજાવી શકવાથી અથવા પદોનું સમ્યક્ પ્રકારે જોડાણ ન થવાથી સમકિત સાર રાસમાં જે દૂષણો દેખાય છે, તે મારી અલ્પ બુદ્ધિનું પરિણામ છે....૮૬૦

તમારા આધારે હું બુદ્ધિ વિનાનો (અલ્પ બુદ્ધિવાન) હોવા છતાં બોલું છું. મારા તરફ સૌમ્ય દ્રષ્ટિ રાખજો. મારા દૂષણો તરફ દુર્લક્ષ્ય કરજો તથા જ્ઞાનીની જેમ મારી ભૂલોની શુદ્ધિ કરજો....૮૬૧

આ રાસ મેં મારી બુદ્ધિ માટે રચ્યો છે. જ્ઞાનીઓના ચરણોની ઉપાસનાથી તેમજ ગુરુ મહિમાથી આજે

મારા મનોરથ સફળ થયાં છે. મારું નિર્ધારિત કાર્ય પૂર્ણ થયું છે...૮૬૨

ગુરુથી સુખી થવાય છે. ગુરુથી શુભગતિ મળે છે. ગુરુથી ગુણોની વૃદ્ધિ થાય છે. ગુરુથી જ્ઞાની થવાય છે. ગુરુથી દાનેશ્વરી થવાય. ગુરુથી આગમના અર્થ અને પરમાર્થનું રહસ્ય પ્રાપ્ત થાય છે...૮૬૩

ગુરુના માધ્યમે જે મનુષ્ય ધર્મક્રિયા નિત્ય કરે છે, તે સંસાર તરી શકે છે. ગુરુથી હૃદયમાં ઉપશમભાવની પ્રાપ્તિ થાય છે. ગુરુ સાથે સંઘર્ષ કરનાર જગતમાં ક્યાંય સ્થાન પ્રાપ્ત કરી શકતો નથી. ગુરુના નામે અનેક જીવો તરી ગયાં છે...૮૬૪

હે માનવ! ઉપરોક્ત કારણોને જાણીને તમે ગુરુની સેવા કરો. હું વિજયાનંદ ગુરુને નમસ્કાર કરું છું. જ્ઞાની ગુરુનું નામ સ્મરણ કરતાં મારા અંતરમાં અપૂર્વ ઉલ્લાસ થાય છે...૮૬૫

વિજયાનંદસૂરિએ નાનપણમાં સંયમ અંગીકાર કર્યો છે. તેઓ આજીવન બ્રહ્મચારી છે. તેમણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. તેમના વિષય-કષાય ઉપશાંત થયા છે. તેઓ રાગ-દ્વેષને પ્રેમ કરતા નથી....૮૬૬

વિજયાનંદસૂરિના દીક્ષા ગુરુ હીરવિજયસૂરિ છે. તેઓ સંયમજીવનમાં નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરે છે. તેઓ શેરડીનાં રસ જેવાં મીઠાં અને મધુર વચનો બોલે છે. તેઓ સરળ ભાષામાં લોકોને ઉપદેશ આપે છે....૮૬૭

તે નિરોગી છે. શુદ્ધ જોગી છે. તેઓ વેર વિરોધનું શમન કરે છે. જે વિજયાનંદસૂરિની સેવા કરે છે. તે સુખ શાંતિ પ્રાપ્ત કરે છે...૮૬૮

તપગચ્છના નાયક, જેમની ઉજજવલ કીર્તિ ચારે તરફ ફેલાયેલી છે. જેઓ પંચાચારનું સુંદર રીતે પાલન કરે છે. જેઓ છત્રીસ ગુણોથી યુકત છે. તેમણે પોતાનાં ઉપદેશ દ્વારા અનેક નરનારીઓને સંસારમાંથી ઉગાર્યાં છે...૮૬૯

તેવા સદ્ગુરુના ચરણોનું પ્રક્ષાલન કરી, સરસ્વતી માતાનું અર્ચન કરી, ચોવીસ જિનેશ્વર ભગવંતો તથા ગણધરોને વંદન કરી સમકિતસાર રાસની રચના કરી છે...૮૭૦

કયા દેશમાં, કયા ગામમાં, કયા વર્ષમાં, કયા પક્ષમાં, કઈ તિથિમાં, કયા સંવત્સરમાં આ રાસ રચાયો છે? સ્ત્રીના પતિથી મોટા, સગપણમાં સગા મોટાભાઈ, તેવા એક સુંદર મહિનામાં આ રાસ લખ્યો છે. (સ્ત્રીના પતિથી મોટા એટલે જેઠ. અર્થાત્ જેઠ માસમાં આ રાસ રચાયો છે.)...૮૭૧

પ્રથમ પક્ષ એટલે સુદ પક્ષ હતો. ચંદ્રનો ઉદય હતો અર્થાત્ બીજ હતી. ગુરુવારે રાસ કવનનો પ્રારંભ થયો છે. ત્રંબાવટી (ખંભાત) નગરીમાં આ રાસની રચના થઈ. જ્ઞાનીઓ તેને પ્રમાણ કરજો...૮૭૨

શ્રી સંઘવી મહિરાજ અત્યંત પ્રશંસનીય છે. તેઓ વીસલનગરના રહેવાસી છે. તેઓ સંઘવી કુટુંબના પ્રતિષ્ઠિત અને મોભી વ્યક્તિ છે. તેઓ સમકિતધારી છે. તેમની મિથ્યાત્વરૂપી કુબુદ્ધિ દૂર થઈ છે...૮૭૩

તેમનો સુપુત્ર જે સુદૃષ્ટિવાળો છે. તેનું નામ સાંગણ સંઘવી છે. જે ગચ્છધારી છે. તેમણે સંઘપતિનું બિરુદ ધારણ કર્યું છે. તેમણે પુણ્યની દોરી વધારી છે. (પુષ્કળ પ્રમાણમાં પુણ્ય ઉપાર્જન કર્યું છે.)...૮૭૪

તેઓ બાર વ્રતધારી છે. તેઓ દાન-શીલ-તપ ધર્મના આરાધક છે. તેઓ જિનેશ્વર દેવની ભાવપૂર્વક ભક્તિ કરે છે. તેઓ પરસ્ત્રીનું મુખ પણ જોતાં નથી...૮૭૫

અનુક્રમે સંઘવી સાંગણ ત્રંબાવતી નગરીમાં આવ્યા. તેઓ પર્વ તિથિએ પૌષધ પ્રતિક્રમણ આદિ કરતા હતા. તેઓ નિત્ય બાર ભાવના ભાવતા હતા....૮૭૬

શ્રી સંઘવી સાંગણના પુત્ર કવિ ઋષભદાસ વડીલોની પ્રસન્નતાપૂર્વક સ્તુતિ કરે છે. વીસનગરમાં પ્રાગવંશ વિસ્તર્યો, એમાં રૂડી માતા તારી જ કૃપા હતી. (?) (અહીં રીડી (રૂડી) મા એવો શબ્દ પ્રયોગ કર્યો છે, જે પ્રાગ્વંશની કુળદેવી હોય તેવી સંભાવના છે.)...૮૭૭

ચોવીસ જિનેશ્વરોનું નામ સ્મરણ કર્યું. તેઓ મારા પર પ્રસન્ન થાઓ. માતા સરસ્વતી દેવીનો આધાર લઈ કવિ ઋષભદાસે સમકિતસાર રાસનું કવન કર્યું...૮૭૮

(અંતે કવિ કહે છે કે) જે આ રાસને ભણશે, ગણશે, વાંચશે, વંચાવશે તેના ઘરે સંપત્તિની વૃદ્ધિ થશે, વળી આ રાસનું શ્રવણ કરતાં સમકિત નિર્મળ થશે...૮૭૯

રાસ કવનનું કાર્ય પૂર્ણ થતાં કવિનું હૃદય આનંદથી પુલકિત બન્યું છે. તેમની સર્વ અભિલાષાઓ પૂર્ણ થઈ છે. ખરેખર! સમકિત પ્રાપ્ત થાય પછી કોઈ ઇચ્છા-અભિલાષા હોય જ નહીં. આત્માનુભૂતિ સમાન સુખદાયી બીજી કઈ વસ્તુ હોઈ શકે?

સમકિત સાર રાસની પૂર્ણાહુતિના પ્રસંગે કવિએ પૂર્વોક્ત કવિઓનું સ્મરણ કર્યું છે. કવિએ તેમને 'વડેરા' ની ઉપમા આપી છે. વડેરા એટલે મહાન. આ પ્રમાણે કવિ મહાન કવિઓ પ્રત્યે પૂજ્ય ભાવ વ્યક્ત કરી, પોતાને અલ્પ બુદ્ધિવાળા કહે છે, જે કવિની નમ્રતા-લઘુતા છે. સાચો વિદ્વાન હંમેશાં નિરાભિમાની હોય. ચરમજ્ઞાન એ કેવળજ્ઞાન છે, તેની સમક્ષ છદ્મસ્થ જીવોનું જ્ઞાન બિંદુ તુલ્ય છે.

કવિએ આ રાસ કવનનું પ્રયોજન કડી-૮૯૨માં દર્શાવેલ છે. કવિએ આ રાસ જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમ અનુસાર પોતાની મતિ માટે રચ્યો છે. અહીં તેમણે આ રાસ રચનામાં સહાયક અને કૃપા વરસાવનાર એવા જ્ઞાની ભગવંતોનું નામ સ્મરણ કરી તેમની ગુણસ્તુતિ પણ કરી છે.

કડી- ૮૯૩ અને ૮૯૪ માં ગુરુનું માહાત્મ્ય દર્શાવેલ છે. કવિએ ભક્તિભાવથી પ્રેરાઈને, ગુરુના પ્રભાવ પર વારી જઈને, તેમના પ્રત્યે અત્યંત અહોભાવ વ્યક્ત કર્યો છે. કડી-૮૯૩ અને ૮૯૪ ના શબ્દો અતિ સરળ, મધુર અને ભાવવાહી છે. તેમણે ગુરુને 'જ્ઞાનવંત'ની ઉપમા આપી છે.

કવિએ પોતાના ગુરુ તરીકે વિજયાનંદસૂરિને સ્તવ્યા છે. હીરવિજયસૂરિ, વિજયાનંદસૂરિના દીક્ષાગુરુ છે; તેવું કડી ૮૯૭ માં જણાવેલ છે. ત્યાર પછી હીરવિજયસૂરિના શબ્દો મીઠાં અને મધુર છે; જેને 'શેરડીના રસ'ની ઉપમા આપી છે. કવિને તપગચ્છના નાયક(પટ્ટધર) વિજયાનંદસૂરિ પ્રત્યે અત્યંત અહોભાવ હતો.

કડી - ૮૭૦ તેમજ કડી - ૮૭૭, ૮૭૮માં અંતિમ મંગલાચરણ છે. તીર્થંકરોની અર્થરૂપી વાણીને ગણધરોસૂત્રરૂપે ગૂંથી શાસ્ત્રોની રચના કરે છે. શ્રુતનો પ્રવાહ ગણધરોથી પ્રવાહિત બને છે. તેથી જિનવાણીરૂપી સરસ્વતી, તીર્થંકરો અને ગણધર ભગવંતોને કવિએ અહીં સ્તવ્યા છે.

કવિ કુલ પરંપરાના પરિચય પૂર્વે સમસ્યાની ભાષામાં રાસ રચના વિષે જણાવે છે. જે મયકાલીન કવિઓની પરંપરા હતી.

---

* ઘણી હસ્તપ્રતોમાં આ ત્રણ શ્લોકો જોવા મળે છે.

વારણ = મંત્ર આદિના મારણમંત્ર (નિવારણ મંત્ર) આઠ પ્રકારના છે. (?)

વાડવ = સમુદ્ર સાત છે.

રસ = આહારના રસ છ છે. તીખો, કડવો, કસાયેલો, ખાટો, મીઠો, ખારો.

સસી સંખ્યા = ચંદ્ર એક છે.

સમકિતસાર રાસ સવંત ૧૬૭૮માં રચાયો છે . કવિ અહીં બુદ્ધિની કસરત કરાવે છે. ત્યાર પછી કવિ કુલ પરંપરામાં દાદા મહીરાજ અને પિતા સાંગણનો પરિચય આપે છે. કવિએ કડી ૮૭૭માં પ્રાગ્‌વંશની કુળદેવી રૂડીમાતાને પણ સ્તવ્યા છે, તેવી સંભાવના છે. કવિએ આ ઢાળમાં ગુરુપરંપરા, કુલ પરંપરા, કવિજનો, સરસ્વતીદેવી, જિનપતિ અને ગણધરોને સ્તવ્યા છે. અંતે કવિએ સમકિતસાર રાસનું વ્યવહારિક અને અધ્યાત્મિક શ્રવણફળ દર્શાવ્યું છે. ૧) દ્રવ્યથી ઐશ્વર્યની પ્રાપ્તિ અને ૨) ભાવથી સમકિતની નિર્મળતા થશે.

ઈતિ શ્રી સમકિત સાર રાસ સમાપ્તં. ગામ ત્રંબાવતી મધ્યે લિખીતં. સંવત ૧૬૭૯ વર્ષે વૈશાખ સુદિ ૩ ભુમે (ગુરુવારે) શ્રી શ્રી શ્રી કલ્યાણમસ્તુ. શ્રી સ્તુંઃ શુભં ભવતુ.

*યાદશં પુસ્તકં દૃષ્ટા તાદશં લિખિતં મયા।
યદિ શુદ્ધમશુદ્ધં વા મમદોષો ન દીયતે ॥ ૧ ॥
ભગ્નાપુષ્ઠી કટી ગ્રીવા નેત્રસ્ય્યાય દ્યો મુખં।
કષ્ટેન લખિતં શાસ્ત્રં યત્નેન પરિપાલયેત્ ॥ ૨ ॥
જલાત્ રક્ષેત તૈલાત રક્ષેત્ રક્ષેત સ્થલ બંધનાત્।
પરહસ્તગતા રક્ષેત્ એવં વદતિ પુસ્તિકા ॥ ૩ ॥

૧. અર્થ :- જેવું મને પુસ્તક દેખાયું તેવું લખ્યું છે. જો કાંઈ શુદ્ધ - અશુદ્ધ હોય તો મારો દોષ જોવો નહિ.

૨. પીઠ ભાંગી ગઈ (દુઃખવા આવી), ડોક તૂટી ગઈ (ડોકમાં દુઃખાવો થયો), આંખોમાં પાણી આવી ગયા છે, મુખ ઉપર કંટાળો (થાક) આવ્યો છે. આટલા કષ્ટે આ શાસ્ત્ર લખ્યું છે. તેને પ્રયત્ન કરીને સાચવ્યું છે.

૩. પાણી, તેલ, સ્થાન, બંધન, અનધિકારીથી મારું રક્ષણ કરજો; એવું પુસ્તિકા કહે છે.

શ્વેતાંબરે લઘુ શાખાયાં લેખક કાન્હજી લિખીતં. ભાં.ઈ. સને. ૧૮૮૭-૯૧, ડા.૪૫, નં. ૧૪૯૪.

શ્રી સમકિત સાર રાસ ગા. ૮૭૯, ગ્રંથ-૧૧૮૨ છે.

## પાદનોંધ(પ્રકરણ-૪)


૧) જ્ઞાનસાર : ગાથા-૧/૨૫, પૃ. ૩૬.
૨) શ્રી આવશ્યકસૂત્ર, આવશ્યક-૪, સૂ. ૫, પૃ. ૧૧૯. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૩) ધર્મસંગ્રહણિ ભાગ-૨, ગા. ૭૯૭-૮૦૧, પૃ.૧૧૩-૧૧૬.
૪) શ્રી વિશેષાવશ્યક ભાષ્ય, ભા-૧, ગા. ૫૨૮, પૃ. ૨૪૭.
૫) એજ. ગા. ૫૨૯, પૃ. ૨૪૭.
૬) એજ. ગા. ૫૩૧, પૃ. ૨૪૯.
૭) એજ. ગા. ૫૩૨, પૃ. ૨૪૯.
૮-૯) એજ. ગા. ૫૩૩, પૃ. ૨૫૦.
૧૦) સમ્યક્ત્વ પ્રદીપ, પૃ.૨૮.
૧૧) સમ્યક્ત્વ સપ્તતિ. પૃ.૧૮-૨૧.
૧૨) પંચવસ્તુક ગ્રંથ, ગા. ૧૦૫૬, પૃ.૪૫૫.
૧૩) જ્ઞાનસાર, મૌન અષ્ટક-૨/૯૮, પૃ.૧૬૩.
૧૪) સ્વાધ્યાય સંચય, ગાથા-૩૪, પૃ. ૪૫.
૧૫) સમ્યક્ત્વ અને મિથ્યાત્વ, પૃ. ૭૭.
૧૬) સમ્યક્ત્વ સપ્તતિ, પૃ. ૧૭.
૧૭) શ્રી ઉત્તરાધ્યનસૂત્ર, ભા-૪, અ. ૨૮, ગા.૨૮, પૃ. ૧૭૦. લે. પૂ. ઘાસીલાલ મ.
૧૮) એજ. ભા-૪, અ. ૨૮, ગા. ૧૪-૧૫, પૃ. ૧૫૩.
૧૯) શ્રી તત્ત્વાર્થસૂત્ર, અ.-૬, ગા.-૨, પૃ.૧૦.
૨૦) શ્રી સમયસાર કલશ ૮, પૃ.-૩૩.
૨૧) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ. ૮, પૃ. ૨૮૬-૨૯૮.
૨૨) શ્રી ભગવદ્ ગીતા તેના મૂળ રૂપે, અ. ૩, શ્લોક-૩૯, પૃ. ૧૪૮.
૨૩) યોગશાસ્ત્ર પ્ર.૧, ગા.૪૭, પૃ.૧૬.
૨૪) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ. ૮, ગા. ૧૭, પૃ. ૨૯૬. લે. શ્રી ઘાસીલાલજી મ.
૨૫) એજ. ભાગ. ૨, અ. ૮, ગા. ૧, પૃ. -૨૯૮.
૨૬) શ્રી અધ્યાત્મસાર, પ્ર.-૪, અ.-૧૪, ગા.-૮, પૃ.-૧૩૫.
૨૭) શ્રી સમવાયાંગસૂત્ર, સૂ. ૧૭૬, પૃ. ૬૭૬-૬૮૬. લે. શ્રી ઘાસીલાલજી મ.
૨૮) દ્વાત્રિંશદ્ - દ્વાત્રિંશિકા- ભાગ -૧, ગા- ૨/૬, પૃ. ૮૭.
૨૯) એજ. પ્રકરણ-ભા.-૪, દ્વાર ૧૫, ગા.૧, પૃ. ૧૦૦૫.
૩૦) શ્રી જ્ઞાનસાર, અષ્ટક ૨૪, ગા. ૩/૧૮૭, પૃ. ૩૪૪.
૩૧) આગમસાર પૃ. ૧૪.
૩૨) દ્વાત્રિંશદ્ : દ્વાત્રિંશિકા ભા.-૪, દ્વાર ૧૫, ગા.- ૨, પૃ. ૧૦૦૭.
૩૩) યોગ બિંદુ પ્રકરણ : ગા. ૨૫૫, પૃ. ૧૨૯.
૩૪) શ્રી ભગવદ્ ગીતા, અ. ૧૩, શ્લોક-૨૬, પૃ. ૪૭૦.
૩૫) યોગબિંદુ ગ્રંથ, ગા-૨૨૯-૨૩૦, પૃ. ૧૧૯.
૩૬) એજ. ગા-૨૨૯-૨૩૦, પૃ. ૧૧૯.
૩૭) એજ. ગા. ૨૫૭, પૃ. ૧૩૦.
૩૮) સમ્યક્ત્વ સપ્તતિ : ગા - ૧૬, પૃ. ૮૫.
૩૯) શ્રી કલ્પસૂત્ર કથાકાર, પૃ. ૨૪૫-૨૭૦.

૪૦) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, ભાગ-૪, અ.-૨૮, ગા.૨, પૃ.૧૩૩.
૪૧) શ્રી ભગવતીસૂત્ર, શ. ૨૫, ઉ. ૦૭, સૂ.૧૪૫, પૃ. ૪૨૬. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન. રાજકોટ.
૪૨) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર. ભા. ૪, અ. ૨૯, સૂ.૪૪, પૃ. ૩૧૫. લે. શ્રી ઘાસીલાલજી મ.
૪૩) ઔપપાતિકસૂત્ર : વિ-૧, સમવસરણ, પૃ.૬૩. પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ.
૪૪) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર : ભા. ૧, અ. ૧, વિનયશ્રુત, ગા. ૪,૫. પૃ. ૩૭.
૪૫) પ્રવચન સારોદ્ધાર : ભા. ૨, ગા. ૯૩૦, પૃ. ૧૩૧. સં. વજ્રસેનવિજયજી.
૪૬) શ્રી જીવાભિગમસૂત્ર, પ્રતિપત્તિ-૧, પૃ. ૧૫-૧૭. સં. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ. ઈ.સ.૨૦૦૫.
૪૭-૪૮) શ્રી સમ્યક્ત્વ સપ્તતિ : પૃ. ૧૦૧, ૧૦૨. વૃત્તિકાર - શ્રી સંઘતિલકાચાર્ય મ.
૪૯) પ્રવચન સારોદ્ધાર : ગા. ૯૩૨, -પૃ. ૧૩૨. સં. વજ્રસેનવિજયજી મ.
૫૦) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર : ભા.૩, અ. ૨૦, ગા. ૩૭, પૃ. ૬૦૨. લે. શ્રી ઘાસીલાલજી મ.
૫૧) શ્રીમદ્ ભગવદ્ગીતા, અ.-૪, ગા.-૩૯, પૃ.-૧૪૫
૫૨) સતી સુલસા, સં. શ્રી મફતલાલ સંઘવી, પ્ર. શ્રી જિનામૃત ગ્રંથમાળા - અમદાવાદ, વિ.સ. ૨૦૩૪. પ્રથમાવૃતિ.
૫૩) શ્રી ભગવતીસૂત્ર ભા.-૧, અ.-૧/૩/૬, પૃ-૫૬૫
૫૪) શ્રી ઉપાશકદશાંગસૂત્ર : અ.૭, શ્રમણોપાસક શકડાલપુત્ર, સૂ. ૨૧૫, પૃ. ૪૭૦. સં. ઘાસીલાલજી મ.
૫૫) વંદનીય સાધુજનો : પૃ. ૨૮૦-૨૮૧. લે. મુનિશ્રી છોટાલાલજી આવૃત્તિ-૨. ઈ.સ. ૨૦૦૦.
૫૬) સમ્યક્ત્વ સપ્તતિ : ગા. ૨૯, પૃ.૧૪૧. વૃત્તિકાર-સંઘતિલાકાચાર્ય મ.
૫૭) ધર્મામૃત(સુધર્મ) : પૃ. ૧૮. લે. ધીરજલાલ ટોકરશી શાહ.
૫૮) શ્રી જ્ઞાતાધર્મ કથા : અધ્યયન-૩, પૃ. ૧૧૯. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન. રાજકોટ.
૫૯) શ્રી. સ્થાનાંગસૂત્ર : સ્થાન-૭,સૂત્ર-૭૮, પૃ. ૧૯૨. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન. રાજકોટ.
૬૦) સમ્યક્ત્વ સપ્તતિ : ગા. ૩૦, પૃ. ૧૫૯. વૃત્તિકાર : શ્રી સંઘતિલકાચાર્ય મહારાજ
૬૧) ધર્મામૃત : (સુધર્મ) પૃ. ૩૪-૩૫. પ્રથમાવૃતિ. વિ.સ. ૨૦૦૮, પ્ર. મુક્તિ કમલજૈન મોહન ગ્રંથમાળા વડોદરા.
૬૨) સમ્યક્ત્વ સપ્તતિ : ગા. ૩૨, પૃ. ૧૬૧. વૃત્તિકા-શ્રી સંઘતિલકાચાર્ય મહારાજ.
૬૩) સમ્યક્ત્વ સપ્તતિ : પૃ. ૧૬૧. વૃતિકાર-શ્રી સંઘતિલકાચાર્ય મહારાજ.
૬૪) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, ભા.૪, અ. ૨૯, સૂ.૨૩, પૃ. ૨૭૫. સં. ઘાસીલાલજી મહારાજ.
૬૫) (અ) વંદનીય સાધુજનો - પૃ. ૪૯૧-૪૯૩. લે. મુનિશ્રી છોટાલાલજી.
(બ) ઉપદેશમાલા : પૃ. ૩૪૨-૩૪૪. લે. શ્રી ધર્મદાસ ગણિ.
૬૬) બળભદ્રમુનિ-ઉપદેશમાલા, પૃ. ૨૨૦ થી ૨૨૨. લે. શ્રી ધર્મદાસ ગણિ.
૬૭) દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા : ૯/૨૨, પૃ.૩૭૧. સં. મુનિ યશોવિજયજી મ.
૬૮) શ્રી સમ્યક્ત્વ સપ્તતિ : પૃ. ૧૭૨. વૃત્તિકાર-શ્રી સંઘતિલકાચાર્ય મહારાજ.
૬૯) ગણધરવાદ : (૧) શ્રી કલ્પસૂત્ર : પૃ. ૨૦૭-૨૧૫. લે. શ્રી ભદ્રબાહુસ્વામી, સં. દેવેન્દ્રમુનિ શાસ્ત્રી.
૭૦) જમાલીચરિત્ર : શ્રી ભગવતીસૂત્ર : ભા.૮, શ.૯, ઉ.૩૩, પૃ. ૩૯૯-૪૯૮. લે. ઘાસીલાલજી મહારાજ.
૭૧) શ્રાવકના બારવ્રત યાને નવપદ પ્રકરણ ગ્રંથ : ગા. ૫, પૃ. ૧૫, ભાવાનુ૦: રાજશેખરસૂરિશ્વરજી.
૭૨) સમ્યક્ત્વ સપ્તતિ : ગા. ૩૮, પૃ. ૧૭૭. વૃત્તિકાર-શ્રી સંઘતિલકાચાર્ય મ.
૭૩) સમ્યક્ત્વ સપ્તતિ, પૃ.૧૭૭. વૃત્તિકાર-શ્રી સંઘતિલકાચાર્ય મ.
૭૪) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, ભાગ-૨, અધ્યયન -૮, ગાથા-૧૩-૧૫, પૃ.૩૧૮-૩૨૦. લે. ઘાસીલાલજી મ.
૭૫) સમ્યક્ત્વ સપ્તતિ : પૃ. ૧૮૨. વૃત્તિકાર- શ્રી સંઘતિલકાચાર્ય.
૭૬) સજ્જાયસંગ્રહ : ઢાળ-૬, ગા. ૩૨, પૃ. ૯૩૨. લે. કેવલદાસ શાહ.
૭૭) જ્ઞાનસાર : પૃ. ૪૬૭. વિવેચક - મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મહા.
૭૮) સમ્યક્ત્વ સપ્તતિ : ગા. ૩૫, પૃ. ૧૮૮. વૃત્તિકાર - સંઘતિલકાચાર્ય.

૭૯) ધર્મસંગ્રહ ભા-૧, વિ.-૨, પૃ.૧૨૪.
૮૦) ઉપદેશ પ્રાસાદ મહાગ્રંથ : ભા.૧, પૃ. ૧૧૩-૧૧૬.
૮૧) ઉપદેશ માલા ગ્રંથ : ગા. ૨૩૬, પૃ. ૪૩૨.
૮૨) માનતુંગાચાર્ય : ઉપદેશ પ્રાસાદ મહાગ્રંથ ભા. ૧, પૃ. ૧૨૨-૧૨૪.
૮૩) સમ્યક્ત્વ સપ્તતિઃ ગા. ૩૮, પૃ. ૨૧૫.
૮૪) શ્રી આવશ્યક નિર્યુક્તિ ભા-૨, ગા. ૧૨૧૩, પૃ. ૩૬,
૮૫) સમયક્ત્વ સપ્તતિ, ગા.-૪૦, પૃ. ૨૨૨,
૮૬) શ્રી યોગબિંદુ પ્રકરણ - ગા.૨૪૦, પૃ. ૧૨૩,
૮૭) શ્રી ઉપદેશમાલા - ગા. ૫૦૪, પૃ. ૪૫૧,
૮૮) ધર્મબિંદુ - અ. ૬, ગા. ૧૩, પૃ. ૩૦૨.
૮૯) શ્રી ઉપદેશપદ - ગા. ૧૯, પૃ. ૪૮.
૯૦) ધર્મસંગ્રહ ભા-૧, વિ.૨, પૃ. ૪૬૭.
૯૧) શ્રી આવશ્યક નિર્યુક્તિ ગા. ૧૨૦૦, પૃ.૩૪.
૯૨) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ભા.૪, અ.૨૯, સૂ.૧૦, પૃ. ૨૨૫. લે. - શ્રી ઘાસીલાલજી મ.
૯૩) પ્રવચન સારોદ્ધાર ભાગ - ૧, ગા. ૧૦૦, પૃ. ૪૫.
૯૪) આવશ્યક નિર્યુક્તિ - ગા.૧૨૦૫, ૧૨૧૨,૧૨૧૩, પૃ. ૩૪,૩૭.
૯૫) ધર્મસંગ્રહ ભા-૧, વિ.૨, પૃ. ૪૮૮.
૯૬) આવશ્યક નિર્યુક્તિ - ગા.૧૨૦૭ થી ૧૨૧૧, પૃ. ૩૬.
૯૭) શ્રી સમવાયાંગસૂત્ર - સમવાય - ૩૩, પૃ. ૩૭૩ થી ૩૮૨, લે. - ઘાસીલાલજી મ.
૯૮) ધર્મસંગ્રહ ભા. ૧, વિ. ૨, પૃ. ૧૨૫.
૯૯) શ્રી ઉત્તરાધ્યયન સૂ. ભા - ૪, અં. ૨૯, પૃ. ૧૯૨ થી ૧૯૩.
૧૦૦) શ્રી સમ્યક્ત્વ સપ્તતિઃ સંવિગ્નનાં ૭૨ સ્થાન, પૃ. ૨૨૮ થી ૨૩૦.
૧૦૧) ભગવતીસૂત્ર - ભા.- ૩, શ. ૧૨, ઉ. ૨, સૂ. ૬ થી ૧૪, પૃ. ૬૫૯ થી ૬૬૫. સં. લીલમબાઈ મહાસતીજી.
૧૦૨) સંબોધપ્રકરણ, ગુર્વધિ., ગા. ૮, પૃ. - ૨૫(મૂળ પ્રત પ્રમાણે)
૧૦૩) સંબોધ પ્રકરણ ગુર્વિધ. ગા. ૯ થી ૧૧, પૃ. ૨૫ (મૂ. પ્ર. પ્રમાણે)
૧૦૪) શ્રી પ્રવચન સારોદ્ધાર ભા. ૧, પૃ. ૪૮.
૧૦૫) સંબોધ પ્રકરણ ગુર્વધિ. ગા. ૧૨ થી ૧૪, પૃ. ૨૫/૨૬.
૧૦૬) સંબોધ પ્રકરણ , ગુર્વધિ., ગા.-૧૫, પૃ. ૨૬ તેમજ પ્રવચન સારોદ્ધાર ભા. ૧, ગા. ૨૬૮, પૃ. ૧૨૨.
૧૦૭) વિશેષાવશ્યક ભાષ્ય ભા. ૧, ગા. ૧૪૬૬, પૃ. ૫૩૦.
૧૦૮) શ્રી આવશ્યકસૂત્ર - આવશ્યક-૪, પૃ. ૧૦૩, પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૦૯) સંબોધ પ્રકરણ ગુર્વધિ. ગા. ૧૬, પૃ. ૨૬ (મૂ.પ્ર.પ્ર.)
૧૧૦) ઉપદેશમાલા - ગા. ૨૫૯, પૃ. ૩૫૧.
૧૧૧) શ્રી જ્ઞાતાધર્મ કથા - અધ્યયન - ૧૯, પુંડરીક. પૃ. ૪૫૫, પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૧૨) શ્રી પ્રવચન સારોદ્ધાર. ભાગ-૧, વંદન દ્વાર, ગા. ૧૧૮, ૧૨૦, પૃ. ૫૩.
૧૧૩) પ્રવચન સારોદ્ધાર ભા-૧, વંદનાદ્વાર, ગા-૧૨૧, ૧૨૨, પૃ.૫૩.
૧૧૪) આવશ્યક નિર્યુક્તિ - ગા. ૧૧૦૮, પૃ. ૧૯.
૧૧૫-૧૧૬) આવશ્યક નિર્યુક્તિ - ગા. ૧૧૧૧, ૧૧૧૨ પૃ. ૨૦.

૧૧૭) આવશ્યક નિર્યુક્તિ - ગા ૧૧૧૧ થી ૧૧૧૮ પૃ. ૨૦, ૨૧.
૧૧૮) બૃહત્ કલ્પ ભાષ્ય : ગા. ૪૫૨૪, પૃ. ૪૬૬, સં આચાર્ય મહાપ્રજ્ઞ.
૧૧૯) એજ. : ગા. ૪૫૨૫, ૪૫૨૬, પૃ. ૪૬૬.
૧૨૦) એજ. : ગા. ૪૫૩૧, પૃ. ૪૬૬.
૧૨૧) એજ. : ગા. ૪૫૫૩. - પૃ. ૪૬૮.
૧૨૨) એજ. : ગા. ૪૫૫૦. - પૃ. ૪૬૮.
૧૨૩) પંચવસ્તુક ગ્રંથ, સૂ. ૭૩૧ થી ૭૩૩ની ટીકા, પૃ. ૩૧૬, ૩૧૭.
૧૨૪) સમ્યક્ત્વ સપ્તતિ : ગા - ૪૨, પૃ . ૨૩૬.
૧૨૫) આનંદઘન પદ ચોવીસી સાર્થ. (પ્રમોદાયુક્ત), ૨૧મા નમિનાથજિનસ્તવન. કડી - ૭, પૃ. ૩૪૨.
૧૨૬) હિંદી જૈન સાહિત્યકા બૃહદ્ઇતિહાસ ખંડ-૧, પૃ.-૩૯૪.
૧૨૭) પ્રાકૃતિક પરમતત્ત્વનું મિલન, પૃ. ૪૦૨.
૧૨૮) રત્નકરંડક શ્રાવકાચાર, ગા. ૧૧૮, પૃ. ૨૭૨.
૧૨૯) શ્રી તત્ત્વાર્થસૂત્ર, અ. ૭,સૂત્ર. ૩૪, પૃ. ૩૧૯.
૧૩૦) પુરુષાર્થ સિદ્ધિ ઉપાય. શ્લોક ૧૬૯ થી ૧૭૧. પૃ - ૭૧.
૧૩૧) શ્રી રત્નકરંડક શ્રાવકાચાર. ગા -૧૧૬, પૃ. ૨૭૦.
૧૩૨) શ્રી રત્નકરંડક શ્રાવકાચાર ગા. ૧૨૪, પૃ. ૨૯૭.
૧૩૨) નૃપ વિક્રમકથા - ભવ ભાવના પ્રકરણ, ભા. ૨, પૃ. ૧૬૫ થી ૧૭૩.
૧૩૩) સમ્યક્ત્વ સપ્તતિ : ગા.૪૦, પૃ.૨૨૨.
૧૩૪) શ્રી અધ્યાત્મસાર, પ્ર. ૩, અ. ૧૦, ગા. ૧૪, પૃ.૨૨૫.
૧૩૫) કહે કલાપૂર્ણસૂરિ : પૃ.૫૦.
૧૩૬) ઉપદેશમાલા ભા-૨,ગા.૪૪૫, પૃ.૬૫૯.
૧૩૭) શ્રી ઠાણાંગસૂત્ર ભા-૪, સ્થાન-૫, ઉ.૨, સૂ.૧૬, પૃ.૮૧, લે.ઘાસીલાલજી મ.
૧૩૮) સમ્યક્ત્વ સપ્તતિઃ ગા.૪૨, પૃ.૨૪૪.
૧૩૯) ઉપદેશમાલા - ગા.૨૬૮/૨૬૯, પૃ.૩૬૧.
૧૪૦) શ્રાવક પ્રજ્ઞપ્તિસૂત્ર, ગા.- ૫૫ થી ૫૯, પૃ. ૪૬ થી ૪૮.
૧૪૧) સંબોધ પ્રકરણ - ગા.- ૫૯, ૬૦, પૃ. ૩૪.
૧૪૨) સમ્યક્ત્વ સપ્તતિઃગા.૪૩, પૃ.૨૪૯.
૧૪૩) નિત્યનિયમાદિ પાઠ - આત્મસિદ્ધિ શાસ્ત્ર, કડી - ૧૦૮, પૃ. ૨૦૧.
૧૪૪) વિશંતિ વિંશિકા - છઠ્ઠી, ગા.૧૦, પૃ.૪૫.
૧૪૫) શ્રી આવશ્યકસૂત્ર - પ્રસ્તાવના - પૃ.૧૮ થી ૨૭ લે. મધુકર મુનિ.
૧૪૬) સમ્યક્ત્વ સપ્તતિઃ ગા-૪૪, પૃ.૨૫૭ .
૧૪૭) વંદનીય સાધુજનો પૃ.૪૧૪.
૧૪૮) સમ્યક્ત્વ સપ્તતિ : ગા-૪૫, પૃ.૨૫૯.
૧૪૯) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર - ભા.૨, અ.૨૯, સૂ.૪નું વિવેચન પૃ.૧૯૫.
૧૫૦) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ભા-૪, અ.૨૯,સૂત્ર-૨, પૃ.૨૦૧.
૧૫૧) શ્રી સૂયગડાંગસૂત્ર - ભા.-૨, પ્રથમશ્રુતસ્કંધ, અ.-૬, ઉ.-૧, ગા.-૨૩, પૃ.-૫૨૦,

૧૫૨) સમ્યક્ત્વ સપ્તતિ: ગા-૪૫, પૃ.૨૭૪.
૧૫૩) સંબોધ પ્રકરણ, ધ્યાનાધિ, ગા.૪૮ થી ૫૦, પૃ. ૯૯ (મૃ.પ્ર.પ્ર.).
૧૫૪) નવતત્ત્વ દીપિકા - ગા.૫૧ થી ૫૩, પૃ.૪૦૩, ૪૧૪.
૧૫૫) જ્ઞાનાર્ણવ, અ.૬, ગા.૫૯, પૃ.૧૦૩.
૧૫૬) મદ્રુકશ્રાવક - શ્રી ભગવતીસૂત્ર ભા-૪, શ. ૧૮, ઉ.૭, પૃ.૪૩૩,૪૩૪.
૧૫૭) સમયસાર - ગા.- ૨૨૮, પૃ.- ૩૫૦ અને ૩૬૦.
૧૫૮) એજ. - ગા.- ૨૩૦, ૨૩૪, પૃ.- ૩૫૭ અને ૩૬૧.
૧૫૯)એજ. - ગા.- ૨૩૧, ૨૩૫, પૃ.- ૩૫૮ અને ૩૬૨.
૧૬૦)એજ. - ગા.- ૨૩૨, ૨૩૬, પૃ.- ૩૫૯ અને
૧૬૧) પ્રવચન સારોદ્ધાર - ભા.૨, ગા.૯૩૭, ૯૩૮, પૃ.૧૩૬.
૧૬૨) શ્રી ઉપાસકદશાંગ, અ.- ૭, સૂ.- ૨૨૦, પૃ.- ૪૮૩.
૧૬૩) પ્રવચન સારોદ્ધાર : ભા-૨, ગા.-૯૩૯, પૃ.૧૩૭.
૧૬૪) સમકિત વિચાર, પૃ.- ૯૦.
૧૬૫) શ્રી ઉપાસક દશાંગસૂત્ર - અ.૩, પૃ.૯૭ થી ૯૯.
૧૬૬) ઉપદેશપ્રાસાદ : પૃ.૧૯૦ થી ૧૯૨.
૧૬૭) શ્રી સમ્યક્ત્વ સપ્તતિ :ગા.૫૫, પૃ.૩૧૨.
૧૬૮) ધર્મસંગ્રહ ભા.૧, વિ.૨, પૃ.૧૬૧.
૧૬૯) જ્ઞાનાર્ણવ - અ.૬, ગા.૫૪, પૃ.૧૦૨.
૧૭૦) અષ્ટ પ્રાભૃતમાં - દર્શન પ્રાભૃત ગા-૨,૩, પૃ.૮.
૧૭૧) સમ્યક્ત્વ કૌમુદી - ભાષાંતર, પૃ.૧૫૦.
૧૭૨) આરાધના સાર - ગા.૬૭, પૃ.૮૨, વિ.સં.૧૯૯૭.
૧૭૩) અનગાર ધર્મામૃત - અ.૨, ગા.૬૪, પૃ.૧૬૦.
૧૭૪) રત્નકરંડક શ્રાવકાચાર - ગા.૩૧, પૃ.૯૩.
૧૭૫) જૈનેન્દ્રસિદ્ધાંત કોશ - ભાગ - ૪, પૃ.- ૩૫૧.
૧૭૬) પુરુષાર્થ સિદ્ધ્યુપાય - ગા.૨૧, પૃ.૨૫
૧૭૭) સમ્યગ્દર્શન માસિક પત્રિકા, ૫ જાન્યુ. ૨૦૦૪, પૃ.૧૫, પ્ર. શ્રી અખિલ ભારતીય સુધર્મ જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, જોધપુર.
૧૭૮) સમ્યક્ત્વ સપ્તતિ : ગા.૫૯, પૃ.૩૨૩.
૧૭૯) શ્રી સ્થાનાંગસૂત્ર ભા.૧, સ્થા-૧, ઉ.૧,સૂત્ર.૨, પૃ.૧૫.
૧૮૦) સમ્યક્ત્વ સપ્તતિ - ગા.૬૦, પૃ.૩૨૪.
૧૮૧) શ્રી સૂયગડાંગસૂત્ર - પ્રથમશ્રુત સ્કંધ, અધ્યયન-૧, ઉદ્દેશક-૧, પૃ.૧૩.
૧૮૨) શ્રી સમ્યક્ત્વ સપ્તતિ : પૃ.૩૨૪, ગા. ૬૧.
૧૮૩) સમ્યક્ત્વ સપ્તતિ : ગા.૬૨, પૃ.૩૨૬.
૧૮૪) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર - ભા.૪, અ.૩૩, ગા.૧ અને ૨, પૃ.૫૭૫, ૫૭૬, લે. શ્રી ઘાસીલાલજી મ.
૧૮૫) સમ્યક્ત્વ સપ્તતિ : ગા.૬૩, પૃ.૩૨૮.
૧૮૬) એગેમોક્ખે - શ્રી સ્થાનાંગસૂત્ર ભા.૧, સ્થાન-૧, ઉ.૧,સૂત્ર-૧૦, પૃ.૫૮, નિ. ઘાસીલાલજી મ.
૧૮૭) શ્રી સમવાયાંગસૂત્ર - ચૌદમું સમવાય (ગુણસ્થાન - જીવસ્થાન) પૃ.૭૯, સં.લીલમબાઈ મહાસતીજી.

૧૮૮) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર અ.૨૮, ગા.૩ નું વિવેચન, પૃ.૧૩૫, સં. લીલમબાઈ મહાસતીજી.

૧૮૯) શ્રી સમ્યક્ત્વ સપ્તતિ : ગા. ૬૪ ની ટીકાર્થ, પૃ. ૩૨૭.

૧૯૦) શ્રી આવશ્યકસૂત્ર, પૃ. ૧૬૩, સં.લીલમબાઈ મહાસતીજી.

૧૯૧) શ્રી તત્ત્વાર્થસૂત્ર, અ.૮, સૂ.૧, પૃ.૧૬૧.

૧૯૨) ધર્મસંગ્રહણિ ભાગ - ૨, ગા. - ૮૦૨,૮૦૩, પૃ. - ૧૧૬.

૧૯૩) સમ્યક્ત્વના ચાર પ્રકાર - પ્રવચન સારોદ્ધાર : ગા.- ૯૪૭, પૃ.- ૧૪૮.

૧૯૪) સમ્યક્ત્વના પાંચ પ્રકાર - (૧) શ્રી વિશેષાવશ્યક ભાષ્ય, ગા.- ૫૨૮ થી ૫૩૩, પૃ.- ૨૨૭ થી ૨૫૦.

૧૯૫) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ભા.- ૨, અ.- ૨૮, ગાથા - ૧૬, પૃ.- ૧૪૫, સં. લીલમબાઈ મહાસતીજી.

૧૯૬) રાજભક્તિ : સંતવાણી, ગીત-૧૨૮, કડી-૫, પૃ.૧૮૫.

૧૯૭) ષોડશક પ્રકરણ : ૪/૪ પૃ.૯૩.

૧૯૮) એજ. :૪/૨, પૃ.૯૦.

૧૯૯) શ્રી રત્નકંડરક શ્રાવકાચાર - ગા.૩૪, પૃ.૧૦૨.

૨૦૦) સમ્યક્ત્વ કૌમુદી, પૃ.૮.

૨૦૧) શ્રી ભગવતીસૂત્ર સાર સંગ્રહ - ભા.૪, શ.૪૦ (હિન્દી), પ્રથમ ઉદ્દેશ - પૃ.૪૫૧ થી ૪૫૩.

૨૦૨) રયણસાર, ગા.૧૮, પૃ.૩૫.

# પ્રકરણ - ૫

## જૈન ગ્રંથો તેમજ જૈનેત્તર ગ્રંથોમાં સમ્યગ્દર્શન જેવી ભૂમિકાઓ અને જૈન અન્ય કૃતિઓ સાથે તુલના

વિશાળ જૈન સાહિત્યમાં સમકિતનું સ્વરૂપ અને વર્ણન ક્યાં ક્યાં વર્ણવવામાં આવ્યું છે. તેનો આછો પાતળો ખ્યાલ આ પ્રકરણમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

૧) આગમ સાહિત્યમાં સમ્યક્ત્વ વિષેની વિચારણા.

૨) શ્વેતાંબર તથા દિગંબર સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં સમ્યક્ત્વ વિષેની વિચારણા.

૩) જૈનેત્તર સાહિત્યમાં સમ્યક્ત્વ જેવી ભૂમિકાઓ વિશે વિચારણા.

૪) હરિભદ્રસૂરિ કૃત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ના આધારે સ્થિરા દૃષ્ટિની સમ્યક્દર્શનની ભૂમિકા સાથે તુલના.

૫) યોગચક્ર સાથે સમકિતની તુલના.

૬) સમ્યક્ત્વ વિષેની સજ્ઝાયો અને પૂજાઓ.

૭) યશોવિજયજી કૃત ષટ્સ્થાન ચોપાઈ સાથે શ્રીમદ્ રાજચંદ્ર કૃત આત્મસિદ્ધિ શાસ્ત્રની સંક્ષિપ્તમાં તુલના.

# જૈન આગમ સાહિત્યમાં સમ્યગ્દર્શન

જૈન આગમ સાહિત્ય ભારતીય સાહિત્યની અણમોલ ઉપલબ્ધિ છે. અનુપમનિધિ અને જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર છે. શ્રી તીર્થંકરોએ આત્માના ઐશ્વર્ય અને વૈભવને પ્રાપ્ત કર્યા પછી અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપ્યો છે. તેના આધારે ગણધર ભગવંતોએ સંપૂર્ણ બાર અંગોની રચના અર્ધમાગધી ભાષામાં કરી છે. આગમગ્રંથો અંગ, ઉપાંગ, મૂળ અને છેદમાં વિભક્ત થયા છે.

(૧) શ્રી આચારાંગસૂત્ર :

અંગ સાહિત્યમાં સૌથી પ્રથમઆચારાંગસૂત્ર છે. આચારાંગસૂત્રનો મુખ્ય વિષય આચાર છે.

શ્રી આચારાંગસૂત્રના સમકિત અધિકારમાં કહ્યું છે -

**जेय अईया जे य पडुप्पणणा जे य आगमस्सा अरहंता भगवतो ते सव्वे एवमाइक्खंति, एवं भासंति, एवं पणणावेंति, एव परुवेंति - सव्वे पाण्णा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता ण हंतव्वा, ण उज्जावेयव्वा, ण परिघेयव्वा, ण परियावेयव्वा, ण उद्देवेयव्वा ।**[१]

અર્થ : જેટલા પણ તીર્થંકરો ભૂતકાળમાં થઈ ગયા છે, વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે અને ભવિષ્યમાં તીર્થંકર થવાના છે તે સર્વ અહિંસા ધર્મની પ્રરૂપણા કરી સમજાવે છે કે, "હે જીવો! તમે કોઈપણ પ્રાણીની હિંસા ન કરો, ન ઘાત કરો, ન તેને પીડા ઉપજાવો, કોઈને દુઃખી ન કરો અને અન્ય જીવોને દુઃખી કરવાની આજ્ઞા ન આપો. જીવ માત્રની દયા પાળો."

**एस धम्मे शुद्धे णिइए सासए समिच्च लोयं खेयण्णेहिं पवेइए ।**[२]

અર્થ : આ અહિંસા ધર્મ શુદ્ધ, નિત્ય અને શાશ્વત છે. રાગદ્વેષના વિજેતા એવા અરિહંતો દ્વારા પ્રતિપાદિત અહિંસાધર્મ શ્રેયકારી છે.

હિંસાનો ત્યાગ એ જૈન સંસ્કૃતિનો પ્રાથમિક સૂર છે. વિશ્વમૈત્રી અને વિશ્વશાંતિનું મૂળ અહિંસા છે. તેનો સંબંધ વૃત્તિ સાથે છે.

**जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा ।**[३]

અર્થ : વૃત્તિને કારણે જ આસ્રવનાં સ્થાન છે તે સંવરના સ્થાનો બને છે અને જે સંવરના સ્થાનો છે તે આસ્રવનાં સ્થાનો બને છે.

દયામય અહિંસા ધર્મનું યથાર્થ પાલન તે સમકિત છે. અનંતા તીર્થંકરોના વચનો પર શ્રદ્ધા રાખવી તે સમકિત છે. સમકિત અધ્યયનના બીજા ઉદ્દેશકમાં વિભિન્ન મતવાદીઓનું ખંડન-મંડન કરી તેમાં ધર્મપરીક્ષાનું નિરૂપણ કર્યું છે.

**सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवणं सव्वेसिं सत्ताणं असायं अपरिणिव्वाणं महब्भयं दुक्खं ।**[४]

અર્થ : સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્વને દુઃખ અપ્રિય છે. મહાભય ઉપજાવનાર છે. દુઃખકારીછે. હિંસા એ અધર્મ છે.

યજ્ઞમાં થવાવાળી હિંસા પણ હિંસા જ છે. અધર્મને ધર્મ માનનારા અનાર્ય કહેવાય છે. તેથી શુદ્ધ ધર્મની

શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

ત્રીજા ઉદ્દેશકમાં સમ્યક્ તપનું નિરૂપણ કર્યું છે.

**आणाकंखी पंडिए अणिहे एगमप्पाणं संपेहाए धुणे सरीरं कसेहि अप्पाणं, जरेहि अप्पाणं। जहा जुण्णाई कट्ठाई हव्ववाहो पमत्थई एवं अत्त समाहिए अणिहे।**[४]

અર્થ : પ્રબળત્તમ વૈરાગ્ય, ઉગ્ર તપશ્ચર્યા કરવાથી આત્માની સમાધિ, ચિત્તની પ્રસન્નતા અને અધ્યવસાયોની વિશુદ્ધિની પૂર્ણ કાળજી રાખો. દેહની આસક્તિનો ત્યાગ કરો.

ચિત્તના દોષો દૂર કરવા તપ એક અજોડ રસાયણ છે. આત્માભિમુખ દૃષ્ટિના વિકાસ માટે દેહદમન, ઈન્દ્રિયદમન અને વૃત્તિદમન આવશ્યક છે.

ચોથા ઉદ્દેશકમાં સંક્ષેપમાં ચારિત્રનું નિરૂપણ થયું છે.

**सम्मंति पासह तं मोणंति पासहा। जं मोणंति पासहा तं सम्मंति पासहा।**[५]

અર્થ : જે સમકિત છે તેને મુનિ ધર્મનારૂપમાં જુઓ અને જે મુનિધર્મ છે તેને સમકિતરૂપમાં જુઓ.

સમકિત સહિત મુનિધર્મ સાચો છે. મિથ્યાત્વ સહિતનું મુનિપણું અસાર છે. શંકા કરનાર વ્યક્તિને આત્મસમાધિ પ્રાપ્ત થતી નથી.

**वितिगिच्छा समावण्णेणं अप्पाणेणं णो लहइ समाहिं। तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं।**[६]

અર્થ : તીર્થંકરો દ્વારા જે પ્રકાશિત છે, તે સત્ય છે તેમાં શંકાને સ્થાન નથી.

સંદેહથી ધર્મભાવનાનો નાશ થાય છે. ધર્મ ભાવનાના નાશથી ધર્મસમાધિ પ્રાપ્ત ન થાય.

**समियं ति मण्णमाणस्स समिया वा असमिया वा समिया होइ उवेहाए, असमियं ति मण्णमाणस्स समिया वा असमिया वा असमिया होइ उवेहाइ। उवेहमाणे अणुवेहमाणं बूया-उवेहाहि समियाए, इच्चेवं तत्थ संधी झोसिओ भवइ।**[७]

અર્થ : જે સાધક સમ્યક્ ચિંતન કરે છે તેને સમ્યક્ કે અસમ્યક્ તત્ત્વો સમ્યક્દૃષ્ટિના કારણે સમ્યક્રૂપે પરિણમે છે. તેનાથી વિપરીત જે સાધક અસમ્યક્ રીતે ચિંતન કરે તેને સમ્યક્ કે અસમ્યક્ સર્વ તત્ત્વો મિથ્યાદૃષ્ટિના કારણે મિથ્યારૂપે પરિણમે છે.

સમકિતના સદ્ભાવમાં અજ્ઞાન પણ જ્ઞાનરૂપે પરિણમે છે.

**जे आया से विण्णाया जे विण्णाया से आया। जेण विचाणइ से आया। तं पडुच्च पडि संखाए। एस आयावाई समियाए परियाए विचाहिए।**[८]

અર્થ : જે આત્મા છે તે જ વિજ્ઞાન છે, જે વિજ્ઞાતા છે તે જ આત્મા છે. જે જ્ઞાન વડે વિજ્ઞાન સ્વરૂપ આત્માને જાણી શકાય તે જ્ઞાન આત્માનો ગુણ છે. એ જ્ઞાનથી સ્વપરની પ્રતીતિ થાય છે.

આ અધ્યયનમાં પરિણામોની વિચિત્રતા અનુસાર શ્રદ્ધા અને સંદેહની ચઉભંગીસૂત્રકાર દર્શાવે છે. (૧) 'જિનવચન સત્ય છે', એવી શ્રદ્ધા કોઈ સાધકને જીવનના અંત સુધી ટકી રહે. (૨) કોઈ વ્યક્તિ પ્રથમ શ્રદ્ધાળુ હોય પરંતુ પાછળથી સંશયશીલ બને છે. (૩) કોઈ પુરુષ પ્રથમ શ્રદ્ધાળુ ન હોય પરંતુ અનુભવથી શુદ્ધ શ્રદ્ધાવંત

બને. (૪) કોઈ કદાગ્રહી જીવો પ્રથમ કે પછી પણ અશ્રદ્ધાળુ જ હોય.[10]

આ ચાર ભાંગાને અનુક્રમે ક્ષાયિક સમકિત, ઉપશમ કે ક્ષયોપશમ સમકિત, ક્ષાયોપશમિક કે ક્ષાયિક સમક્તિ, મિથ્યાત્વીજીવો (અભવ્ય, દુર્ભવ્ય) સાથે સરખાવી શકાય.

(૧) અહીં સમકિત એટલે વિવેકયુક્ત સત્ય સમજણ. અહિંસા, દયા, સત્ય આદિ સદ્‌ગુણો પર શ્રદ્ધા અને યથાશક્તિ આચરણ, ધર્મમાં સમ્યક્ પરાક્રમ.

(૨) મુનિ જીવન અને સમકિતની એકતા-અભેદતા

(૩) સમકિતના અભાવમાં જ્ઞાન પણ અજ્ઞાન બને.

(૪) સમ્યક્જ્ઞાનના અભાવમાં ચારિત્ર પણ સમ્યક્ નથી.

(૫) દઢ શ્રદ્ધાન, અહિંસા સમકિતનો પાયો છે.

(૬) દઢ શ્રદ્ધાન અને વિશ્વાસના પાયા પર મુનિભાવયુક્ત સમકિતરૂપી ભીંતનું નિર્માણ આ ગ્રંથમાં થયું છે.

(૭) સમકિત માટે આસૂત્રમાં **सम्मत्त, सम्मं, समियदंसण, सम्यग्** તથા **सम्यगद्‌ष्टि** માટે **सम्मदंसी, सम्मत्तदंसिण** જેવા શબ્દ પ્રયોગ થયા છે.

(૨) શ્રીસૂત્રકૃતાંગસૂત્ર:

પ્રસ્તુત આગમ દ્વાદશાંગીનું બીજુ અંગસૂત્ર છે. આસૂત્ર પણ પ્રાચીન છે. સમકિતના સ્વરૂપનું નિરૂપણ આસૂત્રમાં નીચે પ્રમાણે છે.

**सोच्चा य धम्मं अरिहंतभासियं, समाहियं अट्ठपओवसुद्धं ।**

**तं सद्दहंता य जणा अणाऊ, इंदा व देवाहि व आगमिस्संति ॥**[11]

અર્થ : શ્રી અરિહંત દેવ દ્વારા ભાષિત યુક્તિસંગત શુદ્ધ અર્થ અને પદવાળા આ ધર્મને સાંભળીને જે જીવ એમાં શ્રદ્ધા કરે તે મોક્ષને પ્રાપ્ત કરે છે અથવા ઈન્દ્રની જેમ દેવતાઓના અધિપતિ થાય છે.

તીર્થંકર પ્રણિત ધર્મ શુદ્ધ અર્થ અને પદથી યુક્ત છે. અહીં સમકિતનો અર્થ શ્રદ્ધા છે.

**जेय बुद्धा महानागा, वीरा सम्मत्तदंसिणो ।**

**सुद्धं तेसिं परक्कंतं, अफलं होति सव्वसो ॥**[12]

અર્થ : મિથ્યાદષ્ટિના તપ, દાન, યમ, નિયમ આદિ સર્વ પ્રયત્નો અશુદ્ધ છે, જ્યારે સમકિતીની સર્વ ક્રિયાઓ કર્મનાશ માટે સફળ બને છે.

મોહનીય કર્મના પ્રભાવથી મૂર્છિત (બંધ) છે તે સર્વજ્ઞોક્ત આગમને સ્વીકારતો નથી.[13]

સમકિતને અટકાવનાર મોહનીય કર્મ છે. સમકિતના અભાવમાં ક્રિયાઓ પણ પ્રાણહીન બને છે.

**सव्वोवसंता सव्वत्ताए परिनिव्वुडे तिबेमि ।**

**एस ठाणे आरिए अकेवले जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंत सम्मे साहु ।**[14]

અર્થ : જે પુરુષ કષાયથી અને સર્વ ઈન્દ્રિયોના ઉપભોગથી નિવૃત્ત છે તે ધર્મ પક્ષવાળો છે. તે આર્ય સ્થાન છે, જે સર્વ દુઃખનાશક છે. આ એકાંત સમ્યગ્સ્થાન છે.

સમ્યગ્દૃષ્ટિ જઘન્ય આર્ય છે. દેશવિરતિ શ્રાવક મધ્યમ આર્ય છે. શ્રમણો ઉત્તમ આર્ય છે.

દૃઢ શ્રદ્ધાવાન શ્રમણોપાસક ધર્મથી ચલિત થતો નથી.

**समणोवासगा भवंति अभिगयजीवाजीवा उवलद्धपुण्णपावा आसव संवर वेयणाणिज्जरा किरिया हिगरणबंधमोक्खकुसला असहेज्ज देवासुर नाग सुवण्ण जक्ख रक्खस किंन्नर किंपुरिस गरुलगन्धव्व महोरगाइएहिं देवगणेहिं निग्गंथाओ पावयणाओ अणइक्कमणिज्जा इणमेव निग्गन्थं पावयणे णिस्संकिया णिक्कंखिया निव्वितिगिच्छा ।** [15]

અર્થ : કુશળ અને તત્ત્વજ્ઞ શ્રમણોપાસક નિર્ગ્રંથ પ્રવચનમાં નિઃશંક, નિઃકાંક્ષ અને ધર્મકરણીના ફળમાં સંદેહરહિત હોય છે. તેઓ અસહાય થવા પર દેવ ગણોથી પરાભવ પામી નિર્ગ્રંથ પ્રવચનથી વિપરીત (અલગ) થતાં નથી.

સૂત્રકારે યથાર્થ વસ્તુના સ્વીકાર, શ્રદ્ધા અને દૃઢતાના સંદર્ભમાં લેપ ગાથાપતિ[16] અને ઉદય પેઢાલપુત્રનાં[17] દૃષ્ટાંત પ્રસ્તુત કરે છે. તેવી જ રીતે પાંચમા શ્રી ભગવતીસૂત્રમાં જમાલી અણગાર[18] અને શિવરાજર્ષિના[19] ઉદાહરણ દર્શાવેલ છે તથા મંખલીપુત્ર ગોશાલકના[20] મિથ્યાત્વત્યાગ અને સમકિત ગ્રહણના ઉદાહરણ પણ આલેખાયાં છે.

ઉપરોકત માહિતી અનુસાર પૂર્વના ગ્રંથ કરતાં આ ગ્રંથમાં સમકિત વિષે અપેક્ષાએ વધુ વિકાસ થયો છે. (૧) અહીં નિઃશંકા, નિઃકાંક્ષા અને નિર્વિચિકિત્સા આ સમકિતના ત્રણ અંગોનો એક સાથે પ્રયોગ થયો છે. (૨) જીવ-અજીવ આદિ તત્ત્વનો વિષય છે. (૩) મુનિ ઉપરાંત શ્રાવકો પણ સમ્યગ્દર્શની હોય છે.

(૩) શ્રી દશવૈકાલિકસૂત્ર :

શ્રી આચારાંગસૂત્ર અને શ્રી સૂયગડાંગની જેમ આચાર ધર્મની પ્રધાનતા દર્શાવતું શ્રી દશવૈકાલિકસૂત્ર છે. જેના રચયિતા શય્યંભવસૂરિ છે. સમકિતના સંદર્ભમાં આ ગ્રંથમાં નીચે પ્રમાણે જણાવેલ છે.

**जाइ सद्धाइ निक्खंतो परिआयट्ठाणमुत्तमं ।** [21]
**तमेव आणुपालिज्जा गुणे आयरिअ संभए ॥**

અર્થ : જે શ્રદ્ધાથી ભિક્ષુએ સંસારનો ત્યાગ કર્યો છે, તે જ શ્રદ્ધા અને દૃઢ વૈરાગ્યથી સંયમ સંબંધી ઉત્તમગુણોનું પૂર્ણ દૃઢતાથી પાલન કરવું જોઈએ.

જે સાધુ મોહરહિત અવસ્થા પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ છે, સંયમ અને તપમાં લીન છે તેમજ સરળતા આદિ ગુણોથી યુક્ત છે, તે પૂર્વકૃતકર્મોનો ક્ષય કરે છે.

**जया धुणइ कम्मरयं अबोहि कलुसं कडं ।** [22]
**तया सव्वतगं णाणं, दंसण चाभिगच्छइ ॥**

અર્થ : જીવ અબોધિ ભાવથી સંચિત કરેલાં કર્મોથી મુક્ત બને છે, ત્યારે કેવલજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરે છે.

**पढमं नाणंतओ दया, एवं चिट्ठइ सव्व संजए ।** [23]
**अन्नाणी किं काही ? किं वा नाही सेयपावगं ॥**

અર્થ : સંયતિ સમ્યક્દૃષ્ટિ જ હોય છે તેમજ જ્ઞાન પછી દયા અર્થાત્ વિરતિ હોય. વિરતિનું મૂળ સમ્યગ્દર્શન છે; એવું પૂર્વે આચારાંગસૂત્રમાં સ્પષ્ટ થયું છે. સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન પૂર્વક જ હોય; એવું અહીં સ્પષ્ટ થાય છે.

(૪) શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર:

અંગ ગ્રંથોની અપેક્ષા ઉત્તરકાળમાં રચાયેલું હોવાથી ઉત્તરાધ્યયનસૂત્ર કહેવાય છે. સમકિતના સ્વરૂપનું નિરૂપણ કરતાં ગ્રંથકારે ૨૮મા મોક્ષમાર્ગ અધ્યયનમાં કહ્યું છે-

तहियाणं तु भावाणं सब्भावे उवएसणं ।
भावेणं सद्दहंतस्स, सम्मत्तं तं वियाहियं ।[२४]

અર્થ : જીવ-અજીવાદિ પદાર્થોના સદ્ભાવમાં સ્વભાવથી અથવા કોઈના ઉપદેશથી ભાવપૂર્વક શ્રદ્ધા થાય છે. તેને સમકિત કહેવાય છે.

સમકિત (શ્રદ્ધા) નિસર્ગ અથવા અધિગમથી થાય છે.

વળી આસૂત્રમાં નવ તત્ત્વના નામ દર્શાવેલ છે.[૨૫] સંસારમાં જીવ મનુષ્યત્વ, શ્રુત ધર્મનું શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ પરમ દુર્લભ છે[૨૬] એવું દર્શાવી શ્રદ્ધાની દુર્લભતા દર્શાવી છે.

આત્મરક્ષક મુનિ અપ્રમત્ત થઈ વિચરે.[૨૭] જ્યાં પ્રમાદ છે ત્યાં આત્મદૃષ્ટિ ભુલાય છે. અહીં આત્મદૃષ્ટિ એટલે સમ્યગ્દર્શન.

દર્શન સંપન્ન જીવ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે છે. મિથ્યાત્વનો મૂળથી નાશ કરે છે. તેના દર્શનનો પ્રકાશ અખંડ છે.[૨૮]

જે જીવો હિંસામાં અનુરક્ત છે, નિદાન સહિત અનુષ્ઠાન કરે છે. તેને બોધિ પ્રાપ્ત થવી દુર્લભ છે, જ્યારે સમકિત સહિત, અનિદાનક્રિયા, શુક્લ લેશ્યા યુક્ત જીવો; સુલભબોધિ બને છે.[૨૯]

આ ઉપરાંત શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં સમકિત પ્રાપ્તિની દશ પ્રકારની રુચિ[૩૦], દર્શનાચાર અને પાંચ અતિચારનો ઉલ્લેખ થયો છે.

મુનિ સાંસારિક વિષય ભોગોને હેય તથા મોક્ષમાર્ગને ઉપાદેય સમજી શંકા-કાંક્ષાનો ત્યાગ કરે; એવું ઘણા સ્થાને કહેવાયું છે.[૩૧]

આસૂત્રમાં સમકિતનું સ્વરૂપ અને મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન છે, તેવું સ્પષ્ટ થાય છે.

(૫) શ્રી નિશીથસૂત્ર:

શ્રી આચારાંગ આદિસૂત્રોની જેમ આચારની પ્રધાનતા દર્શાવતું શ્રી નિશીથસૂત્ર છે. જે શ્રી આચારાંગસૂત્રનો એક ભાગ મનાય છે. તેનું બીજું નામ આચારકલ્પ છે. તેની રચનાના સંદર્ભમાં બે પરંપરા છે.

૧. આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ શ્રી નિશીથસૂત્રની રચના કરી, જે વીર નિર્વાણ પછી ૧૫૦ વર્ષ હોઈ શકે.

૨. વિશાખાચાર્ય મુનિ, જે ભદ્રબાહુ સ્વામી પછી થયા છે. તેમણે આ ગ્રંથની રચના કરી છે. તેથી આ ગ્રંથનો રચનાકાળ વીર નિર્વાણ પછી ૧૭૫ વર્ષની આસપાસનો હોવો જોઈએ.

શ્રી નિશીથસૂત્રમાં દર્શનાચારના આઠ પ્રકાર[૩૨] તથા તેના ભેદ દર્શાવેલ છે. તેમજ પાર્શ્વસ્થ આદિ મિથ્યાત્વીઓના સંગનો ત્યાગ કરવા વિષે આસૂત્રમાં જણાવેલ છે. મિથ્યાત્વીનો સંગ ત્યાગ એટલે સમકિતની સુરક્ષા આવું જ્ઞાન આસૂત્ર દ્વારા થાય છે.

(૬) શ્રી દશાશ્રુતસ્કંધ :

આ છેદસૂત્રનું બીજું નામ આચારદશા છે. જેમાં જૈનાચાર સંબંધી દશ અધ્યયન છે. આસૂત્રને તેથી દશાશ્રુતસ્કંધ કહેવાય છે. તેનું સંકલન આચાર્ય ભદ્રબાહુસ્વામીએ કર્યું છે. નવમા સ્કંધમાં મોહનીય કર્મના તીવ્રબંધના ૩૦ સ્થાનોનું વર્ણન છે. જે સમકિતની પ્રાપ્તિમાં બાધક છે.

જેમ બળી ગયેલા બીજવાળા વૃક્ષને પુષ્કળ પાણીનું સિંચન કરવામાં આવે છતાં તેમાં પલ્લવ કે અંકુરાની ઉત્પત્તિ થતી નથી, તેમ મોહનીય કર્મનો ક્ષય થવાથી શેષ કર્મોથી ઉત્પત્તિ થતી નથી.[33]

સમકિતમાં વિક્ષેપ પાડનાર મોહનીય કર્મનું આસૂત્રમાં વિસ્તૃત વર્ણન થયું છે.

(૭) શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર :

ઉપાંગસૂત્રમાં સૌથી મોટું પ્રજ્ઞાપનાસૂત્ર છે. તેના કર્તા શ્યામાચાર્ય છે.

આસૂત્રમાં સમકિતની ચાર સદહણાનો ઉલ્લેખ થયો છે.

परमत्थ संथवो वा सुदिट्ठपरमत्थ सेवणा वा वि ।[34]
वावण्ण - कुदंसण वज्जणा य सम्मत्तसद्दहणा ॥

અર્થ : પરમાર્થ સંસ્તવ, સુદષ્ટ પરમાર્થ સેવના, વ્યાપન્ન, કુદર્શન વર્જના. આ ચાર સમકિતની શ્રદ્ધા છે.

અહીં સર્વ પ્રથમ સમકિતની સદ્હણાનું પ્રતિપાદન થયું છે.

શ્રી પ્રજ્ઞાપનાસૂત્રમાં સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિનું અલ્પબહુત્વ પણ દર્શાવેલ છે.[35]

આસૂત્રમાં ઉત્તરાધ્યયનસૂત્ર અનુસાર દશ પ્રકારની રુચિ અને દર્શનાચારનું વર્ણન પણ જોવા મળે છે. શ્રી ઠાણાંગસૂત્રના દશમા સ્થાને પણ દશ રુચિ દર્શાવેલ છે.

(૮) શ્રી ભગવતીસૂત્ર :

પાંચમું અંગસૂત્ર, જેનું બીજું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર છે. આસૂત્રમાં,

- મિથ્યાત્વ મોહનીય માટે કાંક્ષા મોહનીય શબ્દ પ્રયુક્ત થયો છે.[36]
- મિથ્યાદષ્ટિ સમ્યગ્દૃષ્ટિ કઈ રીતે થાય છે?[37]
- સમકિતની પ્રાપ્તિ પછી વિભંગ અજ્ઞાન, અવધિજ્ઞાન રૂપે પરિણમે છે.[38] તે વિષે જણાવેલ છે.

(૯) શ્રી નંદીસૂત્ર :

બત્રીસ આગમોમાં શ્રી નંદીસૂત્ર નામનું મૂળ આગમ છે. જેના રચયિતા દેવવાચકજી આચાર્ય છે. આનંદ, હર્ષ અને પ્રમોદને 'નંદી' કહેવાય છે. આસૂત્ર પાંચ જ્ઞાનનું નિરુપણ કરવાવાળું જ્ઞાનરૂપ આનંદ પ્રદાન કરનારું છે માટે તેને નંદીસૂત્ર કહેવાય છે.

આચાર્યશ્રીએ પ્રારંભમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ચતુર્વિધ સંઘની આઠ ઉપમાઓ દ્વારા સ્તુતિ કરી છે. નગર, સડક, ચક્ર, પદ્મ, ચંદ્ર, સૂર્ય, સમુદ્ર અને મેરૂપર્વતની ઉપમાથી સમ્યગ્દર્શનને ઉપમિત કર્યું છે.[39]

- નગર - ભવ્યનગર રમણીય હોય પરંતુ સડક સ્વચ્છ અને સુંદર ન હોય, મળમૂત્ર અને કચરાથી ભરેલી હોય તો ભવ્ય નગરની સુંદરતાને દૂષિત કરે છે. પથિકોને અનેક મુશ્કેલીઓ આવે અને ખાડા, ટેકરામાં પડવાનો ભય પણ રહે છે તેવી જ રીતે સંયમી નિર્ગ્રંથોની સંઘરૂપી નગરની સમ્યગ્દર્શન રૂપી સડક સ્વચ્છ ન હોય અને મિથ્યાત્વરૂપી

કચરા ભરેલા હોય તો સંયમી સાધકના ગુણો વિકૃત બને છે. તેમનો તરણ-તારણ ગુણ સમાપ્ત થાય છે. અર્થાત્ વિશુદ્ધ દર્શન જ નગરનો માર્ગ છે.

• સમ્યગ્દર્શન ગુણ વસુંધરા જેવો છે. જેમ વસુંધરા પર માર્ગ અને ભવન હોય છે, તેમ સમ્યગ્દર્શન મોક્ષરૂપી ભવ્ય ભવનનો પાયો પણ હોય છે.

• સમ્યગ્દર્શનને ચક્રવર્તી અને વાસુદેવના અમોઘ શસ્ત્ર સુદર્શનચક્રની પીઠિકા કહી છે. જેમ ચક્ર ચક્રધરના શત્રુઓનો નાશ કરી પોતાના સ્વામીને અજેય બનાવે છે, તેવી જ રીતે સમ્યગ્દર્શનરૂપી ચક્રથી સંયમ અને તપરૂપી ધર્મની રક્ષા થાય છે અને મિથ્યાત્વરૂપી શત્રુ નષ્ટ થાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન આ સંઘની પરિધિ છે.

• સમ્યગ્દર્શન એ ચંદ્રની ચાંદની-જ્યોત્સના જેવુ છે. ચંદ્રની શોભા તેની ચાંદની છે. શરદ પૂનમનો ચંદ્ર, જો કાળા વાદળાઓથી ઘેરાયેલ હોય તો રાત્રિના અંધકારને દૂર ન કરી શકે તેમજ કોઈને સુખ ન પહોંચાડી શકે. જ્યોત્સના વિના દિવસે દેખાતો ચંદ્ર ફિક્કો અને વ્યર્થ છે, તેમ સમ્યગ્દર્શનરૂપી જ્યોત્સના વિના સંયમઅને તપરૂપી ચંદ્રમાનું મૃગ લાંછન પણ મહત્ત્વહીન છે. ચંદ્રની ચાંદની જન જનને મનમોહક અને વનસ્પતિ આદિને વિકસીત કરે છે તેમ સમ્યગ્દર્શન સંઘરૂપ ચંદ્રમાની નિર્મળ ચાંદની ઉત્થાન અને પ્રગતિમાં વૃદ્ધિ કરાવે છે.

• સમ્યગ્દર્શન એ મેરૂપર્વતની પીઠિકા સમાન છે. એક લાખ યોજન પ્રમાણે મેરૂપર્વતની પીઠિકા ભૂમિમાં એક હજાર યોજન પ્રમાણ નીચે છે. આ પીઠિકા ઉત્તમ વજ્રમય, અત્યંત દૃઢ, નિષ્કંપ અને અત્યંત મજબૂત છે. આ પીઠિકા ૯૯,૦૦૦ યોજન પ્રમાણ ભૂમિની ઉપર છે; જે સુદર્શન (મેરૂ) પર્વતનો ભારવહન કરે છે. આટલો વિશાળ પર્વત કાચી અને પોચી માટીમાં સ્થિર ન રહી શકે, એવી રીતે સમ્યગ્દર્શનની વિશુદ્ધતા અને દૃઢતા પર શ્રુત અને ચારિત્ર ધર્મરૂપી પર્વતાધિરાજનો ભાર ટકી શકે છે. જો સમ્યગ્દર્શનરૂપી પીઠિકા મજબૂત અને સ્થિર ન હોય તો ચારિત્ર અને તપ સ્વર્ગીય સુખો આપી ફરીથી દુર્ગતિમાં ફેંકે છે. સમ્યગ્દર્શનરૂપી પીઠિકા પર રહેલું ચારિત્રરૂપી ભવન મુક્તિના શિખરે પહોંચાડી આત્માને પરમાત્મા બનાવે છે.

આ રીતે સમ્યગ્દર્શનનો મહિમા અપરંપાર છે. ત્યાર પછીસૂત્રકાર કહે છે -

**विसेसिय सुयं सम्मदिट्ठिस्स सुयं सुयनाणं, मिच्छ दिट्ठिस्स सुयं सुयअन्नाणं ।**[७०]

અર્થ : સમ્યક્દૃષ્ટિનું શ્રુત શ્રુતજ્ઞાન છે, મિથ્યાદૃષ્ટિનું શ્રુત શ્રુતઅજ્ઞાન છે.

ચૌદ પૂર્વધારીઓનું શ્રુત સમ્યક્શ્રુત છે. દશ પૂર્વથી ઓછાં પૂર્વધરનાં શ્રુત સમ્યક્ હોય અથવા ન હોય.[૭૧] મિથ્યાદૃષ્ટિ દ્વારા રચિત શ્રુત સમ્યક્દૃષ્ટિને સમ્યક્ શ્રુત બને છે કારણ કે સમ્યગ્દૃષ્ટિને સમ્યક્રૂપમાં ગ્રહણ થવાથી તે સમ્યક્ શ્રુત છે.[૭૨]

સર્વ પ્રથમ નંદીસૂત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ થયો છે કે, સમકિતના પ્રભાવે જ્ઞાન સમ્યક્ બને છે.

(૧૦) શ્રી આવશ્યક નિર્યુક્તિ :

જૈન આગમોની પ્રાચીન ટીકાઓમાં નિર્યુક્તિનું સ્થાન ઉપલબ્ધ છે. આવશ્યક નિર્યુક્તિ આચાર્ય ભદ્રબાહુની પ્રથમકૃતિ છે. તેના પર જિનભદ્રસૂરિ, જિનદાસગણી, હરિભદ્રસૂરિ, મલયગિરિ, મલધારી હેમચંદ્રસૂરિ, માણિક્યશેખરમુનિ આદિ શ્રમણોએ વિવિધ વ્યાખ્યાઓ લખી છે. આવશ્યક નિર્યુક્તિમાં સમકિત શબ્દની નિર્યુક્તિ કરવામાં આવી છે.

**सम्मदिठी अमोहो सोही सब्भाव दंसण बोही।**[33]
**अविवज्जओ सुदिट्ठित्ति एवमाई निरुत्ताई ॥ ८६२**

**सम्यगर्थानां दर्शनं सम्यग्दृष्टिः१, विचारेऽमूढत्वं अमोह २, मिथ्यात्वमलापगमःशोधिः३, सद्भावो यथा सम्यक्त्वस्य निरुक्ति**

અર્થ : સમ્યગ્દષ્ટિ, અમોહ, શુદ્ધિ, સદ્ભાવ, દર્શન, બોધિ, અવિપર્યય, સુદષ્ટિ આદિ સમકિતની નિર્યુક્તિ છે.

જે સમ્યગ્ અર્થોનું વિશ્લેષણ કરે છે તે સમ્યગ્દષ્ટિ છે. વિચારોમાં અમૂઢતા એ અમોહ છે. મિથ્યાત્વરૂપી મેલને દૂર કરે તે શુદ્ધિ છે. સદ્ભાવ એ શુભ ભાવ છે. પદાર્થોને યથાર્થ જોવા એ દર્શન છે. પરમાર્થનું જ્ઞાન થવું તે બોધિ છે. કદાગ્રહરહિત તે વિપર્યય છે. સુંદર સમ્યક્ દષ્ટિ તે સુદષ્ટિ છે. આ પ્રમાણે સાત પ્રકારે સમકિત શબ્દની નિર્યુક્તિ કરી છે.

વળી શાસ્ત્રકાર ગ્રંથિભેદના સંદર્ભમાં પલ્ય, પર્વત, નદી, પાષાણ, કીડીઓ, પુરુષ, માર્ગ, જ્વર રોગવાળો, કોદરા, અનાજ, જલ અને વસ્ત્ર જેવાં નવ દૃષ્ટાંતો દર્શાવે છે.[34]

શાસ્ત્રકારે આ ગ્રંથમાં સિદ્ધાંત અને કર્મગ્રંથના મતનો અભિપ્રાય સુંદર રીતે પ્રસ્તુત કર્યો છે.

**(૧૧) શ્રી વિશેષાવશ્યક ભાષ્ય :**

નિર્યુક્તિના ગૂઢાર્થને સરળ બનાવવા પૂર્વાચાર્યોએ વિસ્તૃત વ્યાખ્યાઓ લખી છે. નિર્યુક્તિઓના આધાર પર અથવા સ્વતંત્રરૂપથી ભાષ્યોની પદ્યાત્મક રચનાઓ થઈ. જે પ્રાકૃત ભાષામાં છે. આવશ્યકસૂત્ર પર ત્રણ ભાષ્ય લખાણા છે. બે ભાષ્ય અતિ સંક્ષિપ્ત હોવાથી વિશેષાવશ્યક ભાષ્યમાં તેને સમ્મિલિત કર્યા છે. આ સંપૂર્ણ આવશ્યકસૂત્ર પર નથી. પરંતુ પ્રથમ સામાયિક અધ્યયન પર છે. તેમાં ૩૬૦૩ ગાથાઓ છે. તેના કર્તા જિનભદ્રગણી છે.

અહીં સમકિતના પાંચ ભેદોનું કથન છે - **उवसमियं सासाणं खयसमजं वेययं खइयं ।**

અર્થ : ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયિક.[35] તેમજ તે ભેદોનું સ્વરૂપ પણ દર્શાવેલ છે.[36]

ત્યાર પછી શાસ્ત્રકાર ગ્રંથિભેદ અને ત્રણ કરણનો ઉલ્લેખ કરે છે.[37]

કઠોર, નિબિડ, શુષ્ક, અત્યંત પ્રચય પામેલા વાંશની ગાંઠ જેવી ગ્રંથિ દુર્ભેદ્ય હોય છે. તેવી કર્મથી ગાઢ બનેલી જીવના રાગ-દ્વેષ રૂપ અધ્યવસાયની તે ગ્રંથિ ભેદવી અતિ દુષ્કર છે.[38]

જેવી રીતે મહાવિદ્યા સાધવામાં પ્રારંભમાં સરળ લાગે, મહાવિદ્યા સાધતા સમયે તે દુષ્કર અને વિઘ્નકારક લાગે તેવી જ રીતે કર્મસ્થિતિ ક્ષય કરવામાં પ્રથમની યથાપ્રવૃત્તિકરણરૂપ ક્રિયા સરળ છે. ત્યાર પછી અપૂર્વકરણથી આરંભીને મોક્ષપ્રાપ્તિ સુધીની બધી જ ક્રિયા ઘણી દુર્લભ અને વિઘ્નવાળી છે.[39]

આયુષ્ય કર્મ સિવાયના સાતે કર્મોની અંતઃકોડાકોડી સાગરોપમ સ્થિતિ થાય, ત્યારે ગ્રંથિદેશ પ્રાપ્ત થાય.[40]

જ્યાં સુધી આઠે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય ત્યાં સુધી સમકિત પ્રાપ્ત ન થાય. કર્મની લઘુતાથી સમકિત પ્રાપ્ત થાય.

કર્મ ક્ષય કરવામાં પ્રવર્તેલ આત્માના અધ્યવસાય, તે પ્રથમ યથાપ્રવૃત્તિકરણ. પૂર્વે ક્યારેય પ્રાપ્ત ન થયેલ એવા અપૂર્વ સ્થિતિ ઘાત, રસઘાત આદિ રૂપ અધ્યવસાય, તે બીજું અપૂર્વકરણ. સમકિતનો લાભ થાય ત્યાં સુધી જે

પરિણામ પાછા ન પડે, તે અનિવૃત્તિકરણ છે. આ ત્રણ કરણો ઉત્તરોત્તર વધુ વિશુદ્ધ હોય છે. તે ભવ્ય જીવોને હોય છે. અભવ્યોને યથાપ્રવૃત્તિકરણ ન હોય.[51]

જૈન આગમોમાં સમકિતનું સ્વરૂપ દર્શાવેલ છે. તેમ આગમેત્તર સાહિત્યમાં પણ સમકિત વિષે માહિતી ઉપલબ્ધ થાય છે.

આગમેત્તર સાહિત્ય શ્વેતામ્બર અને દિગમ્બર એમ બંને સંપ્રદાયોમાં રચાયેલું છે. સમક્તિસાર રાસના રચયિતા કવિ ઋષભદાસ શ્વેતામ્બર સંપ્રદાયના છે, તેથી પ્રથમ શ્વેતામ્બર સાહિત્ય પર નજર કરીએ.

(૧) શ્રી તત્ત્વાર્થસૂત્ર :

જૈનાચાર અને જૈન તત્ત્વ દર્શનના સર્વ પહેલુઓ પર પ્રકાશ પાડતો આ એક જૈનદર્શનનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. જૈનાગમો તથા તેના પર આધારિત ગ્રંથો અંગ બાહ્યસૂત્ર પ્રાયઃ પ્રાકૃત ભાષામાં લખાયાં છે. બ્રાહ્મણ સંસ્કૃતિની સાહિત્યિક ભાષા સંસ્કૃત હોવાથી જૈનાચાર્યોએ સમાજમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરવા સંસ્કૃત ગ્રંથો રચવાની જરૂર પડી હશે, તેથી તત્ત્વાર્થસૂત્ર જેવા પ્રમુખ ગ્રંથની રચના કરી. તેના રચયિતા વાચક ઉમાસ્વાતિ છે. તેમણે ગુરુપરંપરાથી અર્હત્ ઉપદેશને સારી રીતે ધારણ કરી, તુચ્છ શાસ્ત્રોથી મતિભ્રમ અને દુઃખી લોકોનાં હિત માટે અનુકંપાથી પ્રેરાઈ 'તત્ત્વાર્થાધિગમસૂત્ર' ની રચના કુસુમપુર નગરમાં કરી. આસૂત્રનો પ્રારંભ સમકિતથી થાય છે.

**जीवाजीवासव बन्धसंवर निर्जरा मोक्षास्तत्त्वम् ।**

અહીં વાચક ઉમાસ્વાતિએ સાત તત્ત્વો[52] દર્શાવેલ છે. તેમજ તત્ત્વજ્ઞાનના અન્ય ઉપાયો પણ દર્શાવેલ છે.

**"सत्संख्याक्षेत्रस्पर्शन कालान्तर भावाल्पबहुत्वैश्च।**[53]**"** અર્થાત્ સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાલ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ.

૧) સત્ - અસ્તિત્ત્વ, સમકિત છે કે નહીં? છે તો કોનામાં છે? જીવમાં કે અજીવમાં ? જીવમાં છે.

૨) સંખ્યા - ભેદ. સમકિતના અધ્યવસાયની અપેક્ષાએ અસંખ્યાત પ્રકાર છે. સમકિતી અનંત છે.

૩) ક્ષેત્ર - સ્થાન, સમકિત લોકના અસંખ્યાત ભાગમાં છે.

૪) સ્પર્શન - લોકના અસંખ્યાત ભાગને સ્પર્શ કરે છે.

૫) કાલ - એક જીવની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમ અને વિવિધ જીવોની અપેક્ષાએ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળની સ્થિતી સમકિતીની છે.

૬) અંતર - વિરહકાળ. એક જીવની અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્તન. વિવિધ જીવોની અપેક્ષાએ વિરહકાળ - અંતર નથી.

૭) ભાવ - ઔપશમિક, ક્ષાયિક અને ક્ષયોપશમિક આ ત્રણ ભાવનું સમકિત છે.

૮) અલ્પબહુત્વ - સૌથી થોડા ઔપશમિક સમકિતી છે, તેનાથી ક્ષયોપશમ સમકિતી અસંખ્યાત ગુણા, તેનાથી ક્ષાયિક સમકિતી અનંતગુણા (સિદ્ધની અપેક્ષાએ) છે.

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં સમકિતનું સ્વરૂપ, લક્ષણ, ઉત્પત્તિ, પ્રાપ્તિના ઉપાય ઉપલબ્ધ થાય છે. સમકિતના વિસ્તારનું આ પ્રથમ સોપાનસૂત્ર છે.

**(૨) શ્રાવકપ્રજ્ઞપ્તિસૂત્ર :**

વાચક ઉમાસ્વાતિ દ્વારા રચિત શ્રાવકપ્રજ્ઞપ્તિસૂત્રમાં પણ સમકિત વિષે વિશેષ માહિતી મળે છે.

ગ્રંથિભેદ, સમકિતના વિવિધ પ્રકારો, સમકિતના ઉપશમાદિ પાંચ લક્ષણો, દશ પ્રકારની રુચિ આ ગ્રંથમાં દર્શાવેલ છે. શ્રી આચારાંગસૂત્રની જેમ આ ગ્રંથમાં મુનિપણાને જ સાચું સમકિત કહ્યું છે.

**जं मोणं तं सम्मं जं सम्मं तमिह होइ मोणंति ।[૫૪]**
**निच्छयओ इयरस्स उ सम्मं सम्मत्त हेऊवि ॥**

અર્થ : મુનિપણા રહિતનું અવિરત કે દેશવિરતિ સમકિત એ નિશ્ચય સમકિત નથી પણ નિશ્ચય સમકિતનું કારણ છે. આ ગ્રંથમાં સમકિત વિશેની ઘણી માહિતી પ્રાપ્ત થાય છે.

**(૩) સન્મતિ પ્રકરણ :**

આચાર્ય સિદ્ધસેન દિવાકરની કૃતિ છે. તેમનો સમય લગભગ વિક્રમની ચતુર્થ શતાબ્દી મનાય છે.

તેમણે આ સૂત્રમાં કહ્યું છે-

જ્ઞાન દર્શનપૂર્વક છે પરંતુ દર્શન જ્ઞાનપૂર્વક નથી. નિશ્ચયથી દર્શન જ્ઞાનથી અભિન્ન છે.[૫૫] સમકિત એકાંતદષ્ટિનો નાશ કરે છે.[૫૬]

અહીં સ્પષ્ટ થાય છે કે સમ્યગ્જ્ઞાન સમકિતપૂર્વક થાય છે તેમજ અનેકાન્તદષ્ટિ એ જ સમકિત છે.

**(૪) કર્મપ્રકૃતિ :**

કર્મ સાહિત્યનો અજોડ ગ્રંથ તે કર્મપ્રકૃતિ. તેના રચયિતા શિવશર્મસૂરિ છે. તે અગ્રાયણીય નામના દ્વિતીય પૂર્વના આધાર પર સંકલિત થયું છે.

દિગંબર ગ્રંથ કષાયપાહુડની જેમ ઉપશમનાકરણ પર અહીં વિવેચન થયું છે. ઉપશમની સ્થિતિમાં થોડા સમય માટે મોહનીય કર્મ દબાયેલ રહે છે પણ સંપૂર્ણ નષ્ટ થતું નથી.

**करणकयाडकरणाविय दुविहा उवसमणाय बिइयाए, अकरण अणुइन्नाए, अनुयोग धरे पणिवयामि ।[૫૭]**

અર્થ : ઉપશમન કરણના બે પ્રકાર છે. (૧) કરણકૃત (૨) અકરણ કૃત. જે કરણ સાધ્ય છે તે કરણ કૃત. તેના બે પ્રકાર છે. (૧) સર્વોપશમના અને (૨) દેશોપશમના.

**सव्वुवसमणा मोहस्सेव उ तस्सुवसम क्किया जाग्गो ।[૫૮]**
**पंचिदिओ उ सन्नी पज्जतो लद्धितिगजुत्तो ॥**

અર્થ : પંચેન્દ્રિય, સંજ્ઞી અને લબ્ધિ પર્યાપ્ત જીવને મોહનીય કર્મની સર્વોપશમના થાય છે. શેષ સાત કર્મની દેશોપશમના થાય.

જીવ પ્રથમ યથાપ્રવૃત્તિકરણ કરે છે, ત્યાર પછી અપૂર્વકરણ અને ત્યારપછી અનિવૃત્તિકરણ કરે છે. પ્રત્યેક કરણનો કાળ અંતઃર્મુહૂર્ત છે અને સર્વનો એકત્રિત કાળ પણ અંતર્મુહૂર્ત છે. ત્યાર પછી જ ઉપશાંતદ્ધા (ઔપશમિક સમકિત) પ્રાપ્ત થાય છે. તે પણ અંતર્મુહૂર્ત કાળ પ્રમાણે છે.[૫૯]

મિથ્યાત્વનો ક્ષય થવાથી જીવ ઉપશમ સમકિત પ્રાપ્ત કરે છે. જે સમકિતના લાભથી પૂર્વે પ્રાપ્ત થયેલા

અરિહંતદેવ આદિની તત્ત્વશ્રદ્ધારૂપ આત્મહિતને પ્રાપ્ત કરે છે.

(૫) સમ્યક્ત્વ સપ્તતિ:

આચાર્ય હરિભદ્રસૂરિ (વિ. સં. ૭૫૭ થી ૮૨૭) રચિત સમકિત સપ્તતિ ગ્રંથમાં વ્યવહાર સમકિતના સડસઠ બોલનું વિવરણ થયું છે. કવિ ઋષભદાસે આ ગ્રંથનો આધાર લીધો છે.

સમકિત સપ્તતિમાં ટીકાકાર સંઘતિલકાચાર્યે ૬૭ બોલના રહસ્યોને સુગમ બનાવવા દરેક બોલ માટે કથાઓ આલેખી છે. જેમકે 'શમ' લક્ષણ માટે મેતાર્યમુનિનું દૃષ્ટાંત છે. જીવદયા પ્રેમી મેતાર્યમુનિએ પંચેન્દ્રિય જીવની રક્ષા માટે ઉપસર્ગ આવવા છતાં હૃદયમાં સમત્વ ધારણ કર્યું. કવિ ઋષભદાસે પણ આઠ પ્રભાવક તથા વૈયાવચ્ચ, જ્ઞાન આદિના સંદર્ભમાં વિષયને રોચક અને સરળ બનાવવા દૃષ્ટાંતો પ્રસ્તુત કર્યા છે.

સંબોધ પ્રકરણ ગ્રંથ જેના રચયિતા હરિભદ્રસૂરિ છે. તેમાં પણ ૬૭ બોલની પ્રરૂપણા થઈ છે[૮૦].

પ્રદ્યુમ્નસૂરિએ મૂલશુદ્ધિ ગ્રંથમાં આ ભેદમાંથી ઘણા ભેદોનું વિવેચન કર્યું છે.

(૬) ઉપદેશમાલા:

આ ગ્રંથના રચયિતા ધર્મદાસગણિ છે. આ ગ્રંથમાં સૂત્રકારે સમકિત પ્રદાતા ગુરુનો અસીમ ઉપકાર દર્શાવ્યો છે.[૮૧]

सम्मत्तम्मि उलद्धे ठइयाइं नरयतिरिय दाराई ।[૮૨]
दिव्वाणि माणिसाणि य मोक्खसुहाइं सहीणाई ॥

અર્થ : સમકિત પ્રાપ્ત થતાં જીવ નરક, તિર્યંચરૂપી દુર્ગતિના દ્વાર બંધ કરે છે. દેવ, મનુષ્ય અને મોક્ષ સંબંધી સુખ પ્રાપ્ત કરે છે.

સમકિતની સુરક્ષા માટે ગ્રંથકાર કહે છે-

जह मुसताणए पंडुरम्मि दुव्वण्ण रागववण्णेहिं ।[૮૩]
वीभच्छा पडसोहा, इय सम्मत्तं पमाएहिं ॥

અર્થ : જેવી રીતે વસ્ત્રના વણાટકામના સમયે સફેદ તાંતણામાં અન્ય રંગનો તાંતણો ભળે તો વસ્ત્રની શોભા જતી રહે છે તેમ શુદ્ધ સમકિત સાથે વિષય કષાય અને પ્રમાદનો સંયોગ થવાથી સમકિત અશુદ્ધ-મલિન બને છે. તેથી તેવા સંયોગોથી દૂર રહેવું. અહીં સમકિતને વિશુદ્ધ રાખવાની હિતશિક્ષા ગ્રંથકાર દર્શાવે છે.

(૭) અધ્યાત્મસાર:

સત્તરમી સદીના ઉપાધ્યાય યશોવિજયજીની આ કૃતિ છે. તેમાં કહ્યું છે-

સમકિત થવાથી જ પરમાર્થતઃ મનશુદ્ધિ થાય છે. સમકિત વિના મનશુદ્ધિ મોહગર્ભિત અને વિપરીત ફળદાયિની હોય છે.[૮૪] દાનાદિ ક્રિયાઓ સમકિત સહિત જ શુદ્ધ હોય છે કારણકે તે ક્રિયાઓના મોક્ષરૂપી ફળમાં સમકિત સહયોગી છે.[૮૫] આંખની કીકી અને પુષ્પની સુગંધ સમાન સર્વ ધર્મકાર્યોનો સાર સમકિત છે. આ ગ્રંથમાં દશ પ્રકારની રુચિ અને સમકિતના પાંચ લક્ષણોનું વિવેચન પણ થયું છે.

**(૮) લોક પ્રકાશ ગ્રંથ :**

આ ગ્રંથના કર્તા મહોપાધ્યાય વિનયવિજયજી છે. તેમનો સમય અઢારમી સદી છે. લોક પ્રકાશ ગ્રંથના ૨૫મા અધ્યયનમાં સમકિતની પ્રાપ્તિ અંગે માહિતી દર્શાવેલ છે. યથાપ્રવૃત્તિકરણ આદિ ત્રણ કરણ, સમકિતના એકથી પાંચ પ્રકાર, સમકિતની સ્થિતિ, દ્રવ્ય અને ભાવ સમકિત, પૌદ્‌ગલિક અને અપૌદ્‌ગલિક સમકિત, સમકિતના ગુણસ્થાનનો ઉલ્લેખ આ ગ્રંથમાં થયો છે. સામાયિકના ચાર ભેદ-સમકિત સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિ અને સર્વવિરતિ સામાયિક છે. તેમાં સર્વ પ્રથમ સમકિત સામાયિક છે. આ ગ્રંથમાં સમકિત વિષે વિશદ જાણકારી છે.

**(૯) સમકિત પરીક્ષા :**

આ કૃતિ વિબુધવિમલસૂરિ દ્વારા રચાઈ છે. તેનું બીજુ નામ 'ઉપદેશક શતક' છે. જેમાં સમકિત વિષે ભરપૂર સામગ્રી મળે છે.

પ્રથમ અધિકારમાં સમકિતનું સ્વરૂપ તથા યથાપ્રવૃત્તિ કરણ ઈત્યાદિ ત્રણ કરણનું નિરુપણ થયું છે. બીજા અધિકારમાં શમઆદિ પાંચ લક્ષણ તથા શંકા આદિ પાંચ અતિચારોનું નિરુપણ થયું છે. ત્રીજા અધિકારમાં નિઃશંકા આદિ આઠ અંગોનું પ્રતિપાદન થયું છે. ચતુર્થ અધિકારમાં સમકિતનો મહિમા ગાયો છે. તેમાં આનંદ, કામદેવ આદિ શ્રાવકો સમકિતધારી હતા તેવું કહ્યું છે.[૯]

## દિગંબર સાહિત્ય :

દિગંબર પરંપરામાં કુંદકુંદાચાર્યનું મહત્ત્વ વિશેષ છે. તેઓ વાચક ઉમાસ્વાતિ પછી થયા છે. વિદ્વાનો તેમનો સમય વિક્રમની ત્રીજી શતાબ્દીનો પૂર્વાર્ધ અથવા ઈ.સ.ની બીજી શતાબ્દીનો ઉત્તરાર્ધ માને છે. પ્રવચનસારની પ્રસ્તાવનામાં તેમનો સમય ઈ.સ.ના પ્રારંભનો મનાય છે.[૧૦]

તેમના દર્શનપ્રાભૃત આદિ ષટ્પ્રાભૃત, સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, રત્નસાર, પંચાસ્તિકાય આદિ ગ્રંથોમાં સમકિત વિષેની માહિતી ઉપલબ્ધ થાય છે.

- દર્શન પ્રાભૃતમાં કહ્યું છે - છ દ્રવ્ય, નવપદાર્થ, પાંચ અસ્તિકાય અને સાત તત્ત્વ જિનેશ્વર દ્વારા પ્રતિપાદિત થયા છે. તેના પર યથાર્થ શ્રદ્ધા કરે છે તેને સમકિતી કહેવાય છે. પરંતુ જીવાદિ પદાર્થોની શ્રદ્ધાને વ્યવહારનયથી સમકિત કહેવાય છે. નિશ્ચયનયથી આત્માનુભૂતિ એ જ સમકિત છે.[૧૧]

અહીં આત્માની વિશુદ્ધિ જ નિશ્ચય સમકિત છે, તેના કારણે ઉત્પન્ન થતો જીવાદિ તત્ત્વોની સત્યતામાં વિશ્વાસ એ વ્યવહાર શ્રદ્ધા છે.

- સમયસાર અને પંચાસ્તિકાયમાં પણ આ વાતનું સમર્થન જોવા મળે છે, પરંતુ સમયસારમાં આત્મા ઉપરાંત તત્ત્વોની શ્રદ્ધાને નિશ્ચયનયથી સમકિત કહેલ છે[૧૨]. નિયમસાર ગ્રંથમાં પણ તે કથનની પુષ્ટિ કરી છે.
- આમ, આગમ અને તત્ત્વોની શ્રદ્ધાથી સમકિત થાય છે. આમ સમસ્ત દોષોથી રહિત અને સર્વ ગુણોથી યુક્ત હોય છે[૧૩]. આમ અઢાર દોષ રહિત છે. ક્ષુધા, તૃષા, ભય, રોષ, રાગ, મોહ, ચિંતા, વૃદ્ધાવસ્થા, રોગ, મૃત્યુ, પ્રસ્વેદ, ખેદ, મદ, રતિ, ઐશ્વર્ય, નિદ્રા, જન્મ અને ઉદ્વેગ આ અઢાર દોષ છે[૧૪].

કવિ ઋષભદાસે અભિધાન ચિંતામણિ નામમાલા ગ્રંથના આધારે ચોપાઈ-૩માં અઢાર દોષ વર્ણવ્યા છે. હિંસા, અસત્ય, અદત્તગ્રહણ, માન, માયા, મદ, ભય, અજ્ઞાન, રતિ, અરતિ, મત્સરતા, નિદ્રા, ભોગ, પ્રેમ, શોક, ક્રોધ, હાસ્ય અને લોભ.

આ રીતે બંને ગ્રંથોમાં અઢાર દોષોમાં થોડો ફરક છે. અઢાર દોષ રહિત સુદેવ છે; એવું બંને પરંપરા માને છે.

• નિયમસારમાં આચાર્ય વિપરીત અભિનિવેશથી રહિત શ્રદ્ધાન તથા ચલ, મલિન અને અગાઢ દોષ રહિત શ્રદ્ધાને પણ સમકિત કહે છે.[૭૨]

અભિપ્રાયમાંથી વિપરીતપણું છૂટતાં આભાસમાત્ર તત્ત્વાર્થશ્રદ્ધા પણ સમકિત છે. સમકિત મોહનીય એ દેશઘાતી પ્રકૃતિ છે. તેનો ઉદય થતાં સમકિતનો ઘાત થતો નથી પરંતુ કિંચિત્ મલિનતા રહે છે, તેથી સમલ તત્ત્વાર્થ શ્રદ્ધાન તે ક્ષયોપશમ સમકિત છે. જેને શાસ્ત્રીય ભાષામાં ચલ, મલિન, અને અગાઢ દોષ કહેવાય છે.

• મોક્ષપ્રાભૃત ગ્રંથમાં ગ્રંથકાર કહે છે -

हिंसारहिय धम्मे अट्ठारह दोस विज्जए दे ये ।[૭૩]
निग्गंथे पव्वयणे सद्दहणं होई सम्मत्तं ॥

અર્થ : હિંસા રહિત ધર્મમાં, અઢારદોષ રહિત દેવમાં અને નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરવી, તે સમકિત છે.

અહીં આપ્ત, આગમ તથા અહિંસા ધર્મની શ્રદ્ધા તે સમકિત છે.

• રયણસાર ગ્રંથમાં કહ્યું છે. -

सम्मत्त गुणाइ सुगइ मिच्छादो होइ दुग्गइ णियमा ॥ ८८॥[૭૪]
णियतच्चुवलद्धि विणा सम्मत्तुवलद्धि णत्थि णियमेण ।
सम्मत्तुवलद्धि विणा णिव्वाणं णत्थि जिणु दिट्ठ ॥ ९०॥

અર્થ : નિયમથી સમકિતથી સુગતિ અને મિથ્યાત્વથી દુર્ગતિ થાય છે. જેણે સ્વતત્ત્વોપલબ્ધિ પ્રાપ્ત કરી નથી, તે સમકિતોપલબ્ધિને પ્રાપ્ત કરી શકતો નથી. સમકિતોપલબ્ધિ વિના નિર્વાણ પણ પ્રાપ્ત ન થાય.

• દર્શનપ્રાભૃતમાં સમકિતનું માહાત્મ્ય દર્શાવતાં કહ્યું છે. -

જેવી રીતે વૃક્ષના મૂળથી શાખા, પુષ્પ આદિ પરિવારવાળા તથા બહુગુણી સ્કન્ધ ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે શ્રદ્ધાનને જિનધર્મમાં મોક્ષમાર્ગનું મૂળ કહ્યું છે.[૭૫]

મોક્ષરૂપી કલ્પવૃક્ષનું મૂળ સમકિત છે. તેનાથી અનેક ગુણો પાંગરે છે.

શ્વેતામ્બર આગમ ગ્રંથોની જેમ કુંદકુંદાચાર્યે પણ ગ્રંથિભેદથી સમકિતની ઉત્પત્તિ, સમ્યગ્દર્શન પછી જ સમ્યગ્જ્ઞાન, દર્શનશુદ્ધિથી નિર્વાણ, નિશ્ચય અને વ્યવહાર એવા સમકિતના ભેદ, નિઃશંકા આદિ સમકિતના આઠ અંગ આદિનો ઉલ્લેખ આ ગ્રંથોમાં કર્યો છે.

(૧) ષટ્ખંડાગમ(ધવલાટીકા) -

મહાકર્મ પ્રકૃતિ પ્રાભૃત (ષટ્ખંડાગમ) અને કષાય પ્રાભૃત આ બે ગ્રંથો પૂર્વમાંથી ઉદ્ધૃત મનાય છે. જેના રચયિતા આચાર્ય પુષ્પદંત અને ભૂતબલિ હતા. તેઓ વીર નિર્વાણ પછી ૬૦૦થી ૭૦૦ વર્ષની વચ્ચે થયા છે.

ગ્રંથકારે ચૌદ માર્ગણાઓનું વર્ણન કર્યુ છે. જેમાં બારમી સમકિત માર્ગણા છે. તેમાં ટીકાકાર કહે છે -

प्रशम संवेगानुकंपास्तिक्याभिव्यकित लक्षणे सम्यक्त्वम् ।[૭૬]

અર્થ : પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિકયની પ્રગટતા જેનું લક્ષણ છે, તે સમકિત છે.

અહીં સમકિત લક્ષ્ય છે. પ્રશમાદિ લક્ષણ છે. પ્રશમાદિ ગુણોની અભિવ્યક્તિ જ સમકિત છે. ચિત્તશુદ્ધિ, ચિત્તપ્રસાદ, સત્યગ્રહણની યોગ્યતાનો વિસ્તાર પ્રશમાદિ છે. ષટ્ખંડાગમસૂત્રમાં ૧૪ ગુણસ્થાન, સમકિતના ભેદનું કથન કર્યું છે.

(૨) કષાયપાહુડ (જયધવલાટીકા) :

કષાયપ્રાભૃત જે ષટ્ખંડાગમના દષ્ટિવાદ નામના બારમા અંગસૂત્રમાંથી ઉદ્ભવિત થયું છે. જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વની દશમી વસ્તુના પેજ્જદોષ નામના ત્રીજા પ્રાભૃતથી કષાય પ્રાભૃતની ઉત્પત્તિ થઈ છે, તેથી તેને પેજ્જદોષપ્રાભૃત પણ કહેવાય છે. જેના રચયિતા આચાર્ય ગુણધર છે.[૭૭]

કષાય પ્રાભૃતમાં દર્શનમોહનીયના ઉપશમની ચર્ચા સમકિત નામના દસમા મહાઅર્થાધિકારમાં થઈ છે.

दंसणमोहस्सुवसामगो दु चदुसु वि गदिसु बोद्धव्वो ।[૭૮]
पंचिदिओ य सण्णी नियमा सौ होई पज्जत्तो ॥

અર્થ : દર્શનમોહનીય કર્મનો ઉપશમ ચારે ગતિના સંજ્ઞી, પંચેન્દ્રિય, પર્યાપ્ત જીવો નિયમા કરી શકે.

દર્શનમોહનીયની ઉપશાંતતાની સ્થિતિમાં મિથ્યાત્વ નિમિત્તક બંધ થતો નથી[૭૯].

શિવશર્મસૂરિ કૃત કર્મપ્રકૃતિ ગ્રંથમાં પણ ઉપશમના કરણનું વિવેચન થયું છે. ઉપશમ સ્થિતિમાં કર્મ થોડા સમય માટે દબાવીને રહે છે. મોહનીય કર્મની જ સર્વોપશમના થાય છે.

(૩) પુરુષાર્થસિદ્ધયુપાય :

તેને 'જિન પ્રવચન રહસ્યકોશ' અથવા 'શ્રાવકાચાર' કહેવાય છે. તેના કર્તા દિગંબર અમૃતચંદ્રસૂરિ છે.

આ ગ્રંથમાં સમકિતનું સ્વરૂપ[૮૦], સમકિતના નિઃશંકિત આદિ આઠ અંગો[૮૧], સાત તત્ત્વો તથા અતિચારોનું આલેખન થયું છે. સમકિતની વ્યાખ્યા કરતાં કહ્યું છે -

આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો, તે સમ્યગ્દર્શન છે. આત્માના સ્વરૂપનું વિશેષજ્ઞાન, તે સમ્યગ્જ્ઞાન છે[૮૨]. સમ્યગ્જ્ઞાન કાર્ય છે, સમ્યગ્દર્શન એનું કારણ છે.[૮૩] આત્માનુભૂતિ એ જ સમ્યગ્દર્શન છે.

(૪) ગોમટ્ટસાર :

નેમિચન્દ્રાચાર્ય રચિત ગોમટ્ટસારમાં યથાપ્રવૃત્તિકરણને અધઃપ્રવૃત્તિકરણની સંજ્ઞા આપી છે[૮૪]. ગોમટ્ટસારના જીવકાંડ વિભાગમાં ગુણસ્થાનનું સ્વરૂપ દષ્ટાંત સહિત દર્શાવેલ છે.

(૫) જ્ઞાનાર્ણવ :

તેનુ બીજું નામ યોગાર્ણવ છે. આચાર્ય શુભચંદ્રની રચના છે.

સમકિત પ્રાપ્તિ માટે ૨૫ દોષોનો પરિહાર આવશ્યક છે.

द्रव्यादिकमथासाद्य तज्जीवैः प्राप्यते क्वचित् ।[૮૫]
पंचविंशति मुत्सृज्य दोषास्तच्छक्तिघातकम् ॥

અર્થ : આઠ મદ, ત્રણ પ્રકારની મૂઢતા, છ અનાયતન (કુદેવ, કુગુરુ અને કુધર્મની માન્યતા તેમજ કુદેવ સેવક,

કુગુરુ સેવક, કુધર્મ સેવક)ની પૂજા કરવી તેમજ આઠ પ્રકારના શંકા આદિ દોષો મળી પચ્ચીસ દોષ થાય. આ પચ્ચીસ દોષો પાતળા પડે ત્યારે સમકિત પ્રગટે છે.

(૬) રત્નકરંડક શ્રાવકાચાર :

તેનું બીજું નામ રત્નકરંડક ઉપાસકાધ્યયન છે. તેના રચયિતા આચાર્ય સમન્તભદ્ર છે. તેના સાત પરિચ્છેદ છે. તેમાં પ્રથમ પરિચ્છેદ સમકિત પર છે.

પરમાર્થ આપ્ત, આગમ અને પરમાર્થ તપસ્વીઓના જે અષ્ટ અંગ સહિત, ત્રણ મૂઢતા રહિત અને આઠ મદ રહિત શ્રદ્ધાન છે, તે સમકિત કહેવાય.[૮૬]

આ ગ્રંથમાં સમ્યગ્દૃષ્ટિ જીવના વિશેષ કર્તવ્યોનું નિરુપણ થયું છે.

भयाशास्नेह लोभाच्च कुदेवागम लिंगिनाम् ।[૮૭]
प्रणामं विनयं चैव न कुर्युः शुद्धदृष्टये: ॥

અર્થ : શુદ્ધ સમકિતી જીવોએ ભયથી, આશાથી, સ્નેહથી, લોભથી, કુદેવ, કુઆગમ અને કુલિંગીઓને પ્રણામ તથા વિનયાદિરૂપ આદર ન કરવો.

સમકિત શ્રેષ્ઠ છે. મોક્ષમાર્ગમાં તેને કર્ણધાર કહ્યો છે[૮૮]. ત્રણ લોકમાં સમકિત સમાન શ્રેયકારી કોઈ વસ્તુ નથી[૮૯]. શુદ્ધ સમકિતી અવ્રતી હોવા છતાં નરક, તિર્યંચગતિ, નપુંસક અને સ્ત્રીની પર્યાયને પ્રાપ્ત કરતા નથી તેમજ ભવાંતરમાં નીચા કુળમાં, અંગોની વિકલતા, અલ્પ આયુષ્ય અને દરિદ્રતા પ્રાપ્ત કરતા નથી[૯૦].

(૭) આચાર દિનકર :

આ ગ્રંથ વર્ધમાનસૂરિ દ્વારા રચિત છે. જેમાં વિવિધ આચારો ગ્રહણ કરવાની વિધિ છે. તેનો રચનાકાળ વિ.સ. ૧૪૬૮ છે. તેમાં સમકિત ગ્રહણ કરવાની વિધિ છે. તેને સમકિતનું પ્રતિજ્ઞાસૂત્ર કહેવાય છે. આ પ્રતિજ્ઞા ગુરુભગવંત સમક્ષ ગ્રહણ કરાય છે.

હે ભગવાન! હું આપની સમક્ષ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરું છું અને સમકિતને ગ્રહણ કરું છું. મને આજથી પરતીર્થિક, તેમના દેવતા તથા પરતીર્થિકો દ્વારા ગૃહિત અરિહંત ચૈત્યોને વંદન-નમસ્કાર કરવા કલ્પતા નથી. દ્રવ્યથી અન્ય તીર્થકો સાથે પૂર્વમાં આલાપ કરવો, તેની સાથે વાત કરવી, વારંવાર વાત કરવી, તેમને ભોજન આપવાં અથવા લેવાં, ક્ષેત્રથી અહીંનું ક્ષેત્ર, કાળથી યાવત્ જીવન સુધી, ભાવથી જ્યાં સુધી ભૂત-પિશાચ આદિના ઉપસર્ગથી ગ્રસિત ન થાઉં, કપટથી છેતરાઈ ન જાઉં અથવા અન્ય કોઈ પણ કારણોથી મારા પરિણામ વિચલિત ન થાય ત્યાં સુધી મારું સમકિત અખંડ છે. અપવાદરૂપમાં રાજાભિયોગ, બલાભિયોગ, ગણાભિયોગ, દેવતાભિયોગ, ગુરુનિગ્રહથી, દુષ્કાળ અથવા વનમાં ફસાઈ જવા પર આગારથી આ સર્વનો ત્યાગ કરું છું.[૯૧]

अरिहंतो मह देवो नवज्जीवं सुसाहुणो गुरुणां ।[૯૨]
जिण पन्नत्तं तत्तं इय संमत्तं मए गहियं ॥

અર્થ : અરિહંત મારા દેવ છે. સુસાધુ મારા ગુરુ છે. જિન પ્રરૂપિત તત્ત્વ મારો ધર્મ છે. આ સમકિત છે. તેને હું ગ્રહણ કરું છું.

આ પ્રમાણે સમકિત વિધિનો ઉલ્લેખ આ ગ્રંથમાં થયો છે. સમકિતની આ વિધિ સંભવ છે કે આગળ જતાં

ગુરુમંત્રના રૂપમાં પ્રસિદ્ધ થઈ હોય. આ વ્યવહાર અપેક્ષાએ છે. વાસ્તવમાં સમકિત એ લેવા દેવાની ચીજ નથી, આત્માના પરિણામછે. તે સ્વયંના પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. આ ગ્રંથમાં સમકિતના પાંચ લક્ષણ, પાંચ ભૂષણ, પાંચ દૂષણ, આઠ આચારો પર પ્રકાશ પાડેલ છે.

શ્રી આચારાંગ, શ્રીસૂત્રકૃતાંગ, શ્રી દશવૈકાલિકસૂત્રોમાં સમકિત અને મુનિ જીવનનું એકીકરણ દષ્ટિપાત થાય છે. આત્મોપમ્યની ભાવનાથી ઓતપ્રોત અહિંસા, વિવેક અને તપથી યુક્ત ચારિત્ર શ્રેષ્ઠ છે. તે જ સમકિત છે. વ્રતધારી શ્રાવકો પણ સમકિતી છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં તત્ત્વશ્રદ્ધાના રૂપમાં સમકિતને સ્વીકારેલ છે. અન્ય આગમગ્રંથોમાં સમકિતના ભેદ, અંગ, લક્ષણ, અતિચાર દર્શાવેલ છે. આગમેત્તર સાહિત્ય અને દિગંબર સાહિત્યમાં પણ સમકિતનું સ્વરૂપ વિશદતાથી દર્શાવેલ છે.

## જૈનેત્તર દર્શનોમાં સમ્યક્ત્વ જેવી ભૂમિકા

મોક્ષમાર્ગની પગદંડીનું પ્રથમ સોપાન એટલે સમ્યગ્દર્શન. જૈનદર્શનના આગમોમાં સમ્યક્ત્વનું સ્થાન જોયા પછી જૈનેત્તર દર્શનોમાં સમ્યક્ત્વના સ્વરૂપ વિષે વિચારીએ.

(૧) બૌદ્ધધર્મ :

શ્રમણ સંપ્રદાયની મુખ્ય બે શાખાઓ છે. (૧) જૈન (૨) બૌદ્ધ. ગૌતમબુદ્ધ બૌદ્ધધર્મના સંસ્થાપક, તેમજ ભગવાન મહાવીરના સમકાલીન હતા.

• જૈન આગમોમાં શ્રી આચારાંગસૂત્રનું ચતુર્થ અધ્યયન 'સમ્યક્ત્વ' છે. તેમ બૌદ્ધ પિટકોમાં મજ્ઝિમનિકાયમાં **सम्मादिट्ठि**- નામનું નવમું સુત્ત છે.

• જૈનદર્શનમાં સમ્યગ્દર્શનથી યુક્ત જીવને સમ્યગ્દ ષ્ટિ કહેવાય છે. બૌદ્ધ પરંપરામાં સમ્યગ્દ ષ્ટિનું લક્ષણ દર્શાવતાં કહ્યું છે – જેની દૃષ્ટિ સત્ય છે, જે ધર્મમાં અત્યંત શ્રદ્ધાવાન છે, તે આર્ય શ્રાવક સમ્યગ્દ ષ્ટિ છે.[૯૧]

• જે આર્ય શ્રાવક અકુશલ (પાપ) અને અકુશલના મૂળને જાણે છે, તેમજ કુશલ (પુણ્ય) અને કુશલના મૂળને જાણે છે તે સમ્યગ્દ ષ્ટિ છે.[૯૨]

અહીં અકુશલ અને કુશલની વ્યાખ્યા કરતાં ગ્રંથકાર કહે છે –

• પ્રાણાતિપાત, અદત્તાદાન, મિથ્યાચાર, મૃષાવાદ, પૈશુન્ય, સંપ્રલાપ, અભિધ્યા, વ્યાપાદ (હિંસા) અને મિથ્યાદ ષ્ટિ અકુશલ છે. લોભ, દ્વેષ અને મોહ અકુશલના મૂલ છે. જે જૈનદર્શનના ૧૮ પાપ સાથે તુલનીય છે.

• એનાથી વિપરીત પ્રવૃત્તિ કુશલ છે. અલોભ અદ્વેષ અને અમોહ કુશલમૂલ છે. જે ઉભયને જાણે છે તે રાગાનુશયનો પરિત્યાગ કરી, 'અસ્મિ' અર્થાત્ 'હું છું' નો સ્વીકાર કરી, અવિદ્યાને નષ્ટ કરી વિદ્યા ઉપાર્જન કરે છે. આવા આર્ય શ્રાવકો દુઃખોનો અંત કરે છે. તેને સમ્યગ્દ ષ્ટિ કહેવાય છે.[૯૩]

• બૌદ્ધદર્શનમાં ચાર આર્ય સત્ય દર્શાવેલ છે. દુઃખ છે, દુઃખનું કારણ છે, દુઃખ નિવૃત્તિ છે, દુઃખ નિવૃત્તના ઉપાય છે. આ ચાર આર્ય સત્યને જાણવાવાળો, શ્રદ્ધા કરવાવાળો સમ્યગ્દ ષ્ટિ છે.

• આહાર, જન્મમરણ, તૃષ્ણા, વેદના, સ્પર્શ, ષડાયતન, નામ-રૂપ, વિજ્ઞાન, સંસ્કાર, અવિદ્યા અને

આશ્રવને જાણનાર અને તેના નિવૃત્તિના ઉપાયને જાણી તેના પર શ્રદ્ધા કરનાર સમ્યગ્દૃષ્ટિ છે.

• વિરતિને ધારણ કરનાર મુનિ જ સમ્યગ્દૃષ્ટિ હોય છે; એવું શ્રી આચારાંગસૂત્રની જેમ મજ્ઝિમનિકાયમાં પણ કહ્યું છે. અહીં બંનેની માન્યતા સમાન છે.

• મજ્ઝિમનિકાયમાં કહ્યું છે- ઉપાસક (શ્રાવક)ને સાધનાથી નિર્વાણ અને સંપૂર્ણ દુ:ખોથી મુક્તિ અસંભવે છે. શ્રાવકને સુગતિ પ્રાપ્ત થાય પરંતુ ભિક્ષુ સંપૂર્ણ દુ:ખોનો ક્ષય કરી શકે છે.[૯૪]

ઉપરોક્ત કથન પરથી સ્પષ્ટ થાય છે કે, બૌદ્ધદર્શન ઉપાસકની સાધનાને અપૂર્ણ માને છે. શ્રમણની ઉપસાનાને સંપૂર્ણ માને છે, જે જૈનદર્શન સાથે સમાનતા ધરાવે છે.

• બૌદ્ધદર્શન ચાર આર્ય સત્યની સ્વીકૃતિને સમ્યગ્દૃષ્ટિ તરીકે સ્વીકારે છે, તેમ જૈનદર્શનમાં ષટ્સ્થાનકની સ્વીકૃતિને સમ્યગ્દૃષ્ટિ કહેલ છે. (૧) આત્મા છે (૨) આત્મા નિત્ય છે (૩) આત્મા કર્મોનો કર્તા છે (૪) આત્મા કર્મોનો ભોક્તા છે (૫) મોક્ષ છે (૬) મોક્ષનો ઉપાય છે. આ છ સ્થાન પર દૃષ્ટિકોણની વિશુદ્ધતા અને સદાચાર નિર્ભર છે. આ ષટ્સ્થાન જૈન નૈતિકતાના કેન્દ્રબિંદુ સમાન છે.

• સંયુક્તનિકાય ગ્રંથમાં કહ્યુ છે- આ સંસાર તૃષ્ણા, આસક્તિ અને મમત્વથી ભરેલો છે. જે આર્ય શ્રાવક તેનાથી વિરક્ત રહે છે, તે મોહમાં પડતો નથી, તે કોઈ શંકા કે આકાંક્ષા રાખતો નથી, તેને સ્વયં ભીતરમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે; તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.[૯૫]

સમ્યગ્દૃષ્ટિના ઉપરોક્ત લક્ષણ સમ્યક્ત્વના સમ, સંવેગ, નિર્વેદ અને આસ્થા લક્ષણ સાથે સામ્યતા ધરાવે છે.

• બુદ્ધ, ધર્મ અને સંઘમાં શ્રદ્ધા રાખવાથી દુ:ખોનો નાશ થાય છે.[૯૬]

જૈનદર્શનમાં જેમ દેવ-ગુરુ અને ધર્મની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેલ છે. તેમ બૌદ્ધદર્શનમાં બુદ્ધ (દેવ), સંઘ (ગુરૂ) અને ધર્મની શ્રદ્ધા સ્વીકારી છે.

• વિશુદ્ધિ માર્ગમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ દર્શાવતા કહ્યું છે– સંદેહ રહિત જ્ઞાન સમ્યગ્દર્શન છે. જે યથાર્થ જાણે છે; તેને સમ્યગ્દર્શન કહેવાય છે.[૯૭]

જૈનદર્શનમાં સત્યદૃષ્ટિ અને શ્રદ્ધાપૂર્વકનું જ્ઞાન સમ્યગ્દર્શન છે, ઉપર્યુક્ત કથન જૈન અને બૌદ્ધ ધર્મમાં સમાન છે.

શ્રદ્ધાના અર્થમાં સમ્યગ્દર્શનને લેતાં બૌદ્ધદર્શન, જૈનદર્શન સાથે સુમેળ ધરાવે છે.

• શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા[૯૮], આ પાંચે ઈન્દ્રિયો આધ્યાત્મિક વિકાસની મુખ્ય શક્તિ છે.[૯૯] જૈન પરંપરામાં તેને ક્રમશઃ સમ્યગ્દર્શન, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ કહેવાય છે. સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધા, વિરતિ એટલે વીર્ય, અપ્રમાદ એટલે સ્મૃતિ, સ્વસ્વરૂપમાં સ્થિરતા એટલે સમાધિ છે. પ્રજ્ઞા એટલે અયોગ.

બૌદ્ધદર્શનમાં આધ્યાત્મિક વિકાસની ચાર ભૂમિકાઓ દર્શાવેલ છે.[૧૦૦]

૧) સ્રોતાપન્ન : નિર્વાણગામી પ્રવાહ. આ ભૂમિકાએ રહેલા સાધકને બુદ્ધ, સંઘ અને ધર્મમાં અવિચલ શ્રદ્ધા હોય છે. તેના વધુમાં વધુ ૭ ભવ બાકી હોય છે.

૨) સકૃદાગામી : ફક્ત એકજ વાર જન્મ લેવાવાળો. આ ભૂમિકામાં યોગીને ક્લેશ ક્ષીણ કરવાનો પ્રબળ

પુરુષાર્થ પ્રગટે છે. જેમ જેમ કષાયો (કલેશો) ક્ષીણ થાય છે, તેમ તેમ પ્રજ્ઞાનો પ્રકાશ તીવ્ર બને છે.

૩) અનાગામી : પુનર્જન્મ ન લેવાવાળો.આ ભૂમિકામાં યોગી સંપૂર્ણ કર્મનો ક્ષીણ કરી નિર્વાણ પ્રાપ્ત કરે છે.

૪) અર્હત્ : અનાગામી સાધક જ્યારે રૂપરાગ (બ્રહ્મલોકની ઈચ્છા), અરૂપરાગ (દેવલોકની ઈચ્છા), ચિત્તની ચંચળતા અને અવિદ્યાનો નાશ કરી, સંપૂર્ણ ક્લેશોનો ક્ષય કરે છે, ત્યારે તેને પૂર્ણ પ્રજ્ઞાનો વિનિયોગ થાય છે. તે સંસારમાં જળકમળવત્ અલિપ્ત રહે છે. તે સાધક તે જ ભવે નિર્વાણ પ્રાપ્ત કરે છે.

આ ચારે ભૂમિકા જૈનદર્શનના ચૌદ ગુણસ્થાન સાથે તુલનીય છે.

• જૈનદર્શન અનુસાર સ્રોતપન્ન અવસ્થા એ શ્રદ્ધા છે. જે ચોથા ગુણસ્થાન સાથે તુલનીય છે. સકૃદાગામી અવસ્થા નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાન સાથે તુલનીય છે. અનાગામી અવસ્થા તે બારમા ક્ષીણવર્તી ગુણસ્થાન સાથે તુલનીય છે. અર્હત્ અવસ્થા તે તેરમા સયોગી કેવળી ગુણસ્થાન સાથે તુલનીય છે.

• જૈનદર્શનમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા આદિ સમ્યક્ત્વના પાંચ અતિચાર (દોષ) દર્શાવેલ છે તેમ બૌદ્ધ પરંપરામાં પાંચ નિવારણ છે. ૧) કામછંદ (કામભોગોની ઈચ્છા), ૨) વ્યાપાદ (હિંસા), ૩) સ્ત્યાનગૃદ્ધ (માનસિક, ચૈત્તસિક આળસ), ૪) ઔદ્ધત્ય - કૌકૃત્ય (ચિત્તની ચંચળતા), ૫) વિચિકિત્સા (શંકા).[૧૦૧]

તુલનાત્મક દષ્ટિએ કામછંદ એ કાંક્ષા અતિચાર છે. વિચિકિત્સા બંને દર્શનોને માન્ય છે. જૈન પરંપરામાં સંશય અને વિચિકિત્સા જુદા જુદા સ્વીકારેલ છે. બૌદ્ધ પરંપરામાં બંનેનો એકમાં સમાવેશ થયો છે.

• બૌદ્ધદર્શનમાં આર્ય અષ્ટાંગિક માર્ગમાં સમ્યગ્દર્શનનો અર્થ યથાર્થ દષ્ટિકોણ સ્વીકારેલ છે. દુઃખનો છેદ કરવાનો ઉપાય અષ્ટાંગિક માર્ગ છે.

૧) સમ્યગ્દષ્ટિ, ૨) સમ્યક્ સંકલ્પ, ૩) સમ્યક્ વાણી, ૪) સમ્યક્ કર્મ, ૫) સમ્યક્ આજીવ, ૬) સમ્યક્ વ્યાયામ, ૭) સમ્યક્ સ્મૃતિ, ૮) સમ્યક્ સમાધિ.[૧૦૨]

આર્ય અષ્ટાંગિક માર્ગનું પ્રથમ સોપાન સમ્યગ્દષ્ટિ છે. સંયુક્તનિકાયમાં કહ્યું છે કે - શ્રદ્ધા પુરુષનો મિત્ર છે, પ્રજ્ઞા તેના પર નિયંત્રણ કરે છે.[૧૦૩]

બૌદ્ધદર્શનમાં નૈતિક જીવનમાં સમ્યક્દષ્ટિ આવશ્યક માની છે. સમ્યક્દષ્ટિ માટે કુશલ શબ્દ નિયુક્ત થયો છે. આ રીતે બૌદ્ધ અને જૈન ધર્મની વિચારણા સમાન અને નિકટ છે.

(૨) સાંખ્યદર્શન :-

સાંખ્યદર્શનમાં સમ્યગ્દર્શન કે શ્રદ્ધાનો ઉલ્લેખ મળતો નથી પરંતુ સમ્યક્જ્ઞાન અને ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે;[૧૦૪] તેવો ઉલ્લેખ જોવા મળે છે.

• સાંખ્યદર્શન સમ્યક્જ્ઞાન અને ચરિત્રને વિવેકખ્યાતિની સંજ્ઞા આપે છે. વિવેકખ્યાતિ શું છે? સાંખ્યદર્શનમાં પચ્ચીસ તત્ત્વ દર્શાવેલ છે. તેના અભ્યાસથી હું (સૂક્ષ્મ શરીર) નથી કારણકે તે મારું નથી. હું (પ્રકૃત્તિ પણ) નથી, એવું સંશયરહિત જ્ઞાન ઉત્પન્ન થાય છે. સંશયરહિત, તત્ત્વજ્ઞાનયુક્ત વિવેક તે વિવેકખ્યાતિ છે. જે તત્ત્વાર્થસૂત્રના કથન સાથે સામ્યતા ધરાવે છે.

સાંખ્યદર્શન જેને વિવેકખ્યાતિ કહે છે, તેને જૈનદર્શન સમ્યગ્દર્શન કહે છે.

• વિવેકખ્યાતિ પુરુષ (આત્મા)ને મોક્ષ તરફ લઈ જાય છે. અવિવેક સંસાર પરિભ્રમણનું કારણ છે.[૧૦૫]

અવિવેક તે જૈનદર્શન અનુસાર મિથ્યાત્વ છે. મિથ્યાત્વ સંસાર પરિભ્રમણનું કારણ છે. પુરુષને બંધન અવિવેકથી થાય છે.[૧૦૬] વિવેકથી સંપૂણ દુઃખોથી નિવૃત્તિ થતાં મોક્ષ પ્રાપ્ત થાય છે.[૧૦૭] પુરુષ અવિવેકથી પ્રકૃત્તિ સાથે સંપર્ક કરે છે.[૧૦૮]

જૈનદર્શન અનુસાર વિવેકથી ભેદજ્ઞાન થાય છે. ભેદજ્ઞાન એ નિશ્ચય સમ્યક્ત્વ છે. અર્થાત્ વિવેક એ સમ્યગ્દર્શન છે.

• તત્ત્વાર્થસૂત્ર અનુસાર સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચરિત્ર મોક્ષમાર્ગ છે. સાંખ્યદર્શન અનુસાર વિવેક, જ્ઞાન અને વિરતિ મોક્ષમાર્ગ છે.

• સંપૂર્ણ કર્મનો ક્ષય એટલે મોક્ષ; એવું જૈનદર્શન માને છે. સાંખ્યદર્શન અનુસાર ત્રિવિધ દુઃખોથી સંપૂર્ણ નિવૃત્તિ એટલે મુક્તિ.[૧૦૯]

• સાંખ્યસૂત્રમાં તત્ત્વોપદેશથી રાજપુત્રને વિવેક ઉત્પન્ન થયો.[૧૧૦] તેવી જ રીતે પિશાચને ગુરુના ઉપદેશથી વિવેક ઉત્પન્ન થયો.

અહીં વિવેકની ઉત્પત્તિમાં પરોપદેશનું કથન છે. જે જૈનદર્શનના અધિગમ સમ્યક્ત્વ સાથે તુલનીય છે. આ પ્રમાણે સાંખ્યદર્શન અને જૈનદર્શનની માન્યતામાં કેટલીક સમાનતા છે.

૩) યોગદર્શન :-

સાંખ્યદર્શન અને યોગદર્શન પરસ્પર ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. યોગદર્શનમાં છવ્વીસ તત્ત્વો દર્શાવેલ છે. સાંખ્યદર્શનમાં પચ્ચીસ તત્ત્વો અને ઈશ્વર તત્ત્વ મળી છવ્વીસ તત્ત્વો છે.

• સાંખ્યદર્શનની જેમ યોગદર્શનમાં પણ વિવેકજ્ઞાનથી મુક્તિ સ્વીકૃત છે. વિવેકજ્ઞાન યોગાભ્યાસથી થાય છે. યોગ સાધના વિના તત્ત્વોનું જ્ઞાન, વિવેકજ્ઞાન અને દુઃખથી મુક્તિ અસંભવ છે.[૧૧૧]

• બૌદ્ધદર્શનમાં સમ્યગ્દૃષ્ટિ માટે કુશલ શબ્દ વપરાયો છે. યોગભાષ્યમાં ક્લેશરહિત વિવેકીને કુશલ અને ક્લેશરહિત અવિવેકીને અકુશલ કહેલ છે.[૧૧૨] ચિત્તની સંપ્રસાદ અવસ્થા તે શ્રદ્ધા છે.[૧૧૩] પ્રકૃતિ અને પુરુષનો સંયોગ તે દુઃખનું કારણ છે.[૧૧૪] આ સંયોગનું કારણ અવિદ્યા છે.[૧૧૫] અવિદ્યાની નિવૃત્તિથી વિવેકજ્ઞાન પ્રાપ્ત થાય છે.[૧૧૬] યોગાભ્યાસથી ચિત્તની શુદ્ધિ થતાં વિવેકજ્ઞાન ઉત્પન્ન થાય છે.[૧૧૭]

સાંખ્યદર્શન અનુસાર વિવેકખ્યાતિ બીજાના ઉપદેશથી ઉત્પન્ન થાય છે. યોગદર્શનમાં યોગાભ્યાસથી વિવેક ઉત્પન્ન થાય છે.

• યોગના આઠ અંગો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ.[૧૧૮] આ ઉપરાંત અભ્યાસ, વૈરાગ્ય અને શ્રદ્ધા પણ યોગના અંગો છે. શ્રદ્ધાની સિદ્ધિ થવાથી વીર્યનો ઉદય, વીર્યની સિદ્ધિથી સ્મૃતિ, સ્મૃતિની સિદ્ધિથી સમાધિ, સમાધિની સિદ્ધિથી પ્રજ્ઞા વિવેક જાગૃત થાય છે.[૧૧૯]

શ્રદ્ધા (વિવેકખ્યાતિ) સર્વ યોગોની જનની છે. જૈનદર્શનમાં આ પાંચને સમ્યગ્દર્શન, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ કહે છે. જે આપણે સંખ્યદર્શનમાં જોઈ ગયા.

• યોગદર્શનમાં પ્રજ્ઞાની વિશુદ્ધ અવસ્થાને ઋતંભરા (સત્યને ધારણ કરવાવાળી પ્રજ્ઞા) પ્રજ્ઞા કહેવાય છે; જે વિવેકખ્યાતિ સાથે તુલનીય છે. વિવેકખ્યાતિના ઉદ્ભવથી સાધકની પ્રજ્ઞા ઋતંભરા બને છે.

જૈનદર્શન અનુસાર સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં પ્રજ્ઞા (જ્ઞાન) સમ્યક્ બને છે. સમ્યક્જ્ઞાન પ્રાપ્તિની પ્રાથમિક ભૂમિકા વિવેકખ્યાતિ છે. જ્યાં સુધી વિવેકખ્યાતિ દૃઢ કે પ્રબળ ન બને, ત્યાં સુધી વ્યુત્થાન સંસ્કારો વિક્ષેપ નાખે છે.[120] નિરંતર અભ્યાસથી વિવેકખ્યાતિ પ્રબળ બનતાં મિથ્યાત્વનો નાશ થાય છે, તેમજ સર્વ ક્લેશો દૂર થાય છે.[121]

જૈનદર્શન અનુસાર ઉપરોક્ત અવસ્થા એ ઉપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વની અવસ્થા છે.

• યોગદર્શનમાં ચિત્તને વિક્ષિપ્ત કરનારી નવ વસ્તુઓ છે; જેને યોગમળ કહેવાય છે. (૧) વ્યાધિ, (૨) સ્ત્યાન, (૩) સંશય, (૪) પ્રમાદ, (૫) આળસ, (૬) અવિરતિ, (૭) ભ્રાંતદર્શન, (૮) અલબ્ધભૂમિકતા, (૯) અનવસ્થિતતા.[122]

જૈનદર્શન અનુસાર ભ્રાંતદર્શન એટલે મિથ્યાત્વ. અવિરતિ એટલે પ્રમાદ-આળસ. કષાય એટલે અલબ્ધભૂમિકતા અને યોગની અનવસ્થિતતા. સંશય એ સમ્યક્ત્વનો શંકા નામનો અતિચાર છે.

યોગદર્શન સમકિતને વિવેકખ્યાતિ કહે છે. વિવેકખ્યાતિના અભ્યાસથી યોગી જીવનમુક્ત અવસ્થા મેળવી શકે છે. જૈનદર્શનમાં સમ્યક્ત્વને અધ્યાત્મનું પરોઢ કહેલ છે. તે જૈનત્વનું પ્રવેશદ્વાર છે.

૪) ન્યાય-વૈશેષિકદર્શન :-

ન્યાયદર્શનના રચયિતા મહર્ષિ ગૌતમ છે. વૈશેષિકદર્શનના પ્રણેતા મહર્ષિ કણાદ છે. બંને દર્શનો એકબીજાના પૂરક છે. વૈશેષિકદર્શન પદાર્થ શાસ્ત્ર છે, તો ન્યાયદર્શન પ્રમાણ શાસ્ત્ર છે.

• જૈન અને બૌદ્ધદર્શન જેને સમ્યગ્દર્શન કહે છે, તેને સાંખ્ય અને યોગદર્શન વિવેકખ્યાતિની સંજ્ઞા આપે છે. તેવી જ રીતે ન્યાય અને વૈશેષિકદર્શન તેને તત્ત્વજ્ઞાનથી અભિહિત કરે છે.

• ષોડશ સત્ પદાર્થોના તત્ત્વજ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.[123] જૈનદર્શનમાં નવ પદાર્થોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવાય છે. સમ્યગ્દર્શન મોક્ષ પ્રાપ્તિનું પ્રવેશ દ્વાર છે. ન્યાયદર્શનમાં એવી જ રીતે તત્ત્વજ્ઞાનથી મોક્ષ પ્રાપ્તિ સ્વીકારેલ છે.

• ન્યાયસૂત્રકાર અનુસાર - દુઃખ, જન્મ, પ્રવૃત્તિ, દોષ અને મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ થવાથી રાગદ્વેષાદિ દોષોની નિવૃત્તિ થાય છે; જેને તત્ત્વજ્ઞાન કહેવાય છે. તત્ત્વજ્ઞાનથી અપવર્ગ (મોક્ષ) મળે છે.[124] તત્ત્વજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન.[125] અર્થાત્ તત્ત્વજ્ઞાનથી આત્મા અને અનાત્મ પદાર્થોના સ્વરૂપને જાણી શકાય છે.

અનાત્મ દેહાદિમાં આત્મબુદ્ધિ કરવી એ મિથ્યાત્વ છે. દેહ આદિમાં અનાત્મ બુદ્ધિ થવી એ તત્ત્વજ્ઞાન છે.[126] સાંખ્ય અને યોગદર્શન તેને વિવેકખ્યાતિ કહે છે.

મિથ્યાત્વ દૂર થતાં મોહ, રાગ આદિ દોષો દૂર થાય છે.[127] દોષ રહિત પ્રવૃત્તિ પુનર્જન્મનું કારણ ન બને.[128] સર્વ દોષોથી મુક્ત હોય તેને જીવનમુક્ત કહેવાય.[129]

તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ માટે યમ, નિયમ આદિ અનુષ્ઠાન આવશ્યક છે. યોગ સાધનાથી આત્મા સંસ્કૃત બને છે. તેમાં તત્ત્વજ્ઞાનની યોગ્યતા પ્રગટે છે.[130] વૈશેષિકસૂત્રકાર કણાદ પણ એવું જ સ્વીકારે છે.[131]

• ન્યાયસૂત્રકાર અનુસાર શાસ્ત્રના શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી તત્ત્વજ્ઞાન પ્રગટે છે.[132] જ્ઞાનગ્રહણ, જ્ઞાનાભ્યાસ અને જ્ઞાનીઓ સાથે સંવાદ કરતાં સંશય દૂર થાય છે, પ્રજ્ઞાનો ઉદય થાય છે; તેવું જૈનદર્શન પણ માને છે.

• પ્રમેય (જાણવાયોગ્ય) આદિ પદાર્થોના તત્ત્વજ્ઞાનથી મોક્ષ થાય છે. આત્મા, ઈન્દ્રિય, અર્થ, બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફળ, દુઃખ અને અપવર્ગ એ પ્રમેય પદાર્થ છે.[૧૩૩] જૈનદર્શન અનુસાર છ દ્રવ્ય અને નવ તત્ત્વનું જ્ઞાન મેળવવાથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. તત્ત્વજ્ઞાન સમ્યક્દર્શનનું કારણ છે.

૫) વેદાંતદર્શન :-

ડૉ. રાધાકૃષ્ણ અનુસાર વેદાંતદર્શનનાં રચયિતા બાદરાયણ અને વ્યાસ એકજ વ્યક્તિ છે. હિંદુ ધર્મમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ દર્શાવેલ છે. મોક્ષ સર્વ શ્રેયસકર છે. મોક્ષ એટલે આત્મસાક્ષાત્કાર.

• ઉપનિષદમાં વિદ્યા (જ્ઞાન)થી મોક્ષ પ્રાપ્તિ સ્વીકારી છે. અજ્ઞાન (અવિદ્યા) બંધનનું કારણ છે. આત્મજ્ઞાન અથવા બ્રહ્મજ્ઞાનએ મોક્ષ છે; એવું વેદોમાં અનેક જગ્યાએ જોવા મળે છે. ઋગ્વેદમાં **प्रज्ञानम् ब्रह्म**- જ્ઞાન બ્રહ્મ છે.[૧૩૪] સામવેદમાં **तत्त्वमसि**- તે તું છે.[૧૩૫] યજુર્વેદમાં **अहम ब्रह्मास्मि**- હું બ્રહ્મ છું.[૧૩૬] અર્થવેદમાં **अयम् आत्मा**- આ આત્મા બ્રહ્મ છે.[૧૩૭]

ઉપરોક્ત કથન ઉપરથી સ્પષ્ટ થાય છે કે, આ જગતમાં જે છે તે સર્વ બ્રહ્મ છે. બ્રહ્મનું જ્ઞાન થવાથી અધ્યારોપિત જગતની નિવૃત્તિ થાય છે.

• બૃહદારણ્યકોપનિષદમાં યાજ્ઞવલ્ક્ય મૈત્રેયીને ધર્મનો ઉપદેશ આપતાં કહે છે- હે મૈત્રેયી ! આત્મા જ જોવા યોગ્ય, અનુભવ કરવા યોગ્ય, મનન અને નિદિધ્યાસન કરવા યોગ્ય છે. આત્મદર્શન, શ્રવણ અને જ્ઞાનથી સર્વ જગતનું જ્ઞાન થાય છે.

વેદાંતદર્શનમાં સર્વ પ્રથમ આત્મદર્શનની ચર્ચા કરી છે. આત્મદર્શન એટલે જ સમ્યગ્દર્શન. ત્યાર પછી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. ચિત્તની સમ્પ્રસાદ (આનંદમય) અવસ્થા એ શ્રદ્ધા છે. ચિત્તની પ્રસન્નતાથી જ શ્રદ્ધા ટકી છે. તેથી સૌ પ્રથમ શ્રદ્ધા આવશ્યક છે. ત્યાર પછી શ્રવણ, ચિંતન, મનનની અવસ્થા આવી શકે.

૬) શ્રીમદ્ ભગવદ્ગીતા :-

ગીતામાં સમ્યગ્દર્શન શબ્દના સ્થાને શ્રદ્ધા શબ્દ વપરાયો છે.

• શ્રી કૃષ્ણ અર્જુનને ઉપદેશ આપતાં કહે છે- શ્રદ્ધાવાન, તત્પર, સંયતેન્દ્રિય જ્ઞાન પ્રાપ્ત કરી પરમ શાંતિ પ્રાપ્ત કરી શકે છે.[૧૩૮]

• ગીતાકાર કહે છે- શ્રદ્ધાયુક્ત, દોષરહિત બુદ્ધિવાળો સંપૂર્ણ કર્મથી મુક્તિ મેળવે છે.[૧૩૯] યોગથી ચલિત, શિથિલ મનવાળા શ્રદ્ધાયુક્ત પુરુષની દુર્ગતિ ન થાય.[૧૪૦]

જૈનદર્શનમાં પણ કહ્યું છે કે સમ્યગ્દર્શની વૈમાનિક દેવલોકમાં જાય છે, તેની દુર્ગતિ ન થાય.

સમ્યગ્દર્શન (યથાર્થદર્શન)થી મોક્ષ ઉપલબ્ધ થાય છે, તેવું સર્વ શાસ્ત્રો સ્વીકારે છે. શ્રદ્ધા, ઉત્કંઠા, ચારિત્ર (સંયતિ) અને જ્ઞાનથી મોક્ષ મેળવી શકાય; એવું જૈનદર્શન પણ સ્વીકારે છે.

• ગીતકાર અનુસાર શ્રદ્ધાવાન પુરુષ સંસારના બીજરૂપ અવિદ્યા આદિ દોષોનું ઉન્મૂલન કરી નિર્વાણ પ્રાપ્ત કરે છે.[૧૪૧] શ્રદ્ધાયુક્ત યોગી પરમ શ્રેષ્ઠ છે.[૧૪૨] શ્રદ્ધારહિત અને સંશયયુક્ત પુરુષ પરમાર્થથી ભ્રષ્ટ બને છે. તે સંસારમાં પરિભ્રમણ કરે છે.[૧૪૩]

જૈનદર્શન અનુસાર સંશય શ્રદ્ધાનો ઘાત કરે છે. શ્રદ્ધા રહિતની મુક્તિ અસંભવ છે. અહીં જૈનદર્શન

અને ગીતાની માન્યતા સમાન છે.

ગીતાકાર કહે છે- શ્રદ્ધા વિના તપ, દાન, કર્મ અસાર છે.[૧૪૪] અજ્ઞાનજન્ય મોહ સંસારના અનર્થનું કારણ છે. સ્મૃતિ પ્રાપ્ત થતાં સર્વ ગ્રંથિ-સંશય દૂર થાય છે.[૧૪૫]

ગીતામાં પણ શ્રદ્ધાના અવરોધક તત્ત્વ તરીકે મોહ અને તજ્જન્ય ગ્રંથિ સ્વીકારેલ છે. જૈન પરંપરામાં સમ્યગ્દર્શન દૃષ્ટિપરક અર્થમાં સ્વીકારેલ છે, જેમાં તત્ત્વશ્રદ્ધાનું નવનીત સમાયેલું છે. ગીતામાં ઈશ્વર પ્રત્યેની અનન્ય નિષ્ઠાના અર્થમાં શ્રદ્ધા સ્વીકારી છે.

• ગીતામાં જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગમાં શ્રદ્ધાને સ્વીકારી છે.

ગીતામાં ભક્તિ અથવા શ્રદ્ધા ચાર પ્રકારની દર્શાવેલ છે.[૧૪૬]

૧) પરમાત્માના સાક્ષાત્કાર થયા પછીની ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા, જે શ્રદ્ધાનું પ્રથમ સોપાન છે.

૨) જિજ્ઞાસા દૃષ્ટિએ પરમાત્માની શ્રદ્ધા રાખવી, જેમાં પૂર્ણ સંશયરહિત અવસ્થા નથી.

૩) દૈન્યભાવની ભક્તિ, જેમાં આર્ત વ્યક્તિની ઉદ્ધારક પ્રત્યેની ભક્તિ છે.

૪) આકાંક્ષાની પૂર્તિ માટે સ્વાર્થવશ કરાયેલી ભક્તિ. આ સૌથી નિમ્ન સ્તરની શ્રદ્ધા છે.

• ડૉ. રાધાકૃષ્ણ ગીતા વિષયક શ્રદ્ધાનું વિવેચન કરતાં કહે છે કે- શ્રદ્ધા એટલે વિશ્વાસ. જ્ઞાનના સંપાદન માટે શ્રદ્ધા આવશ્યક છે. શ્રદ્ધા એ અંધવિશ્વાસ નથી પરંતુ આત્મજ્ઞાન સંપાદન કરવા માટેની મહત્ત્વકાંક્ષા છે. જેની શ્રદ્ધા સ્થિર છે, તે સંદેહરહિત પરમજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.[૧૪૭]

જૈનદર્શન અનુસાર સમ્યગ્દર્શન પછી સમ્યગ્જ્ઞાન છે. દૃષ્ટિપરક અર્થમાં સ્વીકારીએ તો સમ્યક્દર્શન એ જીવન જીવવાની કળા છે, જેનાથી આપણું ચારિત્ર અને વ્યક્તિત્વ નિર્માણ થાય છે.

• ગીતાકાર કહે છે- વ્યક્તિની જેવી દૃષ્ટિ હોય તેવું તેનું જીવન બને છે, જેવું તેનું જીવન હોય તેવું તેનું ચારિત્ર પણ હોય, જેવું તેનું ચારિત્ર હોય તેવું તેનું વ્યક્તિત્ત્વ નિર્માણ થઈ શકે છે.

યથાર્થ દૃષ્ટિકોણ એ જીવન નિર્માણની પ્રાથમિક અવસ્થા છે. તનાવ રહિત, શાંત અને સમત્વપૂર્ણ જીવન જીવવા માટે શ્રદ્ધા (સમ્યગ્દર્શન) આવશ્યક છે. શ્રદ્ધાથી જ્ઞાનને સત્ય દિશા મળે છે, જેથી જ્ઞાન પણ યથાર્થ બને છે.

૭) શ્રીમદ્ ભાગવત :

તેને મહાપુરાણ કહેવાય છે. મહામુનિ વ્યાસ તેના રચયિતા છે. શ્રીમદ્ ભાગવત ભક્તિ માર્ગીય તત્ત્વજ્ઞાનનો અપૂર્વગ્રંથ છે. તે ''પારમહંસી સંહિતા'' નામથી અભિહિત છે.

ભાગવતનું પ્રયોજન ભક્તિનો ઉત્કર્ષ દર્શાવી મનુષ્યને તે તરફ પ્રયાણ કરવાનો છે. આ ગ્રંથમાં ભક્તિની ઉત્કૃષ્ટતા સ્વીકારેલ છે.

• ભક્તિની શ્રેષ્ઠતા દર્શાવતા કહ્યું છે, ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ એ સર્વ શ્રેષ્ઠ ધર્મ છે.[૧૪૮] નિષ્કામ ભાવે, નિરંતર કરેલી ભક્તિથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. તેથી કૃતકૃત્ય થવાય છે. શ્રીકૃષ્ણ પ્રત્યેના અનન્ય પ્રેમ અને ચિત્તની એકાગ્રતાથી નિષ્કામ જ્ઞાન અને વૈરાગ્યનો આવિર્ભાવ થાય છે.[૧૪૯] ભાગવત શ્રવણથી પ્રાપ્ત જ્ઞાન - વૈરાગ્યયુક્ત ભક્તિથી પરમતત્ત્વરૂપ પરમાત્માનો અનુભવ થાય છે.[૧૫૦] એકાગ્ર ચિત્તે નિત્ય પ્રભુનું શ્રવણ, કીર્તન અને આરાધન કરવું જોઈએ.[૧૫૧]

અહીં શ્રીકૃષ્ણભક્તિ પરમ શ્રેષ્ઠ દર્શાવેલ છે. તેનાથી જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. જૈનદર્શન અનુસાર તીર્થંકરની સ્તુતિ સમ્યગ્દર્શનનું કારણ બને છે.

• ભગવત્ ચિંતન કર્મોની ગાંઠ બાળે છે.[૧૫૨] ગ્રંથિ તૂટતાં સંશય ટળી જાય છે, કર્મ ક્ષીણ થાય છે.[૧૫૩] જૈનદર્શનમાં સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વે ત્રણ કરણો દ્વારા દુર્ભેદ્ય ગ્રંથિનું ભેદન થાય છે તેમ અહીં પણ કર્મગ્રંથિનું ભેદન દર્શાવેલ છે.

• સમ્યક્ત્વની પ્રાપ્તિથી સંશય મુક્તિ થાય છે ; એવું બંને દર્શન સ્વીકારે છે.

• પરમતત્ત્વની અનુભૂતિ માટે ભગવત્ ભક્તિ આધારભૂત છે, તેમ જૈનદર્શનમાં મોક્ષ પ્રાપ્તિ માટે સમ્યક્ત્વ આધારભૂત છે.

• શ્રીકૃષ્ણની ભક્તિથી જીવનાં શોક, મોહ અને ભય નષ્ટ થાય છે.[૧૫૪] પ્રભુ પ્રત્યેની ઉત્કૃષ્ટ ભક્તિ વિના યોગ, જ્ઞાન, ધર્મ, વેદનો અભ્યાસ, તપ, દાન સર્વ અસાર છે.[૧૫૫]

જૈનદર્શનમાં પણ એવું જ કહ્યું છે. સમ્યગ્દર્શન અર્થાત્ દેવ, ગુરુ, અને ધર્મ પ્રત્યેની અનન્ય ભક્તિ વિના તપ, દાન, જ્ઞાન, આદિ સર્વ અસાર છે. અહીં ગીતાકાર અને જૈનદર્શનમાં સામ્યતા છે.

• ભાગવતકારે ભક્તિ સાથે જ્ઞાનનું પણ નિરૂપણ કર્યું છે. જ્ઞાનના આવિર્ભાવ માટે અંતઃકરણની શુદ્ધિ આવશ્યક છે. ભક્તિ અંતઃકરણની શુદ્ધિનું સાધન છે. ભગવત્ ભક્તિ સમસ્ત કામનાઓને નાશ કરે છે.[૧૫૬]

વાસ્તવમાં જ્ઞાન અને ભક્તિમાં કોઈ તાત્ત્વિક ભેદ નથી. ભક્તિનું ચરમરૂપ જ્ઞાન છે. જ્ઞાનની પરાકાષ્ટા ભક્તિ છે. જ્ઞાન અને ભક્તિ બંને અંતરંગ ભાવ છે. જે પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે. ભક્તિથી જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. જૈનદર્શનમાં સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુની ભક્તિ છે. તેનાથી સંસાર પ્રત્યેની આસક્તિ તૂટે છે અને મોક્ષ પ્રત્યેની આકાંક્ષા તીવ્ર બને છે, જે વૈરાગ્ય અવસ્થા છે. આ રીતે વેદાન્તદર્શન જૈનદર્શનની માન્યતા સાથે સામ્યતા ધરાવે છે.

પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે શ્રદ્ધા આવશ્યક છે ; એવું ભારતીય સર્વ દર્શનો માને છે.

## પાશ્ચાત્ય સંસ્કૃતિમાં સમ્યગ્દર્શન જેવી ભૂમિકા

અન્ય પ્રચલિત ધર્મ-દર્શનોમાં સમ્યક્ત્વના સ્વરૂપ પર સંક્ષેપમાં પરિચય પ્રસ્તુત છે.

૧) ઈસાઈ ધર્મ :

ઈસાઈ ધર્મ યહૂદી ધર્મમાંથી ઉદ્ભવ્યો છે. તેના પ્રણેતા ઈસા મસીહ છે. બાઈબલ એ ઈસાઈ ધર્મનો મૂળ ગ્રંથ છે.

• ઈસાઈ ધર્મમાં આસ્થાનું વિશેષ મહત્ત્વ છે. આ આસ્થામાં મુક્તિ સંબંધી નિશ્ચય અને મુક્તિદાતા ઈશ્વર પ્રતિ નિષ્ઠા (TRUTH) નિહિત છે.[૧૫૭]

અહીં ઈસા મસીહ પ્રત્યે આત્મ સમર્પણ એ વિશ્વાસ છે. વિશ્વાસ મુક્તિ પ્રાપ્તિની પ્રથમ શરત છે.

• ઈસાઈ ધર્મમાં આસ્થાની સાથે સાથે કર્તવ્યને પણ મહત્ત્વ અપાયું છે.વ્યક્તિ ધાર્મિક વિશ્વાસમાં કેટલી નિષ્ઠાવાન છે, તે તેના કર્તવ્ય પરથી જણાય છે.[૧૫૮]

વ્યક્તિનું કર્તવ્ય તેના વિશ્વાસની પારાશીશી છે. મુક્તિ પ્રાપ્તિમાં શ્રદ્ધા અને કાર્ય આવશ્યક છે.

• સાધુ અને ગૃહસ્થ માટે મુક્તિનો માર્ગ ખુલ્લો છે. જે શ્રદ્ધાપૂર્વક પ્રભુ આજ્ઞાનું પાલન કરે છે, તેના

પાપોનો ક્ષય થાય છે. તે નવિન પાપ કર્મોથી નિવૃત્તિ મેળવે છે. તે મુક્તિ માર્ગ તરફ આગળ વધે છે.[૧૫૯]

શ્રી આચારાંગસૂત્ર અનુસાર અહીં પણ **सम्मत्तदंशी न करेई पावं** એવો નિર્દેશ થયો છે. વળી ગૃહસ્થ અને સાધુ બંને શ્રદ્ધાના અધિકારી છે, તેવું પણ કથન છે, જે જૈનદર્શન સાથે સામ્યતા ધરાવે છે.

• બાઈબલમાં અનેક સ્થળે દર્શાવેલ છે કે શ્રદ્ધાના કારણે ઈસાના સ્પર્શ અને આજ્ઞાથી અનેક રોગી વ્યાધિમુક્ત થયા. આ પ્રમાણે ઈસાઈ ધર્મમાં શ્રદ્ધાને મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું છે. શ્રદ્ધા આધ્યાત્મિક જીવનનું અનિવાર્ય અંગ છે. આ શ્રદ્ધા સમ્યગ્દર્શનના અંશરૂપે ગ્રાહ્ય છે.

શ્રદ્ધા વિના મુક્તિ અસંભવ છે; એવું બંને દર્શનો સ્વીકારે છે.

૨) ઈસ્લામ ધર્મ :

ઈસ્લામ ધર્મનો ઉદ્ભવ અરેબિયામાં થયો. તેના સંસ્થાપક મહમદ પયગંબર હતા. તેમનો જન્મ ઈ.સ. ૫૭૦માં થયો હતો. કુરાન શરીફ એ ઈસ્લામ ધર્મનો મૂળ ગ્રંથ છે.

• જે અવ્યક્ત પર શ્રદ્ધા રાખે છે, તેની પ્રાર્થના કરે છે, તેને પરમાત્મા બધું જ આપે છે.[૧૬૦] કુરાન એક શ્રદ્ધેય દૂતનું કથન છે, તે કોઈ કવિની રચના નથી.[૧૬૧]

અહીં જૈનદર્શન અનુસાર ધર્મગ્રંથો(આગમો) પર શ્રદ્ધા રાખવાનું સૂચન કર્યું છે.

• શ્રદ્ધાવંતને સત્યદ ષ્ટિ પ્રાપ્ત થાય છે. સત્ય દ ષ્ટિ પ્રાપ્ત કરનાર સૂક્ષ્મદર્શી અને સાવધાન બને છે.[૧૬૨]

શ્રદ્ધાહીન અવસ્થામાં મૃત્યુ થતાં તે જીવને દુ:ખદ સજા થાય છે.[૧૬૩] શ્રદ્ધા હીનની દુર્ગતિ થાય.[૧૬૪] શ્રદ્ધા વિનાનો જીવ દુ:ખી થઈ ચતુર્ગતિમાં ભ્રમણ કરે છે. તેની દુર્ગતિ થાય છે; એવું જૈનદર્શન પણ સ્વીકારે છે.

• કુરાનકાર નિષ્ઠાવાનના સંદર્ભમાં કહે છે - જેને ઈશ્વર પર, તેના પ્રેષિત પર શ્રદ્ધા છે, જે તન-મન-ધનથી ઈશ્વરની આજ્ઞાનું આરાધન કરે છે, તે જ સાચો નિષ્ઠાવાન છે.[૧૬૫]

ધર્મનો સાર એ જ છે કે મનુષ્ય અંતિમ દિવસો સુધી દેવદૂત પર, ઈશ્વરીય ગ્રંથો પર અને પ્રેષિતો પર શ્રદ્ધા રાખે.[૧૬૬]

અહીં જૈનદર્શનની જેમ દેવ(ઈશ્વર), ગુરુ(દેવદૂત) અને ધર્મગ્રંથો પર શ્રદ્ધા રાખવાનું વિધાન છે.

• જે શ્રદ્ધાયુક્ત છે તે પાપને ખરાબ ગણે છે. જેને પાપનો પાશ્ચાતાપ નથી તે અત્યાચારી છે.[૧૬૭] આ કથન જૈનાગમ શ્રી આચારાંગસૂત્ર સમાન છે.

• જૈનદર્શનની જેમ શંકા ન કરવાનું કુરાનકાર નિર્દેશન કરે છે. હે શ્રદ્ધાવાન ! અતિ સંશયોથી બચો. સંશય એ પાપ છે.[૧૬૮] પરમાત્મા અને તેની વાણી પર જે શ્રદ્ધા રાખશે, તેની આજ્ઞાનું અનુશરણ કરશે તેને માર્ગની પ્રાપ્તિ થશે.[૧૬૯] જિનવાણી સમ્યગ્દર્શનનું કારણ છે તેવું, જૈનદર્શન અને કુરાનકાર પણ સ્વીકારે છે

• કુરાનમાં શ્રદ્ધા વિષયક ચર્ચા કરી છે. શ્રદ્ધા માટે **"ईमान"** શબ્દ પ્રયુક્ત થયો છે. શ્રદ્ધાવાન માટે **"मोमीन"** શબ્દ પ્રયોગ થયો છે. નાસ્તિક (મિથ્યાત્વ) માટે **"काफिर, मुलिहद"** શબ્દ વપરાયો છે.

ઈસ્લામ ધર્મમાં ઈશ્વર પ્રત્યેની આસ્થા એ શ્રદ્ધાનું સર્વ પ્રથમ સ્થાન છે; જે સમ્યક્ત્વના આસ્તિક્ય (શ્રદ્ધાન) લક્ષણ સાથે તુલનીય છે. આ પ્રમાણે સર્વ ધર્મદર્શનોમાં શ્રદ્ધાને મુક્તિનું પ્રાથમિક કારણ કહ્યું છે.

આધ્યાત્મિક ક્ષેત્રની જેમ સામાજિક, રાજનૈતિક, પારિવારિક અને વ્યવહારિક ક્ષેત્રે સમ્યગ્દર્શનની ખૂબ આવશ્યકતા છે.

## સ્થિરાદષ્ટિ સાથે સમકિતની તુલના

જૈન સાધના પદ્ધતિનું નામ મોક્ષમાર્ગ છે. તેનો મુખ્ય ઉદ્દેશ ચિત્તની શુદ્ધિ કરી મનુષ્યને પરમાત્મા સુધી પહોંચાડવનો છે. ઈ.સ.ની આઠમી શતાબ્દીમાં આચાર્ય હરિભદ્રસૂરિએ પતંજલિની યોગદર્શનની પદ્ધતિ સાથે જૈન સાધના પદ્ધતિ જોડી. તેમણે યોગ માર્ગનું વિપુલ સાહિત્ય સર્જન કર્યું. તેમણે 'યોગદષ્ટિ સમુચ્ચય'નામનો સાર ગર્ભિત ગ્રંથ નિર્માણ કર્યો. જેમાં [૧૯૦]આઠ દષ્ટિઓનું વિશદ વિવરણ કર્યું છે. આ વિષય ૪૫ આગમોમાં જોવા મળતો નથી. સંભવ છે કે આ દષ્ટિઓનો વિષય વિચ્છેદ થતાં ૧૪ પૂર્વોમાંથી ઉપકાર બુદ્ધિએ તેમણે ઉદ્ધૃત કર્યો હોય.

જે પ્રવૃત્તિ મોક્ષમાર્ગ સાથે જોડી આપે તે યોગ કહેવાય.[૧૯૧] મોક્ષ પ્રાપ્તિના હેતુપૂર્વક કરાતી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ સર્વ ધર્મક્રિયાઓનો સમાવેશ યોગમાં થાય છે. દષ્ટિ એટલે પ્રકાશ. અવેદ્યસંવેદ્યપદનો પરિહાર અને વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ એટલે મિથ્યાત્વનો ત્યાગ અને સમકિતની પ્રાપ્તિ.

જૈન યોગની આધારશીલા આત્મવાદ છે. આત્મવિકાસની પૂર્ણતા મોક્ષ છે. આત્મવિકાસની આ વિકસિત કે અવિકસિત અવસ્થાને જૈનદર્શનમાં ગુણસ્થાન ક્રમારોહ કહેવાય છે. આત્મવિકાસની તરત્તમ અવસ્થાવાળી ચૌદ ભૂમિકાઓ છે. તેમાં ચતુર્થ ગુણસ્થાને સમકિતની પ્રાપ્તિ થાય છે. આત્મવિકાસની આ ભૂમિકાને યોગદષ્ટિ કહેવાય છે.

યોગદષ્ટિ આઠ છે. મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા.[૧૯૨] આ આઠ યોગદષ્ટિમાંથી પ્રથમની ચાર યોગદષ્ટિ સમકિત પૂર્વેની અવસ્થા છે. બાકીની ચાર સમક્તિની પ્રાપ્તિથી માંડીને મુક્તિ પર્યંતની યાત્રાને આવરી લે છે.આ યોગ દષ્ટિ પૂર્વેની અવસ્થા ઓઘદષ્ટિ છે. તેનો યોગદષ્ટિમાં સ્વીકાર કર્યો નથી. ગાઢ મિથ્યાત્વી જીવો યોગદષ્ટિમાં પ્રવેશી ન શકે. ચરમાવર્તકાળમાં પ્રવેશેલો જીવ યોગદષ્ટિમાં પ્રવેશવાની યોગ્યતા ધરાવે છે. અહીંથી આત્માનો ક્રમિક વિકાસ થાય છે.

દ્વાત્રિંશદ – દ્વાત્રિંશિકા ગાથા–૨૦ માં કહ્યું છે –

**मिथ्यात्वे मन्दतां प्राप्ते मित्राद्या अपि दृष्टयः ।**
**मार्गाऽभिमुखभावेन कुर्वते मोक्ष योजनम् ।।**

અર્થ : મિથ્યાત્વ મંદ થતાં મિત્રા વગેરે દષ્ટિઓ પણ મોક્ષમાર્ગની અભિમુખતા લાવવા દ્વારા મોક્ષ સાથે સંયોગ કરે છે.

સૂર્યોદય પૂર્વે જેમ અરૂણોદય પોતાનો પ્રભાવ દેખાડે છે, તેમ મોક્ષ સન્મુખ આવવાની યોગ્યતા પ્રાપ્ત થતાં સમકિતની પૂર્વે જીવ ભદ્રિક પરિણામી બને છે. તેના જીવનમાં માનવતાના પુષ્પો ખીલે છે. જીવનમાંથી આસુરી તત્ત્વો વિદાય લે છે. સત્સંગ, સદાચાર, શ્રવણ, વાંચન કરતાં કરતાં મુમુક્ષુના અંતરમાં તત્ત્વ જિજ્ઞાસા પ્રગટે છે. સત્યને પામવા ખોજ આદરે છે. ઈન્દ્રિયના વિષયો તેને કિંપાક વૃક્ષના ફળ જેવાં દુઃખદાયક લાગે છે.

પ્રથમની ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વની મંદતા છે. અહીં પણ દેવ-ગુરુની ભક્તિ, સંસાર પ્રત્યે કંટાળો, ધર્મક્રિયામાં બહુમાન, તીવ્ર તત્ત્વ જિજ્ઞાસા, તત્ત્વશ્રવણની ઈચ્છા, ધર્મરાગ આદિ ગુણોનો વિકાસ ઉત્તરોત્તર વધતો જાય છે. પ્રથમ ગુણસ્થાનકે રહેલો જીવ સદ્‌ગુરુ અને જિનવાણીના માધ્યમથી કોઈ ધન્ય પળે સમકિત પ્રાપ્ત કરી સ્થિરા નામની પાંચમી યોગદૃષ્ટિમાં પ્રવેશે છે. જેમ ચૂલા પર મૂકેલા મગ તરત ચડી જતાં નથી. તેમાં કાળની પ્રધાનતા છે, તેમ કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃતકર્મ અને પુરુષાર્થના સહયોગથી ગ્રંથિભેદ થાય છે. સમકિતરૂપી સૂર્ય ઉગતાં માનવ મહામાનવ બને છે. યોગદૃષ્ટિ સમુચ્ચય, ગ્રંથના આધારે સ્થિરાદૃષ્ટિની ભૂમિકા સાથે સમકિતની તુલના પ્રસ્તુત છે.

• સ્થિરા દૃષ્ટિમાં યોગી ઈન્દ્રિયોનો પ્રત્યાહાર કરવા સમર્થ બને છે. ચૈત્યવંદનાદિ ધર્મ ક્રિયાઓ નિરતિચારપણે અને ભ્રાન્તિરહિત કરે છે. તેને સમકિતના સડસઠ બોલમાંથી કુશળતા (ભૂષણ) સાથે સરખાવી શકાય.

• તમોગ્રંથિ ભેદાઈ જવાથી સમગ્ર ભવચેષ્ટા 'બાલધૂલીગૃહ' ની રમત જેવી લાગે છે. વરસાદના દિવસોમાં ભીની રેતીમાં બાળકો ઘર-ઘરની રમત રમે છે. સમ્યગ્‌દૃષ્ટિ આત્માને સંસારની સર્વ પ્રવૃત્તિઓ આ રમત જેવી લાગે છે. તેને સમકિતના લક્ષણ નિર્વેદ સાથે તુલના કરી શકાય. તેનો સત્ય પ્રતિ વેગ વધે છે. તે ઘર, શરીર, સંપત્તિને તે સ્વપ્નવત્ જુએ છે.

• સ્થિરા દૃષ્ટિમાં આવેલા યોગીને મોક્ષનું સાચું સ્વરૂપ સમજાય છે. તેને મોક્ષ ઉપાદેય લાગે છે. આ સમકિતનું સંવેગ લક્ષણ છે.

• સ્થિરા દૃષ્ટિમાં મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમ કે ક્ષય સાથે અનંતાનુબંધી કષાયોનો પણ ક્ષયોપશમ કે ક્ષય થતો હોવાથી યોગીનો પ્રશમભાવ પૂર્વની દૃષ્ટિઓ કરતાં વિશેષ શુદ્ધ અને દૃઢ બને છે. તે સમકિતના ઉપશમ ભાવ સાથે તુલનીય છે.

• પ્રથમની ચાર દૃષ્ટિમાં જીવો પ્રત્યે અનુકંપા હોય છે પરંતુ દ્રવ્ય અનુકંપાની ત્યાં પ્રધાનતા રહે છે. સ્થિરા દૃષ્ટિમાં ભાવ અનુકંપાની પ્રધાનતા છે, જે સમકિતનું અનુકંપા લક્ષણ છે.

• મિત્રા આદિ ચાર દૃષ્ટિઓમાં આત્મતત્ત્વની શ્રદ્ધા સમાન હોય છે પરંતુ આત્મસ્વરૂપની ઓળખાણમાં ફરક છે, જે સમકિતનું આસ્થા (આસ્તિક્ય) લક્ષણ છે.

• સ્થિરા દૃષ્ટિમાં યોગી ઈન્દ્રિય વિજેતા બને છે. હૃદય ઋજુ અને કોમળ બને છે. વિવેક શક્તિ દ્વારા પદાર્થને યથાર્થપણે જાણે છે, જેને સમકિતની ત્રણ શુદ્ધિ સથે સરખાવી શકાય.

• સ્થિરા દૃષ્ટિમાં રહેલા સાધકમાં ગ્રંથિભેદ થતાં તત્ત્વબોધ રત્નપ્રભાના અજવાળા જેવો થઈ જાય છે. ભ્રાંતિ નામનો દોષ ટળે છે. જેને નિઃશક્તિ ગુણ સાથે સરખાવી શકાય. આ તત્ત્વબોધ, અપ્રતિપાતી અને પ્રવર્ધમાન હોય છે, જેની મુખ્યત્વે ક્ષાયિક સમક્તિ સાથે તુલના કરી શકાય કારણકે ક્ષાયિક સમકિત અપ્રતિપાતિ અને સાદિ અનંત સ્થિતિનું છે.

• સ્થિરા દૃષ્ટિ પામેલો યોગી સમજે છે કે, ધર્મના ફળરૂપે પ્રાપ્ત થતાં ભોગસુખો પ્રાયઃ અનર્થકારી બને છે. ધર્મથી મળતાં સ્વર્ગાદિ સુખોમાં જીવો પ્રમાદી બની અનર્થના ભાજન બનતા હોય છે. ચંદન-કાષ્ઠનો અગ્નિ પણ બાળ્યા વિના ન રહે. આવી ભાવનાથી ભાવિત યોગી ભોગસુખમાં આનંદ માનતો નથી. તેના ચિત્તમાં તત્ત્વ વિચાર જ

ચાલતા રહે છે, જે સમકિતની ભાવના સાથે તુલનીય છે.

• સ્થિરાદૃષ્ટિમાં યોગી પુરુષ આંતર આત્માનંદની અનુભૂતિ કરે છે, જે ગ્રંથિભેદ પછી થતી આત્માનુભૂતિના આનંદ સાથે તુલનીય છે.

આ ભૂમિકાએ રહેલો સાધક સતત શ્રેયના માર્ગે વિચરે છે. તેની સામે બે માર્ગ ખુલ્લા છે.

(૧) સદ્‌ગુરુના ચરણે સમર્પણ અને તેમની ઉપાસના

(૨) આત્મનિરીક્ષણ કરવું.

સદ્‌ગુરુને ઓળખી પોતાનું સર્વસ્વ અર્પણ કરવું અતિ ઉત્તમ માર્ગ છે પરંતુ તેવી સુલભતા સર્વ જીવોને સુલભ નથી, ત્યારે સમકિતી જીવ આત્મનિરીક્ષણ કરી સ્વનું સંશોધન કરે છે.

## નવ પદની પૂજામાં સમકિતનું સ્થાન

ઉત્તર મધ્યકાળમાં ભક્તિ આંદોલનના પ્રભાવથી પ્રભાવિત થઈ જૈન સાહિત્યમાં વિવિધ પ્રકારની ભક્તિ કેન્દ્રિત રચનાઓ થઈ. એમાં જિનચૈત્યોમાં વિવિધ પર્વ પ્રસંગોએ આનંદ અભિવ્યક્તિ કરવા પૂજા નામના સાહિત્ય પ્રકારની રચના થઈ. પૂજા બે પ્રકારની છે. જળ, કેસર, પુષ્પ આદિનો દ્રવ્ય પૂજામાં સમાવેશ થાય છે, જ્યારે પરમાત્માના ગુણોની સ્તુતિ કે સ્તવનોનો ભાવ પૂજામાં સમાવેશ થાય છે. પૂજા સાહિત્ય ભક્તિમાર્ગમાં નવો રાહ દેખાડે છે. નવપદની પૂજા જ્ઞાનમાર્ગની કાવ્ય રચનાનો નમૂનો છે.

નવપદની પૂજામાં દેવ-ગુરુ અને ધર્મ તત્ત્વનો સમાવેશ થયો છે. અરિહંત અને સિદ્ધપદ દેવ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદ ગુરુ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ધર્મ છે. નવપદમાં એક મહત્ત્વનું દર્શન પદ છે. દર્શન પદની પૂજા સમકિતના સંદર્ભમાં છે.

ઉપાધ્યાય યશોવિજયજી, ઉપાધ્યાય પદ્મવિજયજી, આત્મારામજી, માણેકવિજયજી આદિ સમર્થ જૈન સાધુ કવિઓએ નવપદપૂજાની રચના રચી છે.

(૧) ઈ.સ. ૧૭મી સદીમાં શ્વેતામ્બર પરંપરામાં નવ્યન્યાયના મહાન વિદ્વાન યશોવિજયજી મહારાજ થયા. શ્રીપાળ રાજાના રાસની ઢાળમાં યશોવિજયજીએ રચેલા દુહાઓ પછીથી નવપદ પૂજારૂપે પ્રચલિત થયા. તેમણે નવપદ પૂજામાં સમકિતનો મહિમા ગાતાં કહ્યું છે-

**જે વિણ નાણ પ્રમાણ ન હોવો, ચારિત્ર તરુ નવિ ફળીઓ,**[૧૭૩]
**સુખ નિર્માણ ન જે વિણ લહીએ, સમકિત દર્શન બળિયો રે.**

જેની ગેરહાજરીમાં જ્ઞાન પ્રમાણભૂત થતું નથી, ચારિત્ર રૂપી વૃક્ષ ફળ આપતું નથી, મોક્ષનું સુખ પ્રાપ્ત થતું નથી; તે સમકિત બળવાન છે.

જે સડસઠ બોલોથી અલંકૃત છે. જ્ઞાન અને ચારિત્રનું મૂળ છે. મોક્ષમાર્ગને પ્રાપ્ત કરવાની અનુકૂળતા-યોગ્યતાવાળું છે. તે સમકિતને નિત્ય પ્રણામ કરું છું.[૧૭૪]

(૨) વિક્રમસંવત ૧૮૩૮, મહાવદ બીજ, ગુરુવારે લીંબડી શહેરમાં ઉપાધ્યાય પદ્મવિજયજી મહારાજે

નવપદની પૂજા રચી. જે જૈનસંઘમાં લોકપ્રિય બની.

સાધુ કવિ પદ્મવિજયજી દર્શનપદની પૂજાના પ્રથમ દુહામાં કહે છે-

**સમકિત વિણ નવ પૂર્વી, અજ્ઞાની કહેવાય,**[૯૫]
**સમકિત વિણ સંસારમાં, અરહો પરહો અથડાય.**

સમકિતના અભાવમાં નવપૂર્વ સુધીના જ્ઞાનવાળો પણ અજ્ઞાની કહેવાય. અરે! સમકિત વિના જીવાત્મા સંસારમાં ચતુર્ગતિમાં આમ-તેમ અથડાય છે. જેવી રીતે હવા ભરેલો ફુગ્ગો અથવા બોલ, બેટના ફટકાથી ઉછળીને અહીંથી ત્યાં ફેંકાય છે, તેમ સમકિત વિના જીવાત્મા ચારે ગતિમાં કર્મ અનુસાર પરિભ્રમણ કરે છે. બોલમાં અથવા ફુગ્ગામાં કાણું પડતાં હવા નીકળી જાય છે. પછી તેને ગમે તેટલા ફટકા મારવા છતાં, તે ઉછળતો નથી. તે સ્થિર બને છે, તેમ સમકિત પ્રાપ્ત થતાં જીવાત્મા નવીન કર્મોનો બંધ કરતો નથી અને પૂર્વ સંચિત કર્મોનો તપશ્ચર્યા ઈત્યાદિ દ્વારા ક્ષય કરે છે.

કવિ પદ્મવિજયજી પ્રથમ ઢાળમાં કહે છે, હે પ્રભુ! મને નિર્મળ એવું દર્શન આપો. સમકિતની ટૂંકી વ્યાખ્યા કરતાં કવિ કહે છે, આત્મજ્ઞાનનો અનુભવ તેનું જ નામ દર્શન (સમકિત). તે સમકિતરૂપ ઉત્તમ અમૃતનું પાન કરીએ.

સમકિતના સડસઠ ભેદથી અલંકૃત આ સમકિત કેવું છે? તે જણાવતાં કવિ કહે છે-

**કેવળી નિરખીત સૂક્ષ્મ અરૂપી, તે જેહને ચિત્ત વસીઓ રે;**[૯૬]
**જિન ઉત્તમપદ પદ્મની સેવા, કરવામાં ઘણું રસીઓ રે...૪**

સમકિત એ આત્માનો ગુણ છે. તે અરૂપી છે. તેને સર્વજ્ઞ અને સર્વદર્શી એવા કેવળી ભગવંતો નિહાળી શકે છે. આ અપૂર્વ સમકિત જેના ચિત્તમાં વસે છે, તે આત્મા જિનેશ્વરના ચરણકમળની સેવામાં અત્યંત રસિક હોય છે. કવિએ અહીં સમકિતી આત્માની પ્રશંસા કરી છે. કવિએ અહીં ત્રણ પેઢી (ગુરુપરંપરા)નાં નામ દર્શાવ્યા છે.

(૩) તપગચ્છના જૈન સાધુ કવિ માણેકવિજયજી કૃત દર્શન પદની પૂજામાં સમકિતની શ્રેષ્ઠતા દર્શાવતાં કવિએ કહ્યું છે-

**જિમ ગીરીમાં સુરગિરી વડો, જ્ઞાનમાં કેવળજ્ઞાન,**[૯૭]
**તરુગણમાં સુરતરુ વડો, દાનમાં અભયદાન,**
**વિમલાચલ સવિ તીર્થમાં, તીર્થપ દે મજ્જાર,**
**સઘલા ગુણમાંહે વડો, તિમ સમકિત ગુણ સાર.**

ઉપરોક્ત કડીમા સમકિત ગુણની મહાનતા, શ્રેષ્ઠતા અને સારતા દર્શાવે છે. ત્યારપછી કવિ સમકિતથી ભવની ગણતરી અને તેના સંદર્ભમાં નયસારનુ દૃષ્ટાંત ટાંકે છે. સમકિત સહિત જ્ઞાન અને ક્રિયા તેજસ્વી બને છે, તેવું કહે છે. સમકિત અનંત ગુણોના નિધાનરૂપ છે કારણકે સમકિતના સડસઠ ભેદ સમકિતની સુરક્ષા કરે છે અને સમકિતને ખેંચી લાવે છે. આ પ્રમાણે સડસઠ ભેદ કાર્ય પણ છે અને કારણ પણ છે. આવું અમૂલ્ય સમકિત અરિહંત ભગવંતના ગુણગાન, સદ્‌ગુરુની વૈયાવચ્ચ, ચતુર્વિધિ સંઘની ભક્તિથી પ્રાપ્ત થાય છે.

અંતે કવિ કહે છે કે શુદ્ધ મન, વચન અને કાયાના યોગ વડે કેવળજ્ઞાનીઓના વચન ઉપર શ્રદ્ધા કરવાથી,

તેમની નિત્ય સ્તુતિ-ભક્તિ કરવાથી, અર્ધ પુદ્ગલ પરાવર્તન સંસારનો પણ અંત આવે છે.
(૪) આ ઉપરાંત વિજયાનંદસૂરિ જેમનું પ્રસિદ્ધ નામ આત્મારામજી મહારાજ તેમણે નવપદ પૂજા[૯૮] તથા વીસ સ્થાનક પદ પૂજા ની રચના કરી છે.

કવિ આત્મારામજી ભવ્યજીવોને સંબોધીને કહે છે કે, હે આતમ! તમે એકવાર અનુપમ આનંદ રસનું પાન કરો. તમે સમકિત સુધાની મધુરતા માણો. જિનેશ્વર કથિત વચનોને સત્ય માની તેની શ્રદ્ધા કરો.

કવિ આત્મારામજીએ સમકિતના વિવિધ પ્રકારો, એક જીવની અપેક્ષાએ ભવાંતરમાં કેટલી વખત સમકિત પ્રાપ્ત થાય છે વગેરે દર્શાવેલ છે. પ્રસ્તુત પૂજામાં કવિએ સમકિતની મહત્તા દર્શાવેલી છે.

ઉપરોક્ત કવિઓ ભક્તિના માધ્યમ દ્વારા અવિનાશી પદ હાંસલ કરવાનો માર્ગ દર્શાવે છે.

## 'વીસ સ્થાનક પદની પૂજામાં સમકિતનું માહાત્મ્ય'

સર્વ તીર્થંકરોએ સ્વાધીન સુખની પ્રાપ્તિ માટે વીસ સ્થાનક પદની આરાધના કરી હતી. ભગવાન મહાવીરે પચ્ચીસમા નંદમુનિના ભવમાં આ તપની ઉત્કૃષ્ટ ભાવે આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. જૈન શાસનમાં નવપદ પૂજાની જેમ વીસ સ્થાનકપદની પૂજા પણ અનન્ય સ્થાન ધરાવે છે.

(૧) તપગચ્છના અગ્રણી જૈન સાધુકવિ વિજયલક્ષ્મીસૂરિ કૃત વીસ સ્થાનકપદની[૯૯] પૂજા ઉપકારક અને અતિ લોકપ્રિય છે. નવમી સમ્યગ્દર્શન પદની પૂજા છે, જેમાં સમકિતનું માહાત્મ્ય દર્શાવેલ છે.

દર્શન મોહનીય કર્મના ક્ષયથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. સમકિતના બે પ્રકાર છે. દ્રવ્ય સમકિત અને ભાવ સમકિત. દ્રવ્ય સમકિત ભાવ સમકિતનું કારણ છે. દસના અંકમાં નવનો અંક જેમ અભેદ છે, તેમ સમકિતી જીવ કુસંગમાં પણ નિષ્કલંકપણે રહે છે. સમકિતી જીવ વૈમાનિક ગતિનું આયુષ્ય બાંધે છે.

સમકિતના અનેક ભેદ છે. તેમાં સડસઠ ભેદ મુખ્ય છે. તેનું સેવન કરતાં હરિવિક્રમરાજા રાગદ્વેષના વિજેતા બની મોક્ષલક્ષ્મી પામ્યા, એવું કવિ કહે છે. કવિ ઋષભદાસે પણ ઢાળ-૪૦માં નૃપ હરિવિક્રમનું દૃષ્ટાંત સમકિતના ભૂષણ સ્થિરતાના સંદર્ભમાં આલેખ્યું છે.
(૨) વીશ સ્થાનકપદની પૂજામાં કવિ આત્મરામજી (શ્રીમદ્ વિજ્યાનંદસૂરિ) એ નવમા દર્શનપદની પૂજાના પ્રથમ દુહામાં કહ્યું છે.

તત્ત્વ પદારથ નવ કહે, મહાવીર ભગવાન,[૧૦૦]
જો સરધે સદ્ભાવસે, સમ્યગદર્શી જાન
શ્રદ્ધા વિણ નહી જ્ઞાન હૈ, તદવિન ચરણ ન હોય,
ચરણ વિના મુક્તિ નહી, ઉત્તરજઝયણે જોય.

ભગવાન મહાવીર સ્વામી દ્વારા કહેવાયેલા જીવાદિ નવ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા જે કરે, તે સમકિતી કહેવાય છે. સમકિત વિના જ્ઞાન યથાર્થ નથી, જ્ઞાન વિના ચારિત્ર નથી, ચારિત્ર વિના મોક્ષ નથી; એવું શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર કહે છે. કવિએ આગમની સાક્ષીએ મોક્ષમાર્ગનું નિરુપણ કર્યું છે.

કવિ સમકિતની અમૂલ્યતા દર્શાવતાં કહે છે,

દર્શનપદ મનમેં વસ્યો, તબ સબ રંગ રોલા,[૮૧]
જગમે કરણી લાખ છે, એક દશ અમોલા,
દર્શન વિન કરણી કરી, એક કોડી ન મોલા,
દેવ ગુરુ ધર્મ સાર હૈ, ઈનકા ક્યા મોલા.

સમકિત એ મજીઠિયા રંગ જેવો છે. એકવાર સમકિતનો રંગ ચડ્યા પછી અન્ય કોઈ પદાર્થમાં રુચિ લાગતી નથી. જગતમાં અનેક કાર્યો કરવા લાયક છે પરંતુ સમકિત સર્વથી શ્રેષ્ઠ છે, અમૂલ્ય છે.

કવિએ અહીં સમકિતરૂપી સુધાની મધુરતા અને સૌંદર્યતા દર્શાવી છે. જેને ગુણોનું નિધાન પ્રાપ્ત થાય તે ભિખારીની જેમ શકોરુ હાથમાં લઈ ભીખ માંગે તેને કેવો કહેવો? માન સરોવરના સાચા મોતીનો ચારો ચરનારા હંસ ખાબોચિયાનું ગંદુ પાણી શા માટે પીએ? સમકિત એ માનવજીવનનું મહાકર્તવ્ય છે. ભૂતકાળમાં જે મહાત્મા સિદ્ધ થયા અને ભવિષ્યમાં જે સિદ્ધ થશે તે સર્વ સમકિતનું જ માહાત્મ્ય છે.

## બહોંતેર (૭૨) પ્રકારી પૂજામાં સમકિતનું સ્થાન

તપગચ્છના નિત્યાનંદ વિજયજી ગણિવરે સં. ૧૯૯૩માં સરળ ભાષામાં, સુગેય પદ્ધતિ તથા પ્રચલિત પૂજાના રાગોમાં બહોંતેર પ્રકારી પૂજાની સુંદરતમ રચના કરી છે.[૮૨] તેમણે નપદની પૂજા રચી છે. તેમણે દર્શન પદ માટે આઠ પ્રકારની પૂજા રચી છે. જેમાં સમકિત અને મિથ્યાત્વનું સ્વરૂપ દર્શાવેલ છે. યથાપ્રવૃત્તિકરણ આદિ ત્રણ કરણ, ગ્રંથિભેદ તથા વ્યવહાર સમકિતના સડસઠ બોલનું તેમાં નિર્દેશન કર્યું છે. આ પૂજામાં કવિએ જાણવા યોગ્ય ઘણી બાબતોને ગૂંથી લેવાનો પ્રયત્ન કર્યો છે.

## વિવિધ સજઝાયોમાં સમકિતનું સ્વરૂપ

(૧) કવિ યશોવિજયજી એ સમકિતના સંદર્ભમાં લઘુ અને દીર્ઘ રચનાઓ રચી છે. અહીં તેમની એક લઘુ રચના પ્રસ્તુત છે.

જૈન સાહિત્યમાં સજઝાયનું સ્વરૂપ અત્યંત સમૃદ્ધ છે, જેમાં ત્યાગ અને વૈરાગ્યની ઝલક જોવા મળે છે. આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામાં ઉપકારક વિચારોને વ્યક્ત કરતી રચના, તે સજઝાય છે. સજઝાય એ આત્માનુભૂતિનું સાધન છે. સજઝાય એ આત્માનો સ્વાધ્યાય છે. જિનાજ્ઞાનું પાલન, મિથ્યાત્વનો નાશ, સમકિતનો સ્વીકાર અને સમકિતનું માહાત્મ્ય દર્શાવતી કેટલીક સજઝાયોનું ચિત્રણ નીચે પ્રમાણે કરેલ છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ સમકિત સુખડી સજઝાયમાં સમકિતને સુખડીની ઉપમા આપી છે. સમકિત રૂપી સુખડીનું ભોજન કરનાર ભવરૂપી ભૂખ ભાંગે છે. જગતના સર્વ જીવો આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાના શિકાર છે. જીવ એક ભવમાંથી બીજા ભવમાં દિશાઓથી વિદિશાઓમાં ૨-૩-૪ સમયમાં ઉત્પન્ન થાય છે. જેને વાટે વહેતો જીવ કહેવાય. આ સમય દરમ્યાન જીવ અણાહારક હોય છે. ત્યારપછી ઉત્પત્તિના પ્રથમ સમયે ઓજ આહાર કરે છે. આ ઓજ આહારની શક્તિથી જીવ શરીર, ઈન્દ્રિયાદિ પર્યાપ્તિઓ બનાવે છે. વળી રોમ આહાર જીવ ચોવીસે કલાક કરે છે અને કવલ આહાર મનુષ્ય તેમજ તિર્યંચ ગતિના જીવોમાં હોય છે. અહીં સ્પષ્ટ

થાય છે કે, ચારે ગતિમાં જીવે સૌથી વધુ આહાર સંજ્ઞા પુષ્ટ કરી છે. આહાર એ દેહનું પોષણ છે. આત્મા અણાહારી છે. મનુષ્ય જન્મ સંજ્ઞા-વૃત્તિઓના સંસ્કારને તોડવા માટે છે. તેથી કવિ કહે છે-

ચાખો નર સમક્તિ સુખલડી, દુઃખ ભુખલડી ભાંજે રે;[૯૩]
ચાર સદ્દહણા લાડુ સેવઈયા, ત્રણ લિંગ ફેણી છાજે રે...ચાખો...૧

સમકિતરૂપી સુખડીને આરોગતા ભવ ભ્રમણરૂપી ભૂખ ભાંગે છે. અહીં સુખડી એટલે વિવિધ મીઠાઈઓ. અર્થાત્ સમકિતના વિવિધ ભેદો. સમકિતના સડસઠ ભેદ એ વિવિધ પ્રકારની મીઠાઈ છે. તેનું સેવન કરતાં ભવરોગ મટે છે.

કવિએ સમકિતને સુખડી કહી છે. સુખડી એક એવી મીઠાઈ છે, જે ગરીબ અને શ્રીમંત સર્વ લોકો પ્રાપ્ત કરી શકે છે. સમકિત પણ ચારે ગતિના જીવો પ્રાપ્ત કરી શકે છે. અત્યંત ભૂખ લાગી હોય ત્યારે સુખડી ખાવાથી ભૂખનું દુઃખ શાંત થાય છે, તેમ મિથ્યાત્વરૂપી સત્ત્વહીન ખોરાકથી દુર્બળ બનેલો આત્મા સમકિતરૂપી પૌષ્ટિક ભોજનથી સત્ત્વશાળી બને છે. મીઠાઈ નિરોગી વ્યક્તિ માટે શક્તિવર્ધક છે. તેનાથી જ્ઞાનતંતુઓને પોષણ મળે છે. સમકિતના સડસઠ બોલ એ સમકિત પ્રાપ્તિમાં સહાયક છે. તેનાથી આત્મિક ગુણોને પોષણ મળે છે, તેથી સમકિતરૂપી સુખડીનું સેવન કરવું પરમ હિતકારી છે.

ચાર સદ્દહણાને ઉપાધ્યાયજી સેવૈયા લાડુ સાથે સરખાવે છે. સેવૈયા લાડુ આકર્ષક અને ગુણકારી છે. તેનાથી શરીને પુષ્ટિ મળે છે. ચાર સદ્દહણામાં નિષેધાત્મક અને વિધેયાત્મક ભાવોને જાણી હેય અને ઉપાદેયની બુદ્ધિ દ્વારા સમ્યક્ આચરણ કરનાર વ્યક્તિ આત્મિક ગુણોને પ્રાપ્ત કરે છે. સેવૈયા લાડુથી શરીરને પુષ્ટિ મળે છે, ચાર સદ્દહણાથી આત્મિક પુષ્ટિ થાય છે.

ત્રણ લિંગ એ સુતરફેણી સમાન છે. સુતરફેણી દેખાવમાં સુંદર, રંગે શ્વેત, અત્યંત મુલાયમ અને મધુર હોય છે. સુતરફેણી ખાતાં મન ધરાતું નથી, વધુ ને વધુ ખાવાની ઉત્કંઠા જાગે છે, તેમ શુશ્રૂષા, ધર્મરાગ અને દેવ-ગુરુની વૈયાવચ્ચ કરતાં ભવ્ય જીવને થાક, કંટાળો કે અભાવ ન આવે. સમકિતીને આ ત્રણે લિંગ પ્રાણથી અધિક પ્રિય હોય છે. આ ત્રણ લિંગનું સેવન કરનારો શુક્લલેશી હોય છે. તેનું હૃદય કુણું હોય છે.

દશ વિનયના દહીંથરા દહુઠા (મીઠા), ત્રણ શુદ્ધિ સખર સુંવાળી રે,
આઠ પ્રભાવક જતને રાખી પણ દૂષણને ગાળી રે..ચાખો...૨.

કવિ યશોવિજયજી દશ વિનયની દહીંથરા સાથે તુલના કરે છે. દહીંથરા અત્યંત મધુર હોય છે, તેવી જ રીતે વિનય પણ અત્યંત મધુર હોય છે. દહીંથરા ખાતાં સંતોષ થાય પણ અરુચિ ન થાય, તેમ ધર્મમાં વિનયથી નમ્રતા, સરળતા અને નિરભિમાનપણું પ્રગટે છે. વિનયી વ્યક્તિથી કોઈને અરુચિ ન થાય.

ત્રણ શુદ્ધિને કવિએ સુંવાળી સાથે સરખાવી છે. સુંવાળીમાં નામ પ્રમાણે મૃદુતાનો ગુણ છે. ખેડૂત ખેતી (વાવણી) કરતાં પહેલાં ખેતરનું ખેડાણ કરી નકામું ઘાસ દૂર કરે છે, તેમ મન, વચન અને કાયાની શુદ્ધિથી ચિત્ત ભૂમિ સ્વચ્છ અને કોમળ બને છે. તેમાં પ્રભાવક પુરુષો દ્વારા ધર્મબીજનું વાવેતર થાય છે. મૃદુતા વિના ધર્મ ન ટકે.

આઠ પ્રભાવક પુરુષો સમકિત રૂપી સુખડીનું જતન કરે છે. તેઓ દૂષણથી દૂર રહેવાનો ઉપદેશ આપે છે. પાંચ દૂષણ એ સમકિતરૂપી સૂર્યને ગળી જનાર રાહુ સમાન છે. આઠ પ્રભાવકો છડીદાર બની સમકિતરૂપી

સુખડીનું સદા રક્ષણ કરે છે. પ્રભાવકો મિથ્યાત્વી (એકાંતવાદી)ઓને હંફાવે છે તેમજ ધર્મમાં અસ્થિર જીવોને સ્થિર કરે છે.

**ભૂષણ પાંચ જલેબી કુમળી, ઈહ વિધ જયણા ખાજા રે;**
**લક્ષણ પાંચ મનોહર ઘેબર, છઠાણ ગુંદવડા તાજા રે...ચાખો...૩**

કુશળતા, સ્થિરતા, તીર્થસેવા, ભક્તિ અને પ્રભાવના આ પાંચ સમકિતનાં ભૂષણ છે. તેને કવિએ જલેબીની ઉપમા આપી છે. સામાન્ય રીતે બધી જ મીઠાઈઓમાં જલેબી સૌથી વધુ લોકપ્રિય છે. તે બધી જ મીઠાઈઓથી નિરાળી છે. તેનો રંગ કેસર વર્ણો પીળો છે. તેનો આકાર ગોળ ગોળ છે. તે સ્વાદમાં મીઠી છે. તેમ ઉપરોક્ત ભૂષણોને ધારણ કરનાર વ્યક્તિ સામાન્ય માનવી કરતાં અનોખો દેખાય છે. તેનું સંપૂર્ણ જીવન જિનશાસનના ઉત્થાન અને ધાર્મિક અનુષ્ઠાનયુક્ત સંવર કરણીમાં વ્યતીત થાય છે. તે પોતે ધર્મમાં સ્થિર થાય છે તેમજ અનેક જીવોને પણ ધર્મમાર્ગમાં સ્થિર કરે છે. સમકિતી આત્માના બાહ્ય વ્યવહારરૂપ આ પાંચ ભૂષણથી જ સમકિતની સુંદરતા વધે છે.

સમકિતની છ યત્ના (જયણા) ને ખાજા સાથે સરખાવેલ છે. ખાજા ખારા અને સુંવાળા હોય છે; તેથી મોઢામાં મૂકતાં જ ખવાઈ જાય છે. મીઠાઈની સાથે ખારા ખાજા મૂકેલા હોય તો મહેમાનગતિના પ્રસંગે દીપી ઊઠે છે, તેમ સમકિતની છ પ્રકારની જતના અથવા કાળજીથી સમકિત ઝળકી ઊઠે છે. બાળ જીવોને સમકિતની અખંડિતતા જાળવવા છ પ્રકારની યત્ના જરૂરી છે. વારંવાર મિથ્યાત્વીઓનો સંગ કે પરિચય કરવાથી આત્મામાં કોમળતા નષ્ટ થાય છે અને કઠોરતા ઉત્પન્ન થાય છે. કઠોરતા હોય ત્યાં સમકિત ન રહી શકે.

સમકિતનાં પાંચ લક્ષણ એ ઘેબર સમાન છે. જેમ ઘેબર મનોહર અને પુષ્ટિવર્ધક છે, તેમ આ પાંચ લક્ષણો સમકિત પ્રાપ્તિ અને સુરક્ષાના ઉપાયરૂપ હોવાથી મનોહર અને અમૂલ્ય છે. તે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ જેવા આત્મિક ગુણોની પુષ્ટિ કરનારા હોવાથી સાત્ત્વિક ગુણો છે.

સમકિતના છ સ્થાન તાજા ગુંદરપાક જેવા છે. ગુંદરપાક શક્તિવર્ધક અને રોગ નિવારક છે, તેમ 'આત્મા છે' આદિ છ સ્થાનો સમકિતની પ્રાપ્તિ અને શ્રદ્ધામાં વૃદ્ધિ કરનારા, મિથ્યાત્વ રૂપી રોગનું નિવારણ કરનાર છે. આ છ સ્થાનનું ચિંતન-મનન કરનાર પરિષહ કે ઉપસર્ગમાં ભેદજ્ઞાન કરી પોતાની શ્રદ્ધામાં અવિચલ રહે છે. શ્રદ્ધાને જીવંત રાખનાર સંજીવની બુટ્ટી સમાન છ સ્થાન છે. મેળામાં માતાથી વિખુટૂં પડેલું બાળક રોઈ રોઈને થાકી જઈ ગમે ત્યાં ફર્યા કરે અને અંતે માતાને પણ ભૂલી જાય છે, તેવી જ રીતે મિથ્યાત્વી જીવો સંસારમાં ભટકતાં વિષય કષાયમાં આસક્ત બનતા, પોતાના સ્વરૂપને ભૂલી જવાથી ખૂબ દુઃખ અનુભવે છે. આ છ સ્થાન મિથ્યાત્વ છોડાવી પરમ શાંતિ અપાવે છે. આ છ સ્થાન આત્માને તંદુરસ્ત બનાવે છે, આત્મિક ગુણોની વૃદ્ધિમાં શક્તિવર્ધક છે.

**છ આગાર નાગોરી પેંડા, છ ભાવના પણ પૂરી રે;**
**સડસઠ ભેદે નવ નવ વાની, સમકિત સુખડી રૂડી રે...ચાખો...૪**

છ આગાર એ નાગોરી પેંડા છે. નાગોરી પેંડા મુલાયમ હોય છે, તેમ ઢીલા પોચા બાળ જીવો વ્યવહાર ધર્મ નિભાવવા પ્રસંગોપાત સમકિતનો ભંગ ન થાય તે હેતુથી આગાર ધર્મ રાખે છે. દૃઢધર્મીને આગારની આવશ્યકતા નથી પરંતુ બાળ જીવો વિકટ પ્રસંગોમાં ભાવધર્મની સુરક્ષા માટે સમકિતના આગારરૂપી પેંડાથી સમકિતરૂપી

મીઠાશ જાળવી રાખે છે.

સમકિતની છ ભાવના એ ફરસી પૂરી સમાન છે. થોડી જ મીઠાઈ ખાવાથી મન તૃપ્ત થઈ જાય છે પણ ફરસાણમાં એવું બનતું નથી. પૂરી સહિતનું ભોજન ભૂખની વેદનાને લાંબો સમય સુધી શાંત રાખે છે, તેવી રીતે ભાવનાઓનું વારંવાર ચિંતન કરતાં આત્મા તે ભાવનાઓથી ભાવિત બને છે. તેમાં ઉપશમરસ તથા વૈરાગ્ય ગુણોથી વૃદ્ધિ થાય છે. છ ભાવના સમકિતના દીપક પ્રગટાવે છે. મિથ્યાત્વરૂપી ભૂખને ભાંગી પૂરીની જેમ અપૂર્વ શાંતિ પ્રદાન કરે છે.

સમકિતના ૬૭ બોલના બાર દ્વાર છે. તેમાં સમકિત સુખડી શોભે છે. આ બાર ભેદમાં આઠ પ્રકારની મીઠાઈઓ અને બે ફરસાણ (ખાજા અને પૂરી) નાં નામ છે. કવિ યશોવિજયજી સ્વયં તત્ત્વજ્ઞાની હોવાથી તેમની સજ્ઝાયમાં તત્ત્વજ્ઞાનની બહુલતા છે.

**શ્રી જિન શાસન ચહુટે દીઠી, સિદ્ધાંત થાળે સારી રે;**
**તે ચાખે અજરામર હોવે, મુનિ દરશન મેં પ્યારી રે...ચાખો...૫**

સમકિતરૂપી સુખડી એટલે સુખદાયક એવી મીઠાઈનો થાળ. જિનશાસનના ચોકમાં, સિદ્ધાંતરૂપી થાળમાં સમકિતરૂપી સુખડી શોભી રહી છે. તેને આરોગનાર અજરામર પદ (મોક્ષ) પ્રાપ્ત કરે છે. જિનાગમરૂપી પરસાળમાં મૂકેલી સમકિત સુખડીને આરોગનાર ભવ્યાત્મા સંસારનો અંત લાવે છે.

કવિ અંતે કહે છે નિશ્ચયનયથી તો આત્મા અણાહારી છે. સંસારી જીવને કર્મના કારણે શરીર છે. શરીરના કારણે ભૂખ અને તરસની પીડા છે. વેદનીય કર્મ ચૌદમા ગુણસ્થાનક સુધી છે. તેથી ભૂખની પીડા રહે છે. સમ્યગ્દર્શન ગુણ ચોથા ગુણસ્થાનકે પ્રગટે છે. એક વાર સમકિત પ્રગટ્યા પછી ભલે અલ્પ સમય જ રહે પણ તેની સ્પર્શના જન્મ-મરણની પરંપરાનો અલ્પ ભવોમાં અંત લાવે છે.

(૨) ચૂંદડી વિષેના લોકગીતથી પ્રેરિત થયેલ સમકિતની સજ્ઝાય, જેના કર્તા જૈન સાધુ કવિ માણેકવિજયજી છે. કવિ કહે છે[૧૮]

ઝીણી રંગબેરંગી ભાતની ચૂંદડી લાલ ચટક રંગે રંગેલી છે. આ ચૂંદડી અતિશય સુંદર અને અમૂલ્ય છે. આ ચૂંદડી બરાંનપુર શહેરની છે. તેનું રંગકામ ઔરંગાબાદમાં થયું છે. તેનો કસુંબા જેવો પાકો રંગ છે. સર્વ સહેલીઓ સાથે જિનવાણીનું શ્રવણ કરવા જતાં દોશીના હાટે, ચતુર નગરના ચૌટામાં પ્રિયતમાએ ચૂંદડીને જોઈ. પ્રિયતમાએ પોતાની નણંદને કહ્યું, આ ચૂંદડી મને અતિશય પ્રિય છે. તમારા વીરાજીને વિનંતી કરો કે મને આ ચૂંદડી લાવી આપે. આ ચૂંદડી વિના મને જરા પણ ચેન પડતું નથી. આ ચૂંદડીમાં હાથી, ઘોડા, પોપટ, મોર જેવા વિવિધ પક્ષીઓ અને પશુઓની નવીન ભાત છે. દેરાણી, જેઠાણી, બે નણંદોને પણ દોશીડાના હાટે લાવજો. સાસુજી માટે સાડીઓ લેજો. દોશીડાના હાટે સંવરરૂપી સસરાએ ચૂંદડીનું મૂલ્યાંકન કર્યું. સવા લાખ સોનૈયા તેની કિંમત છે. સુમતિ સાસુના કહેવાથી તે ચૂંદડી ખરીદી પ્રિયતમાને આપી. પ્રિયતમા ચૂંદડી ઓઢીને પ્રભુનાં વંદન કરવા મંદિરમાં ગઈ. આ ચૂંદડી અત્યંત પાતળી અને ચંદ્રના કિરણોમાંથી વણેલી સુકુમાર છે. તેના ગુણોને (સુંદરતાને) માનીની સ્ત્રીઓ મળી મળીને ગાય છે. તેનો ઉપનય આ પ્રમાણે છે.

સમકિતરૂપી ભાતીગર ચૂંદડી સુંદર અને કિંમતી છે. તેનો શ્રદ્ધારૂપી રંગ સ્વાભાવિક છે. ચતુર્ગતિના

ચોકમાં મનુષ્ય ભવમાં જિનવાણીનું શ્રવણ કરતાં જિનાગમરૂપી દોશીના હાટે આ સમકિતરૂપી ચૂંદડીનું મહત્ત્વ અને શ્રેષ્ઠતા સાંભળી આ ચૂંદડી પ્રત્યે ભવ્ય જીવનું મન આકર્ષિત થયું. અહીં પ્રિયતમા એટલે ભવ્ય જીવ. હવે ભવ્ય જીવને સમકિતરૂપી ચૂંદડી લેવાની ઉત્કંઠા થઈ. તેને હવે સમકિતરૂપી ચૂંદડી વિના જરા પણ ગમતું નથી. ચૂંદડી ઘણી કિંમતી છે. તેને ખરીદવી પણ છે. તેથી વારંવાર તેનું મન ખેંચતાણ અનુભવે છે. આખરે હિંમત એકઠી કરી ભવ્યાત્મા સદ્‌ગુરુરૂપી નણંદને કહે છે, મને સમકિતરૂપી ચૂંદડી અતિશય પ્રિય છે. તેથી વીરાજી (શુદ્ધ પરિણતિ) ને વિનંતી કરો કે બહિરાત્મદશા છોડી અંતરાત્મા તરફ વળે, જેથી સમકિતરૂપી ચૂંદડી પ્રાપ્ત થાય. આ ચૂંદડીમાં વિવિધ ડીઝાઈનો એ સમકિતના સડસઠ બોલ છે. આ ચૂંદડી ખરીદવા માટે પરિવારજનો (સાધર્મિક) ને લાવજો. જેથી તેઓ પણ જિનવાણીનું શ્રવણ કરી સમકિતરૂપી ચૂંદડી ખરીદે. મિથ્યાત્વ રૂપી શોક્ય અર્થાત્ તર્ક, વિતર્ક સાથે જિનવાણીનું શ્રવણ કરવા ન આવશો. સંવર કરણી કરતાં પુણ્ય રાશિ એકઠો થતાં દેશે ન્યૂન અંતઃ ક્રોડા ક્રોડી સાગરોપમની સ્થિતિ થતાં કર્મના ક્ષયોપશમરૂપ સસરાથી ચૂંદડીનું મૂલ્યાંકન થયું. તેજો-પદ્મ કે શુકલ આ ત્રણ શુભ લેશ્યામાંથી કોઈ પણ એક લેશ્યાના અધ્યવસાયરૂપ સુમતિ સાસુથી ગ્રંથિભેદ થતાં સમકિતરૂપી ચૂંદડી પ્રાપ્ત થઈ.

ભવ્યાત્મા સમકિતરૂપી ચૂંદડી ઓઢી જિન ચૈત્યમાં જિનદર્શન માટે જાય છે. આ સમકિતરૂપી ચૂંદડી અત્યંત મુલાયમ અને આછી છે. તે નાજુક અને કિંમતી હોવાથી તેનું ખૂબ જતન કરવું જરૂરી છે. આ સમકિતરૂપી ચૂંદડી  અત્યંત આનંદકારી અને શીતલ છે. તેના ગુણોને કવિજનો અને ભક્તજનો ગાય છે. આ સજઝાયમાં એવું જણાય છે કે, બરાંનપુર શહેર બાંધણીઓ માટે પ્રસિદ્ધ છે તેમજ ઔરંગાબાદ શહેર તે સમયે રંગ કામ માટે વિખ્યાત હોવું જોઈએ. આ સજઝાયમાં સમકિતના સ્વરૂપ સાથે જ તે સમયની ચૂંદડીની બનાવટનું વર્ણન પણ જોવા મળે છે. સંત પરંપરામાં પ્યાલી, ચૂંદડી, કટારી આવા પ્રકારની રચનાઓ જોવા મળે છે, તેનું અનુસંધાન આ રચનામાં છે.

(૩) તપગચ્છની વિમલશાખાના જૈન સાધુ કવિ જ્ઞાનવિમલસૂરિ (નયવિમલસૂરિ) એ સમકિતના સંદર્ભમાં સજઝાયની રચના કરી છે. તેમણે અમૃતવિમલગણિ અને મેરુ વિમલગણિ પાસે અભ્યાસ કરી કાવ્ય, તર્ક, ન્યાય અને યોગશાસ્ત્રમાં પ્રવીણતા પ્રાપ્ત કરી. તેમની શીઘ્ર કવિત્વ શક્તિના પ્રભાવે તેઓ 'જ્ઞાનવિમલસૂરિ' કહેવાયા.'[૯૫]

કવિ જ્ઞાનવિમલ સૂરીએ સ્તુતિ, સ્તવન, ચૈત્યવંદન, સજઝાય આદિ વિવિધ કાર્ય પ્રકારમાં સારું એવું ખેડાણ કર્યું છે. એમાંથી તેમની એક સજઝાય જેમાં તેમણે સમકિતના વિરોધી મિથ્યાત્વનું સ્વરૂપ દર્શાવેલ છે.'[૯૬]

સમકિત એ શિવસુખનું કારણ અને સર્વ ધર્મનો સાર છે. એવા ઉત્તમ સમકિતના રહસ્યને જાણી હે ભવ્ય પ્રાણીઓ! તમે સમકિત સાથે મિત્રતા કેળવો. એવું કહી હવે કવિ સમકિતથી વિપરીત મિથ્યાત્વનું સ્વરૂપ દર્શાવે છે. કવિએ અહીં સુંદર અને સચોટ શબ્દોમાં કહ્યું છે-

> "જેહનાં ઘટમાં પોઢિયા પંચ મિથ્યાત્વ,
> તે કિમ પરિજાણઈ શુદ્ધ સમકિતની વાત?"'[૯૭]

ગુરુ ભંગવતોના મુખેથી જિનવાણી સાંભળી, સમકિતનું માહાત્મ્ય જાણ્યા, છતાં જીવ જાગૃત થતો નથી તેનું કારણ દર્શાવતાં કવિએ કહ્યું છે, જે વ્યક્તિના હૃદયરૂપી ઢોલિયા પર પાંચ મિથ્યાત્વએ શયન કર્યું હોય તે તત્ત્વાતત્ત્વની વાતો ક્યાંથી જાણી શકે? જિનવાણીનો ધોધ વરસે પણ જેણે પાત્ર જ ઊંધું મૂક્યું હોય તે પાત્રમાં

જિનવાણીરૂપી પાણી ક્યાંથી ભરાય ? અજ્ઞાન, અભિમાન અને મતાગ્રહોથી ભરેલો જે જીવ પરંપરા કે કુલાચારથી અનુકરણ કરી મિથ્યાત્વને છોડતો નથી; તે અભિગ્રહિક મિથ્યાત્વ છે. જૈનધર્મ અને શિવધર્મ સમાન છે, એમ સર્વ ધર્મ સમાન માનવા; તે બીજું અનાભિગ્રહિક મિથ્યાત્વ છે. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ કે પ્રત્યાખ્યાન ઇત્યાદિ કોઇપણ ધર્માનુષ્ઠાનના ફળમાં અજ્ઞાનથી સંદેહ રાખવો; તે સાંશયિક મિથ્યાત્વ છે. સત્ય જાણવા છતાં પોતાનું અભિમાન છોડે નહીં અને સત્ય સ્વીકારે નહીં; તે ચોથું આભિનિવેશિક મિથ્યાત્વ છે. અજ્ઞાનતાને કારણે ધર્મ-અધર્મનો વિવેક જાણતો નથી, અવ્રતનું પોષણ કરે છે, તેવા એકેન્દ્રિય આદિ જીવોને અણાભોગિક નામનું પાંચમું મિથ્યાત્વ હોય છે.

કવિએ ઉપરોક્ત પાંચ પ્રકારના મિથ્યાત્વનો પરિચય આપ્યો. ત્યાર પછી શ્રી સ્થાનાંગસૂત્રના આધારે તેઓ બીજા દશ પ્રકારના મિથ્યાત્વ દર્શાવે છે. ત્યાર પછી લૌકિક મિથ્યાત્વ ત્રિક અને લોકોત્તર મિથ્યાત્વ ત્રિકનો પરિચય આપી તેનો ત્યાગ કરવાની શિખામણ આપે છે. ત્યાર પછી જિનવચનની અવહેલના કરનાર, સ્વછંદ મતિથી ધર્મની સ્થાપના કરનાર મિથ્યાદષ્ટિ છે. મિથ્યાત્વી જિનની આશાતના કરે છે. તેમનાં વચનો શાસ્ત્ર વિરુદ્ધ છે. કવિ નયવિમલજીએ આ સજઝાયમાં મિથ્યાત્વના ૨૫ પ્રકારોનું સરળ અને સુગમ ભાષામાં સ્વરૂપ દર્શાવે છે.

અંતે કવિ કહે છે કે સમકિત એ ધર્મનું મૂળ છે. ગીતાર્થ ગુરુના યોગથી સમકિત પ્રગટ થાય છે. મશીન પડ્યું હોય પરંતુ સ્વીચ ઓન ન કરો તો કરંટ ન આવે. ઈલેક્ટ્રીક કરંટ વિના સાધન કાર્ય ન કરે, તેમ પાંચ સમવાય રૂપી બળ અને સદ્ગુરુનું નિમિત્ત (કરંટ) સમકિતની સિદ્ધિ કરાવે છે. આ સજઝાય અતિશય સુંદર અને અનેક ભાવોથી સભર છે.

(૪) મુનિ દેવચંદ્રજીએ સમકિતના સંદર્ભમાં સજઝાય લખી છે.[૧૮૮] આ દેવચંદ્ર મુનિ કયા છે, તે સ્પષ્ટ થતું નથી. સમકિત વિના આ જીવે ચતુર્ગતિમાં પરિભ્રમણ કર્યું છે. સમકિત વિના ઉત્કૃષ્ટ કોટિની સાધના કર્યા છતાં કાંઈ ન સર્યું. કવિએ આ ભાવોને આ સજઝાયમાં સુંદર રીતે વ્યક્ત કર્યા છે.

**"બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ દ્રવ્યલિંગ ધર લીનો,[૧૮૯]**
**દેવચંદ્ર કહે યા વિધિ તો હમ, બહુતવાર કર લીનો,**
**સમકિત નવિ લહ્યું રે તે તો, રુલ્યો ચતુર્ગતિ માંહે."...૫**

સમકિત વિનાની ઉત્કૃષ્ટ કોટિની સાધના, મુનિપણું કે ત્યાગ નિષ્પ્રાણ સમાન છે. સંક્ષેપમાં અજ્ઞાની ગમે તેટલી ક્રિયા કરે, તે બધી ક્રિયાઓ જ્ઞાનીની એક ક્રિયાને પહોંચી શકે નહિ.

(૫) જ્ઞાન નામના કર્તાએ સમકિત વિષે સજઝાય રચી છે.[૧૯૦] તેમણે કહ્યું છે -

**"જબ લગે સમકિત રત્નકુ, પાયા નહિં પ્રાણી;[૧૯૧]**
**તબ લગે નિજ ગુણ નવિ વધે, તરુ વિણ જિમપાણી."**

૧. નીર વિના વૃક્ષનો વિકાસ અસંભવ છે, તેમ સમકિતરૂપી રત્નની પ્રાપ્તિ વિના આત્મિક સંપત્તિનો વિકાસ અસંભવ છે.

૨. આકાશમાં ચિત્ર દોરી શકાતું નથી, તેમ સમકિત વિના તપ, સંયમ અને ધર્મક્રિયાઓ નિરર્થક બને છે.

૩. મૃદુ માટી વિના ઘડો ન બને, કારણ વિના કાર્ય ન ઉપજે; તેમ સમકિત વિના આત્માને મોક્ષસુખ ક્યાંથી મળે?
૪. સમકિત એ મોક્ષનું પરંપર કારણ છે. સમકિત એ મોક્ષનું મૂળ છે. શ્રેણિક મહારાજની જેમ સમકિત દ્વારા અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે.
૫. અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શનત્રિક, એમ દર્શનસપ્તકરૂપ મોહનીય કર્મનો જે ક્ષય કરી વિજય મેળવે છે; તેને કવિ જ્ઞાન વંદન કરે છે.

કવિએ વિવિધ દૃષ્ટાંતો દ્વારા સમકિતનો મહિમા દર્શાવી ક્ષાયિક સમકિતી પ્રત્યે પૂજ્ય ભાવ વ્યક્ત કર્યો છે.
(૬) પંડિત વીરવિજયજીએ સમ્યક્ત્વના સંદર્ભમાં સજઝાય રચી છે.[૯૮] જેમાં સમકિતના પાંચ પ્રકાર, તેની સ્થિતિ, ભવચક્રમાં પ્રત્યેક સમકિત જીવને કેટલી વખત પ્રાપ્ત થાય તેનું સંક્ષેપમાં સુરેખ વર્ણન કર્યું છે.

## કવિ ઋષભદાસ કૃત સમક્તિ સાર રાસની કવિ યશોવિજયજી કૃત સમક્તિના સડસઠ બોલની સજઝાય સાથે તુલના

**ઉપાધ્યાય યશોવિજયજીનો પરિચય :**

પૂજ્યપાદ ઉપાધ્યાય યશોવિજયજીનો જન્મ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના મોઢેરા શહેરની નજીકના કનોડા ગામમાં થયો હતો. પિતા નારાયણદાસ તથા માતા સૌભાગ્યવતીના તે પુત્ર હતા. તેઓ જૈન વણિક હતા. તેમનું નામ જસવંતકુમાર હતું. તેમને વૈરાગ્યની પ્રાપ્તિ થઈ. તેમણે ઈ.સ. ૧૬૩૨ માં તપગચ્છના નયવિજયજી મહારાજ પાસે અણહીલપુર પાટણમાં દીક્ષા લીધી. ગુરુએ જશવંતનું નામ યશોવિજયજી રાખ્યું.

પૂજ્ય નયવિજયજી મહારાજ જેવા સમર્થ ગુરુની હૂંફાળી છત્રછાયામાં યશોવિજયજી મહારાજે શ્રુતાભ્યાસ શરૂ કર્યો. તેમણે જ્ઞાનના ક્ષેત્રમાં હરણફાળ ભરવા માંડી. તેમણે દશ વર્ષની દીક્ષા પર્યાયમાં અધ્યાપકો પાસેથી વ્યાકરણ, ન્યાય, કોષ, કર્મગ્રંથાદિની નિઃશેષ વિદ્યા ગ્રહણ કરી લીધી. પૂજ્યશ્રીની અદ્ભૂત અને અજોડ વિદ્વત્તા હતી. ઈ.સ. ૧૬૪૩ માં અમદાવાદમાં અષ્ટાવધાનનો પ્રયોગ કરી, તેમણે તેજસ્વી મેધાનો પરિચય કરાવ્યો. તે વખતે સંઘના આગેવાન શાહ ધનજી સુરાએ તેમની યોગ્યતા જોઈ નયવિજયજી મહારાજને વિનંતી કરી કે, "યશોવિજયજી બીજા હેમચંદ્રાચાર્ય થાય તેમ છે, માટે તેમને ષટ્દર્શનનો અભ્યાસ કરવા કાશી મોકલો; જેથી જિનશાસનની પ્રભાવના થાય." આ કાર્ય માટેની સંપૂર્ણ જવાબદારી ધર્મપ્રેમી શ્રાવકે માથે લીધી.

તેમણે કાશીમાં ષટ્દર્શનના સિદ્ધાંતો સાથે ન્યાયગ્રંથોનો અભ્યાસ કર્યો. તેઓ ન્યાયગ્રંથોના પારગામી બન્યા. કાશી જઈ યશોવિજયજી મહારાજે ન્યાય, મીમાંસા, સાંખ્ય, વૈશેષિક આદિનો ત્રણ વર્ષ અભ્યાસ કર્યો. અને ત્યાંના વિદ્વાનો પાસેથી 'ન્યાયવિશારદ'નું બિરુદ મેળવ્યું. ત્યાંથી વિહાર કરી આગ્રામાં આવ્યા. ત્યાં ચાર વર્ષ રહી તર્કશાસ્ત્રોનું અધ્યયન કર્યું. તેઓ 'તાર્કિક શિરોમણિ' નું પદ પામ્યા. ત્યાંથી વિહાર કરી તેઓ ગુજરાત પધાર્યા. અહીં તેમણે ષટ્દર્શનની વિદ્યાનો ઉપયોગ પૂજ્ય સિદ્ધસેન દિવાકરજીના અને પૂજ્ય હરિભદ્રસૂરિના ગ્રંથોનું તલસ્પર્શી અવગાહન કરી, તે જ વાતોને વિશારદથી પ્રસ્તુત કરી જિનશાસનની સેવા કરી. સાહિત્ય સૃષ્ટિમાં વિહાર કરી તેમણે પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી ભાષામાં ગદ્ય અને પદ્ય રચનાઓ કરી. તેમના સમગ્ર સાહિત્યનું વિષય વૈવિધ્યપણું ઘણું છે.

ઈ.સ. ૧૬૬૨ માં અમદાવાદમાં વિજયપ્રભસૂરિએ યશોવિજયજી મહારાજને 'વાચક - ઉપાધ્યાય'નું પદ આપ્યું. યશોવિજયજી સત્તરમી સદીના પ્રતિભાશાળી વિદ્વાન હતા. યોગશાસ્ત્રના અભ્યાસીની દૃષ્ટિએ તેઓ 'બીજા હરિભદ્રસૂરિ'રૂપે તથા શ્રુતજ્ઞાનમાં 'બીજા હેમચંદ્રાચાર્ય'રૂપે ગણાય છે. જૈન શાસ્ત્રો ઉપરાંત વૈદિક અને બૌદ્ધ શાસ્ત્રોનું ઊંડું અધ્યયન કરનારા તથા સંપ્રદાયમાં બદ્ધ ન રહેતા નિર્ભયતાથી મત પ્રદર્શન કરનાર યશોવિજયજી મહારાજ જૈનેત્તરોમાં પણ ઊંચી કોટિના સમન્વયકાર અને મૌલિક શાસ્ત્રકાર હતા.

તેમનો જન્મ ઈ.સ.ની ૧૭મી સદીના બીજા-ત્રીજા દાયકામાં થયો હોવાનું અનુમાન થાય છે.

કવિ ઋષભદાસનો જન્મ ઈ.સ. ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં થયો છે. કવિ ઋષભદાસ પછી કવિ યશોવિજયજી થયા છે.

કવિ યશોવિજયજી મહારાજે અનેક રાસ કૃતિઓ, રસિક સ્તવનો, બોધ પ્રદ સજઝાયો, પૂજા, પદો આદિ વિવિધ સ્વરૂપની કૃતિઓ રચી છે, તેમાંથી 'સમકિતના સડસઠ બોલની સજઝાય' એક મહત્ત્વની કૃતિ છે. આ સજઝાય પ્રાચીન આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ કૃત **સમ્યક્ત્વ સમતિ** (દર્શન વિશુદ્ધિ) નામના ગ્રંથના આધારે અતિ સંક્ષિપ્ત રીતે સરળ અને સચોટ શબ્દોમાં, આનંદ પ્રદાન કરે તે રીતે, ગુજરાતી ભાષામાં ૭૦ કડીમાં સુવ્યવસ્થિત રીતે રચેલ છે. આપણી સંપાદિત વાચનાનો વિષય કવિ ઋષભદાસ કૃત 'સમકિતસાર રાસ' સાથે તેની તુલના પ્રસ્તુત છે.

કવિ યશોવિજયજીએ સમકિતના 'સડસઠ બોલની સજઝાય' ના પ્રારંભમાં મંગલાચરણ કરે છે, જેમાં સરસ્વતી માતાનું સ્મરણ અને સડસઠ બોલની મીઠી વાત કરી છે. જે અધિકારી, પ્રયોજન અને સંબંધ વગેરે ગર્ભિત વિષયોનું સૂચન કરે છે. અતિ સંક્ષેપ રીતે અલ્પ શબ્દોમાં વિષયને પ્રસ્તુત કરવાની કવિની કાવ્ય કૌશલ્યતાનું અહીં દર્શન થાય છે.

કવિ ઋષભદાસે 'સમકિતસાર રાસ'માં મંગલાચરણરૂપે બ્રહ્માપુત્રી, ચોવીસ તીર્થંકરો, ગણધરોને ભાવપૂર્વક નમસ્કાર કર્યા છે. કવિ યશોવિજયજી કહે છે કે ઉત્તમ કાર્ય નિર્વિઘ્નપણે પાર પામે અથવા ઉત્તમ કાર્યરૂપી વેલને પાંગરવામાં વર્ષાઋતુ જેવી સરસ્વતી માતાની આવશ્યકતા છે. વેલની વૃદ્ધિમાં વરસાદ ઉપયોગી છે, તેમ તાત્ત્વિક સજઝાયની રચના જેવા ઉત્તમ કાર્યમાં માતા શારદાની કૃપા અનિવાર્ય છે. આ રીતે બંને કવિઓએ પ્રારંભમાં મંગલાચરણરૂપે શ્રુતદેવી રૂપ માતા સરસ્વતીનું સ્મરણ કર્યું છે.

કવિ યશોવિજયજી ગુરુની મહત્તા દર્શાવતાં કહે છે-

> **"સમકિત દાયક ગુરુ તણો પરચુવયાર (પ્રતિ ઉપકાર) ન થાય;**[૯૭]
> **ભવ કોડાકોડેં કરી કરતાં સર્વ ઉપાય."**

સમકિતદાતા ગુરુના ઉપકારનો બદલો વાળવો અશક્ય છે રાજ્ય, સમૃદ્ધિ, ઇન્દ્રાદિકનો વૈભવ આવા સર્વ ઉપાય કરોડો જિંદગી પર્યંત કરવામાં આવે, છતાં સદ્‌ગુરુના ઉપકારનો બદલો વાળી શકાતો નથી. ત્યાર પછી તેમણે દર્શનમોહનીય કર્મના ક્ષયથી નિશ્ચય સમકિતની પ્રાપ્તિ થાય છે, એવું દર્શાવેલ છે. તેમજ સમકિતને રહેવાના ૬૭ અધિષ્ઠાનો, કેન્દ્રો કે મથકોની વાત કરી છે.

કવિ ઋષભદાસે સમકિતના ૬૭ બોલના નામ નિર્દેશન કર્યા છે, તેમજ સમકિતની મહત્તા, મનુષ્યભવની

દુર્લભતા, ત્રિરત્નનો આરાધક સમ્યગ્દૃષ્ટિ પરમ શ્રાવક છે; તેવું કવિ જણાવે છે. વળી, દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ, પંચપરમેષ્ઠીના ગુણો, પાંચ આચારનું વર્ણન, દીક્ષાને અયોગ્ય વ્યક્તિઓ, દાન-શીલ-તપ અને ભાવધર્મનો મહિમા, કુદેવનું સ્વરૂપ, મિથ્યાત્વનું સ્વરૂપ, પાંચ પ્રકારના સમકિત આદિ વિષયો કવિએ વિશદતાથી વર્ણવ્યા છે.

કવિ યશોવિજયજીએ ક્ષાયિક સમકિતની વાત કરી છે, જે દર્શન મોહનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે. આ ક્ષાયિક સમકિત ચોથા ગુણસ્થાનકે પ્રગટ થાય છે. ત્યાર પછીના દશ ગુણસ્થાનક સુધી જીવનો ક્રમિક વિકાસ થાય અને તે તે ગુણસ્થાનકે જીવ ચઢે ત્યારે દરેક ગુણસ્થાનકે ઉત્તરોત્તર નિર્મળ દશા હોય છે. સમકિતથી શરૂ થયેલી એ નિર્મળતા મોક્ષમાં જીવ પહોંચે, ત્યાં પણ કાયમ રહે છે. તેથી કવિ યશોવિજયજીએ કહ્યું છે કે -

**દર્શનમોહ વિનાશથી જે નિર્મળ ગુણ ઠાણ,**[૧૮]
**તે નિશ્ચે સમકિત કહ્યું, તેહના એહ અહિ ઠાણ...દોહો-૧.**

જૈન શાસ્ત્રમાં બે નય દર્શાવેલ છે. નિશ્ચયનય = ખરેખર, તાત્ત્વિક. વ્યવહારનય = લોકવ્યવહાર.

નિશ્ચયનયથી સમકિત એ આત્માનો નિર્મળ ગુણ છે. આ ગુણ અમુક આત્મામાં છે, એવું બાહ્ય વ્યવહારથી સમજાય છે. તે નિશાનીઓને-લક્ષણોને સમકિતને રહેવાનાં કેન્દ્રો કહેવાય છે. તેથી વ્યવહારનયથી એ કેન્દ્રો પણ સમકિત કહેવાય છે. વ્યવહાર સમકિતરૂપ કેન્દ્રો જાણવામાં આવે તો પ્રાયઃ કરીને નિશ્ચયનયથી સમકિત ગુણ પ્રાપ્ત થાય; એવું તાત્ત્વિક જ્ઞાન આ પંક્તિમાં રહેલું છે. યશોવિજયજી મહારાજ જૈન પરંપરાના પ્રતિભાશાળી વિદ્વાન હતા. તેથી તેમની સજ્ઝાયમાં તાત્ત્વિક ભાવોની સચોટ અભિવ્યક્તિ નોંધપાત્ર છે, જ્યારે કવિ ઋષભદાસને સામાન્ય ભાવિકો માટે વિષયનું વિવરણ કરવું પસંદ હોવાથી, તેમની રાસકૃતિમાં દરેક વિષયને વિસ્તારથી વર્ણવ્યો છે.

કવિ યશોવિજયજીએ ચારે સદ્દહણાનું વર્ણન હરિગીત છંદમાં ફક્ત બે કડીઓમાં ખૂબ સ્પષ્ટતાપૂર્વક કર્યું છે. તેથી તેમની સજ્ઝાયમાં ચારે સદ્દહણાનો ક્રમ અને વિષય સૂચકતા જળવાઈ રહે છે, જ્યારે કવિ ઋષભદાસે ચાર પ્રકારની સદ્દહણાનું અતિ વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમણે ધનવંત કરતાં જ્ઞાનવંતને શ્રેષ્ઠ કહ્યો છે. તેના સંદર્ભમાં શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના આઠમા અધ્યયનનું "કપિલ કેવળી" નું દૃષ્ટાંત કવિ આલેખે છે. ત્યાર પછી પ્રસંગોપાત સાત નિહ્નવોનો પરિચય પણ આપે છે. કવિ કુગુરુનો પરિચય આપતાં તેમનાં ભેદ-પ્રભેદ આદિનું વર્ણન કરે છે. અહીં કવિને વિષય વિસ્તૃત કરવામાં રસ છે, જે કવિની વર્ણનાત્મક શૈલીનો પરિચય કરાવે છે. તો બીજી બાજુ કવિએ સમકિતની સદ્દહણાને અનુલક્ષીને જે જે વિષયો ટાંક્યા છે, તેનો બહુલ વિસ્તાર થતાં વિષયની ક્રમિકતા જળવાતી નથી. વળી કથા રસમાં ખેંચાયેલ ભાવિકને મૂળ ચર્ચાનું અનુસંધાન પણ ન રહે એ શક્ય છે.

કવિ યશોવિજયજીએ સમકિતનાં ત્રણ લિંગને લૌકિક દૃષ્ટાંતોથી મઠારીને કહ્યા છે. (૧) શુશ્રૂષા = શ્રુત શ્રવણની તીવ્ર અભિલાષા. જેમાં તેમણે યુવાન, ચતુર, સંગીતજ્ઞ પુરુષનું દૃષ્ટાંત આપ્યું છે. (૨) ધર્મરાગમાં દ્વિજનું દૃષ્ટાંત આપ્યું છે. (૩) વૈયાવચ્ચમાં અપ્રમાદી વિદ્યાસાધકનું દૃષ્ટાંત આપ્યું છે. કવિ યશોવિજયજી કહે છે કે આ ત્રણ લિંગને ધારણ કરનાર 'અભંગ' એટલે કદી નષ્ટ ન થાય, તેવું અખંડ મોક્ષસુખ પ્રાપ્ત કરે છે. કવિ ઋષભદાસે પણ એ જ રીતે દૃષ્ટાંતોનું નિરૂપણ કર્યું છે. તેમણે પ્રથમ લિંગના સંદર્ભમાં ૪૫ આગમોનાં નામ નિર્દેશન કર્યા છે. બીજા લિંગમાં તેમણે પણ બ્રાહ્મણનું દૃષ્ટાંત આપ્યું છે જ્યારે ત્રીજા લિંગના સંદર્ભમાં મુનિ નંદિષેણનું દૃષ્ટાંત ખૂબ

વિસ્તારથી આલેખ્યું છે. અહીં કવિએ કથા વિસ્તારનો મોકળાશથી લાભ લીધો છે. કથા પરત્વે કવિ શાસ્ત્રને અનુસરીને જ ચાલ્યા છે. રાસકાર સળંગ પ્રવાહી કથા નિરૂપણથી વિશેષ સિદ્ધ કરી શક્યા નથી, જ્યારે કવિ યશોવિજયજીએ ત્રણ લિંગનું સ્વરૂપ અતિસંક્ષેપમાં, ઉદાહરણો સાથે સચોટ રીતે આલેખ્યું છે.

કવિ યશોવિજયજીએ દશ પ્રકારના વિનયની વ્યાખ્યા કરી છે. ૧) વિચરતાં જિનેશ્વર પ્રભુ એ અરિહંત ભગવંતો (૨) સર્વ કર્મ ક્ષય કર્યા છે તે સિદ્ધ ભગવંત (૩) જિનેશ્વર પ્રભુની પ્રતિમા એ ચૈત્ય (૩) જિનાગમો તેસૂત્ર (૫) ક્ષમા આદિ દશ પ્રકારનો મુનિધર્મ તે ધર્મ (૬) ધર્મપાલક તથા ધર્મના આધાર સ્થાનરૂપ તે સાધુ (૭) પંચાચારનું જ્ઞાન આપનારા અને ધર્મમાર્ગના નાયક તે આચાર્ય. (૮) શિષ્યોનેસૂત્ર ભણાવે તે ઉપાધ્યાય. (૯) પ્રશંસનીય અને કલ્યાણી જૈન સંઘ તે પ્રવચન (૧૦) ઉત્તમ એવો સમકિત ગુણ તે દર્શન.

આ દશની ભક્તિ, બહુમાન, ગુણોની સ્તુતિ કરવી તથા અવગુણનો તેમજ આશાતનાનો ત્યાગ કરવો. આ દશ પ્રકારનો વિનય સમકિત ઉત્પત્તિનું કારણ છે, તેમજ દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મમાં પ્રગતિ કરવામાં ઉપયોગી છે. આ રીતે કવિ યશોવિજયજીએ દશ પ્રકારનો વિનય અને વિનય કરવાની પાંચ રીત દર્શાવી છે. અંતે તેઓ કહે છે કે -

**પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂળ;[૧૯]**
**સિંચે તેહ સુધા-રસેજી, ધર્મ વૃક્ષનું મૂળ.**

વિનયનું ફળ શું ? તે દર્શાવતાં કવિ કહે છે કે, જેમ પૌષ્ટિક ભોજનથી શારીરિક શક્તિ મળે છે; તેમ વિનયગુણથી અમૃતરસની ઉત્પત્તિ થાય છે. તેમાંથી આત્માનુભૂતિરૂપ અમૃતરસની ઉત્પત્તિ થાય છે. આ રસથી આત્મા પુષ્ટિવાન બને છે અને પરંપરાએ મોક્ષ મેળવે છે. આ રીતે વિનય ગુણનું ફળ મોક્ષ છે. વૃક્ષની વૃદ્ધિ માટે તેના મૂળમાં જ પાણીનું સિંચન કરવું જોઈએ. ડાળ, પાંદડા, શાખાઓને સિંચાયેલું પાણી વૃક્ષની વૃદ્ધિમાં સહાયક બનતું નથી તેમ દ્રવ્ય ક્રિયાઓ વિવેક અથવા વિનય વિના કરાય તો સમકિતની સ્પર્શના કે વૃદ્ધિમાં સહાયક ન બને. જેમ બાજુમાંથી પસાર થયેલી કાર આપણને સ્પર્શ કર્યા વિના જતી રહે છે, તેમ દ્રવ્ય ક્રિયાઓ લક્ષ્ય વિના, વિવેક વિના, જેમ-તેમ કરાય તો ફળદાયક બનતી નથી. કવિ યશોવિજયજી ધર્મનું પ્રત્યેક અનુષ્ઠાન ભાવપૂર્વક અને વિધિપૂર્વક કરવાની અહીં હિતશિક્ષા આપે છે. કવિએ આ પંક્તિમાં સચોટ ભાવો વર્ણવ્યા છે. જે તેમની તાત્ત્વિક શક્તિનું નિરૂપણ કરે છે, જ્યારે કવિ ઋષભદાસે દશ વિનયનાં ફક્ત નામ નિર્દેશન જ કર્યા છે.

કવિ યશોવિજયજીએ તાત્ત્વિક રીતે ત્રણ પ્રકારની શુદ્ધિઓનું નિરૂપણ કર્યું છે, તેવી જ રીતે કવિ ઋષભદાસે પણ મન શુદ્ધિ, વચન શુદ્ધિ અને કાયશુદ્ધિનું સરળ શબ્દોમાં નિરૂપણ કર્યું છે.

કવિ યશોવિજયજી મહારાજે સમકિતનાં પાંચ દૂષણો ઢાળ પાંચમીમાં બતાવેલ છે. (૧) શંકા - જૈન ધર્મના ઉપદેશક વીતરાગ પરમાત્મા છે. તેમને મન રાજા અને રંક સમાન છે. તેથી તેઓ કદી અસત્ય બોલતા નથી. તેથી જૈન ધર્મમાં શંકા ન કરવી. (૨) કંખા - મિથ્યા ધર્મની અભિલાષા રાખવી, તે કાંક્ષા દૂષણ છે. કલ્પવૃક્ષની હયાતીમાં બાવળનો આશ્રય ન લેવાય, તે જ રીતે જૈનધર્મની પ્રાપ્તિ થયા પછી મિથ્યા ધર્મની ઇચ્છા રાખવી, તે સમકિતનું કાંક્ષા દૂષણ છે. (૩) ધર્મનું ફળ હશે કે નહીં ?એવો સંશય તે વિચિકિત્સા અથવા વિતિગિચ્છા નામનું ત્રીજું દૂષણ છે. (૪) મિથ્યાત્વીની પ્રશંસા કરવી. (૫) મિથ્યાત્વીનો પરિચય કરવો. આ પાંચ દૂષણ દુર્ગંધ સમાન

છે. સમકિતરૂપી કમળની સુગંધ મેળવવા દૂષણરૂપી દુર્ગંધનો ત્યાગ કરવો આવશ્યક છે. અહીં કવિએ સમકિતને સુગંધ અને મિથ્યાત્વને દુર્ગંધ સાથે સરખાવી છે. કવિનું પાંડિત્ય અહીં પણ ઝળકે છે. કવિ ઋષભદાસે પણ પાંચ દૂષણો દર્શાવેલ છે. તેમણે પ્રસંગોપાત હરિકેશી મુનિ તથા અન્ય દૃષ્ટાંતો આપી પોતાની વિદ્વત્તા પુરવાર કરી છે.

અહીં વિશેષતા એ છે કે કવિ ઋષભદાસે વિતિગિચ્છા દૂષણના બે અર્થ કર્યા છે. (૧) ધર્મના ફળનો સંશય કરવો અથવા આલોક અને પરલોકના સુખ માટે જિનેશ્વરદેવનું ધ્યાન કરે.(૨) મુનિવરનાં મલિન, વસ્ત્ર, ગાત્ર આદિ જોઈને દુગંછા કરવી.

કવિ યશોવિજયજીએ આ સજ્ઝાયમાં કવિ ઋષભદાસ જેવો બીજો અર્થ કર્યો નથી.

કવિ યશોવિજયજીએ છઠ્ઠી ઢાળમાં જિનશાસનનાં આઠ પ્રભાવકોનું સ્વરૂપ દર્શાવેલ છે. તેમાં કેટલાક દૃષ્ટાંતો આપેલ છે, તેવી જ રીતે કવિ ઋષભદાસે પણ જૈન ધર્મના પ્રભાવકોનું દૃષ્ટાંત સહિત વર્ણન કરેલ છે.

ધર્મકથી, તાંત્રિક (અંજન, ચૂર્ણ વગેરેના બળથી પ્રભાવના કરનાર) અને મહાકવિ આ ત્રણ પ્રભાવકમાં બંને કવિઓએ એક સરખા દૃષ્ટાંત આપ્યા છે. કવિ ઋષભદાસે આઠે પ્રભાવકમાં વિવિધ દૃષ્ટાંતોને પોતાની કૃતિમાં વણી લીધાં છે. તેમનું લક્ષ્ય કથા નિમિત્તે બોધ કરાવવા તરફ છે. 'પ્રભાવકો દ્વારા ધર્મનો પ્રચાર અને મિથ્યાત્વનો નાશ' આ સિદ્ધાંતને ચરિતાર્થ કરવા તેમણે પૂરેપૂરી કોશિશ કરી છે. કવિએ નંદિષેણ મુનિ તથા સિદ્ધસેન દિવાકર જેવા અન્ય કથાનકોને પણ સુંદર રીતે વર્ણવેલ છે, જ્યારે કવિ યશોવિજયજીએ સજ્ઝાય સંક્ષિપ્ત રીતે આલેખેલી છે. તેથી સ્વાભાવિક જ તેમણે કથાઓનું વર્ણન ન કરતાં ફક્ત નામ દર્શાવેલ છે. વળી અહીં કવિ ઋષભદાસની વર્ણનાત્મક કાવ્ય શૈલીની આગવી સૂઝ નજરે ચઢે છે. અહીં કથાનક વિસ્તૃત હોવા છતાં રસપ્રદ છે. કવિના ઊંડાણપૂર્વકના શાસ્ત્રાભ્યાસનો આપણને અહીં ખ્યાલ આવે છે. જ્યારે કવિ યશોવિજયજી ન્યાય અને તર્કશાસ્ત્રના પારંગત કવિ હોવાથી તેમને કથા વર્ણનમાં રસ ન હોય, એવું પણ સંભવી શકે છે. તેમણે આ વિષયને સંક્ષિપ્ત રીતે અલંકૃત કર્યો હોય, તેવું પણ જણાય છે. કવિ યશોવિજયજીને આ કૃતિમાં તાત્ત્વિક નિરૂપણમાં વિશેષ રસ છે, જ્યારે કવિ ઋષભદાસને રાસકૃતિ રચવાની હોવાથી કૃતિને વિસ્તૃત કરવા માટે ચરિત્ર વર્ણનમાં વધુ રસ છે.

| | પ્રભાવક | કવિ યશોવિજયજી કૃત સજ્ઝાયમાં આપેલ દૃષ્ટાંત. | કવિ ઋષભદાસ કૃત સમકિત સાર રાસમાં આપેલ દૃષ્ટાંત. |
|---|---|---|---|
| ૧. | પ્રાવચનિક | - | વૃદ્ધા હંસ હંસના જાપ જપતાં, વિષધરનું વિષ દૂર કરે છે. |
| ૨. | ધર્મકથી | નંદિષેણ મુનિ | નંદિષેણ મુનિ, બળભદ્ર મુનિ. |
| ૩. | વાદી | મલ્લવાદીસૂરિ | મહાવીર સ્વામી અને ગૌતમસ્વામી, જમાલી |
| ૪. | નૈમિત્તિક | ભદ્રબાહુસ્વામી | ભદ્રબાહુસ્વામી. |
| ૫. | તપસ્વી | - | સનત્કુમાર ચક્રવર્તી |
| ૬. | વિદ્યામંત્ર | વજ્રસ્વામી | આર્ય ખપુટાચાર્ય |
| ૭. | તાંત્રિક | કલિકાચાર્ય | કાલકાચાર્ય |
| ૮. | મહાકવિ | સિદ્ધસેન દિવાકર | સિદ્ધસેન દિવાકર. |

કવિ યશોવિજયજીએ ઢાળ-૭ માં સમકિતનાં પાંચ ભૂષણ (શોભા) અતિ સંક્ષેપ રીતે વર્ણવેલ છે. જ્યારે કવિ ઋષભદાસે પાંચ ભૂષણનું વર્ણન કરતાં પ્રસંગોપાત ત્રણ પ્રકારની વંદના, વંદનાના બત્રીસ દોષ, તેત્રીસ પ્રકારની આશાતના, પાંચ પ્રકારના કુલિંગી સાધુઓ ત્યાર પછી ગુરુભક્તિનો મહિમા વર્ણવ્યો છે. આ વિષયના સંદર્ભમાં શ્રેયાંસકુમાર, ચંદનબાળા, સંગમ ભરવાડ આદિનાં દૃષ્ટાંત આપેલ છે. ચોથા સ્થિરતા ભૂષણના સંદર્ભમાં નૃપ હરિતિલકનું અત્યંત વિસ્તારપૂર્વક કથાનક આલેખેલ છે. અહીં કવિ ઋભષદાસની વિસ્તૃત કથાનક દ્વારા વિષયને મઠારવાની શક્તિ અને લોક પ્રચલિત કથાઓ દ્વારા વિષયને સરળ બનાવી બાળજીવોને સમજાવવાની રીત ખરેખર પ્રશંસનીય છે.

કવિ યશોવિજયજીએ ઢાળ-૮ માં સમકિતનાં પાંચ લક્ષણનું રહસ્ય ખોલ્યું છે. (૧) અપરાધીનું પણ મનથી બૂરું ન ઇચ્છવું તે ઉપશમ. (૨) મોક્ષની અભિલાષા તે સંવેગ (૩) સંસારથી નિવૃત્તિ અને ધર્મમાં પ્રવૃત્તિ એ નિર્વેદ છે. (૪) અનુકંપા (૫) જિન વચન સત્ય છે તેવી આસ્થા.

ધર્મ પ્રાપ્તિની ભૂમિકારૂપ આ પાંચ લક્ષણો સ્યાદ્વાદ શૈલીમય તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે, જે કવિ યશોવિજયજીની તત્ત્વજ્ઞાન સભર શૈલીનું દર્શન કરાવે છે.

કવિ ઋષભદાસે પાંચ લક્ષણનું સ્વરૂપ અતિ સંક્ષિપ્તમાં ફક્ત નામોલ્લેખ કરી દર્શાવેલ છે.

કવિ યશોવિજયજીએ ઢાળ:૯ માં સમકિતની છ યત્નાનું સ્વરૂપ દર્શાવ્યું છે તેવી જ રીતે કવિ ઋષભદાસે સમકિતના પાંચ લક્ષણની જેમ છ યત્ના પણ નામનિર્દેશન આપી જણાવી છે.

કવિ યશોવિજયજીએ ઢાળ:૧૦ માં સમકિતના છ આગારનું સ્વરૂપ વર્ણવતાં કહે છે કે

**"શુદ્ધ ધર્મથી નવિ ચળો, અતિ દૃઢ ગુણ આધાર લલના;[૯૯]**
**તો પણ જે નહિ અહેવા, તેહને એહ આગાર. લલના બોલ્યું તેહવું પાળીએ."**

સાત્ત્વિક પુરુષો સત્યધર્મથી ચલિત થતા નથી; તેઓ ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાન હોય છે પરંતુ બાળ જીવો મુશ્કેલીમાં સત્યધર્મનું શુદ્ધપણે પાલન કરી શકતા નથી તેમને માટે આ આગાર છે.

કવિ યશોવિજયજીએ સજ્જન અને દુર્જનને ઉપમા અલંકારથી નવાજ્યા છે.

**દંતિ દંત સમબોલ લલા, સજ્જન ને દુર્જન તણા કરછપ્ર કોટિને તોલ.'[૧૦૦]**
**લલા બોલ્યું તેહવું પાળીએ...પ૨**

સજ્જનો અથવા દૃઢ પ્રતિજ્ઞાવંત મહાપુરુષો હાથીના દંતશૂળ જેવા છે, જ્યારે દુર્જનો કાચબાની ડોક સમાન છે. જેમ હાથીના દાંત જીવન પર્યંત અત્યંત મજબૂત અને સ્થિર હોય છે, તેમ દૃઢ ધર્મી જીવો જીવન પર્યંત પ્રતિજ્ઞાનું શુદ્ધપણે એ પાલન કરે છે. દુર્જનો અસ્થિર મનવાળા હોય છે. જેમ કાચબાની ડોક અસ્થિર હોય છે, તેમ નિર્બળ મનવાળા ધર્મમાં અસ્થિર હોવાથી લીધેલ પ્રતિજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કરતા નથી. કવિ યશોવિજયજીએ તેના સંદર્ભમાં દૃઢ પ્રતિજ્ઞાવંત કાર્તિક શેઠનું દૃષ્ટાંત ટાંકેલ છે.

કવિ ઋષભદાસે છ આગારને શાસ્ત્રોક્ત રીતે નામ નિર્દેશન કરી દર્શાવેલ છે.

કવિ યશોવિજયજી પાસે કવિત્વ શક્તિ, તાત્ત્વિક શક્તિ અને સચોટ શબ્દ પ્રયોગ આલેખવાની શક્તિ હોવાથી છ ભાવનાઓ અને છ સ્થાનકોનું અત્યંત ટૂંકાણમાં મર્મગામી આલેખન કર્યું છે. તે ઉપરાંત કવિ

યશોવિજયજીએ ષટ્સ્થાન ઉપર 'સમકિત ષટ્સ્થાન ચઉપઈ' - બાલાવબોધ સહિતની રચના કરી છે.[૧૯૮] તે ગ્રંથનો મૂળ આધાર સિદ્ધસેન દિવાકર રચિત 'સમ્મતિ તર્ક' છે. આ બાલાવબોધ ઉપર સરળ ગુજરાતી વિવરણ મુનિ અભયશેખર વિજયજીએ કર્યું છે. તેમાં છ દર્શનોના વિચાર પ્રવાહોને પોતાની બુદ્ધિની સરાણે ચઢાવીને મૂકયા છે. કવિ યશોવિજયજીએ ષટ્દર્શનની માન્યાતાઓને ખંડિત કરી સ્યાદ્વાદ દ્વારા તે સર્વનો સમન્વય સાધ્યો છે.

કવિ ઋષભદાસે છ ભાવનાઓનો કેવળ નામોલ્લેખ કર્યો છે, જ્યારે કવિ યશોવિજયજી ભાવનાને વર્ણવે છે.

'ભાવિ જે રે! સમકિત જેહથી રૂઅડું, તે ભાવના રે! ભાવી કરી મન પઅડું'[૧૯૯]
જો સમકિત રે! તાજું સાજું મૂળ રે, તે વ્રત તરુ રે! દીએ શિવફળ અનુકુળ રે

જેનાથી સુંદર સમકિત ગુણને વધુ સુવાસિત બનાવી શકાય, તેનું નામ સમકિતની ભાવના છે.

પ્રથમ ભાવનામાં તેમણે કહ્યું છે - 'અનુકૂળ મૂળ રસાલ સમકિત'[૨૦૦] સમકિતરૂપી મૂળને અનુકૂળ અને રસાળ એમ બે શબ્દો દ્વારા ઓળખાવ્યું છે. સમકિતરૂપી મૂળ તાજું અને અખંડ હોય તો, વ્રતોરૂપી વૃક્ષ મોક્ષરૂપી ફળ અવશ્ય આપે છે.

બીજી ભાવનામાં સમકિતને ધર્મરૂપી શહેરનું દ્વાર કહેલ છે, ત્રીજી ભાવનામાં સમકિતને પીઠ (પાયા) ની ઉપમા આપી છે. સમકિતરૂપી પાયો દઢ હોય તો તેના પર ચણેલો ધર્મરૂપી મહેલ સ્થિર રહે છે. કારણકે-

પાયે ખોટે રે! મોટે મંડાણ ન શોભિયે;[૨૦૧]
તેણે કારણરે! સમકિત શું ચિત્ત ભોલિયે.

ખોટા પાયા પર મોટી ઇમારતની રચના અશોભનીય છે માટે સમકિતમાં ચિત્ત સ્થિર કરવું જોઈએ. કવિએ અહીં પણ યમક અલંકારના પુનરાવર્તિત ભાવને દઢ કર્યા છે. ચોથી ભાવનામાં સમકિતને સર્વ ગુણરૂપી રત્નોને સુરક્ષિત રાખવા માટેનો ભંડાર (નિધાન) કહેલ છે.

સમકિત નિધાન સમસ્ત ગુણનું એહવું મન લાવિયે,[૨૦૨]
તેહ વિના છુટા રત્ન સરિખા, મૂલ-ઉત્તર ગુણ સવે
કિમરટે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે...૫૯

અહીં કવિ યશોવિજયજી એ મૂળ અને ઉત્તરગુણોને સમકિત વિના છૂટાં રત્નો સમાન ગણાવ્યા છે, તેમજ સમકિતને નિધાન સમાન ગણાવ્યું છે. રત્નોની ચોરી કરવા કષાયોરૂપી ભયંકર ક્રૂર ચોરો તાકી રહ્યા હોય ત્યારે તેનું રક્ષણ શી રીતે થાય? સમકિતરૂપી તિજોરી વિના તે રત્ન ચોરાઈ જાય છે. અહીં કવિએ ચોર, જોર એવા શબ્દોવડે યમક અલંકારના ભાવને લય દ્વારા કહ્યા છે.

પાંચમી આધાર ભાવના છે. જેમ સર્વ પદાર્થોનો આધાર પૃથ્વી છે, તેમ સર્વ ઉત્તમ ગુણોનો આધાર સમકિત છે.

છઠ્ઠી ભાવનામાં કવિ યશોવિજયજી કહે છે કે

નવિ ઢળે સમકિત ભાવનો રસ અમિય રસ સુંદર તણો.[૨૦૩]

સમકિતરૂપી ભાજન મળે તો શાસ્ત્ર અને સદાચારનો રસ તેમાંથી ઢળી શકે નહિ. સમકિતના ભાવનો રસ તો ન ઢળે પરંતુ અમૃત જેવા સંવરનો રસ પણ ન ઢળે. અહીં કવિ યશોવિજયજી એ સમકિતને ધર્મનું મૂળ, ધર્મનું

દ્વાર, ધર્મનો પ્રાસાદ, ધર્મનો ભંડાર, ધર્મનો આધાર અને ધર્મનું પાત્ર કહેલ છે. છ ભાવનાઓને વારંવાર વિચારવાથી સાધકના મનમાં સમકિતનું મૂલ્ય પ્રતિષ્ઠિત થવાથી ભાવનાઓ દૃઢ બને છે. આ છ ભાવનાઓ સમકિત ધર્મને દૃઢ બનાવવાનું મોટામાં મોટું સાધન છે.

કવિ યશોવિજયજી ઢાળ-૧૨માં સમકિતના છ સ્થાનો દર્શાવેલ છે. સ્થાન (સ્થાનક) એટલે શું? તેનો ઉત્તર કવિની આ પંક્તિમાં મળે છે.

**'ઠરે જિહાં સમકિત, તે થાનક'- જેમાં સમકિત સ્થિર થાય તેનું નામ સ્થાનક.**[२०४]

ચેતના લક્ષણ આત્મા છે તે પુદ્‌ગલ સાથે ક્ષીર-નીરની જેમ ભળી ગયો છે. તે બંને સ્વતંત્ર છે. તેની અનુભૂતિ કઈ રીતે થઈ શકે? અનુભવ માટે ભેદજ્ઞાનની આવશ્યકતા છે. ભેદજ્ઞાનવડે આત્માની સ્વતંત્ર સત્તાનો અનુભવ થાય છે.

**અનુભવ હંસ ચંચુ જો લાગે તો નવિ દીસે વળગો રે.**[२०५]

અનુભવ જ્ઞાનરૂપી હંસની ચાંચ જો પ્રાપ્ત થાય, તો આત્મા અને પુદ્‌ગલ સ્વતંત્ર છે; તેનો સાધકને અનુભવ થાય.

આત્મા નિત્ય છે, એ બીજું સ્થાનક વર્ણવતાં કવિ યશોવિજયજી કહે છે -

**બાળકને સ્તનપાન વાસનાં પૂરવ ભવ અનુસારે રે!**[२०६]

અહીં કવિ યશોવિજયજીએ આત્માની નિત્યતા સિદ્ધ કરવા બાળકના સ્તનપાનનું દૃષ્ટાંત આપ્યું છે. પૂર્વભવના અનુભવ અનુસાર બાળકને સ્તનપાન કરતાં આવડે છે. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ, આદિ પર્યાયોની અપેક્ષાએ આત્મા અનિત્ય છે. દ્રવ્યથી આત્મા પોતાના ગુણોની અપેક્ષાએ અખંડિત છે, તેથી નિત્ય છે.

આત્મા કર્મોનો કર્તા છે. આ ત્રીજા સ્થાનકનું સ્વરૂપ દર્શાવતાં કવિ યશોવિજયજી કહે છે કે-

**કુંભકાર જિમ કુંભ તણો જગ દંડા - ડડદિક સંયોગે રે,**
**નિશ્ચયથી નિજ ગુણોનો કર્તા અનુપ ચરિત વ્યવહારો રે.**
**દ્રવ્યકર્મનો નગરા-દિકનો તે ઉપચાર પ્રકાર રે."**

જેમ જગતમાં દંડ, ચક્ર વગેરેની મદદથી કુંભકાર ઘડાનું સર્જન કરે છે, તેમ યોગોની સહાયથી આત્મા કર્મોનો કર્તા છે. આ સમકિતનું ત્રીજું સ્થાનક છે. નિશ્ચયનયથી આત્મા પોતાના નિજગુણોનો કર્તા છે. અનુપચરિત વ્યવહારનયથી પુદ્‌ગલ દ્રવ્યરૂપ કર્મનો કર્તા છે, તેમજ ઉપચરિત પ્રકારના વ્યવહારનયથી પોતાના શહેર વગેરેનો પણ કર્તા બને છે.

નિશ્ચયનયથી સિદ્ધ ભગવાન કર્મના અકર્તા છે પરંતુ આત્મિકગુણોના કર્તા છે. પૂર્ણ શુદ્ધાત્માની અપેક્ષાએ આત્મા અકર્તા છે, જ્યારે અશુદ્ધ આત્માની અપેક્ષાએ શુદ્ધાત્મા થવા માટે સાધનાની આવશ્યકતા છે. જો આત્મા એકાંત અકર્તા હોય તો કર્મબંધ ન થાય. કર્મબંધ ન હોય તો મોક્ષની શી આવશ્યકતા? જ્યાં મોક્ષની આવશ્યક્તા નથી, ત્યાં સમકિતની શી આવશ્યકતા રહે? આત્મા કર્મનો કર્તા છે માટે મુક્ત થવા સમકિતની જરૂર છે. નિશ્ચયનય વાસ્તવિક છે. વ્યવહારનય લોકદૃષ્ટિથી વાસ્તવિક જણાતો હોય છે. દા.ત. કોઈ સુથાર પોતાના હાથે લાકડાનો

હાથી બનાવે છે. તે સુથાર હાથીનો કર્તા કહેવાય છે પરંતુ સુથાર તો સુથારના શરીરમાં રહેલો આત્મા છે. નિશ્ચયનયથી આત્મા સ્વગુણોનો કર્તા છે અને વ્યવહારનયથી કર્મનો કર્તા છે. સુથારનો આત્મા લાકડાના હાથીનો કર્તા ક્યાંથી થાય? પરંતુ ઉપચારથી પોતાના શરીર દ્વારા, પોતાનો આત્મા કર્તા હોવાથી, ઉપચરિત વ્યવહારથી, તે હાથીનો પણ કર્તા આત્મા ગણાય છે.

આત્મા કર્મનો કર્તા છે, માટે જ સ્વકર્મોના ફળોનો ભોક્તા છે. અહીં પણ કર્તા નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિ સાથે લઈને ચાલે છે. સવાસો ગાથામાં કવિ યશોવિજયજી કહે છે કે

નિશ્ચય હૃદય ધરીજી, પાલે જે વ્યવહાર;[107]
પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર. સોભાગી જિન!

નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિના સમન્વયથી ભવ્યજીવો મોક્ષગામી બને છે. કવિ યશોવિજયજી નિશ્ચય અને વ્યવહારનયથી આ સ્થાનકનું રહસ્ય પ્રગટ કરે છે.

ચેતન ભોક્તા પુણ્ય-પાપ ફળ કેરો વ્યવહારે.[108]
નિશ્ચયનય દૃષ્ટિ ભુજે નિજ ગુણ નેરો રે.

આત્મા વ્યવહારનયથી પુણ્ય અને પાપકર્મોના ફળોનો ભોક્તા છે પરંતુ નિશ્ચયનય દૃષ્ટિએ આત્મા સ્વતંત્રપણે સ્વગુણોનો ભોક્તા છે.

જો આત્મા ભોક્તા ન હોય તો કર્મથી મુક્ત થવા સમકિતની કે કોઈ સાધનાની પણ આવશ્યકતા જ ન રહે. વ્યવહારનયથી સંસારી આત્મા સ્વકર્મ અનુસાર પુણ્ય અને પાપકર્મોના ફળ ભોગવે છે. નિશ્ચયનયથી પૂર્ણ શુદ્ધાત્મા સ્વતંત્રપણે પોતાના જ્ઞાન-દર્શન આદિ ગુણોને જ ભોગવે છે.

આ છે પરમપદ અમલ અનંત સુખવાસો રે;[109]
આધિ વ્યાધિ તન-મનથી લહીયે, તસ અભાવે સુખ ખાસો રે.

કવિ કહે છે કે, અચળ અને અનંત સુખના ધામરૂપ મોક્ષ સ્થાનક છે. આધિ (માનસિક દુઃખો) વ્યાધિ (શારીરિક દુઃખો) રૂપ દુઃખોનો મોક્ષમાં સર્વથા અભાવ હોવાથી અત્યન્ત સુખ જ છે.

મોક્ષ છે, માટે મોક્ષ મેળવવાના ઉપાયરૂપે સંયમ, જ્ઞાન, ક્રિયાની અવશ્યકતા છે. વળી, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રનો સુમેળ મોક્ષમાર્ગની પ્રાપ્તિનો અસાધારણ ઉપાય છે. જ્ઞાનનય એકાંત જ્ઞાનને તેમજ ક્રિયાનય એકાંત ક્રિયાને મોક્ષ પ્રાપ્તિમાં સ્વીકારે છે. ત્યારે કવિ યશોવિજયજી કહે છે કે-

જલપેસી કર-પદ ન હલાવે તારા તે કિમ તરશે? રે.[110]

મહાસાગર પાર કરવા પાણીમાં પડેલો તરવૈયો હાથ-પગ હલાવી તરવાની કોશિશ ન કરે તો શું એ મહાસાગર તરી શકશે? તેમ એકાંતજ્ઞાન કે એકાંતક્રિયા મોક્ષગામી બની શકે? જ્ઞાનપૂર્વક સંયમ કે સંયમપૂર્વક જ્ઞાન મોક્ષનું કારણ છે. આ પ્રમાણે જૈનદર્શનમાં મોક્ષમાર્ગમાં જ્ઞાન અને ક્રિયાનો વિસંવાદ નથી, એવું કવિ યશોવિજયજીએ છઠ્ઠા સ્થાનકમાં દર્શાવેલ છે. અહીં પણ નિશ્ચય અને વ્યવહારનો સમન્વય દર્શાવેલ છે. વ્યવહારથી ત્રિરત્નનું એકીકરણ એ મોક્ષ મેળવાનો ઉપાય છે. નિશ્ચયનયથી ત્રિરત્નનું સંપૂર્ણ પ્રગટીકરણ અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વનું પ્રગટીકરણ એ મોક્ષ છે.

કવિ યશોવિજયજી તાત્ત્વિક શિરોમણિ હતા. તેથી છ સ્થાનકમાં વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય કરી વાદીઓની સામે અનેકાંતરૂપ સિંહનાદ કર્યો છે. તેમણે આ સ્થાનકોમાં ગંભીર આશય પ્રગટ કર્યો છે. તેમની અસાધારણ બુદ્ધિમત્તા જોઈને ચિત્તમાં ચમત્કાર થયા વિના રહેતો નથી. આ છ સ્થાનકોનું વર્ણન કવિ ઋષભદાસે અતિ સંક્ષિપ્ત રીતે કેવલ નામ નિર્દેશન કરી દર્શાવેલ છે. આ છ સ્થાનકો ભવ્ય જીવોને બોધિબીજની પ્રાપ્તિ કરાવે છે. તેમજ કેટલાય આત્માઓના અંતઃકરણ જિનશાસનના અવિહડ રંગથી રંગાય, તેવી રીતે કવિ યશોવિજયજીએ આ સજ્ઝાયમાં ગૂંથેલ છે. પૂર્વના મહર્ષિઓ રચિત કઠિન વિષયોવાળા ગ્રંથને સરળ ગુર્જર પદ્યમય અકૃત્રિમ અનુવાદ કરવાની તેઓ અપૂર્વ શક્તિ અને કુશળતા ધરાવતા હતા. આપણને તે પરમ પ્રભાવકની જિનશાસન પ્રત્યેની દાઝ અને વિદ્વતા અહીં નજરે ચઢે છે.

કવિ ઋષભદાસે સમકિતના સડસઠ બોલમાંથી કેટલાંક બોલ સંક્ષિપ્ત રીતે કહ્યાં છે, જ્યારે કેટલાક બોલમાં કથાઓ દ્વારા વિવરણાત્મકરૂપ પણ આપ્યું છે. કવિના શબ્દો અત્યંત સરળ અને સુગમતાથી સમજાય તેવાં છે, જ્યારે કવિ યશોવિજયજીની સજ્ઝાયના શબ્દો અત્યંત માર્મિક અને કઠિન છે. તે સમજવા માટે અન્યગ્રંથોનો સહારો લેવો પડે છે. કવિ યશોવિજયજીએ સમક્તિના સડસઠ બોલમાંથી ૫૫ બોલ સંક્ષિપ્તમાં કહ્યાં છે. છ ભાવના અને છ સ્થાન એમ ૧૨ બોલ વિસ્તારથી કહ્યાં છે. આ બોલ ઘણાં આગમના રહસ્યોને તેમજ જિનશાસનની સાધનાના રહસ્યને પ્રગટ કરે છે.

તેમની સજ્ઝાયકૃતિ તત્ત્વરસથી ભરપૂર અને બોધપ્રદ છે. તેમની એક એક પંક્તિમાં તર્ક અને કાવ્યનો પ્રસાદ તરી આવે છે. આવા એક પ્રસાદિક કવિ જેઓ મુક્તિમાર્ગના અનન્ય ઉપાસક, અખંડસંવેગી, પ્રખર જિનાજ્ઞા પ્રતિપાલક અને પ્રચારક મહાપુરુષની આ સજ્ઝાય ગંભીર અને જિનાગમરૂપી સમુદ્રમાંથી ઉદ્ધરિત થયેલી છે. તેથી તેના રહસ્યને પૂરે પૂરો પાર પામવા માટે આગમશાસ્ત્રોના પારગામી એવા ગીતાર્થ ગુરુઓના ચરણોની સેવાનો આશ્રય એ જ એક ઉપાય છે. આ વિશેષતાથી જ કવિ 'તાત્ત્વિક કવિ' તરીકે ઓળખાયા છે.

કવિ ઋષભદાસ એક શ્રાવક કવિ છે. તેમની કૃતિ પ્રમાણમાં દીર્ઘ છે, પરંતુ વિવરણાત્મક હોવાથી સમજવામાં સરળ છે. કવિએ આ રાસકૃતિમાં શાસ્ત્રોક્ત દૃષ્ટાંતો આપી વિષયને સુગમ અને સરળ પણ બનાવ્યો છે. કવિ ઋષભદાસ પાસે કવિ યશોવિજયજી જેવી તાત્ત્વિક શક્તિનો અભાવ છે, છતાં ગૃહસ્થ શ્રાવક કવિએ પોતાની સંપૂર્ણ 'સમકિતસાર રાસકૃતિને કથા પ્રસ્તુતિના કૌશલ્યથી મઠારી છે. કવિ ઋષભદાસે પ્રસંગોપાત કથાઓનું સુંદર રીતે નિરૂપણ કર્યું છે. કવિ ઋષભદાસે સંભવ છે કે સામાન્ય જીવો આ રાસકૃતિને સરળતાથી સમજી શકે તેથી તે પ્રમાણેની રચના પ્રસ્તુત કરવાનો પ્રયાસ કર્યો હોય.

કવિ ઋષભદાસની આ કૃતિ કથાઓ ઉપરાંત અન્ય સિદ્ધાંતો જેમ કે પંચાચાર, વંદનાના ૩૨ દોષ, ૩૩ આશાતના, સંયમને અયોગ્ય પ્રાણીઓ, કુગુરુનું સ્વરૂપ, આગમનું સ્વરૂપ, નપુંસકનું વર્ણન, દાનનો મહિમા ઈત્યાદિ વિષયોને કારણે દીર્ઘ અને વિવરણાત્મક બની છે, જ્યારે કવિ યશોવિજયજીની સજ્ઝાય તાત્ત્વિક ભાવોને કારણે તત્ત્વ સભર અને સંક્ષિપ્ત બની છે.

કવિ ઋષભદાસે વિષયાનુસાર જ્યાં જ્યાં વિસ્તાર કરવા મળ્યો, ત્યાં તેમણે શાસ્ત્રમાંથી જ લઈ આ રાસ કૃતિમાં ઉમેર્યું છે. કવિ યશોવિજયજી તર્ક અને ન્યાયના વિશારદ હોવાથી તેમનો એક એક અક્ષર અતિ મૂલ્યવાન અને રહસ્યથી ભરપૂર છે. તેમણે અતિ સંક્ષિપ્ત રીતે, વિષયાનુસાર ખૂબ જ ટૂંકાણમાં પરંતુ ઘણા રહસ્યો સાથે વેધક

વાતો કરી છે, તેથી તેમની સજઝાય સંક્ષિપ્ત અને શાસ્ત્ર અભ્યાસીઓને ગમે તેવી છે.

ક્યાં એક શ્રાવક કવિ અને ક્યાં ન્યાય વિશારદ કવિ! કવિ ઋષભદાસ શ્રાવક હોવા છતાં તેમણે આ રાસને તત્ત્વસભર બનાવવા જે પ્રયત્નો કર્યા છે, તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. કવિ યશોવિજયજીની સજઝાય સમજવા માટે વિવરણની જરૂર પડે છે કારણકે બધીજ પંક્તિઓ માર્મિક છે, જ્યારે કવિ ઋષભદાસની આ કૃતિ વિવરણાત્મક છે; તેથી સ્વયં સમજાય છે.

પંડિત કવિ બનારસીદાસ અને અન્ય કેટલાકનો નિશ્ચય તરફનો ઝોક હતો, એવા સમયે ઉપાધ્યાય યશોવિજયજીએ નિશ્ચય અને વ્યવહારનો સમન્વય કરવા માટે આ સજઝાય અને અન્ય કૃતિઓની રચના કરી છે. કવિ યશોવિજયજીએ છ સ્થાનોની જે મીમાંસા કરી છે, તેનાથી એકાંત મતનું ખંડન સ્વયં થાય છે. કવિની સામે હરિભદ્રસૂરિનો આદર્શ છે, જ્યારે કવિ ઋષભદાસે આ હરિભદ્રસૂરિના સમ્યક્ત્વ સપ્તતિકાનો વિસ્તાર કર્યો છે, જેથી શ્રોતાઓ ઉપાશ્રયની અંદર ધર્મકથા સાંભળવા આવે, ત્યારે તેઓને તાત્ત્વિક વિષયને સમજવામાં સરળતા થાય. વળી તેમને અન્ય ગ્રંથોની સહાયતા ન લેવી પડે. એ સાથે જ અન્ય વિષયોનું જ્ઞાન પણ એક જ રાસમાંથી મળી જાય; એવો શ્રાવક કવિ ઋષભદાસનો એક હેતુ છે.ચાતુર્માસ દરમ્યાન અથવા શેષકાળમાં સાધુ-સાધ્વીજી મહારાજ બપોરના સમયે શ્રોતાજનો અથવા શ્રાવક-શ્રાવિકા સમક્ષ આવી પ્રબંધ પ્રકારની કથાત્મક રાસકૃતિ વાંચતા હતા; એવી પૂર્વે એક પરંપરા હતી. આ રાસની કથાના માધ્યમથી તેઓને કાંઈક તાત્ત્વિકજ્ઞાન મળે, તે માટે પણ કવિ ઋષભદાસે રાસકૃતિની રચના કરી છે.

કવિ ઋષભદાસે સમકિતના સ્વરૂપને ખૂબ વિસ્તારીને સ્પષ્ટ કર્યો છે. તેમજ વચ્ચે વચ્ચે અનેક કથાઓ મૂકીને શ્રોતાજનોનો રસ જળવાઈ રહે તેવી યોજના પણ કરી છે. તેમણે સાંભળનાર શ્રોતાજનોને સમકિતના સડસઠ બોલ ઉપરાંત સમકિત સંબંધી અન્ય જ્ઞાન મળી રહે તે માટે આ રાસ કૃતિમાં વિવિધ વિષયોને સમાવ્યા છે. મધ્યકાળની વર્ણનાત્મક આકર (વિશાળ) ગ્રંથની પ્રણાલિકાને તેઓ અનુસર્યા છે. તેમની રાસકૃતિ દીર્ઘસૂત્રી અને ક્યાંક નીરસ પણ બની છે.

કવિ યશોવિજયજીના ગ્રંથનું અપૂર્વ તાત્ત્વિક મૂલ્ય છે, તો કવિ ઋષભદાસ કૃત તત્ત્વ સભર રાસની યોજના પણ અમૂલ્ય છે. કવિ ઋષભદાસ આ એક જ તત્ત્વ સભર રાસ કરી અટકયા નથી પરંતુ તેમણે 'ક્ષેત્ર સમાસ રાસ' - ૫૮૨ કડીનો (ઈ.સ. ૧૬૨૨/સં. ૧૬૭૮, માધવમાસ સુદ ૨, ગુરુવાર), 'નવ તત્ત્વરાસ'- ૮૧૧ કડીનો (ઈ.સ. ૧૬૨૦/સં. ૧૬૭૬, કારતક વદ, અમાસ, રવિવાર), 'જીવવિચારરાસ'-૫૦૨ કડીનો (ઈ.સ. ૧૬૨૦/સં. ૧૬૭૬, આસો સુદ ૧૫), શ્રાવકનાં બાર વ્રતોનું વર્ણન કરતો ૮૧ ઢાળનો 'વ્રત વિચારરાસ' (ઈ.સ.૧૬૨૦/સં. ૧૬૭૬, કારતક વદ ૩૦) જેવી તત્ત્વસભર કૃતિઓનું નિર્માણ કર્યું છે. વિક્રમની સત્તરમી સદીના જૈન શ્રાવક કવિ પાસે સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષા સાહિત્યનું સારું એવું જ્ઞાન ગુરુઓ પાસેથી આગમ શ્રવણ કરતાં પ્રાપ્ત થયું હોવાથી તેમણે વિપુલ સાહિત્ય સર્જન કરી મધ્યકાલીન યુગમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

---

## મહોપાધ્યાય યશોવિજયજી કૃત 'ષટ્સ્થાન ચોપાઈ' સાથે શ્રીમદ્ રાજચંદ્ર કૃત 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની તુલના

વિક્રમ સંવત-૧૯૨૪ કાર્તિક સુદ પૂર્ણિમા, રવિવારે કાઠિયાવાડના વવાણિયા બંદરના વણિક શ્રેષ્ઠીને ત્યાં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો. તેઓ ઉપાધ્યાય યશોવિજયજી પછી આશરે ૨૫૦ વર્ષ પછી થયા. તેમની તીક્ષ્ણ બુદ્ધિ, તીવ્ર સ્મરણશક્તિ અદ્‌ભુત હતી. આઠ વર્ષની બાલ્યાવસ્થામાં ૮૦૦૦ કડીઓની કાવ્ય રચના કરી. તેમના શબ્દોની સચોટતા, નિર્મળતા, ધર્મનું ઉંડાણપૂર્વકનું જ્ઞાન પ્રશંસનીય છે. તેઓ કોઈ ગચ્છ, મત, સંપ્રદાય કે વાડાના ન હતા. તેમણે નાની મોટી ૪૫ જેટલી કાવ્યકૃતિઓ રચી છે. જે વર્તમાને ઉપલબ્ધ છે. તેમની નવસર્જક શક્તિ ઉત્તમ છે. તેમના આધ્યાત્મિક કાવ્યોમાં નિવૃત્તિમૂલક પ્રધાનતાનો સુર ગૂંજે છે. તેમાં બાહ્ય ક્રિયાકાંડો પ્રત્યે ઉદાસીનતા છે. તેમનાં લોકપ્રિય કાવ્યો, જેવાંકે 'બહુ પુણ્ય કેરા પૂંજથી,' 'મૂળ મારગ સાંભળો જિનનો રે', 'અપૂર્વ અવસર' ઇત્યાદિ છે. તેમણે સં. ૧૯૫૨ (લગભગ ૨૯ વર્ષની ઊંમરે) આસો વદ એકમના નડિયાદમાં ૧૪૨ કડી નું ઉત્તમ કાવ્ય રચ્યું. જે 'આત્મસિદ્ધિ' નામે વિખ્યાત છે. જૈનદર્શનના અર્ક સમાન તાત્ત્વિક જ્ઞાનના સાગર સમાન આ પદ્યકૃતિ તેમની સર્વ રચનાઓમાં શ્રેષ્ઠ છે.

ગૂર્જરભૂમિના બંને સમર્થ અને વિદ્વાન કવિઓની કૃતિની તુલના પ્રસ્તુત છે.

ઉપાધ્યાયજી સંસ્કૃત ઇત્યાદિ ભાષાઓના વિદ્વાન અને જાણકાર હોવાથી તેમની રચના સમજવામાં કઠિન છે, તેથી બાળ જીવો ગંભીર વિષયને સરળતાથી સમજી શકે તે માટે વિષયને સુગમ બનાવી તેમણે ગુજરાતીમાં બાલાવબોધ રચ્યો. આ કૃતિની રચના માટે તેમણે શ્રી સિદ્ધસેન દિવાકર રચિત સન્મતિતર્ક ગ્રંથનો આધાર લીધો છે. આ ગ્રંથમાં કવિ સમ્યક્ત્વના [૨૧]છ સ્થાનોને જણાવે છે.

ન્યાયવિશારદ શ્રી યશોવિજયજી મહારાજે આ છ સ્થાનનું નિરૂપણ ષટ્સ્થાન ચોપાઇમાં કર્યું છે. આ છ સ્થાન પર મત તથા તેનું ખંડન-મંડન આ કૃતિમાં થયું છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ સમકિત પ્રાપ્ત કરવામાં કામધેનુ સમાન આત્મસિદ્ધિ નામની કૃતિ રચી છે. આ કૃતિમાં સામાન્ય કક્ષાના મુમુક્ષુ જીવને સમજાય એ રીતે છ સ્થાનનું સરળ ભાષામાં નિરૂપણ થયું છે. તેના અર્થ ગંભીર છે. શ્રીમદ્જીએ પદ્યમાં આ કૃતિ રચી છે, જેથી મુમુક્ષુ જીવો સરળતાથી મુખપાઠ કરી શકે. આ કૃતિમાં છ પદ વિષેની શ્રદ્ધા, આ શ્રદ્ધા કેવા જીવને થાય?, શ્રદ્ધા થવામાં સદ્‌ગુરુનો ઉપકાર, સદગુરુના લક્ષણો ઇત્યાદિ વિષયનું નિરૂપણ થયું છે. શ્રી આચારાંગસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, શ્રીસૂત્રકૃતાંગસૂત્ર, શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર આદિ પ્રાકૃત ગ્રંથોમાં આત્માના છ પદ વિષે છૂટા છવાયા વિચારો જોવા મળે છે, તેમજ ગણધરવાદમાં તે વિચારોનું નિરૂપણ થયું છે. શ્રી હરિભદ્રાચાર્ય કૃત 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' કે યશોવિજયજી કૃત 'અધ્યાત્મસાર'માં જે વિચારો છે, તે સમગ્ર વિચારોને શ્રીમદ્જીએ આત્મસિદ્ધિમાં ગૂંથી લીધા છે. તેમની કૃતિમાં શબ્દોની સરળતા, સચોટતા છે.

ઉપાધ્યાયજીએ કૃતિના પ્રારંભમાં વીતરાગ પરમાત્માને પ્રણામ કરી, સરસ્વતી માતાનું સ્મરણ કરી મંગલાચરણ કર્યું છે.

શ્રીમદ્જીએ સાત વિભાગમાં આત્મસિદ્ધિનું વર્ગીકરણ કર્યું છે. શ્રીમદ્જી પણ પૂર્વાચાર્યની પરંપરાને અનુસર્યા છે. તેમણે સદ્ગુરુને વંદના કરી મંગલાચરણ કર્યું છે. શાસ્ત્ર સદ્ગુરુને સમર્પિત થતાં કર્તાનો અહં ઓગળી જાય છે. સદ્ગુરુ સત્ સ્વરૂપની ઓળખાણ કરાવે છે. તેઓ તિન્નાણં-તારયાણં છે.

ઉપાધ્યાયજીએ મંગલાચરણ પછી સમકિતની વ્યાખ્યા કરી છે. દર્શન મોહનો ક્ષય થતાં સમકિત પ્રગટ થાય છે. આ નિશ્ચય સમકિત છે. સમકિતને સ્થિર અને નિર્મળ રાખવાના સિદ્ધાંતની શ્રદ્ધા કરવાના જુદા જુદા પ્રકાર; તે સ્થાન છે. આ છ સ્થાનથી વિપરીત વચનો, તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વીના વચનો અવિનીત બાળકની જેમ વિરુદ્ધ અને અસંગત હોય છે. ત્યાર પછી ઉપાધ્યાયજી નાસ્તિકવાદીઓની માન્યતા દર્શાવે છે.

ઉપાધ્યાય યશોવિજયજી ગા.૫ થી ૧૭માં સમકિતના છ સ્થાનમાંથી પ્રથમ સ્થાન આત્માના અસ્તિત્વના સંદર્ભમાં નાસ્તિકવાદીઓનો મત દર્શાવે છે.

**'જીવ શરીર થકી નહિ ભિન્ન'**[૨૨૨]

આ શરીર પાંચ ભૂતોથી બને છે. પાંચ ભૂતમય શરીર જ ચેતનાનું ઉત્પત્તિ અને આશ્રય સ્થાન છે. જેમ ગોળ, દ્રાક્ષ, શેરડીનો રસ ઇત્યાદિથી મદિરા ઉત્પન્ન થાય છે, તેમ પાંચ ભૂતના સંયોગથી ચેતના ઉત્પન્ન થાય છે. શરીરનો નાશ થતાં આત્મા પણ નાશ પામે છે; આ મંતવ્ય ચાર્વાક દર્શનનું છે.

દર્શન એટલે માન્યતા. જગત અને જગન્નાથને જોવાની વિવિધ દૃષ્ટિ. એ માન્યતાઓને જ્ઞાની પુરુષોએ દર્શનની સંજ્ઞા આપી છે. આ વિવિધ માન્યતાઓને બુદ્ધિની એરણ પર ચઢાવી જ્ઞાની પુરુષોએ ચકાસણી કરી છે. વિવિધ માન્યતાના આધારે છ દર્શનો ઉદ્ભવ્યાં છે.

ચાર્વાકદર્શન આત્માના અસ્તિત્વનો ઇન્કાર કરે છે, તેથી ત્યાં આત્માના કર્તા, ભોક્તા, મોક્ષ કે નિર્વાણ તેમજ પુણ્ય-પાપ, પુનર્જન્મ ઇત્યાદિનો પ્રશ્ન જ નથી રહેતો.

ચાર્વાકદર્શનનું ખંડન કરતાં ગ્રંથકાર કહે છે કે જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એ પ્રત્યેક આત્માનો સ્વભાવ છે. એક જ માતા-પિતાના જન્મેલા જોડિયા ભાઈઓમાં પણ જીવ જુદો જુદો છે. તેથી દરેકની પ્રજ્ઞામાં તફાવત છે.

પવન રૂપી પુદ્ગલ છે, છતાં આંખો દ્વારા જોઈ શકાતો નથી, તેમ જીવ અરૂપી છે તેથી ઈન્દ્રિય ગ્રાહ્ય નથી. જેમ વાયુના અસ્તિત્વને અનુમાનથી માનીએ છીએ તેમ જીવ દ્રવ્યના અસ્તિત્વને અનુમાનથી સ્વીકારવું પડે.

જીવ દ્રવ્યનો વિનાશ થતો નથી પણ દેહ છોડી અન્ય સ્થાને જાય છે, તેને પરલોક કહેવાય છે. પરલોક પ્રત્યક્ષ નથી પણ અનુમાનથી સિદ્ધ થાય છે. તાજા જન્મેલા બાળકની દૂધ પીવાની પ્રવૃત્તિ, એ પૂર્વ જન્મનો અનુભવ હોવો જોઇએ. આ અનુભવ અહીં થયો નથી, તેથી આ અનુભવ પરલોકમાં થયો છે; એમ માનવાથી પરલોકની સિદ્ધિ થાય છે.

પુણ્ય-પાપનું સમર્થન કરતાં ગ્રંથકાર કહે છે - જગતમાં બાહ્ય કારણોની સામગ્રી સમાન મળવા છતાં એક સુખી અને બીજો દુઃખી દેખાય છે. તેનું આંતરિક કારણ કર્મ છે. તપ-ત્યાગ ઇત્યાદિ પ્રવૃત્તિનું ફળ પુણ્ય છે, જેના ફળ સ્વરૂપે ધન પ્રાપ્તિ, આલોકના ઇષ્ટ રૂપ આદિ મળે છે.

ઉપાધ્યાયજીએ આત્માના અસ્તિત્વની સિદ્ધિ કરી, ચાર્વાક મતનું ખંડન કર્યું છે.

શ્રીમદ્જીએ ગા.-૪૩માં છ સ્થાનનું પ્રતિપાદન કર્યું છે.

**આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;[૧૧૩]**
**છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ.**

શ્રીમદ્જી મતભેદમાં ન પડતાં આત્મા તરફ પાઠકનું લક્ષ દોરાય તે હેતુથી આત્મસિદ્ધિની રચના કરી છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ગા-૪૫ થી ૪૮માં શિષ્ય આત્માના અસ્તિત્વ સંબંધી વિવિધ શંકાઓ પ્રસ્તુત કરે છે. ગાથા ૪૯ થી ૫૮માં સદ્ગુરુ તેનું સમાધાન કરે છે.

અનાદિ કાળના અજ્ઞાનને કારણે દેહ જેવો આત્મા ભાસે છે. જેમ તલવાર અને મ્યાન જુદાં છે, તેમ દેહ અને આત્મા ભિન્ન છે, સ્વતંત્ર છે. આત્મા અરૂપી છે. તે જોઈ શકાતો નથી પરંતુ તેનો અનુભવ પ્રત્યેક અવસ્થામાં 'હું છું;' એમ જણાય છે. ઈન્દ્રિયના વિષયોને જાણનારો આત્મા ઈન્દ્રિયથી જુદો છે. ઈન્દ્રિયો જડ છે. આત્મા ચેતન છે. આત્મા, ઈન્દ્રિય વિના લોકાલોકનું જ્ઞાન કરી શકે છે. દેહધારી જીવ બાળક, યુવાન, પ્રૌઢતા અને વૃદ્ધાવસ્થાને અનુભવે છે. દેહ એ જડ છે.જડ અને ચેતન ભિન્ન છે. તે પોતાને અને પર પદાર્થને જાણે છે. અગ્નિથી ઉષ્ણતા, સાકરથી મીઠાશ, લીમડાથી કડવાશ જુદી ન હોય, તેમ આત્મથી જ્ઞાન જુદું ન હોય. ઉપરોક્ત વિગતો આત્માના અસ્તિત્વની સિદ્ધિ કરે છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ કડી - ૧૮ થી ૩૩ માં સમકિતના બીજા સ્થાન આત્મની નિત્યતાનું પ્રતિપાદન કર્યું છે. અહીં બૌદ્ધ દર્શનના ક્ષણિકવાદનું ગ્રંથકારે ખંડન કર્યું છે.

બૌદ્ધદર્શન આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. આત્મા અનેક છે; તેવું પણ સ્વીકારે છે પરંતુ સમકિતના બીજા સ્થાન (આત્મા નિત્ય છે)માં તેમની શ્રદ્ધા વિપરીત છે. તેઓ ક્ષણિકવાદી હોવાથી આત્માને અશાશ્વત માને છે. દુનિયાના સર્વ પદાર્થો ક્ષણિક છે. આત્માને ક્ષણિક માનવાથી રાગ-દ્વેષ રૂપ વાસનાઓ મંદ પડે છે. અનિત્ય વસ્તુ અશાશ્વત છે, તેથી તે પદાર્થ કે વસ્તુ પ્રત્યે જીવને રાગ ન વધે અને તેના નાશથી ખેદ પણ ન થાય. રાગ-દ્વેષ એ જ સંસાર છે. રાગાદિથી મુક્ત ચિત્તધારા એ જ મોક્ષ છે; એવું બૌદ્ધ ધર્મનું કથન છે. બૌદ્ધમતનું ખંડન કરતા ગ્રંથકાર કહે છે.

સંસાર પરિભ્રમણમાં વિવિધ પ્રકારના દેહધારણ કરવા છતાં સ્વરૂપથી આત્માનું અસ્તિત્વ એક જ છે. વ્યવહારમાં પણ આપણે કહીએ છીએ કે 'જે જાયું તે જાય' અર્થાત્ જેનો જન્મ છે, તેનો નાશ છે. અથવા 'કોઈ અમરપટો લખાવીને આવ્યું નથી' એવી કહેવતો બોલીએ છીએ. તેનો અર્થ એમ છે કે પ્રત્યેક જીવનો જન્મ અપેક્ષાએ અંત અવશ્ય છે, પરંતુ સર્વ અવસ્થામાં આત્મ તત્ત્વ કાયમ રહે છે. જેમ એક જ સોનામાંથી કેયૂર, કુંડલ, બંગડીઓ બનાવીએ છતાં બધામાં મૂળ સ્વરૂપે સોનું તો રહેલું જ છે. સોનાનો ઘાટ બદલાય છે. દ્રવ્યરૂપે સોનું શાશ્વત છે. પર્યાયમાં પરિવર્તન આવે છે, તેમ આત્મદ્રવ્ય જન્મ-મરણ ઈત્યાદિ અવસ્થામાં શાશ્વત રહે છે.

આત્માના ક્ષણિકવાદને સ્વીકારતાં હિંસા-અહિંસાનું ફળ શી રીતે ઘટી શકે ? સાધકની સાધનાનું શું પ્રયોજન? વળી મોક્ષ તત્ત્વ શી રીતે ઘટી શકે ?

આત્માને નિત્ય માનવાથી રાગ થાય, તેથી મોક્ષમાં બાધા ઉત્પન્ન થાય; એવું બૌદ્ધોનું માનવું યોગ્ય નથી; આત્માની નિત્યતા સ્વીકાર્યા વિના મોક્ષની સિદ્ધિ ન થાય. જે માટીના પિંડને ચક્ર, કુંભાર ઈત્યાદિનો સંયોગ થાય, તેમાંથી જ ઘડો નિર્માણ થઈ શકે, અન્ય માટીના પિંડમાંથી નહીં. વળી જે શિલ્પીના હાથમાં અણઘડ પત્થર આવે, તેમાંથી જ મૂર્તિનું નિર્માણ થાય; અન્યમાંથી નહીં. જો આત્મા ક્ષણિક હોય તો આત્મજ્ઞાન, ચારિત્ર આદિ હેતુઓની

ક્ષણ અને તેના ફળરૂપ મોક્ષની ક્ષણ બંને જુદા હોવાથી એક દ્રવ્યમાં ક્યાંથી સંભવી શકે ? તેથી એવી મુશ્કેલી થશે કે ચારિત્ર આદિ પ્રવૃત્તિ એ અંધ વ્યક્તિએ પકડેલ અસત્ય રાહ સમાન ઈષ્ટસ્થાને નહીં પહોંચાડે. તેથી આત્માને નિત્ય સ્વીકારવામાં જ મોક્ષ છે. જેમ વાદળાઓના સમૂહનો નાશ થતાં સૂર્ય-ચંદ્ર પ્રકાશિત થાય છે, તેમ દોષ સહિત અને દોષરહિત અવસ્થામાં એક નિત્ય આત્મા હોય તો જ મુક્તપણું સંભવી શકે.

ઉપાધ્યાય યશોવિજયજીએ વિવિધ દૃષ્ટાંતો આપી બૌદ્ધમતના ક્ષણિકવાદનું ખંડન કર્યું છે. જે તેમની પ્રખર વિદ્વત્તા અને કુશળ બુદ્ધિનું દર્શન કરાવે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ગા-૬૦ થી ૭૦ માં આત્માની નિત્યતા વિષે શિષ્યની શંકા તથા તે શંકાનું સરળ ભાષામાં સમાધાન કર્યું છે.

આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કૃત 'વિશેષાવશ્યકભાષ્ય' નામના ગ્રંથમાં ગણધરવાદનું નિરૂપણ થયું છે. ભગવાન મહાવીરના ૧૧ ગણધરોમાંથી ત્રીજા વાયુભૂતિજીને જીવ અને શરીર એક છે, તેવો સંશય હતો. ભગવાન મહાવીરે તેનું નિરાકરણ કર્યું. તલમાંથી તેલ નીકળે છે, કારણ કે તલના પ્રત્યેક દાણામાં તેલ છે, તેમ પૃથ્વી આદિ ભૂતોમાં ચૈતન્ય નથી. તેથી તેના સમૂહથી ચૈતન્ય ઉત્પન્ન ન થાય. ચૈતન્ય એ સ્વંતત્ર દ્રવ્ય છે. જડ કદી ચૈતન્ય ન બને, ચૈતન્ય કદી જડ ન બને.

માતાના ગર્ભમાં પણ સૌ પ્રથમ જીવ આવે, ત્યાર પછી શરીરની રચના થાય છે. તેથી દેહની સાથે આત્મા ઉત્પન્ન થાય છે, તે માન્યતા અસત્ય છે. દેહ અને આત્માનો તાદાત્મ્ય (અવિનાભાવ) સંબંધ નથી. આત્મા વગરનો દેહ પણ જોવા મળે છે. જીવની નિત્યતાનો વધુ તર્ક સહિત સિદ્ધ કરતા શ્રીમદ્જી કહે છે -

**કોઈ સંયોગથી નહીં જેની ઉત્પત્તિ થાય,**[૨૧૪]
**નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય.**

દેહ સંયોગી પદાર્થો દ્વારા બને છે. જીવ પોતે જેટલા આકાશ પ્રદેશને અવગાહીને રહે છે, તેટલા આકાશ પ્રદેશ પર રહેલા કાર્મણ વર્ગણાના અનંતપ્રદેશી સ્કંધોને દેહની રચના માટે ગ્રહણ કરે છે. પછી દેહની વૃદ્ધિ અને સંરક્ષણ માટે આહારદ્વારા અને રોમદ્વારા પરમાણુઓ ગ્રહણ કરે છે. આ પ્રમાણે દેહાદિ પદાર્થો સંયોગોથી ઉત્પન્ન થાય છે પણ ચૈતન્ય એવો આત્મા અસંયોગી છે. તેની ઉત્પત્તિ કે વિનાશ નથી.

જીવ પદાર્થરૂપે, સ્વરૂપદશારૂપે, જ્ઞાનગુણરૂપે નિત્ય છે. જીવે અંકિત કરેલા સંસ્કારો બીજા ભવમાં પણ જોવા મળે છે. બાળકનું ભૂખ લાગવાથી રડવું, અજાણ્યા વ્યક્તિને જોઈ કૂતરાનું ભસવું, સર્પનું ફૂંફાડો મારવું ઈત્યાદિ સંસ્કારો દેખાય છે, તે પૂર્વ ભવના આત્માના કર્મના સંસ્કારો છે. તેથી સિદ્ધ થાય છે કે આત્મા નિત્ય છે.

જૈનદર્શનની દાર્શનિક વિચારધારા અનુસાર ગ્રંથકાર કહે છે કે, આત્મા દ્રવ્યથી નિત્ય છે. ગતિરૂપ શરીરને ધારણ કરવો, તે આત્માનો વૈભાવિક પર્યાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ અદેહી છે. કર્મોના કારણે જીવને શરીર ધારણ કરવું પડે છે. આત્માને ક્ષણિક માનવાથી કર્મની ફિલોસોફીનો સિદ્ધાંત ઊડી જશે. આત્માને નિત્ય માનવાથી મૃત્યુનો ડર ટળે છે તેમજ બોલનાર અને વિચારનાર આત્મા પોતે છે. આપણે પ્રથમ વિચારીએ છીએ, પછી બોલીએ છીએ. આ બંને ક્ષણો જુદી હોવાથી આત્મા નિત્ય છે, ક્ષણિક નથી; એવું સિદ્ધ થાય છે.

ઉપાધ્યાયજી સમકિતના ત્રીજા અને ચોથા સ્થાનની વાત ગાથા - ૩૪ થી ૮૧માં વિસ્તારપૂર્વક કરે છે.

'આત્મા કર્તા છે, આત્મા ભોક્તા છે' આ અંગે વેદાંતદર્શન અને સાંખ્યદર્શનની માન્યતા જણાવે છે. તેમની માન્યતાનું કવિએ સચોટ પુરાવા આપી ખંડન કરી, જિનમતની પ્રરૂપણા કરી છે.

વેદાંતદર્શન અને સાંખ્યદર્શન આત્માને કર્તા અને ભોક્તા સ્વીકારતા નથી. જગત મિથ્યા છે, બ્રહ્મ સત્ય છે. વળી બ્રહ્મ સત્ છે, તેથી તેને કર્મનો લેપ લાગતો નથી. બ્રહ્મ અકર્તા છે. કાચના અરીસામાં પડતા પોતાના પ્રતિબિંબને જોઈ જેમ સિંહ, બીજો સિંહ છે એવું માને છે, તેમ બ્રહ્મજ્ઞાનની ગેરહાજરીમાં અજ્ઞાન ઉદ્‌ભવે છે. અજ્ઞાનથી અપારમાર્થિક બંધન થાય છે. જેમ ગળામાં સોનાની કડી પહેરેલી કોઈ વ્યક્તિ ભૂલથી ભ્રમિત બની મારી કડી ખોવાઈ ગઈ છે. એમ માની ચારે તરફ શોધે છે, તેમ માનવી ભ્રમના કારણે અબદ્ધ બ્રહ્મને બદ્ધ માને છે. તેને બંધનથી મુક્ત કરવા તપશ્ચર્યા ઈત્યાદિ સાધના કરે છે. બ્રહ્મજ્ઞાનથી અજ્ઞાન ટળે છે. ભ્રમને ટાળવા વેદાંત શ્રવણ, તત્ત્વજ્ઞાન અને કૈવલ્ય આ ત્રણ ગુણની આવશ્યકતા છે; એવી વેદાંતદર્શનની માન્યતા છે.

સાંખ્યદર્શન અનુસાર આત્મા અસંગ સ્વભાવી છે. તે શુદ્ધ-બુદ્ધ-નિર્મળ છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ આવી ત્રિગુણાત્મક પ્રકૃતિ છે. તે જ કર્મ કરે છે. બંધ પણ પ્રકૃતિનો થાય છે. આત્મા અબંધ છે. આત્મા (પુરુષ) અક્રિય છે. જેમ નર્તકી નૃત્ય દેખાડી સભામાંથી પાછી ફરે છે, તેમ પ્રકૃતિ પોતાના કામાદિ રૂપ વિલાસો પુરુષ (આત્મા)ને દેખાડી પાછી ફરે છે. પ્રકૃતિના વિકારોનો વિલય થવો એ જ મુક્તિ છે. વ્યવહારમાં પંથે જતાં પંથી (મુસાફર) લૂટાતાં, 'પંથ લૂંટાયો' એવું બોલાય છે. વાસ્તવમાં પંથ અચેતન છે. તે લૂંટાયો નથી પરંતુ પંથમાં પંથીનો ઉપચાર કરી આ વાક્ય પ્રયોગ થયો છે, તેમ પ્રકૃતિની ક્રિયા જોઈ અવિવેકી મૂઢ પુરુષ જીવની પોતાની ક્રિયા માની લે છે. વાસ્તવમાં પુરુષ અક્રિય છે; એવી સાંખ્યદર્શનની માન્યતા છે.

સાંખ્ય અને વેદાંતદર્શનના મતનું ખંડન કરતાં ગ્રંથકાર કહે છે કે, જીવ અકર્તા અને અભોક્તા છે; એવું માનવાથી મોક્ષનું શું પ્રયોજન ? જો મોક્ષ જીવ માટે માત્ર ઔપચારિક પદાર્થ છે, તો શાસ્ત્ર શ્રવણની શી જરૂર છે? સાંખ્ય દર્શન પ્રકૃતિના વિયોગે પુરુષનો મોક્ષ માને છે, જ્યારે વેદાંત દર્શન અવિદ્યાના નાશથી મોક્ષ માને છે. અવિદ્યા કે પ્રકૃતિનો નાશ થવાથી આત્મા શુદ્ધ થશે. સાંખ્ય દર્શન અનુસાર આત્મા પૂર્વે પણ શુદ્ધ હતો, પ્રકૃતિનો વિનાશ થવાથી પણ શુદ્ધ થશે તો કોઈ વિશેષ લાભ ન થાય. આ પ્રમાણે આત્માની કૂટસ્થ નિત્યતા (કોઈ ફેરફાર ન થવો) માનવાને બદલે પરિણામી નિત્યતા માનવી યથાર્થ છે.

જેમ શતપુટ ખારથી રત્ન શુદ્ધ થાય છે, તેમ ક્રિયા વ્યવહારથી આત્માના દોષો દૂર થાય છે. આત્માની સંપૂર્ણ શુદ્ધિ એ મોક્ષ છે. મોક્ષ પ્રત્યે ચરમ ક્રિયા જ કારણ છે. ચરમ ક્રિયાને લાવનાર પ્રથમાદિ ક્રિયાઓ પણ આત્મશુદ્ધિના કારણભૂત છે. જેમ ડાંગરને ખાંડવા-છંડવાથી તેની મલિનતા, ફોતરાં ઈત્યાદિ કચરો દૂર થાય છે, તેમ અનાદિકાલીન આત્મા જ્ઞાન અને ક્રિયા દ્વારા શુદ્ધ બને છે. મુક્તિ અને મુક્તિના ઉપાયો ત્યારે જ ઘટે, જ્યારે સ્યાદ્‌વાદ સિદ્ધાંત પ્રમાણે આત્માની શુદ્ધતા અને અશુદ્ધતા સ્વીકારીએ. સંસારી આત્મા કર્મના લેપથી અશુદ્ધ છે. સિદ્ધ આત્મા કર્મ ક્ષયથી સંપૂર્ણ શુદ્ધ છે. એકાંત અશુદ્ધ આત્મા માનવાથી સાધનાનો ઉચ્છેદ થાય છે, જ્યારે એકાંત શુદ્ધ આત્મા માનવાથી મોક્ષનું કોઈ પ્રયોજન રહેતું નથી.

જીવ શુભ ભાવોવડે પુણ્ય કર્મ કરે છે અને અશુભ ભાવ વડે પાપ કર્મ કરે છે. સમય જતાં જીવ તેનાં સારા અને માઠાં ફળો ભોગવે છે. ભવ્ય જીવોમાં મોક્ષ જવાની યોગ્યતા છે. જ્યારે સર્વથા સર્વ કર્મનો વિલય થાય છે, ત્યારે મોક્ષ થાય છે. આ પ્રમાણે જીવ વ્યવહારનયથી જડ કર્મનો કર્તા છે. નિશ્ચયનયથી જ્ઞાનાદિનો કર્તા છે. કર્મ

સહિત આત્મા રાગ-દ્વેષ કરે છે. રાગ-દ્વેષમાં ભળવાથી જીવ પોતે રાગ કે દ્વેષ રૂપે પરિણમે છે. તેથી આત્મ પ્રદેશમાં સ્પંદન થાય છે અને વાતાવરણમાં રહેલ કર્મયોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી તે આત્મા સાથે ક્ષીર નીરની જેમ બંધાઈ જાય છે. તેથી જીવ જડ કર્મોનો કર્તા થયો. શુદ્ધ નિશ્ચયનયથી આત્મા નિજ સ્વભાવરૂપ જ્ઞાનાદિનો કર્તા છે. અનંતજ્ઞાન આત્માનો ગુણ છે. ગુણમાં પર્યાયો થયા કરે છે. જીવ જ્ઞાનની પર્યાયોને કરે છે. તેથી શુદ્ધ નિશ્ચયનયે આત્મા જ્ઞાનાદિ ગુણોનો કર્તા છે.

કર્મોનો ક્ષય જ્ઞાન અને ક્રિયાથી થાય છે. અશુદ્ધ આત્મા તે સંસારનો કર્તા છે. શુદ્ધ આત્મા તે મોક્ષનો કર્તા છે. પ્રકૃતિ જેવી જડ ચીજ કર્તા ન બની શકે. સુખ-દુઃખનો કર્તા-વિકર્તા આત્મા સ્વયં છે.

શ્રીમદ્ રાજચંદ્રજી કડી ૭૧ તી ૮૬ માં આત્માનું કર્તૃત્વ અને ભોકર્તૃત્વ સિદ્ધ કર્યું છે. કર્મોનું ફળ દેવગતિ કે મનુષ્યગતિ છે. અશુભ કર્મોનું ફળ તિર્યંચ કે નરક ગતિ છે.

ચેતના જેટલી વધુ વિકસિત હોય, તેમજ કષાયો તીવ્ર હોય, તો કર્મબંધન તીવ્ર થાય.

નિગોદના જીવની ચેતના સુષુપ્ત અવસ્થામાં છે. નિગોદમાંથી બહાર નીકળી એકેન્દ્રિય આદિ જાતિઓમાં ઉત્તરોત્તર ચેતના વધુ વિકસે છે. કૃષ્ણપક્ષ છોડી શુકલપક્ષી બનતાં દર્શનમોહનીય કર્મ પાતળું બને છે. કર્મને મંદ કરવા કર્મબંધનના કારણોને જાણવાં જરૂરી છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ કર્મબંધનનાં કારણો છે. જીવ મિથ્યાત્વ (આશ્રવ) ને છોડી સમકિત (સંવર) નીપજાવે તો અનાદિની કર્મ પરંપરા તૂટે ! મિથ્યાત્વ દૂર થતાં અનંતાનુબંધી કષાયો, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન કષાયોનું જોર ઘટે છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અવિનાભાવી સંબંધ છે. બંનેનો ઉદયકાળ સાથે છે. બંધનોમાં તે એક બીજાના સહાયક હોવાથી સમકિત પ્રાપ્તિ માટે બંનેને દૂર કરવા જરૂરી છે.

રાગ-દ્વેષ અને અજ્ઞાનથી નિવૃત્તિ એ મોક્ષપંથ છે.

જીવોને રાગ-દ્વેષની પ્રેરણા કરે એવો આરોપ ઈશ્વર પર નાખવો તે ઈશ્વરને દોષ વાળા માનવા જેવું થાય છે. વાસ્તવમાં પોતે પોતાને ભૂલી પરવસ્તુને નિમિત્ત બનાવે છે. પૂર્વ કૃત કર્મો જીવને નડે છે. વર્તમાનમાં ફરી નવા કર્મો ઉપાર્જન કરે છે. આમ કર્મની પરંપરા ચાલુ જ રહે છે. એક એક જીવ અનંત કાળથી આ ઘટમાળમાં આવર્તન લઈ રહ્યો છે. શુભ કર્મોનું ફળ દેવ અને મનુષ્યગતિ છે. અશુભ કર્મોનું ફળ તિર્યંચ અને નરક ગતિ છે. આ ગતિઓનું આવાગમન ચાલુ છે.

વ્યવહારનયથી જીવ સુખ-દુઃખનો ભોક્તા છે. નિશ્ચયનયથી જીવના મૌલિક ગુણો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખનો ભોક્તા છે. પરમશુદ્ધ નિશ્ચય નયથી જીવ અભોક્તા છે. જીવ પોતાના શુદ્ધ સ્વરૂપે સદા રહે છે, તેથી તે અભોક્તા છે.

આ પ્રમાણે આત્માનું કર્તૃત્વ અને ભોકતૃત્વ પદ સિદ્ધ થાય છે.

ઉપાધ્યાયજી ૮૨ થી ૯૮ માં મોક્ષ છે એવું સિદ્ધ કરે છે.

ક્ષુદ્ર, મત્સર, લાભરહિત એવા ભવાભિનંદી જીવો મુક્તિનું ખંડન કરે છે. તેઓ દુર્ભવ્ય છે, બહુલ સંસારી છે. ચરમ પુદ્‌ગલ પરાવર્તમાં જીવને મોક્ષની ઈચ્છા જાગે છે. જેમ અસાધારણ રોગની હાજરીમાં પથ્યના સેવનનું સમ્યક્ મન થતું નથી, તેમ ભાવમલની પ્રચુરતામાં ચરમાવર્ત સિવાયના અન્ય પુદ્‌ગલ

પરાવર્તનમાં મોક્ષનો આશય પેદા થતો નથી.

ઈન્દ્રિયનું સુખ તે સાચું સુખ નથી. જેમ વિષ મિશ્રિત દૂધપાક ભૂખની પીડાને ક્ષણિક સંતોષનું સુખ-આનંદ આપે છે પણ તે મૃત્યુરૂપી દુઃખનું મૂળ છે, તેમ ઈન્દ્રિયજન્ય સુખ વ્યાધિરૂપ છે માટે દુઃખરૂપ છે.

મોક્ષનું સુખ સ્વાધીન છે. દેહ અને મનની વૃત્તિથી શારીરિક અને માનસિક દુઃખ થાય છે. તે વૃત્તિના અભાવથી સિદ્ધ સુખ પ્રાપ્ત થાય છે. સર્વકર્મનો ક્ષય થવાથી મોક્ષમાં મહાસુખ છે.

આત્માને સર્વવ્યાપી માનનારાના મત પ્રમાણે જીવનો સંસાર ઘટી શકતો નથી. જૈનદર્શન આત્માને શરીર પ્રમાણ માને છે, તેથી સંસાર અને મુક્તિ ઘટે છે. જીવે જે ભવનું (ગતિ) આયુષ્ય બાંધ્યું હોય, તે ક્ષેત્રમાં જાય છે. જીવને આનુપૂર્વી નામકર્મ તે ક્ષેત્રમાં લઈ જાય છે. જીવ ઋજુગતિએ મોક્ષમાં જાય છે. એક ગતિમાંથી બીજી ગતિમાં જવું, એ સંસાર છે.

જીવ મોક્ષમાં ચાર કારણોએ ગમન કરે છે. ૧) પૂર્વ પ્રયોગ - લાકડીથી ચાકડો ફેરવ્યા બાદ લાકડી ખસેડી લેવા છતાં ચાકડો કેટલોક કાલ ઘૂમ્યા કરે છે, તેમ કર્મથી મુક્ત થતાં જીવ એક સમય માટે ગતિશીલ રહે છે. ૨) સંગનો અભાવ - માટીની લેપ વિનાનું તુંબડું જેમ પાણીની સપાટી પર તરે છે, તેમ કર્મનો સંગ દૂર થતાં જીવ લોકાકાશની ઉપલી સપાટીએ ગમન કરે છે. ૩) બંધ વિચ્છેદ - જેમ કોશમાં રહેલું એરંડાનું બીજ કોષનું બંધન તૂટતાં ઉડીને બહાર નીકળે છે, તેમ કર્મબંધન ખસતાં જીવ ઉર્ધ્વગતિ કરે છે. ૪) અગ્નિશિખાનો સ્વભાવ ઉર્ધ્વગમનનો છે, તેમ કર્મભારથી હળવો બનેલો જીવ ઉર્ધ્વગતિ કરે છે.

જીવની મુક્તિ થવા વિષે જણાવતાં ઉપાધ્યાયજી કહે છે - કેવળી ભગવાન અઘાતી કર્મોનો ક્ષય કરવા સમુદ્‌ઘાત કરે છે, ત્યારે પોતાના શરીરમાં રહેલા અસંખ્ય આત્મપ્રદેશોને સંપૂર્ણ લોકમાં ફેલાવી દે છે. લોકના અસંખ્યાત આકાશ પ્રદેશ પર એક એક આત્મપ્રદેશ સ્થાપી દે છે. આખા લોકમાં ફેલાયેલા તે આત્મપ્રદેશોને ફરી સમેટી શરીર પ્રમાણે કરે છે. આમ કરવામાં એક પણ આત્મપ્રદેશો ખંડિત થતાં નથી, હંમેશા સાથે જ રહે છે. સિદ્ધ થતાં આત્મપ્રદેશો પૂર્વે દેહના પ્રમાણના ૧/૩ ભાગને છોડી ૨/૩ ભાગમાં સમાઈ જાય છે.

શ્રીમદ્‌જી પણ મોક્ષતત્ત્વની સિદ્ધિ અને તેના ઉપાયો જણાવતાં કહે છે -

કર્મ અનંત પ્રકારનાં તેમાં મુખ્ય આઠ;[૫૫]
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.

આત્માના આઠ ગુણોને દબાવનાર આઠ કર્મો છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આ આઠ કર્મમાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતી કર્મ છે. જે આત્માના મૌલિક ગુણોને ઢાંકી રાખે છે. આ ચાર ઘાતી કર્મમાંથી મોહનીય કર્મ સૌથી વધુ બળવાન છે. તે આત્માના અનંત ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર, ક્ષાયિક સુખને દબાવી રાખે છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ એ શ્રદ્ધા ગુણનો વિકાર છે. તે દર્શન મોહનીય છે. ચારિત્ર ગુણને વિકારી બનાવે, તે ચારિત્ર મોહનીય કર્મ છે.

કેવળી પરમાત્મા, શાન, સંઘ, ધર્મ અને દેવનાં અવર્ણવાદ બોલવાથી દર્શન મોહનીય કર્મ બંધાય છે અને કષાયના ઉદયથી થતા આત્મપરિણામ, ચારિત્ર મોહનીય કર્મનો બંધ હેતુ છે. દર્શનમોહ અને ચારિત્રમોહનો ક્ષય કરવા બોધિબીજ તથા વીતરાગતા આ બે ઉપાય છે.

જીવ ચરમ પુદ્‌ગલ પરાવર્તનમાં પણ દેશે ન્યૂન અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ બાકી રહે, ત્યારે સમ્યગ્‌દર્શન પ્રાપ્ત કરી શકે. સમ્યગ્‌દર્શન થયા પછી મોક્ષ જવાનો સમય નિશ્ચિત થઈ ગયો. જેમ કોઈ માણસ ઉપર એક લાખ રૂપિયાનું દેણું હોય તેમાંથી તેણે ૯૯,૯૯૯ રૂ. ચૂકવી દીધા. હવે માત્ર એક રૂપિયાનું જ દેણું બાકી છે. કદાચ તેનું વ્યાજ થાય તો પણ ચૂકવતાં કેટલી વાર ? અર્થાત્ જીવનો અલ્પ સંસાર બાકી રહે.

મોક્ષ મેળવવા કોઈ જાતિ, વેષ, સંપ્રદાયની આવશ્યકતા નથી. મોક્ષમાર્ગ સર્વ જીવો માટે ખુલ્લો છે. અહીં હરિકેશી જેવા ચાંડાલ સિદ્ધ બની શકે છે. વળી પંદર ભેદે સિદ્ધ કહ્યા તેમાં મરૂદેવી માતા જેવા ગૃહસ્થલિંગે પણ સિદ્ધ થઈ શકે છે, તો વલ્કલચિરી જેવા સંન્યાસી અન્યલિંગે પણ સિદ્ધ થઈ શકે છે. અહીં 'સાધે તે મુક્તિ લહે.' જે સાધના કરે તે સિદ્ધિ મેળવે છે.

સમ્યગ્‌દર્શનની સાધના આગળ વધતાં વીતરાગતા સુધી પહોંચાડે છે. મોહનીય કર્મ જેવા મહાકાય સ્વયંભૂરમણ સમુદ્રને તરવા ભૂજાબળરૂપી વિશુદ્ધ અધ્યવસાયો અને ચારિત્ર બળ જોઈએ; તો કેવળજ્ઞાનરૂપી કિનારે જરૂર પહોંચાય.

કેવળજ્ઞાનની વ્યાખ્યા કરતાં શ્રીમદ્‌જી કહે છે.

**કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે ભાન;**[111]
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.**

અહીં આત્મા અને જ્ઞાનની અભેદતા દર્શાવેલ છે. આત્મા જ જ્ઞાન છે અને જ્ઞાન જ આત્મા છે. આત્મા જ્ઞાનનો પિંડ છે. પરમાત્મા દેહ છતાં દેહાતીત દશા અનુભવે છે. તેમનો દેહાધ્યાસ ક્યારનો વિદાય લઈ ચૂક્યો છે. તેઓ કેવળજ્ઞાનની અનુભૂતિમાં રમણતા કરે છે. જીવ જડ કર્મ સંગે છે ત્યાં સુધી જડ કર્મ તેને બાધા પહોંચાડે છે. કેવળજ્ઞાન-મોક્ષ સ્વભાવ પ્રગટ થતાં જીવનાં અનંતજ્ઞાન, અનંતદર્શન અનાવરિત થાય છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવું તે જ મોક્ષ છે. ૧૧૯ થી ૧૨૭ કડીમાં મોક્ષતત્ત્વનું નિરૂપણ થયું છે. આ આશ્ચર્યકારક માર્ગ સદ્‌ગુરુ પાસેથી જાણી તેમના ચરણે ત્રણે યોગ સમર્પિત કરવાની સાધક પ્રતિજ્ઞા કરે છે.

ઉપસંહાર રૂપે ગા-૧૨૮ થી ૧૪૨ માં ગુરુ શિષ્યને અંત સમયની શિખામણ આપે છે. છેલ્લી ૧૫ કડી શ્રીમદ્‌જી જણાવે છે કે નિશ્ચય અને વ્યવહારનાં સમન્વયરૂપ મોક્ષમાર્ગ ત્રણે કાળમાં એક રૂપે રહેવાનો છે. જ્ઞાન, દર્શન આદિનો ઉપયોગ મોક્ષ પ્રાપ્ત કરવા માટે થવો જોઈએ.

સમ્યક્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રની સાધના એ મોક્ષમાર્ગ છે. મોક્ષ એ કાર્ય છે. કારણ વિના કાર્ય ન હોય. કાગડો વૃક્ષ ઉપરથી ઉડ્યો, તે સમયે જ ફળ પડ્યું પણ તેટલા માત્રથી કાગડાનું ઉડવું; એ ફળ પડવાનું કારણ કહેવાતું નથી. આવો કાકતાલીય ન્યાય મોક્ષ અને ચારિત્ર સાથે નથી.

ભરત ચક્રવર્તી ભાવધર્મથી મુક્તિ પામ્યા, તે અપવાદ છે. રાજમાર્ગ તો ચારિત્ર ધર્મ જ છે. કોઈ વટેમાર્ગુ ઉન્માર્ગે જવા છતાં લૂંટારાઓથી ન લૂંટાય, તેથી લોકો ભીડવાળા રસ્તાને છોડી ઉન્માર્ગે જતા નથી. આ શુદ્ધ વ્યવહાર છે. મોક્ષના રાજમાર્ગ સમાન ચારિત્રનો ઉચ્છેદ કરનાર મહાપાપી છે. જેમ રોગ ભયંકર હોય તો ઔષધ પણ શક્તિશાળી (strong) જોઈએ, તેમ આત્માના આરોગ્યરૂપી લક્ષ્મીને મેળવવા જ્ઞાન, દર્શન અને ચારિત્ર સમ્યક્ (નિરતિચાર) જોઈએ. વિપુલ કર્મને બાળવા સાધના પણ Strong જોઈએ. ઈંધન વધુ હોય તો તેને

બાળવામાં અગ્નિને ઘણો સમય જોઈએ તેમ અહીં સમજવું.

વસ્તુ અનંત ધર્માત્મક છે. સમ્યગ્દૃષ્ટિ જીવ વસ્તુના દરેક અંશોને સાપેક્ષ દૃષ્ટિએ ગ્રહણ કરે છે. મિથ્યાદૃષ્ટિ જીવ આંધળા માણસની જેમ વસ્તુના એક એક અંશને માને છે. છૂટાં છૂટાં મોતીઓ દોરામાં પરોવાઈ માળા બને છે, તેમ એકાંત અભિનિવેશવાળા દર્શનો અસત્ય ઠરે છે પરંતુ તેઓ સ્યાદ્‌વાદરૂપસૂત્રથી ગૂંથાય છે ત્યારે સત્ય ઠરે છે, પ્રમાણ બને છે.

કવિ યશોવિજયજી તથા શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે આ ષટ્‌સ્થાનની પ્રરૂપણા કરી છે. આત્મજ્ઞાન ભેદજ્ઞાન કરાવે છે. ભેદજ્ઞાન કષાયોને મંદ બનાવે છે. કષાયો મંદ થતાં આત્મવિશુદ્ધિ થાય છે. આત્મજ્ઞાનથી નિરંતર પુરુષાર્થ કરી, ગુણસ્થાનકે આરોહણ કરી, ક્ષપક શ્રેણી માંડી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. વર્તમાન કાળે ભલે કેવળજ્ઞાન નથી પણ આત્મજ્ઞાન તો છે જ.

નાસ્તિકવાદી, અનિત્યવાદી, અકર્તૃત્વવાદી, અભોક્તૃત્વવાદી, મોક્ષાભાવવાદ અને અનુપાયવાદ; આ મિથ્યાત્વનાં છ સ્થાનો છે. જે ગુણવાન જીવો આ એકાંત મતનો ત્યાગ કરે છે, તે શુદ્ધ સમકિત પ્રાપ્ત કરે છે.

આ બંને કૃતિઓમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગનો સમાવેશ થયો છે. ઉપાધ્યાયજીએ ચોપાઈ છંદમાં કૃતિની રચના કરી છે.

આ બંને કૃતિઓમાં શબ્દોમાં ગંભીરતા, સચોટતા છે. ઉત્તમજ્ઞાનથી ભરપૂર એવી આ કૃતિઓ મુમુક્ષુ માટે ગાગરમાં સાગર સમાન છે, જેમાં મોક્ષમાર્ગ અનેકાન્તથી દર્શાવેલ છે. અનાદિકાલથી મોહાગ્નિમાં બળી રહેલા જીવો માટે આ ગ્રંથ શીતળ-સમાધિ આપે તેવો છે.

-------------

## પ્રકરણ – ૫ પાદનોંધ

૧-૨. શ્રી આચારાંગસૂત્ર - ૧/૪/૨/૧, પૃ.- ૫૮૫, લે. ઘાસીલાલજી મહા.
૩. એજ -૧/૪/૨/૧, પૃ.- ૬૦૫, લે. ઘાસીલાલજી મહારાજ.
૪. એજ - ૧/૪/૨/૮, પૃ-૧૫૧. પ્ર૦ શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન.
૫. એજ. ૧-૪-૩-૩, પૃ.-૧૫૪.
૬. એજ. ૧/૬/૩/૭, પૃ. ૧૮૮.
૭. એજ. ૧/૫/૫/૨ પૃ.૨૦૨.
૮. એજ. ૧/૫/૫/૪, પૃ.૨૦૫.
૯. એજ. ૧/૫/૫/૮. પૃ-૨૦૯.
૧૦. એજ. ૧/૫/૫/૩. પૃ - ૨૦૪/૨૦૫.
૧૧. શ્રી સૂત્રકૃતાંગસૂત્ર- ૧/૬/૨૯, પૃ.૨૯૮, સં.- લીલમબાઈ મહાસતીજી.
૧૨. એજ. ૧/૮/૨૩, પૃ.-૨૯૬.
૧૩. એજ. ૧/૨/૩/૧૧, પૃ.-૧૨૫.
૧૪. એજ. દ્વિતીય શ્રુ. અ.- ૨, સૂ.-૪૭, પૃ.-૭૪.
૧૫. શ્રી સૂત્રકૃતાંગસૂત્ર દ્વિ.શ્રુ.અ.-૨, સૂ.-૬૧, પૃ.-૮૮.
૧૬. એજ. ૨/૭/૨ અને ૩ પૃ.૧૮૦, ૧૮૧.
૧૭. એજ. ૨/૭/૩૮ પૃ.૨૦૫.
૧૮. શ્રી ભગવતીસૂત્ર શ.૯, ઉ.૩, પૃ.૧૭૬૦ થી ૧૭૮૨, લે. ઘાસીલાલજી મહારાજ.

૧૯. એજ. શ.૧૧, ઉ.૯, પૃ.૧૮૯૨.
૨૦. એજ. શ.૧૫, પૃ.૨૪૫૭.
૨૧. શ્રી દશવૈકાલિકસૂત્ર - ભા-૨, અ. ૮, ગા. ૬૧, પૃ-૧૭૪, લે. - ઘાસીલાલજી મ.
૨૨. એજ. અ. ૪, ગા.૨૧, પૃ. ૩૫૦.
૨૩. શ્રી દશવૈકાલિકસૂત્ર ભા-૧, અ.૪, ગા.૧૦, પૃ.૩૦૦.
૨૪. શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ભા-૩, અ.૨૮, ગા.૧૫, પૃ.૧૫૪.
૨૫.એજ, ભા.૩, અ.૨૮, ગા.૧૪, પૃ.૧૫૩.
૨૬. એજ, ભા.૧, અ.૩, ગા.૧, પૃ.૫૭૧.
૨૭. એજ, ભા.૧, અ.૪, ગા.૧, પૃ.૯૨, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૨૮. એજ. અ.૨૯,સૂત્ર-૬૦, પૃ-૩૪૧, લે-ઘાસીલાલજી મ.
૨૯. એજ, અ.૩૬, ગાથા ૨૬૩ થી ૨૬૫, પૃ-૪૪૩, પ્ર. શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન.
૩૦. એજ, ભાગ-૪, અ.૨૮, ગા.૧૭ થી ૨૭, પૃ-૧૫૯ થી ૧૬૮, લે-ઘાસીલાલજી મ.
૩૧. અ.૬, ગા.૧૪, પૃ.૧૨૦. તેમજ અ.૨ ગા. ૪૪/૪૫ પૃ-૬૧/૬૨, પ્ર. શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન.
૩૨. શ્રી નિશીથસૂત્ર ચૂર્ણિસહિત ભા.-૧, ગા.-૨૩, પૃ.-૧૪, સં.-અમરમુનિ
૩૩. શ્રી દશાશ્રુત સ્કંધ, દશા-૫, ગા.૧૪, પૃ.૪૫, પ્ર.શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૩૪. શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર, ગા.૧૩૧, પૃ.૪૦, સં-પુણ્યવિજયજી મુનિ.
૩૫. એજ, ૫દ-૩,સૂત્ર - ૧૦૧, પૃ. ૨૫૨, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૩૬. શ્રી ભગવતીસૂત્ર શ.૧, ઉ.૩, સૂ.૧૨, પૃ. ૮૯, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૩૭-૩૮. એજ,-શ.૯, ઉ.૩૧, સૂ.૧૧, પૃ.૩૧૨, પ્ર.શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૩૯. શ્રી નંદીસૂત્ર, ગા. ૪ થી ૧૭, પૃ.- ૪ થી ૯, સં લીલમબાઈ મહાસતીજી.
૪૦. એજ, ભા.૧, સૂ.૨૫, પૃ.૨૯૪, લે-ઘાસીલાલજી મ.
૪૧. એજ. સૂ. ૪૦, પૃ.૪૭૧.
૪૨. એજ. સૂ.૪૧, પૃ.૪૮૪.
૪૩. શ્રી આવશ્યક નિર્યુક્તિ - ભા-૧, ગા.૮૬૨, પૃ.૧૬૬.
૪૪. એજ, - ગા.૧૦૭, પૃ.૩૮, ૩૯.
૪૫. શ્રી વિશેષાવશ્યક ભાષ્ય - ગા.૫૨૮, પૃ. ૨૪૭.
૪૬. એજ, - ગા.૫૨૯ થી ૫૩૩, પૃ. ૨૪૭ થી ૨૫૦.
૪૭. એજ, - ભા.૧, ગા.૧૨૦૩, પૃ.૪૪૮.
૪૮. એજ, - ભા.૧, ગા.૧૧૯૫, પૃ.૪૪૭.
૪૯. એજ, ગા.૧૯૯૯/૧૨૦૦, પૃ.૪૪૭/૪૪૮.
૫૦. એજ, ગા.૧૧૯૪, પૃ.૪૪૭.
૫૧. એજ, ગા.૧૨૦૨, પૃ.૪૪૮.
૫૨. શ્રી તત્ત્વાર્થસૂત્ર, અ.- ૧, સૂ.- ૪, પૃ.- ૧૧.
૫૩. એજ, અ.- ૧, સૂ.- ૮, પૃ.- ૧૬ થી ૨૧.
૫૪. શ્રી શ્રાવક પ્રજ્ઞાપ્તિ, ગા.૬૧, પૃ.૪૯.
૫૫. સન્મતિ પ્રકરણ - દ્વિતીય ખંડ, ગા-૨૨, પૃ.૪૩.
૫૬. એજ, - તૃતીય ખંડ, ગા-૬૨, પૃ.૯૩.
૫૭. કર્મપ્રકૃતિ ભાગ-૨, ઉપશમનાકરણ, ગા.૧, પૃ.૧૮૩.
૫૮. એજ. ગા.૩, પૃ.૧૮૪.
૫૯. કર્મપ્રકૃતિ ભાગ-૨, ઉપશમનાકરણ, ગા.- ૮, પૃ.- ૧૮૫.
૬૦. સંબોધ પ્રકરણ-સમકિતાધિકાર ગા.૫૯/૬૦, પૃ.૩૪.
૬૧. ઉપદેશમાલા ગુજરાતી ભાષાંતર ગા-૨૬૯, પૃ.૩૬૧.

૬૨. એજ. ગા.૨૭૦, પૃ.૩૬૨.
૬૩. એજ. ગા.૨૭૩, પૃ.૩૬૩.
૬૪. અધ્યાત્મસાર, પ્રબંધ-૪, અ.૧૨, ગા.૧, પૃ.૩.
૬૫. એજ. ગા.૨, પૃ.૪.
૬૬. સમકિત પરીક્ષા - પ્રથમ અ. ગા.૩-૪, (મૂ.પ્ર.પ્ર.).
બીજો અ., ગા.-૧૧/૧૨ (મૂ.પ્ર.પ્ર.).
ત્રીજો અ., ગા-૨૪ થી ૨૭ (મૂ.પ્ર.પ્ર.).
ચોથો અ., ગા.૩૬, ૫૩, ૫૪, ૩૨, ૪૯, ૬૪, ૬૭(મૂ.પ્ર.પ્ર.).
૬૭. પ્રવચનસાર પ્રસ્તાવના, પૃ.૨૨, સં.ઉપાધ્યાય આદિનાથ, પ્ર. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, તૃતીયાવૃત્તિ, ઈ.સ. ૧૯૬૪.
૬૮. અષ્ટપ્રાભૃત - દર્શનપ્રાભૃત ગા.૧૯/૨૦, પૃ.૧૫.
૬૯. સમયસાર ગા.૧૩, પૃ.૩૧.
૭૦-૭૧. નિયમસાર ગા-૫,૬, પૃ.૧૧/૧૨.
૭૨. નિયમસાર ગા-૫૧/૫૨, પૃ.૧૦૪.
૭૩. અષ્ટપ્રાભૃત - મોક્ષપ્રાભૃત. ગા.- ૯૦.
૭૪. રયણસાર, ગા. - ૬૬/૯૦, પૃ. - ૭૪/૯૭.
૭૫. અષ્ટપ્રાભૃત - દર્શનપ્રાભૃત. ગા.- ૧૧, પૃ.- ૧૨.
૭૬. ષટ્ખંડાગમભા-૧, પૃ-૧૫૧.
૭૭. જૈન સાહિત્ય કા બૃહદ્ ઈતિહાસ ભાગ-૪, ચતુર્થ પ્રકરણ, પૃ-૮૮. સં મોહનલાલ મહેતા.
૭૮. કષાયપ્રાભૃત-ભા-૧૨, ગા-૯૫, પૃ- ૨૯૬, સં - ફૂલચંદ કૈલાસચંદ્ર.
૭૯. એજ. ગા-૧૦૧, પૃ. ૩૧૧.
૮૦. પુરુષાર્થ સિદ્ધયુપાય, ગા-૨૨, પૃ-૨૬.
૮૧. એજ. ગા- ૨૩ થી ૩૦, પૃ. ૩૦ થી ૩૫.
૮૨. એજ. ગા-૨૬૧, પૃ. ૧૭૪.
૮૩. એજ. ગા.૩૩, પૃ. ૩૯.
૮૪. ગોમ્મટસાર ગા. ૮૯૮, પૃ.-૨૮૩, સં. પં મનોહરલાલ.
૮૫. જ્ઞાનાર્ણવ - ષષ્ઠસર્ગ, ગા-૮, પૃ-૯૩.
૮૬. શ્રી રત્નકરંડક શ્રાવકાચાર. ગા-૪, પૃ.-૧૦.
૮૭. એજ, ગા. ૩૦, પૃ.-૯૧.
૮૮. એજ. ગા.- ૩૧ પૃ.- ૯૩.
૮૯. એજ. ગા.- ૩૪, પૃ.- ૧૦૨.
૯૦. એજ. ગા.- ૩૫, પૃ.- ૧૦૩.
૯૧. મજ્ઝિમનિકાય – ૧-૧-૯
૯૨. એજ – ૧-૧-૯
૯૩. એજ- ૧-૧-૯
૯૪. तेविज्जवच्छगोतसुत्त, મ.નિ.
૯૫. સં.નિ.હિ., ૧૨-૨-૨, પૃ.૨૦૦-૨૦૧.
૯૬. સં.નિ., ૯-૧૧, પૃ.૧૬૨.
૯૭. વિશુદ્ધિ માર્ગ ભાગ-૧, (હિન્દી) પરિ. ૧૯, પૃ.૨૦૩.
૯૮. જાત્તર સુત, સં.નિ., ૧-૧-૬.
૯૯. Indian Buddism, S.K. Ward, p.89-93
૧૦૦. બુદ્ધ ચરિત – ધર્માનંદ કોસંબી, પૃ.૧૧૧/૧૧૨, ૨૫૪-૨૫૬ (બૌદ્ધ ધર્મદર્શન, નગીન જી. શાહ)

૧૦૧. વિશુદ્ધમાર્ગ ભા-૧(હિન્દી), પૃ.-૬૧.
૧૦૨. ધમ્મચક્કપવત્તન સુત્ત, સં.નિ.
૧૦૩. સંયુક્ત નિકાય, ૧-૬-૯
૧૦૪.(જ્ઞાનાનુમુક્તિ, સંખ્યાસૂત્ર, ૩-૨૩)
૧૦૫. સાંખ્યકારિકા, સાંખ્યસૂત્ર, ૧-૮૩, પૃ.૨૩૩
૧૦૬. એજ, ૩-૭૧, પૃ.૨૪૦
૧૦૭. એજ, ૩-૮૪, પૃ.૨૪૦
૧૦૮. એજ, ૧-૫૭, પૃ.૨૩૨
૧૦૯. अथ त्रिविध दुखात्यंत निवृत्तिरत्यन्त पुरुषार्थ, સાંખ્યસૂત્ર, ૧-૧, પૃ.૨૩૦
૧૧૦. સાંખ્યસૂત્ર, ૪-૧, પૃ.૨૪૦
૧૧૧. સાંખ્યયોગ, ષડ્દર્શન, પ્રથમખંડ, પૃ.૨૩૦.
૧૧૨. अतः क्षीण क्लेशः कुशलः।। યોગ ભાષ્ય, ૨-૪;
 प्रत्यु दितख्यातिः क्षीण तृष्णाः कुशलः।। યોગ ભાષ્ય, ૪-૩૩
૧૧૩. श्रद्धा चेतसः सम्प्रसादः।। યોગ ભાષ્ય, ૧-૨૦.
૧૧૪. યોગસૂત્ર ૨-૧૭
૧૧૫. तसय हेतुरविद्या, યો.સૂ., ૨-૨૮
૧૧૬. યોગ ભાષ્ય, ૩-૫૫
૧૧૭. યોગસૂત્ર , ૨-૧૮
૧૧૮. એજ, ૧-૧૯
૧૧૯. યોગ ભાષ્ય ૧-૨૦
૧૨૦. યોદસૂત્ર; ૧-૧૯
૧૨૧. એજ, ૧૧-૨૦
૧૨૨. એજ, ૧-૩૦
૧૨૩. तत्त्वज्ञानानि श्रेयसाधिगम।, ન્યાયસૂત્ર, ૧-૧
૧૨૪. ન્યાયસૂત્ર, ૧-૩
૧૨૫. ન્યાય ભાષ્ય, ૧-૧
૧૨૬. એજ, ૪-૨ (ઉત્થાનિકા)
૧૨૭. એજ, ૧-૧-૨
૧૨૮. એજ, ૧-૧
૧૨૯. એજ, ૪-૨-૨
૧૩૦. ન્યાયસૂત્ર, ૪-૨-૪૬
૧૩૧. વૈશેષિકસૂત્ર, ૧-૧-૨
૧૩૨. ન્યાયસૂત્ર, ૪-૨-૪૭
૧૩૩. એજ, ૧-૧-૯
૧૩૪. ઋગવેદ - એત.. ઉપ. ૫
૧૩૫. સામવેદ - છાન્દો. ઉપ. ૬-૮-૭

૧૩૬. યર્જુર્વેદ – બૃહ. ઉપ. ૧-૪-૧૦
૧૩૭. અથર્વવેદ - ઉપ.,૨.
૧૩૮. ગીતા - ૪-૩૯-૧.
૧૩૯. એજ, - ૩-૩૧.
૧૪૦.એજ, - ૬-૪૦.
૧૪૧. શાંકર ભાષ્ય, ગીતા, ૧૮-૧૨.
૧૪૨. એજ, ૬-૪૭, ૧૨-૨, ૧૨-૨૦.
૧૪૩. એજ, ૪-૪૦ અને ૯-૩.
૧૪૪. એજ, ૧૭-૨૮.
૧૪૫. એજ, ૧૮-૭૩.
૧૪૬. એજ, ૭-૧૬.
૧૪૭.શ્રી ભગવદ્ગીતા, અ.-૪, પૃ.૧૭૩.
૧૪૮. શ્રી ભાગવતપુરાણ, ૧-૨-૬.
૧૪૯. એજ, ૧-૨-૭.
૧૫૦. એજ, ૧-૨-૧૨. અને ૩-૨૫-૪૩.
૧૫૧. એજ, ૧-૨-૧૪.
૧૫૨. એજ, ૧-૨-૧૫.
૧૫૩. એજ, ૧-૨-૨૧ અને ૩-૨૬-૨.
૧૫૪. એજ, ૧-૭-૬-૭.
૧૫૫. એજ, ૧૧-૧૪-૨૦-૨.
૧૫૬. શ્રી ભાગવતદર્શન, પૃ.૧૩૭-૧૩૮, સં.-ડૉ. હરવંશલાલ શર્મા.
૧૫૭. શ્રી ઈસાઈદર્શન - યોહન ફાઈસ, પૃ. ૫૩-૫૪.
૧૫૮. એજ, - યોહન ફાઈસ, પૃ. ૧૭૭.
૧૫૯. એજ, યોહન ફાઈસ, પૃ. ૧૭૭.
૧૬૦. શ્રી કુરાનસાર, ૨-૧-૫.
૧૬૧. એજ, ૬૯-૪૦-૪૧.
૧૬૨. એજ, ૬-૧૦૩.
૧૬૩. એજ, ૪-૧૭-૧૮.
૧૬૪. એજ, ૧૨૫, પૃ-૪૩.
૧૬૫. એજ, ૪૧-૧૫, પૃ.૬૨,૬૩.
૧૬૬. એજ, ૨-૧૪૪, પૃ. ૧૦૫ અને ૨-૨૮૫, પૃ. ૧૦૭.
૧૬૭. એજ, ૪૯-૧૧, પૃ. ૧૨૨.
૧૬૮. એજ, ૪૯-૧૨.
૧૬૯. એજ, ૭-૧૫૮, પૃ. ૧૯૪.
૧૭૦. યોગદૃષ્ટિ સમુચ્ચય, પૃ.- ૪૫૩ થી ૫૧૧.
૧૭૧. યોગવિંશિકા, ગા. ૧, પૃ.૧.

૧૭૨. યોગદૃષ્ટિ સમુચ્ચય. ગા.- ૧૩, પૃ.- ૫૫.
૧૭૩-૧૭૪. વિવિધ પૂજા સંગ્રહ : ભાગ -૪, દર્શન પદની પૂજા, કડી - ૪ અને ૫, પૃ. ૨૬૭, ૨૬૮
૧૭૫. એજ, ભાગ -૪, પૃ.- ૨૮૩.
૧૭૬. એજ, નવપદ પૂજા, ઢાળ બીજી, કડી - ૪, પૃ.- ૨૮૪.
૧૭૭. શ્રી નવપદ મંજૂષા. દુહા- કડી-૧,૨ પૃ.- ૫૮૮
૧૭૮. વિવિધ પૂજા સંગ્રહ : ભાગ -૪, નવપદપૂજા, ઢાળ-૧, કડી-૧. પૃ. ૮૭/૮૮.
૧૭૯. પૂજા સંગ્રહ સાર્થ, પૃ. ૨૨૩ થી ૨૨૬.
૧૮૦. વિવિધ પૂજા સંગ્રહ, પૃ. ૧૬૫.
૧૮૧. શ્રી વીશ સ્થાનક પદ પૂજા તથા કથા સંગ્રહ, પૃ.૧૬૫.
૧૮૨. શ્રી નવપદજી મહાપૂજા (બહોંતેર પ્રકારી પૂજા) પૃ-૯૮ થી ૧૧૬.
૧૮૩. સજ્ઝાયાદિ સંગ્રહ : સજ્ઝાય નં.- ૨૪૦૨, પૃ.- ૯૨૮, લે. કેવળદાસ શાહ (પાટડીવાળા).
૧૮૪. એજ : સજ્ઝાયન - ૨૪૦૧, પૃ. ૯૨૭/૯૨૮.
૧૮૫. ગુજરાતી સાહિત્ય કોશ. ખંડ-૧, મધ્યકાળ. પૃ. ૧૪૬.
૧૮૬. સજ્ઝાયાદિ સંગ્રહ, પૃ.- ૯૧૮. સ.નં - ૨૩૯૫.
૧૮૭. એજ. કડી -૨, પૃ- ૯૧૮.
૧૮૮-૧૮૯.એજ, સજ્ઝાય નં - ૨૩૯૩, પૃ.- ૯૧૮, કડી-૫.
૧૯૦-૧૯૧. એજ : સજ્ઝાય નં.- ૨૩૯૪, પૃ.- ૯૧૮, કડી - ૧.
૧૯૨. એજ : સજ્ઝાય નં.- ૨૩૯૬, પૃ.- ૯૨૦.
૧૯૩. સ. ના સ. બોલની સજ્ઝાયઃ પ્રથમદુહા, કડી-૨, પૃ.- ૫.
૧૯૪. એજ, દુહા - ૧, કડી - ૪, પૃ.- ૧૧.
૧૯૫. એજ. ઢાળ : ત્રીજી, કડી-૧૯, પૃ.- ૩૫.
૧૯૬. સ.ના સડસઠ બોલની સજ્ઝાય. ઢાળ-૧૦, કડી - ૫૧, પૃ.- ૮૯.
૧૯૭. એજ. ઢાળ - ૧૦, કડી - ૫૨, પૃ.- ૮૯.
૧૯૮. સમ્યક્ત્વ ષટ્ સ્થાન ચોપાઈ : સંપાદકીય નિવેદન, પૃ. ૧૦.
૧૯૯. ઢાળ : ૧૧, કડી - ૫૬, પૃ.- ૯૪.
૨૦૦. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય : ઢાળ : ૧૧મી, કડી-૫૭, પૃ. ૯૪.
૨૦૧. એજ. ઢાળ :૧૧, કડી - ૫૮, પૃ.- ૯૫.
૨૦૨. એજ. ઢાળ :૧૧, કડી - ૫૯, પૃ.- ૯૫.
૨૦૩. એજ. ઢાળ :૧૧, કડી - ૬૧, પૃ.- ૯૬.
૨૦૪. એજ. ઢાળ :૧૨, કડી - ૬૨, પૃ.- ૧૦૧.
૨૦૫. એજ. ઢાળ :૧૨, કડી - ૬૩, પૃ.- ૧૦૧.
૨૦૬. એજ. ઢાળ :૧૨, કડી - ૬૪, પૃ.- ૧૮૨.
૨૦૭. ગુર્જર સાહિત્ય સંગ્રહ : ભા.-૧, ઢાળ : ૫, કડી-૫૫, પૃ.૨૧૯.
૨૦૮. એજ. ઢાળ :૧૨, કડી - ૬૫, પૃ.- ૧૦૨.
૨૦૯. એજ. ઢાળ : ૧૨, કડી - ૬૫, પૃ.- ૧૦૨.
૨૧૦. એજ. ઢાળ : ૧૨, કડી - ૬૨, પૃ.- ૧૦૩.
૨૧૧. સન્મતિ તર્ક પ્રકરણ કા-૩, ગા-૫૫, પૃ.૯૦.
૨૧૨. ગુર્જર સાહિત્ય સંગ્રહ : સમ્યક્ત્વનાં છ સ્થાન, ચોપાઈ, કડી - ૫, પૃ.- ૫૫૪.
૨૧૩. નિત્યનિયમયાદિ પાઠ - આત્મસિદ્ધિ શાસ્ત્ર પૃ.૧૫૨.
૨૧૪. એજ, કડી-૧૦૨, પૃ.૧૯૪.
૨૧૫. એજ, કડી-૧૦૨, પૃ.૧૯૪.
૨૧૬. એજ, કડી-૧૧૩, પૃ.૨૦૬

# પ્રકરણ - ૬
## ઉપસંહાર

આગલા પ્રકરણોમાં સમકિત વિશેના અધ્યયન પછી પ્રશ્ન થાય કે આજના યુગમાં મનુષ્યજીવનમાં સમકિતનું વિજ્ઞાન સંદર્ભે કેવું સ્થાન હોઈ શકે તેની ચર્ચા કરવાનો ઉપક્રમ આ પ્રકરણમાં કર્યો છે.

માનવ સભ્યતા અને સંસ્કૃતિના વિકાસનો પ્રથમ અધ્યાય જિજ્ઞાસા છે. આ બ્રહ્માંડમાં મનુષ્ય એક સર્વોપરી બૌદ્ધિક પ્રાણી છે. તેની જિજ્ઞાસા વૃત્તિ અદમ્ય છે. જિજ્ઞાસા વૃત્તિએ મનુષ્યને નવી નવી શોધો કરવાની પ્રેરણા આપી. આધુનિક યુગ એ વૈજ્ઞાનિક યુગ છે. તેથી આજનો માનવ **"तमेव सच्चं णिस्संकं जं जिणेहिं पवेईयं"** અર્થાત્ પરમાત્માના વચનો સત્ય છે, નિઃશંક છે; એ સૂત્રને શ્રદ્ધાથી સ્વીકારવા તૈયાર નથી. સિદ્ધાંતની વાતોને કસોટીના એરણે ચઢાવી, પ્રયોગો કરી, જ્યારે સત્ય પુરવાર થાય, ત્યારે જ તેને સ્વીકારે છે. તેથી જ વિજ્ઞાનનો કોઈ પણ સિદ્ધાંત કસોટીએ પાર ઉતરે પછી જ વિજ્ઞાનમાં તે સ્થાન પ્રાપ્ત કરી શકે છે.

જૈનદર્શન અનુસાર સર્વજ્ઞમાં લોકાલોકને નિરીક્ષણ કરવાની અવિનાશી, અતીન્દ્રિય અને અનંત શક્તિનો આવિર્ભાવ થાય છે. જૈનવિજ્ઞાનનું પ્રતિપાદન તીર્થંકર, અરિહંત કે સર્વજ્ઞ દ્વારા થયું છે, જ્યારે આધુનિક વિજ્ઞાન છદ્મસ્થ માનવની શોધ છે. તે ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનને પ્રમાણભૂત માને છે, તેથી આધુનિક સમયમાં સર્વજ્ઞના સિદ્ધાંતોમાં તથા વૈજ્ઞાનિક માન્યતાઓમાં ખગોળ સંબંધી કેટલીક વિસંવાદિતા જોવા મળે છે.

(૧) જૈનદર્શન અનુસાર પૃથ્વીનો આકાર પુડલો અથવા થાળી જેવો ગોળ છે. આધુનિક વિજ્ઞાન અનુસાર પૃથ્વીનો આકાર ઈંડા અથવા નારંગી સરખો ગોળ છે. (૨) શાસ્ત્રીય માન્યતા અનુસાર પૃથ્વી સ્થિર છે. સૂર્ય અને ચંદ્ર ફરે છે. આધુનિક વિજ્ઞાન અનુસાર સૂર્ય સ્થિર છે. પૃથ્વી પોતાની ધરી ઉપર તેમજ સૂર્યની આસપાસ ફરે છે. અને ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે. (૩) પૃથ્વી મોટી છે. અસંખ્ય યોજન પ્રમાણ છે જ્યારે સૂર્ય અને ચંદ્ર નાના છે; એવું જૈનદર્શન માને છે. આધુનિક વિજ્ઞાનના મતે સૂર્ય ઘણો મોટો છે. પૃથ્વી તેની અપેક્ષાએ ઘણી નાની અને અમુક પ્રમાણની છે. (૪) જૈનદર્શન અનુસાર પૃથ્વી, પૃથ્વી સ્વરૂપ છે પરંતુ ગ્રહ નથી, જ્યારે આધુનિક વિજ્ઞાન અનુસાર બુધ, શુક્ર આદિ ગ્રહોની માફક પૃથ્વી એ (સૂર્યનો) ગ્રહ છે. (૫) જૈનશાસ્ત્ર અનુસાર અસંખ્ય દ્વીપ - સમુદ્ર પ્રમાણ પૃથ્વી છે. આધુનિક વિજ્ઞાન અનુસાર એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા; આ પાંચ ખંડ પ્રમાણ પૃથ્વી છે. (૬) આજના વિજ્ઞાને સૂર્યમંડળ અને આકાશી ગ્રહો વિષે જણાવ્યું છે, જ્યારે જૈન ખગોળ શાસ્ત્રીઓ ગ્રહોની ઉપર અસંખ્ય વિમાનો, દેવોની સૃષ્ટિ વિષે પણ જણાવે છે.

જેમ ખગોળ સંબંધી જૈનદર્શનની માન્યતા સાથે વિજ્ઞાનને સુમેળ નથી, તેમ જીવશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રના સંબંધમાં પણ કેટલાક પ્રશ્નો ઉદ્ભવ્યા છે. જેમકે (૧) પાણી, અગ્નિ અને વાયુ પોતે જ જીવ છે

નહિ ? (૨) કંદમૂળમાં અનંત જીવો છે કે નહીં ? (૩)જૈનદર્શનનો પરમાણુ તે વિજ્ઞાનનો અણુ છે કે નહીં ? (૪) રાત્રિભોજનનો આધુનિક યુગમાં નિષેધ શા માટે ?

ઉપરોક્ત મુદ્દાઓ મૂંઝવનારા છે, સંભવ છે કે ભવિષ્યમાં વૈજ્ઞાનિકો આ બાબત પર વિશેષ સંશોધન કરી શાસ્ત્રીય સિદ્ધાંતોની સત્યતા સુધી જરૂર પહોંચશે.

એક બાજુ આધુનિક વિજ્ઞાન અને જૈન શાસ્ત્રીય માન્યતાઓ વચ્ચે પરસ્પર વિરોધાભાસ થવાથી કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે, તો બીજી બાજુ આધુનિક વિજ્ઞાને નવી નવી શોધો કરી સર્વજ્ઞ ભગવાન મહાવીરદેવના વચનોને આધુનિક સંદર્ભે યથાર્થતા પણ અર્પી છે.

જૈનદર્શન અનુસાર ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને જીવ આ છ દ્રવ્ય છે. આ દ્રવ્યનો સમૂહ તે લોક છે.[1] લોકની બહાર અલોક છે. ષડ્દ્રવ્યની વ્યવસ્થા ફક્ત લોકમાં છે.[1] વિજ્ઞાને પણ બ્રહ્માંડની બહાર અલોક છે એવું માન્યું છે. આ બ્રહ્માંડને હાઈડ્રો-ડાયનેમિક (Hydro-Dynamics) ના સિદ્ધાંત અનુસાર આઈસેંટ્રોપિક સિસ્ટમ માની છે. જે સિસ્ટમની બહાર કોઈ પુદ્‌ગલ કે શક્તિ જઈ ન શકે. તેની ગતિ બ્રહ્માંડમાં જ છે. અલોકમાં જીવ કે પુદ્‌ગલ પ્રવેશી ન શકે. જૈનદર્શનના આ સિદ્ધાંત સાથે વિજ્ઞાને સમર્થન કર્યું છે.

ઈ.સ. ૧૯૭૧ થી ૧૯૮૦ ના દાયકામાં બ્રહ્માંડના દૂરના પ્રદેશમાં દૂરબીન દ્વારા શ્યામગર્ત (Black hole)નું સંશોધન વિજ્ઞાને કર્યું. આ શ્યામ છિદ્રોમાં અંધકારની પ્રચુરતા છે. એ શ્યામગર્ત છિદ્રો અતિ ઘનત્વ ધરાવતાં હોવાથી, તેઓના પ્રચંડ ગુરુત્વાકર્ષણના કારણે કોઈ પદાર્થ કે શક્તિ પરાવર્તિત થઈ શકતાં નથી. અર્થાત તે છિદ્રોમાં જ સમાઈ જાય છે. અતિશય અંધકારના કારણે આ પ્રદેશ શ્યામ દેખાય છે. જૈનદર્શન અનુસાર લોકની મધ્યમાં તિર્ચ્છાલોક છે. જેમાં અસંખ્યાતા - દ્વીપ અને સમુદ્ર છે. તિર્ચ્છાલોકની મધ્યમાં જંબુદ્વીપ છે. ત્યાર પછી કેટલાક દ્વીપ અને સમુદ્રને અંતરે અરુણવરદ્વીપ છે. તેને ફરતો અરુણવર સમુદ્ર છે. તેમાંથી તમસકાય નીકળે છે, જે પાંચમા બ્રહ્મ દેવલોકના પ્રતર સુધી પહોંચે છે. આ તમસકાયમાં અંધકારની પ્રચુરતા છે. આ પ્રગાઢ અંધકારમાં અવધિજ્ઞાની દેવો પણ અટવાઈ જાય છે.[3] અત્યારના કેટલાક જૈન વિદ્વાનો બૃહત્સંગ્રહણી અને બૃહત્ક્ષેત્ર સમાસ જેવા ગ્રંથોમાં વર્ણવેલ તમસકાયને શ્યામગર્ત માને છે. તમસકાયની આ વાતને વિજ્ઞાને સમર્થન આપ્યું છે.

જૈન આગમ ગ્રંથોમાં નરકભૂમિનું વર્ણન છે. જેમાં ઘનવાત, તનુવાત અને ઘનોદધિની ચર્ચા છે. લોકમાં વાયુ, પાણી આદિ જુદા જુદા ઘનત્વ ધરાવતા પ્રતર છે. આ શાસ્ત્રીય માન્યતાને વિજ્ઞાને પણ સમર્થન કર્યું છે. વાતાવરણનું જાડું થર પૃથ્વીની ઉપર છે. વાતાવરણનું બંધારણ સર્વત્ર સમાન નથી. પૃથ્વી પર જુદા જુદા અંતરે એમોસ્ફીયર, સ્ટ્રેટોસ્ફીયર, આયનોસ્ફીયર વગેરે વાતાવરણના થર છે. જેમ જેમ પૃથ્વીથી ઉપર જઈએ તેમ તેમ વાતાવરણનું થર પાતળું, અતિપાતળું થતું જાય છે. એના બંધારણીય ઘટકોમાં પરિવર્તન થાય છે. શાસ્ત્રીય બાબતનું ઊંડાણપૂર્વકનું સંશોધન કરવામાં આવે, તો જૈનદર્શનની ઘણી બધી માન્યતાનું સમર્થન મળવાની સંભાવના છે.

જૈનદર્શનમાં દ્રવ્ય-ગુણ-પર્યાય વિષે વિશદ ચર્ચા કરવામાં આવી છે. સમગ્ર દ્વાદશાંગીનું મૂળ ત્રિપદી છે. દ્રવ્ય સ્થિર છે. પર્યાયમાં પરિવર્તન થાય છે. વિજ્ઞાને વર્ષોના મંથન પછી 'દ્રવ્ય સંચય' નો નિયમ (Theory of Conversation of Mass) રજૂ કર્યો. આ સિદ્ધાંત અનુસાર મૂળ દ્રવ્યનો વિનાશ થતો નથી કે ઉત્પત્તિ થતી નથી પણ તેની પર્યાય બદલાય છે.[४] આ પ્રમાણે આગમમાં કહેલ શાશ્વત દ્રવ્ય અને ક્ષણભંગુર પર્યાયની વાતો વિજ્ઞાને પણ સ્વીકારી છે.

જૈનદર્શન અનુસાર આપણે જે જંબુદ્વીપમાં રહીએ છીએ, તેના આકાશમાં બે સૂર્ય અને ચંદ્ર છે.[૫] અમેરિકાની 'નાસા' નામની વૈજ્ઞાનિક સંસ્થાએ સંશોધન કરી જણાવ્યું કે, ભારતીય મનિષીઓની બે સૂર્ય અને બે ચંદ્રની વાત સત્ય છે.[૬]

જૈન આગમોમાં છ દ્રવ્યની વિચારણા છે. જીવ અને પુદ્‌ગલને ગતિમાં સહાયક દ્રવ્ય, તે ધર્માસ્તિકાય દ્રવ્ય છે. વૈજ્ઞાનિકો ધર્મ દ્રવ્યને 'ઈથર' કહે છે. જૈનદર્શન અનુસાર ધર્માસ્તિકાય અભૌતિક, અવિભાજ્ય, અખંડ, લોકમાં વ્યાપ્ત, સ્થિર અને ગતિ સહાયક છે. વીસમી સદીમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને ઈથર વિષેની માન્યતા બદલી નાખી. તેમણે કહ્યું, 'ઈથર અભૌતિક, લોકવ્યાપ્ત, અદૃશ્ય, અખંડ અને ગતિનું અનિવાર્ય માધ્યમ છે.'[૭]

જૈનદર્શન આસ્તિકવાદી દર્શન છે. તે આત્માની અમરતા સ્વીકારે છે. તે પુનર્જન્મને પણ સ્વીકારે છે. ભગવાન મહાવીરના સત્યાવીસ ભવો તથા જૈન કથાઓમાં પુનર્જન્મની વાતો છે. મેઘકુમાર મુનિને ભગવાન મહાવીર દ્વારા જાતિસ્મરણ જ્ઞાન કરાવવાની ઘટના શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રમાં આવે છે. વિજ્ઞાને પણ વશીકરણ વિદ્યા (Deepest Hypnotism) ના પ્રયોગથી તે બાબતને સમર્થન આપ્યું છે. આજના સંમોહન વૈજ્ઞાનિકો (હીપ્રોટીસ્ટ) પૂર્વ જન્મની સ્મૃતિ કરાવી વર્તમાન સમસ્યાનું સમાધાન કરી રહ્યાં છે. સાઈકેટ્રીસ્ટ ડૉ. બ્રાઈન વીસ્સે અમેરિકામાં કેથેરિન નામની મહિલા પર ૧૮ મહિના સુધી ઉપચાર કર્યા. અંતે વશીકરણ વિદ્યાના પ્રયોગ દ્વારા તેની પૂર્વજન્મની સ્મૃતિ કરાવી, તેની સારવાર કરી.[૮] તેણે પોતાના પૂર્વના દેવભવનું વર્ણન કર્યું તેમજ કર્મ અનુસાર ફળ મળે છે; તેવું જણાવ્યું.

મનોવિજ્ઞાનના ક્ષેત્રે પરામનોવિજ્ઞાન નામના સ્વતંત્ર વિજ્ઞાન તરીકે માન્યતા પ્રાપ્ત કરેલ વિજ્ઞાનનો પ્રાદુર્ભાવ થયો. જેણે સંશોધન કરી આત્માની અમરતા પુરવાર કરી છે. માનવ માત્ર ભૌતિક તત્ત્વનો જ બનેલો નથી પરંતુ માનવમાં ભૌતિક તત્ત્વથી વિલક્ષણ આધ્યાત્મિક તત્ત્વ છે, જે મૃત્યુ પછી પણ કાયમ રહે છે. મૃત્યુથી સ્થૂલ શરીરનો નાશ થાય છે. સૂક્ષ્મ શરીર મરણ પછી પણ વિદ્યમાન રહે છે; જેને જૈનદર્શન તૈજસ અને કાર્મણ શરીર કહે છે. સાંખ્ય દર્શન જેને લિંગ શરીર કહે છે. સંપૂર્ણ કર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી આ શરીર નિરંતર સાથે રહે છે.

પુનર્જન્મની સિદ્ધિમાં જાતિસ્મરણજ્ઞાન પણ એક મહત્ત્વનું પરિબળ છે. જૈનદર્શન અનુસાર ચિંતન, વધુ ઊંડાણપૂર્વકના ચિંતનથી ચિત્તની એકાગ્રતા વધતાં જાતિસ્મરણજ્ઞાન થાય છે. વિજ્ઞાને જાતિસ્મૃતિનું કારણ પ્રોટોપ્લાજમા (પ્રાણશક્તિ) કહેલ છે. પરામનોવિજ્ઞાન અનુસાર પૂર્વ જન્મની સિદ્ધિથી પુનર્જન્મની સિદ્ધિ થાય છે.

આ વિષયમાં વધુ સંશોધનની દૃષ્ટિએ આ ગ્રંથના લેખિકાએ એક મુલાકાત લીધી હતી, તે પ્રસ્તુત છે.

આ સંશોધકે હાલ મુલુંડમાં રહેતા ચંદ્રાબેન પટવારીની તા-૨૮/૨/૨૦૦૯ માં મુલાકાત લીધી હતી. જેઓ આ લખનાર સાથે B.A. જીવનવિજ્ઞાનનો અભ્યાસ કરતા હતા. તેઓ પોતાના પૂર્વ ભવને જાણે છે. રાજસ્થાનના દિવેર ગામના રહેવાસી છે. તેઓનો જન્મ ૧૧-૧૧-૬૪ ના થયો હતો. તેમને અઢી વર્ષની ઉંમરે પૂર્વ જન્મની સ્મૃતિ થઈ. અઢી વર્ષની આ બાળકી સતત રડતી હતી. ત્યારે ઘરની બહાર ઓટલા પર તેના દાદાજી તેને રમાડી રહ્યા હતા. રડતી બાળકીને ચૂપ કરાવવા દાદાજીએ કહ્યું, "ચંદ્રા, જો તો સામેથી કોણ આવે છે?" ચંદ્રા સામેથી આવતા વ્યક્તિને એકીટશે જોવા લાગી. ઘાસનો ભારો લઈને આવતા પોતાના પૂર્વ જન્મના માબાપને જોઈ, તે બાળકી રડતી બંધ થઈ ગઈ. તે દોડીને પોતાના પૂર્વ જન્મના માબાપ પાસે પહોંચી ગઈ. તેણે તેમનાં કપડાં પકડી લીધાં અને તેમની પાછળ પાછળ ચાલવા લાગી. તે બાળકી પોતાના માબાપને કહે છે, "मैं तेरी धापू हूँ।" ધાપૂ નામ સાંભળી માબાપ આશ્ચર્ય પામ્યા. તે બાળકીનું પૂર્વ જન્મનું નામ ધાપૂ હતું. ત્યાર પછી તેણે પૂર્વ જન્મના ઘરની ભેંસ, ગાય આદિનું નામ પણ બતાવ્યું. તેમાં ભૂરકી ભેંસ, જે મરી ગઈ હતી. તે ભેંસ ન દેખાતાં તેના વિષે પણ પૂછ્યું. ચંદ્રાના દાદાજીએ આ વાત ન સ્વીકારી. તે બાળકી તેમને ખેતરમાં લઈ ગઈ. ત્યાં પોતાના ખેતર, કૂવા, વાડી તેણે બતાવ્યા.

તેણે પોતાની પૂર્વ ભવની ચાર બહેનોના નામ પણ દર્શાવ્યા. કેશી, રાજી, રોશન, બદી તથા પોતે મળી પાંચ બહેન અને ઉદયસિંહ નામનો એક ભાઈ હતો; તેવું જણાવ્યું.

તે લગભગ સાડા પાંચ કે છ વર્ષની હતી ત્યારે તેને કમળો થયો. તેને પેટમાં સોજો થયો હતો. તેના માબાપ ખેતરમાં કામ કરવા ગયા ત્યારે તેને સાથે લઈ ગયા. એક વૃક્ષની છાયામાં ઓટલા પર તેને સુવડાવી, તેઓ ખેતરમાં કામ કરવા ગયા. ધાપૂ ઓટલા ઉપરથી પડી ગઈ. ધાપૂના આગળના બે દાંત તૂટી ગયા. મોઢામાંથી લોહી નીકળતું હતું. થોડા સમયમાં તેનું મૃત્યુ થયું. તેનું મૃત્યુ ફાગણ મહિનામાં થયું અને વર્તમાન આ ભવમાં તે જ વર્ષના કારતક મહિનામાં તેનો જન્મથયો. આ પ્રમાણે તેનો જન્મ બરાબર સવા નવ મહિને થયો.

આશ્ચર્યની વાત એ છે કે તેના પૂર્વ ભવના માતા પિતાના કહેવા અનુસાર ધાપૂ પણ પોતાના આગલા ભવની વાત કહેતી હતી. વળી ચંદ્રાબેનની પૂર્વ જન્મની બેન રાજીબાઈ, જેનું પ્રસુતિમાં મૃત્યુ થયું હતું, તે પોતાના બાળકો (પાંચ), પતિ, ઘર, અનાજનો કોઠાર તથા કોઠારની નીચે રાખેલા સોના-ચાંદીના દાગીના ઈત્યાદિ વિષે જણાવે છે. તે આ જન્મમાં ચંદ્રાબેનની જ ભત્રીજી છે. અત્યારે દિવેર (રાજસ્થાન) ગામમાં રહે છે. તેનું નામ દિલખુશ છે. આ રાજીબેન પણ નાનપણમાં તેના પૂર્વ ભવ વિષે જણાવતી હતી. તે પૂર્વ ભવમાં કુંભારના ઘરે જન્મી હતી. નિંભાડામાં આગ લાગવાથી તેનું મૃત્યુ થયું હતું. આ સર્વ વિગતો આત્માની અમરતા પુરવાર કરે છે. ચિત્તની એકાગ્રતા અને શુદ્ધિથી પૂર્વ જન્મની સ્મૃતિ થાય છે.

જૈનદર્શનની પુનર્જન્મની માન્યતાને પરામનોવિજ્ઞાને સમર્થન આપ્યું છે.

જૈનદર્શન અનુસાર વનસ્પતિ એકેન્દ્રિય જીવ છે. તેને માત્ર સ્પર્શેન્દ્રિય હોય છે. તે જીવોમાં આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા હોય છે. વિજ્ઞાન પણ આ વાતનું સમર્થન કરે છે. વનસ્પતિમાં જીવ છે. તેવું સર જગદીશચંદ્ર બોઝે સિદ્ધ કર્યું. વનસ્પતિ માટી, હવા અને પાણીમાંથી હાઈડ્રોજન, ઓક્સિજન તથા નાઈટ્રોજન જેવાં તત્ત્વો લે છે. ખોરાકથી છોડની વૃદ્ધિ થાય છે. પોટેશ્યમ સાઈનાઈટ જેવા ઝેરી પદાર્થો છોડ પર નાખવાથી તે કાળો મેશ જેવો બને છે અર્થાત્ મૃત્યુ પામે છે. લજામણીનો છોડ, જે અડવાથી ભય પામી સંકોચાઈ જાય છે. અશોક, બકુલ, ફણસ જેવા વૃક્ષો નવયૌવના સ્ત્રીના પગ પ્રહારથી નવપલ્લવિત બની ફળ આપે છે. કેટલીક વનસ્પતિઓ પોતાના પાંદડા વડે ફળોને ઢાંકી રાખે છે. તેને અનુક્રમે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા કહેવાય છે; એવું જૈનદર્શન અને વિજ્ઞાન માને છે.

જૈનદર્શન અનુસાર પાણીના પ્રત્યેક બિંદુમાં અસંખ્ય જીવો છે. ચિત્રમાં દર્શાવ્યા અનુસાર અણગળ પાણીના એક ટીપામાં સંખ્યાતા ત્રસ જીવો છે. બીરલા ટેકનોલોજિકલ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ એક્ઝીબીશન, કલકત્તામાં કિસ્કોગ્રાફ યંત્રથી પાણીના એક ટીપામાં ૩૬,૪૫૦ જીવો દર્શાવ્યા છે.[૯] તે પાણીના જીવો નથી પરંતુ પાણીમાં રહેલા બે ઈન્દ્રિય જીવો છે. પાણીમાં રહેલા ત્રસ જીવો વિષેની માન્યતા બંનેની સમાન છે.

જૈનદર્શનમાં જળચર, સ્થળચર અને ખેચર એમ મુખ્ય ત્રણ પ્રકારના તિર્યંચ પ્રાણીઓ દર્શાવેલ છે. જળચર એટલે જળમાં રહેનારા. તેમનું દેહમાન ૧૦૦૦ યોજનનું છે. સ્થળચર એટલે પૃથ્વી પર રહેનારા સિંહ, હાથી ઈત્યાદિ. જેમની ઉત્કૃષ્ટ અવગહના છ ગાઉની છે. સ્થળચરમાં ઉરપરિસર્પ એટલે પેટથી ચાલનારા પ્રાણીઓ જેવાં કે સર્પ, અજગારાદિ તેમનું દેહમાન એક હજાર યોજનનું છે. ભુજપરિસર્પ એટલે ભુજાના બળથી ચાલનારા નોળિયા આદિનું દેહમાન બેથી નવ ગાઉનું છે. ખેચરમાં હંસ, પોપટ આદિ આકાશમાં ઉડનારા પક્ષીઓનું દેહમાન બેથી નવ ધનુષ્યનું દર્શાવેલ છે.[૧૦]

ઉપરોક્ત માહિતી અનુસાર જૈનદર્શનના તિર્યંચોની અંદાજે સમુચ્ચય અવગાહના ગણીએ તો લગભગ ૧૫૦થી ૧૭૫ ફૂટ થાય. વિજ્ઞાને પણ આવા વિરાટ કાયા ધરાવતા પ્રાણીઓના અવશેષો શોધી કાઢ્યા છે.

Discovery નામના અમેરિકન સામાયિકમાં ૧૧.૫ ફૂટની લંબાઈવાળા અને લગભગ ૨૩ ફૂટના વિસ્તારવાળી પાંખવાળા પક્ષીઓના અસ્મિભૂત અવશેષો મળ્યાં છે, જેને જૈનદર્શનના ખેચર વિભાગનું પ્રાણી કહી શકાય; જે જૈનદર્શન અનુસાર લગભગ ૧૫૦ ફુટની માન્યતા સાથે અંશતઃ મળે છે

જેપનીઝ અને મંગોલિયાના વૈજ્ઞાનિકોએ ૭૦ અબજ વર્ષ જૂનું એલોસસોરસ ડાયનોસોરનું હાડપિંજર સફળતાપૂર્વક મેળવ્યું છે. તેમણે ઈ.સ. ૨૦૦૬ માં ગોબીના રણમાં (મંગોલિયા) પત્થરનો ડુંગર ખોદતાં ટાર્બોસોરસ જાતિનું એલોસસોરસ યુવાન ડાયનોસોરનું હાડપિંજર સંશોધન કરતાં પ્રાપ્ત કર્યુ છે. જે સ્મીથ સોનીયન નેશનલ મ્યુઝિયમ ઓફ નેચરલ હીસ્ટ્રીમાં છે. તેની ફોટો કોપી (નં.૧) google.com - website



પાણીમાં રહેલા ત્રસ જીવો




એલોસસોરસ યુવાન ડાયનોસોરનું હાડપિંજર


૪
૨
૫
૩

પરથી મેળવી છે. (નં.૨) આ ખેચર વિભાગનું વિરાટ કાય પંખી છે. (નં.૩) આ મહાકાયા ધરાવતું સ્થળચર વિભાગનું ડાયનોસોર છે. (નં.૪) આ વિરાટ કાયા ધરાવતું Spider(કરોળિયો) છે. (નં.૫) આ ચિત્રમાં જળચર વિભાગના ડાયનોસોર છે.

જૈનદર્શનના વિરાટકાય પ્રાણીઓની માન્યતા સાથે વિજ્ઞાન પણ અંશતઃ સંમત છે.

જૈનદર્શનમાં જીવની જેમ પ્રધાનતા ધરાવતું પુદ્ગલ દ્રવ્ય છે. પુદ્ગલનો સૂક્ષ્મ અંશ તે પરમાણુ કહેવાય છે. પરમાણુની ગતિના સંદર્ભમાં જૈનદર્શન કહે છે કે પરમાણુ એક સમયમાં ઓછામાં ઓછા એક આકાશ પ્રદેશ પર રહે છે જ્યારે વધુમાં વધુ તે એક સમયમાં ચૌદ રાજલોકમાં ફરી વળે છે.[11] વૈજ્ઞાનિકો પણ કહે છે કે ઈલેક્ટ્રોન પોતાની કક્ષા ઉપર સેકંડે ૧૩૦૦ માઈલની ગતિ કરે છે. ગેસમાં તીવ્ર કંપન છે જે દર સેકંડે છ અબજ વખત પરસ્પર ટકરાય છે. પ્રકાશનું એક કિરણ એક સેકંડમાં ૧,૮૬,૦૦૦ માઈલની મુસાફરી કરે છે. ભવિષ્યમાં વિજ્ઞાન સંશોધન દ્વારા જૈનાગમની ઘણી વાતો સત્ય સિદ્ધ કરી શકશે.

જૈનદર્શન શબ્દને પુદ્ગલ માને છે. ન્યાયદર્શન ધ્વનિને આકાશનો ગુણ માને છે. જેમ કાંકરો સમુદ્રમાં નાખવાથી તેના તરંગો કિનારા સુધી પહોંચે છે, તેમ શબ્દ ચૌદ રાજલોકમાં ફેલાઈ જાય છે. દેવલોકના દેવોને આમંત્રણ આપવા હરિણગમેષી દેવ સુઘોષા ઘંટ વગાડે છે, તેનો શબ્દ ધ્વનિ અસંખ્યાત યોજન દૂર રહેલા ઘંટોમાં ઉતરી તે રણકારની અસર થવાથી દૂરના ઘંટો સ્વયં વાગવા માંડે છે. ધ્વનિ એ પુદ્ગલ છે. તેનું સ્વરૂપ તરંગાત્મક છે. માઈક્રોફોન, રેડિયો, ટેપરેકોર્ડ અને માઈકમાં શબ્દ તરંગો વિદ્યુત પ્રવાહમાં પરિવર્તિત થઈ આગળ વધે છે. વર્તમાન કાળે ડોક્ટરો ઉચ્ચ ગતિવાળા ધ્વનિ તરંગોની મદદથી ઓપરેશન કરે છે. વિજ્ઞાને બહેરા વ્યક્તિઓ બરાબર સાંભળી શકે, તે માટે ધ્વનિને મોટો બનાવી કાન પાસે મૂકી શકાય તેવું Earing Aid પણ શોધ્યું છે.

ભારતીય પરંપરામાં મંત્ર-તંત્રની પરંપરા પણ પ્રાચીન છે. ભગવાન ઋષભદેવે પોતના બે પુત્ર નમિ અને વિનમિને ૮૪,૦૦૦ વિદ્યાઓ આપી. ગણધર અને શ્રુતકેવલી માટે 'सव्वक्खर सन्निवाईणं' વિશેષણ વપરાય છે.[12] અર્થાત્ અક્ષરોના સંયોગથી બનતી સર્વ વિદ્યાના જાણકાર. જૈનોમાં મંત્ર દ્વારા દેવ-દેવીની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ મંત્ર ઐહિક અને આધ્યાત્મિક સુખ આપે છે. નમસ્કાર મહામંત્રના અડસઠ અક્ષરોમાં અડસઠ હજાર ગગન ગામિની આદિ વિદ્યાઓ રહેલી છે. આધુનિક વિજ્ઞાનમાં જેમ ટેલિપથીની વિજ્ઞાન શાખા છે, તેમ ચિકિત્સા શાસ્ત્રમાં ટેલિથેરપી નામની ચિકિત્સા પદ્ધતિ છે, જેમાં ઔષધ, યંત્ર (ભૌમિતિક આકૃતિ) અને મંત્રનો ઉચ્ચાર પણ થાય છે. મંત્રના ઉચ્ચારણ દ્વારા દર્દીની સારવાર થાય છે. 'ઉવસગ્ગહરં સ્તોત્ર' ના પ્રભાવથી ભદ્રબાહુ સ્વામીએ મરકીના રોગનું નિવારણ કર્યું હતું. આર્ય ખપુટાચાર્યે મંત્ર શક્તિના બળે બે મહાકાયા કુંડીઓ ચલાવી હતી. માનતુંગાચાર્યે ભક્તામર સ્તોત્રની ૪૮ ગાથાના શબ્દો વડે લોખંડની બેડીઓ તોડી હતી. વિજ્ઞાન પણ અલ્ટ્રાસોનીક ડ્રીલ મશીનથી હીરા જેવા કઠણ પદાર્થને તોડે છે. શબ્દ શક્તિની તાકાત અધ્યાત્મ અને વિજ્ઞાન બંને માને છે.

અશોકદત્ત, જેઓ ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ લિમિટેડમાં મિકેનિકલ એન્જિનીયર છે. તેઓ કહે છે કે, મંત્રોચ્ચારણ કરતાં ભૂરા રંગના કણ સમૂહ દેખાય છે. આ કણ અત્યંત શક્તિશાળી છે. તેનાથી પ્રાણીઓનું શરીર પુષ્ટ થાય છે. સૂક્ષ્મશરીર (તૈજસ) ની તેજસ્વિતા વધે છે.[13] તેથી જપ, મંત્રોચ્ચારનું વિધાન વૈજ્ઞાનિક છે. હિન્દુ મંદિરોમાં સવારે અને સાંજે આરતી થાય છે તેમજ શંખધ્વનિ કરવાનો રિવાજ છે. શંખધ્વનિમાં ભૂરા કણોની વિશેષતા હોવાથી વાતાવરણ પવિત્ર બને છે. ઠંડા પ્રદેશોમાં ભૂરા કણોની પ્રચુરતા હોવાથી માનવો કે પ્રાણીઓની લાશો બરફ નીચે હજારો વર્ષ સુધી દટાયેલી એવી જ રહે છે. ફ્રીજના ઠંડા વાતાવરણમાં ગલનની પ્રક્રિયા ઓછી થાય છે, જ્યારે ભૂરા શક્તિ કણોના ગ્રહણ સ્વરૂપ પૂરનની પ્રક્રિયા વધી જાય છે. તેથી વસ્તુ લાંબા સમય સુધી તેવી જ રહે છે.લાલ કણોમાં શક્તિ ઓછી છે. વનસ્પતિ દિવસે કાર્બન ડાયોક્સાઈડ ગ્રહણ કરે છે અને પ્રાણવાયુ બહાર કાઢે છે. પ્રાણવાયુ તે ભૂરા રંગના શક્તિશાળી કણો હોઈ શકે, જ્યારે કાર્બન ડાયોક્સાઈડ તે લાલ રંગના કણો હોવા જોઈએ. તેથી જ પ્રાણાયામ કરનાર વ્યક્તિ પ્રાણવાયુ ગ્રહણ કરી તંદુરસ્ત રહે છે.

શબ્દની જેમ છાયા (પ્રતિબિંબ) પણ પુદ્ગલ છે, એવું જૈનદર્શન માને છે. બાદર પરિણામી પુદ્ગલ સ્કંધોમાંથી પ્રતિ સમય આઠ સ્પર્શી પુદ્ગલસ્કંધો બહાર નીકળે છે. તે સૂક્ષ્મ હોવાથી જોઈ શકાતા નથી પરંતુ વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા તદાકાર પિંડિત થઈ શકે છે. અભિનેતાના પ્રતિબિંબ રૂપકો આકાશમાં ફેલાય છે. સંગ્રાહક યંત્ર દ્વારા પુનઃ જોડી મૂળ પ્રતિબિંબરૂપે દૂરદર્શનના પડદા પર પ્રસ્તુત થાય છે; જેને આપણે સિનેમા કે ટેલિવિઝન (દૂરદર્શન) ની સંજ્ઞા આપીએ છીએ. ફોટો પડાવનાર વ્યક્તિના પ્રતિબિંબને કેમેરાની પ્લેટ ઉપર સંગ્રહિત કરાય છે. છાયા એ પુદ્ગલ છે, જૈનદર્શનની આ માન્યતાને વિજ્ઞાન સમર્થન આપે છે.

કોઈ પણ સજીવ પદાર્થ પોતાના શરીરમાંથી વિશિષ્ટ પ્રકારના અદશ્ય સૂક્ષ્મ કિરણો બહાર ફેંકે છે; તેને આભામંડળ (Qura) કહેવાય છે. મનુષ્યના આભામંડળનો આધાર સૂક્ષ્મશરીરની શુદ્ધતા ઉપર છે. શુભ વિચારો, મંત્ર શક્તિ અને ઈષ્ટદેવના સ્મરણથી સંકલ્પશક્તિ બળવાન બને છે. આભામંડળની તીવ્રતાનો આધાર મનની સંકલ્પશક્તિ ઉપર છે. જૈનદર્શન અનુસાર આભામંડળનું નિર્માણ તૈજસ અને કાર્મણ શરીરથી થાય છે. આ શરીર પુદ્ગલોનું બનેલું છે, તેથી તેમાં વર્ણ છે. રશિયન વૈજ્ઞાનિક સેમ્યોન કર્લિયને (Semyon Kirlian) આભામંડળની ફોટોગ્રાફી પ્લેટ ઉપર છબીઓ લેવાની પદ્ધતિની શોધ કરી. આ છબીઓથી પ્રત્યક્ષ દેખાય છે કે, દરેક વ્યક્તિનું આભામંડળ જુદું જુદું છે.

તૈજસ શરીર પાચન, સક્રિયતા અને દીપ્તિ (તેજસ્વિતા) નું મૂળ છે. તે સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત છે. તેનો પ્રેરક કાર્મણ શરીર છે. આપણાં કર્મ અનુસાર તૈજસ શરીર સ્પંદિત થાય છે. પ્રાણધારા વિકિરિત કરે છે અને આભામંડળનું નિર્માણ થાય છે. મનના પરિણામ અનુસાર આભામંડળના રંગો બદલાય છે. મનના પરિણામને જૈનદર્શનમાં લેશ્યા કહેવાય છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ એમ છ લેશ્યાઓ છે.[14] લેશ્યા પુદ્ગલ સ્વરૂપ છે. તેથી તેમાં પણ વર્ણ છે. આભામંડળ અને લેશ્યા એકબીજા સાથે ઘનિષ્ટ સંબંધ ધરાવે છે.

આભામંડળના રંગો એ જ જૈનદર્શનની લેશ્યા છે. લેશ્યાના અસંખ્ય પ્રકાર છે કારણકે મનના અધ્યવસાય અસંખ્ય છે. રંગોના પરિવર્તનનો આધાર વ્યક્તિની શારીરિક, માનસિક અને ભાવનાત્મક લાગણીઓ છે. પ્રથમની ત્રણ અશુભ લેશ્યા છે. બાકીની ત્રણ શુભ લેશ્યા છે. મનુષ્યની પ્રકૃતિ, સ્વભાવ, કાર્ય અને કર્મ અનુસાર આભામંડળનું નિર્માણ થાય છે.

(૧) હિંસક અથવા દુરાચારી વ્યક્તિની લેશ્યા કે આભામંડળ કૃષ્ણ વર્ણનું હોય છે.

(૨) ઈર્ષાળુ વ્યક્તિની લેશ્યા કે આભામંડળ નીલ વર્ણનું હોય છે.

(૩) માયાવી, મત્સરી વ્યક્તિની લેશ્યા કે આભામંડળ કાપોત (કબૂતરા રંગ જેવું) વર્ણનું હોય છે.

(૪) ધર્મિષ્ઠ, પાપભીરુ વ્યક્તિની લેશ્યા કે આભામંડળ લાલ વર્ણનું હોય છે.

(૫) કષાયોની અલ્પતા હોય તેવા વ્યક્તિની લેશ્યા કે આભામંડળ પીળા વર્ણનું હોય છે.

(૬) શુભ ધ્યાન કરનાર, શાંત અને સ્વસ્થ મનુષ્યનું આભામંડળ શ્વેત વર્ણનું હોય છે.

આભામંડળના રંગોમાં પરિવર્તન કરવામાં આવે તો સ્વાસ્થ્યમાં સુધારો થઈ શકે. લેશ્યા રસાયણ પરિવર્તનની વિધિ છે. જૂની ગ્રંથિઓને ખોલી, અશુભ લેશ્યાનું પ્રતિક્રમણ કરી, વ્યક્તિ પોતાની ચેતનાને નિઃશલ્ય બનાવી શકે છે. આ પ્રમાણે આભામંડળ અને લેશ્યા એકબીજાના પૂરક છે. ઉપરોક્ત વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે, જૈનદર્શન અને વિજ્ઞાન સાપેક્ષ દૃષ્ટિએ ઘણા સ્થાને સુમેળ ધરાવે છે.

જૈનદર્શનમાં પુદ્ગલોના સ્વરૂપનું વર્ણન આનુષંગિક રીતે મળે છે તે અત્યંત નોંધપાત્ર છે. પરમાત્મા મહાવીરે આત્મતત્ત્વનું વિજ્ઞાન દર્શાવ્યું હતું, જે વિશ્વમાં અજોડ છે. આજના વિજ્ઞાને પરમાત્માએ દર્શાવેલ પુદ્ગલાદિ તત્ત્વના નિરૂપણ પર ઘણે અંશે યથાર્થતાની મહોર મારી છે. ભવિષ્યમાં વિજ્ઞાન જૈનાગમની ઘણી બધી વાતો સત્ય સિદ્ધ કરશે એવી સંભાવના છે.

## સમ્યગ્દર્શનનું જીવનમાં મહત્ત્વ

પરમાત્મા મહાવીરના વચનો આધુનિક જીવનમાં પણ એટલા જ ઉપયોગી છે. તે સદાચાર, સદ્વિચાર અને ત્યાગની ભૂમિકા છે. તે જીવનને મધમધતું, રસાળ અને મુલાયમ બનાવે છે. જીવનમાં રસિકતા પ્રેરે છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાઓથી ઓતપ્રોત ધર્મ સદાચારરૂપે છે. આ સદાચારમાંથી ચારિત્રનું ઘડતર થાય છે. આવો સદાચાર યુક્ત ધર્મ વિશ્વશાંતિ પ્રગટાવી શકે છે. પરમાત્મા મહાવીરનો ઉપદેશ આજના કાળમાં પણ પ્રસ્તુત છે.

પરમાત્મા મહાવીરે કહ્યું છે, **सव्वे जीवावि इच्छंति जीविउं न मरिज्जिउं ।** અર્થાત્ સર્વ જીવો જીવવાને ઇચ્છે છે. કોઈ મૃત્યુને ઇચ્છતું નથી. પરમાત્મા મહાવીરનું આ અનુપમ સૂત્ર જગતનાં તમામ જીવો પ્રત્યે મૈત્રીભાવ અને સાધર્મિકતા ઉત્પન્ન કરાવે છે. જ્ઞાન, દર્શન, અનંત સુખ અને વીર્ય સર્વ જીવોનાં સમાન છે. સર્વ જીવોનું ચૈતન્ય લક્ષણ સમાન છે, તેથી સર્વ જીવો એક જ પરિવારના છે. આવો વિચાર સર્વ જીવો પ્રત્યે અહિંસક

ભાવ ઉત્પન્ન કરે છે. તેવા સમાજ કે રાષ્ટ્રમાં સર્વે જીવોના જીવનમાં સહાયક બનવાની અભિલાષા હોય છે પરંતુ અણુબોમ્બ દ્વારા એક સાથે હજારો માણસોને રહેંસી નાખવાની વૃત્તિ ન હોય.

અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત આ જૈન તીર્થંકર દ્વારા જગતને મળેલી અનોખી દેન છે. ભગવાન મહાવીરે પ્રબોધેલા અનેક સિદ્ધાંતમાંથી આ ત્રણ સિદ્ધાંત વિશ્વ વિખ્યાત છે. ભગવાન મહાવીરના સમકાલીન ભગવાન બુદ્ધે ઉદ્‌ઘોષણા કરી **बहुजन हिताय, बहुजन सुखाय** - માનવીનું હિત થાય, તેમનું સુખ સચવાય, તે રીતે અહિંસાનો અમલ કરવો. ભગવાન મહાવીરે અહિંસાનું પૂર્ણ સ્વરૂપ કરુણાથી પ્રેરિત બની દર્શાવ્યું.: **सव्वेपाणा पियाउया सुहसाया दुक्खपडिकूला अप्पियवहा । पियजीविणो जीविउकामा णातिवाएज्ज कंचणं ॥** સર્વ પ્રાણીઓને પોતાનું જીવન પ્રિય છે. સર્વે સુખના અભિલાષી છે. સર્વને દુઃખ અપ્રિય છે. સર્વ જીવો પ્રત્યે અહિંસક ભાવ મૈત્રીભાવ કેળવવો તે જ ધર્મ છે. આવા સિદ્ધાંતોને અનુસરનારો વ્યક્તિ છ કાય જીવોને અભયદાન આપનારો હોય છે. તે બીજાના દુઃખોને દૂર કરવાની ભાવનાવાળો હોય છે.

જૈનદર્શનમાં અહિંસા નિષેધાત્મક અને વિધેયાત્મક સ્વરૂપે દર્શાવેલી છે. કોઈપણ જીવને દુઃખ કે પીડા ન આપવી, તેમની હિંસા ન કરવી; એ નિષેધાત્મક પક્ષ છે. સર્વ જીવોને આત્મતુલ્ય ગણવા, **मेतिं भूएसेकप्पए** સર્વ જીવો સાથે મૈત્રીભાવ રાખવો; એ વિધેયાત્મક પક્ષ છે. અહિંસાનું આવું સ્વરૂપ એ પ્રભુ મહાવીરની સર્વોચ્ચ દેન છે.

પ્રભુ મહાવીરે અહિંસાને **सव्वभूयखेमकारी**[5] અર્થાત્ સર્વ જીવોનું ક્ષેમકુશળ મંગલ કરનારી કહી છે. પ્રભુ મહાવીરે પ્રબોધેલા આગાર ધર્મ અને અણગાર ધર્મમાં સૌથી પ્રથમ અહિંસા વ્રતનું સ્વરૂપ દર્શાવેલ છે. અહિંસા વ્રત એ મૂળવ્રત છે. બાકીના વ્રતો વાડરૂપે છે. અસત્યવચન, અદત્ત ગ્રહણ કરવું (ચોરી), અબ્રહ્મનું સેવન (બળાત્કાર, ભ્રૂણહત્યા, બાળલગ્ન) અને પરિગ્રહ (લોભવૃત્તિ, મમત્ત્વ, આસક્તિ) આ ચાર વ્રતોનો આધાર અહિંસાના પાલન પર છે. આ વ્રતનું સેવન કરનાર દ્રવ્ય હિંસાની સાથે સાથે ભાવ હિંસા પણ કરે છે. હિંસક સમાજ કે રાષ્ટ્ર સ્વસ્થ કેવી રીતે રહી શકે?

જ્યાં હિંસા છે, ત્યાં ભય છે. જ્યાં ભય છે, ત્યાં અસત્ય છે. સત્ય હંમેશાં નિર્ભયતા દ્વારા ટકે છે. હિત, મીત, પ્રિય વચન બોલનાર લોકપ્રિય બને છે. સત્ય પ્રત્યેના પ્રેમ વિના અનુકંપા, સંયમ, ત્યાગ, અર્પણ, નિર્ભયતા પણ ન જન્મે. અન્યનું અહિત કરનાર સત્ય વચન પણ સત્યાર્થી ન બોલે. સ્વસ્થ સમાજના નિર્માણ માટે અહિંસા સાથે સત્ય પણ જરૂરી છે.

અદત્ત એટલે કોઈનું આંચકી લેવાની વૃત્તિ. આવી વૃત્તિ એ મહાપાપ છે. કોઈનું ખોવાયેલું, સંઘરેલું, દાટેલું પારકું ધન લેનાર અથવા બીજાની સંપત્તિ હડપ કરનાર વ્યક્તિ સામેના વ્યક્તિની માનસિક હિંસા કરે છે. ચોરી કરવી એ વિશ્વાસઘાત છે. જ્યાં અવિશ્વાસ છે, ત્યાં મૈત્રી કે પ્રીતિ ન હોય.

ભગવાન મહાવીરે અણગાર ધર્મની પ્રરૂપણા કરી, જેમાં સંપૂર્ણપણે બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. જૈન શ્રમણો સર્વથા બ્રહ્મચર્યનું પાલન કરે છે. આ શૂરવીરનું કાર્ય છે. બધા જ માનવો અણગાર ધર્મ સ્વીકારવાને

સક્ષમ ન હોય તે લક્ષ્યમાં રાખી ભગવાન મહાવીરે આગાર ધર્મની પણ પ્રરૂપણા કરી. આગાર ધર્મ એટલે મર્યાદિત સમય સુધી અંશે ધર્મનું પાલન કરવું. ગૃહસ્થ જીવનમાં મર્યાદિતપણે બ્રહ્મચર્યનું પાલન કરવા સ્વસ્ત્રીમાં સંતોષ અને પરસ્ત્રીના ત્યાગરૂપે બ્રહ્મચર્ય વ્રત છે. લગ્નવ્યવસ્થા એ વ્યાભિચારને દૂર કરી સ્વસ્થ સમાજ નિર્માણની એક વ્યવસ્થા છે. સ્વસ્થ અને નિરોગી જીવનના નિર્માણ હેતુ બ્રહ્મચર્ય વ્રત આવશ્યક છે.

જ્યાં ભોગ છે, ત્યાં સ્પૃહા, લાલસા કે અભિપ્સા છે. પરિગ્રહ, આસક્તિ, મમત્વની જનની સ્પૃહા (ઇચ્છા) છે. **इच्छा उ आगाससमा अणंतिया ।**" ઇચ્છા આકાશ સમાન અનંત છે. ભોગ સામગ્રીઓ જગતમાં સીમિત છે. સ્પૃહાથી અતૃપ્તિ અને અતૃપ્તિથી હિંસા વધે છે. અહિંસાનો સૌથી મોટો આધાર અપરિગ્રહ છે. અપરિગ્રહ વિના અહિંસા સફળ ન બને. પરિગ્રહની મૂર્ચ્છા વ્યક્તિને કોઈ પણ પ્રકારે ધન ઈત્યાદિ મેળવવા પ્રેરે છે તેથી આસક્તિથી હિંસાનો જન્મ થાય છે. સંતોષી અભયકુમારે રાજપાટનો ત્યાગ કરી વાસ્તવિક રાજર્ષિપણું પ્રાપ્ત કર્યું. જ્યાં સંગ્રહવૃત્તિ, ઘૂસણખોરી છે, ત્યાં વિષમતા છે. જ્યાં સંતોષ છે, ત્યાં તમે પણ સુખેથી રહો અને અમે પણ સુખેથી રહીએ; એવી ભાવના છે. દાનનું મહત્ત્વ સાધન અને સંપત્તિ પરત્વેના મમતાના ત્યાગનું છે. વિતરણવૃત્તિ અને સંવિભાગવૃત્તિ એ અપરિગ્રહની નિશાની છે, જે વિષમતા દૂર કરે છે.

અહિંસામાં વૃદ્ધિ કરનારા દિશા પરિમાણ, ભોગપભોગ પરિમાણ અને અનર્થદંડ વિરમણ વ્રત છે. ચારે દિશાઓ અને વિદિશાઓમાં અમુક મર્યાદા સુધી ગમનાગમનની છૂટ તથા તે ઉપરાંત જવાની પ્રતિજ્ઞા કરવી તે દિગ્ પરિમાણ વ્રત છે. આ વ્રતનો મુખ્ય ઉદ્દેશ્ય તૃષ્ણાને નિયંત્રિત કરવી તથા મર્યાદિત ક્ષેત્રની બહાર થતી હિંસાથી નિવૃત્ત થવું; એવો છે. તપાવેલો ગોળો જેમ જ્યાં જાય ત્યાં જીવોનો નાશ કરે, તેમ પ્રત્યાખ્યાન વિનાનો આરંભ - સમારંભમાં પ્રવૃત્ત ગૃહસ્થ પાપ કર્મથી ભારે બને છે. સંયમી સાધક સમિતિ ગુપ્તિથી યુક્ત હોવાથી તેમના ગમનાગમન પર નિયંત્રણ હોય છે. દિગ્ વ્રતનું પરિમાણ લોભવૃત્તિને રોકે છે. નિર્લોભી વ્યક્તિ સદા સંતોષી અને આનંદી જીવન પસાર કરે છે.

એકવાર ભોગવાય તેવા પદાર્થો. દા.ત. અનાજ, પાણી આદિ ભોગ કહેવાય અને વારંવાર જેનો ઉપયોગ થઈ શકે તેવા વસ્ત્ર, અલંકાર આદિ ઉપભોગ પદાર્થોનું સંખ્યાદિરૂપે પ્રમાણ કરવું તે ભોગોપભોગ પરિમાણ વ્રત છે. જેમાં ભોજન નિયંત્રણ અને કર્મ નિયંત્રણનું માર્ગદર્શન થયું છે. અભક્ષ્ય આહારનો ત્યાગ, સચિત્ત (સજીવ) આહારનો ત્યાગ, માંસ, મદિરા આદિનો ત્યાગ કરી, જીવન જરૂરિયાત વસ્તુઓના પદાર્થોનું નિયમન તેમજ વ્યાપારમાં અલ્પારંભવાળા આજીવિકાનાં કાર્યો કરવાં પરંતુ પંદર પ્રકારના અધમ વ્યાપાર ન કરવા ઈત્યાદિ વસ્તુઓની ભગવાન મહાવીરે જાણકારી આપી છે. આ વ્રતમાં રાત્રિભોજનને અભોજ્ય ગણ્યું છે. સૂર્ય પ્રકાશના અભાવમાં રાત્રિના સમયે જીવોની ઉત્પત્તિ વધુ હોય છે, જે ભોજનમાં પડે અને તેવું ભોજન કરવાથી અનેક પ્રકારના રોગો થવાની સંભાવના છે. આયુર્વેદમાં પણ કહ્યું છે કે સૂર્યાસ્ત થતાં નાભિકમળ સંકોચાઈ જાય છે. તેથી રાત્રે ખાધેલું બરાબર પચતું નથી. પક્ષીઓ પણ રાત્રિ ભોજન કરતા નથી. રાત્રિ ભોજન નરકનો નેશનલ હાઈવે છે.

તામસીક આહાર વિકારો ઉત્પન્ન કરે છે, જ્યારે સાત્ત્વિક આહાર શારીરિક અને માનસિક પુષ્ટિ કરે છે.

અનર્થાદંડ વિરમણ વ્રતમાં પણ ભાવ હિંસા અને દ્રવ્ય હિંસાથી નિવર્તવાનું જ છે. પોતાના કુટુંબ, પરિવારની જવાબદારી નિભાવવા આશ્રવનું સેવન કરવું પડે તે અર્થદંડ છે પરંતુ આર્ત-રૌદ્ર ધ્યાન (દુર્ધ્યાન) માં વ્યસ્ત રહેવું, બીજાની પ્રગતિની ઈર્ષા, નિંદા કરવી એ અનર્થ દંડ છે. પવિત્ર વિચાર અને પવિત્ર આચાર એ જ ધર્મ છે. માત્ર મનના દુર્ધ્યાનથી તંદુલમત્સ્ય અંતર્મુહૂર્તમાં સાતમી નરકે જાય છે. પ્રમાદ એટલે આળસ. રોજિંદા વ્યવહારમાં પણ ઘી, તેલ, પાણી આદિનાં વાસણો ઉઘાડાં રાખવાથી, અયત્ના અને અવિવેકની પ્રવૃતિથી અન્ય જીવોનાં પ્રાણ હણાય છે. અહિંસાના પ્રચારથી નહીં પરંતુ અહિંસાના પાલનથી ધર્મ ટકે છે. જ્યાં ચિત્ત શુદ્ધિ છે, ત્યાં સ્વ કે પરનું અહિત કરવાની ભાવના ન હોય.

ઉપરોક્ત સર્વ વ્રતો-નિયમોમાં અહિંસા ધર્મની પ્રધાનતા છે. અહિંસા એ આત્માનો ગુણ છે. આ ગુણને પુષ્ટિ કરનારા સામાયિક વ્રત, પૌષધવ્રત તથા દેશાવગાસિક વ્રત છે. પાપકારી વ્યાપારોથી નિવૃત્ત થવું અને સ્વસ્વભાવમાં સ્થિર થવું, તે સામાયિક વ્રત છે. જૈનત્વ પ્રાપ્તિરૂપ ચોથા ગુણસ્થાનકથી સામાયિકની પ્રાપ્તિ થાય છે અને તે સિદ્ધત્વ પ્રાપ્તિ સુધી વિકાસ પામે છે. જૈનત્વ, જિનત્વ અને સિદ્ધત્વ સર્વ સામાયિકમય જ છે. સામાયિક કરનાર સાધુ સમાન બને છે.[10]

સામાયિક એટલે સર્વત્ર સામ્યદષ્ટિ. સામાયિક સ્વ-પર તારકતાની અમોઘ શક્તિ છે. સામાયિક એટલે મધુર જીવન, ભીતરમાં મધુરતા, સર્વ જીવો પ્રત્યે માધુર્ય. જ્યાં સમભાવ-સામ્યદષ્ટિ છે, ત્યાં જીવન નંદનવન બને છે. ધરતી પર સ્વર્ગ ખડું થાય છે. સામાયિક એ વિશ્વ પ્રેમ, મૈત્રીભાવ અને વિશ્વકલ્યાણની ભાવના છે. જ્યાં સમભાવ નથી, ત્યાં વિષમતા, વિખવાદ અને સંઘર્ષ છે. પુણિયા શ્રાવકની શુદ્ધ સામાયિક પ્રભુ મહાવીરના મુખેથી વખણાઈ. નિઃસ્વાર્થતા, અર્પણ અને પ્રેમ એ સમભાવનાં ત્રણ પગથિયા છે. સમભાવ એ આત્મ સ્વભાવની પ્રાપ્તિનું પ્રવેશદ્વાર છે.

દેશાવગાસિક વ્રત અને પૌષધવ્રતમાં સાધુ સમાન જીવન જીવતાં છ કાય જીવની રક્ષા થાય છે. બારમું અતિથિ સંવિભાગ વ્રત છે, જે સાધર્મિક અને શ્રમણ ભગવંતોને આહાર, વસ્ત્ર-પાત્ર, ઔષધ ઈત્યાદિ વિભાગ કરવારૂપ છે. બારમું વ્રત શ્રમણ જીવનની અનુમોદના છે. અતિથિ પરિચર્યારૂપ છે. આ વ્રત સાધર્મિકોને અન્ન, વસ્ત્ર આપી તેમની મુશ્કેલી - વિષમતા દૂર કરવાની પ્રેરણા આપે છે. જેથી સમાજમાં તેઓ પણ માન-મોભો જાળવી શકે. શ્રીમંત કે ગરીબની ભેદ રેખા ન રહે. ઉપરોક્ત વ્રતોનું પાલન કરનાર સમાજ એક આદર્શ અને સ્વસ્થ સમાજ બની શકે છે. ઉપરોક્ત સર્વ વ્રતોમાં અહિંસાની પુષ્ટિ કરી છે. પ્રભુ મહાવીરનો ધર્મ તોફાની સમુદ્રમાં અટવાયેલા બાળ જીવો માટે દીવાદાંડીરૂપ છે. ઉપરોક્ત વ્રતોનું યથાર્થ પાલન કરનાર આત્માનું જીવન ક્ષમા, સંતોષ આદિ ગુણોથી ખીલી ઉઠે છે.

અહિંસાની સાથે પર્યાવરણનો સિદ્ધાંત પણ સમાયેલો છે. ધર્મ અને યજ્ઞના નામે થનારી હિંસા રોકનાર

તથાગત બુદ્ધે સ્થૂલ હિંસા રોકવાની વાત કરી. ભગવાન મહાવીરે છ કાયમાં જીવ છે, એવું જણાવ્યું. જીવ માત્રના જીવનના હકનો સ્વીકાર એ જૈનદર્શનની મૌલિકતા છે. શ્રી આચારાંગસૂત્ર, શ્રી દશવૈકાલિકસૂત્ર, શ્રી સૂયગડાંગ સૂત્ર શ્રુત સ્કંધ-૨ આદિ આગમ ગ્રંથોમાં પર્યાવરણનો સિદ્ધાંત ઓતપ્રોત છે.

કોઈ પણ પ્રવૃત્તિ યત્નાપૂર્વક કરતાં પર્યાવરણનો લય ખોરવાતો નથી. તેથી જીવનમાં, પ્રલય પણ આવતો નથી. એ પછી 'પાણી બચાવો, વૃક્ષ બચાવો, કુદરત બચાવો' ના સૂત્રો આપોઆપ જીવનમાં વણાઈ જાય છે.

શ્રાવકના બાર વ્રત એ ત્રસ અને સ્થાવર જીવોની હિંસાની મર્યાદાપૂર્વકના છે - જીવનમાં આસક્તિનું અલ્પીકરણ પ્રગટતાં પર્યાવરણ સુરક્ષાની જાગરૂકતા કેળવાય છે. અષ્ટપ્રવચન માતાનો સિદ્ધાંત એટલે સ્થૂલ પર્યાવરણ અને માનસિક પર્યાવરણની શુદ્ધિ છે. અવિવેક કે અયત્નાથી કરેલી પ્રવૃત્તિમાં હવા, પાણી, ધ્વનિ આદિ પ્રદૂષણ ખોરવાતાં, પર્યાવરણની સુરક્ષાની વાત કરી છે. જૈનાગમોમાં કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રણ પ્રકારની હિંસાથી બચવાની વાત જણાવેલ છે. પ્રાણીઓની કતલ કરનારા કસાઈ, મત્સ્ય ઉદ્યોગ જેવી કંપનીના શેર ખરીદનાર કે કેમીકલ કારખાનાનો કચરો નદી-તળાવમાં ઠાલવનાર પર્યાવરણના શત્રુઓ છે.

આજના યુગની ગ્રીનહાઉસની સમસ્યા પર્યાવરણની સુરક્ષાથી હળવી થઈ શકે એમ છે.

અહિંસા આર્યાવર્તની પ્રાચીન અને પરમ સંસ્કૃતિ છે. તે જગતના જીવોને કલ્યાણની ભેટ આપનારી છે. અહિંસા સાથે સંકળાયેલો પ્રભુ મહાવીરનો મહત્ત્વનો સિદ્ધાંત છે અનેકાન્ત. અનેકાન્ત કે સહઅસ્તિત્વના આધારે વિભિન્ન સંપ્રદાયો, રાજનૈતિક જૂથો કે કોમી જૂથો વચ્ચે એકતા સ્થાપી શકાય છે. જ્યાં એકાંત છે ત્યાં હિંસા, વિદ્રોહ છે. એકાન્તમાં હઠાગ્રહ અને કદાગ્રહ સમાયેલો છે. ખોટો આગ્રહ સત્ય સ્વીકારવાની ઊણપ જન્માવે છે. જ્યાં અહંકાર અને મમકારનો ધમધમાટ છે, ત્યાં અન્યના સારા વિચારોને અપનાવવાની વૃત્તિ પણ ન હોય. જ્યાં બીજાને ઉતારી પાડવાની વૃત્તિ છે, ત્યાં અહિંસા ક્યાંથી સંભવી શકે? આત્મિક શુદ્ધિના ઉર્ધ્વીકરણ માટે આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્ત આવશ્યક છે. આગ્રહ અને વિગ્રહનું વિસર્જન કરી વિરોધી દૃષ્ટિઓમાં સુમેળ સાધવાનું કાર્ય અનેકાન્ત દ્વારા થાય છે.

પ્રત્યેક સમાજ તેનાં મૂલ્યો પર અને એ મૂલ્યો પ્રગટ કરતાં આચારો પર ટકેલો હોય છે. મૂલ્યો જ્યારે સમાજની જીવનશૈલીમાં વણાઈ જાય છે ત્યારે તે સમાજ સબળ, સુયોજિત અને પ્રગતિશીલ બને છે. તેવા સમાજનો વ્યક્તિ જીવનને ઉર્ધ્વગામી બનાવવાની સાથે સાથે સદાચારપૂર્ણ બનાવે છે.

ભગવાન મહાવીરના સર્વ સિદ્ધાંતો જનજીવનને સંવાદી અને સુરીલું બનાવવા તેમજ સમાજમાંથી વિષમતા દૂર કરવા માટે છે. તેને સમજવા માટે સમ્યક્ દૃષ્ટિની આવશ્યકતા છે. જ્યાં સુધી દૃષ્ટિ સવળી ન બને ત્યાં સુધી અમૂલ્ય સિદ્ધાંતોનું જ્ઞાન કે રહસ્ય ન સમજાય. સિદ્ધાંતોની સમ્યગ્ શ્રદ્ધા-જ્ઞાન અને આચરણ વિના મોક્ષમાર્ગ દૂર ધકેલાય છે.

## પ્રકરણ ૬ : પાદનોંધ

૧. શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અ.૨૮, ગા-૭, પૃ.૧૩૮.
૨. તત્ત્વાર્થસૂત્ર, અ.૫, સૂ.૧૨, પૃ.૨૦૨.
૩. જૈનદર્શનના વૈજ્ઞાનિક રહસ્યો : શ્યામગર્ત (Black-holes), પૃ.- ૫૩. તેમજ બૃહત્ સંગ્રહણી ભાષાંતર, પરિશિષ્ટ નં.- ૪, પૃ.- ૭૪૬.
૪. શ્રી જંબુદ્વીપ ભાગ-૨, પૃ.- ૧૧.
૫. શ્રી ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ પ્રાભૃત-૮, પૃ.૧૩૧. ગા.- ૧૬૯,પૃ.- ૨૨૫.
૬. જંબુદ્વીપ ભા.- ૨, પૃ.- ૪૨, ૪૩.
૭. લઘુસંગ્રહણી પ્રકરણ-૨, આપણું વિશ્વ - પૃ.- ૫૧.
૮. Many lives, many masters by simon & suchuster published in 1988 U.S.A.
૯. વિજ્ઞાન અને ધર્મ - પૃ.૨૭૯.
૧૦. બૃહત્સંગ્રહિણી ગુજરાતી અનુવાદ-ગા.- ૨૯૭, પૃ.- ૫૧૦.
૧૧. શ્રી ભગવતીસૂત્ર - ભા.- ૪, અ.- ૧૬, ઉ.- ૮, સૂ.- ૭, પૃ.- ૩૧૮. પ્ર. શ્રી પ્રાણગુરુ ફાઉન્ડેશન.
૧૨. જૈનદર્શનના વૈજ્ઞાનિક રહસ્યો , પૃ.- ૧૯૦.
૧૩. એજ. પૃ.- ૧૮૮.
૧૪. શ્રી સ્થાનાંગસૂત્ર, સ્થાન.- ૬, સૂ.- ૪૪, પૃ.- ૧૨૭. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૫. શ્રી પ્રશ્ન વ્યાકરણસૂત્ર - પ્રથમશ્રુતસ્કંધ, અ.- ૧, સૂ.- ૩, પૃ.- ૧૫૪. પ્ર.- શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૬. શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર - અ.- ૯, સૂ.- ૪૮, પૃ.- ૧૭૬. પ્ર.- શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.
૧૭. વિશેષાવશ્યક ભાષ્ય, ગા.- ૨૬૯૦, પૃ.- ૩૯૩.

# પરિશિષ્ટ-૧ ગ્રંથિભેદની પ્રક્રિયા

સર્વ સંસારી જીવોની માતૃભૂમિ વનસ્પતિકાયના નિગોદ વિભાગની અવ્યવહારરાશિ છે. દરેક જીવાત્માની આ નિયત છે. અનાદિ નિગોદમાં રહેવું તે અવ્યવહારરાશિ છે. જ્યાં જીવે અનંત જન્મમરણ કરી અનંત કાળ પસાર કર્યો છે. જેટલા જીવો સિદ્ધ પદ પ્રાપ્ત કરે છે તે સમયે તેટલા જીવો જેની કષાય અને કૃષ્ણ લેશ્યાની તીવ્રતા મંદ થઈ છે તેવા જીવો અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે. નિગોદમાંથી બહાર આવવું, તે વ્યવહારરાશિ છે. અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવવાનું કારણ વ્યવહારરાશિમાં જીવોની સંખ્યા નિશ્ચિત (Fix) છે. તેથી કોઈ જીવ સિદ્ધ થતાં વ્યવહારરાશિમાં તે જીવની ખાલી જગ્યા પૂર્ણ કરવા તેમજ ત્યાંની જીવરાશિનું પ્રમાણ બરાબર જળવાય, તે માટે અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે છે.

નિગોદમાંથી બહાર આવ્યા પછી પણ જીવ અનંત જન્મ-મરણ કરતો સંસારની વિવિધ યોનિઓમાં ફરતો ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. અજ્ઞાનતાના કારણે જીવ તીવ્ર ભાવે પાપકર્મ કરે છે. તે કાળમાં જીવને ખોટા ઉપાયને છોડી સાચા ઉપાયની પ્રાપ્તિ કરવાની ચતુરાઈ જ પ્રગટતી નથી. અવ્યવહારરાશિ તેમજ વ્યવહારરાશિમાં પણ છેલ્લા પુદ્ગલ પરાવર્તન પૂર્વેનો સઘળો કાળ અચરમાવર્ત કાળ છે. 'ચરમાવર્ત' એ જૈન પરંપરાનો શબ્દ છે. છેલ્લો પુદ્ગલ પરાવર્તન એટલે ચરમાવર્ત. અચરમાવર્ત એટલે દીર્ઘ સંસાર અથવા લાંબો સંસાર પટ.

તમામ સંસારી જીવો અનંત પુદ્ગલ પરાવર્તનમાંથી પસાર થયા છે. ક્યારેક ભવ્ય જીવોનો સંસાર કાળ ઓસરવા માંડે છે અને જીવ પરનું પ્રાધાન્ય ભોગવતું મોહનીયકર્મનું બળ મંદ પડે છે. તેથી આત્મિક શુદ્ધિ વધતી જાય છે, ત્યારે સંસાર કાળ પરિમિત બને છે. તે પરિમિત સંસાર કાળ એટલે ચરમાવર્ત. ચરમાવર્ત કાળમાં જ યોગ પ્રાપ્તિ થઈ શકે.

અચરમાવર્ત કાળમાં જીવો ભવાભિનંદી હોય છે[1]. તેમને પ્રજ્ઞાચક્ષુની જેમ સન્માર્ગ જડતો જ નથી. બધા જીવોનો તેવો સ્વભાવ હોવાથી સર્વ જીવોના અનંતા પુદ્ગલો વીતી ગયા છે. તેમને અસાર વસ્તુ પણ સારરૂપ લાગે છે. જન્મ, જરા, મરણ આદિ ઉપદ્રવ્યોથી ભરેલો સંસાર અત્યંત પ્રિય લાગે છે. સંસાર તેમને અભિનંદનરૂપ લાગે છે, તેથી તેઓ 'ભવાભિનંદી' જીવો કહેવાય છે.[2]આ જીવો ક્ષુદ્ર (કૃપણ), લાભરહિત (માંગવાના સ્વભાવવાળા), મત્સર, શઠ, અજ્ઞાની અને ભયવાન હોય છે. સ્વપ્નમાં પણ તેમને દુઃખનિવારક વિવેકજ્ઞાન હોતું નથી. આવા જીવો માત્ર યશ-કીર્તિ અને સંપદા મેળવવા લોકોત્તર ધર્મની આરાધના કરે છે.

જીવનો બે પુદ્ગલ પરાવર્ત જેટલો સંસાર કાળ બાકી રહે ત્યારે ઓઘ સંજ્ઞાએ વિવેક રહિતપણે સહજતાથી ધર્મ સાંભળે તે 'શ્રવણ સન્મુખી' ભાવ ઉપજ્યો કહેવાય.

ત્યાર પછી દોઢ પુદ્ગલ પરાવર્ત જેટલો સંસારકાળ બાકી રહે ત્યારે જૈન ધર્મ પ્રત્યે કંઈક રુચિ ઉત્પન્ન થાય ત્યારે તુલનાત્મક બુદ્ધિથી, માર્ગગવેષણા કરી વિશુદ્ધલબ્ધિથી જૈન ધર્મ પ્રત્યે રાગ ઉપજે. તે 'માર્ગ સન્મુખી' કાળમાં

પ્રવેશ્યો કહેવાય.

ત્યાર પછી એક પુદ્‌ગલ પરાવર્તકાળ જેટલો સંસાર બાકી રહે, ત્યારે દેશના લબ્ધિ પામે. ત્યારે માર્ગાનુસારીના ૩૫ બોલ પામે. છ દ્રવ્ય અને નવ તત્ત્વને જાણે. ઉત્કૃષ્ટ નવ પૂર્વ સુધીનું દ્રવ્ય જ્ઞાન પણ ઉપાર્જન કરી શકે છે. પ્રાયોગ્ય લબ્ધિ પામે તો દ્રવ્ય ચારિત્રમાં પુરુષાર્થ કરી ઉત્કૃષ્ટ નવ ગ્રૈવેયક સુધી જાય, ત્યારે જીવની બધા કર્મોની સ્થિતિ (આયુષ્ય સિવાય) અંતઃ ક્રોડા ક્રોડી સાગરોપમની બને છે. આવા મંદ યથાપ્રવૃત્તિકરણ સુધી જીવ અનંતીવાર આવે છે અને પાછો ફરે છે. દ્રવ્ય ચારિત્રમાં અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ થયા કરે છે પણ સમકિત પ્રાપ્ત થતું નથી.

ચરમાવર્તકાળ તે આધ્યાત્મિક યોગોને પ્રગટાવવાની ભૂમિકા છે. તે ધર્મનો યૌવન કાળ છે. અચરમાવર્ત કાળ એ ધર્મનો બાલ્યકાળ છે. જેમ જેના શરીરે ખણજ ઉપડતી હોય તેને ખણવામાં જ મજા આવે છે, તેમ અચરમાવર્ત કાળમાં મોહાંધ જીવો જ્યાં સુધી પાપનું ફળ દુઃખ મળતું નથી, ત્યાં સુધી પાપ કરતો જ રહે છે. જે મનુષ્ય [૩]ચરમાવર્તકાળમાં પ્રવેશે તે જ વાસ્તવિક યોગી બની શકે. અચરમાવર્તકાળમાંથી ચરમાવર્તકાળમાં જીવ સહજ ભવિતવ્યતાથી પ્રવેશે છે. તેમાં પુરુષાર્થ કારણભૂત નથી. અભવ્ય જીવો ચરમાવર્તકાળમાં પ્રવેશ કરી શકતા નથી[૪]. શુક્લપાક્ષિક, ગ્રંથિભેદ કરનારા અને ચારિત્રની યોગ્યતા ધરાવતા જીવો જ ચરમ પુદ્‌ગલ પરાવર્તન કાળમાં પ્રવેશી શકે છે.

અનુક્રમે તે [*]ભવ્ય જીવનો અર્ધ ચરમ પુદ્‌ગલ પરાવર્તન જેટલો પરિમિત સંસાર કાળ બાકી રહે ત્યારે જીવનાં સંકલેશ પરિણામો મંદ થતાં જાય છે. તેથી મોહનીય કર્મ વધુમાં વધુ અંતઃ ક્રોડ ક્રોડી સાગરોપમ જેટલી સ્થિતનું જ બાંધે છે. તે વખતે તેની યોગ્યતા એવી પ્રગટે કે તે જીવ સિત્તેર ક્રોડા ક્રોડી સાગરોપમની સ્થિતિનું મોહનીય કર્મ ફરીથી નહીં બાંધે, જેને શાસ્ત્રીય ભાષામાં 'અપુનર્બંધક' કહેવાય.૫ આ જીવ શુક્લપાક્ષિક કહેવાય છે. કાળો અંધાર પટ ઘટવાથી, પ્રત્યેક રાત્રિએ ચંદ્રની કળા વધવાથી, પ્રકાશ કાળ લંબાય, તે શુક્લપાક્ષિક છે. અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળથી વધુ સંસારકાળ બાકી હોય, તે કૃષ્ણપાક્ષિક છે. અપુનર્બંધક જીવ કર્મ અને કષાયો ઘટતાં ગ્રંથિભેદ તરફ આગળ વધે છે. ત્યારે માર્ગાભિમુખ[*] અને માર્ગપતતિ[*] જેવી બે વિશિષ્ટ અવસ્થાઓમાંથી પસાર થાય છે. માર્ગ એટલે ચિત્તની સરળતા, આત્માનો વિશિષ્ટ ક્ષયોપશમ. અપુનર્બંધક લખોપતિ છે, જ્યારે માર્ગાભિમુખ અને માર્ગ પતિત જીવો કરોડપતિ છે. અપુનર્બંધકની જ એક વિશેષ અવસ્થા છે.

જ્યારે જીવનો દેશોન અર્ધ પુદ્‌ગલ પરાવર્તન સંસાર કાળ બાકી રહે છે, ત્યારે કરણ લબ્ધિ પ્રાપ્ત કરી શકે છે. તે સમયે ત્રણ કરણ કરી સમકિત પ્રાપ્ત કરે છે. આ નિયમ સર્વ જીવો માટે છે. કેટલાક જીવો ક્ષયોપશમ, વિશુદ્ધ,

---

*ભવ્ય - જે જીવો સિદ્ધિ પામવા યોગ્ય છે તે ભવ્ય જીવો કહેવાય અને જે જીવો સિદ્ધિ પામવાને અયોગ્ય છે તે અભવ્ય જીવ કહેવાય. જેવી રીતે સોનામાં, રત્નમાં, ચંદનના કાષ્ઠમાં મૂર્તિ બનવાની યોગ્યતા છે, છતાં બધા જ સોનાની કે ચંદનની મૂર્તિ બની જ જાય એવો નિયમ નથી એવી જ રીતે જે ભવ્ય જીવને મોક્ષે જવાની સામગ્રી મળે તે મોક્ષમાં જાય.(વિશેષાવશ્યક ભાષ્ય. ગા. ૧૮૩૪, પૃ-૧૦૭)

*માર્ગમાં પ્રવેશવાની યોગ્યતા પ્રાપ્ત કરનાર માર્ગાભિમુખ છે અને માર્ગમાં પ્રવેશેલો માર્ગપતિત છે.

દેશના, પ્રયોગ અને કરણ એ પાંચે લબ્ધિનો વિશેષ ઉપયોગ કરી આગળ વધે છે. સમકિત પૂર્વે પાંચ લબ્ધિ પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિમાં આ પાંચ લબ્ધિઓનું વિશેષ મહત્ત્વ હોવાથી તેનું સ્વરૂપ જોઈએ. લબ્ધિ એટલે પ્રાપ્તિ. સમ્યક્ત્વની પ્રાપ્તિને યોગ્ય સામગ્રી પ્રાપ્ત કરાવે તે લબ્ધિ છે. તે પાંચ છે. તે લબ્ધિસાર ગ્રંથમાં દર્શાવેલ છે.

(૧) ક્ષયોપશમ લબ્ધિ :- તત્ત્વ વિચાર થઈ શકે તેવો કર્મોનો ક્ષયોપશમ થાય તે ક્ષયોપશમ લબ્ધિ કહેવાય.[૬] અકામ નિર્જરા અને શુભ અધ્યવસાયોના બળે જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મોની અશુભ પ્રકૃતિઓનો અનુભાગ (રસ) અનંતગણો ઘટવાથી જીવની ઉત્ક્રાંતિ થાય છે. સંજ્ઞી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થતાં સમ્યક્ત્વના વિરોધી ગાઢ મિથ્યાત્વ કર્મને આત્મા દૂર કરે છે. અવ્યવહારરાશિમાંથી નીકળવામાં આ લબ્ધિના પરિણામોની મુખ્યતા રહે છે. સમ્યક્ત્વની પ્રાપ્તિને યોગ્ય સામગ્રી તરીકે સંજ્ઞી પંચેન્દ્રિય તથા કર્મોનો ક્ષયોપશમ પ્રાપ્ત થતાં જીવ જ્ઞાનનો ઉપયોગ તત્ત્વ નિર્ણયમાં કરે છે, તેને ક્ષયોપશમ લબ્ધિ કહેવાય.

(૨) વિશુદ્ધિ લબ્ધિ :- ક્ષયોપશમ લબ્ધિના બળે અશુભકર્મોનો વિપાકોદય ઘટે છે, તેથી વિશુદ્ધિ વધે છે[૭]. શુદ્ધ પરિણામોની વૃદ્ધિ થતાં દેહ અને ભોગો પ્રત્યેની તીવ્ર આસક્તિ ઓછી થતી જાય છે, તેથી સંસારની અરુચિ અને ધર્મ પ્રત્યેની રુચિ વધે છે.

(૩) દેશના લબ્ધિ[૮] :- દેશના એટલે મોક્ષ પ્રાપ્તિનો ઉપદેશ. વિશિષ્ટ જ્ઞાની પાસેથી જીવને તત્ત્વજ્ઞાનરૂપ દેશના, ગંભીરતાથી સાંભળવાની આંતરિક રુચિ જન્મે છે. તે જીવ સત્સમાગમથી તત્ત્વોનો જ્ઞાતા બને છે. આ દેશના લબ્ધિ શ્રવણ, ગ્રહણ, ધારણ, નિર્ધારણ અને પરિણમનરૂપ છે. એવી ભૂમિકા પ્રાપ્તિના કારણરૂપ અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ છે.

(૪) પ્રાયોગ્ય લબ્ધિ :- તત્ત્વજ્ઞાનના શ્રવણ આદિ દેશના લબ્ધિથી જીવ સ્વ સ્વરૂપને જાણે છે, ત્યારે તેને પર પદાર્થ પ્રત્યેનું આકર્ષણ છૂટી જાય છે. તેનો ઉપયોગ પરથી હટી આત્માની સન્મુખ ઉત્તરોત્તર સૂક્ષ્મ થતો જાય છે, આવા શુભ ભાવોની ભૂમિકાને પ્રાયોગ્ય લબ્ધિ કહેવાય છે.[૯] આ ભૂમિકામાં જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતી કર્મોનો રસ જે પર્વત જેવો કઠણ હતો તેને કાષ્ટ અને લતા જેવો પોચો બનાવે છે. વેદનીય આદિ ચારે અઘાતી કર્મોનો રસ હળાહળ ઝેર જેવો હતો, તેને લીંબડાના રસ જેવો મંદ બનાવે છે. અહીં [૧૦] કર્મોની પૂર્વ સત્તા ઘટી અંતઃક્રોડા-ક્રોડી સાગરોપમ જેટલી રહે છે તથા નવીન કર્મોનો બંધ પણ તેટલો જ થાય છે. પાપ પ્રકૃતિઓનો સ્થિતિબંધ અને રસબંધ ઓછો થાય છે. પુણ્ય પ્રકૃતિનો શુભ રસ વધતો જાય છે. જેમ સહારાના રણમાં પવનના ઝપાટાથી રેતીના ઢગલાને ઉડાવવામાં બહુ તકલીફ પડતી નથી તે સહજ થાય છે, તેમ અહીં આવેલ જીવને કોઈ વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી પણ સહજ થઈ જાય છે. આ ભૂમિકા પર જીવને વ્યવહારિક વ્રત-પ્રત્યાખ્યાન, તપ-ત્યાગના ભાવ વિશેષ રહે છે. સૌથી મોટું પાપ મિથ્યાત્વ છે. તેનો બંધ અને ઉદય અહીં પણ ચાલુ છે. ઉપરોક્ત ચારે લબ્ધિનો કાળ અંતર્મુહૂર્ત છે.[૧૧] આ ચારે લબ્ધિઓ ભવ્ય અને અભવ્ય બંનેને સરખી હોય છે.

(૫) કરણ લબ્ધિ :- ભવ્ય જીવોને કરણ લબ્ધિ હોય છે. ભવ્ય જીવોમાં પણ ઉપાદાનગત, યોગ્યતાનુસાર, પુરુષાર્થનુસાર, ભવિતવ્યતાનુસાર અને કાળ લબ્ધિ અનુસાર જે જીવો અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાના છે તેવા જીવો જ કરણ લબ્ધિમાં પ્રવેશ કરી શકે છે.[12]

કરણ એટલે અધ્યવસાય. આત્માના વીર્ય વિશેષને કરણ કહેવાય છે. કરણ ત્રણ છે.

(૧) યથાપ્રવૃત્તિ કરણ (૨) અપૂર્વ કરણ (૩) અનિવૃત્તિ કરણ.

(૧) યથાપ્રવૃત્તિ કરણ :- અનાદિ મિથ્યા દૃષ્ટિ આ સંસારના વિવિધ દુઃખોને ઝેલતો, અકામ નિર્જરા દ્વારા 'નદી ઘોલ પાષાણ' ન્યાયથી અથવા 'ઘુણાસર' ન્યાયે (આશય વિના અક્ષરો પડે) કર્મો ખપાવી યથાપ્રવૃત્તિ કરણમાં આવે છે. ત્યાં આયુષ્ય કર્મ સિવાય શેષ સાત કર્મોની સ્થિતિ અંતઃ ક્રોડા ક્રોડી સાગરોપમની કરે છે. તેવા પ્રકારના સમકિતને અનુકૂળ જીવના પરિણામ વિશેષને યથાપ્રવૃત્તિકરણ કહે છે. યથાપ્રવૃત્તિકરણના બે ભેદ છે. (૧) યથાપ્રવૃત્તિકરણ (૨) ચરમ યથાપ્રવૃત્તિકરણ.

ચરમાવર્તકાળમાં ચરમ યથાપ્રવૃત્તિકરણ હોય છે.ભાવમલની પ્રચુરતા ઘટતાં ચરમ યથાપ્રવૃત્તિકરણ પ્રાપ્ત થાય છે. ચરમ યથાપ્રવૃત્તિકરણમાં અલ્પમલપણાને લીધે જેનો ગ્રંથિભેદ નિકટમાં છે તેવા પુરુષને આ સમસ્ત નિશ્ચયે ઉપજે છે.[13] અભવ્ય અને ભવ્ય જીવોએ આ કરણ અનંતીવાર કર્યાં છે.

(૨) અપૂર્વકરણ :- અપૂર્વ એટલે પૂર્વે કદી ન થયા હોય તેવા વિશુદ્ધ પરિણામ. તેનું બીજું નામ નિવૃત્તિકરણ છે. ગ્રંથિભેદ કરનારા સર્વ જીવોના એક સમયના અધ્યવસાયમાં તરત્તમતા હોવાથી નિવૃત્તિકરણ કહેવાય છે. આ કરણને પ્રાપ્ત થયેલો જીવ અપૂર્વ વીર્યોલ્લાસના બળે, વિશુદ્ધ પરિણામરૂપ પ્રબળ પુરુષાર્થ દ્વારા રાગ-દ્વેષની નિબિડતમ અને દુર્ભેદ ગ્રંથિ[14] ભેદે છે. આ કર્મગ્રંથિ જીવ માત્રને અનાદિ કાળથી છે. કર્મની લઘુતા થતાં જીવ કર્મગ્રંથિને જાણે છે.

શ્રી હરિભદ્રસૂરિ મહારાજે યોગબિંદુ ગ્રંથમાં કહ્યું છે - "[15]આ દુર્ભેદ્ય કર્મગ્રંથિરૂપ મહાબળવાન પર્વત અપૂર્વકરણના તીક્ષ્ણ ભાવરૂપ વજ્રથી ભેદાય છે, ત્યારે મહાત્માને તાત્ત્વિક આનંદ ઉપજે છે. આ ગ્રંથિ એકવાર તૂટી એટલે બસ તૂટી! કારણ કે ગ્રંથિભેદ થયા પછી તીવ્ર કષાયાદિનો ઉદય નથી. આ ગ્રંથિભેદ નિર્વાણનો હેતુ થાય છે. અનાદિ મિથ્યાત્વીને ગ્રંથિભેદ થતાં સદ્ દર્શન - સમ્યગ્દર્શન થાય છે.

અપૂર્વકરણના પ્રથમ સમયથી જ અપૂર્વ સ્થિતિઘાત, અપૂર્વ રસઘાત, અપૂર્વ ગુણશ્રેણી અને અપૂર્વ સંક્રમણ આ ચાર કાર્ય પ્રારંભ થાય છે.

• અપૂર્વ સ્થિતિઘાત :- આયુષ્ય સિવાયની જ્ઞાનાવરણીયાદિ સાતે કર્મની નિષેક (સામાન્ય સ્થિતિવાળા પરમાણુ સમૂહને નિષેક કહેવાય) રચનાના ઉપરના ભાગમાંથી અપવર્તના કરણથી (જે પ્રયત્ન વિશેષથી કર્મની સ્થિતિમાં અને રસમાં ઘટાડો તે અપવર્તનાકરણ કહેવાય) જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ સ્થિતિખંડનો (સ્થિતિના એક ટુકડાનો) નાશ કરવો તે સ્થિતિઘાત કહેવાય. અર્થાત્

જ્ઞાનાવરણીય આદિ કર્મોની લાંબી સ્થિતિને અપવર્તનાકરણ વડે ઘટાડી દેવી તે સ્થિતિઘાત છે. અપૂર્વ એટલા માટે છે કે જીવે પૂર્વે આવો સ્થિતિઘાત કદી કર્યો નથી.

• **અપૂર્વ રસઘાત :** સત્તામાં રહેલા અશુભ પ્રકૃતિના રસનો અપવર્તનાકરણથી નાશ કરવો તે રસઘાત કહેવાય છે. અહીં વિશુદ્ધિની તીવ્રતાને કારણે અશુભ કર્મોમાં રહેલા ઉગ્રરસનો ઘાત થાય છે. અર્થાત્ અશુભ કર્મોમાં પડેલા રસને મંદ બનાવી દેવામાં આવે છે, જેથી ફળ આપવાની તીવ્ર શક્તિ ઘટી જાય છે.

• **અપૂર્વ ગુણશ્રેણી :** સમયે સમયે અસંખ્યાત ગુણ અધિક કર્મદલિકો ભોગવાય તે રીતે કર્મદલિકોને અનુક્રમે ગોઠવવા, તે ગુણશ્રેણી કહેવાય છે. આયુષ્ય સિવાયની કર્મપ્રકૃતિનો અપવર્તનાકરણથી જે સ્થિતિઘાત પૂર્વે કર્યો હતો તેને અહીં ગુણશ્રેણીમાં ઉદયના પ્રથમ સમયથી માંડીને અંતર્મુહૂર્ત સુધીના સ્થિતિસ્થાનોમાં અસંખ્ય ગુણાકારે ગોઠવવા, તે ગુણશ્રેણી છે.

કર્મ દલિકોને ભોગવવાની રચના સામાન્ય સ્થિતિમાં ઉતરતા ક્રમમાં હોય છે, જ્યારે અપૂર્વકરણની ગુણ શ્રેણીની આ વિશેષ સ્થિતિમાં તે ચઢતા ક્રમમાં હોય છે. અર્થાત્ કર્મદલિકો પૂર્વ સમયમાં જેટલા ભોગવાય તેનાથી આગળના સમયમાં અસંખ્યાતગુણા વધુ ભોગવાય તે રીતે ગોઠવવાં તે ગુણશ્રેણી કહેવાય. એટલે ગ્રંથિભેદ કરનારો જીવ સમયે સમયે અસંખ્યાતગણી કર્મ નિર્જરા કરે છે.

• **અપૂર્વ સંક્રમણ :** અપ્રશસ્ત પ્રકૃતિઓ સ્વજાતીય પ્રકૃતિમાં સંક્રમિત થાય છે. દા.ત. અનંતાનુબંધી કર્મના પરમાણુ સંક્રમણદ્વારા અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન કે સંજ્વલન પ્રકૃતિરૂપે પરિણમે છે. ગુણ સંક્રમણમાં પ્રતિ સમય અસંખ્યાતગુણા પરમાણુ સંક્રમિત થાય છે.



પ્રથમ બીજો
સમય સમય

સામાન્ય સ્થિતિમાં કર્મદલિકોની રચના



પ્રથમ બીજો
સમય સમય

ગુણ શ્રેણીમાં કર્મદલિકોની રચના

• **અપૂર્વ સ્થિતિબંધ :** સમયે સમયે નવા બંધાતા કર્મોની સ્થિતિ ઓછી ઓછી બાંધવી. અર્થાત્ પૂર્વે ક્યારેય નહીં થયેલો એવો અલ્પ સ્થિતિબંધ થાય છે. તે અપૂર્વ સ્થિતિબંધ કહેવાય છે.

સ્થિતિબંધનું કારણ કષાયોદય છે. જેમ કષાયોદય તીવ્ર બનતો જાય, તેમ સંક્લિષ્ટ પરિણામ વધવાથી સ્થિતિબંધ વધે છે અને કષાયોદય મંદ થતાં વિશુદ્ધિ વધવાથી સ્થિતિબંધ ઘટે છે. આ નિયમાનુસાર વિશુદ્ધ પરિણામધારાએ ચઢેલો અપૂર્વકરણવર્તી જીવ પૂર્વ પૂર્વના સ્થિતિબંધ કરતાં પછી પછીનો સ્થિતિબંધ પલ્યોપમના

સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન-ન્યૂન કરે છે.

અપૂર્વ સ્થિતિઘાતથી ભૂતકાળમાં બંધાયેલા કર્મોની સ્થિતિમાંથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિનો નાશ થાય છે અને અપૂર્વ સ્થિતિ બંધથી નવા બંધાતા જ્ઞાનાવરણીયાદિક કર્મોની સ્થિતિમાં પૂર્વસ્થિતિ બંધની અપેક્ષાએ પછીના સ્થિતિબંધનું પ્રમાણ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન થઈ જાય છે.

સારાંશ એ છે કે અપૂર્વકરણ વખતે પ્રતિ સમયે અધ્યવસાય ચડતી માત્રામાં હોય છે, તેથી સમયે સમયે ઉપરોક્ત ચારે કાર્ય પણ ચડતી માત્રામાં થાય છે. આ સ્થિતિઘાતાદિ પૂર્વે ક્યારેય થયા ન હતા, જીવને આવા ચડતા પરિણામ ક્યારેય આવ્યા જ ન હતા, તેથી આ ચારેને અપૂર્વકરણ કહેવામાં આવે છે. આવું વીર્યોલ્લાસવાળું અપૂર્વકરણ અંતર્મુહૂર્ત સુધી જ ચાલે છે. આ કરણ જીવને અસંખ્યાતીવાર આવે.

અપૂર્વકરણાદિ ક્રિયાઓ જ સમ્યક્ત્વનું અવશ્ય કારણ છે.

(૩) અનિવૃત્તિકરણ : અપૂર્વકરણ પ્રાપ્ત થયા પછી જીવને અંતર્મુહૂર્તમાં તેનાથી પણ વિશેષ શુદ્ધ એવો અનિવૃત્તિકરણરૂપ અધ્યવ્યસાય પ્રાપ્ત થાય છે. અપૂર્વકરણથી આગળ વધેલો જીવ અધ્યવસાયની પ્રતિ સમય અનંતગુણ વિશુદ્ધિ કરતો અનિવૃત્તિ કરણમાં પ્રવેશે છે. જે અધ્યવસાયો સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવ્યા વિના પાછા નહિ ફરે તે અનિવૃત્તિકરણ.

તેનો બીજો અર્થ એ છે કે અનિવૃત્તિકરણમાં એક જ સમયે રહેલા સર્વ જીવોના અધ્યવસાયમાં વિશુદ્ધિની તરતમતા નથી એટલે કે એક સમયે, એક સાથે પ્રવેશેલા જીવોના અધ્યવસાયોમાં તીવ્રતા કે મંદતાની અપેક્ષાએ કોઈ ફેરફાર નથી. (અહીં અનિવૃત્તિકરણનો અર્થ 'તરતમતા ન હોવી' એવો છે) પરંતુ પ્રથમ સમય કરતાં બીજા સમયની વિશુદ્ધિ અનંતગણી વધારે છે.

અનિવૃત્તિકરણમાં પણ અપૂર્વકરણની જેમ અપૂર્વ સ્થિતિઘાત આદિ ચારે કાર્ય સમયે સમયે થયા કરે છે. અનિવૃત્તિકરણ જીવને સંસારકાળમાં અસંખ્યાતીવાર આવે છે.

અનાદિ સંસારમાં સર્વ જીવે અનંત યથાપ્રવૃત્તિકરણ કર્યા પરંતુ જે જીવ અપૂર્વકરણ કરે છે, તેને તે પૂર્વે ચરમ યથાપ્રવૃત્તિકરણ એક અંતર્મુહૂર્તનું થાય છે. પછી અંતર્મુહૂર્તનું અપૂર્વકરણ થાય અને ત્યાર પછી એક અંતર્મુહૂર્તનું અનિવૃત્તિકરણ થાય. આ ત્રણે કરણોમાં જીવ મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકોને ભોગવે છે.

અનિવૃત્તિકરણની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાં જ્યારે સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અંતરકરણની ક્રિયા શરૂ થાય છે. આ ક્રિયામાં મિથ્યાત્વ મોહનીય કર્મ જે ઉદયમાં આવવાના છે તેને આગળ-પાછળ કરે છે. એટલે કે અનિવૃત્તિકરણ પછીના અંતર્મુહૂર્ત કાળમાં મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકોને ઉદયમાં ન આવવા દેવા. અર્થાત્ તે સમય મિથ્યાત્વ મોહનીય કર્મના એક પણ દલિક વિનાનો બનાવી દેવો.

અસત્ કલ્પનાએ અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તના ૧૦૦ સમય છે. (વસ્તુતઃ અસંખ્ય સમય છે) જ્યારે તે

જીવ ૬૦ સમયનો અનિવૃત્તિકરણનો કાળ પસાર કરે ત્યારે બાકીના ૪૦ સમયમાં જીવ એવું કાર્ય કરે કે એ ૪૦ સમય પછી આવનારા ૧૦૦ સમયના એક અંતર્મુહૂર્તમાં એક પણ મિથ્યાત્વ મોહનીય કર્મનું દલિક ઉદયમાં રહેવા દેતો નથી. અર્થાત્ અનિવૃત્તિકરણના ૬૧-૬૨-૬૩ આદિ સમયમાં પસાર થતો એ જીવ આખા અનિવૃત્તિકરણ પછી આવનારા નવા અંતર્મુહૂર્ત કાળમાં (૧૦૦ સમયમાં) આવી શકનાર મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકોને ઉઠાવીને દૂરના કાળમાં એટલે કે એ ૧૦૦ સમયના અંતર્મુહૂર્તની ઉપરની સ્થિતિમાં અને પોતાના ભોગવાતાં ૬૧-૬૨-૬૩ આદિથી ૧૦૦ સમય સુધીની નીચલી સ્થિતિમાં ફેંકતો જાય છે. અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ (૪૦ સમય) બાકી રહે ત્યારે અંતરકરણની ક્રિયા શરૂ થાય છે. આ ક્રિયાને 'આગાલ' કહેવાય છે. તેને વધુ સ્પષ્ટતાથી સમજીએ.




(૧) અંતર્મુહૂર્તની સ્થિતિ અનિવૃત્તિકરણ    (૨) અંતર્મુહૂર્તની સ્થિતિ અંતરકરણ    (૩) અંતઃ કોડા કોડી સાગરોપમની સ્થિતિ

અંતકરણની ક્રિયામાં સહજ રીતે મિથ્યાત્વના ત્રણ ભાગ પડે છે. પ્રથમ ભાગમાં જેટલાં કર્મો અંતર્મુહૂર્તમાં ઉદયમાં આવવાના હોય તેનો ક્ષય કરે અને જે દલિકો પછીના અંતર્મુહૂર્તમાં ઉદયમાં આવવાના છે, તેની સ્થિતિ ઘટાડી શકાય તેમ હોય તેને બળાત્કારે ખેંચી ઉદયાવલિકામાં નાખી ભોગવતો જાય છે. તેને 'ઉદિરણા' કહેવાય અને જે કર્મોની સ્થિતિ ઘટાડી શકાય એમ નથી તેની સ્થિતિ વધારે છે. બીજા ભાગમાં જે કર્મ દલિકો સત્તામાં છે, તેને પ્રથમ અને ત્રીજા ભાગમાં નાખી બીજા ભાગને સંપૂર્ણ ખાલી કરે છે. આ સમયે ત્રીજી સ્થિતિમાં દલિકોને ઉપશમાવવાનું કાર્ય ચાલુ જ હોય છે. ત્રીજા ભાગના દલિકોને બળાત્કારે ખેંચી પ્રથમ ભાગમાં ઉદયાવલિકામાં નાંખે છે. જેને 'આગાલ' કહેવાય છે. આ ત્રણે ક્રિયા એક સાથે થાય છે. પ્રથમ ભાગની અંતર્મુહૂર્તની સ્થિતિમાં બે આવલિકા (એક આવલિકા = અસંખ્યાત સમય) બાકી રહે, ત્યારે આગાલ પૂર્ણ થાય અને એક આવલિકા જેટલો સમય બાકી રહે, ત્યારે ઉદિરણા પણ બંધ થાય કારણકે હવે જીવને, એક અંતર્મુહૂર્ત સુધી એક પણ કર્મ ઉદયમાં આવી ભોગવવાનું બાકી રહે એવું હોતું નથી.

અંતરકરણ એ અનિવૃત્તિકરણનો જ એક વિભાગ છે. જેમ લાકડાના બે ટુકડા પર ઘા પડતાં વચ્ચે અંતર પડે છે, તેમ મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકોનું બે વિભાગમાં વિભક્ત થવું; તે અંતરકરણ છે. અર્થાત્ મિથ્યાત્વના

દલિકો વિનાની સ્થિતિ તે અંતરકરણ[17]. મિથ્યાત્વના દલિકો વિનાની શુદ્ધ ભૂમિને 'ઉપશમાદ્ધા' કહેવાય છે[18]. તેમાં પ્રવેશતા પ્રથમ સમયે જ ઉપશમ સમકિત પ્રાપ્ત થાય છે. હવે "જીવ અંતર્મુહૂર્ત સુધી મોહનો ઉપશમ કરી ઉપશમ સમકિતી બને છે. અહીં નૈસર્ગિક સમકિત અથવા ગુરુના ઉપદેશથી અધિગમ સમકિત પામે છે.

ઉપશમ સમકિત પ્રાપ્ત થતાં જીવ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકે આવે છે. ત્યાં સુધીની સર્વ પ્રક્રિયા તે પ્રથમ ગુણસ્થાનકે જ કરે છે. ઉપશમ સમકિત પ્રાપ્ત કર્યા પછી જીવ ઉપશમાવેલ મિથ્યાત્વ મોહનીય કર્મના અંતઃ ક્રોડા ક્રોડી સાગરોપમની સ્થિતિના દલિકોને સ્વચ્છ કરવાનું કાર્ય કરે છે. જેને શાસ્ત્રીય ભાષામાં 'પૂંજ' કહેવાય છે. આવો પ્રયત્ન કરવાથી જે કર્મ દલિકો સર્વથા શુદ્ધ થાય છે, તેને 'સમ્યક્ત્વ મોહનીય' કહેવાય છે. જે અર્ધશુદ્ધ બને છે, તેને 'મિશ્ર મોહનીય' કહેવાય છે. જે અશુદ્ધ જ રહે છે, તેને મિથ્યાત્વ મોહનીય કહેવામાં આવે છે.

ઔપશમિક સમકિતનો અંતર્મુહૂર્ત કાળ પૂર્ણ થતાં (૧) મિથ્યાત્વ મોહનીયરૂપ અશુદ્ધ પૂંજના ઉદયથી જીવ પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય છે. અથવા (૨) અર્ધ શુદ્ધ પૂંજનો ઉદય થવાથી જીવ ત્રીજા મિશ્ર ગુણસ્થાનકે જાય છે અથવા (૩) વિશુદ્ધ પૂંજના ઉદયથી જીવ ક્ષયોપશમ સમકિતી અર્થાત્ વેદક સમકિતી બને છે[19]. ઉપશમ સમકિતની મદદથી આત્મા મિથ્યાત્વ મોહનીયના ત્રણ વિભાગ બનાવે છે. અંતર્મુહૂર્ત કાળ પૂર્ણ થતાં તેમાંથી ગમે તે એક પૂંજનો ઉદય થાય છે.

અધ્યવસાયોની વિશુદ્ધિ વધતાં સમકિતી જીવ મિથ્યાત્વનાં દલિકોને સમકિત મોહનીય અથવા મિશ્ર મોહનીયમાં સંક્રમાવે છે. તેથી વિપરીત જે સમકિતથી પતિત થઈ મિથ્યાદૃષ્ટિ બન્યો હોય તે પૂર્વે કરેલાં પૂંજોમાંના મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય આ બંને પૂંજોને મિથ્યાત્વમાં સંક્રમાવે છે.[20]

સમકિતી આત્મા અધ્યવસાયોની શુદ્ધિથી મિથ્યાત્વ પૂંજનો સંપૂર્ણ ક્ષય કરી ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે છે.[21]

સમકિતથી પડિવાઈ થયેલો આત્મા ફરીથી સમકિત પામે ત્યારે પણ અપૂર્વકરણ વડે ત્રણ પૂંજો કરે છે અને અનિવૃત્તિકરણ દ્વારા સમ્યક્ત્વ પૂંજને ઉદયમાં લઈ ક્ષયોપશમ સમકિત પામે છે.

## કર્મગ્રંથ અને સિદ્ધાંતકારો વચ્ચે સમ્યક્ત્વ પરત્વે મતભેદ.[22]

(૧) કર્મગ્રંથ અનુસાર અનાદિ મિથ્યાદૃષ્ટિ સર્વ પ્રથમ ઔપશમિક (ઉપશમ) સમકિત પ્રાપ્ત કરે છે. ઔપશમિક સમકિતનો અંતર્મુહૂર્તનો કાળ પૂર્ણ થતાં ક્ષયોપશમ સમકિતી, મિશ્રદૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ એ ત્રણ સ્થિતિમાંથી કોઈ પણ એક સ્થિતિ પ્રાપ્ત કરે છે.

સિદ્ધાંતકારોના મતે અનાદિ મિથ્યાદૃષ્ટિ પ્રથમ ઉપશમ સમકિત જ પ્રાપ્ત કરે, એવો એકાંત નિયમ નથી. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ અધ્યવસાયોની વિશુદ્ધિથી અપૂર્વકરણમાં પ્રવેશી, ગ્રંથિભેદ કરી મિથ્યાત્વના ત્રણ પૂંજ કરે. પછી અનિવૃત્તિકરણના સામર્થ્ય વડે શુદ્ધ પૂંજને વેદતો (ઉપશમ સમકિત પ્રાપ્ત કર્યા વિના) પ્રથમ ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત કરી શકે છે.

(૨) કર્મગ્રંથ અનુસાર અનાદિ મિથ્યાત્વી જીવને સૌ પ્રથમ ઉપશમ સમકિતની પ્રાપ્તિ મનુષ્ય ભવમાં જ થાય છે. જ્યારે સિદ્ધાંતકાર અનુસાર કોઈ જીવને સર્વ પ્રથમ ક્ષયોપશમ અથવા કોઈ જીવને ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. આ સમકિત ચારે ગતિના જીવો પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાતાધર્મકથામાં મેઘકુમારના આત્માએ હાથીના ભવમાં તથા દિગંબર મત અનુસાર ભગવાન મહાવીરના આત્માએ સિંહના ભવમાં સમકિતી પ્રાપ્ત કર્યું હતું, એવી માન્યતા છે.

(૩) સિદ્ધાંતકારોના મત અનુસાર જે જીવ સર્વ પ્રથમ ઔપશમિક સમકિત સંપાદન કરે છે, તેનો પ્રકાર કર્મગ્રંથકારોએ દર્શાવેલ યથાપ્રવૃત્તિકરણ આદિ ત્રણ કરણની પ્રાપ્તિપૂર્વક અંતરકરણના પ્રથમ સમયે ઔપશમિક સમકિત પ્રાપ્ત થાય છે ત્યાં સુધી મળતો આવે છે. અહીં વિશેષતા એ છે કે ઔપશમિક સમકિતના અનુભવ કાળમાં તે જીવ 'પૂંજ' કરતો નથી. અહીં સ્પષ્ટ થાય છે કે, [13]જીવ નિર્મળ ઔપશમિક ભાવને અંતર્મુહૂર્ત સુધી અનુભવી, ત્યાર પછી મિથ્યાદૃષ્ટિ જ બનશે. તેને ક્ષયોપશમ કે મિશ્રદૃષ્ટિ એવી સ્થિતિ પ્રાપ્ત થતી નથી.

જે જીવ પ્રથમ ક્ષયોપશમ સમકિત સંપાદન કરે છે, તે પૂર્વે પ્રથમ યથાપ્રવૃત્તિકરણનો અધિકારી બને. ત્યાર પછી અપૂર્વકરણના અધ્યવસાયો વડે ગ્રંથિભેદ કરે. અપૂર્વકરણના બળથી જ ત્રણ પૂંજ કરે પછી અનિવૃત્તિકરણને પ્રાપ્ત કરે. એ કરણના બળથી શુદ્ધ, મિશ્ર કે અશુદ્ધ એવા ત્રણ પૂંજમાંથી શુદ્ધ પૂંજનો જ અનુભવ કરે અર્થાત્ ક્ષયોપશમ સમકિત મેળવે છે. તેથી ઔપશમિક સમકિતનો અધિકારી થયા વિના જ જીવ ક્ષયોપશમ સમકિતનો સ્વામી બને છે.

આ પ્રમાણે સિદ્ધાંતકારો અને કર્મગ્રંથના મતમાં ભિન્નતા હોવા છતાં અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ જ શ્રેણી વિનાનું ઔપશમિક સમકિત પામે છે. આ સંદર્ભમાં બંને સંમત છે.

(૪) કર્મગ્રંથકારોના મતે ક્ષયોપશમ સમકિતી જીવ મરીને વૈમાનિક દેવપણે જ ઉત્પન્ન થાય છે. સિદ્ધાંતકારોના મતે સમકિત પ્રાપ્ત કર્યા પહેલાં જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે ગતિમાં તે જીવ જાય છે અને સમકિત પણ તેની સાથે જાય છે. નરકગતિમાં છઠ્ઠી નરક સુધી સમ્યક્ત્વ સાથે લઈ જાય છે. શ્રેણિક મહારાજાએ સમકિત પ્રાપ્ત કરવા પૂર્વે નરકનું આયુષ્ય બાંધ્યું હોવાથી, તેઓ સમકિતી હોવા છતાં નરકમાં ગયા.

(૫) સિદ્ધાંતકારોના મતે ગ્રંથિભેદ થયા પછી કોઈ આત્મા સમકિત વમી નાખે, તો પણ તે મિથ્યાત્વી જીવ હવે ઉત્કૃષ્ટ કોટિના કર્મબંધન કરતો નથી. [14]જ્યારે ગ્રંથકારોના મતે મિથ્યાદૃષ્ટિ બનેલો આત્મા ઉત્કૃષ્ટ કોટિનાં કર્મો બાંધે છે પરંતુ ઉત્કૃષ્ટ રસવાળાં કર્મો બાંધતો નથી.

આ બંને પક્ષમાં સ્થિતિના સંદર્ભમાં વિવાદ છે. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પોતાનું તીવ્રપણું રસ વિના દર્શાવી ન શકે, તેથી ખાસ કોઈ ભિન્નતા નથી.

# પરિશિષ્ટ-૨ યોગચક્ર સાથે સમકિતની તુલના

માનવમાંથી મહામાનવ, મહામાનવમાંથી અતિમાનવ બનાવનાર મનુષ્યની કાયામાં ગુપ્ત રહેલી ઉચ્ચ આધ્યાત્મિક શક્તિને કુંડલિની કહેવાય છે. તેને ભારતીય તથા પાશ્ચાત્ય સંસ્કૃતિએ પોતાના ધાર્મિક ગ્રંથોમાં વિવિધ નામે સંબોધી છે. ખ્રિસ્તી ધર્મમાં તેને 'હોલી સ્પિરિટ', જાપાનમાં તેને 'કી' અને ચીનમાં તેને 'ચી' કહી છે. વેદ અને ઉપનિષદમાં તેને 'ચિતિ શક્તિ', શિવ સૂત્રમાં તેને 'ઉમા' કહી છે. ચિતિ શક્તિ એટલે ચેતન શક્તિ. આ શક્તિ પ્રત્યેક પ્રાણીમાં સ્વતંત્રપણે રહેલી છે. જેને પ્રાણ શક્તિ કહેવાય છે. આ ચેતન શક્તિની ગ્રંથિભેદ સાથે તુલના પ્રસ્તુત છે.

- આ ચેતન શક્તિ આત્મકલ્યાણ કરાવનાર છે. જીવનમાં પાનખરમાંથી વસંતનું આગમન કરાવનાર છે. જીવત્વનું શિવત્વ સાથે જોડાણ કરાવનાર છે. તેનાથી યોગની પૂર્ણતા પ્રાપ્ત થાય છે.

સમ્યગ્દર્શન એટલે સત્ય દર્શન. જે માનવને પૂર્ણતાની પ્રાપ્તિ કરાવનાર છે, સિદ્ધિપદનું બીજ છે.

- આ કુંડલિની શક્તિના બે સ્વરૂપ છે. અવિદ્યા અને વિદ્યા. કુંડલિની પ્રત્યેક માનવમાં મૂલાધાર ચક્રમાં સાડા ત્રણ કુંડાળામાં ગોઠવાઈને સૂતેલી છે. તે ભુજંગાકારે હોવાથી તેને 'સર્પિણી' પણ કહેવાય છે. આ અવસ્થામાં માનવીની દ ષ્ટિ વિષય સુખો અને દુનિયાદારીના ભોગો ભોગવવા તથા મેળવવા તરફ હોય છે. તેથી તેવી અવસ્થામાં કુંડલિની કર્મબંધનનું કારણ બને છે; જેને અવિદ્યા અવસ્થા કહેવાય છે.

જૈનદર્શન અનુસાર ઉપરોક્ત સ્થિતિ એ ગ્રંથિભેદ પૂર્વેની અચરમાવર્ત કાળની અવસ્થા છે. જેને 'બહિરાત્મ દશા' કે 'કૃષ્ણપક્ષ' કહી શકાય. જ્યાં મોહની પ્રચુરતાના કારણે દ ષ્ટિમાં વિપર્યાસ છે. આવા જીવોને 'ભવાભિનંદી' કહેવાય છે. ભવ પ્રત્યે અત્યંત અહોભાવ હોવાથી ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. આ સ્થિતિમાં જીવ કર્મની ૧૫૮ પ્રકૃતિઓ બાંધે છે. ત્યાં કર્મની સઘનતા વિશેષ પ્રમાણમાં હોય છે. જીવની આ ઘોર અંધકારમય દશા છે.

- સંસારથી અથડાતાં, કૂટાતાં, કર્મના કટુવિપાકો ચાખતાં જ્યારે સંસાર પ્રત્યે અણગમો ઉત્પન્ન થાય છે, મોક્ષ તરફની રુચી વધે છે, પરમાત્મા થવાની પ્રભુતા જાગે છે ત્યારે કુંડલિની શક્તિ જાગૃત બને છે; જેને વિદ્યા અવસ્થા કહેવાય છે. આ અવસ્થામાં માનવી પાપોને નષ્ટ કરે છે.

જૈનદર્શન અનુસાર અર્ધપુદ્ગલ પરાવર્તન જેટલો સંસાર કાળ જેનો બાકી રહે છે, તેવા જીવો શુક્લપક્ષી કહેવાય છે. ચરમાવર્ત કાળમાં આવ્યા પછી જ યોગદ ષ્ટિમાં પ્રવેશ થાય છે. તેવા જીવોને સંસાર અને ભોગોથી છૂટવાનો તલસાટ જાગે છે. તેનો મોક્ષ મેળવવા તરફનો ઝોક વધુ તીવ્ર બને છે. તે અભિનિવેશ-કદાગ્રહ, માત્સર્ય આ સર્વ દોષો ત્યજે છે. તે સત્સંગતિ અને સદાચાર પ્રવૃત્તિ દ્વારા આત્મિક ગુણોનો વિકાસ સાધે છે. તે દર્શન મોહનીય કર્મનો ક્ષય કરી કોઈ ધન્ય ઘડીએ ગ્રંથિભેદ કરે છે. તેનામાં દેહ ભાવથી છૂટવાનો વિવેક જન્મે છે. આ અવસ્થા તે 'અંતરાત્મદશા' કે 'શુક્લપક્ષ' કહેવાય છે. ગ્રંથિભેદ કરી સમકિત પ્રાપ્ત કરનાર આત્મા પાપભીરુ હોવાથી ઉત્કૃષ્ટ કોટિના પાપ ન બાંધે

સમકિતી આત્માને ૪૧ પ્રકૃતિઓનો અબંધ હોય છે*. આ અવસ્થા વિદ્યા સાથે તુલનીય છે.

- કુંડલિની શક્તિ મૂલાધારમાં શયન કરે છે, જે મિથ્યાત્વ અવસ્થા સાથે તુલનીય છે. મિથ્યાત્વ અવસ્થાના અંતિમ સમયે કર્મના ક્ષયોપશમ અને અકામ નિર્જરાના બળે કોઈક સાધકને આત્મિક શક્તિ જાગૃત થાય છે. સ્વામી વિવેકાનંદને તેમના ગુરુ રામકૃષ્ણ પરમહંસે કુંડલીની વિદ્યા આપી હતી.
- આ કુંડલિની મહાશક્તિને જાગૃત કરવામાં હઠયોગ, પ્રાણાયામ, આસન, મુદ્રા, મંત્રો આદિના અભ્યાસની જરૂર છે. કોઈ અનુભવી સિદ્ધિ પ્રાપ્ત ગુરુના સ્પર્શ, સંકલ્પ, શબ્દ કે દૃષ્ટિથી પણ આ શક્તિ જાગૃત થાય છે.

ગ્રંથિભેદની પ્રક્રિયા સદ્‌ગુરુના માધ્યમે અથવા સ્વાભાવિક(જાતિસ્મરણ જ્ઞાન ઈત્યાદિ) રીતે થાય છે. પ્રભુ મહાવીરે ગૌતમ ગણધરને, ચંડકૌશિક સર્પને, અર્જુન માળીને સમ્યક્ બોધિ પ્રાપ્તિ કરાવી હતી. ગૌતમ ગણધરના મુખેથી મહાવીર સ્વામીનું વર્ણન સાંભળી હાલિક ખેડૂત સમકિત પામ્યો.

- કુંડલિની જાગૃત થતાં મૂલાધાર ચક્રને ભેદી વિવિધ ચક્રોમાંથી પસાર થતી સહસ્રારચક્ર સુધી પહોંચે છે. ત્યારે તે યોગીને ચૈતસિક શક્તિઓ, સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

ગ્રંથિભેદ કરનાર સાધકને સંસારની અનિત્યતા સમજાય છે ત્યારે અધ્યવસાયોની વિશુદ્ધિ, સંયમ અને તપથી કેટલીક અંતરંગ સિદ્ધિઓ પ્રગટે છે. સિદ્ધ પ્રભાવકને આવી સિદ્ધિઓ સાંપડે છે, જેનો ઉપયોગ સ્વ માટે ન કરતાં જિનશાસનના ઉદ્ધાર માટે કરે છે.

- કુંડલિનીને જાગૃત કરવા પ્રાથમિક ભૂમિકામાં ચિત્તશુદ્ધિ આવશ્યક છે. કુંડલિની શક્તિની સુરક્ષા હેતુ બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય, અસ્તેય, શૌચ, અપરિગ્રહ, તપ, સંતોષ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન આદિ સદ્‌ગુણોની આવશ્યકતા છે.

જૈનદર્શન અનુસાર ગ્રંથિભેદની પ્રાથમિક ભૂમિકામાં સદાચાર અને નૈતિક ગુણોનું પાલન આવશ્યક છે; જેને માર્ગાનુસારીના પાંત્રીસ બોલ કહેવાય છે. આ પાંત્રીસ બોલ સમકિતનાં બીજ છે, જે ચિત્તશુદ્ધિ કરે છે. ચિત્તશુદ્ધિ વિના સમકિત જેવો અમૂલ્ય ગુણ પ્રગટ પણ ન થાય તેમજ ન ટકે.

- કુંડલિની જાગૃત થતાં મૂલાધારને છોડી સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપૂર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધિ ચક્ર, આજ્ઞા ચક્રમાં ઉર્ધ્વગમન કરી ધીમે ધીમે અથવા એક ઝાટકે સહસ્રાર ચક્રમાં પહોંચે છે. ત્યારે તે કદમાં નાની બની જઈ સહસ્રાર ચક્રમાં ચોંટી જાય છે. તે સમયે તેનો મૂલાધાર ચક્ર સાથેનો સંપર્ક તૂટી જાય છે.

સમકિત પ્રાપ્ત થતાં ભવ્ય જીવનો મિથ્યાત્વ સાથેનો સંબંધ તૂટી જાય છે. ક્ષાયિક સમકિતી આત્માનો મિથ્યાત્વ સાથેનો સંપર્ક સદાને માટે છૂટી જાય છે, પણ ઉપશમ અને ક્ષયોપશમ સમકિતી

---

*૧) મિથ્યાત્વ ૨) હુંડક સંસ્થાન ૩) નપુંસક વેદ ૪) સેવાર્ત સંહનન ૫) એકેન્દ્રિય ૬) સ્થાવર નામ ૭) આતપ નામ ૮) સૂક્ષ્મ ૯) અપર્યાપ્ત ૧૦) સાધારણ ૧૧-૧૩) વિકલેન્દ્રિય ૧૪-૧૬) નરકત્રિક. આ સોળ પ્રકૃતિના બંધનું કારણ મિથ્યાત્વ હોવાથી સમકિતી આત્મા ન બાંધે. અનંતાનુબંધી કષાય ચતુષ્કના કારણે ૨૫ પ્રકૃતિનો બંધ થાય છે. ૧-૪) અનંતાનુબંધી ચતુષ્ક ૫-૭) સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા ૮-૧૦) દુર્ભગ, દુઃસ્વર, અનાદેય ૧૧-૧૪) ન્યગ્રોધ પરિમંડલ, સ્વાતિ, કુબ્જ, વામન સંસ્થાન ૧૫-૧૮) ઋષભનારચ સંહનન, નારચ, અર્ધનારચ, કીલિકા સંહનન ૧૯) અપ્રશસ્ત વિહાયોગતિ ૨૦) સ્ત્રીવેદ ૨૧) નીચ ગોત્ર ૨૨-૨૪) તિર્યંચત્રિક ૨૫) ઉદ્યોત નામ કર્મ. આ પ્રમાણે સમકિતી ઉપરોક્ત ૧૬+ ૨૫ = ૪૧ પ્રકૃતિ ન બાંધે.

આત્માને ફરીથી મિથ્યાત્વ અવસ્થા પ્રાપ્ત થઈ શકે છે.

- જેમ કુંડલિની મૂલાધાર ચક્રમાંથી સહસ્રાર ચક્રમાં આવનજાવન કરે છે, તેમ ક્ષયોપશમ સમકિતી આત્મા પણ અસંખ્યાતી વખત મિથ્યાત્વ અને સમકિતની ભૂમિકા વચ્ચે આવનજાવન કરે છે.
- કુંડલિની જાગૃત થતાં સાધક ક્રિયાશીલ બને છે.

સમકિત પ્રાપ્ત થતાં કોઈ આત્મા વિશેષ પુરુષાર્થ દ્વારા અપ્રત્યાખ્યાની ચતુષ્કનો ક્ષય કરી દેશવિરતિ કે સર્વવિરતિ ધર્મ અંગીકાર કરે છે. હવે તે મુક્તિ પંથે ઝડપથી ડગ માંડે છે. તેની પાપની પ્રવૃત્તિઓ પ્રાયઃવિરામ પામે છે.

- કુંડલિની શક્તિ જાગૃત કરનાર સાધક એક વિશિષ્ટ પ્રકારનો આનંદ અનુભવે છે.

ગ્રંથિભેદ કરી અંતરકરણના પ્રથમ સમયે અનંતાનુબંધી ચતુષ્ક પર વિજય મેળવનાર આત્માના મુખમાંથી સહજ નીકળે છે-

અમે ઈડરીયો ગઢ જીત્યા રે, આનંદભર્યા...
અમે સમકિત પદવી પામ્યા રે, આનંદભર્યા...
અમે મુક્તિપદમાં જઈ મહાલશું રે, આનંદભર્યા...

- કુંડલિની જાગૃત થતાં સાધકની સર્વ ભ્રાંતિઓ દૂર થાય છે, તેમ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરનાર આત્માના સર્વ સંશયો વિરામ પામે છે.
- જીવશક્તિનું શિવશક્તિમાં જોડાણ કરવાનારી આ કુંડલિની શક્તિ સર્વ આત્માની અંદર નિહિત છે. 'સોહમ્', 'અહં બ્રહ્માસ્મિ' જેવાં મંત્રો પણ એ જ સૂચવે છે કે આત્માની અંદર અનંત જ્ઞાન છે. તેને બહાર કયાંય શોધવાની જરૂર નથી.

સૂફી સંત કબીર કહે છે-

મૈં તો તેરે પાસમેં, કહાં ઢૂંઢે બંદે;
ના તીરથમેં, ના મૂરતમેં, ના એકાંત નિવાસમેં;
ના મંદિરમેં, ના મસ્જિદમેં, ના કાશી કૈલાસમેં
ખોજી હોય તુરત મીલ જાઉં, એક પલકી હી તલાશમેં;
કહત કબીર સુનો ભાઈ સાધો, મૈં તો હું વિશ્વાસમેં

પ્રાચીન કવિ ચ્યામતજીએ પણ કહ્યું છે-

હૈ દર્શન જ્ઞાન-ગુણ તેરા, ઈસે ભુલા હૈ ક્યોં મૂરખ ?
તેરે મેં ઔર પરમાતમમેં નહીં ભેદ અય ચેતન !
રતન આતમ કો મૂરખ કાંચ બદલ ક્યોં બિકતા હૈ ?
વિના સમકિત કે ચેતન જનમ વિરથ ગંવાતા હૈ !

આમ, ગ્રંથિભેદ(સમકિત પ્રાપ્તિની પ્રક્રિયા) તેમજ કુંડલિની શક્તિનું જાગરણ કેટલેક અંશે સમાનતા ધરાવે છે.

# પરિશિષ્ટ-૩ પ્રદેશી રાજા અને કેશી સ્વામીની કથા

જાતિમદ, કુળમદ કે અર્થમદમાં ડૂબેલા તથા સ્વર્ગ, નરક જેવી અપ્રત્યક્ષ વસ્તુઓ વિષે શંકાશીલ પ્રદેશી રાજાનો કેશી સ્વામી સાથેનો વાદવિવાદ શ્રી રાયપસેણીય સૂત્રના આધારે પ્રસ્તુત છે. સત્તરમા શતકના કવિ સમય સુંદરે પણ કેશી-પ્રદેશી પ્રબંધની રચના રાયપસેણીય સૂત્રના આધારે કરી છે.

શ્વેતવિકા (શ્વેતાંબી) નગરીમાં પ્રદેશી નામે નાસ્તિક રાજા હતો. તેને ચિત્રસારથી નામે જૈન મંત્રી હતો. ચિત્રસારથીએ ચાર જ્ઞાનના ધારક ભગવાન પાર્શ્વનાથની પરંપરાના કેશી ગણધર પાસે શ્રાવસ્તિ નગરીમાં શ્રેષ્ઠ શ્રાવકધર્મ સ્વીકાર્યો. એક વખત ચિત્રસારથી મંત્રીના આગ્રહથી કેશી ગણધર શ્વેતાંબી નગરીમાં પધાર્યા. ચિત્રસારથી કંબોજ દેશથી આવેલા ઘોડાઓનું પરીક્ષણ કરવાના બહાને પ્રદેશી રાજાને કેશી શ્રમણ પાસે લઈ ગયો. ચિત્રસારથી કલ્યાણ મિત્ર હતો. રાજા અને પ્રજાનો હિતેચ્છુ હતો. તેણે નાસ્તિક અને અધર્મી એવા પ્રદેશી રાજાને કેશી સ્વામીનો સંપર્ક કરાવ્યો.

તે સમયે કેશી ગણધર જનપરિષદને દેશના આપતા હતા. કેશી શ્રમણ જીવનું સ્વરૂપ દર્શાવી રહ્યા હતા. ત્યારે આશ્ચર્ય સાથે પ્રદેશી રાજાએ કેશી શ્રમણ પાસે વિનય કર્યા વિનાજ દૂર ઊભા રહી પૂછ્યું, “હે ભદંત! જે વસ્તુ પ્રત્યક્ષ દેખાય છે તે જ સત્ છે. જીવ અપ્રત્યક્ષ છે. તેથી આકાશ કુસુમની જેમ અવિદ્યમાન છે તેમજ ધર્મ વગેરે આ જગતમાં સર્વથા છે જ નહીં. મારા દાદી શ્રાવિકા હતા અને મારા દાદા નાસ્તિક હતા. મરણ સમયે મેં તેમને કહ્યું હતું કે સ્વર્ગમાં તમને જે સુખ અથવા નરકમાં તમને જે દુઃખ થાય તે મને જણાવજો પણ મૃત્યુ પછી ન તો મારા દાદી સ્વર્ગના સુખો કહેવા આવ્યા, ન મારા દાદા નરકનાં દુઃખો મને જણાવવા આવ્યા. તેથી હું માનું છું કે સ્વર્ગ, નરક કે ધર્મ-અધર્મ જેવી કોઈ વસ્તુ નથી. વળી મેં એક ચોરને પકડી તેને મારી નાખ્યો. તેના નખ જેવડા નાના નાના ટુકડા કર્યા, છતાં મને ક્યાંય જીવ દેખાયો નહીં. એક જીવતા માનવીના શરીરનું અને એક મૃત્યુ પામેલા માનવીના શરીરનું વજન કર્યું. તેમાં પણ કોઈ ફરક જણાયો નહીં. મેં છિદ્ર વિનાની કોઠીમાં એક માણસને પૂર્યો. તે કોઠીનું ઢાંકણું સજ્જડ રીતે બંધ કર્યું. કોઠીની અંદર રહેલો માણસ મૃત્યુ પામ્યો. તેના શરીરમાં પડેલા અસંખ્ય કીડાઓ મેં જોયા પણ તે માણસનો જીવ કોઠીમાંથી બહાર નીકળવાનો તથા તે કીડાના જીવોને કોઠીમાં પ્રવેશવાનો વાળના અગ્ર ભાગ જેટલો પણ માર્ગ ન હતો. વળી મેં જીવને કોઠીમાં પ્રવેશતાં કે નીકળતાં જોયો નથી, તેથી હું માનું છું કે દેહ અને જીવ એક જ છે. શરીરના નાશની સાથે જીવનો પણ નાશ થાય છે. હું જીવસત્તાનો સ્વીકાર શી રીતે કરું?”

પ્રદેશી રાજાની શંકાનું નિરાકરણ કરવા કેશી ગણધરે કહ્યું, “દેવલોકના દેવો ચાર કારણે આ મૃત્યુલોકમાં આવતા નથી. (૧) દેવલોકના કામભોગમાં મગ્ન રહેવાથી (૨) દેવ-દેવીઓના પ્રેમ સંબંધમાં આસક્તિથી (૩) દેવલોકનાં નાટક ઈત્યાદિ ભોગોમાં તલ્લીન બનવાથી (૪) મનુષ્યલોકની દુર્ગંધથી (૪૦૦ થી ૫૦૦ યોજન ઊંચે

ઉછળે છે.) તારા દાદી સ્વર્ગ સુખોમાં નિમગ્ન હોવાથી તને કહેવા આવ્યા નથી. તેવી જ રીતે નારકી પણ ચાર કારણે મૃત્યુલોકમાં આવતા નથી. (૧) તીવ્ર વેદનામાંથી મુક્તિ ન મળે (૨) પરમાધામી દેવો દ્વારા દંડાય છે. (૩) અશાતાના વેદનીય કર્મનો ઉદય છે (૪) નરકના આયુષ્યનો નિકાચિત ઉદય છે. આ કારણે તારા દાદા નરકની વેદનાથી આકુળ હોવા છતાં અહીં આવી શકતા નથી. હે રાજન્ તારી પ્રિય રાણી સૂરિકંતા સાથે કોઈ પુરુષ વિષય સેવન કરે તો તે દુરાચારી પુરુષને તું ગમે તેટલી આજીજી કરવા છતાં છોડી મૂકે ? તેના સ્વજનોને મળવાની પરવાનગી આપે ? તેમ તારા દાદા પણ અપરાધી છે, તે મનુષ્ય લોકને ઇચ્છે છતાં ત્યાંથી નીકળી ન શકે.

હે પ્રદેશી! અરણીના કાષ્ટની અંદર અગ્નિ હોવા છતાં તેના ગમે તેટલા ઝીણા ટુકડા કરીએ તો પણ અગ્નિ દેખાય જ નહિ, તેમ શરીરના ગમે તેટલા ઝીણાં ટુકડા કરો તો પણ જીવ ક્યાં છે તે દેખાય નહીં. સર્વજ્ઞ ભગવંત જીવને પ્રત્યક્ષ જુએ છે. તું તારા શરીરના પાછળના ભાગને પણ જોઈ શકતો નથી, તો જીવ તો અરૂપી છે. તેને તું શી રીતે જોઈ શકે? તેથી જીવ સત્તા છે, પરલોક છે, સ્વર્ગ-નરક છે એવું પ્રમાણ કર.

લુહારની ધમણ વાયુથી ભરેલી હોય કે ખાલી હોય તેને તોળો છતાં તેના વજનમાં રતિ (અંશ) માત્ર પણ ફેર જણાશે નહીં, તેવી જ રીતે જીવયુક્ત શરીર અને જીવ રહિત શરીરનું સમજવું. જીવને અગુરુલઘુત્વ નામનો ગુણ છે, તેથી તેનું વજન નથી.

કોઠીની અંદર પૂરેલો માણસ અંદર શંખ આદિ વગાડે તો શબ્દ બહાર સંભળાય છે પણ તે શબ્દ કયા માર્ગે બહાર આવ્યાં તે જણાતું નથી, તેવી જ રીતે કુંભી (કોઠી)ની અંદર પૂરેલા માણસનો જીવ શી રીતે બહાર નીકળ્યો અને કુંભીની અંદર થયેલા કીડાના જીવો શી રીતે અંદર પ્રવેશ્યા તે જાણી શકાય નહીં કારણકે જીવ અપ્રતિહત ગતિના ગુણવાળો છો."

પ્રદેશી રાજાને બોધ પમાડવા કેશી ગણધરે અનેક યુક્તિઓ દર્શાવી. પ્રદેશી રાજાએ કહ્યું, "આપ કહો છો તે વાત સત્ય છે. તમારા ઉપદેશથી મારા હૃદયમાંથી મિથ્યાત્વરૂપી શલ્ય દૂર થયું છે પરંતુ કુળ પરંપરાથી નાસ્તિક મતને હું શી રીતે છોડું ?"

કેશી ગણધરે કહ્યું, "જેમ પરંપરાથી આવેલા દારિદ્ર, રોગ, દુઃખ આદિનો ત્યાગ થાય છે, તેમ નાસ્તિકપણું છોડવા યોગ્ય જ છે. હે પ્રદેશી ! કેટલાક વણિકો વ્યાપાર માટે પરદેશ ગયા. માર્ગમાં પ્રથમ લોખંડની ખાણ આવી. ત્યાંથી ઉપાડી શકાય તેટલું લોખંડ દરેકે લીધું. આગળ ચાલતાં તાંબાની ખાણ આવી. દરેકે લોખંડ છોડી તાંબું લીધું, પણ લોહ વણિકે ઘણા સમયથી લોખંડનો ભાર ઉપાડેલો, તેને સારી રીતે બાંધેલું, તેની પાછળ ખૂબ મહેનત કરી હતી, તેથી તે લોખંડ તેણે ન છોડ્યું. માર્ગમાં આગળ વધતાં ચાંદી, સોનું, રત્ન અને હીરાની ખાણો આવી. દરેકે કિંમતી વસ્તુઓને ગ્રહણ કરી અને તુચ્છ વસ્તુઓનો ત્યાગ કર્યો. લોહ વણિકે છેવટ સુધી લોખંડ ન છોડ્યું. બધા વણિકો વતનમાં પાછા ફર્યા. લાવેલ વસ્તુઓને વેચી શ્રીમંત થયા. લોહ વણિકે લોખંડ વેચી અલ્પ ધન

મેળવ્યું. તે ધન ખર્ચાઈ જતાં નિર્ધન બન્યો. લોહ વણિક પશ્ચાતાપ કરવા લાગ્યો. પોતાના ભાગ્યને કોસવા લાગ્યો, તેમ હે પ્રદેશી ! જો તમે ખોટી પ્રણાલિકા અને વિકૃત વ્યવહારનો ત્યાગ નહીં કરો તો લોહ વણિકની જેમ પાછળથી પસ્તાશો. કુળાચાર એ ધર્મ નથી પરંતુ પ્રાણી રક્ષા એ ધર્મ છે."

કેશી શ્રમણના વચનોથી પ્રદેશી રાજા જાગૃત થયો. તે બાર વ્રતધારી સુશ્રાવક થયો. પ્રદેશી રાજાની સૂર્યકાંતા રાણીએ પર પુરુષમાં આસક્ત થઈ, પૌષધના પારણે પ્રદેશી રાજાને ઝેર આપ્યું. આ વાતની પ્રદેશી રાજાને જાણ થઈ, છતાં રાણી પર દ્વેષ ન કર્યો. પોતાના અશુભ કર્મનો ઉદય સમજી પ્રદેશી રાજાએ અનશન કર્યું. તે સમતાભાવે મૃત્યુ પામી સૌધર્મ દેવલોકે સૂર્યાભ વિમાનમાં દેવ પણે ઉત્પન્ન થયા.

પ્રસ્તુત રચનામાં જીવ અને શરીર સંબંધી જૈન ફિલસૂફીની ચર્ચા કરવામાં આવી છે. જીવ અને શરીર (અજીવ) બંને સ્વતંત્ર દ્રવ્ય છે; એવું વિવિધ દૃષ્ટાંત દ્વારા સુંદર રીતે ગ્રંથકાર પ્રસ્તુત કરે છે. જે આજના વૈજ્ઞાનિક યુગમાં ધર્મ પ્રત્યે અભાવ અથવા નાસ્તિક જણાતા યુવાનો માટે અતિ ઉપયોગી છે. આ કથા દ્રવ્યાનુયોગનું પ્રતિપાદન કરે છે. જેમાં જીવ અને અજીવ દ્રવ્યની વાત કહી છે. આ વિષય ઘણો ગહન છે. દ્રવ્યાનુયોગની વિચારણાથી દર્શન-સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે. અર્થાત્ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

પ્રદેશી રાજા નાસ્તિક હતા પરંતુ કદાગ્રહી ન હતા. તેઓ જિજ્ઞાસુ હતા તેથી કેશી શ્રમણને વિવિધ રીતે પ્રશ્નો પૂછી, જીવ અને દેહ સંબંધી પોતાની મિથ્યા માન્યતાઓને બદલી નાખી. કદાગ્રહી ન હોવાથી જ પ્રદેશી રાજાને હરિભદ્રસૂરિની જેમ સત્ય સમજાતાં તે સ્વીકારતાં વાર ન લાગી. તેઓ સત્યને જીવન પર્યંત વળગી રહ્યા. આ કથા એક બાજુ પ્રદેશી રાજાની નાસ્તિકતા દર્શાવે છે કે તો બીજી બાજુ સમકિત પ્રાપ્ત થયા પછીના વ્રતધારી શ્રાવકના લક્ષણો પણ દર્શાવે છે. સાચો સમકિતધારી દેહ અને આત્માની ભિન્નતા જાણે છે, તેથી વિકટ પ્રસંગોમાં પણ સમભાવ રાખે છે.

આ કથામાં દેહ અને જીવની સૂક્ષ્મ ગતિઓનો તેમજ નવતત્ત્વનો પરિચય કરાવવામાં આવ્યો છે. જેમકે જીવ શાશ્વત, અમૂર્ત (અરૂપી), અગુરુલઘુ, અપ્રતિહત છે. જીવથી વિપરીત અજીવ તત્ત્વ છે. જે જડ છે, નાશવંત છે, રૂપી છે. સ્વર્ગ એ પુણ્યનું ફળ છે. નરક એ પાપનું ફળ છે. શુભાશુભ કર્મ એ આસ્રવ છે. કર્મબંધ અનુસાર ફળ પ્રાપ્ત થાય છે. તેથી બંધતત્ત્વ છે. દેશવિરતિ ધર્મ એ સંવર છે. તપથી કર્મ નિર્જરા થાય છે. તેથી સંવર અને નિર્જરા તત્ત્વ સિદ્ધ થાય છે. સર્વજ્ઞ સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનથી અમૂર્ત જીવને જુએ છે. તેથી સર્વ કર્મનો ક્ષય એ મોક્ષ છે. આ પ્રમાણે આ કથામાં નવતત્ત્વનો પરિચય પણ થાય છે.

# પરિશિષ્ટ-૪ દર્શનાચાર

શ્રી ઉત્તરાધ્યનસૂત્રના અ.૨૮માં કહે છે-

**णिस्संकिय णिक्कंखिय, णिवितिगिच्छा अमूढदिट्ठी य ।**
**उववूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥ ३१ ॥**

અર્થ: નિઃશંકતા, નિષ્કાંક્ષતા, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપબૃંહણ-પુષ્ટીકરણ, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના; એ આઠ સમકતિના આચાર (દર્શનાચાર) છે.

ઉપરોક્ત આઠ આચાર એ સમ્યગ્દર્શનનું કારણ છે. સમ્યગ્દર્શન કાર્ય છે. તેથી તેની વચ્ચે કારણ-કાર્ય સંબંધ છે. આઠ આચારોનું પાલન કરતાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે. તેમાંથી પાંચ આચાર પોતાના માટે છે. બાકીના ત્રણ આચાર સ્વ અને પરને સ્થિર કરવા માટે છે. જે બીજાને ધર્મમાં સ્થિર કરે છે તે જીવ ક્યારેક કર્મના સંયોગે શ્રદ્ધાથી કદાચિત્ વિચલિત બને તો, તેવા જીવને અન્ય જીવો પણ ધર્મમાં સ્થિર કરે છે. આ રીતે પરસ્પરના વ્યવહારથી પાછળના ત્રણે દર્શનાચાર સ્વ અને પર ઉપકારક છે. પ્રથમના ચાર આચારનો ભંગ થતાં પાંચ અતિચાર લાગે છે. બાકીના ચાર આચાર ધર્મની વૃદ્ધિ અને ગુણોની પ્રાપ્તિના કારણ સ્વરૂપ છે. શ્રાવકાચારમાં જઘન્ય શ્રાવક એ દર્શનાચાર છે. ઉત્કૃષ્ટ શ્રાવકાચાર એ બાર વ્રત છે. આ આઠ દર્શનાચાર મિથ્યાત્વને તોડે છે.

ઉપરોક્ત આઠ આચારમાંથી પ્રથમ ચાર અંતરંગ ગુણરૂપ હોવાથી તે ભાવાત્મક છે, જ્યારે બાકીના ચારમાં આચારની પ્રધાનતા છે તેથી પ્રવૃત્તિ પ્રધાન છે. આ દર્શન ગુણ મોક્ષમાં પણ હોય છે. રુચિરૂપ પરિણામ તે સરાગ દશા છે. વીતરાગી બન્યા પછી તત્ત્વ પ્રતીતિરૂપ દર્શન ગુણ પ્રગટે છે. સિદ્ધોને ક્ષાયિક દર્શન ગુણ હોય છે.

સામાન્ય રીતે સમકિતીને આઠે આચાર હોય છે પરંતુ કોઈ આચારમાં તે ધાર્મિક જીવનની બાહ્ય વિશેષતાના કારણે પ્રસિદ્ધિ પામે છે.

(૧) નિઃશંકતાઃ- જિનેશ્વરના વચનો પ્રત્યે લેશ માત્ર પણ શંકા નહિ; એવી નિષ્પ્રકંપ શ્રદ્ધા તે નિઃશંકતા છે. જમાલી મુનિની માન્યતામાં વિપરીતતા - શંકા આવી તેથી સમકિતથી પતતિ થયા, જ્યારે આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ કદાગ્રહી ન હોવાથી, સત્ય પ્રાપ્ત થતાં તેને જીવન પર્યંત ચુસ્તપણે વળગી રહ્યા.

વ્યવહારનયથી જિનોક્ત તત્ત્વ દેવ, ગુરુ, ધર્મ અને નવ તત્ત્વોમાં અંશતઃ કે સર્વતઃ શંકા રહિત થવું, તે નિઃશંકતા ગુણ છે. નિશ્ચયનયથી જ્ઞાન, દર્શન, ચારિત્રમાં નિર્ભયપણું, અચલપણું તે નિઃશકતા છે.

(૨) નિષ્કાંક્ષાઃ- અન્ય ધર્મીઓના આડંબરો, ચમત્કાર, તેમના પર્વો અને ધામધૂમપૂર્વકની ઉજવણી જોઈ, તેને સ્વીકારવાની અભિલાષા કરવી તે કાંક્ષા મોહનીય છે.વ્યવહારથી જૈનેત્તર મતની લેશ માત્ર અભિલાષા નહિ, તે નિષ્કાંક્ષા અંગ છે. તેના બે અર્થ છે. (૧) એકાંત દૃષ્ટિવાળા અન્ય દર્શનોને સ્વીકારવાની ઇચ્છા ન કરવી (૨)

ધર્માચરણથી આલોક કે પરલોકના સુખની ઇચ્છા ન કરવી.

વ્યવહારનયથી પુણ્ય-પાપ જનિત ફળની ઈચ્છા ન રાખવી તે નિષ્કાંક્ષા છે. નિશ્ચયનયથી મિથ્યાત્વ, વિષય-કષાયનો અભાવ અને શુદ્ધ આત્મ સ્વભાવમાં વસવું તે નિષ્કાંક્ષા આચાર છે.

૩) નિર્વિચિકિત્સાઃ- ધર્મ કરણીના ફળમાં લેશમાત્ર સંદેહ નહિ તે નિર્વિચિકિત્સા ગુણ છે. ધર્મનું ફળ નિશ્ચિત સમયે અવશ્ય મળે છે. ધર્મના ફળ પ્રતિ નિઃસંદેહ રહેવાથી સમકિત નિર્મળ રહે છે. તેનો બીજો અર્થ એ છે કે સાધુ-સાધ્વીઓના મલિન શરીર અને ઉપધિને જોઈ તેમના પ્રત્યે ઘૃણા કે દુગંછા કરવી નહિ. સાધ્વાચારમાં મેલ પરિષહને જીતવો એ વિશિષ્ટ ગુણ છે એવું સમજવું.

વ્યવહારનયથી ધર્મમાં અખેદ, પરનિંદાનો ત્યાગ અને ધર્મ ક્રિયાના ફળમાં નિઃસંદેહ રહેવું. નિશ્ચયનયથી કર્મના વિપાક, ઉપસર્ગ અને પરિષહમાં સમભાવે રહેવું તે નિર્વિચિકિત્સા અંગ છે.

(૪) અમૂઢદષ્ટિઃ- યોગ્ય દેવ, ગુરુ, ધર્મ શાસ્ત્ર સંબંધી નિશ્ચય ન કરી શકવો તે મૂઢતા છે. તે સર્વ મૂઢતાનો ત્યાગ કરી આગમજ્ઞાન ગર્ભિત યથાર્થ સમજણ રાખવી તે અમૂઢ દષ્ટિ છે. એકાંતવાદી કે કુપંથગામીઓની પ્રશંસા કરવી, તેમનો સંગ કે અતિ પરિચય કરવો, તેમના તરફ આકર્ષાવું તે મૂઢ દષ્ટિ છે. અમૂઢદષ્ટિવાળો ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે છે.

વ્યવહારથી મૂઢતા કે અજ્ઞાનતાનો ત્યાગ તે અમૂઢદષ્ટિ છે. નિશ્ચયનયથી આત્મસ્વરૂપમાં અમૂઢતા અર્થાત્ યથાર્થ આત્મબોધ તે અમૂઢદષ્ટિ અંગ છે.

(૫) ઉપબૃંહણઃ- તેના ત્રણ અર્થ છે. (૧) સાધર્મિકોના ગુણોની પ્રશંસા કરવી તેમજ તેવા ગુણો પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવો (૨) ક્ષમા, મૃદુતા, નિર્લોભતા આદિ ગુણોની વૃદ્ધિ કરવી (૩) સમકિતની પુષ્ટિ કરવી

સમકિતીની અને સાધર્મિક જીવોની ગુણસ્તુતિ કે પ્રશંસા કરવાથી સદ્‌ગુણો પ્રતિ પ્રમોદભાવ અને મૈત્રીભાવ વધે છે. જેમ એક દીપકમાંથી અનેક દીપક પ્રગટે છે તેમ સદ્‌ગુણોની પ્રશંસાથી સદ્‌ગુણી બનવાની પ્રેરણા મળે છે, તેથી સદ્‌ગુણોની હારમાળા સર્જાય છે.

વ્યવહારનયથી સ્વગુણ પ્રશંસા અને પરદોષ દર્શન ન કરવાં. નિશ્ચયનયથી પરભાવનો ત્યાગ કરી સ્વભાવમાં લીન બનવું તે ઉપબૃંહણ આચાર છે.

(૬) સ્થિરીકરણઃ- કોઈ પ્રબળ કષાયના ઉદયથી, અસંગતિથી, મિથ્યાદષ્ટિના મંત્રતંત્રના ચમત્કારો જોઈ સમ્યક્ત્વ કે ચારિત્રથી ચલાયમાન થાય તેવા વ્યક્તિને પુનઃ ધર્મ માર્ગમાં સ્થિર કરવો તે સ્થિરીકરણ આચાર છે. આ ગુણ સ્વ-પર ઉપકારક બને છે.

સાધર્મિક બંધુઓની આર્થિક, શારીરિક કે માનસિક તકલીફો જાણી, તેમની સાથે આત્મિયતા કેળવી, તેમની તકલીફોને યથાશક્તિ દૂર કરવાનો પ્રયત્ન કરવો, જેથી તેઓ ધર્મમાં સ્થિર રહે. તેની શ્રદ્ધા ચલિત ન થાય. તેવી જ રીતે નવદીક્ષિત સાધુ પ્રત્યે પણ સૌહાર્દપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ; જેથી અનેક જીવો ધર્મ માર્ગે દોરાય.

ધર્મી જીવોની પ્રવૃત્તિ પણ એવી હોવી જોઈએ કે, જેથી અન્ય જીવો અધર્મથી નિવૃત્ત બને.

વ્યવહારનયથી સ્વ અને પરને જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સ્થિર કરવાં. નિશ્ચયનયથી આત્મામાં આત્મા દ્વારા સ્થિર થવું. જ્ઞાન- દર્શન ગુણોમાં સ્થિરતા કેળવવી તે સ્થિરીકરણ આચાર છે.

(૭) વાત્સલ્યઃ- સાધાર્મિકો પ્રત્યે હૈયામાં માતા સમાન હેત હોય, તેમના પ્રત્યે હાર્દિક અને નિઃસ્વાર્થ અનુરાગ તેમજ સાધર્મિક સાધુ અને શ્રાવક વર્ગની સેવા કરવી તે વાત્સલ્ય આચાર છે.

ચતુર્વિધ સંઘની ભક્તિ કરવી એટલેકે સંઘમાંથી કોઈ આત્મા ભવિષ્યમાં તીર્થંકર, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કે વિશિષ્ટ પુણ્ય કાર્ય કરનારા શ્રાવક થશે. તે આત્માઓની ભક્તિથી ઉત્તમતા પ્રાપ્ત થાય છે. પુણિયા શ્રાવકની આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં અખંડપણે તેમણે સાધર્મિક ભક્તિ કરી હતી.એક દિવસ પોતે ઉપવાસ કરે, બીજે દિવસે પત્ની ઉપવાસ કરે અને નિત્ય ભક્તિપૂર્વક સાધર્મિકોને જમાડે ! આ દ્રવ્ય સાધાર્મિક ભક્તિ છે.

ધર્મકાર્યમાં પ્રમાદ કરનારા સાધર્મિકોને ધર્મના કર્તવ્યો યાદ કરાવી, ભૂલોથી બચાવવા વાત્સલ્યપૂર્વક સન્માર્ગની પ્રેરણા આપવી તે ભાવ સાધર્મિક ભક્તિ છે.

સાધાર્મિક ભક્તિનું ફળ મહાન છે. ત્રીજા સંભવનાથ ભગવાન પૂર્વના ત્રીજા ભવમાં ધાતકીખંડ દ્વીપમાં ઐરાવત ક્ષેત્રની ક્ષેમાપુરી નગરીમાં વિમલવાહન નામે રાજા હતા. તે સમયે ત્યારે ભયંકર દુષ્કાળ પડતાં તેમણે સર્વ સાધાર્મિકોની ભોજનાદિ વડે ભક્તિ કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. સમકિતમાં વાત્સલ્યગુણ પ્રગટાવવાની શક્તિ છે પણ બધાજ સમકિતી જીવોમાં જીવમાત્ર પ્રત્યે વાત્સલ્યભાવ ઉભરાતો નથી. ઉત્કૃષ્ટ કોટિનું વાત્સલ્ય તીર્થંકરોને હોય છે, તેથી તેના સમ્યગ્દર્શનને 'વરબોધિ' - શ્રેષ્ઠબોધિ કહ્યું છે.

જે સંઘ મજબૂત અને સ્થિર હોય તે ધર્મ ચિરંજીવી રહી શકે છે, તેથી સંઘની દૃષ્ટિએ આ દર્શનાચાર મહત્ત્વનું છે. વ્યવહારનયથી સમકિતી જીવો પ્રત્યે હિતબુદ્ધિ રાખવી, નિશ્ચયનયથી 'સવ્વી જીવ કરું શાસન રસી' ની ભાવના ભાવવી તે વાત્સલ્ય આચાર છે.

(૮) પ્રભાવનાઃ- જિનશાસનનું માહાત્મ્ય અને શોભા વધારવા પોતાના વિશિષ્ટ ગુણોથી ધર્મ અને સંઘની ઉન્નતિ કરવી તે પ્રભાવના છે. પ્રભાવકના આઠ ગુણો આ પ્રમાણે છે. ૧) જે કાળે જેટલા આગમ ઉપલબ્ધ હોય તેમાં કુશળ હોય. ૨) પ્રવચનકાર હોય ૩) વાદ વિજેતા હોય ૪) ત્રણે કાળ સંબંધી નિમિત્ત જ્ઞાનમાં કુશળ હોય ૫) તપસ્વી હોય ૬) મંત્રાદિ સિદ્ધિ પ્રાપ્ત કરેલી હોય તેમજ ધર્મની ઉત્કૃષ્ટ આરાધનાથી પ્રભાવશાળી વ્યક્તિત્વ અને આદેય વચનવાળા હોય ૭) અનેક લબ્ધિસંપન્ન હોય ૮)કવિ હોય. આવા વિશિષ્ટ ગુણોથી પ્રભાવક જિનશાસનની પ્રભાવના કરે છે.

વ્યવહારનયથી જિનશાસનની ઉન્નતિનાં કાર્યો કરવાં, નિશ્ચયનયથી આત્મવિકાસમાં અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણોની વૃદ્ધિમાં કાળજી રાખવી તે પ્રભાવના આચાર છે.

# પરિશિષ્ટ-૫ સાત નયમાં સમકિત

નયવાદ એ જૈનદર્શનનું મૌલિક અવદાન છે. નય એટલે પ્રાપ્ત કરવું, બોધ કરવો. પૂર્ણ દર્શનની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સ્યાદ્વાદની આવશ્યકતા છે. વસ્તુ અનંત ધર્માત્મક છે. તેના એક ધર્મને પ્રધાનતા આપી અન્ય ધર્મનો અપલાપ ન કરવો તે 'નય' છે. નય એ પ્રમાણભૂત જ્ઞાનનું અંશભૂત જ્ઞાન છે. નય સાત છે. નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરુઢનય, એવંભૂતનય[૨૫]

૧) નૈગમનય :- અંશ, આરોપ (ઉપચાર), સંકલ્પને ગ્રહણ કરે છે. સાડીના એક છેડે તણખો પડતાં 'મારી સાડી બળી ગઈ', ખુરશીનો એક પાયો ભાંગતાં 'ખુરશી ભાંગી ગઈ તે અંશ નૈગમછે.''હું શરીર છું' એ જડમાં ચૈતન્યનો ઉપચાર છે. 'अहं ब्रहमास्मि' 'હું સિદ્ધ સ્વરૂપ છું' સંકલ્પ છે.

૨) સંગ્રહનય :- સામાન્યને ગ્રહણ કરવું. જેમકે સર્વ જીવોનું ચૈતન્યલક્ષણ સમાન છે. પશુ, પક્ષી, માનવ, જાનવર આદિને પ્રાણી કહેવાં.

૩) વ્યવહારનય :- સામાન્યપણે ગ્રહણ કરાયેલ વસ્તુની વધુ સ્પષ્ટતા કરવા વિશેષ પ્રકારે ભેદ પાડવા. જેમકે જીવમાં સિદ્ધ અને સંસારી, વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિના જીવો.

૪) ઋજુસૂત્રનય :- જેમાં વસ્તુના વર્તમાન પર્યાયની મુખ્યતા તેમજ ભૂત અને ભવિષ્યકાળની પર્યાયની ગૌણતા છે. જેમકે કોઈ ગૃહસ્થી સાધુ ધર્મની શુભ મનોદશા વાળો હોય ત્યારે સાધુ કહેવાય.

૫) શબ્દનય :- આ નય કાળ, લિંગ, વચન, કારક (વિભક્તિ) ઈત્યાદિ ભેદે અર્થભેદ માને છે. દા.ત પહાડ - પહાડી, પુત્ર-પુત્રી, વિદ્યાર્થી-વિદ્યાર્થીઓ, સ્તુતિ - સ્રોત વગેરે.

૬) સમભિરુઢનય :- શબ્દ ભેદે અર્થભેદ સ્વીકારે છે. જેમકે રાજ ચિહ્નથી શોભે તે રાજા, લોકોનું રક્ષણ કરે તે નૃપ, પૃથ્વીનું પાલન, પોષણ અને રક્ષણ કરે તે ભૂપતિ, સામ્રાજ્યનો ધણી તે સમ્રાટ, છખંડનો અધિપતિ તે ચક્રવર્તી છે .

૭) એવંભૂતનય :- આ નય શબ્દ ભેદથી અર્થ ભેદ માનવા છતાં જ્યારે વ્યુત્પત્તિ અર્થ ઘટતો હોય ત્યારે જ તે શબ્દનો અર્થ સ્વીકારે છે. જેમકે રાજચિહ્નોથી સુશોભિત હોય તે જ સમયે રાજા કહેવાય. પ્રજાજનોને ન્યાય આપતો હોય ત્યારે નૃપ કહેવાય. સેવાનું કાર્ય કરતો હોય ત્યારે સેવક કહેવાય, અન્યથા નહીં.

પ્રથમના ત્રણ નયો સ્થૂલ છે. બાકીના ચાર નયો સૂક્ષ્મ છે. સ્થૂલ નય તે વ્યવહારનય છે, જ્યારે સૂક્ષ્મનય તે નિશ્ચયનય છે. હવે સાત નયમાં સમકિત ઘટાડીએ.

૧) નૈગમનય : લોક પરંપરા પ્રમાણે ઉપચારથી જૈન સમકિતી કહેવાય અને સમકિતી જૈન કહેવાય.

૨) સંગ્રહનય : સત્તામાં સર્વ ભવ્ય જીવને સમકિત છે.

૩) વ્યવહાર નય : સમકિતી આત્મા વચન અને કાયાથી સમકિતના ૬૭ બોલમાં અને આઠ આચારમાં પ્રવૃત્તિ કરે, તેથી વ્યવહાર સમકિતમાં પ્રવર્તે.

૪) ઋજુસૂત્રનય :જે જીવ વ્યવહાર સમકિતના ૬૭બોલનું ભાવપૂર્વક આરાધન કરતો હોય ત્યારે સમકિતી કહેવો.

૫) શબ્દનય : સમકિતના પર્યાયવાચી નામો જેવાં કે સમ્યગ્દર્શન, સમ્યક્દષ્ટિ, બોધિ, આત્માનુભવ, સ્વાનુભૂતિ, પરમ સત્યદર્શનનો સમાવેશ આ નયમાં થઈ જાય છે. સમકિતના વિવિધ ભેદો સમકિત શબ્દમાં સમાઈ જાય છે.

૬) સમભિરુઢ નય : શબ્દ ભેદે અર્થ ભેદ, જેમકે -

- ક્ષયોપશમ એટલે ક્ષય અને ઉપશમ. દર્શન સપ્તકનો પ્રદેશોદય અથવા નિરસ વિપાકોદય થઈ ક્ષય થવું તેમજ સત્તામાં રહેલા મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકોનો વિપાકોદય અટકાવવો.
- દર્શન સપ્તકની સાતે પ્રકૃત્તિનો સર્વથા અનુદય તે ઉપશમ સમકિત.
- દર્શન સપ્તકનો મૂળથી ક્ષય તે ક્ષાયિક સમક્તિ.
- સમ્યગ્દર્શન એટલે યથાર્થ દર્શન.
- રુચિ, પ્રજ્ઞા અને પુરુષાર્થની ન્યૂનતા કે અધિકતા અનુસાર સમકિતના ૧૦ ભેદ એ અર્થ પ્રમાણે કિયા છે.

જીવ જેવા અધ્યવસાયમાં પ્રવર્તે તે અનુસાર તેને સમકિતનો પ્રકાર લાભે. આ સર્વનો સમાવેશ સમભિરુઢ નયમાં થાય છે.

૭) એવંભૂત નય :- આ નય નિશ્ચયાત્મક, સંપૂર્ણતા અને એકત્વ દર્શાવે છે. નિશ્ચય સમક્તિ, ક્ષાયિક સમક્તિ અને જ્ઞાન, દર્શન ચારિત્રનું એકત્વ તે આત્માનુભૂતિ છે.

આત્માનું જ્ઞાન તે આત્મજ્ઞાન. આત્માનો અનુભવ તે આત્મદર્શન અને આત્માથી આત્મામાં પ્રવૃત્તિ કરવી (સ્થિર થવું) તે ભાવ ચારિત્ર છે. આ પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્રનું એકત્વ જે સમયે વર્તાય ત્યારે જ સમકિતી કહેવાય; એવો એવંભૂત નયનો અભિપ્રાય છે.

# પરિશિષ્ટ-૬ ચાર નિક્ષેપમાં સમકિત

નિક્ષેપ શબ્દ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે. નિક્ષેપ એટલે સ્થાપના. વસ્તુના યથાર્થ અવબોધ માટે વસ્તુને નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના રૂપમાં નિક્ષેપણ કરવું તે નિક્ષેપ છે.

નિક્ષેપના ચાર પ્રકાર છે.

(૧) નામ નિક્ષેપ : વસ્તુને ઓળખવા નામ આપવું, તે નામ નિક્ષેપ છે. નામ તેનો નાશ છે પરંતુ પરમાત્માનું નામ સ્મરણ અનામી અને અરૂપી બનાવવા સમર્થ છે.

(૨) સ્થાપના નિક્ષેપ : પદાર્થનો આકાર મિશ્રિત વ્યવહાર, તે સ્થાપના નિક્ષેપ છે. સૌભાગ્યવતી સ્ત્રી કપાળમાં કંકુનો ચાંદલો કરે છે તે તેના પતિની સ્થાપના છે. એકલવ્યે ગુરુની મૂર્તિની સ્થાપના કરી. પિતાજી કે ગુરુનો ફોટો; તે સ્થાપના નિક્ષેપ છે.

(૩) દ્રવ્ય નિક્ષેપ : પદાર્થની ભૂત કે ભવિષ્ય પર્યાયમાં અમુક શબ્દનો પ્રયોગ કરવો, તે દ્રવ્ય નિક્ષેપ છે. ઘડાની પૂર્વ પર્યાયને ઘડો કહેવો અથવા ઘડાની ઉત્તર પર્યાય ઠીકરાં, તેને ઘડો કહેવો તે દ્રવ્ય નિક્ષેપ છે. મહાપુરુષોની ચરિત્રકથા તે દ્રવ્ય નિક્ષેપ છે. પર્યુષણ પર્વમાં કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરનું ચરિત્ર વંચાય છે. કથા શ્રવણથી મહાપુરુષો પ્રત્યે પૂજ્યભાવ પ્રગટે છે. તેમના જેવાં ગુણો સ્વમાં પ્રગટે છે; તે દ્રવ્ય નિક્ષેપ છે.

(૪) ભાવ નિક્ષેપ : પદાર્થનો વર્તમાન પર્યાયાશ્રિત વ્યવહાર, તે ભાવ નિક્ષેપ છે. જેમકે સ્વર્ગલોકના દેવતાઓને દેવ કહેવા. નામ, સ્થાપના અને દ્રવ્યથી જે પ્રાપ્ત થાય છે, તેની પ્રત્યક્ષ ભાવ સ્વરૂપ પ્રાપ્તિ તે ભાવ નિક્ષેપ છે.

નિક્ષેપ શબ્દનો પર્યાયવાસી શબ્દ 'ન્યાસ' છે. નિક્ષેપનો ઉલ્લેખ શ્રી ભગવતીસૂત્ર, શ્રી અનુયોગદ્વાર સૂત્ર, શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં છે.

ચાર નિક્ષેપમાં સમકિત :

• નામ નિક્ષેપમાં સમકિત : સમકિત એ સમ્યગ્દર્શન, યથાર્થદર્શન, આત્માનુભૂતિ એવી સંજ્ઞાથી ઓળખાય છે.

• સ્થાપના નિક્ષેપમાં સમકિત : સમકિત વગેરે શબ્દોની અક્ષર દ્વારા લિપિમાં સ્થાપના, તે સ્થાપના સમકિત છે.

• દ્રવ્ય નિક્ષેપમાં સમકિત : (૧) જિનવચનમાં પૂર્ણ શ્રદ્ધા પણ જાણપણાનો અભાવ. (૨) મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્ગલોને શુભ અધ્યવસાયના બળે સમકિત મોહનીયરૂપે પરિણમાવવા. (૩) સમકિતી જીવનું શબ જોઈ કહેવું કે આ સમકિતી છે. (૪) ભવિષ્યમાં સમકિત પામવાવાળા જીવને સમકિતી કહેવો. દા.ત. નવજાત શિશુ. (૫) જ્ઞાતિએ જૈન છે પણ સમકિતનો અભાવ છે. દા.ત. દીપક સમકિતી.

• ભાવ નિક્ષેપમાં સમકિત : વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વમીનો સાક્ષાત્ યોગ છે. તે પ્રત્યક્ષ પ્રભુની સેવા, વૈયાવચ્ચ, વંદન; તે ભાવનિક્ષેપ છે.

પ્રભુના પ્રત્યક્ષ સંયોગના અભાવમાં તેમનું નામ સ્મરણ, વંદન, તેમની ચરિત્ર કથાઓનું શ્રવણ અનુક્રમે નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપ છે.

# પરિશિષ્ટ-૭ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ

માર્ગ એટલે કોઈનું અંધ અનુકરણ કે શરણું નહીં પરંતુ જીવના મોક્ષની સ્થિરતાએ પહોંચવાના રસ્તાઓ છે. માર્ગાનુસારી એટલે સમ્યક્ત્વયુક્ત શ્રાવકના માર્ગનું અનુસરણ કરનારા સદાચારી જીવો. આ જીવોમાં અપુનર્બંધકતા હોય છે. આવા જીવોને સમ્યક્ત્વ પ્રાપ્તિની સંભાવના છે. માર્ગાનુસારીના ગુણો એ માનવતાની કસોટી અને અધ્યાત્મિક વિકાસનો પાયો છે. આ પાંત્રીસ ગુણોમાં નીતિશાસ્ત્રનું સત્વ સમાયેલું છે. માનવતાની યોગ્યતા પ્રાપ્ત કરનારને સમકિત પ્રગટ થાય છે તેમજ યોગનો પ્રવેશ સુલભ બની શકે. યોગ રસિક વ્યક્તિ અનુચિત, લોકવિરુદ્ધ પ્રવૃત્તિને તિલાંજલિ આપે છે. સદાચારમાંથી ચારિત્રનું ઘડતર થાય છે. શ્રાવકના ૨૧ ગુણોમાં માર્ગાનુસારી ગુણોનો સમાવેશ થઈ જાય છે. સમકિત પ્રાપ્તિ પૂર્વે કર્તવ્ય નિષ્ઠા જરૂરી છે; જે દેવ - ગુરુ અને ધર્મ પ્રત્યે વફાદારીરૂપ સમકિતમાં લઈ જાય છે. સત્ય રાહ સાંપડતા દુરાગ્રહો શમી જાય છે. હૃદયપટની ક્ષિતિજ પર સરળતા, પવિત્રતા અને સત્યનિષ્ઠાની ઉષાની લાલિમા પ્રગટે છે. જે ગૃહસ્થ માર્ગાનુસારીના બોલનું યથાર્થ પાલન કરે છે તે સદ્‌ગતિનાં સુખો પ્રાપ્ત કરે છે.

માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો[1]:

(૧) ન્યાય સંપન્ન વૈભવ

(૨) શિષ્ટાચાર પ્રશંસક

(૩) સમાનકુલ અને શીલવાળા સાથે વિવાહ

(૪) પાપભીરૂ

(૫) પ્રસિદ્ધ દેશાચાર પાળવા

(૬) પરનિંદાનો ત્યાગ

(૭) અતિ પ્રગટ, અતિગુપ્ત કે ઘણા દ્વારવાળા મકાનમાં ન રહેવું

(૮) સદાચારી સાથે સોબત

(૯) માતાપિતાનો પૂજક

(૧૦) ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ

(૧૧) નિંદનીય કાર્યમાં ન પ્રવર્તનાર

(૧૨) આવક અનુસાર ખર્ચ કરનાર

(૧૩) સંપત્તિ અનુસાર વસ્ત્રાનુભૂષણ પહેરનાર

(૧૪) બુદ્ધિના આઠ ગુણોનો* ધારક
(૧૫) દરરોજ ધર્મ શ્રવણ કરનાર
(૧૬) અજીર્ણમાં ભોજન ત્યાગ કરનાર
(૧૭) નિયમિત કાળે પથ્ય ભોજન કરનાર
(૧૮) ત્રણવર્ગ (ધર્મ, અર્થ અને કામ)માં વિવેકી
(૧૯) અતિથિ આદિનો પૂજક
(૨૦) સદાકાળ કદાગ્રહથી રહિત
(૨૧) ગુણોનો પક્ષપાતી
(૨૨) પ્રતિબદ્ધ દેશકાળ ચર્યા પરિહાર
(૨૩) બલાબલનો જાણકાર
(૨૪) સદાચારી અને વિશેષજ્ઞાની એવા પુરુષોનો પૂજક
(૨૫) પોષ્યનો પોષક (સ્ત્રી- પુત્રાદિ પરિવારનું પોષણ કરનારો)
(૨૬) દીર્ઘદર્શી
(૨૭) વિશેષજ્ઞ
(૨૮) કૃતજ્ઞ
(૨૯) લોકમાં પ્રિય
(૩૦) લજ્જાળુ
(૩૧) દયાળુ
(૩૨) સૌમ્ય સ્વભાવવાળો
(૩૩) પરોપકારમાં પરાયણ
(૩૪) ષડરિપું*
(૩૫) પાંચ ઈન્દ્રિયને વશમાં રાખનાર

ઉપરોક્ત કાર્યો વિશિષ્ટ પુરુષોએ આચર્યા છે તેથી તે ધર્મ છે. આગમમાં માર્ગાનુસારીના બોલ નથી પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરીને આગમ અબાધિત રહે તેમ શિષ્ટ પુરુષોનું આચરણ પણ આગમરૂપ છે.

---

*બુદ્ધિના આઠ ગુણ - ૧) શાસ્ત્ર સાંભળવાની અભિલાષા ૨) શ્રવણ કરવું ૩) શ્રવણ કરી ગ્રહણ કરવું ૪) ગ્રહણ કરી તેને ધારણ કરી રાખવું. ૫) જાણેલા અર્થના આધારે બીજા અર્થનો તર્ક કરવો ૬) અપોહ એટલે ઉક્તિ અને યુક્તિથી વિરુદ્ધ અર્થવાળા હિંસાદિક આત્માને નુકશાન કરવાની સંભાવનાથી પાછા ફરવું અથવા ઉહ એટલે સામાન્ય વિજ્ઞાન, અપોહ એટલે વિશેષ જ્ઞાન. ૭) અર્થ વિજ્ઞાન એટલે ઉહાપોહના યોગથી મોહ અને સંદેહ દૂર થાય તેથી સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય. ૮) તત્ત્વજ્ઞાન એટલે ઉહ - અપોહના જ્ઞાનથી વિશુદ્ધિવાળું નિશ્ચય જ્ઞાન.
*ષડ્રિપુ - કામ, લોભ, ક્રોધ, મદ, માન અને હર્ષ.

## પરિશિષ્ટ ૧ થી ૭ : પાદનોંધ

૧. યોગબિંદુ ગા.- ૮૬, પૃ.- ૫૧.
૨. એજ. ગા.- ૮૭, પૃ.- ૫૨.
૩. એજ. ગા.- ૮૪, પૃ.- ૫૦.
૪-૫ . એજ. ગા.- ૭૨, પૃ.- ૪૫.
૬. લબ્ધિસાર મૂળ/ટીકા સહિત, ગા.- ૪, પૃ.- ૪૩.
૭. એજ. ગા.- ૫, પૃ.- ૪૪.
૮. એજ. ગા.- ૬, પૃ.- ૪૪.
૯. એજ. ગા.- ૭, પૃ.- ૪૫.
૧૦. પંચલબ્ધિ ગ્રંથ પૃ.- ૯૧. લે.- ડૉ. ઉજ્જવલા દિ. શાહ.
૧૧. એજ. પૃ.- ૧૦૨.
૧૨. પંચલબ્ધિ પૃ.- ૧૦૫.
૧૩. યોગદષ્ટિ સમુચ્ચય - ગા.- ૩૮, પૃ.- ૧૬૯.
૧૪. વિશેષાવશ્યક ભાષ્ય. ગા.- ૧૯૫, પૃ.- ૪૪૭ ધર્મસંગ્રહણિ ભા-૨, ગા-૭૫૩, પૃ-૯૪.
૧૫. યોગબિંદુ - ગા.- ૨૮૦ થી ૨૮૩, પૃ.- ૪૪૫ થી ૪૪૭.
૧૬. વિશેષાવશ્યક ભાષ્ય ભાગ - ૨, ગા.- ૨૭૩૪, પૃ. - ૪૦૭/૪૦૮.
૧૭. કર્મગ્રંથ રમ્યરેણુ - ભા. - ૧, પૃ.- ૧૧૨.
૧૮. લબ્ધિસાર ગા. - ૧૦૨, પૃ. - ૩૦.
૧૯. એજ. ગા. - ૧૦૫ થી ૧૦૮, પૃ. ૩૦ થી ૩૨.
૨૦. શ્રી બૃહત્કલ્પ ભાષ્ય ગા.- ૧૧૨/૧૧૩, પૃ.-૧૪.
૨૧. એજ. ગા.- ૧૧૭, પૃ.-૧૫.
૨૨. ધર્મ સંગ્રહ - ભાગ.- ૧, વિ.- ૧, પૃ.- ૮૫ થી ૮૮ ભાષાંતરકાર.
૨૩. શ્રી બૃહત્કલ્પ ભાષ્ય ગા.- ૧૨૦, પૃ.- ૧૫.
૨૪. ધર્મસંગ્રહણિ ભાગ - ૨, ગા.-૭૫૪, પૃ.- ૯૪, ૯૫.
૨૫. તત્ત્વાર્થ સૂત્ર અ.- ૧, ગા.- ૩૪ પૃ.- ૧૩૭.
૨૬. યોગ શાસ્ત્ર - પ્રથમ પ્રકાશ, શ્લોક - ૪૭ થી ૫૬, પૃ. ૬૩.

# પરિશિષ્ટ-૮ સમકિતસાર રાસમાં આવતી કથાઓ

**૧) પ્રભુ મહાવીર અને ચંડકૌશિક સર્પ :** (શ્રી કલ્પસૂત્ર. પૃ. ૧૭૫, ૧૭૬. સં. દેવેન્દ્ર શાસ્ત્રી.)

શ્રમણ પ્રભુ મહાવીર સર્વવિરતિ ધર્મ અંગીકાર કરી વિચરતા વિચરતા કનકખલ આશ્રમ તરફ ચાલ્યા. તે આશ્રમની નજીકમાં ચંડકૌશિક નામનો દૃષ્ટિવિષ સર્પ રહેતો હતો. તેની દૃષ્ટિ પડતાં પક્ષીઓના કલરવ અને ફળફૂલથી લચી પડતી વનરાજી બળીને ખાખ થઈ જતી હતી. જ્યાં જ્યાં તેની દૃષ્ટિ પડતી ત્યાં ત્યાં સર્વનાશ થતો. પ્રભુ મહાવીર લોકગણની પ્રાર્થનાની ઉપેક્ષા કરી કનકખલ આશ્રમ તરફ ચાલ્યા. પ્રભુ મહાવીર ત્યાં જઈ ધ્યાનમાં ઉભા રહ્યાં.

ધ્યાનમાં ઊભેલા પ્રભુ મહાવીરને જોઈ નાગરાજ ફૂંફાળા મારતો બહાર આવ્યો. તેણે ક્ષુબ્ધ બની અનેક ડંખ દીધા. પરંતુ પ્રભુ મહાવીરના હૃદયમાં પ્રેમનો મહાસાગર ઉછળી રહ્યો હતો. તેઓ શાંત-પ્રશાંત બની ઊભા રહયા. આશ્ચર્યમાં ગરકાવ બની વિષધર મહાવીર પ્રભુની મુખમુદ્રાને એકીનજરે નિહાળી રહયો. આખરે અમૃત પાસે વિષ હારી ગયું. પ્રભુ મહાવીરના મુખેથી શબ્દો સરી પડયાં, 'ચંડકૌશિકા ! બોધ પામ ! બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા'.

જિન વચનોથી નાગરાજને પૂર્વજન્મનું સ્મરણ થયું. પૂર્વે તે શ્રમણ હતો. અહંકારવશ શિષ્યને મારવા દોડયો. થાંભલા સાથે માથું અફળાયું, તેથી મૃત્યુ થયું. તે મરીને જ્યોતિષી દેવ બન્યો. ત્યાંથી ચ્યવી આશ્રમમાં કૌશિક તાપસ બન્યો. શ્વેતાંબિકા નગરીના રાજકુમારોએ આશ્રમમાં ફળફૂલ તોડયાં. તેમને તીક્ષ્ણ કુહાડી લઈ મારવા દોડયો. પગ લપસી જતાં તે કુહાડીથી જાતે જ કપાઈ મૃત્યુ પામ્યો. પોતે કરેલી ભૂતકાળની ભૂલોનું સ્મરણ થતાં ચંડકૌશિકે પ્રતિજ્ઞા કરી કે, 'આજથી હું કોઈને સતાવીશ નહીં'. ચંડકૌશિકે આજીવન સંથારો કર્યો. ચંડકૌશિકના અદ્‌ભુત પરિવર્તનને જોઈ લોકો તેની દૂધ અને કંકુ વડે પૂજા કરવા લાગ્યા. દૂધની સુંગધથી કીડીઓએ નાગરાજના શરીરને ચાળણી જેવું બનાવ્યું, પરંતુ સમતામૂર્તિ ચંડકૌશિકે બીલમાં પોતાનું મુખ રાખી, સંથારો કર્યો. તે સમભાવથી મૃત્યુ પામી આઠમા સહસ્ત્રાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. તે એકાવતારી બન્યો.

**૨) અર્જુનમાળી :** (શ્રી અંતગડદશાંગ સૂત્ર, વર્ગ-૯, અ.૩, પૃ. ૧૧૭-૧૩૫. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.)

રાજગૃહી નગરીની બહાર સુંદર અને વિશાળ બગીચો હતો. અર્જુનમાળી તેનો માલિક હતો. તે બગીચામાં મોગરપાણી (જેના હાથમાં મુદ્‌ગર છે તે) યક્ષની પ્રતિમા હતી. અર્જુનમાળી તથા તેમના પૂર્વજો વર્ષોથી નિત્ય આ યક્ષનું પૂજન કરતાં હતાં.

રાજગૃહી નગરીમાં લલિતા નામની ટોળીના છ મિત્રો જે સ્વછંદી અને સ્વેચ્છાચારી હતા. તેઓ સ્વછંદે ક્રીડા અને મોજ કરતા. એક દિવસ અર્જુનમાળી તેની સ્ત્રી સાથે ઉદ્યાનમાં આવ્યો, ત્યારે લલિતા ટોળીના આ છ મિત્રો પણ ઉદ્યાનમાં ક્રીડા કરવા આવ્યા. તેમણે બંધુમતીને જોઈ. તેના રૂપમાં તેઓ આસક્ત થયા. અર્જુનમાળી જ્યારે યક્ષનું પૂજન કરતો હતો ત્યારે તેમણે અર્જુનમાળીને થાંભલા સાથે બાંધ્યો અને બંધુમતી સાથે વ્યાભિચાર કર્યો. આ દૃશ્ય જોઈ અર્જુનમાળીએ મનથી યક્ષને ઠપકો આપ્યો કે, જે યક્ષની હું બાલ્યાવસ્થાથી પૂજા કરું છું, તે જ યક્ષ સમક્ષ આવી સ્થિતિ ઉત્પન્ન થઈ ? તેથી જરૂર અહીં યક્ષ નથી પણ લાકડાની મૂર્તિ છે. જો યક્ષ સાક્ષાત્ હશે તો જરૂર મને છોડાવશે.

યક્ષે અર્જુનમાળીના મનોગત ભાવો જાણી તેના શરીરમાં પ્રવેશ કર્યો. અર્જુનમાળીનાં બંધનો તૂટ્યાં. તેણે મુદ્‌ગર વડે છ મિત્રો અને બંધુમતીનો વધ કર્યો. હવે અર્જુનમાળી નિત્ય છ પુરુષ અને એક સ્ત્રીની હત્યા કરવા લાગ્યો.

તેણે પાંચ મહિના અને તેર દિવસમાં ૧૧૪૧ માનવોની હત્યા કરી.

તે નગરમાં સુદર્શન શ્રાવક રહેતા હતા. તેઓ ભગવાન મહાવીરના ઉપાસક હતા. એકવાર ભગવાન મહાવીર રાજગૃહ નગરીના ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. ત્યારે સુદર્શન શ્રેષ્ઠી માતા-પિતાની આજ્ઞા લઈ ભગવાનનાં દર્શન કરવા ગયા. સુદર્શન શેઠ યક્ષના મંદિર પાસે પહોંચ્યા. ત્યાંતો અર્જુનમાળી મુદ્દગર લઈ સુદર્શન શેઠને મારવા દોડયો. સુદર્શન શેઠે ઉપસર્ગ જાણી સંથારો આદર્યો. તેમના મુખપર આત્મભાવનું તેજ અને અપૂર્વ શાંતિ હતી. યક્ષ આ પ્રતાપ ઝીલી ન શક્યો. યક્ષ અર્જુનમાળીનું શરીર છોડી પોતાના સ્થાને ગયો. અર્જુનમાળી મૂર્છિત થઈ જમીન પર ઢળી પડયો. સુદર્શન શેઠે ઉપસર્ગ દૂર થતાં સાગરી સંથારો પાળ્યો. અર્જુનમાળી પણ સ્વસ્થ બની સુદર્શન શેઠ સાથે પ્રભુ મહાવીરના દર્શનાર્થે ગયો. પ્રભુએ દેશના આપી. દેશના શ્રવણ કરી અર્જુનમાળીએ વૈરાગ્ય ઉત્પન્ન થતાં દીક્ષા લીધી. સંયમ લઈ તેમણે અભિગ્રહ ધારણ કર્યો, 'આજથી યાવત્ જીવન સુધી છઠ્ઠનાં પારણે છઠ્ઠ કરીશ'. પારણાના દિવસે અર્જુનમાળી ત્રીજા પહોરે ગોચરી માટે નગરીમાં જતા. લોકો તેમનો તિરસ્કાર કરતાં, અર્જુનમુનિએ કર્મ ક્ષય કરવા સર્વ પરિષહોને સમભાવે સહન કર્યા. તેઓ છમાસની દીક્ષા પર્યાય પાળી સિદ્ધ થયા.

૩) શિવકુમાર : (ચંદ્રપ્રભાચાર્ય વિચરિત સમ્યક્ત્વ પ્રકરણમ્, પૃ-૧૧૬-૧૨૪.)

આગમ સાહિત્યના પારંગત મુનિ સાગરદત્ત માસક્ષમણના તપસ્વી હતા. કામસમૃદ્ધ નામના સાર્થપતિએ નિર્દોષ, પ્રાસુક આહાર વહોરાવી ભક્તિભાવપૂર્વક તેમનું પારણું કરાવ્યું. આ દૃશ્યથી પ્રભાવિત થયેલો રાજકુમાર શિવ મુનિ પ્રત્યે આકર્ષાયો. મુનિ દર્શન માત્રથી તે પ્રસન્ન થયો. મુનિ પ્રત્યેની પોતાની અત્યંત પ્રીતિનું કારણ અવધિજ્ઞાની મુનિ સાગરદત્ત પાસેથી રાજકુમારે જાણ્યું. પૂર્વભવમાં બંને સગા ભાઇઓ હતા. મુનિ તે મોટાભાઇ ભવદત્ત હતા અને શિવકુમાર એ ભવદેવ તરીકે નાનાભાઇ હતા. જ્યારે ભવદત્તે સંયમ ગ્રહણ કર્યો ત્યારે ભાઇ પ્રત્યેની પ્રીતિથી પ્રેરાઇને ભવદેવે પણ સંયમ ગ્રહણ કર્યો. તે વખતે ભવદેવના લગ્ન થઇ ગયાં હતાં. સંયમ ગ્રહણ કર્યા પછી થોડા સમયમાં ભાઇ મુનિ ભવદત્તનું મૃત્યુ થયું. ભવદેવમુનિને પોતાની પત્ની નાગિલા યાદ આવી. તેઓ સંયમ છોડી પોતાની પત્ની નાગિલા પાસે આવ્યા. આર્ય નારીએ ભવદેવને સાચા માર્ગે દોર્યા. તેઓ સંયમમાં સ્થિર થયા. મનુષ્ય ભવનું આયુષ્ય પૂર્ણ કરી બંને ભાઇઓ દેવલોકમાં સાથે હતા. ત્યાંથી ચ્યવી ભવદેવનો જીવ શિવકુમાર થયો અને ભવદત્તનો જીવ સાગરદત્તમુનિ થયા.

પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળી શિવકુમારને વૈરાગ્ય થયો. તેઓ બારવ્રતધારી શ્રાવક બન્યા. સંસારમાં રહીને પણ સાધુજીવન જીવ્યા. સચેતનો ત્યાગ, ઘી આદિ વિગયોનો સંપૂર્ણ ત્યાગ કરી બે-બે ઉપવાસ કર્યા. પારણામાં આયંબિલ તપ કરતા. તેમણે જીવન પર્યંત અન્ન અને જળ એમ બે દ્રવ્યનો જ ઉપયોગ કર્યો. તેમજ સ્ત્રીસંગનો ત્યાગ કરી બ્રહ્મચારી બન્યા. આરીતે બાર વર્ષ સુધી સમ્યક્ પ્રકારે ધર્મનું આરાધન કરી પાંચમા બ્રહ્મ દેવલોકના દેવ બન્યા.

૪) જંબુસ્વામી : (શ્રી કલ્પસૂત્ર : પૃ. ૩૦૬-૩૦૭.)

શિવકુમારનો જીવ દેવભવનું આયુષ્ય પૂર્ણ કરી રાજગૃહી નગરીના ઋષભ શ્રેષ્ઠીની ધારિણી નામે પત્નીની કુક્ષિએ પુત્રપણે ઉપજ્યા. તેમનું નામ જંબુ રાખવામાં આવ્યું. તે એકવાર યુવાન વયે સુધર્માસ્વામીના વંદન કરવા ગયા. વીરવાણી સાંભળી તેમનું મન અસાર સંસારથી વિરક્ત બન્યું. તેમણે દીક્ષા લેવાની ઇચ્છા માતા-પિતાને જણાવી. માતા પિતાએ તેમને પરણાવવાની ઇચ્છા દર્શાવી. જંબુકુમારે માતા-પિતાની ઇચ્છા પૂર્ણ કરવા આઠ કન્યાઓ સાથે લગ્ન કર્યા. પરણ્યા પહેલાં તેમણે આઠે કન્યાઓને પોતાની ઇચ્છા દર્શાવી હતી પણ આઠે કન્યાઓએ

કહ્યું કે, 'અમારે તો આ ભવ કે પરભવમાં જંબુકુમાર જ સ્વામી છે'.

લગ્નની પ્રથમ રાત્રિએ જંબુકુમાર પોતાની પત્નીઓ સાથે વૈરાગ્યની વાતો કરી રહ્યા હતા. ત્યારે પાંચસો ચોર સહિત પ્રભવચોર કરિયાવરમાં મળેલ ૯૯ કરોડ સોનૈયાની ચોરી કરવા આવ્યા હતા. જંબુ સ્વામીની વાણીથી પ્રભવ આદિ ચોરો પર પણ વૈરાગી બન્યા. તેઓ પણ સંયમ સ્વીકારવા તૈયાર થયા.

સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના, કનકસેના, નલસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રી. આ આઠે પત્નીઓને તેમણે સંસારની અસારતા, ક્ષણભંગુરતા, દેહની નશ્વરતા, નરક-તિર્યંચ આદિ ગતિઓનાં દુઃખો જણાવ્યાં. આઠે સ્ત્રીઓ પણ જિનવાણીથી પ્રભાવિત બની સંયમ લેવા તૈયાર થઇ. જે સંપત્તિનો જંબુસ્વામી ત્યાગ કરે છે, તે સંપત્તિની ઇચ્છા કરવી એ પણ મહાપાપ છે; તેવું જાણી પ્રભવ આદિ ૫૦૦ ચોરો તેમજ જંબુસ્વામી અને આઠે કન્યાઓના માતા પિતા પણ સંયમ લેવા તૈયાર થયા. કુલ ૫૨૭ આત્માએ સુધર્માસ્વામી પાસે સંયમ લીધો. જંબુસ્વામીએ આજીવન બ્રહ્મચર્યની આરાધના કરી. તેઓ પાંચમા આરામાં મોક્ષે ગયા.

**૫)વજ્રસ્વામી:** (શ્રાવકના બારવતો યાને નવપદ પ્રકરણ, પૃ. ૧૧૨-૧૧૯.)

અવંતી નગરીના ધનગિરિ નામના વેપારીએ આચાર્ય સિંહગિરિ પાસે દીક્ષા લીધી. ત્યારે તેની પત્ની સુનંદા સગર્ભા હતી. સુનંદા એ બાળકને જન્મ આપ્યો. તે વજ્ર જેવા ભારવાળો હોવાથી તેનું નામ વજ્ર કુમાર પડયું. 'પિતાએ દીક્ષા લીધી છે', પરિવારજનો દ્વારા વારંવાર આવા શબ્દો સાંભળી, દીક્ષા શબ્દ પર ચિંતન કરતાં બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી દીક્ષા લેવા માટે બાળકે રડવાનું શરુ કર્યું. બાળકના એકધારા રુદનથી માતાએ કંટાળીને ભિક્ષાર્થે આવેલા મુનિને બાળક વહોરાવી દીધું. કદી પાછો ન આપવાની શરતે ધનગિરિ મુનિએ બાળકને વહોરી લીધો. તે બાળકના જન્મજાત સંયમ પ્રેમથી પ્રભાવિત થઇ માતા સુનંદા પણ સાધ્વી બન્યા.

વિદ્યાગુરુ અને વડીલમુનિઓ પ્રત્યેના સદ્‌ભાવ અને અદ્‌ભુત સમર્પણને કારણે બાળમુનિનો ક્ષયોપશમ વધુ પ્રબળ બન્યો. તીવ્ર મેધાશકિતના કારણે બાળકે ૧૧ અંગો અલ્પ સમયમાં કંઠસ્થ કર્યા. તેઓ અલ્પ વયમાં દશપૂર્વધર બન્યા. તેમની અગાધ શક્તિ, અપૂર્વજ્ઞાન અને અતિ સોહામણા દેહથી પ્રભાવિત બની ધન શ્રેષ્ઠીની રુકિમણિ નામની કન્યા વજ્રસ્વામી પર મોહિત થઇ. વજ્રસ્વામીએ શરીરની અશુચિતા, ભોગની વિપાક-કટુતા, ક્ષણિકતા વગેરેનું હૃદયવેધી પ્રવચન કર્યું, જેથી તે કન્યા પણ સંયમ લેવા તૈયાર થઇ. વજ્રસ્વામીએ બાલ્યવયમાં દીક્ષિત થઇ અનેક વિદ્યાઓ સંપન્ન કરી. તેઓ સંપૂર્ણ બ્રહ્મચારી રહી સ્વયં સંસાર સાગર તર્યા અને ઘણા જીવોને તેમણે તાર્યા.

**૬)મેઘકુમાર :** (શ્રી જ્ઞાતા ધર્મકથા, પ્રથમ અધ્યયન, પૃ. ૧-૨. પ્ર. ગુરુપ્રાણ ફાઉન્ડેશન.)

મેઘકુમારના જીવે પૂર્વે હાથીના ભવમાં છતી શક્તિએ, પોતાના મંડપમાં, પોતાના શરણે આવેલા નાનકડા પ્રાણી સસલા પ્રત્યે અનુકંપા ઉપજતાં પોતાના પ્રાણના ભોગે પણ તેની રક્ષા કરી. જીવદયાના પરિણામે તે મરીને શ્રેણિક નરેશના ગૃહે મેઘ નામના રાજકુમાર તરીકે જન્મ્યા. રાજગૃહી નગરીમાં ભગવાન મહાવીર પધાર્યા. તેમના સંપર્કમાં આવતાં મેઘકુમાર ને વૈરાગ્ય જાગ્યો. તેમણે યુવાન વયે સંસારનો ત્યાગ કરી સંયમ સ્વીકાર્યો. મેઘમુનિને સંયમની પ્રથમ રાત્રિએ મુનિઓની અવરજવર, સ્વાધ્યાયના અવાજથી તેમજ માત્ર જમીન પર એક વસ્ત્રની પથારી આદિ સંયમની કઠિનતાથી મહેલના સુખો યાદ આવ્યાં. મોહનીય કર્મના ઉદયથી, પ્રભાતે સંયમના ઉપકરણો પાછા સોંપી મહેલમાં ચાલ્યા જવાના ભાવ થયા. પૂર્વ જન્મની જીવદયા તેમને મોક્ષમાર્ગ તરફ લઇ આવી પરંતુ પરિષહો સહન ન થતાં મેઘમુનિ ચલિત થયા. મેઘમુનિ પ્રાતઃકાળે પ્રભુ મહાવીર પાસે આવ્યા. વંદન માટે આવેલા મેઘમુનિના

ચંચળ ભાવો જાણી પ્રભુ મહાવીરે તેમને પૂર્વભવની યાદ અપાવી. તેથી મેઘમુનિને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવની કષ્ટ સહિષ્ણુતા જાણી તેમની વિચારધારા બદલાઈ. હવે તે સંયમમાં સ્થિર થયા. ભિક્ષુની બાર પ્રતિમાઓ સ્વીકારી. તેમણે તપ અને સંલેખના દ્વારા શરીર અને કષાયને કૃશ કર્યાં. ભોગો ભોગવવા અનેક જન્મો મળ્યા પરંતુ ભોગોને સમજપૂર્વક ત્યાગવા માટે માત્ર મનુષ્ય ભવ છે, એવું જાણી મેઘમુનિ યુવાન વયમાં જ બ્રહ્મચારી સંત બન્યા.

૭)સ્થૂલિભદ્ર : (શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમ્, ભા-૧, પૃ ૪૨-૪૫.)

નંદ સામ્રાજ્યના મહામંત્રી શકડાલના પુત્ર સ્થૂલિભદ્ર. યૌવન વયે રાજનર્તકી કોશાની રૂપજાળમાં ફસાયા. મહાપંડિત વરરુચિના ષડ્યંત્રથી પિતાનું મૃત્યુ થતાં અમાત્યપદ ગ્રહણ કરવા સ્થૂલિભદ્રને કહેવામાં આવ્યું. પરંતુ પિતાના મૃત્યુથી સંસારની અનિત્યતા અને અસારતા જાણી તેમજ રાજનીતિના કાવાદાવાથી સ્થૂલિભદ્રને સંસાર પ્રત્યેની રુચિ ઉડી ગઇ. તેમણે કોશાના ઘરનો ત્યાગ કર્યો. આચાર્ય સંભૂતિવિજય પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી. પ્રથમ વર્ષાવાસનો સમય આવ્યો. અન્ય સાથી મુનિઓ સિંહની ગુફા ઉપર, સર્પના રાફડા ઉપર, કૂવાનાં કાંઠે ચાતુર્માસ રહ્યા. સ્થૂલિભદ્રમુનિ ગુરુ આજ્ઞા લઈને કોશાની ચિત્રશાળામાં ચાતુર્માસ અર્થે ગયા.

કોશાએ સ્થૂલભદ્રને આવતાં જોઇ પોતાની અમૃત ભરેલી વાણીથી, મધુરતાથી તેમને સત્કાર્યા. ચારે બાજુ વાસનામય વાતાવરણ હતું. કોશાની આજ્ઞા લઇ મહામુનિ સ્થૂલિભદ્ર ચિત્રશાળામાં રહ્યા. કોશાએ વહોરાવેલો છ રસવાળો આહાર કરી તેઓ કાયોત્સર્ગમાં મગ્ન થયા. કોશાએ અનેક શૃંગારો રચ્યાં, નૃત્ય કર્યાં, પૂર્વના કામભોગોનું સ્મરણ કરાવ્યું. પ્રેમ અને કામ ઉત્પન્ન કરે તેવાં વચનો સાંભળીને પણ મુનિ ક્ષોભ ન પામ્યા. કોશાના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયાં. અંતે કોશાએ પોતાના અપરાધની ક્ષમા માંગી. કોશા બાર વ્રતધારી શ્રાવિકા બની. આર્ય સ્થૂલિભદ્ર જૈન જગતનું એવું ઉજ્જવલ નક્ષત્ર છે કે તેમની જીવન પ્રભાથી જનજીવન આજે પણ આલોકિત છે. મંગલાચરણમાં ત્રીજા મંગળના રૂપમાં તેમનું સ્મરણ થાય છે. કામવિજેતા સ્થૂલિભદ્ર મુનિની શીલદૃઢતા પ્રશંસનીય છે; તેથી ચોર્યાશી ચોવીસી સુધી લોકો તેમને યાદ કરશે.

૮) નારદ : (જૈન રામાયણ પૃ. ૧૨૨,૧૨૩ અને ૧૪૬ થી ૧૫૦.)

એક અરણ્યમાં બ્રહ્મરુચિ તાપસ અને કૂર્મી તાપસી યુગલ રહેતું હતું. કાળ ક્રમે ઋષીપત્ની ગર્ભિણી બની. તેવા સમયે જૈન શ્રમણો આશ્રમમાં આવ્યા. તાપસના ભાવુક-ઉન્નત આત્માને ઓળખી જૈન શ્રમણોએ સાચું માર્ગદર્શન આપ્યું. પરમ બ્રહ્મની પ્રાપ્તિ માટે વૈષયિક સુખો ત્યાગી જીવે જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગમાં તત્પર રહેવું જોઇએ. તાપસે શ્રમણોની મધુરવાણી સાંભળી નિષ્પાપ સાધના માર્ગ (મુનિધર્મ) સ્વીકાર્યો. કુર્મીએ શ્રાવિકા ધર્મ સ્વીકાર્યો. નવમાસ પૂર્ણ થતાં તેણે પુત્રને જન્મ આપ્યો. જન્મતાં સામાન્ય બાળકની જેમ તે રડતો ન હોવાથી તેનું નામ 'નારદ' પાડયું. એકવાર જૃંભક જાતિના દેવો મનુષ્યલોકમાં તીર્થોની યાત્રા કરી પાછા ફરતા હતા ત્યારે આંગણામાં રમતા બાળકના તેજસ્વીપણા અને પ્રકૃષ્ટ પુણ્યથી આકર્ષાયા. તેઓ બાળકને વિમાનમાં બેસાડી સ્વસ્થાને લઇ ગયા. પુત્રના વિરહથી કુર્મીને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો. તેમણે ઇન્દુમાલા સાધ્વી પાસે સંયમ સ્વીકાર્યો. દેવોએ નારદને અનેક કળાઓમાં પ્રવીણ બનાવ્યો. યૌવનમાં પ્રવેશતાં તેમને આકાશગામિની વિદ્યા શીખવી. મસ્ત યૌવન અને આકાશમાં ઉડવાની વિદ્યાના બળે તેઓ તીર્થોની યાત્રા કરવા લાગ્યા. તેઓ સંગીત રસિક હોવાથી હાથમાં વીણા રાખતા. તેઓ અખંડ બ્રહ્મચારી હતા, તેમજ અણુવ્રતધારી શ્રાવક હતા. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહી હતા. તેમના અખંડ બ્રહ્મચર્યના કારણે જ તેઓ રાજાના અંતઃપુરમાં વિના રોકટોક જઇ શકતા હતા.

નારદજી શીલવતધારી હતા, તેથી મોક્ષમાં ગયા.

૯)સુદર્શન શેઠ : (શ્રાદ્ધવિધિ પ્રકરણ ગ્રંથ, પૃ. ૨૫૯.)

ચંપાનગરીમાં એક પત્નીવ્રતને પાળનારા સુદર્શન નામે એક સત્પુરુષ રહેતા હતા. તેઓ સુંદર મુખમુદ્રાવાળા, કાંતિમાન અને મધ્ય વયનાં હતાં. એકવાર તેઓ નગરના રાજ દરબાર પાસેથી કોઇ કાર્ય પ્રસંગે નીકળ્યા. ત્યારે અભયારાણી આવાસના ગોખમાં બેઠી હતી. તેની દૃષ્ટિ સુદર્શન શ્રેષ્ઠી પર પડી. તેમનું ઉત્તમ રૂપ જોઇ રાણીએ સુદર્શન શેઠને ભોગ ભોગવવા સંબંધી આમંત્રણ આપ્યું. સુદર્શન શેઠે યુક્તિથી કહ્યું, 'હું પુરુષત્વ વિનાનો છું'. ત્યાર પછી રાણીએ અનેક પ્રકારના હાવભાવ કરી સુદર્શન શેઠને વશ કરવા પ્રયત્ન કર્યા પરંતુ તેને કોઇ સફળતા મળી નહીં.

એકવાર નગરમાં કૌમુદી મહોત્સવની ઉજાણી હતી. ચારે તરફ ખૂબ ધામધૂમ હતી. સુદર્શન શેઠના છ દેવકુમાર જેવા પુત્રો પણ ત્યાં આવ્યા. અભયારાણી કપિલા નામની દાસી સાથે ત્યાં આવી હતી. તેણે દાસી દ્વારા જાણ્યું કે આ પુત્રો સુદર્શન શેઠના છે. હવે રાણીએ સુદર્શનશેઠનો બદલો લેવાનો નિશ્ચય કર્યો. અભયારાણી અને કપિલા દાસીએ મળી યુક્તિ ગોઠવી. રાણીએ રાજાનાં કાન ભંભેર્યા. સુદર્શન શેઠે તેને ભોગનું આમંત્રણ આપ્યું હતું, એવા અયોગ્ય કથનો વડે રાણીએ રાજાને ઉશ્કેર્યા. સ્ત્રીનાં માયાવી મધુરાં વચનોથી રાજા ક્રોધિત બન્યા. સુદર્શન શેઠને બોલાવી તેમને શૂળીએ ચઢાવી દેવાની રાજાએ આજ્ઞા કરી.

સુદર્શન શેઠને શૂળીએ બેસાડયા, સુદર્શન શેઠે નવકાર મંત્રનું સ્મરણ કર્યું. તરત જ શૂળીની જગ્યાએ સોનાનું સિંહાસન થઇ ગયું. દેવદુંદુભિના નાદ થયા. સર્વત્ર આનંદ વ્યાપી ગયો. સુદર્શન શેઠનું સત્યશીલ ઝળકી ઉઠયું. સુદર્શન શેઠને સંસારનું સ્વરૂપ જોઇ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા લીધા પછી ભિક્ષાર્થે જતાં દેવદત્તા ગણિકા તેમના રૂપથી મોહિત બની. સુદર્શન મુનિએ બ્રહ્મચર્ય વ્રતનું અખંડ પાલન કર્યું. છેવટે દેવદત્તા થાકી.

૧૦) દૃઢપ્રહારી : (શ્રાદ્ધવિધિ પ્રકરણ ગ્રંથ, પૃ. ૧૩૭-૧૩૮.)

વસંતપુર નગરમાં એક નિર્ધન બ્રાહ્મણ રહેતો હતો. તેણે ધન મેળવવા ચોરી કરી. ઘણીવાર સજા થઇ. રાજાએ સમજાવ્યા છતાં ન સમજ્યો તેથી ગામ બહાર કાઢી મૂક્યો. તે ચોરની પલ્લીમાં ગયો. સરદારે તેને પુત્ર તરીકે રાખ્યો. સ્વભાવથી ક્રૂર અને બળવાન હોવાથી તેના પ્રહારથી વ્યક્તિ મરી જતા. તેથી તેનું ' દૃઢપ્રહારી' નામ પડયું.

એક વખત તે સાથીદારો સહિત કુશ સ્થળમાં ચોરી કરવા આવ્યો. ચોરો બ્રાહ્મણના ઘરે આવ્યા. પરંતુ ત્યાં ખીર પાત્ર સિવાય કાંઇ ન મળ્યું, તેથી ખીરપાત્ર ઉપાડયું. ત્યાં તો બ્રાહ્મણના છોકરાઓ રડવા લાગ્યા. બ્રાહ્મણ ચોરોને મારવા દોડયો. દૃઢપ્રહારીએ તલવારથી તેના બે ટુકડા કર્યા. રસ્તામાં ગાય અથડાણી તેને પણ મારી નાંખી. બ્રાહ્મણની ગર્ભિણી સ્ત્રી ચોરોને અપશબ્દ બોલતી હતી, તેને પણ મારી નાંખી. તેનો ગર્ભ પણ ટુકડા થઇ ભૂમિપર પડયો. આ દૃશ્યથી બાળકો ભયથી કંપી ઉઠયાં. તેઓ રડવા લાગ્યાં. ક્રૂર દૃઢપ્રહારી બાળકોના રુદનથી થોડો નરમ બન્યો. તે ચોરી કરી નગરમાંથી નીકળ્યો પરંતુ બ્રાહ્મણ, ગાય, સ્ત્રી અને બાળકની હત્યા તેને સાલવા લાગી. રસ્તામાં મુનિને જોઇ તેણે પોતાના પાપનું પ્રાયશ્ચિત માંગ્યું. મુનિએ દીક્ષા ગ્રહણ કરવાનું કહ્યું. દૃઢપ્રહારી દીક્ષા લઇ તે જ ગામમાં રહ્યા. લોકોએ છ-છ માસ સુધી તિરસ્કાર કર્યો. મુનિ સમજતા હતા કે પાપ તીવ્ર છે, તેથી તેનું ફળ પણ ખૂબ સહન કરવું પડશે. દૃઢપ્રહારી મુનિએ સમભાવે સર્વ ઉપસર્ગો સહન કર્યા. તેમણે ઉગ્ર અભિગ્રહપૂર્વકની તપશ્ચર્યા કરી છ માસમાં સર્વ કર્મો ક્ષય કર્યા.

૧૧) ઢંઢણ મુનિ : (ટચૂકડી કથાઓ ભાગ ૩, કથા-૫૪૦, પૃ. ૧૬૧-૧૬૪.)

બાવીસમા તીર્થંકર નેમનાથ પ્રભુ પાસે શ્રીકૃષ્ણના પુત્ર ઢંઢણકુમારે સંયમ સ્વીકાર્યો. પૂર્વકર્મના ઉદયથી તેમને ગોચરી મળતી નથી. તેમને વહોરાવવાના ભાવ કોઇને થતા નથી. નેમિનાથ પ્રભુ પાસેથી પોતાનો પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળી પોતાનાં કર્મો ક્ષય કરવા અભિગ્રહ કર્યો, મારી લબ્ધિની ભિક્ષા મળે તો જ વાપરવી. છ મહિના વીતી ગયા, છતાં ઢંઢણમુનિને આહાર ન મળ્યો.

નેમિનાથ પ્રભુના ૧૮૦૦૦ સાધુઓમાં તેઓ મહાન, દુષ્કર અભિગ્રહ કરનારા હતા. છ-છ મહિનાથી પોતાની લબ્ધિનો આહાર ન મળવા છતાં તેમના મનના અધ્યવસાયો પ્રતિદિન વિશુદ્ધ હતા. ઢંઢણમુનિને રસ્તામાં ગોચરીએ જતાં જોઇ શ્રીકૃષ્ણ મહારાજ હાથી પરથી નીચે ઉતરી ઉત્કૃષ્ટ ભાવે વંદન કરતા જોઇને એક મીઠાઇ બનાવનાર કંદોઇએ 'કોઇ ઉચ્ચ મહાત્મા છે', તેવું જાણી મોદક વહોરાવ્યા. ઢંઢણમુનિએ નેમનાથ પ્રભુને કહ્યું, "પ્રભુ ! આજે મારી લબ્ધિનો આહાર મળ્યો છે". નેમનાથ પ્રભુ બોલ્યા, "હજુ તારું અંતરાય કર્મ નષ્ટ થયું નથી. આ મોદક કૃષ્ણની લબ્ધિના મળ્યા છે, માટે તેને નિર્દોષ ભૂમિમાં પરઠવી દો." મુનિરાજે જરા પણ ખેદ કર્યા વિના દૃઢપણે અભિગ્રહ પાળ્યો. પોતાના પાપોનું પ્રાયશ્ચિત કરતાં, લાડુનો ચૂરો કરતાં કરતાં તેમણે કર્મનો ચૂરો કર્યો. તેઓ શુક્લધ્યાનની શ્રેણીએ ચડયા. તેમણે ઘાતી કર્મનો ક્ષય કર્યો. ઉગ્ર અભિગ્રહધારી ઢંઢણમુનિ કેવળી બન્યા.

૧૨) અર્જુનમાળી : (શ્રી અંતગડદશાંગસૂત્ર, પૃ. ૧૩૨-૧૩૫. પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન.)

યક્ષાવિષ્ટ અર્જુનમાળીએ પાંચ મહિના અને તેર દિવસમાં ૧૧૪૧ જીવોનો વધ કર્યો. સુદર્શન શેઠની પ્રેરણાથી તેઓ ભગવાન મહાવીરના સંપર્કમાં આવ્યા. અર્જુનમાળીનું અંધકારમય જીવન ભગવાનની વાણીથી પ્રકાશમય બન્યું. વીતરાગ ધર્મમાં શ્રદ્ધા અને રુચિ થવાથી અર્જુનમાળી અણગાર બન્યા. અણગાર બની નિરંતર છઠ્ઠ-છઠ્ઠ પારણા કરવાની પ્રતિજ્ઞા સ્વીકારી. પારણાના દિવસે નગરીમાં ગોચરી (ભિક્ષા) માટે નીકળતા. ત્યારે લોકો હત્યારા કહીને તેમને ધિક્કારતા, મારતા, પીટતા, તેમના ઉપર પત્થર ફેંકતા, ઘરમાંથી કાઢી મૂકતા, તિરસ્કાર કરતા. રાજગૃહી નગરીમાં અર્જુન અણગારને મુશ્કેલીથી ભિક્ષા મળતી. તેમ છતાં અર્જુનમુનિ સમતા રાખતા. તેઓ મનમાં જરા પણ અપ્રીતિ થવા દેતા નહિ. આ પ્રમાણે ઉત્તમ કોટિનું તપશ્ચરણ અને શુભ ભાવના ભાવતાં તેઓ છ માસમાં સર્વકર્મોનો ક્ષય કરી અંતકૃત કેવળી બન્યા.

અર્જુન અણગારે ઉત્કૃષ્ટ ભાવે તથા ઉત્તરોત્તર વર્ધમાન પરિણામી તપથી આત્માને ભાવિત કર્યો. તેમણે છ માસ સુધી ચારિત્ર પર્યાયનું પાલન કર્યું. તપના પ્રભાવે તેમણે જન્મ જન્માંતરના ગાઢ કર્મો ક્ષય કર્યાં.

૧૩) પાંડવ : (શ્રી જ્ઞાતાધર્મ કથા)

દ્વિપાયન ઋષીના કોપથી દ્વારિકા નગરીનો વિનાશ થયો. શ્રી કૃષ્ણ કૌસંબી વનમાં ગયા. ત્યાં પદ્મશીલા પર પીતાંબર ઓઢીને સૂતા હતા ત્યારે જરાકુમારે હરણ સમજી બાણ માર્યું. શ્રી કૃષ્ણનું મૃત્યુ થયું. જરાકુમાર શ્રી કૃષ્ણના કહેવાથી તેમનું કૌસ્તુભ મણિ અને પીતાંબર અડધું ફાડી પાંડવો પાસે લઈ ગયા. શ્રી કૃષ્ણના મૃત્યુના સમાચાર સાંભળી પાંડવોએ વિચાર્યું, 'વ્યક્તિ ગમે તેટલો સામર્થ્યવાન હોવા છતાં મૃત્યુના પંજામાંથી છૂટી શકતો નથી. નિશ્ચિત છે કે જેનો જન્મ તેનું મૃત્યુ અવશ્ય છે.' આવી ચિંતનધારાથી પાંડવોને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે પાંડુસેન નામના રાજકુમારને રાજ્ય સોંપી ધર્મઘોષ મુનિ પાસે દીક્ષા લીધી. તેમણે ૧૪ પૂર્વનો અભ્યાસ કર્યો. તેમણે સુરાષ્ટ્ર જનપદમાં લોકોના મુખેથી અરિષ્ટ નેમી ભગવાનના વિચરણની વાત સંભળી, તેમને પ્રભુ દર્શનની ઉત્કૃષ્ટ ઈચ્છા પ્રગટી.

તેઓએ અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી અરિષ્ટનેમિના દર્શન ન થાય ત્યાં સુધી માસક્ષમણના પારણે માસક્ષમણ તપ કરવું. આ પ્રમાણે અભિગ્રહ ધારણ કરી તેઓ વિહાર કરવા લાગ્યા. હસ્તિકલ્પ નગરમાં માસક્ષમણ તપના પારણે ભિક્ષા લેવા જતા તેમણે સંભળ્યું કે અરિષ્ટનેમિ ભગવાન ગિરનાર પર્વત ઉપર એક માસનું અનશન કરી ૩૬૦૦૦ સાધુઓ સાથે કાળધર્મ પામ્યા છે. આ સાંભળીને પાંડવોએ ભિક્ષામાં લાવેલો આહાર એકાંત જગ્યાએ વિવેકપૂર્વક પરઠી લીધો. તેઓ શેત્રુંજ્ય પર્વત ઉપર ગયા. ત્યાં બે માસનો પાદોપગમન સંથારો કરી સિદ્ધ થયા.

૧૪) ઉદાયી રાજા : (ઉપદેશ પ્રાસાદ, ભા.૧, પૃ ૧૩૬-૧૪૨.)

ઉદાયી રાજા રાજગૃહી નગરીના કોણિક રાજાના પુત્ર હતા. તે શૌર્યવાન, દાનવીર અને ધર્મવીર હતા. સાધુઓના સંગે તે બારવ્રતધારી શ્રાવક બન્યા. તેઓ સમ્યક્ત્વ સહિત બાર વ્રતનું આરાધન કરતા. તેઓ આવશ્યક-પ્રતિક્રમણાદિ ક્રિયાઓ શુદ્ધ ભાવે કરતા હતા, તેમજ પર્વતિથિએ પૌષધ કરતા. તેમણે ધર્મ આરાધના કરવા રાજમહેલની નજીક પૌષધશાળા પણ બનાવી. સમય મળતાં ધર્મ સ્થાનકમાં આવી સામાયિક કરતા. પિતાના મૃત્યુની યાદ ભૂલવા તેમણે પાટલીપુત્રને રાજધાની બનાવી.

એકવાર ખંડિયા રાજાથી ખંડણી ન ભરાતાં, ઉદાયી રાજાની સેના ખંડણી વસૂલ કરવા ગઇ. બંને સેનાઓ વચ્ચે યુદ્ધ થયું. તેમાં વિપક્ષ રાજાનું મૃત્યુ થયું. તેથી તે રાજાના પુત્રએ પોતાના પિતાના ખૂની એવા ઉદાયી રાજાની હત્યા કરવાનો નિશ્ચય કર્યો. તેણે જોયું કે જૈન મુનિઓ કોઇ પણ જાતની પૂછતાછ વિના રાજમહેલમાં જઇ શકે છે. તેથી ઉદાયી રાજાના ધર્મગુરુ ધર્મઘોષ મુનિ પાસે ખંડિયા રાજાના પુત્રે, તેમની કૃપા મેળવી દીક્ષા લીધી. તેનું નામ વિનયરત્ન પડ્યું. તેણે ગુરુ સાથે રહી ઘણો અભ્યાસ કર્યો પરંતુ તેના પિતાના મૃત્યુનો બદલો લેવાની ભાવના તેના મનમાં જીવંત રાખી.

બાર વર્ષ પછી પાટલીપુત્રમાં તેઓનું આગમન થયું. ઉદાયી રાજાએ પર્વતિથિના દિવસે ગુરુને રાત્રિ પૌષધ કરવાની ભાવના વ્યક્ત કરી અને પૌષધશાળામાં પધારવાની વિનંતી કરી. વિનયરત્નમુનિ ગુરુ સાથે પૌષધશાળામાં પધાર્યા. પ્રથમ પ્રહરમાં ધર્મચર્ચા કરી. ત્યાર પછી પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરી, સંથારો (શય્યા) કરી રાજા, આચાર્ય તથા વિનયરત્નમુનિ સૂતા. વિનયરત્નમુનિ ઊંઘવાનો ઢોંગ કરતા હતા. તેણે મધ્યરાત્રિએ રાજાનું ખૂન કરી જંગલ જવાના બહાને ત્યાંથી નીકળ્યા. થોડીવારમાં લોહીની ધારથી આચાર્ય શ્રીનો સંથારો ભીનો થયો. તેઓ જાગી ગયા. વિનયરત્ન મુનિને પલાયન થયેલા જાણી હેબતાઇ ગયા. જૈન મુનિ દ્વારા રાજાનું ખૂન', એવું નગરજનોને ખબર પડશે ત્યારે જૈનશાસન વગોવાશે; એવું જાણી આચાર્યએ સર્વ જીવો સાથે ક્ષમાપના કરી, પાસે પડેલી છરી પોતાના ગળામાં ખોસી દીધી. ઉદાયી રાજા ધર્મ પ્રેમી, ઉત્તમ ક્રિયાશીલ અને તપસ્વી હતા. તેથી તે સ્વર્ગે ગયા.

૧૫) શિવ-પાર્વતી : (શિવપુરાણ(મરાઠી), અ.-૧૩, પૃ.૪૩૫-૪૪૫. પ્ર. રઘુવંશી પ્રકાશન, ૨૪૨, શુક્રવાર પેઠ. પૂના).

દક્ષ રાજાની પુત્રી પાર્વતીએ કૈલાશપતિ સદાશિવ (શંકર) સાથે લગ્ન કર્યા, જે દક્ષ રાજાને ન ગમ્યું. તેથી તેમને સદાશિવ પ્રત્યે અણગમો હતો. દક્ષ રાજાએ યજ્ઞ કરવાનો નિર્ણય કર્યો. તે સદાશિવની નિંદા કરતા હતા. ગળામાં નરમુંડોની માળા પહેરનારા, શરીરે હાથીનું ચામડું પહેરનારા, શરીરે ભસ્મ ચોપાડનારા એવા અપવિત્ર અને અભદ્ર-દેવ તેમને પસંદ ન હતા. શિવની નિંદા કરવા એકવાર દક્ષ રાજા કૈલાશે ગયા. શંકર ભગવાને તેમનું સ્વાગત ન કર્યું. તેથી ક્રોધિત થયેલા દક્ષે શિવની નિંદા કરી. એકવાર દક્ષની પુત્રી પાર્વતી કૈલાસ પર ફરવા ગઈ. ત્યાં તેણે પિતાના ઘરે યજ્ઞ થતો જોયો. પોતાની બીજી બહેનોને યજ્ઞમાં આવેલી જોઈ. પાર્વતીએ પિતાના ઘરે યજ્ઞમાં

જવાની શિવજી પાસે રજા માંગી. શિવજીએ પાર્વતીને ત્યાં ન જવાં સમજાવ્યું પરંતુ પાર્વતી નંદી પર બેસી પિતાના ઘરે પહોંચ્યા. પોતાની પુત્રીને યજ્ઞમાં આવેલી જોઈને માતા-પિતાએ મોઢું ફેરવી લીધું. અનંત બ્રહ્માંડની સ્વામિનીનું ઘોર અપમાન થયું. પાર્વતીએ યજ્ઞકુંડમાં ઝંપલાવ્યું. બ્રહ્માંડ ડોલાયમાન થયું. આ વાતની શંકર ભગવાનને ખબર પડતાં પોતાના અહંકારને છોડી મહા ભયંકર રૂપ ધારણ કરી તેઓ શ્વસુર ગૃહે આવ્યા. પાર્વતીના મૃત્યુથી ક્રોધિત થઈ તેમણે ત્યાં તાંડવ નૃત્ય કર્યું. તેમણે દક્ષ રાજાનો શિરચ્છેદ કર્યો.

૧૬) સુબાહુકુમાર : (શ્રી કલ્પસૂત્ર કથાકાર : પૃ. ૨૪૫ થી ૨૭૦. સં. સુનંદાબહેન વોહોરા.)

બાહુકુમાર તથા સુબાહુકુમાર વજ્રનાભ ચક્રવર્તીના ભાઈ હતા. બંને ભાઈઓએ સંયમ સ્વીકારી મુનિ વૈયાવચ્ચ અને શુશ્રૂષાનું ઉત્તમ કાર્ય કર્યું. ભરતે ભોજન લાવવા દ્વારા તેમજ બાહુબલિએ શરીર દ્વારા શુશ્રૂષા કરી. બાહુમુનિ વૈયાવૃત્યના પ્રભાવથી બીજા ભવમાં ઋષભદેવ ભગવાનના મોટા પુત્ર ભરત થયા અને સુબાહુકુમાર ભરતના નાનાભાઈ બાહુબલિ તરીકે જનમ્યા. ભરત મહારાજાએ છ ખંડની પૃથ્વી પર પોતાનું આધિપત્ય જમાવ્યું. ત્યાર પછી પોતાના નવ્વાણું ભાઈઓને પોતાના આધીન રહેવા સંદેશ મોકલ્યો. બાહુબલિ સિવાય અઠ્ઠાણું ભાઈઓએ ભગવાન ઋષભદેવના ઉપદેશથી વૈરાગ્ય પામી સંસાર ત્યાગ કર્યો. તે સર્વેએ કૈવલ્ય રાજ્ય મેળવ્યું. સિંહ કદી બીજાને આધીન ન રહે તેમ બાહુબલિ ભરત મહારાજાને આધીન રહેવા માંગતા ન હતા. તેથી બંને ભાઈઓ વચ્ચે યુદ્ધ થયું. બાહુબલિ અને ભરત મહારાજા વચ્ચે દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને દંડયુદ્ધ થયું . આ ચારે યુદ્ધમાં બાહુબલિનો વિજય થયો. પૂર્વ ભવમાં બાહુબલિએ કરેલી શ્રમણોની ભાવપૂર્વક, તેમજ નિષ્ઠાપૂર્વક સેવાથી તેમનામાં બાહુબળરૂપી અપૂર્વ શક્તિ ઉત્પન્ન થઈ હતી.

૧૭) હરિકેશી મુનિ :(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર : અ. ૧૨, પૃ. ૫૬૪-૬૪૩. લે. ઘાસીલાલજી મ.)

હરિકેશી મુનિ પૂર્વે સોમદત્ત નામનો પુરોહિત હતો. મથુરા નરેશ શંખરાજાએ સંસારથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. એક ગામથી બીજે ગામ વિચરતાં એકવાર તેઓ હસ્તિનાપુર પધાર્યા. તેઓ બપોરના સમયે ગોચરીએ જતાં સુનકાર શેરીની નજીક આવ્યા. તેમણે નજીકમાં રહેતા સોમદત્ત ભટ્ટને માર્ગ પૂછ્યો. તે ગલીનું નામ 'હુતવહરથ્યા' (ગ્રીષ્મ ઋતુના તાપથી તપ્ત) હતું. સોમદત્ત બ્રાહ્મણ મુનિઓનો દ્વેષી હતો. તેણે શંખમુનિને ઊષ્ણમાર્ગ બતાવ્યો. મુનિના લબ્ધિના પ્રભાવે ઉષ્ણ માર્ગ શીતળ બન્યો. સોમદત્ત બ્રાહ્મણ પણ તે માર્ગે ગયો. તેણે પણ શીતળતાનો અનુભવ કર્યો. પોતાના અનુચિત કાર્ય બદલ તેને પશ્ચાતાપ થયો. તેણે મુનિ પાસે ક્ષમા માંગી. મુનિએ તેને ક્ષમા આપી ધર્મોપદેશ આપ્યો. ગીતાર્થ ગુરુના વચનોથી સોમદત્ત બ્રાહ્મણે પ્રવ્રજ્યા સ્વીકારી. મુનિપણું સ્વીકાર્યા પછી પણ તે જાતિમદ, કુળમદ, રૂપમદ કરતો રહ્યો. તેથી દ્રવ્ય ચારિત્રનું પાલન કરી મૃત્યુ પામી તે દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવી હરિકેશ ગોત્રીય ચાંડાલોના અધિપતિ બલકોટ્ટ અને તેની પત્ની ગૌરીના ગર્ભમાં પુત્રપણે અવતર્યો. તેનું નામ બલ રાખવામાં આવ્યું. સમય જતાં તે હરિકેશબલથી ઓળખાયો. પૂર્વ ભવમાં કરેલા રૂપમદ અને સાધુઓ પ્રત્યેના દ્વેષના કારણે વર્તમાને તેને નીચ ગોત્ર મળ્યું તેમજ દેખાવે કુરૂપ થયો. સ્વભાવે ક્રોધી, ઈર્ષાળુ હોવાથી સર્વત્ર અપમાનિત થયો.

એકવાર હરિકેશબલ લાચાર અને નિરાશ બની બેઠો હતો ત્યારે ત્યાં એક ભયંકર કાળો સર્પ નીકળ્યો. ચાંડલોએ 'તે દુષ્ટસર્પ છે', એવું કહી મારી નાખ્યો. થોડીવારમાં ત્યાંથી એક અલશિક (બે મુખવાળો) જાતિનો નિર્વિષ સર્પ નીકળ્યો, લોકોએ તેને વિષરહિત છે ; એવું કહી છોડી દીધો.

આ ઘટનાથી હરિકેશબલનું મન ચિંતને ચડ્યું. પ્રાણી પોતાના જ ગુણો વડે પ્રીતિ પામે છે. ચિંતન કરતાં કરતાં હરિકેશબલને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવમાં કરેલ જાતિમદ અને રૂપમદનું ચિત્ર ઉપસ્થિત થયું. તે જ સમયે તેણે સંસારથી વિરક્ત બની દીક્ષા અંગીકાર કરી. મુનિ હરિકેશબલે કર્મક્ષય કરવા તીવ્ર તપશ્ચર્યા કરી. પારણાના દિવસે તેઓ રુદ્રદેવની યજ્ઞશાળામાં ગોચરી માટે ગયા. ત્યાં તેમણે અહિંસક યજ્ઞનો સંદેશ જનતાને આપ્યો.

જેમાં ઈન્દ્રિય અને મનનો સંયમ, અહિંસાનું આચરણ, દેહનું વિસર્જન થાય તે શ્રેષ્ઠ યજ્ઞ છે. જૈન યજ્ઞમાં તપ જ્યોતિ છે. ચૈતન્ય જ્યોતિ સ્થાન છે. મન, વાણી અને કાયાની સત્પ્રવૃત્તિ ઘી નાખવાની કડછી છે. શરીર અગ્નિ છે. કર્મ ઈંધન છે. સંયમ એ શાંતિપાઠ છે.

હરિકેશબલ જ્ઞાતિએ ભલે ચાંડાલ હતા પરંતુ તેમની દૃષ્ટિ સમ્યક્ બનતાં અહિંસક યજ્ઞના પ્રતિષ્ઠાપક બન્યા. તે સમયમાં યજ્ઞો અને ક્રિયાકાંડોનું સંશોધન કરનારા ભગવાન મહાવીરના ધર્મના સાચા પ્રભાવક બન્યા

૧૮) પોપટ : દુર્જનોના સંગથી જીવને ભયંકર દુઃખ સહન કરવું પડે છે. પોપટ હમેશાં લીલું મરચું, પેરુ (જામફળ) ઈત્યાદિ વસ્તુ પ્રત્યે વધુ રુચિ ધરાવે છે. પોપટ જ્યારે આકડાના વૃક્ષ પર બેસે છે, ત્યારે આકડાના ફળ (અક ડોડિયા), જે લીલા રંગનાં, પેરુ જેવાં લાગે છે, તેથી પોપટને તે ખાવાની સ્વાભાવિક રુચિ થાય છે. પરંતુ આકડાના ફળ દેખાવમાં ભલે મનોહર હોય છતાં સ્વાદમાં ખારાં ઝેર જેવાં હોય છે.

કવિ સમયસુંદરે પણ કહ્યું છે કે – ''આક તણા અક ડોડિયા, ખાવંતા ખારા હોય''

પોપટ રૂપ અને રંગમાં લોભાઈ આકડાના ફળ આરોગે છે, તેથી તેનું મૃત્યુ થાય છે. તેમ મિથ્યાત્વીનો લોભામણો, બાહ્ય સુંદર આચાર પણ ભવ્ય જીવને માટે ભયજનક છે. તેનાથી દર્શનગુણ, ધૂમિલ બને છે. ખોટાં અભિપ્રાયો કે માન્યતાઓ બદલ્યા વિના સત્યદર્શન ન થાય.

૧૯) દેવ અને દૈત્ય : ઉપનિષદમાં ઠેર ઠેર દૈત્યોના સંગથી દેવોને સહન કરવું પડ્યું એવા દૃષ્ટાંતો આપેલ છે.

૨૦) મુંજરાજા અને મૃણાલિની : (શીલધર્મની રત્નકથાઓ, પૃ. ૯૪-૯૯.)

વિક્રમ સંવત અગિયારમા સૈકામાં બનેલી આ ઐતિહાસિક ઘટના છે. જેનો ઉલ્લેખ મેરૂતુંગસૂરિએ 'પ્રબંધ ચિંતામણિ' ગ્રંથમાં કર્યો છે. માલવપતિ મુંજ ચતુર અને પરાક્રમી રાજા હતો. તે વખતે તૈલંગ દેશમાં તૈલપ નામે રાજા રાજ્ય કરતો હતો. મુંજરાજાએ સાતમી વખત તૈલપ રાજા પર ચઢાઈ કરી. તૈલપ રાજાએ યુદ્ધમાં કપટ કરી મુંજને જીવતો પકડી લીધો. મુંજરાજા રાજકેદી બન્યો. મુંજની તમામ વ્યવસ્થાનો ભાર તૈલપ રાજાની પ્રૌઢ ઉંમરની બહેન (કાકાની દીકરી) મૃણાલિનીને સોંપાયો. મૃણાલિનીના લગ્ન શ્રીપુરના ચંદ્ર રાજા સાથે થયા હતા પરંતુ તે વિધવા બની ત્યારથી ભાઈ સાથે રહેતી હતી. તે સ્વરૂપવાન, ચતુર, અને કાબેલ હતી. મુંજરાજા વિદ્યા અને વિદ્વાનોનો ઉપાસક હતો, તેમજ પ્રણય શાસ્ત્રમાં પ્રવીણ હતો. મુંજરાજા પ્રત્યે મૃણાલિની આકર્ષાઈ.

મુંજરાજાએ મૃણાલિનીને પટરાણી બનાવવાનું વચન આપ્યું. તેમજ ગુપ્તચરોની મદદથી જેલમાંથી નાસી છૂટવા ભોયરું બનાવ્યું. પરંતુ મૃણાલિની કાબેલ હતી. તેણે વિચાર્યું માલવપતિની કેટલીય સ્વરૂપવાન રાણીઓ છે. તેમની અપેક્ષાએ હું કાળી છું તેથી રાજા મારી ઉપેક્ષા કરશે. આ પ્રમાણે મૃણાલિની મુંજરાજાને જેલમાંથી બહાર જવા દેવા માંગતી ન હતી. જ્યારે મૃણાલિનીને ખબર પડી કે મુંજરાજાએ જેલમાંથી નાસી જવા માટે સુરંગ ખોદી છે. 'મુંજે પોતાની સાથે વિશ્વાસઘાત કર્યો છે', તેવું જાણી મૃણાલિનીએ મુંજના ભાગી જવાની યોજના તૈલપ રાજાને જણાવી.

તૈલપ રાજાએ કેદી મુંજનું ખાવા-પીવાનું બંધ કર્યું. તૈલંગ દેશના રાજમાર્ગ પર દોરડા વડે બંધાયેલ મુંજને ઘેર ઘેર ભિક્ષા માંગવાનો સમય આવ્યો. ત્યારે મુંજ રાજા બોલ્યા-

आगि दाधा पालवइं छिद्या वाधइं वृक्ष ।
नारि हुताशनि जालिया छार उडउ थिया लक्ष ।।

અર્થ : આગ્નિએ બાળેલા વૃક્ષ પલ્લવિત થઈ શકે છે. છેદેલી વનરાઈ વધી શકે છે. પણ નારીરૂપી અગ્નિએ બાળેલા લાખો પુરુષો રાખ થઈ ઉડે છે. વળી કહ્યું છે -

इत्थीपसंग मत को करो, तिय विलास दुःख पुंज ।
घर घर जिणे नचावीओ, जिम मक्कड तिम मुंज ।।

અર્થ : જેમ વાંદરો એક જગ્યાએથી બીજી જગ્યાએ નાચે છે. તેમ સ્ત્રીના સંગથી મુંજ રાજા ઘરે ઘરે ભિક્ષા માટે નાચ્યો. તેથી હે માનવો ! સ્ત્રીનો સંગ કરશો નહિ, તેનો વિલાસ દુ:ખના સમૂહરૂપ છે. આમ મૃણાલિનીના સંગથી મુંજરાજા અતિશય દુ:ખ પામ્યો, તેમ મિથ્યાત્વીનો સંગ આત્માના ઐશ્વર્યને લૂંટી ચતુર્ગતિમાં પરિભ્રમણ કરાવે છે.

૨૧) ચિલાતિ અને સુંસુમા (સુષમા-સુંસીમા) : (શ્રી જ્ઞાતાધર્મકથા અ. ૧૮, સુંસુમા.)

રાજગૃહી નગરીના ધનાવાહ શ્રેષ્ઠીની સુંસુમા નામની પુત્રી હતી. સુંસુમાની સંપૂર્ણ દેખભાળ એક ચિલાતિ નામની દાસી કરતી હતી. તે દાસીનો ચિલાતિ નામનો પુત્ર હતો. જે ચિલાતિપુત્ર કહેવાયો. બાલ્ય અવસ્થામાં ચિલાતિપુત્ર અને સુંસુમા સાથે રમતાં હતાં. જોત જોતમાં સુંસુમા મોટી થઈ. શેઠાણીએ ચિલાતિપુત્રને સુંસુમા સાથે કુચેષ્ટા કરતો જોયો. તેથી તેને ઘરમાંથી કાઢી મૂક્યો. તે નિરંકુશ, સ્વચ્છંદી, દુર્વ્યસની બન્યો. તે ચોર પલ્લીમાં ભળ્યો. ત્યાં ચોર વિદ્યામાં પ્રવીણ બન્યો. થોડા વર્ષોમાં તે ચોર પલ્લીપતિ બન્યો.

ચિલાતિપુત્ર સુંસુમાને મેળવવાના અનેક ઉપાયો વિચારવા લાગ્યો. છેવટે સાથીઓની મદદથી તેણે શેઠના ઘરમાં લૂંટ ચલાવી. તે સુંસુમાને લઈને ભાગ્યો. શેઠ અને તેના પાંચ દિકરાઓ પણ ચિલાતિપુત્રને પકડવા તેની પાછળ દોડ્યા. હાથેથી ખેંચીને ચિલાતિપુત્ર સુંસુમાને પૂરા વેગથી દોડાવતો રહ્યો. અચાનક સુંસુમાને પગમાં કાંટો વાગ્યો. કાંટો કાઢવામાં સમય જતાં શેઠ અને તેમના પાંચ પુત્રો નજીક આવી પહોચ્યાં. ચિલાતિપુત્રે વિચાર્યું, 'સુંસુમા મારી ન થાય તો શેઠની પણ ન થવા દઉં' આવું વિચારીને તેણે મ્યાનમાંથી તલવાર કાઢી એક જ ક્ષણમાં સુંસુમાનું માથું ધડથી અલગ કર્યું. પાપી ચિલાતિપુત્રના સંગથી સુંસુમા દુ:ખી થઈ. તેણે પોતાનું જીવન ગુમાવ્યું. (આ કથા ઉપદેશ માલાની ટીકામાં વિસ્તારપૂર્વક આપેલ છે.)

૨૨) રાજહંસ અને કાગડો :

એક હંસ અને કાગડો બંને મિત્રો હતાં. હંસ સ્વભાવે સરળ હતો પણ કાગડો સ્વભાવે દુર્જન હતો. એકવાર એક રાજા પોતાના સૈનિક સાથે શિકાર કરવા નીકળ્યો. તે થાકી જવાથી તળાવના કિનારે રહેલા વૃક્ષ નીચે આરામ કરવા બેઠો. ત્યાં તે વૃક્ષ ઉપર હંસ અને કાગડો પણ બેઠાં હતાં. કાગડો પોતાના સ્વભાવ અનુસાર રાજા પર ચરક્યો. રાજાના વસ્ત્ર બગડવાથી રાજાને ગુસ્સો આવ્યો. તેમણે ક્રોધથી લાલચોળ થઈ તીર કામઠાં વડે તીર ચલાવ્યું પણ ચતુર કાગડો ત્યાંથી તે પહેલાં જ ઉડી ગયો. ભોળો હંસ ત્યાંજ બેસી રહ્યો, તેથી તીર તેને વાગ્યું. રાજાએ આશ્ચર્ય સાથે સૈનિકોને કહ્યું, "અહો ! આજે પ્રથમ વખત મેં શ્વેત કાગડો જોયો." ત્યારે હંસ બોલ્યો, "હું કાગડો નથી પણ

સરોવરમાં રહેનારો હંસ છું. મેં કાગડાની સંગતિ કરી તેથી મારી આ દુર્દશા થઈ.'' ખરેખર ! દુષ્ટોનો સંગ દુઃખદાયી હોય છે.

૨૩) ભગવાન મહાવીર અને ગોશાલક : (ભવભાવના પ્રકરણ - ભાગ -૨, પૃ. ૨૨૨-૨૨૫.)

જૈનોના ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીરનો છદ્મસ્થ અવસ્થાનો, પોતાને શિષ્ય તરીકે જાહેર કરતો ગોશાલક નામે વ્યક્તિ હતો. તેણે પરમાત્મા પર જુલમ ગુજારવામાં કોઈ કમી રાખી ન હતી.

ભારે ગરીબીના કારણે તેને રખડતાં રખડતાં ભગવાન મહાવીર જેવા તારક મળ્યા. તે તેમનો વગર બનાવ્યે શિષ્ય થઈ પડયો. કૂર્મ ગામમાં વૈશ્યાયન તાપસ આતાપના લેતા હતા. તેમના વાળમાં ઘણી જુ જોઈને ગોશાળાએ તેને 'યૂકા શય્યાતર' કહી મશ્કરી કરી. તાપસે ક્રોધિત થઈ ગોશાળા ઉપર તેજોલેશ્યા છોડી. ત્યારે તેને બચાવવા ભગવાને છદ્મસ્થ અવસ્થામાં શીતલેશ્યા છોડી. ગોશાળો ઉગરી ગયો. ત્યાર પછી તે ભગવાન પાસેથી તેજો લેશ્યાનો પાઠ શીખ્યો, તેમજ અષ્ટાંગ નિમિત્તોની જાણકારી મેળવી. આટલું જ્ઞાન પ્રાપ્ત થતાં તે અહંકારી બન્યો. સ્વયંને તીર્થંકર માનવા લાગ્યો. વિદ્યાનું અજીર્ણ અહંકાર છે. આગ્રહપૂર્વક સ્વીકારેલા પ્રભુને અસત્ય સાબિત કરવા પરમાત્મા મહાવીર દેવની સામે થયો.

ગોશાળાએ ભગવાનને અપશબ્દ કહ્યા. તેમની નિંદા કરી. ભગવાન મહાવીરના બે શિષ્યો સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર તેને રોકવા આવ્યા. તેમને પણ તેણે તેજોલેશ્યા છોડી બાળી નાખ્યાં. એટલું જ નહિ તેણે તારક પરમાત્મા મહાવીર દેવ ઉપર તેજોલેશ્યા પણ છોડી. તે અગ્નિ જવાળા ભગવાનના શરીરને ત્રણ પ્રદક્ષિણા આપી ગોશાળાના શરીરમાં પ્રવેશી ગઈ. ભગવાન મહાવીરને છ માસ સુધી લોહીના ઝાડા થયા. ગોશાળાને કારણે ભગવાન મહાવીરને અનેક કષ્ટો વેઠવાં પડયાં, તેમ મિથ્યાત્વીના સંગથી ચતુર્ગતિનાં કષ્ટો વેઠવાં પડે છે.

૨૪)શ્રીપાળ-મયણા : (મંગલમયી મયણાસુંદરી અને શીલ સંપન્ન શ્રીપાળ રાજા, પૃ. ૬-૯. લેખિકા - સુનંદાબહેન.)

અંગદેશની ચંપાપુરી નગરીના સિંહરથ રાજા અને કમળપ્રભા રાણીનો શ્રીપાળ નામે રૂપવાન કુંવર હતો. અચાનક સિંહરથ રાજાને અસાધ્ય રોગ થતાં તેમનું મૃત્યુ થયું. ત્યારે શ્રીપાળ ફક્ત પાંચ વરસનો હતો. અનુભવી મંત્રીઓ દ્વારા રાણીએ શ્રીપાળ કુંવરનો રાજ્યાભિષેક કર્યો. પરંતુ શ્રીપાળના જ કાકા અજિતસેને રાજ્ય પડાવી લીધું. તેમજ બાળકુંવરને મારી નાખવાનું કાવત્રુ રચ્યું. આ કાવત્રાની જાણ થતાં રાજમાતા અને શ્રીપાળે ગુપ્તમાર્ગે રવાના થઈ રાજ્ય છોડયું. તેઓ જંગલમાં આવી પહોંચ્યા. અહીં રાજમહેલના ભોગ સુખો કે ખાદ્ય સામગ્રી ન હતી. માતાની આંખમાં અશ્રુધારા હતી. રાત્રિએ જંગલમાં ભયંકર પશુઓની ત્રાડ સાંભળી ત્યારે રાણીએ નવકાર મંત્રનું શરણું સ્વીકાર્યું. રાણીના શીલના પ્રભાવે રાત્રિ નિર્વિઘ્ને પસાર થઈ. દિવસ થતાં બાળકે દૂધ માંગ્યુ. માતા બાળકને સમજાવતી હતી. તે વખતે ૭૦૦ કોઢિયા -કુષ્ટરોગીઓનું ટોળું ત્યાંથી નીકળ્યું. અજિતસેન રાજાના માણસોથી બચવા રાણી કુમારને લઈ કોઢિયાઓના ટોળામાં ભળી ગઈ. કોઢિયાના સંગથી શ્રીપાળને કોઢનો રોગ લાગુ પડયો. માતા અત્યંત દુઃખી થઈ. બાળકને ટોળામાં મૂકી કોઢની દવા શોધવા માતા દેશ-દેશાંતર ફરતી રહી. શ્રીપાળના શરીરના રોમે રોમમાં કોઢનો રોગ વ્યાપી ગયો. શ્રીપાળ રાજકુંવરને કોઢિયાના સહવાસથી ઉંબર જાતિનો કોઢનો રોગ થયો, તેમ મિથ્યાત્વના સંગથી ભવરોગ લાગુ પડે છે.

**૨૫) સેચનક હાથી :** (શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમ્ : ભા.૧, પૃ.૧૧-૧૨. સં. પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી ગણિ.)

એક અટવીમાં ૫૦૦ હાથણીઓનો યૂથપતિ હાથી રહેતો હતો. પોતાનું માલિકપણું કાયમ રહે તે હેતુથી તે નવા જન્મેલા કલભ(હાથીનું બચ્ચું) ને મારી નાખતો હતો. તે ખૂબ ઈર્ષાળુ હતો.

એક વખત કોઈ હાથણી ગર્ભવતી થઈ. પોતાના બાળકની રક્ષા માટે તેણે એક યુક્તિ કરી. હાથણી કપટથી લંગડી બની, ધીમે ધીમે ચાલવાથી યૂથની પાછળ રહેવા લાગી. યૂથપતિ કેટલેક દૂર જઈ તેની રાહ જોતો. ક્યારેક તે એક પહોરે તો ક્યારેક તે બે દિવસે ભેગી થતી. આ રીતે હાથણીએ યૂથપતિ પર વિશ્વાસ ઉપજાવ્યો. જ્યારે તેનો પ્રસવ સમય આવ્યો ત્યારે તે તાપસોના આશ્રમમાં ચાલી ગઈ. ત્યાં કલભ ને જન્મ આપી પાછી હાથણી યુથમાં મળી ગઈ. હાથણી સમયે સમયે આશ્રમમાં જઈ પોતાના સુંદર અને બળવાન બાળકને સ્તનપાન કરાવતી. તાપસ શિષ્યો વૃક્ષોને પાણી સિંચતા તે જોઈને કલભ પણ સૂંઢમાં પાણી ભરી વૃક્ષોને પાણી સિંચતો. તેથી તાપસમુનિ કુમારોએ તેનું 'સેચનક' નામ પાડયું.

એક વખત સેચનક હાથી નદીએ પાણી પીવા ગયો ત્યારે ત્યાં યૂથપતિ હાથી પણ આવ્યો. 'પોતાનો પ્રતિસ્પર્ધી છે'. એવું વિચારી યૂથપતિએ સેચનક હાથી પર પ્રહાર કર્યો. પરંતુ સેચનક યુવાન હોવાથી બળવાન હતો. સેચનકે બળપૂર્વક દંત પ્રહારો વડે યૂથપતિને મારી નાંખ્યો. હવે સેચનક યૂથનો સ્વામી બન્યો. યૂથપતિ થયા પછી સેચનક યૂથમાં રહ્યો. તે સ્થાન વર્ષો સુધી તેના પિતાએ સંભાળ્યું હતું. પિતા ઈર્ષાળુ અને ક્રૂર હતા. તેઓ તાજા જન્મેલા કલભનું ખૂન કરતા હતા. તેથી તેવા પાપી વ્યક્તિના ઘરે બંધાવવાથી સેચનક હાથીને પણ એવી બુદ્ધિ ઉત્પન્ન થઈ કે ફરી કોઈ હાથણી તાપસોના આશ્રમમાં આવી પોતાના કલભને જન્મ ન આપે. તેમજ ભવિષ્યમાં કોઈ પોતાનો પ્રતિસ્પર્ધી ન બને. સેચનક તાપસોના આશ્રમને કપટીઓનું આશ્રય સ્થાન સમજતો હતો, તેથી સેચનકે પાપબુદ્ધિથી મતિભ્રષ્ટ થતાં તેણે તાપસોના આશ્રમને ભાંગી નાખ્યા. જુઓ ! પુદ્ગલ પરમાણુની કેવી અસર થાય છે. અલ્પકાળના સહવાસથી સેચનક હાથીની બુદ્ધિ ભ્રષ્ટ થતાં પોતાની જન્મભૂમિનો તેણે નાશ કર્યો.

**૨૬) નંદિષેણમુનિ:** (૧. (અ) વંદનીય સાધુજનો - પૃ. ૪૯૧-૪૯૩. (બ) ઉપદેશમાલા : પૃ. ૩૪૨-૩૪૪.)

નંદિષેણ મુનિ પ્રખર ધર્મકથિક હતા. ભોગાવલી કર્મના ઉદયથી કામલતા વેશ્યાના ઘરે ભૂલથી ગોચરીએ જતાં નંદિષેણમુનિ તેની કામણ વિદ્યામાં ફસાયા, તેથી મુનિજીવન અને સંયમના ઉપકરણોનો ત્યાગ થયો. ગૃહસ્થ જીવનમાં પ્રવેશ્યા છતાં નંદિષેણ મુનિની શ્રદ્ધા જીવંત હતી. તેમણે કામલતાને કહ્યું, "કામલતા હું કાયર છું ! મારું ભોગવલી કર્મ નિકાચિત છે, પરંતુ હૃદયમાં વિરતિનો પ્રેમ જલવંત છે. હું આજે પ્રતિજ્ઞા કરું છું કે, રોજ દસ સંસારી જીવોને પ્રતિબોધી વિરતિના પંથે મોકલીશ પછી જ અન્ન પાણી ગ્રહણ કરીશ". કામલતા નંદિષેણને સુરા અને સુંદરીની ભોગો સંબંધી વાતો કરતી. નંદિષેણ તેને વચ્ચે જ અટકાવી કહેતા કે "સુરાની ગંધ પણ મને આવશે તે જ પળે હું તારા ભવનનો ત્યાગ કરીશ".

વેશ્યાને ત્યાં રહી નંદિષેણ પ્રતિદિન દસ આત્માઓને પ્રતિબોધી પછી જ ભોજન કરતા. નંદિષેણનો આ નિત્ય ક્રમ ચાલુ રહ્યો. બાર વર્ષ વ્યતીત થયાં. એક દિવસ નંદિષેણ માટે સુવર્ણ દિન બન્યો. તેમણે નિત્ય ક્રમાનુસાર નવ ભવ્યાત્માઓને સંબોધી સંસાર ત્યાગી બનાવ્યા. દસમો વ્યક્તિ કંઈક જડ હોવાથી એક જ પ્રશ્ન વારંવાર પૂછતો, "તો પછી તમે કેમ અહીં બેઠા છો ?" જમવાનો સમય થતાં કામલતા બોલાવા આવી. બે, ત્રણ વખત ફરી ફરી કરેલી રસોઈ ઠંડી થઈ ગઈ, છતાં પ્રતિજ્ઞા પૂર્ણ ન થઈ. ત્યારે કામલતાએ મશ્કરી કરતાં કહ્યું, "તમે તો નિત્યના પ્રતિબુદ્ધ જ

છો ને ? આજે તમે જ દસમા !'' કામલતાના વચનોથી નંદિષેણ જાગૃત થયા. કામલતાનો ઉપકાર માની મુનિવેશના ઉપકરણો ધારણ કરી આત્મલાભ કહી ગંભીર પગલે મુનિ નંદિષેણ ભગવાન મહાવીર પાસે ચાલ્યા.

મુનિ નંદિષેણની બુદ્ધિમતા, વાક્ચાતુર્ય, પ્રચંડ પુણ્યોદય અને ધર્મપ્રેમ પ્રશંસનીય છે. તેઓ મહાગીતાર્થ, મહાસંવિજ્ઞ અને શાસ્ત્રના નિષ્ણાંત હતા, તેથી તેમણે ગૃહસ્થી બન્યા પછી પણ જિનશાસનની પ્રભાવના કરવાનું કાર્ય અવિરતપણે ચાલુ રાખ્યું. તેઓ ચારિત્રથી પતિત થયા હતા પણ તેમની શ્રદ્ધા સ્થિર હતી.

૨૭) બળભદ્રમુનિ : (ઉપદેશમાલા, પૃ. ૨૨૦ થી ૨૨૨.)

નંદિષેણ મુનિ જેવા જ બીજા પ્રભાવક બળભદ્રમુનિ હતા. સંયમનું નિર્દોષ પાલન કરવા માટે તેઓ જંગલમાં જ રહેતા હતા. દીક્ષા લઈ તેઓ માસખમણની તપશ્ચર્યા કરતા હતા. એકવાર તેઓ પારણા માટે નગરીમાં આવ્યા. તેમના તેજસ્વી રૂપથી આકર્ષાઈ અનેક સ્ત્રીઓ તેમની પાછળ ભમવા લાગી. મુનિવરનું રૂપ જોઈને એક સ્ત્રી ભાન ભૂલીને દોરડાનો ગાળો તેના ઘડામાં નાખવાને બદલે સાથે આવેલ નાના બાળકના ગળામાં નાખી, તેને ઘડાની ભ્રમણાથી કૂવામાં સીંચ્યો. બાળકના પ્રાણ ચાલ્યા ગયા. પોતાનું રૂપ અનર્થનું નિમિત્ત જાણી બળભદ્ર મુનિએ હવે નગરમાં પારણા માટે ન આવવું; તેવી પ્રતિજ્ઞા કરી. ત્યાર પછી બળભદ્ર મુનિ જંગલમાં જ રહે છે. તેમના તપ-દયા, ધર્મ દેશનાના અપ્રતિમ પ્રભાવથી આકર્ષાઈને અનેક વનચર પશુ, પક્ષીઓ, મુનિની સેવા કરવા લાગ્યા. સિંહ, વાઘ, હરણાં , સસલાં વગેરે નાનાં મોટાં પ્રાણીઓ જાતિવૈર ભૂલીને બળભદ્ર મુનિની દેશના શ્રવણ કરતા. એક હરણને મુનિની સેવા કરતાં જાતિસ્મરણજ્ઞાન થયું. તે પોતાના જ્ઞાન વડે જંગલમાં આવેલા મુસાફર પાસે બળભદ્ર મુનિને પારણા નિમિત્તે લઈ જતો. તેથી મુસાફરોને આહાર દાનનો-અપૂર્વ અવસર પ્રાપ્ત થતો.

ધર્મનો પ્રભાવ પશુઓ અને ચોરો પર પણ પડે છે. જે વનમાં બળભદ્ર મુનિ સાધના કરતા હતા. ત્યાં રહેલા હિંસક પ્રાણીઓ પણ ધ્યાનસ્થ બની જતાં. મુનિનાં પવિત્ર દેહમાંથી સતત બહાર આવી રહેલી ઉર્જાનો આ પ્રભાવ હતો. ઋષિમુનિઓના સત્ત્વશાળી પરમાણુઓથી એ ભૂમિ પવિત્ર બની ગઈ હોય છે. તેમની સાધનાના અણુ પૂંજો ત્યાં પથરાયેલા હોય છે. તેથી કુદરતનું સંતુલન પણ જળવાઈ રહે છે.

૨૮) વિષ્ણુકુમારમુનિ:

કુરુદેશના હસ્તિનાપુર નગરમાં પદ્મોતર નામે રાજા રાજ્ય કરતો હતો. તેમની જ્વાલા નામની રાણી હતી. તેણે ગર્જના કરતા સિંહના સ્વપ્નથી સૂચિત પરાક્રમી વિષ્ણુકુમાર નામના બાળકને તથા ચૌદ સ્વપ્નોથી સૂચિત સૂર્ય સમાન તેજસ્વી મહાપદ્મ નામના પુત્રને જન્મ આપ્યો. અનુક્રમે બંને બાળકો યૌવન અવસ્થા પામ્યા. વિષ્ણુકુમારે નિઃસ્પૃહપણાથી યુવરાજ પદ ન સ્વીકાર્યું, તેથી મહાપદ્મકુમારને યુવરાજ પદે નિર્યુક્ત કર્યા.

તે સમયે ઉજ્જયિની નગરીમાં શ્રીધર્મ નામે રાજા હતો. તેને નમુચિ નામનો નાસ્તિક મંત્રી હતો. એકવાર મુનિસુવ્રતસ્વામીના ઉત્તમ શિષ્ય સુવ્રતાચાર્ય ઉજ્જયિની નગરીમાં પધાર્યા. રાજાએ શ્વેતામ્બર મુનિના વંદન અને ઉપદેશ શ્રવણની ઇચ્છા મંત્રીને જણાવી. નમુચિ મંત્રીએ ઘણી રીતે રાજાને જૈન મુનિઓ પાસે જતાં રોક્યા પણ રાજાને જૈન મહાત્માઓનો ઉપદેશ સાંભળવો હતો. અંતે મંત્રી સહિત રાજા મુનિ ભગવંતના દર્શનાર્થે ગયા.

આચાર્યને પરાજિત કરવાના ઉદ્દેશ્યથી, નમુચિ મંત્રીએ અવહેલના ભર્યા શબ્દોમાં પ્રશ્ન પૂછવાની શરૂઆત કરી. આચાર્યના એક બાળસાધુએ નમુચિ મંત્રીની વાદ કરવાની ખણજને દૂર કરી. નમુચિ મંત્રી બાળ મુનિથી

પરાભવ પામ્યો. તેને મુનિઓ પ્રત્યે અત્યંત દ્વેષ ઉત્પન્ન થયો. તેથી બદલો લેવા મધ્યરાત્રિએ તીક્ષ્ણ તલવાર લઇ નમુચિ મંત્રી કાયોત્સર્ગમાં ઉભેલા મુનિનો ઘાત કરવા દોડયો. ત્યારે શાસનદેવીએ તેને સ્થંભિત કરી દીધો. પ્રાતઃ કાળે રાજા તથા નગરજનોએ નમુચિ મંત્રીને પત્થરની મૂર્તિ સમાન સ્થિર ઉભેલો જોયો. શાસનદેવીના વૃત્તાંતથી લોકોએ નમુચિના અધમપણાને જાણી, તેની નિંદા કરી. રાજાએ તેને રાજ્યમાંથી કાઢી મૂકયો. હવે નમુચિ હસ્તિનાપુરમાં મહાપદ્મકુમારના મંત્રી તરીકે ગોઠવાયો. તે સમયે નમુચિ મંત્રીએ સિંહબલ નામના દુષ્ટ સામંતને બળ અને છળથી મહાત કરી મહાપદ્મ રાજાને ખુશ કર્યા. રાજાએ પ્રસન્ન થઈ નમુચિ મંત્રીને વરદાન માંગવાનું કહ્યું. ત્યારે નમુચિમંત્રીએ કહ્યું કે ''હું અવસરે વરદાન માંગીશ.''

સુવ્રતાચાર્ય વિચરતાં વિચરતાં હસ્તિનાપુરમાં પધાર્યા. તેમને જોઇ નમુચિ મંત્રીનો પૂર્વનો વૈરભાવ જાગૃત થયો. બદલો લેવાના ઉદ્દેશ્યથી નમુચિ મંત્રીએ મહાપદ્મ રાજા પાસેથી અવસર જોઈ વરદાન પાછું માંગ્યું. ''વેદોક્ત વિધિથી યજ્ઞ કરવા માટે સાત દિવસ મને રાજ્ય આપો.'' એવું કહી નમુચિ મંત્રીએ રાજા પાસેથી રાજ્ય મેળવ્યું. રાજા બનેલા નમુચિ મંત્રીએ યજ્ઞ કર્યો. તેમાં જૈન મુનિઓ સિવાય સર્વ આવ્યા. જૈન મુનિઓ સાવદ્ય કાર્યોમાં ભાગ લેતા નથી તેથી તેઓ યજ્ઞમાં ન આવ્યા. યજ્ઞમાં ન આવ્યા તે દોષ ગણી નમુચિ મંત્રીએ સાધુઓને રાજ્યમાંથી સાત દિવસની અંદર જતા રહેવાનો હુકમ કર્યો, અન્યથા સાધુઓને મારી નાખવાની ધમકી આપી.

નમુચિ મંત્રીની શાન ઠેકાણે લાવવામાં સમર્થ મહાપદ્મરાજાના ભાઇ વિષ્ણુકુમાર મુનિ હતા. એક આકાશગામિની વિદ્યાના જાણકાર મુનિ મેરૂપર્વત પર ધ્યાનમાં બેઠેલા વિષ્ણુકુમારમુનિ પાસે ગયા. ચાતુર્માસમાં મુનિ અહીં આવ્યા તેથી કોઇક મહત્ત્વનું કાર્ય હશે, એવું જાણી વિષ્ણુકુમાર મુનિએ આગંતુક મુનિ પાસેથી આવવાનું કારણ જાણ્યું. મુનિઓના ઉપસર્ગનું નિવારણ કરવા વિદ્યાના બળે બંને મુનિઓ હસ્તિનાપુર આવ્યા.

વિષ્ણુકુમાર મુનિએ નમુચિ મંત્રીને ઘણો સમજાવ્યો પણ નમુચિનો મુનિઓ પ્રત્યેનો દ્વેષ વધતો ગયો. તેણે કહ્યું. ''ત્રણ પગલાં પૃથ્વીથી બહાર કોઇપણ સાધુને જોઇશે તો હું મારી નાંખીશ.'' વિષ્ણુકુમાર મુનિએ વૈક્રિયરૂપ ધારણ કર્યું. એક લાખ જોજનની કાયા બનાવી. એક પગ સમુદ્રના એક કિનારે, બીજો પગ બીજા કિનારે મૂક્યો. ત્રીજો પગ નમુચિના મસ્તકે મૂકી તેને પાતાળમાં ફેંક્યો. આખું બ્રહ્માંડ ડોલી ઉઠયું. સૌધર્મેન્દ્રે ગુસ્સે થયેલા વિષ્ણુકુમાર મુનિને શાંત કરવા ગાંધર્વ જાતિની ગાયિકા દેવીઓને મોકલી. તેમના ગીતોથી વિષણુકુમાર મુનિ ઉપશાંત બન્યા. મુનિઓ પર આવેલું સંકટ દૂર થયું. વિષ્ણુકુમાર મુનિનું ત્યારથી 'ત્રિવિક્રમ' એવું નામ પડયું. તેઓ ગુરુ પાસેથી પાપનું પ્રાયશ્ચિત લઇ, સર્વકર્મ ક્ષય કરી મુક્તિપુરીમાં ગયા. તપના પ્રભાવે વિષ્ણુકુમાર મુનિને વૈક્રિય લબ્ધિ પ્રાપ્ત થઇ હતી. આ લબ્ધિનો ઉપયોગ તેમણે જિનશાસનની રક્ષા માટે કર્યો. તેવા જ બીજા લબ્ધિધારી પ્રભાવક સનત્કુમાર ચક્રવર્તી હતા.

૨૯) સનત્કુમાર ચક્રવર્તી :

ભરતક્ષેત્રના હસ્તિનાપુર નગરમાં અતિ સ્વરૂપવાન સનત્કુમારનામે ચક્રવર્તી થયા. એક વખત સૌધર્મસભામાં ઇન્દ્ર મહારાજા સૌદામિન નામનું નાટક કરાવતા હતા ત્યારે સંગમ નામનો રૂપવાન અને કાંતિવાન દેવ આવ્યો. તેના રૂપ અને તેજથી મુગ્ધ બનેલા દેવોએ શક્રેન્દ્રને ત્રણ ભુવનમાં ઉત્કૃષ્ટ રૂપ અને તેજ યુક્ત વ્યક્તિ કોણ છે ? એવો પ્રશ્ન પૂછયો. ઇન્દ્ર મહારાજાએ જવાબ આપતાં ભરત ક્ષેત્રના સનત્કુમાર ચક્રવર્તીના રૂપ અને તેજની પ્રશંસા

કરી. ઈન્દ્ર મહારાજના વચન ઉપર અશ્રદ્ધા થવાથી વિજય અને વૈજયંત બે દેવો વિપ્રનું રૂપ લઇ ચક્રવર્તીના મહેલમાં આવ્યા. સનત્કુમાર ચક્રવર્તીનું રૂપ જોઈ બંને દેવો વિસ્મય પામ્યા. ખરેખર ! વિધાતાએ અદ્દ્ભુત રૂપ ઘડ્યું છે. રાજાનું તેજ સૂર્યથી પણ અધિક છે. આ પ્રમાણે દેવો રાજાના રૂપની પ્રશંસા કરી રહ્યા હતા. ત્યારે સનત્કુમાર ચક્રવર્તી ગર્વ સહિત બોલ્યા, ''હે ઉત્તમ બ્રાહ્મણો ! હું જ્યારે વસ્ત્ર આભૂષણ ધારણ કરી રાજસભામાં બેઠો હોઉં ત્યારે મારું રૂપ જોવા જેવું છે.''

સનત્કુમાર ચક્રવર્તી રાજ્યસભામાં આવ્યા. ત્યારે વિપ્ર પણ ત્યાં આવ્યા. તેઓ રાજાનું રૂપ જોઇ નિરાશ થયા. તેમણે કહ્યું, ''હે રાજન ! સ્નાન કરતી વખતે તમારું રૂપ અધિક તેજસ્વી હતું પરંતુ અલ્પકાળમાં જ તમારા શરીરમાં રોગો ઉત્પન્ન થયાં છે, તેથી તમારું રૂપ, લાવણ્ય, અને કાંતિ ઝાંખા પડી ગયાં છે.'' સનત્કુમાર ચક્રવર્તીને દેવોના વચનથી કાયાની અનિત્યતા સમજાણી. પુદ્દ્ગલની નશ્વરતા જાણી શાશ્વતસુખ મેળવવા છ ખંડનું રાજ્ય છોડી તેમણે સંયમ અંગીકાર કર્યો. આ હતો સમ્યગ્દર્શનનો પ્રભાવ !

તેમણે સંયમ અંગીકાર કરી છઠ્ઠના પારણે છઠ્ઠ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરી. પારણામાં નીરસ આહાર કરવાથી તેમના શરીરમાં કંડૂ, કુક્ષિપીડા, નેત્રપીડા, કાસ, શ્વાસ, જ્વર, અરુચિ જેવી સાત વ્યાધિઓ ઉત્પન્ન થઇ.તે ૭૦૦ વર્ષ સુધી સહન કરી. તેમજ તેમને મલૌષધિ, આમર્ષૌષધિ, શકૃદૌષધિ, મૂત્રૌષધિ, સર્વૌષધિ, સંભિન્નશ્રોત એ સાત લબ્ધિઓ પ્રગટી. જે લબ્ધિમાં રોગનું નિવારણ કરવાની શક્તિ હતી, છતાં એ મહર્ષિએ લબ્ધિનો પ્રયોગ વ્યાધિની ચિકિત્સા માટે ન કર્યો.

બે દેવો તેમની નિઃસ્પૃહતાથી પ્રભાવિત થઇ પરીક્ષા લેવા વૈદ્યનું રૂપ લઈ તેમની પાસે આવ્યા. તેમણે કહયું, ''હે મુનિ ! જો આપની અનુજ્ઞા હોય તો અમે વૈદ્યો તમારા વ્યાધિની ચિકિત્સા કરીએ.'' વૈદ્યોએ મુનિ સમક્ષ આવું વારંવાર કહ્યું ત્યારે મુનિ બોલ્યા, ''તમે કર્મ રોગની ચિકિત્સા કરો છો કે દેહ રોગની ?'' એવું કહી મુનિએ પામા (ખરજ-ખસ)થી સડી ગયેલી પોતાની એક આંગળીને પોતાનું થૂંક ચોપડયું, આંગળી સુવર્ણ જેવી બની ગઈ. સનત્કુમારમુનિ બોલ્યા ''આ શરીરના રોગની ચિકિત્સા હું પોતે પણ કરી શકું છું પણ તે કરવાની મારી ઇચ્છા નથી. તેથી જો તમે કર્મરોગની ચિકિત્સા કરી શકતા હો તો કરો.'' દેવો તે બાબતમાં અસમર્થ હતા. સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃસ્પૃહ હોય છે. તે જાણે છે કે, કર્મરૂપી વ્યાધિનો નાશ કરવામાં આત્મા સ્વયં સમર્થ છે. કોઈના કર્મ કોઈ દૂર ન કરી શકે. પ્રભુ મહાવીરે સ્વયં કર્મનો ક્ષય તપના માધ્યમે કર્યો.ઉપરોક્ત બન્ને દ્દષ્ટાંતથી સ્પષ્ટ થાય છે કે તપ એ કર્મ નિર્જરાનું અમોઘ શસ્ત્ર છે. નિસ્પૃહભાવે તપ કરતાં અનેક લબ્ધિઓ પ્રગટે છે. સનત્કુમાર ચક્રવર્તીએ શક્તિ હોવા છતાં લબ્ધિનો ઉપયોગ પોતાના માટે ન કર્યો. તે ખરેખર પ્રશંસનીય છે. આવા તપના પ્રભાવે જિનશાસની પ્રભાવના થાય છે.

**૩૦) શ્રેયાંસકુમાર :** (શ્રી કલ્પસૂત્ર કથાસાર : પૃ ૨૫૮ થી ૨૬૦, સં. સુનંદાબહેન વોહોરા.)

શ્રેયાંસકુમાર એ બાહુબલિના પૌત્ર હતા. ભગવાન ઋષભદેવે સંયમ અંગીકાર કરી છ માસના ઉપવાસનો અભિગ્રહ ધારણ કર્યો. ભગવાન ઋષભદેવ છ માસના ઉપવાસ પૂર્ણ થતાં ભિક્ષા માટે ફરતા હતાં. તે સમયે લોકો સુખી અને સમૃદ્ધ હતાં પરંતુ આહાર દાન વિષે અજાણ હતાં. ભગવાન ઋષભદેવ ભિક્ષા માટે નગરીમાં જતાં ત્યારે લોકો કન્યા, રત્ન, વસ્ત્ર, પાત્ર વગેરે ભિક્ષામાં આપતા. બીજા છ માસ પૂર્ણ થતાં હસ્તિનાપુરમાં શ્રેયાંસકુમારે સ્વપ્નમાં

શ્યામવર્ણવાળો મેરૂપર્વત જોયો. અમૃત ભરેલા કળશવડે સિંચન થવાથી તે દીપી ઉઠ્યો. તે જ નગરમાં સુબુદ્ધિ નામના નગરશેઠે તે જ રાત્રિએ શ્રેયાંસકુમારને સૂર્યમંડળનાં ખરી પડેલાં કિરણોને પુનઃ સ્થાપતો જોયો. વળી રાજાએ કોઈ મહાપુરુષને શ્રેયાંસકુમારની સહાયતાથી વિજય પામતા જોયા. આ ત્રણે સ્વપ્ન સૂચવે છે કે શ્રેયાંસકુમારને કોઈ મહાન લાભ થશે. પ્રભાતે શ્રેયાંસકુમારે દૂરથી ભિક્ષા માટે નીકળેલા પ્રભુને જોયા. પ્રભુના દર્શન થતાં આવું મેં ક્યાંક, કાંઈક જોયું છે. એવું વિચારતાં જાતિ-સ્મરણજ્ઞાન થયું. શ્રેયાંસકુમારને પૂર્વભવ યાદ આવ્યો. તેમને આહારદાનની વિધિ યાદ આવી. યોગાનુયોગ તે સમયે શેરડીના રસના ઘડાઓ આવ્યા હતા. શ્રેયાંસકુમારે તે ઉત્તમરસના ઘડા પ્રભુને ભેટ ધર્યા. પ્રભુએ બે હાથની અંજલિ કરી તે ઘડાઓના રસથી પારણું કર્યું. આ પ્રમાણે વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરને શ્રેયાંસકુમારે નિર્દોષ આહારદાન વહોરાવી તેમની ભક્તિ કરી.

**૩૧) ધના સાર્થવાહ :** (શ્રી કલ્પસૂત્ર કથાસાર : પૃ ૨૩૯ - ૨૪૦, સં. સુનંદાબહેન વોહોરા.)

અપર (પશ્ચિમ) મહાવિદેહ ક્ષેત્રના પ્રતિષ્ઠિત નગરમાં ધન્ય નામનો સાર્થવાહ રહેતો હતો. તે વૈભવશાળી હતો. એકવાર સેંકડો મનુષ્યો સાથે વસંતપુર નગરમાં વેપાર માટે નીકળ્યો. ત્યારે માર્ગમાં ધર્મઘોષ આચાર્ય તેમના શિષ્યો સહિત વસંતપુર નગરમાં જવા ઇચ્છતા હતા, તેઓ પણ જોડાયા. શિષ્ય સમુદાયની ભોજન આદિ તમામ વ્યવસ્થા ધન્ય સાર્થવાહે કરી. આચાર્યને ધર્મમાં કોઈ તકલીફ ન પડે, તેમજ નિર્દોષ ગોચરી મળે તેવી વ્યવસ્થા પણ કરી.

સમય જતાં વર્ષાઋતુનું આગમન થતાં સાર્થ સાથે આચાર્યને શિષ્ય સમુદાય સહિત માર્ગમાં રોકાઈ જવું પડ્યું. ધાર્યા કરતાં ચોમાસાનો સમય વધુ લંબાયો. તેથી ખાદ્ય સામગ્રી ખૂટી પડી. થોડો સમય પસાર થયા પછી સાર્થવાહને સ્મૃતિ થઈ કે, "અરે! સાથે રહેલા સાધુગણનું શું થશે?" તેમણે જોયું કે પોતાની પાસે ખાદ્ય સામગ્રી કાંઈ ન હતી. ઘણા પ્રયત્ન પછી એક ઘીનો ઘડો જોયો. તેણે ભક્તિભાવ પૂર્વક મુનિરાજને ઘી વહોરાવ્યું. વહોરાવનારના ઉત્કૃષ્ટ ભાવ હતા, વસ્તુ પણ નિર્દોષ અને શુદ્ધ હતી, વહોરનાર મુનિરાજ પણ શ્રેષ્ઠ-તપસ્વી હતા. ધન્ય સાર્થવાહે સુપાત્રદાન આપી ભક્તિ કરી, તીર્થંકર નામગોત્ર ઉપાર્જન કર્યું.

**૩૨) નયસાર :** (શ્રી કલ્પસૂત્ર કથાસાર : પૃ ૬૮, ૬૯, સં. સુનંદાબહેન વોહોરા.)

ભગવાન મહાવીરનો જીવ પૂર્વે પશ્ચિમમહાવિદેહ ક્ષેત્રમાં નયસાર નામે મુખી હતો. એકવાર જંગલમાં લાકડાં લેવા ગયો. 'કોઈ અતિથિને ભોજન આપી પછી જ જમવું' એવો તેનો નિયમ હતો. તેની પ્રબળ ભાવનાના કારણે ત્યાં કોઈ મુનિરાજ, પોતાના સમુદાયથી ભૂલા પડેલા આવી ચઢ્યા. નયસારે તે મુનિરાજને નિર્દોષ આહાર-પાણી વહોરાવ્યા. ત્યાર પછી તે સાધુને માર્ગ બતાવવા ગયો. શુભ ભાવનાની સાથે સાધુજનોની ભક્તિથી નયસારના હૃદયમાં સમ્યગ્દર્શનનાં બીજ રોપાયાં. કાળક્રમે તે આત્માએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. નયસારનો આત્મા આ ચોવીસીના ચરમ તીર્થંકર મહાવીર સ્વામીનો જીવ હતો. દિગંબર માન્યતા અનુસાર ભગવાન મહાવીરના જીવે સિંહના ભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું હતું.

**૩૩) ચંદનબાળા :** (વંદનીય સાધુજન પૃ. ૪૯૯ થી ૫૦૩, લે. જૈનમુનિ શ્રી છોટાલાલજી.)

દધિવાહન રાજાની પુત્રી વસુમતી કર્મના કારણે ભર બજારમાં વહેંચાણી. સદ્ભાગ્યે ધનાવાહ શેઠે તેને

ખરીદી. વસુમતીના રૂપ અને ગુણની ઈર્ષા કરતી મૂળા શેઠાણીએ 'આ મારી શોક્ય બનશે' તેવી આશંકાથી શેઠ જ્યારે બહારગામ ગયા ત્યારે લાગ જોઈ વસુમતી (ચંદના)ને ઓરડામાં પૂરી દીધી. શેઠાણી પિયર જતાં રહ્યાં.

ચોથા દિવસે શેઠ બહારગામથી પાછા આવ્યા. દીકરી સમાન ચંદનબાળા ઘરમાં ન દેખાતાં તેમણે નોકરોને પૂછ્યું. એક વૃદ્ધ નોકરાણીએ ડરતાં ડરતાં બધી જ વાત કરી. શેઠે ઓરડાનું તાળું તોડી ચંદનબાળાને બહાર લીધાં. ઓરડાના બારણાં પાસે બેસાડ્યાં. ચંદનબાળાના ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયાં. શેઠ ઘરમાં ખાવાનું શોધવા લાગ્યા. ઘરમાં માત્ર અડદના બાકડા સિવાય કાંઈ ન હતું. શેઠે સુપડામાં બાકડા મૂકી ચંદનબાળાને આપ્યા. શેઠ બેડીઓ તોડવા લુહારને બોલાવવા ગયા.

ત્રણ દિવસની ઉપવાસી ચંદનબાળા, પ્રભુ સ્મરણ કરતી, કોઈ ભિક્ષુકને વ્હોરાવવાની ભાવના ભાવતી હતી. તેનો એક પગ ઊંબરામાં, અને એક પગ બહાર હતો. પગમાં બેડી હતી. આતુર નયને સુપડાના એક ખૂણામાં બાકુડા લઈ બેઠી હતી. ત્યાં પાંચ માસ અને પચ્ચીસ દિવસના ઉપવાસી ભગવાન મહાવીર પધાર્યા. ચંદનબાળાના નયન પ્રભુને જોતાં જોતાં સજળ બન્યાં. અભિગ્રહ પૂર્ણ થતાં ચંદનબાલાના હાથે પ્રભુએ આહારદાન ગ્રહણ કર્યું. ચંદનાએ દાન આપી સંસારથી મુક્તિ મેળવી.

**૩૪) સંગમ** - (વંદનીય સાધુજનો : પૃ ૪૫૦, ૪૫૧. લે. મુનિશ્રી છોટાલાલજી મહારાજ.)

શાળીગ્રામમાં ધન્યા નામની વિધવાનો સંગમનામે પુત્ર હતો. તે ઢોર ચરાવવા સીમમાં જતો. એકવાર કોઈ તહેવાર હોવાથી મિત્રોના ઘરે ખીર બની. અન્ય મિત્રોએ ખીર ખાધી એવું જાણી સંગમને પણ ખીર ખાવાનું મન થયું. માતા પાસેથી ખીરની માંગણી કરી. ગરીબ હોવાથી માતા ખીર શી રીતે બનાવે ? બાળકે જીદ કરી. પુત્રને રડતો જોઈ માતા પણ રડવા લાગી. પોતે પુત્રની ઈચ્છા પૂર્ણ નથી કરી શકતી તેથી લાચાર હતી. અડોશી-પડોશીને આ વાતની જાણ થઈ. તેમણે ખીરની સર્વ સામગ્રી પૂરી પાડી. માતાએ સંગમને ખીર બનાવી આપી. માતા કાર્ય પ્રસંગે ઘરમાંથી બહાર ગઈ. થાળીમાં ખીર ઠારી આપી. સંગમ ખીર ખાવાની તૈયારી કરતો હતો ત્યાં માસક્ષમણના તપસ્વી મુનિરાજ પારણા માટે ગોચરીએ જતાં સંગમના ઘરે પધાર્યા. સંગમે ઉત્કૃષ્ટ ભાવે, આગ્રહપૂર્વક મુનિને ખીર વહોરાવી. મુનિ ખીર વ્હોરી ચાલ્યા ગયા. પરંતુ સંગમના આનંદનો કોઈ પાર ન હતો. થાળીમાં ચોંટેલી ખીર તે ચાટવા લાગ્યો. માતા ઘરે આવી. માએ આ દશ્ય જોયું. તેને લાગ્યું કે 'મારો દીકરો કેટલો બધો ભૂખ્યો છે!' માની મીઠી નજર લાગી. સંગમને શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થયો. તે આયુષ્ય પૂર્ણ કરી ગોભદ્ર શેઠને ત્યાં પુત્રપણે જન્મ્યો. તેનું 'શાલિભદ્ર' નામ પડ્યું. ઉત્તમપાત્રને, ઉત્કૃષ્ટભાવે દાન આપતાં સંગમ ભરવાડનો આત્મા અપાર રિદ્ધિ સિદ્ધિનો સ્વામી બન્યો.

# પરિશિષ્ટ-૯

## 'સમકિતસાર રાસ'માં આવતી દેશીઓનો 'જૈન ગુર્જર કવિઓ' ની દેશી સૂચિમાં થયેલો ઉલ્લેખ.
## આ નોંધ દેશીના વર્ણાનુક્રમે અપાયેલી છે.

| સમકિત સાર રાસની દેશીનું નામ | ઢાળનો ક્રમાંક | જૈ.ગુ.ક. ભા.-૮માં દેશી ક્રમાંક | પૃષ્ટ નંબર |
|---|---|---|---|
| ૧) અણસણ એમઆરાધિંઈ | ઢાળ - ૨૫ | આ દેશીનો ઉલ્લેખ થયો નથી | - |
| ૨) ઉલાલાની, કંસારી મન મોહિ રાગ - ધન્યાસી | ઢાળ - ૧૧ | આ દેશીનો ઉલ્લેખ થયો નથી | - |
| ૩) એણી પરિ રાજય કરંતા રે | ઢાળ - ૨,૪,૯, ૧૮ | દેશી ક્રમાંક - ૨૬૨ | પૃ. - ૩૮ |
| ૪) એમવ્યપરીત (વિપરીત) પરૂપતા (પ્રરૂપતાં) રાગ - અસા(શા)વરી સિંધહુઓ (સિંધુઓ) | ઢાળ - ૨૧ | દેશી ક્રમાંક - ૨૬૭ | પૃ. - ૩૮ |
| ૫) અંબર પૂરથી તિ વરી (તે વળી) રાગ - ગોડી | ઢાળ - ૩૩ | આ દેશીનો ઉલ્લેખ થયો નથી | - |
| ૬) કહઈણી (કહિણી) કરણી તૂંઝ (તુઝ) વ્યણ (વિણ) દૂજો. | ઢાળ - ૪૫ | દેશી ક્રમાંક - ૩૩૩.૧ | પૃ. - ૪૯ |
| ૭) કાયા વાડી કારયમી (કાયા - વાડી કારમી રે) | ઢાળ - ૧૭ | દેશી ક્રમાંક - ૩૭૫ | પૃ. - ૫૪ |
| ૮) કાંન(કાન/કહાન) વજાડઈ (વજાવે) વાંસલી, હીરી(હરિ) જોવા સરીખો. રાગ - આસાઉરી સીંધૂઓ (આશાવરી - સિંધુઓ) | ઢાળ - ૪૧ | દેશી ક્રમાંક - ૩૫૭,૩૮૨ | પૃ. - ૫૫ |
| ૯) ગુરુ વ્યન ગછ (ગચ્છ) નહી જિન કહઈ. રાગ - આસાઉરી (ગુરુ વિણ ગચ્છ નહિ જિન કહ્યો) રાગ - આસાવરી | ઢાળ - ૮ | દેશી ક્રમાંક - ૪૭૭ | પૃ. - ૬૯ |
| ૧૦) ઘોડી ન (ઘોડીની). રાગ - ધન્યાસી(શ્રી) | ઢાળ - ૪૪ | દેશી ક્રમાંક - ૫૨૬ | પૃ. - ૭૪ |
| ૧૧) ચંદાયણની (ચંદ્રાયણાની). રાગ - કેદારુ (કેદારો) | ઢાળ - ૧૨,૨૭ | દેશી ક્રમાંક - ૫૪૮ | પૃ. - ૭૭ |
| ૧૨) ચાલ્ય ચતુર ચન્દ્રાનની .રાગ - મલ્હાર | ઢાળ - ૩૦ | દેશી ક્રમાંક - ૫૭૩ | પૃ. - ૮૧ |
| ૧૩) જિમ કોયલ સહિકારિં ટહુકઈ. | ઢાળ - ૪૩ | આ દેશીનો ઉલ્લેખ થયો નથી | - |

| | | | |
|---|---|---|---|
| ૧૪) જીવ જાત્ય જાત્યમાં ભમતો રે.<br>રાગ - શામેરી | ઢાળ - ૨૬ | આ દેશીનો ઉલ્લેખ થયો નથી | - |
| ૧૫) ડુંગરીઆનો (ડુંગરીઆની) | ઢાળ - ૩૧ | દેશી ક્રમાંક - ૭૪૩ | પૃ. -૧૦૬ |
| ૧૬) ત્રપદીનો (ત્રિપદીની) | ઢાળ - ૧,૨૮ | દેશી ક્રમાંક - ૭૪૯(૧) | પૃ. -૧૦૭ |
| ૧૭) ત્રુટક(ત્રુટકની) | ઢાળ - ૩૩ | દેશી ક્રમાંક - ૭૫૧.૧ | પૃ. -૧૦૮ |
| ૧૮) તુંગીયા ગીર સીખરી સોહઈ<br>રાગ - પરજીઓ<br>(તુંગિયા ગિરિ સિખર સોહઈ) | ઢાળ - ૭ | દેશી ક્રમાંક - ૭૮૦ | પૃ. -૧૧૨ |
| ૧૯) તે ગિરુઆ | ઢાળ - ૪૨ | દેશી ક્રમાંક - ૮૦૪.૧ | પૃ. -૧૧૫ |
| ૨૦) દેખો સુહણા (સુહડા) !<br>પુણ્ય વીચારી (વિચારી)<br>રાગ - શ્રીરાગ | ઢાળ - ૧૪ | દેશી ક્રમાંક -૯૧૨ | પૃ. -૧૨૮ |
| ૨૧) નગરીકા વણીજારા (વણજારા) | ઢાળ - ૨૨ | આ દેશીનો ઉલ્લેખ થયો નથી | - |
| ૨૨) નંદન કું ત્રીશલા દુલરાવઈ<br>રાગ - (અશાઉરી) | ઢાળ - ૧૩ | દેશી ક્રમાંક - ૯૭૮ | પૃ. -૧૩૮ |
| ૨૩) પ્રણમી (પણમી) તુમ(તુહ્મ)<br>શ્રીમંધરુંજી (સીમંધરુજી) | ઢાળ - ૩,૨૪,<br>૩૪,૩૯ | દેશી ક્રમાંક - ૧૦૭૭,<br>તેમજ ૧૦૮૧ | પૃ.-૧૫૦<br>૧૫૧ |
| ૨૪) પદમરથ રાયિ (રાય)<br>વીતસ્યોકાપુર (વીતશોકાપુરી)<br>રાજીઓ. રાગ - મારુ | ઢાળ - ૧૫ | દેશી ક્રમાંક - ૧૧૩૪ | પૃ. -૧૫૭ |
| ૨૫) પાટ કુંસમ(કુસુમ) જિન પૂજ<br>પરૂપઈ | ઢાળ - ૬,૧૬ | દેશી ક્રમાંક - ૧૧૭૧ | પૃ. -૧૬૧ |
| ૨૬) પારધીઆની(પારધિયાની)<br>રાગ - કેદારુ(કેદાર) | ઢાળ - ૨૩ | દેશી ક્રમાંક - ૧૧૮૩ | પૃ. -૧૬૩ |
| ૨૭) ભાદ્રવ(ભાદ્રવે) ભઈશ(ભેંશ)<br>મંચાણી(મચાણી) | ઢાળ - ૩૨ | દેશી ક્રમાંક - ૧૩૨૦ | પૃ. -૧૮૧ |
| ૨૮) મન ભમરા રે.<br>રાગ - ગુડી(ગોડી) | ઢાળ - ૫ | દેશી ક્રમાંક - ૧૩૮૧ | પૃ. -૧૮૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૯) મિગલ માતારે વનમાંહિ વસઈ<br>રાગ - મેવાડી | ઢાળ - ૩૬ | આ દેશીની નોંધ સૂચિમાં નથી | - |
| ૩૦) જ્યોવન/ યોવન વિવઈ પ્રભુ આવી-<br>ઓએ (યૌવન વય પ્રભુ આવીઓ) | ઢાળ - ૧૯, ૩૭ | દેશી ક્રમાંક - ૧૬૦૭.૩ | પૃ. -૨૧૫ |
| ૩૧) રત્નસાર (કુમાર) ની પહિલી | ઢાળ - ૨૯ | દેશી ક્રમાંક - ૧૬૨૦-ક | પૃ. -૨૧૬ |
| ૩૨) રામભણિ હરી ઊઠીઈ<br>રાગ - રામગિરી<br>(રામભણે હરિ ઊઠિયે રાગ-રામગ્રી) | ઢાળ - ૩૮ | દેશી ક્રમાંક - ૧૬૭૯ | પૃ. -૨૨૪ |
| ૩૩) લંકામાં આવ્યા શ્રીરામરે ..<br>રાગ - મારુ | ઢાળ - ૩૫ | દેશી ક્રમાંક - ૧૭૧૨ - ક | પૃ. -૨૨૮ |
| ૩૪) સાલિભદ્ર મોહયો રે સીવરમણી<br>રસઈ રે | ઢાળ - ૪૦ | આ દેશીનો ઉલ્લેખ થયો નથી | - |
| ૩૫) સાંસો (સાંસુ) કીધો સાંમલીઆ(એ)<br>રાગ - ગુડી(ગોડી) | ઢાળ - ૨૦ | દેશી ક્રમાંક - ૨૦૭૩ | પૃ. -૨૭૬ |
| ૩૬) સો સૂત ત્રીસલા દેવી સતી | ઢાળ - ૨૬ | આ દેશીનો ઉલ્લેખ થયો નથી | - |
| ૩૭) હું તો તનુ દોષિં કરી નાગો.<br>રાગ - રામગિરી | ઢાળ - ૧૦ | આ દેશીનો ઉલ્લેખ થયો નથી | - |

સમકિત સાર રાસની દેશીઓ વિષે ઉલ્લેખ:

ઉપરોક્ત અવલોકન પરથી જણાય છે કે,

૧) કવિએ આ રાસમાં દશ નવી દેશીઓનો ઉપયોગ કર્યો છે.

૨) 'એણઈ પરિ રાજય કરંતા રે', 'ચંદ્રાયણાની','ત્રિપદીની ', 'પાટ કુસુમ જિન પૂજ પરૂપઈ' અને 'પ્રણમી તુમ સીમંધરુજી' જેવી દેશીઓનો વારંવાર ઉપયોગ કર્યો છે.

૩) કવિએ દરેક ઢાળના પ્રારંભમાં દેશીઓનો ઉપયોગ કર્યો છે. કેટલીક દેશીઓ સાથે રાગનો પણ ઉલ્લેખ કર્યો છે. દેશીઓનો છૂટથી વપરાશ કરવો એ પ્રાચીન કવિઓની પરંપરા છે. કવિએ આ પરંપરાનું અનુકરણ કર્યું છે.

જેમ સમય જતાં નરસિંહ મહેતાની કૃતિઓમાં પરિવર્તન આવ્યું, તેમ તે કાળની અને અત્યારની ભાષામાં ઘણો ફરક હોવાથી ઘણા રાગો ગાઈ શકાય એમ નથી.

# પરિશિષ્ટ-૧૦

## સમકિતસાર રાસમાં આવતા કઠિન શબ્દોની સૂચિ

| | શબ્દ | ઢા./દુ./ચો.નં. | કડી નં. | મ. ગુ. શબ્દકોશ પાના નં |
|---|---|---|---|---|
| ૧. | અખ્યર=અક્ષર, વિધિના લેખ. આ રાસમાં અક્ષર એવો અર્થ થયો છે. | ઢાળ - ૭ | કડી- ૧૪૭ | પૃ - ૨ |
| ૨. | અગડ=પ્રતિજ્ઞા, બાધા | ઢાળ-૧ | કડી- ૩૨ | પૃ - ૩ |
| ૩. | અગ્યન=યજ્ઞ - યાગાદિ | ઢાળ-૧૪ | કડી- ૨૭૦ | --- |
| ૪. | અછૂત્રં=ઉત્સૂત્ર તથા અવિધિ | ઢાળ- ૩૯ | કડી- ૭૧૫ | --- |
| ૫. | અદીકું ઉછું = અધિક કે ઓછું | ઢાળ- ૧૫ | કડી- ૨૮૨ | --- |
| ૬. | અનુંપ્રન = અનુપ્રદાન | ચોપાઈ - ૧૦ | કડી- ૮૦૪ | --- |
| ૭. | અનોદરી=ભૂખથી ઓછું ખાવું, ઉણોદરી | દુહા - ૧૦ | કડી- ૧૮૨ | --- |
| ૮. | અલી = અસત્યવચન, મિથ્યા | ચોપાઈ- ૩ | કડી- ૧૦૧ | પૃ - ૨૪ |
| ૯. | અવસર્પણી = એક અવનતિકારક કાળ વિભાગ, (अवसप्पिणि) | દુહા - ૩ | કડી- ૪૭ | પૃ - ૨૬ |
| ૧૦. | અસ્યોભતો = બેડોળ | ઢાળ- ૨૦ | કડી- ૩૯૪ | --- |
| ૧૧. | આમીષ = માંસ | ઢાળ-૧૨ | કડી- ૨૬૨ | --- |
| ૧૨. | આવશક ષટ = છ આવશ્યક, સામાયિક આદિ | ઢાળ - ૩૫ | કડી- ૬૬૨ | --- |
| ૧૩. | આશવ = આશ્રવ, કર્મોનું પ્રવેશદ્વાર | ઢાળ - ૩૯ | કડી- ૭૧૧ | પૃ - ૪૮ |
| ૧૪. | ઉગણપંચાસ =ઓગણપચાસ | ચોપાઈ- ૨ | કડી- ૬૫ | પૃ - ૪૯ |
| ૧૫. | ઉચ્છવ = ઉત્સવ | ઢાળ- ૪૨ | કડી- ૭૮૯ | પૃ - ૫૭ |
| ૧૬. | ઉતકક્ષ્ટો = ઉત્કૃષ્ટ | દુહા- ૪૦ | કડી- ૬૩૦ | --- |
| ૧૭. | ઉદધી = સાગર | ચોપાઈ- ૩ | કડી- ૧૧૭ | --- |
| ૧૮. | ઉનમત = ઉન્મત્ત | ચોપાઈ- ૫ | કડી- ૧૬૪ | --- |
| ૧૯. | ઉપનો = ઉત્પન્ન થયેલું | ઢાળ- ૩૧ | કડી- ૫૨૫ | પૃ - ૬૩ |
| ૨૦. | ઉપશમિક = કષાયાદિ શાંત થવું તે, ઉપશમ | ચોપાઈ- ૮ | કડી- ૨૮૫ | પૃ - ૬૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧. | ઉલંભડા = મહેણાં, ઠપકો | ઢાળ- ૨૧ | કડી-૪૧૯ | પૃ - ૬૭ |
| ૨૨. | ઉસનો = ઉસન્ના (અવસન્ન) કુગુરુનો એક પ્રકાર. | ચોપાઈ- ૧૮ | કડી- ૬૫૫ | --- |
| ૨૩. | ઉશ્રપણી = ઉત્સર્પિણી - ઉન્નતિકારક કાળવિભાગ | ચોપાઈ- ૨ | કડી-૫૩ | પૃ - ૬૯ |
| ૨૪. | ઉથાપિ = ઉત્થાપના કરે, અવગણના કરે | ઢાળ- ૧૫ | કડી- ૨૮૦ | પૃ - ૬૦ |
| ૨૫. | ઉંદાલી = ઝૂંટવે, છીનવે, બળાત્કારે ખેંચી લે. | ઢાળ- ૧૬ | કડી- ૩૧૦ | પૃ - ૬૦ |
| ૨૬. | ઓઘો = જૈન સાધુનું રજોહરણ (ओधउ) | દુહા- ૪૦ | કડી- ૬૩૦ | પૃ - ૭૯ |
| ૨૭. | કટીક = સેના, લશ્કર | ઢાળ- ૩૨ | કડી-૫૫૭ | પૃ - ૮૫ |
| ૨૮. | કયરીયા = ક્રિયા | ઢાળ- ૩૫ | કડી- ૬૬૪ | ----- |
| ૨૯. | કર્મજોગ્ય = ભાગ્યયોગે | ચોપાઈ- ૨ | કડી- ૬૧ | ----- |
| ૩૦. | કર્સણવાડી= ખેતીવાડી | ઢાળ- ૧૩ | કડી- ૨૬૫ | --- |
| ૩૧. | કલપદ્રુમ= કલ્પવૃક્ષ | ચોપાઈ- ૧ | કડી- ૯ | --- |
| ૩૨. | કવિત = કાવ્ય | દુહા- ૧ | કડી- ૨ | પૃ - ૯૭ |
| ૩૩. | કાજલી = કાજળિયાત્રીજ, શ્રાવણ વદ ત્રીજનો ઉત્સવ | ચોપાઈ- ૧૧ | કડી- ૩૧૧ | પૃ - ૧૦૨ |
| ૩૪. | કામગવી = કામધેનુ | ચોપાઈ - ૧ | કડી - ૯ | પૃ - ૧૦૩ |
| ૩૫. | કાયોત્છર્ગ = કાયોત્સર્ગ, દેહ અને આત્માથી ભિન્ન પ્રકારની જૈન ધ્યાન ક્રિયા | ચોપાઈ- ૧૯ | કડી- ૭૪૨ | પૃ - ૧૦૪ |
| ૩૬. | કુતૂરી = વાંકા અંગ. આ રાસમાં વક્રસ્વભાવનો એવો અર્થ થાય છે. | ચોપાઈ- ૧૦ | કડી- ૩૧૯ | --- |
| ૩૭. | કેલિનો થંભ = કેળાનાં વૃક્ષનું થડ. | ઢાળ- ૨૩ | કડી-૪૪૬ | પૃ - ૧૨૧ |
| ૩૮. | કોઠો = હૃદય, પેટ | દુહા- ૨૧ | કડી - ૩૦૩ | પૃ - ૧૨૪ |
| ૩૯. | ખમીઅ = સહન કરવું | ઢાળ- ૪૦ | કડી- ૭૩૫ | પૃ - ૧૩૦ |
| ૪૦. | ખ્યાઓ ઉપશમીક = ક્ષાયોપશમીક | ચોપાઈ- ૮ | કડી - ૨૮૭, કડી - ૮૨૮ | --- |

| | | | | |
|---|---|---|---|---|
| | સમક્તિ | | | |
| ૪૧. | ખાયક=ક્ષાયિક | ઢાળ-૪૩ | કડી-૮૨૯ | --- |
| ૪૨. | ખિ કરયા=ક્ષય કર્યા | ચોપાઈ-૫ | કડી-૧૬૪ | --- |
| ૪૩. | ખીયો=ક્રોધિત થયો, ખીજાયો | ચોપાઈ-૧૯ | કડી-૭૫૮ | --- |
| ૪૪. | ખેત્ર=ક્ષેત્ર, સ્થાન, પ્રદેશ | ચોપાઈ-૬ | કડી-૨૦૧ | પૃ-૧૩૮ |
| ૪૫. | ખેમ=ક્ષેમકુશળ, કુશળપણું | દુહા-૧ | કડી-૬ | પૃ-૧૩૮ |
| ૪૬. | ખોડીલો=ખોડ ખાંપણવાળો, ખામીવાળો | ચોપાઈ-૫ | કડી-૧૬૫ | પૃ-૧૩૯ |
| ૪૭. | ગણધર=તીર્થંકરના પ્રધાન શિષ્ય | દુહા-૧ | કડી-૭ | પૃ-૧૪૧ |
| ૪૮. | ગલીઅ=આળસ, સુસ્ત | ઢાળ-૨૯ | કડી-૪૯૨ | પૃ-૧૪૪ |
| ૪૯. | ગ્રધભી-ગર્ધભી, ગધેડી (ગરધવ) | ઢાળ-૩૨ | કડી-૫૬૨ | પૃ-૧૪૩ |
| ૫૦. | ગોરાહ=ગોરસ, મધુરતા | ઢાળ-૨૯ | કડી-૪૯૨ | --- |
| ૫૧. | ગ્યવરી=ગાયો, (ગ્યવરી) | ઢાળ-૩૯ | કડી-૭૦૬ | પૃ-૧૪૫ |
| ૫૨. | ચઈત=ચૈત્ય, જૈન મંદિર | ઢાળ-૨૪ | કડી-૪૫૩ | પૃ-૧૭૮ |
| ૫૩. | ચખ્યવ્યના=ચક્ષુવિનાનો | ચોપાઈ-૫ | કડી-૧૬૪ | --- |
| ૫૪. | ચતૂરવીધ્ય=ચતુર્વિધ સંઘ-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા | ઢાળ-૨૭ | કડી-૪૮૧ | ---- |
| ૫૫. | ચહું=ચારે તરફ | ઢાળ-૨૨ | કડી-૪૩૨ | ---- |
| ૫૬. | ચિલા=ચેલા | ચોપાઈ-૧૮ | કડી-૭૨૧ | ---- |
| ૫૭. | ચીવર=વસ્ત્ર | ચોપાઈ-૬ | કડી-૧૯૯ | પૃ-૧૭૫ |
| ૫૮. | ચુક=ચોક, ભૂલ (આ રસમાં ચુક એટલે ભૂલ એવો અર્થ થાય છે.) | ઢાળ-૩ | કડી-૮૮ | ---- |
| ૫૯. | છાહાર=અસાર, છાર, રાખ | ઢાળ-૧ | કડી-૨૬ | પૃ-૧૮૩ |
| ૬૦. | છીડી=અપવાદ, આગાર, છીંડુ | ચોપાઈ-૨૦ | કડી-૮૦૫ | પૃ-૧૦૪ |
| ૬૧. | ઠોભેઈ=થોભીને | ચોપાઈ-૧૬ | કડી-૬૦૨ | ---- |
| ૬૨. | જખિરાજ=યક્ષરાજ | ચોપાઈ-૧૯ | કડી-૭૫૬ | ---- |
| ૬૩. | જીવ હંશા=જીવહિંસા | ઢાળ-૧૨ | કડી-૨૬૧ | ---- |
| ૬૪. | જયથા છંદ=યથા છંદ | ચોપાઈ-૧૮ | કડી-૬૫૫ | ---- |
| ૬૫. | ઝાંપ=ભૈરવ ઝંપ, કૂદવું | ઢાળ-૨૦ | કડી-૪૦૩ | પૃ-૨૦૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૬. | ઝૂરેવા = રડવું, કકળવું, પસ્તાવો થવો. | ચોપાઈ - ૧૦ | કડી- ૩૧૭ | પૃ - ૨૧૦ |
| ૬૭. | તરણી = સૂર્ય | ચોપાઈ - ૯ | કડી -૩૦૦ | પૃ - ૨૨૧ |
| ૬૮. | તુડિ = તોલે, બરાબરી, સ્પર્ધા | ચોપાઈ - ૯ | કડી - ૨૯૮ | પૃ - ૨૩૦ |
| ૬૯. | ત્રીજંચગત્ય = તિર્યંચગતિ | દુહા - ૪ | કડી - ૭૮ | પૃ - ૨૩૫ |
| ૭૦. | ત્રીષ્ણા = તૃષ્ણા | ઢાળ - ૧૬ | કડી - ૩૦૮ | ---- |
| ૭૧. | ત્રેહ = ભેજ, ભીનાશ | ઢાળ - ૧૮ | કડી -૪૮૭ | પૃ - ૨૩૭ |
| ૭૨. | થાનક = સ્થાનક, સ્થાન, ઠેકાણું | ઢાળ - ૨ | કડી - ૪૦ | પૃ - ૨૩૯ |
| ૭૩. | દશ = દિશા | ચોપાઈ - ૧૫ | કડી - ૫૮૧ | ---- |
| ૭૪. | દાડા = દિવસ | ચોપાઈ - ૨ | કડી - ૫૬ | ---- |
| ૭૫. | દીવાદશવૃતં = દ્વાદશાવર્ત, બાર આવર્તન, એક પ્રકારની ઉત્કૃષ્ટ વંદન ક્રિયા | ચોપાઈ - ૧૬ | કડી - ૬૦૩ | ---- |
| ૭૬. | દૂતીઆ = દ્વિતીય | ઢાળ - ૪૫ | કડી - ૮૭૨ | ---- |
| ૭૭. | દૂર્ભખ્ય = દુર્ભિક્ષ કાળ, દુષ્કાળ | ચોપાઈ - ૨૦ | કડી - ૮૦૯ | ---- |
| ૭૮. | ધૂહિં = અગ્નિ | ઢાળ - ૧૪ | કડી - ૨૭૩ | ---- |
| ૭૯. | ધોરી = ધુરા ધારણ કરનાર બળદ | ઢાળ - ૪૩ | કડી - ૮૪૨ | પૃ - ૨૬૬ |
| ૮૦. | નખેદતો = નિષેધતો | દૂહા - ૪૦ | કડી - ૬૩૪ | ---- |
| ૮૧. | નર્ગ = નરક | ઢાળ - ૨૫ | કડી - ૪૬૬ | પૃ - ૨૬૯ |
| ૮૨. | નાલ્ય = પરંપરા, સાંકળ, નાળ | ઢાળ - ૧૬ | કડી - ૩૦૮ | ---- |
| ૮૩. | નીનવ = નિહ્નવ | ઢાળ - ૩૦ | કડી - ૫૦૮ | ---- |
| ૮૪. | નીમ = નિયમ, ત્યાગ | ઢાળ - ૧ | કડી - ૩૧ | પૃ - ૨૮૬ |
| ૮૫. | નીમત વચન = જ્યોતિષી, નૈમિત્તિક વચન . (નિમિત્તી) | ઢાળ - ૧૦ | કડી - ૨૧૭ | પૃ - ૨૭૯ |
| ૮૬. | નીહીમાડીમ્હાં = નિંભાડામાં | ઢાળ - ૩૨ | કડી - ૫૫૮ | ---- |
| ૮૭. | નોમો = નવમો (નવ) | ઢાળ - ૧૧ | કડી - ૨૨૯ | પૃ - ૨૭૦ |
| ૮૮. | પઈઆલિ = પાતાળમાં | ઢાળ - ૨૫ | કડી - ૪૬૬ | પૃ - ૨૯૨ |
| ૮૯. | પછઆણ = પચ્ચક્ખાણ - પ્રત્યાખ્યાન, ત્યાગનું વ્રત | ચોપાઈ - ૧૬ | કડી - ૬૦૦ | પૃ - ૨૯૪ |
| ૯૦. | પછયમ = પશ્ચિમદિશા. (પછિમ) | ચોપાઈ - ૧૫ | કડી - ૫૮૬ | પૃ - ૨૯૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯૧. | પડીકમણૂં=પ્રતિક્રમણ, જૈન ધર્મ ક્રિયા | ઢાળ-૯ | કડી-૧૮૮ | પૃ-૨૯૭ |
| ૯૨. | પડીલેહણા=પ્રતિલેખના, સૂક્ષ્મ નિરિક્ષણ, તપાસ | ઢાળ-૭ | કડી-૧૫૩ | પૃ-૨૯૭ |
| ૯૩. | પરત્યગ=પ્રત્યેક, એક શરીરમાં એક જીવ હોય તે પ્રત્યેક | ચોપાઈ-૨ | કડી-૫૪ | ---- |
| ૯૪. | પરમાર્થક=પરમઅર્થ, પરમધ્યેય, સાર તત્ત્વ, ગૂઢાર્થ | ઢાળ-૪૧ | કડી-૭૭૯ | પૃ-૩૦૪ |
| ૯૫. | પરીસા=પરિષહ, શ્રમણોએ સહન કરવાના ટાઢ તડકો વગેરે કષ્ટો | ચોપાઈ-૩ | કડી-૧૦૯ | પૃ-૩૦૮ |
| ૯૬. | પરશ્રીગમન=પર સ્ત્રીગમન | ઢાળ-૧૨ | કડી-૨૬૧ | ---- |
| ૯૭. | પાખરીઓ=ચારે તરફ, આસપાસ, ફરતા અહીં વિસ્તાર પામેલો એવો અર્થ થાય છે. | ઢાળ-૧ | કડી-૩૦ | પૃ-૩૧૬ |
| ૯૮. | પાસથો=(પાસછઉ) શિથિલાચારી સાધુ (પ્રા. પાસત્થ) | ચોપાઈ-૧૮ | કડી-૬૫૫ | પૃ-૩૨૩ |
| ૯૯. | પાંચ માહાવૃત=પાંચ મહાવ્રત (મહવ્યય) મહાવ્રત | ચોપાઈ-૧૮ | કડી-૬૫૩ | પૃ-૩૮૩ |
| ૧૦૦. | પૂદગલ પ્રાવૃત=અનંત કાળચક્ર | દુહા-૩ | કડી-૪૧ | ---- |
| ૧૦૧. | પોસો=પૌષધ, શ્રાવકોએ ઉપાશ્રયમાં રહી સાધુની જેમ રહેવાનું-જૈન વ્રત | ઢાળ-૪૪ | કડી-૮૫૧ | પૃ-૩૩૪ |
| ૧૦૨. | પ્રતિબોધિયા=જ્ઞાન આપ્યું, ઉપદેશ આપ્યો (પ્રતિબોધિયો) | ચોપાઈ-૧૧ | કડી-૩૫૦ | પૃ-૩૩૬ |
| ૧૦૩. | પ્રદખ્યણ=પ્રદક્ષિણા | ઢાળ-૪૦ | કડી-૭૩૮ | પૃ-૩૩૬ |
| ૧૦૪. | પ્રબતશલા=પર્વતની શિલા | દુહા-૪૯ | કડી-૭૬૨ | ---- |
| ૧૦૫. | પ્રવહણ=વહાણ | ઢાળ-૨૩ | કડી-૪૪૬ | પૃ-૩૩૭ |
| ૧૦૬. | ફટક રત્ન=સ્ફટિક રત્ન | ઢાળ-૩૯ | કડી-૭૦૮ | ---- |
| ૧૦૭. | ફટિ ફટિ=અપમાનિત | ચોપાઈ-૧૯ | કડી-૭૪૩ | ---- |
| ૧૦૮. | ફૂફમાલનિં=(?) | ઢાળ-૧૬ | કડી-૩૦૫ | ---- |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૯. | બ્યંબ = જિન બિંબ, જિન પ્રતિમા | ઢાળ - ૪૪ | કડી - ૮૫૧ | પૃ - ૩૫૫ |
| ૧૧૦. | ભાવિક = ભવિષ્યમાં થનારી, આ રાસમાં તેજસ્વીપણું એવો અર્થ થાય છે. | ચોપાઈ - ૧૮ | કડી - ૭૨૯ | પૃ - ૩૬૭ |
| ૧૧૧. | ભૂતડાં = પંચ મહાભૂત, ભૌતિક તત્ત્વ, આ રાસમાં પ્રાણી એવો અર્થ થાય છે. | દુહા - ૨૭ | કડી - ૪૨૭ | પૃ - ૩૭૦ |
| ૧૧૨. | ભ્રુમ= બ્રહ્મા | દુહા - ૧ | કડી - ૧ | ---- |
| ૧૧૩. | ભોગલ = દરવાજો બંધ કરવાની લોઢાની ભારે અર્ગલા આગળો | ચોપાઈ - ૧૩ | કડી - ૫૨૩ | પૃ - ૩૭૨ |
| ૧૧૪. | ભંઈશા = પાડા | ચોપાઈ - ૧૯ | કડી - ૭૫૬ | પૃ - ૩૫૯ |
| ૧૧૫. | મછર = અભિમાન, ગર્વ, મત્સર | ઢાળ - ૩૬ | કડી - ૬૭૨ | પૃ - ૩૭૫ |
| ૧૧૬. | મથો = મસ્તક, માથાં (મથાલા) | ઢાળ - ૩૫ | કડી - ૬૫૭ | પૃ - ૩૭૭ |
| ૧૧૭. | મર્ણ = મરણ, પ્રાણનો અંત | ચોપાઈ - ૨ | કડી - ૫૧ | પૃ - ૩૮૦ |
| ૧૧૮. | મંશ = માંસ | ચોપાઈ - ૨ | કડી - ૭૧ | ---- |
| ૧૧૯. | માતુલ = મોસાળ, મામાનું ઘર | ઢાળ - ૨૦ | કડી - ૩૯૬ | પૃ - ૩૮૯ |
| ૧૨૦. | માસા = સુવર્ણમુદ્રા | દુહા - ૨૨ | કડી - ૩૧૩ | ---- |
| ૧૨૧. | માંજતો = ભૂંસતો | ઢાળ -૩૬ | કડી - ૬૭૧ | ---- |
| ૧૨૨. | માંજરી = મંજરી. (માંજરિ) અહીં બિલાડી એવો અર્થ થાય છે. | ચોપાઈ - ૧૩ | કડી - ૫૨૨ | પૃ - ૩૯૨ |
| ૧૨૩. | મિચ્છાદુકડ = મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. | ઢાળ - ૨૭ | કડી - ૪૮૩ | પૃ - ૩૯૩ |
| ૧૨૪. | મૂહું = મીઠું, સ્વાદિષ્ટ | ઢાળ - ૬ | કડી - ૧૨૭ | ---- |
| ૧૨૫. | મેહેશરીંઈ = શૈવધર્મીઓએ | ચોપાઈ - ૧૫ | કડી - ૫૭૪ | ---- |
| ૧૨૬. | મોખ્ય = મોક્ષ, મુક્તિ | ઢાળ - ૧૫ | કડી - ૨૮૩ | પૃ - ૪૦૪ |
| ૧૨૭. | મોહોતિ = મોટું | ચોપાઈ - ૧૮ | કડી - ૭૨૯ ---- | |
| ૧૨૮. | મોહોપતી = (મુહપત્તી) મુખ વસ્ત્રિકા | દુહા- ૪૦ | કડી - ૬૩૦ | પૃ - ૪૦૦ |
| ૧૨૯. | યૂગલ = જોડિયાં ભાઈબહેન જે પ્રાચીનકાળમાં પતિ-પત્ની બનતા (ત્રીજા આરામાં) | દુહા - ૪ | કડી - ૭૫ | પૃ - ૪૦૯ |
| ૧૩૦. | યોગ = સંન્યાસ | ઢાળ - ૧૪ | કડી - ૨૭૩ | ---- |
| ૧૩૧. | રણીઓ = ઋણવાળો, દેવાદાર | ચોપાઈ - ૫ | કડી - ૧૬૫ | પૃ - ૪૧૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩૨. | રત્યઅરત્ય = રતિ - અરતિ, આનંદ અને દુઃખ | ચોપાઈ - ૩ | કડી-૧૦૧ | પૃ-૨૨, ૪૧૧ |
| ૧૩૩. | રાતિં = રાત્રિ, રાત | ચોપાઈ - ૬ | કડી-૧૯૮ | પૃ-૪૧૮ |
| ૧૩૪. | લખ્યણ = લક્ષણ (लखण) | ચોપાઈ - ૨૦ | કડી-૮૦૦ | પૃ-૪૨૬ |
| ૧૩૫. | લાડી = સ્ત્રી, નવવધૂ | ઢાળ - ૧૩ | કડી-૨૬૫ | પૃ-૪૩૨ |
| ૧૩૬. | લાભ્ય = મેળવવું, પ્રાપ્ત કરવું (लाभइ) | દુહા - ૨૨ | કડી-૩૧૨ | પૃ-૪૩૨ |
| ૧૩૭. | વઈડૂર્ય = નીલા રંગનું રત્ન (वैदूर्य) | ચોપાઈ - ૧૮ | કડી-૭૨૦ | પૃ-૪૮૩ |
| ૧૩૮. | વધ્ય = બ્રહ્મા | ઢાળ - ૩૪ | કડી-૬૦૪ | --- |
| ૧૩૯. | વધ્યસું = વિધિપૂર્વક | ઢાળ - ૯ | કડી-૧૯૪ | ---- |
| ૧૪૦. | વર્ત = વ્રત, નિયમ | ઢાળ - ૧૪ | કડી-૨૭૨ | પૃ-૪૪૮ |
| ૧૪૧. | વરા = વખત, વાર | ચોપાઈ - ૮ | કડી-૨૮૫ | પૃ-૪૪૭ |
| ૧૪૨. | વહિરયરે = નિયમિત વહોરવું | ઢાળ - ૩૫ | કડી-૬૫૯ | ---- |
| ૧૪૩. | વાગરી = વાઘરી, શિકારી (હલકી જાતિના લોકો) | ઢાળ - ૩ | કડી-૮૧ | પૃ-૪૫૪ |
| ૧૪૪. | વાડિં = વાડો, હદ, મર્યાદા, વાડ | ઢાળ - ૬ | કડી-૧૩૨ | પૃ-૪૫૫ |
| ૧૪૫. | વિવહારી = જીવોનો એક પ્રકાર જે જગતના વ્યવહારમાં આવે છે. (ववहाररासि) | ચોપાઈ - ૨ | કડી-૫૧ | પૃ-૪૪૯ |
| ૧૪૬. | વીગથા = વિકથા, શાસ્ત્ર વિરુદ્ધ વાતો, ગંદી વાતો | ઢાળ - ૩૯ | કડી-૭૧૨ | પૃ-૪૬૨ |
| ૧૪૭. | વીનિ = વિનય (વીને) | ઢાળ - ૨ | કડી-૩૭ | પૃ-૪૭૭ |
| ૧૪૮. | વીભમજ્ઞાની = વિભંગજ્ઞાની | ઢા-૧૩ | કડી-૨૬૮ | ---- |
| ૧૪૯. | વીવહારી = વ્યવહારરાશિ | ચોપાઈ - ૨ | કડી-૫૧ | ---- |
| ૧૫૦. | વીર્ષ = વૃક્ષ | ઢાળ - ૨૨ | કડી-૪૩૨ | ---- |
| ૧૫૧. | વીસ્વ = વિશ્વ, લોક | ચોપાઈ - ૧૨ | કડી-૪૭૬ | ---- |
| ૧૫૨. | વ્યનક = વિના | ઢાળ - ૧ | કડી-૨૦ | ---- |
| ૧૫૩. | શરાપ = શ્રાપ, શાપ | ઢાળ - ૧૦ | કડી-૨૧૯ | પૃ-૫૦૫ |
| ૧૫૪. | શંઘ = સિંહ, અહીં ચતુર્વિધ સંઘ અર્થ થાય છે. | ઢાળ - ૧ | કડી-૩૦ | પૃ-૪૮૮ |
| ૧૫૫. | શ્રી = સ્ત્રી | ઢાળ - ૬ | કડી-૧૩૩ | ---- |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫૬. | શ્રુભ = શુભ | ચોપાઈ - ૩ | કડી - ૧૦૬ | ---- |
| ૧૫૭. | શ્રેત્ર = ક્ષેત્ર, અહીં શ્રાવક અર્થ છે. | ઢાળ - ૧ | કડી - ૨૭ | ---- |
| ૧૫૮. | ષટ આવલી = છ આવલિકા | ચોપાઈ - ૮ | કડી - ૨૮૬ | પૃ - ૪૯૩ |
| ૧૫૯. | સખરુ = સુંદર, સરસ(सखरा) | ઢાળ - ૧ | કડી - ૩૧ | પૃ - ૪૯૪ |
| ૧૬૦. | સદીવ = સદૈવ, હંમેશા | ચોપાઈ - ૨ | કડી - ૫૨ | પૃ - ૪૯૭ |
| ૧૬૧. | સધઈણા = શ્રદ્ધા | ઢાળ - ૨ | કડી - ૩૭ | પૃ - ૪૯૭ |
| ૧૬૨. | સૂમિત ગુપતિ = ઉપયોગ પૂર્વક ગમન ભાષણ આદિ પાંચ પ્રકારની સમિતિ અને ત્રણ પ્રકારની ગુપ્તિ એટલે મન, વચન, કાયાનું નિયંત્રણ. | ચોપાઈ - ૬ | કડી - ૨૦૦ | પૃ - ૪૯૯ |
| ૧૬૩. | સ્યઈવ = શૈવધર્મી | ઢાળ - ૩૦ | કડી - ૫૦૬ | ---- |
| ૧૬૪. | સ્યાસ્વતાં = શાશ્વત | ઢાળ - ૨૫ | કડી - ૪૬૬ | ---- |
| ૧૬૫. | સ્યું = શું, કેવું ? | ચોપાઈ - ૧ | કડી - ૧૮ | ---- |
| ૧૬૬. | સ્યુંન્ય = મૂઢ, ગમાર, ભાન વગરનો | ઢાળ - ૩૭ | કડી - ૬૮૫ | ---- |
| ૧૬૭. | સાસઉસાસ = શ્વાસોશ્વાસ | દૂહા - ૩ | કડી - ૪૯ | પૃ - ૫૨૩ |
| ૧૬૮. | સૂક્રિત = પુણ્ય | ઢાળ - ૧૬ | કડી - ૩૦૮ | ---- |
| ૧૬૯. | સૂડીર્યવંત = સુધૈર્યવંત | ચોપાઈ - ૩ | કડી - ૧૧૩ | ---- |
| ૧૭૦. | સૂધ્ય = શુદ્ધિ | ઢાળ - ૨ | કડી - ૩૭ | પૃ - ૫૩૫ |
| ૧૭૧. | સૂની = કુત્રી | ઢાળ - ૪૧ | કડી - ૭૬૫ | ---- |
| ૧૭૨. | સોગો = શોક, ઉદ્વેગ, પીડા | ઢાળ - ૪૧ | કડી - ૭૭૮ | પૃ - ૫૪૬ |
| ૧૭૩. | સોઠસુદ્ર = શેઠ સુદર્શન (?) | ચોપાઈ - ૭ | કડી - ૨૪૫ | ---- |
| ૧૭૪. | સંધે = સંદેહ | ઢાળ - ૨૫ | કડી - ૪૬૨ | ---- |
| ૧૭૫. | સંવછર = સંવત્સર દાન, વર્ષીદાન | ચોપાઈ - ૩ | કડી - ૧૦૮ | પૃ - ૫૧૫ |
| ૧૭૬. | સ્યાહાસ્ત્ર = શાસ્ત્ર | દુહા - ૨૯ | કડી - ૪૫૨ | ---- |
| ૧૭૭. | હસતી = હાથી | ચોપાઈ - ૩ | કડી - ૧૧૩ | ---- |
| ૧૭૮. | હિઠાગ્ર = હઠાગ્રહ | ઢાળ - ૧૫ | કડી - ૨૭૮ | ---- |
| ૧૭૯. | હંસો = જીવ, પ્રાણ, આત્મા | ઢાળ - ૧૧ | કડી - ૨૨૪ | પૃ - ૫૫૫ |

# પરિશિષ્ટ - ૧૧ સંદર્ભ પુસ્તક સૂચિ


૧) અધ્યાત્મસાર ભા.-૨, અનુ. ડૉ. રમણલાલ ચી. શાહ, પ્ર. શ્રી રાજ સોભાગ સત્સંગમંડળ, સાયલા. પ્રથમાવૃત્તિ, સં.૨૦૫૩.

૨) શ્રી અનુયોગદ્વાર સૂત્ર, સં. - આચાર્ય મહાપ્રજ્ઞ, પ્ર. જૈન વિશ્વભારતી સંસ્થાન, લાડનૂં - રાજસ્થાન.

૩) શ્રી અનુયોગદ્વાર સૂત્ર, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ. ઈ.સ.૨૦૦૦.

૪) અભિધાન ચિંતામણિ નામમાલા, સં. - શ્રી હેમચંદ્રવિજયગણિ., પ્ર. શ્રી જૈન સાહિત્ય વર્ધક સભા - અમદાવાદ. પ્રથમાવૃત્તિ, વિ.સં.-૨૦૩૨.

૫) અભિનવ ઉપદેશપ્રાસાદ ભા.-૧, લે.-શ્રી દીપરત્નસાગર.પ્ર.અભિનવ શ્રુત પ્રકાશન, જામનગર, ઈ.સ.૧૯૯૦.

૬) અષ્ટપ્રાભૃત (હિન્દી), અનુ. રવજી છગનલાલ દેસાઈ. પ્ર.પરમશ્રુત પ્રભાવક મંડળ, અગાસ.

૭) અંગુત્તરનિકાય (મૂલ) સં. ભિક્ષુ કશ્યપજગદીશ, પાલી પ્રકાશન મંડળ, બિહાર, ઈ.સ.૧૯૬૦.

૮) શ્રી અંતગડદશાંગ સૂત્ર, સં.લીલમબાઈ મહા., પ્ર.શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, ૧૯૯૯.

૯) આગમસાર : લે. રસિકલાલ છગનલાલ શેઠ., પ્ર. વીરવાણી પ્રકાશન-મુંબઈ, ઈ.સ. ૧૯૯૦.

૧૦) આચાર દિનકર (હિન્દી), સં. ડૉ. સાગરમલ જૈન, પ્ર.પ્રાચ્ય વિદ્યાપીઠ, શાજાપુર (મધ્યપ્રદેશ).

૧૧) શ્રી આચારાંગ સૂત્ર, સં.-ઘાસીલાલજી મ.પ્ર.અ.ભા.શ્વે.સ્થા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ, દ્વિતીય આવૃત્તિ ઈ.સ. ૧૯૫૮.

૧૨) શ્રી આચારંગ સૂત્ર, સં. લીલમબાઈ મહાસતીજી, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૯.

૧૩) આત્મશુદ્ધિનો માર્ગ યાને સમકિતના ૬૭ બોલની સજ્ઝાય, રચયિતા- પૂ. યશોવિજયજી મ., પ્ર. બાબુલાલ નહાલચંદ, નવજીવન ગ્રંથમાળા - ગુજરાત. પ્રથમાવૃત્તિ, વિ.સ. ૨૦૩૬,

૧૪) આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક-૩, સં. જીવણચંદ સાકરચંદ ઝવેરી, પ્ર. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મરીન ડ્રાઈવ, સં.૨૦૫૫.

૧૫) આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક-૮, સં. સંપતવિજયજી મુનિ., પ્ર. જીવણચંદ સાકરચંદ ઝવેરી, મુંબઈ, ઈ.સ.૧૯૨૭.

૧૬) શ્રી આવશ્યક નિર્યુક્તિ ભાગ-૨, લે. હરિભદ્રસૂરિ મ., પ્ર. ભેરુલાલ કનૈયાલાલ કોઠારી ધાર્મિક ટ્રસ્ટ, વાલકેશ્વર, વિ.સં. ૨૦૩૮.

૧૭) શ્રી આવશ્યક સૂત્ર, સં. મિશ્રીમલજી મ., પ્ર. શ્રી આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, રાજસ્થાન, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬.

૧૮) શ્રી આવશ્યક સૂત્ર, ભાગ-૧ થી ૪, લે. ઘાસીલાલજી મ., પ્ર. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૮.

૧૯) ઈસાઈદર્શન, લે. ચોહન ફાઈસ, પ્ર. રાજસ્થાન હિંદી ગ્રંથ એકાદમી, જયપુર, ૧૯૮૨.

૨૦) શ્રી આવશ્યક સૂત્ર, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ,ઈ. સ. ૨૦૦૬.

૨૧) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, સં. મિશ્રીમલજી મ., પ્ર.શ્રી આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, રાજસ્થાન, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬.

૨૨) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, ભાંગ - ૧-૨, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૪.

૨૩) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, ભાગ - ૨, સં. વજ્રસેનવિજયજી, પ્ર. ભદ્રંકર પ્રકાશન, અમદાવાદ.

૨૪) ઉપદેશપદ, લે. શ્રી ધર્મદાસગણિવર, સં. હેમસાગરસૂરી, પ્ર. આનંદ હેમગ્રંથમાળા, મુંબઈ.

૨૫) ઉપદેશ પ્રાસાદ ભા-૨, ભા૦ વિજયવિશાલસેનસૂરિ, પ્ર. વિરાટ પ્રકાશન મંદિર, પાલીતાણા, ઈ.સ.૧૯૭૩.

૨૬) ઉપદેશમાલા, લે. ધર્મદાસગણિવર, પ્ર. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, દ્વિતીય આવૃત્તિ, વિ.સં. ૨૦૬૦.

૨૭) ઉપનિષદ જ્યોતિ ભાગ, સં. મગનભાઈ પટેલ, પ્ર.- અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ૧૯૨૯.

૨૮) ઉપનિષદ સમુચ્ચય, સં. શિવાનંદજી સ્વામી, શિવાશ્રમ, આંત્રોલી, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૬૦.
૨૯) ઉપાસક દશાંગસૂત્ર, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ.૨૦૦૪.
૩૦) ઔપપાતિકસૂત્ર, ભાગ-૨, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૪.
૩૧) કર્મગ્રંથ, ભાગ- ૧, લે દેવેન્દ્રસૂરિ મ., પ્ર.ઓમકાર સાહિત્યનિધિ, બનાસકાંઠા, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૫.
૩૨) કર્મપ્રકૃતિ, ભાગ- ૧-૨, ભા૦ કૈલાશચંદ્ર વિજયજી મ., પ્ર. શ્રી રાંદેર રોડ શ્વે. મૂ. જૈનસંઘ, સુરત, પ્રથમાવૃત્તિ, વિ.સં. ૨૦૫૨-૫૩.
૩૩) કર્તવ્યકૌમુદી, ખંડ-૧-૨, લે. પંડિત રત્નચંદ્રજી મહા., પ્ર. ચુનીલાલ વર્ધમાન શાહ,સારંગપુર, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૩૧.
૩૪) કલ્પસૂત્ર, સં. દેવેન્દ્રમુનિ શાસ્ત્રી, પ્ર. શ્રી સુધર્મા જ્ઞાનમંદિર, કાંદીવલી, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૨.
૩૫) કલ્પસૂત્ર કથાસાર, સં. સુનંદાબેન વોહોરા, પ્ર. દેવગુરુગુણ ગુણાનુરાગી જિજ્ઞાસુ મિત્રો. ત્રીજી આવૃત્તિ,ઈ.સ. ૧૯૯૦.
૩૬) કવિ ઋષભદાસ એક અધ્યયન, લે. ડૉ. વાડીલાલ જીવાભાઈ ચોકશી, પ્ર. આત્મકમલલબ્ધિ સૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર, દાદર, બી.બી. મુંબઈ-૨૮.
૩૭) કવિ પંડિત વીરવિજયજી એક અધ્યયન, લે. ડૉ. કવિન શાહ, પ્ર. કુસુમ કે. શાહ, બીલીમોરા, પ્રથમાવૃત્તિ, સં. ૨૦૫૫.
૩૮) કવિ સમયસુંદર એક અભ્યાસ, લે. વસંતરાય બી. દવે, પ્ર. શારદાબેન ચીમનલાલ એજ્યુકેશનલ રિસર્ચ સેંટર, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૮.
૩૯) કષાય પ્રાભૃત-૧૨, સં. કુલચંદ કૈલાશચંદ, પ્ર. ભારતીય દિગંબર જૈનસંઘ, મથુરા, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૧.
૪૦) કહે, કલપૂર્ણસૂરિ, સં. મુનિચન્દ્રવિજયજી, પ્ર. શ્રી શાંતિ જિનઆરાધક મંડળ, મનફરા, ઈ.સ.૨૦૦૦.
૪૧) કુરાનસાર, સં. વિનોબા ભાવે, યજ્ઞ પ્રકાશન, વડોદરા, પ્રથમ સંસ્કરણ, ૧૯૬૮.
૪૨) કુસુમાંજલિ, સં. અગરચંદ નાહટા, ભવરચંદ નાહટા, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૬૫૭.
૪૩) કુંડલિની મહાશક્તિ, પ્ર. હેમંત નંદલાલ ઠક્કર, સં. ચારુલતા બારોઈ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, બીજી આવૃત્તિ, ઈ.સ. ૧૯૯૪.
૪૪) ખંભાતનો પ્રાચીન જૈન ઈતિહાસ, લે. નર્મદાશંકર ત્રંબકરામ ભટ્ટ, પ્ર. શ્રી આત્માનંદ જન્મ શતાબ્દી સ્મારક ટ્રસ્ટ બોર્ડ, મુંબઈ.
૪૫) ગીતાદર્શન, અનુ. ચંદ્રશંકર શુક્લ. પ્ર. મુંબઈ, વોરા એન્ડ કંપની, પ્રથમાવૃત્તિ,ઈ.સ. ૧૯૪૭.
૪૬) ગુજરાતી સાહિત્ય કોશ(મધ્યકાળ), સં. જયંત કોઠારી, જયંત ગાડીત, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૮૯.
૪૭) ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન, લે. શ્રી અનંત રાવળ, પ્ર. મેકમિલન એન્ડ કંપની લિમીટેડ, બીજી આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૩.
૪૮) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ગ્રંથ-૧, સં. ઉમાશંકર જોષી, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૬.
૪૯) ગુર્જર સાહિત્ય સંગ્રહ ભાગ-૧, પ્ર. શા. બાવચંદ ગોપાલજી-મુંબઈ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૩૬.
૫૦) ગોમટ્ટસાર, સં. પં.મોહનલાલ, પ્ર. શા. રેવાશંકર જગજીવન જૌહરી, દ્વિતીયાવૃત્તિ, ઈ.સ. ૧૯૨૮.
૫૧) ચરિતાનુવલિ, લે. સુબોધિકા મહાસતીજી, પ્ર. સાધ્વી સુબોધિકા જૈન ટ્રસ્ટ, આકોલા, તૃતીયાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૧.
૫૨) જંબુદ્વીપ પુસ્તક-૨, લે. શ્રી પુણ્યશેખર સાગરજી, પ્ર. શ્રી વર્ધમાન જૈન પેઢી, પાલીતાણા, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૦.
૫૩) શ્રી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ ભાગ- ૧, લે. ઘાસીલાલજી મ., પ્ર. અ. ભા. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૮૦.
૫૪) જૈન ગુર્જર કવિઓ, સં. મોહનલાલ દલીચંદ દેસાઈ, પ્ર. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફિસ પાયધુની. પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૨૬.
૫૫) જૈન ગુર્જર કવિઓ ભાગ-૧ થી ૧૦, સં. જયંત કોઠારી, પ્ર. શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ, દ્વિતીયાવૃત્તિ.
૫૬) જૈનતત્ત્વ પ્રકાશ, લે. શ્રી અમોલખ ઋષિજી, પ્ર. શ્રી વર્ધમાન સ્થા. જૈન યુવક મંડળ, બોરીવલી-વેસ્ટ.
૫૭) જૈનદર્શન, લે. શ્રી ન્યાય વિજયજી મ., પ્ર. શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા પાટણ, બારમી આવૃત્તિ, ઈ.સ.૧૯૮૧.

૫૮) જૈનદર્શનના વૈજ્ઞાનિક રહસ્યો, લે. નંદીઘોષ વિજયજી મ., પ્ર. ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૦.
૫૯) જૈનદર્શનનું પદાર્થવિજ્ઞાન, લે. પારેખ ખુબચંદ કેશવલાલ, પ્ર. લહેરચંદ અમીચંદ શાહ, નવા માધુપુરા, અમદાવાદ.
૬૦) જૈન રામાયણ, લે. વિજયભદ્રગુપ્તસૂરિજી, પ્ર. શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, મહેસાણા, પાંચમી આવૃત્તિ, વિ.સં. ૨૦૪૬.
૬૧) જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ ભાગ-૪, સં. ડૉ. હીરાલાલ જૈન, પ્ર. ભારતીય જ્ઞાનપીઠ, દુર્ગાપુર-વારાણસી, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૦.
૬૨) જૈન સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ ભાગ- ૧(હિન્દી), લે. ડૉ. શિનિકંઠ મિશ્ર, પ્ર, પાર્શ્વનાથ વિદ્યાશ્રમ ગ્રંથમાળા, વારાણસી.
૬૩) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, લે. મોહનલાલ દલીચંદ દેસાઈ, પ્ર. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઈ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૩.
૬૪) શ્રી જ્ઞાતાધર્મકથા, સં. લીલમબાઈ મ., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૪.
૬૫) જ્ઞાનસાર, સં. શ્રી ભદ્રગુપ્ત વિજયજી, પ્ર. શ્રી વિશ્વ કલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, મહેસાણા, ત્રીજી આવૃત્તિ, વિ.સં. ૨૦૩૩.
૬૬) ટચૂકડી કથાઓ ભાગ-૧ થી ૬, લે. ચંદ્રશેખર વિજયજી મ., પ્ર. કમલ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૧ થી ૨૦૦૩.
૬૭) તત્ત્વાર્થસૂત્ર, વિ. પં. સુખલાલજી, પ્ર. શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ, તૃતીયાવૃત્તી, ઈ.સ. ૧૯૪૯.
૬૮) તત્ત્વાર્થાધિગમસૂત્ર, ભાગ-૧, લે. સિદ્ધસેન દિવાકર, વિ. હીરાલાલ રસીકદાસ કાપડીયા, પ્ર. જીવણચંદ સાકરચંદ ઝવેરી, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૨૬.
૬૯) ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર સર્ગ ૩-૯, સં. ભાનુચંદ્રવિજયજી મ., પ્ર. જસવંતલાલ ગીરધરલાલ, દોશીવાડાની પોળ, અમદાવાદ, ઈ.સ. ૧૯૭૨.
૭૦) શ્રી દશવૈકાલિકસૂત્ર, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૨.
૭૧) શ્રી દશવૈકાલિકસૂત્ર, લે. ઘાસીલાલજી મ. અ. ભા. સ્થા. જૈનશાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ, દ્વિતીયાવૃત્તિ, ઈ.સ. ૧૯૫૮.
૭૨) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા, સં, મુનિ યશોવિજયજી, પ્ર. અંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લાબ્રીજ, વિ.સં.૨૦૫૯.
૭૩) શ્રી દશાશ્રુતસ્કંધ, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬.
૭૪) દીઘનિકાય(મૂળ) ભા.-૧,૨, સં. ભિક્ષુ કશ્યપજગદીશ, પાલી પ્રકાશન મંડળ, પ્ર. બનારસ, મહા બોધિસભા, બિહાર, ૧૯૩૬, ૧૯૫૮.
દીઘનિકાય(અનુ.), સં.સાંકૃત્યાયન, રાહુલ, પ્ર. બનારસ મહા બોધિસભા, ૧૯૩૬.
૭૫) ધર્મપ્રાણ પ્રવચન ભાગ-૧, સં. પં. રોશન લાલજી જૈન શાસ્ત્રી, પ્ર. સુધર્મ જ્ઞાન મંદિર, કાંદીવલી. ઈ.સ. ૧૯૭૩.
૭૬) ધર્મસંગ્રહનું ગુજરાતી ભાષાંતર, ભાગ-૧, ભા૦ શ્રી ભદ્રંકરવિજયજી, પ્ર. શા. અમૃતલાલ જેસીંગભાઈ, કાલુપુર, અમદાવાદ, બીજી આવૃત્તિ, વિ.સં. ૨૦૧૨.
૭૭) ધર્મબિંદુ, લે. શ્રી હરિભદ્રસૂરિ, ભા૦ શ્રી રાજશેખરસૂરિ, પ્ર. સર્વોદય પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંલુંડ(વે.), ઈ.સ. ૧૯૯૬.
૭૮) ધર્મસંગ્રહણિ ભાગ-૧-૨, લે. શ્રી હરિભદ્રસૂરિજી, સં. અજીતશેખરવિજયજી મ., પ્ર. શ્રી આદિનાથ જૈન શ્વે. મંદિર ટ્રસ્ટ, બેંગ્લોર, પ્રથમાવૃત્તિ, વિ.સં. ૨૦૫૨.
૭૯) ધર્મામૃત-સુધર્મ, લે. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, પ્ર. શ્રી મુક્તિ કમલ જૈન ગ્રંથ માળા-વડોદરા, પ્રથમાવૃત્તિ, વિ.સં. ૨૦૦૮.
૮૦) નવતત્ત્વ દીપિકા, લે. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, પ્ર. જૈન સાહિત્ય પ્રકાશન મંદિર, ચીચબંદર, મુંબઈ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૬૬.

૮૧) નવપદજી મહાપૂજા, પ્ર. શ્રી જંબુસ્વામી જૈન મુક્તાબાઈ જ્ઞાન મંદિર, ડભોઈ, બીજી આવૃત્તિ, વિ.સ. ૨૦૩૯.
૮૨) નવપદ પૂજા મંજૂષા, સં. શ્રી વિજયઅમીતયશસૂરિજી, પ્ર. સોહનલાલ આનંદ કુમાર, તાલેડા બેંગ્લોર.
૮૩) નવપદ પ્રકાશ, સં. શ્રી વિજયભુવનભાનુસૂરિજી, પ્ર. દિવ્ય દર્શન ટ્રસ્ટ, મુંબઈ, વિ.સં. ૨૦૩૮.
૮૪) નવલનિત્ય સ્વાધ્યાય, લે. શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી, પ્ર. શ્રી નવલ સાહિત્ય પ્રકાશન મંદિર, પ્રથમાવૃત્તિ, ઈ.સ.૨૦૦૬.
૮૫) શ્રી નંદીસૂત્ર, લે. ઘાસીલાલજી મ., પ્ર. અ. ભા. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, પ્રથમાવૃત્તિ, ઈ.સ.૧૯૫૮.
૮૬) નિત્યનિયમાદિ પાઠ, પ્ર. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, આગાસ,સાતમી આવૃત્તિ. વિ.સં. ૨૦૪૮.
૮૭) નિયમસાર, અનુ. હિંમતલાલ જેઠાલાલ શાહ, પ્ર. દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ, તૃતીય આવૃત્તિ, ઈ.સ. ૧૯૩૭.
૮૮) શ્રી નિશીથસૂત્ર, સં. મધુકર મુનિ., પ્ર. શ્રી આગમ પ્રકાશન સમિતિ, રાજસ્થાન-બ્યાવર. પ્રથમાવૃત્તિ ઈ.સ. ૧૯૯૧.
૮૯) શ્રી નિશીથસૂત્ર-ચૂર્ણિ સહિત, સં. અમર મુનિ-કનૈયાલાલ મુનિ, પ્ર. સન્મતિ જ્ઞાનપીઠ, રાજકોટ.
૯૦) શ્રી નિશીથસૂત્ર, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ.૨૦૦૬.
૯૧) પશ્ચાતાપની પાવનગંગા, લે. ઉર્મિલાબાઈ મ., પ્ર. હસમુખરાય વી. મહેતા, વિશાલ શોપિંગ સેંટર, અંધેરી(ઈ.)
૯૨) પંચવસ્તુક ગ્રંથ, લે. શ્રી હરિભદ્રસૂરિ મ., અનુ. રાજશેખરસૂરિ મ., પ્ર. શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂર્તિ. તપગચ્છ જૈન સંઘ, ભિવંડી. વિ.સં. ૨૦૪૬.
૯૩) ન્યાયદર્શન સભાષ્ય, સં. ઢુંઢિરાજ શાસ્ત્રી, પ્ર. એજ, દ્વિતીય સંસ્કરણ, ૧૯૭૦.
૯૪) પંચસંગ્રહ ભાગ-૩, લે. ચન્દ્રર્ષિ મહત્તરાચાર્ય, સં. પુખરાજજી અમીચંદ કોઠારી, પ્ર. જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા, ઈ.સ. ૧૯૮૪.
૯૫) પુરુષાર્થ સિદ્ધયુપાય(હિન્દી), અનુ. વ્રજલાલ ગિરધરલાલ શાહ, પ્ર.શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર, દ્વિતીયાવૃત્તિ, વિ.સં. ૨૦૩૪.
૯૬) પૂજાસંગ્રહ સાર્થ, પ્ર. સાધના પ્રકાશન મંદિર, જામનગર, પ્રથમાવૃત્તિ, વિ.સં. ૨૦૨૨.
૯૭) શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર, સં. પુણ્યવિજયજી મુનિ., પ્ર. શ્રી મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈ.
૯૮) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ભાગ-૪, લે. ઘાસીલાલજી મ., પ્ર. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૮.
૯૯) શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર, સં. લીલમબાઈ મહાસતીજી, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૨.
૧૦૦) પ્રવચનસાર,લે. કુંદકુંદાચાર્ય, સં-એ.એન. ઉપાધ્યાય, પ્ર.શ્રી શ્રીમદ્ રાજચંદ્ર જૈન શાસ્ત્રમાલા, અગાસ.
૧૦૧) પ્રવચનસારોદ્ધાર, ભા-૧-૨, સં. વજ્રસેનવિજયજી, પ્ર. શ્રીમતી જયાબેન દેવસી પોપટ માંડું જ્ઞાનમંદિર, શાહીબાગ, અમદાવાદ, ઈ.સ. ૧૯૯૨.
૧૦૨) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર, સં. લીલમબાઈ મહાસતીજી, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ. ઈ.સ. ૨૦૦૦.
૧૦૩) પ્રાકૃતિક પરમ તત્ત્વનું મિલન, લે. શ્રી ભદ્રંકર વિજયજી મ., પ્ર. ૪૯/૧ મહાલક્ષ્મી સોસાયટી, અમદાવાદ.
૧૦૪) શ્રી બૃહત્કલ્પભાષ્ય, સં. આચાર્ય મહાપ્રજ્ઞજી, અનુ. મુનિ દુલહરાજજી, પ્ર. જૈન વિશ્વભારતી-લાડનૂં, રાજસ્થાન, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬.
૧૦૫) શ્રી બૃહત્કલ્પસૂત્ર, લે. શ્રી ઘાસીલાલજી મ., પ્ર. અ. ભા. શ્વે. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, અમદાવાદ, દ્વિતીયાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૦
૧૦૬) શ્રી બૃહત્કલ્પસૂત્ર, સં. લીલમબાઈ મહાસતીજી, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૬.
૧૦૭) શ્રી બૃહત્સંગ્રહણીસૂત્ર(સંગ્રહણીરત્ન), લે- ચંદ્રસુરિ મહારાજ, અનુ. મુનિ શ્રી યશોવિજયજી મહારાજ, પ્ર.શ્રી મુક્તિ કમલ જૈન મોહનમાળા, વડોદરા, ત્રીજી આવૃત્તિ, ઈ.સ. ૧૯૯૮.
૧૦૮) શ્રી બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય, સં. ઢુંઢિરાજ શાસ્ત્રી, પ્ર, બનારસ, ચૌખંભા સીરીજ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૨૯.
૧૦૯) શ્રી ભગવદ્ગીતા તેના મૂળ રૂપે, સં. જશોમતી નંદનદાસ, પ્ર. ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ, જુહૂ-મુંબઈ. દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. ૧૯૯૯.
૧૧૦) શ્રી ભગવતીસૂત્રસાર સંગ્રહ ભા-૪ (હિન્દી), લે. પૂર્ણાનંદ વિજયજી, પ્ર. સંઘવી જગજીવનદાસ કસ્તુરચંદ સાબરકાંઠા,

ગુજરાત, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૮૬.
૧૧૧) ભવભાવના પ્રકરણ ભા-૨, લે. મલધારી હેમચંદ્રાચાર્ય, ભા૦ સુમિતશેખરવિજયજી, પ્ર. અરિહંત આરાધક ટ્રસ્ટ, ભીવંડી, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૦.
૧૧૨) શ્રી ભાગવત દર્શન, સં. હરબંશલાલ શર્મા, પ્ર. ભારત પ્રકાશન, મંદિર, અલીગઢ.ઈ.સ.૧૯૬૩.
૧૧૩) ભાષ્યત્રયમ્ (સાર્થ), પ્ર.શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, ત્રીજી આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૮.
૧૧૪) શ્રી મજ્જિમનિકાય (મૂળ) ભાગ - ૧,૨. સં. કશ્યપ ભિક્ષુ જગદીશ. પ્ર. બિહાર સરકાર, પાલી પ્રકાશન મંડળ, ઈ.સ.૧૯૫૮.
૧૧૫) મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય, સં. જંયત કોઠારી, પ્ર. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મું.-૬, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૩.
૧૧૬) મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, લે. ડૉ. નિપુણ ઈ. પંડ્યા, પ્ર. અશોક પ્રકાશન, પ્રિન્સેસ સ્ટ્રીટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૬૮.
૧૧૭) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા, લે. પ્રો. ડૉ. વાડીલાલ જીવાભાઈ ચોકસી, પ્ર. શ્રી આત્મકમલલબ્ધિ સૂરિશ્વરજી જૈન જ્ઞાન મંદિર, દાદર (બી.બી.), પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૯.
૧૧૮) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનોનું પ્રદાન, લે. જયંત કોઠારી, પ્ર. મંગળા કોઠારી સત્યકામ સોસાયટી. અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૮૫.
૧૧૯) મંગલમયી મયણાસુંદર અને શીલ સંપન્ન શ્રીપાળ રાજા, લે. સુનંદાબેન, પ્ર. આનંદ સુમંગલ, દ્વિતીયાવૃત્તિ ઈ.સ. ૧૯૯૨.
૧૨૦) મૂલ શુદ્ધિ પ્રકરણ ભા-૧, સં. ધર્મધુરંધરસૂરિજી, પ્ર. શ્રુતનિધિ, શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રીસર્ચ સેન્ટર, અમદાવાદ, દ્વિતીયવૃત્તિ ઈ.સ. ૨૦૦૨.
૧૨૧) **Many Lives Many Masters, By Simon A Schuster Inc.** ૧૯૮૮. **In U.S.A.**
૧૨૨) મોક્ષમાર્ગ પ્રકાશક, લે. પંડિત ટોડરમલજી, પ્ર. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ, આવૃત્તિ ૧૨, વિ.સં. ૨૦૪૬.
૧૨૩) યોગદર્શન, સં. શ્રી રામ શર્મા, પ્ર. સંસ્કૃતિ સંસ્થાન, બરેલી, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૪.
૧૨૪) યોગદૃષ્ટિસમુચ્ચય. વિ. ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા, પ્ર. મનસુખલાલ તારાચંદ મહેતા, મુંબઈ-૧, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૫૦.
૧૨૫) યોગબિંદુ, ભા. પૂ. શ્રી રાજશેખરસૂરિજી, પ્ર. શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ , ભીવંડી, પ્રથમાવૃતિ, ઈ.સ. ૧૯૯૭.
૧૨૬) યોગશતક, અનુ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, પ્ર.શ્રી જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ, સુરત, દ્વિતીયાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૯.
૧૨૭) યોગશાસ્ત્ર, સં. ખુશાલદાસ જગજીવનદાસ, પ્ર. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ચતુર્થ આવૃત્તિ, ઈ.સ. ૧૯૮૩.
૧૨૮) રત્નકરંડક શ્રાવકાચાર, અનુ. છોટાલાલ ગુલાબચંદ ગાંધી, પ્ર. શ્રી દિગંબર જૈન. સ્વે. મંદિર ટ્રસ્ટ, સોનગઢ, દ્વિતીયાવૃત્ત, વિ.સં. ૨૦૪૭.
૧૨૯) રયણસાર, અનુ. રાવજીભાઈ છગનલાલ દેસાઈ, પ્ર. શ્રીમદ્ રાજચંદ સ્વાધ્યાય મંદિર, દેવલાલી, ઈ.સ. ૧૯૭૯.
૧૩૦) રાજપ્રશ્રીય સૂત્ર, સં. લીલમબાઈ મહાસતીજી, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ. પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૪.
૧૩૧) રાજભક્તિ, પ્ર.શ્રીમદ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ આરાધના કેન્દ્ર, પ્રથમાવૃત્તિ, ૧૯૯૪.
૧૩૨) લબ્ધિસાર, લે. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી, પ્ર. શ્રી પરમ શ્રુત પ્રભાવક મંડળ, મુંબઈ. પ્રથમાવૃત્તિ, ઈ. સ. ૧૯૧૬.
૧૩૩) લઘુક્ષેત્ર સમાસ, લે. રત્નશેખરસૂરિજી, સં. વિજયસૂર્યોદયસૂરિજી, પ્ર. શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ, ડભોઈતીર્થ. તૃતીયાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૩.
૧૩૪) લઘુસંગ્રહણી, સં. મલયકીર્તિવિજય મ., પ્ર. અખિલ ભારતીય સ્વાધ્યાયપીઠ, ભારત, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૫.
૧૩૫) લોકપ્રકાશ, લે. વિનયવિજયજી મ., સં. જયદર્શનવિજયજી મ., પ્ર. શ્રી જિનાજ્ઞા પ્રકાશન, શાહ ઠાકોરલાલ ઉત્તમચંદ નહેરુ સ્ટ્રીટ, વાપી. વિ.સં. ૨૦૬૨.
૧૩૬) વંદનીય સાધુજનો, લે. મુનિ શ્રી છોટાલાલજી, પ્ર. રતિલાલ ઓડભાઈ શાહ, લીંબડી, બીજી આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૦.
૧૩૭) વિજ્ઞાન અને અધ્યાત્મ, લે. મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી, પ્ર. આત્મજાગૃત્તિ ટ્રસ્ટ, વડોદરા, પ્રથમાવૃત્તિ ઈ.સ. ૧૯૭૧.

૧૩૮) વિજ્ઞાન અને ધર્મ, લે. મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી, પ્ર. કમલ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ઈ.સ. ૧૯૭૬
૧૩૯) શ્રી વિપાક સૂત્ર, સં. લીલમબાઈ મહાસતીજી, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૮.
૧૪૦) વિમલ પ્રબંધ, શ્રી અપરાજિતવિજયજી મ., પ્ર. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ, વિ.સં. ૨૦૬૨.
૧૪૧) વિમલપ્રબંધ, સં. શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ, પ્ર. ગુજરાતી સાહિત્ય સભા, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૬૫.
૧૪૨) વિવિધ પૂજા સંગ્રહ, ભાગ ૧ થી ૮, પ્ર. શ્રી જૈન પ્રકાશન મંદિર, ૩૦૯/૪, ખત્રીની ખડકી, કાલુપુર, અમદાવાદ, તેરમી આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૪.
૧૪૩) વિવિધ પૂજા સંગ્રહ ભાગ-૪, લે. શ્રીમદ્ વિજ્યાનંદસૂરિ (આત્મારાજમી), પ્ર. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, વિ.સં. ૨૪૩૩.
૧૪૪) વિશુદ્ધિમાર્ગ ભાગ -૧,૨. બુદ્ધઘોષ. અનુ. ભિક્ષુ ધર્મરક્ષિત, બનારસ, મહાબોધિ સભા, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૫૫૬,૧૫૫૭.
૧૪૫) વિશંતિ વિંશિકા, સં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ., પ્ર. શ્રી લાવણ્ય જૈન શ્વે. મૂ. સંઘ, અમદાવાદ.
૧૪૬) વિશેષાવશ્યક ભાષ્ય ભાગ-૧-૨, સં. વજ્રસેનવિજયજી મ., પ્ર. ભદ્રંકર પ્રકાશન, અમદાવાદ, તૃતીયાવૃત્તિ, વિ.સં. ૨૦૫૩.
૧૪૭) વીશ સ્થાનક પદ પૂજા તથા કથા સંગ્રહ, પ્ર. શ્રી વીર સમાજ તરફથી શાહ પ્રેમચંદ હઠીસંગ, શેખનોવાડો, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૨૭.
૧૪૮) વીશ સ્થાનક તપ પૂજા, લે. શ્રીમદ્ વિજયલક્ષ્મીસૂરિજી. પ્ર. સ્વ.અનિલા કે. જોગાણી, પેટીટ હોલ, નેપ્યનસી રોડ, મુંબઈ.
૧૪૯) શ્રી વ્યવહારસૂત્ર અને શ્રી બૃહત્કલ્પસૂત્ર, લે. ઘાસીલાલજી મ., પ્ર. અ. ભા. સ્થા. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૬૯.
૧૫૦) શ્રી વૈશેષિકદર્શન સભાષ્ય, સં. ઢુંઢિરાજ, પ્ર. વારાણસી, ચૌખંભા સંસ્કૃત સીરીજી, પ્રથમાવૃત્તિ, ૧૯૬૬.
૧૫૧) ષડ્દર્શન સમુચ્ચય(હિન્દી), સં. મહેન્દ્ર જૈન, પ્ર. ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, છઠ્ઠા સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૬.
૧૫૨) ષોડ્શક પ્રકરણ ભાગ-૧-૨, સં. યશોવિજયજી મ., પ્ર. દિવ્યદર્શન ટ્રસ્ટ, અમદાવાદ, બીજી આવૃત્તિ, વિ.સં.૨૦૫૭.
૧૫૩) શીલધર્મની રત્નકથાઓ, લે. સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા, પ્ર. મહેતા હરસુખલાલ ભાઈચંદ, ૨૦૩, વાલકેશ્વર રોડ, મુંબઈ.
૧૫૪) શ્રદ્ધા અને શક્તિ, લે. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, પ્ર. શ્રી મુક્તિ કમલ જૈન મોહન ગ્રંથમાળા, વડોદરા, પ્રથમાવૃત્તિ, વિ.સં.૨૦૦૪.
૧૫૫) શ્રાદ્ધવિધિ પ્રકરણ, સં. વજ્રસેન વિજયજી ગણિવર્ય, પ્ર. ભદ્રંકર પ્રકાશન, અમદાવાદ.
૧૫૬) શ્રાવક કવિ ઋષભદાસ કૃત, શ્રી હીરવિજયસૂરિ રાસ, સં.શ્રી વિજયહેમચંદ્રસૂરિજી, પ્ર. શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૮.
૧૫૭) શ્રાવક ધર્મપ્રકાશ, લે. બ્ર. હરિલાલ જૈન, પ્ર.શ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટ, મુંબઈ, બીજી આવૃત્તિ, વિ.સં.૨૦૫૭.
૧૫૮) શ્રાવકપ્રજ્ઞપ્તિ, અનુ. મુનિ અમિતયશવિજયજી, પ્ર. શ્રી ઝવેરી પાર્ક આદીશ્વર જૈન ટ્રસ્ટ, નારણપુરા, અમદાવાદ. પ્રથમાવૃત્તિ, વિ.સં. ૨૦૩૯.
૧૫૯) શ્રાવકના બારવતો યાને નવપદ પ્રકરણ, લે. દેવગુપ્તસૂરિ મ., અનુ. રાજશેખરસૂરિ મ., પ્ર. શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર, અમદાવાદ, વિ.સં. ૨૦૪૭.
૧૬૦) શ્રી તીર્થંકર ચરિત્ર, લે. શ્રી અમરચંદસૂરિ, પ્ર. જૈન આત્માનંદ સભા, ભાવનગર, સં.૨૦૦૮.
૧૬૧) શ્રીમદ્ભાગવત, ભાગ ૧,૨. મહર્ષિ વેદવ્યાસ, પ્ર. ગોરખપુર, ગીતાપ્રેસ, દ્વિતીય સંસ્કરણ, ઈ.સ.૧૯૫૧.
૧૬૨) શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ, લે. નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી, પ્ર. વિદ્યાનિધિ ટ્રસ્ટ, નાડિયાદ, ચતુર્થ આવૃત્તિ, ઈ.સ. ૧૯૯૯.
૧૬૩) શ્રીમદ્ રાજચંદ્ર, પ્ર. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આઠમી આવૃત્તિ, ઈ.સ. ૧૯૯૮.
૧૬૪) શ્રી સમવાયાંગસૂત્ર, સં. લીલમબાઈ મહા., પ્ર.ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૮

૧૬૫) શ્રી સુશીલ ભક્તિ લલિત લક્ષ કુલકાદિ સંગ્રહ, સં. જિનપ્રભવિજયજી મ.
૧૬૬) શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, અનુ. સોમચંદ અમથાલાલ શાહ, પ્ર. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ, દ્વિતીયાવૃત્તિ, વિ.સં. ૨૦૪૬.
૧૬૭) શ્રી સ્થાનાંગસૂત્ર, ભાગ-૧-૨, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૨.
૧૬૮) સચિત્ર સરસ્વતી પ્રાસાદ, સં. મુનિ ફુલચંદ્રવિજયજી, પ્ર. શ્રી સુપાર્શ્વનાથ ઉપાશ્રય જૈન સંઘ વાલકેશ્વર રોડ, મુંબઈ, વિ.સં. ૨૦૫૫.
૧૬૯) સજ્ઝાયાદિ સંગ્રહ ભા-૪, લે-નગીનદાસ કેવલદાસ શાહ, પ્ર. સુશીલાબેન શાહ. પ્રથમાવૃત્તિ, વિ. સં. ૨૦૪૦.
૧૭૧) સતી સુલસા, સં. શ્રી મફતલાલ સંઘવી, પ્ર. જિનામૃત ગ્રંથમાળા, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, વિ.સં. ૨૦૩૪.
૧૭૨) સન્મતિતર્ક પ્રકરણ, અનુ. સુખલાલ સંઘવી, પ્ર. પ્રથમાવૃત્તિ, શ્રી પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૩૨.
૧૭૩) સમકિતના ૬૭ બોલની સજ્ઝાય, લે.યશોવિજયજી મહા., પ્ર. શ્રી જૈન શ્રેયસકર મંડળ, મહેસાણા, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૫૧.
૧૭૪) સમકિતના ૬૭ બોલની સજ્ઝાય, સં. પ્રભુદાસ બેચરદાસ પારેખ, પ્ર. શ્રી જૈન શ્રેયસકર મંડળ,મહેસાણા. પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૫૧.
૧૭૫) સમકિતનો સંગ મુક્તિનો રંગ, સં. કીર્તિયશસૂરિજી, પ્ર. સન્માર્ગ પ્રકાશક, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, વિ.સં. ૨૦૬૨.
૧૭૬) સમકિત બિન નહીં મુક્તિ રે, લે. મોહનલાલ એચ. ઢાલાવત, પ્ર. શાંતિનાથ જૈન મંદિર ટ્રસ્ટ (થાણા). પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૫.
૧૭૭) સમકિત વિચાર, લે. પાનાચંદ ભાઈચંદ મહેતા, પ્ર. પ્રાકૃત ગ્રંથ પરિષદ, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૩.
૧૭૮) સમકિત સોપાન, લે. સુજ્ઞાનવિજયજી મ., પ્ર. શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન મંદિર થરાદ (બનાસ-કાંઠા), પ્રથમાવૃત્તિ, સં. ૨૦૧૩.
૧૭૯) સમર્થ સમાધાન ભા-૨, સં. રતનલાલ ડોશી, પ્ર. અખિલ ભારતીય સાધુમાર્ગી, જૈનસંસ્કૃતિ રક્ષક સંઘ, શૈલાના, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૦.
૧૮૦) સમ્યક્ત્વ કૌમુદિ, ભા-૧-૨, વિ. અને પ્ર. ચુનીલાલ વર્ધમાન શાહ, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૩૧.
૧૮૧) સમ્યક્ત્વ અને મિથ્યાત્વ, લે. નગીનદાસ ગીરધરલાલ શેઠ, પ્ર. જૈન સિદ્ધાંત સભા, મુંબઈ, પ્રથમાવૃત્તિ, ઈ.સ.૧૯૬૩.
૧૮૨) સમ્યક્ત્વ પરીક્ષા, લે. વિબુદ્ધ વિમલસૂરિ કૃત, પ્ર. શાહ નગીનદાસ ઘેલાભાઈ ઝવેરી, મુંબઈ. પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૧૬.
૧૮૩) સમ્યક્ત્વ પ્રકરણ (હિન્દી), સં. જયાનંદવિજયજી મ., પ્ર. શ્રી ગુરુ રામચંદ્ર પ્રકાશન સમિતિ, ભીનમાલ , પ્રથમાવૃત્તિ, ઈ.સ.૨૦૦૬.
૧૮૪) સમ્યક્ત્વ પ્રદીપ, લે. મંગલવિજયજી મ., પ્ર. યશોવિજય ગ્રંથમાળા, ભાવનગર, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૮૩.
૧૮૫) સમ્યક્ત્વ ષટસ્થાન ચોપાઈ (બાલાવબોધ સહિત), સં. પ્રદ્યુમ્નવિજયજી મ., પ્ર. અંધેરી ગુજરાતી જૈન સંઘ ઈર્લાબ્રીજ, અંધેરી, પ્રથમાવૃત્તિ, વિ.સ. ૨૦૪૬.
૧૮૬) સમ્યક્ત્વ સપ્તિત, વૃત્તિકાર-સંઘતિલકાચાર્ય મ., અનુ. સૌમ્ય જ્યોતિશ્રીજી, પ્ર. ભદ્રંકર પ્રકાશન, શાહીબાગ, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, વિ.સં. ૨૦૬૦.
૧૮૭) સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ, લે.અજ્ઞાત, પ્ર. જૈન આત્માનંદ સભ, ભાવનગર, વિ.સં. ૧૯૭૨.
૧૮૮) સમ્યગ્દર્શન અને અધ્યાત્મજ્ઞાન, સં. ડૉ. એન. કે.ગાંધી, પ્ર. શા. શામજી વેલજી વીરાણી સ્મારક ટ્રસ્ટ, રાજકોટ, પ્રથમાવૃત્તિ, વિ.સં. ૨૦૧૩.
૧૮૯) સમયસાર, અનું. પં. હિંમતલાલ જેઠાલાલ શાહ, પ્ર. દિગંબરજૈન સ્વાધ્યાય મંદિરટ્રસ્ટ, સોનગઢ, સાતમી આવૃત્ત,

વિ.સં. ૨૦૫૪.
૧૯૦) સમયસુંદર, લે. ડૉ. રમણલાલ ચી. શાહ, પ્ર. કુમકુમ પ્રકાશન, ગાંધીરોડ, અમદાવાદ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૭૯.
૧૯૧) સંબોધ પ્રકરણ, લે. હરિભદ્રસૂરિ મ., પ્ર. વિરાટ જૈન ગ્રંથ પ્રકાશન સભા, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧.
૧૯૨) સંયુક્તનિકાય (મૂલ) ભાગ ૧ થી ૪. સં. ભિક્ષુ કશ્યપ જગદીશ, બિહાર સરકાર, પાલી પ્રકાશન મંડળ, ઈ.સ.૧૯૫૯.
૧૯૩) સંબોધસિત્તરિ, સં. વિજયજિનેન્દ્રસૂરિજી, પ્ર. શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાળા લાખાબાવળ, જામનગર, સૌરાષ્ટ્ર, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૧૯૯૫.
૧૯૪) સંયુક્તનિકાય(અનુ.) ભાગ -૧,૨. સં. ભિક્ષુ કશ્યપ જગદીશ, ભિક્ષુ ધર્મરક્ષિત, પ્ર. બનારસ, મહાબોધિ સભા, પ્રથમાવૃત્તિ, ઈ.સ.૧૯૫૪.
૧૯૫) સાંખ્યદર્શન, સં. શ્રી રામ શર્મા, બરેલી, સંસ્કૃતિ સંસ્થાન. ઈ.સ. ૧૯૬૪.
૧૯૬) સ્થાનંગસૂત્ર, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ, પ્રથમાવૃત્તિ, ઈ.સ. ૨૦૦૨.
૧૯૭) સ્યાદ્વાદ મંજરી, લે. હેમચંદ્રાચાર્ય, અનુ. અજીતશેખરવિજયજી મ., પ્ર. જિનશાસન આરાધના ટ્રસ્ટ, પ્રથમાવૃત્તિ, સં.૨૦૪૨.
૧૯૮) સ્વાધ્યાય સંચય, સં. રાવજીભાઈ છગનભાઈ દેસાઈ, પ્ર. શ્રીમદ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર દેવલાલી, પ્રથમાવૃત્તિ, વિ.સં.૨૦૨૧.
૧૯૯) સાંખ્યકારિકા, ઈશ્વર કૃષ્ણ વિરચિત, સં.- ચતુર્વેદી વ્રજમોહન, દિલ્હી, નેશનલ પબ્લિશિંગ હાઉસ, પ્રથમાવૃત્તિ,૧૯૬૯.
૨૦૦) સૂત્રકૃતાંગસૂત્ર (હિન્દી), સં. મિશ્રીમલજી મહારાજ 'મધુકર', પ્ર. શ્રી આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, રાજસ્થાન, તૃતીય સંસ્કરણ, ઈ.સ. ૧૯૯૯.
૨૦૧) સૂયગડાંગસૂત્ર, ભા.૧-૨, સં. લીલમબાઈ મહા., પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન, ઈ.સ.૨૦૦૦.
૨૦૨) હિતશિક્ષારાસ, સં. શ્રાવક ભીમસિંહ માણેક, મુંબઈ, બીજી આવૃત્તિ, ઈ.સ. ૧૮૯૫.
૨૦૩) હિત શિક્ષાના રાસનું રહસ્ય, સં. શાહ કુંવરજી આણંદજી, પ્ર. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર, વિ.સં. ૧૯૮૦.

# સમકિતસાર રાસની મૂળ પ્રત



टकश्वकरइनीजादेहा॥१६॥ इतिधर्मश्रावकएग्रजायासमकीतत्र्यनवरनतरइदायाजीवदयासतीबोलइ
त्रारइ॥समकीतत्र्यनस्फनगतिनत्र्यवरइ॥१७॥समकीतत्र्यणस्फकीडइधर्मत्र्यसमकीतत्र्यणस्फकरतातु
ना॥समकीतत्र्यणस्फवीद्यालणइ॥समकीतविणस्फवाणीसूलइ॥१८॥ढाल॥चउपदी॥त्रणसमकीतत्र्यणत्र
तीरधकरता॥फाकटतनरथघवीफरता॥तेनवि दीसइतरत्ता॥१९॥ढालनवीका॥समकीतत्र्यनः
स्फकरतागोना॥वरवहुणीनत्र्यस्यालइज्ञानः सूरत्र्यनकस्फत्र्यमाना॥२०॥ढालन॥चंदत्र्यतं
नविलोलिगत्या॥णातत्र्यनोनविदीपइलाः त्यास्फूपकस्फवणजात्या॥२१॥ढालन॥खे
णत्र्यमांफीकयमत्र्यन कलावणजज्ञानेमः लइधत्र्य॥कारीत्र्यास्फनवणमनो॥२२॥नवीण॥
मांनसतात्र्यपएणनहीहंस॥धज्ञात्र्यनानवीलोल इवंसा॥दहनलीजाहंसा॥२३॥ढालन॥देवलदे
वविनानहीसार॥नाकत्र्यनाहुगेत्राणगार॥कंवत्र्यनोस्याहारा॥२४॥ढालनवी॥इधत्र्यनोनविसोलइ॥
गाय॥त्यमसमकीतत्र्यणनरयुणजाय॥सूकीतसफलनघायार॥२५॥ढालन॥इमसमतात्र्यणतपत्तेन॥ ग २
र॥त्यमसमकीतत्र्यणधर्मत्र्यसार॥तेनवीपामइपार॥२६॥ढालन॥धरमतमत्र्यणनरहयिजहेवा॥

समकीतविजणोत्र्यमस्रुतदेवा॥नाउलजइनरकेदेवा॥२७॥ढाल॥जईनधर्मनिसमकीतसाथि॥पोतालि
यमनानात्नु॥धनवंतदानादाथि॥२८॥ढालन॥रूपवंतवजयुणवाचाल॥गलिगांवनिदाघतालारीध्यसरण
घरिवाल॥२९॥ढालन॥त्र्यागइवांघत्र्यनिपापरीउ॥कनककलसतिंत्र्यटनलरीउ॥घरिकंचनरयणिभरीउ॥३०॥
मघस्तगामनिसूदरसीम॥समकीतसाथिनजइत्यम नीम॥गदासहीतयमतीम॥३१॥इधकवोलीसाकर
जहवी॥समकीतसाथित्र्यगडाततदेवी॥घृतघ डिज्यमसुवी॥३२॥ढालन॥इहा॥घृतघडिसघं
जमलि॥जंपजइस्वादत्र्यतंत॥समकीतसाथि कणीत्र्यस्फ॥नाइंघइश्रीभगवंत॥३३॥ढाल
एणीपरिराज्यकरतार॥रागपडी॥कहुंसमकीत लदरासमकीतस्फकहीइ॥तेसमकीतकहा॥
कामहोयए॥३४॥कहइनिसमकीतहायरलद तसकेटला॥तहनाउणकहइस्फसहीए॥३५॥त्र
नीवारसंमानए॥लगतसकेटला॥लष्यणतहनाकहुंसहीए॥३६॥कहसधइणलदरास्थ्यकहूतेहनी
वीनिकहुसमकीततणीए॥३७॥पुरुषउत्तावीकजहांसवातेहनी॥करतासमकीतवीरमउपा॥३८॥कहइस्फः
सूषणलदर॥जइणसमकीतनी॥त्र्यागारसमकीतनाजेकेए॥३९॥कहिस्फनावनालदर॥घानककहव

ली। जाणइ समकीतधणीए।४०। दुहा। तसमकीतकामपामीउं। लाखं तामवीचार। अनंतपुदगलप्राहृत्तवली
जीविकरीउंसंसार ४१। पुगलरामइटुंअनंति। एकबांधडअसंष्या जायनउपत्सालमा। पुगलरामत्या
हीबछ्यो।४२। सातरसएकघडघ्या। काटइकलपी। काय। आषोजपघालीहइ। नमपल्यापमहोय।४३
दसकोडाकोडिजवइसि। पल्यापमजणीवरा: सागरापमएकजनसि। होसिमहीतीरधरा।४४।
दसकोडाकोडिसागरहोयिअवसर्पणीकाल: घटआरातहमांसहीतसमजाइथवाला।४५।व
सिकोडाकोडसागरवली। जिनकहइज्या: रिजार्योअवसर्पणीउसर्पणी। यारिएकहो:
जाय। श्रीजिनवरकहइसांभलो। कालचक्रएक: माय।४७। अनंतकालचक्रपुदगल: सि पुदय:
लघावर्त्तीहोय पुदगलअनंतनीगादहा। जीवि कोधांसाय।४८। सासउंसासमांहिवली। जाउस
तरसतवजाहि उपजइमर्लीकरइफरइ मांहावदनकहीत्याहि।४९। अनंतपुदगलघावेनवलीहुंपनो
गवतीजाय अकामनीर्जरावालतसि जोवीवादरघोथाय ५०। चउपइ जीवहारीत्यारिघ्या। बादमांगो
दमांहिआवीउं अतसररतत्याहांवइआय जनमर्लीइपापपसाय।५१ गाजरखुंलोकंदसदीव। एकसरी
म
अवसर्पीणीउसर्पणीबारइपरीघाय ४६-७-१

अनंताजीव। घणुं कहइजिननेहनिकहइ। कायस्थितिकहूंरहइ।५२। अनंतकायमांहीरहइंधणुं। उसर्पणी
अवसर्पणीनणुं। सायअनंतीसहीपणकहुं। सायजीवमीध्यातीलहुं।५३। त्याहांसमकीतनोनहीलव:
लसा। अकामनीजरीकायकलस करमित्याहांथीउंला घ्यो। परतगवनसपतीमांगय्यो।५४। जादस
हजारवरसत्याहांआय: नवसंत्यतिरहिपकइगाह इप्रथवीमांहिपइागजाय। बावीसहजारवरसमय
तीजाय।५५। सातहजारवरसजलआय। अग निमांहित्रणिदाहाजाय। वाउंकायमांहिअवत
र। आउंवरसतत्रणहजार।५६। प्रथवीपा णीतेउवाय। एच्यारइबादरकहइवाय। वन
सपतीपरतगवलीकहो। बादरनीपादतवी सही।५७। सीत्तरकोडाकोडिसागररहइ।
कायस्थितिजीलावनपतीकहइ। इवइसकलपके जीतणो। नावकहुंतेश्रवणेसुणो।५८। कायस्थि
तिजीवकहेनेरहइ उसर्पणीअवसर्पणीकहइ। असंष्यातीपणकहुं। श्रीजिनवचनेंसहीलहुं।५९। त्या
होसमकीतनहीएकलगार: आलिजीवगमिअवतार: मीघातमांहिमुज्यातेह। समकीतकाहांएकडीदेह
।६०। कर्मीजामभ्रमिहीथयो: कोडागोमजलाहांगयो: सीपमांहिअवतरीउंज्याहां। तेणइथानकाव्रज

समकीतकाहिं॥६१॥ वारवार मउंत्याहिं वश्राय। समकीत व्यननवश्रा लिजाय। ये निलाषविसनी कसी मीठ्या
नमां प्रणामो चाही॥६२॥ संख्य अनंषाएक प्रमाणइ उपजइ सर्वकरइ नइ नमइ। कायस्तुति वेअडी दिसवस
णा नाडि नववरकहइ॥६३॥ वलीपयो त्रसंडी डीवमां कणकीडा करता रीवा अइ गमा पुगीगा डावयो समक
ीतव्य पोल वश्रा लिंगयो॥६४॥ संख्य असंख्याएकइ: प्रायश्चउपजइ सर्वकरइ निनमइ। आउक्कं दिन
उंयावपंचासः य्यनिलाषदीलाश्वतामः॥६५॥ वद नवसमकांसद निकरइ कायस्तुति संख्यानवर
हइ। समकीत धर्मनपा मइंकदा। तहजीवमा ध्याचीसदा॥६६॥ प्रमताजीव वउंसडी पयो
कालस्कूटजो तह सोगया। समगानमरी माणी तीहंडेम मसा मांमा पामपीडा॥६७॥ घटमहीका
उंलहस्वं आय। या नलाषदा त्यानुकइइ वाय। सं ष्यअसंख्याएकइ प्रा अ उपजइ सर्वकरइ निनम
मइ॥६८॥ वदनसमकत तहनिसरि कायस्तुति नवसंख्या करइ। मीथ्यातमांहजाणाच्या हि समकीत धर्मत
णमइं कांहि॥६९॥ करमिवलीपत्वडी वयो पउतणी त्याणि गया। उपतरसत्याहां वेमीवक्ता प्रामवंतनेजाणइ
मत्त॥७०॥ वानरवाघ समसोकंत्पराचीतरमांजारीउंदरा। अजाहस्तिमृगतिलसी। मंत्राकाउमराणा

महीं॥७१॥ श्रीजंबुलहइ चोगत्यनीवाठ। कायास्तुति नवमतमआग। संख्य असंख्याएकइ प्रामइ उपजइ स
र्वकरइ नइ मइ॥७२॥ त्रणपल्या पमजहस्तु आया। समकीत व्यननवश्रा लिजाय। श्रीजंचगत्यमांसमकता
होय। ष्यायक समकीतन लहइ कोय॥७३॥ इहां ष्यायकसमकीतन व्यलहइ। नरिमइंनारमेंजीव। क्रो
धघणा वहुवेदना। दुषीआ सोयसदीव॥७४॥ मरी सोयमानवहवो। मुगलतणा अवतार। सम
कीतविनवत्याहां गया। मुगत्यनहीं नीरधार॥७५॥ मुगलमरी जइदेवता। लोग करीनवषो
य। ष्याईक समकीत त्याहां वली। सुरनवपामइ कोय॥७६॥ ष्याईक समकीत जस मत
त्य। स्वर्गनवउं होय। तोसुरमांहि संनवो। नवउंन पामइ कोय॥७७॥ श्रीजंचनारकमुगलमांहि
इप्रणप्रहप्रकार। स्वर्गनवउं संनवो। नवउंनहींनी रधार॥७८॥ टालतुणमी उमश्री। त्याहां ष्यायक
समकीत नहीं लही। धर्मविनानवजाय। दसई छतिं दोहिलोजी। नमतां मानवथाय॥७९॥ सोनागीसं
मकतइ लहिरहोय। रणचिंतामणी तणी परिपडी। नहीं महारा काय। सोनागीसण। आंचली। मानवष्ठ
ईस्फकीजीइजी। नहीं समकीत लवलेस। जीवजइ त्याहां उपनोजी। जीहां अनारयदेस॥८०॥ आर्यदे

५

समं उपनो जी। नी वडजु लि अवतार। माही कादी वा गरी जी। करण समकीत नो ठार॥ ८१॥ सो० छत्प मळ लमं
उपनो जी। जस्यो री परनो रवे आ। अडी होणती होय यो जी। कम लि समकीत अंत्र॥ ८२॥ सो० पांचुस्त्र
जी पामी उ जी। पण्य पा पिधन हीण। नम ता यो वन जन मलइ जी। अमन ल्यो गय जमनी ए॥ ८३॥ सो०
सू तिं वहुधन पामी उ जी। नम लोग र जी निधान॥ मजडा सरीष तन रा जी। फल तव नल हि पांन॥
८४॥ सो० सहदुर ध्यन समकीत नही जी। लह इस सार डूलं बु क गरि पा गी पा डो उ जी। जमप
वेडइ अब ८५ सो० पडी उ जी व नीए। दिमा जी। रहइ पूदगल अठी त्या दि। काय
कवढइ ला नी कल इ जी आव इ मान वत्या हि: ८६ सो०। आयी दम ज लपा मी उ जी। सद्धि
र अंडी रथ्यन पण्य समकीत तत क्य मलइ इ जी न इ णइ वीर वचन ८७ सो० इ णइ वचन नव्यं
म धइ जी। आदइ जीव अनंत। मुनी करम लिपइ रिं कह क इ इ जी। जुकारइ भगवंत॥ ८८॥ सो०॥ अस्फ
वचन सपना सतां जी। जइ समा रवीसाल। वीरवचन उथापतां जी। दूषण म्या या साल॥ ८९॥ सो० वीरव
चन वहइ मस्त गिं जी। ज्य मस्त मी गउं नम स्वाम्य। केमी वचन न आणतां जी। पर देसी मत्य ठाम्य॥ ९०॥

५

सो०॥ त्यम जगनाल व्य जी व डा जी। वचन दूणइ डेणी क्रिरा मधइ तो सांहुं करी जी। समकीत लहइ नीरधार॥
९१॥ सो० इहा। समकीत पाम्यो जीव हुं। मलो उसुनी वरराय समकीत अणपइ इ लावली। अनंत पुदगल
ज्ञाय॥ ९२॥ सो०॥ टाल पणी परिराज्य करंता रव। अनंत पुदगल घा इ तरा करी अनी गा दम। अनंत इ षत्य
हो लाग वी पा॥ ९३॥ स्या इ व पुणीत र गंठि सूल इं हो नि समकीत पा म इ जी व डा पा॥ ९४॥ अरव्य अनी
नी वार। आव्या गांठि लग इ गांठि लेद त ण इ नव्य क ल्या ए। ए पा बांधी कर्म अनंत पा पा गत
पम्या जी वहम्या संसार मां प॥ ९६॥ जइ न इं आसन काल र। इत्तुं करमी वली गा ठि विद
डी उ त करइ ए॥ ९७॥ पामि समकित सार इ पर ज व मल इ। अणत न वहइ इ धर्म ए॥ ९८॥
इहा। अणत अआराधता। श्री देव गुरु निधमी म मकीत इ शीत कहा ते मुनी श्रावक धर्मी॥ ९९॥ १
पाइ। प्रथम पषं कही इ नरा लह। अणत करमा राधि जइ। प्रथम दिवत ज निधान्य। आ गि र हो षर ही त। जि
न कहा स्य॥ १००॥ प्राणघात अली चोरी मान। माय मद लिन ही अज्ञान रत्य अरत्य मछर नी ज्ञाय। क्रुडो अभनि
स्पा करकमा य। १ प्रमगहा धान ही जसि लगा र। पष लि जिन दोष अठार। इम वचन ना मनमांही भार। दोषअ

२

टरत तसिंवीचार ।२। अगादोषनहीजणइगमइ तस्यादेवतिं इदां नं मदा अतीसिधी तिसज तिमनतिं ।त
नगवंततारइप्रदीतदिं ।३। तजिनवर तिनामे ससी। वाणीसुणाडहनिपातीआ आठकर्मरहीतभगवंत अ
रिमदेजीया अरिहंत ।४। सकललोकनाजाणइनाथ। डूस तपछतां का लिहाघो। उतमसुगतयतणो लइ
हो। तमाहावीर त्रणोउपगार ।५। तजिनवरनि ।ूजेसहींप्रतकी अचडकोसी उअदी। अईनम
ली धुपमातिवरसो। जावीरिसिरिहाधइ धसो ६ आसयादेवमारइसमकाजा। दमनुगरजण
अफराज। अंततरीजणइपरदस्फ। कंचन धवजणइ अलखेकस्यो ।७। स्वयंबुधस्वा
मीपणहोय। त्रणज्ञानजनमथीजोय। दीक्षास वरतोदनाश। जगवंतजउ अणगार ।८।
रीमायीमव्यवीहीतोजेह। पांचसुमतिजिनधरे ।तहा। त्रणगुपत्य वमचारीजती। ममता मायाइ
तिनवी। ९। कमलपरिनीरलपजलाय। वाचपरिअनीरजनजोय। नीराधारजिनयम आकाशा। मा
रिवादनहीतहनिपाश। १०। अप्रतीबंधअछइ समवाय। सदापकला जिनकहइवाय। षडगीजीव सीग
नापरिं। अरीहंतपकस्जबकपरिं। ११। जीवपरिंजिनअप्रतीहात। कपाचारनीवारीवात। भारंडपषीआ

३

नीपरिंवली। अप्रमतजिनवरकेवली। १२। तजिनवरनीकीजइसेव। रुषनपरिंजुधोरीदेव। सहीर्यवंत।
हसतीजमधीर। उदधीनीपरिंजगंनीर। १३। कंचनवरणइकायातामचंदतणीपरिं जिनवरसामादीपइजि
नवरइमजाणहर। ज्ञानसुबलजमगंगाहर। १४। पृथवीपरिंसारइसहीय। वासीचंदनकाएजोय। कंचन
पथरहुजसमनमान। त्याहाजिनवरउमरउध्यान। १५ संसारमोक्षमासरषोलहु। अंउतरत्यानजोजह
हुकहुं। अनुतरदरसणचारीत्रजोय। तपसंयमः संवरजसहोय। १६। धर्मध्यानसुकलजिनध्यान
कर्मषपीउपाम्यान। एककवचतनउफिं महा। असंष्यजीवसमजिगहिगही। १७। उ
स्वामीहउवीतराग। कर्मषपीलहइसुगतिमाग जनमजरामरणज्याहांनहीं। तहषवानगीवइ
नजइहीः १८ ढाल। देसी मनभमराए। रागगउडी। तहषनीनहीवानगी। मनभमराए। सुगतयतालासु
नमार। लालमन० सागरसागरसिआपदा। म० सुगतिनहीअलमार। ला० १९। साहिबसेवकसापनहीम
०। नहीकामासहार। ला० वइगरलीनव्यलीइ। म० काकोहितात्याहागार। ला० २०। रायतणा तिहा
हानही। म० नहीअग्यनीजमत्वार। ला० वाघत्रांघवीगनही। म० नहीसर्पतणात्याहा सार। ला० २१। अ

नेमकुंआ नमी हर्षिसहीं॥ म०॥ श्री ऋषिहंस मेंआ साधु॥ अनंत दरसण दीपतुं भ०॥ अनंत बलसी धकंत भा लापो॥ २॥
अमी झमरत नगरीरली भ०॥ जेहनी नही काल काय॥ लाप॥ नरव सिविग्यान भमरकदा म०॥ सोवरणसी ज्ञा
काय॥ लाप॥ २२॥ जेथ्री हंत हंसीनहजय्या म०॥ रहा कइ परिक्रिमा मालाप॥ मायसब मिसी रथल तामन तेह
निहसरउतामय॥ लालमनलमगाए॥ २४॥ हहा॥ सूसत॥ गजो भानहणि॥ हमतवगया जोबया मित्नुजनवम
नमीकरी॥ क्रमसमकीलनीसव॥ २५॥ देवश्री हेतअसोकलं॥ धरलापुंजनी गुणे भमरणहनी भित्त
हमा साधहउपतरूपंथ॥ २६॥ तान॥ पाकेक सम जिनपूजपसपइपा॥ सपतपथ समाधइह
नीमाता नीकर समाववारापइ॥ मुंगंमधुहनीत उनथबापइ॥ असत्यवचन नथासयशा हारचिडी॥
पुणअनीमइस्वरा॥ परीसावावीसजेरथ्यमता॥ त पतपवा निरखा हो रथजी॥ पुणअनी मिस्वरा॥ २७॥ प
एंडीवत्रसायइस्तीवर॥ जोहरगंधगंधाइ॥ सर्वनपरीआवलले ता भथ्थहरषइ॥ नमतााहाकमै बधइ धहरा
छिजीपुणअनी मिस्वरा॥ २८॥ आचली॥ नारीरूपननरखइ कहीइ॥ लोचनरखइगम्या उमयतपदार्थदेषीनं ति
पेदकरइ जणकाम॥ हारं०॥ २९॥ निया आपरु णइपरमणप्रीता हिंसिक ध्यानाकी तिवचनपडीआ जा अवण॥



वारिवापइकान॥ हा०॥ ३०॥ फरसइजीवत्राकायाजइनी॥ ॐ णचंदनजणछादारा॥ साधुसमरउहिनधरइ॥ राग॥ हे
षलमारा॥ हा०॥ ३१॥ अमवर्ननववाडिधरता॥ श्रीसामेसारंगढलइ॥ पञपंडगघीरहिसुनीअलगा॥ पहिली
वाआएमपालि॥ हा०॥ ३२॥ श्रीनीवातनकरताकहीथि॥ बीजीवाआएमपालइ॥ त्रीजीवाडिसी बिहीरहि॥ वि
घडीपानकटालि॥ हारी०॥ ३३॥ नारीरूपनएनरषि कहीइ॥ चोथीवाआएक हिता॥ पांचमीनरनारीनीमे
या॥ सादाथी वेगलारहितो हारी ष्षण॥ ३४॥ धुर॥ वलागनससारिसुनीवर॥ छठीवाडिपलहीइ॥ अल
पवीमिलतेनो ऋषिराजा॥ वाडिसातमीकहीइ॥ हा०॥ ३५॥ चापीआहारकरइ नहीजो वा
डिआठमीरापि॥ आसस्कात्राणयारनकरता॥ न उमीवाआ जिनराय पइ रहाकइ पुणणाइह॥ हारा
इ॥ क्रोधमाननायानइलाभ॥ एच्यार जिनदी इपोत पंचमहाव्रतपालिसही॥ जीवहत्यातनकरइकही
३७॥ इषवीषणइपणावइनही॥ षणमानवअनमोदिकही॥ कांहेनीरपीइनहीसदा॥ बीजानितपीआवइकदा॥ ३
८॥ पीनाफिनवाअनमोदिरती॥ अगनिकदानवजालइयती॥ अनकहइनजलावइकही॥ जालितसअनमो
२दिनहीं॥ ३९॥ वाडिवीजावइनहीवाय॥ वीजतानमनसवलाकुषिराय॥ चूटि सूटि विनहीहरी॥ चटिअनमा

श्री ८

दिनदीफरी। ४० तरमझीवर्निषषिमदी। अन्यपिमदणावइतकदी। हणुतोंमव्यअनमेदिकंदा। पंछिन्नुवन्नीषम
पालिमदा। ४१। बीकूकून्नपालइग दिमदी। हृष्यवीमाहिबालइमदी। कृशंबालावइअत्यकनि। हूष्टनव्यअवमि
दिमनि। ४२। अणदीधूनव्यलताहवइ। अन्यनित्यारीनविमीषवइ। व्यारीनविअनमोदिरती। त्रीकूहतपमपांलि
यती। ४३। सीलवर्मरा छिअनीरांम। अन्यपिनविमेघः विकांमा कमनोगअनमोदइनदी। पापकमीषदीः
जाणइतही। ४४। पांचहवन्नपरीग्रहिपरीमाण। मफलवस्तकंडइमुनीजाणाराष्मानोउंपदमम
कदीराषइतमअनमोदइनहीं। ४५। ढाल श्रनमोदइनदीतदविपंचमासाहतधार।
तिहनीवरणपनमुंपालिपंचाचार। ४६। दास। दमीडंगीआगारमीघरीसादइ० रागपरजीउ
ज्ञानाचारमुनीपमआराधि कालिरणइमुनीराय एअष्यरमदीकनकहिरू। प्रणमिगुरूनापाः
यए। ४७। ज्ञानाचारमुनीपमआराधि। आचली। त्यागहीसीधतनणता। काजोकाटित्याहिराम्रूपहूं
कपायिनव्यलगाइइ पाटपीषीड्यांहिर। ४८। ज्ञाण। नतोइव्यवेलीवधरि। नणतानदीअंतरायए। ज्ञानतामदनइ
अमूनीवरः वंइतरधीरायए। ४९। ज्ञा० आचारबीजामुनीचाराहि। दवगुरनिधर्मीए। वणेतव त्याहांनदीः

श्री

अंका। आराधिंहषपर्मरि। ५०। आचारबीजामुनिआराहह। आंचली। धर्मनांफलहोयनीसिंनीवारइनं
वायए। पनावनामीध्यानदषीसषिनीजमन्यगहिरा। ५१। आचार०। संघमांरणवंतजाणी। कविलगतीअ
पारए। माधर्मीपुरदेवइव्यनी करइहनीवरमारए। ५२। आ०। आसातनानदीजिनव्यारामी। उद्धतणी
तत्रीसए। पडीलहणामुनीकरइपुरी। नीदानामू सीसए। ५३। आचारबीजामुनीआराहि। ढाल।
पुस्तव्यनगवनदीजिनकरइ० रागअसाउरी मीष्टी। वतीआचारमिनकुंधरइ। जइगिचारीत्रं
चारए। संत्यमहषनपालता। आणइनवत णपारए। ५४। वतीअआचारमिनव्यधरइसं
वली। संयमवस्तासोमणी। एमअष्यहनीवरवे रलिए। स्यणकनकमणिमाणिका। कानव्यचा
रीत्रातालिए। ५५। अती० चारीत्रव्यनकिमपाम इ। आनवमायरपारए। संयमव्यननदीकेवली
मुगत्यनहानिरधारए। ५६। अ०। चारीत्रदोनक्यमपालीइ। सकलजीवनीराखाए। संयमबादरताटलि
संयमजइजापात्रोए ५७ अती०। संयमधीउवकंपडि लहीइसकलसंपयोगोए। कंपंचमगतपामीझानदी
करिहरवरनोमोए ५८ अती० एमवारीत्रअनमोदाता अंगिनदीअतीवारीए। पंचसमत्यत्रणगपत्यमंहा। सं

यमुरागतासणीरा ५५। ७०। इसाचारीत्रसनजगमांवंछांलहीइहूर्तिमंयोगि। श्रीजिनकहइनरमंनउ। श्र
णसंयमतियागा ६०। स्थापडीचारीत्रग्रहइवी ... रामायो सोदिगीसमकीतूथीरथाय। एकनाग्रीरसं
डीताडीतामायादोषकदाचूकइस्थीत। ६१। दयाशुध्य इसीलहर्जाणासिरिवहिग्ररीहंतहवनीत्राण। ज
मलजतीधर्मनिवाछि। एहवाचारीत्रलीधूरधि। ६२। दिसउलज्ञानवसफधवथा। कर्मछिद्रा घणाछिक
स्या। श्रस्याइर्षसंयमनिकाडया। स्टारइरथनिक रया मडया वालखुटवइसकनग्रा। कायरज्ञउपर
हरवाधरा। श्रीमीतावारूपडाहीजइउंनमत चगच्छनाकुमजइ। ६४। स्वामीबाडीनाझ्रनर
दोमाहश्वहटसंयमनहीतामरणीउंणोडीला श्रवमउं। इसणइर्षनरपरवत्रापणं। ६५। जन
रवंश्रुपरश्रादस। तणइचलितंकाहीकरेय। श्र: डरइर्षपमडकासही। वीसुखलश्रीनातडिलही
६६। श्रटारलालइर्वनासही। बालवछश्रर्ववतीकही। सोलजातनइसकजायश्रमडयमदसजातिवश्र:
होय। ६७। पहिलापडकनइसककर्म। घटलहणतहनापणनश्नीयसनावस्वनीनाजमा। वसीधरेमफ
रमहतमो। ६८। इलतागस्त्रीसरधीवाणप उसवदललनाश्रीपरिजाणप। मासहफीणरहीतजमहोय। ष

टलहणपंडकनांजाय। ६९। बीजानइसकवातजोय। स्त्रवधलंगाजइत्तुपणपदोय। स्त्रीसवामनश्रंडीतम
डातचारीत्रलीश्रनामभि। ७४। त्रीजनइसकतणावीचार। तेहनालदकह्यावलीच्यार। डीष्टत्रीवस्त्रीज्य
गीदछ। पामितोस्तनरमायवसेजा। ७१। श्रासीलाष्टकलीवहतेह। श्रात्पगतानरणसिंजहदाधनाथ
लीवहधरा। धारथिजणतिनरा। ७२। एहोजतकठ नाएहसतावास्त्रीमाहिनरथयिद्रावा। कालीवल
दकह्यावलीच्यार। नमीधन्नात्तसिकह्योवीचार। थग्रः जलीनइसकचउंघडेजाय। त्पगहषणघटनी
धरिलाय। ईषविंश्रनस्फवीवासीसी। श्रीस वाटे पीचछुटिरिसा। ७४। उजासफकनीवइसकडेहा।
सफकनीपषिश्रामेपडरितह। श्रवीश्रतीलम तिश्रा सकतपण। कामश्रवेशकरताघणुंप्रफस्त्री
सेवाजपवीनरकाय। वगालीनवीयसिानपरडि रा। नीकछंडीवाटेवाकरइ। तनकर्मसवीक्षस्वास
रि। ७६। पक्षीकापाक्षीकतेहउमाम। इकलमुंछिजथिउंतकटकोम। क्रमपछिकामजनकहहवा। पसनइ
सककहश्राठमो। ७७। सुगंधीकनउसकचउंध। नीजश्रंडीतालतीगंध। श्रसकनउसकदसमोकह्यो।
वीयघलइश्रालंगीरह्या। ७८। दसइनउसककामीकह्या। जंसफनपणामीतदसलस्वामाहाश्रमरदाधश्रम

कांमा। तेणइ वारी व्रतमन नही आलीरांमा। ७१। इ वडन समक षटवीसरा। छद्मामदो मिंत्रि कत्या। दिवशी व्रत
षधिकरिए षटदी व्रासयमवरइ। ७०। इहा स्थमपालइ स्फतप रि। एवी कि आचारा तपावास्त्रो बोकह्या। सूएण तेह:
तो वीस्तार। ८१। तप उपवास अनोदरी। इत्यसंक्षेपण जेहारसतो त्यागकरइ इनी। मा चानपी ठतह। ८२। क
यकलेस संवरकरइ। आलोयण लिआप। वीनिवः यावच तपकल्या। करतां व्रासिणप। ८३। पंचु तेस्म
जयनाह सइस्वउपदेशाय। तणस्व रघवली। चीतः विइ पंचम धर्म कषाया। ८४। ध्यान करइ समतुप
कर्त्ता। अनिकरता काउसग। बारल दतप तप इणा सिमीवपरी मस्या। ८५। टाल। पणी परिकु
करताए। वीर्याचार वसेकर। बलनवगाएवइ मन वचन काया तथए। ८६। नणि गुणइ तप नावर
वीनइ वयावच। करतां बीकु बल फोरविए। ८७। एइ किमइ तेनायरानी मेलवां दणा। पंचां गिम मासण
ए। ८७। एपंचम आचार। मूनीवर पालता। पंच सुमति त्रिगुप्ति राषा ताए। ८८। इर्यासमति अपारा। चूकिन
आयती जीवकोई पीषिवहिए। ८० साथा सुमतअपारर बोलिउ व्यतस्फ। पापनहीं सूएज इथणए। ८१ सुमतिएष:
णाएह रे उषी गोचरी दोषरहीत आहारकूलीइए ८२ आदाननीक्षेपणायर पोडी उकातालेतोरी पडोजीक १०

रीए। ८३। पारीठावनीकायर। वधस्यं परठवीए। पंच सुमति एम पालतो एए। ८४। त्रिणि गुपति नीर षडरलामनडा
मनी रम्भ। इषमविविध परतणइए। ८५। वचनगोपवि आपए। कायगुप्ति तिनमी संयमरमणी मनिमूसीए। ८६।
इहा। संयमरमणी धुरमि उपणवशी विपइ। जगनिता रिविन रिसंयम धर्म तिह। ८७। चउपई। चारीत्र ते दक्षविली दा
षेउलक्षणं तेन्मर गुण हाय। पांचवृत राति नही आ हारा शुद्धप्युणं नो एलइ हार। ८८। शुद्धि ठवदासम
हनीच्यार। दोषरहीत रषालसा आहार। पाणीचा वर तिाविपात्र। टलि दोष निर्मल माव। ८९।
सुमति पांच गुप्तित्र णि कही। बारभावना: लाव समहीम पटी माहार मूनी आगीधरि थो
डी पडिलेह बोवी एहि करइ। ९०। मूनी पडलेहण करइ पचवीस। च्यार आलोयदि धरिनी मदी मा
इव्य षेत्र काल निगावधी। जंतरस्थण एपालिजती। ९१। आसी साधतति तपी जहानी इ सुह सपधूस्त
रिजइ तह। बावीस परीसाह तोषमहार। दोषरहीत वंगस मूनी आहार। ९२। गुण सतावीस अगिधरशपस
वगणतु्यनत वर्तं चरइ। कालीप डिकमशथिरालो पापगकी रहिपागटली। ९३। चारी त्रसरापदू षटा खरास तर ते दलइ
इसयमसार। आश्रव पांच रुधिग हिम हि। व्यवरी सायक हितसही। ९४। जीवदया हरन हीरती। वकरि त्वारी १०

कहीइंजती मेहंनपरी गृहि तपरीहरइ। श्रुद्धी पंचनी नी रुहिकरइ।५। च्यारकुषायनदीइ घोर। क्रोधमानमा
याति लोभमा चार एडुगसंचार। त्याग तमा हिलमाबणनासह। क्रोधइ सिवी तिमनहीडमतावडघ
कुहित्रहर। श्रवरनपाहइयोतित पिघणाकालतुं हहीन घति।६।ममताराखनी करतोहाएणाखबधीहो
लिइंठीवाएण पीडीनभर्ववीमा लोमनहिं पकको          धनाश्रवमणवज्जा।८। मनिहा सिवीनोच वक
मीहदरीमणिगजनहइ एक मानिश्चानबपर          भवषायामा निंचा हस्त नमम जिकाय।९।
मायाकरता मीत्रीजाय श्रातिनकर्मणाहुइ          भायाजा जरी दिषीचारीकरी मल्लिनाथ
ततीघंकरी।१०। सकलवीणामतेलोलिघाय          डमजमममघलाजीवनिषाय। तमलोतिनरः
हिंकोधमी ध्रमध्यानबाधिपा तमकर्म।११।ढल;          वाङगमा च्यार कषाय। तेहनिंजी तितक्रपिराय
ममवचनकाया थीरकरइ सतरलदसयमश्रादरि।१२। इहा संयमहइंश्रादरइ सर्वहकरोइस्नूत्र। अत्रीस
छत्रीसिगुण कहिम्हनीसंश्रगत।१३। गुरूएहवासरूगिधरो बीजं तजइएह। सायधर्मदविश्रादरो।
वीरिपइकास्याजइ।१४। ढाल। उंतातजादाघिकरीना।गा०। रागरामगिरी। वीरजिणंदिधर्मपकास्यानि

११

मोरिमनिंनास्यो। सायधर्मनव्मस्कारश्रलगो। डमतील मोगरवास्योए। जीनजीसाचो कस्योतिधर्मी
वितणावधनही जिनधर्मइंस्रपान बोलिमर्मइं। वणदीहनव्यकल पिरतर्णाने वितलपायिकरमि
नजीव।१६। सीलवनैसायक जिनधरमि कोडीएकनराषि। सीमूलाजननव्यकरताएकदीइनी मनवे
ननवलाधिर। जीन०।१७। सुकीमानुष्यमावजव          नत्री तिनरदी सहतमी ल्यतरदीतसुनीसंयम
री। दसवदसिंफरताए जीनजी०। श्रीजीदमः          नकह्योजिनधरमि। पएश्रवयुणनव्यलवोप
रजपमारी जपक्रामक्षरी दोषआरापनदेः          वोरे।जी०।१८। विनाविवेकका ह्याः
जिनधर्मइं सारवचनस्रष्य बोलि गुणपरनादि          घीपणलवा नहीकोजिनधर्मातिलिए। जी
नजी०।२०। पहिलोधर्मकह्योजिनताहारो। ल          दकह्या त्यासादाएसुनीवरधर्मश्रावकएणकि
रो। बारवर्त्तीहादृयिए। जीन०।२१। वलीजिनदेवाधर्मतणाकहिलदसलावलीच्यारो। दानसीलत
पलावनलाविंतपामिलवपाराए। जिन०।२२। इहा पारलहितलवनणा। जनरदत्तादान। अंत्तमपात्र
जिनस्वरूदतासुगतिनोध्यान।२३। ढाल। जंलाल्लनीकुमारीमनमाहि। रागधन्यासी। प्रथमिदानाश्री

अ्सो। गाजोरी पतलो हंसो। बीजा हमदनफागो। अजीतजिनंदपतलाल्यो॥२४॥ छांडदत्तअसाढो। पा
र्धमनवनाघो। ल्याघाअंड दिनधीरा। अतीनंदन निदिषीला॥२५॥ पांचमो पद्मदातारो। कीधी सुमतिनी
मारा। छठो तेसोमदेवो। पद्मप्रभकरइसेवो॥२६॥ पाल्हा तीमदेइदत्त आलो। प्रतिलाल्या श्रीसु
पासो। आठमो सोमदत्तधाल्यो। चंदप्रभ तन गा ल्यो॥२७॥ माटएपद्मदातारो। पद्मलहइ कोडि
सादीवारो। जंतमपनर आठो। तेणइ लव्यसू तिनी वाटो॥२८॥ नो मो पूषवसुधी। षी
धारणं सुवधी। पनरवसुजेतलाल्हो। वारी सीतल दाल्हो॥२९॥ धनधनंदसुवारो
श्री श्रेयांस मलइ आहारो। बारमो श्री सुनंदो प्रतलाल्या वासपूज्य चंदो॥३०॥ वीकसफड्य
जुंकमला। धीरदीइ देषी अवीमला। चउदमोव ईजयधणवंतो। प्रतलाल्या स्वामी अनंतो॥३१॥
सधर्मसीहीपुकर्मो। प्रतिलाल्या स्वामी अधर्मो। सोलमो दातार सुमीत्रो। प्रतलाल्या सांति पवित्रो॥३२॥
विघ्रसीहीसफतंघो। प्रतिलाल्या स्वामी अकुंथो। अपराजीत दातारो। अपिअरनाघ आरोहो॥३३॥ छगं
णीसमो वीस्वासेनो। मल्लीनाथ निदीइ तेनो। वीसमो तेहसदत्तो। प्रतलाल्या सुनीसुव्रतो॥३४॥ दनघरि १२

ऊच्छवघातो। प्रतलाल्या नमीनाघो। वरदिन्नघरी ल्हाइ षेमो। प्रतलाल्या स्वामी अनेमो॥३५॥ धनाघरइं२
जिनपासो। धीर दइ ब्रह्मसिंआसो। वहुलघरि जिनवीरो। पहिलि पारणइ षीरो॥३६॥ पछावीसि वदानी। आ
दपहिलिस विन्यानी। सोलहुर्षवीकाजल्हो। त्रीअनविसी जितल्हो॥३७॥ इहा ऋजइ तवसी जिसरी
प्रतलाल्या नगवंत। षट्धानिक दतावली। पामिसु घअनंता॥३८॥ चउपडी प्रथमि ज्ञानवंत निजाय।
दीजइ दान तो वकफल ल्हाय। पंचतणो वाल्या आवीउ। जणइ दीइनर तफावीउ॥३९॥ गली
णलो वकरावणहार। जणइ दीधु तपाम पार। पारणिअत्तरवारणइमनपतिग्य
दीधि वछ्तहन्य ४०। जंतमकलसमीआ र सीसुपसहीत निसुदरवसी दान धिनान विसे
नितम्या गजमदवाभ्यजया विनजास्या ४१ दी सावनदारडी ल्हाय। दासपएं दासागी सोयापर
तोप्रासवकइनरदीन। तनरकायरमा गिमीन ४२ पछतारकीदवतामाहि। दानदीडदीसिष्ठाहिति
माटिनरलवदीष्यात। नीतिकीजइ दीधनीवात ४३ पविदांननिपालसील अलवपरस्वातहतिलीलासीव
जुमार निजसुस्वामि सीलयुदीमनराष्यांगमि ४४ वहिरस्वामि नेमघकमार सुकाजणइ कामवी

काय। सोहि खुड स्लतणु लखनामसीलिवा भावन्नं गुणग्राम॥४५॥ललितडनी वाधीमां म। त्वारासीवीवीसी॥
नामसीलिनारदसीव दूरीगया। सीलतणा गुणजगप्रवज्ञा लस्या॥४६॥स्फथसीलनितपवक्रनपड। वीकटक
र्मतमघलांखपड: चक्रीश्रड नीपदवीलहि। देवकाम्यतमन्त्रान्या वहि॥४७॥नंदखिणश्नीतपवज्रकरीव
खादवक्रउतमरी। बोहामितिरिसहिमश्रोतेउरव:     लीत्वक्रानीपरिलीलाकरी॥४८॥तपरूपीउवीरख॥
हिजइ। तेहनां फलवलीकसीडं ४६: फलपहना     सुगतिमही ह्लाय। पाडवपरख्यपडनीवर जाय॥
५०॥ इटप्पाहारी ढंढणकुमार। ब्रड्निमालीप     स्फपार। त्वाधी जायकंदाईराया तपतपता॥
भुनीसुगतिजाय ५१ दानसीलतपजायाहरि:     स्फथलावदइहन विधवि। त्तावणान विपामडसु॥
ल। यमजगमांहि इंभकंद कल ५१ स्फधत्तावन:     राकहीपरीनजूश चउदबोलधी तेउपजइसमकि
तपद चारीत्रनी सुध। श्रुडीजड करवानी सुध ५२ कषायनी रहिसुस्रकेलवासा। दोषटालवाकरइ श्रत्यास
वीतिवइरागवचकरइ। श्रीसंगपरश्रवगुणपरीहरइ ५३ धर्मविपिज्ञमधीरताघणी। रेहिमनकरतीश्रणसणतणुं
पंचप्रकारिकरइसजाय। चउदबोलधीभावनलथाय॥५४॥दूहा। दानसीलतपभावना। नाख्याच्यारप्रकार। जइ



वया

नधर्मश्राराहतां। पामिनवलोपार। ५५॥धर्मतत्त्वत्रीहुंमही। श्राराधिंश्रावासमकीतडष्टीतमही। सुगतितणी
नस्हार। ५६॥ त्रणितत्त्वश्राराधता। ऊंडित्रणिश्रतत्त्व। श्रादेवकुगुरकुंधर्मनी। छाणजनवीजनवातः। ५७॥ढा॥
ल। देसीचंदायणनी राग केदारु। वातसुणोरसमकीतधारी। देवकुदेवतजोनरनारी। एहनीनविकीजइस
त्नोहारी। पनविस्राविसुगतिजमारी ५८ एतिसू     गतिमांहिनग्रमाहालि। मागीसुगत्यनेकेहीपरिस्त्र
लि। त्राकतिहीणपरत्र्यर्थमारि। श्रापनतरितपर     कामतारि॥५९॥मदमछरदीसइसूरमाई। मांनी॥
लोनीक्तमकषाई परनिंदाहारइकिडधाई।     तपरमेस्वरनहीसुखदाई॥६०॥हाराथितादि
कीहाबजकरता। जीवहंश्रादीकनवीपरहरता। प     रश्रीगमनतोहिश्रादरता। तपरमेस्वरपापनहरं
ता। ६१ श्रामीघरविमहिरापणिवाधि। वाहनपरीगो     हियातिराखि। श्रमत्यवचनसुष्मदीपणभाषि। कोः
नविवीसिनारीपाषि ६२ दूहा। नारीपाषिकोनही। कहिपरमस्वनाम। तेहथीसुगत्यनपांमीइ। नमरिश्रातम
कांम। ६३ ढाल। देसीनंदनकंत्रीमलाजंलराविण राग श्रमाउरी श्रातमकामसरिनही तरहति। जगरूमं
स्फवली जहनिर एतिपापीश्रतीश्रारती सोषदीयिसकेकहनिर ६४ श्रातमकामसरिनही तरहउ।

आंचली। कर्मणवाडीघरमांलाडी। गायलइ आवश्रुपाडी रे। पापघरी रहि बहुतघरी मेलि। घरपोतीघरिगाडी
रे। ६५। आतम०। कंदमूलफल कांचीषाइ। जीवघात पणघाइ रे। असत्यवचन अणदीधुं लेता। तेहु सूसं
क्रमणायिरे। ६६। आतम०। जवनिरहितानी जादेहदमता। जिनालापघनजाणइ रे। अणगलनीरिडइ ऊप
१विषातारयणी वाहालिरे। ६७। आतम०। अगड नीमनहीनर जइहनि। वर्तविनालवहारि रे। वीत
मज्ञानी नर अज्ञानी। तेहुस्तकहीपरितारिरे। ६८। आतमका०। इहा। आतमकामसरइ नहीं
सविकगरूपाय मीथाधर्मकरंतजाडीवहु षीनविघाय। ६९। ढाल। दसीदिषासुल
णजणपवीचारी। रागश्रीराग। जीवदयासहीत हालसवायि मीथ्याधर्मनथायि। मीथ्यारंग तज
इनरनी संचि मीथ्यागुणनत्यागायि। ७०। सुकाम त्थामनवीधर्मा। आंचली। अज्ञाअस्वमानव नि
हामि। जरमनागनिमाहि समकीतडीशीसमजेलाइ। सायधर्मक्यमत्तारि। ७१। सुका०। वतीकरितल १४
काचावाविं। कंदमूलफलषावि। पडयपरिरातिपणडामता। धर्मवीनालवडावि। ७२। सुका०। समकीतज्ञा
नवीनानविसमजि। पमीपमिपातीगबांधि। लईयोगश्रमनसंहीवालि। भगतिपघक्याहांसंधि। ७३। सुका०। जीव

हं। आस्रवनिवारी। घरस्वी परनारी। मीथ्याधर्मपरीहरवो। एवमन्नमनऊसमकीतधरी। ७४। सुको०। मीथ्यामंथ
हिंगायाकालअनंता। नमीउवागती मांहि। समकीतव्रतनविणहाता। कोईउगतनगरबुदस्याहिं। ७५।
सुका०। तेणइनरमीथ्याधर्मनकीजइ। वरिवापध्यालोपीजइ। एकमर्मनरनितआपि। आसंसायतनीजइ
७६। सुका०। इहा। मीथ्यातधविपरिहरो। समकी तराषोसार। मीथ्याधर्मकरंतडा। कोनवीपाम्यापा
र। ७७। ढाल। दसीपदमरवसाथिकीतसाकाउ रगाडीउलाप। रामनास्ता। पांचमीथ्यातपरहरजो
समकीतनाधणीरे। पहिजुअत्तीयहीताय कषइकदामुहिजहयस्वालरूकमहीस
तनवीतनव्यजाय। ७८। मीथ्यापरीहरसारे। आं चली। मीथ्यातवीजाअत्तीयहीतावरशुकड्यार
जमननरहिगास्य। अन्यधर्मीदषीनिकायरनरतः पूंर। मनातेऊपरिजाया। ७९। मीथ्या०। अलीनव
सातवीजजगमांजाणज्यारे। जाणीजूंघापिधर्म। नारजीवतनमता वागतमाहांफरिरे। बांधिवीकट
जकर्म। ८०। मीथ्या०। सामीकत्साहमनमांसंक्यावालरहिरे। मात्वाकाहरठाम्य। सायत्रुर्षजगपारनप
मिलवतणारे। अवीचारइजेह। ८१। मीथ्या०। मीथ्यातपंचअणलागटालीमहीरे। बोलिवासइज

दा अदीठुं उत्तम वचन ■■■ कहइ मीठां तुं तुं रा। पातीगलाइ तेह। ८२। मीछ्याण मीछ्यात पांचइस्यु कीजिइ गना
नारा। आदरी समकीत सार। मीछ्या धर्म करता जग मां केवली रामाष्यन गया नीरधार। ८३। आमीछ्याण। इं
दा मीछ्या धर्म तजी करी। लि समकीत नवी ऊंत। पांचा लद तेहना सही। साषि श्री भगवंत। ८४। चउपई। कुंप
रामिक्त पहिलुं तेक हीइ। पांच वरां संसारि लहीइ।। आर्कं श्रुत रस्तरतर हि। अस्फव वचन श्री जिनवर कः
हि। ८५। सास्वादन तवीजुं होय। पांचदावेस साहि होय। काल तेह बोषट आंवली। अस्फव
वतं केवली। ८६। ष्यायोउपशमी कत सार पामइ जीव असंख्याता वार। गामहि सोगलक
लतन सहाय। जो कहे जिनना षिमाय। ८७। वेदक तो हूं समकीत सार। संसारि जीवल हि
एकवार समिपक काल तन मकाल साषिजीवद। याइ तिपाल। ८८। ष्यायक पांचमुं समकीत दीवें।
पां एकवार मिसकं जीव नेत्री समागरी पमतिर हि। झाफेरां जिन स्वामी कहि। ८९। वलीदद जिन मुष्यीलक्षां पांच प्रक १५
रे समकीत कर्ज। प्रथम लद समकीत मनिधर्कं। डिनिकद्य तम् जमनि षष्टं। ९०। वली समकीत ना दोय प्र
कार। द्रव्य समकीत नो अर्थ इसार। श्री अरिहंत वचन उपरि रुहि विधणी। एहवात द्रव्य समकीत तणी। ९१। बीजो

लदक जीव तणं मांडस मतिबोल न रजाणि जहला विसमंतलि निं आदरि। दोय प्रकारि समकीत ना धारि। ९२।
हहा। मडस ति बोल समकीत तणा। कवरी कहिस्य तेह। व्यारसधइणा मनि धरि समकीत डीशी जह। ९३।
चउपई। समकीत डस्टी सूधी कहइ। व्यारसधइणा राखइ तेह। जीवादीक पदार्थ लहि। नवतत्वनां नाम हवि कहि।।
९४। जीव अजीव वलि पुण्य पाप। आसव संवर सम जो आपा नीजरा बंध नि मोक्ष परधान। नवितत्व
एणए नाम। ९५। नवितत्व मांमज पहाय। पुण्य इनणइ सलार इहा। पट लिपक सधइणा लक्ष
बीजो लद दविश्वरी कस्यूं। ९६। नवतत्वन राजनणहार। पंडीत सुनीवर जगहां सार। त
हनी सेवा करता जेह। धरि सधइणा बीजी तेह। ९७। ज्ञानवंत तस क्षमां रावि। तेहनी उहिदी
वानविकरि तेताप्रकास तेस्थिफरि ज्ञानज्यां तिमघलि वीस्तरि। ९८। समकि समजाविन रसोय
सकल गमि श्रद्धा आछु होय। दीपक पगपाग लि अंधकार। दषि नहीं सघलो वीस्तार। ९९। तरणी तेज स
घलि वीस्तरि। पणि अहं स्माउं नहीं लोय रि। ज्ञान च्याति सघलि निहा लि। स्वर्ग श्रेणि अनि पाता लि। १००। ज
ज्ञानवंत नर कहीइ जेह। सारा वरधी सही आदीका तेह। तेह धीनी रतांदी सिसदा। सिरमानर खुंडता कदा।

कदाचनीरनऊइतहीज्ञानवासनप्रटिकहीपंथीस्वरजनरादाघाय। अज्ञानकंप्रगीषास्याहंजाय।३। ह्
हा। त्रीषासायजाथिसहीप्रकागमीतलघाय। कविजनकहिधनवंतघी। अदीकोज्ञानीरायभ्रष्टाम। देस
पाटकसमजीनप्रजपस्तपि०। धनत्रा विमरजगम्हाजाणी। पाहिपापकरता। क्रोधमानमोहमायावाधइ
रयणीदीवत्राफरता। ४। होलईज्ञानवंततमोटा स्फमालनिश्रष्टतलरीत्राजस्याकनकमोलीटो
होलाईज्ञानवंततमोटी।५। होलाज्ञाणाश्रीच ली। धनत्रा विनरत्रीलावाधइायमईधणश्री
ग्या। नसकरधाडिघकीयमवाधि सहघणेरो लामपहोदो। होलाईण। धनत्रा विकरिसं
दीरमोटा। करतीवामरत्रापघणाकालल गिः तचालिम्ह विलासपाया।७। होलाईण। वडस
फरीउवांहाणकरावि। त्रापतथातनीनात्य। पापत णी तणि वल्यवधारी। नाष्फस्त्रकीसबाल्यहो।८।
लाईण। एकधनपामीनगरवसावि। पातीगगमस्करावि। चउगत्यमांहिफरंतालाई। पातीगस्वविश्वाविण। ए
होलाईण। पधनघीहवपरमटघामि। समइवलिमांजाइ। अगपनचोरकवश्नेवणसिउंदालीलिराय।१०। होला
ई०। ज्ञानरूपधनकोनव्यलीइ। ज्याहांजाइत्यांहावसि। मायस्नटनरकहीथिनहारि। लोहमगरवामुंजि।११।

१६

होलाईण। हवा। ज्ञानवंतमोटामही। नाहानोतेधनवंत। लाभतणामहीमाघकी। त्रीसापापवधंता।१२। मा
सादायकार्यहवे। वाधीत्रीसाकाम्यः कपिलविप्रतणीकथा। हुणत्याबिकरजाम्य।१३। चउदविद्याठमितं
त्रीधनिकघायः नगरीकोसंबीकहिवाय। रूपनसरराजात्याहांधणी। वसिलोकघरमारीधय्रणी।१४। त
णिनगरिकाश्यबसटरहि। वीद्याच्चउदातस्वरीलहि। जस्यापार्यतहनीलही। कीपलस्त्रतसउदरिस
ही।१५। कीपलस्त्रतघयामोटाजसिकाश्राबस्त ट्शीतपाम्यातसिउ पिलटवीजाघापीउं। काश
त्रावकरासतहनिश्रापीउं।१६। तसतरघरत्रा गलिघइजाय। डीछिदषिकापलजमाय।
कूरवालागीतणीवार। कीपलजईस्त्रबइश्रवी चार।१७। मायकहिसुणिमाहाराश्रुत्रापणिवी
पिलीधूघरस्त्र। पीताउजपरलाकिंगयो। उतीबो लिकसुरूपरल्या।१८। सूरुषस्त्रअसतीस्वदरी।
गलीउबिहलनिवाकोजहरी। उवासजलोजनकबालमकहि। जनमलगिपमातिदहइ।१९। वचनस्
णीकीपलइषकरि। जईउनावलेत्रारिधरि। विनिवचनकहिसुणपहामाय। वीद्यातणीसंतोषथाय।२०। मधुरवच
नसंतोषीमाय। उवनीकहिसावधीजाय। श्रीइदत्तउजतातनोमीत्र। तणवीद्याजईत्याहापवीत्र।२१। वचन

२२

प्रमाणकरूं नीजमायावीद्याकाउमावबीजायानगरीमाहिलाहुंछिमहा। अंइदननपरिश्रावीवही। मश्रावश्री
वीनतीतहनिश्रमी: वीद्यानणीश्रुक्तमनिउहालसीका। शाबविप्रतणाज्रबाल। जद्वममीश्रवामीवकरम
ला: रत्नावामीउपमा तउजत्नमपात्र युरूपाषिमहीवण सिबाश्रावीउद्याजकांपीकरीराज्यांमाकउ
मग्नाकुफरी: २४। विप्रउपाधमाबोल्यातामानपण:                वीद्याजालाकनगामकीपलकहइकांइकरवी
पिस्याश्रव्यामालिनइ निघइस्यु। २५। कहीक                ल्याणहतालकजकह्या। लाकनवीनाह्नउस्यउ।
रत्नामालिनइजानिदातार व्यवहारीक                इदस्यश्राहार। २६। कीपलतणइमनिइ
रीश्रपार मूजमलीउमाटादा तार हाटिघ:                कीश्रनवापडलीइग्रहनीदासीराधीदीइश्र
उ सवत्याहाकीपलवीद्याबहुलणि रहियइस्यउ                पाध्यातणइ दासीइंदरवचनवीलामातनस्यास्वे
रतोलागवीलास २८ हवा सीहगफाथिइफरिहिरहिताज्याहाबल्यमाप। जिनकहिश्रीसंगिरहीराधि
क्रिलाश्राप २७ चउपई कीपलविप्रनराषिश्राप लाउंपरस्त्रीकरतपाप दासीस्यनीत्यरंगिरमिलणि:
शाहाश्रनिदीननीगमि: ३० काजलीमधसर्वणीदिनश्रसि दासीपभिवालीतसि: स्वामीमाहरिउमस्य

१७

एम। हिमासाहजडोर्इश्राल्मअर। विमकहिसणिकाबीजात। धनकिंमलिसावनमाला। दासीकहिउंझर
संभकरिलीकारणिइपराशयणाश्रुविप्रराखलीकउलीरीनिंकायमाणीपाजिबंधावीराम्याताव्याईश्वरसक
लोमाजल्याणकसपकनारीकामानत्र। पणइजगरिश्रहहस्यनाश्वहिलाजवीकाउंचउताश। हिमसा
सोवनदेवसि: तणइकाजउजमघजुध सिवध।                लारोप्हामणएममनकायस्त्रीजकामनिकस्यन
धाघ्याजाजंतवीवहीरीबास्यालइंसाबनस्ता:                हमस्याजश्रहविपीवारकरीनीजणाश्रउं
ल्यावधनजाणीराध्यबाहिजातागुणटिग्र                ल्याश्रवारकरीताणीबाधीउंश्रइआपरमाति
नस्श्राणीतांक बहुबीराजश्रातामहस्याहि: प्रमि                नहीनतमप्तवइसही: कर्मकश्राक्तणइमाडी:
कोबी। ३७। राजानिमनिश्रावीदया श्रागविप्रकी:                श्रीमहंमयाकीपलकहिश्रालाचीकरीपदमह
याश्रावीमफरी ३८। विप्रश्रालावबालाखडसि: ता तिलाखतवाध्यागसि। हिमासरामाउइसमाउ
मामाजउदसवीस ३९ वीसमालइफस्फहाय: माउमामासहिएकादाय। हासितणाहातजदीधार
माउमामासहिसविचार ४० त्यामहिमिंइस्तनस्यपडि। लघ्यलताइपनिस्यश्रडि। काइकमनमाकनि

रु बोल्या जईज्ञाउं मासापककोम्न ॥४१॥ यारिंवीचारूंकोम्न स्नावन त्यारिपाहुं वलीउंमना ऋहोत्री स्नाह्य
पीउकउ । नरताक्यमनछतोक्तउ ॥४२॥ बिमामाछंत्त्उंकाज । कोडत्री स्नाबाधी आज । एणी पिरिजीवऋन्न
ल्लाघाय । नाविलावनापडीतराय ॥४३॥ श्रीगश्रीगत माहा राश्रवतार । जनमकुल मिंकस्कण्या आप । कु
न्हमणदासी स्याघ्रम । जणराजानिं कोडउंदेम ॥४४॥ नाविजातीसमसधिउ । हर्वसस्तूपजतीउल
स्य । श्रीणीवइरागसंसारघाटलो । मसतगलीची निनीकलो ॥४५॥ धर्मलाभकह्यो हूपतितुः
णइ । वलउंराजापणी परिलणइ । रवानण आकस्फ सद्रूप । स्नावननलीधकोक
हिंसूपा ॥४६॥ कीपलसूनी त्याहापणीपरिकरु । इ । पापीन स्नाहूपीउड हि । नरताकयमनषू
राधाय । कोडत्रपत्ता नघ्योराय ॥४७॥ वणपा मिंउजमोहरिश्रस्यो । पविलोलवाहसिकः
स्यो । कस्योवीवारहपवईश्रनजल । लष्मीतश्रनरवसूंल ॥४८॥ जणिसवीतडधीश्राघ्या । जए
इवडीत्तछगतिगया । तणइकारणपउमग्यांधननास्य । कपलकहीचाल्यो तणइगस्य ॥४९॥ लावतस्त
तसपसल्योवली । उविमासिछंतउ केवली । पाचसमहिं त्यारमा हिपकवडो । प्रतबोध्यासूंदीजं बडो । १९

५०। एमउपगारयणा निंकस्या । कापलरषिसुगति मेंवस्याः । सी हवऊंपरितरहि । अनंतज्ञान जिन तहनिंकहि
५१। इहा ज्ञानवंत अदी कोमही । ज्ञानवंत जगी सार । पाहवापूर्षतणीवली । कोडइलगति अपार ॥५२॥ बीज
मधिणावली पराषिमनमाहिं । त्रीजीमधइणानणो । तदकल्यावलीत्याहि । पन्नाढाल ॥ दसीकायावाडीका
स्यमीः । त्रीजीमहइणाधरा । नरनीनवजहसमक । तिजणइसहीवर्मा वरजावा तत्राघ्या ॥५४॥ मधिणा
त्रीजीधरी । आवली । प्रथमजमाल नीनवहवो । त हिजुपतीजह । आषाडाचार्यनएणा । श्रावक्तउ
जह ॥५५॥ मधि० आसमीत्रवोषावली । गं गाचार्यजाय । रोहगुपति छठामही । गोष्ट
माल्यतलाय ॥५६॥ मधिणा० एनीनवतिंवडवि । यथाछदाजह । कदायहीमिंमूकवा । मधिण
५७ त्रीजह ॥५७॥ मधिणा० चउथीमधइणाएकह्रं । मीथ्याद्रीष्टीजह । समकीतस्थंराषवा । सहीवड
वातह ॥५८॥ मधिणा० वलीअछंलगीवडीवा । वांचिवाहा स्त्रकशास्त्र । चउथीमहइणापधरा । नजाणह
कुपात्र ॥५९॥ मधिणा० इहा चारसधइणामनिधरि । उणलयगहरितह । प्रथमलयगजिनपक्ष्फ । आगम
वाबातह ॥६०॥ ढाल ॥ दसीपणी पइरीराज्यकरंता ॥ ए ॥ रागगउडी । प्रथमिआचारंगतः । बीजूसंडांगाठांगंण ग १८

गत्रीहजाणीइए॥६१॥ चउथूंते समवायांग ए। पंचम भगवती। छंग ग्यातापम जाणीइए॥६२॥ ज्ञाताधर्मकिथा
ते। अंगवरुं सही। सूणता सुख थाय लहीए॥६३॥ उपासक दिशांग ए। अंतगड दिशांग ते
आठमूं ए॥६४॥ अणुत्तरववाई अंग ए। नवमूं ते सही। प्रश्नव्याकरण दसमूं सही ए॥६५॥ विपाकसूत्र अंगी
आरए। अंग अग्यारमुं। सूणतां सुख कुइ घणूं ए॥६६॥ उवाई सूत्र उपांग ए। प्रथम जाणीइ। रायप्रसेणी बी
जूं सही ए॥६७॥ जीवाभिगम उपांग ए। त्रीजूं ते सही। पनवणा चोथूं कहूं ए॥६८॥ पांचमुं जंबु
द्वीपपनती कहूं। चंदपनती जाणीइ ए॥६९॥ सूरपनती सार ए। उपांग सातमूं। निरयाव
लीआ आठमूं ए॥७०॥ पूणजवली उपांग ए। नवमूं कहीइं कलपावतंसक सार लीए॥७१॥ पु
फावतंसक सार ए। पढम अगीआरमूं वह्निदिसा इम सूत्र ए॥७२॥ ढाल॥ देसी॥ ध्यावन विप्र
आवीउ ए॥ दस पयना नर सूणीइ ए। ते तवपरव नाग तिमहणी ए। चउसरण भत्तपरिन्ना नमरणो तंदु
लवीआलीअं ए॥७३॥ बीजं आउर पचखाणइ ए। सूणी एक मना धई जीवए। त्रीजुं महापचखाण ए। तेह मांहे अरिहंत आ
णए॥७४॥ चंदवेध्य जाणईइ ए। चोथूं पइन्ना तेह ए। तंदुलवीआली अजकहूं ए। पांचमूं पइन्ना तेल

हूं ए॥७५॥ चीदावीज्जयं मरणो पइन्नग ए। गणीवीजा तेसातमूं ए। मरणसमाधी ते आठमूं ए॥७६॥ तो संदविंदस्तव
ए। सुणतां पदवी पामीइ ए। दसमुं संस्तारकसार ए। पइन्ना तेसार ए॥७७॥ छेद ग्रंथ छ सांभलो ए। कल्पसूं
धन सीधु बंधा सार। माहानसीथ वसारणए। ववहार तेह छेद ए पांचमूं ए॥७८॥ जीतकल्प छठो सार ए। पंचकल्प
गणी आवी सारए। छेद ग्रंथ छ पक्ष एहवा वीरना। तेपुणि मिलहाए॥७९॥ मूलसूत्र कहूं चार ए। आव
स्यक पहिलुं दूजगी सार ए। दसवीकालिक जेहनां। उत्तराध्ययन त्रीजुं तेह ए॥८०॥ चोथूं पिंडनीर्युगति ए
तेह मांहे हे छक्ति ए। नंदीसूत्र दविचारणा। ए अनुयोगदुआरबीजा लहणां ए॥८१॥ इत्य
पस्तालीस आगमकह्या। सूणता पामीइ ठाय स। थिति सूत्र सजल धिई समकीतनीर्मलथाया ॥८२॥
प्रथम ते आगम समकीत तणूं। अगम्य थी मर जह्नकरते। आगम बोहणा समकीतसधारी तेह पणातणु न॥
धिनवतर्इ श्री वर्द्धमान वडराय। छ वगानते बोलतां त्यम आगमई छाया॥८४॥ धर्मसाधवा विविध विहोय
ज्ञसपमंडराग। बीहल्यगम समकीत नव। धरतां तह गणकुमाग॥८५॥ आटवीमां न्हालापज्जा। सुण्या वीप
सपार। ते आगम लिखपदधस्यां साद तणा नहीपार ॥८६॥ एवरसीगंरागडा। वीप्रतपइत्याहा होय

८६

स

तस्या रागधर मिंधरी आराधेम तीर्थ ८७ वयावगादीक साधुनैं करवुं तेमनषो त्यां त्रतीश्र लगनरः
जधरि तव सिसीधपाम ८८ कमेधिणा तेनी जीरिकमसहवुं नमडाय जीवमवाज वयक्की पर
लव्या हवलथाय ८९ नरक थकी बलवन्नमण आहवलणजमा हि वातमघा तिजहजतां प्रतिज
। त्यात्याहि ९० पहवया ववफलकर्मा श्रा हवलमव संजोरा भुगतपथपएपा माउ दाली
कर्मकगार ९१ नंदषेण आविहत्या वया वचारथीराय दविपरीषा वडकरी पएपत्त
हवुमनवाहि ९२ ढाल दमीसा स्लोक षमसामली अनागवडी कहीपरिमन
नीमलातेणइराषन ता ष्टतीम बीचारो नंद षणचोम्रणा तेडाति नदीतमस्तपलगा त
९३ वदनवंककाछुदंताभु अत्योन ताम्बाक प्रतो कर्मफगगादषी बांधि अनालो कउमा ता
९४ नीदी वधनो करावासी नंदषेण हमी जह नीरवाम्बापीता जातेह तो मलीलइनरतह ए
५ नंदषेण तोहा नानरुडषो ते नीजुमाउलघरि जावि परमाकाम करिनर नीजादिना इषतरीका लेगम
१२५ ९६ अनुकरमिं थयावनतपामा नंदषेणमरजह पाणीग्रहण कानकरितहउरा स्लोक आरोत

२०

ह ९७ अनेक षधीहरमां हिपणि तेदेषीमनथाय पणि तहनिं कानवरिनारी तवंसमबलकषाथिं ए
८ जहरं तोहकेपर तोफांणी मांजल बोल्यावाणी हजहत्री परणावकुं उजनि जग्गमनावी आणी ९९
नंदषेण हरष्या मनमाहि आव्या वेगि त्याहि हमा सातनीज माउल करी बिहिं बिवलीक्याहि १००
वीनिवचन बोल्या तेणिगमि हजवरत्याकन्य १ थि उमरी कहिउजनइजणपरणि स्रुपहीणग
रि १ अणनिवीषउपदंजपावइ सायतली जगवातां पएनारी जगमांडडी नयहितीउं
जहाय २ कहुं आवचनपम्यानीजकानि वलीउपाछा हव परबतउपरि चढीजपा
वि लिरवजापतनएव ३ एणइ अवसरि व गिउनी मलीआ बोला व्यानरत्याहि हत्याउं
आपकसहजणकारणि नगरिमिनरकाय ४ नंदषेणकहइ आनविहषीउ सजनविपरणीन
। किउमुजकीवतकशाकामउं स्पंढवमीहसंसारू ५ मुनीवरकहिउमम रिबीच्यारा जावाहालीइ कुं
नारू लिसंयमकुमजइदवता वक्तदवीतणइगाढ ६ मुनीवचनमनमाहिजाण्या लाग त्याहाप
नबोध पंवमाहाव्रत आगिधरता करतोअडीरा ध ७ च्यारअतीगृहिमनस्थांधरता लेउंमुधतेआह

४८

२१

रा नव वृत नि कर्ह पारण क्राधतणी परीहार ॥ ८॥ वली वया वच कदय नी मा आणी दउं कल आ हासय
नीका सिंगाईई तलाइ कर्हस कलनी मार ॥ ९॥ च्यार बालनथ्य कि सुनी वरा श्रेडपसमि त्या हि पक हव
न विमा निरमाटा ॥ तेआ त्या सुर अरि ॥ १०॥ हुआ तालाकि तेआ सी श्री की धा सुनी वर वप पि मसा
यतणा वारि समता रसनही रप ॥ ११॥ ढाल ॥ देसी ए   मगुति पक्ष पता ॥ राग आसावरी ॥ धउं उस मः
तारमन ही सदमा श्रावा सुनी वरज्या रिर ॥ त्य   रिर नंदषेण करि पारणुं ॥ १२॥ बाल्पा सुनी त
व क्राध स्फ पापी हिगाषाइ रा नयो धइए   सुनी पडी उपविंजी हाण ॥ १३॥ विदधरा विश्र
नीपणु वयावचीनी नामार कामार करता :   पषावातणु ॥ १४॥ सुरूप इजा विसी रह्या ॥ नव्य
उ ति श्रा घाचा लिर नव्य जा लिर पाणी पातरपाए   ॥ १५॥ नंदषेण करि उणसुनी माहारी चुकह :
श्रावूर ला हुर रत सुनीवर निश्रां हासही ॥ १६॥ कहि लडला विकस्फा तषर म्या लिपाणी राजाणी रन
दाषणगत्याजल लपीए ॥ १७॥ सुरटालि त्या ऐसि जउ जोत्ताज्या हासुनीवर जाइ रा विहिराइ एज लन वि
क्या हिसुध वलीए ॥ १८॥ नंदषेण वीजि नही अधू जउ नवाल लाए ॥ देत्ता रनी ज आतम उल लडाए ॥ १९॥

श्री मधी ग सुज निवजपिरि सुनी वरपं षिंपडी उर ॥ डडी उर ज लसज निनय सुज ता ॥ २०॥ पणि श्रव सरि वि
कोडी वटता कंदलकर तार ॥ नरता रन करि हर जावार त्या ॥ २१॥ वि[illegible] त्या हाउ सि सुनी जल सा
धिमा स्नर ॥ नीवा रत्या मइलजइ हि नीवरत णाए ॥ २२॥ श्रावी करि [illegible] सा [illegible] समा विराख्या ला :
विस्ह जुंज पराध ह म्या घामपा ॥ २३॥ जापा पी उक्त   षिनही मा हाकपटी का दी [illegible] पी सित काधि
[illegible] कडवुल विप ॥ २४॥ नंदषेण कहि का त्या एरु   सुजउंपराध हिमा [illegible] लाटा एल इतनाथ
श्रमा ॥ २५॥ धाईदहनी मलकरि तवह   नी उडी लजाइए [illegible] सिराधि ह
तहा ॥ २६॥ हूहा नाहा सिमां थिह तडा पासि वे   रानवीजाय ॥ नं [illegible] मसी [illegible] का सुग
म घाय ॥ २७॥ हाए देखी मनरी कावणी जाराघ त   मि पासि कोथ न जायि ॥ [illegible] आशाधन
[illegible] सुनीरा यस [illegible] निम न मासु गनघा ॥ २८॥ चाई वह पव इसनी वा त्या जप त्या मी [illegible]
हो ला ॥ [illegible] त्या नसी उज रोण उ [illegible] लगई नंदषेण ॥ २९॥ मिही [illegible] पिविजयि जापम [illegible] नम
जयि ॥ नंदषेण कहि चडिंपाधि जइ नी [illegible] तनत जगधि ॥ ३०॥ वइसी सुनी वयघ्य चडाधि ॥ नंदषेण पोसालि

आवशाकटिं आवतां संका करता। मुनीवर निगंठी तपता।। ३९ ।। रूपक्रपाक्षचालि रला। ऊमवीषै रुलि
वेली। ऊपरि मुनीवर निमारि। दीडगालि निसवलपचारइ। ३९। नंदषेण फरी एम बोलि। हमवचन तत्र मुतालि
हालामलत मुनीवर कहवा। मुजमन्य तववदने हवो।। ३३।। दवमुनीवरजतो जइ। तवन्यानि नरषिते
हा नंदषेण वडो मुनीराय। नीश्चल मनवचननिका य।। ३४।। ऊसमतारमनो स्वीउ। अं छोञ्च थवच्यञ
हारन करीउ। स्फदगार्चरी नोकरहार। माहात पीउपनीरधारा। ३५। मनमां हिपसमीव वास्प
प्रगटकस्पतनलेव। देइ त्रणपरदक्षणवे दिस्त विकीर्त करइ ध्यावं दि। ३६। सुमरीप्र
नहीनर कोई त्रिलोवनप्रथवी मिंहिंइ कोधी: श्रमितनाउमाडहा। मुजमीछा हकडतहा। मु
करिश्रडप्रसंमततांहृपी। त्यारिमतप जाणीहारी।। कस्तूरीप्रा उऊमार। हारा गुणनोनलहूपार।
३८। इहा। गुणनोपारनपामीइ। एमकहीचाल्या देव। नंदषेणनीत्यतपलवइ। करता गुरुनी सेव। ३९
ढाल। दसीपारवीमानी० रागकेदार। बारहजारवर्ष लगीर तपतपीउ मषीशय स्फथ आहारवया ववी। एनकरि
अंमकषाय।। ४०।। मुनीस्वर तें अतिंजउ अज्ञान अणसणलेईसंघारा ताए कोधूनारी ध्यान। मुनीव०। आवली

२२

आणि तव्यंनव आदस्यो ए मुजनारि नीरधार मननी हामम नहास्ही ए। आलिंगण्या अवतारा। ४१ मुनी०।।
जामुऊतपर्वबलघणए नारिवल्लरक्त्याय मुजदीठि मनउ हाल सिए। फरीफरी साहामुं जोय। ४२। मु०
एमनी आणूतकरइए तववारि रषिराय कडकाकाशनिका स्यीए। ममदिनस्ह वम्यघाय। ४३। मु०। तो उता
रनिकारणि ए ममण्यालाम णीहार समम काः ज्यवदनुदहइए। तेनरसूहउमार। ४४। मु०। कड
कालीहनिकारणि ए प्रचहणलज्जिकाय चुन १ काजिच्चतामणी ए। बालि मूरख षस्राय। ४५। मु०
०। कटकाकारणि ए नाज्जिकताजेना पा श्रपकनिकारणि ए। कापिक लिनावता।।
५६। मु०। कनककंलसरीशंवलीए चारीत्ररयण नी धर्ना संसार सुषड्यमकाकसाए। मुनीममदे
अज्ञान। ४७। मु०। राषीचारीत्र नीरमजुए पामीश्रष अनंत संसारनां सुष वहघीए पहचीहरसुषदं ता।।
४८। मुनी०। इहा। बहुपरिवारस्यो न विरदि। कस्तूनी आणं षेव मसलिहीसुरजपता। तेनरपञ्चवहादवा। ४९।
बोल्हात्यरिहजारनारीवस्या। रीध्यतणो नहीपार। नारीवछ्रनतमहीस्हपि हरअवतार। ५०। मानुवनासुष
लागवी। पाम्पासुरअवतार वयावचादीकफलनर्ज्ञा त्रनीअल्पगणमार। ५१। वीनिकरादसजणतणो। ज्यम

सोइसमकीतसार॥ सायबालव्यवरी कहीए ते मोह्याहन सहीचारा॥५४॥ ढाल॥ देसी॥ एणमोडम श्रीमंधरजी
एवी लिकरीनरदसतणोजी॥ अरिहंतसीधहवाराचईतथ्यमिहतनणो वी नि जी॥ करतांप्रमिण२॥५७॥ सोलागी सम
कीततजगीसार॥ समकीतव्यणनरकाचल्यीजीअलहिनव निपार॥ सोलागी समव॥५७॥ आचली॥ आचार्य श्री
घ साधताजी॥ ता मा सूनीउवकायासमकीतनो॥ कीजइ कोनिजी॥ तोघटनीमलथाय॥५५॥ सो॥स०
वणपहीनरजधरइजी॥ पहिलीमननी एसार॥ जिनवरतिर्जिनमतविनाजी॥ जगमांसहूअसार
सार॥५६॥ सोला० वचनसुध्यजीनमेवता॥ जी॥ जसूधीउनव्यघाय॥ तेबीजुनिसवता
जी॥ दरीइयपंखजाय॥५७॥ सोला०॥ धीरघोड॥ छतवाव रिजी॥ करतात्रप्रनश्रादासकाया घ्र
नव्यघइजी॥ राखिकायाश्रसकार॥५८॥ सोला०॥ कोथानी घ्रधक नव इजी॥ ववइमारिकीथाव
जिपीलिजावलीजी॥ मीरनवानामिसाय॥५९॥ सोलागीसम०॥ हुदामारनामिजिनरांघनि॥ अवरनमा
मिसीम॥ वणि छिनर[illegible]जीधरि॥ पामिपरमजगीस॥६०॥ दोषपंचहालिमही॥ नधरिसंकवालावीरव
चनसंधेनहीशमकीत तेहउतल ६१ ढाल॥ देसी॥ अणसणएमआराधिइ०॥ नलसमकीतजगीतहअ॥



टालिदूषणजहर॥ वीरवचनतेमांधरइ॥ पहिलुंदूषणएहर॥६२॥ नव्यसमकीतरवीराधीइ॥ आवली
बारवगीरवीरंकहा॥ उपरिनवग्रहीवबर॥ समकीतहायितसदादलु॥ संकारहिमन्यरघर॥६३॥ नव्य०॥
एतश्रीमानवइउपरि॥ कंचीद्वगतप्रालायर॥ तेमीध उपरिजीनकहि॥ त्याहानरधरातोशंकायर॥६४॥ नव्य०
जिनमतमाकहीमास्वाती॥ असंषदेवनीमानर॥ वीरवचनवनवीतधरिहाठिमरतणीसानर॥६५
नव्य०॥ मातिनगीपईआलिमां॥ डीपसमुद्रअं॥ संष्यरा॥४४वीमेरुविम्यास्वता॥ उवउघापना
सुध्यर॥६६॥ नव्य०॥ दूजा॥ पहिलुंदूषणए॥ महीटालेजीरधारासमकीतहोथिन
मेजु॥६७॥ पंमितवनोपार॥६७॥ ढाल॥ देसी॥ जीवडात्पई त्यमातमतोरणरागमामेरीपा
मिपारवुगत निन्याहालिरि॥ जवीजुंदूषणटालि॥ आकंषामनिममिआणए॥ अन्यदरसिणकांय
वंछीणा॥६८॥ वस्रावीलमहसवीमालर॥ पतलगोगोनिआमपाल॥ मलापीरकनिमनईईशानसपद
नवंछावाय॥६९॥ वक्रकांक्षश्रतिवान्यसीर॥ जोगीजंगमतिमठवासी॥ जत्राईखडडसेविरि॥ अइजाली
आनिदरवेस॥७०॥ एहकषयणा कजीरमनस्कसधइणाआणी॥ वलीत्याहांउजमत्यपस्तोणीरादीजइ

मीठा इक्कडजांणी॥७३॥ एहवे नामादिक हुवी श्रवणे पयर। हुंसं मनसमाधि जांणे। कोईं आयमतो इकणी रह
वणइ डरगत्य नारी पणी॥७२॥ तेणइ सुखगत्य नारी टेली वेहजिणि जुईं केतणी मत्य मेल्हे सी। संतु कणी
तत मबेली रे करम मत्य कीधी मिली॥७३॥ एम सम्यक्त्व नमतां नगरी आ कणा आसी श्रुणि दीठी मीठ
७४ इकडरं गिर देवगुरु जीन प्रतिमा सगि॥७४॥ वा पई। वीजा दोष पला ण्या सही वारी गंठा तसी जे
मही। धर्मतणां फल होइ केनहीं एहवी मत्य न रआवी सही॥७५॥ श्री भावननायकवी सुप्र
कार मोक्षमारग नो जदातार एहे वांछण जाणी आरीहंत। जणइ नवमुरुणापला
वंतः॥७६॥ इहइ लोक परलोक तणी। कांक्षा ई त्रीजो वीचक्षणी। कुशील परद्रव्य लोभ। जि
नवरनिंदपाडिलोव ७७ यागलाग मांनी निज ए जिनवर निक्षईंलागि पाय। एवतीजा गंठा ओपण
७८ जांण। अन्यअतीचार हम मआण ७८ ढाल दसावदायणनी। तथा दसी सोहत त्री समा देवी सतीप
वसमलणमलसनीवर देषी जणि सुक्यो जिनधर्म जेवेषी तणइ कारण तसह गत इलेषी तेन रक्षास्र दम
तीअवसेषी॥७९॥ कर्मडंगंग मकरी कोई हरी कसी रषी जपण जोई नवकंत्य मनो तपणपोई जलवाडस



तणि सट सोईं॥८०॥ पणइ लक्ष्मी महइ रवी धमा सुजाणि कनक तणो वली ली टां नंद्या तामकरइ ते
षोटा लीधा पापतणो त्रिपाटा॥८१॥ नंद्या मकरो कोवली कहिनी। नंद्या कीजइ आतम दहनी। श्र
मी अपरगत्य होसह वलीजाहनी मतउंचीपण वामइतहनी॥८२॥ एम सम्यक्त्व नमतां पाती मत्र गीमीग
इकड होजिनम गि पापपालो आतम रंगि॥ घातयमज्यासी हम नंगी॥८३॥ हूहा। वीरू हष
णप्रमती टालि समकी अमार त्योषाहू षणतं एणा हुवइ जह णउ यो समकल वीचार॥८४॥ ढाल
अपदीनो ० चउ हूषणमहीइ पहासी छाधर्मउ संमाजन्म पाती पल गुंतह
८५ होतवीको ० जजग ह्ला हडधर्मअसार प्रसंसा वाधि संसार समकीत अबदिसार
८६ होसरा० यम ता वइ षीनाम्मि जिवन मीथ्यात्र एणइ समकीत टेहा लागिव णसि ददा॥८७॥
होसरा० जह निवलय मीथ्या लोग सम कीत देह तम नही नीरोग। इस्यो होस नगत्य यागा॥८८॥ हो
सवी० श्री जिनकह इज समकीत धारी। मीथ्यात्व समक रमिलो हारी। इषणत जो नरनारी॥८९॥ हो
इहा स्याहू ह्षणपकह्यं। सलि समकीत होय परीच मीथ्यात्री नत्णु। पंचमहूषण साया॥९०॥ ढाला

श्री

सखी सखमारनी पहिली। सायं पूछण टाली नर नारी। हरिकृष्ण थिति वारी। सामी स्या हो लाछ रीवर सपतां।
रागा श्रावण मवारी रे ॥९१॥ गली थकी गा [illegible] पण जाइ। श्रावरका [illegible] सामी स्या भइ [illegible] मकी नवी घर
घरबार मग्न वाइरे ॥९२॥ मनमकी नवी वर जे जल रा। सामी स्या परविड वनभूर। [illegible] गपकी लूणा भि
पहु आदमानरना पारे ॥९३॥ आकमकी इषण स्या      झूला दरि [illegible] मना दासी अंगकर ना छि
इं छाणमां षाडुमी मत ॥९४॥ छपमानी समझु      छाण मांहि [illegible] लाची हा या [illegible]
पाण्या परगट्टा मल्या का गनिसा छारे ॥९५॥      पांच मंडि जिनेसर लह थपा [illegible] मा दा
ला तिम गिरे ॥९६॥ श्रीपाल मसुपक्ष श्री मां ॥ को      वकं उपु सके गिरे ॥९७॥ सामी रांग कह सीय पण
वंटा वां ध्याय पाणी धिरू रे मी छ्या सगम करस्या ॥      कोइ वा रहि [illegible] पिसरे ॥९८॥ अं [illegible] बकापू रि
वा कुंभ जमही टाला पंवम दोष अरूप धुला वीकड़े घाइ ॥ सामिमी छा स्या का [illegible] टारसा चा लावडरवे
डा नमी ॥ राग मल्हार आउपला वी कपूर्ष नी वकुंतुगात्य करी जइ सूत्र मीथा तुवा विलडु दान ते हनि दी जइ ॥९९॥
आउपला वी कन सकही आंचली सीमा तम खंड गी कान ही जहि मां अर्थ गता रत्तं सुण ता वचन वदन परि

२५८
२५

श्री

सील समझ्या मरि रे ॥१००॥ आउ ॥ वण ला विमल हइ जिंसू णि। घाशिता हुं छंपमार रे। डाकरी ह्रं मदंम जइ णि
ना सागर सुतवी रा सारे ॥१॥ आउ ॥ पहमी धात श्रवण सूणि। सामि पद्य वी षरारे। नगरमकी जिन गहार नी षि
श्रुम मकी नमार रे ॥२॥ आउ ॥ बीजा पउला वीक कन ललीद मनाज णेरा। मीत वनल लानर खुं [illegible]
मीनदा पूमरे ॥३॥ आउ ॥ बलि नवहूनी दीह दसना ॥      सुकि हंस [illegible] मोर रा चीतर साछ मिडार पला [illegible]
श्रमवर सारारे ॥४॥ आउ ॥ बलिम इहुनी तणि बे ॥      लइइ म सूकि रीडा मसरे ॥ पह उला वीक निनमी
जईनी मीला हुरे ॥५॥ आउ ॥ ब्रतीश्र घरा      थीकहूं जकजं वा हा वारवी छ्या तरे ॥ सपड़ी
श्राग्या श्रीअद रसणी जीती केन ब्राजा नरे ॥६॥      आउ ॥ मजत मपर सूय वस्तवली ॥ करि वीर्य पवा
रख [illegible] वावीवार त्याहा सुवता ॥ बिसी गया सादर ॥७॥ आउ ॥ जाय मोइ लु अणगार निजी नवमाः
सूधा प्रायरे समाव सर्णीमा विश्वा वीज ॥ बोल्या वाण सूध्य सायरे ॥८॥ आउ ॥ इत्थ्यारी हन त [illegible] जिनसुही सुर जइं
बलिम कायारे अर्थ वीवार सु जपूं बड्या संसह जहनवं ह्या यरे ॥९॥ आउ ॥ गजल मूक दइ जमा ल तिः
सालाव वन सुण्या दी वरे गाम्हता केश्र श्रावसु तो लोक निबलाजी वरे ॥१०॥ आउ ॥ [illegible]

तरे

६ढ अंतंतरा कमालनिंमक्तमदषतो। बोल्या श्री नमवंतरा॥११॥ आ०॥ जीव आस्रव तत्त्वास्रव नी निकथ
नादाय सदर गर्भनमरष्ठ वक्तेहषीतं कमाली कृतछेद रा॥१२॥ आ०॥ मान हकी अपोवला। जीत्या श्री नम
गवं पहवत्तावीक हर्षनीक रानगती अंतंतरा॥१३॥ आ०॥ चोपई॥ सामोत पसत्तावी कारहाय। मीमन कला
षीजाणि सुय। बोलिक षिजिनआ आनकोम्य। नी मतनला षिबीजइ ठम्य॥१४॥ वरा मेरणा तानिक
म्य। नीमतलीष्क गामागाम्य। सायमरी संसाः रिफरि। नइबाह्न तस्फ लगती वरइ॥१५॥ सा
अअवदातक हूंपणिगंम्य। हूनी मोटा लड बक्त स्वाम्य। वरहामेरतम बंधवक त्योस
यमहकी अलगोरत्या॥१६॥ परणपा नारि मित्रा त्या बाल इम मातरी वर्ती नरकाल। एक सा
आगवसंत्रे आय। तरहामेरहण्यी तणि गाहि॥१७॥ मकलंजन विमलत्या स्ही। बंधव नित्त त्या गहि
ही। नइबाह्न ह्री कहि वलीतही। वारवार कंणआ विअही॥१८॥ मरसित वआ ते पणि गाहि। आवदी वआ
वपहतें आय। पणि वचन षीज्या नीजम्यान। वरा मेरूप पासिजात॥१९॥ बंधव नितडा थो महा। ह्मनी आवो नृपब
इश्री जही। रुपिहवक्ष्यतंत्र आय। आवदी वत्रात्ताष्पातणइगाहि॥२०॥ वरहामेरक हिंहू कहि। मृज बंधवपक

गु

स

२६

तरे

६ढ अंतंतरा कमालनिंमक्तमदषतो। बोल्या श्री नमवंतरा॥११॥ आ०॥ जीव आस्रव तत्त्वास्रव नी निकथ
नादाय सदर गर्भनमरष्ठ वक्तेहषीतं कमाली कृतछेद रा॥१२॥ आ०॥ मान हकी अपोवला। जीत्या श्री नम
गवं पहवत्तावीक हर्षनीक रानगती अंतंतरा॥१३॥ आ०॥ चोपई॥ सामोत पसत्तावी कारहाय। मीमन कला
षीजाणि सुय। बोलिक षिजिनआ आनकोम्य। नी मतनला षिबीजइ ठम्य॥१४॥ वरा मेरणा तानिक
म्य। नीमतलीष्क गामागाम्य। सायमरी संसाः रिफरि। नइबाह्न तस्फ लगती वरइ॥१५॥ सा
अअवदातक हूंपणिगंम्य। हूनी मोटा लड बक्त स्वाम्य। वरहामेरतम बंधवक त्योस
यमहकी अलगोरत्या॥१६॥ परणपा नारि मित्रा त्या बाल इम मातरी वर्ती नरकाल। एक सा
आगवसंत्रे आय। तरहामेरहण्यी तणि गाहि॥१७॥ मकलंजन विमलत्या स्ही। बंधव नित्त त्या गहि
ही। नइबाह्न ह्री कहि वलीतही। वारवार कंणआ विअही॥१८॥ मरसित वआ ते पणि गाहि। आवदी वआ
वपहतें आय। पणि वचन षीज्या नीजम्यान। वरा मेरूप पासिजात॥१९॥ बंधव नितडा थो महा। ह्मनी आवो नृपब
इश्री जही। रुपिहवक्ष्यतंत्र आय। आवदी वत्रात्ताष्पातणइगाहि॥२०॥ वरहामेरक हिंहू कहि। मृज बंधवपक

गु

स

२६

ईनवाल हि। आठदीवस एहवडं जसि। मांनतूंगसूरि गछ ४ सि॥२१॥ करीपंण एणनिंवलीउघडरि। बालिकनिंरा
नेभुतरिपि। दीवसआठमोड्यां विघाय। सुतनितडिमातपीताया॥२२॥ मांडारी सूणलागलअसि। बालीकतिन
रिवागीतसि। मायजमरत्यांहाउमग्निमया। नइबाल्हसांच्यो घयो जिनआणानज इकार। आगप्रभावीकसू
स्थपती॥ कीजइनगतीअपार॥२४॥ ठालसुंगरीआ    सो०॥ नगतीकी जिअगापूर्वनी। दीपावि जिनधर्म
रा॥ एकआका गामांमाठलोउपानासूदरधीर    २५॥ नगतीकीडइ अगापूर्वनी। आवली। माछं
लोबावनसूलतणा। पडिलाभमहीआं    जरा। वृषहामेरिपमचीतीउ। आव्योडयांह
माहाराजरा॥२६॥ नगती०। राजसुवन्यालोयिं    उपरि। कीधएककंडालरामाठलोमांहिपड
सिमहीं। नीसिद्धाणउपालर॥२७॥ नग०। नइबा    इसाम्यबोलीआ। पडिकुंडलाबाहसरामठ ए
कावनपलतणा। अदीकनहीएणइगासुणरा॥२८॥ कुंडबाहीरिपाकामामलाइ तालपमोखजउततरामा
नखउजगउत्याहांसमरा। वरहामेरअचरतरा॥२९॥ नगतीगे। देवनिपुसराज तिलापीआमतुतामसूगाय
रातलमाहाथियमपाणीनउ दीवामहीअकषायर॥३०॥ नग०। ज्ञानदीपकरजंघोघयो। चउमुमकीनात

॥जै सदो तकबा
ज्ञानाचाहाया॥

२८

तै

ला मांनमीधातजलत्याहांनउं कूईतीमरनीरलरा॥३१॥ नग०। तीमरअंधारतअतीघणुं। वहीमेरनिंहोयरे
मांनसूरिजइधेसतलहि। हवाव्यतरोसायर॥३२॥ नगण। मरगीअत्यहिंगकरूपता। करिपरगटपापर
नइबाल्हस्वामयत्याहांकरइ। उवसगहरसआपर॥३३॥ नग०। देवधरणइआवीकरी। टालिमरकीअणगरा
रीतलोकनिहूरता। यरिसकलसज्यागार॥३४॥    नग०। यरियरिलोकसतावरतणि। आणिदेवदि
षचारा। एकगाथाकरी वेगली। राषीतेतीहांपच    रा॥३५॥ नग०॥ इहां। नगतिकसिपाहवातणी
एवुणआणाअंग। परभावीकनरपांचमो॥    वरीतसूणीमनरंग॥३६॥ नइहांतपतपतासूनी
अतीघणा। देवनमितसपाय। आनकलविन॥    णाधणी। परभावीककहिवाय॥३७॥ जिनरा
शानिकोमिहवा। तपीउदीलकुंमार। नीमचतणि    चंप्यामही। कीधपाइ्पाहार॥३८॥ सनतकुंमा
रतपीउमहीं। लनधीवंतजउपह। सूषरसअगिलापडइ। कनकवर्णकिइदेह॥३९॥ सूषपरभावीकपस
हीं। एजिनआणानधंन। आणानहासोतइमहीं। उमआरपालिअब॥४०॥ एपरभावीकपांचमो। जितपनोकरहार
वीद्यावंतहवेमहीं। जिनआणानआणगार॥४१॥ चउपईवीद्यामंत्रमीहएकरूउ। आर्यषपराचार्यहूउ। राजावहव

२७

श्रीतंबरकत्यांजमतेहनीजगरहावीस्तस्यो॥४३॥सायकघाहूणयागयिगही॥श्रावकवद्धंधकस्यातेणइ
सही॥प्रथवीपत्यराजाकरिजार॥आग्रानमाहिंपाडयासार॥४३॥आर्यषपराचार्यजेहराजहूवनहाआयो
तेहराजानिप्रतबोधिऊसिं॥मुनीचावषिंमात्यातसिं॥४४॥नवीवागिचावणलगाराराजमाहिंतवस्तुंहका
र॥आतजरजंछलवैसद्ध वासिवाववावागिवद्धः॥ ४५॥आवीरायनिकहीकयाय॥रूपलाएमहनीव
रनिपाय॥राधराधहंसावायती॥मिश्रपराधकः रुयाडिआही॥४६॥पणिवचातमुनीपासावलइ
नगरादेवलाइगिपलि सकलबद्धंधनपड्यो डीहाय॥वीनवीउमुनीवरतानाथ॥४७॥क
पाकराहविस्वामीउम्या आतीउपराधकाक्या डिश्रम्या॥आजूपगीकीजइअन्याय॥तेउमके
पेयाकुछिराय॥४८॥दीनवचनसुणलाषिजसिं॥ पाछाद्देवलासुराजातसिं॥जिनशासनसखंत्याह
ठाम॥कीर्तीपसरीगामोगाम॥४९॥ ह्हा॥कोसिंपसरीआतीघणुं॥हूषिपलावीकएह॥वलीमुनीवरआगिह
वा॥सहीसंताकृतेह॥५०॥ उबातनमांहासंवच्छ्या॥मुनीजिनशासनकाम॥उठीगायच्यावीपडी॥श्रीकरदे
हहम्मनि॥५१॥बलापरनावीकमही॥ वीचावंतमुनीसार॥सीहजस्तावीकथातमा॥ध्यनतेहतोआवत

आपश॥चूर्लिश्रीडजनमीथकरी॥करतांआशावकांम॥कममाकलविका॥सिनहिंडअमसांतसम्समाधआवला॥
साड्वलइंसमचाणी॥जगमाहिंस्फरमनांमए॥तेडुंमासतणगुणग्राम॥कालिकाचार्यउमीजहराक
पिंकनईघूउतेह॥५४॥कजमांडीनिंचवहतारोहधरीलराजोवीयात॥तसाधवीनिस्वईजाचिरावद
न्यकालकाचार्यनीघाइ॥५५॥कालकाचार्यहनीरा चिरा॥हधर्मश्रीकिंतडागलेनिलाषीसकलकथा॥
इरा॥रूपवलीतेणगिहिं॥५६॥सबलकहीक्षा मचारण॥स्वस्वउटातेणीगायकालीकाचार्यह
नीसाचिर॥तेणिचूलीधूहाषि॥५७॥ले ईनीहीमांडीहाधरलाव॥इटिकंचनमित्य
हाकरता॥वहिवीआपितुंममनारात॥महूव॥ नटजआजंत्रीआरा॥६०॥वीडुंरधलीलवुं॥
गामर॥जइमबलतीहांगांम॥उंधकरतांराजा॥ हारिरा॥रधलीलवीघामंसारि॥५९॥वईरागावीउ
क्रियाविर॥करडिजईआकटकनित्यारि॥तआगलिसजकमाहसिर॥त्याहाश्रुतीवरकलाएकाविनाइप
जिधनुषकलानाजाणर॥जहकिनहीनरबाण॥पहवापकसोनिआठर॥तवांधीरल्यात्याहांगगा॥६१॥उक्तिरधवी
छुपमडाणर॥समकालिहकबाणा॥नीरएकसांनिजआठर॥स्कंधियधलीषणीवार॥६२॥गधजीनसकिं

त्याहां मूकी रे। तहां ठीमां नड मूकी। हासो रूधनील करायरे। माधवी वाली तणिं गाह्या ६३। इहां माधवी
नित्य आवी आ। वरत्या छि छिकार। कालिकाचार्य सूनी वहू। जिनशासन शणगार। ६४। साधन स्वरूप सा
द पशिए सुनी कल मसमां न्या। साधन स्वरूप सालसीमां। पछनी [illegible] मान्या। ६५। एहवउ तावी कनरसही
एह मास मकीतसार। जह श्री गुण आदरि सम कीतम सनी रखरा। ६६। एहवा वीक्रम ता नमा। श्र
ठ मातक वीराय। जह श्री जिनशासन रिहिर मं अक्रां मजवाय। ६७। चउपई। चांदकामत
कवीताक रि। सीध सेन सूनी वर मांहा शरि तणइ पत्र तब मा। वीक्रमराय माडी सा
यक्र छ्रुक काय। ६८। नगरि अवंती नामन मां हिं। सीधसेन सूरि आव्या त्यांहि। नगरधणी आ
व्या तणइ गाहि। मन मांवां दि वीक्रमराय। ६९। ध मलाभ सूनी दी ता तसि। वीक्रमराजा पूछि तसीध
मलाभ वणवां दिक हि। पमआचार खम केही परिरहि। ७०। धर्मलाभ मितह निकहो। जमिं सूरज वद ता लं
ह्या। पणि वचन हरख्या हू पसाय सर्वगुणन हूपसा वा होय। ७१। वीक्रमराय त्यां सघरि विवेका। सावन
कोडि दीइ त्याहां एक। सीधसेन सोवन न व्यलीइ। वीक्रमराय निपाई दीइ। ७२। वीक्रम नितनां विक्रम। सांघ

मांहि पूछि सुरनां म्य धर्मध्यान कइ तप णि कशि। वीक्रमराजा पा मा फरि। ७३। आंठ [illegible] वीधमलीउत्र सिंसीध
सेन वीनवीउ तसि। जइ नव वचन भाद्दी मेहलह्या तद हस्म दहशारीइ यस्फ। ७४। ताहां सूवचन पएसूप ए
हवुं च श्रीउ सेन। जे चरखा तमही धर्मनिणइ झांकांम्य। श्री वातन ही बीजइ गांम्या। ७५। एह वचन मउन स
धरी चरित्रा लोकन वात्या हा कती। म्यायराय जणइ दरबारइ। नृपसव कसिक हितणइ वारि। ७६। दरबा
गयो वीक्रम पाशा। सूनी वर चाली एक स्रूत हला। श्र आंचामीका हिताहारी करि। किशा विक्र पाठ
फरि। ७७। वीक्रमराय तहाल वालीउ चउदः गम सल पासा वनदीउ मनलाव इता इथि
श्रा वि मही झांता क तस्वा रि मही। ७८। वीक्रः म वचन सूणी तव लप। सीध सेन नि आ वी मली
दई दान निला मा पाय वलीइ रवि चपपासि जाय। ७९। आलोक एक कस्रोग हि गही छन्न सूव धउरवाध
जसही अग्यापि माहा मा आ विवही भुणउ जइ रिंड्या इसही। ८०। कीर्तिवचन सूष्णू सूणी आजसि। सूवदः
ज्ञातक सपि तु सि। दष्वा णमाहा मा बिठो सही। आलोक एक कस्रोग हि गह्यो। ८१। जगमां वचन अस्फूक हि
वाय। [illegible] तआ पिराय। एह वचन सू पञ्चनी [illegible] दि। परस्त्री नीक्या हां आफरी द [illegible] ८२। हगो जोक

वागीश्रम्ना

हिपमदारीइनिंदरिनदीधीकहा। पणि कमलमकाधयाञ्चलीसमणदशआमिवपत्नीमजगात्रयपामञ्च
मदशविगमही। पकशालाककल्पिलत्वरही। जकनीमाणत णायावञ्चशञ्जरीदस्मपञ्चदिघवाकथ
तीहानीरटपंतवालदि। विसीनाश्चलापनजलव हिः नीमाणडस्तणजकथायमारिश्चमेवाशिटमाव
सीपश्चमदशञ्चापीतसि। विगस्वामीजेमरदशि। ञ्चालककपलकशि। नेरमणी। नेघास्तु तमीधीव
पतणी। ७६। हस्त दसीञ्चवपहरघीलिवरी। कवमागमाडी। मास्त्रिाद्दनहीरूपक्षीषि। दसीजे
नहीरूपकायर। ञ्चापपीञ्चमराल्मामनी ञ्चणसहाडलायवा। स्वेटकालायकुम
पस्त्रणा पडीतपकमहामामलो। सलपट। सुजमनवस्तेलाघकोधीमसणिमाहसमाम
टला। तणइकस्तरूपकस्तदशनाण। शपणी मातणस्वर्णदामदीधुंकामस्तुपि। दशीजमात
स्त्राकर्ते। ७८। दशीइवधवजवगञ्चा नवसर्वतावतिमायर। तणइकाणिरूपनयसीतिातक्त
वेञ्चकलहस्वायर। ७९। त्रुटक। कलिवायज्ञाटूपरहीजाराधिपञ्जकमाहिर। त्रषणतारीञ्चनीप
रणापकनराधीकायर। सरस्वतीरूपहाहिमाहती। सथमातरापीसघार। कीलिनिघरतान।

२९

राधीरामहपकजमाधिर। ८०। इधीञ्चनदीजजनगरमांहं। पहुंतुंहसा पणा। कीर्तिनरदीजकेगामहा।
तोहवनीतमहापार। ८१। त्रुठ। हाणस्वघनीकदीतदसिांहमवादसितगडीमंताधिनमीआपनारी। त्रण
जवनफरतीमही। तणइकाणी। त्रणपवालकमा। साटीकीतिकमलमडापणइवचनेदघमवलहरघ्यो। आं
पीराजपाथिनमि। ८२। राजदीइदञाव्यारजेमनीनल हिमतणीवारराधमकणकचनकांमनीनवशाधि
नीरधारदा। ८३। नवीराधिनीरधारकाशि। तामराय रीज्यायणा। रूपकहिसनीआवजहेघादे। दस
ज्याहांईश्वरतण। हनीकहिन्तजञ्चावीञ्च।। लंगलदत्यारस्घसिरायकहिवनीआवमा
थि। हानासवलीतदसि। ८४। हनीञ्चविरथाघाद मांधरिमनमाहावरूरंगरा। स्तुतिकरताएतम
वतनीधूकरईआवरत्यागर। त्रुठ। त्यागधक्काईञ्चकर्त धूञ्चाडापगण्योमही। अगपनजालापविकलपास
प्रगघाग हिगही। हतातसक्तानाकत्यासाडी। मानाकाल दवस्तुभिमतथमईवसघलवलिलीधुं। श्रम्यो
हजइविञ्चापएं। ८५। हणीञ्चवचनहपहरधीजं। मकयापकसहिसमांमरा। जिनइजानिरकारणीपरवि
तवलोदामार। ८६। त्रुठ। दामघरचिइपतिल्पाहि। आवकमकीतधरघया। वारहतनाकृतंधारी। कमत

३०

३०

क्रमतकदाग्रहित्यासंगत्यागयवीकमहुत्तंधर्मी। महीमासीधमनजतणो।एहप्रनावीकहर्षकरता। समु:
कीतनीमलिआपणा।।एहाहूहा।।एहप्रनावीकआठमा। समकीतनाशिणगार। भूषणपांचअतिधरिधनतेहनं
अवतार।।६७।। चउपई। भूषणपांचधरिसमकीततणां। क्रमलपणुंदईलहिवंदणां।। तीर्थसेवाअर्थवीचारु
मांवगीनीसेवासारु।। ६८।। जगतीकहितोआदरव                च्छाधीरचीतसमकीतनाणामहत्प्रनावनाशुधमो:
हिंकरि। पांचइस्रषणअणीधरि।।६९।। प्रहिंडुउप                णअवरीकहुं। क्रमलपणुंश्रावकहालहुं। क्य:
रीश्रोफलहिपठषाणा। वंदनालहलहिता:                :ड़ा।।७०।। वणालदवदनना। जायफी
टावदनपहिलुंहोय। बाहिरनीवरमाहामोमले                हाविवंदीपाटलि।।१।। बोलवंदनबीजुंकहुं
तेहस्वाहढालईनिवादि जइदोयषमासण। द                ईकरी। धूडपापवारचंधेधिरी।।२।। त्रीजुंदीवादवाहतुं
वादउ। वीधिआदरतणमागइ। सोहापणातपडालईकुरी। दिवदणदोषजूपरहरी।। ३।। ढाल। दसीउणमीहं
मश्रीमंधरहजीए वत्रीसदोषवांदणांतणाजी। आवसगमाहिंकह्यां आदरयनदइवांदणांजी। दोषअनाढिहोय।।४।। सा
नागीआदरिवधनीरवात। अवध्यकहुंआतमाजी। अगतिकानवीजाता। सोनागीआदरिवधनीरवात। आंचली। यूढीद

२१

षतहनिंकहयोजीमनवधपुंधरिजहा। जनरहामिवांदतांजी। पवीधदोषकहूतेहा।।५।। सोनागीपांवादिप:
किवांदणइजी। सर्वजतीनिरऊणा। परीपंडीदोषजकहयोजी। मूनीवरअंगसमआणा।।६।। सो०। टोलगईदोष:
जकहयोजी। तीउअपरिसेरघनदलेत। बाहिजालीबिमारताजी। अंकुशदोषतमदंत।।७।। सोनागीपा।। क्रमपरित
रीकतोजी। दतावदणजइहास्पएकस्हनरतापहह                मिजी। रंगीतदोषकहूतेह।।८।। सोण। मठवतदा
षजकहयोजी। एकनिवदताजइहा। तणइआवरं                तिवलीजी। बीजानिवादहा।।९।। सोनाए। मन्नप
उठदोषजकहयोजी। हविविंदणधानवईअ                वंधदोषजकहयोजी। टीचणबाहिरीहाथ
१०। सोना०। मनअंतिपरुहइजलजिजी। नयनंत:                दोषतमहाय। बीहीतादाइनरवांदणजीपद
षलयितसहाय ११ सो०। पडीनपणुंअजणावता:                जी। गारवदोषनजाणए। मात्राईश्वरछिदीइजीमी
त्रादोषवखाण १२ सोना०। वस्त्रादीकस्वरछिदीइजी। तेकहुंकामदोष। तीजादोषतमकरपरिजी। लाजिं
पातीगपोष १३ सोना०। आहारआमिदिवांदणांजी। तहनिप्रतनीकदोषकहवदोषप्रकाछिदीइजी। तमांहांस्क्र
षदोष १४ सो० नयस्हभिनयायसमिजी। दाताकरिवीचार। अजीनदोषतहनिकहजी। तेनवीपामिपार।।

१५ साठ गलंणपरिदिवंदणांडी सटंचादोषकन्नसाय. ल्लीतोदोषतलनिंदवाडी हजवंदिस्काल
य १६ सा० कथाकहिवंदणवचिडी दोषवीपलीअरतह दीठमदीवदोषजकंजडी दषतवंदिजह
१७ सा० सिगादोषतहनिंदवाडी मस्तगबल्हहिरसाय मनिंडडजाणीनमिडी नवकरदोषजयात १८
सी० सोअणदोषतहनिंदवाडी अस्फवीमामिरे साय दस्फएहनिंवंदणांडी मद्दीसकास्फतोह
१९ सासाय अलीहमाणालीधदोषताडी ना च्यात्व्या रिवलद मस्तगिउघिकरनहीडी पहबोलन
छद २० एकतरफरसिरजोडताडी पण नहीं मस्त गिहाय मस्तगफरसिउघातजहडी प
वहतहूगीवात २१ सा० मस्तगउघाफरस ताडी ततरचहूरस्हजाण नरउत्पमवध्यआदरोडी
चउघीलदप्रमाण २२ सा० उणदोषअगवीस मोडी नलहिआवतबार पंचवीसआवश्यगनः
हालविडी पाटानरअवतार २३ सा० वंदणकरीअप्याकारताडी यकमखणवंदाम्य उत्तरचालीश
दोषजहवाडी नरमत्यराध्यागमा २४ सासाय सकादोषतहनिंदवाडी जहनिंदडहस्कड आलावा
स्कडीपरिडी नव्यउवरताहड २५ टहरादोषतहनिंदवाडी गादिकरइरपकार चूडलीतदोषबत्रीस

मोडी तहलोकहतअवीचार २६ सायाउंवाडा परिघरवलोडी जहनरराषिरहा चिं नमताबांदसमदी
नडडी तवात्याजमनाधि २७ सासागी० हवा दोषरहीतदियाद णं तहनिहगतिहसार कश्यव्व
मानीकादर्वता उत्तमसुरअवतार २८ त्रणिवकाउवंदणलणा जगनधकिअपणामा दायषमासण दई
नमिमध्यमवदणगंम २९ खां दर्वहितवंदणक: क्रांउं नकष्टाआचारा लईकरिउघामानोपती
सफलकरहअवतार ३० स्रवंहहजवादंतु: घमा अमणहनीहीराय स्रवांहराकतिकरी अत
मतिद्यापणिगहि ३१ जगुस्तकामाल्ह थिक स्फ: तातापितवीलणमनदवचनकाथिन
मासंघपीमलेण ३२ ठादणकहितांआजा। यमः तुजमनईब्याहि त्याशिसष्ठनीत्याघडीअनम
त्यमाशित्याहि ३३ अणंडाणमियुस्तकहि मिदी धीअंजायसंसारकामनषधातां अवहदिमांहि
जाय ३४ विसीयस्तवाणनमि करदिमस्तगपादाय पगफरीसिपरी साहंतो षमत्रपराधजसायप ३५
घाडिवारमि नवाघणिघणि दूषिसुनीआज अतीकमोदीवराजसदी साषा साय गुरुराजा नहातहि
त्यकहियस्तनीजमषि ताहाई वचनप्रमाण हृषिदीवरामिनीगम्पा नारिवहीअरीहंतअणा ३७ पछि

३२

गुरुवचनि अपरमता। त्रणइ अध्यस्य आवंता। कृतालकली हुआता। संयम सहु बिन रवंता। ३७। कहि दूलंपी वटए
दूनरवहि हूखमा। षट अध्यस्य आवु तकरि। दूवियुरु निएमा। त्रण। कायामननी वधि छि। गुरुक हिपवत्वा
एए। उकहि वितमजसही। तेनी खिम निंजांएए।४०। वलीमस्तगचरणधरी। खामिंदीनउपराधा गुरुक
हिउजषा हुसही। जउमकीधी बाधा।४१। उलावई आष्यएमकहि। खवमिं करीष्यकाज। तीहां अतीच
राजदवा। सायनी वरउंआज।४२। चोपई। सा यपापनी वर्ज आज। मांतलीप्यमाश्रमणरबीर
जु आशातना तेत्रीसइजेह। दीवशमांहि मिंकीधीजेह।४३। वयावचनी वेलांजमि
व लइतिनबलोषया न सिंमनमांहवीकल पजचीनवह वचनस्हु खिजमाहं दह्य।४४। का
याथि अविनिजकरयु। क्रोधकालनई आघाधर्यो १। आशातनामाहि जकरी। मायालोनिजआदरी
४५। एटालिपकदीवशानूपाप। आलाईनी मिछउंआप। दविद्याणकालउपात। अव्यनिश्ला लायिद्दुपघा
त।४६। अतीतअनागतनिहतमान। आशातनाकरताअज्ञान। आणिलविश्रनंतलवावीनि जडमनिकर्यो
मादि ४७ जेएइधर्मसघलाइषाय। तीहां आशातनसबलीथाय। अतीचारउपराधसुजहाय। गुरु

स्हुनीसाष्यषमांहे सोय।४८। आजपछीपुहूँनवाकरुं। आतमसाखिं हूषस्हायगुरुनीसाखिं दवकरि
पराधआतमथी क्षारि।४९। दूहा। पहिलुं दूषणपकरुं। वंदीजाणि जेह। तेदलहि करी आतणास
समकीतदूषणपह।५०। चउपई। बीजूं दूषणसुगिधरइ। मवेगीनी सोवाकरइ। संवेगीनी [illegible]एण
जेअलाषीमूगान्यजतणा।५१। मेसारसूषते कहूं आलहि। धर्मकामनी वामहहि। पचदूमत
मूकिनहीकवा। त्रणउपत्यतिह्रधीसहा।५२ पचमालाहतमा[illegible]धीर। अलगाजांणिजीवश
रीर। बारलावनाना विजती। परनादोषनवी लिरती।५३। संवेगीस्तनीलाइजेहामील
चतहारहिनरातह ज्ञावेनपूखनणइपरीहर ६। कषावानातहस्फनव्यकरइ।५४। पामषा
उसानाजिहक्रमीलीउत्रीजाकक्रातह समक तातनें स्तनउनव्यमसा। उपावउदातपांचमा।
५५। दूहा। पंचविधजवमिंदी। पहमांनही आचार। श्रीजिनवरव्यवरीकहिपावितणावीचार।५६। ढाल। तु
कंमांआव्याश्रीरामरे० राममाहे। ज्ञानदरीसणचारीत्रजेहरा। कमहनीवरकइनहीतहरा। तमर्वधूकीपामरी
रे। तमचरणमहकामकार ५७। दमपामसावलीजलाल। मेयानरतापडी ताण राजपदि अगरजी

सरारहिकारणकरताआभारसरा ५८ श्रीजनयरिवहिरणधजाणिकोरे। आणीयायपयाकललंभाइरा सा
घउत्याइजमधिरित नवलिपागावण्याहित्यारा ५९ स्ववतातनीलताआसारतर। करइसंयमजापणा
आसरा। तादसपासजाकहीइरा तनिधासिकिमेहनजाईहरा ६० उत्तमसमवधीमलमता सदावावुरिध
डनिफलगरा श्रापनीकलतालिआहारसरा कषीत: सत्यश्रश्रवारराहराा आवशकघटनिमजहरा
पडीलहेणनहरीआयरा धमिगोचरीनिपवमा: णरा वीराधिलीनायश्रजाणरा ६२ आवाग
मनकरिहवीडयाहिरा नकरिऋषीजइणात्या हिरा नथकरीआकरताहरीरा करितणी
कइश्रश्रधरीरा ६३ गुरुवचनतमरीडीमंडइ रायमसंदिष्ठधामसहतजइश्रावदसउमनाक
हीइरा तमवंदिफलनबलहीइरा ६४ इहा जम लीतजीजाकजं। तहनात्रणप्रकार। ज्ञानदरीस
चारणसयमी वाछलदअपार ६५ मल्हइसीमिगलमातारवनमांहिबसइ। रामसवाडो आवअ
तीचारजइगीज्ञाननो। तनवीचालिअजाण नवरवराधिततनरनहीतला तहतकसफरवणा ६६
आठअतीचारजइगीज्ञानना आंचली छहमीअतीचारहणाया सकुंवली नणताजइअकालिजे

अदीकारअर्थअधरकहइनाधिसंयमबाल। ६७ आठा आउमकिमतारखरुपगुरुतणा। वलीदतोउ
पमान आपतणागुरुगरलितलवि नवहियमउपधान ६८ आठ कालकादीतनवउधरइ नणत
उपदसमाल सूत्रसीधानतिजवीवरावली ५८ ताश्रुथवां ६९ आठ ज्ञानतणाउवसहृतजकरि
करितपक्तजहा ज्ञानापगर्भचापिपगतलि॥ ज्ञानजसीलीउतह ७० आठ मपूकिंअधरसु
रुपमांजता आहाखिसपनारसास नणतोद बीरांबाबडतोतला। करतातहनीहांसा ७१
आठ ज्ञानवंतनीरकरइआशातना निंद णतांअंतरायमवरमनमांहारहुषधरीक
री ज्ञानजसीलीउथाय ७२ आठ इहा राणी ज्ञानजसीलीउ। दरणबीजजसीलश्रीदवगुरु
धर्मजवीषि वाकावहिअकलीण ७३ संकाधर्मन णइफलिं साधकनथाय पराचनामीघातनी दि
पीआनदथाय ७४ आज्ञानइव्यवणासता नवीकरतापडीलहेण आज्ञातनाजिनगुरतणी जाणीकर
तोतेण ७५ ढाल यावनवइपवआवीउपए आज्ञातनाजाणीकरइए गत्यचारहांनरातफरइए अं
नीयहिएहतणाबिचतीए अकुंवराघरहिश्रावकजनीए साधवीश्राविकामाए नावगलभहितरहा

३५ थए ॥७६॥ अनीगृहिं अं जं सोरहिए ॥ आगली बिसि आगली वहिए । पणी पटिए सिहरलिए । नव आशातना वरए
गमम लिए ॥७७॥ वडील जाइ पछ सीधी ए । पडिसुपाणी विदीधी ए । गमणागमण वली जुइए । उरु पहिला आ
लोइत हए ॥७८॥ बारमी आशातना पछती ए । जागता नवी बोलि जगती ए । गुरु लगति आवि कायए । पडिसु
बोला विसायए ॥७९॥ सातसे ठि जइए । नदेषाडि गुरु सिंतहए । सात पाणी आएफ जाय ए । पडिसुते
नव आलोयए ॥८०॥ आमंत्रण गुरु निनहीए । तो लोत्तरि कुंधी बीजइ निनहीए । गुरु तो आदसन
वलीइए । अन्नपाणी आपव हिवीदीइए ॥८१॥ गुरु लिवु डा आहरए । पोतिपासि लिमारए ।
बोलाबो बोलि नहीए । ककस वचनना थिनहीए ॥८२॥ वचन न मानि सूठए । बोला विहसतो ऊइ
ए । जईइ ठि गुरु निंकामए । स्फकजठे बालइता मए ॥८३॥ नीज गुरु तडि कामए । बिठा ऊतर आ:
पिठां मए गुरु कहि प्रमकरीए गुए । वयावचकरागलोण ऊतपुंए ॥८४॥ कारावली अवयाव वगुरु तमीए स
धाकहइ समझू नहीयु गुरु आमाए । हीतसीव्याकाइ नुमसहइए । अणमानता स्फनावईरहिए ॥८५॥ गुरु जीपदे
सेजि वइस ए । ष्याटा अवधका व्यालव लसए । बइठो पीमारि त्याहए । गुरु अथवी सामो कायए ॥८६॥ ना ऊइध

८६

मकथा गुरु जीतणीए । वविंवातवला विआपणीए । गुरु कहि ऊवस्र अथवी वारए । सष्य कहिं ऊंगे ऊइ वारए ॥८७॥
गुरुइं कीधुं जइ वषाणए । तेम वरी कहइ होइ जाणए । गुरु कामलीपात र जइए । पाति वावरता तिहए ॥८८॥ गु
रु बइसणइ लगाडि पायए । एकत्रीस आशातना थायए । गुरु सम आसणे बिसताए । वली सर्ष विस्तर पहिरतोए ।
८९॥ बिसतो ऊं विआसणिंए । सष्य ऊंचां वीवर पहिर णिंए । आशातना वलीए कहीए । तेत्तरी सिहरीए थइ
ए ॥९०॥ इहा तेत्रीसि आशातना करता गुरुनी ८ डइ । गांका वालम नथा धरइ । दरसण ऊंसीलीउ ते
ह ॥९१॥ बीजा वारी उ ऊसीलीउ संयम करइ षोआरा पंच हमति त्रणे गुपति स्फा वली वि
राधन बार ॥९२॥ ढाल । दसीरामन णिहरी ऊगीइ ए । राग राम गिरी । चारित्र सायवी राधता । ईर्यापं
उणहार ए । नीधमपणइ स्हनी चालता नकरइ जीवन सार ए ॥९३॥ चारित्र सायवी राधता ॥ आचली ॥ ना
पासमति तणां कूतो बोलिक वणे तेवाए ए । एक कामइ हिसी अलाषनी । वचनि मां नवसा एए ए ॥९४॥ चारि
त्र । वचन ते मांहि रिवीष वसइ अघत तेदिये पास्यारे । बालें तास्यूं अवाडइ । ऊइ समुं तिं उदी लाशरे ॥९५॥ चारित्र
आीइ समिति तिपषणा नलीइ स्फधते आदारे । दोष विहितालीस लागता । अंमि जइ अती चारे ॥९६॥ चा ॥ आदान
स्फ ३५

पणा करुं। वाधी समिति तसा रा। जतमन लेतां रत्नकता। पातिग हो यस्यपारग।१७। वोआपारी आपनी कार
पांचमी। समिति वीराधतां जे हट दंडणजत नायि रपरठवइ। चारीत्र कुसीली थतरतो।१८। चा०। प्रणश्चपति स्व
रा थिनली। मन शं आलपपाल रा। विराधा तिग पुस्त। यसमा ठीमछ जाल रा।१९। चा०। बीजी गुपति वीराधती
जी कानर हित गास्पर। मनी प्रणसम मक्कर रबोलतो तणि बहू तमता संस्मास्ता।२०। चा०। त्रीजी गुपम
ति वीराधता। भेडी तन्न नही गारु रा संयम साय। वीरातेथा। फरता चोगत्यम काय रा।२१। चा०। मः
नवचनकाया थिर सूकीइ। पुंडरीक करे डा। आतरा। पंच सुमति त्रण डीकरी। पुंडरीक नः
गहिला तर रा।१ चारीत्र साय वीराधतां०। इहा। चारीत्र आप वीराधता। त्रीजा जाइ कुसील मम
कतां धाधा तजि जनरपा मिलील। ३ ढाल प्रण मीटमथी मधस्तजी०। समकत तो चो थोक कडी।।
तमा रोरीघराय जा रिज हेवो निमल हजी। त्यारितदे वाघाय।४। मनी स्वरसंयम करता घोचार। अस्या
सूर्य नि वांदतांजी नहीं जसूगण लगार मनीस्वर संयम करता था०। आचली।५। गपवरी नातमं हिवलीजी।
दीसि वस्त्र अतक साय मरी पाम्नी वस्तजी संयम नहीं त्यां हिरेष।६। नाटकी आनी परि वलीजी। धरतो नवनव

रूप पारन पामइ सवतणोजी। लहि वोगत्पनाअं प।७। मनी०। रूप फिर विराय घरिंडी। फटक रतन परमाण
ज्ञांम वस्तु उपरि ध स्यांजी। कालोदी मिपां हाण।८। मनी०। रूप रथन सनि सतीम लिजी। कवतता पापंकाल
सनी वरम लिउ गग याजी। जन रंग वीम शाल।९। मनी०। समकत सनी वरत णोजी। साधा दाय घ कासं
म कता सकली इम हीजी। त हां नही आचार।१०। पांचिआ रावसा कलाजी। आ विपा तिग जाय गा
वत्र णर घ्यक रिजी। रमरी धर्मी आतां साय।११। वी गथाप एपकर ताय पीजी। करी आनही लव
लिसा संयम छक्क विगलूजी। पातिग नाउप। दसा।१२। मु०। बीजा संसकतो कहजी। ना
मितचसकली इ। यारि जा हवा सामलिजी। त्या रितदवीडी इहा।१३। मु०। पांचि मागनिमलिजी
त्यारि मा ठारघाय। सेवगी नरनिम लिजी। नवरंग्र डरघराय।१४। मु०। जबाठदो तपांच मोजी। आ
दरितदं अरंग। मीय अंत्रपद पाताजी। मरडि टीका सत्र।१५। मु०। करिकल पता मत्य घणीजी। वागि लाइ नीत्यः
साय बाह्य गारव तक रिजी। त्यां हांसमकीत न होय।१६। मु०। मोयमालबी नठ वयो जी। बुद्धि ठि नीरधाय स
मकीत पामि विगछंजी। पांचि सूर्य अनार।१७। मु०। मोक्ष घकी नाहा सिम हीजी। दरगत्य द्रुकडा घाय। एहमां २६

कामनी जइ रलीजी। नमुं वंदी तस पाय। १८। चउपई। नमुं वंदी जिनेहनां पाय। ते मां मलो तेनि हवो घाय। चंप कमाल ऊंकर डिघडि। तवंगीमस्त क्रियामचढि। १९। करइ चालणा मध्यवली जेह। मूज हइडि इस्व श्या विघट वइछ्यरीन मांनाहारसह। नावीकपणं कीतहत्रुगस्युं। २०। सुरूकदइ विला मां नली वात। एक सरावी कडव्य वीषात। वइछ्यरीन नी पिरि जाय। तानानावडेगान ग्याहाय। २१। एकलाचीक छिंड्य हसार। हुउं नील दीकपूरि अपार। नृपसंगतिम घरी घाय। कंदक मलोक हुंउक दिघाय। २२। तिलमरी छोडि आत मपह। तश्री संगतिसूदरतेह। चूडी संगतिन डाघउ। आं बोली बघडिऊं गीउ। २३। मीडूं लघारामांहांलहुं। मधूरपणं तवातह उंटहुं। त्यम मनी नलप चिहां हवा। श्री जिनकहितमनव्य वा दवा। २४। असंयतीपणं विकहा। श्री आवश्यकं नीरय गतिक्रहा। अस्या ऋषिनिं छडि तुं तहा। संवेगीम नीकहीइ तेह। २५। संवेगीनी सेवा करा। बीहूनूषण अंगिं धरा। तीर्थसेवा अर्थपकडो। दर्शण सीतरीमांहि लखी। २६। त्रीजूं दूषण नगतीवीचास्य। जवहूनीवर आवइ घरबारय। हरषी आदर करइ अपार। उपमकीधा श्री आसकमार। २७। नीचानमणा नरधनसार। मांहांतिमूंनी घृत आपइ सार। दइ दान तीर्थंकरपद्या। आदिनाथ

जिनपहिलो कह्यो। २८। मांहांतिं दांन दीइ नहिसार। पामो तीर्थंकर अवतार। वीनिं करी घतलायो वीरवंदः नबालापामी तीर। २९। संगमऋषिनि आपी खीर। हरष्यां तो चनडी वज्रारीर। नगति करि बहू आदर करी मा लिनइ हुउं तकरी। ३०। हहां मालिनइ नरतह वां। नगतिन णइ महीमाय। त्रीजूं दूषणपक हुं। क्रइ सू चउहूंडिनराय। ३१। ढाल। मालिनइ मोहो एसी वरमणी रमइ रे। ३१। चोहुं दूषणसमकीतनुं कहुं रे। धीवस्वीतसमकीतइ टहीय। कालपणाइ रीन वल्या धर्मथी रे। वीत्रीम साहांसूरेराय। ३२। चो हूं दूषणसमकीतणं। आवली। जंगामनरारि नगरी अतीनली रे। नृपहरिश तिलक अवधूत वलीपटरा णी गउरी अतितली रे। तेह नो वांः क्रमडतां। ३३। चोपाना रिवत्रीसइ प्रेमभरी वरी रे। कूरता तिहां रंग तालः पूर्वकर्मतणइ योगिंहूवा रे। वीकमता गडमोल। ३४। चो० वहूंअ पचारं करतां नवा रलइ तो। वेदन घमी अनजाय। पडइ धन जइ जप्य तणइ वली रे। मानिं वीक्रमराया। ३५। चो०। जोषट महांनि ल्यजमइ सहीतं। तांसत महीपडजो। मोटइ मंडांणिं करस्यत्तरां रे। मीतनमी लाअण करिशा। ३६। चो०। मासम ठइ रे अवंकर मिंगया रे। नगयाता गडत्यांहि। वीमलकीर तेरसुनी वर केवली रे। पछइ अ

आवश्यमांहि छे॥३७॥ चोपइ॥ रूपहरी तिलकतीवी क्रम छतसुं फेरा स्तुनी निंदनजाय॥ तेणि प्रदक्षणा देइ मनसुं वं
दता राछ गुणताधर्मक्रिआय॥३८॥ चोपइ॥ रूपहरी तीलकइ हचक्र माधन देस॥ कोदो हतके हं रक्षण पाणि ठान
ठाइ रहिदम छक्क घमइ रह॥ हर्षित आतम आप॥३९॥ इहां पूर्वलिवकइ इक केवली॥ श्रुतिहरी तीलक जराय सं
न्नस्थलनगरीनली माहवाद वली मालाय॥४०॥ चउपइ॥ पल्लराय करइ ताहां राज्य सकल धर्मकर्यो
जेणइ ताहां नाहामतगमतहां मोटा कल्प॥ एकदी नवनिआ हेड आयो॥४१॥ हुज मछनी
तीहां कायोत्सर्ग रह्यो॥ देषी छघ्य पणि रोष यो छकी बांणतिं सूक्यो जती॥ तेणइ मन
इं क्रोधन आणपा रत्ती॥४२॥ सर्वार्थसाधित गः यो रूप प्रश्ववी हां फटिफटि घड़ी॥ नदइ छरडेन
सकलकोडसि॥ धाइ लोकन इं मारण तसि॥४३॥ सकल लोक सलिप पधान॥ राय तणइ ताहां मान
कठपा जरियाल्यो माहाराज॥ पुंडरीक सुत निआ फेराज॥४४॥ दक्ष बाहारिका छोसवराया समता तत्त्वट
वीहां जाय सामहनी राह्या ध्यानितिं ताहि॥ देषी क्रोधघयो मनमाहि॥४५॥ लेइ काष्ठ मारि छ्रपाल मुनी पडी
उंयमतस्तु अरडाल चेतनवछं तवजलाधाय॥ फरी काष्ठनामास्यो घाय॥४६॥ मातवार छनी मास्या जसि छ

वधिंत्रा निंजाछंत सिं॥ मुनी हत्यानो एकनीहार॥ क्रोधिं वाल्यो तेणी वार॥४७॥ सवीसात मीनर गिंगयो हनी आलि
इ हूरय तिथायो॥ थोडा कालमां मोक्ष तेजाय॥ पद्ममरी तेमा तेम घाय॥४८॥ वलीसात मीनर गिंगयो बीजइ स्वरूप
इंत्याहांथी थयो॥ सातनरग वइ वइवार॥ नारकपणइ लीधा अवतार॥४९॥ छइ कायमाहे इहपत्र म्या॥ कालअ
नंता तिहां नीगम्यो॥ वसंतपुर मांहे कणबी कह्यो॥ कर्मीया भिछ तेनइ तेह नाथ थयो॥५०॥ लीधी दीक्षा तिं
हां तीपसी॥ पंचअगन साधइ वनइं वसी॥ तपअज्ञा नघणेरो करी॥ उजयरिद्ध थया पफरी॥५१॥ इ
हवकिर्मनो नटल्यो लाग॥ तेणइ वीक्रम निंत्रगिराग॥ पणि आणइ नवी साधीधर्म
रागरहीतना हामइ नरपर्म॥५२॥ अरया ववनस॥ हिवहनो छूणी॥ वक्रम कु तेंसमकीतनोधणी
वन्नवारत्र्गिंकचरि॥ श्रावकसयलामांहि तिवार इ॥५३॥ समकीतऊजलउं गिंकरी॥ मीथ्याधर्मी
मूक्या परहरी॥ पीता तेनइ क श्रावक थयो॥ हनी छतबोधी मागि वि ल्या॥५४॥ वीक्रमनरपरि आव्या वा
दी॥ नमस्कार आराधइ सही॥ समकीतराषि सही॥ करमि रागगायो तहवही॥५५॥ तववावगिं आव्या जषि
राज॥ सांनइ सांहनउ आपो आज॥ मानइ इंहू माहारू करो॥ पडइ मही जं परिछ वनरी फरो॥५६॥ तववीक्रम

३८

बोल्योगहिगाया। माहाराराणताधर्मिंगया। ठंताहारइवलीकामिंलागि। अहीयांमहीषउआहातामागि
५७। त्यारइजषधीयामनमांहिं। जामानांषतावलीउतिहां। एकदीवआनृपवीक्रमजहां। दहेरांआगलि
आवियातह। ५८। पूजाराबाल्यातणीवार। सआलताउमझउंकुंमार। वीक्रममाहाउनझइज सिं। ऋषि
उरषनिषस्यातसिं। ५९। रगतउषिनीषइपरीवाः    राऋषिदवबाल्यातणीवार। सूजनिबलिआपि
माहाराज। नहीकरीउजनिमारीवाआज। ६०॥    वीक्रमनरपतिबोल्यातणाइ। आउमबलिनवि
वालइकेणि। छुटाविणनरनमरइकाय। वी    इइकाजसमकीतक्रेणणाय। ६१। दृहा।
एणइववलजषीधीजीउ। जालीमस्तगवेणि। ए    बनआलाकुंपरिवली। कुमरअफालातेणि। ६२
ढाल। कांनवजाडइवामली। हीरीजावासरीषो। रा    गआसाउरीमीं ५७। ऋषिजमरअफालीउ। सूंनीग
तघाइ। वेतवलिऋषबोलीउ। सांभलिनरराय। ६३। जामिंमहीषरुउकीआ। सजकरिपर्णीमासंकटमइनांजंपइ
रु। करुंजासांतांकाम। ६४। कुंमरकहइनरमधुकरा। माहागजमदवारि। पूनीकपालईहइयणनावि।
तणइगरि। ६५। वीक्रमकहइतिमझूवली। एकजिननिंध्याउं। अवरदेवनिंनव्यनमंपंणनवितसगाउं।



॥६६॥ समकीतमाहारुंजडातूं। जिमजाणीवाणीमीयांरंगलगाडसांभलीमकालइजाणी। ६७। छमबोलिरादे
वता। ननउंजणपाय। वेधमषीबीहनही। जातिरकीलगीजाय। ६८। एणपूववनपूरकोपीउ। क्रोधीवइस
राआषापणिसमकीतनवीछकतायमसंयमघाधा। ६९। मासुतीवानरवन्तमलीवीमवीउनाघासकल
कलिसजाइटली। जाडिएकदाहाथ। ७०। कुमरः    कहइअवारीबीकिरउरुःविधमीनीहांषणांम
जनविकरुः। जाजाणमनी। ७१। षमंमतूंसतूनः    हीः नहीनमतिज्यारामानहीसमनांविविनिनही
सतकानलागा। ७२। आबालजगमाहाडी।    कावरजीयातहीजीमननाहूहरतणइ। ः
संमकरसइपही। ७३। एणइववानघरकापीउः    सिलावीमपर्ण। नारमहीतटघवांषमतं। कि
नमिउजहप। ७४। पणिमवलइनरनरपतीकहइ    यतूणइजषवीराआकाणाकडेवामही। जवाभि
वारीया। ७५। वारीरअसातरजकज। जधमजिरुपण। सायवीणसीमविसमकनकरीकोपमरुतणाजइ। ः
वीनिकलीजषिकहइकारा। घरमीपरणामा। अतिरुडाहामिमइडे। कारसंकवद्कांमा। ७७। जीकककहू
मानापरः ज्यमजाइसाणा। वीक्रमकहइसमजिनहीपरमाथीलाता। ७८। आलीकः। षमनयमिकाली

कः नलीकपरमर्थ किउ आचार विसुद्धिय। ढालिं नामसकम ७७ ॥ हरवा । नाथ राजा मतणइ हरखिं लोक
मजाणइ मर्म। एकजीव मनि कारणि। किम हीसइं धर्म॥ ८० ॥ ढाल । आणीगिसुजाण समकीत धर्म तजं कइ:
राजा। उश्रवण सुवनउष्म लि रामामदामनि लखन्त लेरी॥ ढंढिकि मदे मण्डा मह । ८१ । समकीत धर्म तजं कइ
सदा। आंचली। मनह वचन काय शिव सुखफल ताकज साजानि नरवइ । समकीत धर्म ताणइ पसी भयो
हिवारवइर। ८२। समकी०। अचल मेरमणी: परिहाणि भवाल्यो ताव्या णीए। सूपवात:
नाल रावराजा। तिराणनीजयाणीर। ८३।स मकी०। पक्षवीकरसवेत्या हाल सली। कोली
वचनउष्मपमीर। वीक्रमकुमर सिरसम जाव्या: जीवदया जिनधर्म र। ८४। समकी०। समकीतए
अतणइपडवजीउ। सेवकपायाजष्मरायर घणु। प्रसंसी वीक्रम नरनि। भरनीज भाम किजाइ सा। ८५
समकी०। जउइ एक मनाउगमाहिं। ज समहीमातम वाधइ र। जुषितणइ मातीधिपवइ। वीक्रम पंदमयणा तीहां
माधइर। ८६। समकी०। जिनमंडितप्रभावीजकरावी। जीवडुत्तउगारइर। सुलनवीहारकराया मुनीकरा इंडः
कडंडनीवारइरे ८७ समकी० हरीमालकिंप्रगडदीप्याली धी। टाल श्रावककर्मपिजमनमम सर्जिराधीजयाण

३९

माणपदवीपमीर। ८८ समकी०। वीक्रमराजा राज्यकरंता। वनिरमवानिकातीर। धनंदस गितणि सूतपरणइ
उह्नव सवलो घातार। ८९। समकी०। तादषीनिहरष्यावीक्रमा। वहुनावन्तदीवाजा राज्यपणिथवीकि
सुवपति। ९०णिमहीवरराजार। ९०। समकी०। अस्फविमासीनरपतिवाल्या। वलीकुंजणीवारतानवतक
निबांधीचाल्या। आगलइघणाउकारर। ९१। समकी० नरपतिकइ उपइवडालोक। किमपाम्यानरमणी
र। सजनकहइमरसुलतागधी प्राणहत्यातम: हरखियाए। ९२। समकी०। तवनरपतिविरागधरीनि॥
सुकइतवसंसार र वीमलकीर्तिकेवलीति हाथिं लीधासंयमसार र। ९३। समकी०। चंड:
कुमरनिपदथापी। पातिमविगतीपामि र: समकीतसारतणउपसाउ न: स्वर्ग उमस्वगनामी
र। ९४। समकी० वीक्रमकुमरकथाएसाखी उज्जव ना वनामांहइर वाघपड्याउवरीववणाएं। बहुवस
तीसुखहिर। ९५। समकी० वीक्रमकुमरसुणिनि तिहां समकीतइढाज णिराखुर। पवणि व्यापत्रूपणकहीं
इ। लीधवर्तननाखुर। ९६। समकी० प्रभावनामाज्ञाननीकरता। उपणपांचमूपहार। ज्ञानाननीउ छांसक
रंता। वळुषपामइतहर। ९७। समकी० जणइजिसमाज्ञानवकंदीपाहं। तेणि समकीतश्रद्धाआंतरानूषण

४०

पांच मंत्र श्रीगिधरतां। त्यागतिसमवंटालंरा ॥८॥ समकीत कह्या। त्यागती पंचनी वारीउ। जणइ भूषण धरयां पंच
लषणपंचसमकीत तणां। भूषण्या तेहना मंत्रा ॥८॥ चउपई। पांच लषण समकीतनां जाय। जीलिउ पंच प्रमादी
डि कीया। संवेग श्रेयसंक श्रवणे हणा। जन्मलीला षीत्यगत्यजणी तां ॥७०॥ छांडवादी इंद्र संसार। श्रेउ कंपाउ स
हइइ अपार। ववन अंपरि श्रमतां होय। दरसणसी: तु रिमांक इकोय ॥१॥ वलीषटजइणा तिहां कणिक
हीं। अर्थप्रकासक रूग हिगई। अन्यतीर्थी जे हेन ।।देव। तेणइ चईतयहांडे हेवा ॥२॥ षटघटबोल
तीहांवर्जवा। वंदनक कहइ ताकरजोडवा। न मत्राकार वचनिनचीकरइ। दान तणुं देइ प
रीहरइ ॥३॥ अठपनतीहां टालवुं। वारंतहनिं लहुं न विकीजइ आलाप संलाप। आगलथी बो
लेता पाप ॥४॥ अंपवादिं वडी डीकही। रायाणीउ ग णुं तेसही। ज्ञुपती जारती ही जुदा। समकीतधर्म
नजाइ तदा ॥५॥ गुणानीउ गण आगार। घणो लोकमलइ जणी वार। बलघाकमतेमवलेकरइ। तासमकी
तनवीजाइ वारइ ॥६॥ बलानीउ गणु जकहुं। कोबलीउ बलकरता लहुं। देवी आनीउ गणुं तेहाव लिक
रीवंदावइ तेह ॥७॥ गुरुनी गीहणू मनमाहे धरइ। मातपीताउ कहणें करइ। वतीकं ताडग आगार। ताणे तेह

कारे

१०

नादाय प्रकार ॥८॥ कबी एकवनमाहे गुलाप ल्या। त्याहें कहीतापम हाछिनोय। अथवा दुर्लभ्यकाल कंन
ल्यो। तासमकीत थी तेनवी पल्यो ॥९॥ वीडीछइ प्रतापी जह। कायरनरनिजइ तेह। धीर्यवंत किमनवी चलइ
जिमजिनकलपीनरनवी टलइ ॥१०॥ छइ भावना तिहां कणिकही। नरउत्तमते मामइ सही। मूलभावना पहइ
लीज्यांह। समीवातनी मासइ त्यांह ॥११॥ धर्मरूपीउ: तरू अरएक। पत्रफलफल तीहां अनेक। समकी
तरूपी ताषइमूल। नाहा सइमीछ्यारूपी सूल ॥१ ॥ बारभावना बीजी कहि। धर्मरूपी जेनगरज त्याहि।
समकीतरूपी आलावइ बार। मीछ्यावीरवल: होय असार ॥१३॥ पईठाण भावना त्रीजी एह
व्रतरूपी प्रासाद जेह समकीतरूपिणी ति: हां पीका। स्ववन अषंड तपाया घकां ॥१४॥ नीध
ननावना चोथी कहे। मूलरूपनिजनरगुणलहुं। तेहरूपीउ धनवली जाया अषइनी धनतेसम
कीत होय ॥१५॥ आधारभावना तिहां भाववी। चारीत्ररूपी आजीवनि हवी। समकीतरूप धरती आधार। भावं
तां पामइ भवपार ॥१६॥ भाजनभावना भावइ लील। स्त्रकीत संयम निंउ पवामलीला। तेहरूपीउ रसनलइ त्यां
हिं: समकीत भाजन भावी त्याहिं ॥१७॥ थानक छइ समकीतनां जेह। समकीतही शीजाणइ तेह। जीवछतां ज:

४२

ग

गमाहासमधइ। व्रतनालछ्यणप्राणीकहइ॥१८॥जीवनीतिंम्रउइघलीसही।जीवतणइवणसेडुंनही।जीवत
णीउतपतिनवीहाय।बीजुथानकपणीपइविजाय॥१९॥त्रीजुथानकनरउंजाय।जीवकरमनोकर्त्ताहि
य।वरतहीणमीथ्यातकषाय।तेणइबंधकर्मम्लइसमदाय॥२०॥जीवकर्मनोभुगताहवइ।एणितइपोत्ता
नोभोगवइ।चोथुथानकएमसंभवइ।मोक्षपांचम इछइपणीहवइ॥२१॥छटुंथानकपकहिवायमोक्ष
साधवाअछइउपाय।सइसतिबालपहराधया दरसणमीत्परिमाहिकह्या॥२२॥छट्ठाद्रसण
मीत्परीमाहांकह्या।जाणइतेनरसार।दो॥ यप्रकारसमकीततणा।अवरीकहूंवीचार
२३।ढाल।दसीडिमकायलसहिकारिटहूकइ ॥त्रणिप्रकारिसमकीतकहीइ।सावकसंउत
रचहुंलहीइ।जिनइंकह्यातेतिमकरइए।२४।दीप। समकीतअर्थजनावइ।साहामानिसमकीतदीपाव
इ।पोतानिपासइनहीए।२५।वलीसमकीतकहुंच्यारप्रकार।उपशमीकातपहिलुंभाखू।सास्वादबीजुसही
ए।२६।थयोउपशमीकातत्रीजूकहीइ।चोथुंक्षायकसमकीतलहीइ।च्यारवेदसमकीततणाए॥२७॥पांचप्र
कारसमकीतनाधस्यूं।उपसमीकसास्वादनसारूं।क्षयोउपसमीकस्यूंए।२८।क्षायकसमकीतजगमाहांसार

---

म

वेदकअमृतनलहिपार।पंचप्रकारहराधयाए॥२९॥वलीसमकीतनांलिंगकहुंच्यार।उव्यतेसाचवइकरीअविचार
रागधरइगुणदेषताए॥३०॥जिनवचनांऊपरिहुविशेय।अवगुणदेषीमध्यसथाई।च्यारलिंगसमकीततणा
ए॥३१॥जेणेजाणइतेसमकीतधारी।तेहनिपरणइसुगत्यऊनारी।वागत्यनांहुंषचूंबीइए॥३२॥जसहइंआघा[illegible]
सकेतलिघा।तेणइअवेनाषदगलछीया।अरधइम: दगलिआवीउए॥३३॥तेणइसमकीतजगिअदिकिं:
होईतेहनीतोडिकरिनहीकोइ।समकीतथ्य जगहावडाए॥३४॥मातपीताबंधवनिबिहिनी
सुतस्त्रीसवीवइठरकहइनी।समकीतथ्रअ: विठिनहीए॥३५॥तेणइएसमकीतकान
वीहारा।अतीइलक्तपामोनीरधारा।नीजआ नमपरीराषीइए॥३६॥यमसूगकसूरीनिरषिसु
परषवारीत्रालइननषइ।मणीराषिजयमसणिथरू: ए॥३७॥सीलवतीयमराषइसीलाराषइगंगासदास
लील।सपरषराषइलजनिए॥३८॥येमरदनरसनानिराषिइ।ज्यमसतवादीअमतिनलाषइ।राषइमाताबालन
इए॥३९॥यमदातारोषइकरिदान।राषइअपलेजमनीआंन:त्यमसमकीतनराषीइए॥४०॥जिमसरयादर ५२
षइदरीउ।लेईआगडनविकइगरीउ।तिमसमकीतनराषुंए॥४१॥नरनिनरदेइऊंत्तमगोरी।ज्यमसीमरनविसूकइ प

धारी न विमूकइ नरवैंध निंग ॥४२॥ ढाल ११ ॥ सुध्यबीज सूकइ नही । जिहां यदि हितक्रीवा समकीत सुध्राप
तां पांमि पदवी दीया ॥४३॥ ढाल दसी घोडीनी राग धन्यासी । दीव्यपदवी पामइ सुणतां समकीत माहा सु
रुष्ट भरतनृफलीउं नीजघरि मंगलमाला ॥४४॥ कामकुंभ नवललीता चिंतामणी तोवालो । कामधेन सुइ रुरुइ ॥
कोहो चडमननी आसा ॥४५॥ रीधरमणी मंदीरा रु सकम्मदी कायाइ । गजरथ घोडा वस्त्र गुणी जनवइव
गाइ ॥४६॥ रंगरूप अनोपम ज्ञातीपांहां तसक्रा यपालखी ठिं छाटइ सेवक चपइ पाइ ॥४७॥ जि
इनी मलिअडी जनमल गइनी रागी भनवंछू पामइ अंक्षुमणी परि लागी ॥४८॥ घरासदृं
पांसा लहीइ नवइनी धान रक्तचउदस लखीपां मिमहीअलिमां ॥४९॥ परासुणीनि । नीइ ॥
मतिआणइ गांमि समकीतइ टकाती धास इ वनानि कामघ्य ॥५०॥ जिनसुवब नलरां अंबरन रावीउकइ
थोसा पडीकमणं करतां पातीमइ जइ ॥५१॥ संघसगती सालपी दान सील तपनाव नरपरकूपमारी नकारः
इपरनीसव ॥५२॥ जीवजतन करंता मृषान सुध्यबी बोलइ । जपरधन नलीइ नही कातरनि तोलइ ॥५३॥
सुध्य अस्त बोलइ रहि बीत्य नीमलध्यानि युणउपशामधरा । वीरवचन सुणी कानि ॥५४॥ तीर्थफरसतो युण

लहइ गुणी अणकरा नीज अडीडी नइ टालइ चउगति फेरा ॥५५॥ रागद्वेष नीवारइ । क्रोध लोभ मद माया ।
जपरही तपंति तपरनाट उकाया ॥५६॥ कहा पगटि सुजाति लहइ सुणमिसमकीतरो रूपरक हि उजडोडता स
णा हाती मननी आस ॥५७॥ ढाल । देसी कहइ णी कणीक जवणइ रोण ॥ आषा पोहोती मजमन करी रची
जं समकीत सार जी । अक्षर पद गाथा जडाण । तकः वीनो आधार जी ॥५८॥ आशा पोहोती मुजमन वे
री स्वीउं समकीत सार जी । चावली आगिजकः वीहुं आवडरा कुतसपुगलदामजी । तहांन
नामतणा महीमा घी कवीउ समकीत रासजी ॥५९॥ आत्रण रामरचता दूषण दीमइ तम ति
माहारी बाडीजी । इसालेदन विसमकुडधा पदनः वीजा पंडोडी रैजी ॥६०॥ आशाण । उंम आधारि उ
धव्यनबाल कमोमडी इट मकरयाजी बीजअपणइ साजी इधक्त जा दूषण दूमकुंधर जोडी ॥६१॥ आ
शाण । मिमाहस मतिमा रुकी ध्म सेवी पंडीतण इजी सुरूमहीमा घी फलो मनोरथ । चान कारण याइजी ॥६२॥ ४३
आण । गुरुधी भणीउं गुरुधी सुलगति गुरुधी नीजगुणवाधइ जी । गुरुधी ग्यानी गुरुधी दानी । आगमसर्व वरूल
धइजी ॥६३॥ आशाण गुरुधी करी आनरनी मतरी आ । अंतर तिउपशम तरी आजी । गुरुधी गाजइ क्याहीं नवीः

लाजइ गुरुना मिं बक्त तरी आडी॥६४॥ आज्ञा०। तणइ कारणिं नरग रहं तिम तो निमिं वीजाया नं टाली। झाॅ
वंतजंना मज्जुपंता उंवयंक आनें टोली॥६५॥ आज्ञा०। बालपणइ जसंयम धारी॥ जतम तणा इम चारीजी॥ आग
मद्ररीर्ध जंपशम तरीज नकरिंता तिपीआरीजी॥६६॥ आज्ञा०। हीरपाटोधर हाथिदीख्या। दोषर हीतलइली ख्या
जी॥ मधुरं बोलइ ईश्वरसत्तोलइ गुपरिंदइ नरसीख्या॥ जी॥६७॥ आज्ञा०। जरुजी रागी गुरवाजोगी॥ वईरा
वीरीधममावइजी॥ वीजयानंदसुरी निसवइ तेत्तु पन्ना तापामइजी॥६७॥ आज्ञा०। तपगछ धोरी की
रतिगोरी॥ रूपवंत आचारीजी॥ गुणछत्रीसजु नरगुरी॥ जणइ नास्यां नरनारीजी॥६८॥ आज्ञा०
तस हितगुरुना चरणपखाली॥ सेवी समरस तिणइजी चोवीसइ जिनगणधरना मिं समकीत सार चार्व
जी॥ ... वारंणबाडं वरमेम मीसंख्या संवत्सरनीक॥ हीइजी स्त्रीपतिव्रधम है दर्म गपणि मासमनोह
रलहीइजी॥७१॥ आज्ञा० प्रथमपक्षचउदइइसी आ गुरुवारि मंडाणजी॥ त्रंबावती माहिं नीपायु वीरधकरइ
परमाणजी॥७२॥ आज्ञा० श्रीसंघवी मइइराजवधाए वीमलनगर ना वासीजी। वडावीचारी समकीतधारी॥ मिं
थ्यामति गइ खासीजी॥७३॥ आज्ञा०। तासपुत्र मइनयन तलेरा सोमगणजीं गुणधारीजी॥ संघपतितीलकधराव्या

तणइ भावधीपून्यनी टारीजी॥७४॥ आज्ञा०। कारकर तना जसप्रदि कारी दानसील तपधारीजी॥ ना विन्ववितीक
रइ जिनाकरी॥ नविनस्यइ परनारीजी॥७५॥ आज्ञा०। अंकर मिं संघवी जुसां गण त्रंबावती माहाँ आवीजी॥ णि
यम्युख्य पडीकमणुं करता नादजलावन्ता लावइजी॥७६॥ आज्ञा०। श्रीसंघवी सांगणइ तणुं पण रूपचंद सगु
णगायडजी॥ श्रावकश्रावी सावीस्ता त्या रीडीमाजुपसा इजी॥७७॥ आज्ञा०। चोवीसइ जिनना मघसा थि
सारद ना आधारइजी रीषरदास कवी रचनाकार तो कवीर समकीत सार इजी॥७८॥ आज्ञा०। तणइ गु
णइ वांडस्वेयावइ तपरिक्ष छिलराइजी॥ क पलकइ तणास्तु णतां समकीतनीर्मल
रइजी॥७९॥ आज्ञा०॥ ... समरमास॥१२॥ यीमत्रंबावती ...
नरहेवाणवीर्व विनाछ दिवडमे॥ ... श्री ॥ वारस्याम ... श्री ... श्रुतलवक्ता ...
यालश्री ... वामन देशपानवीयतेजा॥ तया पट्टीक टीधी वा
... रुपसु ... कुल ... तिलातर ...
उलवेक्षा ... वातानरे ... लेषककान्हजी लषीतं

मा५३.प्र.७



किम् सम्मतम् ?
चन्द्र चन्दन पीयुष श्रेष्ठैर्वाक्यैर्जनान् नयन् ।
शान्तिं नानाविधैस्ताप संतापाङ्गेभ्योऽपि भूयसीम् ॥